ॐ

नमः श्रीसिद्धेभ्यः

## પ્રવચન નં. ૧, વચનામૃત-૧
તા. ૦૩-૧૧-૧૯૮૬

હે જીવ ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ. આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે. જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે. માટે તું આત્મામાં ગમાડ. ૧.

આજે વીર નિર્વાણ કલ્યાણકનો દિવસ છે. આજે આ દિવસ છે એ ભૂતનૈગમનયથી કહેવામાં આવે છે. આમ તો ભગવાન ૨૫૦૦ ઉપરાંત વર્ષ પહેલાં સિદ્ધાલયમાં પધાર્યા. 'પાવાપુરી'થી સિદ્ધાલયમાં ગમન કર્યું એ આજનો પરોઢનો દિવસ છે. ૨૫૦૦ વર્ષ પછી અથવા કોઈક કાળ પછી ભૂતનૈગમનયથી આજનો એ દિવસ છે એવું કહેવાય છે, આજે

દિવસ છે એમ કહેવાય છે. ભૂતકાળની ઘટનાને કથનની અંદર વર્તમાનવત્ કહેવી એ ભૂતનૈગમનયનું કથન થયું.

એવી જ રીતે ભાવિની ઘટનાને વર્તમાનવત્ કહેવી–જેમકે 'ગુરુદેવ'ના વિષયમાં આપણે એમ કહીએ છીએ કે, 'ગુરુદેવ' 'સૂર્યકીર્તિનાથ' ભગવાન છે. ચોવીસ સાગર પછી 'સૂર્યકીર્તિ' ભગવાન થશે, એ 'છે' એમ કરીને સ્થાપીએ છીએ એ ભાવિનૈગમનયનો વિષય છે.

('મહાવીર' ભગવાનને) કેવળજ્ઞાન તો (નિર્વાણના) ત્રીસ વર્ષ પહેલાં થયું હતું. ત્રીસ વર્ષ સુધી એમણે સમવસરણમાં દિવ્યધ્વનિને પ્રકાશી અને આજના દિવસે સિદ્ધાલયમાં ગમન કર્યું ત્યારે ઇન્દ્ર આદિ દેવોએ આવીને એ ઉત્સવને ઉજવ્યો. આ જ દિવસે ભગવાન સિદ્ધાલયમાં ગયા અને આ જ દિવસે 'ગૌતમ ગણધર સ્વામી' કેવળજ્ઞાનને પામ્યા. શ્વેતાંબરમાં થોડી ગડબડવાળી વાત આવે છે કે, ગણધર ભગવાન 'ગૌતમસ્વામી'ને બહુ દુઃખ થયું, રડવા લાગ્યા, ચોધાર આંસુએ રડે છે ! મુનિરાજને એવા લૌકિક પરિણામ હોતાં નથી. અલબત્ત વર્તમાન તીર્થંકર ભગવાનનો વિયોગ થાય છે એનો ખ્યાલ આવે છે, તોપણ એ પ્રસંગ છે એ કલ્યાણનો પ્રસંગ છે. બીજા જીવોને એ કલ્યાણમાં નિમિત્તભૂત થાય છે તેથી એને 'કલ્યાણક' એમ કહેવાય છે. કલ્યાણકનો અર્થ છે–કલ્યાણ કરનાર ! જે કલ્યાણ કરે તેને કલ્યાણક કહેવાય. કલ્યાણમાં નિમિત્ત થાય તેને કલ્યાણક કહેવાય. આ પ્રસંગ પણ બીજાં જીવોને આત્મહિતમાં–કલ્યાણમાં નિમિત્ત થાય છે. 'ગૌતમ' ગણધર ભગવાનને તો આ દિવસે કેવળજ્ઞાન ઊપજેલું છે.

તેમની વાણીમાંથી ત્યારપછી અનેક આચાર્ય ભગવંતોએ સત્શાસ્ત્રોની રચના કરી છે. એ જ શાસ્ત્રોમાંથી રહસ્ય કાઢીને 'ગુરુદેવશ્રી'એ આપણને સૌને આપ્યું છે. એ જ આ વાણી છે કે જે 'ગુરુદેવે' પ્રસિદ્ધ કરી છે. 'સીમંધર ભગવાન'ની વાણી કહો કે 'મહાવીરસ્વામી ભગવાન'ની વાણી કહો, બધું એક છે. કોઈ જુદી-જુદી વાત એમાં હોતી નથી. એક સરખું આત્મહિતનું રહસ્ય એમાં પ્રકાશમાન થાય છે. એ વાણી તો અનંત રહસ્યને લઈને આવે છે. એ જ રીતે 'ગુરુદેવ'ની વાણી પણ સાતિશય હતી અને એની અંદર પણ અતિશય રીતે–સઅતિશય રીતે તત્ત્વનો પ્રકાશ થયો છે અને અનેક જીવોને આત્મહિતમાં એ કલ્યાણકારી થઈ છે અને થશે. એવો આ મહાન દિવસ છે ! આજે પર્વનો દિવસ, નિર્વાણકલ્યાણકનો દિવસ, ઉત્સવના દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

એ વખતે તો જૈનધર્મનો વૈભવ ઘણો હતો. બીજી સંખ્યા ઓછી હતી. જ્યારે ભગવાન

બિરાજમાન હોય ત્યારે તીર્થપ્રવૃત્તિ એટલી બધી વિશાળ પ્રમાણમાં હોય છે કે બીજાં અન્યમતવાળા ઓછા હોય છે. એટલે બધાં પણ સાથે-સાથે જોડાય છે. સામાન્ય રીતે ઊંચા પુણ્યવાળાની સાથે નીચા પુણ્યવાળા જોડાય છે. કેમકે એને મતલબ હોય છે એટલા માટે. એટલે બધાં આ દિવસોમાં તો ખુદ ઇન્દ્રોએ આવીને દીવાઓ કર્યાં ! નિર્વાણકલ્યાણકને દિવસે દીપમાળાઓ પ્રગટાવી એટલે એ દિવાળી કહેવાણી. મૂળ શબ્દ તો 'દીપાવલી' છે. આવલી એટલે સમૂહ. એટલા બધાં દીવાનો સમૂહ હતો કે, આ દિવસને 'દીપાવલી મહોત્સવ' કહેવામાં આવે છે. એના ઉપરથી અપભ્રંશ થયો-દિવાળી. અને અંદર જે આત્માના અસંખ્ય પ્રદેશે જ્ઞાનના દીવા પ્રગટે તે સમ્યક્ત્વરૂપ દિવાળી છે, સ્વસંવેદનરૂપ દિવાળી છે !! 'ગૌતમ ગણધર ભગવાને' કેવળજ્ઞાનની દિવાળી ઉજવી ! બીજાં અનેક જીવોએ સમ્યક્ત્વ આદિ પ્રાપ્ત કરીને અસંખ્ય પ્રદેશે જ્ઞાનની દિવાળી ઉજવી ! એ ખરી દિવાળી છે. એ રીતે ખરી દિવાળી તો એ છે. આ ફટાકડા ફૂટે એ દિવાળી નથી. આ તો બધું હિંસાનું કારણ છે. અનેક જીવો વાતાવરણમાં હોય છે જે એની ગંધ માત્રથી મરી જાય છે. પણ એ પછી બીજાં લોકો જોડી દે છે.

આમ તો દેવોએ, ઇન્દ્રો વગેરે આવીને અનેક દીવાઓ આ વખતે પ્રજ્વલિત કરેલાં અને સાધકોએ અંદરમાં જ્ઞાન-દીવાઓ પ્રજ્વલિત કરેલા !! એટલે આ અવસરને દિવાળીના અવસરથી આજે ૨૫૦૦ વર્ષ પછી પણ ઉજવવામાં આવે છે. આજનો મહાન દિવસ છે. આપણે 'આત્માવલોકન' શાસ્ત્ર પૂરું થશે, ત્યાર પછી 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ શરૂ કરવો છે એટલે એ ગ્રંથનું આજે પહેલાં બોલનું માંગલિક લઈ લેશું. ત્યારપછી ચાલુ વિષય ઉપર ચલાવશું. એટલે એમાં ઉતાવળ-ઢીલ કરવાનો પ્રશ્ન નથી.

પહેલો બોલ છે **'હે જીવ ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ. આત્મામાં ગમે તેવું છે.'** કેવા જીવની વાત લીધી છે ? કે, જેને સંસારમાં ક્યાંય ન ગમતું હોય તો. એવા જીવની વાત છે. હે જીવ ! જો તને ક્યાંય ન ગમતું હોય તો. જો તને ગમતું હોય (એટલે કે) તારા ઉદયપ્રસંગોમાં તને ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવવાનું તને મન થશે નહિ, રુચિ થશે નહિ, ભાવના થશે નહિ. એટલે એવા જીવની વાત લીધી છે. આ અપેક્ષિત વાત છે. કેમકે તને ક્યાંય ન ગમતું હોય તો – એમ કહેવું છે.

કોઈ એમ કહે કે, અમને તો ગમે છે. હામ, દામ ને ઠામ છે. આહાર-પાણીની બરાબર

વ્યવસ્થા છે, આજીવિકાની વ્યવસ્થા છે, સારું-સારું ખાઈએ છીએ, સારાં કપડાં પહેરીએ છીએ, દાગીના – કપડાં ઓઢીએ છીએ અને મોજમજા કરીએ છીએ, પછી અમારે ઉપયોગ પલટાવવાનો ક્યાં પ્રશ્ન રહે છે ? અને વાત સાચી છે કે, એને તો ઉપયોગ પલટાવવાનો પ્રશ્ન રહેતો નથી. એ રીતે જેઓ સંસારમાં ભૂલા પડેલાં છે એવા જીવને આ વાત લાગુ પડતી નથી અને લાગુ પડતી નથી એમ નહિ એવા જીવને આ વાત સમજાતી પણ નથી કે, અહીંયાં ધર્માત્મા શું કહેવા માંગે છે ? એ સમજાતી પણ નથી. કેમકે એમ કહ્યું કે, જો '**તને ક્યાંય ન ગમતું હોય તો...**' મને અમુક ઠેકાણે ગમે છે, અનુકૂળતાઓ ઉત્પન્ન થાય છે, સગવડતાઓ સચવાય છે ત્યાં તો મને ગમે છે અને પ્રતિકૂળતાઓ ઉત્પન્ન થાય છે, મારી ઇચ્છા પ્રમાણે થતું નથી ત્યાં મને અણગમો થાય છે – આ તો સર્વસામાન્ય વાત છે, દરેકને સામાન્ય પ્રકારે આમ થાય છે. એવા જીવને તો ઉપયોગ પલટવાનો પ્રશ્ન રહેતો નથી. પણ ક્યાંય ન ગમતું હોય એવી કોઈ યોગ્યતા થઈ હોય, એવી કોઈ પાત્રતા થઈ હોય...

કઈ રીતે આ પાત્રતા આવે છે ? કે, જેને કૃત્રિમ સુખ છે એમાં પરિણામ અથવા ઉપયોગ લાગતાં આકુળતાનું દુઃખ થતું હોય છે, મૂંઝવણ થતી હોય છે અથવા જેને આત્મહિત કરવું છે એવી તીવ્ર ભાવના થઈ છે અને તેથી એને ક્યાંય ગમતું નથી. એક હિત કરી લેવું છે, ગમે તેમ કરીને આયુષ્ય પૂરું થાય એ પહેલાં આત્મહિત કરી લેવું છે, આત્મહિત કરી લેવું છે; એવું જેને અંદરમાં વલણ થઈ ગયું છે એને પછી કોઈ કાર્યોની અંદર ગમતું નથી અથવા રસ આવતો નથી. ગમતું નથી એનો અર્થ એ છે કે એને રસ આવતો નથી, નીરસ અને લૂખા પરિણામ આત્મહિતની ભાવનાને વશ જેના થયા છે એ જીવને જો ક્યાંય નથી ગમતું તો એને પ્રેરણા આપે છે. આ એક પ્રેરણાનો બોલ છે. લેતા જાજો, પ્રેરણાનો આ બોલ છે. વિભાગ–વર્ગીકરણ કરીએ તો અનેક વર્ગની અંદર આ બધાં બોલની વહેંચણી થાય છે. એમાં સત્પુરુષો મુમુક્ષુઓને માર્ગદર્શન આપે છે અથવા માર્ગદર્શનમાં સન્માર્ગે વળે એવી પ્રેરણા કરે છે. બન્ને લગભગ એકાર્થ છે. એવો આ વિષય છે.

(કહે છે કે), તો પછી તું ઉપયોગને પલટાવી નાખ. તને ક્યાંય ગમતું નથી ત્યાં રસ નથી આવતો તો ત્યાં ઉપયોગ લગાવવાથી તો કાંઈ તને ગમવાનો તો પ્રશ્ન નથી. એ ઉપયોગને પલટાવીને આત્મા તરફ લઈ જા. ઉપયોગને પલટાવીને અંતર્મુખ લઈ જા '**અને આત્મામાં ગમાડ.**' આત્મામાં તને રસ આવશે. ત્યાં સુખ છે, ત્યાં શાંતિ છે, ત્યાં આનંદ છે. એ

નિરાકુળ સુખ-શાંતિનો ત્યાં અનુભવ થાય છે. ત્યાં તને ગમે એવું છે, માટે ત્યાં જા તો તને જરૂર ગમશે. ક્યાંય ન ગમે તો આત્મામાં ગમાડ. **'આત્મામાં ગમે તેવું છે.'** નથી ગમે એવું ત્યાં કાંઈ નથી. ગમે એવું બધું જ ત્યાં છે એમ કહે છે.

આત્મામાં ગમે એવું બધું છે – જ્ઞાન છે, આનંદ છે, શાંતિ છે. અલૌકિક દિવ્ય ગુણોથી ભરપૂર છે ! કેવળજ્ઞાન થાય છે ત્યારે એમ કહે છે કે, આત્માના ગુણ-રત્નો પોતાના તેજથી, વિવિધ તેજથી પૂરેપૂરા ચમકી ઊઠે છે. અનંત ગુણરત્નોનો ભંડાર ચૈતન્યપિંડ આત્મા છે. એ કેવળજ્ઞાન થતાં પૂરેપૂરી એની ચમક બહાર આવી જાય છે. સર્વ ગુણો પૂરેપૂરા ચમકવા લાગે છે. એવું અલૌકિક ક્ષેત્ર છે જ્યાં ગમે એવું છે.

**'આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે.'** આ વિશેષ વાત છે. સાધકજીવને, મુમુક્ષુજીવને સૌથી મોટું આકર્ષણ આ છે કે, આત્મામાં આનંદ ભર્યો છે અને સિવાય આત્મા, આત્મા સિવાય ક્યાંય આનંદ નથી. જ્યાં આનંદ માનવામાં આવે છે ત્યાં કૃત્રિમ–જૂઠો આનંદ ઉપજાવવામાં આવે છે. છે નહિ છતાં, છે નહિ છતાં એને જૂઠો આનંદ તરીકે ગણીને એને અનુભવ કરવામાં આવે છે. એટલે એ જૂઠા આનંદથી કોઈને તૃપ્તિ થતી નથી. થાય છે ? કોઈને તૃપ્તિ થઈ છે ? એ એની સાબિતી છે કે, કોઈને તૃપ્તિ થતી નથી. માટે એ આનંદ નહોતો પણ કાંઈક બીજું હતું (એટલે કે) દુઃખ હતું, જેમાં આનંદ માનવામાં આવ્યો હતો. આનંદ નહોતો અને આનંદ માન્યો હતો એટલી વાત છે.

આત્મા તો અનંત આનંદનો સાગર છે ! અનંત... અનંત... અનંત... જેને કોઈ હદ નથી એટલો બેહદ આનંદ અંદર ભરેલો છે એ મુમુક્ષુઓને, સાધકજીવની વૃત્તિને–ઉપયોગને આકર્ષણનું કારણ છે. આ બહુ મોટી વાત છે કે, અનંત આનંદ અંદર ભરેલો છે. જેને એની હયાતી ભાસે છે કે, મારા જ ચૈતન્યપિંડમાં અનંત આનંદ ભરેલો છે એને એ આનંદ પ્રત્યે ઉપયોગનો ઝુકાવ છે એ સહેજ-સહેજ થઈ જાય છે. જેમ જગતના પદાર્થોમાં સુખનો નિશ્ચય કર્યો છે તો તે-તે પદાર્થો પ્રત્યે ઉપયોગ ચાલ્યો જાય છે, સહેજમાત્રમાં ચાલ્યો જાય છે, દોડીને જાય છે, વિકલ્પ કરવો પડતો નથી તેથી સહજ કહીએ. છતાં ત્યાં સુખ અને આનંદ નહિ હોવાથી દુઃખનો અનુભવ કરીને એ પરિણામ પાછા વળે છે. અહીંયાં એવું બનતું નથી. અહીંયાં તો જેમ-જેમ આનંદનો અનુભવ કરે છે તેમ-તેમ વિશેષ-વિશેષ આનંદનો ભોગવટો કરવા માટે સાધક તેમાં આતુર થાય છે. એટલા આતુર થાય છે કે, જગતના સર્વ સંયોગો છોડીને મુનિદીક્ષા અંગીકાર કરીને ચોવીસ કલાક એ આનંદમાં જ રહેવા માટેના

પ્રયત્નમાં લાગી જાય છે અને સરવાળે પૂર્ણાનંદમાં બિરાજમાન રહી જાય છે.

એવો **'આત્મામાં આનંદ ભર્યો છે;...'** તેથી **'ત્યાં જરૂર ગમશે.'** નહિ ગમે એ પ્રશ્ન નથી. ગમશે જ ! ખાત્રીબંધ વાત છે – ગમશે. એ આનંદ એવો છે કે જગતના બધા આનંદ દુઃખના ખાતામાં ખતવવા પડે એવો આનંદ છે ! અને જેની ઉપમા જગતના કોઈ પદાર્થથી દઈ શકાય એવી નથી (એવો) અનુપમ આનંદ છે !! અલૌકિક અને અનુપમ આનંદ છે ! માત્ર એના સ્વાદથી જ એની ખબર પડે છે અને બીજી રીતે એની ખબર પડતી નથી. પણ એકવાર જે ચાખી જાય છે એને એ જ આનંદમાં રહેવાનો ભાવ રહે છે કે, મારો અનંતકાળ આની અંદર જ–આવા આનંદની અંદર જ વહો, પ્રવાહિત થાઓ ! બીજે ક્યાંય મારો કાળ જાય નહિ. કેમકે બીજે જતાં દુઃખ છે, ઉપયોગ બીજે જાય તો દુઃખ થાય છે.

'અમૃતચંદ્રાચાર્યદેવે' 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'ના એક કળશમાં આ વાત લીધી છે કે, મારી અનંત કાળાવલી આ આત્મતત્ત્વના આનંદના ભોગવટામાં વહો ! એવી ભાવના ભાવી છે. 'સમયસાર' છે ને ! ત્યાગની ભાવનાને નચાવે છે પછી આ કળશો લીધાં છે. ૨૩૧ (નંબરનો) કળશ છે. **'निःशेषकर्मफलसंन्यसनान्ममैवं, सर्वक्रियान्तरविहारनिवृत्तवृत्तेः।'** ૨૩૧ કળશ છે. સમસ્ત કર્મના ફળનો ત્યાગ કરવાથી **'संन्यस'** એટલે ત્યાગ કરવો. **'હું ચૈતન્ય જેનું લક્ષણ છે...'** **'चैतन्यलक्ष्म भजतो भृशमात्मतत्त्वं'** **'હું ચૈતન્ય જેનું લક્ષણ છે એવા આત્મતત્ત્વને અતિશયપણે ભોગવું છું અને તે સિવાયની અન્ય સર્વ ક્રિયામાં વિહારથી મારી વૃત્તિ નિવૃત્ત છે... એમ આત્મતત્ત્વના ભોગવટામાં અચળ એવા મને...'** '(अचलस्य मम)' '(इयम् काल-आवली)' **'આ કાળની આવલી કે જે પ્રવાહરૂપે અનંત છે...'** **'अनन्त कालावली वहतु अनन्ता'** 'वहतु... वहतु' એટલે વહન કરો. **'वहतु अनन्तानन्त कालावली'** **'આત્મતત્ત્વના ભોગવટામાં જ વહો–જાઓ.'** મારો આગામી સર્વ ભવિષ્ય કાળ એક આત્માના આનંદના ભોગવટામાં જ જાઓ અને કોઈપણ પ્રકારનું મને દુઃખ ન હો. એવી ભાવના અહીંયાં ૨૩૧માં કળશમાં લીધી છે. આ ચાકળો ('સોનગઢ'માં) 'સ્વાધ્યાય મંદિર'માં છે.

(અહીંયાં કહે છે) **'આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે.'** અને ત્યાં ગમ્યા પછી **'જગતમાં ક્યાંય ગમે તેવું નથી...'** એક આત્માના આનંદમાં જેને પોતાને રસ આવે છે, આત્મરસ ઉત્પન્ન થાય છે એ આત્માના આનંદરસને ઉપમા આપી છે (એ) એક અમૃતની ઉપમા આપી છે ! અનુભવી શાસ્ત્રકારોએ, બીજાં શાસ્ત્રકારોએ નહિ પણ અનુભવથી જેણે શાસ્ત્રોની રચના કરી છે એવાં ધર્માત્માઓએ આનંદને અમૃતની ઉપમા આપી છે !

એવી વાત લીધી છે ('સમયસાર'માં) 'સંવર અધિકાર'માં. કેવા છે સંવરને પ્રાપ્ત એવા ધર્માત્માઓ ? કે, **'आनंदामृतनित्यभोजी'** (અર્થાત્) આનંદ-અમૃતનું નિત્ય ભોજન કરવાવાળા છે ! આ લગ્ન અવસર હોય છે ત્યારે લખે છે ને ? પ્રીતિભોજ ફલાણાં... ફલાણાં તારીખે, ફલાણાં... ફલાણાં સમયે, ફલાણી... ફલાણી જગ્યાએ આનંદનું ભોજન ! એ આનંદનું ભોજન હશે ? રસ વધારે લે અને હોજરી પચાવે એના કરતાં જરાક વધારે ખાઈ લે એટલે પછી, ખાધા પછી ભાઈની તબિયત બગડે, લથડે. કેમ થયું ? કે, આજ કાંઈ ઠેકાણે પડતું નથી.

શ્રોતા :– ભોજનમાં આનંદ હોય તો સાંજ સુધી ભાણા ઉપર બેસી રહે !

પૂજ્ય ભાઈશ્રી :– સાંજ સુધી શું અડધી કલાક, કલાક પછી એમ કહે કે, ભાઈસા'બ ! હવે અહીંથી ઊભા થવા દ્યો તો સારું ! હવે અહીંથી ઊઠીએ તો નિરાંત થાય. ક્યાંથી ક્યાં ગયો આનંદ ? (કહે છે કે) એ બધો જૂઠો, કલ્પિત આનંદ (છે). ક્ષણમાત્રમાં એના પરિણામ ત્યાંથી ફરી જાય છે. અને એ આનંદ નહોતો પણ સત્પુરુષો એમ કહે છે કે, એ દુઃખના પરિણામ હતા એમાં તેં આનંદની કલ્પના કરી હતી, આકુળતાના પરિણામ હતાં. એક સાથે દસ ચીજ ભાણામાં હોય, ઘડીક અહીંયાં ઉપયોગ, ઘડીક આને, ઘડીક આને, ઘડીક આને... વૃત્તિ તો એમ છે કે, એકસાથે બધાંને સ્વાદુ ! પણ ક્રમે-ક્રમે લઈ શકે છે. અભિપ્રાય જુદો છે, શક્તિ એની જુદી છે. એટલે આકુળતા... આકુળતા... આકુળતા... અવલોકન નથી, અવલોકનનો અભ્યાસ નથી એટલે એને ખબર પડતી નથી કે, આમાં આકુળતા કેટલી થાય છે ? એ પણ એને ખબર પડતી નથી.

અહીંયાં કહે છે કે, **'જગતમાં ક્યાંય ગમે એવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે.'** જગતમાં ક્યાંય આનંદનું સ્થાન નહિ હોવાથી, આનંદનો વિષય નહિ હોવાથી ક્યાંય ગમે તેવું નથી. જ્યાં ઉપયોગ જાય ત્યાં બધે જ આકુળતા થાય એવું છે. પણ એક આત્મામાં નિરાકુળ શાંતિ અને આનંદઅમૃતનો અનુભવ હોવાથી અમૃતતુલ્ય અનુભવ છે ! કહી શકાય એવું નહિ હોવાથી કહેવામાં લાચારી છે (પરંતુ) અનુભવવામાં તો આનંદઅમૃત અનુભવમાં આવે છે. **'એક આત્મામાં જરૂર ગમે તેવું છે.'** માટે તને ક્યાંય ન ગમતું હોય તો **'તું આત્મામાં ગમાડ.'**

આ રીતે આનંદનો અનુભવ કરવાની પ્રેરણા આપીને આ ગ્રંથનો પ્રારંભ કરવામાં આવ્યો છે અને અહીંયાં એ આનંદરૂપ માંગળિક છે.

## પ્રવચન નં. ૨, વચનામૃત-૧,૨
## તા. ૦૪-૧૧-૧૯૮૬

દિવાળીને દિવસે ગ્રંથનો પ્રારંભ કરવા માટે આપણે પહેલાં બોલનો સ્વાધ્યાય કરેલો.

જિજ્ઞાસા :- આ ૐ શબ્દ પહેલાં છે, **'परमात्मने नमः।'**

સમાધાન :- ૐ છે એ આત્માનો વાચક શબ્દ છે. આત્મા શબ્દાતીત પદાર્થ છે અને અક્ષરાત્મક શબ્દ છે એવું આત્મામાં કાંઈ નથી. અથવા કોઈપણ પદાર્થમાં પદાર્થનો વાચક શબ્દ હોતો નથી. વાચ્યભૂત એવો જે પદાર્થ (દા.ત.) સાકર. એ સાકર પદાર્થમાં સાકર નામનો શબ્દ નથી. છે ? એનું વાચ્ય છે તે પદાર્થ છે, વાચક છે તે શબ્દ છે.

'આત્મા છે' એ આત્મા શબ્દ છે અને એનું વાચ્ય આત્મા પદાર્થ છે. એનો વાચક એક અનક્ષરાત્મક જે શબ્દ છે તેને ૐ શબ્દથી પણ કહેવામાં આવે છે. અને **'परमात्मने नमः।'** (લખ્યું છે એટલે) પોતાના પરમ આત્મસ્વરૂપ-આત્માના પરમ સ્વરૂપને નમસ્કાર કર્યા છે. એ ૐ છે. ખરેખર ૐ તો પરમાત્મસવરૂપ છે. પરમાત્મા છે તે ૐ સ્વરૂપે છે. ભિન્ન-ભિન્ન શબ્દોથી એક જ પદની ભાવના ભાવવામાં આવે છે. **'नमः'** કહેતાં નમવું. નમવું કહેતાં ઢળવું.

**'परमात्मने नमः।'** એ મંગળ અર્થે-મંગળ ભાવનાને અર્થે ત્યાં માંગળિક કરીને ગ્રંથની શરૂઆત કરે છે અને સંક્ષેપમાં પહેલાં બોલની વાત લઈએ તો જે જીવને આત્મહિત કરવું છે, એક આત્માના હિતની જેને ચિંતા છે. સંયોગોની ચિંતા નથી પણ પોતાના આત્મહિતની ચિંતા છે. ચિંતા વિનાનો કોઈ જીવ નથી. છે કોઈ જીવ ચિંતા વિનાનો ? બધાં ચિંતા કર્યા જ કરતા હોય છે. બધાં જીવો ઉપર-મનુષ્યો ઉપર સામાન્યપણે એક દૃષ્ટિ નાખો તો

સામાન્યપણે બધાં મનુષ્યો ચિંતામાં પડેલાં જ છે. કેમકે એને પોતાનાં સંયોગો વિષેનું ચિંતવન ચાલુ હોય છે. આમ કરવું છે... આમ કર્યું છે... આમ કરવું છે ને આમ કરશું... આ કર્યું છે, આમ કરવું છે અને આમ હજી કરશું. આ બધી સંયોગની ચિંતા જગતવાસી જીવને ચાલે છે.

એમાંથી – એ જગતમાંથી છૂટો પડીને–જુદો પડીને જે સિદ્ધ થવાના રસ્તે–સિદ્ધાલયના રસ્તે પહેલું ભાવમાં પ્રયાણ કરે છે ત્યારે એની દશામાં જે ફેરફાર થાય છે એમાં એને પહેલી ચિંતા પોતાના ભવભ્રમણની થાય છે. સંયોગોની ચિંતા નથી થતી પણ ભવભ્રમણની ચિંતા થાય છે કે, અરે...! આ જન્મ-મરણ મટવાનો કોઈ ઉપાય હશે કે નહિ હોય ? કે આમને આમ બસ, જન્મ-મરણ... જન્મ-મરણ... કર્યા કરવાના ?

આમ તો જગતમાં જીવો સ્વીકારે છે કે, મરણ કોઈના હાથની ચીજ નથી. કેમકે કોઈને મરવું નથી છતાં અનિચ્છાએ પણ એ સ્થિતિ સ્વીકારી લેવી પડે છે. અહીંથી મરે છે (અને) ગમે ત્યાં જન્મે છે. એ પણ એના હાથની વાત નથી. ક્યાં જન્મવું એ એની ઇચ્છા પ્રમાણે થતું હશે ? કે, હવે મારે અહીંથી તો અહીંયાં જ જાવું છે ! એવું તો કાંઈ બનતું નથી. તો પરવશપણે ગમે ત્યાં જવું પડે અને ગમે તેવાં દુઃખ ભોગવવા પડે એ સ્થિતિમાંથી બહાર નીકળવાનો કોઈ ઉપાય ખરો કે નહિ ? એની ચિંતા જેને લાગી છે. જ્યારે ચિંતા હોય ત્યારે ક્યાંય ગમે નહિ. આ સ્થિતિ થાય. ક્યારે ન ગમે ? ચિંતા હોય ત્યારે ક્યાંય ગમે નહિ.

એને એમ કહે છે કે, તને આવી કંઈ ચિંતા છે ? તને ક્યાંય ગમતું નથી ? જો તારી આવી સ્થિતિ હોય તો જા તું અંદરમાં, તારા આત્માના પરિચયમાં ! આત્માના સ્વભાવનો પરિચય કર, સ્વભાવનો આશ્રય કર. ત્યાં સુખ, શાંતિ, આનંદ બધું ભરેલું હોવાથી ત્યાં જતાં તને ગમશે. ગમશે અને તારી ચિંતાનો પણ નાશ થઈ જશે.

ભવ અને ભવના કારણના અભાવસ્વભાવે રહેલું તારું આનંદમય જે તત્ત્વ છે એમાં – આત્મામાં જતાં, ઉપયોગ એમાં જતાં પરિણામમાં જે બેચેની છે, અણગમો છે એ ચાલ્યો જશે. નિરાકુળ શાંતિ તને વેદાશે. અને એટલા માટે અમે તને એમ કહીએ છીએ કે, એમાં જા ! એમાં ગમે એવું છે અને એમાં તું ગમાડ. બસ ! કાઠિયાવાડી ભાષા છે–એમાં ગમાડ ! ગમવું ! ત્યાંથી–આ બોલથી આ શાસ્ત્રનો પ્રારંભ કર્યો છે.

**અંતરના ઊંડાણથી પોતાનું હિત સાધવા જે આત્મા જાગ્યો અને જેને આત્માની ખરેખરી લગની લાગી, તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે. આત્માની ખરેખરી લગની લાગે ને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ. આત્માની લગની લાગવી જોઈએ; તેની પાછળ લાગવું જોઈએ. આત્માને ધ્યેયરૂપ રાખીને દિન-રાત સતત પ્રયત્ન કરવો જોઈએ. 'મારું હિત કેમ થાય ?', 'હું આત્માને કઈ રીતે જાણું ?' – એમ લગની વધારીને પ્રયત્ન કરે તો જરૂર માર્ગ હાથ આવે. ૨.**

હવે, બીજો બોલ છે એ આત્મપ્રાપ્તિ કરવી હોય તો એણે શું કરવું જોઈએ ? એનાં પરિણામ કેવા હોવા જોઈએ ? એ સંબંધી આ બોલની અંદર સ્પષ્ટીકરણ છે. જેને આત્માની પ્રાપ્તિની રીત કહીએ – બીજો બોલ છે એ એ વિષયમાં છે. વર્ગીકરણ કર્યું છે ને ? 'પૂર્વ ભૂમિકા' ! પૂર્વ ભૂમિકા એટલે પ્રાપ્તિ પહેલાંની ભૂમિકા (અર્થાત્) સ્વરૂપપ્રાપ્તિ પહેલાં મુમુક્ષુજીવને યોગ્ય, પાત્ર જીવને યોગ્ય ભૂમિકા કેવી હોય છે એનું આ બીજા બોલની અંદર એકદમ સ્પષ્ટ અને બહુ સુંદર ચિત્ર ખેંચેલું છે.

શું કહે છે ? **'અંતરના ઊંડાણથી પોતાનું હિત સાધવા જે આત્મા જાગ્યો...'** શું કહેવું છે ? **'અંતરના ઊંડાણથી પોતાનું હિત સાધવા જે આત્મા જાગ્યો...'** (એટલે કે) ઉપર-ઉપરથી નહિ. જેમકે, વખત પસાર કરવો છે, ચાલો જઈએ સાંભળવા ! અથવા સાંભળવામાં કાનને ગમે એવી વાત આવે છે, મનને ગમે એવી વાત આવે છે માટે મનોરંજન માટે સાંભળવા જાવું છે. બહુ મજા આવે છે. શું કહે ? ફલાણાંની વાત સાંભળીએ છીએ ત્યારે એમની વાતમાં મજા આવે છે ! માટે અમે જઈએ છીએ. અહીંયાં કોઈ મનોરંજન માટેનો આ વિષય નથી.

એટલે તો પહેલાં (બોલમાં) અને બીજાં (બોલમાં) સંધિ લઈએ તો એ છે કે, જેને

ભવભ્રમણ મટાડવું છે અને અંતરના ઊંડાણમાંથી જેને આત્મહિત સાધવા માટેની જાગૃતિ આવી છે કે, મારું હિત મારે કરી જ લેવું છે. હવે મારા હિતના વિષયમાં, મારું હિત કરવાના વિષયમાં મારે ગફલતમાં રહેવું નથી અને ગફલતમાં રહેવા જેવું નથી.

આ જીવે પરિભ્રમણમાં અનંતકાળ કાઢ્યો. એમાં એણે પોતાનું કલ્યાણ કરવાનો વિચાર કે ભાવ નથી કર્યો, ઇચ્છા નથી કરી એવું નથી. એને એવી ભાવના ઉપર-ઉપરથી તો અનંતવાર થઈ છે અને એ ભાવના એને ઉપર-ઉપરથી અનંતવાર થઈ છે એટલા માટે એણે એ ભાવના અનુસાર ઉપર-ઉપરથી પ્રયત્નો પણ અનંતવાર, અનંત પ્રકારનાં કર્યાં છે. કોઈવાર તો એણે મહાકષ્ટ–દેહકષ્ટી પડે એવાં પ્રયત્નો પણ કર્યાં છે. તે એમ સમજીને કે, આ દેહકષ્ટી છે એ સાધના છે અને એ ધર્મ છે. એવું સમજીને પણ ખોટા ઉપાયને સાચો ઉપાય માનીને પણ એણે અનેકવાર પ્રયત્નો કર્યાં છે. અને એવું કષ્ટ ભોગવીને પણ એણે સાચો ઉપાય ગ્રહણ નથી કર્યો અથવા સાચો ઉપાય એને મળ્યો નથી, જાણ્યો નથી, સમજ્યો નથી અને તેથી અનુસર્યો નથી. તો એમાં ખામી શું રહી ગઈ છે ? કે, ખામી એને જે ઊંડાણથી પોતાનું હિત સાધવા માટેની જે જાગૃતિ આવવી જોઈએ અને આત્મપ્રાપ્તિની જે ખરેખરી લગની લાગવી જોઈએ એ એને લાગી નથી કે જે આત્મલગની જ એને માર્ગ કરી દેતી હોય છે, કરી દે છે, કરી દેશે. એ પરિસ્થિતિમાં એ આવ્યો નથી.

થોડો વિચારવા લાયક વિષય તો એટલો છે કે, આ જીવે જપ, તપ, ત્યાગ બધું કર્યું અને ત્યાગ કર્યો ત્યારે અનુકૂળતાઓ છોડીને પ્રતિકૂળતાઓ વેઠી. તો પછી એને અંતરના ઊંડાણમાંથી આ હિત સાધવાની વૃત્તિ નથી આવી એમ કેમ કહી શકાય ? અનુકૂળતાઓ રાખીને જેને સાધના કરવી છે એને તો એમ કહી શકાય કે, એને તો અનુકૂળતાઓ સાચવવી હતી અને સાધના કરવી હતી (એટલે) ઇ કાંઈ અંદરના ઊંડાણની–અંતરની ભાવના એની લાગતી નથી. અંતરની ભાવના તો એની અનુકૂળતાઓની છે. પણ જે અનુકૂળતાઓનો ત્યાગ કરીને, પૂર્વ પુણ્યના યોગે પ્રાપ્ત અનુકૂળતાઓ હોય એનો ત્યાગ કરીને, પ્રતિકૂળતાઓ વેઠીને એની માનેલી સાધના કરે છે, સાચી રીત પકડતો નથી એને અંતરના ઊંડાણમાંથી ભાવના કે લગની નથી થઈ કે જાગૃતિ નથી થઈ, એમ કેવી રીતે કહેવું ? આ તો બરાબર પ્રશ્ન આવી શકે એવું છે ને ? કેમકે આ જીવે ઊંધે માથે તપ કર્યાં છે, છ-છ મહિનાના ઉપવાસ કર્યા છે અને અંગ-પૂર્વના શાસ્ત્રોનું ભણતર પણ કર્યું છે. જિનદીક્ષા અંગીકાર કરીને પંચ મહાવ્રત નિરતિચાર પાળ્યા છે, દ્રવ્યલિંગી મુનિ અનંતવાર થઈને નવમી ગ્રૈવેયક ગયો છે

તો એ અંતરના ઊંડાણમાંથી હિત સાધવા માટે જાગ્યો નથી (એમ કેમ કહેવાય ?) ઘર-બાર, ગૃહસ્થી અથવા રાજપદ છોડીને ગયો હોય. ગુરુદેવ તો કહેતા કે, હજારો રાણીને છોડીને ત્યાગ કરીને ગયો છે. લોકોને એમ લાગે કે, આ તે કાંઈ વૈરાગ્ય છે !! એવો વૈરાગ્ય પણ એણે ધારણ કર્યો છે. જોનારને એમ લાગે કે, વૈરાગ્યની મૂર્તિ છે ! શું લાગે ? વૈરાગ્યની મૂર્તિ છે ! ક્યાંય એને રસ પડતો નથી, એવું લાગે. કોઈ પ્રવૃત્તિમાં રસ પડતો નથી એમ લાગે. આ તે કઈ જાતની અંતરના ઊંડાણની જાગૃતિ અને લગની ? આ કઈ જાતની ? વિસ્તાર એટલા માટે છે કે, એનું ખાસ સ્વરૂપ શું ? એનું મૂળ સ્વરૂપ શું કે જેને લગની કહીએ ? જેને અંતરના ઊંડાણથી હિત સાધવાની જાગૃતિ કહીએ એનું ખાસ સ્વરૂપ શું ?

આ શાસ્ત્રની અંદર 'ઊંડાણ' શબ્દનો પ્રયોગ ઘણો છે. જેમકે બીજા જ બોલમાં આ શબ્દ શરૂ થઈ ગયો છે. પણ શાસ્ત્રના પરિચયથી એમ કહી શકાય કે, કેટલાંય બોલની અંદર 'ઊંડાણ' શબ્દનો પ્રયોગ કર્યો છે. હવે આ ઊંડાણ શું ચીજ છે ? ઉપર-ઉપરનું શું ? અને ઊંડાણ શું ? આ વિષય તો વિચારવો જોઈએ ને ? નહિતર તો એમને એમ ચાલ્યા જાવાનું થાય. એનો ભાવ તો ભાસવો જોઈએ કે ઊંડું શું છે ?

હવે જે અનુભવનો વિષય છે એમાં અનુભવનું ઊંડાણ છે અને એ સિવાય 'ઉપર'નું શું છે ? કે, વાતચીત અને વિચાર ઉપરની પ્રવૃત્તિ છે. આ પ્રકરણ બધું 'ભાવો'નું ચાલશે. આ અધ્યાત્મ ગ્રંથ હોવાથી અનેક પડખાંથી બધી ભાવોની જ વાતો લીધી છે. કેટલીક વાતો તો સરખી લાગે પણ એની અંદર ક્યાંકને ક્યાંક નવીન સમજવાની વાત હોય છે એટલે એ બોલ લેવામાં આવ્યા છે.

આ જે ભાવોનો વિષય છે – સ્વભાવભાવો અને વિભાવભાવો. આત્માને વિષે બે પ્રકારના ભાવો છે. જીવને તે-તે ભાવનો અનુભવ થાય છે. હવે એ વિષય વિચારમાં, વાતચીતમાં, શબ્દોમાં, લખાણમાં, બોલવામાં જે આવે છે એ વિષયના ઊંડાણમાં જવું હોય તો એ ભાવના અનુભવ સુધી પહોંચવું જોઈએ. એ ભાવનો અનુભવ તે એનું ઊંડાણ છે અને એ વિષયની વિચારણા તે એની 'ઉપર'ની ચીજ છે. આમ બે સ્તર છે. એક જ વિષયના બે સ્તર લઈએ, બે Stage લઈએ તો એક ઉપર-ઉપરની ચીજ છે, એક ઊંડાણની ચીજ છે. વિચાર ચાલે છે, ચિંતવન ચાલે છે, એની વાતચીત ચાલે છે એમાં પણ સાથે વિચાર હોય છે. વાતચીતની અંદર વિચાર સાથે રહે છે. એ વિષય છે એ 'ઉપર-ઉપર'નો ગણવામાં આવે છે. અને

એ ભાવોના અનુભવમાં જઈને અનુભવથી એ વિષયને સમજવો, અનુભવથી અનુભવજ્ઞાન કરવું તે-તે ભાવોનું વિચારજ્ઞાન કરવું નહિ પણ અનુભવજ્ઞાન કરવું એ તે વિષયનું ઊંડાણ છે. એને બીજી ભાષામાં 'પ્રયોગ' કહેવામાં આવે છે. અથવા પદ્ધતિસર કહીએ તો Theory અને Practice. Theoratical જ્ઞાન છે એ ઉપર-ઉપરનું જ્ઞાન છે (અને) Practical જ્ઞાન છે એ ઊંડાણવાળું જ્ઞાન છે. પણ એ પણ એક વ્યાખ્યા થઈ ગઈ. એટલે એની પણ વ્યાખ્યા સમજી લીધી એટલે પત્યું ! તો એ પાછો બહારનો બહાર રહી ગયો, ઉપરને ઉપર રહી ગયો. એમ નથી લેવું.

અહીંયાં તો બહુ પ્રારંભિક વાત કરી છે. કેમકે આ જે બોલ છે એ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવા માટે, સમ્યગ્દર્શનને પ્રાપ્ત કર્યા પહેલાં એને અનુકૂળ પૂર્વ ભૂમિકામાં હોય છે કે, જેને વ્યવહારથી–ઉપચારથી એમ કહેવાય કે, આને કારણે આ જીવ પામ્યો. આવા ભાવ હતા માટે આ જીવને આત્મદર્શન થયું, સ્વરૂપદર્શન થયું એવી જ્યારે વાત કરે છે ત્યારે તે-તે ભાવોનું સ્વરૂપ શું છે એના ઊંડાણમાં જાવું જોઈએ.

હવે, હિત અને અહિત સાધવાનું અહીંયાં ઊંડાણ લેવું છે અને અંતરનું ઊંડાણ એવું ઊંડાણને પણ એકલો શબ્દ નથી રાખ્યો 'અંતરનું ઊંડાણ' લેવું છે. હવે, અંદરમાંથી–અંતરમાંથી જે વાત ઊગે છે એનો અર્થ એ છે કે, આ જીવ આ વિષયની અંદર કોઈ કચાશ રાખવા માગતો નથી. જેને અંતરમાંથી પોતાનું હિત કરવાનો ભાવ જાગે છે ત્યારે હિત-અહિતના ભાવોના ઊંડાણમાં એ જાય છે. એટલે (કે) હિતરૂપ ભાવનો અનુભવ, અહિતરૂપ ભાવનો અનુભવ – આ બન્નેને એ જોયા વગર જવા દેતો નથી. તપાસ કરે છે કે, શું છે આમાં ?

હવે, ઉપર-ઉપરનું અને અંદરનું – (આ) બે વચ્ચેના તફાવતને તપાસીએ તો જે જીવો કષ્ટદાયક પ્રવૃત્તિ કરે છે અને સાધના માને છે કે, આવી અનેક કષ્ટદાયક પ્રવૃત્તિ કરીને સાધના કરવા છતાં એણે અંતરના ઊંડાણથી સાધના નથી કરી એનો પુરાવો શું ? એની સાબિતી શું ? કે, એણે એના અનુભવમાં જઈને તપાસ નથી કરી કે, આમાં હિત થયું કે ન થયું ? એવી તપાસ એણે કદી નથી કરી. એટલે એ તપાસ કર્યા વિના શું કર્યું છે કે, જે નિર્ણય ખોટો થઈ ગયો છે, વિધિના વિષયમાં જે ખોટો નિર્ણય થયો છે, રીત અને કાર્યપદ્ધતિના વિષયમાં જે ખોટો નિર્ણય થયો છે એ નિર્ણયને એ આંધળુંકિયા અનુસરણ કરે છે. એટલે એ વિષયના ઊંડાણમાં એ જતો નથી. અને તેથી એમ કહી શકાય કે, એને હિત-અહિતની ભાવના અંતરના ઊંડાણમાંથી થઈ નથી. જો થઈ હોય તો આ પરિસ્થિતિ

હોય નહિ. થઈ હોય તો આ પરિસ્થિતિ હોય નહિ. જગતમાં પણ જ્યાં લાભ-નુકસાનનો પ્રશ્ન છે ત્યાં એની પૂરી દરકાર ઊભી થઈ જ જાય છે, ઊભી થયા વિના રહેતી નથી.

એક વખત અમારે મુમુક્ષુ ભાઈઓમાં ચર્ચા ચાલતી હતી (એમાં) કોઈએ તર્ક કર્યો કે, આ બધી આત્માની વાતો, સારી-સારી વાતો તમે કરો છો કેમકે તમારે બીજી કોઈ ચિંતા–ફિકર છે એવું દેખાતું નથી. બહારમાં કોઈ ચિંતાજનક તમારી સંયોગોની પરિસ્થિતિ દેખાતી નથી. એ ઉપરથી એમ લાગે છે, તમે નિશ્ચિંત થઈને આવી બધી ડાહી-ડાહી, સારી–સારી વાતો કરો છો ! પણ ઉપાધિ માથે પડી હોય અને ઉપાધિ વર્તતી હોય ત્યારે આ બધું રહેતું નથી, ચાલ્યું જાય છે. અને પાછા એમ કહે કે, અમે ઘણાં મુમુક્ષુ જોયા છે, ચિંતા ન હોય ત્યારે તો મજાની ઘણી સરસ વાત કરે પણ જ્યારે ચિંતામાં આવી પડે ત્યારે એની આ બધી વાતો ક્યાંય ખોવાય જાય છે ! અને ચિંતામાં ચિંતાની પ્રવૃત્તિમાં–ચિંતા દૂર કરવાની પ્રવૃત્તિમાં એવા લાગી જાય છે કે, આ વાત એ ક્યાંય કરતા હોય એવું પણ લાગે નહિ, વિચારતા હોય એવું પણ લાગે નહિ ! એટલે એમ લાગે છે કે, આ તો કાંઈ બીજી ઉપાધિ ન હોય ત્યારે કરવાની વાત છે કે, ઠીક છે, ચાલો બીજી વાત કરતાં આ વાત સારી છે, આમાં સમય પસાર કરીએ.

એને એક બીજા મુમુક્ષુભાઈએ તર્ક આપ્યો કે, તો પછી તમારા પ્રશ્નથી, તમારા તર્કથી એમ થાય છે કે, ચિંતા હોય ત્યારે ઉપાધિ આડે આ આત્મસ્વરૂપ ને સ્વભાવ ને સાધનાની વિચારણા નથી કરી શકાતી. જો ઉપાધિ આડે આ ન કરી શકાય એવું હોય તો એક તર્કની સામે મારો એક તર્ક છે. એ ભાઈએ તર્ક લડાવ્યો કે, શરીરમાં રોગ હોય અને વેદના હોય ત્યારે કંઈક લાભ-નુકસાનનો પ્રશ્ન ઊભો થતો હોય તો વિચારવા લાગી જાય કે ન લાગી જાય ? વ્યાધિની ઉપાધિ ઘણી હોય–શરીરના રોગની વ્યાધિની ઉપાધિ ઘણી હોય એ વખતે કોઈ મોટા નફા-નુકસાનનો સવાલ ઊભો થતો હોય, પ્રસંગ ઊભો થતો હોય તો એ જીવ એને વિચારવા લાગે છે કે નથી લાગતો ? તો ઉપાધિગ્રસ્ત અવસ્થામાં લાભ-નુકસાનને બરાબર વિચારી શકાય છે એ તો સૌના અનુભવની વાત છે. તો એ ગમે તેવા ઉપાધિગ્રસ્ત સંયોગોમાં–પરિસ્થિતિમાં અહીંયાં આત્માના હિત-અહિતનો વિચાર ન કરી શકાય એવું કોણે કહ્યું ? પણ એને એ હિત-અહિત છે કે કેમ એ સમજાવું જોઈએ. સમજમાં આવવું જોઈએ કે, આ હિતની વાત છે, આ અહિતની વાત છે. અને હિત-અહિત એ પ્રયોજનનો વિષય છે. એટલે હિત-અહિતરૂપ જે પ્રયોજન, એ પ્રયોજન(ના) વિષયની જેને પકડ આવી છે એ કોઈપણ

હાલતની અંદર અથવા કાર્યે-કાર્યે, પ્રસંગે-પ્રસંગે, ક્ષણે-ક્ષણે હિત-અહિતના વિચારમાં અવલોકનના ઊંડાણમાં જાય છે. એની તપાસમાં જાય છે, એ તપાસમાં જાય છે એ એના ઊંડાણને સૂચવે છે. જો જીવ ચાલતા ભાવોની તપાસમાં ન જાય તો એ ઊંડાણમાં નથી જતો, માત્ર વિચારની ઉપલક પરિસ્થિતિમાં રહે છે. ઉપલક-ઉપલકપણે વિચાર કરતાં, મનન કરતાં, ચિંતવન કરતાં કાંઈ વળતું નથી. એક બોલમાં એ વિષય આવશે કે, ઉપર-ઉપરના કાર્યથી કાંઈ વળવાનું નથી.

(ભૂતકાળમાં) જે કર્યું છે એનું ફળ વર્તમાનમાં ચાલે છે. તો એ સ્પષ્ટ થાય છે, એની વર્તમાન સ્થિતિ જ સ્પષ્ટ કરે છે કે, એણે ભૂતકાળમાં શું કર્યું છે. વર્તમાન સ્થિતિ એની સાબિતી છે કે, એણે ભૂતકાળમાં શું કર્યું છે ? કઈ પદ્ધતિએ કર્યું છે ? યોગ્ય પદ્ધતિએ કર્યું છે ? કે અયોગ્ય પદ્ધતિએ કર્યું છે ? એની વર્તમાન સ્થિતિ જ એની સાબિતી છે. કોઈને પૂછવા જાવું પડે એવું નથી.

ત્યારે અહીંયાં એક બહુ મહત્ત્વની વાત છે કે, હિત સાધવા આત્મા જાગ્યો એમ નહિ. જાગ્યો છે તો અંતરના ઊંડાણમાંથી જાગ્યો છે કે નહિ ? કેમકે અહીંયાં ત્રીજી લીટીમાં જ કહેશે કે, એને માર્ગ મળી જશે, એને માર્ગ કરી દેશે. કોણ ? કે, એની પ્રવૃત્તિ, એની લગની, એની જાગૃતિ એને માર્ગ કરી દેશે. માર્ગ શું ચીજ છે ? અંતર્મુખ થવું એ માર્ગ છે. જીવે જેટલું બધું કર્યું છે એ બહિર્મુખભાવે કર્યું છે, બહિર્મુખ પ્રવૃત્તિ કરી છે અને તપાસ્યું નથી કે, આ બહિર્મુખ છે કે અંતર્મુખ છે ? એની તપાસ કરી નથી. ત્યારે એને એમ કહે છે કે, જો તું તારી તપાસણી કરીશ અને તપાસતાં તું એના ઊંડાણમાં જઈશ તો તને અંતર્મુખ થવાનો માર્ગ મળી જશે. તો તને અંતર્મુખ થવાનો માર્ગ જરૂર મળી જશે, નહિ મળે એ પ્રશ્ન નથી – મળશે જ. પણ એ સિવાય બીજી રીતે બાહ્ય પરિણામથી, બહિર્મુખ પરિણામથી તેં શાસ્ત્રજ્ઞાનની ગમે તેટલી પ્રવૃત્તિ કરી હોય કે મન-વચન-કાયાથી વ્રત, નિયમ, સંયમ, તપની કષાયની મંદતાની ગમે તેટલી પ્રવૃત્તિ કરી હોય એ તને ઊંડાણમાં–આત્મહિતના ઊંડાણમાં જવા માટે કાંઈ પણ કાર્યકારી થઈ નથી અને તારું હિત થયું નથી એની સાબિતી તારી વર્તમાન સ્થિતિ છે. ક્યાંય બહાર જાવું પડે એવું નથી. વર્તમાન સ્થિતિ એના ફળસ્વરૂપે છે.

એટલે અહીંયાંથી જે રીતનો વિષય છે અને પૂર્વ ભૂમિકાની રીત કેવી હોય એ આ બોલની અંદર બહુ સારી રીતે ખોલેલો છે. વિશેષ લઈશું...

## પ્રવચન નં. ૩, વચનામૃત–૨
## તા. ૦૫-૧૧-૧૯૮૬

'બહેનશ્રીનાં વચનામૃત' બીજો બોલ ચાલે છે. આત્માર્થી જીવની આત્મપ્રાપ્તિ માટેની યથાર્થ ભૂમિકા કેવી હોય ? અથવા ધર્મપ્રાપ્તિ માટેની યથાર્થ ભૂમિકા કેવી હોય ? એ વિષય સંબંધિત આ બોલ છે. અહીં એ કહ્યું કે, **'(અંતરના ઊંડાણથી) પોતાનું હિત સાધવા જે આત્મા જાગ્યો...'** તે પણ ઉપર-ઉપરથી નહિ પણ અંતરના ઊંડાણથી. એટલી વાત લીધી છે.

વિચારનો વિષય ઇધર-ઉધર થાય છે. એટલે વિચારના વિષયમાં જેઓ ઊંડાણ સમજે છે એવા ઊંડાણની વાત નથી. ભલે વિચાર સાથે છે તોપણ જે પોતાના ભાવોને બરાબર તપાસતો જાય છે. જો પોતાના ભાવોને તપાસતો નથી અને માત્ર વિચાર કરે છે તો એને પરિણામમાં કોઈ અંતરનાં ઊંડાણમાંથી હિત કરવાનો કોઈ પ્રકાર ચાલે છે એમ કહી શકાય નહિ. જેના પરિણામમાં પોતાના હિત-અહિત વિષયની જાગૃતિ આવે છે એને તો બરાબર પોતાના સ્વલક્ષપૂર્વક પોતાના હિત-અહિતનો વિષય લક્ષમાં રહે છે. પોતાનું લક્ષ હોવાથી એ વિષય લક્ષમાં રહે છે.

જો એમ ન થાય તો તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિની બાહ્યક્રિયા અનેકવિધ પ્રકારે થાય છે – વાંચના, પૃછના–વાંચવું, પૂછવું, શ્રવણ કરવું, ચર્ચા કરવી (એમ) અનેક પ્રકારે ચાલે, પણ ખરેખર એ જ્ઞાનની ક્રિયા છે એમ નથી. દેખાવ જરૂર જ્ઞાનની ક્રિયાનો છે પણ એ બાહ્ય ક્રિયા છે, એ જ્ઞાનની બાહ્યક્રિયા છે. અહીંયાં જે જ્ઞાન પોતાની તપાસમાં ન રહે, પોતાના

હિત-અહિતના વિષયની જાગૃતિમાં ન રહે, તેને ખરેખર પોતાનું હિત અંતરના ઊંડાણથી સાધવું છે એ વાત લાગુ પડતી નથી.

કાલે થોડી ચર્ચા કરેલી કે, પોતાનું હિત સાધવાનો ઉપર-ઉપરથી વિચાર, કલ્યાણ કરવાનો ઉપર-ઉપરથી વિચાર તો અનેકવાર આવ્યો છે અથવા (આવ્યો છે તો) પરલક્ષે, લક્ષ પરનું ! વિચિત્રતા એ છે કે, હિત કરવું છે આત્માનું અને લક્ષ રહે પરનું ! તો પરલક્ષે જ્યારે આત્મહિતનો વિચાર આવે છે કે, મારે કલ્યાણ કરવું છે પણ લક્ષ આત્માનું નથી હોતું. ત્યારે જીવ બાહ્ય ક્રિયામાં અથવા બહિર્મુખ પરિણામની દિશામાં આગળ વધે છે અને ખૂબ-ખૂબ આગળ વધે છે. જો જ્ઞાનની દિશામાં આગળ વધે છે તો શાસ્ત્રોના શાસ્ત્રો કંઠસ્થ થઈ જાય, અંગ-પૂર્વનો સ્વાધ્યાય થઈ જાય એટલો બધો આગળ વધે છે. જો કષાયની મંદતામાં આગળ વધે છે તો સર્વસંગપરિત્યાગ કરી નાખે, બધું જ ત્યાગે, બધું છોડે અત્યંત કષાયની મંદતામાં આવે, એટલું બધું કરે છે કે, એના પુણ્યના ફળમાં દેવાદિ ગતિને પ્રાપ્ત થાય છે. તોપણ અહીંયાં એને સ્વલક્ષે એ પ્રક્રિયા થાય છે કે પરલક્ષે થાય છે, એના ઉપર એને અંતરનું ઊંડાણ છે કે ઉપર-ઉપરની પ્રવૃત્તિ છે એમ નક્કી થાય છે.

કોઈ પોતાનું બધું જ દેવ-ગુરુ-શાસ્ત્રને સમર્પણ કરે તો એની અર્પણતા કેટલી ? કે, પૂરેપૂરું એને અર્પણ કરી દીધું, સર્વ સમર્પણ કર્યું તો અંતરનું ઊંડાણ લાગુ પડે કે ન પડે ? આ તો વિચારવા જેવો વિષય છે. (જો) એને પોતાના આત્મહિતના વિષયની જાગૃતિ રહેતી હોય, પ્રત્યેક ઉદયના પ્રસંગમાં 'હું જ્ઞાનમય આત્મા છું, હું તો જ્ઞાનસ્વરૂપી આત્મા છું' એવી જો એને જાગૃતિ રહેતી હોય તો તો એને કંઈક હિત સાધવાનું અંદરના ઊંડાણમાંથી ચાલે છે અને નહિતર એ પણ ઉદયિકક્રિયા થઈ જાય છે. બાહ્ય જ્ઞાનની ક્રિયા – શાસ્ત્રવાંચન અને સ્વાધ્યાયની ક્રિયા પણ ઉદયિકક્રિયામાં જાય છે અને ત્યાગની ક્રિયા પણ ઉદયની ક્રિયામાં જાય છે. કેમકે ઉદયભાવમાં એ બધું થાય છે.

અહીંયાં તો વિષય એથી જુદો છે કે જે જીવ ઉદયથી પાછો વળે છે તે અંદરમાં જાય છે. ઉદયથી ભિન્ન પડવાનો વિષય છે. ઉદયમાં તો અનાદિથી જોડાઈ રહ્યો છે, તેના તે ઉદયમાં જોડાઈને ગમે તે કરે તે બધું ઉદયમાં જાય છે, ઉદય સાથે સંબંધ ધરાવે છે. ઉદયથી પાછો વળે છે કે કેમ ? એટલો સવાલ છે. એટલે હિત સાધવાને અને એ હિત સાધવામાં અંતરનું ઊંડાણ છે કે નહિ, એને આત્માની પોતાની નિજ હિતની જાગૃતિ સાથે સીધો સંબંધ છે. જો જાગૃતિ નથી તો બધું પૂર્વકર્મને અનુસરીને, ઉદયને અનુસરીને થઈ

રહ્યું છે. અને જેને જાગૃતિ છે એ ભિન્ન પડવાનો પ્રયત્ન કરે છે – જુદો પડવાનો પ્રયત્ન કરે છે અને જ્યાં સુધી આત્મહિત ન સધાય, પ્રત્યક્ષ ધર્મની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી એ કોઈપણ પર્યાયને મહત્ત્વ આપતો નથી, પોતાના કોઈપણ ભાવને મહત્ત્વ આપતો નથી. અને ધર્મ પ્રાપ્ત થાય તોપણ જેના લક્ષે ધર્મ પ્રાપ્ત થયો છે, જે આત્મસ્વરૂપની મહિમા અને મહત્તાથી ધર્મ પ્રાપ્ત થયો છે, એની જ મહત્તા રહે છે. ધર્મ પ્રાપ્ત થયો એ પણ ગૌણ થાય છે. એ આ વિષયની યથાર્થતાનું સૂચક લક્ષણ છે અને એમ ન હોય એને પોતાના કોઈને કોઈ પરિણામની અધિકાઈ આવ્યા વિના રહેતી નથી, મહત્તા આવી જાય છે. આવા પરિણામ થયા ને ! આવા ભાવ કર્યા ને ! આવા ભાવ કર્યા ને ! આવા ભાવ કરું છું ને ! આવા પરિણામ કરું છું ને ! આમ તો કર્યું ને ! આટલું તો કર્યું ને ! એ એનો આવ્યા વિના રહેતું નથી. કેમકે પ્રગટ પર્યાય છે અને અનુભવ પ્રગટ પર્યાયનો થાય છે. દ્રવ્ય(ને) જોતો નથી એટલે એ ઉપર એનું લક્ષ નથી. ત્યાં એની દૃષ્ટિ જતી નથી, નજર જતી નથી.

**'અને જેને આત્માની ખરેખરી લગની લાગી, તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે.'** જેને સ્વરૂપપ્રાપ્તિની અંદરમાં લગન લાગી છે એ જીવ ભૂલો નહિ પડે એમ કહે છે. (મુમુક્ષુની) ભૂમિકાના વિષયની કિંમત ન કરી શકાય એવી આ બધી વાતો છે !! નહિતર અનાદિનો અજાણ્યો જીવ, ક્યાંયને ક્યાંય એણે ગોથું ખાધું જ છે અને ગોથું ખાધું છે એટલે રખડ્યો છે એ વાત નક્કી છે. અત્યારે અહીંયાં છે એનો અર્થ શું છે ? કે, એણે ધર્મના ક્ષેત્રમાં અનેકવાર ઝંપલાવ્યું છે, એ દિશામાં એ ગયો છે, નથી ગયો એવું નથી પણ એણે ગોથું ખાધું છે, ક્યાંકને ક્યાંક ગોથું ખાધું છે. અને અજાણ્યો જીવ ગોથું ખાય તો એ સંભવિત વસ્તુ છે, અસંભવિત નથી. તો જે જીવ ગોથું ખાવાની સંભવિત પરિસ્થિતિમાં છે એને એ મૂંઝવણ થાય છે કે કદાચ આપણે ભૂલ કરી બેસીએ તો ? ભૂલ થશે તો ? સાચો માર્ગ– સાચા રસ્તે જવા માટે ક્યાંક અટકવાનું થશે તો ? અટવાઈ જશું તો ? ગોથું ખાય જશું તો ? એને એમ કહે છે કે, તું કદી ગોથું ન ખાય એવી એક પરિસ્થિતિ છે ખરી ! જે સ્થિતિમાં હજી તને માર્ગ પ્રાપ્ત નથી થયો એવી સ્થિતિમાં પણ એક એવી સ્થિતિ છે કે, એક માત્ર સ્વરૂપ પ્રાપ્તિની લગની હોય તો એ ગોથું ન ખાય. એની લગની એને માર્ગ કરી દેશે. આગળ ચાલવા માટે જેટલી આડશ હશે, પ્રતિબંધક ભાવો હશે, અવરોધક ભાવો હશે (એની લગની એમાંથી માર્ગ કરી લેશે). સંયોગ તો પ્રતિબંધ કરતાં નથી, સંયોગ અવરોધન

કરતાં નથી, કોઈ પણ હાલત હોય, ગમે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ હોય, એ તો જીવને મૂંઝાવાની જરૂર જ નથી, જરાપણ મૂંઝાવાની જરૂર નથી. પણ પોતાના ભાવનો મુખ્યપણે પ્રતિબંધ છે અને ભાવમાં પણ દર્શનમોહનો પ્રતિબંધ છે.

જો દર્શનમોહના દૃષ્ટિકોણથી વિચારીએ તો જે જીવને આત્મપ્રાપ્તિની ખરેખરી લગની લાગી હોય એનો દર્શનમોહ અતીવ મંદ થાય છે. એટલો બધો મંદ થાય છે કે, તૂટવાની તૈયારીમાં આવે છે એટલો બધો મંદ થાય છે ! (જો) દર્શનમોહના દૃષ્ટિકોણથી વિચારીએ તો. જીવનો મોટામાં મોટો ભાવ-દુશ્મન હોય તો આ દર્શનમોહ છે. 'પંચાધ્યાયી'ના શાસ્ત્રકર્તા કોઈ અજાણ્યા છે, જે કોઈ છે એ દિગંબર સંત છે, એમણે તો દર્શનમોહનું બીજું નામ આપ્યું છે – અનુભવની અંદર આવરણ કરે એને 'સ્વાનુભૂત્યાવરણ ભાવ' કહ્યો છે. સ્વાનુભૂતિને આવરણ કરનારો ભાવ–સ્વાનુભૂત્યાવરણ એવું નામ આપ્યું છે. જ્ઞાનપ્રધાન નામ આપ્યું છે–અનુભવપ્રધાન નામ આપ્યું છે. તારે તારો અનુભવ કરવો હોય એમાં તને કોણ રોકે છે ? કે, તારો ભાવ એની અંદર તને આવરિત કરીને રોકી લે છે. એને મારનાર, એને હટાવનાર, એને દાબી દેનાર; ખરેખર તો પહેલાં ઉપશમ થાય છે ને ! અનાદિ મિથ્યાદૃષ્ટિને દર્શનમોહનો પહેલાં – પ્રથમમાં પ્રથમ ઉપશમ થાય છે, તો એને દાબી દેનાર, એનું બળ એવું છે કે, અનાદિથી જીવ એની પાસે હાર્યો છે. પછી તો જેટલાં વિકાર છે (એ) દર્શનમોહની હયાતીને લઈને એમાંથી પાંગરેલા છે. વ્યામોહ છે, વિભ્રમમાંથી સુખ–દુઃખની કલ્પનાઓ થઈ છે અને સુખ–દુઃખની કલ્પનાઓમાંથી જીવના પરિણામ ક્યાં જઈને કેટલાં નીચા સ્તરે ગયા છે એની કોઈ હદ નથી રહી. એ મૂળભૂત જે દર્શનમોહ છે એ અહીંયાં દબાય છે – જ્યારે જીવને ખરેખરી આત્મપ્રાપ્તિની લગની લાગે છે ત્યારે. તેથી એમ કહ્યું કે, '**તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે.**'

(મોક્ષ)માર્ગમાં તો બહુ ટૂંકી વાત છે કે, જ્ઞાન જ્ઞાનને વેદે. જ્ઞાનને સૂઝવા માટે એટલો જ માર્ગ છે. જ્ઞાનને સૂઝવા માટે તો જ્ઞાન જ્ઞાનને વેદે, પોતે પોતાને વેદે એટલો જ માર્ગ છે. જ્ઞાન અન્યને વેદવાનું બંધ કરીને પોતાને જ વેદતું થાય એ જ એનું સ્વસન્મુખપણું છે અને એ જ એનું અંતર્મુખપણું છે. એવો જે અંતર્મુખનો માર્ગ એ જ્ઞાનને પોતાને જ સૂઝે ક્યારે ? કે, એને પોતાના સ્વાનુભવની, પોતાની આત્મપ્રાપ્તિની ખરેખરી લગની ઉત્પન્ન થાય ત્યારે. ત્યારે એ પોતે વેદનને પકડવા સુધીની પહોંચમાં આવે છે, ત્યાં સુધી એની એ પહોંચ હોતી નથી. ભલે અનુભવ વિષયક શાસ્ત્રો(ની) – અધ્યાત્મ શાસ્ત્રોની કડકડાટ

પાણીના પૂરની જેમ વાત કરે, પણ અનુભવ બીજી ચીજ છે અને વાત બીજી ચીજ છે.

જિજ્ઞાસા :– બીજી રીતે લઈએ તો આત્મલગની લાગે એને તમામ ઉદયમાં અંદરથી કંટાળો લાગે કે નહિ ?

સમાધાન :– એ તો સ્વભાવિક જ છે. જ્યારે એક કામની તીવ્ર લગની લાગે ત્યારે એના પ્રતિપક્ષમાં ઊલટા પ્રકારના કાર્યોમાં અણગમો થાય, કંટાળો લાગે એ સહજ જ છે. પહેલાં બોલમાં જ એ વાત લીધી છે. ત્યાં આ વાત અધ્યાહાર છે કે, જેને આત્મલગની લાગી છે એને ક્યાંય ગમતું ન હોય તો એણે ઉપયોગને પલટાવીને આત્મામાં લગાવી દેવો. એટલે એ તો સાથે-સાથે જ છે, એનું બીજું પડખું એ છે.

જેને એક કાર્ય તીવ્રપણે કરવું છે; જગતની અંદર પણ શું છે કે, આ પૈસા પાછળ ગાંડા થાય છે, 'મુંબઈ'માં જોવા હોય તો ઘણાં જોવાના મળે ! એક જ કામ બીજું કામ નહિ. (કોઈ એમ પૂછે કે) 'મુંબઈ'માં રહો છો ને મોજશોખ કરો છો ?' તો કહે, 'ના, એ મોજશોખ કરવાનું કામ બીજાનું. અમે તો અત્યારે એક જ કામ પાછળ છીએ !' (આવા પણ) 'મુંબઈ'માં જોવા મળે છે. 'અમેરિકા'માં જાઓ તો એથી વધારે મળે. ત્યાં તો એવું કે, ઘરના કોઈ સભ્યોએ પૈસા કમાવાના કામમાં ન રોકાવું એવું બને જ નહિ. પુખ્ત ઉંમરનો થયો એટલે પૈસા કમાવામાં લાગવું જ પડે. કરોડપતિ, અબજપતિનો દીકરો હોય તોપણ ! એશ-આરામ કરવો એ ત્યાં સિદ્ધાંત જ નથી. ત્યાં વાતાવરણ જ એ જાતનું નથી, આ જ જાતનું વાતાવરણ છે. મોજશોખ પછી, બધું પછી, પહેલાં પૈસા મેળવો ! આ એક જ વાત છે. એની ધૂન લાગે છે ત્યાં બધું સુકાઈ જાય છે કે નહિ ? બધું દુર્લક્ષ થઈ જાય છે. સુકાઈ જાય છે એટલે બધું દુર્લક્ષ થઈ જાય છે. એનો અર્થ એ છે કે, જીવને ત્યાં હિત ભાસ્યું છે. એનાથી લાભ, એનાથી હિત એમ ભાસ્યું છે તો પૂરેપૂરો ત્યાં ઝુકાવે છે અને સુખ-ચેનના જે સાધનો છે તેને ગૌણ કરે છે. એક કલ્પિત સુખના કારણ પાછળ, ખરેખરું એનું બીજું કલ્પિત સુખ પણ છોડી દે છે ! સાચું સુખ તો ક્યાંય છે નહિ. બીજા કલ્પિત સુખથી પણ ઉપેક્ષા કરે છે. કરે છે કે નથી કરતો ?

અહીંયાં તો સાચું સુખ–નિરાકુળ સુખની પાછળ જેની દોડ છે એને તો કલ્પિત સુખ છે એ દુઃખરૂપ પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. હવે લગની માર્ગ શું કરવા કરી દે છે ? (કેમકે) ત્યાં તે ભૂમિકામાં જ્ઞાન નિર્મળ થાય છે. દર્શનમોહ મંદ થતાં ભૂમિકામાં ભૂમિકાને યોગ્ય જ્ઞાનની નિર્મળતા થાય છે. ત્યારે એને સૂઝે છે કે, સ્વભાવને છોડીને જેટલાં પરિણામ છે

એ બધાં દુઃખમય પરિણામ છે. વિકલ્પમાત્રમાં દુઃખ છે, તમામ શુભાશુભ રાગમાં દુઃખ છે. એ દુઃખ એને લાગવાનું શરૂ થાય છે. દુઃખ ભાસે છે એનો અર્થ કે, એને દુઃખ લાગવાનું શરૂ થઈ જાય છે. બસ ! જ્યાં જીવને દુઃખ લાગે ત્યાં એને ન ગમે એ સ્વભાવિક વાત છે. તે તો જીવના સ્વભાવની વાત છે કે, જીવને દુઃખ તો જોઈતું નથી. એટલે જીવ રોકાય છે અન્ય પરિણામમાં, અન્ય પરિણામ દુઃખરૂપ છે. જેને અન્ય પરિણામ દુઃખરૂપ લાગ્યા એવી પૂર્વ ભૂમિકામાં સ્થિતિ થઈ, આ યથાર્થ ભૂમિકાનો વિષય છે, એને એ ભૂમિકાની અંદર રોકાવાનું ક્યુ કારણ રહ્યું ? દુઃખથી તો હટવાનો છે, દુઃખમાં રોકાવાનો ક્યાં છે ? રોકાય છે તો તે જીવ રોકાય છે કે, જ્યાં જેને ગમે છે, જ્યાં જેને સુહાય છે, જ્યાં જેને સારું લાગે છે ત્યાં રોકાય છે. જે ઇષ્ટ માને છે, ઠીક માને છે ત્યાં રોકાય છે. આને (યથાર્થ મુમુક્ષુને) ઠીક માનવાનું કારણ ચાલ્યું ગયું. એટલે એને માર્ગમાં પ્રતિબંધક અથવા માર્ગમાં રોકાવાના કારણો (છે) એ કારણ એ જીવ માટે નથી રહેતાં.

શ્રોતા :- પહેલી ભૂમિકા છે તો મારું સુખ ક્યાં છે ? એ નક્કી કરવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર છે. નિશ્ચય કરવો પડે છે – સુખનો નિશ્ચય કરવો પડે છે. પહેલાં ઓઘે કરે અને પછી ઓળખીને કરે. ઓઘે કરે એટલે આત્મિક સુખની ઓળખાણ ન થઈ હોય તો એક વાત તો નક્કી કરે કે, આ એક જ કરવા જેવું છે અને બીજું કાંઈ કરવા જેવું નથી.

આગળ એક બોલ આવે છે કે, ભવભ્રમણ ચાલુ રહે તેવા ભાવોમાં આ મનુષ્યભવ વ્યતીત થવા દેવા યોગ્ય નથી. તો ભવભ્રમણ શેનાથી ચાલુ રહે છે ? કે, જેને દર્શનમોહ અથવા મિથ્યાત્વ મટતું નથી એને ભવભ્રમણ ચાલુ રહે છે. એ દર્શનમોહ અને મિથ્યાત્વ ચાલુ રહી જાય, સાજું રહી જાય, એવુંને એવું રહી જાય અને એનો ભવ પૂરો થઈ જાય તો એ ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવોમાં એનો ભવ વ્યતીત થઈ ગયો–પૂરો થઈ ગયો. એટલે એને એક ખ્યાલ હોવો જોઈએ કે, અનિશ્ચિત એવું જે આયુષ્ય; આ કાળની અંદર આયુષ્યનો કોઈ નિયમ નથી કે, આટલા (વર્ષ) તો Secure ! જેમ કોઈ દેવલોકમાં જાય, પહેલાં દેવલોકમાં જાય તો દસ હજાર વર્ષ તો ઓછામાં ઓછા અહીંયાં રહેવાનું છે. જે દેવલોકમાં જાય એની જે ઓછામાં ઓછી આયુષ્યની સંખ્યા છે એ પહેલાં તો ત્યાં દેહત્યાગ થતો નથી, ભવનો ત્યાગ થતો નથી. અહીંયાં એવું નથી, અહીંયાં તો અપર્યાપ્તિકાળમાં પણ આયુષ્ય પૂરું થાય છે એવું બને છે. અપર્યાપ્તિ એટલે માતાના ગર્ભમાં આવે અને

ઇન્દ્રિયોની સૂક્ષ્મપણે પરમાણુની રચના થાય (અર્થાત્) પાંચ ઇન્દ્રિય, છઠ્ઠું મન, શ્વાસોશ્વાસનો અંતર્મુહૂર્તનો એનો પર્યાપ્તિનો કાળ છે. અંતર્મુહૂર્તમાં એ (બધાં) પરમાણુઓ ગોઠવાય જાય. એ પહેલાં કેટલાક તો છૂટી જાય છે, મનુષ્યભવનું એટલું ટૂંકું આયુષ્ય પૂર્વે બાંધ્યું હોય. કોઈ પર્યાપ્તિમાં છૂટી જાય, કોઈ ગર્ભમાં આયુષ્ય પૂરું કરે છે, કોઈ જન્મીને તરત પૂરું કરે છે, કોઈ બાળવયમાં, કોઈ યુવાનવયમાં, કોઈ ગમે ત્યારે. જો અહીંયાં આ પરિસ્થિતિ છે કે, આયુષ્યનો કાળ અનિશ્ચિત છે તો પછી એને કાંઈ ભરોસો રાખવાનો રહેતો નથી કે, કેટલુંક કામ પતાવીને પછી આ કરીએ. એ વાત ઉપર ખરેખર એણે મદાર રાખવો નહિ જોઈએ કે, આટલું કામ થાય પછી આપણે આત્મહિત બાજુ વળીએ. પહેલાં થોડુંક આટલું કામ થાય પછી આત્મહિત બાજુ વળીએ.

'સોગાનીજી' તો ત્યાં સુધી કહેતા; કેમકે 'સોનગઢ'ની અંદર તો નિવૃત્તિ લીધેલ મુમુક્ષુઓ એમના પરિચયમાં આવતા હતા, તો એ તો ત્યાં સુધી કહેતા હતા કે, પહેલાં થોડુંક વાંચી લઉં ને પહેલાં થોડુંક સમજી લઉં પછી પ્રયત્ન અને પુરુષાર્થ કરીશ એમ પણ નહિ. જગતના કાર્યો કરી લઉં, દીકરા-દીકરી પરણાવી દઉં કે આટલો વેપાર-ધંધો પૂરો કરી લઉં, આ દિવાળીનું સરવૈયું કાઢ્યા પછી એ વાત. એ તો પ્રશ્ન નથી પણ આટલું વાંચી લઉં અને આટલું સમજી લઉં, પહેલાં સમજી લઉં, પહેલાં જ્ઞાની પાસે જઈને સ્પષ્ટીકરણ માંગી લઉં, પહેલાં મને બરાબર સ્પષ્ટ થઈ જાય પછી હું જરા પ્રયત્નમાં લાગું, એટલું પણ નહિ.

જ્યાં એને લગનીનો વિષય છે ત્યાં તો એને આ જ સમયથી–જ્યારથી આ વિષય એને હિતકર છે એવું ઓઘે પણ સમજાણું છે ત્યારથી જ એની પૂરેપૂરી મહત્તા, ત્યારથી જ એની લગની (લાગવી જોઈએ). આમ છે. એમાં અત્યારની જ – વર્તમાનથી જ વાત છે, કોઈ એમાં પછી-પછીની વાત નથી. પછીવાળાનું લક્ષણ બીજું છે. જ્ઞાનીઓએ એનું અરુચિનું લક્ષણ બાંધ્યું છે. જેને પછી કરીશ એવો અભિપ્રાય રહે છે એને આ કાર્ય કરવાની રુચિ જ નથી, અરુચિ થઈ છે – એવું લક્ષણ બાંધ્યું છે. જ્ઞાનીઓએ એ એની નાડનો ધબકારો પારખ્યો છે ! પણ કરીશ એમ તો કહે છે, પછી કરીશ એમ કહે છે એમાં અરુચિ કેમ ? ન કરવાનું કહે તો તમે અરુચિ કહો, પણ જે પછી પણ કરવાનું તો કહે છે ને ? ખોટી વાત છે એની, એની વાત સાચી નથી. એને ખબર નથી કે, એની રુચિ ક્યાં કામ કરે છે.

એટલે તીવ્ર લગનીના કાળમાં ક્ષયોપશમ અલ્પ હોય તોપણ ! એવો દૃષ્ટાંત પકડીએ

કે, અલ્પમાં અલ્પ ક્ષયોપશમવાળા જીવને પણ જ્ઞાનની નિર્મળતા–સમજણની નિર્મળતા એવી થાય છે કે, એને જ્ઞાન જ્ઞાનને વેદે એવો જે અંતર્મુખ થવાનો માર્ગ (છે) એ માર્ગ એને પકડાય જાય છે. એ માર્ગ બરાબર એના ભાસનમાં આવી જાય છે અને એનો અર્થ એ થયો કે, એની લગનીએ એને અંદરમાં માર્ગ કરી દીધો છે. માર્ગ નહિ હોવામાં પ્રતિબંધક કારણો ટળ્યા છે, દર્શનમોહ મંદ થયો છે, શુભાશુભમાં દુઃખ લાગવા માંડ્યું છે, વિકલ્પમાત્રમાં દુઃખ લાગવા માંડ્યું છે અને એને જ્ઞાન લક્ષણ ઉપરથી નિરાકુળ સ્વભાવ, સુખનો સાગર, અનંત સુખમય સ્વભાવ, એ સ્વભાવ આવો છે એમ ભાસે છે. ભાસે છે એટલે એને એ બાજુ જવાનો માર્ગ છે એ સ્પષ્ટ થઈ જાય છે, માર્ગ છે એ એને મળી જાય છે. વાત પુરુષાર્થ કરે એટલી જ બાકી રહી છે. જેટલો પુરુષાર્થ કરે એટલો એ અનુભવની નજીક જાય છે, થોડો (પુરુષાર્થ) કરે તો મોડું થાય, જોરથી પુરુષાર્થ આવે તો અલ્પકાળમાં થાય, પણ એનું કાર્ય લગનીવાળાને થાય છે અને બીજાને થતું નથી.

તપાસવા જેવો વિષય એ છે, જે જીવોને આત્મલક્ષ છે–સ્વલક્ષ છે એને તપાસવા જેવો વિષય તો એ છે કે, સવારથી સાંજ સુધી દિવસ પૂરો થઈ જાય છે, લગની ચાલે છે કે નહિ ? આત્મપ્રાપ્તિની લગની વર્તે છે કે નહિ ? આ તપાસી લેવાનો વિષય છે. આ માત્ર સમજણ કરી લેવાનો વિષય નથી કે, ઠીક છે, જેને લગની લાગી હોય એને પ્રાપ્તિ થાય અને લગની ન લાગી હોય એને પ્રાપ્તિ ન થાય–આ વાત તો સમજાય એવી છે અને સમજાય ગઈ આપણને ! સમજાય એવી છે માટે સમજાય ગઈ ! એણે આ વાતને સમજી નથી પણ સમજવાનો ડોળ કરીને પડતી મૂકી છે !! સમજવાનો આડંબર જરૂર થયો છે પણ વાત એણે પડતી મૂકી દીધી છે. એવી રીતે આ વાત સમજવા જેવી નથી. એ ઊંધી રીત છે–ઊલટી રીત છે.

**'તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે. આત્માની ખરેખરી લગની લાગે ને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ.'** આ એક પોતાના સ્વાનુભવથી પ્રસિદ્ધ કરેલી, સ્વાનુભવથી કહેલી વાત છે કે, જેને પોતાના આત્માની ખરેખરી લગની લાગે, એ લગનીના કાળના અનુભવને તપાસીને એમ કહે છે, ભૂતકાળને જોઈને એમ કહે છે કે, જો લગની લાગે અને અંદરમાં માર્ગ ન થાય, એવું ત્રણકાળમાં કોઈના માટે બનવાનું નથી, બન્યું નથી, અત્યારે બનતું નથી. Guaranteed વાત છે !

પોતાના સ્વાનુભવથી, આ વિષયમાં જે જીવનો સ્વભાવ છે એ જીવસ્વભાવને પકડીને

આ વાત છે. સ્વભાવ ત્રણે કાળે ન ફરે એવી ચીજ છે. એક પરમ સત્ય છે, એક અડગ સત્ય છે, અવિચળ સત્ય છે કે જે સત્યમાં ચળાયમાનપણું થતું નથી. સ્વભાવ છે એ એવી ચીજ છે. અનંત ગુણાત્મક (છે) એનો આ એક ગુણ છે. કેવો ગુણ છે ? કે, જો જીવને આત્માની લગની લાગે અને એને અંદરમાં માર્ગ મળે નહિ 'न भूतो न भविष्यति' – કોઈ દિવસ બની શકતું નથી. એમ પોતાના સ્વાનુભવથી કહે છે કે, આમ જ બને છે. સ્વાનુભવ પોતાનો ! અનંત જીવોને માટે આ વાત નિશ્ચિત કરીને કહે છે ! આ તો સિદ્ધાંત હાથમાં આવી ગયો. પોતાના સ્વાનુભવથી આ વિષયક સિદ્ધાંત હાથમાં આવી ગયો. અને સર્વ જીવ માટે આ કાળે નહિ, સર્વ જીવ માટે સર્વ કાળે આ જ સિદ્ધાંત છે. ત્રણે કાળે આ જ સિદ્ધાંત છે. એમ ત્રણકાળ અને ત્રણલોકના સર્વ જીવ માટે એક પોતાનો સ્વાનુભવ કેટલું કામ કરે છે !! કેમ આત્મામાંથી શાસ્ત્રો નીકળ્યા છે એનો આ પુરાવો છે. શાસ્ત્રો ક્યાંથી નીકળ્યા છે ? આત્મામાંથી નીકળ્યા છે. તો એ આવી રીતે નીકળ્યા છે કે, આરાધક જીવોને–સાધક જીવોને જે-જે અનુભવ થયો એ વાત એ કહેતા ગયા કે, અમને આમ થયું છે, કોઈપણ જીવને આમ જ થઈ શકે (છે). માર્ગ બે હોય નહિ, પરમાર્થનો ત્રણે કાળે એક જ માર્ગ છે.

(તેથી) એમ કહ્યું કે, **'આત્માની ખરેખરી લગની લાગે ને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ.'** એ વાત કોઈ દિવસ બની નથી, બનવાની નથી, બનતી નથી. વાત એટલી છે કે, આ જીવને લગની લાગી છે કે નહિ ? ગમે તે શુભમાં અથવા અશુભમાં એ લગનથી લાગેલો જ છે એ નિર્વિવાદ વિષય છે. એની અંદર બીજી કોઈ પોલ ચાલે એવું નથી કે કોઈને અહીંયાં થાબડભાણા કરી શકાય એવું નથી કે, ના, ના, ! તમે ઘણાં શાસ્ત્રો વાંચો છો માટે તમને લગની છે, તમે નિવૃત્ત થઈ ગયા છો માટે લગની છે અથવા તમે આટલું સમર્પણ કર્યું છે માટે તમને લગની છે, એ વાત અહીંયાં કામ આવે એવી નથી.

જિજ્ઞાસા :– માર્ગની અંદર આવવા માટે સૌથી પ્રથમ મુમુક્ષુએ શું વિચારવું ?

સમાધાન :– એ તો ચાલે છે.

જિજ્ઞાસા :– હું જ્ઞાયક છું, હું જાણનાર છું એવું તો શાસ્ત્ર વાંચન વગર સીધું કેવી રીતે આવે ?

સમાધાન :– શાસ્ત્ર વાંચન તો ચાલે જ છે. આપણાં સમાજમાં મુમુક્ષુઓ શાસ્ત્ર વાંચન કરતા નથી એ તો પ્રશ્ન નથી. સંપ્રદાયમાં રહેલાં જીવોની, કોઈની ચર્ચા કરવી નથી. આપણાં

મુમુક્ષુ સમુદાયમાં તો શાસ્ત્રવાંચન પ્રમુખ બાહ્ય ક્રિયા છે, મુખ્ય બાહ્ય ક્રિયા છે. આપણે (ત્યાં) બીજી બાહ્ય ક્રિયા ઓછી છે અને આ બાહ્ય ક્રિયા વિશેષ છે. હવે, વાત છે અંતરંગ ક્રિયાની. શાસ્ત્ર વાંચે ત્યારે તો 'હું જ્ઞાયક છું' એમ વિચાર કરે. પછી ઉદયના પ્રસંગોમાં જાય ત્યારે એ વાત રહી જાય અધ્ધર ! અને કાં તો એ વિચાર અહીંયાં જ વિચારીને અહીંયાં જ પડતો મૂકીને જાણે સ્વાધ્યાય મંદિરનું પગથિયું ઉતરતો હોય એના જેવી પરિસ્થિતિ થતી હોય એને તો એમ કહે છે કે, તને કદાચ વિચાર આવતો હોય, એવું પણ બને કે, ઘરે પણ શાસ્ત્ર સ્વાધ્યાય વિશેષ કરતા હોય, ઉદયના પ્રસંગમાં પણ આત્માનો–જ્ઞાયકનો વિચાર આવતો હોય, ઉદયના પ્રસંગોના કાળે એવું પણ બનતું હોય તોપણ અહીંયાં એમ કહે છે કે, જીવનો એવો એક સ્વભાવ છે કે, જેટલો લાભ મોટો એટલો એનો તે લાભ સંબંધિત રસ છે એની માત્રા તીવ્ર થાય. અહીંયાં તારા રસની માત્રા અલ્પ છે. ક્યારેક-ક્યારેક વિચાર આવે છે, નથી આવતો એને એક કોર જાવા દો, ક્યારેક આત્માનો વિચાર આવે છે, ક્યારેક વાંચીએ છીએ, ક્યારેક વિચારીએ છીએ પણ કામ નથી થતું. વર્ષોના વહાણા વીતી ગયા, એક વર્ષ, બે વર્ષ, પાંચ વર્ષ, દસ વર્ષ, પચીસ વર્ષ... કામ થતું નથી એનો અર્થ એ છે કે, તને આ લાભ વાસ્તવિકપણે કેટલો અને કેવો છે એ સમજાયું નથી. સમજાયું હોય તો એના અનુપાતમાં–એના સપ્રમાણમાં એ સંબંધિત રસ ઉત્પન્ન થયા વગર રહી શકે જ નહિ. એક સાથે દસ પેઢીનું સાજું થાય એટલી કમાણી થાય, એવો મોકો આવે તો ? કેટલાં કામ પડતાં મૂકીને એ કામે લાગે ? બધાં કામ પડતાં મૂકી દે ? ખાવાનું, પીવાનું, દીકરાના લગ્ન હોય, દીકરીના લગ્ન હોય, કોઈનું મરણ થયું હોય, ગમે તેવો માંદો થયો હોય તોપણ બધું દુર્લક્ષ કરી નાખે. માંદો હોય, અશક્ત હોય, વેદના હોય, પીડા હોય, વ્યાધિ હોય... બધું એક કોર છોડી દે ! દુર્લક્ષ – લક્ષમાંથી છોડી દે છે ! એક જગ્યાએ કેટલો Concentrate થાય છે ! થાય છે કે નથી થતો ? જો મોટો લાભ છે (તો) ત્યાં એનો રસ ઉત્પન્ન થતો રોકી શકાતો નથી. વૈજ્ઞાનિક પરિસ્થિતિ આ છે. આ તો જીવનું Science છે કે, એનો રસ ઉત્પન્ન થતો રોકી જ ન શકાય.

હવે અહીંયાં પ્રશ્ન પૂછે છે કે, મને કેમ રસ ઉત્પન્ન થતો નથી ? મને કેમ લગની લાગતી નથી ? (તો કહે છે કે), તું આ વિષયમાં સમજ્યો શું ? પહેલાં એ વાત કર. ત્યાં દસ પેઢીનું સાજું થાય છે, અહીંયાં તારા અનંત ભવનું સાજું થાય છે, બોલ ! માત્ર દસ ભવનું નહિ. આગામી અનંત... અનંત... અનંત કાળ... સાદિ-અનંત કાળ સમાધિ સુખમાં,

અનંત દર્શન, અનંત જ્ઞાન સહિત ! અને ચાર ગતિમાંથી એકેય ગતિની આધિ-વ્યાધિ-ઉપાધિનું કોઈ દુઃખ નહિ. અરે...! તેં પૂર્વે અજ્ઞાનભાવે પાપ કર્યા હોય, આકરાં કર્મ બાંધ્યા હોય, એના ફળમાંથી તારી મુક્તિ, જા ! 'શ્રેણિકરાજા' વગેરે ગયા પણ ખરેખર એ ફળમાંથી મુક્ત છે. બાહ્યદૃષ્ટિએ એમ કહેવાય કે, એ ફળ ભોગવે છે અને એની અંતરદૃષ્ટિથી જોઈએ તો ભિન્ન પડેલાં છે. એ ઉદયમાન ફળને ભોગવતા નથી. ભોગવ્યા વિના એ સમય પૂરો થાય છે. ભોગવ્યા વિના કેમ ? (કેમકે) એનાથી ભિન્ન પોતાનો અનુભવ કરે છે. આનંદ, સુખ અને આત્માને ભોગવે છે, સંયોગને ભોગવતા નથી, ઉદયને ભોગવતા નથી. આટલી માર્ગની સુંદરતા છે કે, પૂર્વે કરેલી ભૂલને તારે ભોગવવી નહિ, એની તને માફી ! તારા પુરુષાર્થથી તું નથી ભોગવતો અને ભવિષ્યમાં તો એ કાર્ય થતું નથી. (તેથી) એના પ્રમાણમાં એનો રસ, એની લગની આવ્યા વિના (રહે નહિ), અરે...! રોકી રોકી શકાય જ નહિ. કેમ થતી નથી એ પ્રશ્ન નથી. કેમ નથી થતી એ જ્ઞાનીઓનો પ્રશ્ન છે ! જો આવો લાભ હોય તો આવો રસ અને આવી લગની ઉત્પન્ન ન થાય એવું બનતું જ નથી. તો એ પ્રશ્ન કરી શકે છે કે, તો પછી કેમ ન બની શકે ? અહીંયાં તું પૂછે છે કે, આ કેમ થાય ? આ ઊલટી-સૂલટી સ્થિતિ છે.

કહે છે કે, **'એમ બને જ નહિ.'** કોઈ કાળે બને નહિ. ફક્ત એને **'આત્માની લગની લાગવી જોઈએ;...'** લગની લાગવી જોઈએ એટલે એમાં હિત કેટલું છે ? અને નહિતર અહિત કેટલું છે ? એ એને સમજાવું જોઈએ. આ જાય છે ને ? Hill station ! જ્યાં-જ્યાં મોટા-મોટા પહાડો છે ત્યાં ફરવાના સ્થળો છે એને બધાને Point કહેવાય (છે). Point એટલે એનો છેલ્લો ભાગ. પછી નીચે ખીણ હોય. હવે એ છેલ્લો ભાગ એવો છે કે, જો માણસ ત્યાંથી પડે તો ખીણમાં જાય. તો ત્યાં એને કેટલી સાવચેતી રાખવાની રહી ? કે, જરા પણ એક ડગલું પણ હવે આગળ વધાય નહિ અને આગળ વધે તો નીચે કાંઈ પત્તો લાગે એવો નથી. એટલી ઊંડી ખીણ હોય છે ! એમ ખરેખર જો જીવ આ દાવ ચૂકી ગયો તો ભવભ્રમણની ખીણ બહુ ઊંડી છે. પેલી ખીણને તો તળિયું છે, કદાચ મડદું હાથમાં આવે. અહીંયાં તો પત્તો જ ખાય એવું નથી. પછી ચાર ગતિમાં એટલાં બધાં ભવભ્રમણના પ્રકારો ઊભાં થઈ જાય છે કે, અહીંયાં જે આ વાત સામે આવી તોપણ ભવભ્રમણને ન રોકી શક્યો, પછી ક્યારે રોકવાનો હતો ? પ્રશ્ન જ નથી એનો. એટલે એકવાર તો એણે ભવનું બીજ બાળી નાખવું જોઈએ. પછી અલ્પ કાળ છે, પછી લાંબો કાળ નથી.

**'આત્માની લગની લાગવી જોઈએ; તેની પાછળ લાગવું જોઈએ.'** આ જે 'જોઈએ... જોઈએ' (શબ્દ) છે એ આ જ બોલની અંદર પ્રેરણા છે અથવા માર્ગદર્શન છે કે, આમ કરવું જોઈએ, આમ થવું જોઈએ પણ એ સહજ જ સમજણથી થવું જોઈએ. સમજણપૂર્વક એને સહજ જ થવું જોઈએ. એનો આધાર એની હિત-અહિત વિષયક સમજણ હોવી જોઈએ. **'તેની પાછળ લાગવું જોઈએ.'** અથવા જેને આમ સમજાય છે એ પાછળ લાગે જ છે, લાગી જ જાય છે, પાછળ જ લાગી જાય છે. એને બધાં કાર્યો ગૌણ થઈ જ જાય છે. ન થાય એવું બનતું નથી. અથવા તો એને બહારના કાર્યોની જે સાવધાની છે એમાં એક સમાધાન આવી જાય છે.

શું છે આ જીવને કે, સંયોગની જે સાવધાની છે એ પરની સાવધાની એને બહારને બહાર રોકી રાખે છે, અંતર્મુખ થવા દેતી નથી. એ સાવધાની છૂટવા પાછળ એને એ વિજ્ઞાન સમજાય જાય છે, વસ્તુસ્થિતિ સમજાય જાય છે કે, કોઈ જીવ ગમે તેટલો સાવધ રહે કે બેસાવધ રહે–અસાવધ રહે, જે કાંઈ સંયોગ છે એ પૂર્વકર્મ અનુસાર ઉત્પન્ન-વ્યય થાય છે. આવે છે, જાય છે, જે કાંઈ થાય છે એમાં વર્તમાનભાવ ગમે તે પ્રકારનો હોય એને નિમિત્તપણું લાગુ પડે છે, ન હોય તો કાંઈ સવાલ નથી. પૂર્વકર્મ અનુસાર જ બહારના પ્રસંગો ઉત્પન્ન થાય છે, બીજો એમાં કોઈ ઉપાય હોતો નથી. વર્તમાન પ્રયત્ન અનુસાર સંયોગોની ઉત્પત્તિ છે એ વાત બિલકુલ ખોટી છે. વર્તમાન પુરુષાર્થ એની અંદર અકિંચિત્કર છે. અથવા જે સંયોગ પ્રતિ જાય છે એ એનો ઊંધો પુરુષાર્થ છે, આત્માનું અહિત કરનારો, નવા કર્મને બાંધનારો પુરુષાર્થ છે. એટલે એની સાવધાની અંદરથી છૂટી જાય કે, એમાં જાગૃતિ રાખવાની કોઈ જરૂર નથી. આ જીવને રાગ હશે ત્યાં સુધી વિકલ્પ આવશે પણ એ વિકલ્પ બેકાર છે એમ એ સમજે છે. વિકલ્પની કાર્યક્ષેત્રની મર્યાદા વિકલ્પ પર્યંત છે એથી આગળ જરા પણ નથી, જરા પણ એથી આગળ નહિ. એટલે 'કરી શકતો નથી' એ વિષય ઉપર એને બાહ્ય કાર્યોની પકડ છે એ ઢીલી થઈ જાય છે. રાગ છે ત્યાં સુધી વિકલ્પ આવે છે પણ સાવધાની ઊડી ગઈ હોય છે. એને પછી આ બાજુ જે પાછળ પડવું છે એની અંદર બીજી તકલીફ ઊભી થતી નથી. નહિતર પાછળ પડવું જોઈએ એમ લાગે, પાછળ લાગવું જોઈએ એમ લાગે પણ લાગી શકે નહિ. કેમ લાગી શકે નહિ ? (કેમકે) એની બીજી સાવધાની છૂટે નહિ. સંયોગની જે બીજી લાભ-નુકસાનની સાવધાની છે એ એને છૂટતી નથી. જેને જે પ્રકારનો ઉદય હોય તે.

એટલે (કહે છે કે), પાછળ લાગવું જોઈએ, આત્મહિત કરવા પાછળ લાગવું જોઈએ. પાછળ લાગ્યો છે એનું લક્ષણ એ છે કે, ઉદયમાં કાર્યે-કાર્યે, પ્રસંગે-પ્રસંગે, ક્ષણે-ક્ષણે એને પોતાના હિત-અહિત સંબંધીની સાવધાની અને જાગૃતિ બરાબર હોય તો એ પાછળ પડેલો છે.

**'આત્માને ધ્યેયરૂપ રાખીને દિન-રાત...'** દિન-રાત એટલે દરેક ઉદયમાં–પ્રત્યેક ઉદયમાં. **'આત્માને ધ્યેયરૂપ રાખીને દિન-રાત સતત પ્રયત્ન કરવો જોઈએ.'** દિવસે તો ઉદયના કામ હોય અને રાતે થાક લાગે એટલે ઊંઘ આવે. આ સિવાય બીજું શું કામ થાય છે ? એને એમ કહે છે કે, દિવસે ઉદયમાં પણ આ સ્વકાર્યની પાછળ લાગે અને રાત્રે એ કાર્ય નથી થયું એટલે એની ઊંઘ ઊડી જાય. કેવી (સ્થિતિ થાય) ? ઊંઘ ઓછી થાય, ઊંઘ ઊડી જાય. એને સતત ચિંતા રહે કે, આ મનુષ્યભવનો કીમતી સમય વ્યતીત થતો જાય છે. પાણીના પૂરની જેમ સમય રોક્યો રોકાતો નથી, ચાલ્યો જ જાય છે... ચાલ્યો જ જાય છે. અને જ્યાં સુધી આત્મહિત થયું નથી ત્યાં સુધી એ વિષયની ચિંતા, એને પોતાને બેચેન કરી મૂકે એવી એની ચિંતા એકવાર તો એને ઊભી થવી જોઈએ. તો એને કંઈક પાછળ લાગ્યો છે, લગની થઈ છે એમ કહી શકાય.

જો એને કાંઈ ચિંતા નથી, ઠીક છે, થાય એટલું કરીએ છીએ, વાંચીએ છીએ, સાંભળીએ છીએ, વિચારીએ છીએ, થાય એટલો પુરુષાર્થ કરીએ છીએ, પછી તો કાળ પાકશે અને કાળલબ્ધિ આવશે ત્યારે ક્રમબદ્ધમાં હશે ત્યારે થશે. કાળલબ્ધિ, ક્રમબદ્ધ, ભવિતવ્યતા એ અવલંબન લેવાનો વિષય નથી (પણ) માત્ર જ્ઞાન કરવાનો–જાણવાનો વિષય છે, આધાર લેવાનો વિષય નથી. બહારમાં તરસ લાગે ત્યારે એમ વિચાર કરે છે કે, પાણી આવવાનું હશે ત્યારે આવશે ! તરસ લાગી છે, ઠીક છે, લાગી છે તરસ, આવવાનું હશે ત્યારે (પાણી) આવશે. પાણી વગર ચાલે નહિ ત્યારે ગમે તેમ કરીને પાણી મેળવવા પાછળ લાગે છે. એમ ગમે તેમ કરીને, કોઈપણ ભોગે, કોઈપણ પ્રયત્ને. આમ તો યથાયોગ્ય પ્રયત્ને છે પણ કહેવાય છે એમ. દિવસ-રાત એનો સતત પ્રયત્ન કરવો જોઈએ અથવા પ્રયત્ન ન ચાલે તો એની ચિંતિત દશા તો એને હોવી જ જોઈએ. નહિતર એને દરકાર નથી, પડી નથી, કાંઈ લેવા-દેવા નથી એમ સાબિત થાય છે. અને જે બાકીનું વાંચન-વિચાર કરે છે એ પુરુષાર્થ છે જ નહિ. એને કોઈ પુરુષાર્થ માની લેતું હોય તો એ પુરુષાર્થ છે જ નહિ. એમ એણે વિચારી લેવું જોઈએ.

એક એ ભૂલ થાય છે, કેટલાંક મુમુક્ષુઓના પ્રશ્ન ઉપરથી એવું લાગે છે કે, વાંચીએ તો છીએ, વિચારીએ તો છીએ, અરે...! એકાંતમાં બેસીને ધ્યાન પણ કરીએ છીએ અને કલાકો સુધી ! નહિ કે પાંચ-પંદર મિનિટ. પુરુષાર્થ તો કરીએ છીએ અને આવું કરીએ છીએ એની પાછળ આ કરવા જેવું છે એમ લાગ્યું છે. બીજા કાર્યોની એટલી રુચિ નથી અને આ કાર્ય કરવા પાછળ રુચિ છે એવું પણ લાગે છે. પુરુષાર્થ પણ કરીએ છીએ, રુચિ પણ છે અને હજી કેમ કામ થતું નથી ? વાત ખોટી છે. એ બાહ્ય કાર્યોની ગણતરી – સમયની ગણતરી અને કાર્યોની ગણતરી રુચિવાળાને હોતી નથી. (જેને) હોય છે એ રુચિવાળો હોતો નથી. આ રુચિનું લક્ષણ છે એની ખબર નથી. એણે જે પુરુષાર્થ માન્યો છે એ વિકલ્પનો પુરુષાર્થ છે, શુભભાવનો પુરુષાર્થ છે. એનાથી જુદાં પડવાનો પુરુષાર્થ છે એ બીજી જાત છે અને એ પુરુષાર્થમાં જીવ આવ્યો નથી. એને એમ થાય છે કે, હું પુરુષાર્થ કરું છું ને ! પણ પુરુષાર્થ કહેવો કોને ? પુરુષાર્થનું સ્વરૂપ શું છે ? એ જે કાંઈ સમય અને શક્તિ વપરાય છે એ યોગ્ય નથી હોતી તોપણ એ યોગ્ય છે એમ સમજીને ચાલે છે. ત્યાં એની મૂંઝવણ દૂર થતી નથી. સમસ્યા ઊભી રહે છે કે, કેમ પ્રાપ્ત થતું નથી ? આવું બધું કરવા છતાં કેમ કંઈ એનું ફળ મળતું નથી ? અંદરમાંથી કોઈ અપૂર્વ શાંતિ કેમ પ્રગટતી નથી ? એ સમસ્યા રહે છે. એટલે એ કાંઈને કાંઈ કરવા ચાહે છે. કેટલાંક ભૂલા પડે છે, કોઈ કષાયની મંદતાની શાંતિનો અનુભવ થતાં એને એમ લાગે છે કે, ચાલો, આમ કરતાં-કરતાં શાંતિ મળી ગઈ ! એને તો બારણું બંધ થઈ ગયું. એનો તો વિકાસ થવાનો પ્રશ્ન જ નથી. એને વિકાસનો દરવાજો–વિકાસનો માર્ગ બંધ થઈ ગયો. પણ હજી જેને એમ લાગે છે કે, કરવાનું બાકી છે, એ કરવા પાછળ જાય છે પણ એ ભૂલ સાથે રાખે છે કે, હું કરું છું ને કેમ થતું નથી ? એ ભૂલ છે. કરું છું અને થતું નથી, એવું બનતું નથી. આ એવો વિષય નથી કે, જીવને રુચિ, પુરુષાર્થ–પ્રયત્ન, લગની હોય અને એને કાર્ય ન થાય એવું બનતું જ નથી. આ એ વિષય જ નથી, આ એ Line નથી કે, એની અંદર એનું ફળ ન મળે. રોકડું જ મળે ! જેટલું કરે એટલું અત્યારે રોકડું. પણ એ પછી મળે એ પ્રશ્ન નથી, ઉધારનો ધંધો નથી. અત્યારે કાર્ય કરે એનું ફળ અત્યારે. પણ એણે માન્યું છે એવું પુરુષાર્થનું સ્વરૂપ નથી, માન્યું છે એવું રુચિનું સ્વરૂપ નથી. એટલે એ ભૂલ ન ભાંગે ત્યાં સુધી એને જે કાર્ય પોતે કરે છે એ બરાબર કરે છે, બરાબર કરે છે એ જ કાર્યમાં એ આગળ વધવાનો પ્રયત્ન કરે ત્યાં વિભાવને સ્વભાવ માનીને વિભાવમાં આગળ વધવાનો પ્રયત્ન થઈ જાય, એવી

પણ પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે.

હવે, આ વિષયમાં એક-બે પ્રશ્ન ઉઠાવ્યા છે એ આ વિષયની ચિંતિત દશાના પ્રશ્ન છે કે, **'મારું હિત કેમ થાય ?'** આ હિતના વિષયની ચિંતા એને કેવા પ્રકારની ઉત્પન્ન થઈ હોય ? કે, જ્યાં સુધી એનું હિત સધાય નહિ ત્યાં સુધી ઠરીને ઠામ બેસે નહિ અને કોઈપણ કાર્ય અને કોઈપણ પ્રવૃત્તિમાં એને સંતોષ પકડાય નહિ, સંતોષ થાય નહિ, ગણતરી થાય નહિ. ગણતરી થાય એ સંતોષનો જ બીજો પ્રકાર છે. એ ઊલટો પ્રકાર છે. ઊલટો પ્રકાર એટલા માટે છે કે, (યથાર્થ પ્રકારમાં) જ્યાં સુધી હિત સધાતું નથી ત્યાં સુધી અસંતોષ ઉત્પન્ન થાય છે અને જેમ-જેમ સમય વધારે પસાર થાય છે તેમ એ અસંતોષ વધતો જાય છે. પચીસ વર્ષથી તો શાસ્ત્રસ્વાધ્યાય કરું છું એમ સંતોષ ન લે, પણ આટલા બધાં વર્ષ નકામા કેમ ગયા ? એનું એને દુઃખ ઉત્પન્ન થાય. સંતોષ ન લે, અસંતોષ વધે. તૃષા લાગી હોય અને પાણી ન મળે તો સમય જાય તેમ તૃષા તીવ્ર થાય કે ભૂલી જાય ? કાંઈ નહિ, પાણી બહુ ગોત્યું, ઘણું ગોત્યું પણ પાણી ક્યાંય મળતું નથી. મૂકોને પડતું હવે ! ક્યાંક બીજા કામે લાગી જાઉં !! એ લાગી શકે નહિ. જો તૃષા લાગી હોય તો એ બીજા કામમાં ઝંપલાવી શકે નહિ અને બીજા કામે લાગે તો એને ખરી તૃષા લાગી નથી.

એમ અહીંયાં જ્યાં બીજી રીતે જીવ વળી જાય છે ત્યારે એને હિત છે એ ગૌણ થઈ ગયું છે એમ કહેવું ખોટું છે, હિત એને વિચારવાનું ખોવાઈ ગયું છે, હિત કરવાનું (છે) એ વાત એ ભૂલી ગયો છે અને અહિતના રસ્તે ચડી ગયો છે. આ પરિસ્થિતિ છે.

**'મારું હિત કેમ થાય ? હું આત્માને** (એટલે મારા સ્વરૂપને) **કઈ રીતે જાણું ?–એમ લગની વધારીને...'** લગની રાખીને એટલું નહિ પણ લગની વધારીને, એ વધારી વધારાય નહિ, વધી જ જાય છે. એની લગની વધતી જાય છે એમ કહે છે. એને વધારીને પ્રયત્ન કરવો એમ કહે છે પણ એની લગની વધતી જાય છે. લગની વધે છે અને પ્રયત્ન કરે છે **'તો** (એને) **જરૂર માર્ગ હાથ આવે'** છે. માર્ગ હાથ આવશે કે નહિ આવે ? એમાં કથંચિત્ નથી, એમાં ભવિતવ્ય નથી, એમાં બીજું કાંઈ નથી, હાથ આવે જ આવે એવી નક્કર વાત છે.

એક રીતે કહીએ તો એ જાતનું અહીંયાં વચન આપ્યું છે કે, હાથ આવે (જ). આ વચન છે એ સિદ્ધ વચન છે – અનુભવસિદ્ધ વચન છે – સિદ્ધાંતસિદ્ધ વચન છે કે એને માર્ગ હાથ આવે જ આવે, ન આવે એવું બને નહિ.

## પ્રવચન નં. ૪, વચનામૃત–૩
### તા. ૦૭-૧૧-૧૯૮૬

જ્ઞાનીની પરિણતિ સહજ હોય છે. પ્રસંગે પ્રસંગે ભેદજ્ઞાનને યાદ કરીને તેમને ગોખવું નથી પડતું, પણ તેમને તો એવું સહજ પરિણમન જ થઈ ગયું હોય છે–આત્મામાં એકધારું પરિણમન વર્ત્યા જ કરે છે. ૩.

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું બીજું, બોલ ત્રીજો. આ વચનામૃત જ્ઞાનીની દશા કેવી હોય, જ્ઞાનીની સહજ દશા કેવી હોય, સહજ ભેદજ્ઞાન કેવું હોય એનું સ્વરૂપ બતાવે છે.

કહે છે કે, '**જ્ઞાનીની પરિણતિ સહજ હોય છે.**' એક તો જ્ઞાનીને લોકદૃષ્ટિ હોતી નથી. લોકોની નજરમાં કોઈ એક પ્રકારનો દેખાવ કરવો એ જ્ઞાનીનાં વર્તનમાં, પરિણમનમાં હોતું નથી. પોતે જ્ઞાની છે – ધર્મી છે એવું દેખાય અને બીજું કાંઈ ન દેખાય તો સારું એ પ્રકાર પણ હોતો નથી. હોય તો જ્ઞાની નથી. એટલે પોતાના વિષે કાંઈ પણ દેખાવ કરવાનો આડંબર કે દેખાવ કરવાનો અભિપ્રાય જ્ઞાનીને નહિ હોવાથી જ્ઞાનીની દશામાં સહજતા હોય છે, સહજપણું હોય છે. સરળતાને લઈને એ સહજપણું હોય છે.

અહીંયાં તો વિષય છે–ભેદજ્ઞાન સહજ છે એ સંબંધિત વિષય છે. પણ સામાન્ય–General condition લઈએ તો પણ સામાન્ય રીતે લોકદૃષ્ટિવાન જીવોને જે પોતાનો દેખાવ કરવાનો અભિપ્રાય હોય છે અને એને લઈને કાંઈને કાંઈ સહજ માયાચાર થઈ જાય છે. એ પ્રકાર જ્ઞાનીની દશા વિષે હોતો નથી.

સામાન્ય રીતે માયાચારપણું એટલે પોતે હોય એના કરતાં કાંઈક વિશેષ દેખાવું, પોતે કંઈક વિશેષ દેખાવાની કલ્પના કરી હોય એવો દેખાવ થવો, એ પ્રકારે મન-વચન-કાયાની ચેષ્ટા–પ્રવૃત્તિ થવી એ અસહજતા છે અથવા કૃત્રિમતા છે.

દૃષ્ટાંત વિચારીએ તો 'સોગાનીજી'ને 'ગુરુદેવ' પ્રત્યે કેટલી ભક્તિ હતી એ એમના મૂળ પત્રો છે એમાં પ્રસિદ્ધ થયા વિના રહેતી નથી. પણ 'મને 'ગુરુદેવ' પ્રત્યે ઘણી ભક્તિ છે' એવું પ્રદર્શન એમણે ક્યારેય કર્યું નથી. ભક્તિ કેટલી હતી એ વાત તો હવે અછાની નથી. ભક્તિના પ્રકરણમાં તો–સત્પુરુષની ભક્તિના પ્રકરણમાં તો એમના ભક્તિભાવના ત્રણેક પત્રોમાં એમણે ઉદ્ધરણ કર્યું છે. છતાં બહારમાં એવો દેખાવ કરવાનું એમનાથી કદી નથી થયું. એ સહજતા બતાવે છે. એ પ્રકૃતિગત વિષય હતો કે, સહેજે-સહેજે જેમ થાય તેમ ચાલ્યા કરવું, કાંઈપણ કૃત્રિમ રીતે દેખાવ કરીને કાંઈ ન કરવું અથવા કોઈ વાત પહેલેથી નક્કી કરી લેવી અને પછી એવો દેખાવ કરવો, એવી વાત કરવી, એવી રજૂઆત કરવી એ પણ એમને ફાવતું નહોતું. એ સહજદશા (છે) એ જ્ઞાનીનું પરિણમન છે.

**'પ્રસંગે પ્રસંગે ભેદજ્ઞાનને યાદ કરીને તેમને ગોખવું નથી પડતું,...'** અથવા પ્રસંગે-પ્રસંગે તેમને ભેદજ્ઞાનને સ્મરણ કરીને, યાદદાસ્તમાં લાવીને ભેદજ્ઞાન કરવું પડે એવી રીતે તેમને ભેદજ્ઞાનના પરિણામ થતાં નથી, એમ લેવું છે. 'હું જ્ઞાનસ્વરૂપી આત્મા છું અને રાગ અને રાગના વિષયરૂપ પર પદાર્થો એ હું નથી' એવો વિચાર, વિકલ્પ કરીને ભેદજ્ઞાનમાં પરિણમે છે–એવું જ્ઞાન પરિણમે છે એમ નથી. સહજ જ પોતે પોતાના જ્ઞાનવેદનમાં રહે છે અને સહજ જ રાગાદિ અને પરજ્ઞેયો જ્ઞાનમાં ભિન્નપણે પ્રતિભાસે છે. પોતાસ્વરૂપે એ પ્રતિભાસતા નથી. પોતાસ્વરૂપે પોતાનું જ્ઞાનમય, ચૈતન્યમય આત્મતત્ત્વ જ જ્ઞાનમાં અથવા અનુભવમાં રહે છે અને એ અનુભવથી બહાર છે (એટલે કે) વ્યાપ્ય-વ્યાપકપણે પોતે પોતામાં છે અને વ્યાપ્ય-વ્યાપકતાથી જે બહાર છે તે બધું બહાર છે. રાગાદિમાં પણ પોતે વ્યાપતો નથી. આમ સ્વભાવનું પરિણમન છે. સ્વભાવદૃષ્ટિ છે અને સ્વભાવનું આમ સહજ પરિણમન છે. એટલે એ વિષય એમને યાદ કરવો પડે એવું કાંઈ નથી.

બહારમાં પણ મિથ્યાદૃષ્ટિ જીવના અનુભવ ઉપરથી ચાલુ દશામાં એ વાત સમજી શકાય છે કે, અનેક જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે – અનેક પદાર્થો જ્ઞાનમાં જણાય છે. રસ્તા ઉપરનો Traffic એક સાથે કેટલો જણાય છે ! તો જણાય છે છતાં એમાં ક્યાંય મારાપણું થાય છે ? આમાં કાંઈ મારું નથી, આ તો શહેરની વ્યક્તિઓ છે એમાં મારા કુટુંબના કોઈ માણસો નથી, મોટર-ગાડી છે એમાં પણ કોઈ મારી ચીજ નથી, મકાનો દેખાય છે એમાં પણ મારું કોઈ મકાન નથી એવો કાંઈ વિચાર નથી કરવો પડતો. વિચાર કરવો પડે છે ? કે એવો દેખાવ કરવો પડે છે ? કે એ વાત યાદ લાવવી પડે છે ? પહેલેથી નિશ્ચય છે એ અનુસાર પરિણતિ છે કે, ઘણું દેખાય તોપણ એમાં મારું કાંઈ નથી. મારું છે એટલું જ મારું છે અને મારા સિવાયનું જે કાંઈ (છે) તે મારું નથી. બસ ! આવી તો સહજ પરિણતિ અજ્ઞાનદશામાં પોતાપણાં અને પારકાપણાં વિષેની સહજ વર્તે છે કે નથી વર્તતી ? તો ત્યાં તો જે શરીરાદિક પરપદાર્થો વિષે પોતાપણું કર્યું છે અથવા પૂર્વકર્મને લઈને જે કાંઈ ઘર, કુટુંબ, પૈસા, આબરૂ-કીર્તિ આદિ સંયોગ છે એમાં જે પોતાપણું કર્યું છે, એ પોતાપણાનો નિશ્ચય વર્તે છે તે અનુસાર પરિણતિ વર્તે છે. તોપણ એ પદાર્થોમાં આત્મા તન્મય અથવા એકરૂપે થઈ શકતો નથી, ભિન્ને-ભિન્ન જ રહે છે. એ જ્ઞાની જાણે છે. એને તો (–અજ્ઞાનીને તો) એ વિષે વિચાર નથી, પણ જે ભિન્ન છે એ ક્યારેય અભિન્ન થતું નથી. જુદું તત્ત્વ જુદું જ રહે છે. જુદું તત્ત્વ ક્યારેય આત્મતત્ત્વરૂપે થઈ જાય એવું તો બની શકતું નથી.

અહીંયાં તો પોતાનું જ આત્મતત્ત્વ છે. ભેદજ્ઞાનમાં તો પોતાનું જે અભિન્ન આત્મતત્ત્વ છે, અભેદ આત્મતત્ત્વ છે એમાં સ્વપણું વેદનથી–અનુભવથી વર્તે છે, પ્રગટપણે વર્તે છે તેથી કરીને જ્યાં સ્વપણું વેદાતું નથી, જ્યાં સ્વપણું ભોગવાતું નથી, જ્યાં સ્વપણું થઈ શકતું નથી એવાં પદાર્થો જ્ઞાનમાં પ્રતિભાસતાં તે પરજ્ઞેયપણે પ્રતિભાસે છે. એમ સ્વ-પરનો વિભાગ ભેદજ્ઞાનના વિષયને યાદ કર્યા વિના, ભેદજ્ઞાનના વિષયને સ્મરણમાં લાવ્યા વિના સહજ જ પ્રત્યેક પ્રસંગે–પ્રસંગે-પ્રસંગે એટલે પ્રત્યેક પ્રસંગે ભેદજ્ઞાન પ્રવર્તે જ છે. એવું સહજ પરિણમન જ ચાલતું હોય છે. એમાં ક્યારેક કોઈ પ્રસંગમાં ભેદજ્ઞાન થાય, કોઈ પ્રસંગમાં ભેદજ્ઞાન ન રહે, વળી કોઈ પ્રસંગમાં ભેદજ્ઞાન થાય, વળી કોઈ પ્રસંગમાં ભેદજ્ઞાન ન રહે – એવું બનતું નથી.

અથવા જ્ઞાનીને પર પદાર્થને વિષે તીવ્ર કષાયથી પ્રવૃત્તિ થાય, કષાય મંદ-તીવ્ર તો થાય છે ને ? સાધકને–જ્ઞાનીને પણ કષાયની તીવ્રતા અને મંદતા એ બન્ને પ્રકારનાં પરિણામ

થાય છે, તો જ્યારે એને કષાયની તીવ્રતાવાળા પરિણામ થાય ત્યારે ભેદજ્ઞાન ન થાય અથવા ત્યારે એને ભેદજ્ઞાન યાદ રાખવું પડે, પકડી રાખવું પડે, ગોખી રાખવું પડે અને જ્યારે કષાયની મંદતાવાળા પરિણામ હોય ત્યારે સહજ ભેદજ્ઞાન થાય એમ પણ બનતું નથી. કોઈપણ પ્રકારનાં પરિણામ હોય, જે ભિન્ન પરિણમન થઈ ગયું એ સહજ જ ભિન્ન થઈ ગયું.

'ગુરુદેવશ્રી' એક દૃષ્ટાંત આપતા કે, જેમ કોઈ પહાડ–પર્વત ઉપર વીજળી પડે અને એ પહાડ ફાટી જાય–બે ભાગ (પડી જાય), વચ્ચે વીજળી પડીને એવડી મોટી તિરાડ પડે કે દૂરથી દેખાય કે આ પર્વતના બે ભાગ થઈ ગયા. તો પછી એ સંધાય ? એને કોઈ દોરડા બાંધીને બે પહાડને ભેગાં કરીને એને કાંઈ સાંધી દે એવું બની શકતું નથી. એમ આ શુદ્ધ ઉપયોગ થયો.

અહીં તો જે સહજ પરિણતિ છે એની પાછળનું કારણ તપાસવા જેવું છે કે, એવું ક્યુ કારણ થઈ ગયું કે જેને લઈને આ ભેદજ્ઞાનની સહજ પરિણતિ છે અને ભેદજ્ઞાનને યાદ કરવું પડતું નથી કે ગોખી રાખવું પડતું નથી એનું શું કારણ છે ? (તેનું કારણ એ છે કે) શુદ્ધાત્માના અત્યંત રસથી, અત્યંત મહિમાના અત્યંત રસથી શુદ્ધ ઉપયોગ જે એકવાર ઉત્પન્ન થયો, વિકલ્પની શ્રૃંખલા તૂટી ગઈ, વિકલ્પની ધારા તૂટી ગઈ અને એકવાર વિકલ્પનો ઉત્પાદ્ બંધ થઈ ગયો, વિકલ્પ ઉત્પન્ન જ ન થયો અને જે નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થયો એ શુદ્ધોપયોગ પુરુષાર્થના કોઈ અપૂર્વ પરાક્રમથી થયો. ત્યારે એટલા આત્મિક પુરુષાર્થમાં જીવ વર્તે છે કે, એ ઉગ્ર પુરુષાર્થને લઈને નિર્વિકલ્પ દશા આવે છે.

વિકલ્પ ઉત્પન્ન થતો બંધ ક્યારે થાય ? કે, નિર્વિકલ્પ આત્મતત્ત્વ પ્રત્યેનું ઉગ્ર પરિણમન થાય ત્યારે. અત્યંત ઉગ્ર પરિણમન થાય છે. એ અત્યંત ઉગ્ર પરિણમન છે એ આત્માના અપૂર્વ મહિમાથી ઉત્પન્ન થયેલી દશા છે. એમાં–એ પરિણમનમાં શુદ્ધાત્માનો અત્યંત રસ છે. એ એકવાર એવી વીજળી પડી છે કે, પછી બે ફાડ થઈ ગઈ ! આ જ્ઞાનમય આત્મા તે હું, આ જ્ઞાયક તે હું અને એ સિવાયનું બધું પર છે એ જે બે જુદાંપણું થઈ ગયું છે એ પ્રત્યેક પ્રસંગે સહજપણે પરિણમનરૂપે થઈ ગયું છે. એવું સહજ જ પરિણમન થઈ ગયું છે કે, એના માટે વિકલ્પ કરવો પડે, સ્મરણ લાવવું પડે કે એને ઘણીવાર ગોખી રાખ્યું હોય તો એમ થયા કરે એવું કાંઈ નથી.

એક તો કૃત્રિમ ટેવથી પણ માણસ ટેવાય જાય તો એ કૃત્રિમતા પણ સહજ થાય છે. જેમકે કોઈને જે બોલવાની પદ્ધતિ હોય (એમાં) કૃત્રિમતા ઘણી કરી હોય તો પછી

સહેજે-સહેજે કૃત્રિમતા થઈ જાય. એવી જ રીતે કૃત્રિમતાથી રટણ ખૂબ કરતા હોય, ગોખણપટ્ટી ખૂબ કરતા હોય તો પછી વારંવાર એનું રટણ ચાલ્યા કરે. આટલું તો કૃત્રિમ અવસ્થામાં પણ થાય છે કે જેની અંદર એટલો આત્મરસ હોતો નથી, જેટલો આત્મરસ સ્વાનુભવ પ્રગટવા માટે સ્વાનુભવ દશા પહેલાં ઉત્પન્ન થયો હોય છે. અથવા જેના ફળમાં સ્વાનુભવ ઉત્પન્ન થયો હોય એટલો રસ તો ત્યાં ગોખવામાં કે યાદદાસ્ત રાખવામાં હોતો નથી. એટલો રસ (–આત્મામાં) હોય છે.

એટલે પહેલું વચન લઈએ તો એમ લઈ શકાય કે, અત્યંત આત્મિકરસે કરીને **'જ્ઞાનીની પરિણતિ સહજ હોય છે.'** આત્માના અભિન્નપણાંના વિષયમાં આત્માનો અત્યંત રસ ઉત્પન્ન હોવાથી અત્યંત રસે કરીને જ્ઞાનીની પરિણતિ સહજ થઈ ગઈ હોય છે અને તેથી એને એ વિષયની અંદર સ્મરણ કરીને કાર્ય કરવું પડે કે, 'આવો હું જ્ઞાનમય આત્મા, આવો હું જ્ઞાનમય આત્મા' એવું સ્મરણ કરવાની આવશ્યકતા ઉત્પન્ન થતી નથી.

**'પણ તેમને તો એવું સહજ પરિણમન જ થઈ ગયું હોય છે...'** જ્ઞાનધારા અને વિકલ્પધારા અથવા કર્મધારા બન્ને પોતપોતાના પ્રકાર અનુસાર – પરિણમનના પ્રકાર અનુસાર સહજ જ પરિણમ્યા કરે છે. જ્ઞાનધારા છે એ અંતર્મુખપણે પરિણમ્યા કરે છે અને કર્મધારા છે એ બહિર્મુખભાવે પરિણમ્યા કરે છે. કર્મધારાનો અંશ છે–પરિણામ અંશ છે એ બહારના પદાર્થો બાજુ વળી-વળીને પરિણમે છે, જ્ઞાનધારાનો પરિણામ અંશ છે (તે) તે જ કાળનો પરિણામ અંશ છે એ આત્માની સાથે અંતર્મુખ થઈને પરિણમ્યા કરે છે, અંદરમાં પરિણમ્યા કરે છે. એનો વિષય આત્મા છે, એ જ પરિણામનો એક અંશનો વિષય બહારનો પદાર્થ છે. આ બન્ને પ્રકાર એક સમયના પરિણામમાં પડી જાય છે, ઉત્પન્ન થઈ જાય છે. એ સહેજ જ રહે છે.

નહિતર એક-એક ક્ષણે પરિણામ ઉત્પન્ન થાય, સમય–સમયના (પરિણામ) તો છદ્મસ્થ જીવ પકડી શકતો નથી. પણ એક-એક સમયે જે પરિણામ ઉત્પન્ન થાય અથવા એક-એક ક્ષણે ઉત્પન્ન થાય એમાં બે ભાગ કરવા જાય તો એને બે ભાગ કરવાનો સમય ક્યાં રહે છે ? સ્મરણ કરે તો એ સ્મરણની પર્યાય જુદી છે (અને) ત્યારપછીના ઉદયની પર્યાય જુદી છે. કોઈ (જીવ) ભેદજ્ઞાનનું સ્મરણ કરે કે, 'હું આત્મા–હું જ્ઞાનમય આત્મા, રાગ અને પર તે હું નહિ' તો એવો એક વિકલ્પ થયો, વિચાર થયો. ત્યારપછીનું પરિણમન એ કાંઈ નિર્વિકલ્પ વિચારરૂપ નથી. એથી એવો વિકલ્પ (અને) વિચાર પછીના પરિણમનમાં તો કાંઈ

ઉપસ્થિત નથી કે જેથી ત્યાં એ વિકલ્પ, વિચારને લઈને એ ભેદજ્ઞાન થાય. એ તો પાછું જેને એકત્વ પરિણમન છે એ સહજ જ એકત્વ(રૂપ) પરિણમન છે.

અનાદિની જે એકતાબુદ્ધિ છે એમાં પણ એવું નથી કે, અજ્ઞાનીને પણ કષાયની તીવ્રતા થાય ત્યારે એકતાબુદ્ધિ થાય અને કષાયની મંદતા થાય ત્યારે એને એકતાબુદ્ધિ ન થાય, એવું કાંઈ થોડું છે ? કોઈ જીવ ભેદજ્ઞાનનો વિષય સમજ્યો હોય, સમજી શકતો હોય તો એવું નથી કે, એ ભેદજ્ઞાનનો વિષય સમજી શકે છે ત્યારે એને મંદ કષાય ટાણે એવા વિચાર ચાલતા હોય ત્યારે એને એકતાબુદ્ધિ નથી થતી અને તીવ્ર કષાય થઈ જાય ત્યારે એને એકતાબુદ્ધિ થાય છે. એવું બને છે કાંઈ ? કેમકે એ તીવ્ર કષાય અને મંદ કષાયથી એકતાબુદ્ધિ નિરપેક્ષ છે. એને એ અપેક્ષિત નથી.

એવી જ રીતે ભેદજ્ઞાનની સહજ પરિણતિ પણ તીવ્ર કષાય અને મંદ કષાયની અપેક્ષિત નથી. ભેદજ્ઞાનીને કષાયની તીવ્રતા થાઓ કે કષાયની મંદતા થાઓ, એને સહજ જ ભેદજ્ઞાન વર્તે છે. તીવ્રતા ટાણે પણ ભિન્ન પરિણમે છે, મંદતા ટાણે પણ ભિન્ન જ પરિણમે છે. એવું પરિણમન એમને સહજ જ થઈ ગયું હોય છે. એ સહજની અંદર બીજું કંઈ લાગુ પડતું નથી કે, આમાં આ અપેક્ષાએ આમ છે, આને કારણે આમ છે એમ નથી. ફક્ત એ દશા કેળવાય ગઈ છે, સહજપણે એ કેળવાય ગઈ છે.

એ ભેદજ્ઞાનની દશા સહજપણે કેળવાય ગઈ છે અને એમાં જે જ્ઞાનપરિણતિ છે અથવા આત્મા તરફ વળેલો અંશ છે, આત્માની સાથે અભેદભાવે પરિણમતો અંશ છે એમાં ઉગ્રતા, તીવ્રતા થતાં વિકલ્પ છે એ મટીને નિર્વિકલ્પ શુદ્ધોપયોગ પણ વારંવાર થાય છે. અનેકવાર એ દશા થતાં, પરિણતિ ઉગ્ર થતાં અને વારંવાર શુદ્ધોપયોગ થતાં એ જીવ મુનિદશામાં આવે છે. ત્યારે ઉપયોગ પણ સહજપણે વારંવાર થાય છે. મુનિને ક્ષણે-ક્ષણે શુદ્ધોપયોગ થાય છે તો શુદ્ધ ઉપયોગ માટે એ ક્ષણે-ક્ષણે નવો પ્રયત્ન કૃત્રિમતાએ કરવા બેસે છે (એવું નથી), એવી રીતે શુદ્ધોપયોગ નથી થતો. કોઈપણ કાર્ય કરતાં; મુનિને સાવદ્યયોગનો ત્યાગ હોવાથી કોઈ અશુભકાર્યો અને અશુભપરિણામનો પ્રસંગ છે નહિ અને અશુભપરિણામ એમને થતાં નથી. એટલે ત્યાં તો તીવ્ર કષાયનું દૃષ્ટાંત પણ લાગુ પડતું નથી. પણ જે કાંઈ પંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણની પ્રવૃત્તિ, જ્ઞાન-ધ્યાનની પ્રવૃત્તિ છે એમાં પણ કષાયની તીવ્રતા-મંદતા, અનુભાગની તીવ્રતા-મંદતા (થવી) એ તો કષાયનો સ્વભાવ જ છે કે તીવ્ર-મંદ, તીવ્ર-મંદ રહે, જે તે ભૂમિકામાં હોય તે ભૂમિકામાં. નિગોદમાં જાય તોપણ ત્યાં તીવ્ર-મંદ, તીવ્ર-

મંદ થાય. એક સરખો કોઈને રહે નહિ. છતાં આત્મિકદશાના જે સહજ પરિણામ કેળવાય ગયા એ પરિણતિના અને ઉપયોગના પોતાના પુરુષાર્થ અનુસાર જે સહજ કેળવાય ગયા તે સહજ જ થવાના. એનો વિચાર, વિકલ્પ કરીને કૃત્રિમતાથી કરવા પડે છે કે કરે છે તો થાય છે અને નહિતર નથી થતાં એવી અસહજ દશા નથી હોતી. અહીંયાં વજન એટલું છે. બધું સહજ જ છે. છેલ્લી લીટી એ છે ને ? '**આત્મામાં એકધારું પરિણમન વર્ત્યા જ કરે છે.**' એકધારું એટલે એકસરખું.

એ પરિણમનની અંદર ગડબડ નથી કે ઘડીકમાં પરિણતિ ચાલી જાય અને ઘડીકમાં પરિણતિ આવી જાય. ઘડીમાં એ મિથ્યાદૃષ્ટિ થઈ જાય અને ઘડીમાં સમ્યક્દૃષ્ટિ થઈ જાય. અમુક પ્રવૃત્તિ કરે ત્યારે સમકિત ચાલ્યું જાય, અમુક પ્રવૃત્તિ કરે ત્યારે સમકિત આવી જાય, ક્ષયોપશમ સમકિતમાં એમ થાય, એમ પણ ખરેખર નથી, એવું નથી. કરણાનુયોગનો અભ્યાસ અયથાર્થપણે કર્યો હોય તો ઘણાંને એવું લાગે છે. ક્ષયોપશમ સમકિત હોય એટલે ક્યારેક એને સમકિત હોય, ક્યારેક એને સમ્યક્ ન હોય. એટલે ક્યારે શું હોય, ક્યારે સમ્યક્ હોય અને ક્યારે ન હોય, આપણને શું ખબર પડે ?! એમ વિચારનારને જ્ઞાની પ્રત્યે વિશ્વાસ રહી શકે નહિ. એ અવિશ્વાસના અભિપ્રાયમાં ઊભો છે. એવી પરિસ્થિતિ થાય છે.

પ્રશ્ન :- સાવદ્યયોગમાં શુભવૃત્તિ પણ આવી ગઈ ને ?

સમાધાન :- ના, સાવદ્યયોગમાં એકલો અશુભ જ આવે છે. મુનિને શુભયોગ તો હોય જ છે. પચ્ચખાણની અંદર સાવદ્યયોગનો ત્યાગ કર્યો છે. એમાં કોઈ અશુભ પ્રવૃત્તિ ન કરે. શુભ પ્રવૃત્તિ કરે પણ એની મર્યાદા હોય છે. જેમાં શુભ થોડું હોય અને અશુભ ઘણું હોય એવી પ્રવૃત્તિ પણ ન કરે. મિથ્યાત્વ સહિતની પ્રવૃત્તિ તો ચોથા ગુણસ્થાને પણ નથી અને શ્રદ્ધામાં તો પહેલેથી નવેય કોટિએ ત્યાગ છે. પણ ત્યાં પરિણામ છે એમાં અશુભ પ્રવૃત્તિ થાય છે. મુનિને અશુભ પ્રકારનાં પરિણામ થતાં નથી. શુભ પરિણામ પણ નીચેની કોટિના થતાં નથી કે જેનાથી આરંભ અને સમારંભ ઉત્પન્ન થાય, જેનાથી લોકસંપર્ક વધે, જેમાંથી સમાજનો સંપર્ક વધે, સમાજની વચ્ચે આવવું પડે, સમાજના પ્રશ્નોમાં અને સમસ્યાઓમાં ઉલઝવું પડે, રોકાવું પડે, ગૂંથાઈ જવું પડે એવા પ્રકારમાં મુનિ ક્યાંય આવતા નથી. ભલે બહારમાં એ પ્રસંગ શુભ દેખાતો હોય તોપણ મુનિ આવતા નથી.

જેમકે મુનિ સમાજને એવો ઉપદેશ ન દ્યે કે, તમારે લોકોએ સામાજીક રીતે આમ કરવું. આપણો જે દિગંબર સંપ્રદાય છે એ દિગંબર સંપ્રદાયની અંદર દિગંબરોએ આમ રહેવું

ને આમ કરવું ને ફલાણું કરવું ને ઢીકણું ન કરવું – એમ દિગંબર મુનિ થઈને કહે નહિ. કહે તો એ ખરેખર દિગંબર મુનિ નથી. એમ છે. સમાજરચનામાં ન આવે. કારણ કે એની અંદર એટલા બધાં પ્રશ્નો ઊભા થાય કે પછી મુનિને કોઈ સ્તર બાકી રહેતો નથી. એવી જ રીતે આરંભ, સમારંભ, ફંડ-ફાળા (ન કરે). મંદિર માટે–જિન મંદિર માટે ફંડ-ફાળો કરે કે નહિ ? પોતાના ઉપાશ્રય માટે તો ન કરે; જો કે મુનિને ઉપાશ્રય હોય નહિ. પણ ફંડ-ફાળા માટે પણ (પ્રવૃત્તિ ન કરે). ઉપાશ્રયનો અર્થ એ છે કે, સાધુઓ માટે બનાવેલું નિવાસ સ્થાન. ઉદ્દેશીક થયું કે અનઉદ્દેશીક થયું ? સાધુઓ આવે તો આપણે અહીં ઉતારવા. તો એના માટે બનાવ્યું કે ન બનાવ્યું ? ઉદ્દેશીક થયું કે અનઉદ્દેશીક થયું ? ઉદ્દેશીક થયું. પોતાના માટે કોઈપણ પાપયુક્ત થયેલી પ્રવૃત્તિને મુનિ સ્વીકારે નહિ અથવા પોતાની અનુકૂળતાની વ્યવસ્થા હોય તે મુનિ સ્વીકારે નહિ. કોઈપણ વ્યવસ્થા ન સ્વીકારે. એટલે તો ગમે ત્યારે, ગમે તે દિશામાં એ ગમન કરી જાય છે ! કેમકે એમને ખબર છે કે, ધર્માનુરાગી જીવોને, મને પ્રતિકૂળતાઓ ન થાય અને મારી અનુકૂળતાઓ સચવાય, એવી મારા પ્રત્યેની લાગણી અથવા બહુમાન હોય છે. એ એમને ખબર હોય છે. પણ એ કોઈની આગોતરી વ્યવસ્થા સ્વીકારવા માટે તૈયાર હોતાં નથી. (જો તૈયાર હોય) તો એ બધું ઉદ્દેશીક થઈ જાય છે. એમને ઉદ્દેશીને થયેલો આરંભ-સમારંભ છે એ મુનિને સ્વીકાર્ય હોતો નથી. સ્વીકારે તો એ મુનિદશા રહેતી નથી. આ સ્થિતિ છે.

વીતરાગી મુનિદશા કેવી હોય એની ખબર નથી. અંતરંગ દશાની ખબર નહિ હોવાને લીધે, આ બહારમાં ત્રણેય સંપ્રદાયની અંદર ગોટા ઊઠ્યા છે. ત્રણેય સંપ્રદાયની અંદર ગોટા ઊઠ્યા છે. અને એ વાત 'ગુરુદેવશ્રી'એ સ્પષ્ટ કરી તે બધાંને જરા કઠણ લાગ્યું, કઠોર લાગ્યું કે, અરે...! અમારી નિંદા થઈ રહી છે. 'ગુરુદેવ' તો સ્પષ્ટ કહેતાં કે, ભાઈ ! કોઈ આત્માનો વિરોધ નથી, અમારે કોઈ વ્યક્તિનો વિરોધ નથી; વસ્તુનું સ્વરૂપ સત્‌શાસ્ત્રોમાં છે એ પ્રસિદ્ધ કરીએ છીએ કે, આ વસ્તુસ્થિતિ છે, આ વસ્તુનું સ્વરૂપ છે; એથી બીજી રીતે માનવું, મનાવવું એ ગૃહીત મિથ્યાત્વનું કારણ છે. બીજું કાંઈ નથી, સીધું મિથ્યાત્વ તીવ્ર થઈને એ ગૃહીત મિથ્યાત્વમાં આવી જાય છે.

મુમુક્ષુ :– શ્રાવકો વેપાર-ધંધામાં પડ્યા હોય એટલે સાધુને કામ કરવા પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– તો પછી એની (–શ્રાવકોની) ફરજ એણે (–મુનિએ) ઉપાડી લીધી એમ થયું ને ? તો એ શ્રાવકની પ્રવૃત્તિ પોતે કરી લીધી તો એ મુનિ રહ્યાં કે પછી શ્રાવક

થયા ? શ્રાવક ઉપેક્ષા કરે એ શ્રાવકનો દોષ. પણ શ્રાવક ઉપેક્ષા કરે એટલે મુનિએ શ્રાવકપણાની પ્રવૃત્તિ કરવી, એ વાત કાંઈ વ્યાજબી છે ? યોગ્ય છે કાંઈ ? એ વાત તો યોગ્ય નથી.

મુમુક્ષુ :- સર્વ ધર્મ સમન્વય.

પૂજ્ય ભાઈશ્રી :- બીજા ધર્મો યોગ્ય છે અને બરાબર છે એમ કહેવું પડે ને એમાં તો ? પહેલાં તો એ વાત છે કે, 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ' સત્ય માર્ગ-સત્ય ધર્મ તો એક જ છે અને બીજાં કોઈ ધર્મો સત્ય નથી. ગૃહીત મિથ્યાત્વ કરવું, કરાવવું અને અનુમોદવું - એમ ગૃહીત મિથ્યાત્વના કારણો છે એનો સમન્વય કેવી રીતે થાય ? કોઈ એમ કહે કે, સોનું અને પિત્તળ (બન્નેનો) સમન્વય કરો. કેમકે બન્ને ધાતુ છે, બન્ને ઊજળી ધાતુ છે, બન્નેમાં વજનપણું છે, ચીકાશપણું છે, પીળાપણું છે, ચળકાટપણું છે. (હવે) સમન્વય કરો ! તો શું સમન્વય કરશો ? તો કિંમતનો પણ સમન્વય કરો. એમ કાંઈ સોના સાથે પિત્તળને મેળવી શકાય નહિ. કેવી રીતે મેળવવું ? અને ક્યાંય સોનાના પૈસા આપીને પિત્તળ લેવાય નહિ. આપી દે ? એક તોલો પિત્તળના બે હજાર-અઢી હજાર રૂપિયા આપી દેશે ? કોઈ આપવા તૈયાર નથી. (જે) આપે છે એને સમજણ નથી. સીધી વાત થઈ ગઈ કે નહિ જ્યાં ધર્મ નથી અને જ્યાં સાધુપણું કે ધર્માત્મા નથી ત્યાં ધર્મ ગણીને ચાલે છે તો એ પિત્તળને સોનામાં ખપાવે છે. એનું નુકસાન એને જશે, બીજા કોઈને જવાનું નથી. ૨૫૦૦ રૂપિયા આપીને એક તોલો પિત્તળ લઈ લે તો એમાં નુકસાન કોને ?

એ બધું લોકસંજ્ઞામાં થાય છે. લોકોમાં સારું દેખાવું હોય કે, જુઓ ! અમે બધાં ધર્મોનાં સમન્વયમાં માનીએ છીએ ! અને બીજા મૂર્ખાઓ એની પ્રશંસા કરે !! 'ગુરુદેવ' તો જરા આકરું કહેતાં કે, ગાંડાની હોસ્પીટલમાં ગાંડાઓ ભેગા થાય અને આપસમાં એકબીજાની પ્રશંસા કરે તો પછી કોઈ ગાંડો ઘણો સારો, કોઈ ગાંડો ઓછો સારો એમ ગણવું કે ન ગણવું ? એમ અજ્ઞાનીઓ ભેગાં થઈને એકબીજાને ધર્મી ને જ્ઞાની ને મુનિ ને આચાર્ય ને (એમ બધી) પદવી આપી દે ! સારું છે કે હવે અરિહંતની પદવી હજી આપતા નથી !! આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ સુધીની પદવી આપી દે છે. એ તો ગડબડ ક્યાં સુધી જાય એ કહેવું મુશ્કેલ છે. અન્ય સંપ્રદાયમાં તો ભગવાનની પદવી પણ આપી દે છે ! અહીંયાં જૈન સંપ્રદાયમાં નથી આપતા. એવા કોઈ હોય એને કહી દે છે કે, આ અમારા ભગવાન છે ! ભગવાન સત્ય સાંઈબાબા ને ભગવાન રજનીશ ને ભગવાન ફલાણાં... દાદા ભગવાન !

પ્રશ્ન :- આચાર્ય ભગવાન તો કહેવાય ને ?

સમાધાન :– એ તો પંચ પરમેષ્ઠી પદ છે ને ! એમાં સાધુને ભગવંત પદ કહેવામાં આવે છે. પંચ પરમેષ્ઠી પદ છે ને એટલે એ રીતે ભગવાન કહેવાય છે. પણ એને ત્રણેય ફિરકામાં કોઈ અરિહંત નામ નથી દેતા. અરિહંતદશા છે એમ નથી.

મુમુક્ષુ :– ધર્મના વિષયમાં જ્ઞાની વિવેક કરવાની વાત કરે છે, જીવ એમ કહે છે કે, રાગ-દ્વેષ ન કરવા – એવી દલીલ કરે છે. ખાવા-પીવામાં પાછું સારું-નરસું બધું કરે ! આ નહિ ચાલે, આ ચાલશે.

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં રાગ-દ્વેષ નથી ?! ફાવે-ન ફાવે એમાં રાગ-દ્વેષ નથી ? (અહીંયાં ધર્મના વિષયમાં) વિચાર કરે કે, આ યોગ્ય છે અને આ અયોગ્ય છે એને રાગ-દ્વેષ (કહે છે) ?! યોગ્ય-અયોગ્યતાનો વિચાર કરવો–વિવેક કરવો એનું નામ રાગ-દ્વેષ, પરિણામમાં અનુકૂળતા-પ્રતિકૂળતા થાય એમાં રાગ-દ્વેષ નહિ ?! સારી (છે), આ રાગ-દ્વેષની વ્યાખ્યા સારી છે !! એ તો ફાવતું લેવાની વાત છે.

રાગ-દ્વેષ કોને કહેવા ? રાગ-દ્વેષમાં પણ એકત્વબુદ્ધિપૂર્વકના રાગ-દ્વેષ કોને કહેવા ? અને એકત્વબુદ્ધિ મટી હોય અને ભેદજ્ઞાન વર્તતું હોય ત્યારે થતાં રાગ-દ્વેષ, તેને કેવા પ્રકારના રાગ-દ્વેષ કહેવા ? આ બધો, આ વિષયનો કાંઈ અભ્યાસ સંપ્રદાયની અંદર નથી. એકત્વબુદ્ધિની ખબર નથી ! એ તો કષાયની તીવ્રતા થાય તો કહે કે, આ ન થવું જોઈએ અને કષાયની મંદતા થાય તો કહે બહુ સારું કર્યું !! આ સારું કર્યું ! તમે આ પૂજા કરો, ભક્તિ કરો, સ્વાધ્યાય કરો, વ્રત કરો, સંયમ પાળો, દયા (કરો), દાન આપો, યાત્રા કરો, નામ સ્મરણ કરો, એ બધાં જપ-તપ, એ બધું સારું ! અને બીજાં પાપના પરિણામ થાય એ સારું નહિ. અન્ય મત જેવું થઈ ગયું છે. અન્ય મતમાં આ પ્રકાર છે. કહેવાતાં જૈન સંપ્રદાયની અંદર ત્રણેય ફિરકામાં આ દશા છે !! એટલો લોકો કહેવા માંડ્યા કે, 'કાનજીસ્વામી'એ નવો ધર્મ ઊપજાવ્યો ને ધર્મ શરૂ કર્યો ને 'સોનગઢ'થી નવો ધર્મ કાઢ્યો ! એમ કહેવા લાગ્યા. અને એમ કહે છે કે નહિ ? એ લોકોને મૂળ ધર્મ શું છે ? જૈન ધર્મ મૂળ શું છે ? એ તો સંપ્રદાયમાં ખબર રહી નહિ. એટલે સાચી મૂળ વાત કરી તો કહે, આ નવી કાઢી ને નવું શરૂ કર્યું ! એટલા બધા અજાણ્યા પડી ગયા છે ! અજૈન હોય એ તો અજાણ્યા હોય પણ કહેવાતા જૈનો પણ મૂળ વિષયથી ઘણાં દૂર ગયા, ઘણાં અજાણ્યા થઈ ગયા એટલે સાચી વાત સામે આવી તો કહે, આ અમારા ઘરની વાત નથી !! આ તો કોઈ તમે તમારા ઘરની નવી શરૂ કરેલી છે. જે લોકો (થોડા) મધ્યસ્થ હતા, વિચાર કરી શકે એવા હતા

એણે શાસ્ત્રોની સાથે એ વાતની મેળવણી કરી ત્યારે ખ્યાલ આવ્યો કે પૂર્વાચાર્યો તો ખરેખર આમ જ કહે છે ! આ તો મૂળ વાત છે. હજારો વર્ષ પહેલાં શાસ્ત્રોની અંદર લખેલી વાત છે એનું સ્પષ્ટીકરણ છે. આ સ્પષ્ટીકરણ ન હોત તો આ વાત નથી સમજાણી એ હજી ન સમજાત. માટે ખરેખર તો આ ઉપકારી છે કે, આ વાત ખોલીને એમણે બહાર મૂકી, સ્પષ્ટ કરી.

એટલે જે વિષય 'ગુરુદેવશ્રી'એ સ્પષ્ટ કર્યો એ વિષય ધાર્મિક સમાજની અંદર પણ પ્રચલિત નથી. દિગંબર સંપ્રદાયમાં તો 'ભેદજ્ઞાન' શબ્દ પ્રચલિત છે, 'ભેદજ્ઞાન' શબ્દ પ્રચલિત છે. હિન્દુસ્તાનમાં આજે દિગંબર મંદિરોમાં જાઓ તો ભેદજ્ઞાનની ગાથાઓ અને સૂત્રો લખેલા હોય છે. 'છ ઢાળા'માંથી, બીજે-ત્રીજે (થી લખેલા હોય છે). છે કે નહિ ? તો ત્યાં આ લોકો ભેદજ્ઞાનનો શું અર્થ કરે છે ? એક શબ્દ રહી ગયો, ભાવ કોઈને ખ્યાલમાં નથી. શબ્દ રહી ગયો. સૂત્રો, ગાથા સૂત્રો, પદો એવા લખેલા હોય છે પણ ઇ બધું આમ સમાજમાં તો સાવ ભૂંસાઈ ગયું. વિદ્વાનોની પણ દૃષ્ટિ બરાબર ન રહી એટલે પણ એનું અર્થઘટન એની પાસે ન રહ્યું.

મુમુક્ષુ :– વિદ્વાનો બધા કહેવાના.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઇ તો શાસ્ત્ર વાંચીને શાસ્ત્રની વાત કરી શકે એટલે વિદ્વાન કહીએ. બાકી કાંઈ (ભાવની સમજણ ન મળે).

આ તો જ્ઞાનીની દશા એ અંતરંગ પરિણતિનો વિષય છે. આ ભેદજ્ઞાનનો વિષય ચાલે છે એ સહજ અંતરંગ પરિણતિનો વિષય છે. એવી સહજ અંતરંગ પરિણતિ બીજાં શુભાશુભ કાર્યો કરવાના સમયે પણ જ્ઞાનીને વર્તતી સહજ ધારા હોય છે. એકધારું પરિણમન એમ લીધું ને ? **'આત્મામાં એકધારું પરિણમન વર્ત્યા જ કરે છે.'** એટલે એક સરખી એ ધારા ચાલે છે.

ક્યારેક જ્ઞાની રડતાં હોય ! તો કહે છે ત્યારે પણ એકધારી જ્ઞાનધારા ચાલે છે. એવો પ્રસંગ હોય કે રડતાં હોય, વિલાપ કરતાં દેખાય ! કેવા રડતાં ? ખાલી આંખમાં પાણી આવી ગયા હોય ને પરિણામમાં શોક થઈ ગયો હોય એટલું નહિ. આ 'રામચંદ્રજી' જુઓ ને ! 'સીતાજી'ના વિયોગમાં કેટલો વિલાપ કરે છે ! પથ્થરને પૂછે, ઝાડને પૂછે, વેલાને પૂછે, છોડવાને પૂછે, પહાડને પૂછે, નદીને પૂછે ! કોઈ પાગલ માણસ પૂછે એમ પૂછે !! તો કહે છે, (આત્મામાં) એકધારું પરિણમન વર્ત્યા કરે છે. ગળે સાંબેલું ઉતારવા જેવું લાગે !!

મુમુક્ષુ :- અત્યારે હોય તો મનાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- માને નહિ. એને એમ કહે કે, આ કોઈ પાગલ માણસને-ગાંડા માણસને આ લોકો જ્ઞાની કહે છે !! નહિતર એ તો બહુ વિચક્ષણ પુરુષ હતાં ! 'રામચંદ્રજી' એટલે 'પુરુષોત્તમ પુરુષ' ! આજે હજારો વર્ષ પછી કહેવાયા, લગભગ ૮૪૦૦૦ વર્ષ થયા. 'મુનિસુવ્રતનાથ ભગવાન' વીસમા તીર્થંકર (વખતે થયા). હજારો વર્ષ પછી એ Title એમને અન્ય મતમાં ચાલુ રાખ્યું છે. એ પુરુષોત્તમ પુરુષ છે, પુરુષોત્તમ પુરુષ એટલે લૌકિક પુરુષને યોગ્ય જેટલી કોઈ વિચક્ષણતા છે એ બધી વિચક્ષણતા એમનામાં હતી. એમણે બોંત્તેર કળા સાધેલી હતી. જગતની કોઈ ચીજ ન આવડે એવી નહિ. ગમે તે વિષય લાવો એની અંદર એ નિપુણ હતાં. Expert ! કોઈ પણ વાત લાવો – કુંભારનું હાંડલું બનાવવું હોય તો સારામાં સારું હાંડલું બનાવી દે. કુંભારને ન આવડે એમને આવડે !

એવી રીતે નૃત્ય કળામાં એવા પ્રવીણ હતા ! વનવાસ દરમ્યાન એક જગ્યાએ એમને એવો દેખાવ કરવો પડ્યો છે કે, સ્ત્રીના કપડાં પહેરીને નૃત્ય કરે !! તો ભલભલા મોહી ગયા કે, અરે...! આ તે કોણ છે !! એવું નૃત્ય આવડે ! એક-એક કળામાં એટલાં નિપુણ હતાં !! છતાં શોકનો પ્રસંગ ઉત્પન્ન થયો તો લોકોને આશ્ચર્ય થાય કે, આટલો બધો શોક જ્ઞાનદશામાં કોઈ કરે ખરા ! હોય ખરા આવા પરિણામ ? ભાઈ ! એ બાહ્ય પરિણમન છે. એની અંતરંગ ધારા ઓળખવી એ બીજો વિષય છે. બાહ્યદૃષ્ટિથી જોવું એ બીજો વિષય છે. જોવાની બે દૃષ્ટિ જુદી-જુદી છે. એક દૃષ્ટિએ બે વાત દેખાતી નથી.

પ્રશ્ન :- એક ધોબીને ખાતર 'સીતાજી'ને કાઢી કેમ મૂક્યા ?

સમાધાન :- ધોબીના કહેવાની વાત અન્ય મતમાં આવે છે એટલું સાવ નથી. ધોબીને ત્યાં તો એક ઝઘડો થયો એમાં ધોબી એવું બોલી ગયો હતો. પણ એકલો ધોબી નહોતો બોલ્યો. એવું બોલાતું થઈ ગઈ હતું, બોલણી થઈ ગઈ હતી. સમાજની અંદર એવી બોલણી થઈ ગઈ હતી કે, બીજાના ઘરે આવેલી સ્ત્રીને 'રામચંદ્રજી'એ રાખી છે તો અમે રાખીએ એમાં શું વાંધો ? સમાજની અંદર એક દૂષણ ચાલુ થઈ ગયું હતું અને મોટા માણસને લઈને લોકો બચાવ કરતા થઈ ગયા હતા. એ પરિસ્થિતિ સમાજની અંદર વધારે પ્રમાણમાં (થઈ ગઈ).

રામરાજ્ય એટલે બહુ સારું રાજ્ય હતું. જેને એમ કહેવાય – સત્યુગ હતો ! ચાલુ ભાષામાં એને શું કહેવાય ? સત્યુગ હતો ! સમાજની અંદર એવા અનિષ્ટો નહોતા થતાં

એવો એ કાળ હતો. એમાં એક અનિષ્ટ શરૂ થયું ત્યારે લોકોની લાગણી બહુ દુભાણી. જેમ કોઈ કહે ને કે, ભાઈ ! આપણી નાતમાં – વાણિયા, બ્રાહ્મણમાં તો આવું ન થાય અને કોઈ કરે (ત્યારે) મન દુભાતું હોય, લાગણી દુભાતી હોય તો પંચ મળીને કહે ને કે, અરે...! આપણે ત્યાં આવું થયું !! આ તો આવું ચાલુ થઈ જશે. આ તો ગમે તે રીતે રોકવું પડે. આ તો પરંપરા ચાલુ થાય. ત્યાં મહાજનને એવું લાગ્યું કે, આ એક મોટા પુરુષનું નામ લઈને લોકો એક પ્રવાહ ચાલતો કરે છે અને સમાજમાં આવી બધી બોલણી ચાલુ થઈ ગઈ છે. આનો કાંઈક રસ્તો (કાઢવો જોઈએ). 'રામચંદ્રજી' પોતે તો મહા વિચક્ષણ પુરુષ છે એમની પાસેથી જ એ રસ્તો કાઢીએ, કેમકે પોતાનું એમાં દૃષ્ટાંત દેવાય છે.

એ દિવસોમાં 'રામચંદ્રજી' 'અયોધ્યા' છોડીને ઉપવનના મહેલો છે એમાં (રહેતાં હતા). જેમ કોઈ કહે છે ને કે અત્યારે Prime minister આરામ કરવા Hill station ગયા છે. પંદર 'દી 'સીમલા'માં રહેશે, 'નૈનીતાલ'માં રહેશે, હમણાં 'દિલ્હી'ની ગાદી કે કારોબાર નહિ સંભાળે. પછી તો ત્યાં પણ ટેલિફોન ચાલતા હોય છે, એને નિરાંત નથી રહેતી; પણ એ જમાનામાં નિરાંતનો વિષય હતો. એટલે કોઈ વખત એવું એકાંતમાં રહેવું હોય, જ્ઞાન-ધ્યાનની પ્રવૃત્તિ કરવી હોય અથવા રાજના કારભારથી અલગ રહેવું હોય તો એવા આજુબાજુમાં ફરવાના સ્થળોમાં એવા મહેલો બંધાવ્યા હોય છે. આ 'ભાવનગર'ના રાજાએ બંધાવ્યા છે ને ? આ 'ચીંચબંગલો' ને બીજા, ત્રીજા ને બધાં.

(એટલે એ વખતે 'રામચંદ્રજી') ઉપવનના મહેલમાં હતા. 'અયોધ્યા'થી થોડા દૂર (હતા) ત્યાં મહાજન પહોંચે છે. (પરંતુ) વાત તો કરી શકતા નથી, કેમકે એમની વાત કરવી હતી. એમના ઘરની આવી વાત કેમ કરે ? અને એમને લાંછન લાગે એવી વાત કહેતાં જીભ કેમ ઊપડે ? આ તો સમર્થ પુરુષ હતાં. પુણ્ય પણ એટલું હતું. એટલે વાત કરવા ગયા તો ખરા પણ કોઈની જીભ ઊપડે નહિ અને કોઈ બોલે નહિ. 'રામચંદ્રજી'ને થયું, આ શું ?! આવ્યા, મળવા આવ્યા અને હવે વાત કરતા નથી, આ તે શું ? વાત કરવાના અભિપ્રાયથી ગયા પણ કોણ બોલે ? એક જણને બોલવું પડે, બોલે કોણ ? આવી વાત કરે કોણ ? એમની પાસે જીભ કોની ઊપડે કે, તમારું લોકો આવું બોલે છે ! એ તો પછી 'રામચંદ્રજી' વિચક્ષણ હતા (એટલે) સમજી ગયા કે, વિષય કાંઈક ગંભીર છે અને મહાજન આવ્યું છે, ડાહ્યા માણસો છે, શાણા માણસો છે, બોલી શકતા નથી એવી કોઈક વાત છે. (એટલે પોતે) હિંમત આપે છે – તમતમારે ગમે તે વાત બેધડક કહો. મને એનું કાંઈ નથી. પછી ડરતાં-

ડરતાં વાત કરે છે કે, આવું બધું સમાજમાં ચાલવા લાગ્યું છે. આનો કોઈ ઉપાય થતો હોય તો કરવાની અમારી વિનંતી છે. કોઈ ઉપાય શોધી કાઢો ! એમણે કોઈ Suggestion નથી કર્યું કે, તમે આમ કરો કે તેમ કરો. એ તો આપને જોવાનું છે. આપ હમણાં 'અયોધ્યા'માં નથી અને કાંઈક અમારા ધ્યાન ઉપર કેટલાંક પ્રસંગો બન્યા છે એમાં આ વાત મોટી થઈને બહાર આવી છે એટલે ધ્યાન ઉપર મૂકીએ છીએ.

એના ઉપરથી એમણે આ બહુ કડક પગલું લીધું છે. એ તો ઉદય અનુસાર છે (એટલે) એવો વિકલ્પ આવી ગયો. ત્યારે પણ એકધારું પરિણમન વર્તે છે. ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ હતાં. અહીંયાં તો વિદ્વાનોની દલીલ ચાલે એવું નથી કે, ક્ષયોપશમ સમ્યગ્દર્શન હોય (એટલે) એ વખતે વમાઈ ગયું હોય ! કેમકે 'સીતાજી' ધર્માત્મા હતા. પત્ની હતા એટલું નહિ, એ પોતે પણ ધર્માત્મા હતા, સમ્યગ્દર્શનને પ્રાપ્ત જીવ હતા–ધર્મી જીવ હતાં–સાધક જીવ હતા. એટલે કુટુંબના પરિવારના સભ્ય તરીકે જોવા ઉપરાંત એની બીજી કિંમત પણ એમના જ્ઞાનમાં હતી. એનાથી 'રામચંદ્રજી' અજાણ નહોતા. છતાં પણ એમણે આ પગલું ભર્યું તો એક અસાધારણ પ્રસંગ બન્યો. તોપણ અહીંયાં કહે છે કે, **'આત્મામાં એકધારું** (ભેદજ્ઞાનનું) **પરિણમન વર્ત્યા જ કરે છે.'** 'સીતાજી'ને જંગલમાં મૂક્યા અને ત્યારે એ દુઃખી થયા ત્યારે પણ એકધારું પરિણમન વર્તે છે. ત્યારે એમને દુઃખ થયું છે કે, આમાં મારો વાંક-ગુનો શું છે ? કુદરતી એ 'અયોધ્યા'માં આવ્યા ત્યારે તો અગ્નિપરીક્ષા સહિત આવેલા હતા, એ પણ જગતમાં પ્રસિદ્ધ હતું. લોકોને ખબર હતી અને છતાં એ વાત ગૌણ થઈને ચાલતી હતી. કેમકે જેને ગુનો કરવો છે એ તો છળ પકડે. જેને દોષ મુખ્ય કરવો છે અને દોષિત રસ્તે ચાલવું છે એ તો કોઈને કોઈ છળ પકડશે. એ છળ પકડીને વાત ચાલતી હતી. છતાં પણ 'સીતાજી'નો એમાં શું દોષ ? કે, કાંઈ દોષ નહોતો. દોષ નહોતો તોપણ એમને એ સહન કરવું પડ્યું. એવો જ બન્નેનો કોઈ અરસપરસનો ઉદય હતો. દ્વેષ થયો હતો એવું નહોતું. એમને ખબર હતી કે, મારાં પ્રત્યે જેટલો રાગ છે એટલો છે, હું જાણું છું – એ જ્ઞાની છે હું જાણું છું – ધર્મી છે એ જાણું છે, એ પણ મને જાણે છે. આમ જ બનવા યોગ્ય હશે. તો એ ચારિત્રમોહને લઈને દુઃખ પણ થાય છે, રડે પણ છે.

એવા બધાં પ્રકાર થાય તોપણ ભેદજ્ઞાનમાં અંદરમાં આત્મામાં ભિન્ન પડેલું પરિણમન તો સહજ જ વર્ત્યા કરે છે. ચારિત્રમોહના મોટા-મોટા ઉછાળા દેખાય, દરિયામાં તોફાન આવ્યું હોય એવું દેખાય ! દરિયામાં તોફાન થાય છે ને ? તો એ પાણીમાં મોજાની જે ઊંચી-

નીચી દશા છે, અમુક જગ્યાએ ઊંચું થાય, અમુક જગ્યાએ એનું નીચું Level હોય અને એ જે પાણીનો ખળભળાટ છે એ કેટલાક Level સુધી હોય છે. ત્યાંને ત્યાં તમે અમુક નીચા Levelમાં જાઓ (તો ત્યાં) ઉપરની કોઈ પરિસ્થિતિ હોતી નથી. માઈલ-અડધો માઈલ નીચે જાઓ (તો) ઉપરનું કોઈ તોફાન નીચે ન હોય. પાંચ માઈલ ઊંડો દરિયો હોય એમાં ચાર માઈલના પાણીનું જે દળ છે એ દળની અંદર કાંઈ ન હોય. અંદર શાંત પાણી હોય. ઉપરનું હાલક-ડોલકપણું થવું જુદું અને નીચેનું શાંત દળ જુદું. પાણીમાં બે કટકા નથી, આમ સળંગ છે તોપણ બન્નેની હાલત જુદી-જુદી છે, બન્નેની સ્થિતિ જુદી-જુદી છે. એમ ચારિત્રમોહના ઉછાળાથી અંદરની ભેદજ્ઞાનની પરિણતિ કોઈ જુદી વર્તે છે. એ આત્માના શાંતિના મહાસાગર સાથે સ્થિર થયેલી પરિણતિ છે. એ પરિણતિમાં તોફાન નથી. એ પરિણતિમાં આકુળતા નથી, રાગ નથી, દ્વેષ નથી, શોક નથી, મોહ નથી, કાંઈ નથી. એ વીતરાગી દશારૂપ પરિણતિ છે, વીતરાગદશા છે. ત્યાં ઉપરની આ કોઈ ચીજ દેખાતી નથી.

'ગુરુદેવશ્રી' એમ કહેતાં કે, જ્ઞાની લડાઈમાં ઊભો છે, લડાઈ કરે છે ત્યારે દ્વેષભાવ વર્તે છે એમાં ઊભો છે કે નહિ ? જ્ઞાની રણમેદાનમાં ઊભો નથી, જ્ઞાની આત્મામાં ઊભો છે, એમ કહેતાં, એવી વાત કરતાં. સામાન્યબુદ્ધિએ ન સમજાય એવો વિષય છે. પણ આ એક પરિસ્થિતિ છે, આ એક સ્થિતિ છે. આત્માના અત્યંત આત્મિક રસે કરીને ઊભી થયેલી આ પરિણતિ છે. આ પ્રગટ દશા છે અને એની તાકાત ઘણી છે ! એટલી બધી એની તાકાત છે કે, એ ચારિત્રમોહના ઉછાળા એને સ્પર્શી શકતા નથી, એને હલાવી શકતા નથી – આ સ્થિતિ છે. એટલી બધી એમાં શક્તિ હોય છે કે, વજ્રપાત થાય તોપણ એમાં ફેરફાર થતો નથી !! અથવા બહારના સંયોગોની તો એમાં પહોંચ નથી પણ એની દશાના રાગ-દ્વેષના ઉછાળાની એમાં પહોંચ નથી. એનાથી એ નિરપેક્ષ છે.

(અહીંયાં કહે છે) એવું સહજ પરિણમન થઈ ગયું હોય છે અને તે પરિણમન એકધારું વર્ત્યા જ કરે છે. એકધારું પરિણમન–એ ધારા ચાલ્યા જ કરે છે. એમાં આત્માની શક્તિ પ્રગટ થયેલી હોય છે. આત્માની મૂળ શક્તિ છે એ શક્તિને તોડવા જગતમાં કોઈ દ્રવ્ય કે જગતનો કોઈ ભાવ સમર્થ નથી અથવા ત્યાં સુધી કોઈની પહોંચ જ નથી ! એવું એ અંતરંગ પરિણમન ઘણી શક્તિથી મજબૂત થયેલું છે.

'સમયસાર'ના 'નિર્જરા અધિકાર'માં (કહે છે કે), જ્ઞાની સપ્ત ભય રહિત છે. સાતેય પ્રકારનાં એને ભય નથી. આલોક ભય, પરલોક ભય, ચોરીનો ભય, અરક્ષાનો ભય, મરણ

ભય, અકસ્માત્ ભય – કોઈ ભય એને નથી. એમ કહીને આ પરિણતિ બતાવવી છે. ત્યાં એ સાતેય શ્લોકની અંદર એક વાત લીધી છે કે, જ્ઞાની છે એ સતતપણે આત્માને **'विन्दती'** એટલે વેદે છે – અનુભવ કરે છે. એ સાતેય શ્લોકનું છેલ્લું પદ એક જ છે કે, આત્માને અનુભવે છે – આત્માને વેદે છે. એ આત્માના વેદનની અંદર આ કોઈ પ્રકારના બહારના કાર્યો જેને જગતની અંદર ભય કહેવામાં આવે છે એવો ભય જ્ઞાનીને નથી. અને તેથી કરીને જ્ઞાની નિર્જરાવંત છે. એને નિર્જરા જ થઈ રહી છે. કોઈપણ પ્રસંગમાં આ પરિણતિ હોવાને લીધે એને નિર્જરા છે. આ ભેદજ્ઞાનની પરિણતિ–જ્ઞાનધારાને લઈને નિર્જરા છે. આચાર્યદેવે એ વાત 'નિર્જરા અધિકાર'માં જોરથી લીધેલી છે. પછી ઘણાં નથી સમજતા એ મુનિની વાત લઈ લ્યે છે, પણ અધિકાર જ ચોથા ગુણસ્થાની – જઘન્ય જ્ઞાનીથી શરૂ કરેલો છે. જઘન્ય જ્ઞાનીને... જઘન્ય જ્ઞાનીને લઈને આટલું બંધન છે, એ બધી વાત સ્થાપીને આ તો છેલ્લે વાત લીધી છે. આ વાત તો એમણે છેલ્લે લીધી છે. પાછળના કળશ છે.

**'निःशंकः'** (અર્થાત્) નિઃશંક છે. પોતાના વેદનની અંદર નિઃશંક છે. **'निशंकः सततं स्वयं'** (અર્થાત્) સતતપણે **'स्वयं'** – પોતાની મેળે **'स'** એટલે તે જ્ઞાની **'सहजं'** સહજપણે. આ જે સહજ... સહજ... સહજ... (આવ્યું તે) સહજપણે **'ज्ञानं सदा विन्दति।'** જ્ઞાન નામ આત્માને, જ્ઞાન નામ આત્માના જ્ઞાનવેદનને સહજપણે સતતપણે નિરંતરપણે વેદ્યા જ કરે છે. એમાં જ પડેલો છે. ત્યાં જ એણે પોતાનું અસ્તિત્વ ગ્રહણ કર્યું છે. બધેથી ઊઠી ગયો છે, ખાલી થઈ ગયો છે. ચોથા ગુણસ્થાનમાં ! આ **'निःशंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।'** આ ચોથું પદ સાતેય શ્લોકની અંદર એક જ લીધું છે. સાતેય ભયની અંદર. એ રીતે અહીંયાં ભેદજ્ઞાનનો વિષય ચાલ્યો છે. (વિશેષ આવતી કાલના સ્વાધ્યાયમાં)....

**'નયપક્ષના વિકલ્પ રહિત, એકાકાર મારું સ્વરૂપ છે. તેમ પ્રથમ દૃઢ રહેવું જોઈએ;' - નિઃશંક થવું જોઈએ; પછી વિકલ્પ થાય, તો પણ તે તોડીને (ઉક્ત દૃઢતાથી) સ્વભાવ પ્રતિ જવું જોઈએ.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૩૨)

## પ્રવચન નં. ૫, વચનામૃત–૩,૪
## તા. ૦૮-૧૧-૧૯૮૬,

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–બીજું. ત્રીજો બોલ કાલે ચાલ્યો. જ્ઞાનીની દશામાં ભેદજ્ઞાનની સહજતા કેવા પ્રકારની હોય છે (એ આ બોલનો વિષય છે). અનંત ગુણ પ્રગટ થયા હોવાથી જ્ઞાનદશા અથવા જ્ઞાનીની દશા અનંત ગુણ વિશિષ્ટ છે. ઘણાં ગુણ છે–અનંત ગુણો છે. અનંત ગુણો પ્રગટ્યા છે એટલે ગુણવિશિષ્ટ છે, ગુણવાન દશા છે. એમાં ભેદજ્ઞાનનો વિષય તો ઘણો ઊંડો અને વિશાળ છે.

આ બોલમાં તો ફક્ત એટલો જ મુદ્દો લીધો છે કે, જ્ઞાનીને ભેદજ્ઞાન છે એ સહજ છે. અનંત આત્મરસે કરીને પ્રગટ થયેલો ભિન્નપણાનો ભાવ સહજ ભેદજ્ઞાનરૂપે પ્રવર્તે છે અને એવું સહજ પરિણમન જ્ઞાનીની દશામાં નહિ કહેતાં (અહીંયાં) આત્મામાં કહ્યું છે. છે તો દશામાં પણ (એમ કહ્યું છે કે) **'આત્મામાં એકધારું પરિણમન વર્ત્યા જ કરે છે.'** એમાં શુભાશુભ ભાવને, પુણ્ય-પાપ ભાવને કે કષાયની મંદતા-તીવ્રતાના ભાવની એમાં અપેક્ષા નથી. **'એકધારું પરિણમન વર્ત્યા જ કરે છે.'** એમાં જ્ઞાનધારા કર્મધારાથી નિરપેક્ષ વર્તે છે એમ લેવું છે.

પ્રશ્ન :– ગઈકાલે એક વાત થઈ હતી કે, જ્ઞાનીને લોકદષ્ટિ નથી હોતી. એમાંથી અમારે શું લેવું ? અને વિષય-કષાયને વશ થઈને લોકદષ્ટિ મુખ્ય રહેતી હોય તો એ દોષથી બચવું કેમ ?

સમાધાન :– લોકદષ્ટિ એટલે લોકોની નજરમાં પોતાનો દેખાવ પોતાની કલ્પના પ્રમાણે

અમુક પ્રકારનો આવો હોવો જોઈએ, રહેવો જોઈએ. એવો અભિપ્રાય અને એવું વલણ, એવી નજર સતત રહેવી એવું જ્ઞાનીને ન હોય તો એવું આપણને જ્યારે લક્ષમાં આવે ત્યારે; આમ તો એકધારું એવું અજ્ઞાનદશામાં વર્તતું હોય છે, પણ ખ્યાલમાં આવે ત્યારે એને પોતાની (એવી) રીત ભૂલાય, છૂટે એવા પ્રકારનું વલણ રાખવું જોઈએ.

જેમકે દાન દેવાનો ભાવ આવે છે. દાન દેવાનું એક દૃષ્ટાંત લઈએ. દાન દેવાનો ભાવ આવે છે. દાન દેવાથી બીજાને પણ ખ્યાલ આવે છે કે, આણે આટલું મોટું દાન કર્યું ! એ સાથે-સાથે એને એવો ભાવ રહેતો હોય કે લોકો મને 'મોટો દાન દેનાર છું' એવી નજરે જોશે. એ પ્રવૃત્તિમાં–આત્માર્થીએ એવી પ્રવૃત્તિમાં આગળ વધવું ન જોઈએ.

એમ ક્યાંક માનનું સ્થાન હોય, માન મળતું હોય અને પોતાની લોકદૃષ્ટિ એવી રહેતી હોય કે, 'બધાં મને માન આપે' તો એવા સ્થાન, એવા પ્રસંગોથી દૂર રહેવું, દૂર ભાગવું. એવો પ્રયત્ન આત્માર્થીએ કરવો જોઈએ. લોકદૃષ્ટિએ કરીને જ્યાં-જ્યાં પોતાને નુકસાન થવાનો ઉદય હોય (તો) એ સ્થાનને એણે છોડવું, એ સ્થાનથી દૂર રહેવાનો પ્રયત્ન કરવો, એમાં જાગૃતિ રાખવી; નહિતર લોકદૃષ્ટિ જેવું બીજું ઝેર એકેય નથી ! બહુ મોટું ઝેર છે !! કાળકૂટ ઝેર છે, હળાહળ ઝેર છે, એમ કહીએ તો ચાલે. આત્માને માર્ગપ્રાપ્તિમાં, આનંદ-અમૃતના ભોગવટામાં એ ઝેર થઈને પડે છે.

મુમુક્ષુ :– પોતાને હોંશિયાર માનવાવાળા હોંશથી ફસાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– માને એથી શું થઈ ગયું ? કર્મ કોઈની કાંઈ શરમ રાખે છે ? બીજા જીવો સમજશે કે નહિ સમજે એની સાથે કંઈ નિયમ નથી કે, બીજાને ખ્યાલ આવે કે ન આવે. કોઈના દોષનો કોઈને ખ્યાલ આવે કે ન આવે પણ કર્મ તો એક એવી કુદરતી વસ્તુ છે કે, અહીંયાં દોષનું પરિણમન થયું (કે) અહીંયાં આસ્રવ-બંધ થયા વિના નહિ રહે. એને ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈ રોકી શકતા નથી. ખુદ જિનેન્દ્ર નથી રોકી શકતા ! ત્યાં બીજો તો કાંઈ ઉપાય નથી.

પ્રશ્ન :– દાન દેવું બંધ કરવું કે લોકદૃષ્ટિનો ત્યાગ કરીને દાન દેવું ?

સમાધાન :– લોકદૃષ્ટિનો ત્યાગ કરવો. દાન દેવાનો ત્યાગ કરવાનો સવાલ નથી પણ લોકદૃષ્ટિનો ત્યાગ કરવો. મુદ્દો તો લોકદૃષ્ટિનો ત્યાગ કરવાનો છે. લોકદૃષ્ટિમાં શું છે કે લોકોની નજરમાં પોતે મુખ્ય થાય છે તો એ મુખ્યપણું એણે છોડી દેવું. ગુપ્ત રહીને કરવું, દાન દેવું હોય તો ગુપ્ત રહીને કરવું.

એવી રીતે આત્મસાધન કરવામાં એને બહાર પ્રતિષ્ઠા મળતી હોય અને એને દૂર જવું હોય તો પોતાનું કાર્ય ગુપ્ત રીતે કરવું, સ્વકાર્ય ગુપ્ત રીતે કરવું. એની જાહેરાત ન થાય એવી સાવધાની રાખવી – એમ, એવો પ્રકાર છે. પોતાને નુકસાનથી કેવી રીતે બચવું ? એ તો સમજાય એવું છે. જેને નુકસાનથી બચવું હોય એને તો સમજાય એવું છે. છતાં જ્ઞાનીઓ નિષ્કારણ કરુણાથી કહે છે કે, આમ કરવું... આમ કરવું... આમ કરવું... અનેક પ્રકારે ઉપદેશ આપે છે.

પ્રશ્ન :– જ્ઞાની સિવાય કોઈપણ આત્માની પ્રશંસા કરવી એ લોકદૃષ્ટિમાં જાય છે ?

સમાધાન :– એમાં અભિપ્રાય શું છે એટલો સવાલ છે. જ્ઞાનીની પ્રશંસા તો પૂજ્યતાની દૃષ્ટિથી થાય છે. એવી પૂજિતપણાની દૃષ્ટિ તો ન રહેવી જોઈએ. જેને જ્ઞાનદશા ન વર્તતી હોય એના પ્રત્યે બીજો લૌકિક શિષ્ટાચાર જુદો વિષય છે. અને ધર્મની દૃષ્ટિએ પૂજ્યપણું, ધર્મદૃષ્ટિએ બહુમાનપણું (થવું) એ બીજો વિષય છે. બે જુદો-જુદો વિષય છે. બન્નેને યથાસ્થાને રાખવું જોઈએ. એનું નામ વિવેક છે.

આ તો વિચાર એ આવ્યો કે, આ ગ્રંથની અંદર ભેદજ્ઞાનના તો અનેક બોલ છે. અધ્યાત્મ શાસ્ત્ર છે એટલે ભેદજ્ઞાનનો વિષય તો અનેક ઠેકાણે આવશે અને અનેક ઠેકાણે એનાં ભિન્ન-ભિન્ન પાસા પણ આવશે. એટલે અહીંયાં પ્રસ્તુત બોલની અંદર બધાં પાસાની ચર્ચા નથી. એટલે બધાં પાસાની ચર્ચાનો વિષય લેતા પણ નથી. એટલું જ એક પાસુ છે કે આ કોઈ કૃત્રિમતાથી યાદ કરવાનો વિષય નથી. જ્ઞાનીની દશાનું આ એક સહજ પરિણમન છે અને એ શુભાશુભથી નિરપેક્ષ વર્ત્યા કરે છે. અશુભભાવ હો, શુભભાવ હો, કષાય તીવ્ર થાઓ, મંદ થાઓ, જ્ઞાનધારા જ્ઞાનધારાનું કામ કરે છે. અત્યંત રસે કરીને જુદો પડી ગયેલો શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના પરિણામનો એક ભાગ–એક ભાવ જે પોતાનું કામ સતતપણે કર્યા કરે છે. એમાં પુરુષાર્થ પણ સહજ વર્તતો હોય છે, પુરુષાર્થસહિત જ હોય છે. એટલે એ પોતાની દશામાં આગળ પણ વધતાં જાય છે. એને નિર્જરા પણ ચાલુ છે અને શુદ્ધિ વૃદ્ધિગત થતી જ જાય છે. તેનું તે ગુણસ્થાન હોય તોપણ ! જેમ-જેમ સમય જાય તેમ આત્મામાં પવિત્રતા અને શુદ્ધિ વધતી જ જાય છે. એનું કારણ ભેદજ્ઞાનનું એકધારું સહજ પરિણમન છે.

**જ્ઞાન અને વૈરાગ્ય એકબીજાને પ્રોત્સાહન આપનારાં છે. જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર વૈરાગ્ય નથી પણ રુંધાયેલો કષાય છે. પરંતુ જ્ઞાન નહિ હોવાથી જીવ કષાયને ઓળખી શકતો નથી. જ્ઞાન પોતે માર્ગને ઓળખે છે, અને વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી પણ બધાથી નિસ્પૃહ અને સ્વની મોજમાં ટકાવી રાખે છે. જ્ઞાન સહિતનું જીવન નિયમથી વૈરાગ્યમય જ હોય છે. ૪.**

હવે, ચોથો બોલ. ચોથો બોલ છે એનો વિષય છે – જ્ઞાન અને વૈરાગ્ય.

જ્ઞાન એટલે યથાર્થ જ્ઞાન અને 'વૈરાગ્ય એટલે પરપદાર્થની અપેક્ષાબુદ્ધિનો યથાર્થ પ્રકારે અભાવ.' એવું જે **'જ્ઞાન...'** (એટલે) યથાર્થ જ્ઞાન **'અને વૈરાગ્ય એકબીજાને પ્રોત્સાહન આપનારાં છે.'** એટલે જ્ઞાનથી વૈરાગ્ય ઊપજે અને વૈરાગ્ય જ્ઞાનને વધારે નિર્મળ કરે. એકબીજાના ગુણવિકાસમાં પૂરક પરિણામો છે અથવા બન્ને ગુણ એકબીજાના વિકાસમાં નિમિત્ત પડે છે. વૈરાગ્ય પણ ગુણ છે, જ્ઞાન પણ ગુણ છે.

એ યથાર્થ જ્ઞાન છે અને પરપદાર્થ પ્રત્યેની ઉપેક્ષાબુદ્ધિ, ઉદાસીનભાવ, અપેક્ષારહિતપણું એવું જે વૈરાગ્યનું પરિણમન છે એ બન્ને એકબીજાને પ્રોત્સાહન આપે છે અથવા એકબીજાના પૂરક તત્ત્વો છે. જ્ઞાનથી વૈરાગ્ય વધે છે, કેમકે જ્ઞાન ભલે પરપદાર્થ સાથે જોડાય તોપણ યથાર્થ જ્ઞાન એમ જાણે છે કે, કોઈ પરપદાર્થમાં મારું સુખ મને ભાસતું નથી. મારું સુખ મને (પરપદાર્થમાં) નહિ દેખાતું હોવાથી તે પદાર્થની સુખબુદ્ધિએ અપેક્ષા ઉત્પન્ન ન થાય. જો જ્ઞાન યથાર્થ થઈને પરપદાર્થને સુખરહિતપણે, સુખના અભાવસ્વભાવે જોઈ શકે તો એ જ્ઞાન એ પદાર્થ પ્રત્યેની અપેક્ષાબુદ્ધિનો અભાવ કરે એને 'વૈરાગ્ય' કહેવામાં આવે છે. (આ રીતે) એ જ્ઞાન વૈરાગ્યનું ઉત્પાદક થયું.

પરપદાર્થ પ્રત્યે પરરસ ન થયો, એ પરરસ ન થયો તે જ્ઞાનને મલિન કરનારો ભાવ ન થયો તેથી જ્ઞાન આપોઆપ નિર્મળ થશે. કેમકે એનો સ્વભાવ નિર્મળ થવાનો છે. પાણીને ગરમ ન કરો (તો) પાણી આપોઆપ ઠંડું થતું જવાનું. એની ગરમ કરવાની પરિસ્થિતિને બંધ કરી દો (એટલે કે) ગેસને, ચૂલાને, સ્ટવને બંધ કરી દો (તો) પાણી આપોઆપ ઠંડું થવાનું. એમ કષાયરસથી મલિન થયેલું પરિણામ, પરરસથી મલિન થયેલું પરિણામ (છે) એમાં જીવ પરરસ લેતો બંધ થાય ત્યારે એ જ્ઞાન છે તે આપોઆપ નિર્મળ થવા લાગશે. આમ **'જ્ઞાન અને વૈરાગ્ય એકબીજાને પ્રોત્સાહન આપનારાં છે.'**

**'જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર વૈરાગ્ય નથી પણ રુંધાયેલો કષાય છે.'** આ એક સિદ્ધાંત જેવી વાત બહાર પાડી છે. અનેક જીવોને જ્ઞાન નથી હોતું અને વૈરાગ્ય હોય છે એવા જીવો ધર્મના ક્ષેત્રમાં જોવામાં આવે છે. વૈરાગ્ય હોય છે પણ એને જ્ઞાનની યથાર્થતા હોતી નથી અથવા આત્મજ્ઞાન હોતું નથી. જ્ઞાનદશા લઈએ–મોક્ષમાર્ગની દશા લઈએ તો મોક્ષમાર્ગની અંદર આત્મજ્ઞાન તો નિયમબદ્ધપણે હોય છે અને જેને આત્મજ્ઞાન હોય છે તેને વૈરાગ્ય પણ નિયમબદ્ધપણે હોય છે.

પરંતુ કેટલાંક જીવોને પૂર્વકર્મનો ઉદય એવો હોય છે કે, ચોથા ગુણસ્થાને એનો વૈરાગ્ય છે એ માત્ર અંતર વૈરાગ્ય હોય છે, બહારમાં એ વૈરાગ્ય દેખાતો નથી. ઇન્દ્ર હોય છે, ચક્રવર્તી હોય છે, એવા કોઈ શ્રીમંત હોય છે, રાજા-મહારાજા હોય છે એને બહારનો ઉદય વૈભવયુક્ત સંયોગોનો હોય છે, તો એવા જીવોને અંતર વૈરાગ્ય હોય છે એ બહારમાં નથી દેખાતો.

પ્રશ્ન :– ચક્રવર્તી વૈરાગી છે ?

સમાધાન :– ચક્રવર્તી બરાબર વૈરાગી છે. સોએ સો ટકા વૈરાગી છે. એને રસ નથી એનું નામ વૈરાગ્ય છે. પૂર્વકર્મના પ્રાપ્ત સંયોગોમાં – ઉદયમાન સંયોગોમાં એને રસ નથી. ભિન્નપણાનો ભાવ વર્તે છે, ભેદજ્ઞાન વર્તે છે. એનાથી હું ખાલી છું, એ બધું શૂન્ય અને ખાલી-ખાલી છે એવું એના જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય છે. તેથી એના ઉપર એને રસ નથી. રસ નથી એ એનો વૈરાગ્ય છે. નીરસ પરિણામ એ વૈરાગ્ય છે.

વૈરાગ્યની પરિભાષા કરીએ તો પરપદાર્થ પ્રત્યેના નીરસ પરિણામ અથવા પરપદાર્થમાં પણ ખાસ કરીને ઉદયમાન સંયોગોમાં, ઉદયમાન પ્રસંગોમાં નીરસપણું – એને વૈરાગ્ય કહેવામાં આવે છે. એ નીરસપણું યથાર્થ જ્ઞાનપૂર્વક – સાચા જ્ઞાનપૂર્વક હોવું ઘટે છે. તો એ વૈરાગ્ય

યથાર્થ વૈરાગ્ય છે – સાચો વૈરાગ્ય છે. નહિતર એણે કોઈને કોઈ અયથાર્થ આલંબન પકડીને બહારમાં ત્યાગ-વૈરાગ્ય કર્યો છે. એ એને આત્મહિતમાં લાભદાયક નહિ થાય. આવી પરિસ્થિતિ હોય છે. જબરજસ્ત વાત છે ! એને એમ કહે છે કે, તું છેતરાઈશ નહિ, એ વૈરાગ્યમાં વૈરાગ્ય માની બેસીશ નહિ, ત્યાં તારો કષાય રુંધાઈને ઊભો છે. તેં થોડીવાર માટે એને રુંધી રાખ્યો છે પણ જ્વાળામુખીની જેમ એ ફાટશે !! (એ) રુંધાયેલી ચીજ છે, એનામાં શક્તિ છે–કષાયશક્તિ છે. નહિ રોકાય એ, બહાર આવી જશે સીધી ! એટલે એકદમ બહાર ફાટે છે. જ્વાળામુખી આમ શાંત દેખાય (પણ) જ્યારે જીવતો થાય ત્યારે અંદરથી ધગધગતો લાવારસ અંદરથી નીકળે ! એમ (અહીંયાં) ધગધગતો કષાય બહાર આવશે. ક્યાં સુધી રુંધી-રુંધીને રાખીશ ? એનામાં પણ શક્તિ છે. જરાક તારી નબળાઈ ઊભી થશે (એટલે) કષાય બહાર આવી જશે.

**'જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર વૈરાગ્ય નથી પણ રુંધાયેલો કષાય છે.'** એ વૈરાગ્ય નથી પણ એને જ કષાય કહ્યો છે ! પણ એ રુંધાયેલી સ્થિતિવાળો બતાવ્યો છે. પણ છે એ કષાય, એ વૈરાગ્ય નથી. એ ગુણ જ નથી એમ કહ્યું. એને થોડાં Mark આપવા કે ન આપવા ? (કહે છે) એ પ્રશ્ન નથી રહેતો. કામ કરવું તો યોગ્ય પદ્ધતિથી યોગ્ય રીતે કરવું – અહીંયાં એક જ વાત છે. અયોગ્ય પદ્ધતિથી કામ કરવાથી શક્તિ અને સમય બન્ને વેડફાય છે, બીજું કાંઈ થતું નથી.

મુમુક્ષુ :– સાચું જ્ઞાન હોય એનો વૈરાગ્ય સાચો અને સાચો વૈરાગ્ય હોય એનું જ્ઞાન પણ સાચું.

પૂજ્ય ભાઈશ્રી :– સાચો વૈરાગ્ય જ્ઞાનપૂર્વક જ હોય છે. વૈરાગ્ય હોય (પણ) જ્ઞાનપૂર્વકનો ન હોય તો એ સાચો વૈરાગ્ય નથી હોતો. વૈરાગ્યપૂર્વક જ્ઞાન નહિ પણ જ્ઞાનપૂર્વક વૈરાગ્ય લેવું. જ્ઞાનપૂર્વક વૈરાગ્ય લેવું, વૈરાગ્યપૂર્વક જ્ઞાન નહિ.

મુમુક્ષુ :– ઘણીવાર વૈરાગ્ય હોય છે એ કષાયથી ઉત્પન્ન થયેલો વૈરાગ્ય હોય છે. પોતાની ઇચ્છા પ્રમાણે વસ્તુની પ્રાપ્તિ ન થાય તો એકદમ છોડી દે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, કષાયથી (ઉત્પન્ન થયેલો હોય છે). આ ન જોઈએ... આ ન જોઈએ... છોડો આ બધું... છોડો આ બધું... આવું છે ને તેવું છે ! એ (વૈરાગ્ય) નથી. અથવા કોઈ એવી રીતે વિચારે છે કે, ભોગ-ઉપભોગમાં રહેવાથી ભોગ-ઉપભોગમાં પરિણામ તીવ્ર તો થાય જ છે અને એવાં પરિણામથી જે પાપ બંધાય છે એનાથી ગતિ બગડે છે,

દુર્ગતિ થાય છે, તિર્યંચ ગતિ થાય છે, નરક ગતિ થાય છે. એમાં ઘણાં દુઃખ ભોગવવા પડે છે, માટે એ કરવા જેવું નથી. જો વૈરાગ્યપૂર્વક ત્યાગ નહિ લઈએ અને સંસારના ભોગ-ઉપભોગવાળા સંયોગોની અંદર રહીશું તો એ પરિણામોથી મારી દુર્ગતિ થશે. દુર્ગતિ થવાથી મારે ભવિષ્યમાં અનેક દુઃખ ભોગવવા પડશે. એના કરતાં અત્યારે મને આટલી સમજણ આવી છે તો મને ભલે પૂર્વના પુણ્યના ઉદયથી સંયોગો મળેલા છે છતાં લાવ, એનો હું ત્યાગ કરી નાખું ! તો આવી સમજણથી ત્યાગ કર્યો એ સમજણ સાચી કે નહિ ? (તો કહે છે કે) નહિ. એ દુઃખગર્ભિત વૈરાગ્ય છે. એણે દુઃખનું આલંબન લીધું છે.

મુમુક્ષુ :- ભવિષ્યમાં વધારે સંયોગ મળશે એટલા માટે વૈરાગ્યમાં આવે.

પૂજ્ય ભાઈશ્રી :- તો જાજું પાપ કરશે ! ભવિષ્યમાં એના પુણ્ય બંધાશે અને દેવલોક આદિના સારા સંયોગ અને સારી ગતિ મળશે (તો) વધારે રસ લઈને વધારે પાપ કરશે. તો આજે પાપ ન કરવું અને કાલે પાપ કરવું – એ સિદ્ધાંત યોગ્ય છે ? આજે ન કરવું (એટલે કે) આ ભવમાં પાપ ન કરવું, આવતા ભવમાં થાય તો વાંધો નહિ ! એને નહિ કરવાનો સવાલ ક્યાં ઊભો થાય ?

જ્ઞાનપૂર્વકના વૈરાગ્યમાં આધાર જ્ઞાનનો લેવામાં આવે છે. દા.ત. અહીંયાં જ્ઞાનનો વિષય આત્મા લઈએ કે, આ આત્મા છે એ પોતાના સ્વરૂપે કરીને પરિપૂર્ણ છે. જે પૂર્ણ તત્ત્વ છે એને પરની અપેક્ષા શું ? જો હું મારાં સ્વરૂપથી પૂર્ણ છું તો મારે કોઈ પરની અપેક્ષા નથી. હરહાલતમાં હું પૂર્ણ છું, સદાય પૂર્ણ છું, વર્તમાનમાં પૂર્ણ છું, મને કોઈની અપેક્ષા નથી. જ્યાં એની અપેક્ષાબુદ્ધિ ગઈ અને નીરસ પરિણામ આવ્યું એનું નામ વૈરાગ્ય છે. એવું સ્વરૂપના આધારિત જ્ઞાન છે તે જ્ઞાન છે અને એ પૂર્વક અપેક્ષાબુદ્ધિનો અભાવ થવો એનું નામ વૈરાગ્ય છે. એનું નામ યથાર્થ જ્ઞાન અને એનું નામ યથાર્થ વૈરાગ્ય. હવે સ્વપદાર્થના સંબંધમાં પોતાની પૂર્ણતાનું અવલંબન છે, છતાં પણ પરપદાર્થમાં જ્ઞાનનો ઉપયોગ નથી જતો એવું નથી બનતું. છદ્મસ્થને ઉપયોગ જાય છે ત્યારે એ પરપદાર્થને પોતાથી શૂન્ય જોવે છે, પોતાના સુખથી રહિત જોવે છે, જડ જોવે છે. જડમાં સુખ અને આનંદ હોતા નથી એવું એને પ્રત્યક્ષ જણાય છે. જ્યાં સુખ નથી અને આનંદ નથી ત્યાં આત્માને રસ નથી. આત્માને ક્યાં રસ છે ? જ્યાં પોતાને સુખ (થાય) અને પોતાને આનંદ થાય ત્યાં રસ છે. એ સિવાય એને ક્યાંય રસ નથી. આ તો સીધી વાત છે કે નહિ ?

પ્રશ્ન :- આ જે જ્ઞાન અને વૈરાગ્ય આવ્યા તો એમાં અસ્તિથી લઈએ તો જ્ઞાન અને

નાસ્તિથી લઈએ તો વૈરાગ્ય. બન્ને એક જ છે ?

સમાધાન :– એક જ પર્યાયના બે પાસા છે. આત્માની એક પર્યાયના બે પાસા છે. એક સિક્કાની બે બાજુ છે. એક બાજુ આવી છાપ છે અને બીજી બાજુ આવી છાપ છે. બસ ! એટલી વાત છે. જેમ આપણે સિક્કો હોય છે તો એક બાજુ રાજની મહોર છે. એટલે આ સિંહના ત્રણ મહોર અને અશોકચક્ર, તો બીજી બાજુ આંકડા લખેલા છે, સાલ લખેલી છે. સિક્કો તો એક જ છે (અને) બાજુ બે છે. જેને સિક્કો મળે એને એક બાજુવાળો મળે કે બે બાજુવાળો મળે ? (એમ અહીંયાં) જેને જ્ઞાન થાય એને વૈરાગ્ય હોય, હોય ને હોય જ. ન હોય એવું બને નહિ. યથાર્થ વૈરાગ્યવાળાને યથાર્થ જ્ઞાન હોય. હોય, હોય ને હોય જ. નહિ હોવાનો પ્રશ્ન નથી.

પ્રશ્ન :– સિક્કામાં એક બાજુ છાપેલી હોય અને બીજુ બાજુ કોરી હોય તો ?

સમાધાન :– તો એ સિક્કો ચાલે નહિ. લ્યે ? ચલાવે કોઈ ? પાછો આપી દે. એની કિંમત ન આવે, એનો માલ ન આવે. એટલે અહીંયાં (સિદ્ધાંતમાં લઈએ તો) એની શાંતિ નહિ મળે. કોઈ એમ કહે કે, મને આત્માનું જ્ઞાન છે. 'કુંદકુંદભગવાન' કહે છે એવો જ બરાબર હું જાણું છું. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય, દ્રવ્ય-ગુણ-પર્યાય, ગુણ-ગુણીના ભેદ – બધું બરાબર આવડે છે. એવો હું જ્ઞાનમય અનંત ગુણનો પિંડ આત્મા માનું છું, જાણું છું; પણ વૈરાગ્ય નથી ! પરપદાર્થમાં – ઇચ્છિત પદાર્થમાં તીવ્ર રસ આવે છે અને અનિચ્છા થતાં તીવ્ર અણગમો થઈ આવે છે. એમાં કાંઈ ફેર પડતો નથી. જ્ઞાન તો બરાબર છે, એક વૈરાગ્યની ખામી છે !! એને (અહીંયાં) ના પાડે છે. એવી ભૂલ કરનારા હોય છે, એવી ભૂલ થાય છે કે, ધારણાજ્ઞાનને, ભણતરવાળાજ્ઞાનને જ્ઞાન માની બેઠેલાઓ હોય છે અને એના વૈરાગ્યના ઠેકાણા હોતાં નથી. એના સંગ-પ્રસંગમાં અંદર એને એટલો રસ આવે છે (કે) તીવ્ર રસથી તન્મય થાય છે. તો એને એ જ્ઞાન નથી એમ કહેવું છે. કેટલાંક જીવો એવા હોય છે કે વૈરાગ્ય... વૈરાગ્ય... વૈરાગ્ય... વૈરાગ્ય... (દેખાય), એના જીવનની અંદર એને ઘણો વૈરાગ્ય દેખાય (પણ) જ્ઞાનના કાંઈ ઠેકાણા ન હોય. તો એને કહે છે કે, તું ભૂલો પડ્યો છે. વૈરાગ્ય નથી આ રુંધાયેલો કષાય છે. જ્ઞાન વગરનો વૈરાગ્ય ક્યારેય હોતો નથી, હોઈ શકે નહિ. કેમકે એક સિક્કાની બે બાજુ સાથે જ રહે છે.

('સમયસાર'માં) 'નિર્જરા અધિકાર'માં એ વિષય લીધો છે કે, જ્ઞાનીને જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ (નિયમથી હોય છે). ત્યાં 'સમ્યક્દૃષ્ટિ' શબ્દ વાપર્યો છે. **'सम्यग्दष्टेर्भवति नियतं**

**ज्ञानवैराग्यशक्तिः**' 'અમૃતચંદ્રાચાર્યદેવ'નું આવું પદ છે. 'સમયસાર' છે ને ? કેમકે ત્યાં જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે એવી બધી વાતો શરૂઆતમાં લીધી. તો એમ કહે છે કે, આમાં ઉદ્દેશ શું છે ? જ્ઞાનીને ભોગ-ઉપભોગ હોય ? એવી વાત નથી કહેવી. પણ પરપદાર્થને લઈને દોષ નથી, જ્ઞાનીને દોષ નથી, પૂર્વકર્મને લઈને કે ઉદયને લઈને જ્ઞાનીને દોષ નથી એટલું જ કહેવું છે. ૧૩૬ (નંબરનો) કળશ છે, ૧૯૭ ગાથામાં છે. **'સેવે છતાં નહિ સેવતો, અણસેવતો સેવક બને, પ્રકરણ તણી ચેષ્ટા કરે પણ પ્રાકરણ જ્યમ નહિ ઠરે.'**

**सम्यग्दष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः**
**स्वं वस्तुत्वं कलयितुमयं स्वान्यरूपाप्तिमुक्तया।**
**यस्माज्ज्ञात्वा व्यतिकरमिदं तत्त्वतः स्वं परं च**
**स्वस्मिन्नास्ते विरमति परात्सर्वतो रागयोगात्।।१३६।।**

**(શ્લોકાર્થ) :– 'સમ્યક્દૃષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ હોય છે; કારણ કે તે (સમ્યક્દૃષ્ટિ જીવ)...'** જ્ઞાન દ્વારા **'સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે પોતાના વસ્તુત્વનો (યથાર્થ સ્વરૂપનો) અભ્યાસ કરવા માટે,...'** (એટલે) જ્ઞાયકપણાનો અભ્યાસ કરવા માટે. **'આ સ્વ છે (અર્થાત્ આત્મસ્વરૂપ છે) અને આ પર છે' એવો ભેદ...'** (આ) ભેદજ્ઞાનનો વિષય–વિધિ **'પરમાર્થે જાણીને સ્વમાં રહે છે (– ટકે છે) અને પરથી – રાગના યોગથી–સર્વ પ્રકારે વિરમે છે.'** વિરામ પામે છે. આ રીતે જ્ઞાન-વૈરાગ્યની શક્તિ વિના સમ્યક્દૃષ્ટિપણું હોઈ શકે નહિ. આવો કળશ છે. 'નિર્જરા અધિકાર'નો ૧૩૬ નંબરનો કળશ છે. શરૂઆતમાં જ લઈ લીધો છે. માંગળિકનો ૧૩૩મો પહેલો કળશ છે, આ ૧૩૬મો કળશ છે.

પ્રશ્ન :– અગિયાર અંગ (જાણવાવાળો) મિથ્યાદૃષ્ટિ હોય અને અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય તો ?

સમાધાન :– તો જ્ઞાન નથી. અગિયાર અંગ અને નવ પૂર્વ અને બહારમાં દ્રવ્યલિંગી મુનિ હજારો રાણીને છોડીને જંગલમાં રહેનારો (એને) જ્ઞાન પણ નથી અને વૈરાગ્ય પણ નથી. સમ્યક્દૃષ્ટિ ચક્રવર્તી, ઇન્દ્ર (એમને) જ્ઞાન પણ છે અને વૈરાગ્ય પણ છે. સામેસામું છે. બહારની દૃષ્ટિથી જોવે તો ભૂલો પડી જાય એવું છે.

ખરી વાત એ છે કે એના જ્ઞાનમાં એનો આત્મા રમે છે કે નહિ ? આ સીધી વાત છે. અનંત ગુણવાન, સાક્ષાત્ સિદ્ધપદ ! એના જ્ઞાનમાં, એના અનુભવમાં આવ્યું છે કે નહિ ?

પોતાને પોતાનું જ્ઞાન વર્તે છે કે નહિ ? એ જ્ઞાન તે જ્ઞાન છે. પોતાનું પોતાને અનુભવજ્ઞાન તે જ્ઞાન છે તો કહેવાની જરૂર નથી કે એને વૈરાગ્ય છે. એ સાબિત કરવાની જરૂર નથી. કેમ ? (કેમકે) પોતાનું જ્ઞાન થયું એમાં પરનું જ્ઞાન આવી ગયું કે, પરથી હું શૂન્ય છું. પોતાનું સુખ પોતામાં જોયું, પોતાનો સુખનો સમુદ્ર પોતામાં જોયો ત્યારે એણે પરદ્રવ્યને સુખથી રહિત જોયું, શૂન્ય જોયું, પોતાના અસ્તિત્વથી ખાલી જોયું. એને એમાં રસ શું હોય ? એમાં એને શું રસ પડે ? જ્યાં પોતે નથી, જ્યાં બધું પારકું છે ત્યાં એને રસ શું પડે ? એને રસ પડતો નથી. એટલે એને જ્ઞાન છે એને વૈરાગ્ય આપોઆપ જ છે, એ સાબિત કરવાની જરૂર પડતી નથી. પૂર્વ કર્મના ઉદયથી સંયોગ ગમે તે પ્રકારનો દેખાતો હોય. એ સંયોગ સાથે ખરેખર એને કંઈ લેવાદેવા નથી.

(ઘણાં એમ માને છે કે) 'આપણે તો ક્યાંય આઘું જાવું પડે એવું નથી. ગુરુદેવની કૃપાથી બધું બરાબર સમજાયું છે કે, આત્મા જ્ઞાનમય છે, અનંત ગુણમય છે. દ્રવ્ય-ગુણ-પર્યાયથી આવું સ્વરૂપ છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના સ્વચતુષ્ટય આવા છે.' પણ એ ભણતરવાળું ધારણાજ્ઞાન શું કામ કરે ? પરને અવલંબીને, શાસ્ત્રને અવલંબીને રહેલું જ્ઞાન, જ્ઞાનના અવલંબનને છોડીને થયેલું જ્ઞાન, જ્ઞાનના વેદનને છોડીને થયેલું જ્ઞાન અને રાગના વેદનને પકડીને થયેલું જ્ઞાન, જેમાં જ્ઞાનરસ નથી એવું જ્ઞાન, જેમાં રાગરસ છે એવું જ્ઞાન, એ જ્ઞાનને જ્ઞાન શું કહેવું ? એ જ્ઞાન જ્ઞાન નથી.

દ્રવ્યલિંગીનું સ્વરૂપ સમજવા જવું પડે એવું નથી. ગુરુદેવ કહે છે એ વાત બુદ્ધિમાં બેસે છે કે નહિ ? કે, આત્મા આવો છે... આત્મા આવો છે ! કેમ અનુભવ નથી ? જે વાત સમજણમાં આવે છે એ અનુભવમાં નથી આવતી એનું કારણ કોઈ દિવસ તપાસ્યું ?

મુમુક્ષુ :– બહારમાં ઇચ્છા વિરુદ્ધ થાય છે ત્યારે અંદરમાં કેવું નાટક ચાલે છે એ બધી ખબર છે, કોઈને પૂછવા જાવું પડે એવું નથી.

પૂજ્ય ભાઈશ્રી :– આ તો એ તપાસે તો એને કાંઈક ખબર પડે કે, આ ધારણામાત્ર શું ચીજ છે ? નહિતર તો ભ્રમ થવાનો કે, 'મને સમજાય છે. હું બરાબર સમજું છું. મને કાંઈ નિષેધ આવતો નથી, વિરોધ આવતો નથી, હું બરાબર માનું છું !' ભાઈ ! તારો વિપરીત અભિપ્રાય રાખીને, વિપરીત અભિનિવેશ સહિત નવ તત્ત્વનું જ્ઞાન મિથ્યાદર્શન છે અને વિપરીત અભિનિવેશ રહિત નવ તત્ત્વનું જ્ઞાન સમ્યગ્દર્શન છે અને સમ્યક્જ્ઞાન છે. એને પરલક્ષી જ્ઞાનમાં જેટલી ધારણા થાય છે એને તો જ્ઞાન કહેતા જ નથી. એ અજ્ઞાનની

જ એક દશા છે. જેમ અજ્ઞાનની અનેક દશા છે એમ આ એક અજ્ઞાનની દશા છે, બીજું કાંઈ નથી.

પ્રશ્ન :– આવી દશા હોય ત્યારે સુધરવા માટે અવલોકનમાં કઈ રીતે ઉપાડ કરવો ?

સમાધાન :– એ તો બધે યથાર્થતા તો જોવી જ જોઈએ. અવલોકન કઈ રીતે કરવું ઇ ક્યાં પ્રશ્ન છે ? પહેલાં અવલોકન તો કરે. અવલોકન ન કરતો હોય એને કઈ રીતે કરવું એ ક્યાં પ્રશ્ન છે ? કરે છે કે કેમ ? એટલો જ સવાલ છે. પછી પૂછે કે, અવલોકનમાં અમને આમ ઊંધું થઈ જાય છે કે સવળું થઈ જાય છે, પણ અવલોકન ન કરતો હોય એને કઈ રીતે કરવાનું એ ક્યાં પ્રશ્ન છે ?

મુમુક્ષુ :– અવલોકન કરે તો બધો ખ્યાલ આવે.

પૂજ્ય ભાઈશ્રી :– તો બધો ખ્યાલ આવે એવું છે. બીજી ગડબડ ઘણી છે અંદરમાં, એ બધી કાઢવી જોઈએ.

(અહીંયાં કહે છે) '**પરંતુ જ્ઞાન નહિ હોવાથી...**' અહીંથી લીધું છે. 'વૈરાગ્ય નહિ હોવાથી' એમ નથી લીધું. '**પરંતુ જ્ઞાન નહિ હોવાથી જીવ કષાયને ઓળખી શકતો નથી.**' શું (થાય) છે કે, આ વૈરાગ્ય છે કે કષાયની જ એક બીજી પર્યાય છે એને ઓળખી શકતો નથી. કોઈ નીચી કોટિનો માણસ સાધુનો વેષ લઈને આવે તો સાધુ માને લ્યે એના જેવી વાત છે ! તો એ કષાય છે એણે વૈરાગ્યનો વેષ ધારણ કર્યો છે. એમાં ભૂલાં પડવા જેવું નથી. જ્ઞાન નહિ હોવાથી જીવ કષાયને ઓળખી શકતો નથી કે, આ કષાય છે કે આ વૈરાગ્ય છે ? એ તો ત્યાગ કરે એટલે સમજે છે કે વૈરાગ્ય છે. ચોખ્ખે-ચોખ્ખો ત્યાગ કર્યો પછી ક્યાં સવાલ છે ? તને ઓળખાણ હોવી જોઈએ અને એ ઓળખાણ હોવા માટે જ્ઞાનની જરૂરત છે. જ્ઞાન વિના આ વૈરાગ્ય છે કે આ કષાય છે, એ વાત કેવી રીતે નક્કી થશે ?

એટલા માટે લે છે કે, જગતની અંદર હજી લોકોને જ્ઞાન કરતાં ત્યાગનો મહિમા વધારે છે. ધર્મના ક્ષેત્રમાં રહેલાં જીવોને જ્ઞાન કરતાં ત્યાગનો મહિમા વધારે છે. એટલે કોઈ જીવ ત્યાગ કરે ત્યારે એનો મહિમા આવી જાય કે, જુઓ ! આણે આ છોડી દીધું ! આ નથી લેતા, એક જ વાર આહાર લે છે, ફલાણું છે... આ રસ નથી લેતો, ફલાણો રસ નથી લેતો, ગળ્યો રસ છોડી દીધો છે ! ઘી છોડી દીધું છે, તેલ છોડી દીધું છે ને આમ કરી નાખ્યું !! ત્યાગનો મહિમા કરે છે–દીક્ષા લઈ લીધી છે, વ્રત – પ્રતિજ્ઞાઓ લઈ લીધી છે, ફલાણું કર્યું છે...! એમ ત્યાગનો મહિમા આવે છે. એ ત્યાગને ઓળખતો નથી, વૈરાગ્યને

ઓળખતો નથી. કેમકે ઓળખવા માટે એની પાસે યથાર્થ જ્ઞાન નથી. યથાર્થ જ્ઞાન હોય તો ત્યાગને યથાર્થ સ્વરૂપે સમજે, વૈરાગ્યને યથાર્થ સ્વરૂપે સમજે, કષાયને એના સ્વરૂપે સમજે. **'પરંતુ જ્ઞાન નહિ હોવાથી જીવ કષાયને ઓળખી શકતો નથી.'**

**'જ્ઞાન પોતે માર્ગને ઓળખે છે,...'** હવે જ્ઞાન અને વૈરાગ્ય શું શું કામ કરે છે એ બન્નેની વાત લીધી છે. **'જ્ઞાન પોતે માર્ગને ઓળખે છે,...'** આત્માને ઓળખે છે અને આત્માને ઓળખે છે એમાં એને અંતર્મુખ કેમ થવું એવો માર્ગ પણ એને મળે છે. એને માર્ગનો પત્તો લાગે છે. કેમકે આત્મા જ્ઞાન લક્ષણથી ઓળખાય છે. જ્ઞાન લક્ષણ છે એ સ્વભાવ લક્ષણ છે. અને સ્વભાવના લક્ષણથી સ્વભાવના સ્વરૂપને ઓળખતાં સ્વરૂપનો આધાર લેવો પડે છે, સ્વભાવનો આધાર લઈને ઓળખાય છે. સ્વભાવનો આધાર લેવો એ જ માર્ગ છે અને સ્વભાવને છોડીને અન્ય ભાવનો, અન્ય દ્રવ્યનો આધાર લેવો તે ઉન્માર્ગ છે.

('સમયસાર'માં) 'નિર્જરા અધિકાર'માં આ વિષય 'અમૃતચંદ્ર ભગવાન' એવી રીતે લે છે કે, **'ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।' 'ज्ञानं ज्ञानगुणं विना'** (અર્થાત્) જ્ઞાન જ્ઞાનગુણ વિના એટલે આત્મા આત્માના આધાર વિના પ્રાપ્ત થતો નથી. ચાર પદમાં આ છેલ્લું પદ છે, છેલ્લી લીટી છે. (શ્લોકના) ઉપરના ત્રણ પદમાં એમ કહે છે કે, ભલે મહાવ્રતને ધારણ કરીને તું તૂટી મર્યો હોય અને તેં ગમે તે કર્યું હોય તોપણ જ્ઞાનગુણ વિના આત્માની પ્રાપ્તિ નથી, મોક્ષની પ્રાપ્તિ નથી, નિર્જરાની પ્રાપ્તિ નથી. એમ લેવું છે. ૧૪૨મો કળશ છે.

મુમુક્ષુ :- જ્ઞાનની પ્રાપ્તિ અર્થે ત્યાગ-વૈરાગ્યનું સેવન કરે તો ?

સમાધાન :- હેતુ સારો છે, એ હેતુ સારો છે. એની અંદર હેતુ સારો છે. જેમ કોઈ સારી ગતિના હેતુથી ત્યાગ-વૈરાગ્ય કરે એ બરાબર નથી એમ આત્મપ્રાપ્તિના હેતુથી કરે તો હેતુ તો સારો છે. એમાં કોઈ સવાલ નથી. અને એમ કોઈ કરે છે તો એનો નિષેધ કરવામાં આવતો નથી. એનો નિષેધ નથી કરવામાં આવતો, પણ જે અયોગ્ય પદ્ધતિથી થાય છે એનો નિષેધ કરવામાં આવે છે. એટલી વાત છે.

હવે, ૧૪૨ (કળશમાં) એવો શબ્દ લીધો છે – **'क्लिश्यन्तां'** ભલે તું ઘણો ક્લેશ પામે. તું ઘણું સહન કરતો હો. **'क्लिश्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखैः कर्मभिः'** તું એવી ક્રિયા કરે છો (કે જે) મોક્ષથી પરાઙ્મુખ છે, મોક્ષને લાગુ પડતી નથી, એવી ઘણી આકરી ક્રિયાથી તું ભલે ક્લેશ ભોગવતો હો, **'क्लिश्यन्तां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरम्।'** અને ઘણા

લાંબા કાળ સુધી 'ચિર' એટલે ઘણા લાંબા કાળ સુધી મહાવ્રત અને તપના ભારથી તૂટી મરતો હો, ક્લેશ પામતો હો **'साक्षान्मोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं'** પણ સાક્ષાત્ જે આ મોક્ષ પ્રાપ્ત થાય એવું જે પદ છે એ તો નિરામય (એટલે) ક્લેશ વગરનું (છે). નિરામય પદ-ક્લેશ વિનાનું પદ છે. જે સ્વયંથી સ્વસંવેદ્યમાન છે, સ્વયંથી વેદનમાં આવે એવું છે. એવું આ જ્ઞાન તો **'ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।'** એવો આ જ્ઞાનનો આધાર લીધા વિનાનું જ્ઞાન, જ્ઞાનને અવલંબીને ઊપજેલું જ્ઞાન – આત્માને અવલંબીને ઊપજેલું જ્ઞાન, એના વિના કોઈ રીતે મોક્ષની પ્રાપ્તિ કે નિર્જરાની પ્રાપ્તિ કે શુદ્ધિની પ્રાપ્તિ થતી નથી. આ ૧૪૨મો કળશ છે.

એટલે એક વિચારવા જેવો વિષય શું છે કે, આ જીવે રાગનો આધાર લઈને બધી ક્રિયા અને બધાં પ્રયત્નો અને બધાં ઉપાયો કર્યા છે. કદી એણે જ્ઞાન અથવા સ્વભાવનો આધાર અને અવલંબન લઈને સાચી દિશામાં પ્રયાણ કર્યું નથી. આ એનો સારાંશ છે અથવા તાત્પર્ય આટલું છે.

એટલે એમ કહે છે કે, **'જ્ઞાન પોતે માર્ગને ઓળખે છે,...'** સ્વસંવેદનથી અંતર્મુખ કેમ થવું ? સ્વસન્મુખ કેમ થવું ? એવા માર્ગને અથવા એવા ઉપાયને – એવા રસ્તાને જ્ઞાન ઓળખે છે **'અને વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી...'** ઉપયોગ અન્ય પદાર્થ પ્રત્યે જાય તોપણ સાથે રહેલાં જે નીરસવૃત્તિના પરિણામ (છે) એ ઉપયોગ બીજા પદાર્થ પ્રત્યે જાય પણ ત્યાં ફસાય નહિ, ત્યાં રોકાય નહિ, તેનું અવલંબન લે નહિ, તન્મય થાય નહિ, એમાં સુખ સમજે નહિ. એ વૈરાગ્ય એને એ રીતે સાથ આપે છે. જ્ઞાનને વૈરાગ્ય સાથ આપે છે **'જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી...'** જ્ઞાન જાય છે ખરું-ઉપયોગ બીજે જાય છે ખરો. જગતના અનેક પદાર્થોને જાણવા ઉપયોગ જાય તોપણ જ્ઞાન ક્યાંય ફસાય નહિ. તાજમહેલ જોવે તો એમ સમજે કે પાણા ઉપર પાણો ખડક્યો છે, આમાં બીજી કોઈ લાંબી વાત નથી. નહિ તો ઓ..હો...! ઓ..હો...! થઈ જાય એને ! બહારમાં લોકોને જે વાતની મહિમા છે; આ પણ સાથે-સાથે સમજે કે ન સમજે, સામાન્ય સમાજ શિલ્પકળાને કેટલું સમજે છે ? પણ જોવે એટલે ઓ..હો...! ઓ...હો...! ઓ..હો...! બહુ સરસ... બહુ સરસ...! (કરવા મંડે). પણ શું હવે પાણા ઉપર પાણો ખડક્યો છે ! આથી બીજું છે શું એમાં ? પાણો નિર્જીવ, એક પાણા ઉપર બીજો પાણો મૂક્યો છે અને મોઢવું કર્યું છે !! આથી બીજું શું છે એમાં ? એવું દરેક બાબતમાં સમજે-ન સમજે (પણ) પરનો ખોટો રસ લે છે. જીવ

એવી ભૂલ કરે છે. (પરંતુ યથાર્થતામાં) વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી. વૈરાગ્ય છે તે નીરસપણું છે. **'જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી...'**

મુમુક્ષુ :– ઉપયોગ જાય ખરો પણ ફસાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– ફસાય નહિ, ઉપયોગ જાય તોપણ ફસાય નહિ. નીરસ પરિણામથી જાય. નીરસ પરિણામે એનો ઉપયોગ વ્યતીત થઈ જાય – પૂરો થઈ જાય.

(એ રીતે વૈરાગ્ય) **'જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી...'** પણ વૈરાગ્ય શું કરે છે ? બધાથી નિસ્પૃહ રહે. પરથી સર્વથી નિસ્પૃહ રહે **'અને સ્વની મોજમાં ટકાવી રાખે છે.'** (અર્થાત્) પોતાનો અંદરનો જે રસ છે એમાં ટકાવી રાખવાનું કામ વૈરાગ્યનું છે. એટલે એકસાથે બન્ને Side સંભાળે છે. પરમાં નીરસપણું અને સ્વનું રસપણું – આત્મરસપણું. વૈરાગ્ય જીવને આત્મરસની મસ્તીમાં રાખે છે. પોતાની અપેક્ષાએ વૈરાગ્યથી એ પોતાની મસ્તીમાં રહે છે. પરની અપેક્ષાએ વૈરાગ્યથી એ નિસ્પૃહ રહે છે, એને ક્યાંય સ્પૃહા થતી નથી. 'આ ઠીક, આ સારું' – એ ચાહના નથી કરતો. વૈરાગ્યને લઈને એ ચાહના કરતો નથી. કોઈ પરપદાર્થને એ ચાહતો નથી. કેમકે એને વૈરાગ્ય વર્તે છે. (એ રીતે) **'બધાથી નિસ્પૃહ અને સ્વની મોજમાં ટકાવી રાખે છે.'**

**'જ્ઞાન સહિતનું જીવન નિયમથી વૈરાગ્યમય જ હોય છે.'** જોયું ? ('સમયસાર'માં ૧૩૬મા કળશમાં) 'અમૃતચંદ્રાચાર્યદેવે' 'નિયમ' શબ્દ વાપર્યો છે. સમ્યક્દૃષ્ટિ નિયમથી જ્ઞાન અને વૈરાગ્યવાન હોય જ છે. **'नियतं भवतु' 'नियतं'** શબ્દ વાપર્યો છે. **'सम्यग्दष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः'** નિયમથી એને જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ હોય, હોય ને હોય જ. ન હોય એવું ન બને. એમ જ્ઞાનસહિતનું જેનું જીવન છે અથવા જે જ્ઞાનના આધારે પરિણમે છે, જેનું જ્ઞાન પોતાના–સ્વયંના આધારે પરિણમે છે. એટલે કે જેનું જ્ઞાન પોતાના સ્વસંવેદનસહિત પોતાને વેદતું પરિણમે છે, (સ્વભાવનો) આધાર લ્યે છે ત્યારે એને પોતાનું વેદન છે એ આવિર્ભૂત થઈ આવે છે. જ્યારે પોતાના વેદનસહિત જેનું જીવન છે એટલે પરિણમન છે એને નિયમથી એનું પરિણમન પણ વૈરાગ્યમય જ હોય છે. કોઈને હોય અને કોઈને ન હોય એવું બનતું નથી. નિયમબદ્ધ કહેવું એનો અર્થ કે, બધાંને એકસરખું જ છે. બહારના દેખાવ સાથે ભલે મેળ ન પડતો હોય પણ છે બધાંને એકસરખું, એમ લઈ લેવું.

મુમુક્ષુ :– આ 'જ્ઞાન' શબ્દ છે, થોડું-થોડું આવડતું હોય, શાસ્ત્રના શ્લોક આવડતા

હોય, એટલે જાણે જ્ઞાન છે એમ લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- એવું જ્ઞાન નથી. શાસ્ત્રના ધારણાજ્ઞાનથી નિવેડો નથી પણ અનુભવજ્ઞાનથી નિવેડો છે. 'શ્રીમદ્જી'ના એક પત્રની અંદર આ વચન આવે છે. અનુભવજ્ઞાનને જ્ઞાન કહીએ, બાકીના જ્ઞાનને જ્ઞાન કહેવું નહિ કે જાણવું નહિ, એમ છે. એટલે ન તો જ્ઞાનના વિષયમાં ભૂલ કરવા જેવી છે, ભૂલા પડવા જેવું નથી. નથી વૈરાગ્યના-ત્યાગના વિષયમાં ભૂલા પડવા જેવું.

યથાર્થ જ્ઞાન અને યથાર્થ વૈરાગ્યને સમજવા જોઈએ, ઓળખવા જોઈએ અને પોતાને વિષે અને બીજાઓને વિષે એની જ કિંમત હોવી જોઈએ. એ સિવાય બીજી રીતે ભૂલ થાય તો જીવને અવશ્ય નુકસાનનું કારણ થાય. નિયમથી નુકસાનનું કારણ થાય. જ્ઞાન, વૈરાગ્યના વિષયમાં આ બોલની અંદર બહુ સારી સ્પષ્ટતા આવી છે.

એવું નથી કે જ્ઞાન કરી લેવું, વૈરાગ્ય હોય-ન હોય એનો વાંધો નહિ ! એવું નથી. ખરેખર તો આત્માર્થીની ભૂમિકા લઈએ તો નીરસપણું તો પહેલાં આવવું જોઈએ. જો આત્માર્થીની ભૂમિકાનો વિષય વિચારીએ તો સર્વ સંયોગોને વિષે, સર્વ ઉદયમાન પ્રસંગોને વિષે નીરસપણું પહેલાં આવવું જોઈએ, તો જ્ઞાનપ્રાપ્તિ થશે. કેમ એમ લેવું પડે છે ? (કેમકે) અનાદિથી આ જીવનો જ્ઞાનનો પર્યાય રાગરસને લઈને-કષાયરસને લઈને મલિન થઈ રહ્યો છે, એટલે જ્ઞાનમાં મળ લાગેલો છે-રાગરસનો મળ લાગેલો છે. તો પહેલાં આત્માર્થીને જે આત્મસ્વરૂપની ઓળખાણ કરવી છે એ ઓળખાણ જ્ઞાનના અરીસામાં થશે અને જ્ઞાનથી થશે. તો એ અરીસો ચોખ્ખો કરવા માટે એને રાગમળને ઘટાડવો પડશે.

જેમ હમણાં પૂછ્યું કે, આત્મપ્રાપ્તિના હેતુથી વૈરાગ્ય અથવા નીરસપણું (આવે તો ?) (તો) એ યોગ્ય છે. કેમ એ યોગ્ય છે ? કે, જીવને બુદ્ધિ તો છે, ક્ષયોપશમ છે છતાં પણ આત્માની ઓળખાણ નથી થતી એનું કારણ શું ? (કેમકે) મલિનબુદ્ધિ છે. ઉઘાડ છે, ક્ષયોપશમ ઘણો છે, પોતાના પ્રયોજનભૂત કાર્ય માટે સંજ્ઞી પંચેન્દ્રિયને પૂરતો ક્ષયોપશમ છે, પણ જે મલિન જ્ઞાનનો પર્યાય છે એને લઈને પોતાનું જ સ્વરૂપ, જ્ઞાનને પોતાનો જ સ્વભાવ અને પોતાનું સ્વરૂપ સૂઝતું નથી. અથવા એને જ્ઞાનમાં જ્ઞાનવેદન હોવા છતાં વેદન પકડાતું નથી અથવા જ્ઞાનને પોતાને પોતાનું અવલંબન લેવું, અંતર્મુખ કેમ થવું - સ્વસન્મુખ કેવ થવું ? એ એને સમજાતું નથી. સ્વસન્મુખ થવું જોઈએ એમ સમજાય છે, ત્યાં સુધી સમજાય છે. ક્યાં સુધી સમજાય છે ? કે, સ્વસન્મુખ થવું જોઈએ. પણ કેમ થવું ? એ નથી આવડતું.

કેમકે એ એને સમજાતું નથી. એનું કારણ એને રાગરસની મલિનતા નડે છે. રાગરસની તીવ્રતા એને નડે છે.

(માટે) એને પ્રથમ વૈરાગ્યનો ઉપદેશ છે કે, તું વૈરાગ્યસમેત સત્સંગ કર ! રાગરસમાં ઊભો રહીને સત્સંગ કરીશ તો તને જે બહારના પદાર્થોની સુખબુદ્ધિ છે એ સત્સંગને નિષ્ફળ કરનાર થશે. જે સત્સંગ પ્રાપ્ત હોવા છતાં નિષ્ફળ જાય છે એના કેટલાક કારણોની અંદર આ એક કારણ છે. 'શ્રીમદ્જી'એ ૬૦૯ નંબરનો પત્ર છે એમાં (સત્સંગ નિષ્ફળ જવાના) પાંચ કારણો લીધા છે. મિથ્યા આગ્રહપણું, સ્વચ્છન્દ – બે વાત લીધી છે અને ત્રીજું લીધું છે – સુખબુદ્ધિ, પરમાં સુખબુદ્ધિ. પાંચમું કારણ લીધું છે જ્ઞાની પ્રત્યે અત્યંત ભક્તિનો અભાવ અને (છેલ્લું લીધું છે) પ્રમાદ. મિથ્યાઆગ્રહ, સ્વચ્છન્દ, પ્રમાદ, પરમાં સુખબુદ્ધિ અને સત્પુરુષ પ્રત્યેની ભક્તિનો અભાવ. આ પાંચ કારણ જીવને સ્વસ્વરૂપ નહિ ઓળખવામાં અથવા સત્સમાગમ પ્રાપ્ત હોવા છતાં નિષ્ફળ જવાના કારણો છે. આવી વાત ૬૦૯ નંબરના પત્રમાં લીધી છે. એમાં આ વૈરાગ્ય ન હોય તો નડે છે.

જે પદાર્થમાં અને જે વિષયમાં એને ઇષ્ટપણું લાગીને રસ આવતો હોય, સારું લાગીને રસ આવતો હોય, ત્યાં એણે તપાસ શરૂ કરવી. આ કેમ, કઈ રીતે અવલોકન કરવું (તે કહેવાય છે). ત્યાં એણે તપાસ શરૂ કરવી કે, આમાં સુખ ક્યાં છે ? આમાં હું ક્યાં છું ? મારું અસ્તિત્વ ક્યાં છે ? મારી હયાતી ક્યાં છે ? અને મારું સુખ ક્યાં છે ? જો એ ન હોય તો પછી અહીંયાં ઇષ્ટપણું–સારાપણું લાગવાનું કારણ શું છે ? અને જો ત્યાં સારાપણું લાગ્યું છે અને ત્યાં કંઈ સારાપણું નહિ હોવા છતાં સારાપણું લાગી ગયું છે તો એવી ભ્રમણા છે એનાથી આ જીવ છેતરાય ગયો એનું શું ? માત્ર છેતરાણો એ સામાન્ય વાત નથી પણ એ જ ભ્રમણા અનંત ભવનું બીજ છે.

જેમ કોઈ કહે કે, ફલાણી ચીજ કેન્સરનું કારણ છે. (તો) કોઈ માણસ ન ખાય. આ વિરુદ્ધ આહાર ! વિરુદ્ધ આહારની અંદર એક ચીજમાં બીજી ચીજ સાથે ન ખાવી એને વિરુદ્ધ આહાર કહેવામાં આવે છે. (દા.ત.) દૂધમાં ગોળ નાખીને ન ખાવો, (કેમકે એ) વિરુદ્ધ આહાર છે. આ રોગની દૃષ્ટિએ (વાત) છે. માણસ દૂધની અંદર ગોળ નથી ખાતા. એવી જ રીતે માણસ દૂધની અંદર Fruit નથી ખાતા. વિરુદ્ધ આહાર કહેવાય છે. આ જે સંશોધન કરે છે એમાં એ લોકો અનુમાન કરે છે (કે) વિરુદ્ધ આહાર છે એ એક કારણ (છે).

એમ આ જે ભ્રમણાની વિરુદ્ધતા છે એ અનંત ભવનું કેન્સર છે !! એટલું સમજી

લેવું. ખાલી એ સુખબુદ્ધિએ રસ લે છે એમાં શું ? થોડોક રસ લીધો એમાં શું ? એમ એને લાગે. છેતરાય ગયો તો થોડીક વાર છેતરાય ગયો, પણ ચાલો મને તો ઠીક લાગ્યું, સારું લાગ્યું, આનંદ આવ્યો, મજા આવી. કહે છે કે, એ સુખબુદ્ધિ છે, સુખ ભાસીને જે રસ લેવાણો એ ભ્રમણા – એ ભવભ્રમણનું કારણ છે. જન્મ-મરણનું કારણ જ આ છે. એટલે એની મિથ્યાબુદ્ધિ જે છે – જ્યાં સુખ નથી, જ્યાં પોતાનું અસ્તિત્વ નથી, ત્યાં એની તપાસ કર્યા વિના એમને એમ આંધળો થઈને સુખનો અનુભવ કરે છે તો એ ભ્રમણા એને ભવભ્રમણનું કારણ થાય છે.

'ગુરુદેવ' પ્રવચન કરતાં કોઈ-કોઈ જગ્યાએ બહુ સ્પષ્ટ વાત કરે છે કે, જીવ સંસારની અંદર પાંચ ઇન્દ્રિયના વિષયમાં ફસાયેલો છે. એટલે આ સુખબુદ્ધિએ ફસાયેલો છે. કોઈ જીવ વૈરાગ્ય ધારણ કરે છે તો કષાયની મંદતામાં ફસાય છે. આ બધું અશુભ છે – પાંચ ઇન્દ્રિયના વિષયમાં ક્યાંય પણ કોઈપણ પદાર્થ(માં) અથવા અનુકૂળતામાં સુખ, એ એને અશુભમાં સુખબુદ્ધિ છે અથવા ઇષ્ટબુદ્ધિ છે, હિતબુદ્ધિ છે. અને ત્યાંથી કોઈ વૈરાગ્ય ધારણ કરે તો શુભની અંદર ફસાય છે, એને કર્તવ્ય માનીને ત્યાં જ આગળ વધવા માંગે છે. 'ગુરુદેવ' બન્ને જગ્યાએથી જીવને બહાર કાઢવા માંગે છે કે, આ બન્ને તારા ફસાવાના ઠેકાણાં છે – એક અશુભ અને એક શુભ. નીકળ ત્યાંથી બહાર ! બેમાંથી એકેય તારા રસનો વિષય નહિ હોવો જોઈએ. એક આત્માને છોડીને તારા રસનો વિષય બીજો કોઈ ન હોવો જોઈએ, તો જ તારું કલ્યાણ છે. જ્ઞાનના આધારે જ જ્ઞાન થશે અને વૈરાગ્ય થશે, રાગના આધારે જ્ઞાન પણ નહિ થાય અને રાગના આધારે વૈરાગ્ય થવાનો પ્રશ્ન જ નથી. ચાહે રાગ તીવ્ર હોય કે ચાહે રાગ મંદ હોય. રાગના આધારે રાગ તીવ્ર થશે, રાગરસ વધશે. જ્ઞાનના આધારે જ્ઞાન થશે અને રાગરસ મટશે. એટલે આધારબુદ્ધિનો જ્યાં વિષય છે ત્યાં એણે એક જ્ઞાનનો જ આધાર, માત્ર જ્ઞાનનો આધાર, જ્ઞાનમાત્ર કહેવું છે એમાં માત્ર જ્ઞાનનો આધાર ! એ એક જ આધારનો વિષય રહેવો જોઈએ. બાકી બધું છોડવું જોઈએ. એનું નામ વૈરાગ્ય છે.

એ રીતે જ્ઞાન અને વૈરાગ્યનો વિષય અહીંયાં લીધો છે. અહીં સુધી રાખીએ.

## પ્રવચન નં. ૬, વચનામૃત–૫
### તા. ૦૯-૧૧-૧૯૮૬

**અહો ! અશરણ સંસારમાં જન્મની સાથે મરણ જોડાયેલું જ છે. આત્માની સિદ્ધિ ન સધાય ત્યાં સુધી જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું. આવા અશરણ સંસારમાં દેવ-ગુરુ-ધર્મનું જ શરણ છે. પૂજ્ય ગુરુદેવે બતાવેલા ચૈતન્યશરણને લક્ષગત કરીને તેના દૃઢ સંસ્કાર આત્મામાં પડી જાય–એ જ જીવનમાં કરવા જેવું છે. ૫.**

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૨, બીજું પાનું. પાંચમો બોલ છે. આત્માનું હિત કરવા માટે શું કર્તવ્ય છે ? કરવા યોગ્ય શું છે ? જીવનમાં કરવા જેવું શું છે ? એની આ બોલમાં થોડી સંક્ષેપમાં વાત કરી છે.

**'અહો ! અશરણ સંસારમાં જન્મની સાથે મરણ જોડાયેલું જ છે.'** એક લીટીમાં જન્મ-મરણના વિષયમાં આ જીવ નિરુપાય છે અને અશરણ છે એ વાત કરી છે. બાર ભાવનામાં એક 'અશરણ ભાવના' નામની ભાવના છે. બાર ભાવનાનું ચિંતવન મુનિદશામાં પણ ઉત્પન્ન થાય છે, મુનિદશામાં પણ એ વિચારો આવે છે.

આ સંસારમાં અત્યારે આપણે મનુષ્યપણે મનુષ્યપર્યાયમાં છીએ. મુખ્યપણે હિત-અહિતનો વિચાર કરવાનો આ કાળ છે–આ મનુષ્યપણાનો સમય છે. એમાં જન્મ તો થઈ ગયો છે. કોઈને મરવું નથી. જન્મ થઈ ગયો છે. જન્મ થયો ત્યારથી, માતાના ઉદરમાં આવ્યો ત્યારથી જીવ મનુષ્ય આયુ ભોગવે છે. એ મનુષ્ય આયુ ભોગવતા આ જીવને મરણ જોઈતું નથી. મરણ ગમતું નથી, મરણ જોઈતું નથી, મરણ ઇચ્છતો નથી અને મરણના વિચારમાત્રથી એ દૂર રહેવા માંગે છે. મરણનો પ્રસંગ તો એને અસહ્ય થાય એમાં નવાઈ નથી, પણ એ મરણના વિચારથી એ દૂર રહેવા માંગે છે ! કે, મરવાના વિચાર શું કરવા ?

જીવત્વશક્તિવાળો જીવ–જીવત્વ સ્વભાવ–જીવપણાનો શાશ્વત જીવન જીવવાનો એનો સ્વભાવ હોવાથી મરવું એ એના સ્વભાવની વિરુદ્ધ છે, એના સ્વરૂપની વિરુદ્ધ છે. જેમ સુખસ્વભાવી આત્મા સુખને ચાહે છે, દુઃખ એ એના સ્વરૂપથી વિરુદ્ધ છે, એટલે એ દુઃખને ચાહતો નથી. એમ મરણ પણ પોતાના સ્વભાવથી વિરુદ્ધ છે, જો કે શાશ્વત એવા આત્માનું મરણ તો થતું જ નથી, થઈ શકતું પણ નથી. મરણ એટલે એનો સર્વનાશ – અભાવ ! પણ જે વસ્તુ છે એ તો ત્રિકાળ છે અને ત્રિકાળ હોવાપણે–રહેવાપણે જે વસ્તુ અસ્તિત્વ ધરાવે છે એનો નાશ અશક્ય અને અસંભવિત છે. માત્ર અવસ્થા બદલાય છે અને અવસ્થાનું બદલવું એ અવસ્થાસ્વભાવ છે–પરિણામસ્વભાવ છે. પરિણામની મુખ્યતાથી કહીએ તો વસ્તુસ્વભાવ પણ છે, વસ્તુ પરિણમનશીલ છે. એટલે બદલતા પરિણામને નહિ બદલતા કરી શકાય નહિ અને શાશ્વત વસ્તુનો નાશ કરી શકાય નહિ. નાશવંત પરિણામને શાશ્વત કરી શકાય નહિ, સ્થિર કરી શકાય નહિ અને શાશ્વત વસ્તુનો નાશ કરી શકાય નહિ – આવું વસ્તુનું સ્વરૂપ છે.

હવે, સામાન્ય રીતે મોટામાં મોટી આપત્તિ, મોટામાં મોટો દુઃખનો પ્રસંગ તો એ છે કે, જીવને જન્મ પછી મરણ થાય છે. એ એનો મોટામાં મોટો દુઃખનો પ્રસંગ છે અને તે અનિવાર્ય છે. **'જોડાયેલું જ છે'** એટલે તે અનિવાર્ય છે. ખરેખર તો મરણ થાય છે એટલે જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે. માત્ર ત્યાં મરણ જ નથી થતું, પહેલાં સમયે જીવ એક ગતિનો ત્યાગ કરે છે, બીજા સમયે તે નવી ગતિમાં–બીજી ગતિમાં જન્મ ધારણ કરે છે. એટલે એક સમય પહેલાં મરણ અને બીજા સમયે જન્મ. એમ પાછી એની તરત પર્યાયાંતરપણે ઉત્પત્તિ થાય છે. પર્યાય બદલાય જાય છે એને 'જન્મ' કહેવામાં આવે છે. પહેલી ગતિ પૂરી થઈ એને 'મરણ' કહેવામાં આવે છે. એ લૌકિક નામ છે.

જેને આત્મજ્ઞાન છે એવા ધર્મી તો શાશ્વત પદાર્થને અનુભવતા હોવાથી, પદાર્થના અસ્તિત્વને શાશ્વતપણે અનુભવતા હોવાથી એને જન્મ-મરણનું દુઃખ નથી અથવા એને જન્મ-મરણ છે એ જ્ઞાનમાં ગૌણપણે જાણવાનો એક વિષય રહે છે. પર્યાય બદલે છે એ જણાય છે એવો એક જાણવાનો વિષય રહે છે. એથી વધારે એના ઉપર એનું વજન જતું નથી.

મિથ્યાદષ્ટિપણામાં અને અજ્ઞાનપણામાં સંસારી જીવને ગતિની પર્યાય બદલાય છે ત્યારે એને એમ લાગે છે કે, પહેલાં તો હું મરી જઈશ ! પહેલાં હું મરી જઈશ. 'હું મરી જઈશ' એવો એને મરણતુલ્ય ભય અને મરણતુલ્ય મરવાનું દુઃખ એને લાગે છે. જો કે એ મરતો નથી, પણ એ જ્ઞાની જાણે છે. એનો તો 'હું મર્યો' એમ જ લાગે છે, બીજું કાંઈ લાગતું નથી.

(તેથી અહીંયાં) એમ કહે છે કે, તારે એ ન જોઈએ–મરણ તારે ન જોઈએ, એ પ્રસંગ તારે ન જોઈએ, તો ન જોઈએ તેથી તે નહિ મળે એવું કાંઈ છે ? એમાં કોઈ ઇચ્છા કાર્યગત થાય એવી વસ્તુસ્થિતિ તો નથી. એ માટે જગતના સર્વ જીવો અશરણ છે. નહિ મરવા માટે જીવ શરણ જરૂર શોધે છે. જો ભયસ્થાન હોય તો નિર્ભયસ્થાનમાં જવા માટે પ્રયત્ન કરે છે કે, અહીંયાં લડાઈ થાય છે, બૉંબબાર્ડિંગ થાય છે (માટે) આપણે બીજે જાઓ, શાંત Area હોય ત્યાં ચાલ્યા જાઓ. મરણ થાય એવો રોગ થાય તો રોગ મટાડવાનો ઇલાજ કરે છે. એમ જીવવા માટે એ અનેક પ્રકારના બહારના સંયોગોનું શરણ લેવા જાય છે. એને એમ કહે છે કે, એ તારા પ્રયત્ન નકામા છે. એ રીતે તો કાંઈ તને મરણથી બચી જવાય એવું બની શકશે નહિ, એવું કોઈ રીતે થઈ શકે એવું નથી.

હવે એમ કહે છે કે, જ્યાં સુધી **'આત્માની સિદ્ધિ...'** ન થાય એટલે આત્મા સિદ્ધાલયમાં ન જાય–મોક્ષદશાને પ્રાપ્ત ન કરે, મોક્ષદશાને સાધે નહિ; **'આત્માની સિદ્ધિ ન સધાય...'** એટલે મોક્ષદશા સધાય નહિ **'ત્યાં સુધી જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું.'** અનિવાર્યપણે ચાલ્યા કરવાનું. એમાં કોઈની ઇચ્છા કામ આવે એવું નથી. એ પરિસ્થિતિને કોઈ રોકી શકે એવું નથી. જ્યાં સુધી **'આત્માની સિદ્ધિ ન સધાય...'** એટલે સંપૂર્ણ શુદ્ધ દશા ન થાય, સંપૂર્ણ અબંધ દશા ન થાય, સંપૂર્ણ પવિત્ર દશા ન થાય ત્યાં સુધી એને નવાં જન્મ-મરણ થાય એવાં કર્મો બંધાય, એવાં પરિણામ થાય છે અને એ પરિણામને લઈને–પોતાના જ પરિણામને લઈને જન્મ-મરણનો પ્રસંગ ટાળી ન શકાય એવો એક અશરણ પ્રસંગ છે કે જેને ટાળી શકાતો નથી, જેને મિટાવી શકાતો નથી.

એમ કહીને શું કહ્યું ? કે, મરણ, મરણનો પ્રસંગ અને મરણનું દુઃખ તારે ન જોઈતું હોય તો આત્માનો મોક્ષ થાય, આત્માની સિદ્ધિ થાય એવો ઉપાય તું શોધ ! તો જન્મ-મરણનો પ્રસંગ ટળશે. પણ જન્મ-મરણ થાય એવાં પરિણામ કરવા છે (અર્થાત્) રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન, મિથ્યાત્વના પરિણામ કરવા છે અને જન્મ-મરણ જોઈતું નથી (તો આ) બે વાત તો નહિ બની શકે. ઝેર તો ખાવું છે પણ મરવું નથી ! શું છે ? ઝેર ખાવું છે અને મરવું નથી !! બે વાત કેવી રીતે બનવાની હતી ?

એમ આ જીવ સંસારનાં સંયોગોનો રસ લે છે, જે સંયોગો આત્માથી સર્વથા ભિન્ન છે એ સર્વ પ્રસંગોમાં અભિન્નતા–અભેદપણું કરે છે, મમત્વ કરે છે અને મમત્વ કરે છે ને એ મમત્વનો રસ લે છે એ ઝેર ખાય છે ! પછી રાગમાં રાગરસ છે અને દ્વેષમાં દ્વેષરસ છે. એ બન્ને પ્રકારે એ પોતાના વિપરીત રસને, અનાકુળ શાંતરસથી વિરુદ્ધ રસને, અકષાયસ્વભાવથી વિરુદ્ધ કષાયરસનો આહાર લે છે, એનું સેવન કરે છે અને એનું ફળ એને જોઈતું નથી !! જન્મ-મરણ એને જોઈતા નથી. બે વાત કદી બનવાની નથી.

મુમુક્ષુ :– રસની વાત બહુ સરસ આવી ! રસ લેવાય જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ત્રીજું શું દેખાય છે ? જુઓ ! જ્યાં-જ્યાં એને પોતાની કલ્પના અનુસાર અનુકૂળતા ભાસે છે ત્યાં (એ) હરખના રસમાં–રાગના રસમાં તીવ્રપણે જોડાય છે (અને) પ્રતિકૂળતાઓ જ્યાં એને કલ્પનામાં આવે છે; એ કલ્પના છે વાસ્તવિક નથી, ત્યાં ખેદાય છે, ત્યાં એને દ્વેષ થાય છે. (ત્યાં) એને દ્વેષનો રસ પોષાય છે. બન્ને રસ ઝેર છે ! આત્માના અમૃતસ્વભાવથી વિરુદ્ધ હોવાથી એ બન્ને ઝેર છે. એ બન્નેને જીવ સેવે છે અને એનું ફળ એને જોઈતું નથી ! કેવી રીતે બનવાનું હતું ?

મુમુક્ષુ :– એ રસ તો આવે જ ને !

પૂજ્ય ભાઈશ્રી :– રસ આવે તો બીજો ઉપાય નથી, જન્મ-મરણ કરવાં !! રસ આવે તો દુઃખ ભોગવવું ! પછી તું દુઃખ ભોગવવાની શું કરવા ના પાડે છે ? એનું ફળ દુઃખ છે અને દુઃખ ભોગવવાનો પ્રસંગ આવે છે (ત્યારે) ના શું કરવા પાડે છે ? તું એમ કહે છે કે, પૈસા તો હું તમારી પાસેથી લઉં પણ પાછા ન આપું ! કરજ કરું (પણ) પાછા ન આપું ! (એમ) કેવી રીતે બને ? દેણું કર્યું છે (તો) દેણું દેવું પડે. સીધી વાત છે. જે કર્મ બાંધ્યા છે એનું ફળ તો ચૂકવવું જ પડશે. કર્મ બાંધવા છે અને ફળ ચૂકવવું નથી ! બે વાત કેવી રીતે બનવાની હતી ? તારે એકવાર ન ચૂકવવું હોય તોપણ આમાં ચાલે એવું

નથી, એમ કહે છે. **'સંસારમાં જન્મની સાથે મરણ જોડાયેલું જ છે.'** એનો અર્થ એ છે કે, જન્મ થાય એવું કર્મ તેં બાંધ્યું છે (અને) સાથે જ મરણ થાય એવું કર્મ પણ તેં બાંધ્યું જ છે.

હવે, એ મરણ થતાં મરણતુલ્ય દુઃખ ન થાય અથવા દેહનો ત્યાગ થતાં, આયુષ્ય પૂરું થતાં તને દુઃખ ન થાય એવો એક આત્મસિદ્ધિનો ઉપાય છે, મોક્ષમાં જવાનો એક ઉપાય છે, એવો એક માર્ગ છે. એ માર્ગનો પ્રારંભ, એ માર્ગની શરૂઆત એવી સુંદર છે કે, એ માર્ગમાં પ્રવેશતાં જ એને મરણનું દુઃખ નથી થતું. માર્ગમાં પ્રવેશ મળ્યા પછી કોઈને બે-ચાર-છ-આઠ ભવ હોય છે કે કોઈને દસ-બાર-પંદર ભવ પણ હોય છે; સમ્યગ્દર્શન થયું એ માર્ગનો પ્રવેશ છે–શરૂઆત છે, તો કોઈને એટલા ભવ થાય એટલા ભવ સુધી જન્મ-મરણ થાય છે પણ જન્મ-મરણનું દુઃખ નથી થતું. એ સંબંધિત જે દુઃખ સંસારીપ્રાણીને થાય એવું દુઃખ એને નથી થતું. સિદ્ધિ તો–સંપૂર્ણ સિદ્ધિ–મોક્ષ થશે એ તો જ્યારે સિદ્ધાલયમાં જવાના પરિણામ થશે ત્યારે થશે. છેલ્લા ભવમાં જે ભવમાં નિર્વાણ થવાનો છે, પણ એ પહેલાં જેટલાં ભવ થશે એમાં પણ એને જન્મ-મરણનું દુઃખ નહિ થાય ! આ આત્મસિદ્ધિના માર્ગની શરૂઆતની સુવ્યવસ્થા છે કે, જેને લઈને એને શરૂઆતથી દુઃખ ટળવા મંડે છે. સુખનો માર્ગ હોવાથી, એકાંતે સુખનો માર્ગ હોવાથી એવું સુખ શરૂ થાય છે કે, પહેલેથી જ બધાં દુઃખ છે એની કલ્પના બદલાય જાય છે. દુઃખ તો એને કલ્પનાથી હતું.

શાશ્વત એવા આત્મપદાર્થને વિષે મરણની કલ્પના, અશાશ્વતપણાની કલ્પના, જન્મની કલ્પના એની નિવૃત્ત થાય છે. કલ્પના છૂટી એટલે એને કાંઈ વાંધો આવતો નથી. જેમ માણસ અત્યારે રોજ કપડાં બદલે છે. સવારના પહોરમાં નાહીને કપડાં બદલે છે. તો કપડાં બદલે છે ત્યારે જે કપડાં ધોવા નાખે છે, ધોયેલા કપડાં ફરીને પહેરે છે ત્યારે એને એમ થાય છે કે, અરે..રે...! હું મરી ગયો ! કાંઈ નથી થતું. એકદમ Normal positionમાં – Normal conditionમાં કપડાં બદલી લે છે. ત્યાં દુઃખ નહિ થવાનું શું કારણ છે ? કે, હું ઊભો છું, હું તો છું જ ! કપડાં બદલું છું એમાં હું ક્યાં બદલાઉં છું ? હું એનો એ છું. કપડાં બદલાય છે, હું કાંઈ બદલાતો નથી. મારી હયાતીને કાંઈ આંચ આવતી નથી.

એમ જે જ્ઞાનીને દેહ બદલાય છે એ જાણે છે કે, આ દેહ બદલાય છે. આ દેહ જર્જરિત થયો, આ દેહ રોગાવિષ્ટ થયો, આ દેહ હવે બદલવાની તૈયારી થઈ, આયુષ્ય પૂરું થયું, હવે નવું આયુષ્ય શરૂ થશે. જ્યાં સુધી નિર્વાણને લાયક–મોક્ષને લાયક પરિણામ નહિ

થાય ત્યાં સુધી નવું આયુષ્ય ચાલુ રહેશે, જૂનું આયુષ્ય પૂરું થશે. એવું કેટલોક કાળ બનશે પણ હવે અનંત કાળ (આવું થશે) એવી પરિસ્થિતિ મને દેખાતી નથી. મોક્ષની પ્રતીતિ તો એને સમ્યગ્દર્શનના સમયે જ આવી જાય છે કે, મારો મોક્ષ અલ્પકાળમાં થવાનો છે. એટલે થોડાક જે એનાં ભવ રહ્યાં એનાં જન્મ-મરણનું એને દુ:ખ નથી. એ પોતાની હયાતીને બરાબર અનુભવે છે અને જે દેહત્યાગ થયો, નવો દેહ ધારણ થયો એ માત્ર પુદ્ગલોનું આવાગમન થયું, દેહના પુદ્ગલોનું આવાગમન થયું, સંયોગ થયો અને વિયોગ થયો. મારે એમાં ખરેખર કાંઈ લેવા-દેવા નથી.

મુમુક્ષુ :- જ્ઞાની માટે મૃત્યુ મહોત્સવ છે !

પૂજ્ય ભાઈશ્રી :- એને તો થોડું એવું છે કે, જ્યારે દેહ છૂટે છે ત્યારે બહુભાગપણે પ્રાણત્યાગની અશાતા વેદના ઉત્પન્ન થાય છે અને અશાતાના વેદનાના ઉદય કાળે સાધકજીવ વિશેષ આરાધના કરવાના પુરુષાર્થની અંદર પ્રેરાય છે. એટલે આરાધનાના પ્રસંગને ત્યાં 'મહોત્સવ-ઉત્સવ' કહેવામાં આવ્યો છે ! જેમ આપણે આ 'અષ્ટાહ્નિકા પર્વ'નો ઉત્સવ કરીએ છીએ 'પર્યુષણ પર્વ'નો ઉત્સવ કરીએ છીએ, ભગવાનની પ્રતિષ્ઠા હોય તો 'પંચકલ્યાણક'નો ઉત્સવ કરીએ છીએ – એ તો હજી બહારના પ્રસંગો છે. આ ખરો ઉત્સવ છે, આરાધનાનો ઉત્સવ એ ખરો ઉત્સવ છે ! એ કાળે ધર્માત્માઓ વિશેષ આરાધનના પુરુષાર્થની અંદર ઉગ્રપણે જોડાય છે, ઉગ્રપણે એ કાર્યને કરે છે, આરાધે છે એટલે એને 'ઉત્સવ' કહેવામાં આવે છે.

જગતના જીવોને મરણ છે એ પોક મૂકીને રડવાનો પ્રસંગ છે. ધર્માત્માઓને તે મહોત્સવનો પ્રસંગ છે ! 'રત્નકરંડ શ્રાવકાચાર' ! એમાં એ વાત લીધી છે – 'મૃત્યુ મહોત્સવ' ! ધર્મીને એ મહોત્સવનો પ્રસંગ છે. જગતનો જીવ, મોહી – સંસારી જીવ મૃત્યુથી ડરીને નાસભાગ કરે છે. લડાઈ થતી હોય તો સુરક્ષિત સ્થળે સંતાય જાય છે. રોગ આવે તો એનાથી દૂર ભાગવા માટે દેશ-પરદેશની દવાઓ મંગાવે છે અને કાં પોતે ત્યાં ઊડી-ઊડીને જાય છે કે, કોઈ રીતે મને બચાવો, Operation કરીને બચાવો, વાઢકાપ કરીને બચાવો, ગમે એમ કરીને મને બચાવો !

(આ તો) ઉત્સવની રાહ જોવે છે-ધર્માત્માઓ છે એ તો ઉત્સવની રાહ જોવે છે !! અમારે અમારા ધર્મની આરાધનાનો આ કાળ છે, આ પ્રસંગ છે. અત્યારે આવો, આ ક્ષણે આવો ! અમને ભયનું કોઈ કારણ નથી, અમે એને માટે હંમેશાં તૈયાર જ છીએ. મૃત્યુના

મહોત્સવ માટે અમે હંમેશાં તૈયાર જ છીએ ! એ મહોત્સવની તૈયારી અમે કરી રાખી છે. એ પૂર્વતૈયારીમાં અમે સદાય રહીએ છીએ, ક્યારેય અમે ગફલતમાં રહેતાં નથી. આમ છે.

જેમ લગ્ન થવાના હોય તો માણસ લગ્ન-પ્રસંગની રાહ જોવે છે ને ? કે, આપણા ઘરે પ્રસંગ છે. બધું એકદમ ઉત્સવ જેવું લાગ્યા કરે, બધાં મહેમાનો આવે, આ છે (તે છે). બધાં રાહ જોવે છે. મરણના પ્રસંગની કોઈ રાહ જોવે ? ઝટ આવે તો ? એમાં ન તો વહેલું થાય છે, ન તો એમાં મોડું થાય છે. જ્ઞાની જાણે છે કે એનો સુનિશ્ચિત કાળ છે. પૂર્વભવમાં એનો નિર્ણય થઈ ચૂક્યો છે. એની કાળની મર્યાદા નિશ્ચિત થઈ ચૂકી છે અને એ ઉદયમાન કર્મ છે એમાં હવે ફેરફાર થવાનો પ્રશ્ન નથી. જ્યારે આવે ત્યારે અમારા માટે એ ઉત્સવનો પ્રસંગ બની જશે. એને એ દુઃખનું કારણ થતું નથી.

**'આત્માની સિદ્ધિ ન સધાય...'** અથવા આત્મસિદ્ધિના માર્ગે, સાધનાના માર્ગે ન ચડાય **'ત્યાં સુધી જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું.'** અથવા જન્મ-મરણનું ચક્ર ચાલશે એના દુઃખનો અનુભવ થયા વિના રહેશે નહિ. માણસને એમ લાગે કે, શરીરમાં પીડા થાય અને પ્રાણ છૂટી જાય એવી તીવ્ર પીડા થાય, એને દુઃખ ન લાગે એમ કેમ બને ? એનું દુઃખ ન લાગે એમ કેમ બને ? અહીંયાં આ એક પ્રશ્ન થવા યોગ્ય છે. એક ક્ષણમાં Heart attack આવે અને માણસ દેહત્યાગ કરે તો લોકોને નથી સમજાતું કે આને દુઃખ થયું હતું કે નહોતું થયું ? પણ ત્યારે દુઃખ થાય છે. કોઈને વેદનાનો સમય ઓછો હોય છે, કોઈને વેદનાનો સમય લાંબો હોય છે પણ પ્રાણત્યાગની ક્ષણે દુઃખ થયા વિના રહેતું નથી. સૌથી વધારેમાં વધારે વેદના ત્યારે થાય છે. સમય એનો ઓછો હોય કે વધારે હોય એ તો પૂર્વકર્મના શાતા-અશાતાના અનુભાગ સાથે સમયનો સંબંધ છે, પણ વેદના થાય છે. એ વેદના થવાં છતાં વેદનાનું દુઃખ ન થાય એવી પુરુષાર્થની કળ, એવી જ્ઞાનની કળ જ્ઞાનીને–ધર્માત્માને સાધ્ય છે. એ એની સાધેલી પ્રક્રિયા છે, એની સાધેલી યુક્તિ છે, સાધેલું સાધન છે. તેથી કોઈપણ પ્રકારની અશાતા આવે તો એને પુરુષાર્થમાં વધારે જોડાવાનું થાય છે, વેદનાથી એ છૂટો પડે છે. વેદનાથી પોતાની ભિન્નતા અનુભવે છે અને પોતાના જ્ઞાન-આનંદ ને શ્રદ્ધા-પુરુષાર્થ ને ચારિત્રના પરિણામની અંદર, આત્મિક સ્વાભાવિક પરિણામોની અંદર એ વિશેષ ઉગ્રપણે જોડાય જાય છે. એથી એને દુઃખ થતું નથી.

સંસારીજીવોની નજરમાં દુઃખનો પ્રસંગ અનિવાર્ય દેખાય એમાં પણ એને (જ્ઞાનીને) દુઃખ

થતું નથી ! દુઃખ નહિ થવાનું આ કારણ છે. દુઃખ શેનું છે ? કે, 'મારું' મરણ થાય છે એનું એને દુઃખ છે. મરણનું દુઃખ નથી. 'મને' પીડા થાય છે એનું દુઃખ છે, પીડાનું દુઃખ નથી. એ બધાં પ્રસંગો સમ્યક્જ્ઞાનીને જ્ઞાનમાં માત્ર જ્ઞેયપણે જણાય છે. અસ્થિરતા જેટલું દુઃખ છે પણ એક ન્યાયે એ પણ જ્ઞાનનું જ્ઞેય છે. શું કહ્યું ? અસ્થિરતા જેટલું દુઃખ છે, એ પણ એક ન્યાયે તો એના જ્ઞાનનું જ્ઞેય છે. એનાથી એ ભિન્ન છે. વેદનાથી ભિન્ન, અસ્થિરતાના વિભાવિક મચકના પરિણામથી પણ ભિન્ન ! એવું અંદરમાં પોતાનું ભિન્નપણું (છે). એવું સર્વાંગ સુંદર ભિન્નપણું છે કે, એ પોતાના સ્વરૂપની મોજમાં અને સ્વરૂપની મસ્તીમાં રહે છે !! જ્ઞાન એને પોતાની મોજમાં રાખે છે, સ્વની મોજમાં રાખે છે. ન કીધું ? જ્ઞાન જીવને ક્યાંય ફસાવા દેતું નથી એવો નિસ્પૃહ રહે છે એટલે ભિન્ન પડી જાય છે. ચોથા બોલમાં લીધું છે ને ? '**અને સ્વની મોજમાં ટકાવી રાખે છે.**' એ પોતાની મોજમાં રહે છે.

હમણાં 'સોભાગભાઈ'ના પત્રો વાંચ્યા હતા ને ? ('સોભાગભાઈ'ની છેલ્લી સ્થિતિ હતી ત્યારે) 'ખંભાત'થી 'અંબાલાલભાઈ' આવેલા. એમણે જોયું કે, હવે દેહ છૂટવાનો કાળ છે એટલે એમને કાંઈક સંભળાવું. (એટલે એમ કહ્યું કે), 'ભાઈ ! ઉપયોગ બરાબર આત્મામાં રાખજો, 'કૃપાળુદેવ'નું સ્મરણ કરજો.' તો (સોભાગભાઈ) કહે છે કે, 'ભાઈ સાહેબ ! તું હવે બોલ-બોલ કર માં !' એને શું કહે છે ? અશાતા, શરીર(માં) વૃદ્ધાવસ્થા, રોગ અવસ્થા એ બધું હતું. (પણ) બધું શરીરમાં હતું, ઉપયોગમાં કાંઈ નહોતું, ઉપયોગ બરાબર તંદુરસ્ત હતો ! છેલ્લા દસ દિવસથી એમણે સમ્યક્જ્ઞાનની દશા પ્રગટ કરી હતી. ઉપયોગ તંદુરસ્ત હતો. એટલે (એમ કહ્યું કે) 'તું વચમાં (કંઈ) કહે નહિ. મારો ઉપયોગ હવે આત્મામાં જ છે. હવે હું ક્યાંય બીજે ઉપયોગ દઉં એમ છું નહિ. હવે મારા માટે એ કલ્પના કરવી નકામી છે. હું કાંઈ હવે ઉપયોગ બીજે દઉં ? મને ખબર છે કે હવે આ શરીર-ત્યાગનો સમય નક્કી છે, તૈયારી થઈ ગઈ છે. એટલે મારું ધ્યાન ખેંચાય નહિ એટલા માટે પણ મારે કાંઈ સાંભળવા બાજુ ધ્યાન આપવું નથી ! શબ્દો ઉપર ધ્યાન નથી આપવું. તમારા શબ્દોનું વાચ્ય છે એના ઉપર મારો ઉપયોગ બરાબર છે, હું સાવધાન છું.' (કંઈપણ સંભળાવવાની) ના પાડે છે. એક-બે વખત વચ્ચે બોલે છે અને ના પાડે છે. 'હવે હું બરાબર સાવધ છું, મને કાંઈ સંભળાવવાની જરૂર નથી.' એવી જાગૃતિમાં એમણે દેહ છોડ્યો છે ! એને કંઈ મરણનું દુઃખ નથી, શરીરના રોગનું દુઃખ નથી, કાંઈ દુઃખ નથી. એ કાંઈ કુટુંબ-પરિવારની વચ્ચે નહોતા ? પરિવાર પરિવારમાં છે.

કેટલા પરિવાર કર્યા આ આત્માએ ? કેટલા કર્યા ? હજી ગયા ભવના પરિવારને અહીંયાં લાવે તો સ્વીકારે નહિ ! ગયા ભવના પરિવારને લાવે તો ન સ્વીકારે. સ્વીકારે ? (એમ કહે કે) 'ગયા ભવમાં તમે કાછિયા હતા (અને) આ તમારો પરિવાર !' લ્યો, ઠીક ! હા, પાડે ? ના પાડે. 'ના, ના મને તો આમાં કંઈ મારાપણું દેખાતું નથી.' કોઈ જ્ઞાની એમ કહે કે, 'તમને ખબર નથી પણ અમને ખબર છે, હવે તો માનો ! તમને તો ખબર છે કે, અમને આ જ્ઞાન છે, હવે તો માનો !' (તો એમ કહે કે) 'માનવું શું ? અમને ભાવ જ આવતો નથી, એમાં મમત્વપણાનો ભાવ આવતો નથી.' કેમ નહિ આવતો હોય ? અંદરમાં ઉદય છૂટી ગયો. તત્‌સંબંધિત કર્મનો ઉદય છૂટી ગયો છે. જોડાણ તો કર્મના ઉદય સાથે છે. અને અહીંયાં જે વિદ્યમાન પરિવાર છે એના પ્રત્યેથી મમત્વ ટાળવાનો ઉપદેશ આપે કે, 'ભાઈ ! આ તારા નથી, આ તારા નથી.' તો (એમ) કહે કે, 'ભાવ છૂટતો નથી !' ઓલો ભાવ થતો નથી અને આ છૂટતો નથી !! કેમ ? (કેમકે) અહીંયાં તત્‌સંબંધિત કર્મના ઉદયમાં જોડાણો. અહીંયાં મમત્વ છોડવું હોય તોપણ છોડી શકતો નથી, ત્યાં કરવું હોય તો કરી શકતો નથી. આ કુદરતી પરિસ્થિતિ જુઓ ! એવી ગડબડ કરે છે... એવી ગડબડ કરે છે...

૨૮મા વર્ષમાં 'શ્રીમદ્‌જી'નો પત્ર છે કે, કુટુંબ-પરિવારના સભ્યોમાં આ માતા, આ પિતા, આ પુત્ર, આ પરિવાર એ બધાં પરિણામ કરીને જીવે પોતાનું અહિત કરવામાં કોઈ કચાશ રાખી નથી. એ જ એને નવા જન્મ-મરણનું કારણ થયું છે, એ જ એને ચારેય ગતિના દુઃખનું કારણ થયું છે, એ જ એને ભવભ્રમણનું કારણ (થયું છે). નરક, નિગોદના ભવમાં જવાનું કારણ પણ એ જ થયું છે. જન્મ-મરણાદિનો હેતુ એ જ છે – મમત્વ કર્યું છે એ છે. પોતાનાં સ્વરૂપને છોડીને અન્ય દ્રવ્ય અને અન્ય ભાવમાં મમત્વ કર્યું છે, નવા કર્મ બાંધ્યા છે અને પરિભ્રમણના દુઃખ ભોગવે છે.

મુમુક્ષુ :– અમારે હવે દુઃખથી છૂટવું છે.

પૂજ્ય ભાઈશ્રી :– છૂટવું હોય એના માટે તો આ મહાપુરુષોના–સત્પુરુષોના વચનો છે એના વાચ્યમાં પહોંચી જાવું. એ જે કહેવા માંગે છે એના હાર્દમાં પહોંચી જાવું.

**'આત્માની સિદ્ધિ ન સધાય ત્યાં સુધી જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું. આવા અશરણ સંસારમાં દેવ-ગુરુ-ધર્મનું જ શરણ છે.'** બહારમાં દેવ-ગુરુ-ધર્મનું શરણ છે. બહારમાં પૈસાનું શરણ નથી, મકાનનું શરણ નથી, કુટુંબ અને નાત-જાતની ઓથનું શરણ નથી. વૈદ્ય-

દાક્તરોનું શરણ નથી, મિત્રોનું શરણ નથી, કોઈનું શરણ નથી. બહારમાં દેવ-ગુરુ-ધર્મનું શરણ છે. કેમ એમ કહ્યું ? (કેમકે) એ દેવ-ગુરુ-ધર્મ એમ કહે છે કે, તું તારા શાશ્વત આત્માનું શરણ લે. એટલે દેવ-ગુરુ-ધર્મનું શરણ છે એમ ઉપચારથી કહેવામાં આવે છે.

ખરેખર એમ નથી કે, ગુરુ હોય એની પાસે ચાલ્યો જાય એટલે એને મરણથી બચાવે. (શ્રીગુરુ તો એને) આત્મામાં – શાશ્વત આત્મામાં જવાનો બોધ આપે છે. જે બોધને અંગીકાર કરતાં એ શાશ્વત પદને – જન્મ-મરણરહિત પદને પ્રાપ્ત કરે છે. તેથી એને જન્મ-મરણ થતાં નથી. તેથી એ બહારમાં શરણ છે એમ કહેવામાં આવે છે.

માણસ નથી કહેતાં ? કે, અમને ત્યાં ભય લાગતો હતો, હવે તમારી પાસે આવ્યા એટલે નિર્ભય થઈ ગયા. અહીંયાં દેવ-ગુરુ-ધર્મના આશ્રયે જતાં નિર્ભય થાય છે. કેમ નિર્ભય થાય છે ? (કેમકે) ત્યાં એને નિર્ભયતાનો બોધ મળે છે. દેવ-ગુરુ-ધર્મ એમ કહે છે કે, તું મફતનો ભયવાન થઈને દુઃખી થાય છે. તું શાશ્વત પદાર્થ છો, તારી શાશ્વત સત્તાને લક્ષમાં લે, ઉપયોગમાં લે, ભોગવટામાં લે. તારા અસ્તિત્વને ગ્રહણ કર, તારા શાશ્વત અસ્તિત્વને ગ્રહણ કર. બસ ! તું નિર્ભય થઈ ગયો ! તો ત્યાં આવતાં એ નિર્ભય (થઈ ગયો). એના શરણે આવતાં એને નિર્ભયતા થાય છે એટલે એમ કહે છે કે, એ શરણ છે, જા ! શરણનો અર્થ એ નથી કે, એ મરણથી બચાવી દે છે, પણ મરણના ભયથી જરૂર બચાવી દે છે. એનો ભય નિવૃત્ત કરી દે છે. એવાં દેવ-ગુરુ-શાસ્ત્ર છે, ધર્મ છે કે, એને મરણનો ભય રહેતો નથી !

**'આવા અશરણ સંસારમાં દેવ-ગુરુ-ધર્મનું જ શરણ છે.'** લોકો (આ વાતને) બીજી રીતે ખતવે છે. ભગવાન પાસે જઈએ, ગુરુ પાસે જઈએ કે, કાંઈક આપણને બચાવી લે ! કાંઈક આપણને આયુષ્ય વધારી દે ! આપણે ત્યાં જઈએ એટલે આપણને વાંધો ન આવે ! એવું કાંઈ નથી. એની પાસે જતાં તને તારા સ્વરૂપનું જ્ઞાન થાય. તારા સ્વરૂપનું જ્ઞાન થતાં તારું મૃત્યુ નથી એવું તને જ્ઞાન થાય, મારું મરણ જ નથી એમ જેને જ્ઞાન થાય છે એને પોતાનું મરણ થવાની કલ્પના નિવૃત્ત થઈ જાય છે. કલ્પનાથી–કલ્પિતભાવે ઉત્પન્ન થતો ભય છે એનો નાશ થઈ જાય છે, ભય ઉત્પન્ન થતો નથી. એટલે એને મરણનો ભય નથી એમ કહેવામાં આવે છે. એને શરણ મળી ગયું એમ કહેવામાં આવે છે. **'દેવ-ગુરુ-ધર્મનું જ શરણ છે.'**

**'પૂજ્ય ગુરુદેવે બતાવેલા ચૈતન્યશરણને લક્ષગત કરીને...'** હવે મૂળ વાત ઉપર આવે

છે. દેવ-ગુરુ-ધર્મ પણ આ નિજ ચૈતન્યનું શરણ બતાવે છે. અને આ વચનો જ્યારે કહેવાયા છે અને આ પુસ્તકાકારે લખાયા છે ત્યારે 'ગુરુદેવ'ની ઉપસ્થિતિ હતી. 'ગુરુદેવ'નો દેહાંત (થયો) છે–૨૦૩૬માં (અને) આ ૨૦૩૩ની અંદર આ ગ્રંથનું પ્રકાશન થયું છે. એટલે 'પૂજ્ય બહેનશ્રી' 'ગુરુદેવશ્રી'ને લક્ષમાં રાખીને કહે છે કે, '**પૂજ્ય ગુરુદેવે બતાવેલા ચૈતન્યશરણને લક્ષગત કરીને તેના દઢ સંસ્કાર આત્મામાં પડી જાય–એ જ જીવનમાં કરવા જેવું છે.**' આ જીવનનું કર્તવ્ય શું છે ? (તે કહે છે).

મોક્ષદશા છે એ તો સર્વોત્કૃષ્ટ સાધનાની ચરમસીમા છે. ત્યાં સુધી પહોંચવું એ તો જબરજસ્ત પુરુષાર્થનો વિષય છે, અશક્ય નથી પણ શુક્લધ્યાનની શ્રેણી જબરજસ્ત પુરુષાર્થનો વિષય છે ! પણ એ પહેલાં મુનિદશામાં આવવું એ પણ કોઈ જબરજસ્ત પુરુષાર્થનો વિષય છે ! અને એ પહેલાં સમ્યગ્દર્શનમાં આવવું એ પણ કોઈ અપૂર્વ પુરુષાર્થનો વિષય છે. એટલો પુરુષાર્થ તારો કદાચ જાગૃત ન થાય, એટલા પુરુષાર્થની અંદર તું ન આવી શકે અને એ પુરુષાર્થની વાત કદાચ તને દુષ્કર લાગતી હોય તો ઓછામાં ઓછું શું કરી શકાય ? એવો અહીંયાં આ બોલની અંદર સંકેત છે. કર્તવ્યની દૃષ્ટિએ ઓછામાં ઓછું શું કરી શકાય ? કે, ઓછામાં ઓછું જો જીવને સંસ્કાર પડી, જાય એટલું પણ કાર્ય કરી શકાય તોપણ તારો નિવેડો આવી જશે.

આત્મામાં આત્માના સ્વભાવના સંસ્કાર પડે અને એ નિષ્ફળ જાય એવું કદી બનતું નથી. બીજાં બધાં પરિણામ નિષ્ફળ છે. જગતમાં જેટલાં પરિણામ જીવ રાગ-દ્વેષ-મોહના કરે છે એ બધાં નિષ્ફળ છે. કેમ નિષ્ફળ છે ? કે, એ પરિણામ અનુસાર સાધ્યની સિદ્ધિ નથી. જેમકે જીવને જે પદાર્થમાં સુખ મળે છે એવી કલ્પના– ભ્રાંતિ થાય છે એ પદાર્થને એ આત્મામય કરી નાખવા માંગે છે અને ક્યારેય એ પદાર્થથી છૂટો ન પડવા એ ચાહે છે, પણ એવી રીતે એ સાધ્ય સધાતું નથી. કોઈ પદાર્થ આત્મામય થતો નથી અને કોઈ પદાર્થ આત્મા સાથે શાશ્વત સંયોગમાં રહેતો પણ નથી. (કાયમ સાથે રહે) એ તો બની શકતું નથી. એટલે એ બધાં પરિણામ – સંસારના પરિણામ નિષ્ફળ છે. અને એ તો માણસ બોલે છે કે, કોઈ શ્રીમંત માણસ ઘણા પરિશ્રમ પછી નિર્ધન અવસ્થામાંથી શ્રીમંતાઈમાં આવ્યો હોય અને આખી જિંદગી જાત તોડી નાખી હોય, શું કહે ? જાત તોડી નાખી–જાત ઘસી નાખી ત્યારે માંડ પૈસો મળ્યો ! ભાઈ ઊપડી ગયા ! આયુષ્ય પૂરું થયું એટલે ભાઈ ઊપડ્યા ! શું સાર્થક થયું એને ? એ બધી મહેનત અને એનો પરિશ્રમ કેટલો સાર્થક થયો ? એ

બધું અહીંયાં રહી ગયું. છોકરા, પરિવાર એવા થયા હોય કે એને પરેશાન કરતા હોય ! એના માટે એ બધું પાછું કરતો હોય ! જે એને પરેશાન કરતા હોય એના માટે એ બધું કરતો હોય !! જુઓ ! કેવી વિચિત્રતા છે ! આવી વાત છે. અમસ્તા પણ, આ તો પ્રતિકૂળતાનો દૃષ્ટાંત લીધો પણ અનુકૂળ હોય તોપણ એ બધું નિરર્થક જ છે. એનું કોઈ સાર્થકપણું છે નહિ. પણ જો કોઈ દેવ-ગુરુ-ધર્મના સંયોગમાં જતાં, દેવ-ગુરુ અને કોઈ ધર્મી–ધર્માત્માના સંયોગમાં જતાં જો કદાચિત્ એને સ્વભાવનાં સંસ્કાર પડી જાય તો એ સંસ્કાર એને બીજા, ત્રીજા, કોઈને કોઈ ભવમાં–નજીકના ભવમાં–પછી બહુ એમાં દૂર નથી થતો, બીજા, ત્રીજા ભવમાં એ સંસ્કારમાં એને સ્વરૂપની જાગૃતિ આવે છે, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ધર્મને પ્રાપ્ત કરે છે અને અલ્પકાળમાં એનો નિર્વાણ–મોક્ષ થઈ જાય છે. એના જન્મ-મરણમાંથી એ છૂટી જાય છે.

'ગુરુદેવશ્રી'ની ઉપસ્થિતિમાં કોઈએ પ્રશ્ન કરેલો કે, સાહેબ ! આપ ઘણાં વર્ષોથી અહીંયાં બિરાજો છો. આપનો અલૌકિક ઉપદેશ બધાંને મળે છે પણ આમાં બધાંને ધર્મ કેમ પ્રાપ્ત થતો નથી ? સાંભળવા તો ઘણાં આવે છે, હજારો માણસો આવે છે, દેશ-દેશાવરથી આવે છે; કેમ કોઈને ધર્મ પ્રાપ્ત થતો નથી ? તો એમણે એમ કહ્યું કે, ઓછાને થાય છે. એ વાત છે. અહીંયાં પરિસ્થિતિ એવી છે. અહીંયાં હીણા પરિણામ લઈને આવેલા જીવો છે, હીનસત્ત્વ, હીન પુરુષાર્થ થયેલા જીવો આવેલા છે, એટલે ધર્મ પ્રાપ્ત નથી કરી શકતા. કોઈ-કોઈ પ્રાપ્ત કરે છે. કોઈ નથી પ્રાપ્ત કરતું એવી વાણી નિષ્ફળ નથી જતી. કોઈ જીવો પ્રાપ્ત કરે છે. બાકી ઘણાં નથી પ્રાપ્ત કરતાં એવું લાગે છે તોપણ તમને ન સમજાય અને અમને સમજાય એવી એક વાત કરું છું કે, અત્યારે ભલે કો'ક જ જીવ ધર્મ પ્રાપ્ત કરશે પણ સંસ્કાર ઘણાં લઈને જશે ! શું કહેલું ? ઘણાં જીવો સંસ્કાર લઈને જશે ! 'ગુરુદેવ'ની નજીક આવેલા પાત્ર જીવો–અનેક પાત્ર જીવો(એ) સંસ્કાર ઝીલેલાં છે. કેટલાંકના આયુષ્ય પૂરા થઈ ગયા હોય, કેટલાંકના હજી ન થયા હોય. પણ જેણે પ્રત્યક્ષ દેશના સાંભળી છે એવા અનેક જીવોને સંસ્કાર પ્રાપ્ત થયા છે એ વાત નિશ્ચિત છે. 'ગુરુદેવ'ના જ્ઞાનમાં આવેલી આ વાત છે. કેવળજ્ઞાનમાં આવે અને અફર હોય એવી આ વાત છે !! શ્રુતજ્ઞાનમાં–નિર્મળ શ્રુતજ્ઞાનમાં આવી વાત આવે એ કેવળજ્ઞાન તુલ્ય હોય છે !! એમાં બીજો ફેરફાર હોઈ શકતો નથી.

અહીંયાં 'પૂજ્ય બહેનશ્રી' એમ કહે છે કે, તું સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી શકે એવા

કોઈ અપૂર્વ પુરુષાર્થ સુધી ન પહોંચે એવું તને લાગે તોપણ તને સંસ્કાર પડે એવું તો આ જીવનમાં ઓછામાં ઓછું કરી લેજે. ઊંડો ઉતરીને આ વિષયના ઊંડાણમાં જઈને અથવા અંતરના ઊંડાણથી.. બીજો બોલ છે ને ? બીજા બોલનાં પહેલાં શબ્દો છે – **'અંતરના ઊંડાણથી...'** પોતાનું આત્મહિત સાધવા માટેના જો તને પરિણામ થાય – એ વાત સંસ્કાર સાથે જોડીએ છીએ.

જે જીવના પરિણામ અંતરના ઊંડાણથી આત્મહિત સાધવા માટેના થાય કે, અંતરના ઊંડાણમાંથી એવી ભાવના થાય કે, મારે આત્મહિત સાધવું જ છે, એને સંસ્કાર મળી જાય છે ! એને સંસ્કાર ન પડે એવું ન બને. કેટલાક તો સમ્યગ્દર્શનને પણ પામી જાય ! નહિતર સંસ્કાર તો એને મળી જ જાય, ન મળે એવું બને નહિ. એક ન્યાયે તો એ સમ્યગ્દર્શનને પ્રાપ્ત થવાની પૂર્વભૂમિકા એની નિશ્ચિત થઈ ગઈ. સમ્યગ્દર્શન એનું Register થઈ ગયું !! Advance booking ! જેનું સમ્યગ્દર્શન નિશ્ચિત થયું એનો મોક્ષ પણ નિશ્ચિત થયો ! એનો નિર્વાણ પણ નિશ્ચિત થયો ! આ સંસ્કાર છે એ મોક્ષની પર્યાય સાથેની અહીંયાં સગાઈ થઈ ગઈ. (આપણે) નથી કહેતાં ? અત્યારે બોલ બોલી લ્યો પછી શ્રીફળ વિધિ કરશું, પછી લગ્ન કરશું. સંસારની અંદર શું કરે છે ? એ તો બધું નિષ્ફળ જાય છે. પરણેલા પણ છૂટાં પડે છે. Divorce લે છે કે નહિ ? અહીંયાં એ નહિ બને. આ Gentleman promise જેવી વાત છે ! આ વચન ફરતું નથી. સત્પુરુષોનું વચન ફરતું નથી. ચૌદ બ્રહ્માંડ ફરે (પણ) સત્પુરુષનું વચન ફરતું નથી !! એમાં વચનસિદ્ધિ રહેલી છે. એ વચનની પાછળ આત્માનું પવિત્ર જ્ઞાન અને પવિત્ર શ્રદ્ધાન રહેલું છે. સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન ઊભું છે ! એ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન પાછળ અડગ મેરુ સમાન શાશ્વત સ્વભાવ ઊભેલો છે !! એટલે એમાં કોઈ ફેરફાર થતો નથી.

પ્રશ્ન :– પૂર્ણતાના લક્ષે એ સંસ્કાર પડે છે કે સંસ્કાર મેળવવાના લક્ષે એ સંસ્કાર પડે છે ?

સમાધાન :– અહીંયાં મેળવવાનું લક્ષ નથી. શું મેળવવાના લક્ષે સંસ્કાર પડે છે ? એમ પૂછો તો જેને આત્મહિતની ભાવના છે એને પૂર્ણ શુદ્ધિ મેળવવી છે. સંસ્કાર મેળવવા છે એમ પણ નથી, અરે...! સમ્યગ્દર્શન મેળવવું છે એમ પણ નથી, મનિદશા મેળવવી છે એમ પણ નથી, એને મોક્ષદશા મેળવવી છે. કોને સંસ્કાર પડે છે ? કે, એને તો આ ક્ષણે મોક્ષની પૂર્ણ શુદ્ધિ થતી હોય તો એને બીજી ક્ષણ કે બીજો સમય એને ન જોઈએ. જેમ કોઈ મહત્વનું

કાર્ય હોય તો શું કહે ? સોએ કામ પડતાં મૂકીને હું આવીશ. શું કહે ? આ એટલું વજનદાર કામ છે કે મારે બધાં કામ પડતાં મૂકીને આ પહેલાં કરવું છે. તો પોતાના પૂર્ણ હિતનું કામ ? કે, બધાં કામ મૂકીને જ કરવાનું હોય, એમાં કાંઈ પ્રશ્ન રહેતો નથી.

(અહીંયાં) તો એમ કહે છે કે, તારો પુરુષાર્થ કામ ન કરતો હોય એવું તને લાગતું હોય તો સંસ્કાર મળે એવી પરિસ્થિતિમાં તો તારે આવવું જ જોઈએ. જો એ ન મળ્યું તો પછી ક્યાં પત્તો ખાશે (એ) કહેવું મુશ્કેલ છે. એ કહેવું બહુ મુશ્કેલ છે. એટલે ઓછામાં ઓછું શું કરવા જેવું છે ? માણસ નથી કહેતા ? કે, ભાઈ ! તમે દેણું કર્યું છે (તો) મુદલ ન આપો તો કાંઈ નહિ, વ્યાજ તો આપો ! શું કહે ? એક માણસ એક ગામથી બીજા ગામ સુધી ઉઘરાણીએ જાય. (પેલો) એમ કહે કે, 'કાંઈ નથી, મારી પાસે કાંઈ નથી.' (તો આ શું કહે ?) 'કાંઈ નથી ઇ બરાબર છે પણ હવે મારું વ્યાજ ચડ્યું છે ઇ તો આપો ! વ્યાજ ન આપો તો કાંઈ નહિ પણ આવવા-જવાનો મને ખર્ચ લાગ્યો છે ઇ તો આપો !!' શું કહે ? કે, એ પણ હું મારા ખીસાના ખર્ચું ? દેણદાર તમે અને ખર્ચ મારે ભોગવવાનો ? શું કહે ? 'ઓછામાં ઓછું કાંઈક આપો !' એનો અર્થ – ઓછામાં ઓછું કાંઈક આપો.

એમ અહીંયાં કહે છે કે, તું મનુષ્ય થયો, જૈનકુળમાં આવ્યો, સત્ય ધર્મ અને સત્પુરુષના વચનો તારી સમક્ષ આવ્યા, તારો મોક્ષ થાય એવી વાતો તને મળી. તારો મોક્ષ થાય એવી વાત તને મળી ! મોક્ષ સુધી ન પહોંચ, મુનિદશા અંગીકાર ન કરી શકે, સમ્યગ્દર્શન (ન કર) પણ સંસ્કાર તો પાડ હવે !! આટલું તો ઓછામાં ઓછું કરી લેવા જેવું છે. એમ કહે છે.

પ્રશ્ન :– જેને આ સંસ્કાર પડે એનું પરિણમન કેવું હોય ?

સમાધાન :– એ તો વાત કરી. બીજા બોલમાંથી તો એ વાત કરી. અંતરના ઊંડાણથી પોતાનું હિત સાધવાની એને ભાવના થઈ હોય તો જરૂર એને સંસ્કારની પ્રાપ્તિ થાય. કેવી રીતે થાય ? કે, પોતાની અંતરના ઊંડાણથી સ્વરૂપપ્રાપ્તિની ભાવના હોય અને કોઈ સ્વરૂપપ્રાપ્ત ધર્માત્મા આત્મસ્વરૂપને બતાવતા હોય, ચૈતન્યની જાગૃતિમાં ઊભા છે, ચૈતન્યના વેદનમાં ઊભા છે અને એમનાં વચનો પાછળ જે ભાવ છે એમાં ચૈતન્ય ઉપરની ભીંસ છે. એ આત્મસ્વરૂપ ઉપરની ભીંસમાંથી નીકળેલા જે વચનો છે એ વચનો સંસ્કારમાં નિમિત્ત થાય છે. કોને ? કે જેને આત્મહિતની અંતરના ઊંડાણની ભાવના હોય છે તેને. બસ ! એવાને એવા વચનો બીજા જીવના હોય – અજ્ઞાની જીવના (હોય) તોપણ તેને એ વચનો દેશનામાં

આત્મહિતમાં નિમિત્ત થતાં નથી. કેમકે એ સ્વરૂપના–નિર્વિકાર વીતરાગ સ્વરૂપ ઉપરની ભીંસમાંથી નીકળેલાં વચનો નથી. પણ રાગ ઉપર એનું વજન છે અને રાગની ભીંસમાં–કષાય ઉપરની ભીંસમાંથી નીકળેલાં એ વચનો છે. એક અકષાય સ્વભાવની ભીંસમાંથી નીકળેલાં વચનો છે અને એક રાગ ઉપર જોર આવીને રાગની ભીંસમાંથી નીકળેલાં વચનો છે. શબ્દો એના એ હોય, બન્નેની પાછળ ભાવની ભીંસ જુદી-જુદી, ઊલટી-સૂલટી છે. એક દેશનામાં, સંસ્કારમાં નિમિત્ત પડે છે (અને) એક નિમિત્ત પડતાં નથી. બે વચ્ચે આટલો ફેર પડી જાય છે.

એટલે ધર્માત્માનો સંગ કરવાનો ઉપદેશ છે. દેવ-ગુરુ-ધર્માત્માના શરણે જવાની એટલા માટે વાત છે કે જેથી એને ઓછામાં ઓછા (સંસ્કાર તો પડી જાય). 'ગુરુદેવ' વિદ્યમાન છે એટલે એમ કહે છે કે, 'પૂજ્ય ગુરુદેવ' ચૈતન્યશરણને બતાવે છે, ચૈતન્યસ્વરૂપને બતાવે છે જે શરણભૂત છે. અંતરમાં એનું તું લક્ષ કરવાનો પ્રયત્ન કર, ભાવના કર અને એને લક્ષમાં લઈને–એનો નિર્ણય કરીને લક્ષમાં લેવું. લક્ષ થવું, નિર્ણય થવો, ઓળખાણ થવી, ભાવભાસન થવું, પ્રતિભાસ થવો – આ બધાં એકાર્થ છે. 'નિર્ભ્રાંત દર્શનની કેડીએ'માં (સ્વરૂપ નિર્ણયના) ત્રીજા પ્રકરણમાં શરૂઆતમાં એક પેરેગ્રાફમાં એકાર્થ (શબ્દોનો જ) લીધો છે. લક્ષ કરીને લક્ષ થાય ત્યાં એને સંસ્કાર પડે છે. એ સંસ્કાર એવાં દૃઢ સંસ્કાર હોય છે કે, જેને લઈને એના અંકુર ફૂટતાં મોક્ષમાર્ગ શરૂ થાય છે ! અને એ મોક્ષમાર્ગમાં આવેલો જીવ નિયમપણે તરી જાય છે. એટલે જીવનમાં ઓછામાં ઓછું કર્તવ્ય હોય, થોડામાં થોડું કરી લેવા જેવું હોય તો આટલું કરી લેવા જેવું છે. એવું આ બોલમાં કહેવા માંગે છે.

**નિવૃત્તિમાં નિજહિતના ઉપયોગ (સાવધાની / લક્ષ) પૂર્વક સત્–શ્રુતના અધ્યયન દ્વારા આત્મભાવને પોષવો.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૨૦)

## પ્રવચન નં. ૭, વચનામૃત–૬
## તા. ૧૦-૧૧-૧૯૮૬

**સ્વભાવની વાત સાંભળતાં સોંસરવટ કાળજે ઘા પડી જાય. 'સ્વભાવ' શબ્દ સાંભળતાં શરીરની સોંસરવટ કાળજામાં ઊતરી જાય, રુવાંટે રુવાંટાં ખડાં થઈ જાય એટલું હૃદયમાં થાય. અને સ્વભાવ પ્રાપ્ત કર્યા વિના ચેન ન પડે, સુખ ન લાગે, લીધે જ છૂટકો. યથાર્થ ભૂમિકામાં આવું હોય છે. ૬.**

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–ત્રણ. પાંચ બોલ થયા છે. છઠ્ઠો બોલ આવ્યા (છીએ). છઠ્ઠા બોલનો વિષય છે – મુમુક્ષુની યથાર્થ ભૂમિકા.

સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાના પૂર્વ કાળમાં કેવી યથાર્થ ભૂમિકાવાળા જીવને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય એના પણ અનેક લક્ષણ છે. અનેક લક્ષણોના સંબંધમાં અનેક બોલ પણ આ ગ્રંથની અંદર આવેલા છે. એમાંથી ભાવ-શ્રવણને, ભાવ-શ્રુતને લગતો આ એક બોલ છે.

સામાન્ય રીતે તો જે દ્રવ્યશ્રુતને નિમિત્તે જ્ઞાનસ્વભાવનું અભેદ જ્ઞાન થાય એને ભાવશ્રુત કહે છે. 'ભાવશ્રુત' એવા શબ્દનો એ પ્રચલિત રૂઢિ અર્થ છે. અહીંયાં ભૂમિકામાં એક એવું અર્થઘટન કરી શકાય એવી વાત આ છઠ્ઠા બોલમાં આવી છે.

**‘સ્વભાવની વાત સાંભળતાં સોંસરવટ કાળજે ઘા પડી જાય.’** ‘સોંસરવટ’નો અર્થ થાય છે–આરપાર. જેમ કોઈ ઘા મારે તો આરપાર લાગે, અર્ધે ન લાગે પણ આરપાર લાગી જાય. એમ જ્ઞાની શ્રીગુરુ આત્મસ્વભાવને સંભળાવતા હોય ત્યારે સ્વભાવનો મહિમા એટલો આવે ! એમ અહીંયાં કહેવું છે. અહીંયાં એ ઉપમા નથી લેવી કેમકે ઘા વાગે ત્યારે તો વેદના થાય. અહીંયાં વેદનાનો વિષય નથી લેવો, પરંતુ અહીંયાં મહિમાનો વિષય લેવો છે. જેમ સોંસરવટ ઘા પડે તો માણસના પ્રાણ બચે કે ન બચે એ સવાલ ઊભો થાય.

અહીંયાં આત્મસ્વભાવની વાત એવા ભાવથી સાંભળે, સ્વરૂપની ભાવનામાં આવેલો જીવ સ્વરૂપને એવા ભાવથી સાંભળે છે, એવા મહિમાથી સાંભળે છે કે, એને જાણે કોઈ આરપાર ઊતરી જાતું હોય, વિષય છે એના ઊંડાણમાં પોતે ચાલ્યો જતો હોય, એની રુચિને અત્યંત-અત્યંત પોષણ મળતું હોય, એની ભાવનાને પણ અત્યંત પોષણ મળતું હોય – એ બધું બતાવવા માટે સોંસરવટ કાળજામાં આ સ્વભાવ શબ્દ ઊતરી જાય છે એમ કહેવું છે.

ખાલી અર્થઘટન કરવાનો આ વિષય નથી કે, આટલી બે–અઢી લીટી, ત્રણ લીટીમાં આ વાત છે તો એનો અર્થ શું થાય ? પણ આવું કાંઈ આત્મસ્વભાવ સાંભળતાં પોતાના આત્માને વિષે થાય છે કે નહિ ? એનું વાચ્ય–એ વાચ્યની મેળવણી કરવા યોગ્ય છે. સ્વભાવ શબ્દ અનેકવાર સાંભળ્યો, સ્વભાવની વાતો અનેક પ્રકારે, અનેક વિશેષણોથી અનેકવાર સાંભળી એટલે એ એટલું સાધારણ થઈ ગયું કે સાંભળતી વખતે એની કોઈ વિશેષ મહિમા ન આવે. અરે...! સાંભળતી વખતે એ વિષય ઉપર ઉપયોગ ન રહે, સાંભળવાનો ઉપયોગ ન રહે ! ઉપયોગ વિષયાંતર થઈ જાય તો યથાર્થ ભૂમિકાને અને પોતાને કેટલું દૂરપણું છે એ પોતે સમજી શકે. સમજણના કાળમાં આવું પોતાનું લક્ષ હોવું જોઈએ એટલી વાત છે. શાસ્ત્રવાંચન અને શાસ્ત્રશ્રવણ એ પોતાના લક્ષે–સ્વલક્ષે–નિજલક્ષે થવા યોગ્ય છે, હોવા યોગ્ય છે.

અહીંયાં આ છઠ્ઠા બોલમાં એ યથાર્થ ભૂમિકાની વાત આવે છે કે, યથાર્થ ભૂમિકાવાળા, સમ્યગ્દર્શનને યોગ્ય ભૂમિકાવાળા જીવને સ્વભાવની વાત સાંભળતાં એને શું શું થાય ? એના પરિણમનમાં કેવી અસર થાય એટલો વિષય અહીંયાં લીધો છે. સ્વભાવની વાત આવે ત્યારે એને એકદમ પોતાની રુચિનો વિષય આવ્યો હોય એવી રીતે એનો રસ છે એ ઘણી ઉગ્રતા પકડે. સ્વભાવ અંગેનો પોતાનો મહિમા અને રસ ઘણી ઉગ્રતા પકડે, અત્યંત ઉગ્રતા પકડે એવા ભાવના વાચક આ શબ્દો છે.

હવે, અહીંયાં તો સ્વભાવની વાત તો અનેકવાર રોજ સાંભળે ને વાંચે, રોજ વાંચે, રોજ સાંભળે (તોપણ) જાણે કાંઈ નહિ ! જેમ ભાજીમૂળાનું કાંઈ નહિ એમ સ્વભાવનું કાંઈ નહિ !! એવું થઈ જાય તો એ પાત્રતા નથી. અપાત્રતાના કાળમાં–વર્તમાન અપાત્રતાના કાળમાં એવું થયા કરે કે, એને સ્વભાવ સાંભળવા મળે, સ્વભાવની વાત સાંભળવા મળે, સત્‌શાસ્ત્રોમાંથી વાંચવા મળે પણ એને એનો મહિમા આવે નહિ, એનો રસ આવે નહિ.

કોઈ મુમુક્ષુઓ તો એવું બોલતા સાંભળ્યા છે કે, સ્વભાવની તો હવે ખબર છે કે, સ્વભાવ જ્ઞાતા-દ્રષ્ટા છે ! સ્વભાવની તો ખબર છે કે સ્વભાવ તો જ્ઞાતા-દ્રષ્ટા છે. જ્ઞાનાનંદ સ્વભાવ છે. જ્ઞાન અને આનંદ આત્મામાં ભર્યા છે ઇ તો ખબર છે અને અહીંયાં રોજ એની એ વાત ચાલે છે. એટલે કે ભાઈસાહેબને કાંઈ રસ આવતો નથી. ઠીક છે, આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આત્મા આનંદસ્વરૂપ છે, આત્મા નિર્મળ છે ને નિત્ય છે ને શાશ્વત છે ને શુદ્ધ છે. ભાઈ ! એથી બીજી કઈ મહિમાવંત ચીજ છે કે તને એમાં રસ છે અને આમાં રસ નથી ?

પ્રશ્ન :– એમ કેમ થાય છે ?

સમાધાન :– દર્શનમોહની તીવ્રતા ! મિથ્યાત્વની તીવ્રતા ! 'શ્રીમદ્‌જી' લખે છે, 'ઉપદેશ છાયા'માં એક વાત આવે છે કે, પાત્રતા ન હોય ત્યારે જીવ એવી પરિસ્થિતિમાં છે કે, જેમ કોઈએ ગોદડું ઓઢ્યું હોય તો લાકડી મારે તો પણ વાગે નહિ. એમ દર્શનમોહની તીવ્રતાનું ગોદડું એવું જાડું થાય છે; જાડી ચામડી જેને કહે છે ને ? કે, એને શ્રીગુરુના ઉપદેશની લાકડી વાગતી નથી. પાત્ર જીવે મલમલ અને ધોતિયા જેવું વસ્ત્ર ઓઢ્યું છે. એને પણ એટલું આવરણ છે પણ એને શ્રીગુરુના ઉપદેશની લાકડી વાગે છે. એટલો એનો દર્શનમોહ પાતળો પડી ગયો છે.

પ્રશ્ન :– તીવ્ર દર્શનમોહ વર્તે છે એનું કરવું શું ? કાંઈ બેસી રહેવાય ?

સમાધાન :– બેસી રહેવાનો તો પ્રશ્ન નથી. પણ જ્ઞાન એક એવી ચીજ છે – સમજણ એક એવી ચીજ છે, સમજણ કોઈ બીજી ચીજ છે. સ્વાધ્યાયનો વ્યવહાર એટલા માટે છે. છે એક બાહ્ય ક્રિયા, જેમ પૂજા, ભક્તિ, દયા, દાન, યાત્રા બાહ્ય ક્રિયા છે એમ આ એક બાહ્ય ક્રિયા જરૂર છે પણ આ બાહ્ય ક્રિયામાં એક અંતર લક્ષ થવું–સ્વલક્ષ થવું એવી સમજણની તક છે – એક સમજણની ભૂમિકા છે. સમજણ એક એવી ચીજ છે કે, પોતાને જો ખરેખર નુકસાન લાગે તો ત્યાંથી ખસે, પોતાને નુકસાનનું કારણ લાગે તો ખસે.

કોઈ એમ કહે કે, દર્શનમોહ છે, હવે પત્યું શું કરીએ ? એ તો છે. દર્શનમોહ છે તો છે, હવે ચાલે ! પણ દર્શનમોહ છે એમ નહિ. દર્શનમોહરૂપે તું પરિણમે છો. પરિણમનની એક ક્રિયા કરે છો. કોઈ એમ કહે કે, તમે આ ધીમું-ધીમું પણ ઝેર ખાવાની ક્રિયા કરો છો ! તો ખાય ખરો ? ચાલુ રાખે ખાવાનું ? અને અત્યારે આ ધીમું ઝેર દેખાય છે પણ લાંબા કાળ સુધી એ ધીમું ઝેર ખાવાથી (મરી જવાશે). આ બધાં Toxication છે એ ધીમા ઝેર છે. વ્યસનના જેટલાં (સાધનો છે)–ચાથી માંડીને, બીડીથી માંડીને, દારૂથી માંડીને એ બધાં Mild poison જ છે, બીજું કાંઈ નથી. પણ એ ઘણાં વખત સુધી જો વાપરવામાં આવે તો બીજું ઝેર ઊતરે પણ આ ઝેર ઉતારવું મુશ્કેલ પડે. એરુ કરડ્યો હોય તો (તેનું ઝેર) ઊતરી જાય, પણ પચાસ વર્ષ સુધી બીડી અને દારૂ પીધો હોય તો એમાંથી કેન્સર થઈ જાય, એ પછી ન મટે. એમ જ્યારે ખબર પડે કે, આ જે લેવાય છે, ખવાય છે એ આવું નુકસાનકારક છે, તો સમજણ છે એ એને દૂર કરે છે. એટલા માટે 'ગુરુદેવશ્રી'એ સમજણ ઉપર બહુ વજન આપ્યું.

અથવા કોઈ એમ કહે કે, ખ્યાલમાં આવે છે, સમજાય છે પણ અમારો પુરુષાર્થ ઊપડતો નથી. એ વાત બરાબર નથી. જ્ઞાનને અને પુરુષાર્થને સીધો જ સંબંધ છે. 'સોગાનીજી'ના એક પત્રમાં એ વાત છે કે, 'ગુરુદેવશ્રી'એ સમજણ ઉપર એટલા માટે વજન આપ્યું છે કે, યથાર્થ જ્ઞાનમાં–યથાર્થ સમજણમાં, (અયથાર્થ) જ્ઞાનમાં નહિ પણ યથાર્થ સમજણમાં પુરુષાર્થ ગર્ભિત છે. સાચી સમજણના ગર્ભમાં રહેલી ચીજ છે. પુરુષાર્થ એમાંથી ન જન્મે એવું બને નહિ. એમ કહેવું છે. તો હવે પ્રશ્ન એટલો રહ્યો કે, યથાર્થ શું ? અને અયથાર્થ શું ?

સમજણ તો સમજણ છે. યથાર્થ સમજણવાળો પણ એમ સમજે છે કે, મને સમજાય છે. અયથાર્થ સમજણવાળો પણ સમજે છે કે મને તો સમજાય છે ! મને કાંઈ વિરોધ નથી આવતો. હું કાંઈ આ વાતની ના નથી પાડતો, હું નિષેધ નથી કરતો. માટે મને સમજાય છે. તો એકની સમજણ યથાર્થ છે, બીજાની સમજણ અયથાર્થ છે એ કેવી રીતે નક્કી કરવું ? એ પણ નક્કી થાય એવું છે.

જે વાચ્યભૂત એવા પોતાના પરિણામ અને પોતાના સ્વભાવને લક્ષે સમજે છે તે યથાર્થ છે. સ્વલક્ષે સમજણ કરે તો એમાં એ વાચ્યને પકડે. કેમકે એ વિષય પોતાનો ભાવ જ છે. અહીંયાં તો ભાવોની જ રમત છે અને ભાવોનો જ વિષય ચાલે છે. વિભાવ અને સ્વભાવ – બન્ને ભાવો છે. એટલે એ પોતાને લક્ષમાં લે, પોતાના ભાવોને અને પોતાના સ્વભાવને લક્ષમાં

લે તો એ વિષયના ઊંડાણમાં જાય. એ વિષયના ઊંડાણમાં જતાં એના અનેક પાસાઓ – પ્રયોજનભૂત પાસાઓ એને લક્ષમાં આવે. એ ઉપરાંત એ વિષયના ઊંડાણમાં જતાં એનો ઉપયોગ પણ સૂક્ષ્મ થાય, જો સ્વલક્ષે સમજણ કરે તો ! અને એ સમજણમાં યથાર્થતા આવે. એટલે કે દોષથી હટવાનો પુરુષાર્થ અને ગુણ સંપ્રાપ્ત કરવાનો એનો પુરુષાર્થ શરૂ થાય. પણ એકલું પરલક્ષી શાસ્ત્રજ્ઞાન, પરલક્ષી ધારણા, પરલક્ષે વિચારણા, પરલક્ષની તર્કણા – એવી જે જ્ઞાનની સમજણની પ્રવૃત્તિ છે એ આત્માને બિલકુલ ફાયદો કરતી નથી. ફાયદો તો બિલકુલ કરે નહિ પણ પ્રાયઃ નુકસાન જ કરે છે. આવું બને છે. એટલે આત્મસ્વભાવને કેવી રીતે સાંભળવો ? એ સંબંધીનું અહીંયાં એક લક્ષ્યાર્થ છે અથવા ધ્યાન ખેંચે એવી વાત છે અને તે સ્વલક્ષે–પોતાના લક્ષે મેળવીને સમજણ કરવા જેવો વિષય છે.

'ગુરુદેવશ્રી'(ને) પ્રવચન કરતાં આપણે બધાએ સાંભળ્યા છીએ. પછી પ્રવચન પછી મુમુક્ષુઓ ચર્ચા કરતા કે, આજના વ્યાખ્યાનમાં ઘણી સારી વાત આવી એ તો ઠીક છે પણ શું-શું વાત આવી ? તો કોઈ ન્યાયની વાત કરે કે, આવો એક ન્યાય આવ્યો. કોઈ નવીનતાની વાત કરે કે, આ વાત નવી આવી. અત્યાર સુધી આવી વાત સાંભળવા નહોતી મળી અથવા કદાચ 'ગુરુદેવે' પહેલી વાર કરી હશે. એટલે આ નવી વાત આવી. એમ વ્યાખ્યાનમાં રસ પડવાના અનેક નિમિત્ત, યોગ્યતા અનુસાર જુદાં-જુદાં જીવોને માલુમ પડે છે અથવા નિમિત્ત બને છે. પણ કેટલાંક જીવો તો એવા જ હોય છે કે, એને જો કદાચ પૂછવામાં આવે કે, તમે આજે 'ગુરુદેવ'ના વ્યાખ્યાનમાં શું સાંભળ્યું ? તો એ એમ કહે કે, એકલા આત્મસ્વભાવ સિવાય બીજું કાંઈ ન સાંભળ્યું ! પણ ઘણાં ન્યાયો કહ્યાં હતા, ઘણી નવીન વાતો આવી હતી, કેટલાય દૃષ્ટાંત આવ્યા હતા ! તો કહે, મેં તો એકલો સ્વભાવ સાંભળ્યો છે ! આ કોનું લક્ષ ક્યાં છે એના ઉપર એ શું સાંભળે છે એ નક્કી થાય છે.

'અર્જુન'ની પરીક્ષા લીધી મત્સ્યવેધમાં 'દ્રોણાચાર્યે'–એના ગુરુએ ત્યારે શું પૂછ્યું ? કે, તને શું દેખાય છે ? પાણીનો હોજ બરાબર દેખાય છે ને ? હોજમાં પાણી ભરેલું છે. તો કહે, કાંઈ દેખાતું નથી. અંદર થાંભલાનું પ્રતિબિંબ છે. તો કહે, એ પણ નથી દેખાતું. એના ઉપર એક પક્ષી કે માછલી કાંઈક રાખ્યું છે, ધાતુનું કે લાકડાનું બનાવેલું હોય, એ દેખાય છે ? તો કહે કે, એ પણ નથી દેખાતું. તો હવે દેખાય છે શું ? તો કહે, એક એની આંખ દેખાય છે. જેના ઉપર મારે તીર છોડવાનું છે એ એક જ મને દેખાય છે ! બીજું મને કાંઈ દેખાતું નથી. એનો અર્થ શું છે કે, દેખાતું હોવા છતાં દેખાતું નથી.

એમ વ્યાખ્યાનમાં અનેક વાત આવતી હતી અને આવી હતી છતાં પણ મારું લક્ષ સ્વભાવ ઉપર હતું એટલે મેં એકલા સ્વભાવને સાંભળ્યો છે. બીજું સાંભળ્યું પણ ન સાંભળ્યું જેવું કર્યું છે. અને એ સ્વભાવ સિવાય બીજી-બીજી વાતોની જેને મહત્તા આવી એને સ્વભાવ સંભળાવ્યો હોવા છતાં એણે સ્વભાવ સાંભળ્યો-ન સાંભળ્યો કર્યો છે ! અને સ્વભાવ સિવાયના બીજા વિષય ઉપર એને આકર્ષણ થયું છે કે, જે માત્ર ક્ષયોપશમના નિમિત્ત થાય છે. દર્શનમોહને ટાળવાનું નિમિત્ત, દર્શનમોહનો દુશ્મન એવો આત્મસ્વભાવ છે. આત્મસ્વભાવનો દુશ્મન દર્શનમોહ છે અને દર્શનમોહનો દુશ્મન આત્મસ્વભાવ છે.

એમ અહીંયાં એ વાત કહે છે કે, **'સ્વભાવની વાત સાંભળતાં સોંસરવટ કાળજે ઘા પડી જાય.'** એવી ઊંડી અસર થાય, કાળજા ઉપર અસર થાય એમ કહે છે !! બે શબ્દ વાપર્યા છે. એ શરીરના અવયવના મર્મસ્થાન લીધાં છે. એક 'કાળજું' લીધું છે, બીજું 'હૃદય' લીધું છે. હૃદયમાં (એમ લીધું છે કે) **'રુવાંટે રુવાંટાં ખડાં થઈ જાય એટલું હૃદયમાં થાય,...'** એ શું બતાવે છે ? સ્વભાવની રુચિને આ પ્રદર્શિત કરે છે. જેને સ્વભાવની રુચિ છે, જેને સ્વભાવનું આકર્ષણ છે, ઓળખીને (આકર્ષણ) છે અથવા અવ્યક્તપણે છે – બે પ્રકારે આ હોય છે. એક અવ્યક્ત રુચિ હોય છે એક ઓળખાણપૂર્વક રુચિ થાય છે. ત્યારે એને સ્વભાવ સાંભળતાં, સ્વભાવ વાંચતા સ્વભાવના વાચક શબ્દો એના જ્ઞાન અને સમજણ સમક્ષ આવતાં એના વાચ્ય સુધી એનું જ્ઞાન પહોંચે છે. અથવા એના પરિણમનમાં એ વાચ્ય એવી રીતે લક્ષિત થાય છે કે, એને અત્યંત-અત્યંત રસની પુષ્ટિ મળે છે–આત્મરસની પુષ્ટિ મળે છે. આમાંથી પરિણતિ ઉત્પન્ન થાય, પરિણતિ થાય છે.

'પૂજ્ય બહેનશ્રી' ઘણીવાર ચર્ચામાં જવાબ દે છે, આવો જવાબ દે છે. મુમુક્ષુ પૂછે છે કે, કેવી રીતે પ્રયત્ન કરવો ? કેવી રીતે પુરુષાર્થ કરવો ? કેવી રીતે આત્મકાર્ય કરવું ? તો અનેક વાતો કરતાં-કરતાં એક વાત વચમાં આવી પણ કરે છે કે, 'પરિણતિ થઈ જવી જોઈએ.' સાંભળવામાં ધ્યાન હોય તો આ વિષય અનેકવાર આવે છે. પરિણતિ થઈ જવી જોઈએ. પરિણતિ થઈ જવી જોઈએ એટલે શું થઈ જવું જોઈએ ? કે, એટલી ભાવનામાં અને આત્માના રસમાં એને સાંભળવું, વાંચવું આદિ જે કાંઈ જ્ઞાનક્રિયા છે એમાં આત્મરસ એટલો પોષાવો જોઈએ, એટલો ઉત્પન્ન હોવો જોઈએ કે છેવટે એની એક પરિણતિ થઈ જાય. એ પરિણતિનું કોઈ મુખ્ય પાસું છે તો એ એનો રસ છે–આત્મરસ છે. શેને લઈને એ પરિણતિ ઉત્પન્ન થઈ છે કે બની ગઈ છે, થઈ ગઈ છે ? કે, આત્મરસને લઈને. વારંવાર

આત્માને સાંભળ્યો, વારંવાર આત્માને લક્ષમાં લીધો અને એ કાળમાં જે ઘણો રસ ઊપજ્યો (તેને લઈને પરિણતિ થઈ ગઈ છે). ઘણો રસ ઊપજ્યો એના આ સૂચક શબ્દો છે – જે શરીરના મર્મસ્થાનો ઉપરથી વાત લીધી છે. જેમ મર્મસ્થાન ઉપર ઘા પડે તો એની વેદના અત્યંત હોય.

આમ તો શરીરશાસ્ત્રના જાણનારાઓ શરીરના મર્મસ્થાન અનેક જગ્યાએ બતાવે છે. પણ એક સામાન્ય વાત છે કે એક ફોડકી રગ ઉપર થઈ હોય અને એક મોટા ગૂમડામાં રગ ન આવતી હોય તો વેદના મોટી થાય. રગ ઉપર નાની ફોડકી થાય તો પીડા કરે અને મોટું ગૂમડું હોય પણ ક્યાંય રગ પકડાણી ન હોય (તો) એની અસર રગ ઉપર ન હોય તો એની વેદના ન હોય. તો હૃદય છે એ તો આખું ઉત્કૃષ્ટ મર્મસ્થાન છે, કાળજું છે એ તો ઉત્કૃષ્ટ મર્મસ્થાન છે. ત્યાં ઘા પડે એટલે એ સહન ન થાય. એની વેદના જીવને સહન થવી મુશ્કેલ પડે. સમજાવવા માટે એવી બે વાતની અહીંયાં ઉપમા લીધી છે કે, એવી સ્વભાવ શબ્દની અસર થાય !

**'સ્વભાવ' શબ્દ સાંભળતાં શરીરની સોંસરવટ કાળજામાં ઊતરી જાય,...'** એ તો અવયવથી વાત લીધી છે. પણ એટલી ઊંડી અસર થાય ! 'સ્વભાવ' શબ્દ સાંભળતાં એ સ્વભાવ લક્ષમાં આવે અથવા વ્યક્ત કે અવ્યક્તપણે એટલી ઊંડી અસર થાય કે એની રુચિને ખૂબ પોષણ મળતું હોય ! ખૂબ પોષણ મળતું હોય !! એ શબ્દ સાંભળતાં એને એવું લાગે.

અથવા એમ લઈએ કે, 'ગુરુદેવશ્રી'ના પ્રવચનમાં કોઈ સાંભળવા જેવી વાત હતી તો તે 'આત્મસ્વભાવ' હતો. ગમે તે શાસ્ત્ર ઉપર પ્રવચન થતું હોય, કોઈ પણ શાસ્ત્રની કોઈ પણ વિષયની ગાથા હોય, પણ એ સ્વભાવથી જ શરૂઆત કરતાં, પહેલાં સ્વભાવને સ્થાપતા. શબ્દ એના જુદાં-જુદાં આવે. એમાં (પણ) લગભગ વ્યાખ્યાનનો પ્રારંભ એવી રીતે કરતાં કે, 'આ આત્મા...!' આત્મા એમ કહેતાં આખો સ્વભાવ લઈ લીધો. સાંભળનારને 'આત્મા' કહે અને અંદર સ્વભાવ લક્ષમાં ખડો થઈ જવો જોઈએ. સ્વભાવ ખડો થાય તો અંદરથી રસના શેરડા ફૂટે !! એમ અંદરમાં એને જો રસ આવે તો પરિણતિ થાય. પરિણતિ થાય તો કદીક ઉપયોગ થવાની જગ્યા છે, પરિણતિ વિના તો ઉપયોગ થવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :– 'પરમાગમસાર' બોલ–૧૨૯.

પૂજ્ય ભાઈશ્રી :– **'અરે ભાઈ ! તારા જેવું કોઈ ધનાઢ્ય નથી !'** લ્યો, ઠીક ! જગતના

જીવો પૈસા પાછળ ગાંડપણ કરે છે એને એમ કહે છે કે, **'અરે ભાઈ ! તારા જેવું કોઈ ધનાઢ્ય નથી ! તારી અંદરમાં પરમાત્મા બિરાજે છે...'** અંદરમાં પરમપદ છે. **'પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢ્યપણું શું હોઈ શકે ?'** અનંત ગુણનું ધન છે તારામાં ! અનંત ગુણની સંપત્તિ છે ! એથી વિશેષ શું હોઈ શકે ? **'આવું પરમાત્માપણું સાંભળતાં...'** પરમાત્માપણું કહો કે સ્વભાવ કહો, એ **'સાંભળતાં એને અંદરથી ઉલ્લાસ ઊછળવો જોઈએ.'** અહીંયાં વાત લીધી છે ને ? **'સ્વભાવ' શબ્દ સાંભળતાં શરીરની સોંસરવટ કાળજામાં ઊતરી જાય, રુવાંટે રુવાંટાં ખડાં થઈ જાય એટલું હૃદયમાં થાય,...'** અહીંયાં ('પરમાગમસાર'માં) કહે છે કે, **'ઉલ્લાસ ઊછળવો જોઈએ. એની લગની લાગવી જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ.'** આમ લીધું છે. લોકો પૈસા પાછળ ગાંડા થાય છે, નહિ કરવાના પરિણામ કરે છે. આ એમ કહે છે કે, સ્વભાવ માટે ગાંડા થવું જોઈએ. ગાંડા થવું જોઈએ એટલે શું ? કે, લોકો કદાચ એમ કહે કે, 'આ લોકવ્યવહારમાં નથી, (ક્યાંય) આવતા નથી, જતા નથી, હળતાં નથી, મળતાં નથી, બોલતા નથી, બોઘાની જેમ ચાલ્યા જાય છે અને બોઘાની જેમ બેઠાં હોય છે. ક્યાંય કોઈની સાથે ભળતા નથી, કાંઈ જગતના વ્યવહારમાં નથી.' એમ કહે કદાચ (તો) 'બહુ સારું ભાઈ ! તમે જેટલાં Title આપો અમને મંજૂર છે.' જગતમાં અપકીર્તિ થાય કે ન થાય ? જગતની કીર્તિ લેવી નથી. અહીં તો કોઈ કીર્તિ આપે તોપણ દૂર ભાગવું છે ! લેવાનો તો પ્રશ્ન નથી. પણ કોઈ એમ કહે કે, ગાંડા જેવા છે ! તો કહે, કબૂલ છે અમને ! ગાંડા કહે તોપણ અમને કબૂલ છે ! (આ બોલ) શેમાંથી લીધો છે, જોયું છે ? ૪૧૭ નંબરના 'આત્મધર્મ'ના Title page ઉપર આ બોલ આવેલો છે. ૪૧૭ (નંબરના) 'આત્મધર્મ'ના મુખપૃષ્ઠ ઉપર બોલ ટાંકેલો છે.

(કહે છે કે) **'એને માટે ગાંડા થવું જોઈએ. આવા પરમાત્મસ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ અંદરમાં છે તે પ્રગટ થયા વિના કેમ રહે ?'** પ્રશ્ન જ નથી. **'જરૂર પ્રગટ થાય જ.'** અહીંયાં તો બીજી વાત નથી.

**'બહેનશ્રીનાં વચનામૃત'ની વિશિષ્ટતા છે કે, અનેક જગ્યાએ મુમુક્ષુઓને એવું માર્ગદર્શન આપ્યું છે કે, આ પરિણામ હોય અને તારું કાર્ય ન થાય એ વાત જ નથી. કેમકે પોતે પોતાના અનુભવથી વાત કરી છે.** ત્યાં કાળલબ્ધિ, ભવિતવ્યતા, પૂર્વકર્મ, નિમિત્ત (આદિની સાથે) કાંઈ લેવા-દેવા નથી. અહીં તો (એમ જ કહે છે કે) આવું કારણ બને અને આ કાર્ય થાય, થાય ને થાય જ ! અમારા અનુભવથી સિદ્ધ થયેલી આ વાત પ્રગટપણે કહેવામાં

આવે છે. એમ કરીને બધી વાતો મૂકી છે.

બીજાં-બીજાં શબ્દો લીધાં છે પણ ભાવ એક જ લીધો છે. **'અંદરથી ઉલ્લાસ ઊછળવો જોઈએ.'** ઉલ્લાસ આવવો જોઈએ (એમ) નહિ, **'ઊછળવો જોઈએ'** એમ લીધું છે. અંદરથી **'એની લગની લાગવી જોઈએ.'** એટલે એમાં ત્રુટક-ત્રુટકપણું થાય એમ નહિ. પાછળ પડી જાય અને જગતના વ્યવહારથી જુદો પડી જાય. પડી જાય તો ભલે જુદો પડી જાય ! અનંત કાળ એણે જગત સાથે ચાલવાનું લક્ષ રાખ્યું છે. લોકો ચાલે એમ ચાલીએ, લોકો શું કહે છે ? બધાં શું કહે છે ? સમાજ શું કહે છે ? બધા સમાજની સાથે રહીએ, સમાજની સાથે ચાલીએ, લોકવિરુદ્ધ ન કરીએ. એવું અનેકવાર એણે કર્યું. અહીં તો કહે છે કે, તું ગાંડો થા ! તારા આત્મા પાછળ તું (ગાંડો થા) ! એકવાર ભલે લોકો તને પાગલ કહે !

(અહીંયાં કહે છે) **'રુવાંટે રુવાંટાં ખડાં થઈ જાય એટલું હૃદયમાં થાય, અને સ્વભાવ પ્રાપ્ત કર્યા વિના ચેન ન પડે,...'** આ બધાં યથાર્થ ભૂમિકાના લક્ષણો છે. એનું સુખ-ચેન ઊડી જાય ! ચેન ન પડે એને, બેચેની રહ્યાં કરે. જેમ રોગ થાય, માથું દુખે, પેટમાં ગોળો ચડે, અનેક પ્રકારના વાયુના રોગ (થાય ત્યારે) બેચેની થયા કરે, ક્યાંય ગમે નહિ. પહેલો બોલ એ જ છે. **'તને ક્યાંય ન ગમતું હોય તો...'** જો તને ક્યાંય (ન ગમતું હોય તો એમાં) 'જો' અધ્યાહાર છે. એ આ માટે છે કે, સ્વભાવની પ્રાપ્તિ નથી થઈ માટે તને ચેન પડતું નથી ? કે બહારમાં સંયોગોની અનુકૂળતા છે એમાં તને ચેન પડે છે ? આટલી વાત છે.

(એમ લાગે કે), ભાઈ ! આપણને કાંઈ વાંધો નથી. રોજ ઉટકેલા–સાફ કરેલા ભાણામાં જમીએ છીએ. ખાઈ-પીને મજા કરીએ છીએ ! ઊંઘ પણ સારી આવે છે, ભૂખ પણ લાગે છે અને ખાઈ-પીને લહેર કરીએ છીએ. બીજી કાંઈ તકલીફ કે મોટી ઉપાધિ નથી. નાની-મોટી તો સૌને હોય એટલે વાંધો નહિ. એને સ્વભાવની દરકાર જાગી નથી અને એને સ્વભાવ પ્રાપ્તિને અંગે અપ્રાપ્તિના કાળમાં જે બેચેની આવવી જોઈએ એ બેચેની એને આવી નથી.

અમારે ચર્ચામાં આવી એક વાત ચાલતી હતી ત્યારે એક મુમુક્ષુભાઈએ પૂછ્યું કે, 'આ બેચેની છે એ તો દુઃખ (છે), એક જાતનું દુઃખ છે અને આ માર્ગ સુખનો છે !' આ તો તર્ક છે, હોં ! તર્ક તો માણસને અનેક રીતે ઊઠે. માર્ગ તો સુખપ્રાપ્તિનો છે અને એ સુખપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી એને બેચેની એટલે દુઃખ થાય ? એ રસ્તામાં એવી દુઃખની પણ પર્યાયો આવે એ કાંઈ અનુકૂળ છે આ સુખપ્રાપ્તિના માર્ગને માટે ? માર્ગ તો સુખનો

છે તો સુખમય એની શરૂઆત થવી જોઈએ અને એ જ રીતે સુખમાં પહોંચે એવું કાંઈક હોવું જોઈએ. આ વચ્ચે એને વિકલ્પમાં દુઃખ લાગે અને એને આ બધી બેચેની થાય અને ક્યાંય ગમે નહિ, એવું વચ્ચે થાય એ બરાબર છે ? એવું થતું હશે ? એ ભૂમિકા બરાબર છે ? હા, બરાબર છે. એવું થયા વિના રહે નહિ. એક વાર એવું થાય, પછી એને શાંતિ અને સુખ મળે. ન થયું હોય તો એણે તપાસી લેવું કે, હજી આવું થયું નથી તો આ ભૂમિકામાં હું હજી આવ્યો નથી. આ સ્વલક્ષે વિચારવા જેવો વિષય છે.

'શ્રીમદ્જી'ના ત્રેવીસમા વર્ષના પત્રોમાં એ વાત આવે છે કે, ખાવું ગમતું નથી, કોઈની સાથે બોલવું ગમતું નથી, બેસવું ગમતું નથી, ઊઠવું ગમતું નથી, સૂવું ગમતું નથી, ચાલવું ગમતું નથી, એકાંત ગમતું નથી અને બીજાની સાથે ભળવું પણ ગમતું નથી, બહારમાં ક્યાંય ગમતું નથી. આવે છે ને ? કેટલાં બોલ લીધાં છે ! જગતમાં કોઈ દુખિયા હોય તો અમે એક જ છીએ. પણ આ દુઃખ અમને કોઈ રોગનું નથી, નિર્ધનતાનું નથી, બહારમાં કોઈ સંયોગોની પ્રતિકૂળતાનું નથી પણ અંદરમાં દર્શનમોહ હટતો નથી એનું છે. સ્વભાવના દર્શન થતાં નથી એનું દુઃખ છે. એમ વાત છે. એને 'દર્શન પરિષહ' કહે છે. અંદરનો એક પરિષહ છે. એક-બે પત્રો પણ એવા પોતાના અંગત લખ્યા છે કે, હે આત્મા ! તમને આ બધું શું થાય છે ? બહુ મજાના પત્રો (છે) ! **એમની લેખની બહુ બળવાન હતી, સમર્થ લેખક હતાં ! એવી વાતો લખી છે ! પોતાને ને પોતાને ઉદ્દેશીને લખ્યા છે !**

ત્રેવીસમાં વર્ષમાં હોવો જોઈએ. બીજો પત્ર હાથમાં આવ્યો એ પણ એવો જ છે. એક-બે પત્રો એવાં છે એમાં એમની ધૂન દેખાય છે. (પત્રાંક)-૧૬૨ **'હે શ્રી...!'** શ્રી એટલે પોતે. **'હે શ્રી...!'** એમ કરીને જગ્યા ખાલી રાખે છે. **'તમે શંકારૂપ વમળમાં વારંવાર વહો છો તેનો અર્થ શો છે ? નિઃસંદેહ થઈને રહે, અને એ જ તમારો સ્વભાવ છે.**

**હે અંતરાત્મા ! તમે કહ્યું જે વાક્ય તે યથાર્થ છે, નિઃસંદેહપણે સ્થિતિ એ સ્વભાવ છે, તથાપિ સંદેહના આવરણનો કેવળ ક્ષય જ્યાં સુધી કરી શકાયો ન હોય ત્યાં સુધી તે સ્વભાવ ચલાયમાન અથવા અપ્રાપ્ત રહે છે, અને તે કારણથી અમને પણ વર્તમાન દશા છે.**

**હે શ્રી...! તમને જે કંઈ સંદેહ વર્તતા હોય તે સંદેહ સ્વવિચારથી અથવા સત્સમાગમથી ક્ષય કરો.**

**હે અંતરાત્મા ! વર્તમાન આત્મદશા જોતાં જો પરમ સત્સમાગમ પ્રાપ્ત થયો હોય,**

**અને તેમના આશ્રયે વૃત્તિ પ્રતિબંધ પામી હોય તો તે સંદેહની નિવૃત્તિનો હેતુ થવો સંભવે છે. બાકી બીજો કોઈ ઉપાય દેખાતો નથી, અને પરમ સત્સમાગમ અથવા સત્સમાગમ પણ પ્રાપ્ત થવો મહા કઠણ છે.**

**હે શ્રી...! તમે કહો છો તેમ સત્સમાગમનું દુર્લભપણું છે, એમાં સંશય નથી,...'** પોતેને પોતે પોતાના આત્મા સાથે વાત કરે છે. '**પણ તે દુર્લભપણું જો સુલભ ન થાય તેમ વિશેષ અનાગતકાળમાં પણ તમને દેખાતું હોય તો તમે શિથિલતાનો ત્યાગ કરી સ્વવિચારનું દઢ અવલંબન ગ્રહણ કરો, અને પરમપુરુષની આજ્ઞામાં ભક્તિ રાખી સામાન્ય સત્સમાગમમાં પણ કાળ વ્યતીત કરો.**

**હે અંતરાત્મા ! તે સામાન્ય સત્સમાગમી અમને પૂછી સંદેહની નિવૃત્તિ કરવા ઇચ્છે છે,...'** હવે શું કહે છે ? સત્સમાગમમાં બીજા જીવો શું કહે છે ? પોતાની શંકા ટાળવા માટે અમને પૂછે છે. '**અને અમારી આજ્ઞાએ પ્રવર્તવું કલ્યાણરૂપ છે એમ જાણી વશવર્તીપણે વર્ત્યા કરે છે; જેથી અમને તેમના સમાગમમાં તો નિજવિચાર કરવામાં પણ તેમની સંભાળ લેવામાં પડવું પડે, અને પ્રતિબંધ થઈ સ્વવિચારદશા બહુ આગળ ન વધે, એટલે સંદેહ તો તેમ જ રહે. એવું સંદેહસહિતપણું હોય ત્યાં સુધી બીજા જીવોના એટલે સામાન્ય સત્સમાગમાદિમાં પણ આવવું ન ઘટે, માટે શું કરવું તે સૂઝતું નથી.'** બીજા અમને પૂછે પણ હજી અમને તો અનુભવ થયો નથી. હવે અમારે એને ઉપદેશે દેવો કે અમારું સંભાળવું ? હજી અમને જ્ઞાન થયું નથી અને જ્ઞાની માનીને પૂછે છે ! અમારે તકલીફ ઊભી થઈ છે. એમ કહે છે. માટે એમ લાગે છે કે અમારે એ મુમુક્ષુઓના સત્સમાગમમાં ન જાવું. એમ પોતાનીને પોતાની વિચારધારા એમણે લીધી છે.

૧૨૮ નંબરનો એક પત્ર છે. એમાં આગળ તો જરા બીજી-બીજી વાતો લીધી છે. '**વધારે શું કહેવું ? જે જે પૂર્વનાં ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું; તેનું સ્મરણ થતાં...'** (પોતાને) જાતિસ્મરણ (જ્ઞાન) છે. '**હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે.'** આ જીવે પૂર્વના ભવાંતરે ભ્રાંતિપણે ભવભ્રમણ કર્યું. એ ભ્રાંતિનો ખ્યાલ આવતા હવે '**તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે. ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દઢત્વ આત્મામાં પ્રકાશે છે. પણ કેટલીક નિરુપાયતા છે ત્યાં કેમ કરવું ? જે દઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટણ છે, પણ જે કંઈ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે, અને તેમાં કાળ જાય છે. જીવન ચાલ્યું જાય છે, એને ન**

**જવા દેવું, જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી, એમ દઢતા છે તેનું કેમ કરવું ? કદાપિ કોઈ રીતે તેમાંનું કંઈ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે, કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ ? ત્યારે હવે કેમ કરવું ?'** આ તો સત્પુરુષ નથી મળતાં એની વેદના છે.

**'ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલાં પરિષહ સહન કરો, ગમે તેટલાં ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ. ત્યાં સુધી હે જીવ ! છૂટકો નથી.'** કેટલી વિચારણા ચાલી છે !

**'આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે,...'** અંદરમાંથી ઉત્તર મળે છે. નેપથ્ય એટલે અંતરમાંથી ઉત્તર મળે છે **'અને તે યથાયોગ્ય લાગે છે. ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી. અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું;...'** સત્સમાગમ ઉપર તો પહેલેથી એમનું વજન છે. **'તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચરણ (આર્ય પુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી.'**

**'ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે.'** અહીંયાં આ વાત લખી છે. **'સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે.'** આટલાં ટુકડા અહીંયાં ૨૩મા વર્ષમાં નાખ્યા છે.

એવો જ એક પત્ર એમણે 'સોભાગભાઈ'ને ૧૯૪૬માં શરૂ શરૂમાં મળ્યા છે ત્યારે લખ્યો છે. (પત્રાંક-૧૩૩). **'અત્ર જે ઉપાધિ છે, તે એક અમુક કામથી ઉત્પન્ન થઈ છે; અને તે ઉપાધિ માટે શું થશે એવી કંઈ કલ્પના પણ થતી નથી; અર્થાત્ તે ઉપાધિ સંબંધી કંઈ ચિંતા કરવાની વૃત્તિ રહેતી નથી. એ ઉપાધિ કળિકાળના પ્રસંગે એક આગળની સંગતિથી ઉત્પન્ન થઈ છે. અને જેમ તે માટે થવું હશે તેમ થોડા કાળમાં થઈ રહેશે. એવી ઉપાધિઓ આ સંસારમાં આવવી, એ કંઈ નવાઈની વાત નથી.**

**આત્મેચ્છા એવી જ વર્તે છે કે સંસારમાં પ્રારબ્ધાનુસાર ગમે તેવાં શુભાશુભ ઉદય**

**આવો, પરંતુ તેમાં પ્રીતિ અપ્રીતિ કરવાનો આપણે સંકલ્પ પણ ન કરવો.'** હવે અહીંથી પોતાની વાત ઉપાડે છે. **'રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે, આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે, સ્વપ્ન પણ એ જ છે, ભય પણ એ જ છે, ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે, ચલન પણ એ જ છે, આસન પણ એ જ છે.'** અહીંયાં ભાસ થઈ ગયો લાગે છે. ભાદરવો મહિનો છે.

ભાવભાસનમાં એક જ પરમાર્થના વિષયની ધૂન ચડી છે. આને સ્વભાવની ધૂન કહે છે. ૨૩મું વર્ષ, ભાદરવા સુદ-બીજનો પત્ર છે. **'અધિક શું કહેવું ? હાડ, માંસ, અને તેની મજ્જાને એક જ એ જ રંગનું રંગન છે.'** હવે અમારું બધું રંગાઈ ગયું છે. **'એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે,...'** અમારું રુવાંડે રુવાંડું એક પરમાર્થ વિષયનો – એક સ્વભાવનો જ વિચાર કરે છે. અમારું રુવાંડું પણ બીજો વિચાર કરતું નથી. એમ કહે છે. ઠીક ! હવે કેવી રીતે પ્રાપ્તિ ન થાય ? એક રોમ-રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે ! **'અને તેને લીધે...'** હવે અહીંથી નાસ્તિ લે છે.

**'અને તેને લીધે નથી કંઈ જોવું ગમતું, નથી કંઈ સૂંઘવું ગમતું, નથી કંઈ સાંભળવું ગમતું; નથી કંઈ ચાખવું ગમતું કે નથી કંઈ સ્પર્શવું ગમતું, નથી બોલવું ગમતું કે નથી મૌન રહેવું ગમતું, નથી બેસવું ગમતું કે નથી ઊઠવું ગમતું, નથી સૂવું ગમતું કે નથી જાગવું ગમતું, નથી ખાવું ગમતું કે નથી ભૂખ્યું રહેવું ગમતું, નથી સૂવું ગમતું કે નથી જાગવું ગમતું, નથી ખાવું ગમતું કે નથી ભૂખ્યું રહેવું ગમતું, નથી અસંગ ગમતો કે નથી સંગ ગમતો, નથી લક્ષ્મી ગમતી કે નથી અલક્ષ્મી ગમતી એમ છે; તથાપિ તે પ્રત્યે આશા નિરાશા કંઈ જ ઊગતું જણાતું નથી. તે હો તોપણ ભલે અને ન હો તોપણ ભલે એ કંઈ દુઃખનાં કારણ નથી. દુઃખનું કારણ માત્ર વિષમાત્મા છે,...'** આ દર્શનમોહ છે. આ વિષમાત્મા એ દર્શનમોહ છે.

**'દુઃખનું કારણ માત્ર વિષમાત્મા છે, અને તે જો સમ છે તો સર્વ સુખ જ છે. એ વૃત્તિને લીધે સમાધિ રહે છે. તથાપિ બહારથી ગૃહસ્થપણાની પ્રવૃત્તિ નથી થઈ શકતી, દેહભાવ દેખાડવો પાલવતો નથી, આત્મભાવથી પ્રવૃત્તિ બાહ્યથી કરવાને કેટલોક અંતરાય છે. ત્યારે હવે કેમ કરવું ? ક્યા પર્વતની ગુફામાં જવું અને અલોપ થઈ જવું, એ જ રટાય છે. તથાપિ બહારથી અમુક સંસારી પ્રવૃત્તિ કરવી પડે છે. તે માટે શોક તો નથી, તથાપિ સહન કરવા જીવ ઇચ્છતો નથી !'** આ વેદના છે. **'પરમાનંદ ત્યાગી એને ઇચ્છે પણ કેમ ? અને એ**

**જ કારણથી જ્યોતિષાદિક તરફ હાલ ચિત્ત નથી.'** એમને ઘણી લબ્ધિ જેવું હતું તે **'તરફ હાલ ચિત્ત નથી. ગમે તેવાં ભવિષ્યજ્ઞાન અથવા સિદ્ધિઓની ઇચ્છા નથી. તેમ તેઓનો ઉપયોગ કરવામાં ઉદાસીનતા રહે છે. તેમાં પણ હાલ તો અધિક જ રહે છે. માટે એ જ્ઞાન સંબંધે ચિત્તની સ્વસ્થતાએ વિચારી માગેલા પ્રશ્નો સંબંધી લખીશ અથવા સમાગમે જણાવીશ.'** એ વાત કંઈક 'સોભાગભાઈ'એ પૂછી છે એના સંદર્ભમાં છે.

**'જે પ્રાણીઓ એવા પ્રશ્નના ઉત્તર પામવાથી આનંદ માને છે...'** શેના ? આ ભવિષ્ય ને જ્યોતિષના ને રિદ્ધિ-સિદ્ધિના વિષયમાં. **'જે પ્રાણીઓ એવા પ્રશ્નના ઉત્તર પામવાથી આનંદ માને છે તેઓ મોહાધીન છે,...'** શું કરવા એણે પ્રશ્ન પૂછ્યો ? કે, એ મોહાધીન છે. એને ઉત્તર મળે તો આનંદ થાય છે. **'અને તેઓ પરમાર્થનાં પાત્ર થવાં દુર્લભ છે એમ માન્યતા છે, તો તેવા પ્રસંગમાં આવવું પણ ગમતું નથી પણ પરમાર્થ હેતુએ પ્રવૃત્તિ કરવી પડશે તો કંઈ પ્રસંગે કરીશ. ઇચ્છા તો નથી થતી.'**

**'આપનો સમાગમ અધિક કરીને ઇચ્છું છું. ઉપાધિમાં એ એક સારી વિશ્રાંતિ છે.'** ઠીક ! 'સોભાગભાઈ'ને લખે છે. આટલી બધી ઉપાધિમાં આ એક વિશ્રાંતિ છે કે, તમારો સમાગમ મળે. **'કુશળતા છે, ઇચ્છું છું.'** ૧૩૩ નંબરનો પત્ર છે. 'ચેન ન પડે' એના એટલાં બોલ લીધાં છે. આ નથી ગમતું... આ નથી (ગમતું)... કાંઈ ગમતું નથી.

(અહીંયાં કહે છે) **'સ્વભાવ પ્રાપ્ત કર્યા વિના ચેન ન પડે,...'** અને ક્યાંય **'સુખ ન લાગે,...'** સુખના નિમિત્તોમાં જે જગતના સામાન્ય–સાધારણ પ્રાણીઓને સુખ લાગે છે ત્યાં આને સુખ ન લાગે. ક્યાંય રસ ન આવે, નીરસ... નીરસ... નીરસ... અને સુખ ન લાગે. **'લીધે જ છૂટકો.'** આ એક વૃત્તિ રહ્યા કરે. મારું આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવું છે અને પ્રાપ્ત કરે જ છૂટકો. આ એક વૃત્તિ એની રહ્યા કરે.

**'યથાર્થ ભૂમિકામાં આવું હોય છે.'** આ બોલ યથાર્થ ભૂમિકાનો છે. જે જીવો ત્રણે કાળે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું, કરે છે અને કરશે, ત્રણે કાળને માટે આ એક વાત છે. આવી ભૂમિકામાંથી જીવ પસાર થયા પછી એની સ્વભાવપ્રાપ્તિ અથવા એને આત્મદર્શન થાય છે. એને આત્માનો સાક્ષાત્કાર થાય છે. એની પહેલાં આટલું આંગણું ચોખ્ખું થાય છે ! આ આંગણું ચોખ્ખું છે એનાં લક્ષણ છે. આટલી વાત લીધી. 'શ્રીમદ્જી'નો એક દૃષ્ટાંત લીધો.

'સોગાનીજી'નો દૃષ્ટાંત (લઈએ તો) એમની ચર્ચામાં એક બોલ આવે છે. એક પ્રશ્ન પૂછ્યો છે કે, નિર્વિકલ્પ દશા થયા પહેલાં તમારી કેવી દશા હતી ? તો કહે (છે કે), 'કાં

તો વિકલ્પ તૂટી જાય અને કાં તો દેહ છૂટી જાય.' **'या तो विकल्प फट जायेगा या देह छूट जायेगा।'** કેટલી વેદના છે ! પ્રાણ છૂટી જાય એટલી વેદના છે !! હવે એ વિકલ્પનું દુઃખ સહન થતું નથી. એવી સ્થિતિમાં આવે છે. પ્રત્યક્ષ દૃષ્ટાંત છે. એ પણ ઘણી વેદનામાંથી પસાર થયા છે. પૂર્વ ભૂમિકામાં જેને દર્શન પરિષહ કહીએ એમાંથી એ પણ (પસાર થયેલા). રૂબરૂ તો એ વિષયની ચર્ચાઓ થયેલી એટલે ખ્યાલ છે. બહુ વેદનામાંથી પસાર થયા છે.

કેમકે અનાદિનો અજાણ્યો જે અંતર્મુખનો માર્ગ છે એ શોધવા માટે, જીવ એની પાછળ પડવા માટે, જીવ જ્યારે એકદમ તલપાપડ થાય છે, તાલાવેલી લાગે છે અને છતાં પણ મળતો નથી ત્યારે એની વેદના સ્વાભાવિકપણે જ વધી જાય છે. હવે, આ સમજી શકાય એવી વાત છે કે, કેમ આ માર્ગ મળ્યો નથી ? ઉપરછલ્લાં પ્રયત્ન તો આ જીવે ઘણીવાર કર્યા છે. પછી એ ઉપરછલ્લાં પ્રયત્નને અનુસરવા માટે એણે કષ્ટ પણ–દેહકષ્ટી પણ ઘણી ભોગવી છે. પણ ખરેખર એ અંદર તપાસના માર્ગે ગયો નથી, અંદરના અવલોકનના માર્ગે ગયો નથી, સંશોધનના માર્ગે ગયો નથી અને એ રીતે એને સ્વભાવપ્રાપ્તિની – એક માત્ર સ્વભાવપ્રાપ્તિની જે લગની લાગવી જોઈએ એ એને લાગી નથી અને યથાર્થ ભૂમિકામાં આવ્યો નથી. નહિતર તો દ્રવ્યલિંગી થયો ત્યારે ઘણું-ઘણું કર્યું, પણ છતાં એ બધું પરલક્ષે કર્યું. શાસ્ત્રજ્ઞાન ઘણું કર્યું પણ બધું પરલક્ષે કર્યું. એટલે બધી દૃષ્ટિ બહારની બહાર ને બહારની ક્રિયામાં ફેરફાર ને બહારની સાવધાની, બહારની કાળજી, બધું બહારનું બહાર ! ત્યાં એણે ઘણાં તોફાન કર્યાં, બહાર રહીને બહારમાં ને બહારમાં ઘણાં તોફાન કર્યાં અને ઇચ્છા અને અભિપ્રાય એમ રાખ્યો કે, આનાથી મને અંતર્ તત્ત્વની પ્રાપ્તિ થાય ! એ રીતે એની પ્રાપ્તિ થતી નથી.

અહીંયાં તો મુમુક્ષુને વર્તમાનમાં આ ભૂમિકામાં આવું થવું ઘટે છે એની મેળવણી કરવા માટે આટલી વાતો છે. મેળવણી કરવાનો વિષય છે. આ કોઈ કૃત્રિમતાથી કરી શકાય છે, કોઈ કૃત્રિમ લગની લાગે કે કોઈ કૃત્રિમ રીતે ઉદાસીનતા કરે કે વૈરાગ્ય લાવે એટલે પ્રાપ્ત થાય એમ નથી. અંદરથી એને ઉપાડ આવવો જોઈએ અને એટલી સ્વભાવની રુચિ, સ્વભાવપ્રાપ્તિની ભાવના એને અંદરથી એટલી ઉત્પન્ન હોવી જોઈએ. એમાં બીજી કોઈ કૃત્રિમતાએ કાર્યસિદ્ધિ થાય એવો તો કોઈ આની અંદર ઉપાય નથી. એ છઠ્ઠો બોલ થયો. અહીં સુધી રાખીએ.

## પ્રવચન નં. ૮, વચનામૃત–૭
### તા. ૧૧-૧૧-૧૯૮૬

જગતમાં જેમ કહે છે કે ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે, તેમ આત્મામાં ડગલે ને પગલે એટલે કે પર્યાયે પર્યાયે પુરુષાર્થ જ જોઈએ છે. પુરુષાર્થ વગર એક પણ પર્યાય પ્રગટતી નથી. એટલે રુચિથી માંડી ઠેઠ કેવળજ્ઞાન સુધી પુરુષાર્થ જ જોઈએ છે. ૭.

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–ત્રીજું, સાતમો બોલ છે. આ બોલ પુરુષાર્થ વિષયક છે. પુરુષાર્થનું સ્વરૂપ છે એ સૂક્ષ્મ હોવાથી અધ્યાત્મના પ્રકરણમાં અવિનાભાવી અન્ય ગુણોના પર્યાયથી સમજાવવામાં આવે છે. આ બોલમાં એટલો જ વિષય લીધો છે. પુરુષાર્થ છે એ આવશ્યક છે, હોવો જોઈએ અને પુરુષાર્થ વિના કાર્યસિદ્ધિ નથી – એટલો વિષય લીધો છે. એક-એક વિષયને અનેક પડખાં છે અને એ જુદી-જુદી જગ્યાએ આવે છે. જોકે આ તો જુદાં-જુદાં છૂટક બોલ છે. કોઈ એક વિષય ઉપર પ્રકરણ લખે તો એ વિષયના બધાં પડખાં એક જગ્યાએ આવરી લેવામાં આવે, પણ અહીંયાં ગ્રંથનું સંકલન એ પ્રકારે નથી. દરેક બોલમાં ભિન્ન-ભિન્ન વિષય છે અને એક-એક વિષયના અમુક-અમુક પાસાની વાત

પ્રદર્શિત થઈ છે.

અહીંયાં પુરુષાર્થ જરૂરી છે એ વાત લે છે. **'જગતમાં જેમ કહે છે કે ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે,...'** આ સૌના અનુભવની વાત છે–દરેકના અનુભવની વાત છે કે, પૈસા વગર કાંઈ પણ કોઈ કાર્ય જગતમાં થતું નથી. ધૂળ ખરીદવી હોય કે પાણા ખરીદવા હોય તો પૈસા જોઈએ છે. સોનું ખરીદવું હોય તો જોઈએ એ તો કાંઈ પૂછવાનો વિષય નથી. પણ પૈસા વિના તો ધૂળ પણ મળતી નથી એમ કહેવાય છે. જેમ દરેક પ્રસંગમાં એની આવશ્યકતા (છે), જરૂર પડે છે એ તો દૃષ્ટાંત માત્ર છે.

**'તેમ આત્મામાં ડગલે ને પગલે...'** ડગલે ને પગલે **'એટલે કે પર્યાયે પર્યાયે પુરુષાર્થ જ જોઈએ છે.'** હવે આ વિષય કેવી રીતે સિદ્ધ થાય છે એ વિચારીએ તો કે, જગતની અંદર પરિભ્રમણ કરતાં તમામ જીવોનો સ્વભાવ છે (એ) એક સરખો છે. (તે) ત્યાં સુધી કે ભવી હો કે અભવી હો. જેવો ભવીનો સ્વભાવ છે એવો જ અભવીનો સ્વભાવ છે. છતાં પરિભ્રમણનો કાળ બધાંને એક સરખો નથી. પરિભ્રમણનો કાળ તો એક સરખો નથી. કેટલાંક તો અનાદિઅનંત પરિભ્રમણ કરવાવાળા જીવો છે, કેટલાંક અનાદિસાંત પરિભ્રમણ કરવાવાળા જીવો છે. એ અનાદિસાંત પરિભ્રમણ કરવાવાળા જીવો છે તે સમ્યક્ પુરુષાર્થમાં પરિણમે છે ત્યારે સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની ઉત્પત્તિ થાય છે.

પુરુષાર્થ છે એ આત્માના વીર્યગુણની અવસ્થા છે અને સર્વ ગુણો સદાય પરિણમતા હોવાથી પુરુષાર્થ નામનો પર્યાય પણ સદાય પરિણમે છે. ફક્ત એની દિશા પરસન્મુખ છે કે સ્વસન્મુખ છે એના ઉપર એની વિપરીતતા અને અવિપરીતતા જોવામાં આવે છે. અનાદિથી વિપરીત પુરુષાર્થ હોવાથી એ પુરુષાર્થ જન્મ-મરણનું કારણ થાય છે અને દુઃખનું કારણ થાય છે. જ્યારે એ પુરુષાર્થ આત્મસન્મુખ થાય, દિશા બદલે ત્યારે એને જન્મ-મરણનું કારણ મટે અને મોક્ષનું કારણ ઊપજે છે. આવું જે પુરુષાર્થનું સ્વસન્મુખ થવાનું જ્યારથી બને છે ત્યારે એનું નામ 'પુરુષાર્થ' અપાય છે. ત્યારથી એને 'પુરુષાર્થ' એવું કહેવાય છે. કેમકે પુરુષ નામ આત્મા અને અર્થ એટલે એનું પ્રયોજન. જેનાથી પ્રયોજનની સિદ્ધિ થાય એવા કાર્યને પુરુષાર્થ (કહેવામાં આવે છે). આત્માના પ્રયોજનની સિદ્ધિ થાય એવા કાર્યને પુરુષાર્થ કહેવામાં આવે છે.

બહારના જગતના પરપદાર્થોના કાર્યો કરવાનો પુરુષાર્થ તો કોઈ આત્મામાં નથી. શરીરનું કાર્ય કરી શકે કે બીજા સંયોગોનું, એક પણ પુદ્ગલ પરમાણુને પરિણમાવી શકે એવો પુરુષાર્થ

તો જગતના કોઈ જીવમાં નથી. સંસારી જીવમાં પણ નથી, સાધક જીવમાં પણ નથી અને મુક્ત આત્માઓમાં પણ નથી. એટલે એ વિષય(ની) તો ચર્ચા કરવી અસ્થાને છે.

અહીંયાં એટલો વિષય છે કે, આત્મામાં પર્યાયે પર્યાયે પુરુષાર્થ જોઈએ, એટલે શું ? કે, દરેક પર્યાયે પુરુષાર્થ હોય છે. સાધક અવસ્થામાં પ્રત્યેક પર્યાયમાં પુરુષાર્થનું સમ્યક્ પરિણમન હોય છે. હોય છે એને હોવું જોઈએ એમ કહેવામાં આવે છે. **'પુરુષાર્થ વગર એક પણ પર્યાય પ્રગટતી નથી.'** સાધક જીવને સમ્યક્ પુરુષાર્થ વિનાની એક પણ પર્યાય નથી. ઉપયોગ શુભ હો, અશુભ હો કે શુદ્ધ ઉપયોગ હો; શુદ્ધોપયોગમાં તો પુરુષાર્થ છે જ. કેમકે પુરુષાર્થ ઉગ્ર થતાં શુદ્ધોપયોગ થયો છે અને પુરુષાર્થધર્મ મંદ રહે તો શુભોપયોગ ઊપજે છે. એટલે વ્યવહાર રત્નત્રયના પરિણામ થાય છે. એ સાધક દશાની મંદ પુરુષાર્થની સ્થિતિ સૂચિત થાય છે. પણ પુરુષાર્થ નથી એવું નથી. જો એને સમ્યક્ પુરુષાર્થ ન હોય તો એ મિથ્યાત્વ દશામાં આવી જાય, બાધક દશામાં આવી જાય એની સાધક દશા ન ટકી શકે. આગળ એક જગ્યાએ લે છે કે, જે દશાની વૃદ્ધિનો પુરુષાર્થ છે એ જ પુરુષાર્થમાં એની દશા ટકી રહી છે. ટકાવવા માટે (જુદો) પુરુષાર્થ કરવો પડે છે એમ નથી. સમ્યગ્દર્શન પ્રગટ થયું (માટે) ચોથું ગુણસ્થાન ટકાવવા માટે એને પર્યાયે પર્યાયે પુરુષાર્થ કરવો પડે એમ નથી. એનો વૃદ્ધિનો પુરુષાર્થ ચાલુ છે – શુદ્ધિની વૃદ્ધિનો પુરુષાર્થ ચાલુ છે. એટલે દશા નહિ ટકવાનો પ્રશ્ન રહેતો નથી. આપોઆપ જ એની મોક્ષમાર્ગની દશા ટકી રહે છે.

પ્રત્યેક પર્યાયે પુરુષાર્થ હોવો જોઈએ, હોય છે અને જેટલો પુરુષાર્થ છે એટલી કાર્યસિદ્ધિ છે. જેમકે ક્ષાયિક સમ્યગ્દર્શન થવામાં પણ કોઈ જીવને મુનિદશા તુરત આવે છે (તો) કોઈ જીવને ઘણાં લાંબા કાળે આવે છે. ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ જીવ મુનિદીક્ષા અંગીકાર કરે (ત્યારે) કોઈ અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લે છે અને કોઈને ઘણાં વર્ષો લાગે છે. મુનિદશાની અંદર ઘણાં મહિનાઓ લાગે છે, ઘણાં દિવસો લાગે છે. તો ક્ષાયિક સમ્યગ્દર્શન એક સરખું છે, આત્મજ્ઞાન છે એ એક સરખું છે તો આચરણમાં જે ફરક પડે છે એનું કારણ પુરુષાર્થ છે.

પુરુષાર્થને ચારિત્ર સાથે સીધો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ચારિત્ર એટલે સ્વરૂપ સ્થિરતા. આત્મામાં કેટલું સ્થિર થવું ? જલ્દી-જલ્દી સ્થિર થવું, વારંવાર સ્થિર થવું, ઘણીવાર સુધી સ્થિર રહેવું એ બધો આધાર પુરુષાર્થ ઉપર છે અને એ પુરુષાર્થ દરેક જીવનો–સાધક જીવનો અકૃત્રિમ છે. કોઈ કર્તૃત્વપણે થઈ શકતો નથી, હોઈ શકતો નથી, સહજ હોય છે અને

એના પોતપોતાની યોગ્યતા પ્રમાણે, સમય-સમયની યોગ્યતા પ્રમાણે એ પુરુષાર્થનું પરિણમન થયા કરે છે. કેમ આને સમ્યગ્દર્શન છે અને પુરુષાર્થ ઓછો (છે) ? અને આને સમ્યગ્દર્શન છે અને પુરુષાર્થ વધારે (છે) ? એ પ્રશ્ન અસ્થાને છે. કેમકે આત્માનું શ્રદ્ધાન તો બધાં સમ્યક્દૃષ્ટિ જીવોને એક સરખું છે. આત્માનું જ્ઞાન પણ બધાં સમ્યક્દૃષ્ટિ જીવોને એક સરખું છે. જો શ્રદ્ધા અને જ્ઞાન એક સરખું છે તો ખરેખર તો શ્રદ્ધા-જ્ઞાન દ્વારા સ્વરૂપમાં સ્થિર થવાનું સમર્થપણું (એટલે કે) આચરણનું સામર્થ્ય ઉત્પન્ન થાય છે. સામર્થ્ય કહો કે પુરુષાર્થ કહો (બન્ને એકાર્થ છે). સામર્થ્ય કહો, જોર કહો, પુરુષાર્થ કહો, બળ કહો એ બધું એકાર્થ છે. પછી કોઈ વખત એને જ્ઞાનની સાથે જોડીને એને જ્ઞાનબળ કહે છે, શ્રદ્ધા સાથે વર્ણવતાં એને શ્રદ્ધાબળ કહે છે અને ચારિત્ર સાથે બતાવતાં એને સ્થિરતાનું બળ–સ્થિરતાનું સામર્થ્ય કહેવામાં આવે છે–સ્વરૂપસ્થિરતાનું જોર કહેવામાં આવે છે. પણ એ તો જુદાં-જુદાં ગુણ સાથે પુરુષાર્થ સાથે છે એ બતાવવા માટેની વાત છે.

જે જીવનો જેટલો પુરુષાર્થ એટલી કાર્યસિદ્ધિ છે. એમ કહીને લક્ષ દોરવા માગે છે. પુરુષાર્થની આટલી વાત જુદી શા માટે ઉપાડવામાં આવે છે ? (કેમકે) જેમ શ્રદ્ધા થવા માટે શ્રદ્ધાનો વિષય ચર્ચીને એને સ્પષ્ટ કરીને શ્રદ્ધા કેમ થાય એવો હેતુ એ કથનની પાછળ રહેલો છે. એમ પુરુષાર્થનું સ્વરૂપ બતાવીને પુરુષાર્થ વૃદ્ધિગત કેમ થાય એવો હેતુ બતાવેલો છે.

અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને સમ્યગ્દર્શનનો મુખ્યપણે ઉપદેશ આપવામાં આવે છે. જ્યારે સાધક દશાના જીવોને આચાર્યો પુરુષાર્થનો ઉપદેશ આપે છે. મુનિને ઉપદેશ આપે તો એવો ઉપદેશ આપે કે, હે મુનિ ! આયુષ્ય પૂરું થાય એ પહેલાં તું કેવળજ્ઞાન લઈ લેજે ! પુરુષાર્થ પ્રગટ કરીને; કેમકે શ્રદ્ધા-જ્ઞાન તારી પાસે છે, ચારિત્ર પણ તને પ્રગટ્યું છે. મુનિયોગ્ય ચારિત્રદશા–સાતમા ગુણસ્થાનની ક્ષણ-ક્ષણની સ્થિરતા તને પ્રગટ છે, હવે પુરુષાર્થ કરવામાં આવે, જેટલો પુરુષાર્થ (ઉગ્ર) થાય તો એને જલ્દી કેવળજ્ઞાન થાય. ઉપદેશની પદ્ધતિ એવી આવે કે, જો મુનિદશામાં કેવળજ્ઞાન પ્રાપ્ત ન કર્યું તો અનિવાર્યપણે તારે ચોથા ગુણસ્થાને દેવલોકમાં જવું પડશે. ગુણસ્થાન નીચું આવી જશે. નુકસાન થશે. શું કીધું ?

મોક્ષમાર્ગને વિષે નફા-નુકસાનનો ન્યાય જુદાં-જુદાં પર્યાયમાં, જુદાં-જુદાં સ્થાને વિભિન્ન પ્રકારે છે. જરા સમજવા જેવો વિષય છે. છે જરા ઊંડો વિષય પણ એ સમજવા જેવો વિષય છે. એક જીવ ચોથા ગુણસ્થાને પુરુષાર્થ કરી, છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની મુનિદશા

અંગીકાર કરીને સડસડાટ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે. એક જીવ ઘણા કાળ સુધી છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં મુનિદશાયોગ્ય સાધના કરે, આગળ ન વધે, આયુષ્ય પૂરું થાય અને પાછો ચોથા ગુણસ્થાને આવી જાય ! ચોથા (ગુણસ્થાનવાળો) પુરુષાર્થની વૃદ્ધિ કરીને કેવળજ્ઞાન સુધી પહોંચ્યો અને છઠ્ઠા-સાતમા (ગુણસ્થાનવાળો) પુરુષાર્થ તો કરતો જ હતો ! નહિતર તો એને છઠ્ઠું-સાતમું (ગુણસ્થાન) ન રહેત. પુરુષાર્થ તો કરતો હતો, હવે એ પુરુષાર્થ કરતો-કરતો આઠમામાં ન જવાને બદલે ચોથામાં શું કરવા ગયો ? શા માટે એને નુકસાન ? આ વિચારવા જેવો વિષય છે. એને એટલું નુકસાન તો ખરું કે નહિ ? છઠ્ઠા-સાતમાની પવિત્ર દશા છૂટીને અથવા છઠ્ઠા-સાતમાની શાંતિ છૂટીને દેવલોકની અશાંતિમાં આવ્યો ! તો એને એમ કહે છે કે, 'હે મુનિ !' આચાર્યો એવી રીતે ઉપદેશ આપે છે. એ શાસ્ત્રો અત્યારે ઓછા રહ્યાં છે. એવો ઉપદેશ આપે છે કે, 'તું કેવળજ્ઞાન લેવા નીકળ્યો છે ! શું કરવા તું નીકળ્યો છે ? શા માટે તેં દીક્ષા અંગીકાર કરી છે ? કેવળજ્ઞાન લેવા તું નીકળી પડ્યો અને તું કેવળજ્ઞાન લેતો નથી !' એને પાછા મોકલી દે છે (એટલે કે) ચોથા ગુણસ્થાને પાછું જાવું પડશે. કુદરતી છે, હોં ! કોઈ મોકલતું-કરતું નથી પણ એ કુદરતી વસ્તુ છે. હવે, અહીંથી એક સામાન્ય ન્યાય ઉત્પન્ન થાય છે કે, જીવ આગળ વધે, આગળ વધેલી દશામાં જો આગળ ન વધે તો પાછો જાય. આમ થાય.

પ્રશ્ન :– પરિણમનનું જોર ખરું ને ? ચોથા ગુણસ્થાનેથી કેવળજ્ઞાનમાં જાય અને છઠ્ઠે-સાતમે જે રોકાય એમાં બન્નેમાં પરિણામમાં જોર ખરું ને ?

સમાધાન :– હા, પુરુષાર્થ ઉપર આધાર છે. એ પુરુષાર્થનો તો બોલ ચાલે છે કે, મોક્ષમાર્ગની અંદર પુરુષાર્થનું મહત્વ ઘણું છે એમ અહીંયાં સમજાવવું છે. ડગલ ને પગલે પુરુષાર્થ જોઈએ એવી ભાષા શું કરવા વાપરી ? કે, પુરુષાર્થનું મહત્વ છે. પુરુષાર્થ સ્વયં જોરરૂપ છે. એ પોતે જ બળ–વીર્યનું પરિણમન છે. પુરુષાર્થ પોતે જ બળ અથવા વીર્યનું પરિણમન છે, જોરનું પરિણમન છે. એ પુરુષાર્થ જેટલો જોરમાં ઉગ્રપણે કામ કરે એટલી કાર્યસિદ્ધિ થાય. એટલી વાત છે. મોક્ષમાર્ગી તો છે બધાં, ચોથા ગુણસ્થાનમાં આવી ગયા એ બધાં મોક્ષમાર્ગી તો છે પણ જેનો જેટલો પુરુષાર્થ એટલી એની કાર્યસિદ્ધિ !

હવે, એના ઉપરથી થોડાં બીજા ન્યાયો લઈએ એટલે વાત થોડી સમજાશે. જીવ અગૃહીત મિથ્યાત્વમાં અનાદિથી છે અને મનુષ્ય પર્યાયમાં આવતાં ગૃહીત મિથ્યાત્વને ગ્રહણ કરે છે. જ્યારે એ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર અને તત્ત્વને યથાર્થ રીતે સમજતો નથી તો ગૃહીત મિથ્યાત્વમાં

આવે છે અથવા અન્ય મતમાં ગૃહીત મિથ્યાત્વનું ગ્રહણ કરે છે. એવા જીવને પુરુષાર્થધર્મમાં જરા ફેર પડે, હજી સમ્યક્ પુરુષાર્થ એને ન કહેવાય, પણ આત્મહિતની તીવ્ર ઇચ્છા થાય– તીવ્ર ભાવના થાય તો ગૃહીત છૂટીને અગૃહીત મિથ્યાત્વમાં આવે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ સમજે, નવ તત્ત્વનું સ્વરૂપ સમજે અને એનું મિથ્યાત્વ મંદ પડે. જ્યારે એ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ સમજીને એની સમીપ આવે ત્યારે એનું મિથ્યાત્વ મંદ પડે. તત્ત્વજ્ઞાનના વિષયમાં પ્રવેશ કરે અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે ત્યારે એનું મિથ્યાત્વ વિશેષ મંદ થાય. હવે, એ મંદ મિથ્યાત્વમાં એમને એમ, એમને એમ રહે; શાસ્ત્રનો અભ્યાસ કર્યા કરો, શાસ્ત્ર વાંચ્યા કરો, શાસ્ત્ર સાંભળ્યા કરો, દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા-ભક્તિ કર્યા કરો (તો) તીવ્ર મિથ્યાત્વ તો ન થાય ! પણ એમાંને એમાં જો એ લાંબો કાળ કાઢે છે; કેમકે હજી ઓઘસંજ્ઞા છે, વળી પાછો તીવ્ર મિથ્યાત્વમાં આવી જાય. જો એ મિથ્યાત્વનો ત્યાગ કરીને, મંદ મિથ્યાત્વને તોડીને સમ્યક્‌માં ન આવે તો વળી પાછો તીવ્ર મિથ્યાત્વમાં ચાલ્યો જાય ! એવો તીવ્ર મિથ્યાત્વમાં ચાલ્યો જાય કે ગૃહીતમાં ચાલ્યો જાય !! ગૃહીત મિથ્યાત્વની દશા આવતાં વાર ન લાગે. બહારમાં એનું એ ખોખું હોય – પૂજા-ભક્તિ કરતો હોય, શાસ્ત્ર વાંચતો હોય, બધું કરતો હોય ! પણ તત્ત્વમાં એની ગેરસમજણ ઊભી થાય, તત્ત્વની અંદર ભૂલ થાય, દેવ-ગુરુ-શાસ્ત્રની ભૂલો થાય, એવી બધી ભૂલો શરૂ થવા મંડે – આ એક વિચિત્ર પરિસ્થિતિ છે.

એમ અહીંયાં સમ્યગ્દર્શનમાં આગળ વધીને મુનિપણું અંગીકાર થવું જોઈએ, મુનિપણામાંથી આગળ વધીને એણે કેવળજ્ઞાન લેવું જોઈએ. એ પુરુષાર્થનું કાર્ય છે. એવો પુરુષાર્થનો સ્વીકાર છે. સમ્યક્જ્ઞાનમાં આ રીતે પુરુષાર્થનો એક સ્વીકાર કરવામાં આવ્યો છે. સ્વતંત્ર રીતે એક એની જુદી સ્થિતિ સ્વીકાર કરવામાં આવી છે. આ બોલની અંદર એ વિષય હાથ ઉપર લીધો છે. પર્યાયે-પર્યાયે પુરુષાર્થ જ જોઈએ, પુરુષાર્થ જ જોઈએ. શ્રદ્ધા-જ્ઞાન છે એટલે પતી ગયું એમ વાત નથી. આ એક સમજણનો મુખ્ય મુદ્દો પણ છે કે, પુરુષાર્થ જ જોઈએ. એની અંદર એ પુરુષાર્થનો સ્વીકાર છે.

પોતાના સ્વાનુભવથી એમ (પણ) જોવામાં આવે છે કે, '**પુરુષાર્થ વગર એક પણ પર્યાય પ્રગટતી નથી.**' ક્ષણે-ક્ષણે જે પરિણમન છે, સમયેસમયનું પરિણમન છે એમાં મોક્ષમાર્ગની અંદર એક પણ પર્યાય પુરુષાર્થ વગરની હોતી નથી. એની અંદર પુરુષાર્થ હોય જ છે. સાધક જીવને એ પોતાના અંતર અનુભવનો વિષય છે કે, પોતાનો પુરુષાર્થ તીવ્ર કામ કરે છે કે મંદ કામ કરે છે ? એ પોતાના અંતર અનુભવનો વિષય છે. કેમકે અહીંયાં કોઈ

કૃત્રિમ પુરુષાર્થનો વિષય નથી. સહજ જ પુરુષાર્થ હોય છે અને તે પ્રત્યેક પર્યાયમાં હોય છે, કોઈ એવી એક પણ પર્યાય નથી કે જે પુરુષાર્થ વિનાની હોય.

ચોથા ગુણસ્થાનવર્તી જીવનો અશુભ ઉપયોગ – અશુભ વિષયમાં ઉપયોગ અશુભ થઈને ચાલે ત્યારે પણ એની પુરુષાર્થની દોરી–પુરુષાર્થનો દોર એણે છોડ્યો નથી. ચાલુ છે, એનો પુરુષાર્થનો દોર ચાલુ છે. એ કાળે એને પુરુષાર્થ નથી થતો કે એ પુરુષાર્થ કરતો નથી એમ નથી. જાગૃત છે ! પોતાના સ્વકાર્યમાં અને સ્વ પુરુષાર્થમાં એ બરાબર જાગૃત છે, એનો પુરુષાર્થ ચાલે છે. જો પુરુષાર્થ ન હોય તો પરદ્રવ્યની સાથે મિથ્યાદૃષ્ટિની જેમ પ્રવૃત્તિ કરે તો એને એકત્વબુદ્ધિ થઈને મિથ્યાત્વમાં આવતા વાર લાગે નહિ. પુરુષાર્થ છૂટી જાય તો એનું શ્રદ્ધા, જ્ઞાન, આચરણ બધું છૂટી જાય. બાહ્ય પ્રવૃત્તિ ભલે એમને એમ રહે, અંદરથી એનું બધું છૂટી જાય.

મુમુક્ષુ :– આમ તો જ્ઞાનધારા કહેવાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનધારા કહેવાય છે પણ એમાં પુરુષાર્થની પ્રધાનતા છે. એક ન્યાયે તો પુરુષાર્થની પ્રધાનતા છે. પુરુષાર્થપ્રધાન માર્ગ છે એમ કહેવું જોઈએ. પુરુષાર્થ ન હોય તો ખલાસ થઈ ગઈ વાત !

આ એક વાત જુદી પાડીને આવી છે. પુરુષાર્થનો એક મુદ્દો જુદો પકડીને વાત છે. આ વિષયમાં ઘણાં બોલ આવશે. ૭મો પછી ૯મો બોલ છે, ૪૭, ૪૯, ૧૧૬, ૧૧૭, ૧૨૬, ૧૫૧, ૨૧૩, ૨૬૬, ૨૭૫, ૨૮૪, ૩૪૩, ૩૪૮ અને ૩૬૦ – આટલાં બોલ 'પુરુષાર્થ'ના વર્ગમાં જાય છે. Class ગણીએ તો એક પુરુષાર્થના વિષયમાં આટલી જગ્યાએ પુરુષાર્થના વિભિન્ન પાસાઓ પ્રદર્શિત કર્યા છે. નહિતર પુરુષાર્થનો વિષય તો બહુ સૂક્ષ્મ છે. છતાં આ ગ્રંથમાં અનેક જગ્યાએ પુરુષાર્થની વાત ચાલી છે.

મુમુક્ષુ :– આપે આ જુદું લખેલું છે ?

પૂજ્ય ભાઈશ્રી :– જુદું લખેલું છે, જુદું લખ્યું છે.

પ્રશ્ન :– દર્શનપરિષહના કાળે સમ્યક્ત્વની રક્ષા પુરુષાર્થનું બળ હોય એટલે જ થાય છે ને ?

સમાધાન :– દર્શનપરિષહના તો સમ્યગ્દર્શન પહેલાં છે અને ત્યાં પુરુષાર્થ હોય તો એ પરિષહ-જય કરીને સમ્યગ્દર્શનમાં પરિણમે. જો પુરુષાર્થ ન ચાલે, પુરુષાર્થનો સાથ ન મળે; સમજણ છે ત્યાં, પણ પુરુષાર્થનો સાથ ન મળે તો સમ્યગ્દર્શન ન થાય અને મિથ્યાત્વમાં

દર્શનમોહ તીવ્ર થઈ જાય. કાં દર્શનમોહ તૂટી જાય અને કાં દર્શનમોહ તીવ્ર થઈ જાય. શેના ઉપર આનો આધાર છે ? કે, પુરુષાર્થ ઉપર આનો આધાર છે. જીવ કેટલો પુરુષાર્થ ફોરવે છે એના ઉપર આનો આધાર છે.

પ્રશ્ન :- એટલે સમ્યગ્દર્શન પહેલાં જ દર્શનપરિષહ હોય છે ?

સમાધાન :- હા, સમ્યગ્દર્શન પહેલાંનો આ પરિષહ છે. દર્શનપરિષહ છે એ સમ્યગ્દર્શન પહેલાંનો વિષય છે. એને જ દર્શનપરિષહ કહે છે. પછી તો મિથ્યાદર્શન છૂટી ગયું અથવા દર્શનમોહને તો હણી નાખ્યો. પછી એ ક્યાં પરિષહ આપવા આવે છે ? પરિષહ એટલે શું ? કુદરતી આપત્તિ ! દેવકૃત, મનુષ્યકૃત, તિર્યંચકૃત પ્રતિકૂળતાઓ સાધકને ઊભી થાય એને ઉપસર્ગ કહે છે. નારકીનું અહીંયાં મનુષ્યલોકમાં આવવું થતું નથી એટલે એ નારકી કોઈ ઉપસર્ગ કરવાનો પ્રશ્ન નથી. પણ નરકમાં કોઈ સાધકજીવ ચોથા ગુણસ્થાને હોય તો એને બીજા નારકીનો ઉપસર્ગ થાય. એટલે બીજા જીવંત પ્રાણીના પ્રતિકૂળતાના આશયથી પ્રવૃત્તિ થતી હોય અને અહીંયાં પાપનો ઉદય હોય અને એ જાતની પ્રતિકૂળતા ઉત્પન્ન થાય, બન્નેને મેળ ખાય છે. પેલો કરી શકે છે એમ નથી. પણ એને ઉપસર્ગ કહે છે. અને કુદરતી આપત્તિ ઉત્પન્ન થાય (એટલે કે) આગ લાગે, અનેક પ્રકારના વાવાઝોડા, વરસાદ, ઠંડી, ગરમી, ભૂખ-તરસ, મુનિને આહારનો જોગ ન થાય, એ વગેરે બધું પરિષહમાં જાય છે. કર્મના ઉદય સાથે સીધો સંબંધ છે. એમાં બીજા કોઈ જીવના આશયનું નિમિત્તપણું નથી અને પેલામાં (-ઉપસર્ગમાં) કર્મના ઉદય સાથે બીજા કોઈ જીવનું નિમિત્તપણે જોડાવું પણ થાય છે. કર્મનો ઉદય તો બન્નેને છે, બન્ને જગ્યાએ છે જ, કર્મનો ઉદય નથી એવું નથી. પણ આને પરિષહ કહે છે.

એમ અહીંયાં દર્શનમોહનો ઉદય છે અને જીવ એની સામે લડે છે. એટલી વાત છે. એ દર્શનમોહથી એને છૂટવું છે, દર્શનમોહને હરાવવો છે અને એ વખતે એનો પુરુષાર્થ એટલો નથી કે દર્શનમોહ નાશ થાય, ત્યારે એ ઝઝૂમે છે, લડે છે એવી પરિસ્થિતિને દર્શનમોહનો દર્શનપરિષહ કહેવામાં આવે છે. ત્યાં 'મોહ' શબ્દ અધ્યાહાર છે. 'દર્શનપરિષહ' કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- કર્મની સામે લડવામાં પુરુષાર્થની સ્વતંત્રતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વતંત્ર છે, બિલકુલ સ્વતંત્ર છે. અનંત શક્તિ છે. એ અનંત શક્તિનું ભાન કરવું એ જ્ઞાનનું અને શ્રદ્ધાનું કામ છે, પણ છે અનંત શક્તિ ! એક સમયમાં

કેવળજ્ઞાન લે એવી શક્તિ છે !! જેણે કેવળજ્ઞાન લીધું છે ત્યારે એણે એક જ સમયમાં લીધું છે. પૂર્વ પર્યાય છદ્મસ્થની છે અને ઉત્તર પર્યાય કેવળજ્ઞાનની છે. કોને લઈને છે ? કે, પોતાના પુરુષાર્થને લઈને છે, બીજા કોઈને લઈને નથી. એવી પુરુષાર્થની શક્તિ આત્મામાં છે ! 'છે' એની હયાતી જો પકડાય તો એ શ્રદ્ધા-જ્ઞાન પુરુષાર્થનું નિમિત્ત બને છે. પુરુષાર્થ ઉગ્ર થવાનું નિમિત્ત બને છે. આપસમાં એકબીજાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

પ્રશ્ન :– રાજા મિથ્યાદૃષ્ટિ હોય અને પ્રધાન સમ્યક્દૃષ્ટિ હોય અને રાજા એમ કહે કે, અમારા દેવને નમો ! એ વખતે પ્રધાન શું કરે ?

સમાધાન :– પ્રધાન ના પાડે. (એમ કહે કે) મારો જે ધર્મ છે, મારી જે શ્રદ્ધા છે એ આ દેવને નમવાની નથી. એમાં શું ? ના પાડી દે, એમાં શું છે ? એમાં કાંઈ રાજાની શરમ ન રાખે. ઠીક ! રાજાની શરમ રાખે કે ન રાખે ? ન રાખે. તો (રાજા) કહે કે, 'પ્રધાનપદેથી કાઢી મૂકીશ.' તો (પ્રધાન) કહે કે, 'તૈયાર છું !' એને સંયોગની એટલી દરકાર નથી.

એના કરતાં બીજી વાત (છે) કે, સામાન્ય માણસ હોય, આજીવિકાની સમસ્યા હોય એવો માણસ હોય એને કોઈ શેઠ નોકરીએ રાખે. ઇ એમ કહે કે, 'મારાં સંપ્રદાય અનુસાર મારાં દેવની પૂજા (રાખી) છે, મોટી પૂજા છે અને તમારે આ વિધિમાં આવવાનું છે.' તો ના પાડે (કે), 'એમાં નહિ આવું. માફ કરો, એમાં હું આવી શકીશ નહિ.' તો (શેઠ એમ) કહે કે, 'તો પછી નોકરીમાં નહિ રાખું.' (માણસ એમ કહે કે), 'નોકરીમાં ન રાખો તો કાંઈ નહિ, બીજે ગોતી લઈશ !' મહેનત કરીને પૈસા લેવા છે તો માથું ફોડીને લોહી કાઢવાની વાત છે. (તો ઇ તો) ગમે ત્યાં માથું ફોડીશ તો લોહી નીકળશે. એમાં શું ? એમાં કાંઈ શરમ રાખવાનો પ્રશ્ન નથી રહેતો. વ્યવહારિક આદર-સત્કાર, શિષ્ટાચાર બીજો વિષય છે. ધર્મ શ્રદ્ધાનો વિષય છે ત્યાં તો ટંકણખારની જેમ માણસ ચોખ્ખો રહેવો જોઈએ ! એમાં કોઈની શેહશરમ ચાલે નહિ. એવો વિષય છે.

પ્રશ્ન :– બારમા ગુણસ્થાનની પર્યાયનો વ્યય થઈને તેરમાની પર્યાય પ્રગટ થાય તો ત્યાં તત્ સમયની પર્યાયની યોગ્યતા લેવી કે ત્રિકાળ સ્વભાવ ?

સમાધાન :– ત્રિકાળ સ્વભાવ તો બધાંને એક સરખો જ છે. અભવીને પણ ! પણ તે કાળનો એનો પુરુષાર્થ છે. તે કાળનો પુરુષાર્થ છે.

'ગુરુદેવશ્રી' બહુ સૂક્ષ્મ ચર્ચા કરતા. સમ્યગ્દર્શનના વિષયમાં કહેતાં ત્યારે ત્યાં સુધી

કહેતાં કે, મિથ્યાત્વ છૂટવાનો કાળ પાકી ગયો હોય ત્યારે મિથ્યાત્વ અતીવ મંદ થઈ ગયું હોય. કેટલું ? મિથ્યાત્વ સાવ જોર વગરનું (થઈ ગયું હોય). મિથ્યાત્વનું કાંઈ જોર ન રહ્યું હોય એવું થઈ ગયું હોય. ત્યારે પછી મિથ્યાત્વ ખલાસ થઈ જાય. કેમકે એનું બળ ન રહ્યું હોય, એનો અનુભાગ એકદમ તૂટી ગયો હોય. એ વખતે પણ, મિથ્યાત્વની એવી સ્થિતિ થવામાં પણ પુરુષાર્થ જે દિશાંતર થયો છે તે (કાળનો પુરુષાર્થ) અને જ્યારે એ શુદ્ધોપયોગમાં પરિણમે છે તે કાળનો પુરુષાર્થ – એ (બન્ને) પુરુષાર્થમાં બહુ મોટો ફેર છે. એટલે એ વખતે – શુદ્ધોપયોગ વખતે ઘણો ઉગ્ર પુરુષાર્થ હોય છે કે બુદ્ધિપૂર્વકનો વિકલ્પ જ ઉત્પન્ન થવા દેતો નથી. અહીંયાં હજી વિકલ્પ શમાતો નથી, ભલે મનની અંદર સૂક્ષ્મ વિકલ્પ છે અને આત્મા સંબંધિત છે, છતાં એ વિકલ્પની–એ રાગની ચીકણાશ છે એ તાંતણો હજી તૂટતો નથી અને અહીંયાં જ્યાં એકદમ અંદર સડસડાટ નીચે ઊતરી જાય છે, ભોંયરામાં જાય છે અને ભગવાનના દર્શન થાય છે એ પુરુષાર્થનો તબક્કો જ અંદર કોઈ એકદમ જુદો છે ! એક મિથ્યાદશાનો પુરુષાર્થ છે અને એક સમ્યક્દશામાં આવેલો પુરુષાર્થ છે.

એનાં કરતાં સમ્યક્દૃષ્ટિનું માપ એવું છે, હજી મુનિદશા આવી નથી તોપણ ! કે, ક્યાં અમારો પુરુષાર્થ અને ક્યાં મુનિદશાનો પુરુષાર્થ ! વગર ચિંતવ્યે, વગર આત્માને વિચાર્યે, વગર આત્માને ચિંતવ્યે એક ક્ષણમાં તો પાછો ચૈતન્યગોળો છૂટો પડી જાય છે ! પુરુષાર્થ કેટલો !! એ આખો જુદો જ તબક્કો છે, એકદમ જાણે જુદો જ તબક્કો છે ! જાતિ એક છે, તબક્કો જુદો છે. મુનિ એમ જોવે છે કે, આ ભલે ક્ષણે... ક્ષણે... ક્ષણે... આત્મામાં રમવા માટે ઉપયોગ આવે છે, ચૈતન્યબાગમાં પ્રતિક્ષણે ક્રીડા કરે છે, પણ અનંત પુરુષાર્થનું સ્વરૂપ અમને નજર સામે દેખાય છે એ અનંત પુરુષાર્થ અમને શા માટે નહિ ? એક બાજુ આખું ફળ પડ્યું હોય–આખું સાકરકોળું (પડ્યું હોય), બીજી બાજુ ચીર કાપીને આપે તો (એમ) કહે કે, ચીર ન ચાલે. તો (એમ કહે કે), મોટી ચીર લે. તો કહે કે, નહિ, મારે આખું જોઈએ એનું શું ? એમ વાત છે. એ પુરુષાર્થ એમને નજર સામે દેખાય છે કે, એવો અનંત પુરુષાર્થનો ધણી હું છું ! અને પર્યાયમાં ઓછું શું કરવા આવે ? કાંઈ કારણ ખરું ? એક માણસ શું કહે કે, મારો હક છે પછી હું શું કરવા ના પાડું ? શું કહે ? મારો હક છે, તમે શું કરવા ના પાડો ? એમ અંદરમાં પૂરેપૂરું ભર્યું છે, પર્યાયમાં ઓછું શું કરવા ? ન ચાલે. મળવું જ જોઈએ, પૂરેપૂરું મળવું જોઈએ. નહિતર ત્યાં પ્રચુર સ્વસંવેદન છે અને અંદરના સમુદ્રમાંથી આનંદની ભરતી આવે છે ! તો કહે, નહિ, આ ધીમી ધારે આવે છે

! આ ધાર અમને ધીમી પડે છે, અમારે તો એકસાથે આખો દરિયો જોઈએ !! વિષય એવો છે કે, એ પૂર્ણતાની પાછળ છે. તમામ સાધક છે એ પૂર્ણતાની પાછળ છે. કોઈને અધૂરાશ પાલવતી નથી. કેમકે સ્વભાવે પોતે પૂર્ણ છે. પૂર્ણને જોવે છે. પોતે પૂર્ણ છે એ નજર સામે છે એને પર્યાયમાં અધૂરાશ પાલવે શેની ? શું કરવા જોઈએ ?

'ભરત ચક્રવર્તી' અને 'બાહુબલી' વચ્ચે એ તો લડાઈ હતી કે, આપણા બન્ને પિતાશ્રી 'ઋષભદેવ ભગવાન' આપણને રાજ આપી ગયા. રાજના ભાગ કરી ગયા કે આટલું 'બાહુબલી'નું આટલું 'ભરત'નું. હું તો હવે દીક્ષા લઈને જાઉં છું. મને હકથી મળ્યું છે, પિતાશ્રીના વારસામાં મળેલું છે. તું એમ કહે કે, તું મારો ખંડિયો થઈ જા ને મારી નીચે આવી જા, હું રાજા અને તું મારી પ્રજા, કાંઈ કારણ ખરું ? બીજાની વાત જુદી છે મારી વાત જુદી છે. શું કહે ? બીજાની વાત જુદી છે, આપણે એક બાપના બે દીકરા છીએ. હું એવી રીતે ન આપી દઉં. હું તો સ્વતંત્ર, મારા રાજમાં હું સ્વતંત્ર. એમાં તારું કાંઈ ન ચાલે. આ કહે, 'હું ચક્રવર્તી છું !' ('બાહુબલીજી' કહે છે કે,) 'ચક્રવર્તી હોય તો તમારા ઘરે, મારા ઘરે કાંઈ નહિ.' ઠીક ! તો કહે, 'થઈ જાઓ તૈયાર !' (તો 'બાહુબલીજી' કહે છે) 'કોણ ના પાડે છે ?' ઠીક ! બન્ને ક્ષાયિક સમ્યક્‌દૃષ્ટિ !

આ વિષય એવો છે. અંદરમાં પૂર્ણ છે એને બહાર અધૂરું ન જોઈએ. એનો પૂર્ણ લેવાનો હક છે. પૂર્ણ પ્રાપ્ત કરવું એ એનો સ્વાધીન હક છે. એને અધૂરું નથી પાલવતું. કોઈ સાધકને અધૂરું જોઈતું નથી અને તેથી સર્વ સાધકો અલ્પકાળમાં પરિપૂર્ણ દશાને પ્રાપ્ત કરે જ છે. કેમકે એ એના સ્વતંત્ર પુરુષાર્થનો–સ્વભાવનો વિષય છે અને એમ જ થાય છે. ભલે કોઈને ચડઊતર થાય, કોઈ મુનિ થાય વળી દેવલોકમાં જાય અને ચોથા ગુણસ્થાને જાય, વળી પાછા મુનિ થઈને એ તો કેવળ પામવાના છે. પણ એ વચ્ચે થોડી તીવ્ર-મંદ, તીવ્ર-મંદ પુરુષાર્થની ગતિ થાય છે તો એને એ ગમતી વાત નથી. પુરુષાર્થની ગતિ મંદ થાય એ સાધકને ગમતી વાત નથી. કેમકે એને અંદરમાં પૂર્ણ પુરુષાર્થનો – પૂરા પુરુષાર્થનો સમુદ્ર જોવા મળે છે ! એને અધૂરું બહારમાં આવે એ વાત ઇષ્ટ નથી.

પ્રશ્ન :– સાધક એટલે શું ?

સમાધાન :– મોક્ષમાર્ગને સાધે તે સાધક અથવા આત્માના ગુણોને અને સ્વભાવને સાધે તે સાધક. 'ક' એટલે કરનારો – સાધ્ય કરનારો. પોતાની મુક્તિને સાધનારો છે તે સાધક છે, મુક્તિ એનું સાધ્ય છે. એમ છે.

પ્રશ્ન :- સમ્યક્ એટલે ?

સમાધાન :- સમ્યક્ એટલે આત્મ સન્મુખ-સાચું-સત્ય. ઘણાં અર્થ થાય છે, પણ મૂળ એનો જે સંસ્કૃત શબ્દ છે એમાંથી એ દિશા સૂચક શબ્દ છે. અભિમુખ થવું-સન્મુખ થવું-પોતાનીને પોતાની સન્મુખ થવું-નિજ સન્મુખ થવું-અંતરમાં અભિમુખ થવું. તેને સમ્યક્ કહે છે.

એટલે મોક્ષમાર્ગમાં બધાં ગુણોનું સમ્યક્ પરિણમન હોય છે એનો અર્થ એ છે કે, બધાં ગુણો અંતર્મુખ પરિણમે છે. એટલે એને સમ્યક્ પરિણમન કહે છે. પછી એમાં શુદ્ધતા હોય છે એટલે એનો અર્થ શુદ્ધ કરવામાં આવે છે. એ જ સત્ય ધર્મ હોવાથી એનો અર્થ સત્ય કરવામાં આવે છે. પણ એ તો પ્રકરણ અનુસાર અર્થ છે.

મોક્ષમાર્ગમાં '**પુરુષાર્થ વગર એક પણ પર્યાય પ્રગટતી નથી. એટલે રુચિથી માંડી ઠેઠ કેવળજ્ઞાન સુધી પુરુષાર્થ જ જોઈએ છે.**' અથવા પુરુષાર્થ જ હોય છે. જીવને પોતાની દશામાં આગળ વધવા માટે રુચિથી માંડીને (એમ જે કહ્યું એ) આ મુમુક્ષુ દશાની વાત લીધી છે. રુચિની જે વાત છે એ મુમુક્ષુ દશાની વાત છે. મુમુક્ષુદશામાં 'રુચિ અનુયાયી વીર્ય' ગણીને (વીર્ય કહ્યું છે પણ) ત્યાં પુરુષાર્થ સમ્યક્ નથી થયો, એટલે રુચિનો પુરુષાર્થ-રુચિ થાય ત્યારે એને કાંઈક આત્માના પુરુષાર્થની જગ્યા થઈ છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એટલે પોતાની શરૂઆત જ રુચિથી થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, રુચિથી થાય છે. કેમકે પુરુષાર્થ તો ઊંધો કામ કરે છે, ઊલટો કામ કરે છે એટલે જે ફરક પડે છે – પુરુષાર્થમાં ફરક પડવાની પૂર્વ તૈયારી થાય છે એનું પ્રદર્શન થાય છે – રુચિથી !

મુમુક્ષુ :- શાસ્ત્ર અનુસાર દ્રવ્ય-ગુણ-પર્યાય જાણી લઈએ છીએ પણ પુરુષાર્થ ઉપડતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થ ઉપડતો નથી તો આ વિષયમાં કાલે થોડી ચર્ચા થઈ હતી કે, પરલક્ષી જ્ઞાન છે (એમાં) દ્રવ્ય-ગુણ-પર્યાયનું કે આત્માના સ્વભાવ વિષયનું જે જાણવું થયું છે એ પરલક્ષે જાણવું થયું છે. એટલે એ પ્રકારની સમજણની અંદર પુરુષાર્થ જાગૃત ન થઈ શકે. આમ જો ક્રમને વિચારીએ તો એવો ક્રમ છે કે, સ્વલક્ષી જ્ઞાનમાં જો આત્માની સમજણ કરવામાં આવે તો સ્વલક્ષી જ્ઞાનમાં આત્માના સ્વભાવભાવનું ભાવભાસન થાય. જો એ પ્રકારે સ્વલક્ષે જ્ઞાન પોતાને જાણવામાં પ્રવર્તે – પ્રવૃત્તિ કરે તો એને પ્રતીતિનો સાથ

મળે કે, 'હું આવો જ છું' – એમ એની અંદર પ્રતીતિ સાથ આપે, એમ એને વિશ્વાસ આવે. એ પ્રતીતિ સહિતનું આત્મા સંબંધીનું વિચારજ્ઞાન છે એ આગળ વધવા સમર્થ છે, એ આગળ વધી શકે છે. પણ જે પરલક્ષી આત્મા સંબંધીનું વિચારજ્ઞાન છે, જેને પ્રતીતિનો સાથ મળતો નથી એ જ્ઞાન ઊંધી શ્રદ્ધાને ઊથલાવીને; કેમકે શ્રદ્ધા તો આખેઆખી પલટશે, એ આંશિકપણે નહિ બદલે, (એ રીતે) સમ્યક્પણે ઊંધી શ્રદ્ધાને ઊથલાવવા એ જ્ઞાન સમર્થ નથી. એટલે એ જ્ઞાન કામ નથી કરતું. સાધન જ્ઞાન છે. સ્પષ્ટ વાત એ છે કે, સાધન જ્ઞાન છે.

આત્માની અનુભવની વિધિમાં ઊંડી વિચારણા કરવામાં આવે તો જ્ઞાન એક જ સાધન છે. પ્રમુખ સાધન જ્ઞાન છે. રુચિને પણ એ જગાડે છે, શ્રદ્ધાને પણ એ ઊથલાવે છે, પુરુષાર્થને પણ એ જાગૃત કરે છે. (એટલે) જ્ઞાન જ સાધન છે. એટલે જ્ઞાનથી કાર્ય થાય છે અને બીજા કોઈથી કાર્ય નથી થતું. આખા 'સમયસાર'માં આત્માને 'જ્ઞાનમાત્ર' કહેવા પાછળ આ હેતુ છે. (પંડિત) 'જયચંદજી'એ ('સમયસાર'માં) પોતાના ભાવાર્થમાં એક-બે જગ્યાએ આ વાત સ્પષ્ટ કરી છે કે, 'સમયસાર'ની અંદર આત્માને જ્ઞાનમાત્ર શા માટે કહ્યો ? (કેમકે) એ મુખ્ય ગુણ છે. અહીંયાં પણ લેશે–આત્મા જ્ઞાનપ્રધાન, આત્મા અનંત ગુણનો પિંડ છે પણ જ્ઞાનપ્રધાન અનંત ગુણનો પિંડ છે, એમ કહેશે. અહીંયાં આ શાસ્ત્રમાં પણ એ વાત આવશે. કેમકે જ્ઞાન પોતાને પણ જાણે છે, જ્ઞાન બીજાને પણ જાણે છે. વિભાવને પણ જાણે છે, બીજાં ગુણોને પણ જાણે છે અને અન્ય પદાર્થોરૂપ નિમિત્ત છે કે નિમિત્ત નથી થતું એને પણ જાણે છે. એ બધું કાર્ય જ્ઞાનવિશિષ્ટ એક ગુણમાં જણાય છે. એવો એ વિશિષ્ટ ગુણ છે ! એટલે એ પ્રધાન ગુણ છે. પણ એ જ્ઞાન પરલક્ષી થાય છે કે સ્વલક્ષી પ્રવૃત્તિ કરે છે ? આત્મલક્ષી જ્ઞાનની પ્રવૃત્તિ આત્માને હિતમાં કાર્યકારી થઈ પડે છે. આત્મલક્ષી નથી એવી જ્ઞાનની પ્રવૃત્તિ ગમે તે પ્રકારની હોય તે પરલક્ષી છે અને તે આત્માના હિતમાં જરા પણ કાર્યકારી થતી નથી. ચાહે અંગ-પૂર્વનું જ્ઞાન થઈ જાય ! અગિયાર અંગ અને નવ પૂર્વ સુધી દ્રવ્યલિંગી પહોંચ્યો એ બધું પરલક્ષી જ્ઞાનમાં પહોંચ્યો છે. એટલે એને એ કાર્યકારી થયું નથી. આ સ્પષ્ટ વાત છે.

બીજું, પરલક્ષી જ્ઞાનની પ્રવૃત્તિમાં જ્ઞાનનો ક્ષયોપશમ વધે તો એને એ ઉઘાડનો રસ ચઢ્યા વિના રહે નહિ, કેમકે આત્મલક્ષી પ્રવૃત્તિ નથી. એટલે એને એ ઉઘાડનું અભિમાન કહો, ઉઘાડનો રસ કહો, એમાં અહંબુદ્ધિ થવી કહો – એ દુર્ગુણ એને ઉત્પન્ન થયા વિના

રહે નહિ. એટલે એનો બીજો અર્થ એ થયો કે, આત્મલક્ષી જ્ઞાનની પ્રવૃત્તિ ગુણની ઉત્પાદક છે અને પરલક્ષી જ્ઞાનની પ્રવૃત્તિ દોષની ઉત્પાદક છે–અવગુણની ઉત્પાદક છે. એક સ્વભાવની ઉત્પાદક છે, એક અવગુણ અને વિભાવની ઉત્પાદક છે. આત્મલક્ષી જ્ઞાનની પ્રવૃત્તિમાં પ્રતીતિનો સાથ મળતાં એ જ્ઞાન આત્મામાં સ્થિર થવા માટે સમર્થ થાય છે એટલે આચરણનું સામર્થ્ય એને પ્રગટે છે. એટલે પુરુષાર્થ ધર્મ ત્યાં આવી શકે છે. પરલક્ષી જ્ઞાનમાં પુરુષાર્થ નથી આવતો. એટલે પરલક્ષી જાણપણું કર્યા પછી તમામ જાણવાવાળાને આ સમસ્યા ઊભી રહે છે કે, આ બધું સમજાણું પણ પુરુષાર્થ કેમ હજી ચાલતો નથી ? સમ્યગ્દર્શન થાય, આત્મામાં એકાગ્ર થાય એવો પુરુષાર્થ કેમ થતો નથી ? સમજે છે, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ્-વ્યય-ધ્રૌવ્ય, ગુણ-ગુણી ભેદ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્મા આવો છે... આવો છે... એમ પણ સમજે છે કે, અનંત ગુણનું એકરૂપ દ્રવ્યસ્વભાવ ગુણનિધાન એ શ્રદ્ધાનો વિષય છે. એમ સમજમાં આવે છે અને એકાંતમાં બેસીને ઉપયોગને સ્થિર કરવાની મહેનત કરે (પણ) કામ કાંઈ થાય નહિ. તરંગ ઊઠે ! અનેક પ્રકારના વિકલ્પના તરંગ ઊઠ્યા કરે. કેમ એને એ સ્થિર થવાનું બળ નથી આવતું ? (કેમકે) એને પ્રતીતિનો સાથ નથી, જ્ઞાન આત્મલક્ષી પ્રવૃત્તિ કરતું નથી. અને એ જો પ્રવૃત્તિ ન કરે તો એ ગમે ઇ કરીને તૂટી મરે નહિ, કાંઈ વળે એમ નથી. કેમકે આખી દિશા ફેર છે. દિશા ફેર છે. દિશા ફરે તો દશા ફરે અને દિશા ન ફરે તો દશા ન ફરે. આ દિશા ફરવાનું પ્રથમ ચરણ–પહેલો તબક્કો–પહેલું પગથિયું સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થાય ત્યારે થાય છે અથવા સ્વરૂપનું ભાવભાસન થાય ત્યારે થાય છે.

એ વિષય(માં) ગુરુદેવશ્રીનો એક બોલ છે. ('પરમાગમસાર') બોલ–૨૩૬ **'જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે...'** એટલે સ્પષ્ટ થતું જાય છે. **'તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય...'** એટલે જ્ઞાનબળ વધતું જાય છે અથવા જ્ઞાનની સાથે પુરુષાર્થ કામ કરવા લાગે છે. **'અને એ વધતાં જતાં જ્ઞાન સામર્થ્ય...'** એટલે જ્ઞાન અને પુરુષાર્થ વડે **'મોહ શિથિલ થતો જાય છે.'** (એટલે કે) દર્શનમોહનો અનુભાગ ઘટતો જાય છે અને ઉગ્ર પુરુષાર્થ થઈને **'જ્ઞાન જ્યાં સમ્યક્પણે પરિણમે છે, ત્યાં મોહનો સમૂહ નાશ પામે છે. માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે, જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી.'** જ્ઞાન સિવાય બીજું સાધન નથી એ ૨૩૬મા બોલમાં આવ્યું છે.

૨૧૦ (નંબરના બોલમાં) એવી એક વાત કરી છે કે, પહેલાં આ જ્ઞાનમાં અને લક્ષમાં આવવું જોઈએ. જ્ઞાનમાં અને લક્ષમાં રુચિસહિત આવવું જોઈએ, વિશ્વાસસહિત આવવું જોઈએ.

**'તો એના વીર્યમાં સ્વભાવ સન્મુખની સ્ફૂરણા ચાલ્યા કરે,...'** અહીંથી પુરુષાર્થનું ઉત્પાદ્કપણું થયું. જો એને આત્મલક્ષી જ્ઞાનમાં પોતાના સ્વરૂપનું ભાવભાસન થાય (એટલે કે) ચોખ્ખો પ્રતિભાસ આવે. જ્ઞાનની પ્રધાનતામાં, જ્ઞાનના લક્ષણથી, જ્ઞાનના આધારે જ્ઞાનસ્વભાવ ભાસનમાં આવે–પ્રતિભાસમાં આવે **'તો એના વીર્યમાં સ્વભાવ સન્મુખની સ્ફૂરણા ચાલ્યા કરે,...'** ચૈતન્યવીર્યની નવી સ્ફૂરણા ઉત્પન્ન થાય. **'આ સમ્યક્ પહેલાંની વાત છે આ જ સમ્યગ્દર્શનનો ઉપાય છે બીજો કોઈ ઉપાય જ નથી.'** જ્ઞાનમાં ભાવ ભાસે તો પુરુષાર્થ ઉપડે. જેને ભાવ ભાસીને પુરુષાર્થ ઉપડે એને પૂછવું પડે કે પુરુષાર્થ કેમ કરવો ? એને પૂછવું પડે કે, મારો પુરુષાર્થ કેમ ઉપડતો નથી ? મને આત્મા તો સમજાય છે ! ભાઈ ! તને સમજાણો હોય તો પુરુષાર્થ ઉપડ્યા વિના રહે નહિ. પુરુષાર્થ ઉપડ્યો નથી એ એમ સાબિત કરે છે કે, તને હજી સમજાણું નથી પણ સમજાણાનો એક નવો ભ્રમ થઈ ગયો છે !! આમ વાત છે.

અહીં સુધી રાખીએ.

**અનિત્ય, અશરણ, અન્યત્વ : જે સુખસ્વરૂપ નથી, જે અનિત્ય છે, અને જે શરણભૂત થઈ શકતાં નથી. તેવાં ભિન્ન (અન્યત્વભાવે રહેલા) પદાર્થો જીવને પ્રીતિનું કારણ કેમ થાય છે. - તે સતત અંતરશોધપૂર્વક વિચારવા યોગ્ય છે અર્થાત્ તપાસવા યોગ્ય છે.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૬૫)

## પ્રવચન નં. ૯, વચનામૃત-૮
## તા. ૧૨-૧૧-૧૯૮૬

અત્યારે પૂજ્ય ગુરુદેવની વાતને ગ્રહણ કરવા ઘણા જીવો તૈયાર થઈ ગયા છે. ગુરુદેવને વાણીનો યોગ પ્રબળ છે, શ્રુતની ધારા એવી છે કે લોકોને અસર કરે ને 'સાંભળ્યા જ કરીએ' એમ થાય. ગુરુદેવે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો ને સ્પષ્ટ કર્યો છે. તેઓશ્રીને શ્રુતની લબ્ધિ છે. ૮.

('બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૮) શાસ્ત્રવાંચનમાં તત્ત્વજ્ઞાનના વિષય ઉપરાંત દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષની ભક્તિનો વિષય પણ આવે છે અને એ પણ સ્વાધ્યાયનું એક અંગ છે. સ્વાધ્યાયનું અંગ છે !

'શ્રીમદ્જી' તો એમ જ કહે છે કે, સમ્યક્જ્ઞાન થયા પહેલાં-આત્મજ્ઞાન થયા પહેલાં જો મુમુક્ષુજીવને સમૂહમાં શાસ્ત્ર સ્વાધ્યાય કરવાનો ઉદય હોય, પૂર્વકર્મ એ રીતે હોય કે, અનેક જીવો એમ કહે કે, 'તમે વાંચો ! તમે વાંચી સંભળાવો, છેવટે વાંચી સંભળાવો ! પણ શાસ્ત્ર તમે વાંચો અમારે સાંભળવું છે.' તો એણે મુખ્યપણે સત્પુરુષના ગુણાનુવાદ કરવા,

સત્પુરુષની ભક્તિ કરવી અને વિદ્યમાન સત્પુરુષ હોય તેમના સત્સમાગમમાં જીવો વિશેષપણે આવે એ પ્રકારે એણે વક્તવ્ય આપવું. એવી સૂચના કરી છે. શાસ્ત્ર સ્વાધ્યાય કરનાર માટે એવી સૂચના કરી છે.

'ગુરુદેવ' બિરાજમાન હતા ત્યારે આ શાસ્ત્ર સ્વાધ્યાય બહેનોની સભામાં ચાલતો. એમાં જે વચનો વિશિષ્ટ ગુણ પ્રશંસાવાળા હતા એ લખેલાં આમાં પસંદ કરીને લેવામાં આવ્યા છે. શું કહે છે ? **'અત્યારે પૂજ્ય ગુરુદેવની વાતને ગ્રહણ કરવા ઘણા જીવો તૈયાર થઈ ગયા છે.'** શું કહે છે ? કે, 'ગુરુદેવશ્રી' જે વાત અત્યારે કરે છે એ વાત સંપ્રદાયના ચાલુ ચીલાથી જુદી પડતી વાત દેખાય છે. તેથી સંપ્રદાય ઉપરના વજનને ગૌણ કરીને, સંપ્રદાયને ગૌણ કરીને 'ગુરુદેવ'ની વાત સાંભળવા અનેક જીવો આવ્યા છે એ એમ સૂચવે છે કે, અનેક જીવોને આ વાત ગ્રહણ કરવાની ભાવના છે, આ વિષય ગ્રહણ કરવાની ભાવના છે. અનેક જીવો તૈયાર થઈ ગયા છે.

**'ગુરુદેવને વાણીનો યોગ પ્રબળ છે,...'** અધ્યાત્મ વિષયક વાણી એ કોઈ વાણીમાં નહિ આવી શકે એવા વિષયને વચનગોચર કરવાનો વિષય છે. એ પ્રકારનો ભાવોને વ્યક્ત કરવાનો પુણ્યયોગ હોય તો જ વ્યક્ત થાય છે. અધ્યાત્મિક વિષય વ્યક્ત થાય છે. 'ગુરુદેવ'ને તથાપ્રકારનો વાણીનો યોગ અસામાન્ય હતો. **'પ્રબળ છે'** એટલે અસામાન્ય હતો. આપણને સૌને અનુભવ છે કે, એક વાત પાંચ વખત, આઠ વખત, દસ વખત પ્રવચનની અંદર પોતે કહેતાં ત્યારે એમ કહેતા કે, વારંવાર ફરી-ફરીને કંઈ કહેવામાં આવે છે માટે અહીંયાં પુનરુક્તિ દોષ નથી લાગતો. નહિતર વક્તૃત્વકળામાં એકની એક વાત વધારે વાર કહેવી પડે તો એ વક્તૃત્વકળાની ખામી ગણાય છે. વક્તાની એ બોલવાની ખામી ગણાય છે. અહીંયાં કહે છે કે, એવી ખામીનો દોષ અહીંયાં નથી લાગતો. એટલે એ લક્ષે, એ દૃષ્ટિકોણથી સાંભળનારે વિચાર ન કરવો કે, આ એકની એક વાત વારંવાર કહે છે માટે અહીંયાં પુનરુક્તિ દોષ થાય છે – એવું ન વિચારવું.

જોકે વિષયના ઊંડાણને જોનારા તો સમજી શકે છે કે, એકની એક વાત ઉપર અનેકવાર વક્તવ્ય આપવા વખતે પણ એ વિષયના ઊંડાણમાં 'ગુરુદેવ' વધુને વધુ જતા અને એ વિષયના અનેક પાસા ખોલતા. અનેક પડખાંથી એનું સ્પષ્ટીકરણ થતું. ઊંડાણથી પણ થતું (અને) અનેક પાસાથી પણ થતું. બે પ્રકારે (થતું). એવો 'ગુરુદેવ'ને અધ્યાત્મિક ભાવો – આત્મસ્વરૂપને વ્યક્ત કરનાર એવો વાણીનો યોગ અત્યંત પ્રબળ હતો. આ તો વિદ્યમાન

હતા ત્યારે બોલાયેલું છે એ લખાયેલું છે એટલે 'છે' એમ લીધું છે.

અહીંયાં કોઈ વક્તૃત્વકળાની મુખ્યતાથી શ્રવણ ન થવું જોઈએ કે કહેનારને કહેવું પણ નથી. કહેનારને કોઈ વક્તૃત્વકળાનું પ્રદર્શન કરવું નથી. જગતની અંદર જે વક્તાઓ ભાષણ આપે છે એ ભાષણની અંદર પોતાની વક્તૃત્વકળાનું પ્રદર્શન કરતા હોય છે. જ્ઞાનીને એ લક્ષ હોતું નથી કે, હું અમુક શૈલીથી કહીશ તો લોકોને છાપ બહુ સારી પડશે ! અથવા હું અમુક પદ્ધતિથી વાત કરું તો લોકોને રુચે ! લોકોને રુચે એવી પદ્ધતિ અપનાવવી જોઈએ એવી રીતે વાત કરવી જોઈએ. એ પ્રકારનો દૃષ્ટિકોણ એમનો હોતો નથી. એ તો જે શાસ્ત્રનો વિષય ચાલે છે એ વિષયના ઊંડાણમાં જવા માટે અને એ વિષયને ખોલવા માટે એમનો ઉપયોગ ત્યાં કામ કરે છે, એ વિષયના ઊંડાણમાં જાય છે. એ વિષય એમના સ્વાનુભવનો હોવાથી અને વ્યક્ત કરવાનો કોઈ વાણીનો યોગ હોવાથી બહુ સારી રીતે એ વ્યક્ત કરી શકે છે.

મુમુક્ષુ :- રટણ કરવા યોગ્ય આ એક જ વાત છે. બીજાં સંયોગો રટણ કરવા યોગ્ય નથી માટે પુનરુક્તિ દોષ લાગતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પુનરુક્તિ દોષ તો વક્તૃત્વકળાને સ્પર્શે છે. અહીંયાં એ પ્રકરણ જ નથી કે, કળા દેખાડવી છે કે, કળા છે કે નહિ ? એ પ્રશ્ન જ નથી. 'ગુરુદેવશ્રી'ને તો ઘણો પ્રબળ યોગ હતો પણ એથી પણ ઓછો વાણીનો યોગ હોય અને ઘણું ઓછું કહે તોપણ જેમાં અનુભવરસ છે, જે વાણી અનુભવરસથી ભીંજાયેલી છે એ વાણી ભલે થોડી હોય, અલ્પ હોય (પરંતુ) એની અંદર શબ્દોનો શણગાર વિશેષ ન હોય તોપણ જ્ઞાનીનાં એક વચનમાં અને એક શબ્દમાં અનંત આગમ રહેલાં છે !

'શ્રીમદ્જી'એ તો આ સ્પષ્ટ કરેલું છે. 'જ્ઞાનીનાં એક શબ્દમાં અનંત આગમ રહેલાં છે. એ વાત કેવી રીતે હશે ?' એ વાત વિચારવાન જીવને વિચારવા યોગ્ય છે કે, એક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે ! અને આવું જીવંત આગમ અમારી સમક્ષ છે ! એ જીવંત આગમ છે ! જ્ઞાની પોતે જ જીવંત આગમ છે !! દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા કહી છે ને ? તો એક સત્પુરુષમાં દેવ-ગુરુ-શાસ્ત્ર ત્રણેય સમાય છે. એ કેવી રીતે હશે ? એ વિચારવા યોગ્ય છે બસ ! એટલે 'શ્રીમદ્જી'એ એ વાત કરી છે.

શાસ્ત્રવાંચનમાં સત્પુરુષનો મહિમા શા માટે ? ૬૭૦ નંબરનો પત્ર છે. **'ઉદયને યોગે તથારૂપ આત્મજ્ઞાન થયા પ્રથમ ઉપદેશકાર્ય કરવું પડતું હોય તો...'** મુમુક્ષુજીવને શાસ્ત્ર વાંચન

આપવાનો ઉદય વર્તતો હોય તો **'વિચારવાન મુમુક્ષુ...'** જે શાસ્ત્ર વાંચન આપે છે એ જો વિચારવાન મુમુક્ષુ હોય તો **'પરમાર્થના માર્ગને અનુસરવાને હેતુભૂત એવા સત્પુરુષની ભક્તિ, સત્પુરુષના ગુણગ્રામ, સત્પુરુષ પ્રત્યે પ્રમોદભાવના અને સત્પુરુષ પ્રત્યે અવિરોધભાવના...'** થાય એમ **'લોકોને ઉપદેશે છે;...'** એ પ્રકારે એ પોતાના વક્તવ્યની અંદર એ વિષયને લે છે. આ તો આ બોલની અંદર-૮ નંબરનાં બોલમાં શાસ્ત્રવાંચનમાં 'ગુરુદેવ'નો મહિમા (આવ્યો) છે ને ! શાસ્ત્ર સ્વાધ્યાયની અંદર 'ગુરુદેવ'નો મહિમા (કર્યો) છે. પોતાને તો આત્મજ્ઞાન છે તોપણ કરે છે !! કેમકે પોતાનાં ઉપકારી છે. પણ કહેવાની જરૂર નથી કે, આત્મજ્ઞાન છે એ પણ સત્પુરુષની ભક્તિ, બહુમાન, ગુણગ્રામ કરે છે તો જેને આત્મજ્ઞાન નથી એને કર્તવ્ય છે, એ તો કહેવાની પણ જરૂર રહેતી નથી. જે પ્રકારે સત્પુરુષનાં વચન ગ્રહણ કરવાની સાંભળનાર જીવોને આત્મવૃત્તિ થાય તે પ્રકારે તે વાંચન કરે છે. **'સર્વ કાર્યમાં કર્તવ્ય માત્ર આત્માર્થ છે; એ સંભાવના નિત્ય મુમુક્ષુ જીવે કરવી યોગ્ય છે.'** એમ કરીને પત્ર અહીંયાં પૂરો થાય છે.

**'ગુરુદેવ'ને વાણીનો યોગ પ્રબળ છે,...'** એટલે બળવાન યોગ છે. અનેક ન્યાયોની અભિવ્યક્તિ એમના દ્વારા થઈ છે અને વર્તમાન ઉપલબ્ધ જૈન સાહિત્યને એ દૃષ્ટિએ તપાસવામાં આવે તો 'ગુરુદેવશ્રી' દ્વારા જે સ્પષ્ટીકરણ થયું છે એવું સ્પષ્ટીકરણ ભૂતકાળમાં કોઈના દ્વારા થયું હોય એવું જોવામાં આવતું નથી. એ નિષ્પક્ષપણે કહી શકાય એવું છે. 'ગુરુદેવ'નો પક્ષ કરીને વાત નથી. નિષ્પક્ષપણે કોઈપણ તટસ્થ માણસ એ દૃષ્ટિકોણથી જૈન સાહિત્યને જોવે-ઉપલબ્ધ જૈન સાહિત્યને (જોવે) તો આટલું સ્પષ્ટીકરણ ક્યાંય જોવામાં આવતું નથી. એટલું સ્પષ્ટીકરણ આપ્યું છે ! એવો વાણીનો પ્રબળ યોગ છે !

**'શ્રુતની ધારા એવી છે કે...'** હવે જ્ઞાન ઉપર લે છે. પહેલાં વાણીની વાત કરી. હવે ગુરુદેવના શ્રુતજ્ઞાનની વાત કરે છે કે, શ્રુતજ્ઞાનની ધારા એવી છે કે **'લોકોને અસર કરે ને 'સાંભળ્યા જ કરીએ' એમ થાય.'** એમનાં શ્રુતજ્ઞાનમાંથી, શ્રુતજ્ઞાનના નિમિત્તે જે વાણી પ્રગટ થાય છે, ભાવશ્રુતજ્ઞાન પ્રગટ હોવાને લીધે અને જે વાત કહે છે એની પાછળ આત્મરસ ભરેલો હોવાને લીધે ભલે વાણીની છટા કે વક્તૃત્વતા એવી ન હોય તોપણ એ વાણીમાં કોઈ એવો પ્રકાર હતો, એવી મીઠાશ હતી કે જાણે **'સાંભળ્યા જ કરીએ'** એમ થાય !! એક કલાકનું પ્રવચન ક્યાં પૂરું થઈ જાય છે એ ખબર ન રહે ઘણીવાર તો !! બસ ! કલાક પૂરો થઈ ગયો ?! એમ લાગે !!

મુમુક્ષુ :– એમ કેમ થતું હશે ?

પૂજ્ય ભાઈશ્રી :– એવું છે કે, સાંભળનારને જ્યાં રસ આવે છે ત્યાં એને સમય ક્યાં વ્યતીત થાય છે એ ખબર નથી રહેતી. એ તો દરેક વિષયમાં એવું છે. જેને જે વિષયમાં રસ આવે એને ત્યારે સમય કેમ વ્યતીત થાય એનો ખ્યાલ ન રહે. આ તો બહુ સ્વભાવિક છે.

**'શ્રુતની ધારા એવી છે...'** 'સોગાનીજી'એ આ વિષયમાં એક પત્રની અંદર લખ્યું છે કે, 'આત્મધર્મ' આવ્યું અને 'ગુરુદેવ'નું પ્રવચન (વાંચ્યું તો એમ લખ્યું કે) **'આત્મરસ સે ભીગી હુઈ વાણી...'** ચૈતન્યરસથી ભીંજાયેલી એવી વાણી વાંચતાં અને સાંભળતાં તૃપ્તિ થતી નથી. એટલે સાંભળ્યા જ કરીએ એમ થાય. **આમ તો 'ગુરુદેવ' તીર્થંકરદ્રવ્ય હતાં અને કુદરતી એવો યોગ હોય છે. કેમકે આગળ દિવ્યધ્વનિમાં વાણીનો એવો જ પ્રકાર આવવાનો છે ! ભલે ત્યાં તો અક્ષરાત્મક વાણી નથી, ૐકારનાદ છે, ૐકાર ધ્વનિ છે; પણ સાંભળનારને તો કાનમાં કોઈ અમૃતની ધાર કરતું હોય એવું મીઠું લાગે** ! આ સંગીત લોકોને મીઠું લાગે છે કે નહિ ? કોઈનું ગળું સારું હોય તો એમ નથી કહેતાં ? કે, બહુ સારું ગળું છે ! ઘણું સારું–સરસ ગાય છે ! જગતની અંદર સામાન્ય પ્રાણીને એ પ્રકારનો પુણ્યયોગ હોય છે. એ તો સામાન્ય જીવો છે, ધાર્મિકદૃષ્ટિએ એ કોઈ યોગ્યતા નથી. પછી જગતના ગીતો ગાય કે ભજનો ગાય પણ ગળાની મીઠાશ છે એ પુણ્યનો સામાન્ય પ્રકાર છે. અને લોકો તો એને કમાણીનું સાધન પણ બનાવે છે કે નહિ ?

તીર્થંકરનાં પુણ્ય તો સર્વોત્કૃષ્ટ, લોકોત્તર પુણ્ય છે ! તો એમની વાણીની મીઠાશ કેટલી હશે ! સામાન્ય પ્રાણીને આવો પુણ્યયોગ હોય તો દિવ્યધ્વનિની વાણીની મીઠાશ કેટલી હોય !! કે સાંભળનારને 'સાંભળ્યા જ કરો' એમ લાગે ! ત્યાંથી સાંભળતાં-સાંભળતાં કંટાળીને કોઈ ઊઠે નહિ. કોઈ ભૂખ લાગે ને જમવા જાય ને તરસ લાગે ને પાણી પીવા જાય કે એવી કોઈ શરીરની હાજત (લાગે) – એ પ્રકાર કાંઈ નહિ. સાંભળે ત્યારે ઊઠવાનું કોઈને મન ન થાય. ચોંટી જાય જાણે ! એ તો સામાન્ય રીતે બીજાં લૌકિક ઉત્કૃષ્ટ વક્તા હોય તોપણ માણસને એટલો રસ પડે છે કે બીજી બધી પ્રવૃત્તિ બંધ કરીને સાંભળતા હોય છે. તીર્થંકર પરમાત્મા, જિનેન્દ્ર પરમાત્માની તો શું વાત થાય !! એ તો અંદાજ બાંધવો મુશ્કેલ છે ! અનુમાન આવવું મુશ્કેલ છે !

મુમુક્ષુ :– પંદર નંબરના બોલમાં ભગવાનની વાણીનો મહિમા કર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, કર્યો છે, એ આવશે. એ પંદર નંબરનો બોલ દેવ મહિમાનો છે. આ ગુરુ મહિમાનો બોલ છે. (ઇ) દેવ મહિમાનો બોલ છે. દેવ મહિમા, ગુરુ મહિમા, શાસ્ત્ર મહિમા–બધાં પ્રકાર આની અંદર આવ્યા છે.

કોઈપણ વિષયનો એ નિયમ છે કે, જે વિષયમાં કહેનારનો રસ ભળે છે એ વિષય રસિક થાય છે. જેને એ વિષયમાં પોતાનો રસ ન ભળી શકે તે ગમે તેવું વક્તવ્ય આપે તોપણ એ વિષય રસિક નથી થઈ શકતો. એટલે તત્ત્વચર્ચામાં 'સોગાનીજી'એ એક જગ્યાએ એ વાત કરી કે, કેટલાંક જીવો આત્માની વાત કરે છે પણ એને પોતાનો રસ એની અંદર હોતો નથી. ત્યારે અમને એની વાણી કાગપક્ષી જેવી લાગે છે ! શું કહે છે ? કાગપક્ષી જેવી ! અજ્ઞાનીઓ ઘણીવાર એની પ્રશંસા કરે કે, બહુ સારી છટા છે, બહુ સારી શૈલી છે, બહુ સારું બોલી શકે છે ! આ કહે છે કે, અમને કાગપક્ષી જેવી વાણી લાગે છે ! જેમ કાગડાની વાણી કઠોર લાગે છે એમ આત્મરસ વિનાની–ચૈતન્યરસ વિનાની વાણી કોરી-કોરી લાગે છે, કઠોર લાગે છે. એમાં સાંભળનારને કાંઈ રસ આવતો નથી.

**'ગુરુદેવ'ની વાણીમાં 'સાંભળ્યા જ કરીએ' એવું થતું હતું એની પાછળનું જો કારણ વિચારવામાં આવે તો એમનો પોતાનો જે રસ હતો, શ્રુતની ધારા–જ્ઞાનરસ–ચૈતન્યરસ એવો હતો કે, એ રસ એ વાણીની અંદર ઝળકતો હતો. તેથી એમાં સાંભળનારને પણ રસ આવે, ઘણો રસ આવે અને 'સાંભળ્યા જ કરીએ' એમ થાય. 'પૂજ્ય બહેનશ્રી'એ તો પોતાનાં ભાવો વ્યક્ત કર્યા છે. એના ઉપરથી દરેકે પોતાના લક્ષે પોતાનાં પરિણામ અને પોતાનાં ભાવો તપાસી લેવા.**

**'ગુરુદેવે' મુક્તિનો માર્ગ પ્રકાશ્યો ને સ્પષ્ટ કર્યો છે.'** મુખ્યપણે કહીએ તો જન્મ-મરણના નાશનો જે માર્ગ છે, જન્મ-મરણના નાશનો જે ઉપાય છે એ એમણે પ્રગટપણે કહ્યો છે, પ્રકાશ કર્યો છે એટલે પ્રગટ કર્યો છે અને એના ઉપર ઘણું સ્પષ્ટીકરણ આપ્યું છે. પુણ્ય કેમ બંધાય એવી વાતો નથી કરી, સ્વર્ગ કેમ મળે એવી વાતો નથી કરી કે, તું આમ કરીશ તો તને પુણ્ય મળશે, મંદિર બંધાવ તો તને આટલું પુણ્ય મળે, ભગવાનની પ્રતિમાની સ્થાપના કર તો તને આટલું પુણ્ય મળે, ઉપવાસ કર તો તને આટલું પુણ્ય મળે, જપ કર તો તને આટલું પુણ્ય મળે, સમેદશીખરની યાત્રા કર તો તને આમ પુણ્ય મળે – એવી વાતો કરી નથી. તને પુણ્ય મળશે ને તને અનુકૂળતાઓ મળશે ને તું દુઃખી નહિ થા ને તારો રોગ ચાલ્યો જશે એવી કોઈ વાતો કરી નથી. ઊલટાનો પુણ્ય અને પુણ્યના ફળનો નિષેધ કર્યો

છે.

લોકોને તકલીફ ત્યાં પડી કે, જગતની અંદર જીવો પાપ ઘણું કરે છે, પુણ્ય તો ઓછું કરે છે અને તેથી બહુભાગ જીવો અધોગતિને પ્રાપ્ત થાય છે. તિર્યંચ, નરક ગતિને પ્રાપ્ત થાય છે એનું કારણ કે પાપનાં પરિણામ વિશેષપણે જોવામાં આવે છે અને જ્યાં પુણ્યનાં પરિણામ ઓછા છે ત્યાં અહીંયાં પુણ્યનો પણ નિષેધ કરવામાં આવે છે એટલે લોકોને તકલીફ ઊભી થઈ ગઈ કે, આવું કેમ કહે છે ? હવે અમારે શું કરવું ? પુણ્ય પણ ન કરવું તો કરવું શું ?

અહીંયાં એમ કહે છે કે, જન્મ-મરણનો નાશ જે મોક્ષમાર્ગથી, જે ઉપાયથી થાય છે એમાં આવવા માટે કોઈ પ્રતિબંધક કારણ હોય છે તો એ પુણ્યની રુચિ છે. શુભની રુચિ છે એને લઈને જીવને શુભરાગ છૂટી શકતો નથી અને એ વીતરાગભાવમાં આવી શકતો નથી. શુભાશુભરહિત જે શુદ્ધ પરિણામ છે એ શુદ્ધ પરિણામને નહિ પ્રાપ્ત કરવાનું કારણ શું છે ? અશુભ છોડવું સહેલું છે, શુભથી છૂટવું એટલું સહેલું નથી, જેટલું અશુભથી છૂટવું સહેલું છે. એ વાસ્તવિકતાને જ્ઞાની જાણે છે અને તેથી એમ કહે છે કે, ભાઈ ! અશુભથી તો તને છૂટતાં વાર નહિ લાગે. એક સેકંડમાં તું શુભઉપયોગમાં આવી જઈશ. અશુભ છોડીને શુભમાં આવતાં કંઈ વાર નહિ લાગે અને એ તો તું અનાદિનો કરતો આવ્યો છો. તેં નથી કર્યું એવું કાંઈ નથી. દેવલોકમાં અનંતવાર ગયો છો, નવમી ગ્રૈવેયક સુધી અનંતવાર ગયો છો, મિથ્યાદૃષ્ટિને પુણ્ય બંધાય એવાં બધાં પુણ્ય કરી ચૂક્યો છે અને એનાં ફળ પણ ભોગવી ચૂક્યો છો. ત્યાં સુધી કે સમવસરણમાં ભગવાનનું સાન્નિધ્ય અને વાણી મળે ત્યાં સુધીના પુણ્ય મિથ્યાદૃષ્ટિ કરે અને મિથ્યાદૃષ્ટિને ત્યાં સમવસરણમાં જવા માટે સ્થાન મળે. એ બધાં પુણ્ય કરવા છતાં એ શુભાશુભને છેદીને મોક્ષમાર્ગમાં આવવું એ કરી નથી શક્યો એનું કારણ એને શુભની રુચિ રહી છે. જ્યાં સુધી શુભની રુચિ છૂટતી નથી ત્યાં સુધી રાગ– શુભરાગનો ત્યાગ થઈ શકતો નથી, છૂટી શકતો નથી. સીધો રાગ નથી છૂટતો, પહેલાં રાગની રુચિ છૂટે છે અને પછી રાગ છૂટે છે – એ બહુ ઓછા જાણે છે. એટલે રાગ છૂટે તો સારું એમ વિચારે છે પણ રાગની રુચિની ખબર નથી હોતી.

આમાં એવો એક બોલ આવશે કે, ઘણાં ઉપયોગને આત્મામાં લઈ જવા માગે છે એટલે પલટાવવા માગે છે. બહાર જે ઉપયોગ શુભાશુભમાં જાય છે એને અંતર્મુખ કરીને, પલટાવીને અંતર્મુખ કરવાનો ઘણાંને ભાવ થાય છે, ઇચ્છા થાય છે. એકાંતમાં બેસીને સ્વરૂપ ચિંતવન

કરે છે અથવા ઉદયના પ્રસંગોમાં પણ સ્વરૂપ ચિંતવન કરે છે એમાં એનો આશય એ હોય છે કે, ઉપયોગ પલટીને આત્મામાં આવે. પણ રુચિ પલટાવ્યા વિના ઉપયોગ પલટતો નથી. આ પરિમાણનું વિજ્ઞાન છે. એ વિજ્ઞાનથી અજાણ્યા છે એ સીધો ઉપયોગને પલટાવવા માગે છે. એની રુચિ પલટાતી નથી. શુભની રુચિ એ વિપરીત રુચિ છે અને 'રુચિ અનુયાયી વીર્ય' હોવાથી શુભની રુચિ હશે એનો પુરુષાર્થ શુભમાં યોજાશે. એનો પુરુષાર્થ આત્મા બાજુ નહિ વળે. અને એ બહારના કોઈને કોઈ – મન-વચન-કાયા સાથેના શુભયોગના પરિણામ અને શુભક્રિયામાં ગોઠવાય જાય છે, એ ચોકઠામાં Fit જાય છે અને એને એમ થાય છે કે, આટલું કર્યું ! રોજ આટલું તો હું કરું છું ! સવારમાં ઊઠીને પૂજા, પછી શાસ્ત્ર સ્વાધ્યાય પછી પણ શાસ્ત્ર સ્વાધ્યાય, બીજાં પણ કોઈ દયા, દાન આદિના પ્રકારો જીવનમાં હોય, જે કાંઈ હોય (એમાં) આટલું કરું છું... આટલું કરું છું... આટલું કરું છું... એમ કોઈને કોઈ શુભયોગની ક્રિયામાં ગોઠવાય છે અને શુભની રુચિને પોષણ આપ્યા કરે છે અને પછી અભિલાષા રાખે છે કે, મારો ઉપયોગ પલટીને આત્મામાં આવે તો સારું ! હું આટલું-આટલું કરું છું, હવે મને શુદ્ધોપયોગરૂપ ધર્મ થાય ! 'ઉપયોગ તે ધર્મ' છે ને ? શુદ્ધ ઉપયોગરૂપ ધર્મ મને થાય તો સારું ! એ જૂઠી આશા છે.

મુમુક્ષુ :– આચાર્ય ભગવાને હજાર વર્ષ પહેલાં શુભભાવને 'વિષકુંભ' કીધો એ પછી વચ્ચે કોઈએ વિષકુંભ કીધું હોય એવું વાંચવામાં નથી આવતું. એક આચાર્ય અને એક 'ગુરુદેવ' સિવાય.

પૂજ્ય ભાઈશ્રી :– **ખરી વાત છે. એ વારસો મળ્યો છે એમ કહેવાય છે. 'ગુરુદેવ'ને વારસો મળ્યો છે. 'કુંદકુંદાચાર્ય' અને 'અમૃતચંદ્રાચાર્યદેવ'નો વારસો મળ્યો છે !! કુદરતી એમની વાણી જ એમને નિમિત્ત થઈ છે અને એમનાં હાર્દ સુધી પહોંચી ગયા છે. આ શૈલી છે એ કોઈ એવી શૈલી છે કે, જીવને શુભની રુચિ છોડાવે. નહિતર અશુભમાં જીવ ચાલ્યો ન જાય એટલા માટે પણ કંઈક આટલું શુભ સાથે-સાથે કરવું એમ માણસ કહી દે. અશુભમાં ન જવા માટે આટલું શુભ કરવું, રોજ આટલું શુભ કરવું, આમ કરવું... આમ કરવું. એના બદલે વાતે-વાતે જે શુભનો નિષેધ કર્યો છે, ગજબનો નિષેધ કર્યો છે !! અને એ નિષેધ કરવા પાછળ એકમાત્ર પરમાર્થદૃષ્ટિ ! જબરજસ્ત પરમાર્થદૃષ્ટિ રહી છે એમની !! એટલે ગુરુદેવની શૈલી થોડી જુદી પડે છે. એવી જુદી પડતી શૈલી દેખાય છે.**

મુમુક્ષુ :– 'બનારસીદાસજી'એ એના ફળને કાગવિષ્ટા કીધી. પણ શુભભાવને વિષકુંભ

કહેવાની ક્યાંય વાત નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ક્યાંય નથી. અને 'સોગાનીજી'એ પુણ્યને વિષ્ટા કહેવાને બદલે પુણ્યને વિષ્ટાનો ઢેર કહ્યો છે ! ઢગલો !! 'ગુરુદેવે' પ્રશંસા કરી. એ વાત વાંચી ત્યારે 'ગુરુદેવે' પ્રશંસા કરી હતી. પહેલી વખત જ્યારે વાંચ્યું (તો એમ કહ્યું કે), 'આણે તો જુઓ ! પુણ્યને વિષ્ટાનો ઢેર કહી દીધો છે !' એ વાંચીને પ્રમોદ કર્યો હતો.

'ગુરુદેવે' મુમુક્ષુ સમાજ ઉપર એ જબરજસ્ત નિષ્કારણ કરુણા કરી છે !! પોતાનાં પ્રવચનમાં શુભનો જે કડક નિષેધ કર્યો છે અને પુણ્ય ઉપર જે કડક પ્રહાર કર્યા છે એ તો એક નિષ્કારણ કરુણાનો વિષય રહ્યો છે.

મુમુક્ષુ :- આખા ભારતનો હુમલો આવ્યો તોપણ હલ્યા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એમને તો હુમલો-બુમલો કાંઈ નથી ! એ આખી તાકાત જુદી છે ! અંદરની શક્તિની તાકાત છે. એમાં એ બધું બહારનું બહાર રહી જાય એવું છે, કોઈ અડે એવું નથી, કોઈ સ્પર્શે એવું નથી !

મુમુક્ષુ :- શુભનો નિષેધ કરતા ગયા તેમ શાસ્ત્રનું પ્રકાશન અને મંદિરો ઘણાં થઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એ જાતનો પુણ્યયોગ હોય તો થઈ જાય, એ જાતનો પુણ્યયોગ હોય તો થઈ જાય. ખેતર સારું હોય, ખેતરની જમીન સારી હોય, સારું ખાતર નાખ્યું હોય, વરસાદ સારો પડે, સૂર્યનો તડકો બધું સારું મળે, અનાજ બહુ સારું પાકે તો એમાં નીચે ખડ થાય. બાકી પોતે તો એ વખતે કહે કે, તું લાખ-કરોડ મંદિર બંધાવ એથી ધર્મ થાય એ વાતમાં કાંઈ માલ નથી. એક મંદિર નહિ, જોકે એક મંદિર પણ કોઈ બંધાવતું નથી, એમાં પણ ફાળા કરે છે !

મુમુક્ષુ :- જેણે બંધાવ્યું હોય એને જ કહે, સામે બેઠા હોય એને કહે કે, આમાં કાંઈ ધર્મ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'બેંગલોર'ની પ્રતિષ્ઠા વખતે ગયા તો 'બેંગલોર'માં બે મુખ્ય માણસનો ફાળો હતો. તો ઇ વખતે ત્યાં વ્યાખ્યાનમાં કહેતા કે, 'આનાથી ધર્મ નથી, હોં ! આઠ લાખ તમે આપ્યા માટે ધર્મ છે ઇ વાત અહીંયાં નથી.' બહુ કૃપા કરી છે એમણે ! એમ કહીને ઘણી કૃપા કરી છે !! નહિતર જીવ એની અંદર હલવાઈ જાય ! 'મેં આઠ લાખ આપ્યા ! મેં આરસનું મંદિર બંધાવ્યું ! મેં ફલાણું કર્યું... મેં ફલાણું કર્યું...!' એ જ

વખતે કીધું કે, 'જોજે, ભૂલેચૂકે એમાં તને ધર્મ થયાનો વિચાર આવે તો તને મિથ્યાત્વનું શલ્ય, શલ્ય ગરી જશે !' એમ કહે છે. એ તો કોઈપણ શુભભાવથી માર્ગની પ્રાપ્તિ થશે (એમ માનવું) એ જ મોટું મિથ્યાત્વ-શલ્ય છે.

'ગુરુદેવે' 'પરમાગમસાર'માં તો એક વાત એવી લીધી છે કે, અરે...! શાસ્ત્રવાંચનથી પણ તને ધર્મ થશે (એમ માનીશ તો એ) મોટું શલ્ય છે. બન્ને શલ્ય છે. એક સાથે બન્ને વાત કરી છે. જમણા હાથ બાજુ છે, શરૂઆતમાં છે. ૯૬મો બોલ છે. **'વ્રત-તપ-જપથી આત્મપ્રાપ્તિ થશે–તે જેમ શલ્ય છે,...'** એ તો ચોખ્ખેચોખ્ખું શલ્ય જ છે. બહારની જે વ્રત-તપ-જપ(ની) ક્રિયા છે એનાથી આત્મપ્રાપ્તિ થશે તે જેમ મિથ્યાત્વનું શલ્ય છે **'તેમ શાસ્ત્ર અભ્યાસથી આત્મા પ્રાપ્ત થશે...'** ઘણો શાસ્ત્ર અભ્યાસ કરું, ઘણાં શાસ્ત્રો વાંચીને ખૂબ શાસ્ત્રનો અભ્યાસ કરું **'એવી જેની માન્યતા છે તે પણ શલ્ય છે. આત્મવસ્તુ તરફ દૃષ્ટિ કરતાં જ આત્મપ્રાપ્તિ થાય છે.'** એટલે એકલું બહિર્લક્ષી જ્ઞાન છે, બહિર્મુખ જ્ઞાન છે એને પણ ઉડાવ્યું છે. શુભરાગને તો ઉડાવ્યો છે, શુભરાગનો તો નિષેધ કર્યો છે પણ જે ઉપયોગ બહાર જાય છે અને એ રીતે જ્ઞાન કરે છે એ જ્ઞાનને ઉડાવ્યું છે ! શાસ્ત્ર વાંચે ત્યારે શાસ્ત્રજ્ઞાન થાય એને ઉડાવ્યું છે ! એનાથી આત્મપ્રાપ્તિ થાય એવી જો અંદરમાં તને માન્યતા કે અભિપ્રાય રહી ગયો–બુદ્ધિ રહી ગઈ (તો) એ તને શલ્ય રહી ગયું છે. એ મિથ્યાત્વનું શલ્ય છે. ઇ શલ્ય નહિ નીકળે ત્યાં સુધી સમ્યક્ નહિ થાય, એમ કહેવું છે. એટલે બીજી ક્રિયામાં નથી પડ્યા અને શાસ્ત્ર વાંચવામાં જે આવ્યા છે એને પણ અહીંયાં લાલબત્તી મૂકી છે. લાલબત્તી તો નાની પડે, (આ તો) મોટી Search light મૂકી છે ! જોજે તું ઓલા શલ્યમાંથી નીકળીને આ શલ્યમાં ઘૂસી જાતો નહિ ક્યાંક ! (એનાથી) આત્મપ્રાપ્તિ થાય એમ કાંઈ નહિ બને. બીજી વાત છે, આત્મપ્રાપ્તિ થવી એ કોઈ બીજી વાત છે. એમાં દૃષ્ટિ આત્મા ઉપર લઈ જવાની વાત છે.

પ્રશ્ન :– બહિર્લક્ષી જ્ઞાન ઇ એક પ્રકારનો રાગ જ છે ?

સમાધાન :– નહિ, એ જ્ઞાનનો ઉપયોગ છે. પણ ઇ આ બાજુ (બહારની બાજુ) જાય છે. રાગ ત્યારે નિયમથી થાય છે, અવિનાભાવીપણે રાગ થઈ જાય છે. પણ રાગ ઇ રાગ છે અને જ્ઞાન ઇ જ્ઞાન છે. જ્ઞાન તે રાગ નથી અને રાગ તે જ્ઞાન નથી. એમ જુદું-જુદું સમજવું. કેમકે એમાં જાણવાનું કાર્ય થાય છે. શાસ્ત્રનો વિષય જાણવા ઉપયોગ ખેંચાય છે, ઉપયોગ લંબાય છે અને એ ઉપયોગની શક્તિને લઈને શાસ્ત્રમાં શું કહ્યું છે એ એને સમજાય

છે, જણાય છે. પણ આત્મા પ્રાપ્ત થઈ જશે ઇ વાતમાં કાંઈ માલ નથી. (જો એવું હોય) તો-તો ઉઘાડવાળાને બધાને થઈ જાય. જેને ઝાઝો ઉઘાડ હોય એને આત્મજ્ઞાનની પ્રાપ્તિ જલ્દી થઈ જાય, (પણ) એ રસ્તો જ નથી. એ રસ્તો નથી છતાં એ રસ્તો પકડીને ચાલ્યો (તો એ) તને શલ્ય છે. આમ લીધું (છે).

પ્રશ્ન :– રસ્તો બતાવ્યો છે ?

સમાધાન :– ના, બસ, આટલો જ બોલ છે – **'આત્મવસ્તુ તરફ દૃષ્ટિ કરતાં જ આત્મપ્રાપ્તિ થાય છે.'** એક વાક્ય નાખ્યું છે. **'આત્મવસ્તુ તરફ દૃષ્ટિ કરતાં જ આત્મપ્રાપ્તિ થાય છે.'** એ સિવાય નહિ.

મુમુક્ષુ :– આવું ઝીણું-ઝીણું લક્ષ જતું નહોતું.

પૂજ્ય ભાઈશ્રી :– **ઘણી-ઘણી વાતો કરી છે !! એટલી વાતો કરી છે, એવી વાતો કરી છે ! એક ગજબ કામ થઈ ગયું છે. ૪૫-૪૫ વર્ષ સુધી જે પ્રવચનો થયા છે, કોઈ ગજબ કામ થઈ ગયું છે !! એ તો જેને જેમ-જેમ સમજાશે એને એની કિંમત આવતી જશે. એવી વાત છે. સમજાયે, સમજણ (થયે) એની કિંમત છે. આમ ખબર પડે એવું નથી.**

મુમુક્ષુ :– આ વચનામૃતમાં પણ એવું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, આમાં તો શું છે કે, એકદમ સાદી ભાષા છે. શૈલી પણ સાદી, ભાષા પણ સાદી, પણ ભાવ ઘણો ભર્યો છે ! એવી વાત છે.

'ગુરુદેવ'નો મહિમા કરતા કહે છે કે, લોકોને એમ થાય કે 'સાંભળ્યા જ કરીએ'. **'ગુરુદેવે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો ને સ્પષ્ટ કર્યો છે. તેઓશ્રીને શ્રુતની લબ્ધિ છે.'** આ મુખ્ય વાત કરી. **'તેઓશ્રીને શ્રુતની લબ્ધિ છે.'** શ્રુતજ્ઞાન છે એ એવું અલૌકિક પ્રકારે વર્તે છે ! સામાન્ય રીતે લોકોને Practice કરવી પડે, વિદ્વાનો પાસે વ્યાકરણ ભણવું પડે, ભાષા શીખવી પડે. ભાષાનો અભ્યાસ, વ્યાકરણનો અભ્યાસ, શૈલીનો અભ્યાસ એ અનેક પ્રકારે કરે ત્યારે એને એ વિષય હસ્તગત થાય અથવા એ વિષયની અંદર વિચક્ષણતા આવે. એવું અહીંયાં થયું નથી.

'ઉમરાળા'માં 'ધૂળી નિશાળમાં' ભણ્યા છે. 'ધૂળી નિશાળ' એટલે શું ? એક જમાનો એવો હતો કે, પાટી-પેનનો પણ લોકો ખર્ચો નહોતા કરતાં. અત્યારે તો પહેલી ચોપડીમાં આવે ત્યારથી બાળક ચોપડાં ઉપાડી ન શકે એટલા ચોપડાં હોય છે ! ત્યારે તો જમાનો એવો હતો કે, સ્લેટ-પેનનો ખર્ચો ન કરે, એકડો ધૂડમાં શીખડાવે. નિશાળની અંદર Flooring

ન હોય. નીચે લાદી ન હોય, ગાર ન હોય. લાદી તો ન હોય (પણ) ગાર ન હોય ! એમને એમ ઓરડો બાંધી દીધો હોય. ચાર દિવાલ ઊભી કરી હોય કે વાડો હોય એની અંદર શિક્ષકો નિશાળ–ક્લાસ ચલાવતા હોય. તો છોકરાને એમ કહે કે, જુઓ ! ધૂડમાં એકડો કરો ! એકડો આમ થાય. ધૂડમાં એકડો કરાવે, બગડો કરાવે, તગડો કરાવે. પાટીમાં ભૂંસાડી નાખે એમ (પછી) ભૂંસાડી નાખે. એમ કરતા હશે. આપણે તો (એ રીતે) ભણ્યા નથી. એમ એ 'ધૂળી નિશાળ'માં ભણતા. એ 'ઉમરાળા'ની 'ધૂળી નિશાળ'માં એમનો બાળપણનો ભણવાનો પ્રકાર ચાલ્યો છે. અને તે દિવસે તો સાત ગુજરાતી ચોપડી (ભણવાનું હતું). 'શ્રીમદ્જી'એ એક વર્ષમાં સાત ગુજરાતી પાસ કરી હતી એમ કહેવાય છે. 'વવાણિયા'માં ! એક વર્ષમાં, સાતેય વર્ષનો Course એક વર્ષમાં ! એ તો ઉઘાડ ઘણો લઈને જ આવ્યા હતા.

**('ગુરુદેવશ્રી' આટલું ઓછું ભણ્યા હતા) છતાં શાસ્ત્રોનો આટલો ઊંડો અને વિશાળ વિષય ક્યાંથી કાઢ્યો ? એક જાતની લબ્ધિ થઈ ગઈ ! 'ગુરુદેવ' પાસે લબ્ધિ જેવો વિષય હતો ! શબ્દ તો શબ્દ છે, લબ્ધિ શું કામ કરે છે !! શબ્દ તો શબ્દ છે પણ એ શબ્દ અહીંયાં આચાર્ય મહારાજે કેમ મૂક્યો ? અને એની પાછળ એમને કેટલું કહેવું છે ! એ વાત શ્રુતજ્ઞાનમાં ચમત્કારિક રીતે આવે છે !! ત્યારે એને 'લબ્ધિ' કહેવામાં આવે છે. એવી 'ગુરુદેવશ્રી'ને શ્રુતની લબ્ધિ હતી !! દ્રવ્યશ્રુત અને ભાવશ્રુતનો એવો કોઈ મેળ હતો કે, મોટા-મોટા વિદ્વાનો જ્યાં મૂંઝાય, ભણેલા-ગણેલાં તો મૂંઝાય જાય અને એમને એમાંથી ચમત્કારિક રીતે ભાવ ભાસે કે, અહીંયાં આમ કહેવા માગે છે !! એવી શ્રુતની લબ્ધિ છે.**

એનો દૃષ્ટાંત લઈએ તો સમજાય એવું છે કે, ૩૦૮ થી ૩૧૧ ચાર ગાથા છે. 'સમયસાર'નો જે 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' છેલ્લો અધિકાર છે એની પ્રારંભની આ ગાથાઓ છે. એમાં સંસ્કૃત શબ્દ પડ્યો છે **'क्रमनियमित'**. જડ છે એ જડના ક્રમબદ્ધપર્યાયથી ઊપજે છે (અને) ચૈતન્ય આત્મા આત્માના ક્રમબદ્ધપર્યાયથી ઊપજે છે. જેમ સોનામાંથી સોનાના જ દાગીના થાય, લોઢામાંથી લોઢાના જ Article થાય, એમ આત્મામાંથી ચૈતન્યના પર્યાયો થાય, જડમાંથી જડના પર્યાયો થાય. વિષય સાવ સાદો છે પણ એમાંથી પર્યાયો થાય એ પર્યાયો ક્રમનિયમિતપણે થાય છે. એવો સંસ્કૃતમાં શાસ્ત્રશબ્દ પડ્યો છે. અને પંડિતજીએ એનો ગુજરાતી અર્થ કર્યો – 'ક્રમબદ્ધ' ! નિયમિતનો અર્થ ક્રમની અંદર પર્યાયો બદ્ધ છે– બંધાયેલા છે એવો અર્થ કર્યો. એક 'ક્રમબદ્ધ' શબ્દમાંથી ક્રમબદ્ધના એમણે સેંકડો ન્યાય

કાઢ્યા !!

એ વખતમાં જ્યારે એક-બે વાર ક્રમબદ્ધનો વિષય વંચાણો, ચાલી ગયો ત્યારે એના ઉપર ‘આત્મધર્મ’ના અને ‘પ્રવચન પ્રસાદ’ના ખાસ અંકો નીકળેલા ! ક્રમબદ્ધ ઉપરના જ ‘ગુરુદેવ’ના ખાસ પ્રવચનો ! અને એની અંદર કેટલા પડખાં છે ? તો એક વિષયનાં ૨૦૦ પડખાં છે ! કેટલા ? ૨૦૦ પડખાં છે ! હવે, એક ક્રમબદ્ધ શબ્દની અંદર આવા ૨૦૦ પડખાં છે (એ) ક્યાંથી નીકળ્યું ? પંડિતજીને પૂછો તો એમને એમ સ્પષ્ટ ખબર પડે કે, આટલી બધી વાત અહીંયાં છે એ મેં ભાષાંતર કર્યું ત્યારે મને કાંઈ ખબર નથી કે, અહીંયાં આટલી બધી વાતો હશે ! એટલી વાતો એક શબ્દમાંથી કાઢી છે !! એક શબ્દમાં અનંત આગમ રહ્યા છે એ અહીંથી પ્રતીતિ (થાય) છે. કાઢનાર જોઈએ, એની લબ્ધિ હોય તો નીકળે.

**એવી લબ્ધિ છે એટલે દરેક શાસ્ત્રમાંથી, અનેક શાસ્ત્રમાંથી ચારેય પડખેથી જે-જે વિષયને પોતે ચર્ચામાં લેતા, એની છણાવટ કરતા ત્યારે એ વિષયના ચારેય પડખાં ચોખ્ખા કરી નાખે ! એવી રીતે છણાવટ કરતા ! અને ચર્ચામાં પણ કોઈપણ શાસ્ત્રમાંથી, ગમે ત્યાંથી ગમે તે પ્રશ્ન આવ્યો હોય તો ત્યાં એ શાસ્ત્રકાર શું કહેવા માગે છે એ એમના શ્રુતજ્ઞાનની અંદર જે ભાસે એ સીધું કહે. એ શ્રુતની લબ્ધિનો વિષય છે. એવી શ્રુતની લબ્ધિ છે. એ વાત પણ ‘પૂજ્ય બહેનશ્રી’ને ભાસી છે એટલે એમના પ્રવચનમાં પણ એ વાત આવેલી.**

પ્રશ્ન :– અનુભવીને જ શ્રુતની લબ્ધિ હોય ?

સમાધાન :– હા, પણ બધાંને એટલું બધું શ્રુતજ્ઞાન ખીલી ઊઠે એવું ન પણ બને. (એમાં) એમ છે કે, જ્ઞાનની શક્તિ બે પ્રકારે છે. સ્વ-પરપ્રકાશક શક્તિ છે. બે પ્રકારે છે. જ્ઞાન એક છે, એની શક્તિ બે પ્રકારે છે. ‘નિજરૂપા પરરૂપા ભાસી’ ! ‘બનારસીદાસજી’એ ગાયું છે ને ? ‘સ્વ-પરપ્રકાશક શક્તિ હમારી, નિજરૂપા પરરૂપા ભાસી’ તો કોઈને સ્વરૂપને ગ્રહણ કરવાની શક્તિ ઘણી તીવ્ર થાય અને બહારનો ઉઘાડ વ્યક્ત ન થાય. એવી રીતે જ્ઞાનનો પર્યાય કોઈને મોક્ષમાર્ગની અંદર પણ હોય. ઠેઠ બારમા ગુણસ્થાન સુધી ! પછી તેરમા ગુણસ્થાને કેવળજ્ઞાન બધાંનું સરખું (હોય). શ્રુતજ્ઞાન બધાંનું એક સરખા પ્રકારનું નથી હોતું. શ્રુતમાં અધ્યાત્મના વિષયની Quality સરખી, શક્તિ ગુણસ્થાન અનુસાર.

જેમકે ચોથા ગુણસ્થાને બાર અંગની લબ્ધિ હોય તોપણ છઠ્ઠા-સાતમા ગુણસ્થાન(વર્તી) મુનિ કરતા એની અંતર્જ્ઞાનની શક્તિ ઓછી છે. આત્માને જાણવાની શક્તિ જે જ્ઞાનની

પર્યાયમાં મુનિદશામાં છે એ બાર અંગધારી સમ્યક્દૃષ્ટિને નથી. બાર અંગધારી ! સમ્યક્દૃષ્ટિ તો બાર અંગધારી હોય ને ? દ્રવ્યલિંગી હોય, બાર અંગધારી હોય, સમ્યક્દૃષ્ટિ હોય, ચોથા ગુણસ્થાને હોય (પણ) લબ્ધિ હોય બાર અંગની ! કારણ કે ભણવાથી તો કાંઈ બાર અંગ ભણી શકાતા નથી અને છતાં એની જ્ઞાનની શક્તિ–અંતર્જ્ઞાનની શક્તિ અલ્પ છે. નવ તત્ત્વના નામ યાદ ન રહે એવા 'શિવભૂતિ' મુનિની શક્તિ–સ્વરૂપને ગ્રહણ કરવાની જ્ઞાનની શક્તિ ઘણી તેજ છે !! જ્ઞાનનું માપ કંઈ નીકળે એવું નથી ! અંદર એમને જે આત્મા જેટલી શક્તિથી પકડાય છે એટલી જ્ઞાનની શક્તિ (ચોથા ગુણસ્થાને નથી). Quality સરખી, Qualityમાં વાંધો નથી. બન્નેને અંતર્મુખ વળીને સ્વરૂપને ગ્રહણ કરવાનો પ્રકાર છે પણ શક્તિની તારતમ્યતા જુઓ તો જે ઉપરના ગુણસ્થાને વ્યક્ત છે એટલી નીચેના ગુણસ્થાને નથી. એટલે સ્વ-પરપ્રકાશકપણામાં જે પરનું પ્રકાશન છે એનું મહત્વ નથી. એનું મહત્વ નથી, ભલે બાર અંગ હોય ! મુનિદશાના જ્ઞાનની પ્રશંસા થાય એટલી પ્રશંસા બાર અંગધારીની ન થાય. એટલે એમ કહ્યું છે કે, એ અનુભૂતિનો જ મહિમા છે. બાર અંગ પણ અનુભૂતિનો મહિમા ગાય છે. ભલે બાર અંગમાં વિસ્તાર ઘણો છે તોપણ એ બારે અંગ અનુભૂતિનો મહિમા ગાય છે.

મુમુક્ષુ :– બાર અંગ ઉપર મીંડું મૂકનાર દ્રવ્ય કેવું !

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો કેવળજ્ઞાન પાસે તો બાર અંગ અનંતમા ભાગે છે !

મુમુક્ષુ :– દ્રવ્ય એટલે 'ગુરુદેવ'નું દ્રવ્ય કેવું કે બાર અંગ ઉપર મીંડું મૂકી દીધું !

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો બધાં જ્ઞાનીને અભિપ્રાય એક જ છે. 'રાજમલજી'એ તેરમા કળશમાં શું કહ્યું ? (કે), એને શાસ્ત્ર ભણવાની અટક નથી. બાર અંગ છે એ અપૂર્વ લબ્ધિ નથી ! શું કીધું ? બાર અંગની લબ્ધિ છે (પણ) અપૂર્વ લબ્ધિ નથી. નહિતર (એ) તો સમ્યક્દૃષ્ટિને જ હોય. તો કહે, નહિ ! અપૂર્વ લબ્ધિ નથી. તો કહે, શું છે ? તો કહે છે કે, વિકલ્પમાત્ર છે. એક વિકલ્પમાં એની કિંમત મૂકી દીધી ! કેટલી ? વિકલ્પ જેટલી એની કિંમત છે !! બાર અંગની કિંમત કેટલી ? વિકલ્પ જેટલી કિંમત ! તેરમા કળશની ટીકા કરતાં આ Total માર્યો છે.

મુમુક્ષુ :– દ્વાદશાંગજ્ઞાન એ કોઈ અપૂર્વ લબ્ધિ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ કોઈ અપૂર્વ લબ્ધિ નથી. એ એમણે લીધું છે. 'પરમાગમસાર'માં પણ એવો એક બોલ આવ્યો છે. તેરમા કળશ ઉપરના પ્રવચનમાં જ એ વાત છે. પરાશ્રિત

જ્ઞાનને તો જડ જ કહી દીધું છે ! શાસ્ત્રને અવલંબીને જ્ઞાન જાય છે-ઉપયોગ જાય છે તો કહે, એ જડ છે ! એવા તો ઘણાં બોલ આવે છે.

પ્રશ્ન :- પ્રયોજનભૂત વસ્તુને પકડે એ જ જ્ઞાનનો મહિમા છે ?

સમાધાન :- હા, એ જ જ્ઞાનનો મહિમા છે. એ જ્ઞાન બરાબર કામ કરે છે.

**'જ્ઞાનના ક્ષયોપશમનું વજન નથી...'** ('પરમાગમસાર'માં) ૭૯મો બોલ છે. **'જ્ઞાનના ક્ષયોપશમનું વજન નથી પણ અનુભૂતિનું વજન છે. તેથી કહે છે કે આત્માને અનુલક્ષીને આત્માના સ્વાદનો અનુભવ થવો તે અનુભૂતિ છે અને બાર અંગમાં પણ અનુભૂતિનું વર્ણન કર્યું છે...'** અથવા બાર અંગમાં પણ **'અનુભૂતિ કરવાનું કહ્યું છે.'** અનુભૂતિ કરવા માટે બાર અંગનો વિસ્તાર કર્યો છે. બીજો કોઈ એમાં હેતુ નથી. **'અનાકુળ જ્ઞાન ને અનાકુળ આનંદનો અનુભવ કરવો એમ બાર અંગમાં કહ્યું છે. શુદ્ધ આત્માની દૃષ્ટિ કરીને સ્થિરતા કરવી એમ તેમાં કહ્યું છે. બાર અંગથી વિશેષ શ્રુતજ્ઞાન** (કોઈને) **ન હોય.'** શું (કીધું) ? બાર અંગથી વિશેષ શ્રુતજ્ઞાન કોઈને ન હોય. પણ એની મર્યાદા કેટલી છે ?

'ત્રિલોકસાર'ની અંદર એ વાત લીધી છે કે, કેવળજ્ઞાનમાં વસ્તુનું સ્વરૂપ આવે છે એનાથી અનંતમાં ભાગે દિવ્યધ્વનિમાં આવે છે. દિવ્યધ્વનિમાં આવે છે એનાથી અનંતમાં ભાગે બાર અંગમાં ગણધરદેવ એની રચના કરે છે. એ દિવ્યધ્વનિનો અનંતમો ભાગ છે. કેવળજ્ઞાનની વાત ક્યાં ગઈ ? ક્યાં શ્રુતજ્ઞાન અને ક્યાં કેવળજ્ઞાન !! આ તો બાર અંગ ! બાર અંગનો લોકો મહિમા કરે ને ! લબ્ધિ છે... લબ્ધિ છે...! (એમ કહે) પણ લબ્ધિ છે એ પણ અનંતમાં ભાગે છે ! તારો અંદર ભંડાર જો ! જે જ્ઞાનશક્તિ હયાતી ધરાવે છે, તારામાં અત્યારે પણ મોજૂદ છે એ જ્ઞાનનો ભંડાર કોઈ ગજબનો છે !! એમ કહેવું છે.

**'બાર અંગથી વિશેષ શ્રુતજ્ઞાન ન હોય. તેમાં ચારેય અનુયોગનું જ્ઞાન આવી જાય છે-એવું ઉત્કૃષ્ટ બાર અંગનું જ્ઞાન તે મોક્ષમાર્ગ નથી.'** શું કહે છે ? અહીં તો (અજ્ઞાનીને) બે ચોપડાં સરખા આવડે તો પ્યાલો ફાટી જાય છે ! (અહીંયાં) કહે છે કે, બાર અંગનું જ્ઞાન એ મોક્ષનો માર્ગ નથી, ચાલ, ઠીક ! અગિયાર અંગ અને નવ પૂર્વ તો મોક્ષમાર્ગ નથી કેમકે એ તો અભવીને હોય છે. બાર અંગનું જ્ઞાન મોક્ષમાર્ગ નથી. **'બાર અંગવાળાને સમ્યગ્દર્શન હોય જ-સમ્યગ્દર્શન વિના બાર અંગનું જ્ઞાન ન જ હોય પણ તે ક્ષયોપશમજ્ઞાન તે મોક્ષમાર્ગ નથી.'** કેમકે (તે) આમ (બહારની બાજુ) જાય છે-બાર અંગ બાજુ એનો ઉપયોગ જાય છે. **'પરન્તુ અનુભૂતિ તે મોક્ષમાર્ગ છે. આટલો બધો ઉઘાડ થયો માટે મોક્ષમાર્ગ**

**વધી ગયો તેમ નથી.**' ઠીક ! એટલે મુનિનું દૃષ્ટાંત લેવામાં આવે છે કે, ચોથા ગુણસ્થાનવાળાને બાર અંગની લબ્ધિ પ્રગટ થઈ એટલે મોક્ષમાર્ગમાં આગળ વધી ગયો એ વાત નથી. મુનિ મોક્ષમાર્ગમાં આગળ વધી ગયા છે, ભલે એને નવ તત્ત્વ યાદ ન રહેતા હોય ! એ મોક્ષમાર્ગમાં આગળ વધી ગયા છે, બાર અંગવાળો નહિ. કેમકે એ મોક્ષમાર્ગ નથી. સીધી સાદી ચોખ્ખી વાત એ છે કે, એ કંઈ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ બીજી ચીજ છે. રાગ તો મોક્ષમાર્ગ નથી, નથી ને નથી પણ બાર અંગનું જ્ઞાન મોક્ષમાર્ગ નથી.

પ્રશ્ન :– બાર અંગવાળા સમ્યક્દૃષ્ટિ હોય ?

સમાધાન :– સમ્યક્દૃષ્ટિ જ હોય. નિયમથી !

પ્રશ્ન :– છતાં મોક્ષમાર્ગ નહિ ?

સમાધાન :– ઇ નહિ, ઇ મોક્ષમાર્ગ નહિ. બાર અંગ મોક્ષમાર્ગ નહિ, બાર અંગનું જ્ઞાન મોક્ષમાર્ગ નહિ. કેમકે એ જ્ઞાન પરાશ્રિત જ્ઞાન છે. પરાશ્રિત જ્ઞાન છે ! આત્માશ્રિત જ્ઞાન તો અનુભૂતિનું જ્ઞાન તે આત્માશ્રિત જ્ઞાન છે. આવી ચોખ્ખી વાત બહુ ઓછી જગ્યાએ મળે એવું છે. એટલી બધી ચોખ્ખી વાત છે !

**'ગુરુદેવ'ની વાણીનું હાર્દ જેને સમજાયું છે એને ખ્યાલ આવે એવું છે કે, અરે...! આ તો કોઈ શ્રુતની લબ્ધિ હતી !! એવી વાતો કરી છે એમણે !**

મુમુક્ષુ :– પંડિતોમાં અંજાય જવાય એવું છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં એવું છે કે, બહિર્દૃષ્ટિ–બાહ્ય તત્ત્વો ઉપરની દૃષ્ટિ હોવાથી બહિર્દૃષ્ટિમાં બાહ્ય તત્ત્વોનો મહિમા ભરેલો છે. એટલે બહારની ઝાકઝમાળ ઉપર બહિર્દૃષ્ટિ જીવોનું આકર્ષણ થાય છે. અંતર્દૃષ્ટિનો વિષય જુદો છે. એ તો ઓછું બોલનારો જ્ઞાની હોય તોપણ એમાંથી પકડે કે, માલ અહીંયાં છે !! પેલો ઘણું બોલનારો હોય તો એને ખ્યાલ આવી જાય કે, અહીંયાં માલ નથી. એમ આ પરખનો વિષય છે. ઓળખાણનો વિષય છે એ પરખનો વિષય છે એ આઠમો બોલ (પૂરો) થયો. સમય થઈ ગયો છે.

## પ્રવચન નં. ૧૦, વચનામૃત-૯,૧૦
## તા. ૧૫-૧૧-૧૯૮૬

**પુરુષાર્થ કરવાની કળ સૂઝી જાય તો માર્ગની મૂંઝવણ ટળી જાય. પછી કળે કમાય, ધન ધનને કમાવે-ધન રળે તો ઢગલા થાય, તેમ આત્મામાં પુરુષાર્થ કરવાની કળ આવી ગઈ એટલે કોઈ વાર તો અંતરમાં ઢગલાના ઢગલા થઈ જાય, અને ક્યારેક સહજ જેમ હોય તેમ રહે. ૯.**

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું-૪, નવમો બોલ છે. પુરુષાર્થના વિષયમાં અહીંયાં એક બીજા પાસાનો વિચાર છે. જો **'પુરુષાર્થ કરવાની કળ સૂઝી જાય તો માર્ગની મૂંઝવણ ટળી જાય.'** બહુ માર્મિક વચનામૃત છે. કોઈપણ કાર્ય કરવામાં તે કાર્ય કરવા સંબંધીની શક્તિની આવશ્યકતા રહે છે. એ શક્તિ કહો કે કાર્યનું બળ કહો (બન્ને એકાર્થ છે). અહીંયાં જેને પોતાના આત્માનું કાર્ય કરવું છે (અર્થાત્) સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન-આચરણ કરવું છે અથવા પોતાનું શુદ્ધિકરણ કરવું છે તેને તે અંગેનું બળ જોઈએ. બળ જોઈએ એટલે પુરુષાર્થ જોઈએ. અને

પુરુષાર્થ કેમ કરવો ? એ જો આવડે તો એ સંબંધીનું જે કાર્ય થતું નથી, એ સંબંધીની જે મૂંઝવણ છે એ મૂંઝવણ ટળી જાય છે.

અહીંયાં વિચારવા યોગ્ય વિષય એટલો છે કે, કળ એટલે શું ? કળ અને બળ – બે ભળતા શબ્દનો પ્રયોગ પ્રચલિત છે. કેટલાંક કામ બળથી નથી થતાં પણ કળથી થાય છે એવું જોવામાં આવે છે. તાળું ખોલવામાં ચાવીથી કળને ખોલવી પડે છે. કુસ્તી કરે તો પસીનો ઊતરી જાય અને ચાવી હોય તો સહજમાત્રમાં, રમતમાત્રમાં તાળું ખૂલી જાય. ખોલવાની પ્રક્રિયા છે, એ તો જે કાર્ય છે તે છે પણ પદ્ધતિ એની અલગ-અલગ છે. એમ આત્માનો પુરુષાર્થ કરવો એટલે આત્મામાં રહેલું જે સામર્થ્ય છે–બળ છે–જોર છે એ જોરને પ્રગટ કરવું. કેમ પ્રગટ કરવું એવું જો આવડે તો માર્ગ એટલે આત્માનાં જે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર છે એ કેમ પ્રાપ્ત થાય ? એ મૂંઝવણ ટળી જાય છે, એનું અસમાધાન રહેતું નથી. જીવ મૂંઝાય છે એનું કારણ છે કે, અનાદિથી એને પોતાનો સમ્યક્‌માર્ગ–અંતર્મુખનો માર્ગ એને મળ્યો નથી, પ્રાપ્ત થયો નથી અને તેથી એ માર્ગની પ્રાપ્તિ કરવા જતાં માર્ગ મળતો નથી ત્યાં સુધી મૂંઝવણ થાય છે.

અહીંયાં પૂજ્ય બહેનશ્રી એમ કહે છે કે, એ માર્ગ મળવા માટે જે પુરુષાર્થ જોઈએ એ પુરુષાર્થ કરતા આવડી જાય (એટલે કે) એની કળ આવડી જાય તો એ મૂંઝવણ નહિ રહે. એક વાત તો એ છે કે, કળ સૂઝી જાય તો માર્ગની મૂંઝવણ ન રહે. પણ કળ શું છે ? આ વિષય થોડો અહીંયાં ગૂઢ રહ્યો છે.

(હવે), પુરુષાર્થને કોણ ઉત્પન્ન કરે છે ? એ શોધવું રહ્યું. આમ તો પ્રત્યેક ગુણમાં ગુણની પર્યાય પોતાના સામર્થ્યથી ઉત્પન્ન થાય છે. પરંતુ ગુણમાં પણ પરસ્પર અંદરોઅંદર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. સત્‌શાસ્ત્રોમાં અને સત્પુરુષોના વચનોમાં એ વાત પ્રસિદ્ધ રહી છે કે, જ્ઞાન જ સાધન છે. આત્માની સિદ્ધિમાં–કાર્યસિદ્ધિમાં જ્ઞાન જ સાધન છે. 'પરમાગમસાર'માંથી એ વિષયનો ૨૩૬મો બોલ આપણે ઘણીવાર વાંચીએ છીએ કે, જેમ-જેમ સમજણમાં સ્વરૂપનું ભાવભાસન થતું જાય છે તેમ-તેમ જ્ઞાનસામર્થ્ય વધતું જાય છે. જેમ-જેમ જ્ઞાનસામર્થ્ય વધતું જાય છે તેમ-તેમ દર્શનમોહનો અનુભાગ અથવા રસ છે એ શિથિલ થતો જાય છે, ગળતો જાય છે અને એ મોહ તૂટવાનો અવસર આવે છે અને એમાં પુરુષાર્થ વૃદ્ધિગત થતો જાય છે.

એટલે પ્રાથમિક સાધન લઈએ, આ વિષયની ઊંડી વિચારણાપૂર્વક જો પ્રાથમિક સાધન

લઈએ તો જ્ઞાન જ સાધન છે. જુઓ ! કેવી રીતે અહીંયાં પુરુષાર્થ જાગવામાં જ્ઞાન સાધન છે એનો વિચાર કરીએ તો જેને પોતાનું આત્મસ્વરૂપ યથાર્થપણે જ્ઞાનમાં આવે છે (એટલે કે) જ્ઞાન લક્ષણથી લક્ષિત થાય છે, જ્ઞાનલક્ષણને આધાર બનાવીને જ્ઞાનસ્વભાવ જેને જણાય છે તો એને માત્ર જ્ઞાન નથી જણાતું પણ તેની સાથે અભેદસ્વરૂપે રહેલાં અનંત ગુણો પણ જણાય છે, અનંત સ્વભાવો પણ જણાય છે. એટલે અનંત ગુણનું અનંત સામર્થ્યયુક્ત જે દ્રવ્ય છે એ જ્ઞાનમાં આવે છે ત્યારે પુરુષાર્થ આપોઆપ ઉત્પન્ન થાય છે અથવા પુરુષાર્થ છે એ દિશા બદલે છે.

પુરુષાર્થ તો દરેક જીવને પોતાની સ્થિતિ અનુસાર હોય છે. એમાં સંજ્ઞી પંચેન્દ્રિય જીવની એવી સ્થિતિ છે કે, પોતાના પ્રયોજનભૂત કાર્ય કરવાનો પુરુષાર્થ એની દશામાં વ્યક્ત શક્તિરૂપે (છે). એની શક્તિ એટલી વ્યક્ત છે કે, પોતાનું પ્રયોજનભૂત કાર્ય કરી શકે.

પ્રશ્ન :– પુરુષાર્થનો પારમાર્થિક ભાવ શું છે ?

સમાધાન :– પુરુષાર્થનું સ્વરૂપ છે એ સમજવા માટે એટલું લેવું કે, પરિણામમાં કોઈ પણ કાર્ય કરવા માટે જે બળ ઉત્પન્ન થાય છે એને 'પુરુષાર્થ' કહે છે. એ બળ ઊલટું છે ત્યાં સુધી એનો ઊંધો પુરુષાર્થ છે. પરપદાર્થ પ્રત્યયી પરિણામોમાં જોડાયેલું બળ છે ત્યાં સુધી એ ઊંધું કાર્ય કરે છે અને સ્વરૂપ સન્મુખના પરિણામ થાય ત્યારે તે બળ કામ કરે છે તે સવળું કામ કરે છે.

હવે, અહીંયાં પુરુષાર્થ કરવાની કળ એટલે શું ? કે, યથાર્થ સ્વરૂપજ્ઞાન છે એ ચૈતન્યવીર્યની સ્ફૂરણા સહજ ઉત્પન્ન કરે છે. એટલે જ્ઞાન છે–સ્વરૂપજ્ઞાન છે–યથાર્થ સ્વરૂપજ્ઞાન છે એ પુરુષાર્થ ઉત્પન્ન થવાની કળ છે, એ એની ચાવી છે. જ્ઞાન લક્ષણથી જ્ઞાનસ્વભાવી આત્માનું યથાર્થ એટલે સન્મુખ થઈને રાગનો આધાર છોડીને, રાગની અધિકાઈ છોડીને; જીવને આ રાગનો આધાર અને રાગની અધિકાઈ અનાદિથી છે, એને ગૌણ કરીને અને જ્ઞાન લક્ષણથી સ્વભાવને મુખ્ય કરીને જ્ઞાનક્રિયામાં રહેલું જે જ્ઞાન તેનો આધાર પકડીને, એમ. માત્ર જ્ઞાનસ્વરૂપ છું એટલે એમાં અભેદપણે અનંત ગુણ આવી ગયા. એવું જ્યારે પોતાના નિજ સામર્થ્યનું જ્ઞાન થાય છે ત્યારે પુરુષાર્થ સ્વરૂપ સન્મુખની દિશા પકડે છે. એ પુરુષાર્થને સ્વરૂપ સન્મુખ કરવો તે પુરુષાર્થની કળ છે. પુરુષાર્થની દિશા બદલવી એ પુરુષાર્થની કળ છે અને યથાર્થ (સ્વરૂપ) નિર્ણયના કાળમાં એની શરૂઆત છે. કેમકે પહેલું ભાવભાસન યથાર્થ નિર્ણયના કાળમાં–સ્વરૂપ નિશ્ચયના કાળમાં આવે છે.

કેમ જ્ઞાન લક્ષણથી જ્ઞાનનો–સ્વભાવનો આધાર પકડવો ? આધાર પકડવો એટલે 'એ હું છું' એમ સ્વરૂપ અસ્તિત્વ ગ્રહણ કરવું, એની મુખ્યતા થવી, એનું અવલંબન થવું, એની સન્મુખ જવું. એ જો અંદરમાં આવડે તો એને પુરુષાર્થ કરવાની કળ હાથમાં આવી ગઈ. બાકી આ સિવાય ત્રણકાળ ત્રણલોકમાં બીજો કોઈ એનો ઉપાય નથી. અને જ્યાં એ સ્વસ્વરૂપ સન્મુખનો પુરુષાર્થ થયો ત્યારે વીર્યગુણનો સ્વભાવ એવો છે કે, સ્વરૂપ રચના કરવી એ જ એનું કાર્ય છે. અનંત ગુણો જે સ્વરૂપે છે એ સ્વરૂપે પર્યાયની રચના થાય–પર્યાયનો ઉત્પાદ્ થાય એ વીર્યગુણનો સ્વભાવ છે, વીર્યગુણનું કાર્ય છે. જેમ જાણવું એ જ્ઞાનગુણનું કાર્ય છે એમ સ્વરૂપરચના કરવી એ પુરુષાર્થ–વીર્યગુણનું કાર્ય છે.

એક લીટીમાં બહુ ઊંડો રહસ્યાર્થ ભરેલો છે !! ભાવાર્થ કરતા પણ રહસ્યાર્થ છે (એ બહુ ઊંડો છે). અનેક અર્થ કરીએ છીએ ને ? શબ્દાર્થ કરવામાં આવે પછી ભાવાર્થ કરવામાં આવે પછી શાસ્ત્ર અનુસાર ક્યા નયનું કથન છે એનો નયાર્થ કરવામાં આવે, અન્ય મત અને જૈન મતની તુલના કરીને એનો મતાર્થ કરવામાં આવે, એથી આગળ જઈએ તો એ વચનનું આત્મહિતાર્થે શું રહસ્ય છે ? એવો ભાવ ભાસે ત્યારે એને એનો 'રહસ્યાર્થ' કહેવામાં આવે છે. કેમકે આ વિષયમાં પણ સત્શાસ્ત્રો વાંચીને આત્માના સ્વરૂપ સંબંધીનું જાણપણું કરીને પણ એક સમસ્યા રહી કે પુરુષાર્થ કેમ કરવો ? ત્યારે સત્પુરુષે એમ કહ્યું કે, એ એક કળનો વિષય છે. એ કોઈ ધમપછાડા કરીને, જોર કરીને, તોડફોડ કરીને પ્રાપ્ત થાય એવો કોઈ વિષય નથી. ભૂખ્યો રહી જાઉં, જંગલમાં ચાલ્યો જાઉં, આમ કરી નાખું, તેમ કરી નાખું–એ બધાં ધમપછાડા છે. કોઈની સાથે ધમપછાડાનો સવાલ નથી. જેને એમ કહીએ કે, ખોટું જોર કરે, હઠ કરે, જીદ કરે, એ પ્રકારે બળનો પ્રયોગ કરે, દેહકષ્ટીમાં બળનો પ્રયોગ કરે અને એ રીતે એને પ્રાપ્ત થઈ જાય તો એ કોઈ પુરુષાર્થનું સ્વરૂપ નથી. એમ કહેવું છે.

આત્મા ત્રિકાળ અકૃત્રિમ સહજસ્વભાવી પદાર્થ છે. પદાર્થપણે આત્મા ત્રિકાળ અકૃત્રિમ સહજસ્વભાવી છે અને તેનું સ્વભાવને–સ્વરૂપને અનુસરતું પરિણમન છે એ પણ સહજ અને અકૃત્રિમ છે. પદાર્થ સહજ અને અકૃત્રિમ છે. પદાર્થને અનુરૂપ જે પરિણમન છે, પદાર્થના જેવું સદશ પરિણમન છે એ પણ સહજ અને અકૃત્રિમ છે. જો એટલું સમજણમાં લક્ષ રહે તો ક્યાંય પણ કૃત્રિમતા થાય તો એનો એને નિષેધ આવે કે, આ કૃત્રિમતા છે એ માર્ગ નથી, એ ઉપાય નથી અને એ રીતે અહીંયાં ગડબડ કામ નહિ આવે. વિકલ્પમાત્ર કૃત્રિમ

પરિણામ છે. અજ્ઞાનદશામાં કર્તૃત્વબુદ્ધિએ થયેલા કૃત્રિમતાજનક એ પરિણામ છે અને તેથી એ વિકલ્પથી કાર્યસિદ્ધિ નથી. એ વિકલ્પ આત્મસ્વરૂપ સંબંધિત હોય તોપણ એ વિકલ્પ સુદ્ધાં, એવાં વિકલ્પ સુદ્ધાં પણ કાર્યસિદ્ધિ માટે બેકાર છે, અમસર્થ છે – એમ સ્પષ્ટપણે મહાપુરુષોએ પ્રકાશ્યું છે. સ્પષ્ટપણે એ વાત દાંડી પીટીને જાહેર કરી છે કે, રાગ અને વિકલ્પથી કાર્ય નહિ થાય, નહિ થાય ને નહિ થાય. કેમકે એનો કૃત્રિમ સ્વભાવ છે. કર્તૃત્વબુદ્ધિએ કૃત્રિમતાથી જીવ એને કરે છે અને એ સ્વભાવથી પ્રતિકૂળ છે. એના સહજ સ્વરૂપથી એ પ્રતિકૂળ છે. એને જરા પણ અનુકૂળ નથી, વિરુદ્ધ જાય છે.

પ્રશ્ન :– પુરુષાર્થ ઉત્પન્ન થવામાં સ્વરૂપ રુચિનું બળ હોય છે ?

સમાધાન :– એ તો જ્ઞાનની સાથે રુચિનો સાથ મળવો જોઈએ. જ્ઞાન સાધન છે પણ જ્યારે જ્ઞાનમાં પોતાનું સ્વરૂપ લક્ષણથી ભાસે ત્યારે એમાં–એ સ્વરૂપમાં અનંત ગુણ ભરેલાં છે. જેને પોતાના ગુણ જ્ઞાનમાં ભાસે એને ગુણની રુચિ એકદમ ઉમટી પડે. એમ જ્ઞાનને રુચિનો સાથ મળી જવો જોઈએ. અને યથાર્થ જ્ઞાનમાં મળે જ છે. જે જ્ઞાન લક્ષણથી લક્ષ્યને, લક્ષ્યરૂપ આત્મ-વિષયને લક્ષ્યમાં લે છે તે જ્ઞાનની સાથે રુચિ ઉત્પન્ન ન થાય એવું ન બને. એને ગુણની રુચિ ઉત્પન્ન થઈ જાય છે. આત્મા અનંત ગુણનું સ્વરૂપ છે એટલે ગુણની રુચિ તો ત્યાં પ્રગટ થઈ જાય છે અને 'રુચિ અનુયાયી વીર્ય' હોવાથી, જેની રુચિ એ સંબંધિત પુરુષાર્થ ઉત્પન્ન થયા વિના રહી શકે નહિ. એ પુરુષાર્થને રોક્યો રોકી શકાય નહિ. એ વસ્તુનું સ્વરૂપ છે. અને અહીંયાં રુચિનું ઉત્પાદક પણ જ્ઞાન છે. રુચિનું ઉત્પાદક પણ જ્ઞાન છે અને 'રુચિ અનુયાયી વીર્ય' હોવાથી પુરુષાર્થનું ઉત્પાદક પણ જ્ઞાન થઈ ગયું. એટલે જ્ઞાન જ સાધન છે.

'પંચાધ્યાયી'નો ૪૦૦મો શ્લોક છે. **'प्रसिद्धं ज्ञानं एकम्'** (અર્થાત્) પ્રસિદ્ધ જ્ઞાન એક જ કારણ છે. **'स्वानुभूतिएक हेतुश्चः तस्मात् तत् परमम् पदम्।'** એટલે એ પરમપદ છે અને ત્યાં તો એમ લીધું છે કે, આત્માના સાધનની મીમાંસા કરવામાં આવે તો એમ કહીને એ વાત કરી છે. આ વાત બીજી કોઈ અપેક્ષાએ કોઈ ન લઈ જાય એટલા માટે એ જગ્યાએ અપેક્ષા ખોલીને વાત કરી છે. નહિતર વાતે-વાતે અપેક્ષા ખોલવાની આવશ્યકતા નથી પણ રખે કોઈ બીજી અપેક્ષા ત્યાં ગ્રહણ કરી લે એટલે ત્યાં અપેક્ષા ખોલીને વાત કરી છે કે, આત્માના સાધનની વિધિની ઊંડી મીમાંસા કરવામાં આવે, ઊંડી વિચારણા કરવામાં આવે તો સ્વાનુભૂતિનો હેતુ તો એક જ્ઞાન જ છે. એથી જ્ઞાનને પરમપદ કહીએ છીએ. અને

'પંચાધ્યાયી'ના વિષયનું સમર્થન 'સમયસાર'માં ભગવાન 'કુંદકુંદાચાર્ય' અને 'અમૃતચંદ્રાચાર્ય' કરે છે કે, આત્માને સર્વત્ર જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર... કહેતા આવ્યા છે. બીજા આચાર્યોનું એ સમર્થન છે અને અનુભવથી એ વિષય સબળ પ્રમાણને પામે છે– બળવાન પ્રમાણને પામે છે. એટલે એથી બળવાનપણું તો કોઈ પ્રમાણનું નથી. આગમપ્રમાણ પણ એથી નીચેનું પ્રમાણ છે. અનુભવપ્રમાણ (છે) એ ઉત્કૃષ્ટ પ્રમાણ છે, બળવાન પ્રમાણ છે. જેણે કહ્યું એણે આગમમાં કહ્યું એણે પણ અનુભવથી કહ્યું છે. એ વાત સ્પષ્ટ છે.

એટલે સનાતન દિગંબર જૈન પરંપરામાં સ્વાધ્યાયનો વ્યવહાર લુપ્ત થયો હતો એ 'ગુરુદેવે' બહુ મોટા પાયા ઉપર શરૂ કર્યો છે. શાસ્ત્ર સ્વાધ્યાય સ્વરૂપનિશ્ચય કરવા માટે, જ્ઞાનની કળ પકડવા માટે, જ્ઞાનની કળ હાથમાં આવે એટલા માટે (છે). બીજું કાંઈ ન થાય, ઓછું થાય એની એટલી કાંઈ આવશ્યકતા નથી પણ શાસ્ત્ર સ્વાધ્યાય તો અવશ્ય-અવશ્ય કરવો જોઈએ. એ 'ગુરુદેવશ્રી'એ મુમુક્ષુ સમાજ ઉપર ઉપકાર કર્યો છે.

**'કળ સૂઝી જાય...'** એમ કહીને અહીંયાં કૃત્રિમ બળનો નિષેધ કર્યો છે અને સર્વ પ્રકારના આ વિષયના સ્વકાર્યમાં કૃત્રિમતા, કોઈપણ પ્રકારનો કોઈપણ આડંબર, કોઈપણ દેખાવ ન હોવો ઘટે એ સ્પષ્ટ કર્યું છે. તો એને **'માર્ગની મૂંઝવણ ટળી જાય. પછી કળે કમાય, ધન ધનને કમાવે–ધન રળે તો ઢગલા થાય,...'** એ જગતના વ્યવહારની ઉપમા લીધી છે. મજૂર સવારથી સાંજ સુધી તનતોડ (મહેનત કરે), પસીનો ઊતરે, એને ખૂન-પસીનો કહે છે, લોહીનું પાણી થાય, એટલો પરિશ્રમ કરે છે અને એટલું બળ કરે છે તોપણ એને માંડ પેટિયું નીકળે એટલું ધન મળે છે. જ્યારે પૈસાવાળા ચપટીમાત્રમાં હજારો-લાખોની કમાણી કરી લે છે. જગતમાં એ કહેણી થઈ ગઈ–કહેવત થઈ ગઈ કે, 'ધન રળે તો ઢગલા થાય', 'તન રળે તો પેટ ભરાય, ધન રળે તો ઢગલા થાય' એ કહેણી થઈ ગઈ. એટલે શરીરબળથી મજૂર બહુ-બહુ તો શું કમાય ? પેટ ભરે એટલું કમાય.

એમ જેમ પૈસા કમાવા માટે ધનનું હોવું એ એક એની કળ છે અને વગર પરિશ્રમે કમાઈ શકાય, કમાણી થઈ શકે છે, **'તેમ આત્મામાં પુરુષાર્થ કરવાની કળ આવી ગઈ એટલે કોઈ વાર તો અંતરમાં ઢગલાના ઢગલા થઈ જાય, અને ક્યારેક સહજ જેમ હોય તેમ રહે.'** આ જ્ઞાનદશા પ્રગટ છે એ વિષયક સંકેત છે. જે ધર્માત્માને પુરુષાર્થ કરવાની કળ આવી ગઈ છે તો કોઈવાર તો સહજપણે એટલો તીવ્ર–ઉગ્ર પુરુષાર્થ કામ કરવા લાગે છે, સહજપણે – કોઈ કૃત્રિમતા કરવી પડે છે એમ નહિ.

ચિઠ્ઠીમાં એ વિષય આવે છે – 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં ! કે, સમ્યક્દૃષ્ટિ પણ ક્યારેક સ્વરૂપમાં ધ્યાન કરવાનો ઉદ્યમ એટલે પુરુષાર્થ કરે છે. ત્યાં એટલો વિષય છે કે, સમ્યક્દૃષ્ટિને પણ સ્વરૂપનું ધ્યાન, સ્વરૂપમાં એકાગ્ર થાય, એકાગ્રતા વધુ રહે, વધુ થાય એવો વિકલ્પ ઉઠે છે. એ વિકલ્પ અનુસાર એ એકાંતનું સ્થાન એટલે સંયોગ, શરીરની સ્થિતિ – એ પણ સંયોગ થયો, પણ એ બધો એનો વિકલ્પ એને આવે છે. એ વિકલ્પ આવે છે એ પુરુષાર્થ નથી પણ પુરુષાર્થ સંબંધીનો એક વિચાર છે, વિકલ્પ છે. અને ત્યારપછી જે સ્વરૂપનું અનુસંધાન થવામાં ઉગ્ર પુરુષાર્થ થાય છે એ તો સહજપણે જ થાય છે, સ્વરૂપાશ્રિતપણે થાય છે. એમાં કોઈ કૃત્રિમતાથી કાર્ય થતું નથી. પણ સ્વસન્મુખ થવાની કળ એમના હાથમાં છે. એટલે પરિણતિમાં તો સ્વરૂપ સન્મુખતા છે પણ ઉપયોગ પણ કેમ સ્વરૂપ સન્મુખ થાય એ એમને આવડે છે. એ કરી ચૂક્યા છે. એ એમને આવડે છે એટલે સહજપણે ઉપયોગમાં પણ સ્વરૂપ સન્મુખતા કેવી રીતે થાય એ એમને શીખવાનો વિષય નથી, એ વિષયથી એ અજાણ્યા નથી, એ કાર્યથી અજાણ્યા નથી, એ અનુભવથી અજાણ્યા નથી. એટલે એ કળ એમને આવી ગઈ છે.

(અહીંયાં) કેમ કોઈવાર.. કોઈવાર અને ક્યારેક... ક્યારેક શબ્દ લીધો છે ? કે, એનો કોઈ નિયમ નથી કે, એ કોઈ વિકલ્પ થાય એટલે થાય, વિકલ્પને આશ્રિત છે, ઇચ્છાને આશ્રિત છે એવું નથી. પણ કોઈવાર તો એટલો પુરુષાર્થ ઉગ્ર થાય કે જાણે ઢગલાબંધ પુરુષાર્થ થાય છે ! જો પુરુષાર્થ ઢગલાબંધ થાય છે તો અહીંયાં કર્મની નિર્જરા પણ ઢગલાબંધ થાય છે. કેટલી ઢગલાબંધ થાય છે ? તો કહે છે, ઢગલાના ઢગલા થાય છે, એટલી બધી થાય છે !! એટલે પોતાના '(પૂજ્ય બહેનશ્રી'ના) સ્વાનુભવની કેટલીક વાતો આ શાસ્ત્રમાં આવી જશે, એમ સમજવું.

પ્રશ્ન :– ધર્માત્માને કઈ કળ આવડી ગઈ છે ?

સમાધાન :– બસ, કળ તો સ્વરૂપગ્રહણની જ છે, સ્વરૂપ સન્મુખતાની જ છે. કેમ સન્મુખ થવું ? એ કળ એમનાં હાથમાં છે. હાથમાં છે એટલા માટે કે પરિણતિ તો ચાલુ જ છે, ઉપયોગ વળવાનો સવાલ છે. ઉગ્ર પુરુષાર્થના કાળે શુદ્ધોપયોગ થાય છે અને મોક્ષમાર્ગીને પણ મંદ પુરુષાર્થના કાળે શુભોપયોગ થાય છે. 'પ્રવચનસાર'ની 'ચરણાનુયોગસૂચક ચૂલિકા'માં આચરણનો અધિકાર જે ચાલ્યો છે ત્યાં આચાર્યદેવે ઉત્સર્ગ અને અપવાદનો એક વિષય ચર્ચ્યો છે. ત્યાં એ વાત લીધી છે. ગાથા–૨૫૪થી એ વિષય(ની) બે-ત્રણ-ચાર ગાથામાં ચર્ચા

કરી છે. તો એ વાત લીધી છે કે, મોક્ષમાર્ગીને જ્યાં પુરુષાર્થ ઉગ્ર થાય છે ત્યાં શુદ્ધોપયોગ થઈ જાય છે અને જ્યાં પુરુષાર્થધર્મ મંદ રહે છે ત્યાં શુભોપયોગમાં એ આવી જાય છે. એ શુભોપયોગ એનો વ્યવહાર છે. એટલે વ્યવહારમાર્ગમાં આવે છે એમ કહેવાય છે. બન્ને સહજ છે. કૃત્રિમતાથી આ માર્ગમાં કાંઈ થતું નથી. અહીંયાં 'કળ' શબ્દથી એ વાતની સૂચના કરી છે. કળથી થાય છે અને બળથી થતું નથી.

પ્રશ્ન :– સમ્યગ્દર્શનનું મૂલ્ય આંકીએ તો એ પ્રમાણે પુરુષાર્થ ચાલે ?

સમાધાન :– મૂલ્ય આંક્યું છે ત્યારે તો બીજાનું મૂલ્ય ગયું છે. અનાદિથી જગત અને જગતના પદાર્થોની કિંમત હતી એ ચાલી ગઈ છે. શ્રદ્ધા તો થઈ છે તે થઈ છે. આત્મજ્ઞાન પણ જે વર્તે છે તે વર્તે છે. બન્ને–શ્રદ્ધા-જ્ઞાનનો સદ્ભાવ છે તોપણ પુરુષાર્થની ધારા એકસરખી હોતી નથી કે રહેતી નથી. એવી કોઈ કુદરતી પરિસ્થિતિ છે. પણ કેમ પુરુષાર્થ કરવો એની મૂંઝવણ સમ્યગ્દર્શન પહેલાં મુમુક્ષુની ભૂમિકામાં હોઈ શકે છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી આત્મજ્ઞાનની–મોક્ષમાર્ગની ભૂમિકામાં 'કેમ કરવો ?' એની મૂંઝવણ નથી. એ બે તબક્કામાં જે ફરક છે એ ફરક છે.

પહેલી વાત જે મૂંઝવણની લીધી છે એ તો જેને માર્ગ મળ્યો નથી, જેને જ્ઞાન અને પુરુષાર્થનું સ્વરૂપ શું છે ? કેમ થાય છે ? એ પ્રકારમાં–પરિણમનમાં જે આવ્યો નથી એને એ મૂંઝવણ થવાનો પ્રકાર ઊભો થાય છે. પણ જેને, **'પછી'** એટલે જેને આવી ગયું એને પછી એમ છે. એક બોલમાં એ પહેલાં અને પછી એમ બે તબક્કા જુદાં-જુદાં પડે છે.

પ્રશ્ન :– પુરુષાર્થ અવલોકનના આધારે છે ?

સમાધાન :– હા, એ તો જ્ઞાન જ એક સાધન છે. એ તો લીધું. ૨૩૬મો બોલ લઈએ. ('પરમાગમસાર'માં) ૨૧૦ અને ૨૩૬ બે બોલ છે. **'જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે...'** જ્ઞાનબળ કહો કે જ્ઞાનની સાથે ઉત્પન્ન થયેલું પુરુષાર્થનું પરિણમન કહો (બન્ને એકાર્થ છે). Practically એ સમજી શકાય એવો વિષય છે. કોઈ માણસ શાંત બેઠો છે ત્યારે કાંઈ બળ કરે છે એવું નથી દેખાતું અને કોઈ એક પ્રસંગ ઊભો થાય છે (ત્યારે) એકદમ એનું પરિણમન ઉગ્ર થઈ જાય છે, તો ત્યાં નિમિત્ત શું પડ્યું ? કે, જે વિષયનું એને જ્ઞાન થયું એ નિમિત્ત થયું. જેમકે કોઈ એક માઠાં સમાચાર મળે છે તો એટલા બળથી માણસને શોક થાય છે કે, એ શોક પોતે રોકવા ધારે તો નથી રોકી શકતો. એટલું બળવાનપણે શોકનું પરિણમન ચાલે છે, ખેદનું

પરિણમન ચાલે. પહેલાં શાંત હતો ત્યારે એવું બળ નહોતું દેખાતું, પણ જેવું જ્ઞાન થયું– જાણવા મળ્યું, જ્ઞાન થયું એટલે અહીંયાં જાણવા મળ્યું કે, આમ નુકસાન થઈ ગયું છે ! તો એ સંબંધીનું બળ ઉત્પન્ન થઈ જાય છે. **ગમે તે વિષયમાં તે વિષયમાં કામ કરતું પરિણામબળ (અર્થાત્) પરિણામમાં ઉત્પન્ન થતું જોર એમાં નિમિત્ત એ વિષયનું જ્ઞાન પડે છે.**

એમ અહીંયાં આત્મામાં પણ સ્વરૂપનું જે ભાવભાસન છે એ જ્ઞાનબળ ઉત્પન્ન થવામાં, જ્ઞાનની સાથે પુરુષાર્થ ઉત્પન્ન થવામાં એ જ્ઞાન જ નિમિત્ત પડે છે. એટલે આ બોલની અંદર છેલ્લી લીટી એ લીધી છે કે, **'જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી.'** એમ લીધું છે.

પુરુષાર્થ (સંબંધીની વાત ૨૧૦ નંબરના બોલમાં લીધી છે). **'(પહેલાં આ શ્રદ્ધામાં, જ્ઞાનમાં, રુચિમાં અને લક્ષમાં આવવું જોઈએ). તો એના વીર્યમાં સ્વભાવ સન્મુખની સ્ફૂરણા ચાલ્યા કરે,...'** જુઓ ! શબ્દપ્રયોગ એવો છે કે, એમાં કૃત્રિમતા નથી. **'ચાલ્યા કરે'** (એટલે કે) સહજ જ ચાલે. વીર્યમાં એટલે જે ચૈતન્યવીર્યની સ્ફૂરણા છે એ જો એને સ્વભાવ લક્ષમાં આવે, રુચિમાં આવે, કેમકે સાથે-સાથે રુચિ જાગૃત થાય છે, પ્રતીતિમાં આવે તો એને સ્વભાવ સન્મુખની સ્ફૂરણા ચાલ્યા કરે. **'આ સમ્યક્ પહેલાંની વાત છે આ જ સમ્યગ્દર્શનનો ઉપાય છે બીજો કોઈ ઉપાય જ નથી.'** આ વાત લીધી પુરુષાર્થ સંબંધીની, મુમુક્ષુની ભૂમિકા સંબંધીની.

એ વાત અહીંયાં કળને લાગુ પડે છે કે, કળ એટલે શું ? એ કળનો ખુલાસો અહીં ૨૧૦ (નંબરના) બોલમાંથી મળે છે કે, આ કળ કહેવા માગે છે કે જેથી સહજ પુરુષાર્થની ઉત્પત્તિ થાય, અને એને માર્ગ કેમ પ્રાપ્ત થશે એ મૂંઝવણ એની ચાલી જાય. જો મૂંઝવણ મટે અને માર્ગ હાથમાં આવે એટલે (કે) અનુભવ થઈ જાય તો પછી જેમ **'કળે કમાય,...'** એટલે કે કળથી ઘણું કમાય. ધનથી ઢગલાબંધ કમાય એમ પુરુષાર્થધર્મ ક્યારેક-ક્યારેક ઘણો ઉગ્રપણે પ્રવર્તવા લાગે અને ક્યારેક સહજપણે જે ધારા ચાલતી હોય તેમ ચાલે. (પુરુષાર્થ) ચાલ્યો જાય એમ નથી લીધું. પણ **'ક્યારેક સહજ જેમ હોય તેમ રહે.'** એટલે સહેજે-સહેજે જે ધારા ચાલતી હોય છે એ જ્ઞાનધારામાં જ્ઞાન છે, શ્રદ્ધાન છે, પુરુષાર્થ છે, આચરણ છે, એની અંદર બધું છે. અનંત ગુણ છે. એ સહજ જ જેમ હોય તેમ રહે એટલે તેમને તેમ ચાલુ રહે.

આમ આ બોલની અંદર પુરુષાર્થના વિષયમાં સમ્યક્ પહેલાં અને સમ્યક્ પછી, એમ બન્ને વાત આવરી લીધી છે.

મુમુક્ષુ :– 'કળ' શબ્દ મૂકીને બહુ સરસ વાત કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :– બહુ રહસ્યની વાત કરી છે ! ઘણી રહસ્યની વાત છે !! એક એ કળ સૂઝી જાય (એટલે કે) જો જ્ઞાન જ્ઞાનની સન્મુખ થાય તો કળ એના હાથમાં આવી ગઈ. જો એને સ્વરૂપ લક્ષે સન્મુખ થવાનો પ્રકાર જો હાથમાં આવી જાય તો ત્યાંથી પુરુષાર્થ એકદમ જોર કરે છે. એક નવો ચમત્કાર થાય છે એને પુરુષાર્થનો ઉત્પાદ, ચૈતન્યવીર્યની સ્ફૂરણા કહેવામાં આવે છે. જાણે કે પરિણમનમાં એક નવી ચેતના પ્રગટી !! ત્યાંથી એક નવી ચેતના પ્રગટી એવો અનુભવ થાય છે ! એવો ખ્યાલ આવે છે. અને જેમ સાતમાં બોલમાં વાત કરી – એ પુરુષાર્થનો બોલ છે કે, જગતમાં જેમ ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે એમ આત્મામાં પર્યાયે પર્યાયે પુરુષાર્થ જ જોઈએ.

એ અહીંયાં એવી રીતે લાગુ પડે છે કે, ભલે શ્રદ્ધા થઈ છે, જ્ઞાન થયું છે, જ્ઞાનધારા ચાલે છે, પુરુષાર્થ પણ છેલ્લે-છેલ્લે કહ્યું એમ ક્યારેક એટલે બહુભાગ તો સહેજે – સહજપણે જેમ છે તેમ ચાલ્યા કરે છે, તોપણ સમ્યક્દૃષ્ટિ જાણે છે કે, જેટલો પુરુષાર્થ ઉગ્ર એટલું જ મારું કાર્ય વધુને વધુ પ્રાપ્ત થાય છે. એટલો હું સર્વ સિદ્ધિની નજીક જાઉં છું. શ્રદ્ધા-જ્ઞાન તો તેનું તે છે, પુરુષાર્થ હીનાધિક થાય છે એના પ્રમાણમાં કેટલું આગળ વધાય છે એનો આધાર છે. એટલે પર્યાયે પર્યાયે પુરુષાર્થની જરૂર છે. એટલે પુરુષાર્થ ઉગ્ર હોવાની ભાવના; એને સામાન્ય પ્રાણીના વિકલ્પની જેમ ઇચ્છા નથી કહેવાતી, પણ ભાવના કહેવામાં આવે છે. કેમકે એ ભાવનાની સાથે પુરુષાર્થનું પરિણમન ચાલું છે માટે ધર્માત્માને પણ પોતાના પરિપૂર્ણ પુરુષાર્થની ભાવના છે.

સમ્યક્દૃષ્ટિ મુનિદશાની ભાવના એટલે ભાવે છે કે, એ મુનિદશાનો કોઈ અસાધારણ પુરુષાર્થ જોવે છે અને મુનિ છે એ સર્વજ્ઞપદની ભાવના એટલે ભાવે છે (કેમકે) પરિપૂર્ણ પુરુષાર્થ અહીંયાં પ્રગટ થાય છે, અનંત વીર્ય અહીંયાં પ્રગટ થાય છે. અનંત વીર્ય કેટલું છે એનું જ્ઞાન છે. પોતાના સ્વરૂપમાં રહેલું અનંત વીર્ય કેટલું છે એની બેહદતાનું જ્ઞાન છે, એની અપરિમિતતાનું જ્ઞાન છે પણ એની પ્રગટ સ્થિતિ નથી તો એ વાત એને પોષાતી નથી. જો મારી પાસે મારી સંપત્તિ પૂરી તો એના ઉપભોગથી હું વંચિત કેમ ? શા માટે હું એનાથી વંચિત રહું ? માણસ એમ કહે છે કે, તમે મને પીરસો છો અને જમવા કેમ દેતા નથી ? ખાવા કેમ દેતા નથી ? ભૂખ તો લાગી છે, ભાણામાં પીરસ્યું છે, મિષ્ટાન્ન છે અને તમે કહો છો કે ખાવાની બંધી ! તો એ વાત ખૂંચે છે, એવો પ્રતિબંધ અસહ્ય

છે. એમ સાધકને પણ પોતાની પૂર્ણતાની ભાવનાનો પ્રકાર એટલા માટે લેવામાં આવ્યો છે, એને સામાન્ય પ્રાણીની જેમ ઇચ્છા નથી કહેતાં. એ જોવે છે કે, અંદરમાં પૂરું છે અને બહારમાં અધૂરું આવે છે, આ વસ્તુ પોષાય નહિ, નહિ પોષાય. છે પૂરું અને અધૂરું શું કરવા લે ?

એટલે એ પ્રકારે પર્યાયે-પર્યાયે પુરુષાર્થનો ઉગ્રમાં ઉગ્ર વધતો પુરુષાર્થ–વિકસતા પુરુષાર્થની દશા, એ ભાવનામાં સદાય સાધક રહે છે. છતાં પણ પુરુષાર્થની ગતિ કોઈ ન્યારી છે. સહજ જ કોઈ વાર ઉગ્રતા ધારણ કરે છે, તો સહજ જ કોઈવાર જેમ છે તેમ ગુણસ્થાન અનુસાર પરિણતિ રહે છે. જેમ છે તેમ સહજ જ રહે એટલે ગુણસ્થાન અનુસાર એની સહજતા છે. મુનિદશામાં જે સહજતા છે એની પરિણતિની ઉગ્રતા ઘણી છે. ભલે છઠ્ઠે ગુણસ્થાને આહાર કરતા હોય ! કોઈ ઉગ્ર પુરુષાર્થી ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં આવે તોપણ એની ઉગ્રતા મુનિની સવિકલ્પ દશા જેટલી તો નથી જ. એનું ‘ગુરુદેવશ્રી’એ પ્રમાણ આપ્યું છે. ‘રહસ્યપૂર્ણ ચિઠ્ઠી’ ઉપરનાં પ્રવચનો છે. એ ગ્રંથ પ્રકાશિત થયો છે, ક્યો છે...? ‘અધ્યાત્મ સંદેશ’ ! એમાં એ વાત લીધી છે કે, મુનિ આહાર કરે છે ત્યારે એમને જેટલી નિર્જરા છે અને સમ્યક્દૃષ્ટિ ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં છે ત્યારે એને નિર્જરા છે, એ સમ્યક્દૃષ્ટિની નિર્જરા કરતાં ગુણશ્રેણી નિર્જરા એમને આહારના કાળે છે. ગુણશ્રેણી એટલે ગુણાકાર કરવામાં આવે. જેટલી થતી હોય એને ગુણ્યા એટલી એનું નામ ગુણશ્રેણી. Square root જેને કહે છે ! તો એ સ્પષ્ટ સૂચિત થાય છે કે ત્યાં એટલો પુરુષાર્થ છે. પુરુષાર્થ વગર નિર્જરા કેવી ? શ્રદ્ધા-જ્ઞાન તો બન્નેને છે. સ્વરૂપ શ્રદ્ધાન પણ છે, સ્વરૂપજ્ઞાન – આત્મજ્ઞાન પણ બન્ને જગ્યાએ છે. (ચોથા ગુણસ્થાનના) શુદ્ધોપયોગ કરતાં (મુનિદશાની) સવિકલ્પદશાનો પુરુષાર્થધર્મ ત્યાં તીવ્ર છે, વધુ પુરુષાર્થ છે અને એ પણ સહજ જ છે. એટલે ‘**ક્યારેક સહજ જેમ હોય તેમ રહે.**’ (એમ જે કહ્યું) એ ગુણસ્થાન અનુસાર લઈ લેવું.

અથવા સમ્યક્દૃષ્ટિમાં પણ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ પ્રકાર લઈએ તો ત્યાં પણ જઘન્યવાળાને જઘન્ય, મધ્યમવાળાને મધ્યમ, ઉત્કૃષ્ટવાળાને ઉત્કૃષ્ટ, જેની જે સ્થિતિ હોય (તે અનુસાર સહજ પુરુષાર્થ હોય છે). ગુણસ્થાન અનુસાર એક ગુણસ્થાનના ભેદ લઈએ તોપણ જ્યાં જેની જેવી સહજ સ્થિતિ છે એ અનુસાર એનો પુરુષાર્થ સમજવો. એ નવમો બોલ (પૂરો) થયો.

**અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ, અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ. કોઈને અમે રાગદ્વેષવાળા દેખતા જ નથી. એ ભલેને પોતાને ગમે તેવા માનતા હોય, પણ જેને ચૈતન્ય-આત્મા ઊઘડ્યો છે તેને બધું ચૈતન્યમય જ ભાસે છે. ૧૦.**

દસમો બોલ છે-દ્રવ્યદૃષ્ટિના વિષયનો. જેને દ્રવ્યદૃષ્ટિ છે એવા ધર્માત્મા સર્વ આત્માઓને કેવા જોવે છે, સર્વ જીવદ્રવ્યને કેવા જોવે છે એ બોલ લીધો છે. પણ આ વિષયની બહુ લાક્ષણિક પદ્ધતિથી, બહુ સુંદર પદ્ધતિ આવી છે ! એમ તો 'બહુ પુણ્ય કેરા પૂંજથી...' (કાવ્યમાં) 'શ્રીમદ્જી'એ ગાયું છે ત્યાં આ વાત લીધી છે કે, 'સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો' એવી વાત કરી છે. અહીંયાં જરા વધારે સુંદર વાત આવી છે !!

**'અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ, અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ.'** શું કહે છે ? સર્વ આત્માની વાત છે. દ્રવ્યદૃષ્ટિએ જેવું સિદ્ધાલયમાં સિદ્ધ પરમાત્માનું પ્રગટ-વ્યક્ત સિદ્ધદશાયુક્ત પદ છે એવું જ સર્વ આત્માનું મૂળ સ્વરૂપ, એવું જ બિલકુલ એવું છે, જેમાં કિંચિત્માત્ર ફેર નથી ! દ્રવ્ય પૂર્ણપણે પ્રગટ થઈ ગયું છે. જે અનાદિ સિદ્ધ છે એ વ્યક્ત થઈને સાદિ સિદ્ધ દશાએ પ્રગટ થયું છે. સિદ્ધપદની જ સિદ્ધિ થઈ છે. એટલે બિલકુલ એવું જ સિદ્ધપદ છે. અને એવી દૃષ્ટિથી એવું અનુભવજ્ઞાન જેને વર્તે છે એ તો એમ કહે છે કે, આની મુખ્યતા એવી છે - આ એક સિદ્ધપદની મુખ્યતા એવી છે અથવા જે જ્ઞાનમાં નિજ સિદ્ધપદનું પ્રતિબિંબ પડે છે, નિજ સિદ્ધપદનું ! એ જ્ઞાનપર્યાયમાં એટલું બધું વજન આવી જાય છે કે પછી એ વજન ઉપાડવા જગતમાં કોઈ સમર્થ નથી !! એ વજનને કોઈ ઉઠાવી શકતું નથી. એટલે બધાં આત્મામાં એની મુખ્યતા આવી જાય છે.

અહીંયાં તો બીજી લીટીમાં એટલી જ વાત કરી છે કે, રાગ-દ્વેષવાળા જે જીવો છે,

અવસ્થામાં જેને રાગ-દ્વેષ થાય છે એ તો અજ્ઞાનપણે એમ માને છે કે અમે તો રાગી છીએ, અમે તો સંસારી છીએ, અમે તો આવા છીએ, ક્રોધી છીએ, લોભી છીએ-જે (કોઈ) એની તીવ્ર પ્રકૃતિ છે (એવો પોતાને માને છે). એ વાત તો એને પોતાના વિષયની રહી, પણ ઉદયમાં સામે કોઈ માથાનો વાઢનાર હોય તોપણ એનું સિદ્ધપદ છે-મૂળ પદ એનું સિદ્ધપદ છે એ વાત લક્ષમાંથી ક્યારેય જતી નથી. તેથી ધર્માત્માને કદી કોઈ આત્મા પ્રત્યે દ્વેષ થતો નથી. કેમકે એ તો એનું સિદ્ધપદ જોવે છે. સિદ્ધપદ દ્વેષનો વિષય કેવી રીતે બની શકે ? હા, એની દોષિત અવસ્થાનો નકાર આવે છે. એ તો પોતાની પણ દોષિત અવસ્થાનો નકાર આવે છે અને નિષેધ આવે છે. તો એ તો દોષ તો નિષેધને યોગ્ય છે, નિષિદ્ધ છે. તેથી એનો નિષેધ થવો યોગ્ય જ છે અને એ થાય છે. પણ એથી એના આત્માને ભૂલી જઈને દોષિત અવસ્થામાં તે આખો આત્મા દોષિત થઈ ગયો છે એવું કદી એમને જ્ઞાનમાં થતું નથી, જ્ઞાનમાં ભાસતું નથી, જણાતું નથી અને તેથી તે પ્રકારનો નકાર-આત્માનો નકાર થઈ જાય એવો નકાર આવતો નથી. આ એક દ્રવ્યદૃષ્ટિની અલૌકિક વિશિષ્ટતા છે !! જેને અલૌકિક વિશિષ્ટતા કહીએ !! શું કહે છે ? કેવી શૈલીથી (વાત) આવી છે !!

જ્યારે 'શ્રીમદ્જી'એ એમ કહ્યું – ઉપદેશાત્મક પદ્ધતિથી ત્યાં વચન આવ્યું છે કે, 'સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો' હવે, ત્યાં આત્માનું સિદ્ધપદ છે-એવું કાંઈ ચોખ્ખું નથી કર્યું. બધાં આત્મા સરખા છે તો સામાન્ય રીતે, સામાન્ય સમજથી કોઈ એમ સમજે કે, એક જાતિના પદાર્થ હોવાથી બધાં સરખા છે. અહીંયાં ફોળ પાડીને વાત લીધી છે કે, એક જાતિના છે એટલું જ નહિ પણ સિદ્ધસ્વરૂપે છે-સિદ્ધપદ છે અને તે બધાંનું સરખું છે. ભવી હો, અભવી હો-બધાં એક સરખા છે. એટલું જ નહિ ઉપદેશાત્મક પદ્ધતિથી પણ વચન નથી આવ્યું. 'અમે આમ દેખીએ છીએ' એમ આવ્યું છે. આ એક થોડી ચોંટ મારે એવો વિષય છે. પદ્ધતિ એવી છે કે, જેમ નજર સામે કોઈ ચીજ હોય અને પોતે જોતા હોય અને એને કહી દેખાડતા હોય, વચનમાં વ્યક્ત કરતા હોય એ (રીતે) ભાષાની પદ્ધતિ આવી છે.

કહે છે કે, **'અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ, અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ.'** એકાકાર ચૈતન્યસ્વરૂપ જે આત્મા છે, બસ ! એ સ્વરૂપે અમે જોઈએ છીએ. એનો અર્થ એ નથી કે, અવસ્થાનું અમને જ્ઞાન થતું નથી. અવસ્થા તો સહેજે જણાય એવી જાડી ચીજ છે. ચૈતન્યસ્વભાવ તો સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વભાવ છે. જેની નજર સૂક્ષ્મમાં સૂક્ષ્મ ચીજને ગ્રહણ કરે છે, કહેવાની ભાગ્યે જ જરૂર છે કે, એ સ્થૂળને તો સહેજે જાણે છે.

એટલે અવસ્થાનું જ્ઞાન નથી થતું એમ નથી પણ એ ગૌણ રહી જાય છે. એટલે અવસ્થાના દોષ નિષેધ થતા હોવા છતાં અજ્ઞાનીને જે પ્રકાર આવે છે એ પ્રકાર જ્ઞાનીને નહિ આવવાનું આ કારણ છે કે, એને દ્રવ્ય-પર્યાયયુક્ત દ્રવ્યની પ્રધાનતાવાળું જ્ઞાન વર્તે છે, પર્યાયની પ્રધાનતાવાળું જ્ઞાન એમને વર્તતું નથી. ન તો સ્વના વિષયમાં, ન તો પરના વિષયમાં.

જેમ પર્યાયદૃષ્ટિ–મિથ્યાદૃષ્ટિ જીવને સર્વત્ર પર્યાય પ્રધાનતા સહજ જ થાય છે અને સહજ જ રહે છે તેમ દ્રવ્યદૃષ્ટિવાળાને દ્રવ્યની પ્રધાનતા સર્વત્ર સહજ જ રહે છે. એ દૃષ્ટિનો ગુણ છે અથવા એ દૃષ્ટિનો ધર્મ છે. એટલે એ દ્રવ્યદૃષ્ટિ અનુસાર આ વાત છે કે, **'અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ, અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ. કોઈને અમે રાગદ્વેષવાળા દેખતા જ નથી.'** દેખતા જ નથી એટલે શું ? ખ્યાલ નથી આવતો એમ છે ? ખ્યાલ તો સામાન્ય પ્રાણીને આવે... અરે...! બુદ્ધિવાળા પ્રાણીને આવે એના કરતાં ઝાઝો આવે ! કે, જીવ દોષમાં ક્યાં કેટલો ખસે છે ? કેટલો ઊંડો જાય છે ? કેટલી ગડબડ કરે છે ? તત્ત્વદૃષ્ટિ તો ઘણી સૂક્ષ્મ દૃષ્ટિ, ઝીણી દૃષ્ટિ છે અને એક શબ્દમાંથી આખેઆખો એને માપે, અલ્પ ભાવમાંથી એનો પૂરો ભાવ માપે એવું નિર્મળ જ્ઞાન અને સૂક્ષ્મ જ્ઞાન હોય છે ! એટલે એને જાણતા નથી અને ખબર પડતી નથી એમ નથી પણ જણાવા છતાં અત્યંત ગૌણ રહે છે, તેથી એમ કહે છે કે, 'અમે દેખતા જ નથી.' એ એની અત્યંત ગૌણતાના સૂચક શબ્દો છે કે, **'દેખતા જ નથી.'** ગૌણ કરી નાખીએ છીએ. ખ્યાલ આવે છે પણ અમે એ ગૌણ કરી નાખીએ છીએ. એની મુખ્યતા અમને થતી નથી.

જુઓ ! આ દ્રવ્યદૃષ્ટિ સહજપણે કેવી રીતે કામ કરે છે !! એને દોષ દેખાય છે તોપણ ! બીજાનાં સંબંધમાં વાત છે, હોં ! પછી ન્યાયના ત્રાજવાં-કાટલાં અહીંયાં થોડા ફરે છે. પોતાનો નાનો દોષ પણ એને મોટો લાગે છે. બીજાનો દોષ હોય તો એને ગૌણ કરી જાય છે. આ એક ન્યાયને તોળવાનો વિષય છે. અને હંમેશાં ગુણ-દોષના વિષયમાં બહારમાં તો એક જ ત્રાજવે અને એક જ કાટલેથી બધું જોખવામાં આવે છે, અહીંયાં એવું નથી. અહીંયાં તો ત્રાજવાં-કાટલાં બદલાતા જાય છે.

જેમકે કોઈ થોડો પણ પોતાના પ્રત્યે ઉપકાર કરે (તો) ઘણો માને. પોતે બીજાના માટે ઘણો કરે તો જાણે કાંઈ કર્યું નથી. એમાં શું ? આત્મા ક્યાં કોઈનું કાંઈ કરી શકે છે ? સીધું એમ લઈ લે. પણ કોઈ ઉપકાર કરે ત્યારે એમ કહેવાય કે, તારો આત્મા ક્યાં મારું કાંઈ કરી શકે છે !? ચાલ, ચાલ હવે ! તું કોઈનું કાંઈ કરી શકે છે ? તેં કાંઈ ઉપકાર

કર્યો નથી ! એ તો વ્યવહારનો વિવેક પણ ત્યાં રહેતો નથી. એટલે ત્યાં સ્વ-પરના વિષયમાં ન્યાયના પલ્લા બદલાય જાય છે.

એમ અહીંયાં **'કોઈને'** એટલે બીજાના વિષયની વાત લીધી છે. પોતાનાં રાગ-દ્વેષને દેખતા નથી એમ નથી. એ તો થોડો હોય તોપણ એને એ પોષાતો નથી. પોષાતો નથી એટલે એનું વજન લાગે છે, ઘણો લાગે છે, એ નાશ થાય એમ ઇચ્છે છે. **'કોઈને અમે રાગદ્વેષવાળા દેખતા જ નથી. એ ભલેને પોતાને ગમે તેવા માનતા હોય,...'** એટલે ખબર છે કે, જે પર્યાયદૃષ્ટિ જીવ છે એને જે રાગ-દ્વેષ આદિ અનેક પ્રકારનાં દોષ થાય છે એમાં તો એની માન્યતા એની સાથે જડાય જાય છે અને એ તો પોતાને રાગી જ માને છે, દ્વેષ હોય એ દ્વેષી જ માને છે. જેમકે કોઈને વેર થાય છે, વૈમનસ્ય થાય છે તો એ વેરી જ માને છે—સામાને વેરી જ માન્યા કરે છે અને એને એ વેરીની જ નજરથી જોવે છે. (જ્યારે) જ્ઞાની તો માથાનો વાઢનાર આવે તો (પણ) એ નજરથી એને જોતા નથી એમ આમાંથી નીકળે છે. (એમને) ખ્યાલ આવે છે કે, એ જીવને દ્વેષ વર્તે છે, વૈમનસ્ય વર્તે છે, એનો અભિપ્રાય છે એ એના માટે પણ સારો નથી. કેમકે એનો દોષ તો એને જ નુકસાન કરે છે, બીજાને શું નુકસાન કરે ? એને કરુણા આવે છે પણ સાથે-સાથે એની (જે) માન્યતા એને છે એ ખોટી છે, એ ભૂલભરેલી છે. એની માન્યતા સાથે અમે સંમત નથી. એ જેમ પોતાના આત્માને માને છે કે, હું આનો વેરી... હું આનો વેરી... એમ અમે માનતા નથી, એવું અમે માનતા નથી. એવી કોઈ લૌકિક દૃષ્ટિથી વિરુદ્ધ, જુદી જાતની કોઈ અલૌકિક દૃષ્ટિ ! એવી દ્રવ્યદૃષ્ટિ છે !

એટલે એમ કહ્યું કે **'એ ભલેને પોતાને ગમે તેવા માનતા હોય,...'** એટલે રાગી-દ્વેષી, વેરી, મિત્ર-શત્રુ ગમે તે પ્રકારે માનતા હોય (પણ) અમે એમ જોતા નથી, અમે એમ માનતા નથી. અમારી વાત જુદી છે, અમે તો સિદ્ધપણે જ દેખીએ છીએ ! મુખ્ય વાત એ છે કે, એ પણ આત્મા છે. 'ગુરુદેવશ્રી'નો તો પ્રગટ અનુભવ છે કે, આ જૈનના છાપાઓ–કહેવાતા ધાર્મિક અખબારો આવે (એમાં) 'ગુરુદેવ'ને વિષે અણછાજતો, તોછડો વચનપ્રયોગ કર્યો હોય, ગમે તેવું લખ્યું હોય, ગાળો દીધી હોય અને પછી એટલા માટે લખ્યું કે, આમ છે ને આ સાચું છે ને તમારું ખોટું છે, ફલાણું, ઢીકણું આમ છે. આ તો બધાએ નજરે જોયેલી વાત છે. તો 'ગુરુદેવ' વાંચતા આમ કહે, 'અરે...! ભગવાન...!' શું કહે ? અહીંયાં એમ કહ્યું ને કે, **'અમે (બધાને) સિદ્ધપણે જ દેખીએ (છીએ),...'** 'અરે...! ભગવાન ! આ

તને શું સૂઝે છે ? આ તો તને નુકસાન કરે એવી વાત છે.' પણ એને લે છે ભગવાનની નજરે ! અને પ્રવચનમાં તો પ્રસિદ્ધપણે જોયું છે કે, 'ભગવાન આત્મા...!' (એમ બોલે) એમાં તો 'ગુરુદેવ'નો એવો કોઈ Undertone આવ્યો હતો, ધ્વનિમાં તો બહારનો જે અવાજનો Tone હતો એ તો એક વિશિષ્ટ હતો જ પણ Undertone જેને કહીએ એ પણ કોઈ દ્રવ્યદૃષ્ટિનો સૂચક હતો !! એ આ દસમા બોલનું સમર્થક છે.

વિશેષ લઈશું....

**જ્ઞાનલક્ષણપૂર્વક સ્વભાવની ઓળખાણ થયા વિના વિભાવની ઓળખાણ પણ થાય નહિ અને તેથી જ સ્વરૂપની ઓળખાણ વિના - અજ્ઞાન ભાવે કોઈને કોઈ વિભાવમાંજ સ્વભાવની અર્થાત્ આત્માની કલ્પના થતાં - વિભાવનું સેવન છૂટતું નથી. કષાયની મંદતા અથવા જ્ઞાન - ચારિત્ર આદિ કોઈ ગુણના પરાન્મુખી ક્ષયોપશમમાં સ્વભાવનો ભ્રમ-(ઓળખાણના અભાવે) થઈ જાય છે અને તેમાં જ આગળ વધવાની અભિલાષાથી તેનું સેવન થાય છે.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૨૦)

**વર્તમાનમાં, 'દુર્લભ યોગ' જીવને પ્રાપ્ત થયો છે. ત્યાં થોડોક પ્રમાદ કરી - પુરુષાર્થથી વંચિત રહી, અમૂલ્ય સમય ગુમાવવા જેવું નથી. પરમરસ અર્થાત્ અમૃતરસનો શીઘ્ર આસ્વાદ લેવા યોગ્ય છે.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૬૮)

## પ્રવચન નં. ૧૧, વચનામૃત–૧૦
## તા. ૧૭-૧૧-૧૯૮૬

('બહેનશ્રીનાં વચનામૃત' બોલ–૧૦) પોતાની નિજ સત્તાને શ્રદ્ધાથી શ્રદ્ધવું. જ્યારે પોતાની સામાન્ય સત્તાને–ત્રિકાળી સત્તાને શ્રદ્ધવામાં આવે છે ત્યારે એમાં રહેલાં અનંત જ્ઞાન, અનંત સુખ આદિ સર્વ સ્વભાવને, પૂર્ણ સ્વભાવને શ્રદ્ધવામાં આવે છે. એ શ્રદ્ધાએ કરીને જ્ઞાનમાં પણ એવી સ્થિતિ થઈ જાય છે કે, સ્વદ્રવ્યની મુખ્યતા રહે છે. શ્રદ્ધા પરદ્રવ્યને વિષય કરતી નથી પણ જ્ઞાન પરદ્રવ્યને વિષય કરે છે ત્યારે બીજા જીવ અને બીજા અજીવ એમાં પણ તેના દ્રવ્યસ્વભાવની મુખ્યતા રહે છે.

શ્રદ્ધાના નિમિત્તે જ્ઞાનનો અપેક્ષિત ધર્મ એવો છે કે, જેની શ્રદ્ધા તેનું જ જ્ઞાન અને (તેની જ) મુખ્યતા. મુખ્ય-ગૌણપણું જ્ઞાનમાં થાય છે, બીજા કોઈ ગુણમાં નથી થતું. જ્ઞાનના પરિણમનમાં મુખ્યતા અને ગૌણતા એવું થાય છે. કેમકે જ્ઞાન અનેક પદાર્થને જાણે છે એમાં મુખ્ય-ગૌણ કરે છે. કોઈને મુખ્ય કરે છે, કોઈને ગૌણ કરે છે. જેમકે અનાદિથી પરપદાર્થની શ્રદ્ધા છે, રાગની શ્રદ્ધા છે તો જ્ઞાનમાં રાગ અને પર મુખ્ય થઈ રહ્યાં છે અને પોતાનું સ્વરૂપ ગૌણ થઈ ગયું છે. નહિતર અનુભવ તો જ્ઞાનમાં જ્ઞાનનો છે છતાં એ અનુભવ એટલો ગૌણ થઈ ગયો છે કે જાણે જ્ઞાન સર્વથા ચુકાઈ ગયું છે. એવી અનુભવની સ્થિતિ વર્તે છે.

એ વિપરીત શ્રદ્ધાના દૃષ્ટાંત અનુસાર અવિપરીત શ્રદ્ધા થતાં સ્વદ્રવ્યની શ્રદ્ધામાં સર્વ પદાર્થો એના દ્રવ્યસ્વભાવની મુખ્યતાવાળા જાણવામાં આવે છે. તેથી અહીંયાં એમ કહ્યું કે,

**'અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ,...'** જે મૂળ સિદ્ધપદ છે એની દૃષ્ટિ છે તો જ્ઞાનમાં પોતાના સિદ્ધપદની મુખ્યતા છે, બીજા જીવ ઉપર ઉપયોગ જતાં એમાં એના સિદ્ધપદની મુખ્યતા છે. બીજા જીવોની પર્યાય સંસાર અવસ્થામાં દોષિત છે તોપણ ગૌણ થાય છે. એ તો વાત થઈ બીજા જીવોની.

અહીંયાં એ વિષય નથી પણ એની વિશાળતા લઈએ તો બીજા અજીવમાં પણ એનું ત્રિકાળી દ્રવ્ય જ મુખ્ય થાય છે. બોલમાં એ વિષય નથી લીધો. પરંતુ પુદ્ગલની પર્યાયો ગૌણ થાય છે અને દ્રવ્ય જ મુખ્ય રહે છે. 'રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો.' માન્યા એટલે શ્રદ્ધ્યા. શ્રદ્ધા અપેક્ષાએ એ બોલ 'અપૂર્વ અવસર'માં આવ્યો કે, એક રજકણ હવામાં–વાતાવરણમાં ઊડતું હોય, તરતું હોય કે વૈમાનિક દેવની દૈવી રિદ્ધિ-સિદ્ધિના રજકણો હોય એ બધા એક પુદ્ગલસ્વભાવ તરીકે અમે જોઈએ છીએ, કોઈની વિશિષ્ટતા જોતા નથી. ત્યાં પણ દ્રવ્યદૃષ્ટિ છે. દુર્ગંધના પુદ્ગલ હો કે સુગંધના પુદ્ગલ હો, મીઠાઈના પુદ્ગલ હો કે વિષ્ટાના પુદ્ગલ હો – સમદૃષ્ટિનો અર્થ એ છે કે, સ્વભાવ સરખો છે, એક સરખો રહે છે સ્વભાવમાં વિષમતા નથી–ચૈતન્ય કે અચૈતન્ય. એક સરખો સમસ્વભાવ છે એની દૃષ્ટિ તે સમદૃષ્ટિ છે અને એનું જ્ઞાન તે સમજ્ઞાન છે (અને) એવું જ આચરણ તે સમતારૂપ આચરણ છે. એ રીતે સામ્યભાવ છે.

કોઈ પદાર્થ આકર્ષણનો કે દુર્ગંછાનો વિષય નથી. એટલે સમ્યક્દૃષ્ટિના આઠ અંગમાં એ વિષય આવી જાય છે કે, સમ્યક્દૃષ્ટિને કોઈના પ્રત્યે ઘૃણા નથી. બીજા જીવ કે બીજા અજીવ – કોઈના પ્રત્યે ઘૃણા થતી નથી. સમ્યગ્દર્શન થતાં જ આ અંગ સાથે–એના અંગભૂત ગુણ પ્રગટ થઈ જાય છે. સર્વ જગ્યાએ પર્યાય ગૌણ થાય છે.

એવો એક બોલ 'પરમાગમસાર'માં છે. ૨૦૯ નંબરનો બોલ. **'જેણે પોતાના પર્યાયઅંશની દૃષ્ટિ છોડીને...'** (અર્થાત્) અનાદિની પર્યાયબુદ્ધિ છોડીને–અંશની દૃષ્ટિ છોડીને **'દ્રવ્યદૃષ્ટિ કરી એ બીજા દ્રવ્યને પણ એ જ રીતે જોવે છે,...'** બીજા દ્રવ્યને પણ પોતાના દ્રવ્યની દૃષ્ટિ અનુસાર જ જોવે છે, દ્રવ્યસ્વભાવ જ એને મુખ્ય થાય છે. **'એટલે કે અન્ય પદાર્થોને પણ તેની પર્યાયથી જોતા નથી, તેને પણ દ્રવ્યથી જ વસ્તુપણે જ અખંડ દેખે છે.'** આ જ્ઞાનની અંદર, દૃષ્ટિ અનુસાર પરિણમનની અંદર દ્રવ્યદૃષ્ટિને લીધે આ મોટો ફેરફાર થઈ જાય છે. જોકે પહેલાં પણ એ પ્રકારે જ જ્ઞાન પ્રવર્તતું હતું. જેની દૃષ્ટિ પર્યાયની દૃષ્ટિ હતી તો બધી પર્યાયોને જ મુખ્ય કરતો હતો. પુદ્ગલની પર્યાયોને પણ મુખ્ય કરીને રાગ-દ્વેષ કરતો હતો.

બીજા જીવોની પર્યાયને મુખ્ય કરીને રાગ-દ્વેષ કરતો હતો અને પોતાની પર્યાયમાં પણ પર્યાયની મુખ્યતામાં જ એ રાગ-દ્વેષમાં પરિણમતો હતો, મોહમાં પરિણમતો હતો. દૃષ્ટિ અનુસાર જ્ઞાન એ આ રીતે છે. 'જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ' એ એના ઉપરથી કહેવત પડી ગઈ. 'જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ.' ૨૦૯ નંબરનો (બોલ) એ રીતે છે.

પ્રશ્ન :– દ્રવ્યદૃષ્ટિ એનો અર્થ તો આત્મિક ગુણ અથવા તો એનો Original ગુણ અને પર્યાયદૃષ્ટિ એટલે ?

સમાધાન :– પર્યાયદૃષ્ટિ એટલે પર્યાયમાત્રમાં આખા આત્માનો અધ્યાસ થવો એને પર્યાયદૃષ્ટિ કહે છે. 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ' અને 'પર્યાયદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ.' એમ છે. અથવા **'पर्यायमूढाः परसमयाः।'** (આ) 'પ્રવચનસાર'નું સૂત્ર છે. 'પ્રવચનસાર'નો 'જ્ઞેય અધિકાર' શરૂ કરતાં, 'જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન' પૂરું કરી અને 'જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન' શરૂ કરે છે ત્યારે પહેલી જ ગાથામાં આ વાત નાખે છે. **'पज्जयमूढा हि परसमया।'** (અર્થાત્) પર્યાયમાં જે મૂઢ છે એટલે પર્યાય એક સમયનો અંશ હોવા છતાં એમાં આખો આત્મા અનુભવ કરે છે. જેમકે એક રાગની પર્યાય (થઈ) તો 'હું રાગી' (એમ અનુભવ કરે), વિભાવની પર્યાયમાં 'હું વિભાવવાળો' અને સ્થૂળ(રૂપે) લઈએ તો જેમકે મનુષ્ય થયો તો 'હું માણસ' (એમ અનુભવ કરે છે) તો પર્યાય જેવો અને પર્યાય જેટલો જ પોતાનો અનુભવ કરવો તે પર્યાયદૃષ્ટિ છે, તે મૂઢદૃષ્ટિ છે, તે અજ્ઞાનદૃષ્ટિ છે, તે મિથ્યાદૃષ્ટિ છે. મૂળ વસ્તુ જેવી છે એવી જોવી, એવો જ અનુભવ થવો–હોવો–રહેવો એ દ્રવ્યદૃષ્ટિ છે. એ દ્રવ્યદૃષ્ટિએ એમ થાય છે. એ દ્રવ્યદૃષ્ટિને સમ્યક્દૃષ્ટિ કહે છે. એ રીતે છે.

મુમુક્ષુ :– ચૈતન્યને તો આ રીતે જોવે છે પણ અજીવને પણ આ રીતે જોવે છે !

પૂજ્ય ભાઈશ્રી :– બધાંને પુદ્‌ગલ જોવે છે. એ 'આનંદઘનજી'ના પદમાં એવી એક વાત આવી છે. 'વસ્તુગતે વસ્તુ વિચારે, તે વિરલા જગ જોવે રે...' એ બનતા સુધી 'યશોવિજયજી'માં છે. 'વસ્તુગતે વસ્તુ વિચારે, તે વિરલા જગ જોવે રે, ભૃંગી ઇલિકાને ચટકાવે તે ભૃંગી જગ જોવે રે...' ભૃંગી એટલે ભમરી. ભમરી ઇયળને ચટકો ભરે છે. ઇયળમાંથી ભમરી થાય છે. એમ દ્રવ્યદૃષ્ટિએ શ્રદ્ધા દ્રવ્યને ચટકો મારે છે–'આ હું ! આવો હું !' (તો) સિદ્ધ થઈ જાય છે. પર્યાયમાં સંસારી છે, જેવું દ્રવ્ય છે – 'આ હું !' એમ અંદરમાં ડંખ મારે છે. જેમ ભમરી ડંખ મારે છે ને ! એ એનું વેદન લઈ લે છે. ડંખમાં વેદન આવે છે. એમ શ્રદ્ધાનો ડંખ મારે છે, સાધક અવસ્થામાં વારંવાર શ્રદ્ધાનો પૂટ મારે છે (કે) 'હું

આવો...! હું આવો...! હું આવો...!' જેવું સિદ્ધપદ છે (એવું) અવસ્થામાં સિદ્ધપદ થઈ જાય છે.

એ રીતે (અહીંયાં) કહ્યું છે કે, **'અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ, અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ.'** સર્વ જીવોને પરિપૂર્ણ ચૈતન્યસ્વરૂપે અમે દેખી રહ્યા છીએ–જાણી રહ્યા છીએ. અહીંયાં દેખવું એટલે જાણવું (એમ) લેવું. **'કોઈને અમે રાગદ્વેષવાળા દેખતા જ નથી.'** એની અવસ્થામાં રાગ-દ્વેષ છે પણ એ રાગ-દ્વેષવાળો છે એમ નથી જોતા. એ ક્ષણિક વિભાવ છે, પોતાને ભૂલ્યો છે તેથી વિભાવસ્વરૂપે જ પોતાને આખેઆખો માની રહ્યો છે–શ્રદ્ધી રહ્યો છે, એમ માનીને વર્તી રહ્યો છે, વર્તન કરી રહ્યો છે કે 'હું તો પૂરો સંસારી જ છું.' સિદ્ધપદસ્વરૂપે છું એવું એને ક્યાંય જરા પણ રહેતું નથી. પૂરેપૂરું 'હું આખેઆખો સંસારી છું' એમ એક અવસ્થામાત્રમાં આખા દ્રવ્યનું અવધારણ કરે છે. એ અવસ્થામાત્રપણામાં પૂરેપૂરું અવધારવું એ ભૂલ છે–બહુ મોટી મિથ્યાત્વની ભૂલ છે અને એ જ એને અનંત ભવનું બીજ છે, એ ભવભ્રમણનું બીજ છે.

'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'ની ૧૪મી ગાથામાં એ વાત લીધી છે કે, મૂળ દ્રવ્ય રાગથી અસમાહિત છે. એટલે એમાં રાગનો સમાવેશ નથી, અવકાશ નથી. **'असमाहितो अपि' 'बालिशानाम्'** એટલે બાળક જેવા, બાલિશ જેવો અજ્ઞાનપણે એને રાગથી સમાહિત માને છે. **'स खलु भवबीजम्।'** (અર્થાત્) તે ખરેખર ભવબીજ છે. 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'ની ૧૪મી ગાથા છે.

કેટલો હળવો થઈ જાય ! બધાં જીવો એક સરખા ચૈતન્યમય છે (એમ માનવા લાગે એટલે) હળવોફૂલ થઈ જાય ! નહિતર 'આ આવે અને આ આવો' એનો બોજો પણ થોડો નથી જીવને ! પછી ઉદયમાં તો ઘણાં જીવો સંપર્કમાં આવે છે – કુટુંબ-પરિવારના, સમાજના, મંડળના અનેક જીવો સંપર્કમાં આવે છે. બધાંની ઉપાધિ લઈ લે ! 'ભાઈ તો આવો, બેન તો આવી, માતા-બા તો આવા, ફલાણું આવું, પિતા આવા, દીકરો આવો, દીકરી આવી, પત્ની આવી, પતિ આવો...!' જેને જે પ્રકારનો સંબંધ છે, એમ જેટલાની સાથે સંબંધ હોય... નોકરી કરતો હોય તો 'સાહેબ આવો ને પટાવાળો આવો !' વેપાર કરતો હોય તો બજારમાં 'ફલાણો આવો કાં ભાગીદાર આવો !' એમ લપસિંદરનો કાંઈ પાર નથી. કર્મના ઉદય સાથે, જેટલા સાથે ઉદયને અનુસાર સંપર્ક થાય (એ બધામાં) 'આ આવો ને તે તેવો !' કેટલી ઉપાધિ આવે (એનો) એકવાર હિસાબ મૂકીને દેખાડે તો એને સમજણ પડે એવું છે. સરવૈયું

કાઢે કે, આ એક ખાતામાં રકમ ખતવી જાઓ, ખાતુ કેટલું ભારે થાય છે !? સમ્યક્દૃષ્ટિ થયો (એટલે) હળવોફૂલ જેવો (થઈ ગયો). જે ગડબડ છે એ સંસાર અવસ્થામાં પોતાના નિજ સ્વરૂપને ભૂલીને જીવોને રાગ-દ્વેષ અને મોહની ગડબડ કેવી થાય છે એ તો એને પોતાના સ્વાનુભવથી ખ્યાલમાં આવી ગયું છે. પણ મૂળમાં બધાં કાંઈ એવા નથી, મૂળમાં બધાં એવા નથી. હળવોફૂલ ! કાંઈ નથી, એ તો બધાં પરમાત્મા છે !

એટલે તો આચાર્યો, જ્ઞાનીઓ કરુણાથી ઉપદેશ આપે છે કે, 'હે ભગવાનઆત્માઓ ! તમારો પરમાત્મા તમારા ઉપર કૃપાવંત જ છે ! બીજાની કૃપાની તમારે જરૂર નથી ! અને એ કૃપા કરે એટલે તમારી અવસ્થામાં સુખ-શાંતિ, સુખ-આનંદ-શાંતિ, સમભાવ, નિર્દોષતા એવું બધું પ્રગટ થાય અને આનંદ... આનંદ... રહે એવી કૃપા વરસાવવા તમારો કારણપરમાત્મા કારણપણે હંમેશાં તૈયાર જ છે !! તમે એની કૃપાને પાત્ર જ છો અથવા તમારું જ એ સ્વરૂપ છે. એક જરાક તમે પાછુ વાળીને અંદર જોઈ લ્યો ને કે તમે કેવા છો !! આમ જે જોવો છો એના બદલે આમ થઈને જરાક જુવો તો તમારા પરિપૂર્ણ પરમસ્વરૂપના તમને દર્શન થશે, શ્રદ્ધા થશે, તમારું આખું ભવન ફરી જશે !'

મુમુક્ષુ :– જ્ઞાનીપુરુષોના વચનો સાંભળ્યા પછી જીવને એમ થાય છે કે ઉદયમાં જોડાઉં છું એ મારી ભૂલ છે પરંતુ પાછો જ્યારે ઉદય આવે છે ત્યારે આમ તરત જોડાય જવાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં શું છે કે, અભ્યાસ માગે છે, અભ્યાસ તો માગે છે. ક્યો અભ્યાસ ? પ્રયત્નનો અભ્યાસ–પુરુષાર્થનો અભ્યાસ માગે છે. પર્યાયે-પર્યાયે પુરુષાર્થ જોઈએ એમ સાતમા બોલમાં કહ્યું કે નહિ ? એટલે આ વિષય પુરુષાર્થનો વારંવારનો અભ્યાસ માગે છે. અનાદિની ઊંધી ટેવ પડી છે અને શ્રદ્ધા તો કરી નથી પણ નિર્ણય પણ કર્યો નથી. મારું સુખ ક્યાં ? મારામાં કે બહારમાં ? અને મારું સ્વરૂપ કેવું ? એનો નિર્ણય પણ કર્યો નથી.

મુમુક્ષુ :– બહારમાં દુઃખ તો લાગે છે કે, આ ઉદયમાં મારે ન જોડાવું જોઈએ. પણ પાછો ઉદય આવે છે ત્યારે ભરમાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– બધાં ઉદયમાં દુઃખ લાગે છે કે ક્યાંક મીઠું પણ લાગે છે ? આટલો વિચાર કરવાનો રહે છે. ઉદયમાં બધે દુઃખ લાગે છે કે ક્યાંક મીઠું પણ લાગે છે ? બસ ! આ મીઠાશ છે એ ઝેર છે ! જ્યાં કોઈપણ ઉદયના પ્રસંગમાં ઠીક લાગે છે, અધિકાઈ

આવે છે, મીઠાશ લાગે છે ત્યારે જીવ ઝેર ખાય છે ! એટલે પોતાનો જે અમૃત – આનંદઅમૃત સ્વભાવ છે, એનાથી એને અપ્રાપ્ત થાય એવી સ્થિતિને એ વધારે મજબૂત કરે છે. મીઠાશનો રસ લઈને એ સ્થિતિને એ મજબૂત કરે છે. આ ગડબડ છે.

બીજું, નિર્ણય અનુસાર પરિણામ થવાના–નિશ્ચય અનુસાર પરિણામ થવાના. જ્યાં સુધી પરપદાર્થમાં સુખનો નિશ્ચય છે (ત્યાં સુધી) ઉદયમાં, અનુકૂળતામાં, ઇચ્છિત પદાર્થોના સંયોગમાં, અનિષ્ટ વિયોગમાં એને સુખ થયા વિના, સુખ લાગ્યા વિના, ઠીક લાગ્યા વિના રહેશે જ નહિ. કેમકે એક નિશ્ચય કરી નાખ્યો છે. નિશ્ચય અનુસાર પરિણામ થવાના. નિશ્ચય બદલાય નહિ–નિર્ણય બદલાય નહિ (એટલે કે) સુખનો સાગર, આનંદનો સાગર મારો પ્રભુ આત્મા છે એ જ્યાં સુધી નિશ્ચયમાં આવે નહિ ત્યાં સુધી પરિણામની દિશા અને પુરુષાર્થની દિશા બદલાતી નથી. પુરુષાર્થ તો ઊંધો ચાલે જ છે પણ પુરુષાર્થની દિશા આ બાજુની થતી નથી.

મુમુક્ષુ :– જ્ઞાનીનાં વચન ઉપર વિશ્વાસ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– વિશ્વાસ નથી. પોતાના ઉપર પણ વિશ્વાસ નથી એટલે એ સ્વરૂપના કહેનારા ઉપર પણ એને વિશ્વાસ નથી. વિશ્વાસ છે એ એને અનુકૂળતામાં સુખ લાગે છે. પ્રતિકૂળતામાં દુઃખ અને અનુકૂળતામાં સુખ–એમાં વિશ્વાસ છે.

પ્રશ્ન :– સંસારના કહેવાતા મીઠાં પ્રસંગોમાં જે ઓતપ્રોત થઈ જાય છે એમાં ખરેખર મીઠાશ નથી એમ ક્યારે ભાસે ? કેવી રીતે ભાસે ?

સમાધાન :– એ તો વિચારજ્ઞાનથી પહેલાં થોડું નક્કી કરવું પડે અને પછી અનુભવજ્ઞાનથી નક્કી કરવું પડે છે. વિચારજ્ઞાનથી પોતાના સ્વરૂપના નિર્ણય સુધી પહોંચવું પડે છે અને અનુભવજ્ઞાનમાં વિકલ્પમાત્રનો–રાગમાત્રનો આકુળતાપણે અને દુઃખપણે અનુભવ થાય છે એ દુઃખ ન લાગે તો ત્યાંથી હટવાનો કોઈ અવસર નથી, ખસવાનો કોઈ અવસર નથી. વિકલ્પથી ખસીને જીવ નિર્વિકલ્પ ક્યારે થાય ? કે, જ્યારે એને વિકલ્પમાં દુઃખ લાગવા માંડે ત્યારે. ત્યારે (દુઃખ લાગે) એ પણ કેટલોક પ્રયત્નનો અભ્યાસ કરે ત્યારે. ત્યારપછી વારંવાર પ્રયત્ન થાય ત્યારે.

મુમુક્ષુ :– વિકલ્પનો બોજો તો ઘણો લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :– વિકલ્પનો બોજો ક્યારે (લાગે છે) ? પ્રતિકૂળતાઓ થાય ત્યારે ? કે મીઠાં લાગે છે એ વિકલ્પનો પણ બોજો લાગે છે ? આમાં જીવ ક્યાં ભૂલ કરે છે ? (કે) કેટલાક વિકલ્પનો બોજો લાગે છે પણ કેટલીક જગ્યાએ એને વિકલ્પ મીઠાં લાગે છે

ત્યાં એને બોજો નથી લાગતો. એ ભૂલ છે. એ તો એક સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પમાં જ્યારે બોજો લાગવા માંડે, આત્માનો વિકલ્પ ઉઠે અને બોજો લાગે ત્યારે સમજવું કે હવે વિકલ્પમાં બોજો લાગે છે. પૂજા, ભક્તિ, શાસ્ત્ર સ્વાધ્યાય એ તો બધાં સ્થૂળ વિકલ્પ છે. સંસારની અનુકૂળતાના વિકલ્પ એ તો એથી પણ સ્થૂળ છે. પણ આત્માનો વિચાર કરે (એમાં) પણ સ્થૂળ વિચાર(માં) બોજો છે પણ સૂક્ષ્મ વિકલ્પ ઉઠે એ પણ બોજો લાગે ત્યારે જીવ ત્યાંથી ખસે છે. હવે, (પોતાને) કેટલું આઘું છે (એ) માપી લેવું ! આ એનું માપ છે કે ભાવથી કેટલું દૂર છે.

'ગુરુદેવ' કહેતાં કે, 'ભાઈ ! સુખી થવું હોય, જેને સુખી થવું હોય એના માટે આ વાત છે.' પ્રવચનમાં ઘણીવાર આમ કહેતાં કે, 'ભાઈ ! જેને સુખી થવું હોય એના માટે વાત છે.' એટલે ઉપાધિમાત્ર દુઃખ છે. જ્ઞાન સ્વભાવથી નિરૂપાધિક છે પણ સ્વચ્છતાને લીધે અન્ય જ્ઞેયનું પ્રતિબિંબ પડતાં સીધી જ ઉપાધિ ધારણ કરી લે છે. પોતાને ચૂકે છે અને જેનું પ્રતિબિંબ પડે છે, જ્ઞેયનિષ્ઠતા હોવાને લીધે સીધી ઉપાધિ ગ્રહણ કરે છે. સ્વભાવે પોતે નિરૂપાધિક છે પણ એવું પોતાને પોતાનું ગ્રહણ નથી. વેદનથી અને વ્યાપ્ય-વ્યાપકતાથી પોતાનું ગ્રહણ કરે તો આખો દ્રવ્યસ્વભાવ, આખું દ્રવ્ય ગ્રહણ થાય એવું છે. કેમકે વસ્તુ અને વસ્તુની અવસ્થા અભિન્ન છે, અભેદ છે એટલે. ત્યાં માત્ર અવસ્થાનું ગ્રહણ નથી થતું, વસ્તુનું ગ્રહણ થઈ જાય છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'ના એક વચનને પકડે તો...

પૂજ્ય ભાઈશ્રી :- તો બેડો પાર છે ! પકડ તો એક જ થાય એવું છે. વિપરીત (અને) અવિપરીત-બે પકડ તો એકસાથે થાય નહિ. વાંદરાએ ચણા ખાવા માટે ઘડામાં હાથ નાખ્યો. ચણા પકડ્યા (કે) ચણા ખાઉં. હાથ બહાર કાઢવા જાય તો નીકળે નહિ. એને એમ છે કે, હું ચણા લેવા ગયો અને ઘડાએ મને પકડ્યો ! મને ધરી લીધો. કેમકે એ તો કૂદકા મારવાવાળું પ્રાણી છે. આ ઘડાએ મને પકડ્યો તો હું કૂદકા કેવી રીતે મારીશ ? મારું બધું બંધ થઈ જશે. ઘડાએ મને પકડ્યો...! ઘડાએ મને પકડ્યો...! ઘડાએ મને પકડ્યો...! ભ્રમમાં એને આ દશા થઈ હતી. પણ એને ખબર નથી કે આ મૂઠી છે એ મોટી થઈ ગઈ એટલે ઘડામાંથી હાથ નીકળતો નથી. પોતે છોડે તો હાથ નીકળે.

એમ 'ગુરુદેવ'ની વાત સાચી, પકડવા જેવી છે (એમ લાગે). આ મિથ્યાત્વ અવસ્થામાં પણ વિચારજ્ઞાન આટલું કામ કરે છે, હોં ! મિથ્યાત્વ અવસ્થામાં આટલું તો કામ કરે છે

કે, આ ગુરુની વાત સાચી, આ શાસ્ત્રની વાત સાચી, આ દેવની વાત સાચી, આ જ્ઞાનીની વાત સાચી. પણ પકડ છોડે નહિ ! એટલે એ જ્ઞાનની સાથે એને પ્રતીતિ નથી, પ્રતીતિનો સાથ નથી. પ્રતીતિનો સાથ નથી મળતો એ જ્ઞાન બેકાર જાય છે, નિષ્ફળ જાય છે. એ પોતાના હિતનું કાર્યસાધક નીવડતું નથી, નકામું જાય છે. અંગ-પૂર્વ ભણીને પણ અનંત વાર એ રીતે કર્યું છે કે, આ જ સાચું ! દ્રવ્યલિંગી મુનિ થયો તો અન્ય મતને તો કાંઈ માને નહિ. એમ સમજીને અંગ-પૂર્વનું અધ્યયન કર્યું છે (પણ) પ્રતીતિ નથી.

પ્રતીતિ નથી એનું કારણ સ્વલક્ષ નથી. એને પોતામાં મેળવતો નથી, પોતામાં મેળવતો નથી. હવે, આ વાત તો સીધીસાદી છે કે, રાગમાં દુઃખ છે. વિકલ્પમાં દુઃખ છે, રાગમાં દુઃખ છે અને દુઃખ એ અનુભવનો વિષય છે. એ કાંઈ વિચાર કરીને સમજવાનો વિષય નથી. ગળપણ છે એનો વિચાર કરીને નક્કી કરે કે સ્વાદ લઈને નક્કી કરે ? કડવો પદાર્થ હોય એને સ્વાદથી નક્કી કરે કે વિચારથી એનું કડવાપણું નક્કી કરે ? સુદર્શન કડવું કેટલું અને જલેબી ગળી કેટલી ? એ સ્વાદનો વિષય છે એમ દુઃખ પણ સ્વાદનો (વિષય છે અને) સુખ પણ સ્વાદનો વિષય છે. ભલે તને આત્માના સુખના સ્વાદની ખબર નથી પણ વિકલ્પમાં દુઃખ કહે છે અને વિકલ્પ તને ચાલે છે તો એના તો અનુભવમાં અને તપાસમાં જા ! એની તપાસમાં તો તું જા ! કે, આ અનુભવ થાય છે એમાં આ કઈ જાતની ભૂલ ?! હું આવો વિચક્ષણ અને બુદ્ધિવાળો કહેવાઉં છું અને મારી પર્યાયમાં છેતરાઉં છું !? આખી દુનિયામાં હું ક્યાંય ન છેતરાઉં એવું તો એને ઘમંડ હોય કે, કોઈ મને ન છેતરી શકે ! દુકાને બેઠો હોય ને કાંઈ છેતરાય જાય ? તો તો પછી દુકાન બંધ કરવાનો વારો આવે, જો છેતરાય જાય તો. એમાં તો બરાબર જાગૃત છે કે, નહિ, ક્યાંય કોઈ મને છેતરી (ન જાય). પણ આ તારી પર્યાયમાં પર્યાયે-પર્યાયે છેતરાય છે !! છે દુઃખ અને તને દુઃખ લાગતું નથી. આ જ મોટી છેતરામણ છે, આથી કઈ મોટી છેતરામણ જોઈએ ? અને એક-એક સમયની–પ્રતિ સમય તારી છેતરામણ છે.

મુમુક્ષુ :– વિચારમાં તો એમ જ લાગે છે કે, ધર્મ જ શરણરૂપ છે.

પૂજ્ય ભાઈશ્રી :– ધર્મ શરણરૂપ છે, હા, પણ એ તો નિરાકુળ ધર્મ તો શરણરૂપ છે પણ જો ધર્મ શરણરૂપ છે તો અધર્મ છે એનું શરણ તો છોડવું રહ્યું કે નહિ ? રસોડામાં દૂધ ઉઘાડું રહી ગયું હોય અને ઢેઢગરોળા આંટા મારતા હોય તો શંકાથી પણ ન પીવે ! ઝેરનું પારખું કરે ? (એમ કહે કે), નાખી દ્યો, ભાઈ ! ઘી હોય તો કહે, નાખી દ્યો એટલું.

જેટલું હોય એટલું, હવે ઇ નાખી દ્યો ! કેમકે ઢેઢગરોળી અહીંયાં જ ફરતી હતી. એને જોઈ ગયા હોય તો જરા પણ એમાં નિઃશંક થઈને એનું મમત્વ નથી રાખતા. અને રાગરસનું ઝેર–મીઠાશનું ઝેર છે એ ઝેર દેખાણું નથી (એટલે) એની મીઠાશ લીધા કરે છે. રાગની મીઠાશ લે છે કે નહિ ? એમાં ઝેર છે ઇ દેખાતું નથી.

પ્રશ્ન :– ઝેર ઝેર રૂપે કેમ નથી દેખાતું ?

સમાધાન :– એટલી જાડી બુદ્ધિ છે ! એટલી સ્થૂળ બુદ્ધિ છે ! આમ કોઈ એમ કહે કે, સ્થૂળબુદ્ધિવાળો છો ! તો એને તકલીફ થાય. પણ સીધીસાદી વાત છે કે, જ્ઞાન છે એ ઘણું સ્થૂળ છે. તપાસતું નથી, પોતાના ભાવની તપાસ કરતું જ નથી, અવલોકન કરતું નથી, પોતાને જોતું નથી તો મોટી ગડબડ થાય છે ! પોતાના ચાલતા ભાવોની તો તપાસ રાખે નહિ, એનું અવલોકન કરે નહિ, એનું સંશોધન કાંઈ કરે નહિ અને દુનિયાભરનું ડહાપણ કરે ! શાસ્ત્રોના શાસ્ત્રો વાંચીને એમાંથી આ આમ કહે છે, અહીંયાં આ અપેક્ષા છે, અહીયાં આ વિવિક્ષા છે, ફલાણું આમ છે, અહીંયાં આમ છે, આ ગાથાનો અર્થ આમ છે, આનું આમ થાય... આનું આમ થાય... ઇ કાંઈ કામમાં આવે એવું નથી. ન તો દુનિયાનું ડહાપણ કામમાં આવે એવું છે કે ન તો શાસ્ત્રનું અર્થઘટન કામમાં આવે એવું છે. સ્વલક્ષે પોતાને જોવે ત્યારે એ શાસ્ત્રોમાં કહેલાં ભાવોનો ઉપયોગ થાય છે. ઉપયોગ વગર વસ્તુ શું કામની ?

નિશ્ચય થાય (એટલે કે) સ્વરૂપનિશ્ચય થાય એને તો Guaranteed સંસ્કાર થઈ ગયા. પણ એ પહેલાં જે સંસ્કાર પડે છે એમાં તો સંસ્કાર પડ્યા હોય એને ખબર પણ ન પડે કે સંસ્કાર પડ્યા છે. એવી એક ગૂઢ અસર છે, ઊંડી અસર છે અને એ અવસ્થામાં એ જીવનો એ વિષય નથી, એના જ્ઞાનનો એ વિષય નથી, એની સમજણનો એ વિષય નથી રહેતો. (પરંતુ સંસ્કાર) પડી ગયા હોય તો બહુ મોટી વાત છે ! ન પડી ગયા હોય તો અનાદિની જે સ્થિતિ છે એ છે, પડી ગયા હોય તો નિવેડો આવી જશે ! એક-બે ભવમાં જાગૃતિ આવશે, કદાચ આ ભવમાં આવી જશે (તો) સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી લેશે. મોટી વાત છે–સંસ્કાર પડે એ મોટી વાત છે ! પણ જેટલા સાંભળે છે એટલે એ બધાંને સંસ્કાર પડે જ છે એવું નહિ બને.

પ્રશ્ન :– સંસ્કાર પડ્યા હોય એની શ્રદ્ધામાં પલટો દેખાય કે ન દેખાય ?

સમાધાન :– ન દેખાય, એને ખબર ન હોય, એને કાંઈ દેખાય નહિ. એને પણ ન દેખાય અને બીજાને પણ ન દેખાય. એવું બને. તિર્યંચમાં જાય તો ત્યાં સમ્યક્ લઈ લે

અને નારકીમાં જાય તો ત્યાં સમ્યક્ લઈ લે. તિર્યંચમાં પણ લઈ લે. અહીંયાં ઉઘાડ હોય (પણ) જ્ઞાનનો–બુદ્ધિનો દુરુપયોગ કરતો હોય, ત્યાં ઉઘાડ ઘટી ગયો હોય અને સંસ્કારવશ એકલા પ્રયોજન ઉપર આવી જાય તો અલ્પકાળમાં સાધી લે.

'શ્રીમદ્જી'એ 'આત્મસિદ્ધિ'ની અંદર સંસ્કારનું લક્ષણ બાંધ્યું છે કે, જે અભ્યાસ થવો ઘટે, અતિ પરિશ્રમે જે અભ્યાસ થવો ઘટે તે અલ્પ પ્રયાસથી થાય છે એ સૂચવે છે કે ત્યાં એને સંસ્કાર છે. એ સંસ્કારની ગાથા ચાલી છે. વિના પરિશ્રમે તે થયો, બહુ અલ્પ પરિશ્રમે થાય છે. એવી એક ગાથા છે–પદ છે, યાદ નથી રહી. એ પદ છે ખરું. તો એ એનું સૂચક છે.

એકવાર રાત્રિચર્ચામાં ('ગુરુદેવ'ને એક ભાઈએ) પ્રશ્ન પૂછ્યો હતો કે, 'સાહેબ ! અમે શ્વેતાંબર સંપ્રદાયમાં ખૂંચી ગયેલા હતા.' (એ ભાઈ) આવ્યા હતા 'પાલીતાણા' જાત્રા કરવા, એમાંથી 'સોનગઢ' વચ્ચે હતું તે પલટો મારી ગયા. ત્યારે ખ્યાલ આવ્યો કે કેટલા ડૂબેલાં હતા એમાં ! રચ્યા-પચ્યા હતા ! એટલે થયું કે, 'આખો સંપ્રદાય છોડીને અહીંયાં આવ્યા હવે આપ જે કહો છો એ એવું રુચે છે...' ભક્તિવાળા બહુ હતા, 'ગુરુદેવ' પ્રત્યેની ભક્તિ બહુ હતી. ભક્તિપ્રધાન એમનું પરિણમન હતું. (એમણે પૂછ્યું કે) 'એટલું તો ખરું ને કે સંસ્કાર પડી જશે ?' (તો 'ગુરુદેવે' કહ્યું) 'એવું કાંઈ માપ નથી.' સંપ્રદાય છોડીને આવ્યા ને આ સંપ્રદાયમાં આવ્યા ને અહીંયાં બહુમાન અને ભક્તિ થાય છે એટલે સંસ્કાર પડી જાય એવું કાંઈ નથી. એમણે એમ પૂછ્યું હતું કે, 'પૂર્વ સંસ્કાર હશે એટલે આમ થયું ને ?' સંસ્કાર પડી જશે એમ નહોતું પૂછ્યું, હવે યાદ આવ્યું. પ્રશ્ન એમનો આમ હતો કે, 'અમારા પૂર્વના સંસ્કાર હશે એટલે આમ થઈ ગયું ને કે, અમે એ સંપ્રદાય છોડીને આપની પાસે આવી ગયા ?' તો 'ગુરુદેવે' કહ્યું કે, 'ના. એવો કોઈ નિયમ નથી.' એવો કોઈ નિયમ નથી કે, પૂર્વના સંસ્કાર હોય. તો (પેલા ભાઈએ એમ પૂછ્યું કે) 'તો પછી સંસ્કારનું શું સમજવું ?' તો (એના જવાબમાં) રાત્રિચર્ચામાં 'ગુરુદેવે' 'શ્રીમદ્જી'ની 'આત્મસિદ્ધિ'ની ગાથાનો આધાર આપ્યો હતો કે, ત્યાં ભવની શંકા શું ? એટલે એને સંસ્કાર પડી ગયા. તારા અનંત ભવ છે એમ શંકા ન કરતો. એમ ત્યાં કહેવું છે. ઘણા પરિશ્રમે તત્ત્વનો જે અભ્યાસ થાય એવો નિજ તત્ત્વનો અભ્યાસ સહેજે-સહેજે અવિરોધપણે પકડાય છે. નહિતર શું થાય છે કે, ઊંધાં સંસ્કાર અને ઊંધાં લાકડાંને લઈને જીવને અનેક જગ્યાએ વિરોધ આવે, જ્ઞાનીની વાત બેસે નહિ, સત્પુરુષની વાત બેસે નહિ એવા અસમાધાનના અનેક પ્રકાર ઊભા થાય.

ત્યારે (સંસ્કારી જીવને) સીધેસીધું સરળતાથી બધું બેસવા લાગી જાય. ઘણા અભ્યાસે જે તત્ત્વનો અભ્યાસ–અધ્યાત્મતત્ત્વનો અભ્યાસ થાય એ અલ્પકાળમાં અલ્પ પ્રયાસે, અલ્પ અભ્યાસે, અલ્પ પરિશ્રમે થાય છે, તો એને સંસ્કાર પડી ગયા હોય છે. એ એનું કારણ હોય છે. એટલે એને હવે ભવની શંકા કરવાની જરૂર નથી. મારે અનંત ભવ હશે તો ? આ શંકા કરવાની એને જરૂર નથી. એવું સંસ્કારનું એક લક્ષણ છે. એટલે જે અંતરમાં તપાસ કરતા હોય, અવલોકન કરતા હોય એને ખ્યાલ આવી જાય કે, આ કેમ આમ થઈ ગયું ? બીજા બહુ મહેનત કરે છે ત્યારે માંડ-માંડ પકડે છે, અહીં તો સીધેસીધું જ બેસે છે. જ્ઞાની આમ કહે છે અને અંદરમાં સીધું એમ લાગે છે કે, બરાબર છે. આમ જ (છે). એનો આત્મા અંદરથી કબૂલ કરવા મંડે છે. બધી વાતનો હકાર આવવા મંડે છે, સોએ સો ટકાનો !

નહિતર શું થાય છે કે, હા પાડવાવાળામાં એક વર્ગ એવો હોય છે અથવા બહુભાગ મોટો વર્ગ એવો છે કે, બધી વાતની હા નથી પાડતા. કેટલીક વાત સ્વીકારે છે, કેટલીક વાતનો એને અંતરથી સ્વીકાર થતો નથી. આ રહી જાય છે. એવું એને ન રહે. ન રહે એટલે એવું એણે કાંઈ કૃત્રિમપણે નક્કી નથી કર્યું કે, સોએ સો વાત માની લેવી. આપણે ક્યાંય શંકા કરવી નહિ. એને રીતસર સમજાય છે અને સમજણપૂર્વક શંકા થતી નથી. એવું એના જ્ઞાનમાં સીધેસીધું સરળતાથી સંસ્કારને વશ બેસે છે. જ્યારે પૂર્વસંસ્કાર – પૂર્વગ્રહને કારણે, પૂર્વના મિથ્યા આગ્રહને લીધે કેટલીક વાત બેસે અને કેટલીક વાત ન બેસે. આ બરાબર નથી, અહીંયાં બરાબર નથી લાગતું, આટલી વાત નથી બેસતી. ક્યાંકને ક્યાંક એને થયા કરે. આ ગડબડ છે.

મુમુક્ષુ :– યથાર્થ તો એમ છે કે, સ્વભાવની વાત સાંભળતાં સોંસરવટ કાળજે ઘા પડી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ મહિમાનો બોલ છે. (છઠ્ઠા બોલમાં) નીચે છેલ્લો શબ્દ છે. **'યથાર્થ ભૂમિકામાં આવું હોય છે.'** કે જે મુમુક્ષુજીવની સમ્યગ્દર્શન પહેલાં સમ્યગ્દર્શનને યોગ્ય એવી યથાર્થ ભૂમિકા છે એને સ્વભાવનો આવો મહિમા આવે. એવો સ્વભાવ એને રુચે ! સ્વભાવ સંભળાવનાર આવે એટલે એ સ્વભાવ એટલે એનો રુચિનો વિષય ! એની રુચિ પુષ્ટ થયા કરે. જેમ ભૂખ્યા માણસને કોઈ મિષ્ટાન્ન જમાડે (ત્યારે) નથી કહેતા કે, એ તો તૃપ્ત થઈ ગયો, એની આંતરડી ઠરી ગઈ ! એમ નથી કહેતાં ? જાણે કે છ મહિનાનો

ભૂખ્યો હોય અને બત્રીસ કોઠે દીવા થયા હોય ! એવું એને આમ શરીરને પોષણ મળ્યું ! એમ આત્માના પ્રદેશે-પ્રદેશે જાણે એને સ્વભાવનું પોષણ મળતું હોય !! એવો સ્વભાવનો મહિમા આવે ત્યારે એ લક્ષણ એની પાત્રતાની યથાર્થ ભૂમિકાનું છે એ મેળવી લેવું. ન આવતો હોય તો કેટલો દૂર છે એ પણ એણે મેળવી લેવું. એ બધી બહુ ગંભીર વાતો કરી છે.

મુમુક્ષુ :– આપે કીધું ને કે જ્ઞાનીની સોએ સો વાતો સાંભળતાં હકાર જ આવે. એમાં કાંઈ વિકલ્પ ન કરવો પડે.

પૂજ્ય ભાઈશ્રી :– સીધું જ ઊતરી જાય, સીધું ઊતરી જ જાય. એ પણ સંસ્કારને સૂચવે છે. અથવા મિથ્યા આગ્રહ એવા છૂટી ગયા છે કે જેને લઈને એને ક્યાંય નડતર થતું નથી. નહિતર ત્યાં સુધી જીવનો ઊંધો ક્ષયોપશમ–તર્ક પહોંચી જાય કે અહીંયાં પણ જ્ઞાનીની ભૂલ થઈ હતી, હોં ! આ જગ્યાએ પણ એકવાર બોલી ગયા હતા, એકવાર અહીંયાં ભૂલ થઈ હતી પછી ફેરવવું પડ્યું, આમ કરવું પડ્યું... પહેલાં આમ કીધું હતું પછી આમ ફેરવ્યું !! એ બધી ગડબડ બહુ લાંબી ગડબડ છે.

(અહીંયાં) દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. ગજબનું કામ થાય છે કે આખું ભવન ફરી જાય છે !! અહીંયાં આ બોલમાં મુખ્યપણે એક જ્ઞાનનું પડખું લ્યે છે કે, સ્વ અને પર બધાં જ દ્રવ્યોની મુખ્યતા થઈ જાય છે. પર્યાયો ગૌણ થાય છે તેથી રાગ-દ્વેષવાળા જીવોના પણ રાગ-દ્વેષ એમને દેખાતા નથી. રાગ-દ્વેષમાં બે પ્રકાર લેવા. એક–સામાન્ય રીતે જગતમાં બધાં સંસારી જીવો રાગ-દ્વેષવાળા છે. એવી એક સ્પષ્ટ સમજણ બધાંને છે કે, જગતનાં જેટલાં સંસારી જીવો છે (એ) બધાં જીવો રાગ-દ્વેષવાળા છે. પણ એની બહુ તકલીફ નથી. તકલીફ કોની છે ? કે, જે પોતા પ્રત્યે રાગ-દ્વેષ કરે એની તકલીફ છે. મારો દ્વેષ કરે તો પછી મને પોષાતી વાત નથી. મારો રાગ કરે, મારો અનુરાગ કરે (તો) બહુ સારું... બહુ સારું... બહુ સારું...! આ જે રાગ-દ્વેષવાળા છે એને જ્ઞાની એવી રીતે જોતાં નથી. અલૌકિક દૃષ્ટિ શું કામ કરે છે !

**'કોઈને અમે રાગદ્વેષવાળા દેખતા જ નથી.'** એટલે અમારા પ્રત્યે જે રાગ-દ્વેષ કરે છે એને પણ અમે રાગ-દ્વેષવાળા દેખતા નથી, પછી બીજાને (રાગ-દ્વેષવાળા) દેખવાનો પ્રશ્ન નથી રહેતો. એમ. આ બહુ મોટી વાત છે !! ચારિત્રની અસ્થિરતા અહીંયાં ગૌણ છે. ચારિત્રના રાગ-દ્વેષ થાય છે એ ગૌણ છે. પણ જે મુખ્યતા છે–દ્રવ્યસ્વભાવની, એને લઈને એની જે

જ્ઞાનમાં મુખ્યતા રહે છે એમાં જે એના રાગ-દ્વેષ પ્રત્યેનું વલણ (છે) એ બધું ગૌણ જ થઈ જાય છે. કોઈને રાગ-દ્વેષવાળા જોતા નથી. એના પ્રત્યે અનુરાગ કરે તો એ પોતે એના પ્રત્યે પ્રીત નથી કરતો. ભલે બીજા જીવો એને અનુસરે (તોપણ) એ અંતરંગથી નિસ્પૃહ રહે છે. આ વિશિષ્ટતા છે ! અંતરંગથી નિસ્પૃહ રહે છે ! જો એને સ્પૃહા થઈ તો ગયો ! એની જ્ઞાનદશા રહી શકે નહિ. એનું મૂળ આ છે.

એટલી મોટી ચીજ હાથમાં આવી છે કે, જેમ જેને રત્નનો સમુદ્ર મળે તો ઇ લોઢાના કાટ ખાધેલા કટકા કેટલાક વીણે ? મારા Godownમાં રત્નો રાખવાની જગ્યા નથી તો લોઢાને ક્યાં સંઘરવું ? સોનાને અડે નહિ ઇ તો ! લોઢાને તો અડે જ શેનો ? એમ એટલી મોટી ચીજ હાથમાં છે, દ્રવ્યદૃષ્ટિને લીધે કબજો છે ! અનંત ગુણ રત્નોના પિંડ ઉપર દૃષ્ટિએ કબજો કરી લીધો છે !! એને બીજું બધું ગૌણ છે. બહુ મોટી ચીજ હાથમાં આવી ગઈ છે ! દ્રવ્યદૃષ્ટિમાં બહુ મોટી ચીજ હાથમાં છે. એટલે તો કોઈવાર જ્ઞાની મસ્તીમાં બોલે છે તો કોઈને એમ થાય કે આ પાગલ થઈ ગયા કે શું !!

'શ્રીમદ્જી'એ શું કીધું ? કે, હે જગતના જીવો ! જગતમાં ભ્રમથી ભટકતા જીવો ! આ વર્તમાન મહાવીરને ભૂલીને ભૂતકાળના મહાવીરને શોધવા ક્યાં ભટકો છો ?! અમે આ કાળના બીજા શ્રીરામ છીએ અથવા તો અમે પચીસમાં તીર્થંકર છીએ. સીક્સર મારી સીધી !! કેમકે નિયમ-બંધન-Boundry તો ચોવીસ તીર્થંકરની છે. આ તો Overbound છે !! ભરતક્ષેત્રની અંદર ચોવીસ તીર્થંકરની બહાર પચીસમાં તીર્થંકર તો ત્રણકાળમાં બનતા નથી. તો કહે (છે કે), અમે અત્યારે આ પચીસમાં છીએ ! કેમકે ચીજ હાથમાં આવી ગઈ. અજ્ઞાનીનું તો મગજ ફાટી જાય એવી વાત છે ! સહન ન કરી શકે. એ બધી મસ્તીમાંથી નીકળેલી વાતો છે !!

મુમુક્ષુ :- પચીસમાં તીર્થંકર કહેવું એ જરા વધારે નથી લાગતું ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાની તો કહે છે કે, તું આશય સમજ ! ચોવીસ તીર્થંકરનો કાળ આ ક્ષેત્રે પૂરો થઈ ગયો. બરાબર છે ? હવે, તીર્થંકરે કહ્યું એ વાત અમારી પાસે છે, તારે જોઈતી હોય તો ! છે કાંઈ ? તારે લેવાની જગ્યા છે ? એમ કહે છે. તો તારા માટે અમે પચીસમા (તીર્થંકર) થઈ ગયા કે નહિ ? એમ.

'સોગાનીજી'એ તો એથી વધારે સીક્સર મારી છે !! એ તો કહે, 'અનંત તીર્થંકરથી મારા માટે વધારે છે !!' એક તીર્થંકર નહિ, પચીસમા પણ નહિ, અનંત તીર્થંકર સામે

બેસાડો તો એના કરતાં મારું આ પલ્લું ભારે છે !! એ તો તુલના કરવાની શક્તિ ગજબની છે ! એવી વાતો છે. સાધારણ જીવનું મગજ નાનું પડે એવું છે. આશય શું છે ? એ વાતની અંદર–કહેવાની પાછળ એનો Force કેટલો છે ! એ સમજવું જોઈએ.

(અહીંયાં) એ એટલા માટે લીધું છે કે, પોતા પ્રત્યે રાગ-દ્વેષ કરનારા–રાગી છે એને પોતાને અનુકૂળ વર્તનારા માને છે અને દ્વેષી છે એને પોતાને એના પ્રતિકૂળ વર્તનારા–વિરોધી માને છે. (તો) કહે છે કે, **'એ ભલેને પોતાને ગમે તેવા માનતા હોય,...'** સામે માથાનો વાઢનાર ઊભો હોય તોપણ અહીંયાં તો દ્રવ્યદૃષ્ટિએ એને ચૈતન્ય જોઈએ છીએ, ભગવાન જોઈએ છીએ, એમ કહે (છે). એટલે કહે છે કે, **'એ ભલેને પોતાને ગમે તેવા માનતા હોય,...'** ખબર છે કે, એ આખેઆખો પોતાને એમ જ માને છે.

**'પણ જેને ચૈતન્ય–આત્મા ઊઘડ્યો...'** જેને ચૈતન્ય ઊઘડ્યો એટલે જેને આત્મા ઊઘડ્યો. જુઓ ! કેવો શબ્દ આવ્યો છે ! પણ જેને ચૈતન્ય એટલે આત્મા ઊઘડ્યો છે **'તેને બધું ચૈતન્યમય જ ભાસે છે.'** 'બધું' એટલે બીજા આત્માઓ. જડ (પદાર્થો) ચૈતન્યમય ભાસે છે એમ અહીંયાં નથી કહેવું. 'બધું' એટલે જડ ન લેવું. અહીંયાં બધાનો અર્થ છે – બીજાઓ–બીજા આત્માઓ છે એ બધાં આત્માઓ એને ચૈતન્યમય જ ભાસે છે. એટલે પરિપૂર્ણ ચૈતન્યસ્વરૂપે એને એ જોવે છે. એની એક સમયની અવસ્થામાં–એક અંશમાં થતી ભૂલને એ ગૌણ કરીને જાણે છે. આખા આત્માને મુખ્ય કરીને જાણે છે. એનું એને જ્ઞાન રહે છે. આ સિવાય એને એના પ્રત્યે રાગ-દ્વેષ થતાં નથી કે, કેમ આમ કરે છે ? કેમ આમ કરે છે ? કેમ આમ કરે છે ? એ કાંઈ એને લાગતું નથી. એની ભૂલ એ ભાંગશે ત્યારે એ પણ સમજશે કે, હું પરિપૂર્ણ પરમાત્મા છું ! ભૂલ નહિ ભાંગે ત્યાં સુધી એની અવસ્થામાં આ રાગ-દ્વેષનો ખખડાટ થયા જ કરવાનો છે અને એમાં એ બિચારો જીવ આખેઆખો પકડાયેલો હોવાથી ઘણો દુઃખી થાય છે. પણ આખો પકડાય ગયો છે ત્યાં બીજો કોઈ ઉપાય નથી. બાકી મૂળ સ્વરૂપ તો અખંડ ચૈતન્ય એનું પણ એમને એમ અકબંધ જ છે, એમાં કાંઈ ફેરફાર નથી.

મુમુક્ષુ :– ૧૭-૧૮ ગાથામાં એમ કહ્યું કે ભગવાનઆત્મા જ જણાય રહ્યો છે, એક જ્ઞાયક જ જણાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ૧૭-૧૮ ગાથાનું એક રહસ્ય બહુ ઊંડું છે. (ચાલતા વિષય સાથે) સર્વાંશે નથી મળતું પણ ૧૭-૧૮ ગાથાનું રહસ્ય એવું છે કે, તારી અવસ્થામાં જે જ્ઞાન

છે, એમાં રહેલું જે જ્ઞાનવેદન છે ઇ જ ભગવાનઆત્મા છે ! જ્ઞાનમાં જે જ્ઞાન છે એટલે જ્ઞાનમાં જે સ્વભાવજ્ઞાન છે–જ્ઞાનસ્વભાવ છે, વ્યક્ત છે, વેદાતો સ્વભાવ છે, સર્વેને વેદનમાં આવી રહ્યો છે. કેમકે એનો ત્યાગ કરવો અશક્ય અને અસંભવિત છે. પણ જોવે તો ને ! એટલે એમ કહે છે કે, તને અનુભવાતો હોવા છતાં તને દેખાતો નથી. કેમકે એટલો તું ઉદયને વશ (થઈ) ગયો છે. છતાં પણ એનો તો ત્યાગ થઈ શકે એવું નથી. એટલે તું જો ! જ્યારે જો ત્યારે, તું જ્યારે જો ત્યારે તને તો તારા જ્ઞાનનું જ વેદન છે. તને તો તારું જ્ઞાન જ વેદાય રહ્યું છે. અને જ્યારે તને એ તપાસતા–અંદર અવલોકતા ઉપયોગમાં તારું એ જ્ઞાનવેદન પકડાશે ત્યારે આખો આત્મા પકડાય જશે ! એ જ્ઞાનાનુભૂતિ એ જ આત્માનુભૂતિ છે. ૧૭-૧૮ (ગાથામાં) એ વાત સમજાવવી છે એટલા માટે એ વાત કરી છે.

મુમુક્ષુ :– વમળમાં પકડાયેલા વહાણનું દૃષ્ટાંત લીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ ('સમયસાર'ની) ૭૩ (ગાથામાં) લીધું છે. ત્યાં ૭૩ ગાથામાં (સ્વરૂપ) નિર્ણયનો વિષય લીધો છે. અહીંયાં ઉદયને વેદતો–અધ્યાસે કરીને ઉદયને વેદતા એવા કોઈ પણ જીવને સીધેસીધી વાત એમ કહી છે કે, આબાળગોપાળને એટલે તને પણ ભગવાનઆત્મા – અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા અનુભવમાં આવી રહ્યો છે. પહેલી દૃષ્ટિએ તો–ઉપલક દૃષ્ટિએ તો એનો હકાર આવવો મુશ્કેલ પડે એવું છે. આત્માનો અનુભવ થઈ રહ્યો હોય તો આત્મામાં તો આનંદ છે, આનંદનો અનુભવ આવવો જોઈએ અને આનંદનો અનુભવ તો આવતો નથી. શાસ્ત્રથી સમજ્યો છે કે, જ્યારે સ્વાનુભવ થાય ત્યારે અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય. જો આત્માનો અનુભવ થતો હોય તો આનંદનો અનુભવ થયા કરે, પણ આનંદનો અનુભવ તો આવતો નથી. માટે આ વાત બેસતી નથી એમ એને લાગે છે. પણ અહીંયાં એ વાત પણ નથી કહેવી.

અહીંયાં તો એમ કહેવું છે કે, અંદર તપાસ (કે) તને અનુભવ શેનો છે ? એટલું તો તપાસ ! પરપદાર્થનો–પર વિષયનો તો તને અનુભવ થઈ શકતો નથી પણ તારા રાગનો પણ તને અનુભવ થવાને બદલે ખરેખર જ્ઞાનનો અનુભવ થઈ રહ્યો છે. રાગ તો જ્ઞાનમાં જ્ઞેયરૂપે છે. પણ જેવો રાગ છે એવો જ જ્ઞાનમાં પ્રતિબિંબિત થતો હોવાથી તને એમ લાગે છે કે, જ્ઞાનમાં રાગ થાય છે એટલે (કે) મારામાં રાગ થાય છે. એવો તને અધ્યાસ થાય છે. પણ સૂક્ષ્મદૃષ્ટિથી, સૂક્ષ્મ ઉપયોગથી જ્ઞાન અને રાગ વચ્ચેની ભિન્નતાને જો તો જ્ઞાનમાં

રાગ ત્રણકાળમાં નથી. જ્ઞાનમાં રાગ ત્રણકાળમાં આવ્યો નથી અને વેદન અપેક્ષાએ તો જ્ઞાનમાં એકલાં જ્ઞાનનું જ વેદન છે, બીજાંનું વેદન આવવું એવો કોઈ અવકાશ નથી. એ તપાસવા માટે એ ગાથા લીધી છે કે જરાક ઊંડો ઊતરીને તપાસ ! ઊંડો જઈને તપાસ ! ભલે અત્યારે તને ન જણાતું હોય તો એની તપાસ ચાલુ રાખ. જેમ ખબર પડી કે આ ચીજ મારાં હાથમાંથી અહીંયાં જ પડી છે, આ મોતી, આ હીરો અહીંયાં જ પડી ગયો છે તો ગામ બહાર ગોતવા જાય ક્યાંય ? જ્યાં ખોવાણો હોય ત્યાં જ ગોતે. એમ તારે ક્યાંય શાસ્ત્રમાં પણ ગોતવા જાવાની જરૂર નથી અને મંદિરમાં પણ ગોતવા જવાની જરૂર નથી. તારા જ્ઞાનમાં જ તારું જ્ઞાનતત્ત્વ છે. અને એ તો વેદનથી ઊપસીને બહાર આવે એવું – સમજાય એવું ઊપસેલું છે, નથી ઊપસેલું એવું નથી. પણ જીવને અભ્યાસ–જોવાનો અભ્યાસ–તપાસનો અભ્યાસ–શોધનો અભ્યાસ–અવલોકનનો અભ્યાસ નથી. એટલે એ વિષય એને સમજાતો નથી અને બીજો ઊંધો અભ્યાસ જોરથી ચાલુ ને ચાલુ છે. ઉદયમાં તો એવો ઘુસી ગયો છે કે વગર પ્રયત્ને જાણે તન્મય થઈ જવાય છે. એક સામાન્ય વાત હોય તોપણ એની અંદર જીવ તન્મય થઈને જ પ્રવર્તે છે. આ એકત્વબુદ્ધિની એટલી બધી સહજતા થઈ ગઈ છે. ઘણા કાળથી–અનંત કાળથી એ પ્રકારનું પરિણમન હોવાને લીધે એને શરૂઆતમાં એ છોડવું ભલે કઠણ લાગે પણ અશક્ય નથી, છૂટી શકે એવી વાત છે. અનંતાએ છોડ્યું છે. તું પણ એકવાર કૃતનિશ્ચય થઈને, દઢ નિશ્ચય કરીને, કડ બાંધીને બરાબર પુરુષાર્થ કર, પાછળ લાગીને પુરુષાર્થ કર તો તારે તારામાં જોવાનો અભ્યાસ ચાલુ રાખવો એટલું જ શરૂઆતમાં કરવાનું છે.

તારા જ્ઞાનમાં જ્ઞાનતત્ત્વ છે. ભગવાનઆત્મા આબાળગોપાળને સદાય નિરંતર અનુભવમાં આવી રહ્યો છે અને એ સ્વસંવેદનને લીધે પ્રગટ અને પ્રત્યક્ષપણે સાકાર છે અને અનુભવગોચર છે. પણ તને એની થોડી દરકાર જાગવી જોઈએ કે, અનંત જન્મ-મરણ મટાડીને જાવું છે. આ ભવમાં જન્મ-મરણ સાજાં રહે એવું મૂળિયું એમને એમ રાખીને જાવું નથી. અનંત જન્મ-મરણ તોડીને, મટાડીને જાવું છે. ગમે એમ કરીને મટાડવાં છે એટલું તો ઓછામાં ઓછું થવું જ જોઈએ. નહિતર પાછળ એટલું બધું અંધારું ઊભું છે (કે) પછી કાંઈ પત્તો નહિ ખાય. અહીંયાં બેદરકારી રહી (તો) પછી ક્યાંય પત્તો નહિ ખાય.

અહીંયાં (ચાલતા બોલમાં) તો દ્રવ્યદૃષ્ટિવાળા (જીવનું) વર્ણન કરેલું છે કે, **'જેને ચૈતન્ય–આત્મા ઊઘડ્યો...'** દ્રવ્યદૃષ્ટિએ કરીને જેનો આત્મા ઊઘડી ગયો, જેનો ચૈતન્ય ખૂલી ગયો

**'તેને બધું...'** (એટલે કે) બધાં આત્માઓ **'ચૈતન્યમય જ ભાસે છે.'** એક સરખાં સમદષ્ટિએ જોવે છે. એ જ એની મુખ્યતાનો વિષય છે. બીજું જણાય, સમજાય, ખ્યાલ આવે (પરંતુ) બધું ગૌણ થઈ જાય છે. એટલે કોઈ ઉપાધિ દ્રવ્યદષ્ટિવાળાને ખરેખર રહેતી નથી. જેમ નોકરી કરનાર ત્યાંને ત્યાં ખંખેરીને ઊભો થઈ જાય છે કે નહિ ? માણસને નામું લખવા બોલાવે છે કે, ચાર કલાક, પાંચ કલાક, આઠ કલાક આવીને તમારે નામું લખવાનું છે. એમાં સેંકડો રકમ જમાની થતી હોય અને સેંકડો રકમ ઉધારની થતી હોય એને કેટલી લેવા-દેવા ? ત્યાંને ત્યાં બધું મૂકીને જાય છે ને ? કો'કના સરવૈયામાં એની નીંદર ઉડતી નથી. એમ દ્રવ્યદષ્ટિવાળાને અનેક ચીજો જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય (તોપણ) એ બધું ત્યાંને ત્યાં મૂકી દ્યે છે, એકેયની ઉપાધિ ગ્રહણ કરતાં નથી. એવાં છૂટાને છૂટા રહે છે, ભિન્ને-ભિન્ન રહે છે.

મુમુક્ષુ :– જ્ઞાનવેદનથી આત્મા જણાય એમ કહ્યું તો જાણવું... જાણવું... એમ સ્વભાવ લેવો ? આનંદનું વેદન તો પ્રત્યક્ષ છે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– ભલે પ્રત્યક્ષ ન હોય. પહેલાં તો પોતાનો નિશ્ચય કરવા માટે અવલોકનનો અભ્યાસ કરે કે, હું જ્ઞાનમય તત્ત્વ છું. જ્ઞાનસ્વભાવ – પોતાના નિજ સ્વભાવ તત્ત્વનો નિશ્ચય કરવા માટે તો અવલોકનનો અભ્યાસ કરે. એમાં એને એ નિશ્ચય થતાં અનંત સુખના સાગરનો નિશ્ચય થઈ જશે અને આખા પરિણમનની દિશા બદલાશે તો આનંદનો અનુભવ કાંઈ દૂર નથી. કેમકે એ આનંદ તો પોતામાં જ ભરેલો છે.

પ્રશ્ન :– ૧૭-૧૮ ગાથામાં જણાય છે એમ કીધું એટલે શું ?

સમાધાન :– હા, ત્યાં એ નથી કહેવું. આનંદનો અનુભવ વર્તે છે એમ નથી કહેવું. પણ તને જ્ઞાનમાં જ્ઞાનનું વેદન છે અને એ જ્ઞાનમાં જ્ઞાનનું વેદન (છે) એ સ્વભાવનું વેદન છે (અને) સ્વભાવનું વેદન (છે) એ જ ભગવાનઆત્માનું વેદન છે. એમ કહેવું છે, ત્યાં એમ કહેવું છે.

પ્રશ્ન :– શબ્દ ઉપરથી ભાવ પકડવો હોય તો શું લેવું ?

સમાધાન :– જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... સ્વભાવ છે, અંદરમાં એનો જ અનુભવ થાય છે. અંદરમાં તપાસે તો એનો જ અનુભવ છે. એમ એને અંદર લઈ જવા માટે એ વાત છે – અનુભવ સુધી ખેંચવા માટે એ વાત છે. અહીં સુધી રાખીએ.

## પ્રવચન નં. ૧૨, વચનામૃત-૧૧,૧૨
### તા. ૧૮-૧૧-૧૯૮૬

**મુમુક્ષુઓને તથા જ્ઞાનીઓને અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય, પણ જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે. પણ જો એકાંત ઉત્સર્ગ કે એકાંત અપવાદની હઠ કરે તો તેને વસ્તુના યથાર્થ સ્વરૂપની જ ખબર નથી. ૧૧.**

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું-૪, ૧૧મું (વચનામૃત છે). **'મુમુક્ષુઓને તથા જ્ઞાનીઓને અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય, પણ જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે.'** આચરણ સંબંધી વિવેક કરવાનો આ વિષય છે. શુદ્ધ આચરણ એ એક આચરણ સંબંધીનો સિદ્ધાંત છે કે, આત્માનું શુદ્ધ આચરણ હોવું જોઈએ. તેમ છતાં એ શુદ્ધ આચરણ કરવા જતાં ક્યાંક ક્યાંક અપવાદ જોવામાં આવે છે.

ઉત્સર્ગ એટલે સિદ્ધાંત અને અપવાદ એટલે સિદ્ધાંતમાં ક્યાંક ફેરફાર કરવો પડે તેને અપવાદ કહે છે. કર્તવ્ય નથી છતાં પણ પોતાના પરિણામ અને શક્તિને જોઈને, પરિણામની

પ્રગટ શક્તિને જોઈને સિદ્ધાંત અનુસાર સીધું શુદ્ધ પરિણમન થઈ શકે એવી પરિસ્થિતિ ન હોય ત્યારે અપવાદમાર્ગને મુમુક્ષુજીવ અથવા જ્ઞાનીજીવ ગ્રહણ કરે છે. 'પ્રવચનસાર' શાસ્ત્રમાં 'ચરણાનુયોગસૂચકચૂલિકા'માં આ વિષય ચાલ્યો છે. ત્રીજો અધિકાર છે એ અધિકારમાં 'કુંદકુંદાચાર્યે' આ વિષય લીધો છે.

જગતમાં કુદરતી પરિસ્થિતિ એ રહી છે કે, ઊંચી ચીજની અછત રહી છે, એની અલ્પતા રહી છે. મોક્ષમાર્ગમાં આવેલા સાધકજીવોમાં પણ બે ભેદ જોવામાં આવે છે. એક– ઉગ્ર પુરુષાર્થવાળા જીવો અને એક–મંદ પુરુષાર્થવાળા જીવો. એક–તીવ્ર પુરુષાર્થવાળા જીવો અને એક પુરુષાર્થમાં થોડી શિથિલતા હોય (તેવા જીવો). પુરુષાર્થ બન્નેનો (છે), જાતિ બન્નેની એક (છે) પણ છતાં બન્નેની ગતિમાં ફેર હોય છે. જાતિ એક હોય, એક માર્ગે ચાલતા હોય, છતાં કોઈની ગતિ તીવ્ર હોય, કોઈની ગતિ મંદ હોય. કોઈ ધીમે ચાલે છે, કોઈ ઝડપથી ચાલે છે. એમાં તીવ્ર પુરુષાર્થવાળા જીવો બહુ અલ્પ હોય છે અને મોક્ષમાર્ગમાં આવેલા જીવોમાં પણ મંદ પુરુષાર્થવાળા જીવો ઘણાં હોય છે. એટલે વધુ સંખ્યા મંદ પુરુષાર્થવાળાની હોય છે (અને) બહુ અલ્પ સંખ્યા તીવ્ર પુરુષાર્થવાળાની હોય છે. આ વસ્તુ કુદરતી છે.

જેમ જગતમાં મિથ્યાદૃષ્ટિ કરતાં સમ્યક્દૃષ્ટિ બહુ અલ્પ છે. સંખ્યા ઉપર અહીંયાં કિંમત નથી, ગુણવત્તા ઉપર કિંમત છે. જગતમાં સંખ્યાથી માપ થાય છે, જેની સંખ્યા (વધારે) તેનું બળ વધારે. અહીંયાં એવું નથી. અહીંયાં સંખ્યામાં ઓછા હોવા છતાં બળવાનપણું સાધકજીવોનું છે. સાધકમાંથી સિદ્ધ થશે, સંસારી પણ સંસારી મટીને સાધક થશે (પરંતુ) સિદ્ધ મટીને સાધક નહિ થાય (અને) સાધક મટીને સંસારી અનંત કાળ માટે કોઈ રહે નહિ. એટલે બળવાનપણું તો સાધકનું – પુરુષાર્થવાળા જીવનું છે.

હવે, આચરણ કરતાં મુમુક્ષુજીવને અથવા જ્ઞાનીઓને આ વિવેકનો પ્રકાર એક સરખો છે કે, ન તો તેને ઉત્સર્ગમાર્ગનો આગ્રહ હોય કે ન તો તેને અપવાદમાર્ગનો આગ્રહ હોય. એક-એક શબ્દમાં બહુ અનુભવથી તોળીને વાત મૂકેલી છે !! '**આગ્રહ ન હોય,...**' એમ કહે છે. ઉત્સર્ગમાર્ગ એટલે સિદ્ધાંતને અપનાવવો. એટલે સિદ્ધાંત અનુસાર એક વીતરાગતા જ ઉપાદેય છે. એક વીતરાગતા જ કર્તવ્ય છે. મોક્ષમાર્ગનો આ એક જ સિદ્ધાંત છે કે, વીતરાગભાવને જ પ્રગટ કરવો. છતાં મોક્ષમાર્ગમાં આવેલાં જીવોને રાગભાવ પ્રગટ થાય છે. વ્યવહાર રત્નત્રયનો રાગ પણ છેવટ રહે છે. આ સિદ્ધાંતની વાત નથી, આ અપવાદ છે. સિદ્ધાંત તો વીતરાગભાવે પરિણમીને પૂર્ણ વીતરાગ થઈ જવું એ સિદ્ધાંત છે.

દીક્ષાર્થી(ને) દીક્ષાના કાળમાં આ પ્રતિજ્ઞા લેવામાં આવે છે કે, હું નિરંતર શુદ્ધોપયોગમાં રહીશ. એવી પ્રતિજ્ઞા લે છે કે, હું નિરંતર શુદ્ધ ઉપયોગમાં રહીશ. પણ કોઈક જ જીવો નિરંતર શુદ્ધ ઉપયોગમાં રહે છે. બહુભાગ મુનિઓ શુદ્ધ ઉપયોગ અને શુભ ઉપયોગ એમ બન્ને ઉપયોગમાં આવે છે. ત્યારે કોઈ પૂછે કે, એક શુદ્ધ ઉપયોગ જ કર્તવ્ય છે તો તમે શુદ્ધોપયોગમાં કેમ રહેતાં નથી અને શા માટે રાગાંશમાં પરિણમો છો ? રાગ ઉપયોગ કેમ થાય છે ? શુભોપયોગમાં કેમ આવો છો ? (તો કહે છે) બેમાંથી એકેયનો આગ્રહ નથી. મુનિને (તથા) નીચે ચોથા-પાંચમાં ગુણસ્થાનવર્તી સાધકને અને મુમુક્ષુને પણ જો આગ્રહથી પરિણમન ઉપર જોર દેવા જાય તો મિથ્યાત્વ થઈ જાય. આગ્રહ રાખે – પરિણામના વિષયનો આગ્રહ રાખે તો સમ્યક્ ન રહી શકે, તો એ શ્રદ્ધા પણ ગુમાવી બેસે. આચરણમાં તો રહી જ ન શકે, આચરણમાં આવી ન શકે પણ ઊલટાનું એને નુકસાન થાય. એટલા માટે જે વિવેકથી વર્તે છે તેને એ બેમાંથી એકેયનો આગ્રહ ન હોય એનું નામ વિવેક છે.

અહીંયાં એનું નામ 'વિવેક' રાખ્યું છે કે, આ ખરો વિવેક છે. એ વિવેકથી પોતાની પરિણતિ... કીધું ને ? કે, **'જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે.'** છે. આગળ વધાય એવા માર્ગને (ગ્રહણ કરે). અપવાદમાર્ગમાં આવીને એને આગળ નથી વધવું એમ કાંઈ નથી. સિદ્ધાંતમાર્ગમાં તો સીધું આગળ વધવાની જ વાત છે એટલે એમાં આગળ વધવા સંબંધીનો કોઈ વિવાદ થઈ શકે એવું નથી, એ નિર્વિવાદ વિષય છે. પણ અપવાદ માટે વિવાદ થાય કે, શા માટે વીતરાગભાવ કર્તવ્ય હોવા છતાં સાધકજીવ રાગ કરે છે ? શા માટે એણે રાગ કર્યો ? (તો કહે છે કે) એ રાગ એને થયો અથવા રાગરૂપ પરિણમન થયું (તો) એ રાગ એણે કર્યો એમ કહેવાય. એ અપવાદની વાત છે, એ સિદ્ધાંતની વાત નથી અને એ પણ આગળ વધવા માટે છે. એમાં બીજો કોઈ આશય અને બીજો કોઈ હેતુ નથી.

મુમુક્ષુ :– ત્યાં મુનિરાજને પ્રતિજ્ઞાભંગ તો થાય છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં એ પ્રતિજ્ઞાભંગ નથી સમજવામાં આવતો. કેમકે એ અનિવાર્ય પરિસ્થિતિ છે. સાતમા ગુણસ્થાનમાંથી છઠ્ઠા ગુણસ્થાનમાં આવવું એ અનિવાર્ય સ્થિતિ છે એટલે આવી જાય છે. એક ન્યાયે પ્રતિજ્ઞાભંગ કહી શકાય પણ અઠ્ઠાવીસ મૂળગુણની પ્રતિજ્ઞાનો ભંગ કરે અને મુનિદશા ચાલી જાય એવી પ્રતિજ્ઞાભંગ નથી. ભલે મુનિ નિરંતર શુદ્ધોપયોગમાં નથી રહેતાં તોપણ મુનિદશા ચાલી જતી નથી. જો મુનિદશાનો ત્યાગ કરે તો ખરેખર પ્રતિજ્ઞાભંગ

કરી કહેવાય. આ તો નિશ્ચય પ્રતિજ્ઞા છે પણ મુનિ વ્યવહાર પ્રતિજ્ઞાનો પણ ભંગ ન કરે તો નિશ્ચય પ્રતિજ્ઞા સંબંધીનો એ પ્રશ્ન નથી કે એ મુનિદશાનો ત્યાગ કરે. મુનિદશા યોગ્ય પરિણતિ, વીતરાગ પરિણતિ તો એની સદાય રહે જ છે.

પોતાના પરિણામને ટકાવવા અને આગળ વધવા માટે રાગમાં આવવું પડે છે. ઇચ્છતા નહિ હોવા છતાં, ચાહતા નહિ હોવા છતાં રાગમાં આવવું પડે છે, તે રાગમાં રહેવા માટે નહિ પણ રાગનો નાશ કરવા માટે. એક દૃષ્ટાંત આપણે ક્યારેક લઈએ છીએ કે, એક માણસને દુકાન બંધ કરવી છે, ખબર હોય કોઈ ચીજ એવી હોય કે ખપતી ન હોય અને એકલી એ ચીજ–ન ખપે એવી ચીજ લઈને તમે છેલ્લે બેસી રહો તો એ દુકાન બંધ ન થતી હોય. પણ બીજી ખપતી હોય એવી ચાલુ બે ચીજ-ચાર ચીજ સાથે લાવવી પડે તો સાથે-સાથે આ ચીજ ખપી જાય. કોઈ એમ કહે કે, ભાઈ ! તમારે દુકાન બંધ કરવી હતી તો વળી આ વધારે માલ શું કરવા લાવ્યા ? વેચતાં... વેચતાં... વેચતાં... તમે માલ ઓછો કરી નાખ્યો હતો. હવે પાછો આ થોડોક વધાર્યો !? આવું શું કરવા કર્યું ? (તો કહે છે કે), ભાઈ ! એ વધાર્યો નથી પણ ઘટાડવાનો એક ઉપાય કર્યો છે. માલ ઘટાડવાનો આ એક ઉપાય કર્યો છે. માલ વહેલો ખલાસ થાય એનો આ એક રસ્તો કર્યો છે. એમ જગતની અંદર એ રીતે કાર્ય કરવું પડે છે. એમ મોક્ષમાર્ગમાં પણ જ્યાં તીવ્ર પુરુષાર્થથી શુદ્ધોપયોગમાં નથી રહેવાતું ત્યાં અશુભ વંચનાર્થે જીવ શુભોપયોગમાં આવે છે. નહિતર અશુભમાં ચાલ્યો જાય. એટલે એમ કહેવાય છે કે, અશુભ વંચનાર્થે સાધકજીવ શુભઉપયોગમાં રહે છે, શુભઉપયોગમાં આવે છે, એને આવવું પડે છે. આ સ્થિતિ અપવાદમાર્ગની છે. એમાં એનો વિવેક છે. શુભનો એ આગ્રહ રાખતા નથી. શુભનો આગ્રહ રાખવાનો પ્રશ્ન નથી, કેમકે શુદ્ધતાનો પણ એણે આગ્રહ ન રાખ્યો. જો આગ્રહ રાખ્યો હોત તો તો શુદ્ધતાનો રાખત, શુભનો શું કરવા રાખે ? પણ આગ્રહથી પરિણામ થઈ શકતા નથી.

પરિણામનું એ વિજ્ઞાન છે કે, આગ્રહથી કોઈ પરિણામ થઈ શકતા નથી. કરવા હોય એ પ્રમાણે આગ્રહથી પરિણામ થાય નહિ, હઠથી પરિણામ થાય નહિ, જીદથી પરિણામ થાય નહિ. કોઈ એમ વિચાર કરે કે, હું હવે શુદ્ધોપયોગ લઈને જ ઉઠીશ. મારે તો હવે આત્મામાં સમાઈ જાવું છે. શુદ્ધોપયોગ પરિણમાવીને પછી જ ઊભો થઈશ. એવી રીતે કાર્ય થઈ શકતું નથી. એ હઠ અને જીદ તો પરિણામમાં અસરળતાનો પ્રકાર છે અને મોક્ષમાર્ગ તો સરળતાનો માર્ગ છે. એ અસરળતાનો માર્ગ નથી, સરળતાનો માર્ગ છે. તો હઠ અને

જીદ કરવા જતાં તો માર્ગથી વિરુદ્ધ જવાય છે. માર્ગમાં ચાલવાને બદલે માર્ગથી વિરુદ્ધ જવાનું થાય છે.

એટલે જે વિવેક જ્ઞાનીઓને સમ્યક્જ્ઞાનમાં હોય છે તેવો વિવેક મુમુક્ષુની ભૂમિકામાં મુમુક્ષુને પણ હોય છે. પોતાના પરિણામની શક્તિને એ બરાબર સમજે છે. એ શક્તિથી વધારે પડતી જીદથી અને હઠથી કામ કરવા જતાં પરિણામનું સ્તર બદલાઈને નીચેની કોટિના પરિણામ થઈ જશે એ એને સ્પષ્ટ ખ્યાલમાં આવે છે. પોતાના પરિણામનું માપ એને સ્પષ્ટ ખ્યાલમાં આવે છે. તેથી આગ્રહથી કોઈ પરિણામ કરતા નથી. બહારમાં પ્રતિજ્ઞા પણ પોતાના પરિણામ જોઈને, વ્યવહાર પ્રતિજ્ઞામાં પણ પોતાના પરિણામ જોઈને પ્રતિજ્ઞા લે છે. જે પરિણામમાં પોતે સહજ રહી શકે એવી જેની મજબૂત–સંગીન સ્થિતિ હોય એની જ એ પ્રતિજ્ઞા કરે છે કે (જેથી) જીવનપર્યંત એ પ્રતિજ્ઞાનો એને ભંગ કરવો ન પડે. પણ એની શક્તિ ન હોય અને પરાણે-પરાણે, આવેશમાં આવી જઈને, આવેશના ઊભરામાં આવી જઈને કોઈ પ્રતિજ્ઞા લઈ લે અને પછી પરિણામ સ્થિર ન રહે અને પ્રતિજ્ઞાભંગ કરે એવી રીતે મુમુક્ષુ અથવા જ્ઞાની મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરતા નથી. એવી પ્રવૃત્તિને વિવેક સહિતની પ્રવૃત્તિ કહેવામાં આવે છે, એ વિવેકવાળી પ્રવૃત્તિ છે. એટલે આમ કરે, આમ ન કરે એ પ્રશ્ન નથી, આગ્રહથી ન કરે. અહીંયાં આ વાત માર્મિક છે. ન તો અપવાદમાર્ગનો આગ્રહ છે, ન તો ઉત્સર્ગમાર્ગનો આગ્રહ છે. આગ્રહ છે એમાં સાથે કષાય ભળે છે. કષાયને સાધન બનાવીને કોઈ કામ કરવું એ વાત તો આ માર્ગની અંદર ઉચિત નથી.

**'પણ જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે.'** આ જુઓને પગથિયાં હોય છે ને ? પહાડનાં પગથિયાં હોય છે અથવા જ્યાં ઘણાં પગથિયાં હોય ત્યાં વચ્ચે થાકલો મૂકે છે કે નહિ ? ઉપર જ ચડવું છે પછી વચ્ચે રોકાવાની જગ્યા શા માટે ? કેટલીક જગ્યાએ પગથિયું સીધું ન આવે પણ થોડુંક ચાલવાનું આવે એને થાકલો કહે છે. ઉપર ચડવા માટે તો આ પગથિયાંઓ બંધાવ્યા છે (તો) વચ્ચે આમ શા માટે ? (તો કહે છે કે) ઉપર ચડનારની બધાંની સ્થિતિ એક સરખી નથી. છે ? જેટલાં એ પગથિયાંનો ઉપયોગ કરે છે (એમાં) કોઈ સશક્ત છે, કોઈ અશક્ત પણ છે. તો એવા અશક્ત જીવને ઉપર ચડવામાં એ મદદગાર છે. અશક્ત જીવને ઉપર ચડવામાં મદદગાર થાય છે કે નહિ ? એટલે એના માટે એ નુકસાનનું કારણ નથી, ઊલટાનું એને એ લાભનું કારણ થાય છે. એ સમજણપૂર્વક છે.

એટલે વ્યવહાર-નિશ્ચયાત્મક જે મોક્ષમાર્ગ છે એટલે નિશ્ચય મોક્ષમાર્ગની સાથે-સાથે ગુણસ્થાન અનુસાર જે વ્યવહારના પરિણામનો નિર્ણય કરવામાં આવ્યો છે, વ્યવહારના પરિણામની મર્યાદા બાંધવામાં આવી છે અને એ અનુસાર વ્યવહારના પરિણામ હોય છે. ગુણસ્થાન અનુસાર એથી બહાર કોઈને જવાની છૂટ નથી, વીતરાગની આજ્ઞા નથી. એમ સમજીને એની આખી ગૂંથણી છે અને તે અનુભવથી સિદ્ધ થયેલી વાત છે, એ અનુભવપૂર્વક નક્કી કરેલી વાત છે કે, આ ગુણસ્થાનમાં રાગ આવે તોપણ આટલી, આ કોટિનો રાગ આવે, આથી નીચેની કોટિનો રાગ ન આવે. રાગમાં આવવાની છૂટ આપવામાં આવી હોવા છતાં પણ એની મર્યાદા છે. અમર્યાદિત રાગ કોઈના માટે મોક્ષમાર્ગની અંદર કે મુમુક્ષુની ભૂમિકામાં નથી. જો વ્યવહાર ખોવે એટલે કે રાગનું સ્તર પણ ગુમાવે તો વીતરાગતા હોવાનો, થવાનો કે ટકવાનો કોઈ વિચાર જ કરવાનો નથી રહેતો. એ એનો નિયમ છે.

**'પણ જો એકાંત ઉત્સર્ગ કે એકાંત અપવાદની હઠ કરે તો તેને વસ્તુના યથાર્થ સ્વરૂપની જ ખબર નથી.'** હવે, અહીંયાં વસ્તુના સ્વરૂપ સાથે એટલે વસ્તુવિજ્ઞાન સાથે આ વાતનું અનુસંધાન છે. વિષયનું અનુસંધાન છે એ વસ્તુના વિજ્ઞાન સાથે છે. આત્મદ્રવ્ય પરિણમે છે, અનાદિથી અશુદ્ધ પરિણામે પરિણમે છે. એ અશુદ્ધ પરિણામે પરિણમતા પૂર્ણ શુદ્ધતાના રસ્તે આવે, પૂર્ણ શુદ્ધતાના માર્ગે ચડે ત્યારે પ્રથમ એ મુમુક્ષુની ભૂમિકામાં આવે પછી ગુણસ્થાન અનુસાર ચોથું, પાંચમું, છઠ્ઠું-સાતમું (ગુણસ્થાન) એ રીતે આવે તો એમાં એ પરિણામ સંબંધીનું વસ્તુવિજ્ઞાન છે. અનંત તીર્થંકરોએ એ વાત પોતે એ માર્ગે ચાલીને એટલે અનુભવ કરીને પ્રસિદ્ધ કરી. તેથી મોક્ષમાર્ગ અનાદિઅનંત નિયત છે એમ કહેવામાં આવે છે. એમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો કોઈ છળ પકડીને ફેરફાર કરે કે, અત્યારે કાળમાં ફેરફાર છે માટે સાધકમાં ફેરફાર હોય તો એને સાધક ગણવા, એને સાધક તરીકે સ્વીકારવા. (પરંતુ) એવું બની શકતું નથી.

એટલે 'ગુરુદેવશ્રી' પ્રવચનની અંદર એ વાત લેતા કે, આજથી હજારો વર્ષ પહેલાં જે રીતે શીરો થતો હતો એ જ રીતે અત્યારે થાય છે અને હવે પછીના કોઈપણ કાળે શીરો શીરાની રીતે જ થશે. કેમકે એ સંબંધીનું એ વિજ્ઞાન છે. પહેલાં એને ઘીમાં શેકવો પડે, પછી ગોળનું કે ખાંડનું પાણી નાખે. એ સિવાય બીજી કોઈ રીત શીરો બનાવવાની તો થઈ શકે નહિ, હોઈ શકે નહિ. તો ધર્મની પ્રાપ્તિ પણ જે રીતે નિશ્ચય-વ્યવહારનું અનુભવથી સિદ્ધપણું થયું છે, નિયતપણું થયું છે, ચોક્કસપણું થયું છે એ જ રીતે મોક્ષમાર્ગ Fix થયેલો

છે. એમાં કોઈ પોતાના ઘરનું વધારે બુદ્ધિ વાપરીને, ડહાપણ વાપરીને ફેરફાર કરે કે, નહિ, અત્યારે આ દેશ-કાળ અનુસાર આટલો ફેરફાર કરો અને સ્વીકારો. તો એને વસ્તુના સ્વરૂપની ખબર નથી. બીજી રીતે કહીએ તો અનંત વીતરાગોએ નક્કી કરેલી વાત એને પોતાના ડહાપણથી ફેરવવી છે ! અને સીધી રીતે કહીએ તો એને વીતરાગની આજ્ઞા તોડવી છે. વીતરાગની આજ્ઞા ઉપર પગ દઈને આગળ ચાલવું છે. (એમ કરવા જતાં) આગળ નહિ ચાલી શકે, તું પાછળ જઈશ. આ પરિસ્થિતિ છે. અને એ બહુ મોટો અપરાધ છે. માર્ગે ન ચડાય તોપણ માર્ગને સમજીને સત્ય માર્ગને જ સ્વીકારવાનું ધ્યેય રાખવું, લક્ષ રાખવું અથવા અભિપ્રાય રાખવો. પણ પોતે માર્ગને ન પામી શકે અને માર્ગને ન પહોંચી શકે એટલે એમાં ફેરફાર વિચારવો કે, આમ નહિ ને આમ કરો, હવે આમ નહિ ને આમ કરો, આમ ચલાવો... આમ ચાલો. એ એકદમ માર્ગને બદલવાની વાત છે, ઉન્માર્ગે જવાની વાત છે. બીજી રીતે કહીએ તો એ ઉન્માર્ગે જવાની વાત છે. એટલે જેટલા-જેટલા મૂળ વીતરાગમાર્ગથી બીજી રીતે ચાલે છે કે ચાલવાની વાત કરે છે તે ઉન્માર્ગની વાત કરે છે, ઉન્માર્ગે ચાલે છે.

ઉત્સૂત્ર પ્રરૂપણ જેવો કોઈ મોટો દોષ નથી એમ કહેવાય છે. એનો અર્થ શું છે કે, સૂત્રની અંદર તો માર્ગ કહ્યો છે. ભગવાને જે વાત કરી છે એ અનુસાર ગણધરદેવે સૂત્ર-સિદ્ધાંતની રચના કરી છે. એની અંદર તો વ્યવહાર-નિશ્ચયથી વીતરાગમાર્ગ કેવો છે એની મર્યાદાઓ નક્કી કરેલી છે. એનાથી જરાક ફેરફાર કરવો એટલે આખા માર્ગના સંબંધમાં ઉત્સૂત્ર થઈ જાય છે. એના જેવું બીજું કોઈ મોટું પાપ નથી. એ પોતે પણ ડૂબે છે (અને) અનેક જીવોને ડૂબવામાં નિમિત્ત થાય છે. એ વિરાધનાના પરિણામ હોવાથી સૌથી મોટો અપરાધ ગણવામાં આવ્યો છે. વિરાધક પરિણામો છે તેથી એને બહુ મોટો અપરાધ ગણવામાં આવ્યો છે.

મુમુક્ષુ :– ભાઈ ! આ ક્ષેત્રમાં વાતો તો અનેક પ્રકારની છે.

પૂજ્ય ભાઈશ્રી :– ન્યાયથી નક્કી કરીએ. એક વાત છે કે, જૈનનાં નામે જેટલાં સંપ્રદાયો ચાલે છે એ વીતરાગમાર્ગ તરીકે માર્ગને સ્વીકારે છે એમાં તો કાંઈ વાંધો નથી, તો હવે વીતરાગમાર્ગમાં કોણ વીતરાગતા પ્રાપ્ત કરવા માટેની ન્યાય, યુક્તિ, આગમ, અનુભવયુક્ત મજબૂત વાત કરે છે ? એના ઉપરથી એ વાતનો નિર્ણય કરવો કે, સાચી વાત કોણ કહે છે ? નક્કી ન થઈ શકે એવું નથી. 'ભાવનગર' ગામમાં પાંચસો ડૉક્ટરો છે અને પાંચસો

વૈદ્ય છે. છે કે નહિ ? બધાની દુકાને પૂછવા જાઓ છો કે તમે દવા સાચી આપો છો કે ખોટી આપો છો ? ચકાસણી કરીને કોઈ એક ઉપર વિશ્વાસ મૂકે છે અને તે પણ એમને એમ મૂકતો નથી. એની દવાથી પોતાને ફાયદો થાય છે કે નહિ ? એવો પ્રયોગ કરી જોવે છે. પ્રયોગ કરવા માટે ભલે સમયનો અને શક્તિનો ખર્ચ કરે, પણ પ્રયોગ કરે છે કે, આને દવામાં અને દર્દની અંદર ખબર પડે છે કે નહિ ? પછી એની દવા લે છે. બરાબર છે કે નહિ ? તો અહીંયાં પોતે આ સંસારનો રોગી છે. અનાદિથી આ સંસારરોગ આ જીવને લાગુ પડેલો છે. અનેક ધર્મ મતો દુકાન માંડીને બેઠાં છે. બધેય દુકાનદારી છે, હોં !

મુમુક્ષુ :– પાનના ગલ્લા કરતા ધર્મના ગલ્લા વધારે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો બધું ચાલે, દુનિયામાં બધાંની સ્વતંત્રતા તો છે ને ? પણ દુકાનદારી તો (એવી ચાલતી હોય કે) કેટલીક જગ્યાએ તો પરીક્ષા કરવાની જરૂર ન પડે એવી ચોખ્ખી જ દુકાનદારી ચાલતી હોય છે ! પૈસા આપો એ પ્રમાણે જ તમને બધો લાભ મળે, બીજું કાંઈ નહિ. દુકાનમાં (જેમ) પૈસાનો વેપાર (કરે છે) એમ અહીંયાં પણ લગભગ પૈસાનો વેપાર થાય. એવું મોટા ભાગે તો (બને છે). એટલે બહુ ઘરે-ઘરે તો પૂછવા જાવું પડે એવું નથી. મોટા ભાગનાને તો આપોઆપ જ બાદ કરી નખાય એવા છે. હવે જે વિવાદાસ્પદ છે એ તો ભળતી વાતો કરે છે એટલા જ વિવાદાસ્પદ છે. એટલી જ દુકાનો વિવાદાસ્પદ છે કે આની પાસે માલ સાચો છે કે આની પાસે માલ ખોટો છે ? એના માટે એણે કસવું જોઈએ. જેમ સોનાને કસીને નક્કી કરે છે એમ એને કસીને નક્કી કરવું જોઈએ.

મુમુક્ષુ :– કસવાનો એટલો સમય પણ નથી અને ઉપયોગ પણ જતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– કેમ હિત કરવું નથી ? આત્માનું હિત નથી કરવું ? સમય શેના માટે નથી ? જો ખાવા માટે સમય છે, પૈસા કમાવા માટે સમય છે, ઊંઘવા માટે સમય છે, આરામ કરવા માટે સમય છે, તો આત્માનું હિત કરવા માટે શા માટે સમય નથી ? એનો અર્થ કે એને આત્માના હિતની દરકાર નથી. જ્યાં એને પ્રયોજન છે ત્યાં તો બરાબર સમય કાઢે છે. જ્યાં એને રસ પડે છે ત્યાં તો બરાબર એનો સમય જાય છે, ખબર પણ પડતી નથી કે ક્યાં કેટલો સમય ગયો ? એને અહીંયાં પોતાનું હિત–એ હિતરૂપ એવું જે પ્રયોજન (છે) એ પ્રયોજન એને ભાસ્યું નથી. એટલે પરીક્ષા કરતો નથી અને ગતાનુગતે એમને એમ ચાલ્યો જાય છે. આ દશા છે. એ ચાલે છે એમ નહિ પણ એ ઉન્માર્ગે ચાલે છે (અને) એ ઉન્માર્ગે ચલાવનારને એ પુષ્ટિ પણ આપે છે.

કોઈ એમ કહે કે, અમે અહીંયાં પણ જઈએ અને અહીંયાં પણ (જઈએ), બન્ને જગ્યાએ જઈએ, એમાં શું ? આપણે શા માટે રાગ-દ્વેષ કરવા ?! શું કહે ? આપણે રાગ-દ્વેષ શા માટે કરવા ? અહીંયાં પણ જાવું અને અહીંયાં પણ જાવું. (તો કહે છે કે), ભાઈ ! એમ ન હોય. જે માર્ગે નથી, ઉન્માર્ગે છે ત્યાં તું જાય છે એનો અર્થ કે, એ માર્ગના જે નેતાઓ છે, પ્રરૂપકો છે, ચલાવનારાઓ છે, દુકાનદારો છે એને તું પોષણ આપે છે. એ ગુનો કરે છે અને એ ગુનો કરવામાં તું મદદ કરે છે, એમ તું તો Double ગુનો કરે છે. એટલે વિવેક કરવાની જરૂર પડે છે. અને આ તો પરમ પ્રયોજનનો વિષય છે. તાવડી લેવી હોય અને નરી આંખે તિરાડ ન દેખાતી હોય, ફૂટલી છે કે નહિ ? એવી બારીક તિરાડ હોય અથવા વેચનારે તિરાડ ભૂંસાય જાય એ રીતે એના ઉપર માટી રાખી હોય, લગાડી હોય તો ટકોરો મારીને નક્કી કરે કે, ભલે તિરાડ નરી આંખે દેખાતી નથી પણ અવાજથી એની તિરાડ અછાની રહેશે નહિ. પરીક્ષા કરે છે કે નહિ ? તો આત્માનું હિત અથવા ધર્મ તાવડી કરતાં પણ સસ્તો થયો ને ? મફતનો ! આઠ આનાની સાવરણી લે તોપણ ચારેકોરથી તપાસીને લે. આ બધી આઠ આનાવાળી (છે) પણ એમાં આ સારી એમ શા માટે ગોતી કાઢે છે ? આખો ઢગલો પડ્યો હોય પણ આ સારી એમ કેમ નક્કી કરે છે ? એક્કેએક ચીજમાં જ્યાં આર્થિક પ્રયોજન છે ત્યાં જીવ પાકું કરીને જ આગળ ચાલે છે. અહીંયાં દરકાર કરતો નથી તો નુકસાન એને છે.

પ્રશ્ન :– ઉન્માર્ગ એટલે શું ?

સમાધાન :– ઉન્માર્ગ એટલે ઊંધો માર્ગ–ઊલટો માર્ગ–વિપરીત માર્ગ, એને ઉન્માર્ગ કહે છે.

પ્રશ્ન :– 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ...' ઇ બોલ અને આ બોલમાં બન્નેમાં ભાવાર્થ એક હોય એવું લાગે છે ?

સમાધાન :– હા, એમાં એવું છે કે, મેળવવું હોય તો ક્રિયાનો આગ્રહ રાખે છે એને ક્રિયાજડત્વ કહી શકાય. જેને આગ્રહ થઈ જાય છે, બાહ્ય ક્રિયા કરતાં-કરતાં એનો આગ્રહ થઈ જાય છે કે, આ તો કરવું જ, આટલું તો કરવું જ, પૂજા તો કરવી જ, ફલાણું તો કરવું જ, સ્વાધ્યાય તો કરવો જ, આટલા પાના તો વાંચવા જ. આમ ઉપવાસ તો કરવો, આટલો ત્યાગ તો કરવો... ફલાણું કરવું જ... એ જે બહારની ક્રિયાનો જેટલો આગ્રહ થઈ જાય છે એને ક્રિયાજડત્વ કહેવામાં આવે છે. એ જડપણે ક્રિયા કરે છે. કેમકે એની અંદર

વિવેક નથી.

પ્રશ્ન :- ક્રિયા તો જડની ને ?

સમાધાન :- હા, જડની ક્રિયા છે અને એને જ આત્મા માને છે તો એ ક્રિયાજડત્વ થયું ને ! એમ. પોતે પણ જડ જેવો થઈને ક્રિયા કરે છે એમ એનો અર્થ થયો. ક્રિયા તો જડ જ છે. મન-વચન-કાયા(ની) એ બહારની ક્રિયા બધી જડની જ ક્રિયા છે. ક્રિયા તો જડ છે પણ પોતે પણ ક્રિયાજડ થઈ ગયો, ક્રિયા જેવો જડ થઈ ગયો, એમ. એને જ આત્મા માન્યો, એને શ્રદ્ધાનો વિષય બનાવ્યો કે, એમ કરતાં-કરતાં મારાં આત્માનું હિત થશે અને ધર્મ થશે. એ ક્રિયાજડ થઈ ગયો, એ પોતે જડ જેવો થઈ ગયો. ક્રિયા જડ છે (અને) પોતે જડ થયો. એમ છે.

પ્રશ્ન :- ઉત્સર્ગમાર્ગ અને ઉન્માર્ગ – બન્નેમાં શું ફેર ?

સમાધાન :- ઘણો ફેર છે. ઉત્સર્ગમાર્ગ છે એ ઉન્માર્ગ નથી. ઉન્માર્ગમાં તો વિપરીતતા આવે છે અને ઉત્સર્ગમાર્ગમાં અવિપરીતતા જળવાઈને વીતરાગતા એકાંતે – સમ્યક્ એકાંતના પ્રકારે ઉપાદેય હોવા છતાં પણ રાગમાર્ગમાં – રાગમાં આવવું પડે છે અને રાગ થાય છે. રાગ થાય છે છતાં શ્રદ્ધા-જ્ઞાન-આચરણની મૂળમાંથી વિપરીતતા ન થઈ જાય એવું જળવાઈ રહે છે, એટલે એને અપવાદમાર્ગ કહેવામાં આવે છે. ઉત્સર્ગમાર્ગ–ઉત્સર્ગ એટલે સિદ્ધાંત અને ઉન્માર્ગ એટલે સાવ ઊલટું – સિદ્ધાંતથી વિરુદ્ધ. બન્નેનો આગળનો અક્ષર સરખો છે. ઉત્સર્ગ એટલે સિદ્ધાંત અને ઉન્માર્ગ એટલે સાવ ઊલટું – વિપરીત. અપવાદ છે એ સિદ્ધાંતમાં ક્યાંક અપવાદ થાય છે એને અપવાદ કહેવામાં આવે છે. એનું કારણ આ છે કે, બધાં એક સરખા શક્તિવાળા જીવો નથી હોતા કે, સડસડાટ ઉપર ચડી જાય.

મુમુક્ષુ :- ‘ભરત’ ચક્રવર્તી જેવા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ‘ભરત’ ચક્રવર્તીને જેમ છે. એવાં બધાં નથી હોતા. કોઈક જ જીવ એવાં હોય છે, બાકી બધાં થાક ખાતા-ખાતા આગળ વધે છે.

મુમુક્ષુ :- ઉત્સર્ગમાર્ગ એ એકાંતે સિદ્ધાંતમાર્ગ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સિદ્ધાંતમાર્ગ છે.

જેમકે, ‘સોગાનીજી’ની ચર્ચામાં એક પ્રશ્ન ચાલ્યો છે કે, તમે દ્રવ્યદૃષ્ટિની આટલી બધી વાત કરો છો અને પર્યાય માત્રની વાત આવે તો નિષેધ કરો છો, એમાં મોક્ષમાર્ગની પર્યાયની વાત આવે તોપણ નિષેધ કરે, તો પછી ગણધરદેવો પણ શાસ્ત્રો રચે છે, આચાર્યો પણ

શાસ્ત્રો રચે છે; તો એ ઉપયોગ શાસ્ત્રમાં જાય છે – શુભોપયોગથી તો શાસ્ત્રની રચના થાય છે. અને આવા મહાન ગણધર (અને) 'કુંદકુંદાચાર્ય' જેવા મહાન આચાર્યો અનેક વાતો કરે છે, કોઈ કરણાનુયોગના શાસ્ત્રો પણ રચે છે. આ બધાં 'ધવલ'ના સિદ્ધાંતશાસ્ત્રો (છે એ) બધાં કરણાનુયોગના શાસ્ત્રો છે, 'ગોમટ્ટસાર' વગેરે કરણાનુયોગના છે. તો એમણે એ જવાબ આપ્યો છે કે, મોક્ષમાર્ગમાં પણ થાક ખાવા માટે ઉપયોગ શાસ્ત્રમાં જાય છે. સડસડાટ અંદરમાં ઊતરી જવાય નહિ તો ઉપયોગ બહાર જાય તો ક્યાં જાય ? જે અનુભવ છે એને કહે, એ અનુભવમાં વધારેમાં વધારે આવવા માટેની વાત કરે એમાં શુભોપયોગ થાય. ઉપયોગ શાસ્ત્રમાં જાય છે એ તો ત્યાં પુરુષાર્થધર્મ મંદ રહે છે ત્યારે જાય છે. તીવ્ર પુરુષાર્થ હોય તો મુનિ ધ્યાનમાં શ્રેણિ માંડે. શ્રેણિ નથી માંડતા અને છઠ્ઠા ગુણસ્થાને આવીને શાસ્ત્ર લખે છે. એટલો પુરુષાર્થધર્મ ત્યાં મંદ છે. એવી વાત છે. તો એ થાક ખાતા-ખાતા આગળ વધે છે.

(કોઈ એમ પ્રશ્ન કરે કે), શાસ્ત્રો ન લખ્યા હોત તો બધાંને ખબર શું પડત ? (તો કહે છે કે) એ તો પોતાને માટે દવા કરે છે. પછી એના નિમિત્તે બીજાંનું કલ્યાણ થઈ જાય છે એ બીજી વાત છે. પણ એ પોતાની દવા કરે છે, પોતાનો ઇલાજ કરે છે. કોઈના માટે કરે છે કે કોઈનું કાંઈ કરી શકે છે એ તો સિદ્ધાંતમાં વાત જ નથી. પણ પોતાને આગળ વધવા માટે ત્યાં થોડો વિશ્રામ લેવો પડે એવી પરિસ્થિતિ છે તો શુભોપયોગમાં આવે છે, શાસ્ત્રની રચના કરે છે.

મુમુક્ષુ :– ઉત્સર્ગની હઠ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– ઉત્સર્ગની હઠ કરવા જાય તો હેઠે જ જાય–મિથ્યાત્વમાં આવી જાય. એટલે આ કામ વચ્ચે થઈ જાય છે.

મુમુક્ષુ :– સ્વભાવ તરફ આગળ જાય છે એમાં થાક લાગે છે (પણ) સ્વભાવ તો સહજ છે.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, થાક લાગે છે એમ નહિ એટલો આગળ જવાનો પુરુષાર્થ નથી. આગળ જવાનો એટલો પુરુષાર્થ નથી. એ તો દૃષ્ટાંતમાં એમ (લીધું) કે, ઉપર ચડવા માટે પગથિયાં ચડવામાં થાક લાગે છે. પણ અહીંયાં એટલી શક્તિ જ નથી. તો જેટલી શક્તિ નથી તો એનું કામ ક્યાંથી થવાનું હતું ? શક્તિપ્રમાણમાં કામ થશે, શક્તિ બહારનું કામ ક્યાંથી થવાનું હતું ? શક્તિ બહારનું કામ કરવા જાય તો અશક્તિ આવે. આ સીધી

વાત છે કે, કોઈ શક્તિ બહારનું કામ કરવા જાય, આ શરીરશક્તિમાં શક્તિ બહારનું કામ કરવા જાય તો શું થાય ? અશક્તિ જ આવે, બીજું કાંઈ ન થાય. (અહીંયાં તો) શક્તિ વધારવી છે, શક્તિ કેળવવી છે. આ પહેલવાન લોકો (હોય) છે ને ? આ વજન ઊંચકવાની પહેલવાની કરે છે. તો જે વધુમાં વધુ વજન ઊંચકે છે એ પહેલું સીધું એમ નથી ઊંચકતા. એમાં (વજન) વધારતા જાય છે. એક-એક કીલો વધારતા જાય છે. એને ખબર જ ન પડે. પાંચ મણ ઊંચકી શકે છે તો કહે કે, પાંચ મણ ને એક કીલો કરો. થોડા દિવસ સુધી એટલું વજન ઉપાડો. પછી પાંચ મણ ને બે કીલો કરો. એમને એમ એને દસ મણ સુધી પહોંચવું હોય તો એમ પહોંચાય છે. સીધું કોઈ નથી પહોંચી શકતું. શક્તિ ધીમે-ધીમે આગળ વધે છે કે નહિ ? સીધું જ દસ મણ લેવા જાય તો હાથ-પગ ભાંગે, બીજું કાંઈ થાય નહિ. એ રીતે શક્તિ બહાર કોઈ કામ થઈ શકે નહિ. એ તો આખી વૈજ્ઞાનિક વસ્તુસ્થિતિ છે.

એટલે અહીંયાં એ વાત લીધી છે કે, જો કોઈ જીવ એકાંત ઉત્સર્ગ કે એકાંત અપવાદની હઠ કરે તો **'તેને વસ્તુના યથાર્થ સ્વરૂપની જ ખબર નથી.'** અથવા એને માર્ગમાં કેમ આગળ વધાય એની ખબર નથી. (તેથી એ) પાછળ ચાલ્યો જાય છે. આગળ તો વધી શકતો નથી પણ એ પાછળ ચાલ્યો જાય છે. અંદરમાં શક્તિ ઘણી ભરી છે (તો) જે સહેજે-સહેજે વ્યક્ત થઈ જાય તો સારી વાત છે, સુંદર વાત છે (અને) ન થાય તો એની હઠ કરવા જાય તો કામ આવે એવું નથી.

આ 'ગજસુકુમાર'ને માથે સગડી મૂકી છે. સગડી મૂકી ! તો એની કાંઈ Practice નથી કરવી પડી. એવી Practice બીજી વાર થાય કાંઈ ? એ સહેજે થઈ ગયું. કેવળજ્ઞાન લઈ લીધું ! કેવળજ્ઞાન સહજ થઈ ગયું. શક્તિ છે અંદરમાં. જો એ સહજપણે એકાગ્રતામાં સ્વરૂપસ્થિરતામાં સ્થિર રહી જાય તો અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટી જાય ! અંદરની વસ્તુ તો એને પોતાના શુદ્ધ આચરણમાં સાથ આપે એવી છે. સ્વભાવ તો અનુકૂળ છે. સ્વભાવ સાધનાને પ્રતિકૂળ નથી. છતાં પણ અપવાદમાં આવવાનું બને છે અને એટલું મોક્ષમાર્ગના વ્યવહારની અંદર સ્વીકારવામાં આવ્યું છે. એથી બહાર જઈને નહિ (એટલે કે) વ્યવહારથી બહાર જઈને નહિ. એટલી વાત છે.

મુમુક્ષુ :- અપવાદમાં વાત તો એ જ આવે કે, તું અંદર જા, અહીંયાં ક્યાં આવ્યો ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો સીધી વાત છે. પણ ત્યાં એટલો શુભઉપયોગ છે,

શુભઉપયોગ છે. બીજી વાત–અંતર્-બાહ્ય બીજી વાત નથી પણ અંદર છે ઇ અંદર છે અને બહાર છે ઇ બહાર છે. વ્યવહારમાં એવો વ્યવહાર નથી કે તું બહાર જા. એવો વ્યવહાર ક્યાંય નથી.

મુમુક્ષુ :– શાસ્ત્રમાં એમ જ વાત આવે કે, તું અંદર જા.

પૂજ્ય ભાઈશ્રી :– શાસ્ત્રમાં એ જ વાત છે, એમ જ છે. દેવ, ગુરુ અને શાસ્ત્ર – ત્રણ પાસે વ્યવહારે જાય છે તો દેવ, ગુરુ અને શાસ્ત્ર એમ કહે છે કે, તું મારી સામે ન જો ! તું મારી સામે ન જો, તું અંદરમાં જા ! વીતરાગશાસનમાં જ આ વાત છે !! બીજી દુકાન નક્કી કરવી હોય કે, આ વીતરાગની દુકાન છે કે બીજી દુકાન છે ? તો ત્યાં તરત કહેશે કે, અહીંયાં આવ... અહીંયાં આવ... અહીંયાં આવ... એમ કહેશે. આ ફેર છે. વીતરાગ સિવાયની કોઈ બીજી દુકાને – બીજા સંપ્રદાયમાં જાવ તો એમ કહેશે કે, તમે અમારા ચરણમાં આવો, અમારી પાસે આવો, અમે તમારું કલ્યાણ કરશું. અમે તમને મોક્ષમાં લઈ જશું. અમે બધું તમારું કરી દઈશું. અમારી ભક્તિ કરો ! અહીંયાં વીતરાગ દેવ, ગુરુ અને શાસ્ત્ર ના પાડે છે કે, તું તારી અંદર જા ! અમારી સામે જોવાનું પણ અમે તને કહેતાં નથી.

મુમુક્ષુ :– 'ગિરનાર'ની પાંચમી ટૂકે જઈએ તો બાવો એમ કહે કે, પૈસા મૂકો તો તમારી જાત્રા સફળ.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો બધે એમ જ છે. જ્યાં હિન્દુઓના મોટા-મોટા તીર્થ છે ત્યાં તો રીતસર લાઈનમાં ઊભા રહેવાનું હોય પણ વધારે પૈસા આપો તો તમને પાછળા બારણેથી અંદર ભગવાનના દર્શન કરાવવા લઈ જાય. આ 'નાથદ્વારા'માં જાઓ, 'તિરૂપતિ'માં જાઓ (તો ત્યાં) પાંચસો માણસની લાઈન ઊભી હોય. પૈસા આપો તો તમને પહેલાં લઈ જાય ! પાછલા બારણેથી દર્શન કરાવી દે. એ માર્ગ–રસ્તો પાછો જુદો હોય.

**'આગ્રહ ન હોય'** એવો શબ્દ વાપર્યો છે ને ? કોઈ વ્યવહાર તોડતો હોય તો એને જોરથી એમ કહે કે, તું વ્યવહાર તોડે છે. તો ત્યાં વ્યવહારનો આગ્રહ નથી. પણ વ્યવહારને નહિ તોડવાનો આગ્રહ જરૂર છે. વ્યવહાર તોડવો ન જોઈએ. કોઈ એમાંથી ઊંધું કાઢે ખરા કે, તમે વ્યવહારનો આગ્રહ રાખો છો ! આ બરાબર છે ? ભાઈ ! આગ્રહ નથી.

'પરમાગમસાર'માં એવો એક બોલ આવે છે. ડાબા હાથ બાજુ છે. વીતરાગ જ આમ કહી શકે, એમ કરીને વાત લીધી છે. એક ૧૦૧ (નંબરનો) બોલ એવો છે કે, **'દેવ-ગુરુ-**

**શાસ્ત્ર એમ કહે છે કે, ભાઈ ! તારી મહિમા તને આવે તેમાં અમારી મહિમા આવી જાય છે.'** તું અમારી ભક્તિ કરવા આવ્યો ને ? તો કહે છે કે, જો તને તારા સ્વરૂપની મહિમા આવે તો એમાં અમારો મહિમા આવી ગયો. જો **'તારો તને મહિમા આવતો નથી તો તને અમારો પણ ખરેખર મહિમા આવ્યો નથી.'** તારો મહિમા રાખીને તું અમારો મહિમા કરે છો તો તને ખરેખર મહિમા આવ્યો છે. તારો મહિમા તને આવતો નથી અને અમારો મહિમા કરે છો (તો) એ ખોટી વાત છે. **'અમને તેં ઓળખ્યા નથી.'** તેં અમને ઓળખ્યા નથી, અમે તો તને તારો મહિમા કરાવનાર છીએ. ખરેખર તો વાત એમ છે (કે) તેં અમને ઓળખ્યા નથી. એમ એવી એક વાત આવી છે.

વસ્તુના સ્વરૂપ સાથે ઉત્સર્ગ અને અપવાદ છે એમાં પણ પોતાની શક્તિ અનુસારના પરિણમનની વાત છે. કોઈની સામે જોઈને એ વાત નથી. એ અગિયાર બોલ (પૂરો) થયો.

**દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે. તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે. ચૈતન્યતળિયામાં જ સહજ દૃષ્ટિ છે. સ્વાનુભૂતિના કાળે કે બહાર ઉપયોગ હોય ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી, દૃષ્ટિ બહાર જતી જ નથી. જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે; ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે; સાધનાની સહજ દશા સાધેલી છે. ૧૨.**

બારમો બોલ છે એમાં 'દ્રવ્યદૃષ્ટિ'નો વિષય છે. (આ ગ્રંથમાં) દ્રવ્યદૃષ્ટિના અનેક બોલ છે પણ બધાંમાં જુદાં-જુદાં પાસાથી વિષયને ખોલ્યો છે. **'દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે.'** અહીંયાં ચૈતન્યનું તળ એટલે ચૈતન્યનો સ્વભાવ. ચૈતન્યનું તળ એટલે મૂળ સ્વભાવ. જેમ પાણીમાં, કૂવામાં ઊંડો જાય તો બધું પાણી એને મપાઈ ગયું કે

કેટલું ઊંડું છે. કેટલું પાણી છે એનું માપ આવી ગયું. એમ જેને વસ્તુના સ્વભાવનું–ચૈતન્યના સ્વભાવનું જ્ઞાન થયું એણે આખી વસ્તુ જાણી. એણે તળિયું જાણી લીધું એમ નથી કહેતાં ? એનું તળિયું જાણી લીધું, એનું તળિયું પકડી લીધું. એમ જેને **'દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે.'** પછી એને તો સ્વભાવ ઉપર જ દૃષ્ટિ છે. તળ કહો, દ્રવ્ય કહો, સ્વભાવ કહો, પરમપારિણામિકભાવ કહો, જ્ઞાયકભાવ કહો, ધ્રુવ સ્વભાવ કહો– બધી એક જ વાત છે. શબ્દ જુદાં-જુદાં છે, વાત એક જ પદાર્થની છે.

**'દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર...'** એટલે સ્વભાવ ઉપર **'જ દૃષ્ટિ છે.'** આ **'દૃષ્ટિ છે'** એટલે શું ? દૃષ્ટિ એટલે આ ચક્ષુઇન્દ્રિયની નજર જાય છે એ વાત નથી. જ્યાં શ્રદ્ધાથી હુંપણું થાય એને દૃષ્ટિ કહેવામાં આવે છે. શ્રદ્ધાથી હુંપણું રહે, શ્રદ્ધાથી હુંપણું સ્થપાય, શ્રદ્ધામાં અહંપણું રહ્યા કરે. શ્રદ્ધાનું કાર્ય અહંપણું કરવાનું છે. એ શ્રદ્ધા દ્વારા અહંપણું જ્યાં કરવામાં આવે છે તે શ્રદ્ધાનો વિષય છે. જે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ છે, પરમાત્મપદ છે, અનંત ગુણ નિધાન ! ત્યાં શ્રદ્ધાએ કરીને અહંપણું થયું ત્યારે એને દ્રવ્યદૃષ્ટિ થઈ, સમ્યક્ શ્રદ્ધાન થયું, સાચી શ્રદ્ધા થઈ એમ કહેવામાં આવે છે. ત્યારે જેને એ દ્રવ્યદૃષ્ટિ પ્રગટી એટલે એવું શ્રદ્ધાન પ્રગટ્યું તેનું શ્રદ્ધાન પછી ત્યાં જ રહે છે. પછી એ શ્રદ્ધા ઘર બદલતી નથી.

શ્રદ્ધા છે એ આખેઆખી અનંત શક્તિથી કાર્ય કરે છે. ઊંધી પડે છે તો અનંત શક્તિથી ! રાગમાં અથવા કોઈ રાગના વિષયમાં અહંપણું કરીને ચીટકે છે તો આત્મામાં આવવું કઠણ પડે છે. કેમકે અનંત શક્તિથી ઊંધું કામ કરે છે. જો એ શ્રદ્ધા સ્વરૂપમાં લાગે છે, પોતે પોતાને – સ્વરૂપને શ્રદ્ધે છે તો ત્યાં અનંત બળ કામ કરે છે. શ્રદ્ધાની પોતાની શક્તિ કામ કરે છે અને એને કોઈ બદલી શકતું નથી – ફેરવી શકતું નથી. એટલે ('સમયસાર'માં) 'નિર્જરા અધિકાર'માં એ વિષય દર્શાવવા 'કુંદકુંદાચાર્યે' કહ્યું કે, વજ્રપાત થાય તોપણ સમ્યક્દૃષ્ટિ નિઃશંક છે ! સતતપણે નિરંતરપણે પોતાના આત્માને વેદે છે અને નિરંતરપણે એ પોતાના સ્વરૂપમાં રહે છે. રહે છે કેમ ? (કેમકે) અહંપણું ત્યાં થઈ ગયું એટલે ત્યાં રહે છે. દૃષ્ટિ પછી ત્યાંથી ખસતી નથી. **'દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે.'** (અર્થાત્) સ્વભાવ ઉપર જ દૃષ્ટિ છે. પછી એની દૃષ્ટિમાં બીજું કોઈ આવી શકતું નથી. પછી એ બીજામાં અહંપણું કરે એવું કદી બનતું નથી. અહંપણું સ્વરૂપમાં થઈ ગયું અને અભેદભાવે થઈ ગયું (એટલે કે) પોતાનું સ્વરૂપ પોતાથી અભેદ છે એના શ્રદ્ધાનો

અને અનુભવનો ભાવ પણ તન્મય થઈને અભેદભાવે જ્યાં થયો પછી ત્યાંથી એ પરિણમન ખસતું નથી. દૃષ્ટિ ત્યાં જ રહે છે. ત્યાં જ અહંપણું થયા કરે છે.

**'તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે.'** અનંત ગુણોની પરિણતિ સ્વરૂપાકાર થઈને દ્રવ્યસ્વભાવની સાથે લપેટ થઈને રહે છે. પછી એનાથી એ પરિણતિ જુદી પડતી નથી. જેવું દ્રવ્ય એવી જ એની પરિણતિ. **'તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે. ચૈતન્યતળિયામાં જ સહજ દૃષ્ટિ છે.'** એ સહજ છે. પછી એમાં કોઈ વિચાર, વિકલ્પ કરીને કૃત્રિમતા કરવી પડે છે એવું પણ નથી. પહેલાં જે અનંત મહિમાવંત સ્વરૂપનો જે અપૂર્વ મહિમા પ્રગટ થયો, એ મહિમા ચાલતાં જે આત્મરસ ઉત્પન્ન થયો, અપૂર્વ રસ ઉત્પન્ન થયો એ રસનું એક પરિણામ આવ્યું કે, અનાદિથી ઊંધી પડેલી શ્રદ્ધા એ આખી શ્રદ્ધાને ઉથલાવીને આખેઆખી સવળી કરી નાખી !! એ આત્માના મહિમા અને આત્મરસે એટલે તબક્કે એ કામ આગળ વધીને કર્યું કે, આખી શ્રદ્ધા જે ઊંધી પડી હતી એને મહિમાના કાળમાં તો એકદમ એનો રસ એકદમ ઠંડો કરી નાખ્યો. ઊંધી શ્રદ્ધાને શિથિલ કરી નાખી. આખેઆખી પલટાવી નાખી. પલટાણી તો એનામાં શક્તિ ઘણી છે (એટલે) પછી સહજપણે ચૈતન્યતળિયામાં જ દૃષ્ટિ રહે છે. પછી એ દૃષ્ટિ ત્યાંથી ખસતી નથી.

કોઈ એમ કહે કે, એ કેવી રીતે થતું હશે ? પણ અહીંયાં એ ઊંધા પરિણમનથી સમજી શકાય એવો વિષય છે. નાનપણમાં બાળકનું કોઈ એક નામ પાડે છે તો એને વારંવાર એ નામથી બોલાવવામાં આવે છે. એને પણ શરૂઆતમાં ગોખાવવામાં આવે છે કે, તારું નામ શું ? બોલ તારું નામ શું ? બોલ તારું નામ શું ? એનો એવો એક સંસ્કાર દઢ થઈ જાય છે કે, ફલાણું એટલે મારું નામ. પછી ઊંઘમાં પૂછો તો હોંકારો દે. અત્યારે ઊંઘમાં પૂછો 'ફલાણાં ભાઈ !' તો કહે, હં..! એને હં.. થઈ જાય. ક્યાંથી થયું ? કે, એ એને સહજ છે. પછી એને પોતાનું નામ ગોખવું નથી પડતું. ફલાણો એટલે હું, ફલાણાં નામવાળો હું, ફલાણાં નામવાળો હું... (એમ) વિચાર કરવાની જરૂર નથી. એને સહજ જ થઈ જાય છે. એવી તો દેહાત્મબુદ્ધિ છે. 'દેહ તે હું' એમ થઈ ગયું છે, દેહ ઉપર દૃષ્ટિ છે તો કોઈ અવાજ થાય તો આંખ મીંચી જવી, મોટો ભડાકો થાય (ત્યારે) આંખ મીંચી જવી એ કહેવું પડે છે ? અથવા વિચાર કરવો પડે છે કે, બધાં અંગમાં આંખ બહુ નાજુક છે, એને ઇજા થાય તો આંખે અંધાપો આવી જાય, માટે પહેલાં આંખ બંધ કરવી ! એવું વર્ગમાં કાંઈ શિક્ષણ આપવું પડે છે ? એ કોઈ નિશાળમાં આવું ભણાવે છે ? નાનું બાળક હોય તોપણ

પહેલાં આંખ મીંચી જશે. કેમકે એની દેહાત્મદૃષ્ટિ – દેહાત્મબુદ્ધિ સહજ જ છે. 'દેહ તે હું' એ સહજ જ છે તો એની સાવધાની છે એ સહજ જ ઊભી થાય છે. એમ જેને આત્મદૃષ્ટિ છે–સ્વભાવદૃષ્ટિ છે એને સ્વભાવમાં ઘાત થાય –નુકસાન થાય તો એને સાવધાની સહજ જ રહે છે. એ સાવધાની એની છૂટતી નથી.

**'ચૈતન્યતળિયામાં જ સહજ દૃષ્ટિ છે.'** અકૃત્રિમ સહજ જ દૃષ્ટિ છે. દૃષ્ટિનું પરિણમન સહજ જ છે. પાછું એમ નથી કે, સહજ જ છે એટલે એક બાજુ પડી છે. એનું કાંઈ કામ નથી, એનું કોઈ કાર્યગતપણું નથી. એવું કાંઈ નથી. સહજ હોવા છતાં એ કાર્યશીલ છે અને એનું કાર્ય – સમયે-સમયે શ્રદ્ધાનો પુટ પરિણમનમાં લાગે છે અને સમયે-સમયે આત્મામાં પરિણામનો – સ્વભાવશક્તિનો વિકાસ થતો જાય છે. અનંત ગુણોમાં શુદ્ધતા વધતી જાય છે. અશુદ્ધતાનો નાશ થતો જાય છે અને શુદ્ધતા વધતી જાય છે.

એ રીતે એ સહજ દૃષ્ટિ હોવા છતાં સહજપણે એ પરિણમનશીલ છે, કાર્યશીલ છે અને એનો ગુણ છે એ પ્રાપ્ત થતો જ રહે છે. એટલે કોઈપણ સાધકને અનંત કાળ પર્યંત ગમે એવો પુરુષાર્થ મંદ હોય તોપણ એને અનંત કાળ પર્યંત સાધકદશા નથી રહેતી. અસંખ્ય કાળમાં એની સાધકદશા પૂરી થઈને સિદ્ધદશાને એ પ્રાપ્ત કરી લે છે. એવી રીતે એ દૃષ્ટિ છે. એ દૃષ્ટિનું પરિણમન સહજ, ઉપયોગ આડોઅવળો જાય તોપણ ફરતું નથી. એના વિષે આ બોલની અંદર ચર્ચા છે.

પ્રશ્ન :– અહીંયાં પરિણતિ એટલે શ્રદ્ધા લેવી ?

સમાધાન :– નહિ, પરિણતિ એટલે અનંત ગુણનો અંશ. અનંત ગુણનો અંશ !

**અનંત મહિમાવંત આત્મસ્વરૂપ, અચિંત્ય દિવ્ય ચૈતન્ય રત્ન છે. તેની, અપૂર્વતાથી મહિમા આવે તે તેની સંભાળ છે. સ્વરૂપની આ પ્રકારે સંભાળ ન લેવી, અને અપ્રયોજનભૂત, નિરર્થક, અન્ય પદાર્થોમાં સાવધાની રહેવી - તે મહા મૂર્ખતા છે. - અનંત ક્લેષોદધિનું કારણ છે.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૭૨)

## પ્રવચન નં. ૧૩, વચનામૃત-૧૨
## તા. ૨૯-૧૧-૧૯૮૬

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું-૫, ૧૨મું વચનામૃત. દ્રવ્યદષ્ટિનો વિષય છે. ચોથા ગુણસ્થાને દ્રવ્યદષ્ટિ પ્રગટ થાય છે તેનું સ્વરૂપ કેવું છે એ સંક્ષેપમાં અહીંયાં બતાવ્યું છે.

**'દ્રવ્યદષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દષ્ટિ છે.'** દષ્ટિનું કાર્ય નિજ સત્તાને ગ્રહણ કરવું તે છે. દષ્ટિનો ભાવ શું છે ? 'હું છું' એવું પોતાનું છેપણું શ્રદ્ધામાં એનું ગ્રહણ થવું તેને દષ્ટિનું પરિણમન કહે છે. ત્રિકાળી દ્રવ્ય સામાન્ય સ્વભાવનું જે પરમપદ છે એ પરમાત્મપદમાં શ્રદ્ધાએ કરીને અહંપણું થવું તેને દ્રવ્યદષ્ટિ કહે છે. એવી દષ્ટિ પ્રગટી **'તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દષ્ટિ છે.'** એટલે કે પ્રગટ થયેલી દષ્ટિ પછી બદલાતી નથી. જે દષ્ટિ પ્રગટ થઈ (તે ત્યાંને ત્યાં જ રહે છે). ચૈતન્યનું તળ એટલે ચૈતન્યનો સ્વભાવ જે અનંત સામર્થ્યવંત છે એવા પોતાના અનંત... અનંત... સામર્થ્યનું શ્રદ્ધાન છે ત્યાંને ત્યાં જ શ્રદ્ધાન રહે છે-ત્યાંને ત્યાં જ દષ્ટિ રહે છે. શ્રદ્ધામાં ગ્રહણ થયેલું અહંપણું એ સ્થાન છોડતું નથી. એ કાળે શુદ્ધોપયોગ પ્રગટે છે અને શુદ્ધોપયોગમાં એટલે જ્ઞાનના વ્યાપારમાં પણ સ્વસ્વરૂપનું-નિજ સ્વરૂપનું અભેદભાવે ગ્રહણ થાય છે, વેદન થાય છે, જ્ઞાન થાય છે, સ્વસંવેદન થાય છે. એ ઉપયોગ બદલાય છે, એવો જે ઉપયોગ થાય છે એ બદલાય છે પણ દષ્ટિ બદલાતી નથી. ત્યાં જ દષ્ટિ છે એનો અર્થ કે ત્યાંથી દષ્ટિ ખસતી નથી. ઉપયોગ ખસી જાય છે પણ દષ્ટિ ખસતી નથી.

એમ કહેવું છે કે, એકવાર જ્યાં દ્રવ્યદષ્ટિ પ્રગટી એ અનાદિથી ઊંધી પડેલી દષ્ટિ હતી. અનાદિથી ઊંધું થયેલું શ્રદ્ધાન હતું એ પણ અનંત શક્તિએ વિપરીત કાર્ય કરતું હતું.

કેમકે પૂરેપૂરું ઊંધું છે. સવળું પૂરેપૂરું, ઊંધું પૂરેપૂરું. એ સ્વભાવના અપૂર્વ રસે કરીને, સ્વભાવના અપૂર્વ મહિમાથી જે સ્વભાવનો રસ આવ્યો અને એમાં જે પુરુષાર્થનું જોર થયું એ પુરુષાર્થ દ્વારા ઊંધી પડેલી દૃષ્ટિ–આખું શ્રદ્ધાન પલટીને દ્રવ્યમાં અહંપણું કર્યું એ પણ અનંત જોરથી કર્યું. હવે એમાં ફેરફાર થતો નથી. પછી **'હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે.'** પછી ત્યાંને ત્યાં જ દૃષ્ટિ રહે છે.

મુમુક્ષુ :– અમારે એ દૃષ્ટિ પ્રગટાવવી છે પણ પ્રગટતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :– પ્રગટતી નથી તો (એનો અર્થ એ છે કે) પુરુષાર્થ થતો નથી એટલે દૃષ્ટિ પ્રગટતી નથી. પુરુષાર્થ થાય તો દૃષ્ટિ પ્રગટે. પુરુષાર્થ થાય છે પણ ઉદયમાં થાય છે. જીવને પુરુષાર્થ જ નથી એમ કહેવું નથી. સંજ્ઞી પંચેન્દ્રિય જીવને પોતાને જ્યાં સુખ-દુઃખનું, લાભ-અલાભનું પ્રયોજન દેખાય છે, જણાય છે ત્યાં એનો પુરુષાર્થ આપોઆપ–Automatic લાગી જાય છે, આપોઆપ જ લાગી જાય છે. એ વ્યર્થનો પુરુષાર્થ છે એવું સમજાય, સમજણમાં એવું સમજાય કે, એ બધું વ્યર્થ છે. એવું, એથી અધિક, એથી હીણું બધાં પ્રકારનું સંસાર અર્થે ઉદયની અંદર ઘણું-ઘણું અનંત કાળ પર્યંત આ જીવે કર્યું. એનેથી એને કાંઈ મળ્યું નથી. કાંઈ મળ્યું નથી એટલે મૂળ તો એને સુખ જોઈએ છે (એ) કાંઈ એને સુખ મળ્યું નથી, જરા પણ સુખ-શાંતિ મળી નથી. એ અત્યાર સુધીનું સરવૈયુ છે, અત્યાર સુધીનું ફળ છે કે, ક્યાંય અંશ માત્ર પણ સુખી થયો નથી. એવા જીવને સુખનો ભંડાર જ્યારે પોતામાં દેખાય છે, અનંત સુખનો નિધિ જ્યારે એને પોતામાંને પોતામાં જ ભરપૂર ભરેલો જણાય છે ત્યારે જે પુરુષાર્થ બહારમાં સુખ લેવા માટે કાર્ય કરતો હતો તે જ પુરુષાર્થ દિશા બદલે છે અને પોતાના સ્વભાવ ઉપર (જ્યારે) એ પુરુષાર્થ લાગે છે ત્યારે દૃષ્ટિ પણ બદલાય છે. કેમકે સ્વરૂપ રચનાનું કાર્ય કરવું, આખા દ્રવ્યમાં જેવું સ્વરૂપ છે એવી જ રચના અવસ્થાની કરવી એ પુરુષાર્થનો સ્વભાવધર્મ છે, સ્વભાવિક કાર્ય છે. આખા દ્રવ્યમાં સ્વરૂપની રચના થાય તો સર્વ ગુણોમાં થાય, કોઈ ગુણ બાકી ન રહે. એમાં દૃષ્ટિ–શ્રદ્ધાન પણ આવી જાય છે.

પ્રશ્ન :– પુરુષાર્થની ખામી છે કે રુચિની ખામી છે ?

સમાધાન :– રુચિની ખામી છે, ભાવનાની ખામી છે, પુરુષાર્થની ખામી છે. ખામી છે એ તો ઘણાં પ્રકારે–ઘણાં પડખે ખામી છે અને જ્યારે સવળું થાય છે ત્યારે બધાં પડખાં સરખા થવા લાગે છે. જીવ સ્વરૂપ પ્રાપ્તિની ભાવનામાં આવે છે અને એને ગુણની રુચિ

પ્રગટે છે, જ્ઞાન પણ ઓળખાણ કરે છે અને સ્વરૂપના મહિમા સાથે પુરુષાર્થ પ્રગટે છે. એ બધાં પડખાં સવળા થાય છે. અવળા ચાલે છે ત્યારે બધાં પડખાં અવળા ચાલે છે (અને) સવળા ચાલે છે ત્યારે બધાં સવળા ચાલે છે.

પોતે બળવાન થાય, પોતાનું અનંત વીર્યસ્વરૂપ – અનંત પુરુષાર્થસ્વરૂપ જણાય ત્યારે એ સ્વરૂપ પ્રત્યેનો જે ભાવ છે એનાથી કર્મ પણ નબળા પડી જાય છે, એનો અનુભાગ કપાય જાય છે. દર્શનમોહનો અનુભાગ પહેલેથી કપાય છે, બીજા કર્મોનો પણ અનુભાગ કપાય છે તો એ કર્મ નબળા પડ્યા એ એણે મદદ કરી એમ કહ્યું પણ એ આપોઆપ જ છે. જેમ અહીંયાં તીવ્ર રસથી સંસારના પરિણામ કરે તો કર્મનો હુમલો એટલો જ આવે, એટલો જ આસ્રવ થાય, એટલો જ બંધ થાય. કેમકે પોતે નબળો પડ્યો.

આમાંને આમાં એક બોલમાં આવશે કે, તું એક છો અને કર્મ અનંત છે. સંખ્યાએ તું એકલો છો અને એકલાને લડવાનું છે અનંત કર્મ સાથે ! તોપણ જ્યાં સુધી તું ઊંઘે છો ત્યાં સુધી એ બધાં તારા ઉપર જોર કરી જાય છે, એવું છે. તું જાગે તો એ બધાં ભાગે ! આના જેવું છે. જો તું જાગે તો એ અનંતેઅનંત ભાગે અને તું સૂતો છો તો એ બધાં આવીને જાણે કે તારા ઉપર સવાર થઈ ગયા છે એવી પરિસ્થિતિ છે. પણ તારે જાગવું એ તારા હાથની વાત છે, ન જાગવું એ તારા હાથની વાત છે. તારી સ્વતંત્રતાની એ વાત છે, તારા હાથની વાત છે એટલે તારી સ્વતંત્રતાની વાત છે. તને કોઈ કર્મ પરાધીન કરે છે એવું જરા પણ માનવા યોગ્ય નથી, ગ્રહણ કરવા યોગ્ય નથી.

અહીંયાં શું કહે છે ? કે, '**દ્રવ્યદૃષ્ટિ પ્રગટી....**' જેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટી '**તેને હવે...**' એટલે ત્યારથી (અર્થાત્) જ્યારથી દૃષ્ટિ પ્રગટી ત્યારથી '**ચૈતન્યના તળ...**' એટલે મૂળ સ્વભાવ. તળ એટલા માટે નામ આપ્યું છે કે, જેમ કૂવામાં તળિયું નીચે છે, સમુદ્રમાં તળિયું નીચે છે અને ઊંડે છે એમ સ્વભાવ પણ પર્યાયના પ્રવાહના તળમાં છે. એમ લેવું છે. જે સામાન્ય સ્વભાવ છે એ ઊંડે-ઊંડે છે. છેલ્લી બે લીટીમાં '**ઊંડે ઊંડે**' શબ્દ વાપર્યો છે. '**ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે;...**' કે જ્યાં સ્વભાવનું તળ છે. ત્યાં સ્વભાવનું તળ છે અથવા સ્વભાવ છે એ તળમાં છે–તળિયે છે એમ કહેવું છે.

'ગુરુદેવ' પણ એક દૃષ્ટાંત આપતા. બાળપણના નાહવાનો દૃષ્ટાંત આપતા. નદીમાં નાની-નાની કૂઈ ખોદેલી હોય છે. પાણીના તળ નીચે જાય એટલે સામાન્ય રીતે તો વહેતું પાણી હોય ત્યારે તો કાંઠે વીરડો ખોદે ત્યાં પાણી મળે અને લોકો પાણી ભરી લ્યે. પણ ઉનાળામાં

જ્યારે પાણીનું તળ નીચે જાય, ત્યારે એ કૂઈમાંથી પાણી લેવું પડે. ચોમાસાની અંદર એ બધી કૂઈઓ ઠેઠ સુધી ભરેલી હોય. કેમકે તળિયું ઉપર હોય, નદીમાં પાણીનો પ્રવાહ ઉપર હોય એટલે એમાં છોકરાઓ ન્હાવા પડે તો કોશની જેમ પડે. એને 'કોશિયો ધૂમકો' કહે છે ! કોશની જેમ પડે. સીધા સડસડાટ નીચે તળિયે પહોંચી જાય. જો પલોઠી વાળીને અથવા પગ વાળીને પાણીમાં ધૂમકો મારે તો બહુ નીચે ન જાય. એ પાંચ-સાત ફૂટમાંથી–પાણીના દળમાંથી સીધો ઉપર આવે અને કોશની જેમ કોઈ કૂવામાં પડે તો સડસડાટ એક-બે સેકંડમાં તો તળિયે પહોંચી જાય. નીચેની રેત–ધૂળ હોય ત્યાંથી મુઠી ભરી લ્યે (અને) પહેલાં સીધો હાથ બહાર કાઢે પછી માથું નીકળે. એ હાથ કાઢીને એમ બતાવે કે હું તળિયે જઈને આવ્યો છું અને નીચેની ધૂળ લઈ આવ્યો છું આ એની સાબિતી છે. તળિયે જઈ આવ્યો એ એની સાબિતી છે. એ દૃષ્ટાંત આપતા.

એ દૃષ્ટાંત એવી રીતે આપતા કે, ઉપયોગ જે અંતર્મુખ થાય છે એ સ્વભાવના તળિયાના સ્પર્શે છે. ઊંડે જઈને સ્વભાવનો અનુભવ કરી લે છે. અહીંયાં દૃષ્ટિનો વિષય ચાલે છે એટલે કહે છે કે, દૃષ્ટિ છે એ ચૈતન્યના તળ ઉપર ગઈ છે.

પ્રશ્ન :– સ્વભાવનું તળિયું એટલે ?

સમાધાન :– તળિયું ઇ જ સ્વભાવ છે, સ્વભાવ ઇ તળિયું છે. પદાર્થની અંદર સ્વભાવ છે એ પદાર્થનું તળિયું છે, એમ. પછી કહેવામાં એમ કહેવાય કે, જેમ પારિણામિકભાવને સ્વભાવભાવ કહેવાય છે તો પારિણામિકભાવને કારણરૂપ સ્વભાવ કહ્યો. ખરેખર તો કારણ કહો, સ્વભાવ કહો બધું એક જ છે પણ એને કારણસ્વભાવ કહેવામાં આવે છે. અવલંબનમાં આશ્રયભૂત થાય છે એટલે એને કારણ કહી દીધું. અવલંબનાર પર્યાયમાં કાર્ય પ્રગટે છે તેથી એને કારણની ઉપમા આપી. એમ અહીંયાં એ ઊંડે રહેલી ચીજ છે, પર્યાયની જેમ ઉપર રહેલી ચીજ નથી. એટલે એને તળ કહેવામાં આવે છે. એ સ્વભાવને તળ કહેવામાં આવે છે. અને આ એક પૂજ્ય 'બહેનશ્રી'ની ખાસ ઘરગથ્થુ ભાષા છે, પોતાની શૈલીની ભાષા છે. જે 'ચૈતન્યનું તળ' (કહ્યું છે) એ એમની પોતાની ઘરગથ્થુ ભાષા છે. તળને સ્પર્શે છે. ઉપયોગ, દૃષ્ટિ અંતર્મુખ થયેલા પરિણામ સ્વભાવને અવલંબતા હોવાથી એ વસ્તુના તળને સ્પર્શી લે છે. એમ કહે છે. એ તળને સ્પર્શ્યા પછી એને કોઈ પડ ભેદવાનું બાકી નથી, કોઈ સ્તર ભેદવાનું બાકી નથી.

આપણે સાહિત્યની ભાષામાં એવો શબ્દપ્રયોગ થાય છે કે જે વિષયના કોઈ વધુ નિષ્ણાત

હોય-ઘણાં નિષ્ણાત હોય ત્યારે એને એમ કહેવાય છે કે, આ વિષયમાં આ વ્યક્તિનું તલસ્પર્શી જ્ઞાન છે. તલસ્પર્શી જ્ઞાન છે એટલે એણે એનો મૂળ પાયો પકડી લીધો છે. એ પાયાને પકડીને આ બધી વાત કરે છે. હવે એને માટે આ વિષય અજાણ્યો રહેતો નથી. તળિયે ગયો એટલે એ વિષયનો અજાણ્યો ન રહ્યો એમ કહેવું છે.

જ્યારથી દૃષ્ટિ પ્રગટી ત્યારથી '**હવે ચૈતન્યના તળ...**' એટલે ચૈતન્યના સ્વભાવ ઉપર જ દૃષ્ટિ છે અને ભાવે કરીને '**તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે.**' સ્વભાવ તો સામાન્ય છે, પરિણતિ છે તે વિશેષ છે. સામાન્ય વિશેષરૂપ થતું નથી, વિશેષ સામાન્યરૂપ થતું નથી. એવો જે વસ્તુવ્યવસ્થાનો-આગમના બંધારણનો-વસ્તુના બંધારણનો જે વિષય આગમમાં છે એ વાત અહીંયાં નથી. એમ એ પ્રકરણ અહીંયાં નથી. અહીંયાં ભાવનું પ્રકરણ ચાલે છે. નહિતર કોઈ પછી અર્થઘટનમાં એવી રીતે લઈ જાય છે કે, પરિણતિ અભેદ થઈ ગઈ એટલે દ્રવ્ય અને પર્યાય એક થઈ ગયા. સ્વભાવ અને પર્યાય પોતાના સ્વરૂપને છોડીને એક નથી થયા પણ ભાવથી સદૃશપણું થઈ ગયું છે-એક સરખાપણું થઈ ગયું છે. જેવું દ્રવ્ય એવી જ પરિણતિ. અને એ પરિણતિમાં દ્રવ્ય ઉપર એવો ભાવ છે કે, 'હું આ ! હું આવો ! હું આ !' એમ દ્રવ્યમાં અભેદપણાનો ભાવ પરિણતિ કરે છે. એવો ભાવ કરવાનું કાર્ય પરિણતઅંશમાં થાય છે, સામાન્યઅંશમાં એવો ભાવ નથી થતો. ભાવનો ઉત્પાદ્ પરિણતઅંશમાં થાય છે. એ પરિણતઅંશ દ્રવ્યને અવલંબીને 'આ હું !' અને 'આવો હું !' એમ અભેદભાવ કરે છે. ભાવમાં અભેદતા આવે છે. 'આ હું !' એમ કરીને અભેદતા આવે છે. એવા ભાવને લક્ષે, એવા ભાવને અનુલક્ષીને એમ કહેવાય છે કે, એ ચૈતન્યના તળમાં '**પરિણતિ એકમેક થઈ ગઈ છે.**'

અથવા એકમેક થયેલી-ભાવે એકમેક થયેલી પરિણતિને 'આ દ્રવ્ય અને આ પરિણતિ' એવી ભિન્નતા ભાસતી નથી, એવી ભિન્નતા અનુભવાતી નથી. એમ દ્રવ્ય અને પર્યાય સામાન્ય અને વિશેષાત્મકપણે પોતપોતાના સ્વરૂપે ભિન્ન-ભિન્ન હોવા છતાં ત્યાં એવી ભિન્નતાનું લક્ષ નથી અને એવી ભિન્નતાનો અનુભવ પણ નથી. એટલે અભેદભાવે જે પરિણતિ કાર્ય કરે છે ત્યારે એમ કહેવાય છે કે, પરિણતિ એકમેક થઈ ગઈ. જાણે જુદાં નથી રહ્યાં, એકમેક થઈ ગયા !

મુમુક્ષુ :- 'ગુરુદેવ' તો એમ પણ કહેતા કે, આ જગત છે-દુનિયામાં જેટલી જમીન છે પછી પાણી... પાણી... પાણી... અને એનું તળ છે. આત્માનો જે સ્વભાવ છે એ તળ

વગરનો છે એમ પણ કહેતા.

પૂજ્ય ભાઈશ્રી :– ઇ એમ કહેતા હતા કે, સ્વભાવની બેહદતા છે ! એમ. સ્વભાવની બેહદતા છે. હવે સ્વભાવમાંને સ્વભાવમાં લીધું કે સ્વભાવનું સામર્થ્ય કેટલું ? એક જ્ઞાનશક્તિ– જ્ઞાનસ્વભાવ લઈએ તો કેટલું જાણે ? કે, એની કોઈ હદ નહિ એટલું જાણે. લોકાલોકને જાણે ? હા. લોકાલોકમાં અનંત આકાશને જાણે, કાળમાં અનાદિઅનંત પર્યાયોને જાણે, સર્વના અનંત ગુણોને જાણે. એટલું જાણવા ઉપરાંત (જાણે) ? તો કહે (છે) કે, એવું અનંત હોય (અર્થાત્) છ દ્રવ્યસ્વરૂપ જે લોકાલોક છે એવા અનંતા લોકાલોક હોય તો એને પણ જાણે. અથવા એક લોકાલોક જ્ઞાનની અનંતતામાં અણુ, રેણુ, પરમાણુવત્ છે. 'ધર્મદાસજી ક્ષુલ્લકે' એવી રીતે શૈલી લીધી છે કે, જ્ઞાન-ગગનમાં લોકાલોક પરમાણુવત્ છે ! જગતની અંદર જેમ રાયનો દાણો હોય એટલું જ્ઞાન વિશાળ છે અને એટલું લોકાલોક છે એ નાનું પડે છે ! તો એવા સ્વભાવને હદ નથી એમ કહીને એમ કહે છે કે, એને તળિયું નથી. સમુદ્રને તળિયું છે.

મુમુક્ષુ :– તળનો એક અર્થ હદ અને સીમા એવો પણ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– મૂળસ્વભાવ ! અહીંયાં તળસ્વભાવ એટલે મૂળ સ્વભાવ–અસલ સ્વભાવ. એમ. એવો અર્થ થાય છે. 'ગુરુદેવે' એ પ્રશ્ન એક વાર એવી રીતે ઉઠાવેલો છે કે, આ વિશ્વમાં જમીનનું ક્ષેત્ર વધારે કે પાણીનું ક્ષેત્ર વધારે ? એમ પ્રશ્ન ઉઠાવ્યો હતો. તો જે ભૂગોળ છે એની અંદર એમ કહેવાય છે કે, જમીન થોડી છે અને પાણી વધારે છે. કેમકે દરિયો છે એ મોટો છે અને જે દેશ છે એ બધાં દરિયાની અંદર જો ક્ષેત્રફળ માપવામાં આવે તો આ 'અમેરિકા', 'ભારત', 'રશિયા' બધું થઈને ક્ષેત્ર માપવામાં આવે તો દરિયા કરતાં ઓછું છે. એટલે ભૂગોળ સમજનારાઓએ એમ જવાબ દીધો કે, પાણીનું ક્ષેત્ર વધારે છે અને જમીનનું ક્ષેત્ર ઓછું છે. એટલે 'ગુરુદેવ' કહે છે કે, 'નહિ, જમીનનું ક્ષેત્ર વધારે છે.' કોઈને એમ થયું કે, 'ગુરુદેવ'ને ભૂગોળનું જ્ઞાન તો કાંઈ બીજા(ને) જે સામાન્ય સમજવામાં આવે એટલું તો કદાચ ખ્યાલમાં ન હોય. તો અહીંયાં એમ કહેવું છે કે, પાણી નીચે પણ જમીન છે. પછી પૂછતા હતા કે, વધુમાં વધુ પાણી કેટલું ઊંડું છે ? ભણવામાં શીખેલા એટલે ખ્યાલ હતો એટલે કહ્યું કે, સાડા પાંચ માઈલ, છ માઈલથી વધારે ઊંડો દરિયો ક્યાંય નથી. આપણી જે આવાગમનની દુનિયા છે એમાં જે મોટામાં મોટો મહાસાગર છે એ પેસિફિક મહાસાગર છે અને એની ઊંડાઈ વધુમાં વધુ સાડા પાંચથી છ માઈલની

છે. અંદાજ સાડા પાંચથી છ માઈલ ! અને આ બાજુ ઊંચાંમાં ઊંચું માઉન્ટ ઍવરેસ્ટ (છે). ઊંચાઈની અંદર જમીનનો પોપડો, ખાડો અને ટેકરો (છે) એમાં આ ટેકરો છે એ માઉન્ટ ઍવરેસ્ટ છે. એની વધુમાં વધુ ઊંચાઈ સાડા પાંચથી છ માઈલની છે. દરિયાથી એની ઊંચાઈ ગણવામાં આવે છે. આ બાજુ ખાડો છે એ પણ એટલો જ છે. બસ ! એની નીચે પાછી જમીન છે. એટલે પાણીમાં નીચે તળિયે જાવ તો સાડા પાંચ, છ માઈલે તળિયું આવે. સ્વભાવને જ્ઞાન માપવા જાય તો એનું તળિયું ન આવે એમ કહે છે !! પણ એનું તળિયું ન આવે એવું જે જ્ઞાને જાણ્યું ઇ એનું તળિયું છે ! એનું તળિયું ન આવે, એની હદ ન આવે એવું જે જ્ઞાને જાણ્યું એ એણે એનું પૂરું સ્વરૂપ જાણ્યું. એવું એનું સ્વરૂપ છે અને એવું પૂરેપૂરું એણે જાણ્યું. એમ. એક ન્યાયે એ એનું તળિયું છે. એક ન્યાયે એને તળિયું નથી એટલે હદ નથી. એમ છે.

અહીંયાં તળ એટલે હદ નથી લેવી. અહીંયાં તળ એટલે મૂળ સ્વરૂપ લેવું છે, મૂળ સ્વરૂપ લેવું છે. **'તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે.'** સર્વ જ્ઞાનીઓનો, સર્વ સાધકોનો, સર્વ અરિહંતોનો અને અનંતા સિદ્ધોની સર્વ ગુણોની પર્યાયના કેન્દ્રસ્થાનનો વિષય હોય તો આ ચૈતન્યતળ છે. અથવા જગતના સર્વ વિધ-વિધ વિષયોનું જે અનાદિથી જીવને આકર્ષણ છે, મોહ છે અને જેને લઈને એ પરિણામ પરસન્મુખ રહ્યા કરે છે, અંતર્મુખ થતું નથી. એવો જે મોહ છે, એવું જે આકર્ષણ છે (એ) જીવને અનંતકાળથી છે, એને તોડનાર કોઈ હોય તો આ ચૈતન્યતળ છે–ચૈતન્ય સ્વભાવ છે કે જેના એકવાર દર્શન થાય છે એને જગતનું આકર્ષણ છૂટી જાય છે, એને જગતનો વ્યામોહ છૂટી જાય છે, એને જગત ખાલી-ખાલી ભાસે છે કે, એમાં કાંઈ નથી. મારામાં બધું છે અને આ જગતમાં મારા માટે કાંઈ નથી. આખી પરિસ્થિતિ બદલાઈ જાય છે. આવી કોઈ જબરજસ્ત વસ્તુ હોય, મહા આશ્ચર્યકારી, અદ્‌ભુતથી અદ્‌ભુત એ મૂળ ચૈતન્યસ્વરૂપ છે ! એને અહીંયાં ચૈતન્યનું તળ કહ્યું છે. **'તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે.'** પુરુષાર્થે કરીને સર્વ ગુણોની પરિણતિ એમાં એકમેક થઈ (ગઈ છે).

(હવે કહે છે કે) **'ચૈતન્યતળિયામાં જ સહજ દૃષ્ટિ છે.'** આ દૃષ્ટિ સહજતા ધારણ કરે છે. દૃષ્ટિ છે એમાં કૃત્રિમપણું થઈ શકતું નથી. ઊંધી પણ સહજ અને સવળી પણ સહજ. સહજ જ પરિણમે છે. એટલે કહે છે કે, **'ચૈતન્યતળિયામાં જ સહજ દૃષ્ટિ છે.'** જ્યાં સ્વરૂપની ઓળખાણ કરી, ઓળખાણથી એના અનંત મહિમાનો અપૂર્વ રસ પ્રગટ્યો

અને આખી દૃષ્ટિએ પલટો માર્યો પછી દૃષ્ટિનું પરિણમન ત્યાંને ત્યાં જ થયા કરે છે દૃષ્ટિ એટલી બધી સહજ છે કે એ દૃષ્ટિ પરિણમે છે એમ ભાગ્યે જ કહેવામાં આવે છે. નહિતર તો એ પરિણમતો અંશ છે, એમાં સમય-સમયનો ઉત્પાદ્-વ્યય છે. પણ એકધારું પરિણમન, સાદિઅનંત કાળ પર્યંત એકધારું પરિણમન હોવાથી, એમાં હીનાધિકતા નહિ થતી હોવાથી 'દૃષ્ટિ થઈ તે થઈ' એમ કહેવામાં આવે છે. પણ એ સમય-સમયનું પરિણમન છે.

ક્યાંક-ક્યાંક એવું ખોલ્યું છે કે દૃષ્ટિ થઈ એટલે જાણે દૃષ્ટિ એકકોર પડી રહી છે એવું નથી. એવું પણ કોઈ બોલની અંદર આવે છે. હજી તો નથી આવ્યું, આપણે તો શરૂઆત જ છે ને ! (એમ કહે છે કે) દૃષ્ટિ થઈ એટલે જાણે દૃષ્ટિ એકકોર પડી છે (એમ નથી). જેમ તિજોરીની અંદર સંપત્તિ પડી છે; દૃષ્ટિ પ્રગટી એટલે સંપત્તિ પ્રગટી ગઈ, એમને એમ પડી છે એમ નથી. એનું સમય-સમયનું કાર્ય છે, સમયે-સમયે એનું કાર્ય છે એમ કહેવું છે.

પ્રશ્ન :– ષટ્ગુણહાનિવૃદ્ધિ થાય છે ?

સમાધાન :– હા, ષટ્ગુણહાનિવૃદ્ધિ તો દરેક પર્યાયમાં થાય છે. પણ એ ષટ્ગુણહાનિવૃદ્ધિ એક સરખી જ છે ને ! એ તો દરેક ગુણની સમય-સમયની પર્યાયમાં છે. સિદ્ધદશામાં પણ એવીને એવી સિદ્ધદશા રહે છે પણ ત્યાં ષટ્ગુણહાનિવૃદ્ધિ છે. અહીંયાં એ વિષય નથી. જો ષટ્ગુણહાનિવૃદ્ધિ ન હોય તો તો વસ્તુ જ ન ટકે. એક પુરુષાર્થ સમજી શકાય એવો વિષય છે કે, મોક્ષમાર્ગની અવસ્થામાં પુરુષાર્થ તીવ્ર-મંદ થાય છે. ચોથાને ચોથા ગુણસ્થાને તીવ્રતા-મંદતા થાય છે, પાંચમા ગુણસ્થાને તીવ્ર-મંદ થાય છે, છઠ્ઠા-સાતમામાં તીવ્ર-મંદ થાય છે. દૃષ્ટિમાં તીવ્રતા-મંદતા નથી થતી. ક્યાંય એવું પ્રકરણ નહિ આવે કે, સમ્યક્દૃષ્ટિને આ જગ્યાએ દૃષ્ટિ મંદ પડી ગઈ. એવું ક્યાંય આવે છે ? રાગ તીવ્ર-મંદ થાય, પુરુષાર્થ તીવ્ર-મંદ થાય, જ્ઞાનમાં પણ હીનાધિકપણું થાય, જ્ઞાન વધારે ખૂલતું જાય–ખીલતું જાય. એમ. દૃષ્ટિનું કાર્ય તો એકધારું થાય છે.

પ્રશ્ન :– સમ્યગ્દર્શન વમી જાય ત્યારે ?

સમાધાન :– ત્યારે ગયો ! એ તો ઊંધી થઈ ગઈ આખી ! ગઈ એ તો. પણ એમાં ઓછી થઈ ગઈ એમ નહિ, મંદ થઈ ગઈ એમ નહિ. એ તો આખી દૃષ્ટિ પલટી ગઈ, તો મિથ્યાદૃષ્ટિ થઈ ગયો. સમ્યક્દૃષ્ટિ પડી જાય એનો અર્થ કે સમ્યક્દૃષ્ટિ ન રહ્યો. પછી એ પડ્યો છે અને સમ્યક્દૃષ્ટિ છે એમ નથી. એ (સમ્યક્દૃષ્ટિ) 'હતો', 'છે' નહિ. એમ

છે. જેમ કોઈ માણસ પૈસા ખોઈ નાખે ત્યારે શું કહે ? કે, ભાઈ ! ઇ અત્યારે પડી ગયો છે. શું કહે ? (પડી ગયો છે). (એટલે) અત્યારે એ શ્રીમંત નથી, અત્યારે એ ગરીબ છે.

(આમાં જ એક બોલમાં) એમ આવ્યું છે કે, દૃષ્ટિ પડી નથી રહેતી. જેમ તિજોરીમાં એક બાજુ ચીજ પડી રહી છે એમ નથી. એવી રીતે એ વાત છે. સ્થપાયેલી રહે છે. પેલું તો સ્પષ્ટ લખેલું છે કે, આ કોઈ એમને એમ રહેતી ચીજ નથી. દ્રવ્યદૃષ્ટિના જે બોલ છે એ ૧૮, ૧૦૦, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૫૦, ૨૦૧, ૨૦૬, ૨૧૬, ૨૧૭, ૨૪૩, ૨૫૩, ૨૬૧, ૩૦૩, ૩૧૫, ૩૨૧, ૩૨૫, ૩૪૪, ૩૯૮, ૩૯૯, ૪૦૦ આટલાં બધાં બોલ દ્રવ્યદૃષ્ટિ ઉપર છે. એમાં કોઈ એક બોલમાં એ વિષય છે.

**'સહજ દૃષ્ટિ છે.'** એટલે શ્રદ્ધા માટે વિકલ્પ કરવો પડતો નથી. ઊંધા પરિણમનથી એ સમજી શકાય એવું છે કે, અત્યારે દેહાત્મબુદ્ધિ છે એટલે 'દેહ તે હું' એવી દૃષ્ટિ છે તો 'દેહ તે હું' એવો વિકલ્પ ક્યારે કર્યો ? એના માટે કોઈ શાસ્ત્ર વાંચ્યું ? એના માટે કોઈ શિખામણ લીધી ? એના માટે કોઈ ક્લાસમાં ભણવા બેઠા ? કે શીખવા બેઠા ? 'દેહ તે હું' (એવો) વિકલ્પ નથી કરવો પડતો. 'આ હું', 'દેહ તે હું'માં 'આ હું !' બસ ! દૃષ્ટિ એમને એમ પરિણમ્યા જ કરે છે.

મુમુક્ષુ :– દૃષ્ટિ કરતા તો આવડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એનું પરિણમન છે. અવળું કે સવળું પરિણમન છે. અવળા પરિણમન ઉપરથી પ્રતિપક્ષભૂત એવા સવળા પરિણમનનું જ્ઞાન થઈ શકે છે, એને સમજી શકાય છે. ભલે સવળું પરિણમન ન પ્રગટ્યું હોય તોપણ. જેમકે દુઃખ (તો) દુઃખનો અભાવ તે સુખ. એમ સુખનો ખ્યાલ લઈ શકાય છે. એટલે નરક ગતિમાં નારકીના દુઃખો એ ગૌણપણે સમ્યક્ત્વનું કારણ બને છે–નિમિત્ત બને છે. કેટલાંક નારકીને સમ્યગ્દર્શન પ્રગટે છે એ અહીંથી પ્રગટે છે. એને 'વેદના સમ્યક્ત્વ' એવું નામ આપ્યું છે. વેદના નિમિત્ત પડે છે માટે એને 'વેદના સમ્યક્ત્વ' એવું નામ આપ્યું છે. એ જ્ઞાનમાં સામર્થ્ય છે, મતિ-શ્રુતજ્ઞાનમાં એવું સામર્થ્ય છે કે, એક પક્ષ ઉપરથી એના વિરુદ્ધ પક્ષને પણ પકડી શકે છે, સમજી શકે છે, ઓળખી શકે છે.

**'ચૈતન્યતળિયામાં જ સહજ દૃષ્ટિ છે. સ્વાનુભૂતિના કાળે કે બહાર ઉપયોગ હોય ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી,...'** અથવા **'દૃષ્ટિ બહાર જતી જ નથી.'** હવે, આ મેળવણી કરી કે, જ્યાં દૃષ્ટિ પ્રગટી ત્યાં દૃષ્ટિ ત્યાંને ત્યાં પરિણમ્યા કરે. દૃષ્ટિ પોતાના

વિષયભૂત એવું જે સ્વદ્રવ્ય છે–ચૈતન્યતળ છે એ ચૈતન્યના તળને દૃષ્ટિનો વિષય જે છે એ બનાવ્યા જ કરે છે. દૃષ્ટિ પોતાનો વિષય ક્યારેય નથી બદલતી. જ્ઞાન ક્ષણમાત્રમાં વિષય બદલી નાખે છે. સ્વાનુભૂતિના કાળે જ્ઞાનનો ઉપયોગ, જે દૃષ્ટિનો વિષય છે એને જ જ્ઞાન પણ ઉપયોગથી વિષય કરે છે. સ્વાનુભૂતિના કાળે, પ્રથમ સમ્યગ્દર્શનના કાળે. અને મોક્ષમાર્ગની સાધકદશામાં જ્યારે-જ્યારે શુદ્ધોપયોગ થાય ત્યારે-ત્યારે તેનો વિષય છે એ અંદર છે. **'સ્વાનુભૂતિના કાળે...'** એટલે કે ઉપયોગ અંતર્મુખ થઈને અંદર હોય ત્યારે **'કે બહાર ઉપયોગ હોય ત્યારે...'** પછી એ ઉપયોગ છૂટીને અન્ય દ્રવ્ય પ્રત્યે લાગે, બીજા દ્રવ્ય પ્રત્યે લાગે ત્યારે ઉપયોગ બહાર જાય છે. દિશા સૂચવવા માટે અંદર અને બહાર એમ કહેવામાં આવે છે.

અંતઃતત્ત્વસ્વરૂપ ચૈતન્યતળ છે એને અવલંબતો ઉપયોગ અંતર્મુખ થયેલો ઉપયોગ કહેવામાં આવે છે. ત્યાંથી છૂટીને અન્ય પદાર્થને–અન્ય તત્ત્વને વિષય કરતો ઉપયોગ અંતઃતત્ત્વથી બાહ્ય હોવાથી અને એની દિશા પણ બહારની હોવાથી એને બહાર નીકળેલો ઉપયોગ કહેવામાં આવે છે. એવો ઉપયોગ બહાર હોય ત્યારે, કોને ? સમ્યક્દૃષ્ટિને પણ ઉપયોગ બહાર હોય ત્યારે પણ **'તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી,...'** **'છૂટતી નથી'** એટલે દૃષ્ટિ ત્યાં ચોંટી ગઈ છે. ચોંટી ગઈ છે એટલે ત્યાં પરિણમતિ નથી એમ નથી. સમયે... સમયે... સમયે... પ્રત્યેક સમયનું પરિણમન દ્રવ્યદૃષ્ટિમાં દ્રવ્યને ગ્રહણ કરીને જ રહે છે અને થયા કરે છે. પ્રતિસમય થયા જ કરે છે. ત્યાંથી એ પરિણમન પોતાના સ્વસ્થાનને–પોતાના ઘરને દૃષ્ટિ ક્યારેય છોડતી નથી. ઉપયોગ છોડે છે.

**'સ્વાનુભૂતિના કાળે કે બહાર ઉપયોગ હોય ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી, દૃષ્ટિ બહાર જતી જ નથી.'** સમ્યક્દૃષ્ટિની દૃષ્ટિ બહાર જતી નથી. અને આ એક એવો નિયમ છે કે, જેની દૃષ્ટિ એની જ જ્ઞાનમાં મુખ્યતા રહે. ઉપયોગ બહાર જાય તોપણ બીજા પદાર્થને જાણતા, અવલંબતા; પરસત્તાને અવલંબીને ઉપયોગ બહાર જાય (પણ) એની મુખ્યતા ન થાય. મુખ્ય-ગૌણ જ્ઞાનના પરિણમનમાં થાય છે. જ્ઞાનનું પરિણમન એવું છે કે, કોઈ એક વિષયને એ મુખ્ય કરે, બાકીનું બધું ગૌણ કરે. પદાર્થનું વિજ્ઞાન એવું છે – એ નિયમ છે, વિજ્ઞાનનો એ નિયમ છે કે, જેની દૃષ્ટિ તેની જ જ્ઞાનમાં મુખ્યતા. એટલે સમ્યક્દૃષ્ટિને કદી પણ જ્ઞાનમાં પોતાના સ્વદ્રવ્યની મુખ્યતા છૂટતી નથી, ઉપયોગ ભલે બહાર જાય પણ જ્ઞાનમાં ત્રિકાળી સ્વ દ્રવ્ય સિવાય, દ્રવ્યદૃષ્ટિના વિષય સિવાય કોઈની મુખ્યતા ન થાય. આ એનું વૈજ્ઞાનિક પરિણમન છે. પછી એ સમ્યક્દૃષ્ટિ પર્યાયની વાત કરે, પર્યાયની મહિમા કરે,

ભગવાનની વાત કરે, બીજા ધર્માત્માની વાત કરે અને એના ગુણાનુવાદ કરે, પરમેશ્વર–જૈન પરમેશ્વર જિનવરની ગુણપ્રશંસા, ગુણસ્તુતિ કરે અને પ્રતિમાની સ્થાપનાનો વિષય હોય તો એનો આગ્રહ રાખે ! શું ? આગ્રહ રાખે તોપણ એને સ્વદ્રવ્યની મુખ્યતા છૂટતી નથી. એ તો આગ્રહ એટલા માટે રાખે છે કે, જો વ્યવહાર વ્યવહારના સ્થાનમાં ન રહે તો એકાંત નિશ્ચય થાય. વ્યવહાર પણ જો વ્યવહારના સ્થાનમાં ન રહે તો નિશ્ચય એકાંત થઈ જાય છે. એ જીવ નિયમથી નિશ્ચયાભાસી થઈ જાય છે. નિશ્ચય નિશ્ચયના સ્થાનમાં ન રહે તો જીવ વ્યવહારાભાસી થઈ જાય છે – આ એનો નિયમ છે. પણ અહીંયાં કહેવું છે એ કે, ગમે તે પ્રસંગ હોય અને ગમે તે પ્રકાર હોય–જેની દૃષ્ટિ એની જ જ્ઞાનમાં મુખ્યતા. ભલે ઉપયોગ બહાર જાય તોપણ.

પ્રશ્ન :– ઉપયોગ બહાર જાય તોપણ મુખ્યતા ?

સમાધાન :– તો પણ મુખ્યતા. એમ. ઉપયોગ અન્ય પદાર્થમાં જાય એટલે અન્ય પદાર્થની મુખ્યતા થઈ ગઈ છે એવું બાહ્યદૃષ્ટિથી દેખાય પણ સમ્યક્દૃષ્ટિને એવું બનતું નથી. જ્ઞાનમાં સ્વદ્રવ્યની જ મુખ્યતા રહે છે, કદી પણ અન્ય દ્રવ્યની કે અન્ય ભાવની મુખ્યતા થાય નહિ. આ એનો નિયમ છે.

પ્રશ્ન :– મુખ્યતા રહેવી એમાં શું કહેવા માગો છો ?

સમાધાન :– મુખ્યતા રહેવી એટલે આ અત્યારે પૈસો પકડી લેવો. પૈસો પકડી લેવો ! બધી વાત ઠીક છે જગતના જીવને એક પૈસો મુખ્ય છે. એમાં એને બધું ગૌણ થઈ જાય છે. તમામ ચીજ ગૌણ થઈ જાય છે. ત્યાંથી પછી બીજાં કુટુંબ-પરિવાર આવે તો એના સભ્યો પણ ગૌણ થઈ જાય. ભાઈ, મા-બાપ, દીકરો, પત્ની, પતિ બધું ગૌણ થઈ જાય. જગતની અંદર આ તો ઉઘાડી વાત છે, બહુ લાંબી સમજાવવાની જરૂર પડે એવું નથી. દેહ પણ ગૌણ થઈ જાય, બધું ગૌણ થઈ જાય. થાય છે કે નથી થતું ? બસ ! તો મુખ્ય થાય એટલે શું ? એ અવળા પરિણમનથી સમજી લેવું કે મુખ્યતા એટલે શું પણ ? મુખ્યતા થવી એટલે શું ? પોતાના જ પરિણમન ઉપરથી આ સમજવું.

સમજવાની પદ્ધતિ – ચાલતા અનુભવ ઉપરથી સમજવાની પદ્ધતિ રાખવી. માત્ર શબ્દના અર્થથી સમજવાની પદ્ધતિ (છે) એ તો ધારણાનો વિષય છે. ક્યારેક સમજાશે, ક્યારેક નહિ સમજાય. સમજાણું હશે તોપણ એ ધારણા ઉપરથી ભુંસાઈ જશે. એ તો જેમ પાટી ઉપર લખેલું સહેલાઈથી ભૂંસાઈ જાય છે એવો એ ધારણાનો વિષય છે. ધારણાની પાટી ઉપરથી

ભૂંસાતા વાર નથી લાગતી. કાળ પણ એને ભૂલવી દ્યે છે. કોઈ વિષયની અંદર લાંબો કાળ થાય (તો) માણસ ભૂલી જાય છે. પણ જે માણસ અનુભવથી જે ચીજ શીખ્યો હોય એ ભૂલતો નથી. એવું બને છે કે નહિ ?

એટલે (અહીંયાં કહે છે કે), જેની દૃષ્ટિ એની મુખ્યતા, બસ ! એ સહજ છે. મુખ્યપણાનો વિકલ્પ કરવો ન પડે, સહજ જ થાય. એટલું અખંડ દ્રવ્યની અંદર, દ્રવ્ય એક અખંડ હોવાથી, આ દૃષ્ટિ જ્યાં દ્રવ્યની થઈ ત્યાં આ એક પરિસ્થિતિ ઊભી થઈ જાય છે. આ પરિસ્થિતિ કુદરતી સહજપણે જ રહી જાય છે. એને મુખ્યતા કરવા માટે વિકલ્પ કરવો પડે, યાદ કરવું પડે એવું પછી કાંઈ ન થાય. જ્ઞાનમાં પણ એની જ મુખ્યતા રહે. ભલે જ્ઞાન અનેક જ્ઞેયોમાં અનેક નિમિત્તો પ્રતિ કાર્ય કરવા જાય તોપણ મુખ્યતા ક્યાંય થાય જ નહિ. આ એનો નિયમ છે.

જોકે, ત્યાં જ્ઞાનનું બીજું કાર્ય પણ છે કે, જ્ઞાનના લક્ષમાંથી પણ આ દ્રવ્યદૃષ્ટિનો વિષય જતો નથી. (સ્વરૂપ) નિર્ણયના કાળમાં જે લક્ષ બંધાણું ત્યારથી એ લક્ષ બદલતું નથી. જેમ દૃષ્ટિ થઈ પછી દૃષ્ટિ બદલાતી નથી એમ જ્ઞાનમાં લક્ષ થયું, ઓળખાણ થઈ ત્યારથી લક્ષણથી જે લક્ષ્યભૂત વિષય લક્ષમાં આવ્યો તે લક્ષ ક્યારેય નથી બદલાતું. એટલું જ્ઞાનનું કાર્ય પણ સદાય રહે છે.

એટલે તો 'ગુરુદેવશ્રી' 'પરમાગમસાર'માં એક જગ્યાએ એવું કહે છે કે, લક્ષના કારણથી જે જ્ઞાન થયું તે જ્ઞાનમાં જ્ઞાનના પાતાળ ફૂટે છે !! અંદર જે જ્ઞાનભંડારમાં જ્ઞાન છે (તેમાંથી જ્ઞાનના પાતાળ ફૂટે છે). ૫૧૬ (નંબરનો) બોલ છે. આખો બોલ જ લઈ લઈએ. **'કેટલાક લોકો હજી શુભરાગને મોક્ષમાર્ગ માને છે...'** જગતમાં તો આ પરિસ્થિતિ છે, સંપ્રદાયમાં આ પણ પરિસ્થિતિ છે કે, શુભરાગને મોક્ષમાર્ગ માને છે. **'તેને કહે છે કે પ્રભુ ! તું ક્યાં ગયો ? શું કરે છે ?'** 'પ્રભુ' કહીને કહે છે ! પ્રભુ ! તું ક્યાં ગયો ? અને તું શું કરે છે આ ? અહીં તો એમ કહે છે કે, તારો શુભરાગ તો એક બાજુ રહ્યો પણ **'પરલક્ષવાળું જ્ઞાન એ જીવનું નહિ...'** પરલક્ષવાળું જ્ઞાન એ જીવનું સ્વરૂપ નહિ, એ જીવનું જ્ઞાન નહિ **'તો પરલક્ષવાળો રાગ છે તે જીવને લાભ કરે એ વાત તો ક્યાંય રહી !'** એ તો વાત જ રહેતી નથી. **'અરે પ્રભુ શું કરે છે આ !'** તું કેટલું અનિષ્ટ કરે છે એમ (કહે છે). રાગને તું ધર્મ-સાધન માનીને કેટલું અનિષ્ટ કરે છે !

**'અરે પ્રભુ શું કરે છે આ ! સાંભળવા મળ્યું નથી.'** આવી વાત તને કદી જાણે કાને પડી નથી કે શું ? **'અરે ! એની પ્રભુતા અને ચમત્કૃતિ શક્તિઓ !'** (એટલે કે) ચમત્કારિક

શક્તિઓ ! **'અને ચમત્કૃતિ એની પર્યાયો !! એની એને ખબર નથી. આવો જે ભગવાન આત્મા...'** આ લક્ષનો વિષય છે. **'આવો જે ભગવાન આત્મા તેની ઊંડપની શી વાત કરવી.'** આ ઊંડપ... ઊંડપ લે છે ને ? તળ ! તળ ઊંડાણમાં છે. **'તેની ઊંડપની શી વાત કરવી. પાતાળ કૂવામાં જેમ પાણી ઊંડેથી ફાટીને બહાર આવે...'** (તો) વર્ષો સુધી–સેંકડો વર્ષો સુધી એ પાણીનો પ્રવાહ ચાલુ રહે. **'તેમ લક્ષના કારણથી જે જ્ઞાન ઉત્પન્ન થાય...'** ભગવાનઆત્માના લક્ષના કારણથી જે જ્ઞાન ઉત્પન્ન થાય **'તે જ્ઞાનના પાતાળ કૂવામાંથી શેરડા–ફૂવારા ફાટે છે.'** અંદરથી શેરડા ફાટે છે ! અંદરથી પછી જ્ઞાનનો ધોધ ફાટે છે !! ક્યુ (જ્ઞાન) ? કે, લક્ષના કારણથી જે જ્ઞાન ઉત્પન્ન થયું તે. આ લક્ષ ઉપર અહીંયાં આટલું વજન છે ! અહીંયાં 'પાતાળ' શબ્દ લીધો છે – ચૈતન્યના પાતાળમાં ઊંડે-ઊંડે પહોંચી ગયા. 'પાતાળ' શબ્દ અહીંયાં લીધો છે.

('પરમાગમસાર') ૪૬૩ (બોલમાં) 'ઊંડું... ઊંડું...' શબ્દ ઉપર થોડી વાત આવી છે. અહીંયાં 'ઊંડે' લીધું છે ને ? ઊંડે... ઊંડે... ઊંડે... પહોંચી ગયા છે. પ્રશ્ન પૂછ્યો છે કે, આપ બહુ ઊંડાણમાં લઈ જાઓ છો. ઉત્તર આપ્યો છે **'વસ્તુ જ એવા સ્વભાવવાળી છે. પર્યાય ઉપર ઉપર છે અને દ્રવ્ય ઊંડું... ઊંડું... છે. અનંત... અનંત... અનંત... ઊંડપ છે.'** સ્વભાવની કેટલી ઊંડપ છે ? કે જેને તળિયું નથી એવી અનંત... અનંત... અનંત... ઊંડપ છે !! આ તો મતિ-શ્રુત (જ્ઞાન) આમ જોવે છે, કેવળજ્ઞાનની તો શું વાત કરવી !! અનંત ઊંડપ છે એ મતિ-શ્રુતમાં આવે છે. **'ક્ષેત્રથી નહિ...'** હવે (કહે છે) આ ઊંડપ છે એ ક્ષેત્રની નથી. જેમ પર્યાય ઉપર-ઉપર છે (એમ કહ્યું) પણ એ ક્ષેત્રથી નહિ. **'પણ ભાવથી અનંત... અનંત... અનંત... સામર્થ્યરૂપ ઊંડપ છે.'** સામર્થ્ય અનંતુ છે એવી ઊંડપ છે. **'ત્યાં જ્ઞાનપર્યાયને ધીરજથી લઈ જતાં...'** ધીરજથી અને પુરુષાર્થથી લઈ જતાં અંદરમાં **'ભગવાનનો ભેટો થાય છે.'** એ ઊંડપનો એક બોલ આની અંદર છે.

એક ૪૧૧ (નંબરનો બોલ) છે. **'પહેલા રાગની મંદતા કરું...'** કષાયની મંદતા કરું **'એમ રહેવા દે...'** જુઓ ! કેવી શૈલી છે ! સામાન્ય રીતે લોકો એમ કહે કે, કષાય મંદ થાય ને તો ઠીક ! **'પહેલા રાગની મંદતા કરું એમ રહેવા દે ને એકદમ પુરુષાર્થ કર.'** આ સીધી પુરુષાર્થની પ્રેરણા છે. **'વિકલ્પના વાયદા રહેવા દે ને એકદમ પુરુષાર્થ કર. જેમ કૂવામાં ઉભો કોશીયો પડે...'** જુઓ ! અહીંયાં દૃષ્ટાંત લીધું છે. **'જેમ કૂવામાં ઉભો કોશીયો...'** આ ધૂમકાનું વિશેષણ છે. **'ઉભો કોશીયો પડે ને તળિયાનો તાગ લઈ આવે તેમ એકદમ પુરુષાર્થ કરીને ધ્રુવ જેનું તળિયું છે ત્યાં ઊંડો ઉતરી જા.'** આ 'ઊંડા' ઉપર કેટલી-કેટલી

શૈલીથી વાતો આવી છે ! **'ધ્રુવ જેનું તળિયું છે ત્યાં ઊંડો ઉતરી જા. ત્રિકાળ જ્ઞાયકભાવ આનંદનો નાથ પ્રભુ છે ત્યાં ઊંડો ઉતરી જા. પર્યાય તો ઉપર ઉપર છે. દ્રવ્યમાં પેસી ગઈ નથી. પર્યાયનું લક્ષ દ્રવ્યના ઊંડાણમાં લઈ જા.'** જ્ઞાનમાં જે લક્ષ છે એ જેટલું દ્રવ્યસ્વભાવનું અનંતુ ઊંડાણ છે ત્યાં લઈ જા. **'પર્યાય દ્રવ્યમાં જાય નહીં પણ પર્યાયનું લક્ષ દ્રવ્યમાં...'** જાય છે. આ ભાવથી વાત કરી.

શું કહે છે અહીંયાં ? કે, ઉપયોગ બહાર જાય **'ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી, દૃષ્ટિ બહાર જતી જ નથી.'** (અર્થાત્) દૃષ્ટિ પોતાનો વિષય બદલતી નથી. (પોતે) પરિણમ્યા કરે છે તોપણ પોતાનો વિષય (જે) સ્વદ્રવ્ય છે-નિજ પરમાત્મદ્રવ્ય છે એના ઉપરથી દૃષ્ટિ પોતાનો વિષય બદલીને કાંઈ ફેરફાર કરતી નથી. એ ન્યાયે વસ્તુ ધ્રુવ છે તો વસ્તુની દૃષ્ટિ ધ્રુવ છે એમ પણ કહેવામાં આવે છે. ધ્રુવ એટલે ફેરફાર ન થવો. ધ્રુવ એટલે પરિણમન ન થવું એમ અહીંયાં વાત નથી. વસ્તુ ધ્રુવ તો જાણે એની દૃષ્ટિ ધ્રુવ થઈ ગઈ ! એનું લક્ષ ધ્રુવ થઈ ગયું.

**'જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે; ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે;...'** જ્ઞાની છે એ ચૈતન્યના પાતાળમાં દૃષ્ટિએ કરીને, લક્ષે કરીને ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે. કોઈને એમ લાગે કે જ્ઞાની ઉદયમાં ઊભા છે, ઉદયને ભોગવે છે. પ્રતિકૂળતા હોય તો પ્રતિકૂળતાને ભોગવે છે, અનુકૂળતા હોય તો અનુકૂળતાને ભોગવતા જોવામાં આવે છે. તો કહે (છે કે) નહિ, એ જ્ઞાની ઊંડે... ઊંડે... ઊંડે... ક્યાં પરિણમે છે એની તને ખબર નથી.

આ જે દૃષ્ટિ અને લક્ષની અંતર પરિણતિ છે એની ઓળખાણ કરવાથી જ્ઞાની ઓળખાય છે. નહિતર જ્ઞાનીની ઓળખાણ નથી થતી. એની ઓળખાણ થાય તો પોતાને પણ એ દશા પ્રાપ્ત થાય છે. આ સામે-સામે એનો નિયમ છે. જેને જ્ઞાનીની ઓળખાણ થાય તે ક્રમે કરીને પોતે જ્ઞાની થાય. આ એનો નિયમ છે. આટલો ઓળખાણનો લાભ છે !

**'જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે; ઊંડી ઊંડી ગુફામાં,...'** આ 'ગુફા' શબ્દ લીધો. 'પાતાળ'નું એક વિશેષણ આપ્યું, બીજું 'ગુફા'નું વિશેષણ આપ્યું. **'ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે;...'** એવી **'સાધનાની સહજ દશા સાધેલી છે.'** સાધનાની આવી જે દશા છે એ સહજ સધાય છે. સહજપણે એ દશાનું પરિણમન વર્ત્યા કરે છે. સહજ દશા એ છે. ભલે એ અંતરંગ દશા છે અને ઉદયની દશા છે એ બાહ્ય દશા હોવાથી અને

ઉદયના અનુભવમાં રહેલાં જીવોને પરિચિત હોવાથી એ દશાનો તેને ખ્યાલ આવે છે. (અર્થાત્) જ્ઞાનીની બાહ્ય દશાનો ખ્યાલ આવે છે. બોલે છે, ખાય છે, પીવે છે, વાતો કરે છે, હાલે છે, ચાલે છે, બેસે છે, સૂવે છે (એમ) અનેક બાહ્ય ક્રિયાઓથી એ પોતાને પરિચિત હોવાથી સમજાય છે કે આ તો આપણે જેમ કરીએ છીએ એમ એ કરે છે એમ લાગે છે. પણ એ એમનું અસલ સ્વરૂપ નથી. અથવા એ એટલા બધા ત્યાં ઉપર-ઉપર છે કે, જાણે કે એમની સાવધાની ત્યાં નથી ! એમનું લક્ષ નથી અને એની સાવધાની નથી. બહાર આવી ગયા છે. પુરુષાર્થધર્મ મંદપણે કામ કરે છે એટલે એ બધાં પ્રકાર પૂર્વ કર્મને અનુસરીને ઉત્પન્ન થાય છે. ત્યાં પૂર્વ કર્મનો ઉદય છે એમાં પર્યાય મચક ખાયને જાય છે તો એ બધું થાય છે. પણ ખરેખર તો જ્ઞાની તે વખતે ચૈતન્યના પાતાળમાં પહોંચેલા જ છે. એ ઊંડી-ઊંડી ગુફામાં ઊંડે-ઊંડે પહોંચી ગયા છે. એ એમનું ખરું કાર્ય છે. એને મુખ્ય પરિણતિ કહેવામાં આવે છે.

'સોગાનીજી'એ ૩૩ નંબરના પત્રમાં એ વાત લીધી છે. 'સહજ આશ્રિત મુખ્ય પરિણતિ' એમની એવી શૈલી છે. 'સહજ આશ્રિત મુખ્ય પરિણતિ !' ભલે બહારમાં બુદ્ધિપૂર્વક બીજો વ્યવહારનો પ્રકાર હોય તોપણ સહજ આશ્રિત મુખ્ય પરિણતિની જ મુખ્યતા રહે છે. પરિણમનની અંદર પણ એની ગૌણતા કદી થતી નથી. લોકોને એમ થાય કે અત્યારે આ આરતી ઉતારે છે, અત્યારે ભક્તિ કરે છે, અત્યારે જ્ઞાની શાસ્ત્ર વાંચે છે. તો કહે છે – એ કાંઈ મુખ્ય નથી, એ બધું ગૌણ છે. મુખ્ય પરિણતિમાં તો એ ઊંડે... ઊંડે... ઊંડે... પહોંચી ગયા છે અને પોતાનું ઘર ઝાલીને બેસી ગયા છે, નિજઘરને ક્યારેય છોડતા નથી. આ એની મુખ્ય પરિણતિ છે.

૩૩ (નંબરના પત્રમાં) એ વાત છે. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' છે ? ૩૩ નંબરના (પત્રમાં) સાત બોલ છે એમાં છઠ્ઠો બોલ છે. **'વૃત્તિ અપેક્ષા...'** વૃત્તિ એટલે અહીંયાં પરિણતિ–પરિણામ અપેક્ષા. વૃત્તિ એટલે પરિણામ અપેક્ષા **'ત્રિકાલીકી મુખ્યતાવાલે ધર્મીકો...'** (અર્થાત્) જે ધર્મીને ત્રિકાળીની જ મુખ્યતા છે, કદી છૂટતી નથી. **'સહજ હી ઇસ મુખ્ય આશ્રિત વૃત્તિકી હી મુખ્યતા રહતી હૈ, વર્તતી હૈ;...'** મુખ્ય જે દ્રવ્ય છે એના આશ્રિત જે વૃત્તિ એટલે પરિણામઅંશ છે એની જ મુખ્યતા રહે છે અને એની મુખ્યતા વર્ત્યા કરે છે. **'ચાહે બાહ્યાંશમેં બુદ્ધિપૂર્વક પ્રવૃત્તિ હો.'** બહારના પરિણામઅંશની અંદર પૂજા કરે, ભક્તિ કરે, આરતી કરે, ગમે તે પ્રવૃત્તિ કરે, કોઈ પણ શુભાશુભ પ્રવૃત્તિ હો. નીચે(ના ગુણસ્થાને તો) અશુભ પ્રવૃત્તિ પણ

છે – દુકાને બેસે, દુકાને જાય, રાજપાટ ચલાવે, ઘર-કુટુંબ-પરિવાર (હોય) તોપણ એની સ્વદ્રવ્યની મુખ્યતા ક્યારેય છૂટતી નથી. અને પરિણામમાં એ સ્વદ્રવ્યની મુખ્યતા કરવાવાળો જે પરિણામઅંશ છે એ વૃત્તિ છે (અને) એની જ મુખ્યતા રહે છે. બાકી બધો બુદ્ધિપૂર્વકનો પ્રવૃત્તિનો પરિણામઅંશ છે એ બધો ગૌણપણે વર્ત્યા કરે છે. એટલે એમણે ચોથા બોલમાં એવી પણ વાત કરી છે કે, મિથ્યાદૃષ્ટિને તો પોતાના માપથી બીજાનું માપ કાઢવાનું થાય છે અને સમ્યક્દૃષ્ટિને પોતાના માપથી બીજાનું માપ કાઢવાનું થાય છે. એટલે મિથ્યાદૃષ્ટિ બહારમાં બધી મુખ્યતા કરે છે તો એને પણ સમ્યક્દૃષ્ટિ બહારમાં મુખ્યતા કરતા હોય એવું માપ નીકળે છે. એટલે એ સમ્યક્દૃષ્ટિને ઓળખી શકતો નથી. જ્યારે જ્ઞાન થયા પછી તો એને પોતાને પોતાના પરિણામમાં અંતરવૃત્તિની મુખ્યતા રહે છે અને ક્યારેય પણ એને બહારના પરિણામની મુખ્યતા થતી નથી.

(ચોથા બોલમાં એમ કહે છે કે) **'સ્વકે માપસે અન્યકા માપ કિયા જાતા હૈ. 'મૈં' ત્રિકાલી હી હૂં, ઇસ અનુભવમેં પરિણામ માત્ર ગૌણ હૈ, ચાહે બુદ્ધિપૂર્વક હોય યા અબુદ્ધિપૂર્વક. ઐસે ધર્મીકો કભી પરિણામકી મુખ્યતા નહીં હોતી.'** શુદ્ધ પર્યાયના વખાણ કરે, શુદ્ધ પર્યાયનો – સમ્યગ્દર્શનનો મહિમા કરે (તોપણ) ક્યારે પણ એને મુખ્યતા થતી નથી. **'અતઃ ઉસે અન્ય ધર્મી જીવમેં ભી પરિણામકી મુખ્યતા નહીં દિખાઈ દેતી;...'** (અર્થાત્) બીજા જ્ઞાનીને પણ એ પરિણામની મુખ્યતાવાળા નથી જોતા. બીજા જ્ઞાનીને એ સમજે છે કે, આને પણ દ્રવ્યની મુખ્યતા વર્તે છે અને એ એને બરાબર ખ્યાલમાં આવે છે. બીજા ઓળખે કે ન ઓળખે પણ એક જ્ઞાની બીજા જ્ઞાનીને બરાબર ઓળખી શકે છે કે, આને દ્રવ્યની મુખ્યતા રહે છે. **'જૈસે કિ માત્ર પરિણામ દેખનેવાલેકો પ્રવૃત્તિકી મુખ્યતા દિખતી હૈ.'** મિથ્યાદૃષ્ટિનું દૃષ્ટાંત લીધું છે અને સમ્યક્દૃષ્ટિનું સ્વરૂપ સમજાવ્યું છે. પરિણામ દેખવાવાળા જે મિથ્યાદૃષ્ટિ છે એને પ્રવૃત્તિની મુખ્યતા દેખાય છે, જ્યારે પોતાના અંતરમાં પોતાના સ્વરૂપની મુખ્યતા કરવાવાળાને બીજા જ્ઞાનીને પણ એના પરિણામમાં દ્રવ્યની મુખ્યતા કેવી રીતે રહે છે એ બરાબર સમજી શકે છે.

મુમુક્ષુ :– એક જ્ઞાનીને બીજા જ્ઞાનીનો પ્રમોદ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– આ એની અંતર દશાથી (પ્રમોદ આવે છે).

અહીં સુધી રાખીએ...

## પ્રવચન નં. ૧૪, વચનામૃત–૧૩
## તા. ૩૦-૧૧-૧૯૮૬

**'હું જ્ઞાયક ને આ પર', બાકી બધાં જાણવાનાં પડખાં છે. 'હું જ્ઞાયક છું, બાકી બધું પર'–આ એક ધારાએ ઊપડે તો એમાં બધું આવી જાય છે, પણ પોતે ઊંડો ઊતરતો જ નથી, કરવા ધારતો નથી, એટલે અઘરું લાગે. ૧૩.**

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૫, ૧૩મો બોલ છે. આ બોલનો વિષય ભેદજ્ઞાનનો છે. સ્વરૂપનો અનુભવ કરવાની એક માત્ર વિધિ અથવા સ્વકાર્ય કરવાની એક કળ આ ભેદજ્ઞાન છે અને એ ભેદજ્ઞાનના વિષયમાં પણ એક સૂત્ર-સિદ્ધાંત જેવી વાત આ બોલની અંદર આપેલી છે. સૂત્ર-સિદ્ધાંત એટલે બહુ ટૂંકામાં સારભૂત વાત કરવી અથવા વિચારના વિષયમાં સ્પષ્ટીકરણ કરવા જતા વિસ્તાર થાય છે તો એ સમજણની ભૂમિકાનો વિષય છે. આરાધનાની ભૂમિકામાં (એટલે કે) સમજણ પછી આગળ વધીને આરાધનાની ભૂમિકામાં વિસ્તારનો પ્રસંગ નથી, વિસ્તારની કોઈ આવશ્યકતા નથી. ત્યાં બહુ સંક્ષેપમાં વિષય સમાવેશ થઈ જતો હોય એવી રીતે એનું કથન આવે છે. અહીંયાં પણ એવી પદ્ધતિ સમજવી.

**'હું જ્ઞાયક ને આ પર', બાકી બધાં જાણવાનાં પડખાં છે.'** 'બધાં' એટલે જેટલો વિસ્તારવાળો વિષય છે એ જાણવાનો વિષય છે, ન સમાધાન થતું હોય તો સમાધાન કરી લેવા પૂરતી વાત છે. કોઈ વાત ન બેસતી હોય, વિરોધ ભાસતો હોય – એ બધું જાણવામાં જાય છે. જાણવાનો વિષય અને આદરવાનો વિષય ભિન્ન-ભિન્ન છે એમ કહેવું છે. જે કાર્ય આદરવું છે એનો વર્ગ જુદો છે અને જાણવાના અનેક વિષય છે એનો વર્ગ પણ જુદો છે. આ બે વર્ગમાં આખું તત્ત્વજ્ઞાન સમાયેલું છે. એટલે તત્ત્વજ્ઞાનના વિષયમાં જેણે પ્રવેશ કર્યો છે એવા જીવે એ સમજવું જરૂરી છે કે કેટલો વિષય આદરવાનો છે અને કેટલો વિષય માત્ર જાણવાનો રહે છે.

'હું જ્ઞાયક' એટલે જાણનાર તત્ત્વ–જાણનાર ભાવ–સ્વભાવભાવ એવો હું છું. જ્ઞાયક કહેતાં એમાં અનંત શક્તિનું અભેદ રૂપ આવી ગયું – અભેદ સ્વરૂપ આવી ગયું. જ્ઞાયક એટલે કોઈ એક જ્ઞાનગુણના ભેદથી વસ્તુને ભેદરૂપ દર્શાવવી છે એમ અહીંયાં નથી. જ્ઞાયક એટલે અભેદ નિજસ્વરૂપ, પોતાનું અખંડ અભેદ નિજાત્મ તત્ત્વ, એને અહીંયાં જ્ઞાયક કહે છે. 'સમયસાર'માં આચાર્ય ભગવાને જ્ઞાયક કહ્યો, 'ગુરુદેવશ્રી'ના પ્રવચનમાં પણ જ્ઞાયક શબ્દથી જ આત્માની વાત પ્રમુખપણે થઈ અને જ્ઞાયક કહેવામાં સીધેસીધો આત્મા સહેલાઈથી ઓછા ઉઘાડવાળાને પણ પકડાય જાય એ પ્રકાર છે. જ્ઞાયક કહેવામાં એ પ્રકાર છે. કેમકે જ્ઞાન એવો વિશિષ્ટ ગુણ છે કે જેનાથી આત્મા જુદો પડે છે અથવા જે રાગ અને પર સાથે એકત્વ થઈ રહ્યું છે તેને જુદું પાડવામાં જ્ઞાન જ સાધન છે. જ્ઞાન સાધન હોવાથી જ્ઞાનવિશિષ્ટ પદાર્થ, જ્ઞાનમય પદાર્થ તે જ્ઞાયક આત્મા એમ કહીને અહીંયાં જુદો પાડવો છે.

વળી, અનુભવ પણ જ્ઞાનમાં છે અને અનુભવ થવાનું, અનુભવ કરવાનું અહીંયાં પ્રયોજન હોવાથી પણ આત્માને જ્ઞાયકપણે દર્શાવવો ઉચિત છે. ઉચિત છે એટલે વધારે ઉચિત છે. શાસ્ત્રમાં આત્માને દર્શાવવા માટે આત્માના અનેક ગુણધર્મોથી નિરુપણ થયેલા કથન છે તોપણ પોતાનું કાર્ય સાધવા માટે જ્ઞાયકપણે આત્માને સમજવો અને આરાધવો એ વધારે અનુકૂળ પડે છે. આગળ એક બોલ આવશે એમાં એવું સ્પષ્ટીકરણ છે. જમણા હાથ (બાજુ) ઉપરનો (બોલ છે) – ૩૧૮. પોતાના સ્વરૂપને પહોંચવું – નિજ શુદ્ધ પરિણતિથી પોતાના સ્વરૂપને પહોંચવું એમાં પ્રથમ સમ્યગ્દર્શન છે એટલે નિજ સ્વરૂપની શુદ્ધાત્મ પ્રતીતિ છે.

સમ્યગ્દર્શન પહેલાંની અવસ્થા સ્વરૂપવિચારણાની છે અને તે સ્વરૂપ વિચારણામાં આત્માના અનેક ગુણો સંબંધીનો, અનેક ધર્મો સંબંધીનો વિચાર ચાલે છે. જેમકે અહીંયાં

ત્રીજી લીટીમાં લીધું છે – **'હું ધ્રુવ છું, હું શુદ્ધ છું, હું પરમપારિણામિકભાવ છું–એમ,...'** વિચારો ચાલે છે, અનેક પ્રકારે વિચારો આવે છે. કોને એવા અનેક પ્રકારે વિચારો આવે છે ? કે, **'સમ્યક્ પ્રતીતિ...'** એટલે સમ્યગ્દર્શન **'માટેની લગનીવાળા આત્માર્થીને અનેક પ્રકારે વિચારો આવે છે. પણ તેના નિમિત્તે ઊપજતી સમ્યક્ પ્રતીતિનો...'** જે પ્રકાર છે તે એક છે. વિચારોના પ્રકાર અનેક છે કેમકે વિચારોનો વિષય અનેક ગુણધર્મોનો ભેદ છે, ગુણોનો અને ધર્મોનો ભેદ છે. પણ ગુણોનો અને ધર્મોનો ભેદ પ્રતીતિમાં નથી આવતો. પ્રતીતિનો વિષય તે બધાં ગુણધર્મોથી એકરૂપ થયેલું જે શુદ્ધાત્મદ્રવ્ય છે તે એક જ પ્રતીતિનો વિષય હોવાથી પ્રતીતિનો પ્રકાર એક જ છે. વિચારોના પ્રકારમાં અનેક પ્રકાર પડે છે. પ્રતીતિનો–દર્શનનો એક જ પ્રકાર છે. તેથી **'પ્રતીતિ માટેના વિચારોના સર્વ પ્રકારોમાં...'** (અર્થાત્) હું શુદ્ધ છું, ધ્રુવ છું, પારિણામિકભાવ છું – એ પ્રકારના વિચારોના સર્વ પ્રકારોમાં **'હું જ્ઞાયક છું' તે પ્રકાર મૂળભૂત છે.'** અથવા આ મૂળભૂત પ્રકાર સર્વ પ્રતીતિ પ્રાપ્ત કરનાર જીવોને હોય છે. આ મૂળભૂત વિચાર – 'હું જ્ઞાયક છું' – એવો મૂળભૂત વિચાર પ્રતીતિ પ્રાપ્ત થનાર સર્વ જીવોને હોય છે અને એ આત્મપ્રાપ્તિ માટે, સ્વાનુભવ માટે ખરેખર જોઈએ તો એક માત્ર હેતુરૂપ છે.

અભેદ જ્ઞાયક ઉપર પરિણામમાં ટકતો નથી એટલે બીજા ધર્મથી તેનેને તેને વિષય કરવાનો વિચાર ચાલે છે. વિષય બદલાતો નથી, લક્ષગત વિષય તો અભેદ આત્મા છે. પણ એ લક્ષના વિષયનો ઉપયોગ ન થાય ત્યાં સુધી વિચારોમાં ફેરફાર થયા કરે છે અને એમાં અનેક ગુણધર્મના પડખાં પડે છે તોપણ સ્વાનુભવ માટે 'હું જ્ઞાયક છું' તે પ્રકાર હેતુરૂપ છે – મૂળભૂત હેતુરૂપ છે. એમ અહીંયાં કહેવું છે. એ વિષયને અહીંયાં (–૧૨મા બોલમાં) સંક્ષેપમાં લઈ લીધો. આટલી લાંબી વાત બહુ સંક્ષેપમાં લઈ લીધી કે 'હું જ્ઞાયક' અને 'હું જ્ઞાયક' સિવાયનું બધું – 'આ' એટલે આ બધું. 'હું જ્ઞાયક છું' એ સિવાયનું આ બધું પર છે. જ્ઞાયક તે હું છું, એ સિવાયનું હું નથી. પર છે એટલે હું નથી. આટલો પણ જે વિકલ્પ છે એનું જે નિર્વિકલ્પ વાચ્ય છે એમાં સ્વાનુભવ છે. એટલે ભેદજ્ઞાનના ફળમાં જે સ્વાનુભવ લીધો છે એ એટલા માટે લીધો છે.

જ્યાં સુધી અભેદતાને પહોંચાતું નથી, લક્ષગત વિષય જે અભેદ આત્મદ્રવ્ય છે (તેને પહોંચાતું નથી) ત્યાં સુધી પુરુષાર્થ ઉગ્ર થઈને તન્મય થવાતું નથી ત્યાં સુધી ભેદ-વિકલ્પ ઊઠે પણ એમાં જે વિકલ્પ છે એનો નિષેધ છે 'આ પર છે' એમ ગણીને એનો નિષેધ

છે અને જે જ્ઞાયક ઉપર લક્ષ છે ત્યાં હુંપણાંનું જોર છે. હુંપણે ત્યાં જોર દચે છે અને એ જોરમાં 'આ પર છે' એવો વિકલ્પ પણ બંધ થઈ જાય છે. કેમકે પર (–વિકલ્પ) પછી ઉત્પન્ન થતું નથી. લક્ષ ઉપર વજન છે, જોર છે એટલે સાથે સૂક્ષ્મપણે ઉત્પન્ન થતો જે વિકલ્પ છે એ વિકલ્પ પણ બંધ થઈ જાય છે. એટલે પરની અંદર તો જેટલું લેવું હોય એ બધું માત્ર જાણવાના વિષયમાં જાય છે. એના ઉપર જોર દેવાનું નથી. જાણવાના પડખાં (છે) એમ કહીને એમ કહેવું છે (કે) એ આદરવાનું પડખું નથી અને આદરવાનું પડખું નથી એટલે એના ઉપર કાંઈ જોર દેવાની જરૂર નથી – એમ લેવું છે. એ જાણવાના વિષયમાં અનેક ન્યાયો હોય, આગમનો ગમે તેટલો વિષય હોય, ચારેય અનુયોગનો કોઈપણ વિષય હોય અને ન્યાયનો વિષય હોય. કેમકે ન્યાયનો વિસ્તાર પણ ઘણો છે તોપણ એ બધું જાણવાનું પડખું છે. આદરવાની વાત જુદી છે, જુદાં પ્રકારે અંગીકાર કરવાની છે (અને) જાણવાની વાત જુદાં પ્રકારે જાણી લેવાની છે. જ્યાં જાણવું છે ત્યાં જાણીને એને છોડી દેવું છે. જે જાણવાના પડખાં છે એ જાણીને મૂકી દેવાની વાત છે અને 'હું જ્ઞાયક છું' એ આત્મસાત કરવાનો વિષય છે, એ અનુભવ કરવાનો વિષય છે. એના ઉપર જે પ્રયત્ન છે અને પુરુષાર્થ છે એ અનુભવ કરવા માટેનો છે. જાણવાનાં પડખાં ઉપર પુરુષાર્થનું જોર લઈ જવાનું નથી. એમ ત્યાં લેવું છે.

બીજી લીટીમાં સ્પષ્ટીકરણ માટે 'આ'ની જગ્યાએ 'બધું' લઈ લીધું છે. **'હું જ્ઞાયક છું, બાકી બધું પર' 'આ પર'** (જે ઉપરની લીટીમાં કહ્યું) એટલે ? **'બાકી બધું પર'. 'આ એક ધારાએ ઊપડે...'** જુઓ ! અહીંયાં ભેદજ્ઞાનના વિષયનું માર્ગદર્શન બહુ સ્પષ્ટ છે કે, પ્રયોગમાં આ એક ધારાએ ઊપડે **'તો એમાં બધું આવી જાય છે,...'** એટલે બાર અંગમાં જે ઉપદેશ કરવો છે, જિનેન્દ્રદેવને જે પૂરો ઉપદેશ કરવો છે એનો સાર અને એનો બધો કસ અહીંયાં આવી જાય છે. આ એક માર્ગની સુંદરતા છે કે, ટૂંકામાં ટૂંકી વિધિ છે. લાંબી-લાંબી વિધિ ઊલટી-સૂલટી વાતોવાળી હોય તો જીવને મૂંઝાવું પડે કે, આટલું બધું કેવી રીતે પાર કરવું ? પણ એક તિર્યંચ પણ આ વિધિને અંગીકાર કરીને ભવભ્રમણનો અંત કરી નાખે એવા અનંતા દાખલાઓ અત્યાર સુધીના ઇતિહાસમાં થઈ ગયા. અને એ વિધિ હાથમાં ન આવે તો બહારનું – શાસ્ત્રનું અગિયાર અંગ અને નવ પૂર્વનું ભણતર અને દ્રવ્યલિંગી મુનિ નગ્ન દિગંબર દીક્ષાધારી જંગલવાસી, પંચ મહાવ્રત નિરતિચાર પાળનાર (હોય તોપણ) બધું બહારનું બહાર !! આ ભેદજ્ઞાન વિના એ શૂન્ય રહી ગયો અને ભવભ્રમણનો એક આંટો પણ ઘટ્યો

નહિ. એકલું માત્ર પુણ્ય બંધાણું, નવમી ગ્રૈવેયક પર્યંત ગયો (અને) પાછો એકેન્દ્રિય આદિમાં ગયો. આ પરિસ્થિતિ (થઈ). એટલે બહુ સંક્ષેપમાં પણ બહુ મુદ્દાની વાત કરી છે કે, **'આ એક ધારાએ ઊપડે તો એમાં બધું આવી જાય છે,...'**

આમાં બધું આવી જાય છે માટે આ એક ધારાએ ઊપડવું એવી એક પરિણામની અંદર નિશ્ચયાત્મક અને નિર્ણયાત્મક તૈયારી – માનસિક તૈયારી કરી નાખવી જોઈએ કે આ એક ધારાએ ઊપડવું છે અને બીજી બધી વાતમાં ક્યાંય આગળ વધવું નથી. શાસ્ત્રમાં તો અનેક વિષય આવશે, શાસ્ત્ર છે એ સમુદ્ર જેવો વિષય છે. સમુદ્રમાં જેમ અનેક તરંગ હોય છે પણ ક્યાંય એને કોઈની સાથે પ્રયોજન નથી. 'હું જ્ઞાયક છું' એ એકની સાથે જ એને પ્રયોજન છે.

એમાં પણ એટલી સાવધાની રાખવી ઘટે છે કે, એમ સમજાય ગયું કે 'હું જ્ઞાયક છું' એટલે 'હું જ્ઞાયક છું... હું જ્ઞાયક છું... હું જ્ઞાયક છું...' એમ કર્યા કરવું એમ કોઈ નિર્ણય કરી અને એ જ રીતે કર્તૃત્વબુદ્ધિએ એવા પરિણામ કરવા લાગે છે, પછી એની ટેવ પણ પડી જાય છે અને એને એમ લાગે છે કે, મને તો સહજપણે 'હું જ્ઞાયક છું... હું જ્ઞાયક છું...' એવો જ ભાવ રહ્યા કરે છે. પણ એ પહેલાં એ જીવ ભાવભાસનમાં નહિ આવેલો હોવાથી એમને એમ જ્ઞાયકભાવ જ્ઞાનમાં ભાસ્યા વિના 'જ્ઞાયક છું... જ્ઞાયક છું... જ્ઞાયક છું...' એમ રટણ ચાલી જાય છે તોપણ એણે જ્ઞાયક સંબંધી કરેલી કલ્પના દૃઢ કરવાનો પ્રસંગ થઈ જાય છે. એ રીતે પણ એ ભેદજ્ઞાન થતું નથી.

'હું જ્ઞાયક છું અને બાકી બધું પર છે' એવો વિચાર છે એ એક વિકલ્પ છે અને પ્રયોગ છે એ પ્રયોગ છે. બે વચ્ચેનો આંતરો સમજીને માત્ર વિચારમાં નહિ રોકાતા એના પ્રયોગમાં અનુભવનો જે પ્રયાસ છે, પ્રયોગમાં અનુભવનો જે પુરુષાર્થ છે એમાં આવે તો જીવને તેના ફળમાં શુદ્ધોપયોગ અથવા સ્વાનુભવ, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય. નહિતર જેમ બીજા વિચારોમાં જીવ રોકાય છે એમ જ્ઞાયક સંબંધીના અથવા ભેદજ્ઞાન સંબંધીના વિકલ્પ, વિચારમાં રોકાવાનું થઈ જાય. એટલે સૂક્ષ્મતાથી લઈએ તો ભેદજ્ઞાનનો વિચાર એક વાત છે અને પ્રયત્ન બીજી વાત છે, પ્રયોગ બીજી વાત છે. પ્રયત્ન અને પ્રયોગ સમકાળે છે. કોઈવાર પ્રયોગથી વાત કરાય, કોઈવાર પ્રયત્નથી વાત કરાય. પણ જ્યાં પ્રયોગ છે ત્યાં પ્રયત્નસહિતપણું છે, પ્રયત્ન છે એ જ પ્રયોગનું સ્વરૂપ છે.

પ્રશ્ન :– એમ જે કહેવાય છે કે, જ્ઞાયકનું રટણ કરવું એટલે શું ?

સમાધાન :– રટણ કરવું પણ એનું ઊંડાણ આ છે. જુઓ ! અહીંયાં રટણના શબ્દે **'એક ધારાએ ઊપડે'** એવો શબ્દ આવ્યો છે. 'રટણ' શબ્દ નથી આવ્યો. એટલે અહીંયાં રટણ અને ધારા વચ્ચે શું તફાવત છે એ સ્પષ્ટીકરણ કર્યું. કોઈ એવી રીતે રટણમાં ચડી જાય છે. જેમ કોઈ જાપમાં ચડી જાય પછી મનને એવી ટેવ પડી જાય કે એનો જાપ જ થયા કરે. તો કહે કે, જ્ઞાયકનો જાપ કરી નાખવો. એમ છે ? તો એમ નથી. તો એમાં ફરક શું છે ? કે, જે જ્ઞાયકસ્વરૂપ જ્ઞાનમાં પ્રતિભાસ થાય–અવભાસ્યું હોય તો જેવા સ્વભાવે જ્ઞાયક છે એનું ભાવભાસન આવ્યું હોય તો એમાં હુંપણાંનું જોર થયા કરે. એમાં હુંપણાંનું જોર થયા કરે છે ત્યારે વિચાર, વિકલ્પની ભૂમિકા છે એટલે આવ્યા કરે છે, પણ એનો નિષેધ આવ્યા કરે (કે) આ પર છે આ હું નહિ. આ પર છે અથવા આ હું નહિ. એવો ભાવ થયા કરે. પણ એવી એક પ્રયોગની ધારા ઊપડવી જોઈએ, માત્ર વિકલ્પની ધારા નહિ. કેમકે અહીંયાં વિકલ્પ વધારવા માટે કોઈ કાર્ય કરવું નથી. પણ વિકલ્પ નાશ થાય, વિકલ્પ અસ્ત પામી જાય, વિકલ્પ મટી જાય એવું કાર્ય કરવું છે. અથવા જ્ઞાયક સ્વરૂપે કરીને તો નિર્વિકલ્પ છે. જ્ઞાયક જે આત્મા છે એ તો નિર્વિકલ્પસ્વરૂપ છે. તો નિર્વિકલ્પ સ્વરૂપ ઉપર જોર જાય તો વિકલ્પ વધે કે વિકલ્પ મટે ? (તો કહે છે કે) વિકલ્પનો નાશ થાય, વિકલ્પ વધે નહિ. એ વિકલ્પ વધે નહિ એવી પદ્ધતિને અહીંયાં એવી 'એક ધારા' કહેવામાં આવી છે.

'ધારા' કહીને એ પણ કહેવું છે કે, આજે જ્ઞાયકનો જરાક પ્રયોગ થઈ ગયો પછી બે-ચાર-છ કલાકે કે બીજે દિવસે વળી જરાક વાર એનો પ્રયોગ જેવું થાય, એ પ્રકાર નથી. ઉદયના પ્રસંગોમાં વારંવાર જાણે ધારાવાહી થતો હોય, સતત થાય. એ સતત થાય છે એના ફળમાં નિર્વિકલ્પ (દશા) આવે છે. પછી ભેદજ્ઞાન સતત રહે છે. પણ જે શરૂઆત થઈ હોય એમાં વારંવાર થાય અને એ અભ્યાસ વધતાં એનું એકદમ સતતપણું થઈ જાય ત્યારે એને એની ધારા ઉપાડી એમ કહેવામાં આવે. શરૂઆતમાં હજી વારંવાર થાય છે. આજનું કાલે એમ તો નહિ જ. વારંવાર થાય એટલે એક કલાકમાં પાંચ-દસ વખત થાય પછી જો એનો અભ્યાસ વધી જાય તો ધારાવાહીપણે એ પ્રયોગ ચાલુ રહે. એવી જે ધારા ઊપડે તો એ ધારાનું ફળ છે એ સ્વાનુભવ છે. ભેદજ્ઞાનનું ફળ સ્વાનુભવ છે.

અનંત જન્મ-મરણ તોડવાનો આ એક માત્ર ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. આ એક જ માત્ર ઉપાય છે. બાર અંગના સારભૂત કહીએ તો આટલો વિષય છે. જે આ તેરમા

બોલમાં આવ્યો છે. તેરમા ગુણસ્થાનનું આ મૂળ છે ! **તેરમો બોલ એટલે તેરમા ગુણસ્થાનનું મૂળિયું છે** ! આ ધારાએ ઊપડે એટલે તેરમે ગુણસ્થાને પરિપૂર્ણતાને પ્રાપ્ત કરે. અનુજીવી ગુણ તો ત્યાં પૂર્ણ થઈ જાય છે ને ! પ્રતિજીવી ગુણમાં તો એટલી કાંઈ જીવને તકલીફ નથી.

મુમુક્ષુ :– જ્ઞાયકનું રટણ છે, વિચારો છે એ બધું પર ખાતે જાય છે ? હું જ્ઞાયકમાં ન આવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, જે સૂક્ષ્મતા છે એ આ જ વિષયની છે કે, એકની એક પર્યાયમાં જ્ઞાનથી જ્ઞાયકતત્ત્વને જુદું પાડવું છે અને તે જ પર્યાયમાં એ જ્ઞાયકને અનુકૂળ અને જ્ઞાયકને અનુસરતો રાગરૂપ વિકલ્પાંશને જુદો પાડવો છે. હવે, બે સાથે ચાલતા હોવાથી સહચર છે. વિકલ્પ પણ 'હું જ્ઞાયક છું' એમ કરે છે અને જ્ઞાન પણ 'હું જ્ઞાયક છું' એમ કરે છે. એટલે બે અનાદિના જે ભળી ગયેલા છે એ જુદાં નથી પડતા. શું કરે છે ? બહારમાં પણ એમ જ બને છે કે, જે પદાર્થ જ્ઞાનમાં પરપદાર્થ પ્રતિભાસે છે તો જ્ઞાન પરપદાર્થને અવલંબે છે તો રાગ પણ સાથે-સાથે સહચર કરીને એ જ બાજુ ચાલ્યો જાય છે. એટલે આમ જ્ઞાન અને રાગ જુદાં નથી પડતા. સાથેને સાથે જ રહે છે. અને એની દૃષ્ટિ રાગ ઉપર હોવાથી એટલે (કે) 'હું રાગમય છું' એવી નિર્વિકલ્પ દૃષ્ટિ રાગ ઉપર હોવાથી જ્ઞાનને તો એ જોતો જ નથી. અજ્ઞાનદશામાં જીવ જ્ઞાનને તો જોતો જ નથી કે પહેલાં તો જ્ઞાન થાય છે અને જ્ઞાન પરપદાર્થને અવલંબે છે અને પછી રાગ એને સાથેને સાથે જ સમકાળમાં – તે જ કાળમાં અનુસરે છે. પણ એને રાગના એકત્વપણામાં 'હું રાગ છું' એવી એકત્વબુદ્ધિ અને એકતાની પ્રતીતિમાં એ જ્ઞાનને તો (ચૂકી જ જાય છે). એને સાવધાની જ નથી અથવા જ્ઞાનની કાંઈ ખબર જ નથી.

પ્રશ્ન :– બે વચ્ચે સમયભેદ નથી ?

સમાધાન :– ના, એક સાથે જ થઈ જાય છે, એક સાથે થઈ જાય છે.

અહીંયાં પણ હવે એ જ પરિસ્થિતિમાં, એવી અજ્ઞાનની જ પરિસ્થિતિમાં વિષય બદલાણો કે પરપદાર્થો નહિ પણ સ્વપદાર્થ જે આત્મા છે એમાં હુંપણું કરવાનું (છે એવી) એની સમજ, સમજની ભૂમિકામાં સમજનો જે જ્ઞાનનો પડદો છે એમાં એ વાત એક આવી કે 'હું જ્ઞાયક છું' અને 'હું જ્ઞાયક છું' એવો અનુભવ–નિર્વિકલ્પ અનુભવ કરવા માટે જ્ઞાયકની ધારાએ ઊપડવાનું છે તો જ્ઞાયકની ધારાએ ઊપડતા સાથે ચાલતા સાનુકૂળ રાગથી પણ જુદાં પડવાનું

છે. આ વાત જો જુદાં પડવાની અંદરમાં ન થતી હોય તો એ એકત્વનું એકત્વ જ રટણની અંદર રહી જાય છે. રટણ છે એની અંદર જે વિકલ્પ છે એ વિકલ્પ સાથેને સાથે રાખે અને એમ સંતોષ પકડે કે હું તો જ્ઞાયકનું રટણ કરું છું ને હું ક્યાં બીજા પદાર્થમાં અને બીજી ક્રિયામાં–મન-વચન-કાયાની શુભયોગની ક્રિયામાં કે દેવ-ગુરુ-શાસ્ત્રની શુભની ક્રિયામાં એવી રીતે હું ક્યાં જાઉં છું ક્યાંય ? હું તો એકલા જ્ઞાયક – આત્માનું જ રટણ કરું છું. જ્ઞાયકનું રટણ કરે છો તો એ રટણમાં એ જ્ઞાયક સંબંધીનો વિકલ્પ પણ છે 'એ વિકલ્પ તે હું નહિ' એમ થાય છે ? અથવા 'અમૃતચંદ્રાચાર્ય ભગવાને' 'મોક્ષ અધિકાર'માં એક વાત કરી કે, જ્ઞાન અને રાગ વચ્ચે સંધિ છે. જ્ઞાન અને રાગ વચ્ચે સંધિ છે અને એ સાંધની વચ્ચે જ્ઞાન જવું જોઈએ તો એ જ્ઞાન અને રાગ જુદાં પડે. આવી એક વાત કરી છે.

આ ગ્રંથની અંદર એ વાત લીધી છે. **આ શાસ્ત્રમાં તો પ્રયોજનભૂત તો બધાં પડખાં આવી જાય છે.**

મુમુક્ષુ :– સંધિનો વિષય સ્પષ્ટ સમજાતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– શું કરવા નથી સમજાતો એ વાત પણ એની અંદર છે. કેમ સાંધ પકડાતી નથી એનું પોતે સ્પષ્ટીકરણ આપ્યું છે કે, જ્યાં સુધી રુચિ પરદ્રવ્યની છે એવી ભાવભૂમિકામાં આ સાંધ હાથમાં નથી આવતી.

પ્રશ્ન :– સ્વચ્છતા અને પ્રતિબિંબ બન્ને જુદું ને ?

સમાધાન :– એમાં શું છે કે, સ્વચ્છતા અને સ્વચ્છતાની જગ્યાએ રહેલું જે પ્રતિબિંબ; સ્વચ્છતાની જગ્યાએ જ પ્રતિબિંબ છે ને ? તો એમાં સ્વચ્છતા જુદી અને પ્રતિબિંબ જુદું – એમ ઉપયોગ એટલો સૂક્ષ્મ થાય તો પકડે ને ? ઉપયોગ એટલો સૂક્ષ્મ થાય તો પકડે.

મુમુક્ષુ :– ૪૧૦ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– ૪૧૦ તો ન હોવો જોઈએ. ના, ૪૧૦મો બોલ છે એ મુનિ સંબંધીનો છે, મુનિદશા સંબંધીનો બોલ છે. આ તો બહુ લાંબો બોલ છે, વિસ્તારવાળો બોલ છે. નંબર ભૂલી જવાય છે. ૧૯૭ ! બરાબર, યાદ આવી ગયું. ૧૯૭નો છેલ્લો પેરેગ્રાફ છે. જ્યારે **'સ્વભાવના મહિમાથી પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ–સુખબુદ્ધિ તૂટી જાય છે,...'** 'જ્યારે' (શબ્દ) છે એ અધ્યાહાર છે. જ્યારે સ્વભાવના મહિમાને કારણે, મહિમાને લીધે પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ અથવા સુખબુદ્ધિ તૂટી જાય છે અને **'સ્વભાવમાં જ રસ લાગે,...'** અને સ્વભાવમાં

રસ લાગતાં **'બીજાું નીરસ લાગે.'** આટલા સ્પષ્ટીકરણ પછી **'ત્યારે'** શબ્દ લીધો છે કે **'ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય.'** મુમુક્ષુની ભૂમિકામાં અથવા યથાર્થ ભૂમિકામાં રાગ અને જ્ઞાન વચ્ચેની સૂક્ષ્મ સંધિ ક્યારે જણાય ? કે, જ્યારે સ્વભાવના મહિમાથી પરપદાર્થ પ્રત્યેની સુખબુદ્ધિ તૂટી જાય અને તેથી પરપદાર્થમાં એને નીરસપણું આવી જાય (આ) નાસ્તિથી (વાત કરી). અસ્તિથી સ્વભાવના મહિમાને લઈને સ્વભાવનો જ રસ ઘૂંટાયા કરે ત્યારે જ એને અંદરમાં જ્ઞાયકનો વિકલ્પ અને જ્ઞાયકના લક્ષવાળું જ્ઞાન-એ બે વચ્ચેની સાંધ પકડાય, નહિતર સાંધ ન પકડાય.

'મોક્ષ અધિકાર'માં એક વૈજ્ઞાનિક વાત શું લીધી ? આ 'મોક્ષ અધિકાર' અનુસાર વિષય છે. આ બોલ(માં) પ્રજ્ઞાછીણીથી વાત ઉપાડી છે તો એ પ્રજ્ઞાછીણી રાગ અને જ્ઞાન વચ્ચે પટકવી એમ ત્યાં વાત લીધી છે. પ્રજ્ઞાછીણી એટલે જ્ઞાનની પર્યાય. પ્રજ્ઞા નામ જ્ઞાન. છીણી એટલે સૂક્ષ્મ થયેલું જ્ઞાન. જેમ છીણીની ધાર પાતળી છે, ધારવાળી સૂક્ષ્મ છે. તો મુમુક્ષુને પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, જ્ઞાન અને રાગની વચ્ચે સાંધ જોઈને સાંધમાં છીણી પટકવી એમ કહો છો, પણ અમને સાંધ જ દેખાતી નથી પછી અમારે છીણી ક્યાં પટકવી ? તો અહીંયાં પૂજ્ય 'બહેનશ્રી' કહે છે કે, તને સાંધ નથી દેખાતી એનું કારણ છે. તું તારી દશા સાથે મેળવી લે ! કે, તને પરપદાર્થમાં સુખબુદ્ધિ છે અને ઘણો રસ પડ્યો છે. એ પરપદાર્થની સુખબુદ્ધિથી (છે). રસ તો સુખ હોય (ત્યાં) રસ આવે. સુખના કારણ વિના જીવને ક્યાંય રસ નથી. સુખબુદ્ધિ હોવાને લીધે રસ છે. એ સ્વભાવના અવભાસનથી સ્વભાવનો મહિમા આવે અને એનો રસ આવે, એમાં સુખનો સાગર મોજૂદ-હયાત છે એમ જેને ભાસે અને એથી લઈને એનો મહિમા અને એનો રસ ઉત્પન્ન થાય ત્યારે એને અંદરમાં રાગ અને જ્ઞાન વચ્ચેની સંધિ જુદી પડે. કેમકે બે જુદી-જુદી જાતના ભાવ છે. ભલે (એ વખતે) જ્ઞાન જ્ઞાયકનું અને વિકલ્પ (પણ) જ્ઞાયકનો (છે), બન્ને જ્ઞાયકના હોવા છતાં જ્ઞાનની જાત જુદી (અને) વિકલ્પની જાત જુદી. એક આદરવાનો વિષય છે. (એટલે કે) જ્ઞાન છે એમાંથી આખું જ્ઞાયકતત્ત્વ હુંપણે ગ્રહણ કરી લેવાનું છે. અને વિકલ્પનો અંશ છે એ વિરુદ્ધ જાતિનો – સ્વભાવની ઘાતક જાતિનો, મલિન અંશ, દુઃખમય અંશ, અનિષ્ટ અંશ (છે) એનો નિષેધ આવે. એ રીતે બન્ને જુદાં પડી જાય છે.

કદાપિ એમ ન બને... એમ લેવું છે છેલ્લે બહુ જોરદાર વાત કરી છે. કદાપિ એમ ન બને – કોઈ કારણસર કોઈ સંજોગોમાં, કોઈપણ જીવને એવું ન બને – આ સિદ્ધાંત

છે કે **'પરમાં તીવ્ર રુચિ હોય ને ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે.'** એમ ત્રણકાળમાં ન બને. ભલે શાસ્ત્ર વાંચીને ગમે એવો મોટો પંડિત થઈ ગયો હોય ! ભેદજ્ઞાનની વાતો કરતા આવડે પણ એને રસબુદ્ધિ છે ઇ વાતનો વિષય નથી. એને પરપદાર્થમાં સુખબુદ્ધિ છે એ વાતનો વિષય નથી, એ એનું પરિણમન છે અને એ પરિણમન સ્વભાવ સુખના આધારે–સ્વભાવમાં સુખબુદ્ધિ થવાના આધારે એ પરિણમન તો એનું તૂટી જવું જોઈએ. એમાં નીરસપણું આવી જવું જોઈએ. પરમાં તીવ્ર રુચિ હોય અને તીવ્ર રુચિ હોય ત્યારે તીવ્ર રસ હોય જ. જ્યારે પરમાં સુખબુદ્ધિએ કરીને રસ આવતો હોય, જે જીવને પરપદાર્થમાં સુખબુદ્ધિએ કરીને રસ આવતો હોય તે જીવનો ઉપયોગ સ્થૂળ થઈ જાય છે. સ્વભાવનું ગ્રહણ કરવા માટે જે ઉપયોગની સૂક્ષ્મતા જોઈએ–જ્ઞાનની સૂક્ષ્મતા જોઈએ એ કદી ન થઈ શકે.

આ પેન્સિલની અણી કાઢવા માટે સંચો વાપરે છે ને ? સંચાની અંદર પેન્સિલ મૂકીને ફેરવે એટલે ઝીણો Point નીકળે, સૂક્ષ્મ Point કાઢે. આ જે સુખબુદ્ધિ છે–સ્વરૂપની રુચિ અને સ્વરૂપમાં સુખબુદ્ધિ છે એ ઉપયોગને સૂક્ષ્મ કરવાનો સંચો છે. આ સીધી વાત છે. કોઈ એમ કહે કે, અમારે ઉપયોગને કેવી રીતે સૂક્ષ્મ કરવો કે જેથી રાગ અને જ્ઞાનની સંધિ પકડી શકે ? (તો કહે છે કે) આ રીતે સૂક્ષ્મ કરવો, સ્વરૂપની રુચિએ કરીને સૂક્ષ્મ થાય છે. તિર્યંચને પણ અલ્પ જ્ઞાન હોવા છતાં અને સ્થૂળ જ્ઞાન હોવા છતાં એનું જ્ઞાન સૂક્ષ્મ થાય છે. ભલે જ્ઞાન ઉઘાડમાં વધી જતું નથી પણ અંદરમાં જ્ઞાયકમાં સુખબુદ્ધિના ભાસનને લીધે સૂક્ષ્મ થઈ જાય છે. અને મહાન તપસ્વી હોય અને અંગ-પૂર્વધારી શાસ્ત્રજ્ઞાની હોય તોપણ એને જ્યાં સુધી રાગમાં સુખ છે, પરમાં સુખ છે એવી બુદ્ધિ છે અને એમાં રસ છે ત્યાં સુધી એનો ઉપયોગ સૂક્ષ્મ થાય નહિ. એ ઉપયોગ સ્થૂળનો સ્થૂળ છે કે, એની જ પર્યાયમાં રહેલાં જ્ઞાનતત્ત્વને–સ્વભાવતત્ત્વને અને વિભાવતત્ત્વને ભિન્ન-ભિન્ન હોવા છતાં ભિન્ન-ભિન્ન જાણી શકતું નથી. એ સ્થૂળ ઉપયોગ છે.

મુમુક્ષુ :– 'સોગાનીજી'એ આ જ પકડ્યું હશે ?

પૂજ્ય ભાઈશ્રી :– ત્રણેકાળના કોઈપણ જીવોએ. એમણે તો એવા શબ્દો પકડ્યા છે ને કે, 'જ્ઞાન અને રાગ જુદાં છે.' બસ ! એ અવસ્થાનો વિષય થઈ ગયો. જ્ઞાન ઉપરથી જ્ઞાયક લીધો (અને) રાગ ઉપરથી બધાં વિભાવ લઈ લીધાં. 'જ્ઞાન અને રાગ જુદાં છે.' (સાંભળીને) સીધું અંદર ડોકિયું કર્યું કે, જ્યારે શ્રીગુરુ એમ કહે છે કે, 'જ્ઞાન અને રાગ જુદાં છે' તો જોઉં તો ખરો કે, મારામાં જ્ઞાન અને રાગ જુદાં છે. હવે એ પહેલાં ભાવનામાં

બહુ આવી ગયેલા છે એટલે ક્યાંય રસબુદ્ધિ નથી, સુખબુદ્ધિ નથી. એક સ્વરૂપપ્રાપ્તિની ધૂનમાં એટલા બધા રહેતા હતા કે, કલાકોના ધ્યાન કરે ને કલાકોના શાસ્ત્ર વાંચે ! પણ કાંઈ પત્તો ખાતો નહોતો. કેમકે ગુરુગમ (હતો નહીં,) અંદરથી મતિની દિશા સૂઝતી નહોતી. ગુરુનું આ એક વાક્ય પડ્યું કે, 'જ્ઞાન અને રાગ જુદાં છે' એટલે સીધાં અંતર અવલોકનમાં ગયા ! ત્યાં શું કર્યું એમણે ? (જોયું કે) જ્ઞાન અને રાગ જુદાં છે. તો સૂક્ષ્મ થવામાં જે સુખબુદ્ધિ નડે એ તો હતી નહિ. જોયું કે, હા, આ જ્ઞાન તો મોટો જ્ઞાયકનો ભંડાર છે ! અનંત ગુણનો ભંડાર છે ! આ તો મહાનિધિ છે !! અને આ રાગનું ફોતરું તો અમથું સાથે-સાથે ફર... ફર... ફર... થયા કરે છે, આ નકામું છે. આ બે જુદાં પડી ગયા, પતી ગયું ! પછી તો જે જ્ઞાયક ભાસે છે એ તો એવું અદ્ભુત અને આશ્ચર્યકારી તત્ત્વ છે કે જે એની ધારાએ ઊપડે છે એને એ અંદરથી મદદ કરે છે, અંદરથી જોર કરે છે. પુરુષાર્થ તો અંદરથી જોર કરે છે.

જેમ 'ગુરુદેવ' કહેતાં કે ઉનાળામાં ૧૧૮ ડિગ્રીના તડકામાં પણ સમુદ્રની ભરતી આવે તો એ સમુદ્રના મધ્યબિંદુમાંથી આવે છે. એ પાણીના ઉછાળાને કોઈ રોકી નથી શકતું. એમ અહીંયાં પણ બહારના કોઈ પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની હાલત હો, અંદરથી જ્યાં જ્ઞાયકની ધારા ઊપડી (એટલે) પતી ગયું ! એને તો અંદરનું જોર છે. એ ૧૯૭ (બોલના) પેરેગ્રાફની અંદર એ વિષયનું સ્પષ્ટીકરણ છે.

મુમુક્ષુ :– બહુ સ્પષ્ટ જવાબ છે.

પૂજ્ય ભાઈશ્રી :– બહુ સ્પષ્ટ જવાબ છે અને જેને મેળવણી કરવી છે, પોતાની તપાસ કરવી છે એને તો એકદમ ચોખ્ખેચોખ્ખું માર્ગદર્શન મળી જાય છે. જે પોતાની અંદરની તપાસ કરે છે, અંદરનું સંશોધન કરે છે એને તો તરત ખબર પડે છે કે મારી રુચિ અને મારો રસ આ જગ્યાએ જાય છે અને જાય છે તો શું હાથમાં આવે છે એ તપાસે છે.

મીઠાઈ ખાધી, ખાધી રસથી, મજા આવી. શું હાથમાં આવ્યું તપાસે છે. એક સેકંડ જીભ ઉપર સ્વાદ આવ્યો ત્યાં પણ એ પુદ્ગલો રોકાતા નથી. જે રસગ્રંથીઓ છે એટલે સીધો રસ વધી અને જાય આગળ ગળેથી નીચે. સહેજ આગળ જાય એટલે પછી સ્વાદ તો નથી. આગળના ટેરવા ઉપર સ્વાદ છે. પછી એક ઇંચ પુદ્ગલો આગળ ધકેલાઈ જાય એટલે પછી ત્યાં સ્વાદનો વિષય નથી. કેમકે આગળના પ્રદેશોમાં એ જાતનો ક્ષયોપશમ નથી. જીભનાને જીભના આગળના પ્રદેશોમાં નથી, પતી ગયું. શું હાથમાં આવ્યું ? તપાસે તો ખબર

પડે કે, કાંઈ નહિ, ખાલીને ખાલી રહ્યો. અંદર કાંઈ આવતું હોય તો ભરાય. વાસણમાં કાંઈ પડે તો વાસણ ભરાય, પણ આ તો ખાલીને ખાલી જ રહે છે. તપાસતો જાય તો ખબર પડે કે, આ તો ખાલીને ખાલી રહે છે, આમાં કાંઈ આવતું નથી, કાંઈ આવતું નથી. જરાક ઠીકપણાનો વિકલ્પ થાય છે. એમાં ઠીક શું અને અઠીક શું ? જે ગુલાબજાંબુ અને જે બરફી ખાધી એ પૂર્વપર્યાયમાં વિષ્ટા હતી. ગાયો ઓખર કરે છે કે નહિ ? અને છ કલાકમાં ઉત્તરપર્યાયમાં પાછી વિષ્ટા છે. પણ એને વર્તમાન પર્યાય ઉપરનું લક્ષ છે (એટલે) આખો પદાર્થ જ વર્તમાન પર્યાય જેવડો અને જેટલો ભાસે છે. એટલે આગળ-પાછળનું બધું ભૂલી જાય છે. આ પરિસ્થિતિ છે. કેટલું એ રસ લેતાં, એક સેકંડ રસ લઈને કેટલું નુકસાન કરે છે એની એને ખબર નથી. તારી જે અનંત શક્તિ છે એને તું હણી નાખવાનું કામ કરે છે ! તને ઘડીભર માટે ઠીક લાગ્યું (પણ) ત્યાં આત્માની શક્તિઓનો ત્યાં મોટો હ્રાસ થાય છે – ઘાત થાય છે !! પણ એ જાતની કોઈ વિચારણા, એ જાતની કોઈ સમજણ, એ જાતનું કોઈ અવલોકન એ કાંઈ હોય નહિ તો એમને એમ સંસારમાં દોડે જાય છે. અનેક પ્રકારનાં વિધ-વિધ વિષયોમાં રસ લીધે જાય છે અને જન્મ-મરણ કરીને કૂચે મરતો જાય છે. દુઃખી... દુઃખી... દુઃખી... થતો જાય છે.

શું કહ્યું અહીંયાં ? ‘હું જ્ઞાયક છું અને બાકી બધું પર છે’ એમાં જ્ઞાયક... જ્ઞાયક... કરતો વિકલ્પ પણ પર છે. એ વાત અંદરના ભાવભાસનમાં આવવી જોઈએ. જો એને જ્ઞાયક ભાસ્યો હોય તો વિકલ્પ પર ભાસે. જો જ્ઞાયક જુદો ન ભાસ્યો હોય તો એ વિકલ્પવાળું રટણ છે એ બરાબર છે અને હું જ્ઞાયક... જ્ઞાયક... કરું છું એમ એને લાગે. પણ વિકલ્પમાં તો તેં હુંપણું અનાદિનું કર્યું જ છે. બીજાં અનેક પ્રકારનાં વિકલ્પમાં હુંપણું કર્યું અને અહીંયાં જ્ઞાયકના વિકલ્પમાં હુંપણું કર્યું – એમાં વિકલ્પમાં હુંપણું કરવાની વાત તો તેં તેની તે રાખી છે. એમાં તો કાંઈ ફેરફાર કર્યો નથી (કે) જ્યાં ફેરફાર કરવાનો છે. ત્યાં જ ફેરફાર કર્યો નથી તો એનું કોઈ કાર્ય થતું નથી. પણ જુદો પાડીને (એટલે કે) ‘હું જ્ઞાયક છું’ એમ જ્ઞાયકને જુદો પાડીને, ‘બાકી બધું પર’ કહેતાં એને જુદો પાડીને – એનાથી જેટલું કાંઈ સર્વ દ્રવ્ય અને સર્વ ભાવ (છે તેનાથી જુદો) કેવળ જ્ઞાયક ! કેવળ જ્ઞાયક કહેવા માટે ‘સમયસાર’માં આચાર્ય મહારાજે ‘જ્ઞાનમાત્ર’ એવો શબ્દ લીધો છે. જ્ઞાનમાત્ર ! એટલે જુદો જ્ઞાયક – એકલો જ્ઞાયક – માત્ર જ્ઞાયક, બસ ! એ એક ધારાએ ઊપડે (તો એમાં બધું આવી જાય છે.)

એમાં તો શું છે કે નિર્ણયના કાળમાં પોતાનું અસ્તિત્વ ભાસે છે. કોઈ કલ્પનાથી, કોઈ વિકલ્પથી હુંપણું નથી કરવું, વિકલ્પનાથી હુંપણું નથી કરવું. જ્ઞાન સીધું પોતે પોતાના સ્વભાવમાં પોતાની હયાતી જાણે છે, એ જાણ્યા પછી એને વેદવો-અનુભવવું એનાથી એ જુદું રહેવાનું પસંદ નથી કરતો. એટલે એની ધારા ઊપડે છે. ધારા કોઈ કૃત્રિમપણે ઉપાડવાનો વિષય નથી પણ જે જ્ઞાન પોતાના અસ્તિત્વને પોતામાં જાણે છે, એ શા માટે પોતાના અસ્તિત્વને વેદે અથવા ભોગવે નહિ ? જે ચીજ ખાવાની છે અને ભૂખ લાગી છે એની વાત કરવાથી શું વળે ? ન સ્વાદ આવે, ન પેટ ભરાય. ભૂખ લાગી હોય (અને) ૨૫-૫૦ મીઠાઈના નામ લઈ લ્યો તો ? એકેય મીઠાઈનો ન તો સ્વાદ આવે કે ન તો પેટ ભરાય. એમ જે જ્ઞાયકતત્ત્વ પોતે છે એ જ્ઞાન દ્વારા જ્ઞાન લક્ષણથી ભાસ્યું તો એને એ ખ્યાલ આવે છે કે આ તો અનુભવ કરવાનો વિષય છે, આત્મા તો અનુભૂતિસ્વરૂપ જ છે. આત્મા અનુભવનો પિંડ છે-અનુભૂતિનો પિંડ છે તો એના અનુભવથી જુદાં રહેવાનું શું કારણ છે ? વચ્ચે આ જે બીજી જાતનો વિકલ્પ છે એ અનુભવ થવા દેતો નથી. જ્ઞાયકનો વિકલ્પ હોય તો એ સારું કે નહિ ? પણ એ પ્રશ્ન નથી. એ વિકલ્પ છે એ જ અનુભવ થવા દેતો નથી. એટલે જ્ઞાયકનો વિકલ્પ હોય તોપણ એ વિકલ્પ સાધક નથી પરંતુ એ વિકલ્પ ખરેખર તો બાધક છે. સાધક તો નથી પણ બાધક છે.

મુમુક્ષુ :- વિકલ્પ આવે ત્યારે ઉપયોગ 'જ્ઞાયક' શબ્દમાં જતો રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો મનમાં રટણ હોય તો શબ્દનો ક્યાં સવાલ છે ? પણ વિકલ્પ છે એમાં અનાદિનો જે રાગ છે અથવા ભેદનો જે પક્ષ છે, જ્ઞાયક એવો એક ભેદ પડે છે (જ્યારે) વસ્તુ અભેદ છે, નિર્વિકલ્પ છે એમાં જે ભેદ પડે છે, ભલે શુદ્ધનયથી ભેદ પડે છે, શુદ્ધનયના વિષયભૂત જ્ઞાન કામ કરે છે કે, આવો શુદ્ધ જ્ઞાયક... આવો શુદ્ધ જ્ઞાયક... પણ એવો જ્ઞાયકનો ભેદ પડે છે ત્યાં રાગ ઉત્પન્ન થઈ જાય છે. એને 'સમયસાર' શાસ્ત્રની ૧૪૩-૧૪૪ ગાથાની અંદર શુદ્ધનયનો પક્ષ કહ્યો છે. એટલે ત્યાં પણ એ રાગની અંદર એકત્વબુદ્ધિ છે. ત્યાં પણ અનંતાનુબંધીનો કષાય છે અને તેથી આચાર્ય મહારાજે એમ કહ્યું કે, તને આવા શુદ્ધનયના વિકલ્પવાળો શુદ્ધનયનો પક્ષ રહ્યો તો તેથી શું ? હજી ત્યાંને ત્યાં છો. હજી મિથ્યાત્વનું બીજ સાજું છે. ત્યાંથી હજી સંતોષ લેવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. જુઓ ! બીજી ક્રિયાનો તો અહીંયાં કાંઈ Class જ નથી. પણ જ્ઞાનની રમતમાં આત્મામાં શુદ્ધનયના પક્ષમાં આવ્યો. આત્મામાં પણ અશુદ્ધનયના પક્ષમાં કે વ્યવહારનયના પક્ષમાં નહિ.

નય તો જ્ઞાનની પર્યાયો છે ને ? પણ શુદ્ધનયના પક્ષમાં છે તો ત્યાંથી પણ ઊઠાડી મૂકવાની વાત છે. કેમ વીતરાગદેવનો – જિનવરનો ઉપદેશ અસિધારા સમાન છે ? એ અહીંથી વાત નીકળે છે. કે કોઈપણ તબક્કે, ક્યાંય પણ જીવ પોતાના નિજસ્વરૂપને છોડીને અટકે એવી પરિસ્થિતિમાં બોધની અંદર–ઉપદેશની અંદર ત્યાં પ્રહાર કરેલો છે. એ પ્રહાર કરીને ત્યાંથી જીવને આગળ ઉપાડી લ્યે છે. ત્યાંથી આગળ જા !

મુમુક્ષુ :– આમ Practical side પકડાવી છે અને ધીરજને ઉડાડી છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો બરાબર છે. પ્રયોગનો વિષય છે ને એ આરાધનાનો વિષય છે. એટલે એની અંદર તો જેટલો વિકલ્પાત્મક વિચાર આવે છે એને છોડી દેવાનો છે. 'એ હું નહિ' એમ એનો નિષેધ કરે છે. ક્યાં સુધી વિકલ્પ લંબાય છે ? કે જ્યાં સુધી વિકલ્પનું આલંબન છે, અવલંબન છે અને જ્યાં સુધી એને આધાર મળે છે ત્યાં સુધી લંબાય છે. પણ જ્યાં પોતે જ્ઞાનથી જ્ઞાયકનો આધાર લેવા માટે પોતાના અંતર અવલંબનમાં ઉગ્રતા કરે છે અને વિકલ્પ રહી ગયો છે એનો નિષેધ ચાલે છે – 'આ પર છે... આ પર છે... આ હું નહિ' તો એ વિકલ્પને આધાર ન મળ્યો. જે જે ચીજને આધાર મળતો નથી, આદર મળતો નથી એ ચીજ ટકતી નથી. એટલે એ ક્રમશઃ વિલીન થઈ જાય છે.

પ્રશ્ન :– એકવાર પક્ષમાં તો આવ, એટલે ?

સમાધાન :– પક્ષમાં આવ એટલે (સ્વરૂપ) નિર્ણય કર. જ્યાં સુધી સ્વરૂપનિર્ણય કરતો નથી ત્યાં સુધી એને સ્વરૂપનું લક્ષ થતું નથી અને લક્ષ થતું નથી ત્યાં સુધી લક્ષભૂત વિષય જે છે એવું પોતાનું સ્વરૂપ એનો પક્ષ થતો નથી. હજી પક્ષ પણ થતો નથી ત્યાં પક્ષાંતિક્રાંત થવાનો તો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. કેમકે અનાદિથી જીવ વ્યવહારનયના પક્ષમાં છે તો એકવાર તો એણે પક્ષપલટો કરવો રહ્યો કે તું પરમાત્માના પક્ષમાં આવ. રાગનો, દેવ-ગુરુ-શાસ્ત્રનો, એ રાગનો વિષય છે, તમામ પદાર્થનો, જગતના ભોગ-ઉપભોગનો... બધો પક્ષ છોડી દે. એકવાર શુદ્ધાત્માના–પરમાત્માના પક્ષમાં આવ. પણ પક્ષમાં આવતી વખતે એ ખ્યાલમાં રાખવાનું છે કે, આ પક્ષ પણ છોડી દેવાનો છે, પક્ષમાં રહેવાનું નથી. પણ વચ્ચેની એક પરિસ્થિતિ એવી ઉત્પન્ન થાય છે કે પહેલાં પક્ષ બદલાય છે અને પછી પક્ષાંતિક્રાંત થવાય છે.

'ગુરુદેવશ્રી' જ્યારે આ વાત કરતા ત્યારે એ રીતે કરતા કે, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરનાર જીવ પ્રથમ શુદ્ધનયના પક્ષમાં આવે છે તોપણ એ પક્ષમાં દક્ષ છે. દક્ષ એટલે ચતુર છે.

એ પક્ષમાં રોકાય જાય એવો નથી. પક્ષમાં રોકાય તો એને પક્ષ પણ સાચો આવ્યો નથી. પક્ષમાં આવતાં જેને ખ્યાલ છે કે આ પક્ષમાં રહેવાનું નથી એને પક્ષ બરાબર આવ્યો છે. Alletration મેળવવા માટે એ પક્ષમાં દક્ષ છે એમ કહેતાં. લક્ષ, પક્ષ, દક્ષ-(આ) ત્રણ શબ્દને મેળવતા.

પ્રશ્ન :- પક્ષાંતિક્રાંત એટલે ?

સમાધાન :- ઓળંગી જવું. અતિક્રાંત થવું એટલે ઓળંગી જવું, ઉલ્લંઘન કરી જવું. એવા શુદ્ધનયના, જ્ઞાયકના વિકલ્પને પણ ઓળંગી જઈને, ઉલ્લંઘન કરી જઈને નિર્વિકલ્પ જ્ઞાયકસ્વરૂપમાં નિર્વિકલ્પ ભાવે એકાકાર, તન્મય થઈ જવું – એવી દશાને અહીંયાં સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ જિનધર્મ કહેવામાં આવે છે. એ જૈનનો ધર્મ છે. જૈન પરમેશ્વરે એને ધર્મ કહ્યો, બાકી બધી વાડાની વાતું.

(અહીંયાં) શું કહે છે ? એ રીતે અંદરમાં જ્ઞાયકની ધારાએ ઊપડે. વિકલ્પને ભિન્ન કરતો-કરતો, વિકલ્પને ભિન્ન પાડતો-પાડતો જ્ઞાયકની ધારાએ ઊપડે '**તો એમાં બધું આવી જાય છે,...**' એટલે એની કાર્યસિદ્ધિ અવશ્ય થઈ જ જાય. એની કાર્યસિદ્ધિ ન થાય એ પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- ૩૭મો બોલ.

પૂજ્ય ભાઈશ્રી :- ૩૭ ? ખાલી ૩૭ ને ? '**હું અબદ્ધ છું', 'જ્ઞાયક છું' એ વિકલ્પો પણ દુઃખરૂપ લાગે છે, શાન્તિ મળતી નથી, વિકલ્પ માત્રમાં દુઃખ-દુઃખ ભાસે છે, ત્યારે અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં, વસ્તુસ્વભાવમાં લીન થતાં, આત્માર્થી જીવને બધા વિકલ્પો છૂટી જાય છે અને આનંદનું વેદન થાય છે.**' આ ભેદજ્ઞાનમાં આગળ વધે છે ત્યારે એની અવસ્થામાં શું શું થાય છે એના ચિહ્નો-એના લક્ષણો બતાવી દીધાં. એમાં 'વિકલ્પમાં દુઃખ લાગવું' એ મુખ્ય લક્ષણ છે. નાસ્તિનું આ એક મુખ્ય લક્ષણ છે કે, એને સર્વ વિકલ્પમાં, જ્ઞાયકના વિકલ્પમાં પણ એને દુઃખ જણાય છે. એક (બાજુ) અનંત સુખથી ભરપૂર સુખતત્ત્વ, સુખનો નિધિ છે, બીજી બાજુ આ વિકલ્પના ફોતરામાં દુઃખ છે. આ બે વાતની તુલના એકસાથે થઈ જાય છે.

ભેદજ્ઞાનના તો ઘણાં બોલ લીધાં છે. આ ગ્રંથની અંદર ભેદજ્ઞાનના વિષયના ઘણાં બોલ લીધાં છે. ૧૩, ૧૭ પછી સીધો ૭૯ લીધો છે. ૩૭મો બોલ 'યથાર્થ ભૂમિકા'માં નાખ્યો છે. એટલા માટે કે વિકલ્પમાં દુઃખ લાગે છે ને ? એ એની ભૂમિકાની યથાર્થતા સૂચવવી

છે. એટલે 'ભેદજ્ઞાન'ના વિષયમાં નથી લીધો. પણ ભેદજ્ઞાનમાં ૧૩, ૧૭, ૭૯, ૮૧, ૮૨, ૮૬, ૧૫૫, ૧૬૨, ૧૭૮, ૧૮૨, ૧૯૭. ૧૯૭ તો આપણે હમણાં જોયો. ૨૮૫, ૩૮૯, ૪૦૪ અને એક ૨૭૬ રહી ગયો હતો એ પાછળથી લખ્યો છે. એટલે ભેદજ્ઞાનના ઘણાં બોલ આવ્યા છે. હવે એમાં શું છે કે એક બોલમાં એ બોલ વિષય અંગેના જે પ્રયોજનભૂત પડખાંઓ છે અને એનું જે સ્પષ્ટીકરણ છે એ પાછું જુદાં-જુદાં બોલમાં આવે છે. એટલે એક બોલમાં ભાવભાસનની દૃષ્ટિએ સંક્ષેપમાં લઈએ તો આખો વિષય પૂરો થાય છે. સ્પષ્ટીકરણમાં અને વિસ્તારમાં લઈએ તો એનાં ઘણાં પડખાં–એક બોલનાં અનેક પડખાં પાછા બીજા બોલમાં પણ આવે છે. એવી રીતે છે.

જેમકે ૩૭મા બોલ(ને) ભેદજ્ઞાનના વર્ગમાં એને લઈએ તો શા માટે ભેદ પડે છે ? કે, વિકલ્પમાં દુઃખ લાગે છે. 'હું અબદ્ધ છું અને હું જ્ઞાયક છું' એવા જે વિકલ્પો, જ્ઞાયકને અને અબદ્ધ સ્વરૂપને અનુસરતા વિકલ્પો, એ વિકલ્પમાં પણ દુઃખ લાગે અને શાંતિ ન મળે ત્યારે એ પુરુષાર્થથી જુદો પડે–ભિન્ન પડે. ભેદજ્ઞાનની દૃષ્ટિએ લઈએ તો ત્યારે એ જુદો પડે. જેમાં દુઃખ લાગે એમાં એ રહેવા કેમ ઇચ્છે ? છે અત્યંત મંદ કષાયના વિકલ્પો અને તીવ્ર કષાયની અપેક્ષાએ એમાં શાંતિ છે, પણ હવે એવી કૃત્રિમ શાંતિમાં છેતરાય એવો આ જીવ રહ્યો નથી એવી આ યથાર્થ ભૂમિકા છે. એટલે અહીંયાં એને દુઃખનું વેદન છે. દુઃખ વેદાય છે, લાગે છે એટલે વેદાય છે – અનુભવાય છે. એટલે એને એ આકુળતામાં રહેવું નથી. અનંત શાંતિનો પિંડ ભાસ્યો છે એના ઉપર એનું આકર્ષણ છે. એક બાજુ દુઃખ, એ રૂપ વિકલ્પ (અને) એક બાજુ અનંત શાંતિનું ધામ ! કોને પસંદ કરે જીવ ? કે, સ્વાભાવિકપણે જ એ શાંતિને પસંદ કરે. દુઃખને કોણ પસંદ કરે ?

વિશેષ લઈશું...

**જ્યારે મન સંદેહ - શંકા યુક્ત થાય, ત્યારે દ્રવ્યાનુયોગ વિચારવા યોગ્ય છે. મન પ્રમાદી થાય ત્યારે ચરણાનુયોગ, કષાયયુક્ત થતાં કથાનુયોગ અને જડ - સુસ્ત થતાં કરણાનુયોગ વિચારવા યોગ્ય છે.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૨૫)

## પ્રવચન નં. ૧૫, વચનામૃત–૧૩,૧૪
## તા. ૦૧-૧૨-૧૯૮૬

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું –૫, ૧૩મો બોલ ચાલે છે. 'હું જ્ઞાયક છું' સર્વ કાળે માત્ર જાણી રહ્યો છું અને જાણવા સિવાય બીજાું કાંઈ મારામાં કોઈ કાર્ય થતું નથી, થઈ શકતું નથી. જાણવા સિવાયનું અન્ય જેટલું કોઈ કાર્ય છે એ બીજાનું છે. કેમકે એ રૂપે મારું જ્ઞાન પરિણમતું નથી. મારું જ્ઞાન માત્ર જાણવારૂપે પરિણમે છે. જાણવા સિવાય બીજા કાર્યરૂપે હું નહિ પરિણમતો હોવાથી બધું અન્ય છે અથવા પર છે. એમ પોતાના સ્વ અવલંબનની એક ધારાએ ઊપડે તો એમાં બધું આવી જાય છે. એટલે એમાં સર્વ કાર્યસિદ્ધિ છે.

અનાદિકાળથી રાગ અને રાગના વિષયમાં મમત્વ કરેલું હોવાથી અને અત્યારે પણ એ કરતો હોવાથી એ મમત્વ છોડવું એને કઠણ લાગે છે. પરંતુ વાસ્તવિકતા વિચારે તો એ મમત્વમાં દુઃખ છે અને આકુળતા છે અને જુદું પડતાં સુખ અને શાંતિ છે. ભેદજ્ઞાન કરવામાં કોઈ દુઃખ નથી, ઊલટાનું ભેદજ્ઞાન કરવામાં સુખ છે. પણ મમત્વ ઘણું કર્યું છે, ઘણાં રસથી કર્યું છે, ઘણાં કાળથી કર્યું છે એટલે જેના ઉપર એણે મમત્વ કર્યું છે એ પદાર્થથી જુદાં પડતાં (એટલે કે) ભાવે જુદાં પડતાં, દ્રવ્યે તો જુદાં જ છે, પણ ભાવથી જુદાં પડતાં એને દુઃખ થાય છે કે, આ બધું મારું નહિ ? આ બધાં ઉપરની મારાપણાંની લાગણી છોડી દેવાની ? એવું એને થાય છે. પણ એ મારાપણું કરતાં તને દુઃખ થાય છે કે સુખ થાય છે એનો જીવે યથાર્થ વિચાર કર્યો નથી.

મારાપણાંની મીઠાશમાં એણે દુઃખ હોવા છતાં સુખ માન્યું છે અને એમાંથી ભિન્નપણું

કરતાં સુખ છે. પણ એને એમ થાય છે કે, આ મારું છૂટી જશે તો ? આમાં મારાપણું છૂટી જશે તો ? (પણ એ) ખોટો ભય છે. એવો ભય કર્તવ્ય નથી. તું મારાપણું કર તોપણ એ જગતનો જુદો પદાર્થ છે અને જેમ છે તેમ ભિન્નપણું જાણ તોપણ એ પદાર્થ જે છે તે જુદો તે જુદો જ છે. તારા માનવા-નહિ માનવાથી પદાર્થમાં કોઈ ફરક પડતો નથી.

મુમુક્ષુ :– ખાલી કલ્પના જ છે કે મારું છે.

પૂજ્ય ભાઈશ્રી :– માત્ર કલ્પના, કેવળ કલ્પના, જૂઠી કલ્પના (છે). એણે અવિદ્યાથી જૂઠો આનંદ માન્યો છે. 'અનુભવ પ્રકાશ'માં એ લીધું છે કે, અવિદ્યાથી જૂઠો આનંદ માન્યો છે. જૂઠમાં આનંદની કલ્પના કરી છે. જેમ બાળક ખોટું-ખોટું હસે તો એ એના જેવું છે. ખરેખર આત્મામાં તો કાંઈ આવતું નથી. તપાસે તો (ખબર પડે કે) એ આનંદનું કારણ એવું કોઈ આત્મામાં સ્પર્શતું નથી, આત્મામાં પ્રવેશતું નથી, આત્મા સાથે કોઈ સંબંધ થતો નથી.

(અહીંયાં કહે છે કે) એવી ભેદજ્ઞાનની ધારાએ ઊપડે **'આ એક ધારાએ ઊપડે...'** એમ કહીને એમ કહેવું છે કે, સતત ભેદજ્ઞાન થવું જોઈએ. કેમકે (વિપરીત) પરિણમન સતત છે તો ભેદજ્ઞાન પણ સતત જ થવું જોઈએ. એવી ધારાએ ઊપડે તો એમાં કાર્યસિદ્ધિ થાય (એટલે કે) એમાં સુખ-શાંતિ થાય. 'બનારસીદાસે' તો ભેદજ્ઞાનમાં આવેલા જીવોને નમસ્કાર કર્યા છે. પોતે સમ્યક્દૃષ્ટિ છે તો કહ્યું કે 'ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ, શીતલ ચિત્ત ભયો જિમ ચંદન' (અર્થાત્) એનું ચિત્ત તો શીતળ... શીતળ... શીતળ... થઈ ગયું. ભેદજ્ઞાનથી કાંઈ દુઃખ નથી થયું. ભેદજ્ઞાનથી તો પરિણમનમાં, ચિત્ત એટલે પરિણમનમાં શાંતિ થઈ છે. એવી એની દશા જોઈને, એની શાંત દશા જોઈને (કહે છે કે) 'શાંત દશા તિનકી પહિચાની' ઓળખીને, કોઈએ કહ્યું છે માટે નહિ. પોતે ઓળખીને – પહેચાન કરીને 'કરે કર જોડી બનારસી વંદન' હું 'બનારસીદાસ' તો એને હાથ જોડીને – બે હાથ જોડીને નમસ્કાર કરું છું, વંદન કરું છું.

આમ એક ધારાએ ઊપડે તો અવશ્ય કાર્યસિદ્ધિ થાય **'પણ પોતે ઊંડો ઊતરતો જ નથી,...'** શું કહેવું છે ? આ એક ઊંડા ઊતરવાનો વિષય છે. 'જ્ઞાન તે હું છું' અથવા 'જ્ઞાયક તે હું છું' (એમ) પોતાની હયાતીને–પોતાના અસ્તિત્વને વ્યક્ત વેદનથી પકડીને– ગ્રહણ કરીને ત્યાં ઊંડા ઊતરવાનું છે. એ એક જ એના કાર્યનું ક્ષેત્ર છે, કાર્યનો ભાવ છે અને ત્યાંથી એને ખરેખર દૂર જવાની જરૂર નથી.

જેમ પાપ કરતા પુણ્યના ઉદયમાં જીવ ફસાય છે એમ એથી વધારે ફસાય છે જ્ઞાનના ક્ષયોપશમમાં. આ સૌથી વધારે મોટી ફસાવાની જગ્યા છે. તિર્યંચ પ્રાપ્ત કરે છે એનું એક કારણ એ પણ છે કે, ઉઘાડ નહિ હોવાથી એનું જ્ઞાન ઇધર-ઉધર બીજે ક્યાંય રસ લેતું નથી. આ જીવનું જ્ઞાન ઉઘાડવાળું હોય ત્યારે અનેક પર વિષયની અંદર રસ લઈને ઝંપલાવે છે. એટલે એને જે એક જગ્યાએ ઊંડા ઊતરવું જોઈએ–જ્ઞાનમાં જ હુંપણું કરીને ઊંડા ઊતરવું જોઈએ એમાં બાધા પહોંચે છે. એટલે એ ક્ષયોપશમજ્ઞાન ઇધર-ઉધર જાય એ એને બાધક છે, બાધાકારક છે. ખરેખર તો એમ થઈ પડે છે. ખરેખર તો એનો સદુપયોગ કરે તો લાભ છે અને દુરુપયોગ કરે તો એટલું જ નુકસાન છે. એમ.

એમાં બધું આવી જાય છે **'પણ પોતે ઊંડો ઊતરતો જ નથી,...'** એ જગ્યાએ પોતે ઊંડો ઊતરતો નથી. એટલે કે ઉપર-ઉપરથી સ્વાધ્યાય કરે, ઉપર-ઉપરથી વિચાર કરે, ઉપર-ઉપરની જિજ્ઞાસા કરે, ધારણા કરે (એ) બધું ઉપર-ઉપર(થી કરે). એનો કોઈ રસ એમાં જે હદે ઊંડા ઊતરવા માટે જોઈએ એવો એને રસ આવતો નથી. અથવા એણે કરવા ધાર્યું નથી.

**'કરવા ધારતો નથી,...'** એટલે એણે કરવા ધાર્યું નથી. આ એક નિશ્ચયપૂર્વક એ કામની પાછળ પડી જવાનો વિષય છે. કરવા ધારે એટલે એ કૃતનિશ્ચય હોય કે, ગમે તેમ કરીને આ કાર્ય કરવું જ છે. વિચારની ભૂમિકામાં પણ એક એવો દૃઢ નિશ્ચય કરી નાખ્યો હોય કે, આ કાર્ય તો હવે કરી જ લેવું છે. બીજું જે થવું હોય તે થાઓ પણ આ કામ તો કરવું જ છે. એવું જ્યારે એ કરવા ધારે ત્યારપછી એ કાર્યની એ પાછળ લાગી જાય છે, પાછળ પડી જાય છે. કેવો પાછળ પડી જાય છે એમ જો વિચારવામાં આવે તો પૂરેપૂરો પાછળ પડી જાય છે. કેમકે એનું ફળ શું છે એની એને ખબર છે. સાદિઅનંતકાળનું સિદ્ધપદમાં રહેવું થાય છે અને સંસારના કોઈ દુઃખની ઉપાધિ, જીવને કોઈ ઉપાધિનું દુઃખ સર્વાંશે થતું નથી. એવું મહાન કાર્ય છે એટલે પૂરેપૂરો પાછળ પડી જાય છે. દુનિયા ગમે તે આંક મૂકે એની સામે એ જોવા રહેતો નથી. દુનિયા દુનિયાનું જાણે. કોઈની દરકાર એને રહેતી નથી. 'બનારસીદાસજી'એ એક બહુ સરસ પદ (લખ્યું છે) 'લોકલાજ સબ દારી' જગતમાં અમસ્તુ પણ માણસને પોતાનું ધાર્યું કરવું હોય તો લોકલાજને કોરે મૂકે છે કે નહિ ? કે, ભાઈ ! ફલાણાને જે હોય તે, અમારે આ પહેલું છે બીજું બધું પછી છે. (એમ) ચોખ્ખું કહી દે. (કોઈ એમ કહે કે) 'આમ ઠીક નહિ લાગે.' (તો કહે કે) 'લાગવું હોય એ લાગે, અમારે

તો આમ જ કરવાનું છે.' એવા ઘણાં કાર્યો કરે છે કે નહિ ? આ તો કોઈ અનુચિત કાર્ય નથી. પરમ નિર્દોષમાર્ગમાં આગળ વધવાનું કાર્ય છે અને પરમ નિર્દોષપદને પ્રાપ્ત કરવાનું કાર્ય છે. એમાં અણસમજુ લોકો કોઈ બીજો આંક બાંધે તો એને બાંધવા દેવો. જ્યારે એને સમજ આવશે ત્યારે પસ્તાશે કે, આપણે આ ભૂલ કરી હતી. અને ન સમજ આવે તો કાંઈ જરૂર નથી. કોઈના Titleની તો જરૂર નથી.

એ જીવ કરવા ધારે તો પાછળ પડી જાય છે. ક્યાં સુધી એ નથી કરતો ? કે, જ્યાં સુધી કરવા ધાર્યું નથી ત્યાં સુધી કરતો નથી. પછી બધાં ઉપરચોંટિયા પ્રયત્ન ચાલે છે – સ્વાધ્યાય ને વાંચન ને જિજ્ઞાસા ને સાંભળવું, વાંચવું, વિચારવું... પણ એ બધું ઉપર... ઉપર... ઉપર... ચાલે છે. ઊંડા ઊતર્યા વિના અને એની જે પાછળ પડી જવું જોઈએ એવી પરિસ્થિતિ એમાં આવતી નથી. એ બધું કાર્ય તો બીજા કાર્યોમાંથી અવકાશ મળે ત્યારે કરે છે. બીજી બધી અનુકૂળતા થાય, બીજું બધું ઠેકાણે પડી જાય.. મોટા ભાગનાને તો પૂરું ઠેકાણે જ પડતું નથી ! પણ નહિતર એમ થાય કે આટલું થાય પછી કરીએ, આમ થાય પછી કરીએ, આમ થાય પછી કરીએ. ત્યાં તો કાળ નજીક આવી જાય છે. આ પરિસ્થિતિ થાય છે. પાછળ પડતો નથી, કરવા ધારતો નથી એટલે એને અઘરું લાગે છે અને અઘરું લાગે છે એટલે એ એને હડસેલે છે, પાછળ હડસેલે છે. આ એક વગર સમજણમાં સહેજે થવા યોગ્ય પરિસ્થિતિ છે.

નિશાળની અંદર વિદ્યાર્થીને સાત વિષય હોય છે. એમાં જે વિષયમાં એની રુચિ હોય અને જે વિષય એને આવડે એનું Lesson કર્યા કરે. ગણિત આવડતું હોય તો ગણિતના જ દાખલા ગણ્યા કરે. પછી બીજો વિષય ન આવડતો હોય એના ઉપરની જલ્દી Exercise કે Practice ન કરે. એને એમ કહો કે, તમે આની આટલી Practice કરતા આવો, તો એ એને રુચે નહિ, એને ગમે નહિ. એ કરે નહિ, એ પડતું મુકી દ્યે. (એને) પૂછો કે, કેમ આમ કરો છો ? કેમ આમ કર્યું ? તો કહે કે, અઘરું લાગે છે. એને અઘરું લાગે છે. એટલે એનું કારણ શું કે, એને એ કાર્ય કરવું જ છે એવો દૃઢ નિશ્ચય કર્યો નથી. એના લાભાલાભને એ ખરેખર સમજ્યો નથી અને એથી કરીને એને એ વાત અઘરી લાગે છે અને અઘરી લાગે છે એટલે એનાથી એ સહેજે-સહેજે દૂર રહે છે.

મુમુક્ષુ :– આ નહિ સમજવાથી કેટલું મોટું નુકસાન છે એ લક્ષમાં આવ્યું નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એ (લક્ષમાં) આવ્યું નથી. એને પાછળ જોખમ પણ દેખાતું નથી

કે, અહીંથી પગ લપસ્યો તો નીચે ખાઈ છે. આ Hill stationના Point ઉપર ફરવા જાય છે ને ? છેલ્લે અહીંથી પગ લપસ્યો કે નીચે ખાઈ છે ! એમ મનુષ્યપણું પૂરું થયું, આત્મજાગૃતિ ન રહી કે ન આવી (તો પછી) બહુ મોટી ખાઈ છે !! વંટોળિયામાં ઊડેલું તણખલું ક્યાં જઈને પડે, પછી એનો કાંઈ મેળ નથી.

મુમુક્ષુ :– સ્વયંભૂરમણ સમુદ્રમાં વીંટી પડી જાય...

પૂજ્ય ભાઈશ્રી :– વીંટી તો કાંઈક મોટી છે. (આ તો) મોતી પડી જાય, હીરો પડી જાય એના જેવું છે. કિંમતી ચીજ ! ક્યાં ગયું ? કે, પછી એનો દરિયામાં–ભવસમુદ્રમાં – જગતના સમુદ્રમાં ક્યાંય જડે એવું નથી અને જગતમાં પ્રત્યક્ષ દેખાય એવું છે. જે નજરે જોવાય એવા પ્રાણીઓ છે નાના-નાના જીવ-જંતુથી માંડીને જંગલની અંદર વનસ્પતિઓ અને મોટા પ્રાણીઓ, અનંતા જીવો એ સ્થિતિમાં – એ હાલતની અંદર જોવામાં આવે છે, એ સ્થિતિ (આ) જીવની થતાં વાર લાગે એવું નથી. ચૂક્યો કે ગયો ! એવું છે. જોઈ-જોઈને સાવધાનીથી પગ ભરે એના જેવું (છે). એક બોલ છે છતાં એમાં કેટલો કસ ભર્યો છે !! વાત તો પૂરી પાંચ લીટીની નથી, સાડા ચાર લીટી છે (પણ) કેટલી વાત એની અંદર મૂકી દીધી છે !

મુમુક્ષુ :– મૂળ મુદ્દાની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– બહુ મહત્વની વાત છે ! બસ ! એને સીધી Master key હાથમાં આપી દીધી છે – 'હું જ્ઞાયક છું' ! યથાર્થ જ્ઞાનના લક્ષણથી યથાર્થ લક્ષ કરીને સ્વભાવ ઉપર પહોંચી જા ! જ્ઞાન મોજૂદ છે–સ્વભાવ મોજૂદ છે, વ્યક્ત છે – પ્રગટ છે, વેદનગોચર છે–અનુભવગોચર છે, અનુભવમાં આવે એવી ચીજ છે, સદાય પ્રગટ છે. એ એક જ જગ્યાએ તું ઊંડો ઊતરી જા. બસ ! સહજમાત્રમાં કાર્ય થાય એવું છે. સહજમાત્રમાં ! કેમકે વચ્ચે કોઈ આડું આવી શકે એવી પરિસ્થિતિ નથી. આડો આવે છે પોતાનો વિરાધકભાવ, પોતાનો જ બાધકભાવ. બીજા કોઈ અન્ય દ્રવ્યની અને અન્ય ભાવની તો પહોંચ નથી. કર્મનો ઉદય કર્મના ઉદયમાં રહે છે, એનો વિપાક એના વિપાકમાં રહે છે. જીવના પરિણામથી એ અત્યંત દૂર છે અથવા સર્વથા ભિન્ન છે.

મુમુક્ષુ :– મોટું આશ્ચર્ય તો એ છે કે એને ઊંડું ઊતરતા બરાબર આવડે છે !

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર આવડે છે. જ્યાં એને જરૂર લાગે, આવશ્યકતા લાગે ત્યાં તો એટલો ઊંડો ઊતરી જાય છે કે એના જે-તે વિષયના બધાં તળિયા તપાસી લે છે.

નહિતર પરદ્રવ્યથી તો ભિન્ન છે છતાં જ્ઞાનના ક્ષયોપશમના સામર્થ્યથી પરવિષયના પણ ચારેય પડખાં તપાસી લે છે. અહીંયાં ઊંડો ઊતરતો નથી કેમકે એને જે જરૂરિયાત ભાસવી જોઈએ એ જરૂરિયાત એને લાગી નથી. જરૂરિયાત લાગે અને જીવનો પ્રયત્ન ન થાય એ સ્વભાવ બહારની ચીજ છે.

અઘરું લાગે છે એનું પણ કારણ એ છે કે, એણે નિશ્ચય કર્યો નથી અને જે સમજણ યથાર્થ હોવી જોઈએ એ સમજણ પણ યથાર્થ (નથી). સમજણ છે પણ યથાર્થ સમજણ નથી. યથાર્થતા છે એ સમજણને કાર્યાન્વિત કરે છે. સમજણની યથાર્થતા સમજણને કાર્યમાં ઉતારે છે અને સમજણ બરાબર દેખાતી હોય છતાં પણ એ કાર્યમાં ઊતરતો નથી ત્યારે સમજવું કે એ સમજણ યથાર્થ નથી. દેખાય છે ઠીક, દેખાવ એનો ઠીક છે પણ એમાં અયથાર્થતા છે. અયથાર્થતા કહેતાં કોઈ વિપરીત અભિપ્રાય ઊભો છે.

'સમયસાર' પ્રવચનોનો દસમો ભાગ છે એમાં એક વાત આવે છે કે, અનંત કાળમાં જીવને દેવ, ગુરુ અને શાસ્ત્ર મળ્યા, સત્પુરુષ મળ્યા, જ્ઞાની મળ્યા, તીર્થંકર મળ્યા, સમવસરણમાં ગયો, જૈન કૂળ-જૈન ધર્મમાં આવ્યો અને ઓઘે-ઓઘે એણે બધું કર્યું. પંચ મહાવ્રત પાળ્યા, શાસ્ત્રની ધારણા કરી પણ અંદરમાં ઊંડે-ઊંડે વિપરીત અભિનિવેશ રાખીને ! નહિતર તો જીવ ચતુર છે. આટલું બધું કરે અને એનામાં કાંઈ ચતુરાઈ નથી, અક્કલ-હોંશિયારી નથી એવું તો કાંઈ નથી, બુદ્ધિ નથી એમ નથી, પણ વિપરીત અભિનિવેશ રાખીને ! ક્યાંયને ક્યાંય ઊંડે-ઊંડે એ વિપર્યાસને પકડી રાખે છે અને એને લઈને એને જે સવળું કાર્ય થવામાં પ્રગતિ થવી જોઈએ, હિત થવાની અંદર કાંઈ આગળ વધવું જોઈએ એ વાત એનાથી બની શકતી નથી.

પ્રશ્ન :– વિપરીત અભિનિવેશ એટલે માયાના પરિણામ ?

સમાધાન :– એમાં તો એવું છે કે, કોઈવાર એને પોતાને ખ્યાલ પણ હોતો નથી પણ ચાર ભેદમાં લઈએ તો માયાના ભેદમાં જાય છે. પણ એ બહુ સ્થૂળ માયા નથી (કે) બુદ્ધિપૂર્વક જ કર્યા કરે એવી નથી. કોઈ વખત અજ્ઞાનપણે એ સેવાય જાય છે. એને પૂર્વગ્રહ કહે છે. મિથ્યા આગ્રહ કહે છે અથવા પૂર્વગ્રહ કહે છે. પૂર્વે ગ્રહ્યું હોય એ મૂકી ન શકાય અને સાચી વાતની હા પાડે પણ ખોટી વાત છૂટે નહિ (એટલે) નિષ્ફળ જાય છે. સત્સમાગમ નિષ્ફળ જાય, તત્ત્વજ્ઞાન નિષ્ફળ જાય, દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ નિષ્ફળ જાય, સત્પુરુષનો યોગ નિષ્ફળ જાય, બધું નિષ્ફળ જાય. અનંતકાળમાં અનંત વાર આવું થયું છે અને જીવ આગળ

વધતો અટક્યો છે, જીવ પોતાનું હિત પામતા અટક્યો છે. એ ૧૩મો બોલ (પૂરો) થયો. (હવે) ૧૪મો.

**'હું છું' એમ પોતાથી પોતાને અસ્તિત્વનું જોર આવે, પોતે પોતાને ઓળખે. પહેલાં ઉપર ઉપરથી અસ્તિત્વનું જોર આવે, પછી અસ્તિત્વનું ઊંડાણથી જોર આવે; એ વિકલ્પરૂપ હોય પણ ભાવના જોરદાર હોય એટલે સહજરૂપે જોર આવે. ભાવનાની ઉગ્રતા હોય તો સાચું આવવાનો અવકાશ છે. ૧૪.**

ચૌદમો બોલ છે મુમુક્ષુની પૂર્વની યથાર્થ ભૂમિકાનો. **'હું છું' એમ પોતાથી પોતાને અસ્તિત્વનું જોર આવે, પોતે પોતાને ઓળખે.'** ઓળખાણ કરે, નિર્ણય કરે – બન્ને એક વાત છે. અહીંયાં અધ્યાહાર વાત એટલી છે કે, જીવને અનાદિનું પોતાના હુંપણાંનું જોર અથવા પોતાના અસ્તિત્વનું જોર રાગ ઉપર છે. રાગમાં હુંપણું થઈ રહ્યું છે. (અર્થાત્) હું... હું... હું... હું... એને રાગમાં વેદાય છે અને રાગમાં એને લાગે છે. ત્યાંથી હુંપણું છોડી દઈને, ઉઠાવી લઈને જ્ઞાનમાં–સ્વભાવમાં હુંપણું (કરે). પોતાનું અસ્તિત્વ જ્ઞાનમાં વાસ્તવિક છે તેને પકડવું છે. છોડી દીધું છે એટલે એમ કહીએ કે, પકડવું છે. બાકી છે તો છે, જ્યાં છે ત્યાં છે, ત્યાંથી કાંઈ છૂટી શકે એવું નથી. પણ ભ્રાંતિએ કરીને રાગમાં હુંપણું કરતા એણે જ્ઞાનમાં હુંપણું મૂકી દીધું છે, પોતાનું અસ્તિત્વ જ્ઞાનમાં હોવા છતાં ! જો તપાસ કરે–અવલોકન કરે તો એને સ્પષ્ટ ભાસે એવું છે – સ્પષ્ટ લાગે એવું છે કે, હું... હું... હુંપણું તો જ્ઞાનમાં થાય છે. જ્ઞાનમાં મારું અસ્તિત્વ છે. મારું હુંપણું–હોવાપણું જ્ઞાનમાં જ છે અને એના ઉપર જો જોર આવે (અર્થાત્) જ્ઞાનમાંથી સ્વભાવ ઉપર હુંપણાનું જોર આવે.

**'હું છું' એમ પોતાથી પોતાને અસ્તિત્વનું જોર આવે, પોતે પોતાને ઓળખે.'** ત્યારે

એ પોતાને પોતાના આધારથી ઓળખે. જુઓ ! ઓળખવામાં પણ આધારનો વિષય છે. ભલે વિચારની ભૂમિકા છે તોપણ માત્ર કોરો વિચાર નથી પણ જ્ઞાન લક્ષણથી જ્ઞાન સ્વભાવની હયાતીના આધારે – જ્ઞાનક્રિયાના આધારે જ્ઞાનને પકડવું છે. જ્ઞાનક્રિયામાં રહેલું જે જ્ઞાન, એ જ્ઞાનને એટલે આત્માને ત્યાં પકડવો છે. ત્યાં એ જ્ઞાન તે જ આત્મા છે.

**'હું છું' એમ પોતાથી પોતાને અસ્તિત્વનું જોર આવે,...'** એમ. આધાર લેવો છે ને ? એટલે એમાં જેમ નીચે જોર દઈને ઉપર જવાય છે, પાણીમાં ઉપર આવવું હોય કે ઠેકડો મારવો હોય તો નીચે જોર દઈને ઉપર આવવું છે અને જ્યાં જોર દેવું છે ત્યાં નક્કર ભૂમિ જોઈએ. એમ આ સ્વભાવની નક્કર ભૂમિ ઉપર 'હું છું' એવું જોર આવે અને **'પોતે પોતાને ઓળખે.'** એ રીતે ઓળખે. માત્ર આગમથી, યુક્તિથી, ન્યાયથી આત્મા સંબંધીનો વિચાર કરે એટલે ઓળખે એમ નહિ. જુઓ ! આમાં બીજી શું વાત ગૌણ કરાવી છે ? ભલે આવા બધાં વિચારો આવે. કેમકે હું કેવો ? એમ સમજવા માટે એને દ્રવ્ય-ગુણ-પર્યાય, સ્વભાવ-વિભાવ એ બધાનો વિચાર આવે. પણ એ બધો વિચાર આવ્યા પછી એને જોર આવવું જોઈએ–અસ્તિત્વ ઉપર જોર આવવું જોઈએ. હયાતી ઉપર – પોતાની વર્તમાન હયાતી ઉપર એને જોર આવવું જોઈએ અને એ રીતે **'પોતે પોતાને ઓળખે.'**

એવી ઓળખ આવે ત્યારે **'પહેલાં ઉપર ઉપરથી અસ્તિત્વનું જોર આવે,...'** એમ કહે છે અને **'પછી અસ્તિત્વનું ઊંડાણથી જોર આવે;...'** અહીંયાં થોડું સ્પષ્ટીકરણ કરીએ તો એ છે કે, આ ઉપરથી શું અને ઊંડાણથી શું ? આ એક વિચારવા યોગ્ય વિષય છે કે આ ઉપર-ઉપરથી શું ? અને આ ઊંડાણથી કહે છે એટલે આ ઊંડું... ઊંડું... ઊંડું... ઊંડું... એ શું છે ? આ શાસ્ત્રની અંદર અનેક જગ્યાએ આ શબ્દનો પ્રયોગ આવે છે. તો એમાં બધી જગ્યાએ જ્યાં 'ઊંડું' (લખ્યું) છે ત્યાં ભાવ શું લેવો ? આ કોઈ ક્ષેત્રની વાત નથી કે Areaની વાત નથી કે આમ ઉપર અને આમ નીચે. એવી કોઈ વાત નથી. ભાવમાં ઉપર-ઉપરપણું અને ભાવમાં ઊંડું એટલી વાત છે.

એ ભાવમાં ઊંડું એટલે શું ? કે, સ્વલક્ષે જે ભાવની વાત ચાલે છે એ ભાવને લક્ષમાં લેવો, એ ભાવની સન્મુખ થઈને એને જાણવો, અહીંયાં એ એ વિષયનું ભાવમાં ઊંડાણ છે. અને એ પ્રકાર છોડીને માત્ર વિચાર કરવો એ બધી ઉપર-ઉપરની વાત છે.

ફરીને, જેમકે એક પરિણામની અંદર મુખ્ય કોઈ પરિણામનું અંગ હોય તો રસ છે. એ પરિણામનું મુખ્ય અંગ છે. રાગરસ હો (કે) ગમે તે પ્રકારના પરિણામનો ચાલતો રસ

હો એ આખા પરિણામનું મુખ્ય અંગ એ રસ છે. સામાન્ય રીતે આપણે ત્યાં શાસ્ત્ર સ્વાધ્યાયમાં જે મુમુક્ષુઓ છે એ રસનો વિષય ન સમજાય એટલે એવો પ્રશ્ન પૂછે છે. આ ઉપર-ઉપરથી સ્વાધ્યાય કરવાની પદ્ધતિ કેવી છે ! આ રસ છે એ ક્યા ગુણની પર્યાય (છે) ? આમ પ્રશ્ન કાઢે. રસ ક્યા ગુણની પર્યાય ? તો એને કોઈ ગુણ બતાવી દ્યો કે આ ફલાણા ગુણની પર્યાય. તો એ સમજાય કે ન સમજાય પણ સંમત કરે ! એને એમ થાય કે, ચાલો આ વાત આપણે સમજ્યા !! એ એટલું ઉપર-ઉપરનું હોય છે કે એ વાત એને ભૂલી જતા વાર નથી લાગતી, વિસ્મૃત થઈ જાય છે. તો એને એમ કહીએ કે, ભાઈ ! રસ છે એ તારા પરિણામમાં ચાલતો મુખ્ય ભાવ છે એને તપાસીને, એનું અવલોકન કરીને, એના અનુભવને જોઈને તું રસભાવને સમજ ને ! તો ભલે તને ક્યા ગુણની પર્યાય છે એ ન સમજાય તો વાંધો નહિ, પણ એ ભાવ તને સમજાય જશે. આ એની Practical theory છે – Practical side છે. નહિતર (એમ જ ચાલ્યા કરે કે) આ ક્યા ગુણની પર્યાય છે ? અને એની વ્યાખ્યા શું છે ? બસ ! કાં તો વ્યાખ્યા પકડી લે કાં તો દ્રવ્ય-ગુણ-પર્યાયમાં કેવી રીતે છે એનું ખાનું પકડી લે અને ખતવી નાખે કે, ચાલો આ આમ (છે) ! બરાબર ખતવણી કરી નાખી. લાગે એમ કે પદ્ધતિસર શાસ્ત્ર સ્વાધ્યાય કરે છે. વ્યાખ્યા પૂછે છે, દ્રવ્ય-ગુણ-પર્યાયથી એનું ખાનું – ખાતું નક્કી કરે છે. માણસ કહે છે ને કે, 'ભણ્યો પણ ગણ્યો નહિ તો નકામું છે' (એમ) આ માત્ર ભણતરની પદ્ધતિ છે.

પોતામાં આ બધો ભાવોનો વિષય હોવાથી ચાલતા ભાવોના અનુભવને સમજવાનો પ્રયત્ન કરવો (એ સમજવાની યથાર્થ પદ્ધતિ છે). ચાલતા ભાવોનો જે અનુભવ છે એ અનુભવને લક્ષમાં લઈને, અનુભવને ખ્યાલમાં લઈને સમજવાનો પ્રયત્ન કરવો ત્યારે એ બરાબર સમજાય જાય છે. ભલે એને દ્રવ્ય-ગુણ-પર્યાયનું ખાનું કદાચ હાથમાં ન પણ આવે, તો એનો બહુ વાંધો નથી. પણ ભાવ સમજાય જાય તો એને ભૂલ પડતી નથી. કેમકે તિર્યંચને ક્યાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું વ્યવસ્થિત જ્ઞાન છે ? અલબત્ત મનુષ્યપણાંમાં એટલી બુદ્ધિ હોય તો એમાં ઉપેક્ષા કરીને ઇરાદાપૂર્વક ઉપેક્ષા કરવાનો વિષય નથી. એ તો એક સામાન્ય ઉપયોગ દઈને સમજી લેવાનો વિષય છે કે આવી રીતે દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિષય છે. પણ જે સમજવાની પદ્ધતિ છે એ સમજવાની પદ્ધતિ તો **પોતાના અનુભવથી અનુભવને પકડીને સમજવાની પદ્ધતિ એ સાચી પદ્ધતિ છે** અને એ રીતે સમજાય છે એ ખરું સમજાય છે. એમાં ભૂલ પડતી નથી.

હવે, એ જ રીતે અહીંયાં આ યથાર્થ ભૂમિકામાં પોતાના સ્વરૂપને ઓળખવું છે. પોતાના સ્વરૂપને ઓળખવું છે એ ઓળખાણની વિધિ છે – પરિચય કરવો તે. ગમે ત્યાં પણ ગમે તે પદાર્થને, ગમે તે વ્યક્તિને ઓળખવા માટે વારંવાર પરિચય કરવો, ઘનિષ્ઠ પરિચય કરવો એ એક જ સાધન છે અને બીજાું કોઈ સાધન નથી. આ તો બધાંને અનુભવગોચર છે. અહીંયાં પણ પોતાના પરિણમનમાં સ્વભાવ પણ વ્યક્ત છે અને વિભાવ પણ વ્યક્ત છે. અહીંયાં એમ કહે છે કે, તારું અસ્તિત્વનું જોર તારા જ્ઞાનસ્વભાવ ઉપર આવવું જોઈએ, જે તારું અસ્તિત્વનું જોર તારા રાગ આદિ વિભાવ ઉપર જઈ રહ્યું છે કે થઈ રહ્યું છે. તો ચાલતા પરિણમનમાં પરિચય કરીને, શોધીને, તપાસ કરીને તારા અસ્તિત્વને નક્કી કર કે તારું અસ્તિત્વ ક્યાં છે ? વિચારીને નહિ પણ શોધીને નક્કી કર કે તારું અસ્તિત્વ ક્યાં છે ? તો તને જરૂર માલૂમ પડશે કે, તારું અસ્તિત્વ રાગમાં નથી પણ તારું અસ્તિત્વ જ્ઞાનમાં છે. આ વાત એટલી અઘરી નથી, જો પોતે અંતરશોધ કરે તો ! જો પોતે અંતરશોધ ન કરે તો આ વાત એટલી અઘરી છે કે હજારો, લાખો, કરોડો આગમ વાંચી જાય તોપણ એને પોતાની ઓળખાણ ન થાય. એકવાર ઓળખાણ થાય તો અનુભવ થયા વિના રહે નહિ. ઓળખાણ બહુ મોટી ખાણ છે ! લોકો પણ એમ કહે છે કે, ઓળખાણ બહુ મોટી ખાણ છે ! જે કામ પૈસાથી ન થાય એ કામ ઓળખાણથી થાય છે એવું કહેવામાં આવે છે. બહારમાં પણ પૈસાથી એને થોડું વધારે પ્રાધાન્ય દેવામાં આવે છે. અહીંયાં કહે છે કે, તારી ઓળખાણ તને અનુભવ કરાવશે અને તારો અનુભવ તને સિદ્ધપદમાં લઈ જશે. સિદ્ધપદ સુધી તને પહોંચાડશે !! ઓળખાણની આટલી મોટી વાત છે !!

**'પહેલાં ઉપર ઉપરથી અસ્તિત્વનું જોર આવે,...'** એટલે માત્ર વિચાર ચાલે ત્યાં સુધી એને ઉપર-ઉપરની વાત છે. 'જ્ઞાન તે હું... જ્ઞાન તે હું...' એવો માત્ર વિકલ્પ ચાલે તે ઉપર-ઉપરની વાત છે અને જ્ઞાનભાવમાં તપાસીને હુંપણું થાય તો એ એના ઊંડાણમાં જાય છે. જ્ઞાનનો પરિચય કરીને (અર્થાત્) જ્ઞાનક્રિયાથી જ્ઞાનભાવનો પરિચય કરીને જ્ઞાનમાં પોતાની હયાતીને – 'છે' એને અવલોકે. કરવું કાંઈ નથી, 'છે' એનું અવલોકન કરવું છે. માત્ર જોવું કે, ક્યાં છે ? પોતે ક્યાં છે ? પોતાનું હોવાપણું–પોતે ક્યાં છે ? એને જોવું છે. હયાતી નવી કરવી નથી, નવી હયાતી બનાવવી નથી. 'છે' એને માત્ર અવલોકવું એટલું જ એનું કાર્ય છે. આથી વધારે કોઈ કાર્ય નથી. એ એનું ઊંડાણ છે. અને એવું જો ઊંડાણથી જોર આવે; ભલે એ વખતે વિકલ્પ હોય છે, હજી આ ઓળખાણની ભૂમિકામાં સાથે-સાથે વિચાર,

વિકલ્પ, રાગનો પર્યાય ચાલે છે. **'એ વિકલ્પરૂપ હોય પણ ભાવના જોરદાર હોય એટલે સહજરૂપ જોર આવે.'**

અહીંયાં બહુ અનુભવની વાત કરી છે. આ વાત બહુ અનુભવની કરી છે. શું કહે છે ? કે, ઉપર-ઉપરથી જ્યારે આત્માનો સ્વભાવ અને એમાં હુંપણું અને એવી બધી આ વિષયની જેટલી કોઈ વાતો (અને) વિષય છે એમાં ઊંડાણમાં નહિ જવાનું એક કારણ અથવા સહજતા નહિ થવાનું એક કારણ, માત્ર કૃત્રિમ વિકલ્પો રહી જવાનું એક કારણ ભાવનાની ખામી છે. આ એક જે યથાર્થતામાં સાથે-સાથે હોય જ છે એવો એક મહત્વનો મુદ્દો છે– ભાવનાનો ! કે, જ્યારે અસ્તિત્વનું ઊંડાણથી જોર આવે એ વખતે વિકલ્પરૂપ હોય તોપણ ભાવના જોરદાર હોય છે એટલે ભાવના જોરદાર હોવાને લીધે, એમ કહેવું છે. **'સહજરૂપે જોર આવે.'**

હવે, આમાં બે વાત શું ભળી છે ? કે, એક તો પોતાની અવલોકનની ઊંડી તપાસ ભળી અને એ તપાસ થઈ રહી છે એની સાથે ભાવના ભળી. મારું કાર્ય મારે કરવું છે– એવી જે પોતાના સ્વકાર્યની અત્યંત ભાવના, એ ભાવનાસહિત જે અંતર અવલોકન કરે છે એ આ વિષયમાં ઊંડો ઊતરીને ઓળખાણ કરી લ્યે છે કે જે અનુભવનું અનન્ય કારણ છે. કેટલી લાઈનદોરી ચોખ્ખી છે ! આ વિચારવા જેવો વિષય છે.

મુમુક્ષુ :– ઉપર-ઉપરથી છે ત્યાં કોરો વિકલ્પ છે.

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં ભાવના નથી હોતી એટલે એ એક ભાવનાવિહીનતારૂપ ખામી છે. એ પાયાની વાત છે કે, જો તું આ ક્ષેત્રમાં આવ્યો છે; જગતના કાર્યો તો અહીંયાં કાંઈ છે નહિ, પણ જો તું આ ક્ષેત્રમાં આવ્યો છો તો તારા હિતની ભાવના લઈને આવ્યો છો કે નહિ ? તો કહે કે, હા, હું તો મારા હિતની ભાવનાથી જ આવ્યો છું. તો હવે એમ કહે છે કે, આ તારી ભાવના અંતરની છે કે નહિ ? ઉપર-ઉપર અને ઊંડાણ–આ બે વાત તો બધે રહેવાની જ છે. અહીંયાં વિષય જ એ ચાલશે. જિજ્ઞાસા ઉપર-ઉપરથી કરે છે (તો) પૂછીને સંતોષ પકડી લે છે. ભાઈ ! આ અપૂર્વ જિજ્ઞાસાનો વિષય છે કે, જ્યાં સુધી એને પોતાનું અસ્તિત્વ પકડાય નહિ અને સાચી ઓળખાણ થાય નહિ ત્યાં સુધી એને ચેન પડે નહિ. એવી ઊંડેથી જિજ્ઞાસા હોય તો ઓળખાણ થઈને એ જિજ્ઞાસાની અવશ્ય પરિતૃપ્તિ થાય છે.

એ જ રીતે ભાવના અંતરથી હોય છે તો એની શોધ કરતા, અવલોકન કરતા એ

વિષયમાં એ ઊંડો ઊતરી જાય છે અને જો ભાવના ન હોય તો ઉપર-ઉપરથી જોવે કે, હા, આ જ્ઞાન લક્ષણ છે, આત્મા જાણે છે, બરાબર છે. રાગાદિભાવ છે અને જ્ઞાન – બે વાત તો જુદી-જુદી છે. રાગ ન જાણે એ બરાબર છે, જ્ઞાન જાણે એ બરાબર છે. ખ્યાલ આવે છે, આપણા પોતાના અનુભવથી પણ ખ્યાલ આવે છે. (એવી રીતે) ઉપરચોટિયો પણ થોડો વિચાર ચાલે, સામાન્ય અવલોકન ચાલે. પણ ભાવના સાથે હોય તો બહુ મોટું કામ છે !

મુમુક્ષુ :– ભાવના તો સાથે જ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ભાવના એટલે એવી ભાવના કે જે ભાવનામાં, એ ભાવનાને વિરુદ્ધ જે કાંઈ હોય તો એને તરત ખ્યાલ આવે. ભાવનાનું આ એક લક્ષણ છે. ભાવના કોને કહેવી ? ઊંડી ભાવના કોને કહેવી ? કે, જેને જેની ઊંડી ભાવના છે એ ભાવનાનું અવરોધક કાંઈપણ એની સામે આવે તો એને એનો નિષેધ થઈ જાય. પોતાની ભાવના સાકાર થવામાં કાંઈપણ અવરોધકભાવ અંદર આવે, અવરોધક નિમિત્ત આવે, અવરોધક કારણ સામે દેખાય એટલે તરત એનો એને નિષેધ આવે. આ એક ભાવનાનું લક્ષણ છે. એવી ભાવના હોય અને અંદરમાં પોતે પોતાના અસ્તિત્વને ખોળતો હોય–શોધતો હોય તો એ ભલે વિકલ્પરૂપ (હોય), એ વખતે વિકલ્પ હોય છે તોપણ એને જે જોર આવવું જોઈએ એ ભાવનાને લઈને સહજતાથી આવે છે. બળ છે–**આ કાર્ય કરવામાં જે જોર છે એ આ કાર્યના પ્રાણ છે એમ કહીએ તો ચાલે ! એ પ્રાણ કોણ પૂરે છે ? તો કહે (છે કે) ભાવના એ પ્રાણને પૂરે છે** ! એવો વિષય લીધો છે.

મુમુક્ષુ :– ભાવના માર્ગમાં અવરોધ આવતો હોય એને તારવીને ચાલે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, તારવીને ચાલે, એનો નિષેધ કરે, એની એને ખબર ન પડે એવું ન બને, એ બધું ભાવનાની હયાતીને સૂચવે છે. આ લાઈનમાં થોડાક પણ જો કોઈ આગળ વધ્યા હોય તો આ વિષયની આ એવી સુંદર અભિવ્યક્તિ છે, વિષયને વ્યક્ત કરવાની કુદરતી જે વાક્યરચનાઓ આવી છે એ અસાધારણ છે !!

પ્રશ્ન :– ભાવના એટલે શું ?

સમાધાન :– ભાવના એટલે જે જોઈએ છે, જે ભાવે છે, જે રુચે છે અને જે અંદરમાંથી ઊગેલી એક ચીજ છે કે, મારે મારું અસ્તિત્વ જ જોઈએ. અને એ જ જોઈએ એટલે એમાં બીજું કાંઈ ન જોઈએ અને બીજું કાંઈ જોઈએ તો આ જોઈએ એમાં એ બાધક છે. એમ

છે. ૨૧મો બોલ આવશે.

મુમુક્ષુ :- જેને જિજ્ઞાસા હોય એને ભાવના તો હોય જ.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો Co-relation જેવું છે. સમજ્યા ? એ તો જે મુમુક્ષુની યથાર્થ ભૂમિકા છે એની અંદર એ બધાં ભાવો સહકારી ભાવો-સહચારી ભાવો છે-સાથે ચાલનારા અને સાથે કાર્ય કરનારા (ભાવો છે). સહચારી અને સહકારી ભાવો છે કે, જે અનાદિથી પરિભ્રમણ કરતા જીવને આખો સંસાર કાપીને મોક્ષમાર્ગમાં પ્રવેશ કરાવે છે. વસ્તુ કોઈ અસાધારણ છે કે નહિ !!

જે કાર્ય અનંતકાળમાં થયું નથી, એ તો કાર્ય અનંતકાળમાં નથી થયું એ એક હકીકત છે કે નહિ ? એવું કાર્ય છે. ભાવનાવાળાને કોઈ ન પહોંચે. આ એક એવો વિષય છે. એટલે તો ૨૧મા બોલમાં એ વિષય લેશે કે, ચૌદ બ્રહ્માંડની તોડફોડ અહીંયાં કામ આવે એવું નથી. ભાવના તો ફળે જ છૂટકો. એનું નામ ભાવના છે.

'પૂજ્ય બહેનશ્રી'ની પાસે 'ગુરુદેવ'ની હયાતીમાં તો ભાઈઓનું આવાગમન ઓછું હતું પણ બહેનોમાં અને એમાં પણ ખાસ કરીને વૃદ્ધાવસ્થામાં જે આવી ગયા હોય, એવા હોય (કે) શરીર લથડી ગયું હોય, બુદ્ધિ પણ એટલી એ ઉમરમાં કાંઈ તેજ ન હોય તો કોઈવાર એવી રીતે પૂછે કે, હવે અમારે તો આ શરીર આવું થઈ ગયું, બુદ્ધિ એટલી બધી લાંબી નહિ, બહુ કાંઈ યાદ રહે નહિ, હવે આ ઉંમરમાં શરીર કામ કરે નહિ. હવે આ સ્થિતિમાં અમારે શું કરવું ? આવું પૂછનારા હોય. એવા દાખલા બન્યા છે કે, પૂછનારની ભાવના જોવે કે, મારે શું કરવું ? કંઈ કરવાની ભાવનાથી પૂછે છે. તો કહે કે, કાંઈ વાંધો નહિ. ભલે યાદ ન રહે, તમારી ભાવના છે ને ? (તો કહે) હા, ભાવના તો છે. બસ ! તો ભાવના વધારજો ! શું કહે ? (ભાવના વધારજો !). તમે શાસ્ત્ર વાંચજો અને ફલાણી ગાથા વાંચજો ને આ અપેક્ષા સમજજો અને આ વિવિક્ષા સમજો એવી વાત ન કરે. એમની જો કે વાત કરવાની એ પદ્ધતિ જ નથી. (પૂછે કે), ભાવના છે ? (તો કહે કે) હા, ભાવના છે. અને કોને ભાવના ન હોય. સામાન્ય રીતે તો અહીંયાં આવ્યા છીએ તો ભાવના લઈને આવ્યા છીએ. તો કહે, એ ભાવના વધારો. જો ભાવના ઉગ્ર થાય તો નિવેડો છે અને ભાવના ન હોય તો બાકીના એ ભાવના સિવાયના બધાં પ્રયત્નો બેકાર છે, કોઈ કાર્યકારી નહિ થાય. એટલે એમના વક્તવ્યમાં ભાવનાનો વિષય બહુ પ્રધાન રહ્યો છે.

મુમુક્ષુ :- ભાવનાનું પડખું બહુ મુદ્દાનું છે.

પૂજ્ય ભાઈશ્રી :– બહુ મહત્વનું પડખું છે. એટલે ભાવના પણ પોતાના માટે તપાસવાનો વિષય થઈ જાય છે કે, આ જીવ કેટલીક ભાવના રાખે છે ? અત્યારે એની કેટલીક ભાવના રહી છે ? કેટલીક ભાવના થઈ છે ? નહિતર તો શું છે કે, ઘણા વખતથી વાંચીએ છીએ, ઘણા વખતથી સાંભળીએ છીએ પણ કામ થતું નથી. ભાઈ ! કામ નથી થતું પણ ભાવના કેટલીક છે એ તો જો. ભાવના હોય અને કામ ન થાય એ તો ચૌદ બ્રહ્માંડ ફરી જાય તો ન બને એવી ચીજ છે. એ તો બનવાનું જ નથી. એવું પોતાના સ્વાનુભવથી કુદરતને બાંધીને એ વાત કરી છે.

આ ભાવનાના વિષયમાં તો પ્રશ્ન પૂછ્યો હતો કે, આટલી બધી જોરથી વાત આવી છે એની પાછળ વિશેષ વિચારણા શું છે ? તો કહે, આ તો દેખાય છે ને કે વિભાવપરિણામ સાથે પણ કુદરત બંધાયેલી છે. વિભાવ પરિણામ સાથે પણ જો કુદરત બંધાયેલી છે તો શું સ્વભાવ સાથે કુદરત બંધાયેલી નથી ? એ ન ફળે એ પ્રશ્ન રહેતો નથી. સ્વભાવની ભાવના પોતાનો જ સ્વભાવ હોવાથી એ ભાવનાવાળો જીવ સ્વભાવની અપ્રાપ્તિથી જુદો રહી જાય અથવા પ્રાપ્તિથી વંચિત રહી જાય એ કોઈ કાળે બની શકવા યોગ્ય નથી, કોઈ કાળે ન બને.

મુમુક્ષુ :– ભાવનાની સાથે અર્પણતા અને ભક્તિ પણ આવે ?

સમાધાન :– આવે જ, આવ્યા વગર રહે જ નહિ. જેની જેને ભાવના હોય એ બીજું બધું ગૌણ કરી જ નાખે એ તો સ્વભાવિક જ છે. એટલે આવ્યા વગર રહે જ નહિ. એ તો મુમુક્ષુને યોગ્ય બાકીના બધાં ગુણોને ઉત્પન્ન કરે છે એમ કહીએ તો ચાલે. મુમુક્ષુને યોગ્ય જે કોઈ ભૂમિકાના ગુણો જોઈએ એ બધાં ગુણોને ઉત્પન્ન કરનારી ચીજ છે એમ કહીએ તો ચાલે.

એટલે (કહે છે કે) અસ્તિત્વનું ઊંડાણથી જોર આવે એમાં **'વિકલ્પરૂપ હોય...'** એમાં વિકલ્પરૂપ હોય એટલી કૃત્રિમતા છે. જેટલો વિકલ્પ થાય છે એટલી કૃત્રિમતા છે. **'પણ ભાવના જોરદાર હોય...'** અહીંયાં સાધારણ ભાવનાની વાત નથી. અત્યંત ભાવના હોય તો એ ત્યાંથી સહજતા પકડે છે અને **'સહજરૂપે જોર આવે.'** આ અસ્તિત્વનું, પોતામાં પોતાના હોવાપણાનું જોર થવામાં અને એ સહજપણે જોર થવામાં ભાવના હોય છે એ કારણ છે.

આ પ્રાણની પ્રતિષ્ઠા કહે છે ને ? મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા કરે છે. પ્રતિષ્ઠાને પ્રાણપ્રતિષ્ઠા કહે છે. એટલે શું છે કે, પહેલાં તો એમ સમજે કે આ પથ્થરમાંથી ઘડેલી મૂર્તિ છે. પ્રતિષ્ઠા

થઈ ત્યારપછી એ મૂર્તિ નથી. એનામાં પ્રાણ આવી ગયા છે એમ લેવાય છે–એ ભાવથી જોવાય છે. એટલે એને ભગવાન તરીકે જ જોવાય છે. આ લોકો જે વિરોધ કરે છે એ તોછડાઈ કરે છે. આ મૂર્તિનું આમ ને આ મૂર્તિનું આમ ને મૂર્તિનું આમ કરીએ ને મૂર્તિનું તેમ કરીએ ! ભાઈ ! મૂર્તિ મૂર્તિ નથી, એ તો હવે ભગવાન થઈ ગયા છે !

મુમુક્ષુ :– પ્રતિમા છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ પ્રતિમા પણ નથી. ખરેખર તો એ ભગવાન જ છે ! એ ભગવાનની પ્રતિમા નથી પણ એ ભગવાન છે. ખરેખર તો એમ છે.

મુમુક્ષુ :– હજારો તીર્થંકર કરતાં એક પ્રતિમા વધારે છે એમ શાસ્ત્રમાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ છે, એ વિષય શાસ્ત્રમાં છે. 'ધર્મદાસજી ક્ષુલ્લકે' ક્યાંક લખ્યું છે કે, દસ હજાર તીર્થંકર અને એક પ્રતિમા બરાબર છે. આ મૂર્તિની સ્થાપનામાં જે ભગવાન છે એ બરાબર છે. તો કેવી રીતે એ વાત છે ? કોઈને એમ નવાઈ લાગે કે, એક તીર્થંકર તો જીવંત, એનો પ્રભાવ વધારે કે આ સ્થાપના કરી એ ભગવાનનો (પ્રભાવ વધારે) ? આ બેમાં આ ભગવાનને કેમ વિશેષતા આપી ? તીર્થંકરો તો આયુષ્યથી બંધાયેલા છે, જ્યારે આ ભગવાનને તો આયુષ્ય જેવો સવાલ નથી. દસ હજાર તીર્થંકરો ચાલ્યા જાય, આ ભગવાન ન ચાલ્યા જાય. (તીર્થંકર) સિદ્ધાલયમાં ચાલ્યા જાય, આ ન જાય. એ એમણે Average બાંધ્યો છે – દસ હજાર તીર્થંકર બરાબર એક સ્થાપનાના ભગવાન છે ! ભગવાન તરીકે સ્થાપો તો એ એક બરાબર સામે દસ હજાર અરિહંત છે ! એવી રીતે વાત લીધી છે. એમ એ બહુ મોટો વિષય છે. મોક્ષમાર્ગનો એ જબરજસ્ત વિષય છે !

મુમુક્ષુ :– 'ગુરુદેવે' કીધું હતું કે આ ભગવાન તો ચોવીસે કલાક હાજર જ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ચોવીસે કલાક હાજર હોય. (તીર્થંકર) તો વિહાર પણ કરી જાય. વિહાર કરી જાય તો ત્યાં જાવું પડે. આ તો ચોવીસ કલાક બરાબર હોય છે.

'ગુરુદેવ' શુભભાવોનો અને વ્યવહારનો બહુ કઠોરપણે નિષેધ કરતા પણ જ્યાં ભગવાનનું મંદિર થવાનું હોય તો વાત પૂરી ! આપણને જ અનુભવ છે. (સંવત) ૨૦૨૪ની દિવાળીએ કે બેસતા વર્ષે 'ગુરુદેવ'ને વિનંતી કરી કે, આ ૨૦૨૫ની સાલમાં આપનો વિહાર છે તો 'ભાવનગર' પધારો અને ત્યાંથી પછી આગળ (જેમ) Programme ગોઠવાય તેમ. (તો કહ્યું કે) 'આ સાલમાં 'ભાવનગર' આવવું નથી. આગ્રહ કરશો નહિ, આવવાનો ભાવ નથી.'

આગ્રહ કરવો નહિ, આવવાનો ભાવ નથી. આગ્રહ કરશો માટે આવશું એવું કાંઈ અમારે છે નહિ. એકદમ જરાક કડક રીતે ના પાડી દીધી એટલે બંધ થઈ ગયા. આગ્રહ કરવો નહિ, એમ કીધું (એટલે) વાત પૂરી થઈ ગઈ. આગ્રહ કરવાનો ભાવ હોય તો (પણ) પછી બંધ રાખી દેવો પડે. અને તરત જ આ (મંદિરની) જમીન લેવાણી. દિવાળી પછી તરત જ જમીન લેવાણી અને માગશર મહિનામાં એનું ખાતમૂહુર્ત કર્યું. જેવી જમીન લીધે (એટલે) 'ગુરુદેવ'ને વિનંતી કરવા ગયા (અને કહ્યું કે) 'સાહેબ ! જિનમંદિરની જમીન ખરીદી છે અને ખાતમૂહુર્ત કરો !' (તો કહે) 'જરૂર !' તરત જ નિર્ણય બદલી નાખ્યો. નહિતર બહુ જોરથી – મક્કમ નિર્ણય હતો કે, આ સાલ વિહારમાં 'ભાવનગર' નથી લેવું. જેવું નક્કી થયું (તો કહ્યું) 'બહુ સારું ! ભગવાનનું મંદિર થાય છે !' એટલે શું છે કે જે પ્રતિમાની સ્થાપનાની વાત કરી કે, દસ હજાર તીર્થંકર બરાબર એક (પ્રતિમા છે) એ લક્ષમાં છે, એનું મહત્વ ખ્યાલમાં છે. નહિતર હજી તો આમ તો બધાને શુભભાવનું નિમિત્ત થવાનું છે. પણ એ બહુ મોટી ચીજ છે ! ભગવાનની સ્થાપના એ બહુ મોટી ચીજ છે અને એક જ જગ્યાએ અનેક પ્રતિમા હોવાનું પણ કારણ એ છે કે, એની ભાવના મોક્ષમાર્ગીને ખૂબ હોય છે.

(નંદીશ્વર જિનાલયની) પ્રતિષ્ઠા વખતે વિવાદ ચાલ્યો ત્યારે (એક ભાઈએ) પૂજ્ય 'બહેનશ્રી' પાસે એક દલીલ કરી હતી. રાત્રે નવ જણાનું Deligation આવ્યું હતું (એ બધાં) 'બહેનશ્રી'ને મળવા ગયા. રાત્રે એમણે એક દલીલ કરી કે, આ મંદિરમાં અત્યારે પ્રતિષ્ઠામાં કેટલી પ્રતિમાઓની પ્રતિષ્ઠા થવાની છે ? (તો કહ્યું કે), ૧૩૫ ! નંદીશ્વર અને પંચ મેરુની થઈને ૧૩૨ છે અને ઉપર ત્રણ મોટા ભગવાન છે (એમ કુલ) ૧૩૫ (પ્રતિમાઓ છે). તો (એમણે) કહ્યું કે, '૧૩૫ની ૧૩૪ કરો તો તમને શું ફરક પડી જાય છે ?' એક ટકાનો પણ ફરક નથી પડતો ! એક પ્રતિમા પૂરતો સમાજની અંદર વિવાદ થયો છે. ૧૩૫ ભગવાન તો તમે પ્રતિષ્ઠિત કરો છો, એક ઓછા કરો તો તમને શું ફરક પડે છે ? હવે એને શું સમજાવવું કે ભાવના શું છે ? એણે બિચારાએ કારખાના ચલાવ્યા છે એને તો કાંઈ કોઈ દિવસ ભાવના થઈ નથી. ભાવનાની એને ખબર નથી. એને શું સમજાવવું ? આ વસ્તુ કોઈ ગણતરીનો વિષય નથી. આ ભાવનાનો વિષય છે અને કોઈની પણ ભાવનાને ઠેસ પહોંચાડવાનું કેવી રીતે બની શકે ? તમારાથી ગમે તે બને, અમારાથી કેવી રીતે બની શકે ? તમે તમારું જાણો. એ કાંઈ બની શકે એવું નથી. અમારા મોઢેથી, અમારા હાથેથી

એ કાંઈ નહિ બની શકે. પછી (એમણે) ડર બતાવ્યો કે, જો તમે આ નહિ રોકો... કેમકે તમે રોકી શકો એમ છો. આખા સમાજમાં તમે એક એવી વ્યક્તિ છો કે તમે એમ કહો કે, આ બંધ રાખો એટલે બંધ રહી જાય. જો તમે નહિ રોકો તો તમને બહુ મુશ્કેલી પડશે ! અને ખરેખર Criminal (કેસ) કરીને, વોરંટ કઢાવીને ધરપકડ કરાવવા સુધીની બધી પ્રવૃત્તિ એ લોકોએ કરી !! એને બધી ખબર હતી, શું શું પગલાં લેવાના છે એ લોકોને બધી ખબર હતી. (કહ્યું કે) તમને બહુ મુશ્કેલી પડશે, તકલીફ પડશે ! તકલીફથી કોણ ડરે ? બહારની તકલીફથી તો અહીંયાં કોઈ ડરે એવા છે નહિ. એટલે એ કોઈ વિષય નહોતો. એ તો કહે 'જે થવાનું હોય તે થાય. ભાવનાને કોઈ ઠેસ પહોંચાડવી કે ભાવનાનો અવરોધ કરવાનું, એ તો બની શકે એવું નથી.' બહુ શાંતિથી જવાબ દઈ દીધો. અડધી-પોણી કલાક માથાકૂટ કરી (પણ) એમાં કાંઈ ફેરફાર થાય એવું હતું નહિ. એ મક્કમતા જુદી જાતની હોય છે અને એ નીડરતા જુદી જાતની હોય છે.

એ ભાવનાનો વિષય અહીંથી – ૧૪મા બોલથી શરૂ થઈ ગયો છે. વિશેષ લઈશું...

**બુદ્ધિપૂર્વક પદાર્થનું સ્વરૂપ વિપરીત કે અન્યથા નિશ્ચિત કર્યું હોય-તે યથાર્થ વિચારણાથી જેમ છે તેમ દ્રવ્ય, ગુણ, પર્યાયથી અવિપરીતપણે સ્વીકાર થયા વિના, પુરુષાર્થ યોગ્ય દિશામાં શરૂ થઈ શકતો નથી. ઉદાહરણ તરીકે, કોઈ જીવની વસ્તુ સ્વરૂપની સમજણમાં ભૂલ હોય અને અધ્યાત્મના વિષયમાં તે મુખ્યતા કરે તો પણ તેનો પ્રયત્ન સફળ થઈ શકે નહિ, અધ્યાત્મ ભાવો તો સહજ છે. સ્વરૂપની વિપરીત સમજણમાં પ્રયત્ન કૃત્રિમતા ધારણ કરે છે અર્થાત્ અધ્યાત્મનો વિષય પરલક્ષી ક્ષયોપશમમાં બુદ્ધિગોચર થતાં કૃત્રિમ મુખ્યતા થાય છે. - તેમાં પોતે છેતરાઈ જાય છે. પોતાને અધ્યાત્મી માનવાની આ બહુ મોટી ભૂલ થાય છે.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૩૨)

## પ્રવચન નં. ૧૬, વચનામૃત–૧૪,૧૫
## તા. ૦૨-૧૨-૧૯૮૬

('બહેનશ્રીનાં વચનામૃત' ૧૪મો બોલ, પાનું–૫) સ્વરૂપની ઓળખાણ કાળે પોતાને પોતાની હયાતીનું અથવા અસ્તિત્વનું જોર આવે, સવિકલ્પદશામાં–પૂર્વભૂમિકામાં વિકલ્પરૂપ હોય, એ જોર વિકલ્પરૂપ હોય એટલે એ જોરની સાથે-સાથે વિકલ્પ હોય પરંતુ **'ભાવના જોરદાર હોય એટલે સહજરૂપે જોર આવે.'** અહીંયાં એટલું સ્પષ્ટ કરવું છે કે, પરિણમનમાં પુરુષાર્થની સહજતા આવવાનું મુખ્ય કારણ ભાવના છે. સ્વરૂપપ્રાપ્તિની અત્યંત ભાવના એ પુરુષાર્થની અંદર સહજતા લાવે છે. **'સહજરૂપે જોર આવે.'** એટલે સહજતા લાવે છે.

અનાદિથી પર્યાયની કર્તૃત્વબુદ્ધિરૂપ જે મિથ્યાત્વ (છે) એ મિથ્યાત્વનું છૂટવું બહુ દુષ્કર થઈ પડ્યું છે. કારણ એ પણ છે કે, ફેરફાર કરવો છે એ પર્યાયમાં ફેરફાર કરવો છે, દ્રવ્યમાં તો ફેરફાર કરવાનો અવકાશ નથી. પર્યાયમાં ફેરફાર કરવાના હેતુથી સંસારના કાર્યો અને સંસારના કાર્યક્ષેત્ર છોડીને ધાર્મિક કાર્યક્ષેત્રમાં આવેલા જીવને પર્યાયનું કરવું, પર્યાયનું કર્તૃત્વરૂપ કરવું એ જ ઊડાવી દેવાનું છે. આવ્યો છે એ હેતુથી કે, મારે ગુણ પ્રગટાવવા છે, દોષનો નાશ કરવો છે, દુઃખ મટાડવું છે અને સુખ પ્રાપ્ત કરવું છે. આવું પર્યાયમાં કરવું છે એમ લઈને આવ્યો હોવા છતાં પર્યાયનું કર્તૃત્વ ઊડાડવા માટે, પર્યાયનું કર્તાપણું નાશ કરવા માટે સહજતાનું હોવું જરૂરી છે. એ સહજતા ક્યાંથી આવે ? કેમ આવે ? કેવી રીતે આવે ? એનું અહીંયાં બહુ ઊંડાણથી સ્પષ્ટીકરણ છે.

જે જીવ અંતરમાં પોતાના અસ્તિત્વને ખોળે છે–શોધે છે અને એ અસ્તિત્વને ખોળતાં એ કાર્ય સંબંધીના જોરમાં કર્તૃત્વ છૂટીને સહજતા આવે એવું ક્યારે બને ? કે, જો ભાવના

જોરદાર હોય તો. સ્વરૂપની ભાવના અત્યંત હોય એટલે એ જોર સહજરૂપે થાય અને નહિતર કૃત્રિમતાથી થાય. અથવા સ્વરૂપની ઓળખાણ આવતા સહજ સ્વરૂપ પ્રત્યે સહજ જ પોતાના રુચિના અને રુચિ અનુસારી વીર્યના પરિણામ સહજ જ ઉત્પન્ન થાય. એમ થવામાં ભાવનાનો સહકાર છે.

એટલે એમ કહે છે કે, **'ભાવનાની ઉગ્રતા હોય તો સાચું આવવાનો અવકાશ છે.'** સાચું એટલે યથાર્થ. જો ભાવનાની ઉગ્રતા હોય તો આવું યથાર્થ પુરુષાર્થનું કાર્ય થવાનો અવકાશ છે. જો ભાવનાની ઉગ્રતા ન હોય તો કૃત્રિમ પ્રયત્ન કેટલા કરે ? કે, ગમે તેટલા કરે. કૃત્રિમ પ્રયત્નને વશ દીક્ષા અંગીકાર કરે, કૃત્રિમ પ્રયત્નને વશ સર્વસંગ પરિત્યાગ કરીને જંગલમાં વાસ કરે, એકાંતમાં બેસીને ધ્યાન કરે અને મારા આત્મામાં ઉપયોગને સ્થિર કરવો છે, મારે તો ઉપયોગને અંદર વાળવો છે, ઉપયોગને લીન કરવો છે, ઉપયોગની સ્થિરતા કરવી છે, પરિણામમાં એકાગ્રતા લાવવી છે – એમ કરું... કરું... કરું... એવો પુરુષાર્થ કરવો છે, આ કાર્ય કરવા માટેનો પુરુષાર્થ કરવો છે, શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનો પુરુષાર્થ કરવો છે, સમ્યગ્દર્શનનો પુરુષાર્થ કરવો છે. એમ કરવું... કરવું... કરવું... કરવું... કરવું... એ કરવું મટતું નથી. કેમકે એ પ્રકારથી આવ્યો છે. પર્યાયમાં ફેરફાર કરવાના હેતુથી એણે કાર્યક્ષેત્ર બદલ્યું છે–Line બદલી છે. હવે અહીંયાં આવીને કર્તૃત્વ જ ઉડાડવું છે. પરિણામમાં સહજતા આવે, સહજ સ્વરૂપને ઓળખીને સહજતા આવે. સહજ પુરુષાર્થ એ પુરુષાર્થનું સ્વરૂપ છે. પુરુષાર્થના કરવાનો વિકલ્પ એ કોઈ પુરુષાર્થનું સ્વરૂપ નથી.

પ્રશ્ન :-- જોરદાર ભાવના અને ઉગ્રતા બેમાં શું તફાવત છે ?

સમાધાન :– ઉગ્રતા કહો, જોરદાર કહો – એ તો એકાર્થ છે. પણ સહજ અને યથાર્થ ક્યારે આવે ? સહજ છે તે યથાર્થ છે, યથાર્થ હોય તે સહજ હોય. કૃત્રિમ છે ત્યાં સુધી પરાણે કાર્ય કરવું છે. થતું નથી અને પરાણે કરવું છે. પરાણે એટલે બળજોરીથી કરવું છે, જબરજસ્તીથી કરવું છે. આત્મા પોતાનું સ્વકાર્ય કરવા તૈયાર નથી પણ એને જાણે કોઈ ખેંચાઈ-ખેંચાઈને કૃત્રિમ પરિણામો કરવા છે. એવી રીતે કદી પુરુષાર્થ થતો નથી કે એવો પુરુષાર્થ હોતો નથી.

મુમુક્ષુ :– વિકલ્પની સાથે ભાવના હોય ત્યાં બેમાં શું લેવું છે ? વિકલ્પ તો રાગ છે.

પૂજ્ય ભાઈશ્રી :– વિકલ્પ તો રાગ છે પણ ભાવના બહુ મોટી વાત છે. એ તો વિકલ્પવાળી દશા છે એટલે વિકલ્પ સાથે-સાથે છે. અહીંયાં સવિકલ્પદશા છે હજી પણ ભાવના છે એ

પરિણામની અંદર વિકલ્પ સિવાયની એક ચીજ છે. વિકલ્પ એ ભાવના નથી પણ વિકલ્પ સિવાયની એ ચીજ છે. ભાવનાવિહીન દશામાં તો કોરા અને ચંચળતાવાળા વિકલ્પો પણ હોય છે. એ વિકલ્પ કાંઈ કાર્યકારી નથી.

ભાવના છે ઓ તો પોતાના સ્વરૂપને ભાવે છે એવો એક ભાવ છે. જે પોતાના સ્વરૂપને ચાહે છે, સ્વરૂપને ઇચ્છે છે, રુચિ અપેક્ષાએ જ્યાં સ્વરૂપની રુચિ છે. એ કાળે સ્વરૂપની પણ રુચિ છે. ભાવના અને રુચિ હંમેશાં સાથે હોય છે.

પ્રશ્ન :– ભાવના કેમ કરવી ?

સમાધાન :– એ બહારમાં તો ભાવના કરે છે (તો) કેમ કરે છે ? સુખ જોઈતું હોય – આત્મિક સુખ અને આત્મિક નિરાકુળ શાંતિ, નિરાકુળ સુખ જોઈતું હોય અથવા ગુણથી ઉત્પન્ન થતું સુખ જોઈતું હોય એવા સુખની ભાવના, એવા સુખની ઇચ્છા હોય–અભિલાષા હોય ત્યારે એ કાર્ય થાય છે.

(અહીંયાં કહે છે કે) એ રીતે સ્વરૂપની ભાવનાની ઉગ્રતા હોય તો સાચું અથવા યથાર્થ આવવાનો અવકાશ છે અને નહિતર કૃત્રિમપણે અનેક રીતે આ જીવે પોતાની દશા બદલવા માટેના પ્રયાસો કર્યાં છે અને એ બધાં પ્રયાસ નિષ્ફળ ગયા છે, એમાં સફળતા નથી મળી. ભાવના છે એ પાયાની વાત છે. ભાવના વિનાનું બધું નકામું છે.

મુમુક્ષુ :– પુત્ર કે મિત્ર પ્રત્યે રાગ હોય તો એના માટે કાંઈ ગોખવું નથી પડતું. અંતરમાં તો એના પ્રત્યે ભાવના ચાલુ જ રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– ચાલુ જ રહે, એ તો પરિણતિ થઈ જાય છે. ભાવનાને લઈને પરિણતિ થઈ જાય છે. પરિણતિ ચાલે જ છે. ઉગ્ર ભાવના હોય, જોરદાર ભાવના હોય તો પરિણતિ થઈ જાય છે.

પ્રશ્ન :– ઉપરનું દૃષ્ટાંત આમાં લેવાનું ને ?

સમાધાન :– હા.. હા, જીવને ઊંધી પરિણતિ ચાલે જ છે. જીવ પરિણતિ વિનાનો નથી. ઊલટી પરિણતિ ચાલે જ છે અને એ ઊલટી પરિણતિ ચાલે છે એટલે સૂલટી વાત આવે તોપણ એ સ્થાન પામતી નથી. શાસ્ત્રમાંથી સ્વાધ્યાયકાળે સૂલટી વાત તો આવે છે, સત્પુરુષોનાં કહેલાં વચનો છે. સવળી વાત આવે છે પણ કેમ અંદર સ્થાન પામતી નથી ? પ્રતિષ્ઠા કેમ પામતી નથી ? સારી રીતે સ્થાન પામવું એને પ્રતિષ્ઠા કહે છે. (કેમકે) અંદર પરિણતિ ઊંધી ચાલે છે અને રસ બધો પરિણતિ(માં ભળે છે). ભાવના સાથે રસ જાય

છે. ભાવના સાથે રસ જાય છે, રુચિ સાથે પણ રસ જાય છે અને રસ છે એ પરિણામની અંદર મુખ્ય Factor છે, Main factor છે. આખો પરિણામનો દોર પરિણામમાં રસ કઈ જાતનો છે એના ઉપર છે. એટલે અહીંયાં ભાવનાની ઉગ્રતા છે તો એને પરિણતિ થઈ જાય છે.

મુમુક્ષુ :- ભાવનામાં રસ તો આવી જ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, રસ લઈને જ ભાવના આવે છે. ભાવના સાથે રસ આવે છે એ મોટી વાત છે. અનાદિનો જીવને પુદ્ગલનો રસ છે, ભૌતિક પદાર્થનો રસ છે, આત્મરસ એણે ભાવ્યો નથી અને ક્યારેય કેળવ્યો નથી. ભાવી ભાવીને એને કેળવ્યો નથી. એ કેળવવી જોઈએ, ભાવનાથી પરિણતિને કેળવવી જોઈએ.

પ્રશ્ન :- રસ કેમ પ્રગટ કરવો ?

સમાધાન :- કેમ કરવો ? ઊંધો કેમ કરે છે ? જેમ ઊંધો કરે છે એની તપાસ કરવી. ઊંધો કરે છે એનું કારણ ત્યાં લાભ છે, ત્યાં સુખ છે, ત્યાં શાંતિ છે, અનુકૂળતા છે એ બધું સાથે અભિપ્રાયમાં ઊભું છે. અહીંયાં નિરાકુળ શાંતિ અને નિરાકુળ સુખ જોઈતું હોય અને જ્યાં એને ઊલટી પરિણતિ છે ત્યાં એને દુઃખ અને થાક લાગતો હોય તો પલટો મારશે. હજી અહીંયાં (-બહારમાં) ઠીક લાગતું હોય, અહીંયાં અધિકાઈ આવતી હોય, અધિકતા આવતી હોય, વજન આવતું હોય તો જોર એ બાજુ જશે. તો આ બાજુની ભાવના કેવી રીતે થવાની હતી ?

ભાવના પોતે સહજ હોવાથી પરિણામની અંદર સહજતા લાવે છે. ભાવના એ પોતે સાચી ચીજ હોવાથી, યથાર્થ હોવાથી પરિણામમાં સાચું આવે છે, યથાર્થતા આવે છે. આનું કારણ એ છે કે એનું સ્વરૂપ એવું છે. ભાવનામાં કૃત્રિમતા ચાલતી નથી, અસહજતા હોતી નથી અને અયથાર્થતા હોતી નથી.

પ્રશ્ન :- ભાવના ક્યા ગુણની પર્યાય છે ?

સમાધાન :- કોઈ ગુણનો વિષય નહિ, પોતાના પરિણામ જોવા. રસ છે, ભાવના છે એમાં ગુણ શું જોવો ? પરિણામના ભાવથી ઓળખીને, તપાસીને એ વિષય નક્કી કરવો. સમજણની પદ્ધતિ આ વધારે સારી છે. બાકી ગુણની પર્યાય સમજવાથી કાંઈ બીજો તો લાભ નથી. ઠીક છે, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી ક્યો ગુણ ? એના લક્ષણ શું ? એની અવસ્થા શું ? એનું લક્ષણ શું ? સમજમાં આવે છે. પણ એમાં લક્ષ બહારનું બહાર રહે છે. હજી

એ બહારના લક્ષે જ એ બધું સમજવાનું બને છે. જ્યારે પોતાના ભાવથી સમજવું છે એમાં લક્ષ બદલાય છે. સ્વરૂપલક્ષે, આત્મલક્ષે, પોતાના ભાવના લક્ષે-લક્ષમાં લઈને, પોતાના ભાવને લક્ષમાં લઈને એ ભાવને પોતાના અનુભવથી સમજવાનો પ્રયત્ન થાય તો એનું સ્વરૂપ બરાબર સમજવામાં આવે છે.

પ્રશ્ન :– ભાવના આખા પદાર્થની વસ્તુ છે ?

સમાધાન :– હા, પદાર્થની વસ્તુ છે.

આ બાજુથી સ્પષ્ટ કરીએ તો ભાવનાકાળે એ ભાવના દર્શનમોહને ગળવાનું મુખ્ય કારણ છે. એની–ભાવનાની સીધી લડાઈ દર્શનમોહ સાથે છે. જેને સ્વરૂપની ભાવના છે–આત્માની ભાવના છે એને આત્માનો દુશ્મન એવો જે દર્શનમોહ એની સાથે સીધો સંબંધ છે. એ એને હટાવે છે. એટલે ભાવના બહુ કાર્યકારી છે.

મુમુક્ષુ :– પૂજ્ય 'બહેનશ્રી' કોઈ જગ્યાએ કહે છે કે, ભાવના વધારવી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ ભાવના વધારવી (એટલે) શું છે કે, બીજું આવડે-ન આવડે એવું બનશે, ભાવનામાં આવડવાનો પ્રશ્ન નથી. એ કોઈ શીખવાની ચીજ નથી કે શીખીને કોઈ તૈયાર થાય. બીજું વિજ્ઞાન છે, બીજાં બધાં પલાખા છે, બીજી બધી એની Theory–વ્યાખ્યાઓ છે એમાં એ રીતે એને બુદ્ધિનો ઉપયોગ કરીને શીખવું પડે છે. પણ ભાવનામાં કોઈ શીખવાનો વિષય નથી. એવી એક સહજ વસ્તુ છે કે પોતાને પોતાની ભાવના અને પોતાને પરની ભાવના, બસ ! આ બે વચ્ચે એણે પોતાના સ્વાનુભવને–પોતાના વર્તમાન ચાલતા પરિણામથી એણે આ વિષયને સમજી લેવો. પોતાની ભાવના નથી એને પરની ભાવના છે, એને રાગની ભાવના છે અને જેને પોતાની ભાવના છે એને રાગની અને પરની ભાવના નથી. એટલે એ વિષય શીખવાનો નથી એટલો સહજ છે. શીખવામાં તો શીખીને કોઈ કૃત્રિમતા આવે, પણ એમ નથી.

'પરમાગમસાર'માં એક બોલ (૬૦૦ નંબરનો) છે. **'જેમ રોટલીના લોટને કેળવે છે...'** ટૂંપે છે ને ? એમાં કાંઈ બીજી ચીજ નાખવી નથી પડતી. ખાલી પર્યાયથી પર્યાયાંતર, અવસ્થાથી અવસ્થાંતર થવામાં એને કેળવણી કહેવામાં આવે છે, ચીજ તો જે છે ઇ છે. લોટ અને પાણી બે વાના (–વસ્તુ) છે. પણ એને કેળવે છે. એમને એમ રોટલી બનાવતા નથી. સારી રીતે એને ટૂંપીને પછી રોટલી બનાવે છે. **'તેમ એણે આત્માને જ્ઞાનથી કેળવવો જોઈએ.'** જ્ઞાનથી એટલે સમજણથી, જ્ઞાનથી એટલે વારંવારની ભાવનાથી કેળવવો જોઈએ. **'એને**

**ભાવભાસન થવું જોઈએ.**' પોતાનું જે મૂળ સ્વરૂપ છે, મૂળ સ્વભાવભાવ છે એ એને અંતરમાં ભાસવો જોઈએ. અંતરંગમાં ચૈતન્યગુણથી સદાય પ્રકાશમાન છે. આત્મા અંતરંગમાં ચૈતન્યગુણથી-ચૈતન્યસ્વભાવથી સદાય પ્રકાશમાન છે. એને એનો ભાવ ભાસવો જોઈએ કે ચૈતન્યસ્વભાવ એટલે હું આવો ! હું આવો ! હું આવો મહા મહિમાવંત ! એમ એને પોતાનો અનંત મહિમાવંત સ્વભાવભાવ પોતાથી ભાસવો જોઈએ.

એક વાત અહીંયાં એટલી વિશેષ લીધી છે કે, '**ભગવાન કહે છે માટે નહિ...**' તીર્થંકર ભગવાને કહ્યું માટે આત્મા આવો-હું આવો એમ નહિ. '**ભગવાન કહે છે માટે નહિ...**' ક્યાંથી વાત લઈ લીધી જુઓ ! '**પોતાથી ભાવ ભાસવો જોઈએ...**' ભગવાન કહે છે માટે હું આવો છું, એમ નહિ. મને જ હું આમ લાગુ છું. મારાં જ્ઞાનમાં મને મારું સ્વરૂપ આમ મને ભાસ્યમાન થાય છે કે, '**હું આવો મહિમાવંત ચૈતન્ય પદાર્થ છું. એની સન્મુખ થવાથી જ સંસારના દુઃખથી છુટકારો થશે એમ** (એને સ્પષ્ટ) **ભાસવું જોઈએ.**' પોતાથી ભાસવું જોઈએ. બીજાએ કહ્યું છે, ગુરુએ કહ્યું છે, તીર્થંકરે કહ્યું છે, શાસ્ત્રે કહ્યું છે માટે નહિ. પોતાને ભાસવું જોઈએ.

મુમુક્ષુ :- 'હું છું' એમ અસ્તિત્વનું જોર આવે.

પૂજ્ય ભાઈશ્રી :- જો ભાસે તો જોર આવે અને આ બધું જેટલું કાર્ય છે એ બધાંના મૂળમાં-પાયામાં ભાવના કામ કરે છે. ભાવના વિના કોઈ કાર્ય થતું નથી. કેમકે અવલોકન જ નહિ થાય, તો ભાસશે ક્યાંથી ? અવલોકન કર્યા વિના સ્વભાવભાવ તો ભાસ્યમાન થશે નહિ.

મુમુક્ષુ :- કોઈ કરોડપતિ કહે તો જોર ક્યાંથી આવે છે ? પોતાને જોર તો આવવું જોઈએ ને ! કોઈ કહે તેથી...

પૂજ્ય ભાઈશ્રી :- એથી શું થઈ ગયું ? એ તો કો'કના ઘરનું થયું અને ઉછીનું થયું. જે બીજાનું કહેલું કહે છે એ તો ઉછીનું લઈને કહે છે. એમાં એના ઘરની કોઈ ચીજ નથી.

એ ૧૪મો બોલ (પૂરો) થયો.

**તીર્થંકરદેવની દિવ્યધ્વનિ કે જે જડ છે તેને પણ કેવી ઉપમા આપી છે ! અમૃતવાણીની મીઠાશ જોઈ દ્રાક્ષો શરમાઈને વનવાસમાં ચાલી ગઈ અને શેરડી અભિમાન છોડીને ચિચોડામાં પિલાઈ ગઈ ! આવો તો જિનેન્દ્રવાણીનો મહિમા ગાયો છે. તો જિનેન્દ્રદેવના ચૈતન્યના મહિમાની તો શી વાત કરવી ! ૧૫.**

પંદરમો બોલ 'દેવમહિમા'(નો) છે. જિનેન્દ્રદેવ ! જગતની અંદર ચાર ગતિમાં ચૌદ બ્રહ્માંડના ઉપરના ભાગમાં-મધ્યલોકથી-મનુષ્યલોકથી ઉપરના ભાગમાં દેવગતિના જીવો વસે છે. એટલે 'દેવ' તો પ્રચલિત શબ્દ છે. પણ દેવ કોને કહેવા ? ખરેખર દેવ કોને કહેવા ? કે, **જેણે પોતાના આત્મામાં રહેલી દિવ્ય શક્તિઓનો સંપૂર્ણ વિકાસ કર્યો એ ખરેખર દેવ છે,** બાકી બધાં નામધારી દેવ છે. અન્ય મતમાં પણ પોતપોતાના સંપ્રદાયમાં કોઈને ને કોઈને કોઈ પ્રકારે કલ્પનાથી દેવની સ્થાપના કરવામાં આવે છે. પણ જે રાગી હોય, દ્વેષી હોય, રાગનાં કાર્યો કરતા હોય, દ્વેષના કાર્યો કરતા હોય અથવા પોતાના ભક્તો હોય તેના પ્રત્યે રાગ રાખતા હોય, પોતાના ભક્તોને પ્રતિકૂળ જનારા પ્રત્યે દ્વેષ કરતા હોય તો જગતની અંદર એ રાગ અને દ્વેષના પરિણામવાળા તો સાધારણ પ્રાણીઓ પણ છે (તો) એને દેવ કેમ કહેવાય ? એની બરાબર કામ કરતા હોય એને દેવ કેમ કહેવાય ? એને તો ખરેખર દેવ કહેવામાં આવતા નથી. જગતમાં તો એ રીતે ચાલે છે.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં પણ બીજો દેવલોક, ત્રીજો દેવલોક એમ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- દેવ શબ્દનો પ્રયોગ છે પણ એ તો હવે શબ્દનો પ્રયોગ છે ત્યાં મનુષ્યથી ઉત્કૃષ્ટ પ્રકારનાં એવા જુદી જાતના પુણ્ય છે અને બહારમાં એના ફળ પણ એવા વિશિષ્ટ પ્રકારનાં છે કે જે મનુષ્યલોકમાં હોતા નથી. એટલે એને ત્યાં દૈવીસંપત્તિ, દૈવી ભોગ-ઉપભોગ, દૈવી શરીર એમ એની જુદી Category સ્થાપવા માટે પુણ્યનું ફળ બતાવીને 'દેવ'

શબ્દ લઈ લીધો છે. એ ખરેખર દેવ નથી. એ પણ ચાર ગતિમાં સંસારની એક ગતિ છે કે જે ગતિમાં સુખ નથી પણ દુઃખ છે. એ ગતિમાં પણ સુખ નથી. એ પણ બધાં દુઃખી છે, દેવો પણ બધાં દુઃખી છે. એક સમ્યક્દૃષ્ટિ દેવોને એટલું દુઃખ નથી. જે ત્યાં સમ્યક્ત્વ ધારણ કરીને રહેલાં છે–દેવ-દેવીઓ જે કોઈ સમ્યક્દૃષ્ટિ હોય એને દુઃખ નથી. કેમકે એને અંદરથી આત્માના સુખનો અનુભવ આવે છે. એટલે એને બહારના સંયોગો છે એ તૃણવત્ થઈ ગયા છે, ભલે એ દૈવી સંયોગો છે તોપણ એમાં સુખઅભિલાષ નથી, એમાં એને સુખની કલ્પના નથી, એ એનાથી ઉદાસ છે.

એટલે અહીંયાં જે દેવનો મહિમા કરવો છે એ જિનેન્દ્રદેવના મહિમાની વાત કરવી છે. જેમણે પોતાના અનંત ગુણોને પરિપૂર્ણ વિકસિત કર્યા, શુદ્ધ પરિણમન કર્યું અને દોષનો નાશ કર્યો એ દેવ છે. **'તીર્થંકરદેવની દિવ્યધ્વનિ કે જે જડ છે તેને પણ કેવી ઉપમા આપી છે !'** હવે એ જિનેન્દ્રદેવનો મહિમા કરવા માટે એમની વાણીનો પણ મહિમા કરવામાં આવે છે. જેમ સત્પુરુષનો મહિમા કરવા માટે આવે છે ને ? 'તે ગામ-પૂરને ધન્ય છે' જે ગામમાં એ રહેતાં હોય એ ગામ ધન્ય છે ! 'તુજ પાદથી સ્પર્શાઈ એવી ધૂલીને પણ ધન્ય છે' તમારા ચરણ જે ધૂળને સ્પર્શાયા (તે ધૂળ પણ ધન્ય છે !). 'ગુરુદેવ' તો વિષ્ટાને ધન્ય કહેતાં ! સમ્યક્દૃષ્ટિ બળદની ખરી, ખરી એટલે નખ, (નખ છે એ) હાડકાંનો મેલ છે, એ જે વિષ્ટાને અડે એ વિષ્ટા ધન્ય થઈ ગઈ ! એમ કહે છે.

પ્રશ્ન :– એમાં શું કહેવું છે ?

સમાધાન :– એમાં મહિમા બતાવવો છે. સત્પુરુષનો મહિમા બતાવવો છે. એટલે એના કુળને, એના કુળના સભ્યોને એ બધાંને ધન્ય છે એમ કહેવામાં આવે. 'તુજ માત કુળને ધન્ય છે' વંદ્ય છે એમ કરીને બધાંને એની ધન્યતા આપવામાં આવે છે. અન્ય મતમાં એવું છે, કોઈ એવો પાકે તો કહે, એણે ૭૧ કુળ તાર્યાં ! એમ નથી કહેતા ? 'નરસિંહ મહેતા'ના એક પદમાં આવે છે 'કુળ ૭૧ તાર્યાં રે... વૈષ્ણવજન તો તેને કહીએ...' એમાં આવે છે.

પ્રશ્ન :– એ બધી કલ્પના જ છે ને ?

સમાધાન :– હા, ઇ તો કોઈ એને લઈને તરતું નથી. એ તો પોતપોતાની યોગ્યતાનો વિષય છે. પણ એ રીતે મહિમા કરવામાં આવે છે–સત્પુરુષનો એ રીતે મહિમા કરવામાં આવે છે. ધૂળ તો ધૂળ છે, રજકણ તો રજકણ છે.

એ રીતે અહીંયાં આત્માનો મહિમા કરવો છે, શુદ્ધતાનો મહિમા કરવો છે. શુદ્ધતા

અને પવિત્રતાનો મહિમા કરવો છે એટલે એ મહિમાને કહેવા માટે આ બધી વાત છે. **'તીર્થંકરદેવની દિવ્યધ્વનિ...'** હવે એ તો જડ છે, એ તો અવાજના પરમાણુ છે, મોજા છે **'કે જે જડ છે તેને પણ કેવી ઉપમા આપી છે !'** ખાસ કરીને 'પદ્મનંદી પંચવિંશતિ'માં આચાર્ય ભગવાને ભગવાનની સ્તુતિ કરી છે, ત્યાં આવી બધી ઉપમા આપી છે કે, **'અમૃતવાણીની મીઠાશ જોઈ દ્રાક્ષો શરમાઈને વનવાસમાં ચાલી ગઈ...'** દ્રાક્ષ છે એ એક સુંદર ફળ છે પણ (કહે છે કે) ક્યાં ભગવાનની વાણીની મીઠાશ અને ક્યાં દ્રાક્ષની મીઠાશ ! દ્રાક્ષને પોતાની મીઠાશ માટે શરમ આવી ગઈ ! (એટલે) એ જંગલમાં ચાલી ગઈ. જંગલમાં ઉત્પન્ન થાય છે ને ? તો એનું સ્થાન જંગલમાં કેમ છે ? શા માટે દ્રાક્ષનું સ્થાન જંગલમાં છે ? તો કહે છે કે, એ તો ભગવાનની વાણીની મીઠાશથી શરમાઈને ત્યાં ગયેલી છે. (એવી) ઉપમા આપી છે. એમ કહીને એ વાણીમાં મીઠાશ કેવી છે એ બતાવવું છે.

વાણીમાં જે મીઠાશ છે એ મીઠાશ ખરેખર તો પુદ્ગલની છે, કોઈ જીવની મીઠાશ નથી. વાણીમાં જે મીઠાશ છે એ તો અવાજની મીઠાશ છે. સામાન્ય માણસોને પણ ગળામાં મીઠાશ હોય છે ને તો સારું ગાઈ શકે છે. એ સાધારણ પુણ્યનો પ્રકાર છે–ઉદય છે. તીર્થંકર ભગવાનને તો પૂરા પુણ્ય છે. જગતમાં એથી ઉત્કૃષ્ટ પુણ્ય કોઈ પ્રાણીને હોતા નથી – કોઈ જીવને હોતા નથી. એમના નિમિત્તે જે ૐકારધ્વનિ અને દિવ્યનાદ નીકળે છે એની પણ મીઠાશ એવી હોય છે કે સાંભળનારને જાણે કાનમાં કોઈ અમૃતની ધાર કરતું હોય (તો) કેવું મીઠું લાગે !! સાંભળતાં કોઈ અમૃતની ધાર રેડતું હોય, કાનમાં ધાર કરી-કરીને અમૃત રેડતું હોય એવું મીઠું લાગે ! જાણે સાંભળ્યા જ કરીએ ! તેથી સમવસરણમાં સાંભળવા જનાર જીવ(ને) સાંભળતા-સાંભળતા ન તો કોઈને ભૂખ લાગે છે, ન તો કોઈને તરસ લાગે છે – બધું ભૂલી જાય છે. ન તો કોઈને ઊંઘ આવે છે. અહીંયાં ઘણાં વ્યાખ્યાન સાંભળતાં ઝોકા ખાય છે એવું ત્યાં નથી હોતું. કોઈને ઊંઘ ન આવે. ચાર પ્રહર એટલે રાત્રે પણ ઉપદેશ ચાલે છે. ચોવીસ કલાકમાં છ-છ કલાકને અંતરે – છ-છ પ્રહરને અંતરે વાણી શરૂ થાય છે. એ વાણી શરૂ થાય પછી કોઈ હલે કે ચલે !! જાણે સાંભળ્યા જ કરીએ... સાંભળ્યા જ કરીએ... સાંભળ્યા જ કરીએ... કોઈ પાણી પીવા જાય, કોઈ હાજત માટે જાય (એવું) કાંઈ નહિ. ખાવાનું નહિ, ઊંઘવાનું નહિ, કાંઈ નહિ. એટલો ત્યાં વાણીનો અતિશય છે કે જાણે સાંભળ્યા જ કરો ! વાણી બંધ થાય પછી કોઈ પ્રવૃત્તિ કરે. સાંભળતાં-સાંભળતાં કોઈને ડખલ કરવાનું મન ન થાય. એવી એ મીઠી વાણી હોય છે !

પ્રશ્ન :- કુલ ચોવીસ કલાક વાણી ચાલે છે ?

સમાધાન :- નહિ... નહિ. ગમે ત્યારે બંધ થઈ જાય. શરૂ થાય બરાબર દિવસે બે વખત, રાત્રે બે વખત. અડધો-અડધો ટાઈમ સરખા ભાગે હોય એ રીતે, બંધ ગમે ત્યારે થાય. વાણી ચાલતી-ચાલતી બંધ ગમે ત્યારે થાય. છ કલાકથી વધારે આંતરો ન પડે. છ પ્રહર થાય એ વાણી પાછી ચાલુ થઈ જાય.

પ્રશ્ન :- રાત્રે બંધ થઈ જાય ?

સમાધાન :- નહિ... નહિ. ત્યાં રાત-દિવસ દેખાતા નથી. એટલું તો ભગવાનના શરીરમાંથી તેજનું પૂર નીકળે છે ! અને ત્યાંના જે દ્રવ્યો છે (એટલે કે) જેનાથી સમવસરણની રચના કરી છે (એ) એટલા બધાં ઝાકઝમાળ છે ! આપણે અહીંથી જઈને 'મુંબઈ'ની બજારમાં રાત્રે જે ફેર દેખાય છે ને ? અને 'લંડન' અને 'ન્યૂયોર્ક'ની બજારમાં જાઓ તો ફેર દેખાય છે કે નહિ ? એ તો બધાં સાધારણ પુણ્ય છે. રાત્રે બધી જુદી-જુદી જાતની લાઈટો દેખાય છે કે નહિ ? પણ અહીંયાં (સમવસરણમાં) તો કાંઈ કોઈ દોરડા નહિ, કોઈ Electricity નહિ, કાંઈ બીજી પંચાત નહિ. એ જ જાત(ની) દેવોએ રચના કરી છે–ધનપતિ કુબેરે રચના કરી છે. એવા રત્નો, એવા હીરાઓ, એવા બધાં કિંમતી પદાર્થો છે કે બધું એકદમ ઝાકઝમાળ છે !! ત્યાં કોઈ સૂરજ આથમે છે એટલે અંધારું થાય છે એવું સમવસરણમાં નથી. એક સરખો પ્રકાશ રહે છે કે, જ્યાં સૂર્ય-ચંદ્ર પણ ઝાંખા લાગે !! નાના દીવા જેવા લાગે ! અને છતાં આ પ્રકાશ આકરો ન લાગે. જેમ સૂર્યનો પ્રકાશ આકરો છે, ચંદ્રનો પ્રકાશ શીતળ છે એમ અહીંયાં શીતળ પ્રકાશ છે. એ પ્રકાશ આકરો ન લાગે. આંખ અંજાય નહિ. સૂર્ય-ચંદ્રથી આંખ અંજાય, આનાથી આંખ અંજાય નહિ.

એ શાંતરસથી ભરેલી વાણી છે એટલે સાંભળનારને પણ એના અતિશયથી ઘણી શાંતિ ઊપજે છે. એટલે એ શાંતિને વશ ત્યાં તિર્યંચ પ્રાણીઓ પણ જાતિવેર ભૂલી જાય છે, મનુષ્યો પણ જાતિવેર ભૂલી જાય. કોઈ બે મનુષ્યો વચ્ચે દુશ્મનાવટ થઈ ગઈ હોય પણ સમવસરણમાં ભેગાં મળે તો ત્યાં એને એકબીજા પ્રત્યે દ્વેષભાવ ન આવે. એને એમ થાય (કે), અરે...! તમે સમવસરણમાં આવ્યા ! તમે અહીંયાં પધાર્યા, બહુ સારું કર્યું !! એને એના પ્રત્યે દ્વેષ ન આવે (કે), કેમ અહીંયાં આવ્યા ? એમ ન થાય. સારું થયું અહીંયાં આવ્યા, અહીંયાં આવ્યા ઇ સારું થયું, એમ એને થાય. તિર્યંચને દ્વેષ ભૂલાય જાય છે તો મનુષ્યને ભૂલાય એ તો કોઈ મોટી વાત નથી.

મુમુક્ષુ :– કોઈ જૂના ઓળખીતા 'સોનગઢ'માં મળી જાય તો એમ થાય કે, અરે...! તમે અહીંયાં આવ્યા ! તમે પણ આ માનો છો !

પૂજ્ય ભાઈશ્રી :– હા, કેટલો એને પ્રમોદ થાય ! બહુ સારું કર્યું, તમે અહીંયાં આવ્યા ! કોઈ અન્ય મતિ હોય અને આવે તો લોકોને વધારે પ્રમોદ થાય છે. થાય છે કે નહિ ?

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી'ની વાણીનો કલાક પૂરો થાય તો એમ થાય કે, ચાલુ રહે તો સારું !

પૂજ્ય ભાઈશ્રી :– હા, **એમની વાણીમાં પણ કોઈ અતિશય હતો ! 'ગુરુદેવ'ની વાણીમાં પણ એક અતિશય હતો !!**

તીર્થંકરની વાણીની તો કોઈ ગજબની વાત છે ! એ તો છદ્મસ્થની કોઈ વાણી (સાથે) સરખામણી ન થઈ શકે એટલું બધું અંતર હોય છે ! કેમકે આ અનક્ષરી વાણી છે, પેલી અક્ષરવાળી વાણી છે. આ ક્રમે વસ્તુનું સ્વરૂપ કહે છે, પેલું અક્રમે વસ્તુનું સ્વરૂપ કહે છે. એકસાથે બધું જાણે.

મુમુક્ષુ :– તીર્થંકરપ્રકૃતિ બાંધ્યા પહેલાં એની ઝલક દેખાણી !

પૂજ્ય ભાઈશ્રી :– હા, આવે... આવે. દસ ઇંચ વરસાદ પડવાનો હોય તો પહેલાં ઠંડક થાય કે ન થાય ? એ તો એના જેવું છે. દરેક મોટા પ્રસંગ સાથે એની પૂર્વ-ઉત્તર પર્યાયોમાં એ જાતનો બધો મેળ હોય છે.

એક દૃષ્ટાંત લઈએ કે, દિવ્યધ્વનિમાં વૈરાગ્યનો વિષય આવતો હોય તો મુમુક્ષુની ભૂમિકાનો વૈરાગ્ય કેવો હોય, સમ્યક્‌દૃષ્ટિનો ચોથા ગુણસ્થાને બહારમાં ચક્રવર્તીનો ઉદય હોય તોપણ અંતર વૈરાગ્ય કેવો હોય, મુનિદશામાં વૈરાગ્યના મહેલના શિખરના શિખામણિ જેવા મુનિના વૈરાગ્યના પરિણામ કેવા હોય, એ છદ્મસ્થને કહેવું હોય તો એ ત્રણ વાતને ખોલી-ખોલીને કહેતાં – વિષયને સ્પષ્ટ કરવા જતાં એક-એક વાતમાં અડધી કલાક-કલાક નીકળી જાય અને ત્યાં (–દિવ્યધ્વનિમાં) તો બધું એક સાથે આવે. આખો વૈરાગ્યનો વિષય ચાલતો હોય તો એકસાથે આવે. એને આખેઆખો વિષય સમજાય. એવી એક દિવ્યધ્વનિની અંદર વિશેષતા છે !

મુમુક્ષુ :– સાંભળનારને પણ એવું જ જ્ઞાન છે ને કે એ રીતે બધું એકસાથે ગ્રહણ કરી લે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, સાંભળનારને પણ એમ ખ્યાલ આવે કે જાણે આ મને એકસાથે

બધું કહે છે અને સમજાવે છે ! એને એમ જ લાગે. એક વિષયના ચારે પડખાંથી વિષયને ઉપસાવીને સામે મૂકે છે એવું જ એને લાગે. એટલે તો એમ કહે ને કે, આ આમ કહે છે. નહિતર એમ કહે છે એમ કેમ ખબર પડે ? જો સાંભળનારને ન સમજાતું હોય તો આમ કહે છે એમ કેમ ખબર પડે ? એવી દિવ્યધ્વનિની અંદર વિશેષતા છે ! એક-એક વિષય એ રીતે અક્રમે આવી જાય છે. એટલે એટલું બધું આવે છે ! નહિતર બધાં તીર્થંકરોને કાંઈ આયુષ્યનો સરખો કાળ બાકી નથી. કોઈને લાખો-કરોડો વર્ષ અરિહંત દશામાં હોય છે તો કોઈને બહુ અલ્પ હોય છે. જેમકે ભગવાન 'મહાવીર સ્વામી', તો આખું આયુષ્ય જ ૭૨ વર્ષનું હતું. ૩૦ વર્ષે દીક્ષા લીધી, ૧૨ વર્ષ છદ્મસ્થ મુનિદશામાં સાધનામાં ગયા (એમ) ૪૨ (વર્ષ થયાં અને) ૩૦ વર્ષની અરિહંત દશા છે. 'સીમંધર ભગવાન' લાખોના લાખો, અબજોના અબજો વર્ષ અરિહંત દશામાં છે. ક્યાં ૩૦ વર્ષ, ક્યાં અબજો વર્ષ ! પણ એ 'મહાવીર ભગવાન'ની વાણીમાં પણ વસ્તુનું સ્વરૂપ પૂરેપૂરું પ્રકાશમાન થયું છે, જેટલું 'સીમંધર ભગવાન'ની વાણીમાં પ્રકાશમાન થાય છે. જેટલું કરોડ વર્ષમાં, અબજો વર્ષમાં થાય એટલું ૩૦ વર્ષમાં થઈ જાય. અધૂરું કાંઈ ન આવે. એનું કારણ આ છે કે, એકસાથે વસ્તુના સ્વરૂપને અક્રમે કહે છે. ૩૦ વર્ષમાં કેટલું આવે ? કે, બાર અંગની રચના કરે; બાર અંગ એટલે બહુ મોટો વિસ્તાર છે. એના કરોડો-અબજો શ્લોક છે. બાર અંગની રચના કરે એ અનંતમા ભાગે છે, એટલું આવે !!

'ત્રિલોકસાર'માં આ પરિમાણ આપ્યું છે, પ્રમાણ આપ્યું છે કે, જેટલું કેવળજ્ઞાનમાં વસ્તુનું સ્વરૂપ ભાસે એથી અનંતમા ભાગે દિવ્યધ્વનિમાં આવે, જેવું દિવ્યધ્વનિમાં પ્રકાશમાન થાય એથી અનંતમા ભાગે બાર અંગમાં આવે છે, ગણધરદેવ જે બાર અંગ રચે છે એમાં આટલું અલ્પ આવે છે. હવે અત્યારે એમાંથી મોટા ભાગના શાસ્ત્રો વિચ્છેદ ગયા છે. પછી કરે પંડિતો તકરાર !! શાસ્ત્રમાં આમ કહ્યું છે ને આગમ આમ કહે છે... હવે પણ આગમ છે કેટલાં ઇ તો કહે ? પૂરાં આગમ જ અહીંયાં નથી. દ્રવ્યઆગમ વિચ્છેદ જાય છે, ભાવઆગમ વિચ્છેદ જતાં નથી. **જ્ઞાનીનું સમ્યક્જ્ઞાન છે તે ભાવઆગમ છે, તે ભાવશ્રુત છે.** દ્રવ્યશ્રુત અલ્પ થઈ જાય છે, ભાવશ્રુત અખંડ પૂરેપૂરું રહી જાય છે. એ હજી પંચમકાળની અંદર પણ એટલી વિશેષતા છે.

પ્રશ્ન :- સમવસરણ એટલે ?

સમાધાન :- સમવસરણ એટલે ભગવાનની ધર્મસભા. આપણે જેમ અહીંયાં કહીએ

છીએ ને કે, આ સ્વાધ્યાય હૉલ છે. અહીંયાં ધાર્મિક શાસ્ત્રોનું અધ્યયન થશે. એને સ્વાધ્યાય હૉલ કહીએ છીએ ને ? એમ ભગવાનનો જ્યાં ઉપદેશ–વાણી છૂટે એમાં જે સભા બેઠી હોય છે એ સભાસ્થાનને સમવસરણ કહેવામાં આવે છે અને ઇન્દ્રની આજ્ઞાથી જે કુબેર છે એ એને બનાવે છે. પોતાની લબ્ધિથી બનાવે છે. ત્યાં સુતારને કે કડિયાને લઈ જવો પડતો નથી અને ત્યાં ચૂનો, સિમેન્ટ અને ચૂનારિયાની જરૂર પડતી નથી.

પ્રશ્ન :– શાબ્દિક અર્થ શું થાય ?

સમાધાન :– સમ-અવ-સરણ, વિચાર્યું તો નથી. સમ+અવ+સરણ એમ ત્રણ શબ્દ લાગે છે. સમ અને અવ તો એના પ્રત્યય છે. શાબ્દિક અર્થ (માટે) તો અહીંયાં આપણે Dictionary રાખી છે. (આમાં) શબ્દનો અર્થ નથી. આ તો 'જિનેન્દ્ર સિદ્ધાંત કોષ' છે, (એમાં) તો બહુ મહેનત કરેલી છે. એક-એક શબ્દ ક્યા, કેટલા શાસ્ત્રની અંદર વપરાણો છે ? એનો વ્યુત્પત્તિ અર્થ શું ? શબ્દાર્થ શું ? ફલાણું શું... ફલાણું શું...? (એમ) ખૂબ અર્થ કરે છે. (સમવસરણનો) શબ્દાર્થ નથી. કેમકે આમ કાંઈ બેસતું નથી. સમ+અવ+સરણ એનો કોઈ અર્થ નથી ભાસતો. એની અંદર ધર્મસભાને અનુકૂળ કોઈ અર્થ ભાસતો નથી. જેણે શબ્દકોષ તૈયાર કર્યા છે એ તો બહુ વિદ્વાન વ્યક્તિ છે. એના કક્કા-બારખડીનાં ચાર Volume છે.

(અહીંયાં કહે છે કે) **'અને શેરડી અભિમાન છોડીને ચિચોડામાં પિલાઈ ગઈ !'** દ્રાક્ષો શરમાઈ ગઈ, એની મીઠાશની એને શરમ આવી અને શેરડીમાં એકલો મીઠો રસ છે, જેમાંથી સાકર બને છે. ખાંડ બને છે–સાકર. એને પણ એની મીઠાશનું અભિમાન છૂટી ગયું અને એ કહે (છે કે) મને તો હવે ચિચોડામાં પીલી નાખો, મારું કામ નથી અહીંયાં !! ભગવાનની વાણીની મીઠાશ પાસે મારું કોઈ બૂત્તુ નથી. (એટલે) એ ચિચોડામાં પિલાઈ ગઈ. આવી બધી ઉપમા ભાવલિંગી સંતોએ શાસ્ત્રની અંદર આપી છે. કોઈ શાસ્ત્ર ચાલતું હશે એના ઉપરથી આ વાત ચાલી છે.

**'આવો તો જિનેન્દ્રવાણીનો મહિમા ગાયો છે.'** સાધકોએ, સંતોએ આવો જિનેન્દ્રવાણીનો મહિમા ગાયો છે. કહેવાની જરૂર નથી કે વાણીના મહિમામાં જિનેન્દ્રનો મહિમા ગર્ભિત છે. નહિતર આ પ્રશ્ન ઘણીવાર થાય છે કે, જડનો મહિમા કેમ કરે છે ? (તો કહે છે કે) જડનો મહિમા નથી, એમાં ખરેખર ચૈતન્યનો મહિમા છે. જેમ અધ્યાત્મ શુદ્ધ પર્યાયની શાંતિ, વીતરાગતા અને ગુણોનું જે પ્રગટપણું છે એનો મહિમા કરવામાં આવે છે તો કહેવાની જરૂર નથી કે એ પર્યાય જેનો આશ્રય કરે છે, જેની સેવા કરે છે એનો મહિમા છે. એ

એમાં કહેવાની જરૂર નથી. એ વાત એની સાથે ગર્ભિત જ છે. કેટલાંક એમ લઈ લ્યે છે કે, આમાં તો પર્યાયની વિશેષતા થાય છે. ભાઈ ! પર્યાયની વિશેષતા નથી થતી, ખરેખર પર્યાય જેની છે એ પર્યાયના ધણીની વિશેષતા થાય છે. એમ છે.

મુમુક્ષુ :– આ દ્રાક્ષની (ઉપમા) ભક્તિમાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ભક્તિમાં પણ આવે છે અને શાસ્ત્રમાં પણ આવે છે, બન્નેમાં આવે છે. ભક્તિમાં આવે છે, બરાબર છે. 'પદ્મનંદી'માં ઘણું કરીને છે, 'પદ્મનંદી પંચવિંશતિ' ! (શ્રોતા :– દેવ અધિકારમાં છે). 'પદ્મનંદી'માં ને ? હા, ઘણું કરીને 'પદ્મનંદી'માં છે.

**'તો જિનેન્દ્રદેવના ચૈતન્યના મહિમાની તો શી વાત કરવી !'** આટલી એમની વાણીના મહિમાની વાત કરી છે તો પછી સાક્ષાત્ જિનેન્દ્રદેવના મહિમાની શું વાત કરવી !! સમવસરણનો મહિમા કરવામાં આવે છે, એમની વાણીનો મહિમા કરવામાં આવે છે, પછી એથી આગળ ચાલીને એમના શરીરનો મહિમા કરવામાં આવે છે. જે શરીરમાં પરમાણુ બદલાઈ જાય છે, પરમઔદારિક થાય છે, મનુષ્ય દશામાં ઔદારિક શરીર હોય છે એ પરમઔદારિક થાય છે. આ વૈક્રિયક (શરીર) નથી થતું, દેવ-નારકીમાં જે વૈક્રિયક હોય છે એ નથી થતું. પરમઔદારિક પરમાણુ થાય છે. ત્યાં પછી કોઈ રોગ રહે, શરીરની કોઈ અશાતા રહે એવું બનતું નથી.

આ જે ભગવાન 'મહાવીર'ને રોગ થયો, દવા મંગાવી, એવી જે શ્વેતાંબરમાં કથા આવે છે એ તીર્થંકરની મહિમાને ઝાંખપ છે. એ મહિમા નથી પણ ખરેખર મહિમાને કલંક છે. એવી રીતે કથામાં કલંકિતપણું પ્રદર્શિત થઈ ગયું છે. ત્યાં એ બતાવવા ગયા છે કેવળજ્ઞાનને, કથાકારનો હેતુ ભગવાનનું કેવળજ્ઞાન બતાવવાનો છે કે, જો ફલાણી જગ્યાએ દવા છે. પોતે અહીંયાં બેઠા છે અને દવા કો'કના ઘરે છે, ફલાણાં વાસણમાં છે ને ઘડાના ઉપરના તળિયામાં ચોંટેલી છે. મારા કેવળજ્ઞાનમાં દેખાય છે ત્યાંથી તું લઈ આવ. એમ કરીને મંગાવે છે ! કેવળજ્ઞાન સિદ્ધ કરવા જતાં કેટલાં દોષ સિદ્ધ કર્યા !! શરીરની અંદર રોગપણું, પછી યાચના સિદ્ધ કરી. દેવાધિદેવ ત્રણલોકના નાથ છે એને યાચના સિદ્ધ કરી કે, મારા માટે ફલાણી ચીજ તું લઈ આવ ! રાજા અને શેઠિયાઓને પણ એવા નોકર હોય છે કે એને માંગવું ન પડે, એના ટાઈમે વસ્તુ હાજર કરે. Personal secretary રાખે છે કે નહિ ? આ ટાઈમે પાણી જોશે, આ ટાઈમે આહાર જોશે, આ ટાઈમે ફલાણું જોશે, અહીંયાં એને રૂમાલ જોશે, નેપકીન જોશે, આ જોશે, પગરખાં જોશે, અહીંયાં આ વખતે ચંપલ પહેરશે, આ વખતે

બૂટ પહેરશે, આમ-તેમ... ફલાણું... ઠંડીમાં આ કપડાં પહેરશે, ગરમીમાં આ કપડાં પહેરશે, હિલ સ્ટેશનમાં આ વાપરશે... બધું પેલાને કહેવું ન પડે. એવા ચતુર માણસો-નોકર રાખેલા હોય છે ! નોકર-ચાકર એવા ચતુર હોય છે કે એને માંગવું ન પડે. બધી તૈયારી (હોય). એને કાંઈ વિચાર કરવો ન પડે. ઇ તો એના મહત્વના કાર્યમાં જ એના Brain powerનો ઉપયોગ કરે. આવી નાની-નાની ક્ષુલ્લક બાબતોમાં ન કરે. બધું Uptodate રાખે ! કેવું ? કે, એની ધારણા બહારનું Uptodate હોય ! સાધારણ પ્રાણીને પણ આટલા પુણ્ય હોય છે (તો) તીર્થંકર ત્રણલોકના નાથ થઈને એમ માગે કે, મારા માટે ફલાણું લાવો ! ત્યાં એ યાચનાવૃત્તિ પ્રદર્શિત થઈ ગઈ છે !

મુમુક્ષુ :– શરીર સાથેની મમતા સિદ્ધ થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :– મમતા પણ સિદ્ધ થઈ ગઈ, શરીરનું મમત્વ પણ સિદ્ધ થયું. બીજું, મુનિઓ યાચના ન કરે. મુનિરાજ છે એ યાચના ન કરે. આ તો મુનિઓના ઇન્દ્ર મુનિન્દ્ર છે ! જિનેન્દ્ર છે એ તો મુનિઓના ઇન્દ્ર સમાન મુનિન્દ્ર છે. એ યાચના કરે (એ) કેવી રીતે બને ?

મુમુક્ષુ :– યાચના તો ન હોય પણ ઉદ્દેશિક આહાર ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :– ઉદ્દેશિક આહાર ન લ્યે. આ તો પોતે જ પોતા માટે મગાવે છે !! એના માટે કોઈએ બનાવ્યું હોય તો મુનિઓ ન લે. ભગવાનને તો આહાર હોવાનો સવાલ જ નથી. (એ લોકો) કહે છે કે, નહિ, આહાર હોય છે. ભગવાનને તો પરમઔદારિક શરીરમાં આહાર હોવાનો સવાલ નથી. કેમકે જે ઇન્દ્રો છે એમને પણ આહાર નથી હોતો. એમને પણ આહારનો વિકલ્પ થાય (ત્યારે) અંદરથી (અમૃત ઝરે). એ પણ કોઈને દસ હજારે વર્ષે તો કોઈને લાખ વર્ષે અંદરથી અમૃત ઝરે (અને) તૃપ્તિ થઈ જાય. એ જેને નમસ્કાર કરે એને ભૂખ લાગે, એને તરસ લાગે, એને દવાની જરૂર પડે, એ બધું મગાવે ને ખાય અને પીવે !! કોઈ વાત બંધબેસતી આવતી નથી. તત્ત્વવિરુદ્ધતા થઈ ગઈ. દેવ તત્ત્વ છે, (એ) મોક્ષ તત્ત્વ છે. નવ તત્ત્વમાં એ મોક્ષ તત્ત્વ છે. અંતર્-બાહ્ય પરિસ્થિતિ મોક્ષદશામાં કેવી હોય એની સુસંગતતા સમજવી જોઈએ.

(અહીંયાં કહે છે કે) **'તો જિનેન્દ્રદેવના ચૈતન્યના મહિમાની તો શી વાત કરવી !'** એવી એમના શરીરની પણ સ્તુતિ કરે છે, એમના જે અષ્ટ પ્રાતિહાર્ય અને ચોત્રીસ અતિશય હોય છે એની પણ સ્તુતિ કરવામાં આવે છે. પણ એ બધાં ગુણગાનની પાછળ એમને

જે ગુણ પ્રગટ થયા છે, એમને જે પૂર્ણ પવિત્રતા પ્રગટ થઈ છે એ જગતની અંદર કોઈ અદ્દ્ભુત કાર્ય થયું છે એની મહિમા છે !! અને એ મહિમા સમાતો નથી એટલે પછી બહાર નીકળે છે કે, એની આજુબાજુની ચીજો છે એનો પણ મહિમા કરવામાં આવે છે. ખરેખર તો ઓલો (–ચૈતન્યનો) મહિમા સમાતો નથી. મહિમા કરનારને એમણે જે ગુણ પ્રગટ કર્યા છે – અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત પવિત્રતા, અનંત વીતરાગતા, એ એટલી બધી છે કે જેને એ જ્ઞાનમાં ભાસે છે એને અત્યંત મહિમા આવે છે. આમાં દેવમહિમાના પણ ઘણાં બોલ છે. મુનિદશાની મહિમાના પણ ઘણાં બોલ છે, દેવના મહિમાના પણ ઘણાં બોલ છે, શ્રુત અને શાસ્ત્રની મહિમાના પણ ઘણાં બોલ છે અને સમ્યક્દૃષ્ટિની–જ્ઞાનીની દશાના પણ ઘણાં બોલ (છે). એમાં સમ્યક્દૃષ્ટિની મહિમા પણ ઘણી કરી છે.

પ્રશ્ન :– જિનેન્દ્રદેવના ચૈતન્યના મહિમામાં શું કહેવું છે ?

સમાધાન :– ચૈતન્યનું પરિણમન, ચૈતન્ય દ્રવ્ય, દ્રવ્યના અનંત ગુણ ! એ ગુણની જે શુદ્ધિ થઈ એની મહિમાની શું વાત કરવી ! એ તો વચનાતીત વિષય છે !! જેમ આત્મા વચનાતીત વિષય છે તો આત્મા પ્રગટ થયો એ પણ વચનાતીત વિષય છે ! એ કોઈ વચનમાં આવી શકે એવી ચીજ નથી. એક-એક ગુણ છે એ બેહદપણે પ્રકાશમાન થયો છે. એક-એક ગુણ ! જ્ઞાન તો કહે બેહદ ! શાંતિ-સુખ તો બેહદ ! આનંદ તો બેહદ ! જગતના જીવને કલ્પના કરવી મુશ્કેલ પડે કે, પરમાનંદની દશા કેવી હોય !

આત્મામાં અંદર પરમાનંદ ભર્યો છે એનું જેને સમ્યગ્દર્શનમાં દર્શન થાય એ સમજી શકે છે કે, જિનેન્દ્રદેવનો પરમાનંદ કેવો હોય ! અને એક જિનેન્દ્ર ભગવાન એને વેદી શકે છે, અનુભવી શકે છે કે, પરમાનંદ કેવો !! બાકીના જીવોને એ પરમાનંદની કલ્પના–અનુમાન થવું પણ મુશ્કેલ છે. અનુમાનનો વિષય નથી થઈ શકતો. અનુમાન એનું આવી શકતું નથી એવો અનુમાનની બહારનો વિષય છે.

મુમુક્ષુ :– છતાં ઇ વસ્તુ આપણી પાસે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર અંદરમાં હયાત છે. એક પડખું ફેરવીને–સન્મુખ થઈને જોવે એટલી વાર છે ! વસ્તુ બનાવવી નથી. હયાત છે, સદાય હયાત રહેશે – આ મોટી વાત છે. અનંતકાળથી હયાત છે, અત્યારે પણ છે અને સદાય એમને એમ રહેશે. એને જગતમાં કોઈ અન્ય પરમાણુની, અન્ય કોઈની પરવાહ કરવાની જરૂર નથી. પોતાના આનંદથી ભરપૂર છે ! એટલે તો સમ્યક્દૃષ્ટિ અનુભવ થતાં કોઈવાર મસ્તીમાં આવે ત્યારે એવું બોલી જ

જાય છે.

'શ્રીમદ્દે' કહ્યું ને ? કે, હે ઈશ્વર ! જેને મોક્ષ પણ જોતો નથી... મારે હવે ક્યાં મોક્ષની ઇચ્છા છે ! મારાં હાથમાં તો આખું તત્ત્વ આવી ગયું. જેને મોક્ષ પણ જોતો નથી એને હવે તું બીજું શું આપવાનો હતો ? ભગવાન તો મોક્ષમાં ગયા, તો હે ભગવાન ! બહુ-બહુ તો તમે બીજાને મોક્ષ પમાડો, પણ હવે અહીંયાં ઇ પણ જોઈતો નથી ! મોક્ષ તો એક સમયની પર્યાય છે, એથી અનંતગુણ દ્રવ્ય–મુક્ત દ્રવ્ય, અરે...! બંધ-મુક્તથી રહિત એવું દ્રવ્ય હાથમાં આવી ગયું. દૃષ્ટિએ એનો કબજો કર્યો. હવે તું ભગવાન મોક્ષ આપીને શું કરવાનો હતો ? અહીંયાં (તો) હવે એ પણ જોઈતું નથી. હવે તો કાંઈ લેવું અને કાંઈ દેવું એ કડાકૂટ–લેવા-દેવાની કડાકૂટમાંથી અમે છૂટા થઈ ગયા છીએ. ઠીક ! આ બધી મસ્તીની વાતો છે કે, અમારે હવે કાંઈ લેવા-દેવાની કડાકૂટ નથી. પણ હજી તો તમને ચોથું ગુણસ્થાન છે ને ? હજી તો ચોથું ગુણસ્થાન – જઘન્ય ગુણસ્થાન છે, અવિરતીનું છે. આ અજ્ઞાનીઓ એને અસંયમી કહે છે ! અસંયમી ન કહેવાય પણ અવિરતી છે. બહારમાં ત્યાગ નથી, બહારમાં વિરત નથી. અસંયમ ન કહેવાય, કેમકે પરમાર્થ સંયમ પ્રગટ થઈ ગયો છે. એ લોકો એને 'અસંજમ' કહે છે. મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, યાવત્ જીવ બ્રહ્મચર્ય પાળે તો અસંયમી છે. **'अंसजणं न वंदेहि।'** 'કુંદકુંદાચાર્યે' 'અષ્ટ પાહુડ'માં વાત કરી – અસંયમીને વંદન કરવા નહિ. એ દ્રવ્યલિંગીની વાત લીધી છે. આ લોકોએ ઠપકાર્યું ચોથા ગુણસ્થાનવાળાને ! પંડિતોને શાસ્ત્ર વાંચતા આવડે નહિ. ('શ્રીમદ્જી') એમ કહે છે કે, મોક્ષ પણ જોઈતો નથી !

મુમુક્ષુ :– પંડિતાઈ અને 'સોનગઢ'માં આટલો ફેર પડી જાય છે. અસંયમીનું ક્યાંયને ક્યાંય લગાડી દે.

પૂજ્ય ભાઈશ્રી :– ફેર છે... ફેર છે. નહિતર તો જ્ઞાનીની વિશિષ્ટતા શું રહે છે ? જ્યાં જ્ઞાની હોય છે એ આખો જુદો જ વિષય છે !

મુમુક્ષુ :– લાખો પંડિતો અને આ બાજુ એક જ જ્ઞાની.

પૂજ્ય ભાઈશ્રી :– અનંત અજ્ઞાનીઓ હોય નહિ ! ગમે એટલા પંડિતો હોય, એક જ્ઞાની અને એની તુલના ન થાય, એની સરખામણીનો વિષય નથી. ક્યાં સાચો હીરો અને ક્યાં લોઢાના કટકા ! એની સાથે એને તોળાય કેવી રીતે ? એ ૧૫મો બોલ (પૂરો) થયો. અહીં સુધી રાખીએ.

## પ્રવચન નં. ૧૭, વચનામૃત–૧૬,૧૭
### તા. ૦૩-૧૨-૧૯૮૬

**જ્ઞાન–વૈરાગ્યરૂપી પાણી અંદર સિંચવાથી અમૃત મળશે, તારા સુખનો ફુવારો છૂટશે; રાગ સિંચવાથી દુઃખ મળશે. માટે જ્ઞાન–વૈરાગ્યરૂપી જળનું સિંચન કરી મુક્તિસુખરૂપી અમૃત મેળવ. ૧૬.**

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું છઠ્ઠું. ૧૬મો બોલ છે. જ્ઞાન અને વૈરાગ્યનો વિષય છે. **'જ્ઞાન-વૈરાગ્યરૂપી પાણી અંદર સિંચવાથી અમૃત મળશે, તારા સુખનો ફુવારો છૂટશે; રાગ સિંચવાથી દુઃખ મળશે.'** શું કહે છે ? પરિણમનની પ્રવૃત્તિના આ બે મુખ્ય પાસા છે–અસ્તિથી અને નાસ્તિથી.

જ્ઞાનમાં પોતાના જ જ્ઞાનનો જ્ઞાનાભ્યાસ એ જ્ઞાનરસનું સિંચન છે. સિંચન એટલે પોષવું, પોષણ આપવું. જેમ વનસ્પતિને પાણી પાવાથી એને પોષણ મળે છે, લીલી વનસ્પતિ, હરિયાળી રહે છે. એમ પરિણમનમાં જ્ઞાનનું વ્યાપ્ય-વ્યાપકપણું, જ્ઞાનનું વ્યક્તપણું, જ્ઞાનનું વેદનપણું અને જ્ઞાનનું મુખ્યપણું એ બધાં જ્ઞાનનાં પાસા છે કે જેના દ્વારા જ્ઞાનાભ્યાસ કરવા યોગ્ય છે. સાથે જે ઉદય છે એ ઉદયથી નીરસપણું છે એ વૈરાગ્ય છે. રૂઢિ અર્થમાં બહારમાં

ત્યાગને વૈરાગ્ય ગણે છે. રૂઢિ અર્થ એવો છે કે બહારનો ત્યાગ કરે તો એ વૈરાગ્ય ગણવામાં આવે છે. વસ્તુતાએ અને એમાં પણ ખાસ કરીને મુમુક્ષુની ભૂમિકામાં તો ઉદય પ્રત્યે નીરસપણું છે એ જ વૈરાગ્ય છે.

'શ્રીમદ્જી' એવી ભાષા લે છે–વૈરાગ્ય અને ઉપશમ. મુમુક્ષુના પરિણામમાં વૈરાગ્ય અને ઉપશમ હોવા ઘટે છે. એની વિરુદ્ધમાં લે છે–આરંભ અને પરિગ્રહ. ઉદયના કાર્યો કરવાનો તીવ્ર રસ, ઉદયના કાર્યો કરવાનો તીવ્ર રસ ! અને ઉદયમાન સંયોગ પ્રત્યે વૃદ્ધિ કરવી, સંયોગને જાળવવા, સંયોગનું હોવાપણું, આ સંયોગ મને હો, રહો ! એ આરંભ અને પરિગ્રહ છે એ વૈરાગ્ય અને ઉપશમના કાળ છે, એમ કહે છે. એવી ભાષા લીધી છે. મુમુક્ષુના પરિણામમાં જે નીરસપણું હોય, ઉદયમાન સંયોગોનું, ઉદયમાન પ્રવૃત્તિમાં જે નીરસપણું હોય એને વૈરાગ્ય-ઉપશમ કહ્યો છે. અને એથી ઊલટું ઉદયમાં રસ છે, તીવ્ર રસ છે એ એને નાશ કરનારા પરિણામ છે. એટલે એને વૈરાગ્ય અને ઉપશમના કાળ કહ્યાં છે.

અહીંયાં એમ કહે છે કે, તારા ચાલતા નિરંતરના પરિણમનમાં જો તારે આનંદ-અમૃત પ્રાપ્ત કરવું હોય, આત્માના આનંદ-અમૃતની પ્રાપ્તિ કરવી હોય, અંદરમાં રહેલા આનંદ પ્રાપ્તિ કરવી હોય; એ અમૃત છે, તો શરૂથી જ તારા પરિણમનમાં જ્ઞાન અને વૈરાગ્યનું પાણી પા ! તારા પરિણમનને જ્ઞાન અને વૈરાગ્યનું પાણી સિંચ. સિંચ એટલે વારંવાર પાવું. સિંચન કોને કહે છે ? કે, જે પાણી પાયુ છે એ સુકાય એ પહેલાં બીજું પાણી રેડે, એ સુકાય એ પહેલાં ફરીને પાણી રેડે, એ સુકાય એ પહેલાં ફરીને પાણી રેડે... એટલે સતત પોષણ મળ્યા કરે. એમ આત્મારૂપી આ વૃક્ષ છે, વેલ છે એના ફળ જે લેવા છે–આનંદ-અમૃતના ફળ લેવા છે એના માટે જ્ઞાન અને વૈરાગ્યના પાણીનું સિંચન કર.

ક્યારેય એવો દિવસ ન આવે કે જે દિવસે તને જ્ઞાન અને વૈરાગ્યના પરિણામ ન હોય, એમ કહેવું છે. નહિતર એ સુકાય જશે. આજે કાંઈક વૈરાગ્ય અને નીરસપણું થોડું આવ્યું વળી કેટલાક દિવસ સુધી કાંઈ નહિ, વળી પાછું સાંભર્યું, યાદ આવ્યું, સ્મૃતિમાં આવ્યું, વળી થોડા વૈરાગ્યના પરિણામ થયા–એ પ્રકાર નહિ. જ્ઞાન અને વૈરાગ્ય એ તો જીવન થઈ જવું જોઈએ, પરિણમન થઈ જવું જોઈએ. એનું સિંચન છે એ આનંદ-અમૃતને ઉપજાવનારું છે. એમ કહેવું છે.

પ્રશ્ન :– ઉદયમાં નીરસપણું એટલે વૈરાગ્ય અને જ્ઞાનમાં શું લેવું ?

સમાધાન :– જ્ઞાન એટલે એ જ્ઞાનનો અભ્યાસ છે. અહીંયાં સિંચવું છે ને ? (એટલે)

જ્ઞાનમાં જ્ઞાનાભ્યાસ છે. પોતાના જ્ઞાનતત્ત્વનો અંતર અભ્યાસ કરવો, અંતર વલણ કરવું. એટલે એ પહેલી વાત લીધી કે, જ્ઞાનની વ્યાપ્ય-વ્યાપકતાથી, જ્ઞાનની વેદકતાથી, જ્ઞાનની પ્રધાનતાથી અને જ્ઞાનની પ્રગટતાથી જ્ઞાનમાં સ્વપણાનો અભ્યાસ કરવો તે જ્ઞાનનો જ્ઞાનાભ્યાસ છે.

'પરમાગમસાર'માં એક બોલ છે કે, સ્વપણે વેદાતું જ્ઞાન, સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે. પંડિત તર્ક કરે કે, આ તો પર્યાય છે, આપ એને કેમ આત્મા કહો છો ? દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિષય સમજાણો હોય તો જ્ઞાનની પર્યાયને આત્મા કેમ કહ્યો ? (એમ તર્ક કરે). સ્વપણે અનુભવાતું જ્ઞાન એટલે એ તો જ્ઞાનની પર્યાય થઈ. એને આપ આત્મા કેમ કહો છો ? (તો કહે છે કે), એ જ આત્મા છે. સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે. તને શંકા રહે છે કે, ત્રિકાળીનું શું ? એને પ્રશ્નમાં એ છે કે, જો આ પર્યાય છે તો ત્રિકાળીનું શું ? (તો કહે છે કે) ત્રિકાળી લક્ષમાં છે. ત્રિકાળી લક્ષમાં છે એને જ્ઞાન સ્વપણે અનુભવાય છે. જેને ત્રિકાળીનું વજન નથી, ત્રિકાળી ઉપર જોર નથી એને તો જ્ઞાન સ્વપણે અનુભવવાનો પ્રશ્ન પણ નથી. એ થઈ શકતું નથી, એ બની શકતું નથી. પણ એ વિષય એમ રાખીને–Reserve રાખીને એટલે એ બરાબર એના સ્થાનમાં રાખીને પ્રવૃત્તિથી સમજાવે છે. અનુભવ પ્રવૃત્તિ છે અને પ્રવૃત્તિથી સમજાવે છે કે, તારા જ્ઞાનની પ્રવૃત્તિમાં તારા જ જ્ઞાનમાં તારું સ્વપણું છે કે નહિ આ તો જો ! જો એમાં સ્વપણું આવે છે તો એ જ્ઞાનની કળા (છે) એ મોક્ષની કળા છે, એ સ્વાનુભવની કળા છે, એ સંસારથી છૂટવાની કળા છે. એ વાત ચાલી છે ૭૩૩ નંબરનો બોલ છે, 'અનુભવ પ્રકાશ'ના પ્રવચનોમાંથી.

અહીંયાં પણ વિષય બહુ મધુર છે !! અંદરથી **'તારા સુખનો ફુવારો છૂટશે;...'** એમ કહે છે. ફુવારો એ કોઈ પાણી ટપકે એવી ચીજ નથી. એ તો અંદરથી જોરથી આવવાની ચીજ છે. એમ અંદરથી જ્ઞાન અને વૈરાગ્યનું, શાંતરસનું સિંચન કર્યું હશે તો અંદરથી તારા સુખનો ફુવારો છૂટશે. અંદરથી પાતાળ ફાટીને નીકળે એમ અંદરથી સુખ ફાટીને બહાર આવશે.

પ્રશ્ન :– વ્યાપ્ય-વ્યાપકપણું એટલે શું ?

સમાધાન :– એ તો જ્ઞાનનું વ્યાપ્ય-વ્યાપકપણું છે. એમાં શું છે કે, જ્ઞાન ક્યાં વ્યાપે છે ? વૈરાગ્ય આવવાનું કારણ એ છે કે, જે પરપદાર્થમાં જીવને રસ છે ત્યાં તો જ્ઞાન વ્યાપતું નથી. આ તો જ્ઞાન અને વૈરાગ્યનો અભ્યાસ સાથે-સાથે જ રહે છે. યથાર્થમાં તો જેને જ્ઞાનાભ્યાસ છે એને વૈરાગ્યનો અભ્યાસ છે. જેને વૈરાગ્યનો અભ્યાસ છે એને જ્ઞાનનો અભ્યાસ

છે. સાચું આમ હોય છે. એકલો વૈરાગ્ય હોય છે અને જ્ઞાન નથી હોતું એ શું કરે છે ? કે, (એ) કોઈને કોઈ પદાર્થ છોડીને બેસી જાય છે (કે) મારે આનો ત્યાગ ! આ પ્રવૃત્તિ મારે નથી કરવી. આ મારે ન જોઈએ, આ ચીજ મારે ન જોઈએ. પણ તારા જ્ઞાનસ્વરૂપના વ્યાપ્ય-વ્યાપકપણાની અપેક્ષા લઈને જ્યારે હું પરપદાર્થમાં જ્યાં વ્યાપતો જ નથી ત્યાં પછી એનો રસ શું કામનો ? મારી પહોંચ નથી એનો રસ શું કામનો ? જ્યાં હું ગેરહાજર છું એનો રસ શું કામનો ? જ્યાં મારી ઉપસ્થિતિ–હયાતી નથી ત્યાં મારો રસ શું કામનો ? અથવા ખાલી છે–મારાથી એ ચીજ શૂન્ય છે–ખાલી છે. એ રીતે જે નીરસપણું આવે છે, સ્વની અથવા જ્ઞાનની વેદકતા અને વ્યાપકતાની અપેક્ષાથી જે નીરસપણું આવે છે એમાંથી આત્માનું નિરાકુળ સુખ ઉત્પન્ન થાય છે. જે સુખથી આત્માને પરિતૃપ્તિ થાય છે, એવું સુખ ઉત્પન્ન થાય છે. આ સ્વભાવથી ઉત્પન્ન થયેલું સુખ છે – ગુણથી ઉત્પન્ન થયેલું સુખ છે.

પ્રશ્ન :– વૈરાગ્યમાં શું લેવું છે ?

સમાધાન :– વૈરાગ્યનો અહીંયાં શું અર્થ લેવો છે, અહીં તો સીધો અર્થ લેવો છે કે, તને જો રસ છે તો તને અવૈરાગ્ય છે – વૈરાગ્ય નથી. આમ તો રાગનું વ્યતીત થવું (તેને વૈરાગ્ય કહે છે). પણ ચારિત્રમોહનો રાગ તો ઘણો લાંબો રહે છે ને ? એટલે અહીંયાં રાગરસનું વ્યતીત થવું. મૂળમાં તો જો રસ કપાય તો રાગ મટે છે. રસ ન કપાય તો રાગ કપાતો નથી.

**‘રાગ સિંચવાથી દુઃખ મળશે.’** જુઓ ! અનાદિથી જીવે શું કર્યું છે ? કે, રાગનું સિંચન કર્યું છે. જગતના જેટલા કોઈ પ્રસંગો છે એ પ્રસંગો દ્વારા, ઉદયમાન પ્રસંગો દ્વારા જીવે એકલા રાગનું જ સિંચન કર્યું છે. ધર્મના ક્ષેત્રમાં ગયો તો પ્રશસ્ત રાગ દ્વારા રાગનું સિંચન કર્યું છે અને જગતના ઉદયમાં–પોતાના ઉદયમાં અપ્રશસ્ત–અશુભ રાગનું સિંચન કર્યું છે, પણ એણે રાગનું જ સિંચન કર્યું છે અને તેથી કરીને રાગરસ ઘણો કેળવાઈ ગયો છે. એનું ફળ શું ? એકાંતે દુઃખ એ એનું ફળ છે. એમાંથી ક્યારેય કોઈને સુખ આવે એ અસંભવિત અને અશક્ય છે. કેમકે સ્વયં પોતે જ દુઃખરૂપ છે. જે પોતાની જાતે દુઃખરૂપ છે એમાંથી સુખ આવવાનો શું પ્રશ્ન છે ? રાગ તો પોતે જ દુઃખરૂપ છે અથવા ‘કુંદકુંદાચાર્ય’ ભગવાને તો એને ઝેર કહ્યો છે ! પ્રશસ્ત રાગ હોય તોપણ એને વિષકુંભ કહ્યો છે. તો જે ઝેર છે એમાંથી અમૃતનો સ્વાદ શું આવવાનો છે ? આત્મા આનંદ-અમૃતસ્વરૂપ છે. એનો વિરાધકભાવ–એનો વિરોધકભાવ એ તો ઝેરરૂપ છે. આ અમૃત છે તો આ ઝેર છે. પ્રતિપક્ષમાં

સામેસામું છે.

અજ્ઞાનતાથી એ જીવ સમજતો નથી અને પ્રશસ્ત રાગને ઇષ્ટ માને છે (અને) અપ્રશસ્ત રાગને અનિષ્ટ માને છે. એકને ધર્મ માને છે, એકને અધર્મ માને છે. એ એકલું અજ્ઞાન સિવાય બીજું કાંઈ નથી. જેને આત્મસ્વરૂપનું જ્ઞાન છે એ તો આત્માના આનંદ-અમૃતને અને આત્માની પવિત્રતાને સમજે છે અને એની આગળ એ રાગનો કણ હોય તોપણ એ ઝેરનો કણ છે એમ જ સમજે છે. આમ બન્નેની જાતિ સામેસામી છે.

પ્રશ્ન :– આત્મા અમૃતનો કુંભ છે તો આ રાગ ક્યાંથી નીકળે છે ?

સમાધાન :– ભૂલ્યો ત્યાંથી – એ અમૃતના કુંભને ભૂલ્યો ત્યાંથી રાગ થયો. છે (એનું ભાન છે એને) તો ક્યાં રાગ છે ? (ભાન) છે એને રાગ નથી. આત્મા અમૃતનો કુંભ છે એમ જેને છે (અર્થાત્) શ્રદ્ધા અને જ્ઞાનમાં એવું અસ્તિત્વ જેને છે એને રાગ નથી અથવા એના અલ્પ રાગને નહિવત્ ગણવામાં આવે છે કે એને રાગ નથી એમ ગણવામાં આવે છે. અને એ એમ અનુભવ કરે છે કે, મારામાં ક્યાં રાગ છે ? આ અનાદિની જે પરંપરા ચાલી છે (એનું) મૂળ હવે કપાઈ ગયું છે (એટલે) આ રાગ સુકાઈ જવાનો છે. પછી એ રાગ છે એ પરના પડખે જાય છે. એને સ્વસ્વરૂપે નથી વેદતો, એને પર જાણીને નિષેધે છે.

સમ્યક્ પ્રકારે જેને રાગનો નિષેધ છે એને રાગ છે એમ કહેવાતું નથી. એને રાગ છે એમ કહેવું તે અન્યાય છે. કેમકે એ તો એને માનતા નથી, નિષેધે છે. એનો તો એને નિષેધ ચાલુ છે. એટલે એને રાગ છે એમ કહેવાતું નથી.

**'રાગ સિંચવાથી દુઃખ મળશે.'** એકાંતે ! **'માટે જ્ઞાન-વૈરાગ્યરૂપી જળનું સિંચન કરી મુક્તિસુખરૂપી અમૃત મેળવ.'** માટે જીવનમાં પરિણમનની અંદર જ્ઞાન-વૈરાગ્યરૂપી જળનું સિંચન કરીને; જેમ પાણીથી જમીન ભીનીને ભીની રહેવી જોઈએ, એમ તારા પરિણમનની ભૂમિકામાં જ્ઞાન અને વૈરાગ્યથી પરિણમન ભીંજાયેલું જ રહેવું જોઈએ. ન તો જ્ઞાનની શુષ્કતા આવવી જોઈએ, ન તો રાગરસની તીવ્રતાથી વૈરાગ્ય ઊડી જવો જોઈએ. એ રીતે **'મુક્તિસુખરૂપી અમૃત મેળવ.'** જ્ઞાન-વૈરાગ્ય દ્વારા મુક્તિસુખરૂપી અમૃત મેળવ. એ મુક્તિસુખનું અમૃત છે ! **એક-એક બોલમાં એકલું અધ્યાત્મનું અમૃત જ છે એમ કહીએ તો ચાલે !** બીજો આડોઅવળો વિષય નથી.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી'એ પ્રશંસા કરી છે એ જરાય ખોટી નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એ સમજી શકાય એવો વિષય છે કે, શા માટે 'ગુરુદેવ'ને બહુ ભાવ આવતો હતો. કેમકે આચાર્યોના જે 'સમયસાર' આદિ મહાન પરમાગમ છે એ સાધારણ માણસો તો સમજી નથી શકતા, અંદર તો ઘણું ભર્યું છે. અને એ તો જેની જેટલી શક્તિ હોય એટલું કાઢે. કેમકે એ તો મહાન પરમાગમ છે અને એ દરિયો છે. જેટલી શક્તિ હોય એટલો ઊંડો એનો તાગ લેવા જાય. પણ અહીં તો છીછરા પાણીમાં પણ મોતી મળે એવું છે. પેલું દરિયામાં મોતી લેવા જાય (તો) તાકાત જોઈએ. (આ તો) છીછરા પાણીમાં મોતી મળે એવું છે. એવો વિષય (છે). **સીધી-સાદી સરળ ભાષા અને એકલો આત્માના કસનો જ વિષય લીધો છે.**

(એ રીતે) આ ૧૬મા બોલની અંદર જ્ઞાન અને વૈરાગ્યની પ્રેરણા છે. આમ લોકો એમ સમજે કે જ્ઞાન એટલે શાસ્ત્ર વાંચ્યા કરવા, પ્રવચન સાંભળ્યા કરવા એનું નામ જ્ઞાનનો અભ્યાસ (છે). એવો જ્ઞાનનો અભ્યાસ નથી. જ્ઞાનાભ્યાસ એટલે જ્ઞાનતત્ત્વ – પોતાનું જે સ્વજ્ઞાનતત્ત્વ છે એનો અંતર અભ્યાસ (થાય) એ જ્ઞાનનો અભ્યાસ છે, એ જ્ઞાનનું સિંચન છે.

પ્રશ્ન :– અંતર અભ્યાસ એટલે શું ?

સમાધાન :– અભ્યાસ એટલે વારંવાર થવું. વારંવાર પરિણમવું એ જ્ઞાનનો અભ્યાસ છે.

પ્રશ્ન :– એ બધું અંદર જ ચાલે ને ?

સમાધાન :– હા, એમ જ હોય ને ! જે બાહ્યદૃષ્ટિથી સમજે છે એને તો શાસ્ત્રવાંચન આદિની ક્રિયાને જ્ઞાન સમજે અને બહારના ત્યાગની ક્રિયાને વૈરાગ્ય સમજે. આ જ્ઞાન થયું અને આ વૈરાગ્ય થયો, આપણે બન્ને કર્યું. એનું ફળ આનંદ-અમૃત નથી, એનું ફળ સુખ નથી.

આ તો અંદરથી જેના ફળમાં સુખનો ફુવારો છૂટે એની વાત ચાલે છે. એ વાત તો એવી છે કે પોતાના સ્વજ્ઞાનતત્ત્વનો અંતર અભ્યાસ છે. પૂર્વકર્મનો ઉદય હોવા છતાં એ પ્રત્યે નીરસતા છે, ઉદાસીનતા છે એ એનો વૈરાગ્ય છે. એનું ફળ અમૃત છે. એ ૧૬મો બોલ (પૂરો) થયો.

**જેમ વૃક્ષનું મૂળ પકડવાથી બધું હાથ આવે છે, તેમ જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે. શુભ પરિણામ કરવાથી કાંઈ હાથ નહિ આવે. જો મૂળ સ્વભાવને પકડ્યો હશે તો ગમે તે પ્રસંગો આવે તે સમયે શાન્તિ-સમાધાન રહેશે, જ્ઞાતા-દૃષ્ટાપણે રહી શકાશે. ૧૭.**

૧૭. **'જેમ વૃક્ષનું મૂળ પકડવાથી બધું હાથ આવે છે, તેમ જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે.'** રીત બતાવે છે–વિધિ બતાવે છે કે, કઈ રીતે કાર્ય કરવું ? સ્વકાર્ય કઈ રીતે કરવું ? કહે છે કે, (જેમ) વૃક્ષનું મૂળ પકડવાથી આખું વૃક્ષ હાથમાં આવે છે. આ લ્યે છે ને ? કોઈ વૃક્ષ વાવવું હોય – નાળિયેરીનું વૃક્ષ વાવવું હોય, આંબાનું વૃક્ષ વાવવું હોય તો એનો રોપો લઈ આવે છે. નાના છોડ (લઈ આવે). (એમાં) એ કાળજી રાખવામાં આવે છે કે, આનું મૂળ બરાબર હોવું જોઈએ. મૂળ સાજું હોવું જોઈએ, મૂળ હાથમાં હોય તો વાંધો નહિ આવે. ઉપર પાંદડાં ઓછા-વત્તા હશે એની સાથે બહુ સંબંધ નથી કે, છોડને પાંદડાં કેટલાં છે ? ઝાઝા પાંદડાંવાળો છોડ લેવો કે ઓછા પાંદડાંવાળો છોડ લેવો ? એ નહિ જોવાય. એનું મૂળ હાથમાં રાખવાની વાત છે. મૂળ તૂટેલું નહિ (હોવું જોઈએ). કેમકે એ છોડ પણ પહેલાં જમીનમાં ક્યાંક વાવેલો હોય છે. ત્યાંથી કાઢે (ત્યારે) એનું મૂળ તૂટી ગયું હોય તો થોડા કાળ માટે લીલું દેખાય એ વાવે તો પાછું સુકાઈ જાય. કેમકે એનું મૂળ ગયું છે. મૂળ જેનું બરાબર છે એને આખેઆખું વૃક્ષ વધીને હાથમાં આવે છે, એના બધાં ફળ એને મળે છે. કેમકે મૂળ પહેલેથી હાથમાં આવી ગયું હતું.

**'જેમ વૃક્ષનું મૂળ પકડવાથી બધું હાથ આવે છે,...'** બધું એટલે આખું વૃક્ષ હાથમાં આવે છે. **'તેમ જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે.'** એક જ્ઞાયકભાવ અંતરમાં છે – મૂળ સ્વરૂપ છે, જેમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત સામર્થ્ય–અનંત પુરુષાર્થ એ બધું ભરેલું છે, જે ગુણનિધિ છે 'એ હું છું' એમ જ્યાં પકડ્યું – શ્રદ્ધા-જ્ઞાનમાં એનું સ્વપણે ગ્રહણ કર્યું એને જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ બધું એના હાથમાં આવશે. એનાં બધાં

ફળ એનાં હાથમાં આવશે. અનંતે ગુણની પર્યાય પરિપૂર્ણ વિકાસરૂપે પાંગરીને એના હાથમાં આવશે. હાથમાં આવશે એટલે એના વેદનમાં આવશે–એના અનુભવમાં આવશે. (એમ) જ્ઞાયકને પકડવાથી બધું હાથ આવશે.

**'શુભ પરિણામ કરવાથી કાંઈ હાથ નહિ આવે.'** તું અનંતકાળથી શુભપરિણામ કરતો આવ્યો છે (એનાથી) જો મુક્તિ થવાની હોત તો તો ક્યારની થઈ ગઈ હોત. આગળ એક બોલમાં આવશે કે, જો શુભથી મુક્તિ થવાની હોય તો શુભ તો તું અનંત વાર કરી ચૂક્યો છે. અનંતવાર અનંતુ શુભ કરી ચૂક્યો છે (પણ) મુક્તિ થઈ નહિ. એનો અર્થ છે કે તને એનાથી કાંઈ હાથમાં નહિ આવે. **'શુભ પરિણામ કરવાથી કાંઈ હાથ નહિ આવે.'** શુભ પરિણામ પોતે જ પરાશ્રિત પરિણામ છે. એ પોતાના આત્માના નિજસ્વરૂપને છોડીને ઉત્પન્ન થયેલાં પરિણામ છે, એમાં નિજસ્વરૂપનું ગ્રહણ નથી. શુભ પરિણામમાં સ્વઆશ્રય નથી અને નિજસ્વરૂપનું ગ્રહણ નથી. એમાં શું હાથમાં આવે ? એમાં આત્માનું કાંઈ હાથમાં નહિ આવે. પરપદાર્થ તો ભિન્ન હોવાથી અમસ્તો પણ હાથમાં આવતો નથી. એટલે ન તો સ્વપદાર્થ હાથમાં આવે છે (કે) ન તો પરપદાર્થ હાથમાં આવે છે. એટલે (એમ કહે છે કે) **'શુભ પરિણામ કરવાથી કાંઈ હાથ નહિ આવે.'** અથવા શુભ પરિણામ કરવાથી તને સુખ નહિ મળે. શુભ પરિણામ કરવાથી પુણ્ય થશે અને પુણ્યના ફળમાં સુખ થશે ? નહિ, પુણ્યના ફળમાં દુ:ખ થશે. પુણ્ય પરિણામ પણ દુ:ખરૂપ છે અને એનું ફળ ભોગવતાં પણ દુ:ખ જ છે.

**'શુભ પરિણામ કરવાથી કાંઈ હાથ નહિ આવે. જો મૂળ સ્વભાવને પકડ્યો હશે તો ગમે તે પ્રસંગો આવે તે સમયે શાન્તિ–સમાધાન રહેશે, જ્ઞાતા-દૃષ્ટાપણે રહી શકાશે.'** આ એક સીધી પ્રયોગની વાત લીધી છે કે, બહારના જે પ્રસંગો છે એ તો જીવે અજ્ઞાનભાવે કરેલાં કર્મનો ઉદય છે. પૂર્વે અજ્ઞાનભાવે અનેક જાતના પરિણામ કર્યા છે એ બધાં માઠાં પરિણામના ફળ વર્તમાન ઉદયમાં આવે છે. હવે, એના પ્રકાર તો અસંખ્ય છે. ભેદ-પ્રભેદની અપેક્ષાએ વિચારીએ તો એના અસંખ્ય પ્રકાર છે. દરેકને ભિન્ન-ભિન્ન પ્રકારના ઉદય હોય છે. પણ એ ભેદ-પ્રભેદમાં જવાની જરૂર નથી. ગમે તે પ્રસંગ હોય એમ કહે છે. હવે પોતાને પોતાને માટે વિચારવાનું છે કે, આ જીવને ઉદયમાં ગમે તે પ્રસંગ હો પણ જો મૂળ જ્ઞાયકસ્વભાવને પકડ્યો હશે (એટલે કે) 'હું જ્ઞાનમાત્ર છું' એમ જ્ઞાયકસ્વભાવને જો પકડવામાં આવે અથવા ગમે તે ઉદયના પ્રસંગમાં સીધી જ અંતરમાં સ્વભાવની સાવધાની કરવામાં

આવે તો એને શાંતિ ઊપજશે, એ જ વખતે શાંતિ ઊપજશે. એને અસમાધાન નહિ થાય કે આમ કેમ થયું ?

જીવને ઉદયના પ્રસંગમાં ઉદયના પ્રસંગના દુઃખ કરતા એ પ્રસંગ વિષે વર્તતું જે અસમાધાન (છે) એનું દુઃખ ઘણું છે. આ તો પરિણામનો અભ્યાસ કરતા હોય એને સમજાય એવો વિષય છે. ખરેખર જે પ્રસંગ આવ્યો છે એનું એટલું દુઃખ નથી પણ એ પ્રસંગ વિષે વર્તતું જે અસમાધાન (છે) કે, આ ન થવું જોઈતું હતું એ કેમ થયું ? મારો વાંક શું ? મારો ગુનો શું ? મેં અત્યારે કાંઈ એવું કર્યું નથી અને મને આ દુઃખ શેનું ? શું લાગે છે એને ? બરાબર ? એને ક્યાંય સમાધાન ન થાય એનું જીવને દુઃખ છે. તો એને એમ કહે છે કે, ભાઈ ! તને સમાધાન થશે. જ્યાં તું અંતર સાવધાની કરીને જ્ઞાયકસ્વભાવ ઉપર આવ્યો કે, 'હું તો જ્ઞાયકમાત્ર છું.' જે કાંઈ પ્રસંગ બન્યો છે એનાથી મારામાંથી તો કાંઈ ગયું નથી. મારામાં કાંઈ નુકસાન પહોંચ્યું નથી, મને કોઈ ગેરલાભ કે અલાભ થયો નથી. અખંડ જે મારું તત્ત્વ-જ્ઞાયક તત્ત્વ એ તો એમને એમ સાજું છે. મારા અનંત ગુણના નિધાનસ્વરૂપ, મારું ગુણનિધિ સ્વરૂપ, એ સ્વરૂપ તો-જ્ઞાયકસ્વરૂપ તો એમને એમ અખંડ અવ્યાબાધ સ્વરૂપે છે. મારામાં કાંઈ થયું નથી. જ્યાં સ્વરૂપની સમીપ પરિણામ ગયું (ત્યાં) એને સમાધાન આવી જશે અને શાંતિ આવી જશે, ગમે તે પ્રસંગ હોય ! એવી જરૂર નથી કે આવો પ્રસંગ હોય તો તું આ ન્યાય લગાડ અને આ પ્રસંગ હોય તો તું આ ન્યાય લગાડ ને આ પ્રસંગ હોય તો આવી યુક્તિ વાપરજે. યાદ ક્યાંથી રહેશે ? કેટલુંક યાદ રહેશે ? અને એ વખતે યાદ રહેશે કે કેમ ઇ સવાલ છે ? અહીં તો યાદ કરવાની જરૂર નથી.

જે પ્રસંગ છે એને પહેલાં જાણનારું તો જ્ઞાન છે. જ્ઞાનની મુખ્યતામાં અથવા પહેલું જ્ઞાન છે કે જેમાં એ જણાય છે, પછી તને સુખ-દુઃખ થાય છે. હરખ-શોક થાય છે એ તો જાણ્યા પછી થાય છે. કે જાણ્યા વગર થાય છે ? તો એ જ્ઞાનની તો મુખ્યતા અને ઊર્ધ્વતા છે – અગ્રતા છે. પહેલાં જ્ઞાન છે કે જેમાં જણાય છે. તારે એ જ્ઞાયકને સ્મૃતિમાં લાવવો એ વાત નથી રહેતી. તારો જ્ઞાનસ્વભાવ અથવા જ્ઞાયકભાવ (છે) એ તો હાજરાહજૂર છે ! બીજા દેવને તો બોલાવે ત્યારે આવે. આ આવે છે ને ? કોઈને કોઈ દેવ-દેવીની સહાય હોય છે. એવા બધાં પ્રકાર હોય છે, પુણ્યની લબ્ધિના પ્રકાર હોય છે તો કોઈને કોઈ દેવની સહાય હોય. પૂર્વે એ જાતના મિત્રો હોય. કોઈ દેવગતિમાં ગયો હોય, અરસપરસની

એવી લાગણી રહી ગઈ હોય અને અહીંયાં પુણ્યનો ઉદય હોય (એટલે) સંભારે ત્યારે આવીને ઊભો રહે. યાદ કરે એટલે આવીને હાજર થાય, 'બોલ શું કામ છે ?' તો કહે, આ તકલીફ છે. 'જા, મટાડી દીધી ! આ તારી તકલીફ ગઈ.' એને સંભારે અને આવે ત્યારે થાય. અહીંયાં એ નથી. અહીં તો સર્વ કાળે પોતે ઉપસ્થિત છે, હાજર છે. બોલાવવાનો પ્રશ્ન નથી.

પ્રશ્ન :– આ જાતની તકલીફ મટાડે ?

સમાધાન :– હો... કહે છે ને શાંતિ અને સમાધાન (રહેશે). ગમે તે પ્રસંગમાં તને કોઈ તકલીફ નહિ રહે. ગમે તે પ્રસંગ હોય નહિ, શાંતિ અને સમાધાન રહેશે.

પ્રશ્ન :– દેવ મટાડે ખરો ?

સમાધાન :– મટાડે એટલે ? આનો પુણ્યનો ઉદય હોય તો એણે મટાડ્યું એમ કહેવાય. આનો પુણ્યનો ઉદય હોય તો આણે મટાડ્યું–દેવે આવીને મટાડ્યું એમ કહેવાય, આરોપ કરાય. બાકી તો એ જાતનો પુણ્યનો ઉદય છે. બાકી ન તો દેવ એક પરમાણુને અડી શકે છે કે ન તો પોતે એક પરમાણુની પર્યાયને બદલી શકે છે. આ (બધાં પ્રસંગો) નથી આવતા ? સાંકળ તૂટી ગઈ, બંધન તૂટી ગયા, 'સુદર્શન શેઠ'ને શૂળીમાંથી સિંહાસન થયું એ બધો પ્રકાર (પુણ્યનો પ્રકાર છે). પણ એની કાંઈ કિંમત નથી. ન તો પુણ્યના ફળની કિંમત છે, ન તો પાપના ફળની કિંમત છે. કાંઈ કિંમત નથી.

પ્રશ્ન :– કિંમત ભલે ન હોય પણ આવે ખરા કે નહિ ?

સમાધાન :– 'આવે ખરા ?' એમાં કિંમત આવી જાય છે. આવે ખરા કે નહિ ? તો કહે (છે) એમાં કિંમત આવી ગઈ. ભલે કિંમત ન હોય એમ કરીને આવે ખરા કે નહિ ? (તો કહે છે કે) કિંમત આપી દીધી. કિંમત ન હોય એ વાત એમાં ન રહી. એમ છે.

આ અન્યમતિઓમાં પૂછે છે. અન્યમતિઓમાં ચમત્કારનો વિષય બહુ બને. 'નરસિંહ મહેતા'ને આમ થયું, 'મીરા'ને ઝેરનું અમૃત થયું, આમ થયું... તેમ થયું... એવી પ્રસિદ્ધ વાતો બહુ છે ને ? (એટલે એમ પૂછે કે) જૈનમાં એવું થાય કે ન થાય ? જૈનમાં કે અન્ય મતમાં એ બધાં પુણ્યના પ્રકાર ભજે છે. કોઈપણ સંપ્રદાયમાં (બને) એ પુણ્યનો પ્રકાર છે, એમાં કોઈ આત્માની ઋદ્ધિ-સિદ્ધિ (હોય) એવું કાંઈ નથી. આત્માના ગુણની ઋદ્ધિ-સિદ્ધિ એ જુદી ચીજ છે. આ બહારમાં પુદ્ગલના પુણ્યનો પ્રકાર થવો એ બધી જુદી ચીજ છે. આમાં (એક બોલમાં) આવશે, ચમત્કાર એ સાધકપણાનું લક્ષણ નથી. ઘણાં ફેંસલા કર્યા છે. બહારનો ચમત્કાર, પુણ્યનો ચમત્કાર એ સાધકપણાનું લક્ષણ નથી. સાધક હોય તો

એને કોઈ અમુક ચમત્કાર હોય, ફલાણું હોય... ઢીકણું હોય... એવું કાંઈ નથી.

મુમુક્ષુ :– ચોંસઠ ઋદ્ધિધારી મુનિઓ હોય એ મુનિ ઋદ્ધિ સામું જોતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :– જોતા નથી. ચોંસઠ ઋદ્ધિધારી મુનિની પૂજાઓ છે. એવી-એવી ઋદ્ધિઓ હોય છે કે એને સ્પર્શેલી હવા બીજાને સ્પર્શે એટલે એનો રોગ મટી જાય. અસાધ્ય રોગ હોય, પણ ત્યાંથી હવા પસાર થઈને એને સ્પર્શીને અહીંયાં હવા સ્પર્શે (તો) એનો રોગ ચાલ્યો જાય. મુનિ સામું જોતા નથી. પોતાનું શરીર રોગિષ્ઠ હોય (તોપણ) સામું જોતા નથી ! આવે છે ને ? બાર ભાવનામાં એ વિષય આવે છે. પોતાને રોગ હોય છે. દેવ આવે છે (અને કહે છે કે) 'હું ધન્વંતરિ દેવ છું. આપ મહામુનિ છો, આપના શરીરની અશાતા છે (એને) ઘડીકમાં મટાડી દઉં.' (મુનિરાજ કહે છે કે), 'ભાઈ ! તું શરીરનો રોગ એકાદ વખત કદાચ મટાડીશ પણ આ જન્મ-મરણનો, અનંત ભવનો રોગ છે એનું શું ? હું એ રોગ મટાડવા નીકળી પડ્યો છું. અત્યારે જંગલમાં નીકળી પડ્યો છું એ શરીરના રોગની સામું જોવા નથી નીકળ્યો. ભવરોગ મટાડવા નીકળ્યો છું.' એમ એ લક્ષ આખું જુદું છે.

જેને પુણ્ય ઉપર લક્ષ છે એને આત્મા ઉપર લક્ષ રહેતું નથી. જેને આત્મા ઉપર લક્ષ રહે છે એને પુણ્ય ઉપર લક્ષ રહેતું નથી. આમ છે, સામેસામું છે. અનાદિથી જીવને પુણ્યનો મોહ રહ્યો છે, પુણ્યના ફળનો મોહ થયો છે અને રહ્યો છે અને એમાંને એમાં એણે સંસારની અંદર જન્મ-મરણના ચક્કર કાપ્યા છે. આ તો ત્યાંથી છુટકારો મેળવવાની વાત છે.

**'જો મૂળ સ્વભાવને પકડ્યો હશે તો ગમે તે પ્રસંગો આવે તે સમયે શાન્તિ–સમાધાન રહેશે,...'** તને શાંતિ ને સમાધાન કેવી રીતે રહેશે ? એમ કહે છે. એ જ વખતે તું જ્ઞાતા-દ્રષ્ટાપણે રહી શકશે. હું જ્ઞાતામાત્ર છું. જે પ્રસંગ બન્યો તે મારાથી સર્વથા ભિન્ન છે અને તેને અને મારે ખરેખર કાંઈ સંબંધ નથી. વ્યવહારિક દૃષ્ટિએ કર્મોદયથી સંબંધ ગણવામાં આવતો હોવા છતાં ખરેખર નિશ્ચયદૃષ્ટિએ કહો કે ખરેખર વાસ્તવિક દૃષ્ટિએ કહો તો મારે અને એને કાંઈ સંબંધ નથી. જેને મારી સાથે સંબંધ નથી એનો હરખ-શોક મને શું ? આમ લ્યે છે. આ રોજ વાંચે છે કે નહિ ? છાપાની અંદર અનેક જાતના સમાચાર આવે છે. એક છાપાની અંદર, અત્યારે તો સમાચારોની આ બધી વ્યવસ્થા થઈ ગઈ છે કે, હજારો માઈલ છેટેના સમાચાર ગઈકાલના બનાવ આજ સવારના પહોરમાં છાપામાં જાણવા મળે, ટી.વી.માં જાણવા મળે. જ્યાં પોતાને સંબંધ નથી, ટી.વી.માં જોવે કે આણે બોમ્બ ફેંક્યો અને આ બધું સળગે છે, મોટી ઇમારત સળગે છે. એને કાંઈ લેવા-દેવા ખરા ? નજરે જોવે તોપણ !

કેમ એમ છે ? એને એમાં કેમ રસ નથી ? કે, અર..ર..ર...! આ સળગે છે ! (કેમકે) એમાં મારાપણું નથી. જ્યાં મમત્વ છે ત્યાં રસ છે. જ્યાં મમત્વ નથી–મારાપણું નથી ત્યાં જીવને રસ નથી. સીધેસીધી વાત છે. આ વાત તો ચોખ્ખી અનુભવગોચર છે ને ?

પ્રશ્ન :– આ મારું મકાન, આ મારું શરીર એ કાંઈ મારું નહિ ?

સમાધાન :– તારું હોય તો તારી પાસે કાયમ રહેવું જોઈએ. તું ચૈતન્ય અને એ જડ. એ તો બરાબર છે ? મકાન અને શરીર જડ રજકણના જથ્થા છે એ તો બરાબર છે ? તું ચૈતન્ય છો એ તો બરાબર છે કે (નહિ) ? તો પછી ચૈતન્યનું જડ કેવી રીતે થયું ? ચૈતન્યએ જડમાં પોતાપણું કર્યું આ જ દુઃખનું મૂળ છે. દુઃખનું મૂળ તો એ છે.

મુમુક્ષુ :– મિથ્યાત્વ છે.

પૂજ્ય ભાઈશ્રી :– ચોખ્ખેચોખ્ખું મિથ્યાત્વ છે. અનાદિથી જીવને આ અગૃહીત મિથ્યાત્વ છે. એણે નવું ક્યારેય પહેલું-વહેલું ગ્રહણ કર્યું એવું નથી. અનાદિથી આ અગૃહીત મિથ્યાત્વ છે કે જીવ જડમાં ચેતનપણું અથવા જડમાં મારાપણું કરે છે. આ એને અનાદિથી છે. આ મિથ્યાત્વ અનાદિથી છે. એ એને છોડે નિવેડો આવે એવું છે. મિથ્યાત્વનો ત્યાગ કરે ત્યારે એને ભવભ્રમણથી નિવેડો આવે એવું છે. એ સિવાય બીજો કોઈ ઉપાય એમાં નથી. ચાહે આજ સ્વીકારે, કાલ સ્વીકારે, અનંત વર્ષે, લાખ-કરોડ વર્ષે, અનંત ભવે ગમે ત્યારે છોડે છૂટકો છે.

'શ્રીમદ્જી' એક પત્રમાં લખે છે કે, જો આ વાત તને સમજાણી અને આ વાત તને અભિપ્રાયમાં બેઠી, તને નિષેધ નથી આવતો, સમજીને તું સંમત કરે છે તો પછી એનો પ્રયોગ તું અત્યારથી શા માટે કરતો નથી ? જેનાથી શાંતિ અને સુખ મળે એવી વાત છે, જેનાથી ભવભ્રમણનો રોગ જાય એવી વાત છે, એ વાત જો આજે તું સંમત કરતો હોય, આજની તારીખમાં આ વાતની તું હા પાડતો હોય તો શા માટે એનો પ્રયોગ કરતો નથી ? આજે હા પાડે છે, જો પ્રયોગ નહિ કર તો કાલે પાછો ના પાડતો થઈ જઈશ કે, એમ ન હોય, આમ હોય. એમ થઈ જશે, વાર નહિ લાગે. (એમાં) શું છે કે મિથ્યાત્વ અવસ્થામાં, અજ્ઞાન અવસ્થામાં ઉપર-ઉપરની સમજણ ક્યારે બદલી જાય છે એનું કોઈ ઠેકાણું નથી રહેતું. કેમકે પરિણામ તો સ્થૂળ છે. એ સ્થૂળતામાંને સ્થૂળતામાં નજીક આવવાનો કોઈ પ્રસંગ હોય ત્યારે એકદમ નજીક આવી જવું જોઈએ. નહિતર ત્યાંથીને ત્યાંથી દૂર જતા વાર નથી લાગતી. એવું બની જાય છે.

મુમુક્ષુ :– અંતરંગ રુચિમાં વાત બેસતી નથી, ઉપર-ઉપરથી વાત બેસી જાય છે કે, વાત બરાબર છે.

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર છે. અંતરંગ રુચિમાં બેસવી જોઈએ. અંદર સારી રીતે રુચિને બેસવી જોઈએ. નહિતર ખલાસ ! એક તો રુચિ ઊલટી છે અને બુદ્ધિએ થોડીવાર હા પાડી છે. થોડીવાર એટલા માટે કે, પાછી એ બુદ્ધિ બદલી જાય છે. જો અંતરંગ રુચિમાં નથી બેઠું એટલે ઉપર-ઉપરથી બુદ્ધિએ થોડીવાર હા પાડી છે કે, 'વાત તો બરાબર છે. આપની વાત સાચી છે.' પણ વળી પાછો ગોથું ખાય જાય.

મુમુક્ષુ :– જેને ઉપર-ઉપરથી પણ બેઠી છે એને ક્યારેક અંતરંગનો Chance રહેશે પણ જેને ઉપર-ઉપરથી પણ નહિ બેઠી હોય એને...

પૂજ્ય ભાઈશ્રી :– એનો તો Chance જ નથી. એ વાત ઠીક છે. અને એટલા માટે તો જીવને સત્સમાગમ કરવાનું કહેવામાં આવે છે. ભાઈ ! તને અનાદિનો વિપરીત અભ્યાસ છે. ઘણા કાળનો વિપરીત અભ્યાસ–અનંત કાળનો વિપરીત અભ્યાસ હોવાથી સુદીર્ઘકાળ પર્યંત સત્સમાગમનું સેવન કર, એમ કહેવામાં આવે છે. બહુ લાંબા કાળ સુધી, તારાથી બની શકે એટલો કાળ તું સત્સમાગમમાં રહે, એમ કહેવામાં આવે છે. કેમકે બહારની જે વૃત્તિ છે એ સહજ થઈ ગઈ છે – વિપરીત વૃત્તિ છે એ સહજ થઈ ગઈ છે, એ પરિણમન એટલું બધું સહજ થઈ ગયું છે કે એ સહજ અસહજ થાય એના માટે બહુ લાંબાકાળ પર્યંત–ચીરકાળ પર્યંત સત્સમાગમનું સેવન થાય એ જીવને જરૂરી છે. કોઈ વિશિષ્ટ પરાક્રમી જીવની વાત જુદી છે પણ સાધારણ જીવને તો આ જરૂરી છે કે, એણે સત્સંગમાં રહેવું, સત્પુરુષના સમાગમમાં રહેવું અને એ જ વાતને એણે–પોતાના હિતની વાતને એણે એટલા રસથી અને એટલી રુચિથી અંદરમાં ઉતારવાનો પુરુષાર્થ કરવો કે જેને લઈને જે સહજ વિપરીતતા થઈ ગઈ છે એની સાધારણતા ટળી જાય.

પ્રશ્ન :– સંયોગોને પલટાવવાની વૃત્તિ અને ભાવના નિર્દોષતાનો બાધકભાવ છે ને ?

સમાધાન :– હા, એ તો કર્તાપણું આવે છે ને ! સંયોગોને પલટાવું એટલે એમાં જડ પુદ્ગલ પદાર્થોના પર્યાયનું કર્તાપણું છે. એટલે તો આગ્રહનો નિષેધ છે. એ કર્તાપણું છે એ મૂળ મિથ્યાત્વ જ ઇ છે. એના ઉપર તો આખો કર્તા-કર્મ અધિકાર લખ્યો.

'કુંદકુંદાચાર્ય' ભગવાને 'સમયસાર'ની અંદર શૈલી તો નવ તત્ત્વની હેય-ઉપાદેયતાની લીધી. નવ તત્ત્વની શૈલી કહો કે હેય-ઉપાદેયની શૈલી કહો પણ એ નવે તત્ત્વોમાં વચ્ચે

આ એક અધિકાર પ્રારંભમાં જ નાખી દીધો. પહેલાં અધ્યાત્મ દૃષ્ટિકોણથી જીવ અને અજીવના મૂળ દ્રવ્યનું સ્વરૂપ સ્થાપ્યું અને એની પરાકાષ્ટા લઈ લીધી કે ચૌદ ગુણસ્થાન, ચૌદ માર્ગણાસ્થાન, ચૌદ જીવસ્થાન પુદ્‌ગલના પરિણામ છે, જીવ તત્ત્વ નથી. પછી સીધો કર્તા-કર્મ અધિકાર શરૂ કર્યો. પહેલો જ અધિકાર એ લીધો છે. કેમકે અહીંયાં શાસ્ત્રનો વિષય અનાદિનો મિથ્યાત્વ તોડવાનો વિષય છે. મિથ્યાત્વ કઈ રીતે તૂટે ? અને એ જ અધિકારના છેડે એ વાત ત્યાં સુધી લઈ ગયા કે, પક્ષાંતિક્રાંત થઈને જીવ નિર્વિકલ્પ સ્વાનુભવને કેવી રીતે પહોંચે ? મિથ્યાત્વ તૂટે તો સમ્યગ્દર્શન થાય અને સમ્યગ્દર્શન થાય એ નિર્વિકલ્પ સ્વાનુભવમાં થાય એ બતાવવા માટે એ અધિકારનો જે અંત છે–છેડો છે એમાં એ વિષય લઈ આવ્યા છે. કેટલી વ્યવસ્થિત શાસ્ત્રની સંકલના છે ! એક અધિકારની સંકલના જુઓ તો કેટલી વ્યવસ્થિત છે !!

આમાં (–ચાલતા વિષયમાં) એ જ છે ને ? અશાંતિ અને અસમાધાન રહે છે એમાં શું છે કે, જે ઉદયનો પ્રસંગ છે એમાં એને ફેરફાર કરવો છે. એ ફેરફાર કરવાનું એને વશ નથી એટલે એને અસમાધાન રહે છે, મૂંઝવણ થાય છે અને દુઃખ થાય છે. સૌથી વધુમાં વધુ દુઃખ, દુઃખની જે જાત છે અને પ્રકાર છે એમાં અસમાધાન (છે) એ સૌથી વધારે દુઃખનો વિષય છે. મૂંઝવણમાંને મૂંઝવણમાં માણસ આપઘાત કરી બેસે છે. બહારમાં બધી અનુકૂળતા હોય–પૈસા હોય, કુટુંબ-પરિવાર હોય, બધા એને અનુકૂળ વર્તતા હોય, બધું હોય છતાં પણ એને મૂંઝવણ ન મટે (એટલે) ઝંપલાવે ! એવા ઘણાં દાખલા બનેલા છે.

'ગુરુદેવ' (એક ભાઈનો) દાખલો આપતા. એમના કુટુંબમાં થાય. બીજી-ત્રીજી પેઢીએ 'ગુરુદેવ'ના કુટુંબના થાય. એ લોકો 'મુંબઈ'માં ગયા પછી પૈસેટકે સુખી થઈ ગયેલા. ગમે ઇ પ્રસંગ બન્યો અને અંદર મૂંઝવણ વધી ગઈ (એટલે) અગાસી ઉપરથી મૂક્યું પડતું ! એ પ્રસંગ ઘણીવાર કહેતા. એનો અર્થ શું છે ? કે, બહારમાં કહેવાતા અનુકૂળ સંયોગો એની મૂંઝવણ નથી મટાડી શકતા. એની પાસે પૈસા–સંપત્તિ આવી છે, કુટુંબ બહોળું છે, બધાં અનુકૂળ વર્તે છે માટે એને અશાંતિ ન થાય એવું કાંઈ નથી. અશાંતિનું કારણ પણ અંદર છે અને શાંતિનું કારણ પણ અંદર છે. બહારના પદાર્થો ઉપર તો નિમિત્તનો આરોપ આપવામાં આવે છે, બાકી એનું મૂળ કારણ અંદરમાં છે.

પ્રશ્ન :– એવું શું કારણ અંદરમાં ચાલી રહ્યું છે ?

સમાધાન :– એનું અજ્ઞાન–પરપદાર્થને ફેરવવાનું અજ્ઞાન. આમ કેમ ? આમ કેમ ?

આમ ન હોવું જોઈએ, બસ ! આમ કરવું અથવા આમ ન કરવું, ગમે તે. જે કોઈ એની કલ્પના છે કે, આ બરાબર નહિ, આ ઠીક નહિ, મને અનુકૂળ નહિ, બસ ! એની સામે એની લડાઈ છે. એનું ચાલતું નથી એટલે મૂંઝવણનું દુઃખ વધી જાય છે.

પ્રશ્ન :– જ્ઞાની આ પ્રસંગને કેવી રીતે લે ?

સમાધાન :– જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય છે. એ તો અહીં વાત લીધી છે. ગમે તે પ્રસંગ હોય જીવ જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય. હું જ્ઞાતા-દૃષ્ટા છું. મારે કાંઈ લેવા-દેવા નથી. હું મારા જ્ઞાનસ્વરૂપમાં વ્યાપુ છું અને મારા જ્ઞાનસ્વરૂપની બહાર હું ક્યાંય વ્યાપતો નથી. જ્યાં મારી હયાતી નથી, જ્યાં મારી મોજૂદગી નથી એની સાથે મારે કોઈ સંબંધ નથી. પછી બીજી મૂંઝવણનો પ્રશ્ન શું છે ? અશાંતિનો અને અસમાધાનનો પ્રશ્ન શું છે ? કે, કાંઈ નથી. બહુ મજાનો વિષય છે !

એટલો બધો રસિક વિષય છે કે, શરીરની વેદના હોય તોપણ એ બરાબર સુખે કરીને વેદનાને જાણે એવો વિષય છે ! દુઃખે કરીને વેદનાને વેદે એમ નહિ પણ સુખે કરીને વેદનાને જાણે, ભિન્ન પડીને જાણે. સુખે કરીને જાણે !! એવો મજાનો વિષય છે. જ્ઞાનનો અભ્યાસ એવી ચીજ છે કે, હું જ્ઞાતા-દૃષ્ટા છું. મારી જ્ઞાનની સત્તામાં આ વેદનાની સત્તા જ નથી. એ એક જુદી છે કે જે જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે–જણાય છે. પ્રતિબિંબ થવાનો મારો સ્વભાવ છે, સુખ મારો સ્વભાવ છે, જાણવું મારો સ્વભાવ છે. સુખે કરીને હું જાણું છું.

'શ્રીમદ્જી'એ 'મુંબઈ'માં લખ્યું છે કે, આ જગત અને જગતની લીલા બેઠાં-બેઠાં મફતમાં જોઈએ છે. એનો અર્થ શું ? કે, અમે તો જ્ઞાતા-દૃષ્ટા છીએ. અમારે કાંઈ હરખ-શોક કરવો પડતો નથી, કાંઈ લેવું-દેવું પડતું નથી, બધું જણાય છે. બેઠાં-બેઠાં મફતમાં જ્ઞાતા-દૃષ્ટા થઈને જોઈએ છીએ. આ આમ કેમ ? એ પ્રશ્ન અમારા માટે નથી. એટલે એ પોતાના આનંદતરંગમાં બેઠાં છે, મસ્તીમાં બેઠાં છે. જગત ઉપર એક દૃષ્ટિપાત કરે છે (અને જુએ છે કે) આ બધું જગતની અંદર ચાલે છે. જગતના જે કાંઈ તોફાન છે એ જગતની લીલા મફતમાં જણાય છે. અમારે તો કાંઈ એની અંદર ભળવું પડતું નથી. માણસ ભળે તો એને લેણ-દેણ થાય. (પોતે) ભળતા નથી, છૂટાં રહે છે. એનું નામ જ્ઞાતા-દૃષ્ટાપણું છે.

મુમુક્ષુ :– આમ તો અજ્ઞાની પણ જોવે જ છે ને પણ મફતનો...

પૂજ્ય ભાઈશ્રી :– જોવે છે પણ માનતો નથી કે હું જોઉં છું. એને પણ જણાય જ છે પણ એને જણાતા એમ થાય છે કે આની સાથે મારે આટલું લાગેવળગે છે, આટલું

મારે લાગેવળગે છે. (પરંતુ) એને જરાય લાગતુંવળગતું નથી. પણ એવો પૂરેપૂરો ભાવથી ઘુસી જાય છે કે એને એકદમ દુઃખ... દુઃખ... દુઃખ (થાય છે), જીવ ત્યાં દુઃખી, દુઃખી થઈ જાય છે. અસ્તિત્વ એનું પકડે છે–એનામાં પોતાનું અસ્તિત્વ પકડે છે. પર અસ્તિત્વમાં સ્વ અસ્તિત્વ પકડી લે છે અને પરને વેદે છે. પરને વેદી શકતો નહિ હોવા છતાં પરને વેદવાનો એનો મિથ્યા પ્રયત્ન–પુરુષાર્થ ચાલે છે. વેદી નહિ શકતો હોવાથી એમાંથી દુઃખ ઊભું થાય છે. જેમ માણસ ધુમાડાને બાચકા ભરે અને હાથમાં કાંઈ ન આવે તો આકુળતા થાય. ધુમાડાને બાચકા ભરવા જાય, ઝાવાં નાખે અને હાથમાં કાંઈ ન આવે તો એને શું થાય ? પરિશ્રમની આકુળતા થાય. એમ પરપદાર્થને વેદી શકતો નથી અને વેદવાનો પ્રયત્ન કરે છે (તો) હાથમાં કાંઈ આવતું નથી – એનામાં કાંઈ આવતું નથી એટલે એને આકુળતા સિવાય બીજાું કાંઈ થતું નથી. એકલી આકુળતા અને દુઃખ થાય છે.

અહીંયાં ગમે તે પ્રસંગમાં લીધું છે. ચાહે દેહ છુટવા પર્યંતનો પ્રસંગ ઊભો થાય, પ્રાણત્યાગ સુધીનો પ્રસંગ ઊભો થાય તોપણ જ્ઞાયકસ્વભાવની સમીપ જાય એને શાંતિ અને સમાધાન રહે, એ જ્ઞાતા-દ્દષ્ટા રહે, એ જ્ઞાતા-દ્દષ્ટારૂપ આનંદ અને સુખમાં રહેતો-રહેતો એ પ્રસંગનું જ્ઞાનમાત્ર કરે, બીજાું કાંઈ નહિ. માત્ર જાણે કે આ દેહ છૂટ્યો, બસ ! દેહ છૂટ્યો છે, હું છૂટ્યો નથી. હું શાશ્વત છું, મારી હયાતીનું ભાન છે, વેદનપૂર્વક મને ભાન છે અને દેહના છૂટવાથી મારામાંથી કાંઈ છૂટતું નથી. દેહના છૂટવાથી મારામાંથી તો કાંઈ જ છૂટતું નથી તો બીજા દૂરના પદાર્થોમાં ફેરફાર થવાથી મારામાંથી શું જાય છે ? કાંઈ પ્રશ્ન જ નથી, કોઈ પ્રશ્ન નથી.

પ્રશ્ન :– સમાધિમરણમાં શું હોય છે ?

સમાધાન :– આ સમાધિમરણ છે. એને અસમાધાન નથી, દેહ છૂટવાનું દુઃખ નથી. સમાધાન છે–દેહ છૂટે છે, હું નહિ. એ તો એક જર્જરિત થયેલું કે અજર્જરિત થયેલું ત્યાગનો કાળ આવ્યો એટલે છૂટવાનો કાળ આવ્યો એટલે છૂટે. એવા અનંતા આવ્યા અને અનંતા ગયા. હું એમને એમ અડીખમ ઊભો છું, એવોને એવો ઊભો છું. મારામાંથી કાંઈ ગયું નથી, મારામાં કાંઈ આવ્યું નથી. નવો દેહ ગ્રહણ થતાં કાંઈ આવ્યું નહિ (અને) દેહ છૂટતાં મારામાંથી કાંઈ ગયું નહિ. એ જ્ઞાતા-દ્દષ્ટા રહેવું એનું નામ ભિન્નપણે રહેવું છે, એનું નામ છૂટું પડવું એમ છે, એનું નામ જુદું પડવું એમ છે. જે ભાવે તર્યો, એ દ્રવ્યે તર્યો. એના ફળમાં દ્રવ્યે તરશે. અંદરમાં ભાવે છૂટો પડ્યો, દ્રવ્યે આખા લોકથી છૂટો પડીને એના ફળમાં

સિદ્ધાલયમાં જશે. એમ દ્રવ્ય અને ભાવને આ રીતે કારણ-કાર્ય સંબંધ છે.

મુમુક્ષુ :– 'दंसण मूलो धम्मो।' કહ્યું અને અહીંયાં જ્ઞાયકભાવને મૂળ કહ્યું.

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાયકભાવ છે એ દૃષ્ટિનો વિષય છે–'दंसण'નો વિષય છે–શ્રદ્ધાનનો વિષય છે. શ્રદ્ધાનનો વિષય પણ જ્ઞાયકભાવ, જ્ઞાનનો વિષય પણ જ્ઞાયકભાવ, આચરણનો વિષય પણ જ્ઞાયકભાવ અને આનંદનો વિષય પણ જ્ઞાયકભાવ. બધાં ગુણોને સેવવાનો વિષય તો આ એક પોતે જ છે, એ કોઈ જુદો નથી. એવું નથી (કે), શ્રદ્ધા તો આત્માને વિષય કરે અને જ્ઞાન પરને વિષય કરે. જ્ઞાનને બે વિષય થાય છે, શ્રદ્ધાને બે વિષય થતા નથી એટલી વાત છે. પણ બે વિષય થાય એમાં જ્ઞાનને સેવવાનો વિષય એક છે, સેવવાનો વિષય બે નથી. એ તો એની સ્વચ્છતાને લઈને બીજો વિષય ઝળકે છે તો કોઈ કાંઈ જ્ઞાનમાં આવતું નથી.

'ગુરુદેવ' તો એ વિષય જ્યારે આવે ત્યારે ખાસ કરીને છઠ્ઠી ગાથામાં તો આ જ્ઞાયકભાવનો વિષય છે ને ? (ત્યારે એમ કહેતાં કે) એ પરપ્રકાશનના કાળમાં પર પ્રતિબિંબિત થયું (તો) એ પરને લઈને ક્યાં પર જાણ્યું છે ? એવું સ્વ-પરપ્રકાશકપણાનું સામર્થ્ય તો પોતાનું છે, પોતાને લઈને જાણ્યું છે. બસ ! તો પોતાને લઈને જાણ્યું છે એમાં પરની સાથે કાંઈ સંબંધ જોડવાની જરૂર નથી. ભલે પરનું પ્રતિબિંબ પડ્યું હોય તોપણ કાંઈ સંબંધ જોડવાની જરૂર નથી. ભિન્ન જ્ઞાતા છું એમ જોવાની જરૂર છે. જ્ઞાતા ખરો પણ ભિન્ન જ્ઞાતા. જો ભિન્ન જ્ઞાતા ન લ્યે તો જ્ઞેયજ્ઞાયક સંકરદોષ ઊભો થાય. પરને જાણું છું એટલે પરને લઈને જાણું છું, એ વાત આવ્યા વિના રહે નહિ. એ જ્ઞેયજ્ઞાયક સંકરદોષ છે. અને ભિન્ન રહીને જ્ઞાતા રહે છે ત્યાં એને જ્ઞાતા રહેવામાં નિર્દોષપણું છે, સુખ છે, શાંતિ છે, સમાધાન છે. કેમકે એ જાણતા જ ભિન્ન પડી જાય છે. એવું તો એને અત્યારે આવડે છે. 'તખ્તેશ્વર' ઉપરથી કે પોતાના મકાન ઉપરથી આ ગામ આખું દેખાય તો આ બધાં પારકા મકાન છે એમ જાણે છે કે પોતાના જાણે છે ? વિકલ્પ કરવો પડે છે (કે) આ પણ મારું નહિ, આ પણ મારું નહિ, આ પણ મારું નહિ. એમ હજારને જોતાં હજાર વખત વિકલ્પ કરે છે ? આ બધું મારું નહિ એમ વગર વિકલ્પે એના જ્ઞાનમાં એમ જ જ્ઞાન થાય છે. બસ ! એવી રીતે નિશ્ચય થઈ ગયો છે કે, મારું અહીંયાં જ છે, આ સિવાય મારું નથી. એમ જ્ઞાયકમાં ભલે અનેક જ્ઞેયોનું પ્રતિબિંબ થઈ જાય (પણ) 'હું જ્ઞાયક છું' એટલું નિશ્ચિત થઈ ગયું છે તો ગમે એટલું પ્રતિબિંબિત થાય (છે તો) કોઈ મારું નથી એમ આવી જાય છે. સહજપણે

ભેદજ્ઞાન રહે છે. આ ત્રીજો બોલ છે ને ? વિકલ્પ કરી-કરીને યાદ કરવું પડતું નથી, ગોખવું પડતું નથી. **'પ્રસંગે પ્રસંગે ભેદજ્ઞાનને યાદ કરીને તેમને ગોખવું નથી પડતું.'** પણ સહજ પરિણમન જ થઈ ગયું છે. હું તે હું, જ્ઞાયક તે હું. અને એ તો હુંપણે ત્યાં વેદાય છે. પરપદાર્થ જ્ઞાનમાં આકારરૂપે આવે છે, પરનો આકાર જ્ઞાનને થાય છે પણ એને પરપદાર્થનું વેદન નથી આવતું. મિથ્યાત્વમાં એને એમ થાય છે કે, મને પરપદાર્થનું વેદન આવે છે, આ વેદના મને વેદાય છે. સમ્યક્‌દૃષ્ટિ એનાથી ભિન્ન રહે છે. હું જ્ઞાન છું, જ્ઞાનથી અશાતા ભિન્ન છે. સુખે કરીને અશાતાને જાણું છું, દુઃખી થતો નથી. નરકની વેદના હોય તોપણ દુઃખી થતો નથી. કોઈ વેદનામાં દુઃખી થવાનો પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન :– (જ્ઞાનમાં) આકાર થાય છે એટલી પરાધીનતા ખરી કે નહિ ?

સમાધાન :– નહિ, જરાય નહિ, એ તો સ્વચ્છતાને લઈને થાય છે. આકાર તો પોતાની સ્વચ્છતાને લઈને ઊપજ્યો છે. છતાં એ આકારને એ મહત્વ દેતો નથી. ઠીક છે, સ્વચ્છતા છે તો આકાર (ઊપજે છે).

પ્રશ્ન :– આકાર થાય છે એટલું તો ખરું ને ?

સમાધાન :– આકાર થાય છે, એમાં તો ના પાડી શકાય એવું નથી. જ્ઞેયોનો જ્ઞાનમાં આકાર થાય તોપણ એ જ્ઞેયકૃત નથી, જ્ઞાનકૃત છે. આ છઠ્ઠી ગાથાનું મૂળ છે કે, એ જ્ઞેયકૃત નથી. જ્ઞેયકૃત નથી અને તે અશુદ્ધતા પણ નથી. જ્ઞેયનું જ્ઞાનમાં પ્રતિબિંબિત થવું એ જ્ઞેયકૃત નથી અને તે અશુદ્ધતા પણ નથી. એ જ્ઞાનકૃત છે અને જ્ઞાનની સ્વચ્છતા અને શુદ્ધતાનો પ્રકાર છે.

મુમુક્ષુ :– કેવળજ્ઞાનમાં સર્વ જ્ઞેયો પ્રકાશે છે.

પૂજ્ય ભાઈશ્રી :– અનંત જ્ઞેયો પ્રકાશે છે, તો તો કેવળજ્ઞાનને લોકાલોક જણાતા અનંતી અશુદ્ધતા ઊભી થાય. પણ નહિ, બિલકુલ નહિ. ઠીક છે, સ્વચ્છતાનું પરિણમન કહો એનો વાંધો નથી પણ જ્ઞેયનો આકાર એની અંદર છે. જેવો જ્ઞેયાકાર છે એવો જ અહીંયાં જ્ઞાનમાં આકાર આવે છે. લાલ છે એ લાલ જ જણાય છે, પીળું છે એ પીળું જણાય છે, Blue છે એ Blue જણાય છે.

પ્રશ્ન :– ઇ છે માટે જણાય છે ?

સમાધાન :– નહિ, બિલકુલ નહિ, એ બિલકુલ નહિ અને એ જણાય છે માટે અહીંયાં અશુદ્ધિ ઉત્પન્ન થાય છે એમ પણ નહિ. આ તો આ વિષયનું મૂળ તત્ત્વ છે.

મુમુક્ષુ :- અરીસામાં ઘણાં પ્રતિબિંબ પડે છે પણ અરીસાને કાંઈ તકલીફ થોડી છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણા પ્રતિબિંબ પડે છે, કેટલું નુકસાન થાય ! એક મોટો અરીસો રસ્તા ઉપર મૂકી દ્યો અને આખા દિવસભરનો Traffic એમાં ઝળક્યા જ કરે, પ્રતિબિંબ પડ્યા કરે. અરીસાને કેટલું નુકસાન થાય ? કાંઈ ન થાય. સામે અગ્નિ આવે તો અહીંયાં ઊનું-ઊનું થાય, સામે બરફ આવે તો આ ઠંડુ (થાય), બરફની લારી નીકળે (તો) નીકળો ! અરીસાને કાંઈ ઠંડું-ગરમ થવાનો પ્રશ્ન નથી. બસ ! એવું જ્ઞાનદર્પણ છે. (સમય થયો છે).

**ઉચ્ચ સ્તરના વ્યવહારિક પરિણમન પ્રત્યે પણ ઉદાસભાવે રહેવું યોગ્ય છે. અન્યથા તેનો રસ ચડ્યા વિના રહેશે નહિ. વ્યવહારની મીઠાશ વેદનાર મિથ્યાદૃષ્ટિ છે. - આ મીઠાશ ઝેર છે. આનંદ અમૃત સ્વરૂપ આત્માની મુખ્યતા - મહિમા હોતા / થતાં અપૂર્ણતા - વ્યવહાર સહેજે ગૌણ થઈ જાય છે.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૫૭)

**જીવનો સ્વભાવ અનુભવ કરવાનો છે, જેથી પ્રતિસમય સતત અનુભવ - ક્રિયા ચાલુ જ રહે છે. અનાદિથી અકારણપણે, નિર્વિકાર સહજાનંદ એક સુખ સ્વભાવના અનુભવથી શૂન્ય હોવાને લીધે જીવ ઉદયમાં આવેલા સ્વકીય કર્મ ને જ સતતપણે પ્રતિ સમય સ્વ-રૂપે અનુભવી રહ્યો છે, વા માની રહ્યો છે. અને ફરીને નવા બંધનને પ્રાપ્ત થાય છે. આમ સંસાર ચક્ર ચાલે છે, તેમાં સત્પુરુષના સમાગમે - 'અનુભૂતિ સ્વરૂપ નિજ સ્વરૂપની' ઓળખાણ કરે તો કર્મોદયના અનુભવનો - ભ્રમનો ત્યાગ થઈ નિજાનુભવમાં રહે.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૮૫)

## પ્રવચન નં. ૧૮, વચનામૃત–૧૮
## તા. ૦૫-૧૨-૧૯૮૬

દ્રષ્ટિ દ્રવ્ય ઉપર રાખવાની છે. વિકલ્પો આવે પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર છે. જેમ પતંગ આકાશમાં ઊડે પણ દોર હાથમાં હોય છે, તેમ 'ચૈતન્ય છું' એ દોર હાથમાં રાખવો. વિકલ્પો આવે, પણ ચૈતન્યતત્ત્વ તે હું છું–એવો વારંવાર અભ્યાસ કરવાથી દૃઢતા થાય. ૧૮.

('બહેનશ્રીનાં વચનામૃત') ૧૮મો બોલ. બોલનો વિષય છે–દ્રવ્યદૃષ્ટિ. **'દ્રષ્ટિ દ્રવ્ય ઉપર રાખવાની છે. વિકલ્પો આવે પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર છે.'** જેને દૃષ્ટિ પ્રગટ છે–દ્રવ્યદૃષ્ટિ પ્રગટ છે એને પણ વિકલ્પો આવે છે. દૃષ્ટિમાં વિકલ્પ નથી અને દૃષ્ટિના વિષયમાં પણ વિકલ્પ નથી. સાથે-સાથે વિકલ્પો આવે છે પણ એના ઉપર દૃષ્ટિ નથી એટલે કે એમાં હુંપણું થતું નથી–એમાં સ્વામીત્વ થતું નથી.

જેના ઉપર દૃષ્ટિ છે એનું સ્વામીત્વ છે. મિથ્યાત્વ દશામાં રાગ ઉપર દૃષ્ટિ છે, પર ઉપર દૃષ્ટિ છે તો રાગનું અને પરનું સ્વામીત્વ છે. ત્યાં આત્માનો વિચાર કરે તોપણ આત્મામાં હુંપણું થતું નથી. મિથ્યાદૃષ્ટિ જીવ 'હું આત્મા છું' એમ વિચાર કરે તોપણ દૃષ્ટિ રાગ અને

પર ઉપર છે તો આત્મામાં સ્વામીત્વ થતું નથી, આત્મામાં હુંપણું થતું નથી અને એવા વિકલ્પમાં હુંપણું થાય છે. એવો વિકલ્પ થયો કે, 'હું આત્મા છું' તો એમાં હુંપણું થાય છે પણ આત્મામાં હુંપણું થતું નથી.

પહેલી વાત એ લીધી કે દૃષ્ટિનું સ્થાન છે એ પોતાનું સ્વદ્રવ્ય છે અને એ સ્વદ્રવ્ય ઉપર દૃષ્ટિ હોવી જોઈએ, રહેવી જોઈએ. કેમકે એ એનું સ્વસ્થાન છે. દૃષ્ટિનો વિષય તો પોતાનો આત્મા છે. એના ઉપર જ દૃષ્ટિ રાખવી જોઈએ. એના ઉપર દૃષ્ટિ ન રહે તો કોઈ કાર્ય સવળું ન થાય. ન તો એને જ્ઞાન સવળું પરિણમે, ન તો એને આચરણ સવળું છે એમ કહી શકાય. મિથ્યા આચરણ અને મિથ્યા જ્ઞાન છે એ પોતપોતાનો ગુણ-દોષ છે છતાં પણ એને દૃષ્ટિ સાથે સીધો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

દ્રવ્યની દૃષ્ટિ થતાં દ્રવ્ય સર્વસ્વપણે ઉપાદેય થાય છે. દ્રવ્યની દૃષ્ટિ થતાં આચરણમાં જે ઉપાદેયતા છે એમાં સર્વસ્વપણે આ દ્રવ્ય જ ઉપાદેય છે એમ થઈ આવે છે. ભલે આચરણ ગુણ અધૂરો પરિણમે છે તો એટલો એમાં રાગ થાય છે તોપણ સર્વસ્વપણે આ દ્રવ્ય જ ઉપાદેય છે એમ હોવાથી રાગનો નિષેધ પણ આવ્યા વિના રહેતો નથી. રાગનો નિષેધ આવે છે એનું કારણ એ છે કે, ત્યાં એમ તો થઈ જ ગયું છે કે, સર્વસ્વપણે એક મારું સ્વદ્રવ્ય જ ઉપાદેય છે. એમાં જ સ્થિર રહેવા યોગ્ય છે. આચરણનું કામ સ્થિર રહેવાનું છે. એમાં જ સ્થિર રહેવા યોગ્ય છે એવું થઈ ગયું છે છતાં નથી થતું એટલે એનો નિષેધ આવે છે. એ રીતે પોતાનું જે મૂળ સ્વરૂપ છે એના ઉપર દૃષ્ટિ છે તો ઉપયોગ બહાર જાય છે તોપણ એનો નિષેધ આવે છે. ઉપયોગ બહાર જાય છે તો ઠીક છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર ઉપયોગ જાય છે એમ પણ ત્યાં નથી. ઉપયોગ બહાર જાય છે એ પોતાનું ઘર છોડે છે. દૃષ્ટિનો વિષય (છે) એ પોતાનું ઘર છે એને ઉપયોગ છોડે છે. (પરંતુ) દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોવાથી એ પોસાતું નથી.

આ મુખ્ય-મુખ્ય દર્શન, જ્ઞાન, ચારિત્રના ગુણ લઈએ તો દૃષ્ટિમાં તો બહાર જવાનો પ્રશ્ન નથી. એકવાર દૃષ્ટિ સ્વદ્રવ્ય ઉપર આવી કે, પૂરેપૂરી એ સ્વદ્રવ્યમાં, દ્રવ્ય અને દૃષ્ટિ બે વચ્ચે ભેદ ન રહે (એટલે કે) આ દૃષ્ટિ અને આ દૃષ્ટિનો વિષય એવો ભેદ ન રહે એવા અભેદભાવે દૃષ્ટિ હુંપણું સ્થાપે છે, હુંપણું કરી લ્યે છે અને પ્રથમમાં પ્રથમ એ દ્રવ્યદૃષ્ટિ થવી જોઈએ પછી બધું સવળું ચાલે. એ પહેલાં એકેય વાત સવળી નથી. એટલે એ પહેલાં અનેક જીવો જ્ઞાનના માર્ગે શાસ્ત્રના ભણતરથી ઘણા ક્ષયોપશમવાળા, વિકાસવાળા જ્ઞાનમાં

આગળ વધે છે તોપણ એ જ્ઞાન એને કાર્યકારી હોતું નથી, થતું નથી અથવા ભવનિવૃત્તિરૂપ થતું નથી.

'શ્રીમદ્દ્જી'એ સમ્યગ્દર્શનને નમસ્કાર કરતાં આમ વાત કરી છે. સમ્યક્દૃષ્ટિને તો નમસ્કાર કરે એ પ્રશ્ન નથી પણ સમ્યગ્દર્શનને જ એમણે નમસ્કાર કર્યા છે ! જેના કારણે પ્રથમ જે મતિ અને શ્રુતજ્ઞાન ભવહેતુરૂપ થતું હતું. હતું તો મિથ્યાદર્શન, જ્ઞાન. એ જ જ્ઞાન–મતિ-શ્રુતજ્ઞાન જેના કારણે ભવનિવૃત્તિરૂપ થવા લાગ્યું એવા હે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શન ! 'કલ્યાણમૂર્તિ' એવું વિશેષણ લગાડ્યું. કેવું છે સમ્યગ્દર્શન ? કે, સાક્ષાત્ કલ્યાણસ્વરૂપ છે, કલ્યાણની મૂર્તિ છે એ સમ્યગ્દર્શનને નમસ્કાર કર્યા છે.

મુમુક્ષુ :– મુમુક્ષુને નિર્વિકલ્પદૃષ્ટિ તો છે નહિ તો પ્રથમ એ પ્રકારના વિકલ્પ તો આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– વિકલ્પ આવે પણ એમાં હુંપણું ન કરવું. અનાદિનું વિકલ્પમાં હુંપણું થઈ રહ્યું છે પણ એ કરવા યોગ્ય નથી. અને દ્રવ્યદૃષ્ટિવાળાને વિકલ્પ આવે, દ્રવ્યદૃષ્ટિ થઈ હોય એટલે એને વિકલ્પ ન આવે એમ નથી. દ્રવ્યદૃષ્ટિ ન હોય ત્યારે પણ વિકલ્પ આવે અને દ્રવ્યદૃષ્ટિ થયા પછી પણ વિકલ્પ આવે. પણ દૃષ્ટિનું કાર્ય તો હુંપણું કરવાનું છે. પોતાને હુંપણું સ્થાપવું. દ્રવ્યદૃષ્ટિમાં દૃષ્ટિએ કરીને દ્રવ્યમાં હુંપણું સ્થપાય છે અને જ્યાં દ્રવ્યદૃષ્ટિ નથી ત્યાં ઊંધી દૃષ્ટિ–મિથ્યાદૃષ્ટિએ કરીને રાગાદિ વિકલ્પમાં હુંપણું સ્થપાય છે. દ્રવ્યદૃષ્ટિ થવી (એટલે) દ્રવ્ય ઉપર હુંપણું સ્થપાવું જોઈએ.

પોતાના સ્વસન્મુખ જ્ઞાનમાં પોતાનું સ્વદ્રવ્ય પ્રતિભાસમાન થાય છે એમાં દૃષ્ટિએ કરીને હુંપણું સ્થપાય છે, એને દ્રવ્યદૃષ્ટિ કહે છે અને 'દ્રવ્યદૃષ્ટિ તે જ સમ્યક્દૃષ્ટિ' એ તો 'સ્વાધ્યાય મંદિર'માં બહુ મોટા અક્ષરે (લખાયેલું છે). 'દ્રવ્યદૃષ્ટિ તે જ સમ્યક્દૃષ્ટિ' સમ્યક્દૃષ્ટિ કોણ ? એમ પૂછવામાં આવે તો કે જેને દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ. પછી દ્રવ્યદૃષ્ટિ ન હોય એ ગમે તેવો હોય તોપણ એ સમ્યક્દૃષ્ટિ નહિ, આમ છે.

પ્રશ્ન :– આ સમ્યગ્દર્શનના પરિણામ કહો કે દ્રવ્યદૃષ્ટિ કહો – એ એક જ ?

સમાધાન :– સમ્યગ્દર્શન કહો કે દ્રવ્યદૃષ્ટિ કહો–બન્ને એક જ વાત છે. સમ્યગ્દર્શનમાં દર્શન એટલે દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. ત્યાં દૃષ્ટિ એટલે આ દૃષ્ટિ નહિ–ચક્ષુ ઇન્દ્રિયના ઉપયોગની વાત નથી. દૃષ્ટિ એટલે દર્શન, દર્શન એટલે શ્રદ્ધાન. પોતાના સ્વરૂપનું જ જેને શ્રદ્ધાન છે અને એ સિવાય જેને કોઈનું શ્રદ્ધાન નથી, એક સમયની પોતાની પર્યાયનું પણ શ્રદ્ધાન

નથી તો બીજાનું શ્રદ્ધાન હોવાનું તો કાંઈ કહેવાની જરૂર નથી.

પ્રશ્ન :– અહીંયાં એમ કહ્યું કે દૃષ્ટિ દ્રવ્ય ઉપર રાખવી તો અનુભવ પહેલાં તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર કેવી રીતે રહે ?

સમાધાન :– એ તો સમકાળે છે. અનુભવ અને દૃષ્ટિ એક કાળે છે. પહેલાં અનુભવ અને પછી દૃષ્ટિ, પહેલાં દૃષ્ટિ અને પછી અનુભવ એમ તો નથી.

પ્રશ્ન :– મિથ્યાદર્શન અવસ્થામાં દ્રવ્ય ઉપર કેવી રીતે દૃષ્ટિ રાખે ?

સમાધાન :– ઉપદેશ તો એમ દેવાય ને ? કે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ રાખવાની છે. તારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર નથી તો એને એમ કહેવાય કે, ભાઈ ! દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર રાખવાની છે. તો હું... હું... હું... હુંપણું રાગમાં અને રાગના વિષયમાં કરે છે એને ચોંટ લાગવી જોઈએ કે, જ્યારે જ્ઞાની પરમાત્મા એમ કહે છે કે, દૃષ્ટિ દ્રવ્ય ઉપર રાખવાની છે અને મારી દૃષ્ટિ પર્યાય ઉપર છે, પર્યાયમાં પણ પાછી રાગ ઉપર છે. જ્યારે દૃષ્ટિ પર્યાય ઉપર હોય ત્યારે અનાદિનો પર્યાયમાં વિભાવ છે એના ઉપર દૃષ્ટિ રહે છે, એમાં હુંપણું થાય છે. આટલું પર્યાયદૃષ્ટિમાં વિપરીતપણું અવશ્ય-અવશ્ય થાય છે. એ પર્યાયદૃષ્ટિના કાળમાં પર્યાયમાં ઉપસ્થિત રાગમાં હુંપણું રહે છે, ઉપસ્થિત વિભાવમાં હુંપણું રહ્યા કરે છે એ પર્યાયદૃષ્ટિનો મોટો દુર્ગુણ છે, સૌથી મોટું પાપ એને ગણવામાં આવે છે.

સાત વ્યસનના પાપ કરતાં અને જગતના જેટલા મોટા-મોટા પાપ ગણાય છે એ સર્વ મોટા પાપ કરતા પર્યાયદૃષ્ટિનું – મિથ્યાદૃષ્ટિનું પાપ સૌથી મોટું છે. કોઈ એમ કહે કે, ભાઈ ! લડાઈ થાય ત્યારે મોટા બોંબ નાખીને કે મોટા શસ્ત્રો ફેંકીને હજારો મનુષ્યો – સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણીઓની એકસાથે હિંસા થઈ જાય છે. હજારો-લાખો મરી જાય. એનું મૂળ શું ? એવો કોઈ જીવને વિકલ્પ આવ્યો છે ને ? કે, અહીંયાં જઈને બોંબ નાખી આવું. અહીંયાં બોંબ નાખીને ભલે લાખો માણસો મરી જાય – એવા પરિણામ ક્યાંથી થયા ? એ મિથ્યાદૃષ્ટિપણામાંથી થયા. દ્રવ્યદૃષ્ટિના અભાવમાં એ પરિણામ થયા છે. એ તો એકવાર થયા પણ પર્યાયદૃષ્ટિમાં એવું મૂળિયું છે કે ગમે એવા નીચામાં નીચી કોટિના પરિણામ એમાંથી ઉત્પન્ન થયા કરે છે. એ ઊલટીદૃષ્ટિ–મિથ્યાદૃષ્ટિમાં બહુ જબરજસ્ત અનિષ્ટ રહેલું છે. મોટામાં મોટું અનિષ્ટ રહેલું છે અને આ આત્મા નિગોદમાં જાય છે એનું કારણ પણ એ જ છે. નરક, નિગોદમાં જવાનું કારણ મિથ્યાત્વ જ છે–મિથ્યાપણું છે–મિથ્યાદર્શન છે.

'ગુરુદેવશ્રી'એ ૪૫-૪૫ વર્ષ સુધી આ વિષય Agenda ઉપર લીધો. દ્રવ્યદૃષ્ટિ શું

અને પર્યાય(દૃષ્ટિ)–મિથ્યાદૃષ્ટિ શું ? આ એક વિષય ઉપર જ મુખ્યપણે પ્રવચનો ચાલ્યા. ભગવાનની ભક્તિનો અધિકાર વાંચે તોપણ એમાંથી સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનની અપેક્ષા કાઢીને ખુલાસા કરે, સ્પષ્ટીકરણ કરતાં. અને મોક્ષમાર્ગમાં જે મુમુક્ષુજીવોને પ્રવેશ કરવાનો છે એને પણ પ્રથમમાં પ્રથમ દ્રવ્યદૃષ્ટિ થતાં પ્રવેશ થાય છે, મિથ્યાદૃષ્ટિનો નાશ થતાં પ્રવેશ થાય છે. એટલે એને છોડીને બીજી વાત કરવાનું શું પ્રયોજન છે ? જ્યાં દ્રવ્યદૃષ્ટિ બાકી છે અને એ જ પ્રથમ કરવા યોગ્ય છે અને એ થાય છે ત્યાંથી મોક્ષમાર્ગમાં પ્રવેશ મળે છે તો એ જ વિષય પહેલાં લેવો જોઈએ. મોક્ષમાર્ગની પ્રાપ્તિ નથી એવા મુમુક્ષુઓને (અર્થાત્) મોક્ષના અભિલાષી જીવોને પ્રથમ જ સમ્યગ્દર્શન વિષે ઉપદેશ દેવામાં આવે છે.

શાસ્ત્ર વિસ્તાર જુઓ તો મોટા ભાગે એ મળે છે. કેમકે જેને સમ્યગ્દર્શન થયું, સમ્યગ્દર્શન થવાના કાળમાં સ્વરૂપાનુભવ એટલે આત્મબોધ થયો, આત્માના સ્વરૂપનો બોધ થયો એને વિશેષ શું બોધ દેવાની જરૂર છે ? એને તો પરિપૂર્ણ દ્રવ્ય જણાય ગયું છે અને એને સંવર, નિર્જરા અને મોક્ષ તત્ત્વ એટલે મોક્ષમાર્ગ અને મોક્ષમાર્ગનું ફળ એ બધું અંતરમાં સમજાયું છે. એને વિશેષ ઉપદેશ દેવાની ખરેખર કોઈ જરૂર નથી. એને તો ખરેખર બધું સમજાય ગયું છે. સમ્યગ્દર્શન થતાં પૂરું સમજાય ગયું છે. એટલે એને વિશેષ બોધની જરૂર નથી.

અહીંયાં પહેલાં વચનમાં ઉપદેશાત્મક વાત છે કે, **'દૃષ્ટિ દ્રવ્ય ઉપર રાખવાની છે.'** ત્રિકાળી જે શુદ્ધાત્મ દ્રવ્ય સર્વોત્કૃષ્ટ પરમાત્મપદ છે એ પોતાનું સ્વરૂપ છે એનો દૃષ્ટિમાંથી ત્યાગ થવો, જે પોતાનું જ મૂળ સ્વરૂપ છે એનો દૃષ્ટિમાંથી ત્યાગ થવો એ પોતાના નિજ પરમાત્મપદનો મહાન અનાદર છે. (મિથ્યાત્વ) એટલા માટે મોટું પાપ છે કે એની અંદર એ પરમાત્મતત્ત્વનો અનાદર છે. એટલે તો ભગવાને એ કહ્યું કે, જો તું મારો આદર કરે છે અને તારા સ્વદ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી રાખતો તો ખરેખર મારો આદર નથી થતો. અથવા બહારમાં દેવ-ગુરુ-શાસ્ત્રમાં સર્વજ્ઞદેવના આદર કરવાવાળાને પણ એમ કહેવામાં આવે છે કે, અંદરમાં દ્રવ્યદૃષ્ટિથી તારા નિજ સર્વજ્ઞપદનો આદર કર ! એમાં અમારો આદર – ભગવાનનો– સર્વજ્ઞનો આદર સમાયેલો છે અને એનો આદર ન હોય તો બહારનો આદર એ ખરેખર સાર્થક થતો નથી.

**'વિકલ્પો આવે...'** દ્રવ્યદૃષ્ટિ થયા પછી પણ વિકલ્પો આવે તો **'પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર છે.'** અથવા દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર જ રહે છે. વિકલ્પ છે એ વિરુદ્ધ જાતનો ભાવ છે. કેમકે દ્રવ્ય પોતે નિર્વિકલ્પ છે. દ્રવ્યની જે સ્વભાવ જાતિ છે એનાથી વિકલ્પની જાતિ

વિરુદ્ધ જાતિ છે અને એવા વિકલ્પો અવસ્થામાં આવે તોપણ દૃષ્ટિ પોતાનું સ્થાન છોડતી નથી. દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે, વિકલ્પો આવે તો એ વિકલ્પનો કાળ છે ત્યાં સુધી વિકલ્પ આવે છે. પણ નિર્વિકલ્પ દ્રવ્ય, એના ઉપરની નિર્વિકલ્પ દૃષ્ટિના જોરથી એ વિકલ્પો હણાય જશે. એવી દ્રવ્યદૃષ્ટિવાનને ખાત્રી છે, અંતરમાં પ્રતીતિ છે કે, આ વિકલ્પો આવે છે પણ આ વિકલ્પોનું આયુષ્ય હવે લાંબું નથી.

એક બહુ લાક્ષણિક પદ્ધતિથી 'સોગાનીજી'એ એક પત્રમાં એવું લખ્યું છે કે, હે વિકલ્પ ! હવે તો તું શાંત થા. ભલે વેપારી હતા પણ એમની શૈલી લેખક જેવી હતી ! (લખે છે કે) હે વિકલ્પ ! તું શાંત થઈ જા એટલે તું મરી જા એમ કહે છે. અને જો તારે શાંત ન થવું હોય, છતાં તારે જીવવું હોય તો મને શ્રીગુરુના ચરણમાં લઈ જા. શું કીધું ? હે વિકલ્પ ! (જો) તારે જીવવું હોય તો તું મને સદ્ગુરુ–શ્રીગુરુના ચરણમાં લઈ જા. નહિતર શ્રીગુરુએ એવું શસ્ત્ર મને આપ્યું છે કે તારું મોત થઈ જશે. તું નહિ જીવી શકે. તારે હજી થોડુંક જીવવું હોય તો હજી એક સ્થાન છે, એટલો રસ્તો છે, એટલી જગ્યા છે કે, તું મને શ્રીગુરુના ચરણમાં લઈ જા. બીજો વિકલ્પ તો તું થઈશ જ નહિ એમ કહે છે. **બહુ નિશ્ચયપ્રધાન ભાષા હતી, દૃષ્ટિનું જોર પણ ઘણું હતું. તોપણ ભક્તિ એવી જ આવી છે ! આ એક વિશેષતા છે ! એમનાં પત્રોમાં આ ઘણી વિશેષતા છે.**

મુમુક્ષુ :– એનો ધ્વનિ એવો નીકળે છે કે વિકલ્પ કરવા જ હોય તો દેવ-ગુરુ-શાસ્ત્રના કર, બીજાં ન કર.

પૂજ્ય ભાઈશ્રી :– વિકલ્પ તારે કરવો હોય, વિકલ્પને એમ કહે (છે) કે, તારે રહેવું હોય તો 'ગુરુદેવ' પાસે જાવું છે, એવો વિકલ્પ થા. તારે થાવો હોય તો થા. એટલી તને હજી રજા આપુ છું. કાંઈક નમતું જોખું છું તો આ એક જગ્યાએ તારી સાથે નમતું જોખું છું. બાકી તું બીજો... બીજો... બીજો... એમ વિકલ્પ થયા કરીશ તો એક દ્રવ્યદૃષ્ટિનું એવું શસ્ત્ર શ્રીગુરુએ મને આપ્યું છે કે 'ઉનકા દિયા હુઆ શસ્ત્ર તેરા નાશ કર ડાલેગા.' એમ લખ્યું છે. એવી ભક્તિ કરી છે !! હવે જેને શ્રીગુરુનો ઉપકાર થયો છે એવા જીવને અંતરથી કેવી ભક્તિ આવે એ શ્રીગુરુ જાણતા હોય છે, એને બધી ખબર હોય છે. એ તો એક ટેલીપથી જેવો વિષય છે. એટલે સમજાય જાય છે કે, આ ભક્તિનો પ્રકાર કેવો છે ? ક્યાંથી આ ભક્તિ આવે છે ? કેવી રીતે આવે છે ? બીજાં એથી પણ વધારે બહારમાં ચેષ્ટા કરનારા હોય પણ ભાવની ઓળખ જુદો વિષય છે. એ ભાવને ઓળખે છે. એટલો ફેર પડે છે.

બહુ ધ્યાન ખેંચે એવો વિષય છે કે, એક સમયની શુદ્ધ પર્યાયનો નિષેધ કરવાવાળા જ્યાં શ્રીગુરુની વાત આવે છે ત્યારે કેટલો આદર કરે છે ! કેટલો વિવેક કરે છે ! કેટલો મહિમા કરે છે, ભક્તિ કરે છે ! આ ધ્યાન ખેંચે એવો વિષય છે. બે જગ્યાએ આ વાત મળે છે. એક 'નિયમસાર'માં પણ આ વાત મળે છે કે, જ્યાં શુદ્ધ પર્યાયનું પણ હેયપણું, ક્ષાયિક પર્યાયનું પણ હેયપણું સ્થાપિત કર્યું છે અથવા નિરૂપણ કર્યું છે ત્યાં ભક્તિનો વિષય એટલો જ જોરદાર ચાલ્યો છે ! જ્યારે ભક્તિનો વિષય ચાલે છે ત્યારે આચાર્ય મુનિરાજ ગજબની ભક્તિ કરે છે !! આ બે વિષય હંમેશાં સાથે રહ્યા છે અને તેથી દ્રવ્યદૃષ્ટિની સાથે રહેલું આ પ્રકારનું પરિણમન શુષ્કતા અને સ્વચ્છન્દમાં લઈ જતું નથી. એ એની નિશાની છે.

મુમુક્ષુ :– 'નિયમસાર'માં કેવું આવે છે !

પૂજ્ય ભાઈશ્રી :– 'નિયમસાર'માં વ્યવહાર ભક્તિના પણ એટલા જ શ્લોક આવે છે. ભક્તિનો અધિકાર છે ને ! આ તો દ્રવ્યદૃષ્ટિ કેવી હોય છે, સાથે-સાથે કેવા વિકલ્પો (હોય છે તેની વાત છે). 'પરમ-ભક્તિ અધિકાર' ! એક જ અધિકાર છે–'પરમ-ભક્તિ અધિકાર' ! ૧૩૫મી ગાથા છે. **'આ, વ્યવહારનયપ્રધાન સિદ્ધભક્તિના સ્વરૂપનું કથન છે. જે પુરાણ પુરુષો સમસ્તકર્મક્ષયના ઉપાયના હેતુભૂત કારણપરમાત્માને અભેદઅનુપચાર–રત્નત્રયપરિણતિથી સમ્યક્પણે આરાધીને સિદ્ધ થયા તેમના કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના ભેદને જાણીને નિર્વાણની પરંપરાહેતુભૂત એવી પરમ ભક્તિ જે આસન્નભવ્ય જીવ કરે છે, તે મુમુક્ષુને વ્યવહારનયે નિર્વાણભક્તિ છે.'** એના ઉપર છ શ્લોક લખેલા છે, આ એક ગાથા ઉપર છ પદ રચ્યા છે.

**'જેમણે કર્મસમૂહને ખંખેરી નાખ્યો છે, જેઓ સિદ્ધિવધૂના (મુક્તિરૂપી સ્ત્રીના) પતિ છે, જેમણે અષ્ટ ગુણરૂપ ઐશ્વર્યને સંપ્રાપ્ત કર્યું છે અને જેઓ કલ્યાણનાં ધામ છે, તે સિદ્ધોને હું નિત્ય વંદું છું.'** (શ્લોક–૨૨૧). **'नित्यं वन्दे शिवालयान्।'** (અર્થાત્) શિવાલયમાં વસનારા... આ શિવાલય, હોં ! બહારના 'શંકર'ના દેરાને શિવાલય કહે છે એ નહિ. **'शिवालयान्'** સિદ્ધપદમાં વસનારા સિદ્ધાત્માઓને હું વંદન કરું છું.

**'આ પ્રમાણે (સિદ્ધભગવંતોની ભક્તિને) વ્યવહારનયથી નિર્વાણભક્તિ જિનવરોએ કહી છે; નિશ્ચય–નિર્વાણભક્તિ રત્નત્રયભક્તિને કહી છે.'** એ ૨૨૨ (શ્લોક) છે.

**'આચાર્યોએ સિદ્ધત્વને નિઃશેષ (સમસ્ત) દોષથી દૂર, કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોનું ધામ અને શુદ્ધોપયોગનું ફળ કહ્યું છે.'** (શ્લોક–૨૨૩)

**'જેઓ લોકાગ્રે વસે છે, જેઓ ભવભવના ક્લેશરૂપી સમુદ્રના પારને પામ્યા છે, જેઓ નિર્વાણવધૂના પુષ્ટ સ્તનના આલિંગનથી ઉત્પન્ન સૌખ્યની ખાણ છે અને જેઓ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન કૈવલ્યસંપદાના (–મોક્ષસંપદાના) મહા ગુણોવાળા છે, તે પાપાટવીપાવક (–પાપરૂપી વનને બાળવામાં અગ્નિ સમાન) સિદ્ધોને હું પ્રતિદિન નમું છું.'** (શ્લોક-૨૨૪)

**'જેઓ ત્રણ લોકના અગ્રે વસે છે, જેઓ ગુણમાં મોટા છે, જેઓ જ્ઞેયરૂપી મહાસાગરના પારને પામ્યા છે, જેઓ મુક્તિલક્ષ્મીરૂપી સ્ત્રીના મુખકમળના સૂર્ય છે, જેઓ સ્વાધીન સુખના સાગર છે, જેમણે અષ્ટ ગુણોને સિદ્ધ (પ્રાપ્ત) કર્યા છે, જેઓ ભવનો નાશ કરનારા છે અને જેમણે આઠ કર્મોના સમૂહને નષ્ટ કરેલ છે, તે પાપાટવીપાવક (–પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન) નિત્ય (અવિનાશી) સિદ્ધભગવંતોનું હું નિરંતર શરણ ગ્રહું છું.'** (શ્લોક-૨૨૫) ખૂબ ભક્તિ કરી છે !

**'જેઓ મનુષ્યોના તથા દેવોના સમૂહની પરોક્ષ ભક્તિને યોગ્ય છે,...'** કેમકે પ્રત્યક્ષ નથી, સિદ્ધો તો પ્રત્યક્ષ નથી અને **'જેઓ સદા શિવમય છે, જેઓ શ્રેષ્ઠ છે અને જેઓ પ્રસિદ્ધ છે, તે સિદ્ધભગવંતો સુસિદ્ધિરૂપી રમણીના રમણીય મુખકમળના મહા મકરંદના ભ્રમર છે (અર્થાત્ અનુપમ મુક્તિસુખને નિરંતર અનુભવે છે).'** (શ્લોક-૨૨૬)

આ તો દ્રવ્યદૃષ્ટિની સાથે-સાથે એના ઉપલક્ષણમાં, દ્રવ્યદૃષ્ટિના પરિણમનનું એક ઉપલક્ષણ છે કે જેમાં ભક્તિનો પ્રકાર પણ એવો જ ઉત્પન્ન થાય છે એમ કહેવું છે. કેટલાક (લોકો) નહિ સમજીને એ રીતે ભક્તિ તો એક રાગ છે... રાગ છે... રાગ છે... એમ કરીને એ ભૂમિકામાં આવ્યા વિના, સમજ્યા વિના એનો નિષેધ કરી નાખે છે. એનું જરા ધ્યાન દોરાય એવો વિષય છે.

(અહીંયાં) કહે છે કે, વિકલ્પો આવે પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર રહે છે, દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. એને એ વિકલ્પો અસ્ત થઈ જશે, વિકલ્પોનો નાશ થઈ જશે, એ વિકલ્પોમાં એ નહિ દોરાય જાય. એ દૃષ્ટિ જેના ઉપર છે એવા દ્રવ્ય ઉપર ચાલ્યો જશે.

હવે, અહીંયાં એક ઉપમા આપે છે કે, **'જેમ પતંગ આકાશમાં ઊડે પણ દોર હાથમાં હોય છે,..'** પતંગ હાથમાં નથી હોતો. પતંગ ઊડાડવાવાળાને દોર હાથમાં હોય છે, પતંગ હાથમાં નથી હોતો. **'જેમ પતંગ આકાશમાં ઊડે પણ દોર હાથમાં હોય છે, તેમ 'ચૈતન્ય છું' એ દોર હાથમાં રાખવો.'** આ 'છું' છે – 'ચૈતન્ય છું' એ 'છું' (એટલે) 'હું છું' છુંપણું–હોવાપણું–છેપણું એ સત્તાને ગ્રહનારું, સત્તાને ગ્રહણ કરનારું, સત્તાને ગ્રહણ કરવાનું કાર્ય

દૃષ્ટિ કરે છે. એટલે 'હું છું' અથવા 'ચૈતન્ય છું' એવું નિર્વિકલ્પ દૃષ્ટિનું પરિણમન છે. દૃષ્ટિના પરિણમનને વિકલ્પ અને શબ્દ દ્વારા કહીએ તો 'ચૈતન્ય છું' એટલી ટૂંકી વાત એની અંદર છે. એટલો પણ વિકલ્પ નથી પણ એ વિકલ્પનું અને એ શબ્દનું વાચ્ય જે છે એ દૃષ્ટિનું પરિણમન છે. 'ચૈતન્ય છું' બસ ! 'ચૈતન્ય છું' એવો જે દૃષ્ટિના પરિણમનનો દોર જેના હાથમાં છે એને વિકલ્પનો પતંગ છે એ પણ એના હાથમાં છે એમ કહેવું છે.

પ્રશ્ન :– સ્વસંવેદન છે ?

સમાધાન :– સ્વસંવેદન તો જ્ઞાનનું પરિણમન છે. પણ 'ચૈતન્ય છું' એવું એક પોતાના ચૈતન્ય સ્વરૂપની સત્તાને ગ્રહવાનું નિર્વિકલ્પ શ્રદ્ધાન એ દૃષ્ટિનું પરિણમન છે અને આચરણમાં વિકલ્પ થાય તોપણ એને દોર હાથમાં છે. એવા પરિણમનવાળાને વિકલ્પનો દોર એના હાથમાં છે એમ કહેવું છે.

ખરેખર તો અહીંયાં દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાથી સમ્યક્દૃષ્ટિની દશા વિશેષપણે સમજાવે છે. **'જેમ પતંગ આકાશમાં ઊડે પણ દોર હાથમાં હોય છે, તેમ 'ચૈતન્ય છું' એ દોર હાથમાં રાખવો.'** દૃષ્ટિ દ્વારા 'ચૈતન્ય છું' એ દૃષ્ટિનો દોર જેના હાથમાં છે, એને વિકલ્પનું ઉડાણ જે છે, વિકલ્પરૂપી પતંગનું ઉડાણ છે એ એના Controlમાં છે. કેમ સમ્યક્દૃષ્ટિને મિથ્યાદૃષ્ટિને થાય એવા કેટલાંક વિકલ્પો થતા જ નથી એનું આ કારણ છે. મિથ્યાદૃષ્ટિને કેટલાંક વિકલ્પો થાય એવા વિકલ્પો સમ્યક્દૃષ્ટિને કદી ન થાય. જેમકે દેવ-ગુરુ-શાસ્ત્રનો અનાદર કોઈ મિથ્યાદૃષ્ટિ કરી બેસે. સમ્યક્દૃષ્ટિ દેવ-ગુરુ-શાસ્ત્રનો અનાદર (કરે એવો) એના વિકલ્પમાં એ પ્રકાર ઉત્પન્ન થતો નથી. તો એમ કેમ ? ભૂલથી પણ ન થાય. એમ કેમ ? (કેમકે) દૃષ્ટિનો વિષય એના હાથમાં છે. એટલે વિકલ્પનો દોર (એના હાથમાં છે) અથવા અમર્યાદિત રાગ એને થતો નથી. એના રાગમાં મર્યાદા આવી જવાનું આ કારણ છે કે, એને વીતરાગસ્વરૂપ જે સ્વદ્રવ્ય છે એમાં હુંપણાની દૃષ્ટિ વર્તી રહી છે. એ દૃષ્ટિનું પરિણમન એ પાયાનું પરિણમન છે અથવા એ આધારભૂત પરિણમન છે. આખા પરિણમનમાં, જેમ પાયાનું કામ કરે એમ આધારભૂત કામ એ દૃષ્ટિનું પરિણમન કરે છે. એટલે બાકીની કચાશ રહી છે એમાં જે વિકલ્પ આવે છે એ પણ મર્યાદિત થઈ જાય છે.

'તત્ત્વાર્થ સૂત્ર'માં આસ્રવના કારણ લીધા છે. **'मिथ्यादर्शनाऽविरतिप्रमादकषाययोगा बंधहेतवः ।।१।।'** આ બંધના કારણ લીધા છે. આસ્રવનો અધિકાર ચાલે છે. બંધનું કારણ આસ્રવ છે એમાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ લીધા છે. એમાં જેને મિથ્યાત્વનો

આસ્રવ ગયો અને સમ્યક્ થયું હવે એને મિથ્યાત્વનો બંધ નથી એવા દ્રવ્યદષ્ટિવાળાને અવિરતિ, પ્રમાદ અને કષાય (રહ્યાં છે એ) બધાંમાં ફરક પડે છે. અવિરતિ એટલે પ્રત્યાખ્યાનાવરણીય, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રમાદ અને કષાય-સંજ્વલન કષાય અને યોગ – એ ચારેય આસ્રવમાં ફેર પડે છે.

'ખંડવા'માં એ ચર્ચા ચાલી હતી. પ્રશ્ન એમ આવ્યો હતો કે, જેને મિથ્યાદર્શન ગયું અને સમ્યગ્દર્શન થયું એને પ્રત્યાખ્યાનાવરણીય, અપ્રત્યાખ્યાનાવરણીય અને સંજ્વલન કષાય એ ત્રણેય પ્રકારના જે કર્મ સંચિત રહ્યાં છે એના રસમાં – એના અનુભાગમાં ફેર પડે છે. એના તો પડે છે પણ યોગાસ્રવમાં-યોગમાં પણ ફેર પડે છે. ચાર બાકી રહ્યાં ને ? પ્રશ્નમાં ત્રણ વાત હતી. એ તો અહીંથી વાત હતી-પ્રત્યાખ્યાનાવરણીય, અપ્રત્યાખ્યાનાવરણીય અને સંજ્વલન. કેમકે ચાર ચોકડી છે અને ત્યાં એ વાત પૂરી થાય છે, કષાય પૂરતી એ વાત પૂરી થાય છે. અશુદ્ધદશા પૂરતી એ વાત પૂરી થાય છે પણ 'તત્ત્વાર્થ સૂત્ર'માં તો એથી આગળની એક વાત લીધી છે કે, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ, (તો) યોગ પર્યંત ફેરફાર થાય છે. એક જ્યાં મિથ્યાત્વનો આસ્રવ ગયો ત્યાં બાકીના ચારેયની અંદર ફેરફાર પડે છે, ફેરફાર થઈ જાય છે. એટલે કે મિથ્યાદષ્ટને લાયક જે અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ હોય એવા સમ્યક્દૃષ્ટિને ન હોય. અવિરતિ, પ્રમાદ, કષાય, અને યોગ બાકી છે, એનો આસ્રવ અને બંધ થાય છે પણ જેવા મિથ્યાદષ્ટિને થાય એવા સમ્યક્દૃષ્ટિને ન થાય. એટલો ફેર પડે છે.

'ગુરુદેવશ્રી' એ રીતે વધારે સ્પષ્ટ કરતા કે, સમ્યક્દૃષ્ટિને પણ ચોથા-પાંચમા ગુણસ્થાને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન સંભવિત છે અને થાય છે. એ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનું ફળ તો તિર્યંચ અને નરકગતિ છે. આર્તધ્યાનનું ફલ તિર્યંચ અને નરકગતિ છે. છતાં કોઈ સમ્યક્દૃષ્ટિને આર્તધ્યાન, રૌદ્રધ્યાન થતા હોવા છતાં નરકગતિ કે તિર્યંચગતિનો બંધ ન પડે. જેનું જે ફળ છે – જે પરિણામનું જે ફળ છે એ અહીંયાં ઉડી જાય છે, એનો છેદ કરી નાખ્યો. સમ્યગદર્શનનો સદ્ભાવ, એ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના જે ભાવો છે અને વિકલ્પો છે એ ભાવોના રસને અંદરથી ઉડાડી દે છે, એનો અનુભાગ ખલાસ કરે છે. એ રસ છે એ ખરેખર બંધતત્ત્વ છે. તો એને લઈને એને જે નિકાચિત ગતિનો બંધ (નથી). (ગતિનો બંધ) તો નિકાચિત છે. આયુષ્યનો બંધ એટલો બધો નિકાચિત નથી, જેટલો ગતિનો છે. ગતિ નથી ફરતી, આયુષ્ય ફરે છે. ઉદય આવ્યા પહેલાં ગતિ નથી ફરતી. આયુષ્યમાં

ફેર પડી જાય છે. સાતમી નરકમાં હોય એ ત્રીજીમાં આવી જાય, ત્રીજીમાં હોય એ પહેલીમાં આવી જાય એમ આયુષ્યમાં ફેર પડે પણ રહે નરકની નરકગતિ. એનું કારણ આ છે કે, દૃષ્ટિનો દોર એના હાથમાં છે. એટલે એ વિભાવનું પરિણામ પણ સ્વયં મર્યાદામાં જ રહેલું છે, મર્યાદાનું ઉલ્લંઘન કરીને જતું નથી.

અથવા પોતાનું સ્વરૂપ જે પરિપૂર્ણ નિર્વિકાર છે એના તરફ ઢળેલું જે દૃષ્ટિનું પરિણમન, એ પરિણમનમાં રહેલું જે જોર અને વિકલ્પાંશમાં ઉત્પન્ન થતો જે વિકાર, એ તરફ રહેલું જે જોર એ બે વચ્ચે એટલો બધો ફરક છે કે દૃષ્ટિના જોર પાછળ માત્ર એક વિકલ્પનું જોર નહિ બરાબર છે. નહિ બરાબર છે, એમ કહેવામાં આવે છે. એટલો બધો ફેર છે ! નહિવત્ છે. એની પાસે એનું જોર કાંઈ નથી. એટલું બધું દૃષ્ટિનું જોર હોય છે કે, વિકલ્પ થાય છે ખરો પણ વિકલ્પમાં કાંઈ જોર નથી. એ રસ-કસ વગરનો વિકલ્પ છે. એમાં કાંઈ જોર હોતું નથી. અથવા એ વિકલ્પ ટળતો, નિર્બળ થતો, નિર્બળ થતો-થતો, ઘસાતો-ઘસાતો, શક્તિહીન થતો-થતો એ ટળતો જાય છે. એવી એની સ્થિતિ છે.

**'વિકલ્પો આવે, પણ ચૈતન્યતત્ત્વ તે હું છું...'** હવે અહીંયાં મુમુક્ષુને માર્ગદર્શન છે કે, તને **'વિકલ્પો આવે, પણ ચૈતન્યતત્ત્વ તે હું છું–એવો વારંવાર અભ્યાસ કરવાથી દૃઢતા થાય.'** શું કહે છે ? આ અભ્યાસ કરવો. અભ્યાસ કરવો એટલે વારંવાર આવો પ્રયત્ન કરવો. પ્રયત્નને–પુરુષાર્થને 'અભ્યાસ' શબ્દથી કહેવાની પદ્ધતિ છે. પૂજ્ય 'બહેનશ્રી'ની પુરુષાર્થનો જે વિષય છે એને 'વારંવાર પુરુષાર્થ કરવો' એને 'વારંવાર અભ્યાસ કરવો' એમ કહેવાની પદ્ધતિ છે. એ ઘણી જગ્યાએ આવશે, અનેક જગ્યાએ એવી રીતે વાત આવે છે.

**'વિકલ્પો આવે,...'** એટલે તને વિકલ્પો આવે છે એ ખ્યાલમાં છે. અનેક પ્રકારના તને વિકલ્પો આવે છે એ ખ્યાલમાં છે **'પણ ચૈતન્યતત્ત્વ તે હું છું...'** અથવા 'ચૈતન્ય છું' ટૂંકામાં લઈએ તો 'ચૈતન્ય છું' એમ ચૈતન્યના લક્ષે, ચૈતન્યમાં હુંપણાનો વારંવાર પ્રયત્ન કરવો. આ પ્રયત્ન સતત કરવા યોગ્ય છે. બીજી રીતે કહીએ તો આ જ ભેદજ્ઞાનનો પ્રયત્ન છે અથવા આ જ દૃષ્ટિ બદલવાનો પ્રયત્ન છે. વિકલ્પ આવશે, વિકલ્પ આવે છે, એ અમને ખ્યાલમાં છે કે, વિકલ્પવાળી તારી દશા છે (તેથી) અનેક પ્રકારના વિકલ્પ આવે છે. પણ 'ચૈતન્ય છું' એમ ચૈતન્યને લક્ષમાં લઈને ચૈતન્યમાં હુંપણું કરવાનો પ્રયત્ન કરવો. વિકલ્પ કરવો એમ નથી કહેતા. આ વિકલ્પ છોડીને આ વિકલ્પ કર એમ નથી કહેતાં. વિકલ્પ ગમે તે હોય, 'ચૈતન્ય છું' એવું અંદરમાં જોર કર. 'ચૈતન્ય છું' એમ ચૈતન્યને લક્ષમાં લઈને,

ચૈતન્યને કહો કે આત્માને કહો, લક્ષમાં લઈને 'ચૈતન્ય છું' એવો વારંવાર પ્રયત્ન કર. આ પુરુષાર્થ કેમ કરવો એની વિધિ બતાવે છે.

એક બોલમાં તો કેટલી વાત આવે છે ! જ્ઞાનીની દશાની વાત છે, માર્ગદર્શન છે, વિધિ બતાવે છે, કઈ વિધિએ પ્રયત્ન કરવો ? કઈ વિધિએ અભ્યાસ કરવો ? એ પણ બતાવે છે. શું કરવું ? માણસ કહે છે ને ? કે, અમારે કરવું શું ? કે, આ અભ્યાસ કરવો, આ પ્રયત્ન કરવો. વારંવાર 'ચૈતન્ય છું' એનો પ્રયત્ન કરવો. એ પ્રયત્ન કરવા જેવો છે.

મુમુક્ષુ :– 'ચૈતન્ય છું' એમાં પુરુષાર્થ આવ્યો.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં પુરુષાર્થ આવ્યો. એ પુરુષાર્થ વારંવાર કરવાથી એ ભાવની દૃઢતા થાય છે. 'હું ચૈતન્ય છું, ચૈતન્યતત્ત્વ તે જ હું છું' એની દૃઢતા થાય છે અને એ સિવાયના પરિણમનમાં 'રાગ અને પર હું' એવી દૃઢતા થાય છે. એ અનાદિનો જીવ કરી રહ્યો છે. એ તો જીવ અનાદિથી કરી રહ્યો છે, એની વિરુદ્ધ આ વાત છે.

મુમુક્ષુ :– આ પુરુષાર્થ કરતા પરસેવા ઊતરી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– પરસેવા ઊતરી જાય એનું કારણ એ છે કે, એણે ડેરા-તંબુ એટલા નાખ્યા છે, રાગમાં અને સંયોગમાં એટલો પથારો નાખ્યો છે, એટલો બધો એ ઊંડો ઊતરી ગયો છે કે એને થોડી તકલીફ પડે છે, એને કઠણ પડે છે. જ્યાં ઘણાં રસથી મમત્વ કર્યું હોય ત્યાંથી મમત્વ ઉઠાવવું હોય તો જીવને આકરું લાગે છે. એટલે એમ કહે છે કે, તને પરસેવો પડે (છે).

એકવાર 'ગુરુદેવશ્રી'ને (એક મુમુક્ષુએ) પ્રશ્ન પૂછ્યો હતો, આ પુરુષાર્થના વિષયમાં પ્રશ્ન પૂછ્યો હતો કે, સાહેબ ! પુરુષાર્થના વિષયમાં બે વાત આવે છે. ઘણીવાર આપ એમ કહો છો કે આમાં અનંતો પુરુષાર્થ જોઈએ. પુરુષાર્થ કરતા પરસેવા પડે, બહુ કઠણ વાત છે, બહુ આકરી વાત છે, અનંતો પુરુષાર્થ માગે છે, કોઈવાર આપ એમ કહો છો કે, આ તો સહજ પુરુષાર્થનો વિષય છે. આ તો સહજતાની વાત છે. સહેજે આમ થાય છે. તો આ બે પરસ્પર વિરુદ્ધ અપેક્ષાની વાત છે ? પુરુષાર્થનો વિષય કાંઈ સમજાતો નથી. બે રીતે આપ વાત કરો છો.

પ્રથમ તો 'ગુરુદેવ' પ્રશ્નમાં થોડું હસ્યા કે, આ માણસને કેવું વિચિત્ર લાગે છે ! બન્નેની જુદી-જુદી સ્થિતિની વાત કરવામાં આવે છે. જે જીવોએ ઘણું મમત્વ કર્યું છે એટલે ઊંધો પુરુષાર્થ ઘણો કર્યો છે એને એ પુરુષાર્થ બદલવો કઠણ પડે છે, આકરો પડે છે તો એની

સ્થિતિ જોઈને એમ કહેવાય કે, ભાઈ ! આમાં અનંતો પુરુષાર્થ છે. તારો ઊંધો પુરુષાર્થ અનંતો છે, સવળો કરવા માટે એ બધો ફેરવવો પડે છે. જે પુરુષાર્થને જેણે સન્મુખ કર્યો (એટલે કે) સ્વસન્મુખનો જેને પુરુષાર્થ થયો, જેને અંતરવીર્યની સ્ફૂરણા થઈ, ચૈતન્યનો પુરુષાર્થ ચૈતન્યને અનુલક્ષીને, ચૈતન્યને લક્ષમાં લઈને જેને પુરુષાર્થ થવા લાગ્યો એ સહજ માત્રમાં થાય છે. એને અંદરથી જોર આવે છે (કે) 'હું અનંત જ્ઞાનનો પિંડ છું, અનંત સુખ મારામાં મોજૂદ છું, અનંત વીર્યનો હું ધણી છું !' એમ પોતાના નિજ સામર્થ્યને જોવે છે તો અંદરથી સહેજે-સહેજે જોર આવે છે. એ સહજપણે થાય છે. એટલે સ્વના આશ્રયે પુરુષાર્થ સહજ છે, પરની અપેક્ષાથી કહીએ તો અનંત પરમાં એનો પથારો છે, મર્યાદિત પરમાં નથી. એ તો સંયોગો મર્યાદિત છે. એનો અભિપ્રાય અને પુરુષાર્થ તો અનંત માટે છે એટલે એને એમ કહે છે કે, એ અનંતો પુરુષાર્થ માગે છે. એમ બે સ્વ-પરની અપેક્ષા જુદી-જુદી છે.

અહીંયાં કહે છે કે, વિકલ્પો આવે તો એને તું ગૌણ કરી નાખ. એમ અહીં એવો Tone છે (કે) વિકલ્પો આવે. આવે તો આવે, એ ખ્યાલમાં છે. વિકલ્પ આવે, કાંઈ નહિ એ તો ઠીક છે આવે, આવ્યા કરશે. જ્યાં સુધી તું સારી રીતે જોર કરીને અભેદ પરિણમનમાં નહિ આવ, પર્યાપ્ત માત્રામાં એટલું સ્વરૂપ સન્મુખનું જોર નહિ થાય ત્યાં સુધી વિકલ્પની સ્થિતિ અનિવાર્ય છે. પણ વિકલ્પ આવે છે અને વિકલ્પનો નાશ થાય ત્યારે એને અભેદ દશા, નિર્વિકલ્પ દશા હોય છે એવું સમજ્યા પછી કોઈ વિકલ્પની ચિંતા કરે છે કે, આ વિકલ્પ હજી આવ્યા કરે છે, આ વિકલ્પ થયા કરે છે, આ વિકલ્પ મટે તો સારું, વિકલ્પ હજી ઊભા થાય છે, હજી વિકલ્પ ઊભા થાય છે. એમ વિકલ્પ ઉપર વજન દેવાની જરૂર નથી. ભલે એ દુશ્મન છે અને દુશ્મન ગમે એવો હોય તોપણ એને બહુ મહત્વ ન આપવું. એમ કહે છે. વિકલ્પ આવે, ખબર છે વિકલ્પ આવે. વિકલ્પ તને નડે છે એમ માનીને તું એના ઉપર જોર કરે કે, આ વિકલ્પ નડે છે, પણ આ વિકલ્પ નડે છે. એમ જોર (દેવાનું) રહેવા દે. વિકલ્પ આવે, ઠીક છે, ભલે આવે. એનું લક્ષ ઉડાડી દે. વિકલ્પ હોય, આવતા હોય તોપણ એને લક્ષમાંથી ગૌણ કરી નાખ અને 'ચૈતન્ય તે હું છું' એમ જોર લાવ.

અથવા એક કાળે વિકલ્પનું પણ અસ્તિત્વ છે અને એક કાળે પોતાના ચૈતન્યસ્વરૂપની પણ હયાતી છે. બન્ને તત્ત્વની હયાતી એક કાળે છે. હવે તારે વિકલ્પ સામું જોયા કરવું છે કે તારે ચૈતન્યતત્ત્વ સામે જોવું છે ? એક પરમાત્મ તત્ત્વ છે, એક એક સમયનો વિકલ્પ માત્ર છે. એક ત્રિકાળી પરમાત્મા છે. ભલે વર્તમાનમાં છે પણ એ ત્રિકાળી પરમાત્મા છે.

બન્નેની હયાતી હોવા છતાં તારે મુખ્યપણે કોનું લક્ષ કરવા યોગ્ય છે ? કે, 'ચૈતન્ય છું' એના તરફ તારું વજન જવું જોઈએ, એક સમયના વિકલ્પ ઉપર નહિ. એટલે વિકલ્પ આવે તોપણ તે કાળે પોતાનું ચૈતન્ય તત્ત્વ હયાત હોવાથી, ચૈતન્ય તત્ત્વ મોજૂદ હોવાથી 'હું તો ચૈતન્યતત્ત્વ છું' એમ એને વારંવાર પ્રયત્નનો અભ્યાસ, પ્રયત્ન-પુરુષાર્થનું જે જોર છે એ એ રીતે એનું જવું જોઈએ. એમ વારંવાર થાય તો એને ચૈતન્યસ્વભાવની દ્રઢતા થાય અથવા ચૈતન્યસ્વરૂપનો આશ્રય કરવો છે એ બાજુનું એનું વલણ છે એ કેળવાય. વારંવાર એ અભ્યાસ કરતા એનું વલણ કેળવાય છે. અથવા એમાં ચૈતન્યરસ ઘૂંટાય છે અને 'ચૈતન્ય તે હું' એમ વારંવાર પ્રયત્ન કરતા જે ચૈતન્યરસ ઘૂંટાય છે એમાંથી ચૈતન્ય પરિણતિ ઉત્પન્ન થાય છે. ચૈતન્યરસમાંથી ચૈતન્યપરિણતિ ઉત્પન્ન થાય છે.

પરિણતિ ઉત્પન્ન થવાનો નિયમ એવો છે કે, જેનો રસ એની પરિણતિ. આપણે તો એ ચર્ચા થાય જ છે કે, આખા પરિણમનનો આધાર અથવા દોર પરિણમનમાં રહેલાં રસ ઉપર છે. તેથી 'સમયસાર'ની અંદર વિભાવરસને બંધતત્ત્વનું નામ આપ્યું. હવે, અહીંયાં એમ કહે છે કે, તું ચૈતન્યનો રસ કેળવ. વિભાવનો રસ કેળવતા તને વિભાવ પરિણતિ થઈ તો (આ) પરિણતિ આગળ સ્વભાવનો વિકલ્પ તારો નકામો જાય છે. મુમુક્ષુની ભૂમિકામાં પરિણતિ થઈ જવી જોઈએ. પૂજ્ય 'બહેનશ્રી' ચર્ચા કરે છે ત્યારે આ વાત ઘણી વાર કરે છે.

પ્રશ્ન : રસ અને રુચિ એકાર્થ છે ?

સમાધાન :- ના, રસ અને રુચિ સાથે હોય છે. એકાર્થ નહિ, સાથે હોય છે. એટલે બન્ને જુદાં-જુદાં પરિણામ છે પણ સાથે હોય છે.

ચૈતન્યનો જે રસ છે એ ચૈતન્યની પરિણતિ થવામાં, કેળવણીમાં કામમાં આવે છે અને એકવાર જો પરિણતિ થાય છે તો કામ સહેલું અને સહજ બને છે. પરિણતિ ઊલટી હોય છે ત્યાં સુધી કામ અઘરું રહે છે. આ પણ સહજતા અને અસહજતામાં આ ફરક પડે છે. ઘણીવાર ચર્ચામાં એ સામાન્ય શબ્દ છે એટલે ઓછાનું ધ્યાન જાય પણ પરિણતિની વાત (પૂજ્ય બહેનશ્રી) અનેક વાર કરે છે. પરિણતિ થઈ જવી જોઈએ. આમાં પણ આવે છે.

પ્રશ્ન :- સમ્યગ્દર્શન પહેલાં પરિણતિ થાય કે પછી થાય ?

સમાધાન :- ના, પહેલાં થાય છે, પરિણતિ થાય છે. ભાવનાથી પરિણતિ થાય છે.

આ ભાવનાનો અભ્યાસ કહો, પુરુષાર્થનો અભ્યાસ કહો, ચિદ્રસનો અભ્યાસ કહો, ચૈતન્યરસનો અભ્યાસ કહો એ પરિણતિ ઉત્પન્ન થાય છે. પરિણતિ વગર ઉપયોગ કામ કરતો નથી, ઉપયોગ નકામો જાય છે.

એટલે એ બહુ ગૂઢ વિષય અહીંયાં લીધો છે કે, એ રીતે એની દ્રઢતા થાય છે અથવા પરિણતિ થાય છે અને એ કરવા યોગ્ય, શું કરવું એનો જેને પ્રશ્ન છે, એને કરવા યોગ્ય; આ છે. એમ સીધું માર્ગદર્શન છે.

મુમુક્ષુ :– અમારે તો સંસારની સગવડ પણ જોઈએ છે અને આત્મા પણ જોઈએ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એક મ્યાનમાં બે તલવાર તો ક્યાંથી રહેશે ? ઓલી સગવડ જ નથી (એમ) કહે છે. એ સગવડ લેવાના પરિણામમાં તારી બધી અગવડ ઊભી છે, અનંતી અગવડ ઊભી છે. (વિશેષ લઈશું...)

**નિજ અસ્તિત્વનું ગ્રહણ થવા અર્થે, સ્વ. શ્રી દિપચંદજીનું સમ્યક્ વચનામૃત અનુપ્રેક્ષણીય છે. ''મારા દર્શન જ્ઞાનનો પ્રકાશ મારા પ્રદેશમાંથી ઊઠે છે.'' અવલોકનથી - પ્રયોગથી આમ દેખવું. માત્ર શબ્દાર્થનો વિચાર કરી, વાચ્યને વિચારની મર્યાદામાં ન રાખતાં, નિજ સત્તાના ગ્રહણનો અભ્યાસ - પ્રયત્ન થવો ઘટે. પરથી વિમુખ થઈને વારંવાર જ્ઞાન-દર્શનમય નિજ પદને અવલોકી સ્વયં સુખી થાય.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૩૮)

## પ્રવચન નં. ૧૯, વચનામૃત-૧૯,૨૦
## તા. ૦૬-૧૨-૧૯૮૬

**જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે. હજુ આસક્તિને લઈને જ્ઞાની બહાર થોડા ઊભા છે, રાગ છે, પણ અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે. જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદાં છે, ન્યારા છે. ૧૯.**

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું-૭, ૧૯મો બોલ છે. જ્ઞાનીની દશા કેવી હોય છે એ વિષયનો આ બોલ છે. અનાદિથી સંસાર પરિભ્રમણ કરતા જીવને જ્ઞાનીની ઓળખાણ થઈ નથી. જ્ઞાનીની દશાનું વર્ણન કરવાનું એ કારણ છે કે, કોઈ રીતે જીવ જ્ઞાનીને ઓળખે. અંતરંગ પરિણતિ આત્મા સાથે વર્તતી (ચાલી રહી છે) અને બાહ્ય ક્રિયા અને એને અનુસરતા પરિણામ, પૂર્વકર્મ અનુસાર ચારે ગતિના જ્ઞાની જીવોને, પૂર્વ કર્મ અનુસાર તે-તે ગતિને લાયક હોય છે. મનુષ્યમાં મનુષ્યગતિને લાયક, તિર્યંચમાં તિર્યંચગતિને લાયક ઉદય હોય અને એને અનુસરતા પરિણામ હોય અને અભિપ્રાયની દૃષ્ટિએ જોઈએ તો પરિપૂર્ણ વીતરાગતાનો જેનો અભિપ્રાય છે, પૂર્ણ વીતરાગતા એ ઉપાદેય છે એવો જેનો અભિપ્રાય છે એ દશા

ઓળખાવવા માટે આ શાસ્ત્રમાં અનેક જગ્યાએ જ્ઞાનીની દશાનું વર્ણન છે.

'સમયસાર'માં આ વિષયનો મુખ્ય અધિકાર એ 'નિર્જરા અધિકાર' છે. 'સંવર અધિકાર'માં સંવરની વિધિ, સંવરની પ્રાપ્તિ, સંવર કઈ રીતે થાય ? એ રીતનો વિષય લીધો છે. નિર્જરામાં સંવરપ્રાપ્ત જ્ઞાનીને નિર્જરા છે અને કોઈપણ સંજોગોમાં એને નિર્જરા જ છે. ગમે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં એને નિર્જરા જ થાય છે. એ અંતરંગ દશાને કારણે થાય છે. એ સમજાવવા માટે ત્યાં એ અધિકાર છે – 'નિર્જરા અધિકાર' છે.

અહીંયાં મુખ્યપણે અભિપ્રાયનું પડખું લીધું છે. જ્ઞાનીની દશામાં આત્માના અનંત ગુણો પ્રગટ થયા છે. અને તેથી વક્તવ્ય અને સમજી શકાય એવા કેટલાક ગુણોથી જ્ઞાનીની અંતરંગ દશાનું વર્ણન આવે છે. છે તો અનેક ગુણો પણ કેટલાક-કેટલાક ગુણોથી એ દશાને દર્શાવવામાં આવે છે. એમાં અહીંયાં આ બોલમાં અભિપ્રાયનું એક પાસું છે–એક પડખું છે. એથી જ્ઞાનીની દશાને ઓળખાવવી છે.

**'જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે.'** અથવા કાળો નાગ છે. જુઓ ! આત્મામાં આનંદ-અમૃત છે. એ અમૃત પોતાના અતીન્દ્રિય જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. પોતાનું જ સ્વરૂપ હોવાથી સ્વરૂપપ્રત્યક્ષ છે. એવા સ્વરૂપપ્રત્યક્ષ અમૃતની સાથે અહીંયાં રાગની સરખામણી કરી છે.

પ્રશ્ન :– સ્વરૂપપ્રત્યક્ષ છે એટલે ?

સમાધાન :– સ્વરૂપપ્રત્યક્ષ છે એટલે સ્વરૂપે કરીને પ્રત્યક્ષ છે. કોઈ બીજાને જોવે છે એમ નથી. સ્વ-રૂપે પ્રત્યક્ષ છે. સ્વરૂપપ્રત્યક્ષનો અર્થ એ છે. પ્રત્યક્ષ છે અને એ સ્વ-રૂપે જ પ્રત્યક્ષ છે, સ્વ-રૂપે પ્રત્યક્ષ છે. પોતે જ પ્રત્યક્ષ છે અને પોતારૂપે પ્રત્યક્ષ છે એ સ્વરૂપપ્રત્યક્ષ છે.

એવું જે અમૃતનું સરોવર આત્મા છે એની પાસે આ એક સમયનો રાગ એને કાળો નાગ દેખાય છે. હજી મારી ભૂમિકા પૂર્ણ નથી એટલે વાંધો નહિ–એ પ્રકાર નથી. એ ઊલટો અભિપ્રાય છે. અભિપ્રાયમાં એમ રહે કે, હજી તો હું વીતરાગ થયો નથી તેથી મને રાગ તો હોય જ ને ! એમ જાણવું એક વાત છે અને અભિપ્રાય હોવો બીજી વાત છે. બે બહુ મોટી જુદી-જુદી વાત છે. આ અભિપ્રાય તદ્દન વિપરીત છે. અવસ્થામાં રાગ થાય અને જણાય (એ) બીજી વાત છે. પણ એ હોય ને ! –એવો જે એનો અભિપ્રાય છે એ એકદમ વિપરીત અભિપ્રાય છે.

મુમુક્ષુ :– એક સમયના રાગમાં 'સહદેવ', 'નકુલ'ને ૩૩ સાગરની સજા થઈ.

પૂજ્ય ભાઈશ્રી :– ભયંકરતાનો વિચાર કરવા જેવો છે. રાગની ભયંકરતાનો વિચાર કરવા જેવો છે. ૩૩ સાગરની જેલ પડી ! ૩૩ સાગરની જેલ પડી, આ તો એમનો 'નેમિનાથ' ભગવાનના (વખતમાં) ઉદય હતો, ભગવાન 'નેમિનાથ', 'શ્રીકૃષ્ણ'ના વખતમાં પાંડવો હતા ને ? એ વખતે સ્વર્ગમાં ગયા છે. ૩૩ સાગર એટલે આવતી ચોવીસીમાં કેટલાય તીર્થંકરો પછી વારો આવે. એ (રાગ) તો વળી સંજ્વલનનો હતો. અહીં તો અનંતાનુબંધીનો ! મિથ્યાત્વ અવસ્થામાં તો કાળામાં કાળો સર્પ ! ઝેરીમાં ઝેરી સર્પ ! એમ. પેલો તો સંજ્વલનનો (રાગ), અલ્પ, બહુ અલ્પ, બહુ પાતળો ! એક ટકોરો મારે ને તૂટી જાય. વીતરાગતાની શ્રેણી માંડે (એટલે) જાય કેવળજ્ઞાનમાં ! એક જ છેલ્લો ઘા બાકી, એમ સમજો ! લડાઈ કરતા-કરતા એક જ ઘા બાકી (રહ્યો) એને ૩૩ સાગરની જેલ ! અને 'અમૃતચંદ્રાચાર્યદેવ' 'પંચાસ્તિકાય સંગ્રહ'ની ૧૭૨મી ગાથાની ટીકામાં લખે છે કે, ત્યાં બળબળતા અંગારામાં શેકાવાનું છે. દેવલોકમાં ચીરકાળ પર્યંત, બહુ લાંબા આયુષ્ય છે, ચીરકાળ પર્યંત બળબળતા અંગારામાં શેકાવું પડે છે. કેમકે ત્યાં દ્રવ્યલિંગી મુનિની વાત લીધી છે અને એ નવમી ગ્રૈવેયકે ૩૧ સાગરની સ્થિતિએ જાય છે. ૩૧ સાગર સુધી, મિથ્યાત્વ સહિત છે ને (એટલે) બળબળતા અંગારામાં શેકાશે. અને જ્ઞાનીને રાગ આવે છે એ તો અંગારો જ છે. એને 'રાગ આગ દહે સદા' આગ જ છે, સદાયને માટે એ આગ જ છે. એમાં જરાય શીતળતા છે (એમ નથી), એ રાગનો સ્વભાવ નથી.

'ગુરુદેવ' પુણ્યના પરિણામ માટે એમ કહેતા કે, ભાઈ ! આ પુણ્યના ફળ આવ્યા પણ એના કારણરૂપ જે પુણ્યના પરિણામ થયા છે એ તો તારા આત્માની શાંતિને દઝાડીને થયેલા છે ! દઝાડીને એટલે બાળીને. આત્માની શાંતિ બળે એમાંથી પુણ્ય થાય છે. ઉખડિયા ! ખીચડી બળી જાય (પછી) બહાર ફેંકી દ્યે એ કાગડા ભેગા થઈને ખાય. કાગડાને માટે પાછું એ મિષ્ટાન્ન છે ! એને ચોખા–મગની ખીચડી ક્યાંથી ખાવા મળે ? એ તો રાજી-રાજી થઈ જાય કે, આ...હા...! આપણો તો પુણ્યનો ઉદય આવ્યો ! તો કહે છે, આ તો દાઝેલા ઉખડિયા છે. આત્માની શાંતિ બાળીને ઉત્પન્ન થયેલાં છે. એવો અભિપ્રાય છે. 'સોગાનીજી'એ એ કહ્યું કે, ઉપયોગ બાહર નિકલા કિ, જમ કા દૂત સમજો ! – આ અભિપ્રાય છે. ઉપયોગ બહાર ગયો (કે) સામે મોત જોવામાં આવે છે. મૃત્યુ જોવામાં આવે છે. યમનો દૂત તો મૃત્યુ આવે ત્યારે દેખાય છે ને ?

જ્ઞાનીનો એવો અભિપ્રાય છે કે, રાગ છે તે ઝેર છે, કાળો નાગ છે, કાળો સર્પ છે. **'હજુ આસક્તિને લઈને જ્ઞાની બહાર થોડા ઊભા છે, (એમાં) રાગ છે,...'** આ તો એ દશામાં છે ત્યારની વાત છે, બચાવ કરવાની વાત નથી. જ્ઞાનીની દશાનું વર્ણન જાણીને કેટલાક ઊંધાં પરિણમે છે કે, જુઓ ! જ્ઞાનીને રાગ છે, જ્ઞાની રાજપાટ કરે છે, જ્ઞાની વેપાર-ધંધો કરે છે, જ્ઞાનીને કુટુંબ-પરિવાર છે, જ્ઞાનીને આમ છે તો પછી અમારે તો હજી હોય જ ને ! ભૂમિકા અનુસાર તો હોય જ ને ! -એકદમ વિપરીત વાત છે. એવી રીતે કોઈ દિવસ દોષનો પક્ષ કરાય નહિ અને જ્યારે જીવ દોષનો પક્ષ કરે ત્યારે દોષની તીવ્ર દૃષ્ટિ, મિથ્યાત્વ તીવ્ર થાય. દર્શનમોહ તીવ્ર થાય ત્યારે જીવ દોષનો પક્ષ કરે. દોષનો પક્ષ કરવામાં આ બહુ મોટો દોષ છે કે, દર્શનમોહને વધારે છે, દર્શનમોહનો રસ ત્યાં તીવ્ર થાય છે.

પ્રશ્ન :- ત્યાં શું લેવું ?

સમાધાન :- જ્ઞાનીના અભિપ્રાય સાથે પોતાનો ભાવ મેળ ખાવો જોઈએ. જો જ્ઞાની થવું હોય તો એને જ્ઞાનીને અનુસરવું જોઈએ, જ્ઞાનીના અભિપ્રાયને અનુસરવું જોઈએ, જ્ઞાનીની ચાલને અનુસરવું જોઈએ તો જ્ઞાની થવાય, વિરુદ્ધ જઈને કેમ થવાય ? એ તો કોઈ રીતે થવાય નહિ.

હજુ જ્ઞાની આસક્તિ હોવાથી, આ આસક્તિ છે એ ચારિત્રમોહ છે. દર્શનમોહ નથી પણ ચારિત્રમોહ છે. સ્વરૂપમાં પૂર્ણપણે સ્થિર રહેવાનું સામર્થ્ય અથવા પ્રગટ શક્તિ ઉત્પન્ન નથી, તેથી અજ્ઞાનભાવે પૂર્વમાં બાંધેલા પૂર્વકર્મના ઉદયકાળે, એ તો અજ્ઞાનભાવે બાંધેલા છે, એના ઉદયકાળે મચક ખાય જાય છે, એને થોડો આંચકો લાગે છે પણ જાગૃતિ અને સાવધાની સહિત છે. જ્ઞાની મચક ખાય છે, સહેજ ડોલી જાય છે પણ મૂળમાંથી નહિ, મૂળમાંથી ખસીને નહિ. આત્માનું શ્રદ્ધા-જ્ઞાન છોડીને નહિ અથવા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની પરિણતિ છોડીને નહિ. પરિણતિ રહે છે અને ઉપયોગ બહાર જાય છે, રાગ થાય છે, ત્યારે એને રાગ સંબંધીનું જ્ઞાન પણ થાય છે કે, આ રાગ છે એ એકાંતે હેય જ છે. જરાપણ, કથંચિત્‌પણે અને અનેકાંતપણે ઉપાદેય છે એ વાત જ્ઞાનીના અભિપ્રાયમાં નથી. કઈ અપેક્ષાએ ઘરમાં કાળો નાગ રાખવા જેવો હોય ? લ્યો, અપેક્ષા બતાવો ! રાગને રાખવો એટલે ઘરમાં કાળા નાગને રાખવો. આત્મામાં થાય છે એટલે ઘર કહેવાય ને !

મુમુક્ષુ :- જ્ઞાનીની વચન ઉપર વિશ્વાસ જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- વિશ્વાસ ન હોય તો પછી કેવી રીતે એનો લાભ થાય ? વિશ્વાસ

સહિત વિચાર કરે તો અનુભવ થાય. 'દીપચંદજી'એ 'અનુભવ પ્રકાશ'માં એ વાત લીધી છે, આમાં-'આત્માવલોકન'માં પણ લીધી છે. વિશ્વાસ સહિતનો વિચાર એ અનુભવનું કારણ છે. અવિશ્વાસથી વિચાર કરે તો એ વિચાર એને આગળ વધવામાં જરા પણ સાર્થક થતો નથી.

'સમયસાર'માં ગાથા આવે છે કે, જેમ સોનામાંથી બધાં આભુષણ સોનાના જ બને છે. જેટલા ઘાટ કરવામાં આવે, કોઈપણ પ્રકારના ઘાટ કરવામાં આવે તે બધાં ઘાટ સોનામય છે. એમ જ્ઞાનસ્વભાવી આત્મા, જ્ઞાનમય આત્મા હું છું એવા અનુભવમાંથી, એવી પરિણતિ હોતાં આત્માના જ્ઞાનસહિત પછી જે પરિણમન ચાલ્યું એમાં જ્ઞાનીની બધી પર્યાયો જ્ઞાનમય જ છે. જ્ઞાનીનું બધું પરિણમન જ્ઞાનમય છે, એવી એક ગાથા છે. ત્યારે કોઈ એમ કહે કે, પણ આસક્તિને લઈને જ્ઞાનીને તો રાગ પણ છે. તો કહે (છે) કે, રાગ છે ત્યારે પણ આ 'રાગ છે તે હું નથી' એવું જ્ઞાનમય પરિણમન છે. રાગ છે, પણ રાગ છે ત્યારે જ્ઞાનમયપણું કેમ લીધું ? 'આ રાગ છે તે હું નથી, આ પુણ્યનો ભાવ છે-શુભભાવ છે તે હું નથી, એવું મારું સ્વરૂપ નથી, એ કાળો નાગ છે.' એવું એને જ્ઞાન હોય છે અને એ જ્ઞાન હોવાને લીધે એમનું પરિણમન જ્ઞાનમય છે એમ કહેવામાં આવે છે. રાગથી ભિન્નતા થતી હોવાથી રાગમય પરિણમન નથી કહેવાતું. રાગ છે ખરો પણ રાગમય પરિણમન નથી. મય એટલે તન્મય. એમાં તન્મય થવું એવું એકત્વરૂપ પરિણમન જ્ઞાનદશામાં થતું નથી. એટલે બધું પરિણમન જ્ઞાનમય છે, એની સર્વ દશા જ્ઞાનમય છે એમ લેવાય છે.

**'હજી આસક્તિને લઈને જ્ઞાની બહાર થોડા ઊભા છે,..'** એમ લીધું છે ને ? **'થોડા'** શબ્દ લીધો છે. ઘણાં ઊભા છે એમ નથી લીધું. પણ સંયોગથી માપ જોવે તો પૂર્વકર્મના ઉદય અનુસાર સંયોગ હોય, વળી એનો-ચારિત્રમોહનો રાગ પણ સાથે હોય. એકલા સંયોગ હોય એમ નહિ. (એવું નથી કે) સંયોગ પડ્યા છે, એ તો ધ્યાનમાં છે, એમ નથી. ચારિત્રમોહનો રાગ છે. જેમકે ચક્રવર્તીનો પુણ્યનો ઉદય આવે છે, જન્મથી કોઈ ચક્રવર્તી નથી, તે ભવમાં જ્યારે એનો રાજ્યાભિષેક થાય છે પછી ચક્રવર્તીના પુણ્યનો ઉદય આવે છે. જેમકે 'ભરત ચક્રવર્તી' 'ઋષભદેવ ભગવાન' જ્યાં સુધી રાજ કરતા હતા ત્યાં સુધી 'ભરત' ચક્રવર્તી નહોતા. જ્યારે એમણે રાજનો ત્યાગ કરીને એમનો-'ભરત મહારાજા'નો રાજ્યાભિષેક કર્યો ત્યાર પછી ચક્રવર્તીપદનો ઉદય આવે છે. ક્ષાયિક સમ્યગ્દર્શન હોવા છતાં, પહેલાં તો એ ધર્મ બાજુ વળે છે. એક તો ઘરમાં બહુ મોટો પ્રસંગ એ હતો કે, પોતાના જ પૂજ્ય પિતાશ્રી

પહેલી-વહેલી ચોથા કાળના પ્રારંભમાં જિનદીક્ષા અંગીકાર કરે છે. એ પહેલાં કોઈ આ ભરતક્ષેત્રને વિષે મુનિ નહોતા, કોઈ ધર્મી નહોતા, કોઈ મુનિ નહોતા અને ધર્મ પ્રગટાવે એવી કોઈ પરિસ્થિતિ નહોતી. એ 'ઋષભદેવ' ભગવાને શરૂઆત કરી. એટલે એમણે દીક્ષા લીધી, દીક્ષા લીધી પછી કેવળજ્ઞાન થયું, કેવળજ્ઞાન થયા પછી સમવસરણની અંદર ઉપદેશ ચાલ્યો અને ફટાફટ જેમ દીવાથી દીવાની રોશની પ્રગટે એમ જ્ઞાનીઓની વણઝાર શરૂ થઈ ! 'ભરત મહારાજા'ને પણ ક્ષાયિક સમ્યગ્દર્શન થયું. એ ક્ષાયિક સમ્યગ્દર્શન થયું અને અહીંયાં ચક્રવર્તીપદનો ઉદય આવ્યો. એક સાથે બે ઉદય ! અંદરમાં આત્મામાં સમ્યગ્દર્શનનો ઉદય, બહારમાં પુણ્યનો ઉદય ! એકસાથે બે વાત છે. પુણ્ય અનુસાર પ્રવૃત્તિ પણ થાય છે.

મુમુક્ષુ :– 'આદિનાથ ભગવાન'ને કેવળજ્ઞાન થયું અને અહીંયાં ચક્રવર્તીપદનો ઉદય આવ્યો.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમ થયું. એ હિસાબે તો સમ્યગ્દર્શન લઈને આવ્યા હોય, એમ થાય ને ? લડે છે ત્યારે તો સમ્યક્સહિતની દશામાં લડે છે ને ? કેવળજ્ઞાન પછી તો નથી થયું. કથા તો એમ આવે છે. બરાબર છે, એકસાથે બે સમાચાર મળે છે. ચક્ર સહિત ચૌદ રત્નો આયુધશાળામાં ઉત્પન્ન થયા છે. આ બાજુથી સમાચાર આવે છે કે, ભગવાનને કેવળજ્ઞાન થયું છે. (એટલે) પહેલાં જાય છે ભગવાનની પૂજા કરવા. પહેલાં આયુધ હાથમાં લેતા નથી. એ રહેવા દ્યો. આ મોટી વાત છે ! પછી જાય છે. ત્યાં લોકો ચારિત્રમોહના રાગથી જોવે છે. ચારિત્રમોહ છે કે દર્શનમોહ છે એ આમ સમાજને તો સમજાતું નથી. એટલે એ તો બીજાઓની જેમ જ સમજે છે. સામાન્ય રીતે તો જ્ઞાનીને લોકો બીજા સામાન્યજનોની જેમ સમજે છે. કેમકે એને પૂર્વકર્મનો ઉદય કોઈ એવો જ હોય છે, જે અજ્ઞાનભાવે બાંધેલા કર્મોનો ઉદય આવે છે. તો ત્યાં એને સમજ પડતી નથી કે, આ તે કેવી રીતે જ્ઞાની હોય ? ઇચ્છાએ કરીને કામ કરતા દેખાય, એવો પોતાનો સ્વયંનો બુદ્ધિપૂર્વકનો રાગ જોવામાં આવે, બીજાને સમજાય એવો કે, આણે આવા રાગની ઇચ્છા કરી, આવા રાગની ઇચ્છા કરી. ત્યારે સામાન્યબુદ્ધિમાં એ દશા સમજી શકાતી નથી અથવા સામાન્ય યોગ્યતામાં પણ, મુમુક્ષુને પણ (સમજાતી નથી). સામાન્યબુદ્ધિ એટલે જગતના વ્યવહારી જીવોને ન સમજાય એ તો સંભવિત વાત છે. પણ મુમુક્ષુમાં પણ સામાન્ય યોગ્યતામાં (રહેલા) મુમુક્ષુને જ્ઞાનીની ઓળખાણ થતી નથી. તીવ્ર મુમુક્ષુતામાં જ્ઞાનીની ઓળખાણ થાય છે. વિશેષ યોગ્યતામાં જ્ઞાનીની ઓળખાણ થાય છે.

કહે છે કે, **'હજુ આસક્તિને લઈને જ્ઞાની બહાર થોડા ઊભા છે,...'** હવે થોડા કેમ ગણવા ? આપણે વિચારવાનો એ પ્રશ્ન ચાલતો હતો. આટલો મોટો લડાઈનો આરંભ-સમારંભ કરે અથવા કોઈ શ્રીમંત હોય તો એના પ્રમાણમાં એનો બધો કારોબાર હોય; પુણ્યનો ઉદય હોય તો એના પ્રમાણમાં કારોબાર હોય ને ? રાજા હોય તો એના પ્રમાણમાં એનો કારભાર ચાલતો હોય. તો એ થોડા ઊભા છે એમ કેમ ગણવું ? વૈરાગી હોય, સાદા કપડાં પહેર્યાં હોય, દાગીના પહેરતા ન હોય, સાદો ખોરાક લેતા હોય, કોઈ વિશેષ મોજશોખ કે એવું કાંઈ ન દેખાતું હોય તો તો એમ કહો કે, એ થોડાક (ઊભા) છે, થોડુક છે, એ પૂર્ણ વીતરાગ નથી થયા. પણ મોટા લાખો-કરોડોનો આભુષણ પહેર્યાં હોય, રત્નોના મોટા સિંહાસન હોય, મોટા-મોટા મહેલ ને પલંગ ને નોકરચાકર ને બધી મોટી સામગ્રીની એટલી બધી વણઝાર હોય, એવો ખોરાક હોય–ચક્રવર્તીનો ખોરાક એવો હોય, હીરા-મોતીની ભસ્મો ખોરાકમાં નાખતા હોય. 'ગુરુદેવ' વર્ણન કરતા ને ? કે, એના આખા લશ્કરનો ખોરાક રંધાતો હોય. જ્યાં યુદ્ધ કરવા જાય ત્યાં ચક્રવર્તીનું પુણ્ય છે કે, વાવે તે દિવસે લણે. જે દિવસે વાવે તે દિવસે લણે અને તે દિવસે એનો આટો બનાવીને (ખોરાક બનાવે). એને અનાજના ટ્રક સાથે ફેરવવા ન પડે ! સાથે અનાજ લઈ જવું ન પડે. એના પુણ્યથી જે જગ્યાએ જાય ત્યાં બધી વ્યવસ્થા ત્યાંને ત્યાં થઈ જાય અને ત્યાંને ત્યાં બધાં જમી લે ! પણ એના આખા લશ્કરના ખોરાકમાં ચક્રવર્તીના ખોરાકનો એક કોળિયો નાખે તો કોઈ પચાવી ન શકે. કેટલા ભાગે આવે ? કેટલા ભાગે એક કોળિયો વહેંચાઈ જાય પણ એ કોઈ રજકણને પચાવી ન શકે ! વૈરાગી કેવી રીતે ? થોડા ઊભા છે કેવી રીતે ? આમ લાગે કે ન લાગે ? થોડા કેવી રીતે કહેવા ? કે, એની રસની માત્રા જોઈને એમ કહે છે.

જે ચારિત્રમોહનો રાગ છે એ રાગમાં એ વિરક્ત છે, રાગથી વિરક્ત છે, એની અંદર રાગરસ નથી. એટલે થોડા ઊભા છે એમ વાત છે. સંયોગથી જોવે તો કાંઈ સમજાય એવો વિષય નથી અને પરિણામને જોવા માટે તો એની દૃષ્ટિ જોઈએ અથવા એનો પરિચય જોઈએ. પરિચય વગર તો કોઈને સમજી શકાતું નથી. એટલે જ્ઞાનીને ઓળખવા માટે જ્ઞાનીના સંગમાં વસવું પડે છે. કહે છે ને ? 'સોનું જુવો કસી ને માણસ જુઓ વસી' દીકરાના લગ્ન કરીને ઘરમાં વહુ લાવે છે ને ? જ્યારે એની સાથે સગપણ કરવું હોય, સામાવાળાની દીકરી સાથે સગપણ કરવું હોય ત્યારે બધા Report મેળવે. Confidentialમાં Confidential report મેળવે કે, એની બહેનપણી કોણ છે ? એને પૂછે. એની બહેનપણી એનું ખરાબ કહેશે કે

સારું કહેશે એ બીજી વાત છે ! પણ ચકાસણી કરવામાં, ચતુરાઈ કરવામાં તો જીવ કાચું રાખતો નથી. પછી સારું હોય તો જ કરે, નહિતર તો કરે નહિ, સીધી વાત છે. એને અનુકૂળ લાગ્યું હોય કે, વાંધો આવે એવું નથી, ત્યારે તો કરે છે. પછી એવું જ બધું બરાબર નીકળે છે ? એ સંભવ નથી. નવ્વાણું બાય નવ્વાણું તો એવું નીકળતું નથી. એકાદ ટકામાં નીકળતું હોય એ જુદી વાત છે. એનો અર્થ શું ? કે, ખબર ક્યારે પડે છે ? કે, પ્રસંગ પડે ત્યારે ખબર પડે છે. પ્રસંગ પડે એટલે સહવાસમાં ઓળખાય છે કે આની યોગ્યતા કેવી છે ?

ઓળખવામાં પરિચય અને સહવાસ સિવાય બીજો કોઈ ઉપાય નથી, બીજી કોઈ રીત નથી. જ્ઞાનીને ઓળખવા માટે જ્ઞાનીનો સંગ અને સત્સમાગમનો ઉપદેશ કરવામાં આવ્યો છે. ખાલી-માત્ર સાંભળવા જાય, ઉપર-ઉપરથી ક્યારેક-ક્યારેક સાંભળવા જાય અને જ્ઞાનીની ઓળખાણ થઈ જાય (એમ બનતું નથી) અથવા ઘણાં જીવો જ્ઞાની માને માટે પોતે પણ માનતો થાય, લોલમાં લોલ કરે-આ ગાય ત્યારે કરે ને ? બીજાું યાદ ન રહે (પણ) પાછળ ‘લોલ...’ બોલવામાં વાંધો નહિ. અમારે ગુજરાતીની અંદર ગરબા ગાય છે ત્યારે પાછળ ‘લોલ...’ એવો શબ્દ આવે. બીજાું કાંઈ ન બોલે, આખી લીટી જવા દે, પાછળ ‘લોલ...’ બોલે એટલે ચાલ્યું ! પોતે પણ ગાય છે. બીજાં પણ ગાય છે અને હું પણ ગાઉં છું. આ દશા થાય. એથી કાંઈ વળતું નથી અને એ કાંઈ કામમાં આવતું નથી. ઓળખાણ થાય તો એક નિષ્ઠાએ જ્ઞાનીની આજ્ઞાનું આરાધન થાય. એક નિષ્ઠાએ ! મનથી, વચનથી, કાયથી, તન-મન-ધનથી એનું સમર્પણ આવ્યા વિના રહે. આ નિયમબદ્ધ વાત છે.

મુમુક્ષુ :- જ્ઞાનીને ઓળખે એ જ્ઞાની થાય !

પૂજ્ય ભાઈશ્રી :- જે જ્ઞાનીને ઓળખે એ જ્ઞાની થયા વિના રહે નહિ. નિયમબદ્ધ વાત છે.

મુમુક્ષુ :- જ્ઞાનીને ન ઓળખવામાં મોટું નુકસાન છે.

પૂજ્ય ભાઈશ્રી :- તક જાય છે હાથમાંથી, અનંતવાર ગઈ છે. હાથમાંથી તક ચાલી જાય છે. હીરો હાથમાંથી પડી જાય કે નદી (કે) દરિયામાં જાય તો રોવા માંડે. અર..ર..ર...! લાખ-કરોડનો મારો હીરો ચાલ્યો ગયો, હવે પત્તો નહિ ખાય. મનુષ્યભવ તો રત્નચિંતામણિ ! એક-એક સમય રત્નચિંતામણિ તુલ્ય છે !! જાય છે હાથમાંથી ! કેટલો ખેદ થાય છે ? એ વિચારનો વિષય છે.

**'થોડા ઊભા છે,...'** એમ કહેવા પાછળ, એને અલ્પ રાગરસ છે (એમ બતાવવું છે). રાગ છે પણ અલ્પ રાગરસ છે, ચારિત્રમોહનો રાગ તદ્દન લૂખો છે, સ્વામીત્વ વિનાનો છે અને જેમાંથી પોતાનું અસ્તિત્વ ઉઠાવી લીધું છે એવો છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' ચૂરમાના લાડવાનો દાખલો આપતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એને એ જરાય મીઠો લાગતો નથી. લાડવો મીઠો લાગતો નથી. આ જુઓને ! એક પરિસ્થિતિવશ કેવી વાત છે ! એનો એ લાડવો છે. મીઠાશને લઈને રોજ ખાતો હતો એ જ લાડવો એને મીઠો (બારમાના દિવસે) નથી લાગતો. આવી વાત છે. આત્માના હિતની વાત, જ્ઞાનીની વાણી, ભગવાનની વાણી – જે કહો તે મીઠી અમૃત જેવી હોય છે તોપણ મિથ્યાત્વનું ઘણું જોર હોય છે તો એને એ મીઠી લાગતી નથી, કેટલાંકને તો કડવી લાગે છે ! વિરોધ આવે છે–આવું કહે છે, આમ કહે છે... આમ કહે છે... દ્વેષ થઈ આવે છે. ઘણો તાવ ચડ્યો હોય તો સાકર કડવી લાગે. સાકર કડવી લાગે ! બહુ તાવ ચડ્યો હોય તો સાકર કડવી લાગે. સાકર થોડી કડવી છે ? એ તો સ્વભાવે કરીને મીઠી છે. બહુ તાવ ચડ્યો હોય તો સાકર કડવી લાગે. મોઢું બગડી ગયું હોય અને મોઢું કડવું થઈ ગયું (હોય). સાકર કડવી નથી. મોઢું કડવું થઈ ગયું છે એટલે જે આવે ઇ કડવું જ લાગે છે. એવી દશા થાય છે.

પ્રશ્ન :- 'ગુરુદેવ'ની આવી વાણી ચાલતી હોય અને દ્વેષ આવે તો શું સમજવું ?

સમાધાન :- બહુ માઠી–ખરાબ સ્થિતિ છે. ઘણો રોગ વધી ગયો હોય એવી સ્થિતિ છે. મિથ્યાત્વનો રોગ–દર્શનમોહનો રોગ બહુ વધી ગયો છે – એવી સ્થિતિ છે. એટલે તો 'શ્રીમદ્દ્જી'એ કહ્યું ને કે, એમણે કહેલું સર્વ સંમત કરવું.

શ્રોતા :- સંયોગમાં સુખબુદ્ધિ હોય અને જ્ઞાનીની વાણી પ્રત્યે દ્વેષ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- સંયોગમાં સુખબુદ્ધિ છે એ દર્શનમોહ છે (એમાં) કેટલાક તો એવા હોય છે કે, સંયોગમાં સુખબુદ્ધિ અને રુચિ હોય પણ જ્ઞાનીની વાણી પ્રત્યે હજી એટલો દ્વેષ ન પ્રગટ થતો હોય, (પણ) એની યોગ્યતા છે કે ક્યારે દ્વેષ કરી બેસે ઇ નક્કી નહિ.

મુમુક્ષુ :- અબુદ્ધિપૂર્વકનો દ્વેષ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો આત્માની અરુચિ છે એટલે બધી અરુચિ જ ગણવી જોઈએ. પણ જે પ્રગટ દ્વેષ કરે છે એવા જેના પરિણામ ચાલે છે એ તો ઘણી મુશ્કેલીમાં મુકાયેલા જીવો છે. ઘણી મુશ્કેલીમાં મુકાયેલા જીવો છે. અથવા તીવ્ર અનંતાનુબંધીના કષાયમાં

વર્તે છે, એ પ્રકાર છે.

મુમુક્ષુ :– ઘણાં મુમુક્ષુને એમ થઈ જાય કે આ કલાક ક્યારે આવે ! આજે અત્યારે પૂરો થયો હવે તો કાલે ક્યારે સવાર થાય એની રાહ જોવાય.

પૂજ્ય ભાઈશ્રી :– આ તો બધું અમૃત છે ! જ્ઞાનીનાં વચનો એટલે બધું અમૃત છે !!

મુમુક્ષુ :– અમૃત ક્યારે મળે એમ થાય !

પૂજ્ય ભાઈશ્રી :– એમાંથી અમૃતનો રસ લેવાનો છે. એ અમૃત છે એમાંથી અમૃતનો રસ લેવાનો છે.

પ્રશ્ન :– દ્રવ્ય દર્શનમોહ અને ભાવ દર્શનમોહમાં શું ફેર ?

સમાધાન :– (દ્રવ્ય દર્શનમોહ) પરમાણુનો ઉદય છે અને આ જીવનો ભાવ છે. દ્રવ્યકર્મ અને ભાવકર્મમાં ભાવકર્મ તે જીવનું કાર્ય છે. કર્મ એટલે કાર્ય અને દ્રવ્યકર્મ એટલે ત્યાં પરમાણુની પર્યાય છે. તે પ્રકૃતિની કર્મની પર્યાય (છે) તે દ્રવ્યકર્મ છે.

શાસ્ત્ર સ્વાધ્યાય એટલે પુસ્તકના વચનોનો અર્થ કરવો એટલું નહિ. આપણે વિષય શું ચાલતો હતો કે, શાસ્ત્રનો સ્વાધ્યાય એટલે માત્ર શાસ્ત્રવચનોનું, આ શબ્દનો આ અર્થ થાય, આ શબ્દનો આ અર્થ થાય, આ વાક્યની આ અપેક્ષા છે એટલું માત્ર નહિ. શાસ્ત્ર એટલે સ્વભાવના જોરમાંથી નીકળેલા વચનો. કેમકે જ્ઞાની તો અંદરમાં સ્વભાવ પ્રત્યેના જોરવાળા પરિણમનમાં વર્તે છે. રાગ ઉપરનું એનું જોર નથી એટલે તો એ **'થોડા ઊભા છે'** એમ કીધું. કેમ ઇ થોડા ઊભા છે ? કે, રાગ ઉપર એની ભીંસ નથી, રાગ ઉપર એનું જોર નથી. સ્વભાવના જોરમાં જે પરિણમન વર્તે છે એ પરિણમનની ભૂમિકામાંથી જે વચનો ઉગ્યા–ઉત્પન્ન થયા એમાં જે રસથી એ વચનો આવ્યા, સ્વભાવરસથી–આત્મરસથી જે વચનો આવ્યા એટલે એ વચનોમાં પણ આત્મરસ ભર્યો છે. એમાંથી એ નિમિત્તે પોતાનો આત્મરસ ઉત્પન્ન કરવો. જે આત્મરસના નિમિત્તે વચનો ઉત્પન્ન થયા તે વચનોના નિમિત્તે પોતાનો આત્મરસ ઉત્પન્ન કરવો એનું નામ સ્વાધ્યાય છે. આત્મરસ ઉત્પન્ન કરવો એ સ્વાધ્યાયનો ખરો અર્થ છે.

સામાન્ય રીતે વિદ્વાનો અને પંડિતો જે શાસ્ત્ર વાંચે છે એમાં એ રસ નથી આવતો એનું કારણ છે કે, આત્મરસમાંથી એ ભાષા નથી આવતી. એ કષાયના રસમાંથી–રાગરસમાંથી એ ભાષા ઉત્પન્ન થઈ હોય છે. બહિર્દષ્ટિના રસમાંથી એ ભાષા ઉત્પન્ન થઈ હોય છે. (એટલે) કષાયના જોરમાં જે વચનો હોય એનાથી બીજાને પણ હિત થવાનું કોઈ કારણ થતું નથી

અને જ્ઞાનીનાં તો એક વચનમાંથી, લાયકાત હોય તો કોઈને એક જ વચનમાંથી ગોળી વાગે ! એવો રસ ભર્યો છે !

કાલે પૂજ્ય 'બહેનશ્રી' એટલું બોલતા હતા (કે), જ્ઞાયક... જ્ઞાયક એટલે લૂખો જ્ઞાયક નથી. આત્મા કોઈ અપૂર્વ તત્ત્વ છે એમ લાગવું જોઈએ. જ્ઞાયક ! જ્ઞાયક આત્મા કોઈ અપૂર્વ તત્ત્વ છે ! ઠીક, અપૂર્વ તત્ત્વ છે. અનાદિનો છે, છે તો અનાદિનો પણ જો આમ એને એનો મહિમા આવે તો એને આ રીતે આવે. એમ (કહેવું છે). જો સ્વરૂપનો મહિમા આવે તો આત્માની અપૂર્વતા ભાસ્યા વિના રહે નહિ. એ વિષયની વાણી પણ અપૂર્વ લાગે ! આ તો (અજ્ઞાનીને એમ લાગે કે) આ તો રોજ એનું એ સાંભળીએ છીએ કે, આત્મા અપૂર્વ છે, આત્મા જ્ઞાયક છે, આત્મા જ્ઞાનસ્વરૂપી છે – એમ નહિ. આત્મા પણ અપૂર્વ અને આત્માને બતાવનારી વાણી પણ અપૂર્વ લાગે ! એ મહિમાનું લક્ષણ છે. ('બહેનશ્રી'ની ચર્ચામાં) વાત તો ટૂંકી ચાલી છે પણ બહુ એવી વાત આવે છે !

અહીંયાં એમ કહે છે કે, (જ્ઞાનીને) રાગ છે (પણ) થોડા બહાર ઊભા છે. અલ્પ માત્રામાં બહાર જાય છે. બહાર જાય છે એનું જ્ઞાન રહે છે કે, આ જેટલું વલણ બહાર જાય છે, જેટલા અંશે બહાર જાય છે એ આત્માને એકાંતે નુકસાનનું કારણ છે. જરા પણ લાભનું કારણ છે એ વાત નથી, એકાંતે નુકસાનનું કારણ છે. એટલો રાગ છે, થોડો અલ્પ રાગ છે. '**પણ અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે.**' અભિપ્રાય છે એ જ્ઞાનની નિશ્ચિત થયેલી– નિર્ણિત થયેલી પર્યાય છે. નિર્ણય અનુસાર જ્ઞાનની અને બીજા ગુણોના પરિણામની ગતિ કે સ્થિતિ હોય છે. નિર્ણય અનુસાર હોય છે. અને સર્વ કાર્યમાં પહેલો નિર્ણય જ કરવો પડે છે. એ વગર કોઈ કાર્યનો પ્રારંભ થઈ શકતો નથી.

અહીંયાં એક નિર્ણય થઈ ગયો છે કે, આત્મા આનંદ-અમૃતનો કુંભ છે અને આ રાગ છે એ કાળો નાગ છે. આ બન્ને જ્ઞાનથી–સમ્યક્જ્ઞાનથી–અનુભવજ્ઞાનથી નિશ્ચિત થયેલી ચીજ છે અને એ એમ જ રહે છે. એને અનુસાર જ પછી પરિણમન રહે છે. ક્યારે પણ જ્ઞાનીને રાગમાં મીઠાશ આવતી નથી. કેમકે જેના અભિપ્રાયમાં કાળો સર્પ છે એને એની મીઠાશ આવવાનો શું પ્રશ્ન છે ? કે, પ્રશ્ન જ નથી. આ ઘરમાં લાવે છે ને ? કોઈ કીડીની દવા લાવે છે, મચ્છરોની દવા લાવે છે. એ થોડા-ઝાઝા પ્રમાણમાં ભલે Mild (હોય) પણ Poisonious હોય છે. કીડીઓ તો રસોડામાં થતી હોય (એટલે) થોડી-થોડી છાંટે તો (દવાની) વાસથી પણ થાય નહિ અથવા ચાલી જાય. રસોડામાં રોટલી પણ છે, રોટલી બનાવે, દાળ

બનાવે, શાક બનાવે, રસોઈ બનાવે છે. તો સાવધાની રાખે કે ન રાખે ? થોડું ઝેર પડી જાય તો વાંધો નહિ ! દવા થોડી ઊડીને ભૂકી આમાં પણ આવે તો ? થોડીકમાં શું વાંધો ? જે નિશ્ચય થઈ ગયો કે, આ ઝેર છે એટલે વાપરે તોપણ એની સાવધાની (રહે) ! ઝેરનો ઉપયોગ કરે છે (પણ) સાવધાની રાખે છે. છે કે નહિ ? આ તો Practical જીવનની અંદર વાત છે કે નહિ ? જે બોટલમાં કે કોથળીમાં પાવડર ભર્યો હોય એના ઉપર લખે કે, આ કીડીની દવા–કીડીનો પાવડર છે, ભૂલેચૂકે કોઈ એનો બીજી જગ્યાએ ક્યાંક ઉપયોગ કરી નાખે નહિ. કેમકે ઘરમાં તો ખાવા-પીવાની ચીજો હોય છે. સીધી (કે) આડકતરી રીતે ક્યાંય એનો ઉપયોગ ન થઈ જાય, અજાણપણે પણ એનો ઉપયોગ ન થઈ જાય એના બધાં Precaution – પહેલેથી બધી આગોતરી વ્યવસ્થા કરવામાં આવે છે. જેણે રાગ ઝેર માન્યો છે એ રાગનો આદર કરે છે એ વાત જ્ઞાનીને સ્વપ્નામાં પણ નથી. જાગૃતિમાં તો નથી પણ સ્વપ્નામાં પણ નથી.

મુમુક્ષુ :– ઇન્દ્ર હજાર નેત્ર કરીને નાચે પણ લાગે એમ કે...

પૂજ્ય ભાઈશ્રી :– લાગે કે, હોંશમાં છે. એમ લાગે અને એ હોંશમાં એને મીઠાશ આવે છે એવું બીજાને લાગે. વાહ ! શું ભક્તિ કરે છે જ્ઞાની ! પણ એ તો અંદરમાં તીર્થંકર ભગવાનના પણ આત્માને જોવે છે. એ પણ આત્માને જોવે છે, એના આનંદ-અમૃતને જોવે છે, એની વીતરાગતાને જોવે છે અને વીતરાગતાની સામે નાચે છે. કહેવાય એમ કે, ભગવાનની સામે નાચે છે. પણ ખરેખર તો એ વીતરાગતાના ભાવનો આવિર્ભાવ કરવાનો એનો પ્રયત્ન ત્યાં ચાલે જ છે. બહારમાં રાગ દેખાય છે, અંતરંગમાં એનો પ્રયત્ન છે. ત્યારે એ પ્રયત્ન વિનાના નથી, ત્યારે પણ એ પ્રયત્નવાળા જ છે. બહુમાન તીર્થંકર પ્રકૃતિનું નથી, બહુમાન વીતરાગતાનું છે. એટલે તો 'સમંતભદ્રાચાર્યે' કહ્યું કે, હે ભગવાન ! આપના ચોત્રીસ અતિશય જોઈને હું આપને પૂજું છું, વંદું છું, ભક્તિ કરું છું એવું કાંઈ નથી. એવું તો ઇન્દ્રાજાળીયાને પણ હોય છે, માયાવી જીવોને એવું હોય છે, લબ્ધિવાળાને એવો અતિશય હોય છે; પણ આપની વીતરાગતા છે, આપનું જે સર્વજ્ઞપણું છે, એક સમયમાં ઉત્પાદ્-વ્યય-ધ્રુવને જાણો છો એને લઈને હું નમન કરું છું. એવી સ્તુતિ (કરે). કોઈવાર અતિશયની પણ ભક્તિ કરે પણ એમાં વીતરાગતાને લીધે ભક્તિ કરે છે. મૂળ વાત તો એ છે.

**'પણ અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે. જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદા છે, ન્યારા છે.'** કોઈ તો એમ લ્યે છે કે, જ્ઞાનીને રાગ જ નથી. એમ

નથી. સાધકદશા છે એની ભૂમિકાની મર્યાદામાં એને મર્યાદિત રાગ થાય છે. ભૂમિકાનો બહારનો અમર્યાદિત રાગ કોઈ જ્ઞાનીને થાય નહિ. એવી પરિસ્થિતિ છે. એટલો રાગ છે, મર્યાદિત રાગ છે એની વચ્ચે ઊભા હોવા છતાં પણ એનાથી ભિન્ન છે. મર્યાદિત હોવા છતાં એનાથી ભિન્ન છે. મર્યાદિત પણ (મિથ્યાદષ્ટિની) જેમ નહિ. મિથ્યાદષ્ટિને તો મંદ રાગ હોય તોપણ એમાં એકત્વ છે, તીવ્ર રાગ હોય તોપણ એમાં એકત્વ છે. એ પ્રકાર તો જ્ઞાનીની દશામાં હોતો નથી. એ બતાવવું છે.

**'વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદા છે, ન્યારા છે.'** એટલે 'હું વિભાવથી જુદો છું' એવું એને સ્પષ્ટ ભાન વર્તે છે. એ દષ્ટાંત આમાં આવે છે. પાડોશી સાથે ઘણો સંબંધ હોય, ઘણો પ્રેમ હોય તો પાડોશીને ત્યાં જાય, ઘણો વખત બેસે, એમ કહે કે, અમે તો આ અમારું ઘર જ માન્યું છે. શું કહે ? આ તો અમારું ઘર (જ છે). અમારા હાથે પાણી લઈ લઈએ, અમારા હાથે ચા બનાવી નાખીએ, અમારા હાથે નાસ્તો લઈ લઈએ, અમારા હાથે ખાવાનું પણ લઈને બેસી જઈએ. (એમ) ઘણો પ્રેમ હોય, ખુબ Intimacy હોય. પણ એની મૂડીની માલિકી ક્યારેય ચિંતવે છે ? ઘણાં તીવ્ર સ્નેહના કારણે ઘરની જેમ પ્રવર્તે, ઘણો સમય ત્યાં ગાળે પણ કોઈ દિવસ એની મૂડી ઉપર નજર કરે ? કે, આની મૂડી લઈ લઉં ! કોઈ 'દી સ્વામીત્વ કરે ? (જો કરે) તો એને બહુ મોટો દોષ લાગે. ઘણો પ્રેમ હોય અને જો એની મૂડી ઉપર નજર બગાડે તો કેવડો મોટો દોષ લાગે ? બીજાં કરતાં વધારે લાગે, હોં ! અજાણ્યો કોઈ માણસ એની મૂડી લેવાનો વિચાર કરે અને ઘણાં સ્નેહવાળો એની મૂડી લેવાનો વિચાર કરે તો વધારે દોષિત થયો ને ? એમ. પણ એવું બનતું નથી. સ્વામીત્વ નહિ તે સ્વામીત્વ નહિ. ઘણો રાગ એટલે એની મૂડીનો પણ ધણી થઈ જાય એ સ્વપ્નમાં પણ વિચાર ન કરે. એનું મકાન મારું નહિ, એની મૂડી મારી નહિ એ એમ જ રહે છે. બહુ સ્નેહને કારણે, બહુ પ્રેમને કારણે એવી ભૂલ કાંઈ થતી નથી.

એમ (જ્ઞાની) પૂર્વકર્મને લઈને ભલે સંયોગની અને વિભાવની વચ્ચે ઊભા છે (છતાં) સ્નેહ નથી, પ્રેમ નથી, ક્યારેક એવું દેખાય ખરું કે, પરિવાર પ્રત્યે રાગ છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે રાગ છે એવું દેખાય. શુભ-અશુભ બન્ને રાગ દેખાય. પણ ક્યારેય એનો ધણી થતો નથી, એનું સ્વામીપણું એને આવતું નથી. પારકા ઘરે જાય છે, સ્નેહથી જાય છે કે પૂર્વકર્મના સંબંધથી જાય છે પણ એની સાથે સ્વામીત્વપણે કોઈ રીતે જ્ઞાની સંબંધ કરતા નથી કે એને થતો નથી.

'ગુરુદેવ' એક દૃષ્ટાંત એ પણ આપતા કે, એકવાર પર્વત ઉપર વીજળી પડે અને પર્વતના બે ભાગ થાય, વચ્ચે ખીણ થઈ ગઈ, હવે એને કોઈ ધક્કો મારીને ભેગાં કરી દ્યે, રસ્સી બાંધીને, દોરડા બાંધી-બાંધીને ભીંસ મારીને ભેગા કરે કે અંદર માટી પૂરી-પૂરીને એક પર્વત બનાવી નાખે (એવું બનતું નથી). એ પછી એક પર્વત થાય નહિ. એકતાની તાકાત એમાં રહેલી (નથી), માટી નાખે તોપણ એ જુદાં એ જુદાં ! જુદાં પડ્યા એ કદી ભેગા થાય નહિ. એવું શ્રદ્ધા-જ્ઞાનનું બળ કામ કરે છે. ચારિત્ર જઘન્યભાવે હોવા છતાં, ચોથા ગુણસ્થાને જ્ઞાનદશામાં અલ્પ માત્રામાં ચારિત્ર હોવા છતાં શ્રદ્ધા-જ્ઞાનનું બળ કોઈ અલૌકિક બળ છે ! અને એ બળથી જ્ઞાની પોતાના ધ્યેય પ્રત્યે આગળ વધી જ રહ્યા છે, આગળ વધતા જ જાય છે.

એ (રીતે આ બોલમાં) અભિપ્રાયના દૃષ્ટિકોણથી અભિપ્રાય એ અંતરંગનો વિષય હોવાથી (તેના દ્વારા) જ્ઞાનીનું સ્વરૂપ બતાવ્યું છે. ખરેખર તો જ્ઞાનીનું સ્વરૂપ બતાવ્યું છે. અને દરેકનું સ્વરૂપ અભિપ્રાયથી જ પકડાય છે. વાણી, વર્તન, ભાષાથી નહિ પણ જોવામાં આવે છે કે આનો મત શું છે ? આનો અભિપ્રાય શું છે ? એના ઉપર એનું સ્વરૂપ નક્કી થાય છે.

મુમુક્ષુ :– સમ્યક્દૃષ્ટિ ચક્રવર્તી હોય અને આટલો બધો પથારો હોય તો પણ ન્યારા છે !

પૂજ્ય ભાઈશ્રી :– ન્યારા જ હોય છે. 'પરમાગમસાર'માં એક બોલ આવે છે કે, પૂર્વ ઉદયમાં જ્ઞાની વર્તે છે. કોઈ ચક્રવર્તી આદિ હોય તો લડાઈમાં લડાઈની વચ્ચે પણ ઊભા રહેલાં જોવામાં આવે છે. પણ જ્યારે એ પોતાના સ્વરૂપધ્યાનની પ્રવૃત્તિમાં આવે છે ત્યારે શુદ્ધોપયોગમાં આવી જાય એટલી મોકળાશ રાખીને બહાર આવે છે. એવો એક શબ્દ વાપર્યો છે. એટલી મોકળાશ રાખીને બહાર આવે છે ! એટલે એટલી જગ્યા રાખીને બહાર આવે છે. આખેઆખા બહાર જતા નથી એમ કહે છે. અંદરમાં પોતાના સ્વરૂપનું શ્રદ્ધા-જ્ઞાન અકબંધ છે અને પોતાની આરાધનાને ઉપાસવાની જે Line છે, એ Line તોડીને બહાર જતા નથી. એ Line એની સાંધેલી છે અને જ્યારે એનું અનુસંધાન કરવા માટે એ પુરુષાર્થ કરે છે ત્યારે એ શુદ્ધોપયોગમાં આવે છે. એ એટલી જગ્યા રાખીને પછી બહાર આવે છે. માણસ નથી કહેતા ? કે, અમે આટલું Margin રાખીને ચાલીએ છીએ. Safe side ! ઘણાં પ્રસંગોની અંદર એવું હોય છે કે કેટલીક Safe side રાખીને પછી આગળની વાત કરવાની. આ વાહનની અંદર નથી કહેતા ? કે, ભાઈ ! વીસ-પચીસ ફૂટનું અંતર રાખીને ચાલવું. પેલો ઓચિંતો ઊભો રહે તો આ ભટકાઈ જાય નહિ. Margin રાખીને ચાલવું. આ સોદો કરે

છે ત્યારે નથી કહેતા કે, આપણે બેનો માલ સવા બેમાં લેવો હતો પણ પોણા બેથી વાત શરૂ કરી. સવા બે સુધી આપણે લેવાનું Margin હતું. પેલો ત્રણથી શરૂઆત કરે અને સવા બેમાં પતી જાય. એને પણ સવા બેમાં વેંચવાની ગરજ હોય પણ એ ત્રણથી શરૂ કરે. એ વચ્ચેનું જે Margin રાખવું, જગ્યા રાખવી, અવકાશ રાખવો એ જ્ઞાની પોતાના શુદ્ધોપયોગનો અવકાશ રાખીને, એટલો પુરુષાર્થ બરાબર રાખીને પછી બહાર આવે છે. આખેઆખા બહાર જતા નથી.

'ભરત' ચક્રવર્તી માટે તો પ્રસિદ્ધપણે કહેવાતું કે, સાયંકાળે યુદ્ધવિરામ થાય અને એ સામાયિકમાં બેસે અને શુદ્ધોપયોગમાં આવે ! રોજ શુદ્ધોપયોગમાં આવે !! સાંજ પડે ને રોજ શુદ્ધોપયોગમાં આવે, ઠીક ! સવારે ઉઠીને લડાઈ કરતાં, શસ્ત્રો ખખડાવતા દેખાય ! સાંજે શુદ્ધોપયોગમાં નિર્વિકલ્પ ચૈતન્યગોળો અંદરમાં છૂટો પડી જાય અને પોતાના સિદ્ધપદના અપરોક્ષ-સાક્ષાત્-પ્રત્યક્ષ અનુભવમાં લીન થઈ જાય. એ એમ બતાવે છે કે, દિવસ દરમ્યાન જે યુદ્ધના પરિણામ કર્યા એમાં પૂરેપૂરા બહાર આવ્યા જ નથી. એની પહેલાં આ જગ્યા રાખી લીધી છે. Margin હાથમાં રાખીને ચાલે છે, એમને એમ ચાલતા નથી. એટલે કહે છે કે, એનો અર્થ એ કે એ કાળે પણ ન્યારા છે. ખરેખર ન્યારા છે અને ન્યારા જોવામાં આવે છે.

પ્રશ્ન :- વિભાવ એટલે ?

સમાધાન :- વિભાવ એટલે સ્વભાવથી વિરુદ્ધ વિકારી ભાવ. અવિકાર સ્વરૂપ-સ્વભાવથી વિરુદ્ધ એવો વિકારી ભાવ, એનું નામ વિભાવ.

એ ૧૯ (મો બોલ પૂરો) થયો.

**મારે કાંઈ જોઈતું જ નથી, કોઈ પર પદાર્થની લાલસા નથી, આત્મા જ જોઈએ-એવી જેને તીખી તમન્ના લાગે તેને માર્ગ મળ્યે જ છૂટકો છે. અંદરમાં ચૈતન્યઋદ્ધિ છે તે ઋદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી. એવો નિસ્પૃહ થઈ જાય છે કે મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે.-આવી અંદર જવાની તીખી તમન્ના લાગે, તો આત્મા પ્રગટ થાય, પ્રાપ્ત થાય.**

**૨૦.**

૨૦મો બોલ. ૨૦મો બોલ છે – મુમુક્ષુની યથાર્થ ભૂમિકાનો. સમ્યગ્દર્શન પહેલાં સમ્યગ્દર્શનને યોગ્ય યથાર્થ ભૂમિકાના અનેક લક્ષણો છે. એમાંથી જુદી-જુદી પ્રકારની વાતો આમાં અનેક બોલમાં આવી છે.

**'મારે કાંઈ જોઈતું જ નથી, કોઈ પર પદાર્થની લાલસા નથી, આત્મા જ જોઈએ–એવી જેને તીખી તમન્ના લાગે તેને માર્ગ...'** એટલે મોક્ષનો માર્ગ **'મળ્યે જ છૂટકો છે.'** Guaranteed વાત કરે છે. કદાચ મળે કે કદાચ ન મળે એ વાત–એ પદ્ધતિ જ નથી. ચોખ્ખેચોખ્ખી વાત છે કે, મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવો હોય તો કોઈ જીવ આ સ્થિતિએ આવે અને એને મોક્ષમાર્ગ પ્રાપ્ત ન થાય (એ) કોઈ રીતે બની શકે નહિ.

મુમુક્ષુ :– કુદરત બંધાયેલી છે.

પૂજ્ય ભાઈશ્રી :– એની સાથે કુદરત બંધાયેલી છે. ચોખ્ખેચોખ્ખી વાત છે. આના પછીનો જ બોલ છે. આવા કોઈ એક બોલ ઉપર 'ગુરુદેવ'નું પ્રવચન ચાલ્યું છે ત્યારે 'ગુરુદેવે' એને 'ખાસ પ્રકારની પાત્રતા' કહી છે. ખાસ પ્રકારની પાત્રતા ! એક ૪૨૫ નંબરનો બોલ છે એમાં પ્રશ્ન પૂછ્યો છે કે, **'જિજ્ઞાસુ જીવ તત્ત્વને યથાર્થ ધારવા છતાં** (પામતો નથી તો) **કેવા પ્રકારે અટકી જાય છે ?'** ત્યારે એના કેટલાંક મુખ્ય કારણો ઉત્તરની અંદર બતાવ્યા છે. એમાં મુખ્ય એક કારણ લીધું જે સામાન્ય રીતે સ્થૂળ કારણપણે હોય છે કે, કોઈને કોઈ પદાર્થમાં ઊંડે-ઊંડે સુખની કલ્પના રહી જાય છે. એટલે ત્યાં સુખ નથી પણ એને સુખ લાગે છે, ભાસે છે એ એની કલ્પના છે અને એ જતું નથી એટલે કલ્પના (કહ્યું છે પણ એ) જરા હળવો શબ્દ છે, પણ ખરેખર સુખની વાસના છે કે જે જાય નહિ. કલ્પના ખરી પણ વાસના જેવી છે. એ કલ્પના મટતી નથી તો એ અટકી જાય છે.

તત્ત્વનો વિષય સમજણમાં બરાબર લ્યે, સમજવાના કાળમાં એમાં દેખત રીતે ભૂલ ન થાય. એટલી બુદ્ધિક્ષમતા, જ્ઞાનની ક્ષમતા હોય તો તત્ત્વનો વિષય યથાર્થ ધારે. આમ કહેવા માગે છે, આમ કહેવા માગે છે (એમ) બરાબર પકડે. પણ આ (સુખની વાસનાનો) પ્રતિબંધ છે. આ બહુ મોટો પ્રતિબંધ છે. આ દર્શનમોહનું કારણ છે. ઊંડે–ઊંડે (પર) પદાર્થમાં સુખબુદ્ધિ, સુખની કલ્પના, સુખની વાસના એ જીવને દર્શનમોહનું કારણ છે. સ્થૂળપણે ન હોય તો સૂક્ષ્મપણે પણ (દર્શનમોહનું કારણ છે). અથવા પોતાને શુભ પરિણામ થાય ત્યારે એના અવલંબનનો પ્રકાર ઊભો થાય એ આશ્રયબુદ્ધિ છે. એ પણ અટકી જાય છે.

હવે જે વાત કરી છે એ આ વાત કરી છે, આપણે જે To the point વાત છે

એની સાથે આ વાત છે. **'બાકી જે ખાસ જિજ્ઞાસુ-આત્માર્થી હોય...'** હજી વધારે કહે છે ખાસ જિજ્ઞાસુ અથવા ખાસ આત્માર્થી હોય **'અને જેને ખાસ પ્રકારની પાત્રતા પ્રગટી હોય...'** ખાસ પ્રકારની ! એ ખાસ પ્રકાર ક્યો ? અહીંયાં તો ગોળ-ગોળ વાત લાગે. આ જગ્યાએ આ વાત થોડી ગોળ-ગોળ લાગે કે, આ ખાસ... ખાસ... ખાસ... શું ? તો (કહે છે કે આ) વીસ નંબરનો બોલ ! આ ખાસ પ્રકારની પાત્રતા છે. એ 'ગુરુદેવશ્રી'એ કોઈ જગ્યાએ પ્રવચનમાં સ્પષ્ટ કર્યું હશે. એ બોલને આપણે 'પરમાગમસાર'માં ખેંચ્યો છે. ખાસ પ્રકારની પાત્રતા ! 'ગુરુદેવ'ના પ્રવચનમાં એ ખુલાસો આવ્યો છે. (અત્યારે) નંબર નહિ મળે, કાલે ઘરે જોઈ લઈશ, યાદીવાળું પુસ્તક ઘરે છે. નીચે ડાબા હાથ બાજુ એક બોલ છે. ખાસ પ્રકારની પાત્રતા એટલે... એમ કરીને એ વિષય ઉપર 'ગુરુદેવે' સ્પષ્ટીકરણ આપ્યું છે. જેને એક આત્મા જ જોઈએ છે અને આ જગતમાં જેને આત્મા સિવાય બીજું કાંઈ જોઈતું નથી એ ખાસ પ્રકારની પાત્રતાવાળો જીવ છે. એ ક્યા પ્રવચનમાં ખુલાસો કર્યો છે એ તો ત્યાં અનુક્રમણિકા જોઈએ એટલે ખ્યાલ આવે. આ રીતે બે વિષયનું અનુસંધાન છે.

**'મારે કાંઈ જોઈતું જ નથી,...'** એ એક એવો વિષય છે કે, એક આત્મામાં આવવા માટે એ જીવે બધી જગ્યાએથી ઉપયોગને નિવૃત કરી લીધો છે જાણે ! ઉપયોગની નિવૃત્તિ ! અંદરમાં નિવૃત્ત થઈ જવાની વાત છે. પછી ભલે ઉદય અનુસાર નીરસપણે પ્રવૃત્તિ થાય છે પણ અંદરમાં એક જગ્યાએ આવવા માટે પૂરેપૂરી શક્તિનો સર્વ ઉદ્યમથી, જેને આત્માનું ગ્રહણ કરવું છે એની આ એક પ્રકારની પરિણામસ્થિતિ ઊભી થાય છે.

અહીં સુધી રાખીએ.

**જેમ ઝેર ખાવાથી (જાણ્યે - અજાણ્યે) મરણ થાય જ, તેમ પરરુચિભાવે પરને સેવવાના પરિણામથી સંસાર દુઃખ થાય જ થાય. તેથી અરસ પરિણામે ઉદયમાં પ્રવૃત્તિ કર્તવ્ય છે.**

-પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની-૧૩૯)

## પ્રવચન નં. ૨૦, વચનામૃત–૨૦,૨૧
## તા. ૦૭-૧૨-૧૯૮૬

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૭, ૨૦ નંબરનો બોલ છે. સમ્યગ્દર્શન પહેલાંની ભૂમિકા કહો કે સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાની પાત્રતા કહો–બન્ને એકાર્થ છે. જે મોક્ષમાર્ગમાં આવવા માટે યોગ્ય થયો છે અને પરપદાર્થ પ્રત્યે પોતાના ભાવથી એ પ્રતિબંધ પામે છે. પ્રતિબંધ પામે છે એ પોતાના ભાવથી, પણ એ પરપદાર્થને લક્ષે પરપદાર્થ પ્રત્યે પોતાના ભાવ કરે છે અથવા મમત્વ કરે છે ત્યારે એને બંધન છે તો સ્વાભાવિક છે કે છૂટવા માટે એથી વિપરીત પ્રક્રિયા જોઈએ. જે બંધનની પ્રક્રિયા છે એનાથી મોક્ષની ક્રિયા ઊલટી જોઈએ. કેમકે બન્ને પ્રતિપક્ષમાં છે.

જગતના કોઈપણ પદાર્થ પ્રત્યેની જેની લાલસા નથી, એટલે કોઈપણ પદાર્થ મેળવવા અથવા સંયોગમાં હોય એવા કોઈપણ પદાર્થ સંયોગમાં જ રહો, આ મને હો, જે છે તે મને એમને એમ રહો અથવા નથી તે મને મળો, એ લાલસામાં જાય છે. 'લાલસા' શબ્દ એટલે લીધો છે કે, એમાં સુખબુદ્ધિનો સમાવેશ છે. જે કોઈ અન્ય પદાર્થ પ્રત્યે–ભૌતિક પદાર્થ પ્રત્યે જીવને મેળવવાની ઇચ્છા છે એને લાલસા કહે છે અને એ ઇચ્છા 'તે પદાર્થ મળવાથી સુખ છે' એવો એની અંદર અભિપ્રાય રહેલો છે. એ ભાવથી એને એ ઇચ્છા છે કે, આ પદાર્થ મને મળો, આ પદાર્થ મને મળો – એ પ્રકારે.

જગતના એવા કોઈ પરપદાર્થની જેને લાલસા નથી અને જેને જગતમાંથી કાંઈ જોઈતું નથી, એક માત્ર આત્મા જ જોઈએ છે. પોતાના સ્વરૂપ પ્રાપ્તિની ભાવના સિવાય જગતના

કોઈ પદાર્થ પ્રત્યે એને ભાવના નથી. આવું એનું ભાવનાનું સ્વરૂપ છે.

'શ્રીમદ્જી'એ આ વિષયમાં એક પદ (રચ્યું છે). એમની ભાષામાં એ રીતે આવ્યું છે (કે), 'જગત ઇષ્ટ નહિ આત્મથી, મધ્યપાત્ર મહાભાગ્ય.' આ આત્માથી જગતમાં કોઈ ઇષ્ટ નથી. સામાન્ય રીતે જગતની દૃષ્ટિમાં પોતાનું સ્થાન, એના મહત્વ આડે જીવ આત્માને ગૌણ કરે છે, આત્મહિતને ગૌણ કરે છે – એવું બને છે. સંસારના ક્ષેત્રમાં તો સ્વભાવિક છે પણ ધર્મના ક્ષેત્રમાં પણ એવું બની જાય છે કે, ધાર્મિક સમાજની નજરમાં, ધાર્મિક લોકોની નજરમાં, સંપ્રદાયના લોકોની નજરમાં, ધર્મના સમાજની નજરમાં આપણું સ્થાન–મારું સ્થાન અમુક રીતે જળવાવું જોઈએ, હોવું જોઈએ. (અહીંયાં) કહે છે કે, એ આત્માને ઇષ્ટ નથી. આત્માને એ ઇષ્ટ નથી. એક પોતાનું આત્મસ્વરૂપ જ ઇષ્ટ છે અથવા સુખદાયક છે અને જગત સુખદાયક નથી, સમાજ સુખદાયક નથી, કોઈ લોકો સુખદાયક નથી, કોઈની ભલી લાગણી પણ સુખદાયક નથી અને કોઈની દ્વેષગર્ભિત લાગણી પણ સુખદાયક નથી. દ્વેષગર્ભિત લાગણી સુખદાયક છે એ તો પ્રશ્ન જ નથી. પણ કોઈ રાગ કરે, કોઈ ભલુ, ઇચ્છે, ભલુ વાંચ્છે તો એ તો આત્માને સુખનું કારણ છે કે નહિ ? એ પણ સુખનું કારણ નથી. એટલે એને કાંઈ જ જોઈતું નથી.

જગતમાંથી મારે કાંઈ જ જોઈતું નથી. તમામ સંયોગો અસાર છે, અનિત્ય છે અને આ આત્માને શરણભૂત નથી. જ્ઞાનીઓ તો એને માટે એમ કહે છે કે, હે જીવ ! જે સંયોગો તને શરણભૂત નથી, જે સંયોગોમાં તારું કાંઈ સુખ એટલે માલ નથી, અસાર છે, જેમાં કાંઈ સાર નથી અને જે થોડો કાળ સંયોગમાં હોય છે; કોઈ પરમાણુ, કોઈ જીવો સદાય સંયોગમાં હોતા નથી, એવા પરપદાર્થો પ્રત્યે અથવા એ પદાર્થની લાલસામાં, એ પદાર્થના હોવાપણામાં, મેળવવાપણામાં તારી પ્રતીતિ પણ કામ કરે છે કે, આ મને હો ! પ્રતીતિ સહિત એ ભાવ છે. પરપદાર્થ પ્રત્યે જીવને રાગાદિ ભાવ છે પણ પ્રતીતિ સહિત છે. કહે છે કે, તને પ્રતીતિ આવે છે ક્યાંથી ? અનિત્ય છે એ તો સમજાવવાની જરૂર નથી. એ તો દેખતવાત છે, ઇન્દ્રિયજ્ઞાનથી નક્કી થાય છે અને કોઈને શરણ થયા નથી. જ્યારે એ કોઈપણ ભયમાં આવે છે – મૃત્યુના ભયમાં કે કોઈપણ પ્રકારના ભયમાં આવે છે ત્યારે કોઈ પદાર્થ કોઈને શરણ થયા નથી. રોગ આવે છે, મૃત્યુ આવે છે, શું શરણ થાય છે ? છતાં જીવ એની પ્રતીતિ કરે છે તો એ બંધાય છે અને અનંત દુઃખને ભોગવે છે. એમાંથી દુઃખ અને દુઃખની પરંપરા અનંત છે.

મુમુક્ષુની ભૂમિકામાં જેણે આ વિષયનો સરવાળો માર્યો છે–Total માર્યો છે, એ સરવાળામાંથી આ સૂર નીકળે છે કે, મારે હવે કાંઈ જોઈતું નથી. અહીંથી એ નીકળે છે. કેમ એ જીવ છૂટવાનો છે ? એ સ્પષ્ટ અહીંથી નક્કી થાય છે. છૂટશે પછી પણ છૂટ્યા પહેલાં એના પરિણામ કેવા છે એ અહીંયાં સ્પષ્ટ છે. એને કાંઈ જોઈતું નથી. નહિતર તો એમ કહે છે કે, જો એને કાંઈક પણ જોઈએ છે, ઘણું જોઈએ છે એની વાત તો એક કોર મુકો, પણ કાંઈક પણ જોઈએ છે એ તત્ત્વજ્ઞાનની ધારણા યથાર્થ કરે, શાસ્ત્ર અનુસાર ભૂલ ન હોય એવી હોય, તોપણ એને આત્મપ્રાપ્તિ થતી નથી. એ તો કાલે ૪૨૫મો બોલ આપણે એના આધારમાં જોયો કે, તત્ત્વની યથાર્થ ધારણા થવા છતાં જીવ કેમ અટકે છે ? કે, અનેક કારણ છે એમાં આ એક કારણ છે કે, ઊંડે-ઊંડે પણ જગતના કોઈપણ પદાર્થમાં એને સુખબુદ્ધિ રહે છે અથવા શાસ્ત્ર સ્વાધ્યાય આદિ શુભ પરિણામ થાય છે એમાં આશ્રયબુદ્ધિ રહે છે. એવી કોઈ અટક રહે છે કે, જેમાંથી મારે એક આત્મા જ જોઈએ છે, એ વાત નથી રહેતી.

મુમુક્ષુ :– નવ્વાણુ ટકા આત્મા જોઈએ છે અને એક ટકો ભલેને થોડું બહારનું જોઈએ !

પૂજ્ય ભાઈશ્રી :– એમાં ટકાવારી કામ આવતી નથી. એમ કહો કે, નવ્વાણુ ટકા સુગંધ જોઈએ છે અને એક ટકો દુર્ગંધ જોઈએ છે, નવ્વાણુ ટકા અમૃત જોઈએ છે અને એક ટકો ઝેર જોઈએ છે. કેમ એમાં શું વાંધો છે ? અહીંયાં તર્ક કરો છો તો ત્યાં આ તર્કમાં શું તકલીફ પડે છે ? એક ટકો બીજું જોઈએ તો ? નવ્વાણુ ટકા અમૃત અને એક ટકો અંદર ઝેર. અમૃતમાં એક ટકો ઝેર નાખવું.

મુમુક્ષુ :– ઊંડે-ઊંડે રહી જાય છે એ બહુ સરસ વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– (ઊંડે-ઊંડે) એટલે અભિપ્રાયમાં રહી જાય છે. આમ તો બહારમાં વૈરાગ્ય હોય, પણ અભિપ્રાય એવો હોય. અભિપ્રાયનો દોષ મોટો દોષ છે. રાગનો દોષ ક્ષમ્ય છે પણ રાગસહિતનો જે અભિપ્રાય છે એનો દોષ અક્ષમ્ય છે.

પહેલું જ એ લીધું છે કે, જગતના કોઈક પદાર્થોમાં ઊંડે-ઊંડે સુખની કલ્પના રહી જાય છે અથવા શુભ પરિણામમાં આશ્રયબુદ્ધિ રહી જાય છે. એમ કહીને પછી આ વાત લીધી છે કે, જે ખાસ પ્રકારની પાત્રતાવાળો આત્માર્થી હોય.... કેટલામો બોલ છે ? ('પરમાગમસાર'–૪૭૭) એમાં આ જ પ્રશ્ન ઊઠાવ્યો છે એટલે એમ વાત છે. ૪૭૭ વચનામૃત (ઉપરના પ્રવચનમાંથી જ) છે ને ? (શ્રોતા :– જ્ઞાનગોષ્ઠીમાંથી છે). જ્ઞાનગોષ્ઠીમાંથી છે ?

નહિતર અહીંયાં પ્રશ્ન એ જ ઉઠાવ્યો છે.

૪૭૭. **'તત્ત્વનું સ્વરૂપ બરાબર જાણવા છતાં જીવ કેવા પ્રકારથી અટકી જાય છે ?'** આ પ્રશ્ન છે. ત્યાં (-વચનામૃતમાં) ૪૨૫નો પ્રશ્ન છે, એ જ આ પ્રશ્ન છે. એટલે એમ ખ્યાલ રહી ગયો કે, આ વચનામૃત ઉપરનું પ્રવચન ચાલતું હશે, પણ જ્ઞાનગોષ્ઠીમાંથી લીધેલું છે. (ઉત્તર આપે છે કે) **'તત્ત્વને બરાબર જાણવા છતાં...'** શાસ્ત્રોના અભ્યાસમાં બુદ્ધિપૂર્વકની દેખત ભૂલ ન હોય. અહીં તો મુમુક્ષુને એ તકલીફ થાય છે કે, જો એને બરાબર સમજાય તો એમ થાય કે, હાશ ! સમજાય ગયું, સારું થયું સમજાય ગયું, ચાલો સમજાય છે, આપણી ભૂલ તો નથી, એટલા માત્રથી સંતોષ પકડવા જેવો નથી. ભલે શાસ્ત્ર અનુકૂળ સમજણ હોય, પણ હજી ઘણું આગળ જાવાનું બાકી છે. **'તત્ત્વને બરાબર જાણવા છતાં પર તરફના ભાવમાં ઊંડે ઊંડે રાજીપો રહી જાય છે,...'** ત્યાં સુખબુદ્ધિ લીધી છે, અહીંયાં એને રાજીપો થાય છે. **'પરલક્ષી જ્ઞાનમાં સંતોષાય છે...'** આ જે સમજણ બરાબર થઈ, શાસ્ત્રને અનુકૂળ બરાબર જાણપણું થયું તો અહીંયાં સંતોષાય છે. **'અથવા આવડતના અભિમાનમાં અટકી જાય છે.'** બોલતા આવડે, લખતા આવડે, એ જાતના અમુક પ્રકારના ક્ષયોપશમ હોય છે, ગાતા આવડે, નાચતા આવડે, ભક્તિ કરતા-કરાવતા આવડે, પ્રવચન-વાંચન આપતા આવડે, ભાષણ આપતા આવડે. **'અથવા આવડતના અભિમાનમાં અટકી જાય છે.'** અથવા **'બહાર પડવાના ભાવમાં રોકાઈ જાય છે.'** સમાજની નજરમાં એને આવવું છે, આગળ રહેવું છે, પાછળ રહેવું નથી (એમ) બહાર રહેવાના ભાવમાં રોકાઈ જાય છે **'અંદર રહેવાના ભાવ નથી.'** ઠીક ! સીધું સામે-સામું લીધું છે. જેને બહાર પડવાના ભાવમાં રોકાવું છે એને અંદર રહેવાનો ભાવ નથી. **'તેથી અટકી જાય છે અથવા શુભ પરિણામમાં મીઠાશ રહી જાય છે. એમ ખાસ પ્રકારની પાત્રતા વિના જીવ અનેક પ્રકારથી અટકી જાય છે.'** ખાસ પ્રકારની પાત્રતા નથી તો જીવ આવા-આવા અનેક પ્રકારોની અંદર ધર્મના ક્ષેત્રમાં આવીને પામવાને બદલે નિષ્ફળ જાય છે. અટકી જાય છે એનો અર્થ કે માર્ગ પામવાને બદલે, સ્વરૂપ-અનુભવ પામવાને બદલે, શાંતિ પામવાને બદલે એમાં નિષ્ફળ જાય છે.

બીજો ૪૯૨ (નંબરનો બોલ છે). અહીંયાં વ્યાખ્યા કરી છે. આ વચનામૃત (ઉપરના પ્રવચનમાંથી ખેંચેલો બોલ છે). **'ખાસ પ્રકારની પાત્રતા એટલે શું ?'** આ સીધો પ્રશ્નનો ઉત્તર છે. **'કે જેને માત્ર આત્મા જ જોઈએ છે. એ સિવાય માન જોઈએ કે બહાર પડવાનો ભાવ- એ કાંઈ નથી એ ખાસ પ્રકારની પાત્રતા છે.'** જુઓ ! બીજા પદાર્થની તો વાત પણ નથી

લીધી. કેમકે મનુષ્યગતિમાં સૌથી વધારે જીવને અટકવામાં કોઈ (પ્રકાર) રહી જાય છે તો (તે) માનનો પ્રકાર છે. એટલે એ સિવાય માન જોઈએ કે બહાર પડવાનો ભાવ-એ કાંઈ નથી ત્યારે એને ખાસ પ્રકારની પાત્રતા છે. જગતમાંથી કાંઈ જોઈતું નથી, એક આત્મા જ જોઈએ છે. એ ત્યાં (ખાસ પ્રકારની પાત્રતા સંબંધિત) સ્પષ્ટ વ્યાખ્યા કરી છે. ખાસ પ્રકારની પાત્રતાનો વિષય ૪૧૬થી ૪૨૫ ઉપરના જ પ્રવચનમાંથી છે.

પ્રશ્ન :- 'જગત ઇષ્ટ નહિ આત્મથી' પછી આખું વાક્ય શું છે ?

સમાધાન :- 'મધ્યપાત્ર મહાભાગ્ય.' એને મહાભાગ્ય લીધો છે. મધ્યપાત્ર લીધો છે કેમકે હજી મુમુક્ષુ છે, જ્ઞાની થયો નથી. મધ્યમ, ઉત્કૃષ્ટ અને જઘન્ય ઇ તો પ્રકરણ અનુસાર વાત ચાલતી હોય છે. મોક્ષમાર્ગની વાત ચાલે તો મુનિરાજને ઉત્કૃષ્ટ પાત્ર કહેવાય છે, સમ્યક્દૃષ્ટિને નહિ ! જો અહીંયાં મુમુક્ષુની વાત લઈએ તો સમ્યક્દૃષ્ટિ ઉત્તમ પાત્ર છે. પાત્રતાવાળો જીવ ઇ મધ્ય પાત્ર છે. ખાસ પ્રકારની પાત્રતા હોય, આખા જગતને હડસેલો મારતો હોય, જગતની કોઈ તમા નથી, એક મારા આત્માના હિત-અહિતનો જ વિચાર કરવો છે, એ જ મુખ્ય કરવું છે-એ મધ્ય પાત્ર છે. પછી સામાન્યવાળા જઘન્ય પાત્રમાં લેવા. આ મધ્ય પાત્ર છે કે આ પામી જશે.

**'આત્મા જ જોઈએ'** એમ અહીંયાં સાધારણ નહિ પણ **'એવી જેને તીખી તમન્ના લાગે...'** તમન્ના લાગે છે એમ પણ નથી લીધું. **'તીખી તમન્ના લાગે...'** તમન્ના લાગે છે એટલે એ સિવાય એ રહી શકે નહિ એનું નામ તમન્ના છે. એ પણ આકરી તમન્ના છે, તીખી છે એટલે આકરી તમન્ના છે. નથી બનતું ? બહારમાં લૌકિકમાં એવા પ્રસંગો બનતા હોય છે કે, એક વ્યક્તિ મરી જાય તો એની પાછળ બીજી વ્યક્તિ ઝૂરી-ઝૂરીને મરી જાય. એવા પ્રસંગો બને છે. એને ખાવું ન ભાવે, પીવું ન ભાવે, કોઈની સાથે કાંઈ સંબંધ (ન) રાખવો, એટલું શોકમય એનું જીવન થઈ જાય, એ આયુષ્ય પૂરું કરે ત્યાં સુધીમાં દેહ કૃશ થઈ ગયો હોય, થોડા વખતમાં તો શરીરનો ચહેરો-મહોરો બધું બદલી જાય. જે પ્રસન્નચિત્ત અને પ્રફુલ્લિત ચહેરો હોય એ ફૂલ કરમાયને ચીમળાઈ ગયું હોય (એવો દેખાય). એવી સ્થિતિ તો બહારના રાગમાં લોકોને આ સ્થિતિ થાય છે. તો જેને પરમાત્મપદની કીમત આવી અને સાદિ અનંત... અનંત... સમાધિસુખમાં-એ ધ્યેય છે એની જેને કીમત આવી, એની ખાણરૂપ પોતાનું પરમાત્મપદ સ્વરૂપ છે એની કીમત આવી; એ પરમ સ્વરૂપનો વિરહ, પોતે જ હોવા છતાં, નજીક હોવા છતાં, એકદમ પોતે જ હોવા છતાં પોતે જ એના વિરહમાં

(રહે), એનું અત્યંત દુઃખ હોય, અત્યંત દુઃખ હોય, સહન ન થાય એવું દુઃખ હોય તો એ પરમાત્મા દૂર રહેતા નથી. નહિતર એમને એમ શાસ્ત્રો ભણી-ભણીને, પાઠ વાંચી-વાંચીને કે બુદ્ધિ લડાવતા-લડાવતા કોઈને એ પરમાત્મપદના દર્શન થાય છે કે અનુભવ થાય છે એ વસ્તુસ્થિતિ નથી.

મુમુક્ષુ :– વૈરાગ્ય મુખ્ય વસ્તુ થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :– અસ્તિ-નાસ્તિ બન્ને એમાં છે. બહારથી જેમાં રસ છે એટલે રસ છે એ જ બંધન છે. રાગબંધનમાં રાગરસ છે એ જ બંધન છે. જેમાં રસ છે એ રસનું નીરસપણું થઈ ગયું. જગતના પદાર્થો, બાહ્ય ક્રિયાઓ અને બાહ્ય ભાવો (છે) એ બધાંમાં નીરસપણું થઈ ગયું. એટલે પ્રતિબંધક વિષય જે છે–Obstacle –આગળ વધવામાં જે આડશ છે એ દૂર થઈ. હવે આગળ વધવામાં જે અંદરનું જોર જોઈએ એ આ એની તીખી તમન્ના છે. બહારમાં નીરસપણું છે અને અંદરમાં આત્મપ્રાપ્તિ માટે એને તીખી વૃત્તિ છે, તીક્ષ્ણ વૃત્તિ છે.

મુમુક્ષુ :– બન્ને સાથે હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એકસાથે જ હોય છે. કહેવામાં ક્રમ પડે છે. કેમકે બહારમાં ઊભો છે એટલે ત્યાંથી શરૂ કરે છે. એ ઊભો છે ત્યાંથી ખસી ગયો છે. સંયોગ તો પૂર્વકર્મ અનુસાર રહી ગયા પણ એની અંતરવૃત્તિ ફરી છે. એટલે એને ક્યાંય રસ નથી. રસ નથી, સુખબુદ્ધિ નથી, મીઠાશ નથી કે એનાથી એને રાજીપો નથી.

માત્ર એક આત્મા જ જોઈએ એની એક જોરદાર ચટપટી છે. તમન્ના છે એટલે એની ચટપટી છે. '**તેને માર્ગ મળ્યે જ છૂટકો છે.**' એને અંતર્મુખ થવું, માર્ગ એટલે અંતર્મુખ થવું, બહિર્મુખપણું છૂટવું અને અંતર્મુખપણું થવું એ એને મળે જ મળે. એને ન મળે એવું બને નહિ. '**મળ્યે જ છૂટકો છે.**' એટલે એ છૂટી જ જશે, એનો સંસારમાંથી છૂટકો થઈ જ જશે, એ મોક્ષમાર્ગમાં આવી જ જશે, મોક્ષની પ્રાપ્તિ એને થઈ જ જશે. (એમાં) બે મત નથી, એમાં કોઈ વિવાદ થઈ શકે એવું નથી, એમાં કોઈ તર્ક-દલીલ ચાલે એવું નથી. કેમકે જેને આખા જગતનો સંબંધ કાપીને આગળ જવું છે એને કોણ નડવાનું હતું ? એને કોઈ નડવાનો પ્રશ્ન રહેતો નથી. આત્મામાં પણ રહેવું છે અને બહાર પણ રહેવું છે – બે વાત તો બનવાની નથી. બે વાત એકસાથે બનતી (નથી). એક મ્યાનમાં બે તલવાર સમાતી નથી.

અંતર્મુખ થવું છે એટલે સ્વસન્મુખ થવું છે. જેને અહીં 'માર્ગ' કહે છે ને ? '**તેને**

**માર્ગ મળ્યે જ છૂટકો છે.'** આ એક સમસ્યા છે. જ્યાં સુધી જીવ પાત્રતાની આ ભૂમિકા સુધી આવતો નથી ત્યાં સુધી આ એની એક સમસ્યા છે કે, હું શાસ્ત્ર સ્વાધ્યાય કરું છું, હું આત્માનું સ્વરૂપ વિચારું છું, ચિંતવન કરું છું પણ અંતર્મુખ કેમ થવાય એ મને આવડતું નથી, સૂઝતું નથી, થવાતું નથી, કેમ થવું એની ખબર નથી. ખરેખર તો એનાથી અજાણ્યો છે. કેમ અંતર્મુખ થવું એવા કાર્યથી એ અજાણ્યો છે. એટલો ખ્યાલ આવે છે કે, આત્મા એક શક્તિરૂપ, સામર્થ્યરૂપ અંતઃતત્ત્વસ્વરૂપ છે અને એમાં પરિણામ અંતર્મુખ થાય, અંદરમાં વળે, સન્મુખ થાય ત્યારે એને બંધન ન થાય અથવા એ મુક્તભાવ છે, ધર્મભાવ છે, એ નિર્દોષ અને પવિત્ર ભાવ છે, રાગરહિત પરિણામ છે, અરાગી પરિણામ છે, વીતરાગી પરિણામ છે. પણ કેમ થવું ? એ તો એને સૂઝતું નથી, આવડતું નથી એટલે એ કરી શકતો નથી. આ પાત્રતામાં આવતા એને કેમ અંતર્મુખ થવું એ એને સૂઝે છે. આ એક આ ભૂમિકાની જે કીમત છે એ આ જગ્યાએ છે.

જ્ઞાન અંતર્મુખ વળે એમ કહો કે જ્ઞાન પોતાના વેદનને ગ્રહણ કરે એમ કહો, જ્ઞાન જ્ઞાનને વેદે એમ કહો, જ્ઞાન જ્ઞાનની સન્મુખ થાય એમ કહો, જ્ઞાન અંતર્મુખ થાય એમ કહો – બધું એકાર્થ છે. જે જ્ઞાન પરપદાર્થ સંબંધિત રસ લઈને બહાર જતું હતું, બહિર્મુખ થતું હતું, બહાર જતું હતું એટલે બહિર્મુખ થતું હતું તે ઉપયોગને – તે જ્ઞાનને રસ ન રહ્યો તો એમાં એનું જે પોતાનું જ્ઞાનમાં જ્ઞાનવેદન છે એ એને સ્પષ્ટ થવા લાગે છે. ભાવભાસનની રીતે પ્રથમ (સ્પષ્ટ થાય) ત્યારે એને ખ્યાલ આવે છે કે, આ જ્ઞાન જ્ઞાનને વેદે, સારી રીતે વેદે તે સ્વસંવેદન છે અને તે સ્વસંવેદન છે તે જ અંતર્મુખપણું છે, તે જ સ્વસન્મુખપણું છે. એ એને 'કાંઈ નથી જોઈતું' એમાંથી એ વાતમાં એ આવી જાય છે ! એ સિવાય બાકી ગમે એટલા ધમપછાડા કરે, બધાં બહારના બહાર છે. ત્યાગ કરે, જંગલમાં જાય, ગમે તે કરે, શાસ્ત્રના ઢગલાં વચ્ચે દટાઈ જાય ! એટલા શાસ્ત્ર વાંચે કે ચારે બાજુ ઢગલાં થઈ જાય. પણ અંતર્મુખ કેમ વળવું એ એક બીજી વાત છે અને એ અહીંથી ઊભી થાય છે–પાત્રતામાંથી ઊભી થાય છે.

અહીંયાં તો એથી આગળ જઈને વિશેષ વાત પણ લીધી છે કે, બહારમાં તો કોઈ પરપદાર્થની લાલસા નથી એટલે બહારની ઋદ્ધિ-સિદ્ધિ અને લબ્ધિ પણ ન જોઈએ. આ વાણિયા ચોપડામાં લખે છે ને ? 'ગુરુ ગૌતમસ્વામીની લબ્ધિ હજો.' શું લખે ? ઊંધું ચાલ્યું છે. ભાઈ ! જૈનધર્મમાં તો ગુરુ ગૌતમસ્વામીએ લબ્ધિ સામું જોયું નથી. જોયું (તો) નથી

પણ ઊલટાનું એમ કહ્યું છે કે, આ લબ્ધિ સામું તું જોઈશ નહિ. હું એમ કરું છું કે, મારી લબ્ધિ સામું હું જોતો નથી. એમને તો લબ્ધિ છે–અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરી છે અને બીજી ભૌતિક પદાર્થો વિષેની અનેક પ્રકારની લબ્ધિ હોય (છે). ઇ કહે છે કે, હું (એની સામું) જોતો નથી. એનો અર્થ કે ઉપદેશમાં પણ ગુરુ તરીકે હું એમ કહું છું, એ તો આચાર્યપદે છે ને ? ગણધર તો આચાર્યપદે છે. પંચ પરમેષ્ઠીમાં એમનું આચાર્યપદ છે. (એ કહે છે કે) લબ્ધિ સામું જોવું નહિ. તો એના સંપ્રદાયમાં હોય ઇ એમ લખે કે, 'ગુરુ ગૌતમસ્વામીની મને લબ્ધિ હજો !' એ ઊંધી વાત છે. એ વાત ગુરુ ગૌતમસ્વામીના ઉપદેશની વિરુદ્ધ છે. ગુરુ કહેવા અને એની સામે પૂરે ચાલવું !! આના જેવી વાત થઈ. ગૌતમસ્વામીને ગુરુ કહેવા અને એના ઉપદેશની સામે ચાલવું ! એમના કર્તવ્યની સામે ચાલવું ! એમણે તો એ કરવા યોગ્ય ધાર્યું કે, આ લબ્ધિની સામે જોવા જેવું નથી.

(અહીંયાં કહે છે કે) બહારના પદાર્થની લાલસા તો નથી પણ અંદરમાં ચૈતન્યૠદ્ધિ છે એમ કહે છે. પેલી તો જડની ૠદ્ધિ છે, આ તો અંદરમાં ચૈતન્ય અલૌકિક ૠદ્ધિ છે ! એક-એક ગુણ દૈવી રત્નો છે, દિવ્ય રત્નો છે ! એક-એક ગુણ !! એ ૠદ્ધિ છે **'તે ૠદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી.'** છે તો એની ૠદ્ધિને લઈને એનો મહિમા છે. આત્માનો મહિમા ચૈતન્યની ૠદ્ધિને લઈને છે તોપણ એ ૠદ્ધિ સંબંધીનો વિકલ્પ નહિ. રાગરૂપે મહિમા નહિ (પરંતુ) એમાં અભેદભાવે તન્મયાકાર પરિણમન થાય એ એનો સાચો મહિમા છે. અથવા આત્માની ચૈતન્યૠદ્ધિ ઉપાદેય છે, ક્યારે ? ચૈતન્યૠદ્ધિ ઉપાદેય છે, આત્મા ઉપાદેય છે તો આત્મામાં રહેલી ચૈતન્યૠદ્ધિ ઉપાદેય છે, ક્યારે ? કે, સાક્ષાત્ નિર્વિકલ્પ સ્વસંવેદનમાં અભેદ ઉપયોગ થાય ત્યારે અથવા સાક્ષાત્ નિર્વિકલ્પ સ્વસંવેદનમાં એની અભેદભાવે ઉપાદેયતા અથવા ઉપાસના થાય ત્યારે. ત્યાં સુધી (યથાર્થ મહિમા) નહિ.

ઉપાદેય છે... ઉપાદેય છે... ઉપાદેય છે... ચૈતન્યૠદ્ધિ મહિમાવંત છે... મહિમાવંત છે એવો જે વિકલ્પ એમાં પણ રોકાવાનો અહીંયાં નિષેધ કર્યો છે. એને બીજાના વિકલ્પમાં રોકાવાનો તો હવે પ્રશ્ન જ નથી પણ અંદરમાં ચૈતન્યૠદ્ધિ છે એ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી. કોણ ? આ પાત્રતાવાળો–યથાર્થ સમ્યગ્દર્શનની ભૂમિકાવાળો જીવ વિકલ્પને અતિક્રાંત કરીને માર્ગને પામે છે એનું કારણ કે એ ચૈતન્યૠદ્ધિના વિકલ્પમાં પણ રોકાતો નથી.

અહીંયાં આ એક વિચારવા જેવો વિષય છે કે, સમ્યગ્દર્શન પહેલાં આત્માની ઓળખાણ

કરી ત્યારે આત્માનો મહિમા આવ્યો. જ્યારે એ મુમુક્ષુ આત્માને પોતાના નિજ સ્વરૂપનો મહિમા આવ્યો એનું કારણ કે અંદર ચૈતન્યની ઋદ્ધિ, મહિમાવંત ઋદ્ધિ ભરી છે. અગાધ ચૈતન્યની ઋદ્ધિ છે. સંખ્યાએ પણ અગાધ છે અને એક-એક ગુણ છે એનું સામર્થ્ય પણ અગાધ છે – તળિયા વગરનું છે એટલે એનો મહિમા આવ્યો પણ એ મહિમામાં એનો રાગ વૃદ્ધિગત થતો નથી. મહિમા કાળે એ મહિમા સંબંધી થોડો વિકલ્પ આવે છે (કે), આવો હું...! આવો હું...! એમ અંદર વિકલ્પ ચાલે છે. ભલે લાંબે ન ચાલે ને ટૂંકો ચાલે તો આવો મહાન હું...! આવો મહિમાવંત હું...! આવો હું...! એમાં મહિમા આવી ગયો. પણ એની ઋદ્ધિ સંબંધીના વિકલ્પને ઓળંગી જાય છે. એ વિકલ્પ વૃદ્ધિગત નથી થતો. આ એક વિચારવા યોગ્ય સ્થિતિ છે કે, આત્માનો મહિમા આવ્યો તો મહિમા વધીને અનુભવ થાય, તો મહિમા વધે ત્યારે સાથે-સાથે મહિમા સંબંધીનો વિકલ્પ વધે કે ન વધે ? (તો કહે છે) નહિ. એ વિકલ્પનો છેદ થાય છે, એ વિકલ્પ શાંત થઈ જાય છે અને અનુભવ થાય છે.

મૂલ્યાંકન જ્ઞાન કરે છે. ચૈતન્યની અનંત ઋદ્ધિનું, અગાધ ઋદ્ધિનું મૂલ્યાંકન જ્ઞાન કરે છે અને ઓળખાણ કરીને એ જ્ઞાનમાં જેણે ખરી કીમત આંકી એ જ્ઞાનમાં મહિમા ભર્યો છે, રાગ તો સાથે-સાથે છે ત્યાં સુધી પાછળ ઢસડાય છે, એ જ્ઞાનની સાથે ખેંચાય છે. પણ એ જ્ઞાન ચૈતન્યની ઋદ્ધિ સામે જોવે છે, સાથે રહેલા વિકલ્પને જોતું નથી. વિકલ્પ બાજુ એણે પીઠ દઈ દીધી છે, જ્ઞાન ફરી ગયું છે, (આત્મ)સન્મુખ થયું છે. એ આત્માની સન્મુખ થયેલું જ્ઞાન આત્માની મહિમા વધારીને એમાં લીન થાય છે. રાગ સાથે-સાથે થોડો ઢસડાઈને ચાલતો હતો કે, આવો હું...! આવો હું...! આવો...! એમ વિકલ્પ પણ થતો હતો એ ક્ષીણ થઈને, ઘસાઈ જઈને નાશ પામી જાય છે. એટલે લોકો જે મહિમાને રાગ સમજે છે એ મહિમાનું સ્વરૂપ નથી. આત્માનો જે મહિમા એ રાગનું સ્વરૂપ નથી, એ વિકલ્પનું સ્વરૂપ નથી. ખરેખર તો એ જ્ઞાનનું સ્વરૂપ છે. એટલે જેને આત્મા ઓળખાય છે અને જેને આત્માનો મહિમા આવે છે એને મહિમાવાળો રાગ પણ વૃદ્ધિગત થતો નથી. નહિતર મહિમા વધે છે. જેમ-જેમ ભાવભાસન વધે છે તેમ-તેમ મહિમા વધે છે. જેમ-જેમ મહિમા વધે છે તેમ-તેમ જ્ઞાનબળ વધે છે (અને) રાગબળ ઘટે છે. (સ્વરૂપ) સન્મુખ આવેલા જીવને આ પરિસ્થિતિ ઊભી થાય છે એટલે એને માર્ગ મળી જાય છે. (એટલે) સાથે-સાથે એ વાત લઈ લીધી છે. બહારની અટકવાની વાત તો લઈ લીધી છે પણ અંદરમાં આત્માનો ઘણો વિકલ્પ કરે અને આત્માનું ઘણું રટણ કરે માટે આત્મા પામે, એમ અહીંયાં વાત ન

લીધી. એ વિકલ્પથી પણ પામવાની વાત નથી.

ખરેખર તો રાગ જે પર્યાય છે એ મલિન ભાવ છે અને પોતાનું જે સ્વરૂપ છે એ પરિપૂર્ણ પવિત્ર સ્વભાવ છે. મલિન ભાવ એ પરિપૂર્ણ પવિત્ર સ્વભાવને સ્પર્શી શકતો નથી. જેમ કહે છે ને કે, એક જમાનો હતો કે (જ્યારે) ભંગી, ચમાર, ઢેઢ હોય એ અછૂત ગણાય અને એને દૂર જ રાખે. ઘરમાં કામ કરવાવાળા માણસોમાં પણ એને ન ગોઠવે કે, ભાઈ તું વાસણ માંજીને રસોડામાં ગોઠવી દેજે. અછૂતને રાખે ? જમવાના વાસણ કે પૂજાની સામગ્રી હોય તો એની પાસે સાફ કરાવે ? નહિ, (કેમકે) એ અછૂત છે. એમ રાગ છે એ અછૂત છે. આત્મા માટે રાગ છે એ અછૂત છે. ક્યો રાગ ? કે, આત્માની ઋદ્ધિનો વિકલ્પ કરે એ રાગ પણ અછૂત છે, એ આત્માને સ્પર્શી શકતો નથી, સ્પર્શવાની એનામાં શક્તિ નથી. અહીં તો એમ લેવું છે કે, કોઈ રાગમાં–આત્મા સંબંધીના મહિમાના રાગમાં–વિકલ્પમાં પણ આત્માને સ્પર્શવાની શક્તિ નથી, એની પહોંચ જ ત્યાં નથી.

આ આત્મા પોતે એવો એક મહા પદાર્થ છે ! મહિમા ક્યા ગુણની પર્યાય છે ? પ્રભુત્વગુણની પર્યાય છે, પ્રભુત્વગુણની પર્યાય છે. આત્મામાં પોતાનું જે પ્રભુત્વ છે, એ એટલો મહા ચૈતન્યપ્રભુ છે કે રાગ છે એ એનાથી ઘણો દૂર રહે છે, નજીક જ આવી શકતો નથી. પણ આત્માનો વિકલ્પ કરે અને આત્માનો મહિમા કરે એ રાગ તો આત્માની નજીક આવે છે કે નહિ ? આત્માનું રટણ, ચિંતવન કરે એ રાગ તો આત્માની નજીક આવે છે કે નહિ ? (તો કહે છે), નહિ, એ આત્માની નજીક આવતો નથી – આવી શકતો નથી.

મુમુક્ષુ :– બીજા જ્ઞેયો જણાય એમ રાગ જણાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, હા.. એમ જ રાગ જણાય, એમ જ. બીજા જ્ઞેયોની જેમ જ. ખરેખર તો જ્ઞાનથી તે અન્ય છે. જાણનાર કોણ છે ? જ્ઞાન. જ્ઞાન એટલે કોઈ બીજી ચીજ નથી. આ સ્વપણે અનુભવાતું જ્ઞાન છે. ક્યુ જ્ઞાન છે આ ? સ્વપણે અનુભવાતું જે જ્ઞાન છે એ જ્ઞાનમાં જ્ઞાન સિવાયનો ભાવ–રાગભાવ તે અન્ય ભાવ છે. ખરેખર તો આ જ ભેદજ્ઞાન છે. આ જ્ઞાન તે સ્વ-ભાવ છે અને એ સિવાયનો સાથે ચાલતો રાગાદિ ભાવ તે અન્ય ભાવ છે એવું જે સ્વ-પરપણું થવું એ જ ભેદજ્ઞાન છે. ખરું ભેદજ્ઞાન તો એ જ છે.

મુમુક્ષુ :– સહેજ ફરીથી સ્પષ્ટ કરશો.

પૂજ્ય ભાઈશ્રી :– જે જ્ઞાન છે – સ્વપણે અનુભવાતું (જે) જ્ઞાન છે તે સ્વ-ભાવ છે અથવા તે આત્મભાવ છે અને આ અન્ય ભાવ છે–રાગાદિ તે અન્ય ભાવ છે. આ આત્મભાવ

છે અને આ અન્ય ભાવ છે એવું જે બે ભાવની વહેંચણીનું કાર્ય, બન્નેની ઉપસ્થિતિમાં આવી જે વહેંચણી (થવી) એ જ ભેદજ્ઞાનનું સ્વરૂપ છે. એ જ મોક્ષની કળા છે, એ જ મોક્ષ પામવાનો માર્ગ અને ઉપાય છે, એ જ વિધિ છે, એ જ પદ્ધતિ છે, બીજી કોઈ પદ્ધતિ કે વિધિ નથી.

એટલે અહીંયાં ત્યાં સુધી વાત સ્પષ્ટ કરી લીધી છે કે, આત્માની તીખી તમન્નામાં શું છે ? કેવી તીખી તમન્ના છે ? કે, અંદરની ચૈતન્યઋદ્ધિનો વિકલ્પ છે એ પણ એને ન જોઈએ. જગતનો પદાર્થ તો ન જોઈએ પણ ચૈતન્યની ઋદ્ધિ સંબંધીનો વિકલ્પ પણ ન જોઈએ, એ વિકલ્પ ન જોઈએ. આ જાય છે ને ? વરઘોડો કાઢે છે. લગ્ન કરે ત્યારે વરઘોડો કાઢે છે ને ? તો આગળ ઢોલ વગાડનારા કોણ હોય ? ઢોલી લોકો હોય છે ને ? ચાલે આગળ, પણ જ્યારે વરરાજાને લગ્ન કરવા માટે એના ઘરે જાય, એના લગ્ન મંડપમાં જવાનું હોય ત્યારે આંગણે એને એમ કહે કે, તમે બહારને બહાર રહો, ભાઈ ! તમારે અંદર આવવાનું નથી. (પણ) અત્યાર સુધી એને આગળ રાખ્યા ને ? બધું મહાજન પાછળ ચાલતું હતું. વરરાજાની ગાડી કે ઘોડો બધું પાછળ ચાલતું હતું. મોટર, હાથી જે હોય એ અને સાજન-મહાજન બધું પાછળ ચાલતું હતું અને આ આગળ ચાલતા હતા. એનાથી કાંઈ શોભા નથી પણ એ આગળ ચાલે. પણ ક્યાં સુધી ? કે, આંગણું આવે ત્યાં સુધી. પછી એ બહાર રહી જાય. બીજાં બધાંને અંદર જવાની છૂટ, આ લોકોને અંદર જવાની છૂટ નહિ. એમ આ આત્માનો વિકલ્પ કરનારો ઢોલી છે, ઢોલ વગાડે છે. ભલે આત્માનો ઢોલ વગાડે, ભલે મહિમા કરે (પણ) તું બહાર રહે, ભાઈ ! હવે અંદર જવાનો સમય થઈ ગયો છે. અમે અમારા ઘરની નજીક પહોંચી ગયા, ચૈતન્યમહેલમાં પ્રવેશ કરશું. તું બહાર રહી જા, ભાઈ ! તારું કામ નથી આમાં. તને પ્રવેશ મળે એવું નથી. એની સ્પૃહા હોય નહિ. એ વિકલ્પની સ્પૃહા ખરેખર હોતી નથી. આ વિકલ્પ સારો છે ને આ રાગ સારો છે ને આ ભાવ સારો છે એ સ્પૃહા, જેને આત્માની તમન્ના છે એને એની સ્પૃહા હોતી નથી. અહીં તો ભક્તિ કરતાં-કરતાં કે સ્વાધ્યાય કરતાં-કરતાં થોડોક ભાવ સારો આવી જાય તો એને એમ થાય કે, બહુ સારો ભાવ આવ્યો ! પણ અંદર રાગ હતો કે જ્ઞાન હતું ઇ તો હજી કાંઈ વહેંચણી નથી. હજી તો રાગનો રસ ચડતો હોય. શાસ્ત્ર વાંચતાં-વાંચતાં કે ભગવાનની પૂજા-ભક્તિ કરતાં-કરતાં રસ ચડતો હોય રાગનો ! એને એમ થાય કે, બહુ સારા ભાવ આવી ગયા ! આજે મને બહુ સારા ભાવ આવ્યા ! ભાઈ ! કેટલો અવિવેક છે આમાં

કે, આ ઢોલીને ઘરમાં જમવા લઈ જવાની વાત છે, રસોડામાં બેસાડવાની વાત છે !! એ કાંઈ વિવેક છે નહિ.

**'અંદરમાં ચૈતન્યઋદ્ધિ છે તે ઋદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી. એવો નિસ્પૃહ થઈ જાય છે...'** ચાલતા રાગ પ્રત્યે પણ એવો નિસ્પૃહ થઈ જાય છે. બીજાં જીવોને તો એવો રાગ આવે પણ નહિ. (સ્વરૂપ) સન્મુખ થઈને આત્માનો માર્ગ પામી લ્યે, સમ્યગ્દર્શન પામી લ્યે, એને જેવો આત્માનો વિકલ્પ આવે એવો વિકલ્પ તો બીજાને આવે પણ નહિ. ભલે એ ચિંતવન ને મંથન ને ગમે એ કરીને ચોવીસ કલાક એમાં રહેતો હોય, રાગરસ ઘૂંટતો હોય તોપણ એને એવો વિકલ્પ ન આવે. એ જુદી જાત છે. એની વિકલ્પની જાત પણ જુદી છે કેમકે જ્ઞાન સાથે ચાલે છે. એવો રાગ તો ભાવભાસન વિનાના જીવને આવે નહિ. ભલે આત્માની ગમે એટલી વાત કરે, વિચાર કરે, ચિંતવન કરે, રટણ કરે, ઘોલન કરે, મંથન કરે, બધું કરે તોપણ ન આવે. (સ્વરૂપનું) ભાસન જુદી ચીજ છે. એના પ્રત્યે પણ એવો નિસ્પૃહ થઈ જાય છે કે, મારે મારું કેવળ અસ્તિત્વ જ જોઈએ. મારી હયાતી, ફક્ત મારી હયાતી, જેમાં એકલાં મારાં અનંત ગુણોનું અભેદ રૂપ છે. અસ્તિત્વમાં અહીંયાં અભેદતા સાધવી છે. અસ્તિત્વમાં 'આ હું' એમ પોતે જુદો રહે અને એના સામું જોવે એમ નહિ. પર્યાયમાં હુંપણું સ્થાપે ત્યાં સુધી એને અસ્તિત્વ નથી મળતું. અસ્તિત્વસ્વભાવમાં હુંપણું આવે છે, જે અસ્તિત્વમાં અનંત ગુણ અભેદરૂપે, દ્રવ્યસ્વરૂપે રહેલાં છે, અભેદ સ્વભાવ તરીકે રહેલાં છે. એવી જે દ્રવ્યસ્વભાવની હયાતી છે એમાં (હુંપણું થાય છે). અનાદિની પર્યાયબુદ્ધિથી જે પર્યાય ઉપરનું અસ્તિત્વ છે – (એટલે કે) હું... હું... હુંપણું (છે) એ હુંપણું બદલી જાય છે. અનિત્ય અંશ હુંપણું કરે છે. અનિત્ય અંશ એટલે પર્યાય અંશ. હુંપણું કરે છે પર્યાયઅંશ. કોનામાં (કરે છે) ? આ સવાલ છે. ત્રિકાળીમાં કે વર્તમાન પોતાના અંશમાં ? જે ત્રિકાળી તત્ત્વમાં અહંપણું કરે છે ત્યારે એને એનું અસ્તિત્વ મળ્યું એમ કહેવામાં આવે છે. કેમકે અસ્તિત્વ (છે) એ જીવનો ત્રિકાળી હયાતીપણે રહેવાનો સ્વભાવ છે. એટલે એ ત્રિકાળી અસ્તિત્વ છે ત્યાં અહંપણું થવું તે સમ્યક્ છે અને તે યથાર્થ છે. એવું જેને પોતાનું અસ્તિત્વ જ જોઈએ એ ચાલતા રાગ અંશથી પણ તદ્દન નિસ્પૃહ છે.

**'આવી અંદર જવાની તીખી તમન્ના લાગે, તો આત્મા પ્રગટ થાય, પ્રાપ્ત થાય.'** આવી જેને ઉગ્ર તમન્ના હોય, માત્ર પોતાનું અસ્તિત્વ જ જોઈએ, એ સિવાય એને બીજાું કાંઈ ન જોઈએ. પોતાના અસ્તિત્વને જે વ્યાપ્ય-વ્યાપકભાવે વેદે એ સિવાય – અસ્તિત્વ સિવાય

જેને બીજું કાંઈ ન ખપે એને પોતાના પરિપૂર્ણ પરમપદનો સિદ્ધપદનો સાક્ષાત્ અનુભવ થાય છે. આત્મા પ્રગટ થાય છે એટલે એને સાક્ષાત્ અનુભવ થાય છે. એને ખરેખર જૈનધર્મ કહેવાય છે. આ જૈનધર્મનું સ્વરૂપ છે, બાકી બધી વાતો છે. મૂળ જૈનધર્મનું સ્વરૂપ–અસલ જૈનધર્મનું સ્વરૂપ આ છે.

(ઘણાં) પૂછે છે કે, તમારામાં રોજ પ્રતિક્રમણ કરવાનું ખરું કે નહિ ? તમારે સામાયિક કરવાની ખરી કે નહિ ? તમારે ઉપવાસ, એકાસણા ને પૌષધ કરવાના ખરા કે નહિ ? એટલે જે ક્રિયા સંપ્રદાયમાં કરતા હોય એના સંબંધી (પૂછે) કે તમારામાં આવી ક્રિયા ખરી કે નહિ ? (આમ) પૂછવા પાછળ ભાવ શું હોય છે કે, જૈનધર્મમાં આવું છે, બીજાં ધર્મમાં આવું નથી. માટે જો તમે જૈનધર્મ પાળતા હો તો આવું બધું તમારે કરવાનું આવે કે ન આવે ? ભાઈ ! જૈનધર્મનું સ્વરૂપ કોઈ બીજું છે.

અંદરમાં આત્માનો – જિનસ્વરૂપી આત્માનો અનુભવ થાય ત્યારે પ્રથમમાં પ્રથમ સમ્યક્ પ્રકારે અનંતાનુબંધી (કષાયનો) નાશ થાય છે, દર્શનમોહનો નાશ થાય છે કે જે જન્મ-મરણનાં કારણ છે. સમ્યક્ પ્રકારે એનો નાશ થાય છે. એના ઉપર આત્મા જીત મેળવે છે. તેથી એણે જિનત્વ અથવા જૈનત્વ પ્રગટ કર્યું છે, તેથી એને જૈન કહેવામાં આવે છે અને એને જૈનધર્મ કહેવામાં આવે છે. પેલું કોઈ જૈનધર્મનું સ્વરૂપ નથી. એ બધી ક્રિયાઓ એ કોઈ જૈનધર્મનું સ્વરૂપ નથી.

પ્રશ્ન :– આ બધી ક્રિયા બનાવવાનો હેતુ શું ?

સમાધાન :– ખરેખર વાત જુદી છે. આવા જૈનધર્મમાં જે આવે છે એને ઘણી સ્વરૂપસ્થિરતાની અંદરમાં જમાવટ થઈ જાય છે, એ સવાર-બપોર-સાંજ આત્મામાં આવે છે, ધ્યાનમાં બેસે છે, બીજી પ્રવૃત્તિથી મુક્ત થઈ જાય છે, બહારની પ્રવૃત્તિ છોડી દ્યે છે, એને એમાં રસ નથી, મમત્વ નથી, લાલસા નથી. સવાર-બપોર-સાંજ ધ્યાનમાં બેસે છે અને શુદ્ધોપયોગમાં આવે છે ત્યારે એને ત્રણ કાળની – સવાર-બપોર-સાંજની સામાયિક કહેવામાં આવે છે. એવી સામાયિક મહાત્માઓએ કરી છે. એવી સામાયિક તો એક પણ ન કરે, અરે...! એને એના સ્વરૂપની પણ ખબર ન હોય અને માત્ર સામાયિકના પાઠ બોલીને બેસે અને સામાયિક માને તો અંદરમાં ધર્મની અંતર્ક્રિયા પ્રગટ્યા વિના બાહ્ય ક્રિયામાં ધર્મ માને એ મિથ્યાત્વને ઘૂંટે છે, મિથ્યાત્વને દૃઢ કરે છે. ધર્મ થતો નથી, ધર્મ થવાથી દૂર જાય છે. દૂર જાય છે ! આ પરિસ્થિતિ છે.

પ્રશ્ન :– આ પ્રથા ચાલુ કરનાર શ્રાવકો નહિ સમજ્યા હોય ?

સમાધાન :– ચાલુ કરનાર એટલે ? આવી રીતે ચાલુ થઈ છે. એના કોઈ ચાળા પાડે એટલે ચાલુ રાખી એમ કાંઈ ન કહેવાય. 'ગુરુદેવ' એક બહુ સરસ દૃષ્ટાંત આપતા. જંગલમાં કેટલાંક માણસો ચાલીને મુસાફરીએ નીકળ્યા (હતા). એમાં શિયાળાની ઠંડી રાત (હતી). ઠંડી ઘણી ! જો આમને આમ ચાલ્યા કરે તો ઠંડીમાં માણસ મરી જાય. (એટલે) વિચાર કર્યો કે, થોડો તાપ કરીને શેકીએ. એટલે લાકડાં તો જંગલમાં મળે, થોડા લાકડાં ને ખડ ને બધું ભેગું કર્યું. દિવાસળી સળગાવી અને તાપવા બેઠાં. ટાઢ ઉડાડીને પછી આગળ ચાલ્યા. (ત્યાં) વાંદરા ઝાડ ઉપર બેઠાં-બેઠાં જોતા હતા. એને એમ થયું કે, ટાઢ તો આપણને પણ લાગે છે. આ કપડાં પહેર્યાં છે એને ટાઢ લાગે છે તો આપણે તો કપડાં પણ પહેર્યાં નથી. કેટલી બધી ઠંડી છે ! ગરમીનો આ ઠીક નુસખો છે. લાકડાં તો અહીંયાં ઘણાં છે. એણે પણ ભેગા કર્યાં, ઢગલો કર્યો (પણ) એ દિવાસળી ક્યાંથી લાવે ? પેલા તો માણસો હતા એટલે સાથે બાકસ–દિવાસળી હતી, આને ક્યાંથી હોય ? એટલે અંધારામાં આગિયા ફરતા હતા, જીવડાં ! એને પકડી-પકડીને નાખે. લાકડાંનો ઢગલો કરેલો એમાં આગિયાને પકડી-પકડીને નાખે ! કોઈ 'દી અગ્નિ સળગે નહિ, કોઈ 'દી તાપ થાય નહિ ને વાંદરાની ટાઢ ઊડે નહિ ! આ દશા થાય. એમ જેને સાચી સામાયિક થાય એને અંદર શાંતિ મળે છે. આવી (બહારની) સામાયિકમાં કંઈ અંદર શાંતિ મળતી નથી. કષાય મંદ થાય અને શાંતિ માને ઇ બીજી વાત છે, પણ એમાં કંઈ આત્માની શાંતિ હોતી નથી.

બહુભાગ તો એવા જોયા છે કે, ઘણી ક્રિયા–બાહ્યક્રિયા કરતા હોય અને એવીને એવી પ્રકૃતિ હોય ! લેશ માત્ર પ્રકૃતિમાં ફેર ન પડે. ઊલટાની અવસ્થામાં વૃદ્ધાવસ્થા થાય, વૃદ્ધ થાય તો પ્રકૃતિ (ઊલટાની) ઉગ્ર થઈ હોય. ક્રિયામાં જરાક ખલેલ પડે તો એનું ચિત્ત ઠેકાણે રહે નહિ કાં પિત્તો ઠેકાણે રહે નહિ, ક્રોધ આવી જાય. ક્રોધવાળી પ્રકૃતિ હોય અને એમાં ઉમેરો થઈ જાય. ધર્મ તો પ્રકૃતિનો નાશ કરનાર છે. સ્વભાવ–આત્માનો સ્વભાવ અને કર્મનો પ્રકૃતિ સ્વભાવ – બન્ને એકબીજાથી વિરુદ્ધ છે. ધર્મથી તો પ્રકૃતિનો નાશ થાય છે, એના બદલે પ્રકૃતિ ઉગ્ર થાય ! શું લાભ થયો ?

(અહીંયાં કહે છે કે) **'આવી અંદર જવાની તીખી તમન્ના લાગે, તો આત્મા પ્રગટ થાય, પ્રાપ્ત થાય.'** નિયમબદ્ધપણે, હોં ! એને ન થાય એ પ્રશ્ન નથી. થાય જ થાય એવી વાત છે. આ સ્થિતિએ કોઈ જીવ આવે, આ ભૂમિકાએ આવે અને એને એના સંસારનો છેદ

ન ઊડે, એના જન્મ-મરણના નાશનું કારણ જે ધર્મ છે એ પ્રગટ ન થાય (એમ ન બને). આત્મા પ્રાપ્ત થાય એટલે સામે આટલા નુકસાનથી બચે છે. ૪૧ પ્રકૃતિનો બંધ થાય એવા તો પરિણામ જ ન થાય. ૪૧ પ્રકૃતિ ! એમાં મુખ્ય તો બધાં અશુભ પ્રકૃતિનાં ભેદ છે, પણ એમાં બે ગતિ આવી જાય છે, તિર્યંચ, નપુંસક વેદ આવી જાય છે, એ પ્રકારના બંધ જ ન થાય. એ જાતના અમુક સંસ્થાન ન મળે. ૪૧ પ્રકૃતિના બંધ જ નથી. ત્યાં ઇ જાતના પરિણામ જ નથી, એ જાતનો રસ જ નથી. એમ છે. અને અનંત જન્મ-મરણનું બીજ કપાઈ જાય છે, બળી જાય છે ! મોટી વાત એ છે, બીજી બધી પ્રકૃતિ તો ઠીક છે, સામાન્ય વાત છે. પણ પરિણામની અંદર જન્મ-મરણની, અનંત જન્મ-મરણની જે યોગ્યતા હોય છે, મિથ્યાત્વના પરિણામની અંદર જે અનંતતા છે એ અનંતતા કપાઈ જાય છે. આયુષ્ય(નો બંધ) તો સમ્યક્‌દૃષ્ટિ હો કે મિથ્યાદૃષ્ટિ હો, આગામી એક ભવનો જ પડે છે. પણ મિથ્યાત્વસહિત દશામાં અનંત (જન્મ-મરણ કરવાની) યોગ્યતા પડેલી છે, બીજ (પડ્યું છે), એની અનંતતાનું એ બીજ છે. એ ભાવમાં એવી યોગ્યતા છે એ ખલાસ થાય છે. મોટી વાત એ છે. પછી એક ભવ કે કોઈને બે-ચાર ભવ, પાંચ-સાત ભવ હોય એ તો અનંત કાળના કાળના સમુદ્રમાં તો એક બિંદુ જેટલી વાત છે, એક પાણીનું ટીપું હોય એના જેવી વાત છે. એ ૨૦મો બોલ (પૂરો) થયો.

**ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના–એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને–ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે–એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. ૨૧.**

૨૧મો બોલ છે–ભાવનાનો. આ બોલ તો 'ગુરુદેવે' અનેકવાર સૂત્રની જેમ મુખ્યતા આપીને વાંચેલો છે. જેમ આખા શાસ્ત્રમાં કોઈ-કોઈ ગાથાઓ સૂત્ર જેવી હોય છે. આમ

તો દરેક ગાથાને ગાથાસૂત્ર કહે છે પણ સિદ્ધાંતસૂત્ર જેને કહીએ, સિદ્ધાંતસૂત્ર ! એટલે ટૂંકા શબ્દોની અંદર, સૂત્ર એટલે ટૂંકા શબ્દોની અંદર મહા સિદ્ધાંતને સમાવિષ્ટ કરવો એને સૂત્રસિદ્ધાંત કહે છે. અહીંયાં એવો વિષય છે.

મોક્ષમાર્ગનો અથવા પાયાનો વિષય છે એ ભાવનાનો છે અને એના વિના કોઈપણ કાર્યમાં આગળ વધવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કેવી ભાવના હોવી જોઈએ ? પોતાના સ્વરૂપપ્રાપ્તિ માટેની કેવી ભાવના હોવી જોઈએ એનું અહીંયાં વર્ણન છે અને એ વિષય આ શાસ્ત્રની અંદર અનેક જગ્યાએ છે. ભાવનાનો વિષય અનેક જગ્યાએ આવ્યો છે અને એ વિષયને વિભિન્ન રીતે સ્પષ્ટ કર્યો છે. ભાવનાના વિષયને જુદાં-જુદાં શબ્દોથી, જુદી-જુદી ઉપમા, યુક્તિથી વધારેમાં વધારે સ્પષ્ટ કર્યો છે કે, સ્વરૂપપ્રાપ્તિની કેવી ભાવના હોય તો આ જીવ અવશ્ય પોતાનું હિત સાધી લ્યે અને ભાવના ન હોય, આ પ્રકારની ભાવના ન હોય, જેને ભાવના કહેવામાં આવે છે એવી ભાવના ન હોય તો બીજાું ગમે તે કરે તોપણ આત્મહિત સધાતું નથી. સવાલ એ થવા યોગ્ય છે કે, બીજાું કરે છે, તો ભાવના છે તો બીજાું કરે છે ને ? તપ તપે છે તો ભાવના વગર તપ તપે છે ? આટલા બધા શાસ્ત્રો વાંચે છે તો ભાવના વગર વાંચે છે ? અથવા જીવ ધર્મના ક્ષેત્રમાં આવીને જે કાંઈ કરે છે એ કાંઈને કાંઈ ભાવના હોય તો કરે છે ને ? તો કહે છે કે, એ ભાવનાનો વિષય સમજવા જેવો છે. એમાં પણ જીવે ભૂલ ખાધી છે અને એણે જે કાંઈ કર્યું છે એ સંસાર અર્થે થઈ ગયું છે. આત્માના હિતને (અર્થે) કે મોક્ષને અર્થે થયું નથી. એવો વિષય અહીંયાં આ શાસ્ત્રની અંદર વિશેષપણે સ્પષ્ટ થાય છે. એનો આ પહેલો બોલ ૨૧ નંબરનો છે. અહીં (સુધી) રાખીએ, કાલે વિશેષ લઈશું.

## પ્રવચન નં. ૨૧, વચનામૃત-૨૧
## તા. ૦૮-૧૨-૧૯૮૬

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું-૮, ૨૧મો બોલ છે. આ ભાવનાનો બોલ છે. ભાવનાની આ વાત અનંતા તીર્થંકરોએ કહેલી છે. એવી રીતે ભાવનાનો વિષય સ્થાપતા અહીંયાં અનંતા તીર્થંકરોનો આધાર લીધો છે. છેલ્લી લીટી છે ને ? **'આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.'** પંડિત હોય, વિદ્વાન હોય તો આગમપ્રમાણ માગે. અનંતા તીર્થંકરોએ આ વાત કહી છે એનું કોઈ આગમપ્રમાણ છે ? અનુભવપ્રમાણ છે તે જ આગમપ્રમાણ છે અને અનુભવપ્રમાણ છે તે આગમથી બળવાન પ્રમાણ છે.

મુમુક્ષુ :– આગમ અનુભવમાંથી નીકળ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :– આગમ અનુભવમાંથી નીકળ્યા છે પણ આગમમાં પણ જ્યાં પ્રમાણનું પ્રકરણ ચાલ્યું છે ત્યાં યુક્તિપ્રમાણ, ન્યાયપ્રમાણ, આગમપ્રમાણ, અનુભવપ્રમાણ એવા ચાર-પાંચ પ્રમાણોનો વિષય ચાલે છે અને ત્યાં આગમ એમ કહે છે કે, સર્વ કરતાં બળવાન પ્રમાણ અનુભવપ્રમાણ છે. અનુભવપ્રમાણ એ સર્વથી બળવાન પ્રમાણ છે. એમ પ્રમાણના વિષયમાં પ્રમાણિત થયેલી આ વાત છે. પ્રમાણના વિષયમાં આ પ્રમાણિત થયેલી વાત છે.

ભાવનાનો વિષય કહેતાં અનંતા તીર્થંકરોની સાક્ષી લીધી છે. અનંતા તીર્થંકરોએ આ જ વાત કહી છે, એમ પોતાના સ્વાનુભવથી આ વાત કહેલી છે. એ સમજાય એવું છે કે, બહુ ઊગતી ઉંમરમાં, સામાન્ય રીતે તો છેલ્લા-છેલ્લા ૨૦૦-૪૦૦ વર્ષમાં થયેલા જેટલા જ્ઞાનીઓ પ્રસિદ્ધ છે એમાં આટલી નાની ઉંમરમાં આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરી હોય, સમ્યગ્દર્શન –

સ્વાનુભવની પ્રાપ્તિ કરી હોય એવો આ એક Recordનો વિષય ગણવો જોઈએ. જો અઢાર વર્ષે આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ હોય, સ્વાનુભવની પ્રાપ્તિ થઈ હોય અને તે પણ સ્ત્રીપર્યાયમાં ! એ વળી પાછો બીજો વિષય છે, એમાં વધારે કઠણ છે. કેમકે માયાચારનું ફળ સ્ત્રીપર્યાય છે અને માયાના પરિણામ એ સમ્યગ્દર્શનના ઘણાં વિરુદ્ધ જાતિના પરિણામ છે. બધી પ્રકૃતિમાંથી કોઈ વધારે નડતરરૂપ પ્રકૃતિ હોય તો એ માયાની પ્રકૃતિ છે. એને તોડીને (એમાં) પરાક્રમ જોઈએ, વધારે પરાક્રમ જોઈએ, વધારે બળ જોઈએ. અને એ સિવાય એ ઉંમરમાં, એ જમાનામાં જ્યાં સાહિત્ય ઓછું મળે, આવાગમનના સાધનો ઓછા મળે, ૫૦-૫૫ વર્ષ પહેલાંની (વાત છે), જો ૧૮ વર્ષે સ્વાનુભવ થયો હોય તો સ્વાભાવિક છે કે, ભાવનાનો વિષય, ભાવનાનું પ્રકરણ બે-ત્રણ વર્ષ પહેલાં શરૂ થયું હોવું જોઈએ. ભાવનાનું Stage છે, આ ભાવનાના Stageમાં આવ્યા હોય ત્યારે એથી પણ પહેલાં–૨-૩ વર્ષ ઓછામાં ઓછા લેવા જોઈએ.

**૧૫-૧૬ વર્ષની નાની ઉંમરે, એ તો ઊગતી ઉંમર કહેવાય, એમાં એક સ્વાનુભવ કરવો છે, આત્મહિત કરી લેવું છે, આ જ એક જીવનનું કાર્ય છે અને આ જ ભાવનામાં આવવું – આટલો જે વિવેક ઊગવો (એ) એક અસાધારણ વિષય છે** !! ત્યારે બીજાં સાધનો એટલા ઉપલબ્ધ નહિ હોવા છતાં (આત્મહિતના) કાર્યમાં આગળ વધવાનું કારણ, જે કાર્ય પ્રાપ્ત થયું એ કાર્ય સુધી પહોંચવાનું કોઈ મહત્વનું કારણ હોય તો પ્રથમમાં પ્રથમ ઊગેલી ભાવના છે.

એ ભાવના કેવી છે ? એનું પહેલેથી વર્ણન એ રીતે લીધું છે કે, '**ચૈતન્યને...**' નામ આત્માને પોતાને '**ચૈતન્યમાંથી પરિણમેલી...**' આત્માને આત્મામાંથી ઊગેલી. ભાવનાનો આધાર તપાસવામાં આવે કે, કોના આધારે આ ભાવના થઈ ? એ તપાસવામાં આવે તો બીજો કોઈ અન્ય આધાર એમાં નથી. મને મારા માટે આ ભાવના થઈ છે. 'ચૈતન્ય' શબ્દની જગ્યાએ પોતાનું સ્વરૂપ લઈએ તો મને મારામાંથી આ ભાવના ઉત્પન્ન થઈ છે અને મારામાંથી ભાવના ઉત્પન્ન થઈ છે એટલે કે અવસ્થામાં ઉત્પન્ન થતાં રાગ પણ નહિ અને દ્વેષ પણ નહિ. બીજાં અન્ય પદાર્થના આધારનો તો સવાલ નથી. ભવિષ્યમાં સારી ગતિ મળે, સારો ભવ મળે, અનુકૂળતાઓ મળે, પુણ્ય બંધાય, કોઈ સ્થાન મળે એ તો પ્રશ્ન છે નહિ. એ તો બધાં રાગનાં નિમિત્તો છે અને મોહવશ એવી ભાવના થાય છે. જે કોઈ બહારના સગવડતાના સાધનો, અનુકૂળતાના સ્થાનો છે, પ્રસંગો છે એ રાગના નિમિત્તો છે અને મોહવશ એની ભાવના થાય છે. 'ઇચ્છા' શબ્દ અહીંયાં ટૂંકો પડે છે. ઇચ્છાનો વિચાર કરીએ કે, ઇચ્છા

કહેવી કે ભાવના કહેવી ? ભાવનાને ઇચ્છા કહેવી કે નહિ ? તો 'ઇચ્છા' શબ્દ નાનો પડે છે, ટૂંકો પડે છે.

મુમુક્ષુ :– ભાવના ઉત્તમ કાર્યમાં વપરાય અને ઇચ્છા સામાન્ય કાર્યમાં વપરાય.

પૂજ્ય ભાઈશ્રી :– ઇચ્છા સામાન્ય કાર્યમાં વપરાય પણ છતાં ઇચ્છામાં લૂખાશ છે, ભાવનામાં ભાવની ભીનાશ છે. એ મોટો ફરક છે. ઇચ્છા એક લૂખી વાત છે એમ લાગે છે. જ્યારે ભાવનામાં તો ભાવની ભીનાશ છે. જે પરિણામ ભાવનાથી ભીંજાયેલા પરિણામ છે એમ કહેવાય એને ભાવના કહીએ અને એનું મૂળ શું ? કે, એનું મૂળ પોતાનું ચૈતન્યસ્વરૂપ, બીજું કોઈ એનું મૂળ નહિ. જેમ કોઈને વૈરાગ્ય થાય છે તો રાગ ગર્ભિત, દ્વેષ ગર્ભિત, દુઃખ ગર્ભિત, માન ગર્ભિત (એમ) અનેક પ્રકારે થાય છે ને ? તો એ બધા વૈરાગ્યને ખરેખર વૈરાગ્ય ન કહીએ. કેમકે એના જે કારણ છે એ સમીચીન કારણ નથી, યથાર્થ કારણ નથી એટલે એ કારણ સાચા નથી. પણ પોતાના પરિપૂર્ણ સ્વભાવના આધારથી કોઈપણ પરપદાર્થની અપેક્ષાવૃત્તિ ઊડી જાય છે, સહજ ઉપેક્ષાવૃત્તિ થાય તો એને વૈરાગ્ય કહે છે. એમાં આધાર આત્માનો છે.

ભાવનામાં આ વૈરાગ્યનો દૃષ્ટાંત લેવો છે કે, જેમ આત્માના આધારે ઉત્પન્ન થયેલો વૈરાગ્ય, એ વાસ્તવિક વૈરાગ્ય છે. રાગ-દ્વેષમાંથી, મોહમાંથી જન્મેલો વૈરાગ્ય એ ખરો વૈરાગ્ય નથી. વૈરાગ્ય દેખાય તોપણ એ સાચો વૈરાગ્ય નથી. એમ રાગરસમાં તીવ્રતા થાય, કોઈ દ્વેષનું કારણ મળે, કોઈ મોહને લઈને ભાવના થાય એ આ પ્રકાર નથી. એમાંથી ઊગેલી આ ભાવના નથી. પણ જે ચૈતન્યમાંથી પરિણમેલી છે એટલે આત્માના ઊંડાણમાંથી આવેલી ભાવના છે.

એકવાર ('પૂજ્ય બહેનશ્રી' સાથે) પ્રત્યક્ષ ચર્ચામાં પણ એવી ચર્ચા ચાલી હતી. એવો પ્રશ્ન હતો કે, સમ્યગ્દર્શન થયા પહેલાં બધું બરાબર હોય નહિ, મિથ્યાત્વમાં તો કાંઈ બધું બરાબર હોય નહિ, કાંઈ બરાબર ન હોય, ગમે તે સાધન કરી લે તો એ સાધન બરાબર સાધન નથી તો અહીંયાં શું કરવું ? મુમુક્ષુદશામાં જ્યાં મિથ્યાત્વની અવસ્થા છે ત્યાં શું કરવું ? તો (કહ્યું કે) સાવ એમ નથી. શું કહ્યું ? કેવો જવાબ દીધો ! સાવ એમ નથી અને સાવ એમ ન લેવું જોઈએ. કેમ ? (કેમકે) ત્યાં પણ જો એકમાત્ર સ્વરૂપપ્રાપ્તિનું લક્ષ કર્યું હોય, એકમાત્ર આત્મહિતનો હેતુ સાચવી રાખવામાં આવે, પકડી રાખવામાં આવે અને જો જીવ યથાર્થ ભાવનામાં આવે તો જરૂર એ પોતાના સ્વાનુભવ પ્રત્યે આગળ વધી શકે

છે. શાસ્ત્ર સ્વાધ્યાય, સત્પુરુષોના વચનોનું શ્રવણ કે અધ્યયન ગણો અથવા તો પરિચય ગણો, એની પાછળ અંદરમાં જો આ વિષય હોય, લક્ષ હોય, હેતુ બરાબર હોય અને ભાવના અંતરની હોય, અંતરની ભાવના હોય, ચૈતન્યમાંથી – અંતરમાંથી ઊગેલી ભાવના હોય તો એ આગળ વધી શકે છે.

મુમુક્ષુ :– ભાવના અંતરમાંથી ઊગેલી છે, ઇચ્છા જડબુદ્ધિમાંથી ઊગેલી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઇચ્છા તો બહુ ઉપર-ઉપરની ચીજ છે, જડબુદ્ધિ છે અથવા કોઈ એમ કહે કે અમને ઇચ્છા છે કે અમારે કાંઈક આત્માનું હિત કરવું જોઈએ એવી અમારી ઇચ્છા છે. અમને જરૂરિયાત લાગી છે, અમારી આ ઇચ્છા છે એટલા માટે ધાર્મિક પ્રવૃત્તિમાં આવ્યા છીએ. અહીંયાં કહે છે કે, કોઈપણ ધાર્મિક પ્રવૃત્તિની પાછળ શું છે ? આટલો પ્રશ્ન છે. કોઈપણ પ્રકારની બાહ્ય ધાર્મિક પ્રવૃત્તિ હો, એ સમસ્ત બાહ્ય ધાર્મિક પ્રવૃત્તિની પાછળ અંતરથી ઊગેલી આત્મપ્રાપ્તિની જે ભાવના છે એ ભાવનાનો સદ્ભાવ હોય તો ઊંધે રસ્તે વિપર્યાસમાં જવાનું ન બને અને ભાવના વગરના જીવને વિપર્યાસમાંથી બચવું બહુ મુશ્કેલ છે, ઘણું મુશ્કેલ છે.

એટલે બીજી વાત નથી લીધી. **'ચૈતન્યને...'** એટલે પોતાને પોતાના અંતરમાંથી **'પરિણમેલી ભાવના...'** પરિણમેલી એટલે સહજ ઉત્પન્ન થયેલી. પરાણે-પરાણે કરવાનો આ વિષય નથી અને પરાણે ત્યારે કરવું પડે છે કે, બીજી બાજુનું ખેંચાણ છે એમાંથી છૂટવા માટે હઠ કરવી પડે. આ હઠનો પ્રયોગ નથી. પરિણમેલી ભાવના એમ લીધું છે. સહજ પરિણમી ગઈ હોય, એવી જો ભાવના હોય અર્થાત્ એ રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી એવી ભાવના હોય તો **'એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો.'** એટલે અવશ્ય ફળે છે. ફળે, ફળે ને ફળે જ, ન ફળે એવું ન બને. એ ભાવના અનુસાર ચૈતન્યને પોતાનો ચૈતન્યનો સ્વાનુભવ ન થાય, પોતાની ભાવનામાંથી – સ્વાનુભવની ભાવના હોય ને સ્વાનુભવ ન થાય, સ્વરૂપની ભાવના હોય અને સ્વરૂપનો અનુભવ ન થાય, એ અહીંયાં નથી બનતું. અન્ય પદાર્થ તો પોતાના વશની અને અધિકારની વાત નથી. અન્ય પદાર્થના પરિણમનની એટલે અન્ય પદાર્થનું કાર્ય થાય કે ન થાય એનો કોઈ નિયમ નથી. આ તો પોતાનો નિજ પદાર્થ છે એટલે ન થાય એ પ્રશ્ન રહેતો નથી.

હવે, આ જ વિષયને થોડો ઊંડાણથી લઈએ તો આમ શા માટે ? એક પ્રશ્ન ઉઠાવવો જરૂરી છે કે શું કરવા એ ફળ્યે જ છૂટકો ? શા માટે એ ફળે અને ન ફળે એવું ન બને ?

એવું શા માટે ? શું કારણ છે ? આ એક એની વાસ્તવિકતા છે. ભાવનાની આ એક વાસ્તવિકતા છે કે, જેની તીવ્ર ભાવના હોય એ તીવ્ર ભાવનાને અવરોધક કોઈપણ સામે પરિસ્થિતિ ઊભી થાય તો ભાવનાવાળાને એ પરિસ્થિતિ મંજૂર નથી, સંમત નથી. એની ભાવનાને વશ, ભાવનાથી વિરુદ્ધ પરિસ્થિતિ એને સંમત નથી. હવે, અહીંયાં અંદરમાં આત્મામાં શું પરિસ્થિતિ છે ? આ કોઈ બહારની પરિસ્થિતિનો વિષય નથી, પ્રકરણ નથી. અંદરની પરિસ્થિતિમાં જે કોઈ ભાવનાને અવરોધક પરિસ્થિતિ છે એ પોતાના જ ભાવો છે. જીવના જે જડ પ્રત્યયી પરિણામો છે તે તમામ પરિણામો જીવની ભાવનાથી વિરુદ્ધ છે, ચૈતન્યના અનુભવની ભાવનાથી વિરુદ્ધ છે. જડને અનુભવવા જતા ભાવો; (જો કે) કોઈ આત્મા અનુભવી શકતો નથી, કોઈ આત્મા જડને વેદી શકતો નથી કે અનુભવી શકતો નથી, છતાં અનાદિથી પરિણામ થાય છે અને એ પરિણામ થવાનું કારણ એ છે કે, ભાવના વિનાનો જીવ નથી અને એને અનાદિની જડની જ ભાવના છે. પાછું એમ નથી કે ભાવના જેવી કોઈ ચીજ જ નથી. જડની ભાવના તો સંસારી પ્રાણીને છે, છે ને છે. જડની ભાવના હોવાથી એને જડ પ્રત્યેના પરિણામરૂપ જે રાગ છે – પર અભિલાષ, એની ભાવના પણ એની અંદર સાથે-સાથે આવી જાય (છે). એ પણ જડ જ છે, ખરેખર તો જડસદૃશ હોવાથી અને એનામાં જ્ઞાન નહિ હોવાથી – રાગમાં જ્ઞાન નહિ હોવાથી એ ચૈતન્યભાવો હોવા છતાં પણ, ચૈતન્યપરિણામો હોવા છતાં એ જડ જેવા છે. પણ એ જડની ભાવનાને પણ એણે તપાસી નથી. પણ સમજી શકાય એવી વાત છે કે, પોતાનું ધ્યેય હોય, પોતે કરવા ધાર્યું હોય, જેની પાછળ એની ઘણી તીવ્ર ઇચ્છા હોય, અહીં ભાવનાને આપણે ન સમજી શકતા હોય તો એમ લઈએ કે ઘણી તીવ્ર ઇચ્છા હોય, એની પાછળ–કોઈ કાર્ય પાછળ ચીકણાંમાં ચીકણાં પરિણામ થતા હોય અને એમ કહેવાય કે, આખો જીવ ત્યાં ટિંગાય જાય છે એટલું વજન દ્યે છે. એમ નથી કહેતા કે, આ કામ પાછળ તો એ ટિંગાય ગયો છે, એટલું વજન આપે છે. એવું કોઈ મહત્વનું કામ હોય (તો) એને અવરોધક, સીધું કે આડકતરું કોઈપણ કારણ એ જીવ સંમત નહિ કરે. બને છે કે નથી બનતું ? સીધી કે આડકતરી કોઈ વાત આવે તો એને સંમત નહિ કરે. અથવા એમાં સીધું કે આડકતરું નુકસાન થાય, એને અવરોધક થાય એવું કાંઈ સંમત નથી કરતો.

આ ભાવનાના પ્રકારની અંદર પણ આત્માને હિતરૂપ થાય એવી જ વાત સંમત કરવામાં આવે છે, અહિતની એક પણ વાત, એક કણ પણ સંમત કરવામાં આવતો નથી. રાગનો

એક કણ પણ સંમત કરવામાં આવતો નથી એનું કારણ આ છે કે, ભાવના છે એ સંપૂર્ણ ચૈતન્યની છે, પૂર્ણ શુદ્ધ ચૈતન્યની છે. કોઈ અપૂર્ણતાની પણ નથી, મલિનતાનો તો એની અંદર પ્રશ્ન પણ નથી. રાગ તો મલિન છે, પણ અપૂર્ણતા પણ સંમત નથી અને મલિનતા પણ સંમત નથી. એટલે સાધક જીવને અપૂર્ણ વિકાસની અંદર પણ અટકવાનું કારણ નથી બનતું. સાધકદશામાં આગળ વધે છે પણ અપૂર્ણ વિકાસમાં કોઈ સાધક ન અટકે. સાચા સાધકની Line પણ એવી છે કે કોઈ અપૂર્ણ વિકાસમાં અટકે નહિ. પૂર્ણ થયે છૂટકો, પૂર્ણ થયે જ એ રહે છે. ત્યાં સુધી ભાવનાનો વિષય ઊભો જ રહે છે.

મુનિદશામાં તો આ બહુ પ્રસિદ્ધ વાત છે, મુનિદશાની તો આ બહુ પ્રસિદ્ધ વાત છે કે, પોતાના આત્મસ્વરૂપને ભાવવા માટે મુનિ દ્વાદશ ભાવનાનું પરિચર્યન કરે છે. આ બાર ભાવનાનો વિષય આવે છે કે નહિ ? 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં તો ગ્રંથ જ એના ઉપર છે એમ કહીએ તો ચાલે. બાર ભાવના ! પણ એ તો વિકલ્પના ભેદે ભેદ છે. ભાવના બાર પ્રકારની નથી. એ તો એ ભાવનાને અનુસરીને ઉત્પન્ન થતા જે વિકલ્પ છે એના બાર ભેદ કીધાં છે. ભાવનાના બાર ભેદ નથી. સ્વરૂપ તો એક પ્રકારે છે અને સ્વરૂપની ભાવના પણ એક જ પ્રકારે છે. એ તો બધાં વિષયમાં એવું છે કે, કેટલા તપ છે ? તો બાર પ્રકારનાં તપ છે. છ અભ્યંતર અને છ બાહ્ય. એનો પણ ૧૨નો જ આંકડો છે. એ વિકલ્પના ભેદ છે, તપનો ભેદ નથી. નિશ્ચયતપ એક જ પ્રકારે છે પછી આ બાર ભેદને વ્યવહારમાં નાખવામાં આવે છે.

પ્રશ્ન :- બાર ભેદને વ્યવહાર કહેવાય ?

સમાધાન :- હા, એ વ્યવહાર છે. એ તો ક્રિયાની અપેક્ષાએ બાહ્ય-અભ્યંતરનો ભેદ છે. એકમાં બીજી જડની ક્રિયાઓ, પરપદાર્થ સાથેની ક્રિયા હોય છે (અને) એકમાં અંતરંગ પરિણામની મુખ્યતા છે. (એકમાં) પરિણામની મુખ્યતા છે, એકની અંદર ક્રિયાની મુખ્યતા છે – એમ બાહ્યાભ્યંતર છે. પણ ભેદ બધાં વ્યવહારથી છે. આત્મામાં ઉગ્ર રીતે સ્થિર થાય એને ધ્યાનાગ્નિમાં તપાયમાન થયેલો આત્મા, તપથી તપાયમાન થયેલો આત્મા કહેવામાં આવે છે. ખરેખર એ તપ છે કે, જેનાથી ઓપે છે, તપે છે. તપે છે એટલે ઓપે છે, ઓપે છે એટલે શોભે છે.

પ્રશ્ન :- આ જે ભાવના છે એની સામે મલિનભાવનાનો કોઈ ક્લાસ જ નથી ને ?

સમાધાન :- મલિન ભાવના ગઈ. બે ભાવના સાથે ન રહે. બે વિરુદ્ધ ભાવના સાથે

ન રહે. એટલે પછી ભાવનાને પ્રતિકૂળ એવી જે અંદરની (મલિન) ભાવના–પરિણામની સ્થિતિ ઊભી થાય છે એનો ભાવનાથી નિષેધ આવે છે, ભાવનાને કારણે એનો નિષેધ આવે છે. આ ભાવનાને લીધે જીવ કોઈપણ શુભભાવમાં પણ અટકતો નથી, ફસાતો નથી એનું કારણ આ છે કે, ચૈતન્યની ભાવના છે અને ચૈતન્યમાંથી ઉત્પન્ન થયેલી ભાવના છે. માટે જીવ ત્યાં અટકતો નથી.

મુનિદશાનું Stage–સ્તર છે એ આખું બદલાઈ ગયું છે છતાં પણ ત્યાં બાર પ્રકારે ભાવના ઊભી થાય છે. છે તો સ્વરૂપની એકની ભાવના, પણ એવા બાર પ્રકારે એ સ્વરૂપની ભાવના (ભાવે છે). કેમકે વિકલ્પમાં એકને એક પ્રકારનો વિકલ્પ ન ટકે. કેમકે એ તો અન્ય છે ને ? વિકલ્પ તો અન્ય છે. એકને એક સ્વરૂપમાં ગમે એટલું ટકી શકાય પણ અન્ય વિષયમાં અંતર્મૂહુર્તથી વધારે ન ટકી શકાય એવો નિયમ છે. આત્માને છોડીને અન્ય ભાવમાં અંતર્મૂહુર્તથી વધારે કોઈ ભાવ ન ટકી શકે. આ એનો નિયમ છે. એટલે એ બદલાય છે તો વિકલ્પની સ્થિતિમાં આ બાર પ્રકાર ઉત્પન્ન થાય છે. મુનિરાજને પણ સ્વરૂપની ભાવના આવે છે અને એ વૈરાગ્યની ઉત્પાદક કહેવાય છે અથવા અધ્યાત્મની ઉત્પાદક ભાવના કહેવાય છે.

સમગ્ર રીતે એનો વિચાર કરીએ તો આખું જે **અધ્યાત્મ છે – મોક્ષમાર્ગનું આખું જે અધ્યાત્મ છે એનું મૂળિયું શું ? કે, ચૈતન્યમાંથી ઊપજેલી–ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના.** આ એનું મૂળિયું છે. બીજું કાંઈ લાંબું-ટૂંકું ન આવડે, બધું અટપટું લાગતું હોય, ગમે તે પરિસ્થિતિ હોય, બુદ્ધિ કામ ન કરતી હોય, કોઈ ન્યાય, કોઈ વિષય ન સમજાતો હોય તોપણ ભાવનાના બળે એ સીધું થઈ જશે. નહિ સમજાવાનું કારણ તો પૂર્વ સંસ્કાર છે. એથી વિરુદ્ધ જાતિના પૂર્વ સંસ્કાર આત્માને વિષે દ્દઢ થઈ ગયા હોય તો બુદ્ધિ છે એ સરળ થઈને ન્યાયને ન સ્વીકારે એટલે વસ્તુના સ્વરૂપને ન સ્વીકારી શકે. નહિતર વસ્તુનું સ્વરૂપ તો જેવું છે તેવું સરળ છે, છતાં ભાષામાંથી ભાવ ન બેસતો હોય, એવા કોઈ સંસ્કારની – ઊલટા સંસ્કારની અંદરમાં ડખલ હોય તો ભાવનાવાળાને એ પરિસ્થિતિમાં ઉકેલ આવી જાય છે. એને આગળ જતાં પણ એ નીકળી જાય છે. પ્રયોજનભૂત વિષયમાં કોઈ વાત એને ન સમજાય એવું નથી બનતું. સૂઝી જાય છે કે, આમ કહેવા માગે છે.

ભાવના છે એ જ્ઞાનને નિર્મળ કરનારી ચીજ છે એમ કહીએ તો ચાલે. જ્ઞાનમાંથી વિપર્યાસ દૂર કરનારી, જ્ઞાનને નિર્મળ કરનારી ચીજ છે અને આગળ વધવામાં આધારભૂત

પાયાની ચીજ છે, મૂળની ચીજ છે. એવી યથાર્થ ભાવના અહીંયાં લીધી છે. રાગ-દ્વેષમાંથી નહિ ઉત્પન્ન થઈ હોવાથી અને નિર્મોહી એવા આત્મામાંથી, આત્માને આત્મામાંથી, નિર્મોહી એવા આત્માને આત્મામાંથી ઉત્પન્ન થયેલી ભાવના હોવાથી એ મોહથી વિરુદ્ધ છે. મોટી વાત તો છે, જીવને જે તકલીફ આપે છે એ મોહ તકલીફ આપે છે. રાગ-દ્વેષ ખરેખર તો મોહના સંતાન છે. રાગ-દ્વેષ અને અનેક પ્રકારનાં વિભાવ પરિણામ (છે) એ બધાં મોહના જ સંતાન છે, મોહની પરંપરા છે. આ ભાવના છે એ મોહથી દૂર જનારી ભાવના છે. નિર્મોહી આત્મામાંથી આત્માને ઉત્પન્ન થયેલી ભાવના છે. એમાં ક્યાંય રાગની પ્રધાનતા નથી, ક્યાંય રાગની મુખ્યતા નથી.

શ્રોતા :– રાગ–વિકલ્પ છે ખરો પણ પ્રધાનતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :– વિકલ્પની સ્થિતિ છે પણ એની ક્યાંય પ્રધાનતા નથી. એને ચૈતન્ય જોઈએ અને ચૈતન્યની પ્રધાનતા છે. રાગરહિત, મોહરહિત ચૈતન્યની પ્રધાનતા છે, એની ભાવના છે. રાગની ભાવના નથી ને રાગમાંથી ઉત્પન્ન થયેલી નથી અને રાગની પણ નથી. ઊલટાની રાગની નિષેધક છે. એ ફળે છે એનું કારણ એ છે કે, ભાવનાના અવરોધક ભાવો છે એનો એ ભાવના નિષેધ કરે છે, એનાથી–એ ભાવોથી તરવાનો એ પ્રયત્ન કરે છે, એ ભાવોથી દૂર જવાનો એમાં ભાવ છે. જે ભાવો ચૈતન્યને અવરોધક છે, ભાવનાને અવરોધક છે એની સાથે ભાવનાને મૈત્રી થતી નથી, એની સાથે ભાવના ચાલતી નથી. એટલે એ ભાવના ફળે જ છે એનું કારણ આ છે.

હવે, અહીંયાં બહુ જોરથી વાત કરી છે કે, **'જો ન ફળે તો જગતને–'** જગતને એટલે કે, વચ્ચે Hyphen–લીટો છે એ 'અર્થાત્'ના સ્થાનમાં છે. **'જગતને–ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે,...'** (અર્થાત્) એનો સર્વનાશ થાય. ક્યાં ગયું ચૌદ બ્રહ્માંડ એનો પત્તો ન લાગે ! એનું નામ શૂન્ય, અભાવ થઈ જવો. બ્રહ્માંડ એટલે આખું જગત અને આખું જગત એટલે અસંખ્ય યોજન પ્રમાણ. આમ લઈએ તો કેટલા ? અસંખ્ય યોજન પ્રમાણ છે. ૩૪૩ ઘન રાજુ (છે) પણ એના યોજન લઈએ તો અસંખ્ય યોજન પ્રમાણ છે. એમાં રહેલાં છ દ્રવ્યો, જે અનાદિ-અનંત છે, છ દ્રવ્યો શાશ્વત છે. જગત પણ આવું શાશ્વત છે. એ ત્રિકાળી શાશ્વત છ દ્રવ્યોને શૂન્યમાં આવવું પડે. આ એક ભાવના સામે આખા જગતને તોળ્યું છે ! તોળ્યું છે નહિ, ભાવનાનું પલ્લું નીચું નમે છે, જગતને ઉડાડ્યું છે ! આટલી મોટી વાત છે ભાવનાની !! **એક જીવને જો ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના હોય તો આખા જગતને એની પાસે**

**નમવું પડે** ! આવી વાત છે.

પ્રશ્ન :– ભાવનામાં એવું શું છે ?

સમાધાન :– ચૈતન્યવજ્ર છે ! ચૈતન્યવજ્ર છે અને એ વજ્રમાંથી કિરણ નીકળ્યું છે ! એ પણ વજ્રની જાતિનું છે એમ કહે છે. કેવું વજ્ર છે ? કે, છ દ્રવ્યોનું ત્રિકાળ હોવાપણું (છે એને શૂન્ય થવું પડે) ! સમ્યગ્દર્શન નથી થયું તો સમ્યગ્દર્શનને લઈ આવશે. ભાવનાવાળો જીવ સમ્યગ્દર્શનથી વંચિત નહિ રહે એમ કહે છે. જીવને ક્યારથી સમ્યગ્દર્શન નથી થયું ? કે, અનંતકાળથી નથી થયું. મિથ્યાદર્શનના સંસ્કાર જીવને કેટલા કાળથી પડ્યા છે ? રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન, મિથ્યાત્વના સંસ્કાર અનંતકાળથી પડ્યા છે પણ આ બધાયને ભેદીને, છેદીને જાશે !! બધાંને છેદી નાખશે. કેમકે એ તો અનંતકાળનું અંધારું હોય અને દીવો પ્રગટ થવો એ સ્વતંત્ર વસ્તુ છે. દીવાને પ્રગટ થવામાં અંધારાની તાબેદારી છે ? કે, ઘણાં કાળનું અંધારું છે માટે અહીંયાં કોઈ દીવો પ્રગટાવી ન શકાય, એવું કાંઈ દીવા ઉપર અંધારું કબજો જમાવીને બેઠું છે ? દીવાને પ્રગટવું એ દીવાની સ્વતંત્રતાની વાત છે. એવી આ સ્વતંત્રતાની વાત છે. અનંતકાળના ઊંધાં-ઊલટા સંસ્કારો એ જ જીવને હોય (તો પણ) એણે કાંઈ ગભરાવાની જરૂર નથી, જો એને સાચી ભાવના–યથાર્થ ભાવના ઉત્પન્ન થાય તો એને એ ભાવના ફળ્યે છૂટકો છે. એમાં એને કાંઈ નાસીપાસ થવાની જરૂર નથી. લ્યો, આ સત્પુરુષોએ માર્ગને સરળ અને સુગમ કર્યો છે એની અહીંયાં પ્રતીતિ થાય એવું છે.

કોઈ એમ કહે કે, અમે ઓછું ભણ્યા છીએ, અમને શાસ્ત્રો વાંચતા આવડતા નથી, અમે વિદ્વતા ભરેલી વાતોને સમજી શકતા નથી, બધું અઘરું-અઘરું લાગે છે, કઠણ લાગે છે. (તો) કહે છે કે, એ તો તારી ભાવના થઈ નથી એટલે એ બધી કઠણતાની વાતો છે. ભાવનાવાળાને તો સરળ છે, સુગમ છે, સહેલું છે. 'અનુભવ પ્રકાશ'માં 'દીપચંદજી'એ એ વાત લીધી છે કે, સંતોએ અથવા શ્રીગુરુએ માર્ગને સહેલો કર્યો છે. શેનાથી સહેલો કર્યો છે ? કે, આવી વાતો પ્રસિદ્ધ કરીને સહેલો કર્યો છે. તું એકવાર તારા સ્વરૂપપ્રાપ્તિની સાચી ભાવનામાં આવ. બસ ! બાકીનું બધું આગળનું (સરળ થઈ જશે). માર્ગમાં ગમે એટલાં અવરોધક ભાવો છે એ બધાં દૂર થતા વાર નહિ લાગે.

અથવા ગમે એવા વિરાધક પરિણામો જીવ કરી ચૂક્યો હોય અને એ વિરાધક પરિણામોના સંસ્કાર છે એ તો સ્વભાવિક છે કે રહી જાય છે, ત્યારે એ બધાંને ગાળી નાખનારી ચીજ કઈ છે ? તીવ્રમાં તીવ્ર કષાય કર્યા હોય, તીવ્રમાં તીવ્ર મિથ્યાત્વ સેવ્યા હોય, અજ્ઞાનભાવે

આકરામાં આકરા પરિણામ કર્યા હોય એના સંસ્કારને ભૂંસી નાખે, જડમૂળમાંથી કાઢી નાખે અથવા કઠણમાં કઠણ એવી ચીજને ગાળી નાખનાર કોણ છે ? કેમ આ ફળ્યે છૂટકો છે એનું કારણ એ છે કે, જડ પ્રત્યયી છેલ્લી હદના જેટલા પરિણામ કર્યા હોય-નિગોદને લાયક (પરિણામ કર્યા હોય), નિગોદમાં ગયો છે, જીવ ત્રસની પર્યાયમાં મર્યાદિત રહ્યો છે. કોઈ જીવ ત્રસની પર્યાયમાં અનંતકાળ રહ્યો હોય એવું નથી, આપણો જીવ પણ નથી (રહ્યો). કેટલાક જીવો તો નિત્યનિગોદમાં છે. હજી સુધી બહાર નથી નીકળ્યા. ક્યારથી ? અનાદિથી અત્યાર સુધીમાં બહાર જ નથી આવ્યા. નિગોદમાંને નિગોદમાં છે. અને જે ત્રસ પર્યાયમાં આવી ચોરાશીના પરિભ્રમણમાં આવે છે એ પણ ત્રસ પર્યાયની અંદર મર્યાદિત કાળ રહે છે. ઉત્કૃષ્ટ બે હજાર સાગર (રહે), (પછી) પાછો નિગોદમાં જાય છે. ઘણાં આકરા પરિણામ કરીને જીવ જાય છે. પણ ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એ સંસ્કારને, એ ભાવોની દૃઢતાને પણ ગાળી નાખે છે !! એવો પ્રકાર છે અને એ ભાવનાવાળાને સમજાય છે. બધું સામે આવે છે.

તબીબી વિજ્ઞાનની અંદર કેટલાંક રોગનો એવો પ્રકાર છે કે, એ રોગનો અભાવ થયા પહેલાં એ રોગ બહાર આવે. ન દેખાતો હોય તો પણ દેખાય. જેમકે એવી ઘર કરી ગયેલી શરદી હોય તો એનો નાશ થયા પહેલાં એકવાર શરદી બહુ વધી જાય પછી એ શરદીનો નાશ થાય. હોમિયોપથીમાં અને બાયોકેમિકમાં એવી પદ્ધતિથી રોગને કાઢે છે. એને Aggravation કહે છે. તાવ આવ્યો તો અને આ દવા આપી છે. તાવ વધે તો ગભરાશો નહિ. શરદી થઈ હોય અને શરદી વધે (તો ગભરાશો નહિ). જે પણ રોગ હોય એનો એકવાર ઉપદ્રવ વધેલો થઈને ઉપદ્રવ દેખાશે અને એવું થાય તો સમજવું કે આ ચિહ્ન સારું છે. એમાં રોગ વધ્યો છે એવી ગણતરી નહિ કરતા. એમ દર્દીને પહેલાં સમજાવવામાં આવે છે.

એમ અહીંયાં ભાવનાના વિષયમાં પણ એવું છે કે, જીવ ઊંધો બહુ ચાલ્યો હોય તો એ બધાં ભાવો એકવાર એની સામે આવે છે. સંસ્કાર નાખ્યા છે, રસ લીધો છે એ ભાવનાની સામે તૂટી જાય છે, ગળી જાય છે. એવી એક જબરજસ્ત ચીજ છે કે જેની પાસે બધું ગળી જાય છે !! કોઈ ભાવનાનો સામનો કરી શકતું નથી. એ બધી અનુભવસિદ્ધ વાતો ઉપરથી ભાવનાને તોળવા માટે એની સામે ચૌદ બ્રહ્માંડને મૂક્યા છે. આથી વધારે કોઈનું વજન નથી. આખા જગતથી વધારે શું છે ? આખા જગતના બધા પદાર્થોથી બળવાન શું

છે ? કે, ભાવના બળવાન છે. આમ લીધું (છે), એવી રીતે ભાવનાના વિષયને તોળ્યો છે.

આ વિષય ઉપર (પૂજ્ય 'બહેનશ્રી'ને) એકવાર પ્રશ્ન કર્યો હતો કે, આમાં ગણતરી શું છે ? ભાવના ફળ્યે છૂટકો અને ન ફળે તો ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે અથવા જો ચૌદ બ્રહ્માંડ શૂન્ય ન થાય તો આ દ્રવ્યનો નાશ થઈ જાય, પોતાનો જ નાશ થાય એમ કહે છે. જો ચૈતન્યમાંથી પરિણમેલી ચૈતન્યની ભાવના ન ફળે તો કાં ચૈતન્યનો નાશ થાય કાં ચૌદ બ્રહ્માંડનો નાશ થાય એમ કહે છે. આટલી બધી સખત વાત કેમ સામે લીધી છે ? (કેમકે) આ એકદમ કુદરતી વાત છે અને એ દૃષ્ટાંતથી સમજાય એવી છે. એમ કરીને દૃષ્ટાંત આપ્યો હતો કે, પુણ્યના ફળ અને પાપના ફળ જગતની અંદર પ્રત્યક્ષ જોવામાં આવે છે. એક ચક્રવર્તી હોય એના આયુષ્યનો છેલ્લો સમય હોય ત્યાં સુધી ચારે બાજુ દોમ-દોમ સાહ્યબી હોય. કેવી સાહ્યબી હોય એની ? દેવો એની તહેનાતમાં હોય ! છે કોઈ હાજર ? એમ કહે તો દેવો એની કુર્નિશ બજાવે ! એને નમસ્કાર કરે ! આ કુર્નિશ ઉર્દૂ ભાષામાં કહે છે. એટલે બહુ લળીને, બહુ વિનયથી એને 'જી, હા.' અને 'જી હજૂર !' કહેવું હોય એને કુર્નિશ કહે છે. એટલા એના પુણ્ય છેલ્લા સમય સુધી તપતા હોય અને જ્યાં આયુષ્ય છૂટ્યું કે (સીધા) સાતમી નરકે (જાય) ! કાં સમ્યક્દૃષ્ટિ હોય તો દેવલોકમાં જાય અને મિથ્યાદૃષ્ટિ ચક્રવર્તી હોય તો સાતમી નરકે જાય, બીજે ન જાય. કેમકે એનો સર્વોત્કૃષ્ટ પુણ્યના ઉદયના સદ્‌ભાવમાં ભોગવવાનો રસ છે એ એટલો જ પાપમય ઉત્કૃષ્ટ હોય છે. એ તો સમ્યક્દૃષ્ટિ જ બચી શકે છે, એમ છે. બાકી આને તો તીવ્ર રસ થયા વગર રહે નહિ, સ્વભાવિક જ છે. એટલે સાતમી નરકે જાય છે. એ સાતમી નારકીના આયુષ્યનો પહેલો સમય અને અહીંયાં આ બાજુ ચક્રવર્તીનો છેલ્લો સમય, બે વચ્ચે કેટલો મોટો આંતરો છે ! એ કુદરતનો ચમત્કાર છે, એમ કહે છે. આ એક કુદરતનો ચમત્કાર છે કે, જ્યાં દોમદોમ સાહ્યબી છે ત્યાં એક સમય પછી નરકની અંદર દુ:ખથી ત્રાડ નાખે ! રાડ નાખે ! સાંભળી શકે નહિ, કોઈ એના દુ:ખને જોઈ શકે નહિ, એના દુ:ખને સાંભળી શકે નહિ. જો કુદરત વિકારી પરિણામ સાથે આ રીતે બંધાયેલી છે, એમને એમ કહેવું હતું; કુદરત જો વિકારી પરિણામ સાથે આ રીતે બંધાયેલી છે; એક સમયમાં સીધો સાત રાજુ નીચે જાય છે ! એક જ સમયમાં સાત રાજુ નીચે ! ભોગવવા માટે એટલી તો ઝડપથી ગતિ કરે ! તો શુદ્ધ અને પવિત્ર પરિણામ તો બહુ તાકાતવાળા છે ! એની શક્તિ તો ઘણી છે, ધ્રુવમાંથી ઉત્પન્ન થયેલી શક્તિ છે તો એની શક્તિ કેટલી !! એની સાથે કુદરતી

નથી બંધાયેલી એ વાત કેમ માની શકાય ? **ભાવનાનો વિષય સ્થાપીને તો એમણે નિવડો લાવી દીધો છે એમ કહીએ તો ચાલે !** નિવેડો – છૂટકો કરી નાખ્યો છે.

તને કાંઈ ન ફાવતું હોય તોપણ તને શું ભાવના છે એ તો વિચાર કર ! ભાવના વગરનો તો તું નથી. તારી રાગની અને પરની ભાવના ઊભી છે, બસ ! અહીંયાં ભાવના પલટવાનો સવાલ છે. અને તે પણ અહીંયાં તો ચૈતન્ય સુખમય છે. ચૈતન્ય આત્મા છે એ તો સુખથી ભરપૂર છે તો આ તો નિજ ચૈતન્ય સુખની, નિર્વિકાર સુખની ભાવનાનો વિષય છે. આ તો નિર્મળ સુખની – પવિત્ર સુખની વાત છે.

મુમુક્ષુ :– શુદ્ધ ભાવના મલિન ભાવનાને ટાળે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો વિરુદ્ધ છે ને ! વિરુદ્ધ ભાવના છે, બે સાથે રહી જ ન શકે. બે ભાવના સાથે ન રહી શકે. કાં તો સ્વરૂપની ભાવના હોય કાં તો રાગની–વિકારની અને એના વિષયની ભાવના હોય, બસ !

**'જો ન ફળે તો જગતને–ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ.'** એમ બની શકતું નથી, એમ બનતું નથી. એનો અર્થ કે આ ભાવના ફળ્યા વિના રહેતી નથી, રહી શકતી નથી. એ વાત સ્વાનુભવના જોરમાંથી નીકળેલી વાત છે. પોતાના અનુભવથી અનુભવની પરિસ્થિતિને માપીને એ માપ બહાર આવ્યું છે અને એમાં ચૌદ બ્રહ્માંડથી પણ આ ભાવનાને વધુ વજન આપીને તોળેલી છે ! ભાવનાનો તોલ કર્યો છે ! બે પલ્લાં રાખીને તોલ કર્યો છે. એક પલ્લામાં ભાવનાને મૂકી છે, એક પલ્લામાં ચૌદ બ્રહ્માંડને મૂક્યા છે (એમાં) ભાવનાનું પલ્લું નમે છે.

જગતના પરમાણુ આંધળા છે. ચાર દ્રવ્યોને તો બહુ નિસ્બત નથી. સંયોગમાં પરમાણુની પર્યાયોના જથ્થાના અનેકવિધ પ્રકારના સંયોગો ઊભા થાય છે. એ બિચારા બધાં આંધળા છે. બાકી રહેલા જીવો (છે) એમાં બે વિભાગ છે. એક બહુ (મોટો) ભાગ અજ્ઞાની જીવોનો છે એ પણ બધાં આંધળા છે. જ્ઞાનીઓ તો આ ભાવનાને અનુમોદે છે અને (બીજો વિભાગ) સિદ્ધો–વીતરાગો જ્ઞાતા-દૃષ્ટા છે. એને તો પરિણમનમાં જ્ઞાતા-દૃષ્ટા સિવાય કાંઈ નથી. જ્ઞાનીઓ અનુમોદે છે કેમકે પોતે એ ભાવનામાં ઊભા છે. હવે બાકી રહ્યા જગતના જીવોનો સમૂહ. તો જગતના જીવો–અજ્ઞાની જીવો ભલે આથી વિરુદ્ધ માર્ગમાં જનારા હોય, ભાવનાથી–ચૈતન્યની ભાવનાથી વિરુદ્ધ માર્ગમાં જનારા હોય અને પુદ્ગલો ન તો અજ્ઞાનીઓને આધીન પરિણમે છે, ન તો જ્ઞાનીઓને આધીન પરિણમે છે, એ તો સ્વતંત્ર પરિણમતી ચીજ છે; છતાં એ

કુદરત સાથે બંધાયેલી ચીજ છે. પરમાણુની પર્યાયનો એવો કોઈ કુદરતી સંબંધ છે કે, વિકારને અનુકૂળ અને નિર્વિકારને અનુકૂળ બધાં સંયોગોના પ્રકાર ઊભા થાય છે. કુદરતી રીતે ! કોઈ એનો કર્તા-હર્તા નથી. કુદરતી વ્યવસ્થા છે. એ બધાં પ્રકારમાંથી ભાવનાનું બળવાનપણું એવું છે કે, એ બધાં એની પાસે હારી જાય. આ પણ એક કુદરતી વ્યવસ્થા છે. કોઈ એવા બળવાનપણે ન આવે – કોઈ પુદ્‌ગલોની પરિસ્થિતિ એવી બળવાનપણે ઉત્પન્ન ન થાય અને કોઈ વિરાધક જીવોની પરિસ્થિતિ એવી બળવાનપણે ઉત્પન્ન ન થાય કે, કોઈ એક ભાવનાવાળા જીવની ભાવના મિટાવી શકે, તોડી શકે !! એવું ન બની શકે.

એમ કહે છે ને કે, વીતરાગનો ધર્મ જયવંત વર્તો ! આ જયવંત વર્તે જ છે. 'સત્યમેવ જયતે' એમ કેમ કહેવામાં આવે છે ? સત્યનો જ જય થાય છે એનું કારણ આ છે. બીજાં સંખ્યાએ ગમે એટલું હોય, જય આનો થવાનો છે. એની અંદર એટલી શક્તિ છે, એ કુદરતી જ એવી પરિસ્થિતિ છે.

**'ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે–'** પોતાની વાત સાથે લીધી જ છે. **'ચૈતન્યના પરિણામ સાથે કુદરત બંધાયેલી છે–એવો જ વસ્તુનો સ્વભાવ છે.'** સ્વ-પર પદાર્થોનો, તમામ વસ્તુનો, સમસ્ત વસ્તુનો આ સ્વભાવ છે. કોઈ બીજી રીતે પરિસ્થિતિ થવી સંભવતી નથી. અને એ તો દૃષ્ટાંતમાં લીધું કે, જ્યારે વિભાવના પરિણામ સાથે કુદરત બંધાયેલી છે તો સ્વભાવના પરિણામ સાથે કુદરત ન બંધાયેલી હોય એમ કેમ બને ? એ કેવી રીતે બને ? કેમ જ્ઞાની નિઃશંક અને નિર્ભય છે ? એ આમાંથી નીકળે છે. આવી જે વસ્તુસ્થિતિ (છે) એનું જ્ઞાન છે અને પોતે પોતાની ભાવનામાં–ચૈતન્યની ભાવનામાં ઊભેલો છે. એટલે એને જગતના કોઈ પદાર્થનો ભય, શંકા (આદિનું) કાંઈ કારણ રહેતું નથી. એને શું શંકા ? અને એને શું ભય ?

આ દ્રવ્ય છે એ તો અવ્યાબાધ સ્વરૂપે છે. **'આ દ્રવ્યનો નાશ થઈ જાય'** એટલી વાત લીધી છે ને ? આ દ્રવ્ય એટલે પોતાનું દ્રવ્ય. પોતાનું દ્રવ્ય નાશ થાય એ તો પ્રશ્ન નથી પણ એને કોઈ અંશમાત્ર અનંતમાં અંશે કોઈ બાધા પહોંચાડી શકે એવું દ્રવ્યથી કે ભાવથી ન બને. દ્રવ્યથી એના એક પ્રદેશને કોઈ ખોડો-ખાંગો કરી શકે નહિ. ખોડો-ખાંગો સમજાય છે ? કાંઈપણ ઇજા પહોંચાડવી. જેમકે કોઈ બહુ સારી ઘાટીલી ચીજ હોય, કલાત્મક નકશી કરી હોય એમાં એક જ્ગ્યાએ નુકસાન કરી નાખે તો એમ કહેવાય કે, આની ખોડ ઊભી થઈ. ચીજમાં ખોડ છે, ખામી છે, ક્ષતિ છે અથવા ખાંગો થઈ ગયો, એક અંગ કપાઈ ગયું.

અહીંયાં એક પ્રદેશ એનો ખોડો-ખાંગો થાય એમ નથી. અસંખ્ય પ્રદેશ ચૈતન્યમૂર્તિ આત્મા છે એનો એક પ્રદેશ, ચાહે ગમે તે પરિસ્થિતિ ઊભી થાય, આ જીવ ગાડીના પાટા નીચે ચેપાયો છે કે નહિ ? (તોપણ) એનો એક પ્રદેશ ખોડો-ખાંગો નથી થયો !! ક્યાંય બળ્યો, ઝળ્યો, ભીંસાયો, કપાયો ક્યાંય કોઈ પરિસ્થિતિમાં એક પ્રદેશ એનો ખોડો-ખાંગો થાય નહિ ! શક્તિએ એનો ભાવ લઈએ તો અનંત ગુણમાંથી કોઈ એક ભાવમાં, કોઈ એક ગુણમાં ક્યાંય પણ ક્ષતિ પહોંચી શકે નહિ ! ઊણો થઈ શકે નહિ. એક ગુણ ઘટી શકે નહિ કે કોઈ એક ગુણમાં ઊણપ થઈ શકે નહિ. દ્રવ્યે અને ભાવે અવ્યાબાધસ્વરૂપ છે એવા સ્વરૂપનો નાશ થવાનો તો વિચાર સુદ્ધાં પણ અસ્થાને છે. જ્યાં એને બાધા પહોંચવી અશક્ય છે ત્યાં એનો નાશ થવાની શું પરિસ્થિતિ છે ?  એનો તો વિચાર પણ થઈ શકે એવું નથી કે એનો સર્વનાશ થાય.

અનંતકાળમાં પાર વગરની નબળીમાં નબળી અને ખરાબમાં ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થયો. ચેપી નાખ્યો એટલે ઘાણીએ ઘાલીને તેલ કાઢ્યું – એમ કહે. જીવને કોઈ અડી શકતું નથી, સ્પર્શ નથી કરી શકતું.  સ્પર્શ ગુણનો એનામાં અભાવ હોવાથી કોઈપણ પ્રકારે ઘન, પ્રવાહી કે વાયુ એવા કોઈપણ પદાર્થોથી એનો સ્પર્શ નથી થઈ શકતો. પાણીમાં પલાળી શકે નહિ, અગ્નિથી બાળી શકાય નહિ, પવનથી સૂકવી શકાય નહિ, એને કોઈ ઘન પદાર્થથી અડી શકાય નહિ. એવા આત્માનો નાશ થવાનો તો પ્રશ્ન જ નથી. પોતાની તાકાતને વિચારે તો પોતાની શક્તિને જોનાર ઉપયોગ, શક્તિવાળું સ્વરૂપ જોતાં–શક્તિમય સ્વરૂપ જોતાં એ ઉપયોગ થંભી જાય એવું એ સ્વરૂપ છે ! કેવું સ્વરૂપ છે ? સ્વરૂપ એવું છે ! આશ્ચર્યકારી ! મહા આશ્ચર્યકારી !! કે, જોનાર એમાં થંભી જાય !!

('પૂજ્ય ગુરુદેવશ્રી') એમ કહેતા, આ ભગવાનની વાત છે. સમવસરણમાં સાક્ષાત્ જે પરમાત્મા બિરાજમાન હોય છે એને જોવે તો એવું શાંત તેજોમય રૂપ છે કે, ત્યાંથી ઉપયોગ–નજર ફેરવવી ગમે નહિ !! જોનાર જોતાં ધરાય જ નહિ. જોયા જ કરે... એને જોયા જ કરે... જોયા જ કરે... ઉપયોગ ફેરવવો ગમે નહિ ! એવો તો દેહનો બહારનો દેદાર છે ! પૂર્ણ થયા ને ! જુઓ ! કુદરત શું કરે છે ? પરમાણુઓ પરમઔદારિક થાય છે. આખા જગતના શાંતરસના પરમાણુ જાણે એક ઠેકાણે આવી એકત્રિત થઈ ગયા છે !! એટલી નમણાશ છે ! એટલું રૂપ છે ! એટલું તેજ છે ! એટલી શીતળતા છે ! ઉપયોગ ત્યાંથી બદલવો કોઈને ગમે નહિ. આ (ચૈતન્ય) તો એથી વધારે છે. કેમકે એ તો હજી જડના

રજકણોની અવસ્થા છે પણ ચૈતન્ય જિનચંદ્ર આત્મા છે એના સ્વરૂપને જોનાર ઉપયોગ થંભી જાય એ સહજ અને સ્વાભાવિક છે. એકદમ સહજ અને સ્વાભાવિક છે. એવો જ વસ્તુનો સ્વભાવ છે એમ કહેવું છે. એની ભાવનામાં એ ભાવના સાકાર થાય એવો તો વસ્તુનો સ્વભાવ છે. એ ભાવના મૂર્તિમંત થાય, એ ભાવના સફળ થાય **'એવો જ વસ્તુનો સ્વભાવ છે'**.

**'આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.'** ત્રણે કાળના તીર્થંકરો ભાવનાના વિષયમાં આટલી જોરથી, આટલી મજબૂતાઈથી વાત કરે છે ! હું કહું છું... હું કહું છું... એમ કહેવાને બદલે સીધું આમ કહી દીધું ! **'અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.'** (જેને) વાંધો પાડવો હોય તો આમ પાડે કે, લાવો આગમનો આધાર ! એમ કહે કે, ચૈતન્યની ભાવના નિષ્ફળ ન જાય અને એ ભાવના ફળે, એવું તીર્થંકરે કહેલું હોય, કદાચ કહ્યું હશે, પણ અનંતા તીર્થંકરોએ કહેલું (છે) એ કેવી રીતે કાઢ્યું ? એ તો એક તીર્થંકર કહે છે, એ જ અનંત તીર્થંકર કહે છે. કહેનાર તો એમ કહે કે, અત્યારે તો તીર્થંકર છે નહિ. ભગવાન 'વીર' પરમાત્મા ૨૫૦૦ વર્ષ પહેલાં સિદ્ધાલયમાં પધાર્યા. એ તો ૨૫૦૦ વર્ષ પહેલાંની વાત થઈ ગઈ. અત્યારે છે નહિ, તમે એમ કહો છો કે, તીર્થંકરે કહ્યું (એમ) નહિ, અનંતા તીર્થંકરોએ કહ્યું છે. આ વાત તો અનંતા તીર્થંકરોએ (કહી છે). એનું કાંઈક પ્રમાણ તમે આપો ! અમારો આત્માનો અનુભવ એનું પ્રમાણ છે !! અમારો આત્માનુભવ એ એનું પ્રમાણ છે. એ અનુભવપ્રમાણ છે, એ એવા અનંતા તીર્થંકરોના જ્ઞાનની સાક્ષી છે. અમારો અનુભવ સર્વજ્ઞશક્તિને સ્પર્શીને ઉત્પન્ન થયો છે. ક્યાંથી ઉત્પન્ન થયો છે ? અંદરમાં જે સર્વજ્ઞ સ્વભાવ છે એ સર્વજ્ઞ સ્વભાવનો સાક્ષાત્કાર કરીને થયેલો અનુભવ છે. એ સાક્ષાત્કારમાં અનંતા સર્વજ્ઞોની સાક્ષી છે ! કે, આમ જ અનંતા સર્વજ્ઞો થયા છે, આવા સ્વાનુભવથી અનંતા સર્વજ્ઞો થયા છે. એનું મૂળિયું અમારા હાથમાં આવ્યું છે. આમાં અનંતા તીર્થંકરોની સાક્ષી આવી જાય છે.

ભલે પ્રત્યક્ષપણે અનંતા તીર્થંકરોને સાંભળ્યા ન હોય અને એ વાત ધારી ન હોય તોપણ અનંતા તીર્થંકરોએ કહેલી આ વાત છે. એમ સ્વાનુભવમાંથી બહુ જોર કરીને આ એક વિષય આવ્યો છે. કેટલું સિદ્ધાંતનું જોર છે ! ભાવનાનો આ સિદ્ધાંત છે અને ભાવનાના સિદ્ધાંતનું કેટલું જોર છે !! દેખાવમાં શાંતતા હોય એટલે નિર્બળ છે એમ કોઈએ માની લેવાની જરૂર નથી. 'ગુરુદેવ' એક દૃષ્ટાંત આપતા ને ? કે, ખીલે બાંધેલો વાછડો બે-ચાર

દિવસનો તાજો જન્મેલો હોય, લોહી ચટકા ભરતું હોય, કેમકે એ જલ્દી વધે છે ને ? એનું શરીર જલ્દી વધે. મનુષ્યમાં બાળકથી મોટા થતાં વાર લાગે પણ વાછડો મોટો થતા વાર નથી લાગતી. કેમકે એનું શરીરનું Development ઇ જાતનું છે. તો ઠેકડેઠેકડા મારે. એમ કહે કે, એક સેકંડ એનો જમીન ઉપર પગ રહેતો નથી. ચારે પગે ઠેકડા મારે છે, બહુ જોરુકો છે અને બહુ બળૂકો છે ! પણ ખીલો ? જે ખીલા સાથે બાંધ્યો છે (એ) આખો 'દી ઠેકડા મારે તોપણ હલતો નથી !! બળ કોનું ? ઠેકડા મારે છે એનું ? કે ખીલાનું ? શાંત ખીલો છે એનું બળ વધારે છે. એમ ધર્માત્મા શાંત હોય છે પણ એ અંદરથી હલે નહિ એવા બળવાન હોય છે !! જગત આખું ઠેકડા મારે, તોફાન કરે, એ બળૂકું દેખાય (કે) બળ છે. ધનબળ છે, વચનબળ છે, કાયબળ છે, સંખ્યાબળ છે, ફલાણું બળ છે... ભાઈ ! આ ચૈતન્યવજ છે એ અંદરથી હલે એવું નથી અને કુદરત એની સાથે બંધાયેલી છે. તારી સાથે બંધાયેલી નથી, કુદરત એની સાથે બંધાયેલી છે.

મુમુક્ષુ :– આ એક બોલમાં બધાં આગમનો સાર આવી ગયો !

પૂજ્ય ભાઈશ્રી :– આખું આગમ લઈ લીધું. આગમનું મૂળિયું પકડાવી દીધું અને માર્ગને સહેલો અને સરળ કરી દીધો. બીજું કાંઈ ન આવડે તો એક ચૈતન્યની ભાવનામાં તું આવી જા ! એક ભાવનામાં આવ, ફેંસલો છે આ વાતનો ! તને આથી વધારે શું ખાત્રી આપીએ ? ચૌદ બ્રહ્માંડને એની સામે તોળ્યા છે, આથી વધારે કોઈ ખાત્રી આપવાની જરૂર રહેતી નથી.

**સામાન્યતઃ સંયોગની અનુકૂળતામાં જીવ હરખાય છે અને પ્રતિકૂળતામાં જીવ ખેદાય છે. આ બંને પ્રકારના ભાવો–પાપ ભાવ છે. તેથી હર્ષ-શોકને ઇષ્ટ-અનિષ્ટ માની જીવ દુર્ગતિમાં જાય છે. જે પાપનું ફળ છે.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૬૩)

## પ્રવચન નં. ૨૨, વચનામૃત–૨૨,૨૩
### તા. ૦૯-૧૨-૧૯૮૬

ગુરુદેવને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. વાણીનો પ્રભાવ એવો છે કે હજારો જીવો સમજી જાય છે. તીર્થંકરની વાણી જેવો જોગ છે. વાણી જોરદાર છે. ગમે તેટલી વાર સાંભળીએ તોપણ કંટાળો ન આવે. પોતે જ એટલા રસકસથી બોલે છે કે જેથી સાંભળનારનો રસ પણ જળવાઈ રહે છે; રસબસતી વાણી છે. ૨૨.

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું–૮, ૨૨(મો બોલ).

પ્રશ્ન : 'સમયસાર'ની 'જયસેનાચાર્યદેવ'ની ૩૨૦ ગાથામાં જે ટીકા આવે છે એમાં અને આ (૨૧ નંબરના બોલની) ભાવનામાં શું ફેર છે ?

સમાધાન :– એમાં સ્વરૂપની એકાગ્રતારૂપ સ્વરૂપસ્થિરતાની ભાવના લીધી છે. એ ભાવનાની ચરમસીમા છે અથવા એ નિશ્ચયભાવના છે એમ કહી શકાય. ભાવનાનો તો પ્રકરણ અનુસાર અર્થ છે. ત્યાં સ્વરૂપસ્થિરતાની શુદ્ધ પર્યાય – શુદ્ધ ઉપયોગને ભાવના કહી છે.

મુમુક્ષુ :- અહીંયાં પણ કહ્યું છે ને કે, રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના.

પૂજ્ય ભાઈશ્રી :- પૂજ્ય 'ગુરુદેવશ્રી' પણ પ્રવચનમાં સમ્યક્‌દૃષ્ટિને સ્વરૂપની એકાગ્રતારૂપ શુદ્ધ પર્યાય થાય એને ભાવના (કહે છે), એવી પણ વ્યાખ્યા કરતા.

આપણે તો આ અર્થ લીધો છે એની પાછળ (કારણ) એ છે કે, એનું જે ફળ છે, સ્વરૂપપ્રાપ્તિની ભાવના જો મુમુક્ષુને હોય અથવા મુમુક્ષુની ભૂમિકાની જે ભાવના છે એ ભાવના અનુસાર એને સ્વરૂપપ્રાપ્તિ થાય કે નહિ ? કે, થાય જ. જો યથાર્થ ભાવના હોય, સાચી ભાવના હોય તો એને અવશ્ય એ ભાવના ફળે, ફળે ને ફળે જ. એ વાત પોતાના સ્વાનુભવથી કહી છે અને અફર છે એ વાત ઉપર અહીંયાં ઘણું વજન છે. એ વિષય અફર છે, ફરતો નથી. ૨૩મા બોલમાં પાછો ભાવનાનો વિષય શરૂ થાય છે. ભાવનાના તો અનેક બોલ છે. ૨૧, ૨૩, ૫૫, ૬૭, ૮૮, ૯૨, ૧૦૩, ૧૬૪, ૨૨૪, ૨૬૩, ૨૮૯, ૩૪૭-ભાવના ઉપર એટલા બોલ છે.

(અહીંયાં ૨૨મા બોલમાં કહે છે) **'ગુરુદેવને તીર્થંકર જેવો ઉદય વર્તે છે.'** પોતે ભાવિ તીર્થંકરદ્રવ્ય છે. જાતિસ્મરણજ્ઞાનથી પૂર્વભવમાં 'સીમંધર' પરમાત્માની વાણીમાં સાક્ષાત્ એ વિષય સાંભળ્યો છે એ સ્મરણમાં છે. તીર્થંકર તો હજી ચોથા ભવે થશે પણ ધર્મના ઉપદેશનો ઉદય આ ભવથી ચાલુ થયો તો અહીંયાં પણ અસાધારણ પુણ્ય હતા. નહિતર આ કાળમાં શુભક્રિયા અને શુભભાવથી ધર્મ ન થાય, ધર્મ તો ન થાય પણ જે પ્રકારે અત્યારે લોકો કરી રહ્યા છે એનાથી મિથ્યાત્વ દૃઢ થાય એમ કહે તો લોકો એકવાર બોલવાનું બંધ કરાવી દ્યે ! આ રીતે તો તમે બોલવાનું બંધ કરો નહિતર અમારા બધાંની ઇજ્જત અને આબરુ ખલાસ થઈ જશે.

મુમુક્ષુ :- મહેનત તો બહુ કરી હતી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો એનો ભાવ તો એની યોગ્યતા પ્રમાણે આવ્યા વિના રહે નહિ. પણ એવો જ કોઈ પુણ્યોદય પણ વિશેષ હતો. પોતે કહેતા કે, એ તો પુણ્ય લઈને આવ્યા છીએ એટલે આ બધું ચાલે છે. નહિતર લોકો શું કરે એ ખ્યાલમાં છે. એટલા પરિણામ આવી જાય, બાકી થવું-ન થવું એ તો પુણ્યના ઉદયને આધીન છે.

તીર્થંકર પ્રકૃતિ છે એ સર્વોત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિ છે. જગતમાં એનાથી ઉત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિ કોઈ નથી. એવો ઉદય 'ગુરુદેવ'ને વર્તે છે એટલે ત્રણે ફિરકામાં આટલું કોઈને માન-સન્માન, આટલા ટૂંકા કાળમાં આટલી ધર્મ પ્રભાવના એ બધો પ્રકાર ત્રણ ફિરકામાં કોઈ વ્યક્તિનો

જોવામાં આવતો નથી. સંપ્રદાયથી જુદાં થયા ત્યારે માંડ ચાર માણસો સાથે હતા. એમાંથી જે આ આટલો સમૂહ થયો એ જાતનો પુણ્યોદયનું કારણ છે. વર્તમાન સ્થિતિ જોઈને એમ કહે છે કે, **'ગુરુદેવને તીર્થંકર જેવો ઉદય વર્તે છે.'** એટલે ઘણાં જીવો બહુ મોટા સમૂહમાં દૂર-દૂરથી લોકો સાંભળવા આવે છે. હિંદુસ્તાનમાં આ બાજુ પૂર્વમાં જઈએ તો ઠેઠ 'ગૌહાટી' અને 'ઇમ્ફાલ' સુધીના માણસો (આવ્યા છે). હિંદુસ્તાનની ચારે બાજુની Border કહીએ ત્યાંથી માણસો સાંભળવા આવી ચૂકેલા છે. આ બાજુ 'કલકત્તા', 'મદ્રાસ', 'દિલ્હી', ઉત્તરમાં 'દહેરાદૂન', 'સહરાનપૂર' (અને) આ બાજુ જુઓ તો ઠેઠ પરદેશમાં 'આફ્રિકા', 'લંડન'થી માણસો સાંભળવા આવતા. એટલે એના ઉપરથી લીધું છે કે, **'ગુરુદેવને તીર્થંકર જેવો ઉદય વર્તે છે.'** **'વર્તે છે'** એમ લીધું છે. વર્તમાન(ની) વાત કરી છે ને ? આ તો શાસ્ત્ર સ્વાધ્યાયમાં વાતો ચાલેલી.

**'વાણીનો પ્રભાવ એવો છે કે હજારો જીવો સમજી જાય છે.'** નહિતર અધ્યાત્મનો વિષય ગૂઢ છે, રહસ્યવાળો છે, કેટલીક જગ્યાએ અટપટો લાગે એવો છે. એમ અનેક પ્રકારે જીવ જેનાથી અનાદિથી અજાણ્યો છે એવો આત્માનો વિષય છે તોપણ હજારો જીવોને આ વિષયની ક્ષયોપશમમાં સમજ પડે છે અને સમજે છે. પ્રભાવ એવો છે ! **'વાણીને પ્રભાવ'** એટલે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. અથવા કોઈ એવી રીતે વાણી આવે છે કે, **'હજારો જીવો સમજી જાય છે.'** અથવા પ્રભાવિત થાય છે. એવી કોઈ કુદરતી જ જીવોની યોગ્યતા અને 'ગુરુદેવ'ની વાણીને સંબંધ હતો.

**કેટલાક જીવોને તો એવું લાગ્યું છે કે, જાણે કોઈ દૈવી વાણી આવે છે ! અવાજ પણ એવો પહાડી હતો અને એવી ધારા હતી–વાણીની એવી ધારા હતી, અંદરમાં પરિણમનની એવી ધારા હતી, એવો કોઈ સુમેળ (હતો). આત્માનું સ્વરૂપ જેમ કોઈ સાક્ષાત્ તીર્થંકર કહેતા હોય એવી રીતે સમજાય. સાતિશય વાણી હતી.**

'પરમાગમસાર'માં ઉપોદ્‌ઘાતમાં એ વાત થોડી લખી છે. એ તો એમના વચનામૃત છે ને ! ઓછામાં ઓછું ભણેલો, ઓછામાં ઓછા ક્ષયોપશમવાળો હોય તો એને પણ રસ આવે અને એને પણ સમજાય. પટેલ હોય, ગામડિયો હોય, ઓછું ભણેલો હોય, ઓછા ઉઘાડવાળો હોય તો એને પણ આત્માની વાત રુચે અને કોઈ મોટો વિદ્વાન આવે તોપણ એને એમ થાય કે આ કોઈ વાત હું નથી સમજ્યો એવી ઘણી વાતો આમાં આવે છે. આ વાત કોઈ સાધારણ વાત નથી. સાધારણ ન લાગે. એમ દરેક સ્તરના જીવોને ચોંટ

મારી જાય એવી વાત છે. કેટલાંક તો એવા જીવો આવતા કે, ધંધા-વેપારના એવા રસિયા હોય, એનો રસ લઈને રચ્યા-પચ્યા રહેતા હોય, કો'ક વાર માંડ નવરાશ લેતા હોય. 'ગુરુદેવે' તો 'મુંબઈ' વગેરે મોટા શહેરમાં પણ વિહાર કરેલો એટલે ત્યાં એ લોકોને સાંભળવાનો યોગ થયો હોય તો એને એમ જ લાગે કે, આ મને કહે છે ! આખો દિવસ ચોવીસ કલાક મોટા મજૂરની જેમ એકલી મજૂરી કરે ! ધંધો ને ટેલિફોન ને કારખાના ! ક્યાં જઈશ એનો તને પત્તો નથી. એના વખાણ ન કરે. એ ધંધા-વેપારના રસમાં પડ્યા હોય એને કેટલું નુકસાન છે ! લાયક જીવ હોય તો એને અંદર ચોંટ મારે.

મુમુક્ષુ :- 'પ્રવચન રત્નાકર' વાંચતા હોઈએ તો એમ લાગે કે, 'ગુરુદેવે' આપણા ઉપર કાગળ લખ્યો છે !

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતાના લક્ષે વાંચે તો જીવોને ઘણું લાગુ પડતું હોય છે. ઉપદેશનો એવો પ્રકાર છે કે, મોટા ભાગનું લાગુ પડતું હોય છે. પોતાના આત્મલક્ષે સ્વાધ્યાય કરે તો એને પોતાને બોધ આપે છે એવું જરૂર લાગે. પોતાને ઉપદેશ આપે છે એવું જ લાગે. અથવા એવી અનુભવમાંથી નીકળેલી વાણી હતી કે, અંદર જોવે અને મેળવે તો બધાં ભાવો એને સ્પષ્ટ સમજાય અને મેળ ખાય કે, યથાર્થ કહે છે ! અને બહુમાન આવ્યા વિના રહે નહિ.

**'વાણીનો પ્રભાવ એવો છે કે હજારો જીવો સમજી જાય છે. તીર્થંકરની વાણી જેવો જોગ છે.'** તીર્થંકરની વાણીમાં જેમ અતિશય હોય છે, એ તો ઘણો અતિશય હોય છે. એ તો પુણ્યનો ઉદય પણ એટલો ઉત્કૃષ્ટ છે, પણ એની અહીંયાં ઝાંખી થાય એવું છે એમ કહેવું છે. એટલે એમના જેવો યોગ છે એમ કહ્યું. એ પણ તીર્થંકરદ્રવ્ય છે ને ! એટલે એવો યોગ હોવાનો પણ ત્યાં સંભવ છે એટલે એ રીતે અતિશય પણ છે. તીર્થંકરદ્રવ્ય પણ છે અને એવો જ કોઈ વાણીનો યોગ છે. 'જામનગર'માં વાત કરી હતી ને ? કે, આવા તીર્થંકર જેવા યુગપુરુષના આપણે શિષ્યો છીએ એ એક આપણું ગૌરવ છે ! એ ગૌરવ વધારવું, એ ગૌરવ સાચવવું, એ ગૌરવ ટકાવવું એ બધી આપણી જવાબદારીનો વિષય છે. સારું બોલ્યા હતા.

**'તીર્થંકરની વાણી જેવો જોગ છે. વાણી જોરદાર છે.'** પહાડી અવાજ અને અંદરનું પોતાના પરિણમનનું જોર એ અછાનું રહેતું નથી, એ અછાનું ન રહે. સામાન્ય રીતે પણ જેને અંદરનું પરિણમન હોય એ અછાનું રહેતું નથી. આ તો વિશેષ તીર્થંકરદ્રવ્ય છે એટલે

વાણીમાં એ જોર છે અને જે આત્મભાવ છે એનો રસ પણ છે. એવો રસકસ લઈને વાણી આવતી હતી અને એટલો Force પણ છે. જોર છે એટલે એટલો Force પણ આવતો હતો. જૂના વ્યાખ્યાનો – ૨૫-૩૦ વર્ષ પહેલાંના વ્યાખ્યાનો ટેપની અંદર સાંભળો તો એ એટલા જ રસવાળું અને એટલા જ પહાડી અને જોરદાર અવાજથી (થયેલા) વ્યાખ્યાનો આજે પણ સાંભળી શકાય એવી ટેપ છે હજી. **'વાણી જોરદાર છે.'** એ તો વર્તમાનની વાત ચાલે છે. **'તીર્થંકરની વાણી જેવો જોગ છે. વાણી જોરદાર છે. ગમે તેટલી વાર સાંભળીએ તોપણ કંટાળો ન આવે.'** સાંભળવું ગમે. એ પ્રસિદ્ધ વાત છે કે, 'ગુરુદેવ'ના વ્યાખ્યનમાં સમૂહ વધી જાય ત્યારે પોતાને દૂર ન બેસવું પડે અને નજીક બેસવા માટે લોકો કેટલો ટાઈમ અગાઉથી આવીને – પોણી કલાક, અડધી કલાક, કલાક પહેલાં આવીને જગ્યા રોકવા પાથરીને બેસી જાય કે, આ મારી જગ્યા છે, અહીંયાં મારે બેસવું છે. એટલો રસ સાંભળનારને ! એક Charm ઊભો થાય ! એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે કે, કહેનાર વક્તાને જો પોતાના વિષયનો સારો એવો રસ હોય, તીવ્ર રસ હોય તો સાંભળનારને એ રોકી લ્યે છે. આ તો દુનિયાદારીના વિષયમાં પણ આવું બને છે.

**'ગુરુદેવ' તો પોતે એક અલૌકિક દ્રવ્ય હતા ! અલૌકિક એમનું પરિણમન હતું ! અને અલૌકિક એમનો પુણ્યનો, વાણીનો યોગ પણ કોઈ અલૌકિક, સાતિશય યોગ હતો !** એટલે અહીંયાં તો પોતાના અનુભવથી કહે છે કે, **'ગમે તેટલી વાર સાંભળીએ તોપણ કંટાળો ન આવે.'** સાંભળવું ગમે, રુચતી વાત હોય છે. દરેકના વિષયમાં એવું છે. જેને પોતાની રુચિનો વિષય આવે એ રુચિનો વિષય ગમે તેટલી વાર આવે તો એની રુચિને પોષણ મળે છે, પુષ્ટિ મળે છે એટલે એમાં એને કંટાળો આવતો નથી. આ દુનિયામાં લોકો સંગીત સાંભળે છે કે નહિ ? આજથી ૨૫-૩૦ વર્ષ પહેલાંના સંગીતના ગીતો હોય એ સાંભળે છે કે નહિ ? કેમકે એને એ રુચે છે, એવું એને ગમે છે. એ અવાજ રુચે છે તો એને સાંભળે છે. આ જૂનું થઈ ગયું છે માટે ફેંકી દ્યો એમ કરે છે ? ઊલટાની એની કીમત વધારે આંકે. એમ જેને પોતાને રુચિ છે, આ વિષયની જેને પોતાને રુચિ છે એને તો પોતાનો રુચિનો વિષય ગમે તેટલી વાર કોઈ સંભળાવે તો એને એ રુચે જ છે, એનો એને કંટાળો આવતો નથી, કંટાળો ન આવે. આ રુચિ સાથે સંબંધ ધરાવે છે. રુચિ ન હોય અને કોઈને કંટાળો આવે એની અહીંયાં વાત નથી. આ તો કદાચ કોઈ એવો અપવાદ લઈએ તો એની વાત નથી. આ તો પોતે પોતાની વાત કરે છે. બીજાને એ પ્રકાર સામાન્ય રીતે હોય એમ સમજીને

કહે છે કે, **'ગમે તેટલી વાર સાંભળીએ તોપણ કંટાળો ન આવે.'**

('ગુરુદેવ'ને) પ્રત્યક્ષ સાંભળવાનો પ્રસંગ તો મળ્યો હશે ? ભાઈ ! (શ્રોતા :- રુચિથી સાંભળ્યું નથી). એ તો જ્યારથી જાગે ત્યારથી સવાર. જીવ જ્યારથી જાગે ત્યારથી સવાર. અને જાગે ત્યારે એવા કોઈ મહાપુરુષનો યોગ હોય તો ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય ! એ યોગ ચાલ્યો ગયો હોય તો થોડો ખેદ થાય એવો, જરૂર ખેદ થાય એવો વિષય છે. આવો મહાન યોગ હતો છૂટી ગયો, એમ તો થાય.

મુમુક્ષુ :- મેં તો ઘણીવાર જોયું છે કે, 'ગુરુદેવ' ભક્તિ કરે ત્યારે એકદમ પ્રફુલ્લિત થઈ જાય અને કોઈ એમની પ્રશંસા નિમિત્તે આવે તો મોઢા ઉપર અરુચિ-અરુચિ દેખાય. જોયું છે ? પસંદ ન કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ખ્યાલ છે. એ તો સ્વભાવિક છે. ખરી વાત છે. ભગવાનની ભક્તિમાં પ્રસન્નતા આવે (અને) પોતાની કોઈ પ્રશંસા કરે તો ગંભીર થઈ જાય અથવા ઘણીવાર તો દૃષ્ટાંત આપું તો પ્રવચન પછી કોઈ બોલવા ઊઠે, 'ગુરુદેવ'ની એકદમ પ્રશંસા કરવા મંડે તો એ તો ઘણીવાર પુસ્તક લઈને વાંચવા બેસી જાય. બાજુમાં પુસ્તક હોય એમાંથી કાઢીને પાના ફેરવીને કોઈને કોઈ વાંચવા બેસી જાય. પૂરું સાંભળે પણ નહિ ! અને કોઈવાર કોઈ વધારે અતિશયોક્તિ અને જરાક આમ દેખાવ બગાડે એવું કરે તો એને એમ કહે કે, બસ ! બંધ કરો હવે ! એમ પણ કહી દે. માણસ ચાલે છે અને ચાલતા-ચાલતા કોઈ લપસણી જગ્યા હોય તો સાવધાની રાખે કે ન રાખે ? કે, લપસાય નહિ. ત્યાં વધારે સાવધાની રાખે, સંભાળીને પગ મૂકે, ધીમે ચાલે, પગ બરાબર ઠરાણ્યો છે કે નહિ એની ખાત્રી કરીને બીજો પગ ઉપાડે. બહુ સ્વભાવિક છે એ વિષય. કોઈ વંદન-નમસ્કાર કરે તો સામું ન જોવે. બધા માણસો વંદન-નમસ્કાર કરે તો ધ્યાન ન આપે.

**'પોતે જ એટલા રસકસથી બોલે છે કે જેથી સાંભળનારનો રસ પણ જળવાઈ રહે છે;...'** એવી **'રસબસતી વાણી છે.'** મુખ્યપણે એમનો પુણ્યોદય તો એવો હતો કે, ત્યાગીની ભૂમિકામાં પણ એ પ્રભાવશાળી જેને એમ કહીએ કે, Highest personality ! Higher personality નહિ પણ Highest personality જેને કહીએ એવો એમનો દેહનો પણ પ્રભાવશાળી બહારનો દેખાવ હતો ! વાણી પણ એવી હતી કે, અંદરથી આત્માનો રસ લઈને વાણી આવે. દૃષ્ટાંત આપે તોપણ આબેહૂબ આખો પ્રસંગ ખડો કરી દેતા હોય એવી રીતે એનું વર્ણન કરે. દૃષ્ટાંતને પણ એવું મલાવે કે આખેઆખો પ્રસંગ જાણે અત્યારે બનતો

હોય એમ લાગે ! નજર સામે શબ્દચિત્રમાંથી આખું ચિત્ર ખડું કરી નાખે ! એનું કારણ એટલો રસ લઈને પોતે કોઈ અનઉપયોગે નહોતા બોલતા. ધ્યાન રાખીએ, અત્યારે એ વાત યાદ (કરીએ) તો ખ્યાલ આવે એવું છે કે, કોઈપણ વાત એ બોલતા એમાં ઉપયોગથી બોલતા હતા. પોતાને ક્યાંય વિચાર ચાલે છે અને એમને એમ ધારેલું, ગોખેલું કે નક્કી કરેલું કડકડાટ બોલે જાય છે એમ નથી. જે વાત કહે એના ઉપર એમનો ઉપયોગ હતો. ઉપયોગપૂર્વક બોલતા હતા, સાવધાનીથી બોલતા હતા. અણઉપયોગે ઘણાને વાણી ચાલે છે એ પ્રકાર નહિ. એ વિશેષતા હતી !

વ્યવહારનો નિષેધ કરે, પુણ્યનો નિષેધ કરે, ગમે તે કરે પણ એમ ન લાગે કે આમાં નિશ્ચયાભાસ છે, એવું ન લાગે. યથાર્થ છે, આમ જ જે દ્રવ્યદૃષ્ટિ છે અથવા જે સ્વદ્રવ્યનો આદર કરવો છે, શુદ્ધતાનો આવિર્ભાવ કરવો છે એ આમ જ થાય એમ સીધેસીધું યથાર્થતા સમજાય જાય. ઘણાં દીધે રાખે છે અને ઠપકારે રાખે છે એમ નહિ. અનેક જગ્યાએ એ રીતે વ્યવહાર-નિશ્ચયનો સુમેળ દેખાય. નિશ્ચયની પ્રધાનતા તો પરિણમનમાં હોય જ છે. સર્વ સાધકને નિશ્ચયની પ્રધાનતા હોય, વ્યવહારની ગૌણતા હોય અને બન્ને સાથે હોય. એમ અહીંયાં વાણીમાં પણ નિશ્ચયની પ્રધાનતા, વ્યવહારની ગૌણતા (હોય) છતાં બેમાંથી એકને કોઈ ખોટી રીતે તોડી નાખે એ પરિસ્થિતિ જોવા ન મળે.

એ તો સ્પષ્ટ કહેતા કે, જો વ્યવહાર વ્યવહારના સ્થાનમાં ન હોય તો નિશ્ચયાભાસ થયા વિના રહે નહિ. નિશ્ચય નિશ્ચયના સ્થાનમાં ન હોય તો વ્યવહારાભાસ થયા વિના રહે નહિ. નિશ્ચય ઉપર વજન આવતા બાકી જે વ્યવહારનું પરિણમન રહી ગયું તે યથાર્થ રહી ગયું. એનું ગૌણપણું રહી ગયું, નિશ્ચયની મુખ્યતા રહી ગઈ એ બધું યથાર્થ વાણીમાં દર્શાવવાની કોઈ અસાધારણ શક્તિ હતી !

આ ગ્રંથ ઉપર–શાસ્ત્ર ઉપર પ્રવચન કરે ત્યારે આ ૨૨મો બોલ કે એવી રીતે કોઈ (બોલ આવે), 'ગુરુદેવ'ના મહિમાના પણ આમાં અનેક બોલ છે. પોતાને ઉપકાર થયો છે એટલે એ વાત તો આવ્યા વિના રહે નહિ. સંકલન વખતે એવી વાતો લીધી છે કે 'ગુરુદેવ'નો કેવો-કેવો મહિમા કર્યો છે ! આગળ ૨૭મા બોલમાં પણ એ વાત આવે છે. અચંબો છે ! 'ગુરુદેવ' આ કાળનો અચંબો છે ! એવો શબ્દ ૨૭મા બોલમાં છે. ત્યારે કંઈ એવો ખ્યાલ નહોતો કે 'ગુરુદેવ' જ આના ઉપર પ્રવચન કરશે ! પ્રવચન કરતા-કરતા બોલ આવે એમાં પોતાનો મહિમા કર્યો હોય તો એ બોલ મૂકી દ્યે. (એમ કહી દે) આ બોલમાં બેને મહિમા

કર્યો છે, ભક્તિ કરી છે. આ બોલમાં બેને ભક્તિ કરી છે, એમ કરીને એ બોલ જ મૂકી દે, એના ઉપર વ્યાખ્યાન ન આપે. આપણને તો સ્પષ્ટીકરણ કરવાની છૂટ છે પણ એ વિષય ઉપર પોતે સ્પષ્ટીકરણ નહોતા કરતા. આ બોલમાં બેને ભક્તિ કરી છે એમ કરી એની નીચેનો બોલ શરૂ કરે. એવી રીતે કરતા હતા.

આ તો કેટલાક આરોપ કરે છે કે, પોતાની પ્રશંસા થાય એના માટે આમ કર્યું ને તેમ કર્યું, ફલાણું કર્યું. (જેને) અવર્ણવાદ કરવો છે એ તો ગમે એ રીતે કરે અને પોતાની દૃષ્ટિ પ્રમાણે જોવે. ભાઈ ! એવી પોતાની પ્રશંસા અને માનનો જ જો પોતાને ભાવ હોત, અભિપ્રાય હોત તો-તો સંપ્રદાયમાં ક્યાં ઓછું મળતું હતું ? સંપ્રદાયમાં તો એમને ભગવાન તુલ્ય લોકો જોતા હતા ! દીક્ષા લીધી ત્યારે નાની ઉંમર હતી, યુવાન વર્ષમાં તો મોટા કોઈ દેવ ઉપરથી આવ્યા હોય એવું તો એમનું રૂપ હતું ! એ વર્ષમાં કોઈએ જોયા હોય (કે) જૂના ફોટા જોવો (તો) એકદમ ગોળ ચંદ્ર જેવું તો મોઢું હતું !! ત્યાં (સંપ્રદાયમાં) તો આવા પુરુષ કોઈ ત્યાગી થાય એટલે લોકો તો આમ તીડડાની જેમ પાછળ પડતા ! સંપ્રદાયમાં તો એટલું બધું માન હતું !

મુમુક્ષુ :– એમ કહેતા હતા કે અમે તો અહીં આવી ગયા છીએ.

પૂજ્ય ભાઈશ્રી :– વખાના માર્યા આવ્યા છીએ. કાંઈ લેવા-દેવા નહિ. આ બધું શું છે એ તો કાંઈ નથી. આત્માના વૈભવ પાસે બહારની સામગ્રી, બહારની અનુકૂળતાઓ (કાંઈ નથી). એ તો ઉપદેશમાં આવતું કે, અનુકૂળતાનો ગંજ ખડકાઈ જાય (તોપણ) સમ્યક્દૃષ્ટિને એની કીમત નથી. પ્રતિકૂળતાનો ગંજ (ખડકાઈ જાય), આખી દુનિયા પ્રતિકૂળ થઈ જાય (તોપણ) સમ્યક્દૃષ્ટિ અંદરથી હલતો નથી. દુનિયા દુનિયામાં, હું મારામાં છું. એ તો પોતાના અવ્યાબાધ સ્વરૂપમાં મસ્ત થઈને રહે છે. એને બહારની કોઈની દરકાર હોતી નથી. એના ઉપરથી બોધ લેવા જેવો છે કે, કોઈ પોતાની પ્રશંસા કરે તો 'ગુરુદેવ' શું કરતા હતા ? એમણે શું કર્યું ? એ રીતે લઈ લેવું. નિંદા પણ કરે, પ્રશંસા પણ કરે. ખુદ તીર્થંકર પ્રકૃતિનો ઉદય હોય તોપણ (નિંદા થાય) ! કેમકે પૂરા પુણ્ય તો કોઈને હોતા નથી. પુણ્ય કોઈને પૂરા હોવાનો સવાલ જ નથી. ભલે સમવસરણની બહાર જઈને ગાળ બોલે ! 'ઋષભદેવ' ભગવાન વખતે 'મરીચી'ના ભવમાં 'મહાવીર' ભગવાનના જીવે વિરોધ કરેલો છે. ચાલે, થાય એનો કાંઈ પ્રશ્ન નથી. પણ ન તો પ્રશંસાની અપેક્ષા છે, ન તો નિંદાનો ખેદ છે. અથવા જેને નિંદા ગમતી નથી એને પ્રશંસા અવશ્ય ગમે છે. નિંદા થાય ત્યારે અણગમો આવે,

અંદરથી એને દ્વેષ થઈ જાય એને પ્રશંસા ગમે, ગમે ને ગમે જ. આ એનો નિયમ છે. એ તો નિંદા કરનારની યોગ્યતાનો ખ્યાલ આવે છે એ ગૌણ કરી નાખે છે. પ્રશંસા કરે તો એને ગૌણ કરી નાખે છે. બન્ને ગૌણ કરવાનો વિષય છે, ગૌણ કરે છે. ઉદય માત્ર ગૌણ કરવાનો વિષય છે. બન્ને ઉદય છે, પ્રકારાંતર છે એટલી વાત જરૂર છે.

એમના પ્રગટ વર્તન અને વલણથી પોતાને પણ પ્રસંગ પડે તો કેવી રીતે એણે વર્તવું જોઈએ એ સીધો Practical ઉપદેશ છે. વાણીનો ઉપદેશ તો છે પણ વર્તનથી પણ એ ઉપદેશ છે એમ એની અંદર આવી જાય છે. આ મનુષ્યપર્યાયમાં મુખ્ય તકલીફ તો માન જ કરે છે એટલે એ વિષય તો વધારે સાવધાનીનો છે. તીવ્ર સાવધાનીનો વિષય છે. વધારે લપસણી જગ્યા (છે). ગમે તેટલો સમાજનો વિરોધ હો કે સમાજ સાથે ચાલો એ વાત ગૌણ છે, સત્યની વાત મુખ્ય છે અને એમણે પોતાના જીવનથી અને પરિણમનથી જાહેર રીતે સિદ્ધ કરી બતાવ્યું છે.

સંપ્રદાય છોડ્યો ત્યારે પહેલો સ્થાનકવાસીએ વિરોધ ઉપાડ્યો. 'દામનગર'માં ને બધે જતા, 'લાઠી'માં ને 'દામનગર'માં ને એ બાજુ વિહાર કરતા ત્યારે લોકો વધારે કાળા વાવટા લઈને આવતા. એને એ શું હતું ? કે, આવા જબરજસ્ત વ્યક્તિ તરીકે એમની છાપ થઈ ગઈ હતી (એટલે) જો આ વ્યક્તિ એમ કહે કે, આ સંપ્રદાયમાં ભૂલ છે અને ખોટો છે તો આપણે તો વાવટો જ સંકેલી લેવો પડે ! સંપ્રદાય આખો એકવાર બંધ થઈ જાય. એ તો પેઢી બંધ થઈ જાય, ચાલતી દુકાન બંધ થઈ જાય એનો જેટલો મોટો ધક્કો લાગે. (એટલો મોટો) માનસિક ધક્કો (લાગે). ચાલતો વેપાર કોઈને બંધ થઈ જાય તો ભીખ માગવાનો વારો આવશે તો ? આ ચિત્ર એને દેખાય. એમ રોટલા-પાણી સંપ્રદાયમાંથી મળતા હોય એને એમ થાય કે આ સંપ્રદાય બંધ થાય તો આપણે બધાં ક્યાં જશું ? સેંકડો સાધુ છીએ, જાશું ક્યાં ? કોણ વહોરાવશે ? કોણ રોટલા-પાણી આપશે ? અને એમને ('ગુરુદેવ'ને) કહેલું, પોતે કોઈ વૃદ્ધ મોટી ઉંમરના સાધુ સાથે જ્યારે પ્રતિમાની ચર્ચા કરી, એમણે જોયું કે જૂનામાં જૂના દીક્ષાવાળા અને વૃદ્ધ ઉંમરના કોણ છે ? જેને ઘણો અભ્યાસ હોય. એક 'પરષોત્તમલાલજી' કરીને હતા એની પાસે ગયેલા (અને કહ્યું હતું કે) 'આમાં તો છે, આપણા શાસ્ત્રોમાં તો ભગવાન જિનેન્દ્રની પ્રતિમાની સ્થાપનાની વાત મહિમાથી છે. ૩૩ (આગમમાં) પણ છે.' ૩૩ (આગમ) તો એમણે રાખેલા. (એટલે કહ્યું) '૩૩માં પણ છે.' શ્વેતાંબરના ૩૩ આગમ પસંદ કરેલા એમાં પણ છે. પહેલાં તો એમને બીજે રસ્તે દોરવાનો પ્રયત્ન કરેલો. (એમ

કહ્યું કે) 'એ તો યક્ષની પ્રતિમાની વાત છે.' તો ('ગુરુદેવે') કહ્યું, 'નહિ, યક્ષની પ્રતિમાનું આવી રીતે વર્ણન ન આવે. આ જિનેન્દ્રની પ્રતિમાની વાત ચાલી છે. આગળ-પાછળથી અનુસંધાન મળે છે.' પેલાને થયું કે આને છેતરી નહિ શકાય ! એ નવદીક્ષિત છે, વર્ષ-બે-ચાર વર્ષની દીક્ષા છે. પ્રશ્ન લઈને આવ્યા છે તો એને સંપ્રદાયની રીતે વાળી લ્યો ! (પછી જોયું કે) નહિ, આ તો પરીક્ષાપ્રધાની અને બહુ બુદ્ધિમાન વ્યક્તિ છે ! નહિ ચાલે. (એટલે કહ્યું કે) 'કાનજી ! તારી વાત સાચી છે.' ('ગુરુદેવ') પોતેને પોતે પેલા 'પરષોત્તમલાલજી'નો Dialogue બોલતા હતા કે, 'કાનજી !' તારી વાત સાચી છે. છે તો ખરું પણ બોલાય એવું નથી. બોલે તો બધાને મારે ! કાં તો રોટલા-પાણી બંધ થઈ જાય !! કોણ વહોરાવે ?' આ ભયથી ખબર હોય એ લોકો ગોપવતા હતા. (પરષોત્તમલાલજી) બહુ વૃદ્ધ હતા. પોતે ('ગુરુદેવ') નાની ઉંમરના નવદીક્ષિત હતા ત્યારે પેલા વૃદ્ધ હતા. જ્યારે પોતે યુવાન ઉંમરમાં (હતા) ત્યારે પેલા વૃદ્ધ હતા એની વાત છે.

એમણે આંક મૂક્યો, આટલી વાત ઉપરથી, પ્રતિમાના નિષેધ(ના વિષય) ઉપરથી એમણે એક ધોરણ બાંધ્યું કે, સાધુદશા તો આત્માની એક ઉગ્ર સાધકદશા છે. સાધુદશાનો તો અહીંયાં સવાલ નથી, જ્ઞાનીપણાંનો સવાલ નથી, આમાં કોઈ આત્માર્થી નથી. આખા સંપ્રદાયમાં કોઈ આત્માર્થી નથી. આ આંક એમણે તે 'દી બાંધેલો છે. આટલું બોલતા હતા કે, જ્યારે એ સાંભળ્યું કે અરે..રે...! આ તો લોકભયનું કારણ છે, આખા સમાજનો ભય ઊભો થાય છે અને એટલા માટે પ્રતિમાની વાત દબાવવી પડે છે ! આમાં કોઈ આત્માર્થી નથી. તે 'દી એમણે આ આંક બાંધ્યો. હજી તો શરૂઆત છે, પોતાને જ્ઞાન તો પછી થવાનું છે, પણ જ્ઞાન થયા પછી પોતે એ વાતનું પ્રમાણ આપે છે. અત્યારે જ્ઞાન વર્તે છે તો એ વાતનું પ્રમાણ આપે છે કે, તે દિવસે અમે આમ કહ્યું હતું કે, હેં...! પ્રતિમાની વાત શાસ્ત્રમાં છે અને તમે દબાવો છો ? સંતાડી દ્યો છો ? ગોપવો છો અંદરમાં ? આમાં કોઈ આત્માર્થી નથી. બોલો ! એ વાત પોતે કહી દેખાડતા. એ વાત એટલી સાચી તે 'દી માપી હતી ! જ્ઞાન ભલે પછી થયું છે પણ તે 'દી એટલું તો માપ્યું હતું ! એ આજે પ્રમાણ કરતા હતા. **એવું અસાધારણ એક યુગપુરુષ જેવું 'ગુરુદેવ'નું વ્યક્તિત્વ હતું અને કર્તૃત્વ પણ એવું જ હતું !!**

મુમુક્ષુ :- ઘણી વિશેષતાઓ ! યાદશક્તિ પણ એવી !

પૂજ્ય ભાઈશ્રી :- હા, યાદશક્તિ કરતાં પણ સાંભળનાર આટલો મોટો સમૂહ હોય

અને કોઈ વિષયમાં ઊંડો ઊતરનાર હોય, પોતે જે કહે છે એ વિષયને ઝીલનાર હોય એ ન બોલે તોપણ એનો ભાવ પકડે ! આ એક એમની દૃષ્ટિની વિશેષતા હતી !!

મુમુક્ષુ :– કોણ કેટલું સમજે છે એ બધાંના ચહેરા ઉપરથી સમજી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ સંબોધન કરે એમાં પણ કોણ કેટલું સમજે છે ? ક્યા Point ઉપર કોને સંબોધન કરવું ? એ એમના જ્ઞાનનો આગવો વિષય હતો ! એ સ્વતંત્ર વિષય હતો. એનો અભ્યાસ કરે તોપણ આશ્ચર્ય થાય એવો વિષય છે ! કઈ વાત આવે ? કેવી સૂક્ષ્મ વાત આવે ? કેવી સ્થૂળ વાત આવે ? ક્યા પડખાંની વાત આવે ત્યારે કોને સંબોધન કરે ? ક્યો વિષય ચાલે ત્યારે કોને સંબોધન કરે ? ચહેરા-મોહરા ઉપરથી સામાના પરિણમનને જાણે પકડી લેતા હોય એટલી સૂક્ષ્મ દૃષ્ટિ હતી ! છતાં પોતાના વિષયની અંદર ક્યાંય (ખલેલ પહોંચ્યા વિના) એકધારો ધારાવાહી વિષય ચાલે. પાછું એમ નહિ કે એના લક્ષે કોઈ વ્યાખ્યાન આપે છે. એ કુદરતી એટલો ક્ષયોપશમ અને એટલી નિર્મળતા ! જેને જુદાં-જુદાં પ્રકારનાં અનુભવ થયા હોય એ બધાંને વિશેષતાનો ખ્યાલ આવે એવું છે.

**ઉપલક ઉપલક વાંચન–વિચાર આદિથી કાંઈ ન થાય, અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય. જ્ઞાયકનો અંતઃસ્થળમાંથી ખૂબ મહિમા આવવો જોઈએ. ૨૩.**

૨૩મો, ૨૩મો બોલ પાછો ભાવનાનો છે. '**ઉપલક ઉપલક વાંચન–વિચાર આદિથી કાંઈ ન થાય,...**' જુઓ ! બીજી ક્રિયાની વાત નથી લીધી. કેમકે આપણાં મુમુક્ષુ સમાજમાં વાંચન-વિચારની બાહ્ય ક્રિયા પ્રસિદ્ધ છે અને ઠીક-ઠીક પ્રમાણમાં ચાલે છે અને કોઈ તો એ વાંચન-વિચારમાં બાહ્ય પ્રવૃત્તિ છોડીને, બહારમાં નિવૃત્તિ લઈને પણ ઘણો સમય આપે છે તોપણ એ ઉપલક-ઉપલક વાંચન, વિચાર થાય છે એનો પોતાને ખ્યાલ છે. એટલે એને ખોટું પ્રોત્સાહન આપવું નહિ પણ સાચું માર્ગદર્શન આપવું, એ માર્ગદર્શનનો વિષય પણ આમાં સાથે-સાથે

સામેલ થાય છે.

ભલે મુમુક્ષુજીવ વાંચન, વિચારમાં હોય તોપણ, સત્શાસ્ત્રો અને અધ્યાત્મશાસ્ત્રોનું વાંચન કરતો હોય તોપણ ઉપલક-ઉપલક વાંચન – વિચાર વગેરે કાંઈપણ, આદિ એટલે ચર્ચા કરે, પ્રશ્નો પૂછે, ગમે તે પ્રક્રિયા છે તેનાથી કાંઈ ન થાય. કાંઈક તો થાય એ વાત ન લીધી, તેનાથી કાંઈ ન થાય. એ ખોટું પ્રોત્સાહન ન આપે. કોઈને ઊભો કેમ રાખવો એ ખ્યાલ હોય છે પણ જે વાંચન–વિચાર કરે છે, જૂનો થયો છે એને ઊભા રાખવાનો પ્રશ્ન નથી. એ તો વળગેલો છે પણ હજી ઊંડો ઊતરતો નથી. ઊંડા ઊતરવાની જરૂર છે અને ઊંડો ઊતરતો નથી. ઊંડા ઊતરવાની જગ્યાએ આવ્યો છે અને ઊંડો ઊતરતો નથી તો એની ખોટી પીઠ ન થાબડે. એમ કહે કે, એમાં કાંઈ નહિ થાય, એનાથી કાંઈ નહિ વળે. અને ખ્યાલ છે કે, એમ કહેતાં એ જીવને નુકસાન થવાનું નથી. એ વધારે ઊંડો ઊતરવાનો પ્રયત્ન કરશે કે, આ મને એવું માર્ગદર્શન મળે છે કે હું જે કાંઈ કરી રહ્યો છું ત્યાંથી આગળ ચાલવામાં મારે અટકવું પડે છે, અહીંયાં અટકી ગયો છું. ઉપલક-ઉપલક વાંચન, વિચારમાં અટક્યો છું, ત્યાંથી આ વિષયના ઊંડાણમાં લઈ જવા માગે છે.

**'ઉપલક ઉપલક વાંચન–વિચાર આદિથી કાંઈ ન થાય, અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય.'** ફળે છે એનું કારણ કે માર્ગની સરળતા થઈ જાય છે, માર્ગની સૂઝ આવી જાય છે. હવે, આ એક બહુ ઘરગથ્થુ શબ્દપ્રયોગ છે કે **'અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે'** આપણે ત્યાં આ શબ્દ કોઈ કરુણ પ્રસંગની અંદર બોલવામાં આવે છે. એ એવી રીતે બોલાય છે કે, કોઈની આંતરડી કકળાવવી નહિ, આંતરડી કકળાવવી નહિ એવો એક ભાષાપ્રયોગ છે અથવા કોઈને કાંઈક એવી જગ્યાએ મદદ કરે તો એમ કહે કે એની આંતરડી ઠારી હતી. શું બોલે છે ? એની આંતરડી ઠારી છે. આ બન્ને એના અંતરંગને – અંતઃકરણને સ્પર્શતો વિષય છે. કોઈના મર્મસ્થાનમાં અંતઃકરણ સુધી કોઈ પ્રસંગ પહોંચે છે એ વાત બતાવવી હોય ત્યારે 'આંતરડી' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

આ શરીરના અવયવમાં આ Black box છે ને ? કાળી પેટી કહેવાય છે, એને અંધારપેટી કહેવાય છે – Dark box કહેવાય છે. X-Rayમાં નથી આવતું એટલે. X-Rayમાં હાડકાં આવે, બીજા-ત્રીજા અવયવોના ફોટા આવે છે પણ આંતર્નો ફોટો નથી આવતો. એવી જાતની કોઈ શરીર રચના છે કે X-Ray પણ એ ફોટો નથી લઈ શકતું. એટલે એને ડૉક્ટરો Dark box કહે છે. એ અંદરનો વિષય છે. આંતર્ છે એ શરીરના અવયવનું અંદરનું ગુપ્ત અંગ

છે કે જે પકડાતું નથી. એમ આ ઊંડાણનો વિષય છે. આંતરડી કકળી, આંતરડી ઠારી એ અંતઃકરણને લગતો વિષય છે, અંદરનો વિષય છે.

અહીંયાં કહે છે કે, ભાવના ક્યાંથી ઊઠવી જોઈએ ? અંતઃકરણમાંથી કહો કે આંતરડીમાંથી કહો – અંદરમાંથી–આત્મામાંથી–ચૈતન્યમાંથી ભાવના આવવી જોઈએ. ઉપર (૨૧મા બોલમાં) **'ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના'** લીધી છે એને અહીંયાં 'આંતરડીમાંથી ઊઠેલી ભાવના' (કહી છે). એવી જો અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો એને અંતર્મુખ થવાનો માર્ગ સરળ થાય છે, ઓછા ક્ષયોપશમવાળા જીવને પણ ! આટલી વાત છે. બહુ બુદ્ધિ હોય તો રહી જાય (અને) ભાવના હોય તો પામી જાય, એમ કહેવું છે.

પ્રશ્ન :– આંતરડીમાંથી એટલે આત્મામાંથી ?

સમાધાન :– આંતરડીમાંથી એટલે આત્મામાંથી. કોઈ એમ તર્ક કરે કે, આત્મા જોયો નથી, આત્માની ખબર નથી તો પછી આત્મામાંથી કેવી રીતે ભાવના ઊઠે ? આ એક સવાલ થાય એવું છે. અમે તો આત્મા જોયો નથી, આત્મા ભાળ્યો નથી, આત્માનું જ્ઞાન નથી, આત્માની ખબર નથી. હવે, આત્મામાંથી કેવી રીતે ભાવના ઊઠે ? તો કહે છે કે, ભાઈ ! આ જે બહારમાં વ્યવહાર છે એમાંથી સમજી શકાય છે કે, એણે ફલાણાંની આંતરડી ઠારી. એમ કહેવાય છે કે નહિ ? એના આત્માને એટલો સંતોષ થયો એમ બતાવવું છે. એના આત્માને સંતોષ થયો એમ. અથવા એના આત્માને અત્યંત દુઃખ થયું તો 'આંતરડી કકળાવી' એમ કહે. 'કકળાવી' શબ્દ એ એવો ઘરગથ્થુ શબ્દ છે કે, જેમાં એના દુઃખની વેદનાને પ્રગટ કરે છે.

એમ અજ્ઞાનદશામાં હજી આત્મા સમજ્યો નથી, અનુભવ થયો નથી, ઓળખ્યો નથી તોપણ ભાવના આત્મામાંથી ઉત્પન્ન થાય એવી એક ચીજ છે ખરી. એવી એક પરિસ્થિતિ છે ખરી, એક Stage છે, એ Stageમાં જીવ કોઈ કાળે આવ્યો નથી. અનંતકાળમાં એને આત્માના હિતની અથવા આત્મપ્રાપ્તિની ભાવના અંતરમાંથી થઈ નથી, એકવાર પણ ! ઉપર-ઉપરથી એણે ઘણું કર્યું છે, તૂટી મર્યો ત્યાં સુધી કર્યું છે ! ઊંધે માથે લટકી, નીચે અગ્નિ સળગાવીને તપ તપ્યો છે. પંચાગ્નિ ! એ તો અમે જોયેલાં છે.

અમારે 'રાણપુર'માં ઘરની પાસે એક મંદિર છે–'બાલાજી'નું મંદિર કહેવાય છે. મુખ્ય 'રામ-લક્ષ્મણ-સીતા'ની પ્રતિમા છે પછી તો ત્યાં 'હનુમાન' ને 'શંકર' ને બધું હોય, પણ મુખ્ય મંદિર એ છે. બાવાઓ આવતા, ખાખી બાવાઓ આવે. ભર ઉનાળે ચામડી ફાડી

નાખે એવો તડકો હોય (ત્યારે) છાણાંનું ગોળ કુંડાળું કરે (પછી) ચારે બાજુ અગ્નિ મૂકીને છાણાં બરાબર ધખે એટલે વચ્ચે શીર્ષાસન કરે ! શીર્ષાસન કરે ! રીતસર ઊંધે માથે તપ તપે ! અડધી કલાક, કલાક, બે કલાક સુધી ઊંધે માથે રહે. બાહ્યદૃષ્ટિથી જીવે આવું બધું ઘણું કર્યું છે. અંતરદૃષ્ટિથી, અંતરમાંથી આત્માના હિતની સાચી ભાવના એણે કદી નથી કરી.

પ્રશ્ન :- કોઈની આંતરડી ઠારવી એ પુણ્ય ભાવમાં જાય કે નિર્જરા ભાવમાં જાય ?

સમાધાન :- પુણ્યના ભાવમાં જાય, નિર્જરાનો સવાલ નથી. જુઓ ! નિર્જરા છે ને એ પોતાના સ્વરૂપના આશ્રયે થાય છે. કોઈ બીજાના આશ્રયે કાં પુણ્ય થાય અને કાં પાપ થાય, નિર્જરાનો પ્રશ્ન નથી રહેતો. સંવર, નિર્જરા અને મોક્ષ આત્માના આશ્રયે થતા અંતર્મુખ પરિણામમાં જ થાય છે, બીજી કોઈ રીતે નથી થતા.

મુમુક્ષુ :- પોતાની આંતરડી ઠારે તો નિર્જરા.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાની આંતરડી ઠારે એનો અર્થ કે આત્મા ઠારે. આત્માની રુચિથી આત્માને પુષ્ટ કરે, પોતાના સ્વભાવભાવને પુષ્ટ કરે, સ્વરૂપને પુષ્ટ કરે તો એણે પોતાની આંતરડી ઠારી છે.

પ્રશ્ન :- પુણ્યાનુબંધી પુણ્યનો ભાવ એટલે ?

સમાધાન :- પુણ્યાનુબંધી પુણ્યનો ભાવ એટલે આત્માનો પુરુષાર્થ કરતાં... કરતાં... કચાશ રહી જાય અને વિકલ્પ ઊઠે ત્યારે એને એ વિકલ્પથી પુણ્ય બંધાય એને પુણ્યાનુબંધી પુણ્ય કહેવામાં આવે છે. એક બીજો દાખલો લઈએ તો, તીર્થંકર પ્રકૃતિ પુણ્યાનુબંધી પુણ્ય છે. તીર્થંકરનો જીવ હંમેશાં સમ્યક્દૃષ્ટિ હોય છે. એને જ તીર્થંકર પ્રકૃતિ બંધાય છે. કોઈ મિથ્યાદૃષ્ટિ જીવને તીર્થંકર પ્રકૃતિ બંધાતી નથી. તીર્થંકરદ્રવ્ય હોય તોપણ એ મિથ્યાત્વ અવસ્થામાં હોય ત્યારે એને તીર્થંકર પ્રકૃતિનું પુણ્ય બંધાતું નથી. તીર્થંકરદ્રવ્ય ન હોય એનો તો પ્રશ્ન જ નથી પણ તીર્થંકરદ્રવ્ય હોય, પણ સમ્યગ્દર્શનમાં ન હોય, એ પહેલાંની ભૂમિકામાં હોય ત્યાં સુધી એને તીર્થંકર પ્રકૃતિના પુણ્યના પરિણામ આવતા નથી. પણ સમ્યગ્દર્શન થયા પછી તીર્થંકરના ભવના પહેલાંના ભવમાં એને તીર્થંકર પ્રકૃતિના પુણ્ય બંધાય છે અને એમાં પોતે જે માર્ગને પામ્યા છે એવા માર્ગને જગતના સર્વ જીવો પામો એવી એક એમની બધાં જીવો પ્રત્યેની શુભભાવના હોય છે. એટલે એ પુણ્ય બંધાય છે. એ પુણ્ય બાંધવા માટે એ ભાવ કરે છે એમ નહિ. (જે એવા ભાવ કરે) એને બંધાતા નથી અને એ તો

ભૂલા પડેલાં છે. પુણ્ય બાંધવા માટે પુણ્ય કરે છે એ ભૂલા પડેલાં છે. પણ આ તો આત્મકાર્ય કરતાં-કરતાં વચ્ચે જે રાગ રહી ગયો એની અંદર તીર્થંકર પ્રકૃતિના પુણ્ય બંધાય છે. એનો ઉદય આવે એ પુણ્યાનુબંધી પુણ્ય છે, ત્યારે પાપ ન બંધાય.

પ્રશ્ન :– તીર્થંકરના કર્મ બાંધ્યા પછી તીર્થંકરદ્રવ્ય કહેવાય ?

સમાધાન :– ના, એ દ્રવ્ય તીર્થંકરદ્રવ્ય અનાદિથી છે. અનાદિથી ઇ દ્રવ્ય તીર્થંકરદ્રવ્ય છે પણ એના પરિપાકકાળે એનો ઉદય આવે છે, ત્યાં સુધી નહિ. દ્રવ્ય તો અનાદિથી તીર્થંકરદ્રવ્ય છે. કેવળજ્ઞાનમાં ખ્યાલ આવે છે કે આ તીર્થંકરદ્રવ્ય છે.

પ્રશ્ન :– ઊંધો ચાલે તોપણ તીર્થંકરદ્રવ્ય ?

સમાધાન :– હા, 'ઋષભદેવ' ભગવાનના જ્ઞાનમાં એ ખ્યાલમાં છે કે, આ અત્યારે સામે લડે છે પણ છે તીર્થંકરનો જીવ ! આ 'રાવણ' છે એ તીર્થંકરનો જીવ છે, 'લક્ષ્મણજી' છે એ તીર્થંકરનો જીવ છે. બન્ને નરકમાં ગયા છે. 'શ્રીકૃષ્ણ' છે એ તીર્થંકરનો જીવ છે. ભલે ઊંધા ચાલે, સવળા ચાલે એની સાથે શું ? એ તો દ્રવ્યને જોવે છે ને ! વર્તમાન અવસ્થાને ક્યાં જોવે છે ? દ્રવ્યને જોવે છે. 'સીમંધર' ભગવાનની વાણીમાં આવ્યું કે, આ રાજકુમાર તીર્થંકરનો જીવ છે. ત્યારે ક્યાં સમ્યગ્દર્શન હતું ? એ તો દ્રવ્ય છે, અનાદિથી છે.

શું કહે છે (અહીંયાં) ? **'અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય.'** માર્ગ સરળ થાય એટલે માર્ગ સરળતાથી પ્રાપ્ત થાય. એને માર્ગપ્રાપ્તિમાં તકલીફ ન થાય, એને માર્ગપ્રાપ્તિમાં અડચણ ન લાગે કે, મને મુશ્કેલી પડે છે. કોઈ રીતે માર્ગ મળતો નથી એવું એને ન લાગે. ભાવનાવાળાને માર્ગ મળે જ છે અને એને અંદરમાં સરળતા થઈ જાય છે. કેમકે કોઈપણ અવરોધક ભાવ છે એનો તરત એને નિષેધ આવે છે, એનાથી તરીને ચાલે છે, એમાં એને ઉગ્રતા અને તીવ્રતા ભાવનાને વશ થતી નથી.

મુમુક્ષુ :– આ એક બોલ અંતરમાં ઊતરે તો કોઈને પૂછવા જાવું પડે એવું નથી.

પૂજ્ય ભાઈશ્રી :– કાંઈ પૂછવાની જરૂર નથી. ખરેખર તો ભાવનાવાળા જીવને ઓછો ઉઘાડ હોય તોપણ જ્યાં-જ્યાં એને અસમાધાન થતું હોય એને અંદરથી સમાધાન મળે છે. એનો આત્મા અંદરથી સમાધાન કરી દ્યે છે. એટલે આત્માને ગુરુ કહ્યો છે. નિશ્ચયગુરુ કોણ ? આત્મા. કેમ નિશ્ચયગુરુ આત્મા ? (કેમકે) અંદરથી સમાધાન આપે છે માટે. ગુરુ સમાધાન કરી દ્યે છે ને ? તો અંદરથી આત્મા જ સમાધાન કરે છે. માટે આત્મા નિશ્ચયગુરુ છે, સાચો ગુરુ છે.

મુમુક્ષુ :- 'ઇષ્ટોપદેશ'માં એ ગાથા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'ઇષ્ટોપદેશ'માં ગાથા છે અને આ તો અનંતા સાધકોને અનુભવગોચર સિદ્ધ થયેલી વાત છે એટલે શાસ્ત્રમાં આવેલી છે. એમ છે.

(કહે છે કે) **'માર્ગ સરળ થાય'** છે, સહેલો થાય છે. એ અપેક્ષાએ એમ કહેવામાં આવે છે કે, માર્ગ કઠીન નથી. ખરેખર માર્ગ કઠીન નથી. અહીંયાં તો પોતે એક બોલ એવો લીધો છે કે, તને કઠણ અને અઘરું લાગે છે એ એમ સૂચવે છે કે, અત્યારે સ્વરૂપની અરુચિ પ્રવર્તે છે. જ્યારે જીવને સ્વરૂપની અરુચિ પ્રવર્તમાન હોય એ કાળમાં એને આ આત્માનું કાર્ય કઠણ અને અઘરું લાગે અને સ્વરૂપની રુચિવાળાને, સ્વરૂપની ભાવનાવાળાને એ સુગમ, સરળ લાગે છે. એને એ કઠણ અને અઘરું લાગતું નથી. (એટલે) એ વાત લીધી છે કે, એને જરૂર માર્ગ સરળ થાય છે.

**'જ્ઞાયકનો અંતઃસ્થળમાંથી...'** આ 'આંતરડી'નો બીજો શબ્દાંતર છે – Other word છે. **'જ્ઞાયકનો અંતઃસ્થળમાંથી ખૂબ મહિમા આવવો જોઈએ.'** અત્યંત મહિમા આવવો જોઈએ. એ જ્ઞાયકના મહિમામાં એને આખું જગત ગૌણ થઈ જવું જોઈએ. 'ગુરુદેવ' પ્રવચન કરતા ત્યારે જ્ઞાયકના અનેક શબ્દો વાપરતા પણ એમાં જ્ઞાનાનંદ (કહીને) 'આનંદ' શબ્દ સાથે લેતા. કેમકે આનંદ એ બહુ મોટી વજનદાર ચીજ છે ! આત્મામાં એટલો બધો આનંદ ભરેલો છે, જેની સીમા નથી એટલો આનંદ છે !! એટલે (કહેતા કે) જ્ઞાનાનંદ, નિત્યાનંદ, નિર્મળાનંદ... આનંદ... આનંદ... આનંદ... બધાંમાં લેતા. એટલો મહિમા કરે કે, સાંભળનારને જો આત્માની રુચિ હોય તો એને અંદરથી આમ એકદમ રુચિ પુષ્ટ-પુષ્ટ થાય, પોષણ મળે. રુચિ પોષાય તો એ ખરો સ્વાધ્યાય છે. રુચિનો વિષય પોતાનું આત્મસ્વરૂપ અને એ આત્મસ્વરૂપ સાંભળતાં રુચિ પોષાય તો બીજું કાંઈ ન્યાય ને તર્ક ને યુક્તિને કાંઈ મહત્વ નથી. વ્યાખ્યાનમાં નવીનતા આવે, કોઈ નવી વાત આવે એનું કોઈ મહત્વ નથી. એનો આત્મા એને અપૂર્વ લાગે એ નવીન છે ! અને એનો મહિમા–અપૂર્વ મહિમા આવે એ નવીન છે. એ અનંતકાળમાં એણે નથી કર્યું અને એ થાય તો એ આત્માની સમીપ આવી જાય છે અને એને માર્ગ પામવો સહેલો છે, એ જરૂર માર્ગને પામે જ છે.

એ વિચારવું જોઈએ કે, સત્‌શાસ્ત્રથી સ્વાધ્યાય એકાંતમાં કરવામાં આવે કે સ્વાધ્યાય સમૂહમાં કરવામાં આવે, અંદરમાં આત્માની રુચિને પોષણ મળે છે કે નહિ ? એમાં પુષ્ટિ થાય છે કે નહિ ? આ વસ્તુનો એને જો પોતાને ખ્યાલ હોય તો પોતે કેટલો નજીક છે

કે દૂર છે, એનું માપ એને પોતાને આવે એવું છે. કોઈને પૂછવું પડે એવું નથી, બહુ સીધી વાત છે.

એટલે ભાવનાના બોલમાં એ વાત નાખી છે. માર્ગ સરળ થાય અને એને અંદરમાંથી–અંતઃસ્થળમાંથી–અંતરમાંથી આત્માનો ખૂબ મહિમા આવે. ખૂબ મહિમા આવે એને ખૂબ મહિમા આવવો જોઈએ કે આવવો ઘટે છે એમ કહેવામાં આવે છે, પણ એ સહજ જ છે. મહિમા એ કોઈ કૃત્રિમતાથી કરવાની ચીજ નથી. જે સર્વોત્કૃષ્ટ પદ છે, સર્વોત્કૃષ્ટ સ્વરૂપ છે, પરમોત્કૃષ્ટ શાંત છે અને એ અનંત શાંતરસથી ભરેલી ચીજ છે. જો એનો જીવને મહિમા નથી તો પછી એ જીવનમાં બીજું શું છે ? જરાક તપાસી લેવું. આવી ચીજનો મહિમા ન હોય તો પછી હવે જીવનમાં શેનો મહિમા છે ? અને શું ચીજ છે ? જરા જો તો ખરો ! આની આગળ તો બધું કસ વગરનું, રસ વગરનું ખાલી-ખાલી લાગે એવી ચીજ છે, એવું નિજપદ છે ! એટલે એનો મહિમા જીવને અવશ્ય આવવો જોઈએ અને મહિમા આવે તો પામે. મહિમા જ પમાડે છે એ વાત આગળના એક બોલમાં આવશે કે, મહિમા પમાડશે, બીજું કોઈ પમાડશે નહિ.

**આકુળતારૂપ દુઃખનું મૂળ અનાદિ અજ્ઞાનરૂપ ભ્રમભાવ છે. આ ભ્રમભાવથી અનાત્મા (દેહ અને રાગ) નો પોતારૂપે અનુભવનો અભ્યાસ થઈ રહ્યો છે. આ વિપરીત અભ્યાસને લીધે પોતાનું ગુણ નિધાન પરમપદરૂપ સ્થાન દેખાતું નથી અર્થાત્ વિપરીત અભ્યાસનો અભાવ થતાં, પોતાનું ગુણ નિધાન પરમપદરૂપ સ્થાન દેખાય અને ભવ વાસના વિલય પામે, ત્યારે જગતના નવનિધાનરૂપ વિધવિધ ભોગ-ઉપભોગ સંબંધી સુખ જૂઠું ભાસે - કલ્પિત ભાસે. નિજ પરમપદરૂપ સહજપદને ભાવતાં, આત્મભાવો પ્રકાશે અને આત્મ શક્તિની વૃદ્ધિ થાય. નિરાકુળ સુખામૃતનો આસ્વાદ આવે.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૫૦)

# પ્રવચન નં. ૨૩, વચનામૃત–૨૪.૨૫
## તા. ૧૦-૧૨-૧૯૮૬

**આત્માર્થીએ સ્વાધ્યાય કરવો, વિચાર–મનન કરવાં; એ જ આત્માર્થીનો ખોરાક છે. ૨૪.**

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું–૯, ૨૪મો બોલ. આત્માર્થીની ભૂમિકામાં શું હોય ? **'આત્માર્થીએ સ્વાધ્યાય કરવો,...'** સત્‌શાસ્ત્રનો સ્વાધ્યાય ઓછામાં ઓછું પ્રાથમિક ભૂમિકામાં આત્માર્થીને હોવો ઘટે છે. બીજું ઓછું-વત્તું થાય ચાલે પણ સ્વાધ્યાય તો નિત્ય હોવો જોઈએ. સ્વાધ્યાય કેવી રીતે કરવો ? કે, વિચાર – મનનપૂર્વક. વાંચન કરતાં વિચારનું પ્રમાણ વિશેષ હોવું જોઈએ, વધારે હોવું જોઈએ. કેટલું વંચાય છે એ મુખ્ય નથી પણ કેટલું વિચારાય છે એ મુખ્ય છે. વાંચવામાં કોઈ પાઠ છે, પાઠ વાંચતો તો કાંઈ એટલો સમય ન લાગે પણ જે વાંચ્યું છે એના ઉપર વિચાર ન થાય, એના ઉપર મનન ન થાય તો એ વિષયની બહુ ઉપલકતા રહે છે. નહિ જેવું, સ્વાધ્યાય અથવા વાંચન એ નહિવત્ થઈ જાય છે. અથવા જે આત્મલક્ષે વાંચે છે, સ્વાધ્યાય કરે છે એને સહેજે વિચાર–મનન ચાલે છે. સ્વાધ્યાય

ન થાય તોપણ વિચાર–મનન ચાલે, સ્વાધ્યાય થાય તો વિશેષ વિચાર–મનન ચાલે. આત્માના સ્વરૂપ વિષયમાં અને પોતાના પરિણમનના વિષયમાં અનેક પ્રકારની જે વિચારણા છે એમાં સત્‌શાસ્ત્ર નિમિત્ત છે અથવા એક બહાનારૂપ છે, બાહ્ય અવલંબનરૂપ છે કે જેને લઈને એ વિચાર–મનન વિશેષ ચાલે છે.

અહીંયાં એની એક ઉપમા આપી છે કે, એ સ્વાધ્યાય અને વિચાર–મનન આત્માર્થીને કેવા હોય ? તો કહે છે, એ ખોરાક જેવા હોય. માણસે ખાધું ન હોય તો ખાધું નથી એ એને લાગ્યા જ કરે. ખોરાક ન મળ્યો હોય તો ખાવાનું મળ્યું નથી એ એને લાગ્યા જ કરે છે. એમાં પણ નિર્ધનતાવશ ખોરાક ન મળ્યો હોય તો માણસને કેટલું દુ:ખ લાગે છે કે, બીજું તો કાંઈ નથી પણ પેટનો ખાડો પૂરવા જેટલી પણ આર્થિક વ્યવસ્થા નથી ! બીજું ઓછું-વત્તું ચાલે (પણ) ખોરાક(ને) તો ઓછામાં ઓછી જરૂરિયાત માણસ સમજે છે. બીજા કામના રસ આડે ન ખાય એ વાત અહીંયાં નથી. પણ ખોરાક છે એ શરીરને વિષે જેમ જરૂરિયાતની ચીજ છે અને ખોરાક વિના જેમ ચાલતું નથી, ખોરાક લેતાં જેમ દેહને પોષણ મળે છે એમ આત્માર્થીને સ્વાધ્યાય, વિચાર, મનન કરતાં એને પોતાની રુચિને પોષણ મળે, આત્મભાવને પોષણ મળે એ પ્રકાર જોઈને અહીંયાં એટલું માર્ગદર્શન છે કે, આત્માર્થી હોય એણે નિત્ય સત્‌શાસ્ત્રોનો સ્વાધ્યાય કરવો જોઈએ.

જે મહાપુરુષોને સમ્યક્‌જ્ઞાન પ્રાપ્ત છે, જે આચાર્યો છે એમના જે ગ્રંથો છે–શાસ્ત્ર છે એનું નિત્ય અધ્યયન હોવું જોઈએ. એમણે માર્ગે ચાલતાં-ચાલતાં, મોક્ષના માર્ગે ચાલતાં-ચાલતાં પોતાના સ્વાનુભવની વાત (કરી છે) જે ઘણી કીમતી વાત છે, સ્વાનુભવની વાત છે એ બહુ કીમતી વાત છે. જગતની અંદર પણ કોઈપણ વિષયના નિષ્ણાતો હોય છે– Expert હોય છે (એ) પોતાની સલાહની કીમત લ્યે છે. લોકોને કીમત આપવી પડે છે. વાત કરવાના પૈસા, એમ કહેવાય છે. (ફક્ત) વાત નથી, એની પાછળ એનું જ્ઞાન છે, એની એ વિષયની સમજણ છે. એનાથી જે ફાયદો થાય છે એ રૂપિયા-આના-પાઈમાં થાય છે અને એનું મહત્વ જગતની અંદર ઘણું આંકવામાં આવે છે. અનંત જન્મ-મરણના નિવેડા કરી નાખે, અનંત દુ:ખોનો નિવેડો કરી નાખે એવું માર્ગદર્શન આ સત્‌શાસ્ત્રોને વિષે રહેલું છે.

પ્રશ્ન :– વિચાર–મનનમાં શું શું ચાલે ?

સમાધાન :– એ તો જે વાંચન ચાલે છે એના ઉપર એને વિચાર–મનન ચાલે, એક

તો એ વિષય હોય છે, ઓછામાં ઓછો. અને જેને આત્મલક્ષી વિચારણા છે એ પોતાને શું લાગુ પડે છે ? પોતાને શું યોગ્ય છે ? પોતાને શું અંગીકાર કરવા યોગ્ય છે ? પોતાના દોષનો પ્રકાર શું છે ? એ કેવી રીતે થઈ આવે છે ? એને જોઈને, તપાસીને શાસ્ત્ર સ્વાધ્યાયની સાથે મેળવીને, એમાં અનેક પ્રકારે માર્ગદર્શન છે, એની ચાવીઓ છે (એને અંગીકાર કરવી જોઈએ). એમાંથી ઘણું મળે છે. શાસ્ત્ર સ્વાધ્યાય અને વિચાર-મનન આત્માર્થીને ખોરાક જેવા થઈ પડવા જોઈએ એમ અહીંયાં કહે છે.

ઘણાંને એમ થાય કે, એનું એ તમે વાંચો, એની એ વાત, એનો એ વિષય – કંટાળો ન આવે ? ખોરાક રોજ એનો એ હોય છે. રોટલી, દાળ, ભાત, શાક – એનો એ ખોરાક હોય છે કે નહિ ? મિષ્ટાન્ન અબખે પડે છે, બીજા ભારે ચીજ અબખે પડે છે. રોટલી, દાળ, ભાત, શાક જે રોજના પોષણરૂપ ખોરાક છે એ તો માણસ રોજ લ્યે છે. એ જેટલું Normal છે એટલું તો Normal હોવું જોઈએ. સ્વાધ્યાય છે-સત્ શાસ્ત્રોનો સ્વાધ્યાય છે એ તો આત્માર્થીને નિત્ય હોવો જોઈએ. આત્મલક્ષી વિચાર-મનન પણ એને હંમેશાં હોવા જોઈએ. – આટલું ઓછામાં ઓછું હોવું જોઈએ. આ બોલમાં એવો ધ્વનિ છે કે, આટલું તો (ઓછામાં ઓછું હોવું જોઈએ) જેમ ખોરાક તો માણસને ઓછામાં ઓછો મળવો જોઈએ, બીજો વૈભવ મળે ન મળે, ન પણ મળે, પણ ખોરાક તો માણસને મળવો જ જોઈએ એમ સત્ શાસ્ત્રથી સ્વાધ્યાય, વિચાર, મનન તો એના આત્માને હોવા જ જોઈએ.

જીવને બાહ્ય વૃત્તિ અને બાહ્ય રસ તો ઘણો છે કેમકે ઉદયમાં તો એ જ રસ લેવાનો થાય છે. એક સત્ શાસ્ત્રની અંદર ઉદયથી જુદો એવો આત્મા (છે) એ વિચારવાનો પ્રસંગ છે, એ ભાવનો રસ લેવાનો પ્રસંગ છે, આત્મભાવનો રસ લેવાનો પ્રસંગ છે. 'ગુરુદેવ' તો એમ કહેતા કે, રોજ ત્રણ-ચાર-પાંચ કલાકનો સ્વાધ્યાય જોઈએ. એવી નિવૃત્તિ અત્યારના વ્યવસાયી માણસોને નથી તો એના ઉપર પ્રહાર કરતા કે, આ બધાં મજૂરી કરે છે, મરી-મરીને ક્યાં જાશો ? ઘડીકમાં આંખ મીંચાઈ જશે, અહીંયાં મોટા શેઠિયા હશો, લોકો માન-સન્માન ને સલામ કરતા હશે, ઘડીકમાં ઢેઢગરોળીની કૂખે ચાલ્યા જશો ! એમ કહેતા. આ ઢેઢગરોળી-છીપકલી ભીંત ઉપર હોય છે ને ? એ ક્ષુદ્ર જીવ છે, એમ કહે. એવી સ્થિતિ થતાં વાર નહિ લાગે. જેમ જાદુ થાય છે એક સેકંડમાં આત્મા ત્યાં ચાલ્યો જાય છે. સૂક્ષ્મ તત્ત્વ છે.

'શ્રીમદ્જી'એ પણ એ વાત 'આત્મસિદ્ધિ'માં લીધી છે. 'આત્માદિ અસ્તિત્વનાં, જેહ

નિરૂપક શાસ્ત્ર; તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ.' મતની મુખ્યતા નહિ કરીને (એટલે કે) આ તો દિગંબરના શાસ્ત્રો છે, અમારા કુળધર્મમાં – અમારામાં પણ છે (તો) અમારા ન વાંચીએ ? આ શ્વેતાંબરમાં તો મતાગ્રહ હોય છે ઇ એમ લઈ જાય છે. 'ગુરુદેવ'ની કૃપાથી તો જેણે પલટો માર્યો છે એને મતાગ્રહનો બહુ પ્રશ્ન નથી રહ્યો. એ તો બહુ સાફ થઈ ગયો છે. એક દિગંબર સંપ્રદાય છે જેમાં સત્ય વાત પડી છે. કાલે જ એ જોયેલું, બહુ સરસ લખ્યું છે, એ તો કુદરતી આવી ગયું. સમજણપૂર્વક દિગંબરની વાત કેવી લીધી છે ! સમજણપૂર્વક, હોં ! બાકી તો દિગંબર સંપ્રદાયમાં જન્મ્યા હોય એને દિગંબરનો પક્ષ હોય એની કાંઈ એટલી કીમત નથી.

('પરમાગમસાર'માં) ૭૮૪ (નંબરનો બોલ છે). **'અભેદની મુખ્યતાની આવી કથનપદ્ધતિ સનાતન જૈન દિગંબર ધર્મ સિવાય બીજે કોઈ ઠેકાણે નથી.'** આ સમજણથી વાત છે, એકલું દિગંબર... દિગંબર... એમ નહિ. શું એની અંદર રહસ્ય છે ? એની અંદર માલ શું પડ્યો છે ? **'અભેદની મુખ્યતાની આવી કથનપદ્ધતિ'** ભેદની, અભેદની બધી વાતો કરી છે. શાસ્ત્રની અંદર ભેદોની પણ વાત કરી છે, અભેદની વાત કરી છે પણ અભેદની મુખ્યતાથી, મુખ્યતાની આવી કથનપદ્ધતિ (અર્થાત્) જે કથનની પદ્ધતિ છે–જે કહેવાની વિધિ છે 'યા વિધિ સંત કહે ધની ધની હૈ...' એ જે વિધિથી–પદ્ધતિથી કહે છે (એ) કોઈ ગજબનો વિષય છે !! આવી પદ્ધતિ–કથનની આવી પદ્ધતિ (ક્યાંય નથી). નહિતર તો આત્માની વાતો ને શબ્દો – સચ્ચિદાનંદ ને બીજું-ત્રીજું અન્ય મતમાં બધે આવે છે પણ આ પદ્ધતિ–દિગંબર શાસ્ત્રોની જે પદ્ધતિ છે એ બીજે ક્યાંય નથી. અજોડ પદ્ધતિ છે ! એમ કહેવું છે.

**'આ કથની સર્વજ્ઞની પરંપરા સિવાય બીજા સ્થાનમાં છે જ નહિ.'** ક્યાં મૂળ પકડ્યું ? સર્વજ્ઞની પરંપરા અહીંયાં એક જ જગ્યાએ છે. બીજા તીર્થંકરોનું નામ લે છે–શ્વેતાંબર લોકો ૨૪ તીર્થંકરોનું નામ લે છે, ૨૪ તીર્થંકરને માને છે એમ દાવો કરે છે (પણ) સર્વજ્ઞની સાચી પરંપરા નથી. સાચી પરંપરા તો નથી પણ સર્વજ્ઞની પરંપરા તોડી છે. જે મૂળ પરંપરા છે એને ખરેખર તો તોડી છે. **'આ કથની...'** આવી કથનપદ્ધતિ **'સર્વજ્ઞની પરંપરા સિવાય બીજા સ્થાનમાં છે જ નહિ. દિગંબર જૈનમાર્ગ કહો કે વીતરાગતાનો માર્ગ કહો તે એકાર્થ છે. વીતરાગતા કેમ પ્રગટે તેની આ વાત છે.'** દિગંબરના પંડિત હોય તોપણ લાવો, આ પદ્ધતિથી (કોઈએ) વાત કરી હોય ! ભલે જન્મે દિગંબર હોય, દિગંબરના વિદ્વાન હોય આ પદ્ધતિથી પક્ષ કર્યો હોય તો લાવો. વિષયની કેવી મહત્તા કરી છે !

મુમુક્ષુ :- સર્વજ્ઞના કેડાયતો આભના સ્તંભ જેવા છે.

પૂજ્ય ભાઈશ્રી :- આભના સ્તંભ જેવા છે ! છે ને, લીધું છે. દિગંબર આચાર્યોના જે ગુણાનુવાદ કર્યા છે એ આ ૧૦૦૬ (બોલમાં) તો બહુ જોરદાર આવ્યા છે ! આ બોલ લીધો છે બહુ શરૂઆતના 'આત્મધર્મ'માંથી લીધો છે, બહુ જૂના 'આત્મધર્મ'માંથી (લીધો છે). મારા પ્રવેશ પહેલાંના કેટલાંક 'આત્મધર્મ' હાથમાં આવ્યા હતા એમાંથી આ બોલ એક ડાયરીમાં લખી લીધેલો, એમાંથી આ મૂકી દીધો છે. આ તો બહુ જૂનો બોલ છે ! એટલે લગભગ ૩૦-૩૫ વર્ષ પહેલાંના પ્રવચનની આ વાત છે.

**'અહો ! મહાન સંત મુનિશ્વરોએ જંગલમાં રહીને આત્મસ્વભાવના અમૃત વહેતાં મૂક્યાં છે.'** રહ્યાં છે જંગલમાં પણ ત્યાંથી આત્માના અમૃત વહેવડાવ્યા છે એમ કહે છે. **'આચાર્યદેવો ધર્મના સ્તંભ છે,...'** 'ગુરુદેવે' મુનિભક્તિ કરી છે (કાંઈ) ! આ લોકો એમ કહે છે ને કે, અમે મુનિભક્ત છીએ. (ખરેખર તો) મુનિભક્તિ આ છે ! **'આચાર્યદેવો ધર્મના સ્તંભ છે, જેમણે પવિત્ર ધર્મને ટકાવી રાખ્યો છે.'** આ પંચમકાળમાં – નિકૃષ્ટ કાળમાં દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી જે જૈનધર્મ ટકી રહ્યો એ આચાર્યોની દેન છે એમ કહેવું છે. કેમકે ભગવાન ૨૫૦૦ વર્ષ પહેલાં મોક્ષે પધાર્યા પછી ગણધરો, મુનિઓ અને જે આચાર્યો રહ્યાં (એમને બધું) કંઠસ્થ હતું. જ્ઞાન બધું કંઠસ્થ હતું. કોઈ શાસ્ત્રો વિદ્યમાન નહોતા. આ 'ધવલ' અને 'સમયસાર'થી શાસ્ત્રોની વિદ્યમાનતા છે તો એ તો આચાર્યોનું કામ છે કે જેને લઈને જે જ્ઞાનમાં હતું એ બહાર પણ શાસ્ત્રારૂઢ થયું. એ જ્ઞાન શાસ્ત્રારૂઢ થયું અને 'ષટ્ખંડાગમ'ની રચના કર્યા પછી 'અંકલેશ્વર'માં પહેલાં એની જ્ઞાનપૂજા કરવામાં આવી છે, એનું બહુમાન કરવામાં આવ્યું છે. પ્રથમ શાસ્ત્રરચના થઈ જેઠ સુદ-૫, જ્ઞાનપંચમી, હજી આજે પણ આપણે જ્ઞાનપૂજા કરીએ છીએ.

**'આચાર્યદેવો ધર્મના સ્તંભ છે, જેમણે પવિત્ર ધર્મને ટકાવી રાખ્યો છે. ગજબ કામ કર્યું છે.'** કેટલો મહિમા આવ્યો છે ! **'ગજબ કામ કર્યું છે. સાધકદશામાં સ્વરૂપની શાંતિ વેદતાં...'** વેદતાં અને પરિષહો ઉપર વિજય મેળવતાં-મેળવતાં **'પરિષહોને જીતીને...'** બે કામ એકસાથે કર્યા છે. **'પરમ સત્‌ને જીવંત રાખ્યું છે.'** જીવતું રાખ્યું છે. અત્યાર સુધી એ પરમ સત્ જીવતું રહ્યું છે. શાસ્ત્રો તો જડ છે ને ? કહે છે કે, કોઈ સંસ્કારવાળા જીવને દેશનાલબ્ધિ મળી ગઈ હોય, પુરુષાર્થ ન ઊપડ્યો હોય એને એ શાસ્ત્ર નિમિત્ત પડે છે. અહીંયાં એ જીવંત જિનશાસન પ્રગટ થાય છે. જીવંત જિનશાસન છે ! જ્યાં આત્માની સમ્યગ્દર્શન દશા

પ્રગટ થઈ, ('સમયસાર'ની) ૧૫મી ગાથામાં 'કુંદકુંદ' ભગવાન કહે છે કે, એ જિનશાસન છે. સમસ્ત, હોં ! આખું જિનશાસન જ અહીંયાં છે એમ છે. સમસ્ત જિનશાસન આવ્યું. 'સમસ્ત' શબ્દ વાપર્યો છે. દશા આંશિક છે (છતાં) સમસ્ત જિનશાસન પ્રગટ કર્યું એમ કહે છે ! એ પરમ સત્ છે એને જીવંત રાખ્યું છે.

**'આચાર્યદેવના કથનમાં કેવળજ્ઞાનના ભણકાર વાગી રહ્યા છે.'** જે કેવળજ્ઞાન લેવાનો પુરુષાર્થ એમને પ્રવર્તે છે એ પુરુષાર્થ કેવળજ્ઞાનનો હતો એના ભણકારા એમની વાતોમાં આવે છે. **'આવા મહાન શાસ્ત્રોની રચના કરીને ઘણા જીવો ઉપર અમાપ ઉપકાર કર્યો છે.'** પોતાને ઉપકાર થયો છે ને ! મહાવિદેહથી સંસ્કાર લઈને આવ્યા છે. અહીંયાં 'સમયસાર' મળ્યું અને અંદરથી પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ થયો ! તે ઉપકાર કેટલો ? કે, એનું કોઈ માપ નીકળે નહિ !! એની કોઈ ઉપમા મળે નહિ, એની કોઈ યુક્તિ મળે નહિ, એનું કોઈ માપ થાય નહિ ! દૃષ્ટાંત મળે નહિ એની સામે !!

**'રીચના તો જુઓ ! પદે પદે કેટલું ગંભીર રહસ્ય છે !'** જુઓ ! કેટલી મહિમા કરી છે ! 'સમયસાર' (માટે) તો એમ કહેતાં – 'ગજબનું શાસ્ત્ર છે, અજોડ શાસ્ત્ર છે ! અશરીરી થવાનું શાસ્ત્ર છે. એક-એક પદમાં કેટલી ગંભીરતા છે ! અમારી તો શક્તિ છે એટલું કાઢીએ છીએ, અંદર તો ઘણું ભર્યું છે.' એટલે અમે કહીએ છીએ એનાથી ઝાઝું ભર્યું છે. અમારી શક્તિ નથી. એમ. **'આ તો સત્યની જાહેરાત છે. આના સંસ્કાર અપૂર્વ ચીજ છે. અને આ સમજણ તો મુક્તિને વરવાના શ્રીફળ છે. સમજે તેનો મોક્ષ જ છે.'** Guarantee આપી છે ! Guarantee કહો, આશીર્વાદ કહો, ખાત્રી કહો – એટલો મહિમા કર્યો છે !

દિગંબર સમાજની વચ્ચે કોઈવાર (પ્રવચન આપવા) જવાનું થાય છે ત્યારે આ વાત યાદ આવે છે કે, આ લોકોના ઘરમાં ભંડાર ભર્યો છે અને કોઈ સામું જોતા નથી, એનો કોઈ ઉકેલ કાઢતા નથી. બીજા તોફાન કરે પણ અંદર જે માલ પડ્યો છે એની ઉપેક્ષા કરે છે ! સામું જોતા નથી એનો અર્થ કે એની ઉપેક્ષા કરે છે. (એક મોટા વિદ્વાનને કહ્યું હતું કે), અમે તો તમારી પાસે સામેથી કદી કાંઈ માગ્યું નથી. દિગંબરના સંપ્રદાય પાસેથી અમે કોઈ ફાળો, ચંદો માંગ્યો નથી. આટલા દિગંબર મંદિરો થયા, હજારો નહિ લાખો દિગંબર શાસ્ત્રોનો પ્રચાર થયો, આ બાજુ હજારો-લાખો માણસો દિગંબર (ધર્મ) સત્ય છે એ સમજતા થયા. આટલી મોટી તાકાત ઊભી થઈ, કોઈપણ જાતની તમારી મદદ વિના ! તમે શું જોઈને એની સામે લડો છો ? તમારી તાકાત વધે છે, અમારા ભળવાથી તમારી શક્તિ વધી છે

કે ઘટી છે ? આ તો તમે હાથે કરીને પગ ઉપર કુહાડો મારવાની વાત કરો છો ! ખરેખર એમ છે, આ લોકોએ Missionary workની અંદર તો બુદ્ધિનું દેવાળું કાઢેલું છે. Mission કેમ Develope કરવું ? ધર્મ કેમ વૃદ્ધિ પામે ? એ કોઈ દૃષ્ટિકોણ આ લોકોની પાસે નથી. અંદરોઅંદરની મારો-કાપોની અંદર શક્તિ ખોવે છે.

મુમુક્ષુ :- એમાં સ્થાપિત હિતો બહુ કામ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધે સ્થાપિત હિતો જ નુકસાન કરતું હોય છે. 'હિન્દુસ્તાન' એક 'ઇસ્ટ ઇન્ડિયા કંપની'માં ચાલ્યું ગયું. 'ઇસ્ટ ઇન્ડિયા કંપની' એટલે મુઠ્ઠીભર માણસો વેપાર કરવા વહાણમાં આવ્યા હતા, તે 'દી ૨૦૦ વર્ષ પહેલાં સ્ટીમર પણ નહોતી. એણે એ જોયું કે આમાં ફૂટફાટ થઈ શકે એવી જગ્યા છે, પતી ગયું. ફૂટફાટથી ઘર ફૂટે, ઘર જાય. ખલાસ ! જેટલા છૂટા-છૂટા ખંડિયા રાજાઓ હતા–આ બાજુ દક્ષિણમાં 'પેશવા' હતા, આ બાજુ દરબાર ગરાસિયા હતા, રાજસ્થાનમાં એ બધાં દરબાર ગરાસિયા હતા. 'માનસિંહ', ફલાણાં સિંહ, ફલાણાં સિંહ... સિંહને શિયાળીયાએ કાબૂમાં લઈ લીધાં ! અંદર થઈ ફાટફૂટ. એટલે તો 'અમીચંદ' કહે છે. આજે પણ કોઈ અંદરથી ફૂટે તો એને 'અમીચંદ' કહેવામાં આવે છે. 'અમીચંદ' કરીને વાણિયો હતો. એની બહુ કુટીલ બુદ્ધિ હતી. એની કુટીલતાએ પોતાના સ્વાર્થ ખાતર અંગ્રેજોને સાથ દીધો. એ સ્થાપિત હિતનો વિષય છે. પતી ગયું, એવું થયું. દરેક જગ્યાએ એવું હોય છે. આ કાળમાં તો કંઈ નવી વાત નથી.

આ તો એટલી વાત છે કે, આત્માનું પરમ હિત થાય એવી વાત મળવી મુશ્કેલ છે એવી વાત વગર મૂલ્યે તમારા હાથમાં છે ! લાભ લેવાનું ચુકાય છે એ બહુ મોટો અફસોસનો વિષય છે એટલી વાત છે. એનો કોઈ ઉપાય નથી હોતો, જગતની અંદર એનો કોઈ (ઉપાય નથી). કારણ કે દ્રવ્યે તો બધાં સ્વતંત્ર છે. કોને કેમ પરિણમવું એના માટે એની પરતંત્રતા છે ? કોઈને કંઈ પરાધીન કરી શકાય છે ? તારું હિત છે એમ કરીને અહીંયાં કંઈ પરાણે દવા નથી પીવડાવાતી. છોકરાને હજી ગરેડિયો કરીને પરાણે દવા (પીવડાવે), અહીંયાં તો એવું કાંઈ ચાલતું નથી. આ તો પોતાની રુચિથી સવળો થવા માટે, હિત કરવા માટે આવે તોપણ એને પુરુષાર્થ ઘણો જોઈશે. અનાદર કરે એનો તો પત્તો ખાવો મુશ્કેલ છે પણ સવળો થઈને પોતાની રુચિથી મારે હિત કરવું છે એવી ઇચ્છાથી આવે એને એમ કહે છે કે, તારી ઉપલક ઇચ્છા કામ નહિ આવે. આમાં ઘણી રુચિ, અંદરની રુચિ, અંદરની ભાવના અને અંતરંગ પુરુષાર્થ ઘણો જોઈશે ત્યારે તારું હિત થશે નહિતર હિત નહિ થાય. એટલો

બધો તો વિષય ઊંડો છે. પાણી પીવું હોય તો કૂવામાં ઊંડા ઊતરીને પાણી પીવું પડે છે. એના બદલે દૂરથી જ, બહારથી જ, કૂવા ઉપરથી જ બહાર જવા માટે જોર કરે, દૂર જવા માટે જોર કરે, મૂળ સ્થાનથી પાછા જવા માટે જોર કરે (તો) કે'દી પત્તો લાગે ?

મુમુક્ષુ :– 'ગુરુદેવ' એમ બોલતા છે કે, ભાગ્ય છે કે આવી વાત મળી !

પૂજ્ય ભાઈશ્રી :– હા, ખરી વાત છે. એ વાસ્તવિકતા હતી કે, આ દેશ-કાળ જોતાં આ વાત અહીંયાં હોય નહિ. કોઈ એવા પાત્ર જીવો, જેનું હિત થવાનું હશે એવા જીવોનો કોઈ એ જાતનો ઉદય અને પોતાનો ઉદય – આમ નિમિત્ત-નૈમિત્તિક મેળ ખાઈ ગયો છે. નહિતર આ વાત અહીંયાં હોય ક્યાંથી ?

અહીંયાં ૨૪મા બોલમાં આત્માર્થીની ભૂમિકામાં સહજપણે ખોરાકના સ્થાનમાં હોવા યોગ્ય સત્‌શાસ્ત્રનો સ્વાધ્યાય, વિચાર–આત્મવિચાર, સ્વરૂપ ચિંતવન સહજ જ હોય. એટલું નિરૂપણ કર્યું છે.

**પહેલી ભૂમિકામાં શાસ્ત્રવાંચન–શ્રવણ–મનન આદિ બધું હોય, પણ અંદર તે શુભ ભાવથી સંતોષાઈ ન જવું. આ કાર્યની સાથે જ એવી ખટક રહેવી જોઈએ કે આ બધું છે પણ માર્ગ તો કોઈ જાુદો જ છે. શુભાશુભ ભાવથી રહિત માર્ગ અંદર છે–એ ખટક સાથે જ રહેવી જોઈએ.**

**૨૫.**

૨૫. '**પહેલી ભૂમિકામાં...**' આ પણ ભૂમિકાનો જ બોલ છે. ૨૪-૨૫ બન્ને આત્માર્થીની ભૂમિકાના બોલ છે. '**પહેલી ભૂમિકામાં શાસ્ત્રવાંચન–શ્રવણ–મનન આદિ બધું હોય,...**' આટલું તો હોય. હવે આગળ એમાં માર્ગદર્શન આપે છે. એટલું હોય '**પણ અંદર તે શુભ ભાવથી સંતોષાઈ ન જવું.**' આટલું આજે કરી લીધું–એક કલાક સવારમાં સ્વાધ્યાય કરી લીધો, હવે આજના દિવસમાં આટલું તો થઈ ગયું છે – એવું પણ ન થવું જોઈએ. જે કાંઈ શાસ્ત્ર સ્વાધ્યાય, વાંચન, શ્રવણ થાય અથવા કાંઈ પણ વિચાર, મનન થાય એની ગણતરી થાય

તો એમ સમજવું કે જીવ જાણ્યે-અજાણ્યે આ વિષયમાં સંતોષાય છે. એ સંતોષનું લક્ષણ છે. ગણતરી થવી એ સંતુષ્ટપણું આવ્યું એનું લક્ષણ છે. એવું ન થવું જોઈએ. સંતુષ્ટપણું છે એ દર્શનમોહની તીવ્રતાનું સૂચક છે. સત્‌શાસ્ત્ર તો દર્શનમોહને કાપવાનું નિમિત્ત છે, દર્શનમોહને ગાળવાનું નિમિત્ત છે અને એ સત્‌શાસ્ત્ર વાંચતા તને સંતોષ થાય તો દર્શનમોહ ગળવાને બદલે દર્શનમોહનો રસ તીવ્ર થયો, વિશેષ થયો. આ ઊલટું થઈ જાય છે. એટલે એ સૂચના છે કે, એ બધું હોય – શાસ્ત્ર વાંચન, શ્રવણ હોય **'પણ અંદર તે શુભ ભાવથી સંતોષાઈ ન જવું.'** હવે, સંતોષાઈ ન જવું તો શું થવું (જોઈએ) ? એ સંતોષ ન થાય તો એ જગ્યાએ શું થવું ઘટે ? એ વાત હવે લ્યે છે.

**'આ કાર્યની સાથે જ એવી ખટક રહેવી જોઈએ કે આ બધું છે પણ માર્ગ તો કોઈ જાુદો જ છે.'** આ એનું પાત્રતાનું – ભૂમિકાનું બહુ સારું લક્ષણ છે. યથાર્થ ભૂમિકા હોય, પાત્રતા હોય, જેને સ્વરૂપપ્રાપ્તિની ભાવના હોય, ઊંડી ભાવના હોય, તીવ્ર ભાવના હોય એને સત્‌શાસ્ત્ર(નું વાંચન), આત્માના વિચાર અને આત્માનું વાંચન-શ્રવણ ચાલે તોપણ એને પોતાનું કાર્ય હજી નથી થયું એ ખટકે છે. શું ખટકવાનું કારણ છે ? શું કરવા ખટકે છે ? જેમકે એક માણસ પરિશ્રમ કરે અને એને લાભ ન થાય તો એને ખટકે કે ન ખટકે ? મારી મહેનત થાય છે અને કેમ મારી મહેનતના પ્રમાણમાં સામે વળતર મળતું નથી ? પરિશ્રમના પ્રમાણમાં વળતર ન મળે તો અવશ્ય માણસને ખટકે. આ તો સ્વભાવિક છે કે નહિ ? (એમ અહીંયાં) આત્મલાભ ન થાય તો એ એને ખટકે છે. ન ખટકે તો એમ સમજવું કે એની ભૂમિકામાં યથાર્થતા નથી. ગણતરી થાય તો એમ સમજવું કે વિપર્યાસ થઈ રહ્યો છે. દર્શનમોહ તો વિપરીત છે ને ? જો ગણતરી થાય તો એમ સમજવું કે વિપરીતતા થઈ રહી છે અને ખટક ન હોય, ખટકનો અભાવ હોય તો એમ સમજવું કે આમાં હજી યથાર્થતા નથી અથવા ખરેખર એને પ્રાપ્તિની ભાવના નથી. કાં તો ગતાનુગતે કરે છે, કાં તો એક વિચાર કરી રાખ્યો છે કે, આટલું કરવું જોઈએ. માટે યાંત્રિક ઢબથી – Mechanical, આ રોજ ઊઠ્યા (પછી) જેમ નહાવું-ધોવું, બીજું-ત્રીજું થઈ જાય છે એમ આ શાસ્ત્ર સ્વાધ્યાય (થાય છે) ચાલો, એક કલાકની વાત કરો પૂરી ! એનાથી કંઈ વળતું નથી અને એ કોઈ આત્માર્થીની સાચી ભૂમિકા નથી, યથાર્થ ભૂમિકા નથી.

આત્માર્થીના વિષયમાં તો એટલું બધું માર્ગદર્શન આ શાસ્ત્રની અંદર છે... એટલું બધું છે કે, 'ગુરુદેવ'ને તો આના ઉપર બહુ ભાવ આવ્યો. આ શાસ્ત્ર ઉપર વિશેષ ભાવ આવ્યો

છે ! પોતાને ઉપકારી 'સમયસાર' થયું છે. છતાં મુમુક્ષુઓને અનુલક્ષીને જે ભાવ આવ્યો છે; એ પોતાને માટે નથી, પોતાને તો 'સમયસાર' ઉપકારી થયું છે, એના માટે 'સમયસાર'નો ખૂબ મહિમા આવ્યો છે, પણ મુમુક્ષુને ખાતર જે મહિમા કર્યો છે એ આ શાસ્ત્ર માટે કર્યો છે. એટલે એમ કહ્યું કે, આ લાખ છપાવો ! લાખ છપાવો એનો અર્થ કે એક લાખે અટકી જજો એમ નથી, હોં ! જેટલો પ્રચાર થાય એટલો કરવા યોગ્ય છે એટલા માટે કે જે પહેલી ભૂમિકાના જીવો છે, સમ્યગ્દર્શન પ્રાપ્ત નથી થયું એ પહેલાં જે આ બાજુ વળ્યા છે એવા જીવોને અમૂલ્ય માર્ગદર્શન આ શાસ્ત્રમાંથી ઘણું મળે છે. સિદ્ધાંતશાસ્ત્રમાં આટલી બધી નીચેની ભૂમિકાની વાતો ખોલી-ખોલીને ન આવે. જેમકે એક 'સમયસાર' શાસ્ત્ર લઈએ તો આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન માટેનું એક ઉત્તમથી ઉત્તમ શાસ્ત્ર હોવા છતાં ભૂમિકાની અંદરની જે નાની-મોટી ખૂબીઓની અને માર્ગદર્શનની વાતો છે એ એની અંદરથી સીધી નહિ મળે. જેના સ્થાનમાં જે કીમત છે એ બહુ મોટી વાત છે. એ વાત 'ગુરુદેવ'ને સમાજ માટે દેખાણી એટલે સમાજમાં પ્રચારની વિશેષ વાત લીધી.

એમ કહેનારા તો નીકળે કે, શાસ્ત્રનું વાંચન, શ્રવણ, મનન બધું હોય અને એ બધું કરવું જોઈએ પણ એ કરતાં-કરતાં પણ શેની ખટક રહેવી જોઈએ ? એ આ વાત અનુભવમાંથી કાઢે છે, એ અનુભવમાંથી કાઢી છે. પોતે પણ એક ભૂમિકામાં સત્‌શાસ્ત્ર(નું વાંચન), વિચાર, મનન કરતાં પણ કેમ કરતાં આગળ વધ્યા ? કેમ અટક્યા નહિ ? કેમ સંતોષાયા નહિ ? (કેમકે) અંદરમાં જેમ આંખમાં કણું પડ્યું હોય અને ખટક્યા કરે, જ્યાં સુધી આંખમાંથી કણું નીકળે નહિ (ત્યાં સુધી ખટક્યા કરે). કણું એટલે કસ્તરનું એક બહુ નાનું Partical છે, બહુ ઝીણું હોય છે, બહુ સૂક્ષ્મ હોય છે પણ એ બીજાં બધાં કામમાં જતાં ઉપયોગને રોકે. શું કરે છે ? એક આટલું નાનું કણું છે, નરી આંખે દેખાય પણ નહિ, નીકળે ત્યારે ખબર પડે કે, હવે નીકળી ગયું. પાણી છાંટે, રૂમાલથી – કપડાંથી લૂવે એમાં નીકળી જાય તો એને દેખાય પણ નહિ એટલું ઝીણું હોય છે પણ અંદર હોય તો ખટકે અને બહાર નીકળ્યું હોય તો ખટકે નહિ. ખટકે ત્યારે એનો બીજે ઉપયોગ લાગે નહિ. બીજાં કામ કરવા હોય તો સીધો આંખ ઉપર ઉપયોગ જાય કે, કણું નીકળી જાય (તો સારું). આ નીકળી જાય... આ નીકળી જાય... આ નીકળી જાય... એમ આત્માર્થીને સ્વાનુભવ ન થાય તો આ બધું વાંચું છું, વિચારું છું પણ હજી મારે જોઈએ છે એ મળતું નથી, મારે જોઈએ છે એ મળતું નથી. હું જે લેવા માંગું છે ઇ બાકી છે, ઇ બાકી છે... ઇ બાકી છે એમ

થયા કરે.

મુમુક્ષુ :– હથોડો મારતો જાય અને જોતો જાય ઘાટ ઘડાય છે કે નહિ ? ઘાટ આવે છે કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર તપાસતો જાય, બરાબર ચમક જોતો જાય, ઘાટ જોતો જાય, Design જોતો જાય, બધું બરાબર જોતો જાય. ગમે એટલો જોરથી મારે એમ પણ નહિ (અને) ગમે એટલો હળવો મારે એમ પણ નહિ. બરાબર એની સપ્રમાણતા હોય છે, એટલી એની Practice હોય છે.

મુમુક્ષુ :– પાછો જોતો જાય ઘાટ ઘડાય છે કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર જોવે, તપાસે. એનું એની સાથે પ્રયોજન છે, તપાસ્યા વગર આગળ કેમ ચાલે ?

આટલી સાદી ભાષામાં બહુ રહસ્યવાળી વાત મૂકી છે ! કાંઈ અઘરું ન પડે. એકદમ ચાલુ ભાષા–ચાલતી ભાષા ! બોલીએ–ચાલીએ એવી તદ્દન સાદી ભાષા ! કોઈ શાસ્ત્રની પરિભાષા, કોઈ Bombastic (અઘરા) શબ્દો (હોય) એવું કાંઈ નહિ. સાદી ભાષા પણ બરાબર માર્ગને અડીને, અનુભવને અડીને વાતો આવી છે, ગજબ કામ થઈ ગયું છે ! **મુમુક્ષુઓને તો એક રત્ન જ હાથમાં આવી ગયું એમ કહીએ તો ચાલે !**

**'આ કાર્યની સાથે જ એવી ખટક રહેવી જોઈએ...'** સંતોષ તો ન થવો જોઈએ પણ એવી ખટક રહેવી જોઈએ કે, **'આ બધું છે...'** એટલે આ બધું થાય છે – શાસ્ત્ર વંચાય છે, શ્રવણ, મનન થાય છે, વિચાર આવે છે પણ આ બધું બહારનું બહાર થાય છે. **'માર્ગ તો કોઈ જાુદો જ છે.'** અંતરનો માર્ગ જુદો છે અને એ અંતરની દિશા ન પકડાય, એ માર્ગે ન જવાય ત્યાં સુધી આ કાંઈ થાય છે, આ બધું છે એની કાંઈ કીમત નથી. એની કીમત જ આંકતો નથી.

જોકે મોક્ષમાર્ગી જીવ તો સમ્યગ્દર્શન થાય તો એની કીમત આંકતા નથી. 'સોગાનીજી'ની તો બહુ પ્રસિદ્ધ વાત છે. એકવાર ચર્ચામાં બેઠા હતા તો માન-સન્માન ખાતર કોઈએ આસન આપ્યું, કોઈએ તકીયો આપ્યો, એમકે જરા સરખી રીતે બેસો, આરામથી બેસો. તો કહ્યું, 'કાંઈ આવશ્યકતા નથી, બરાબર છે.' પછી ખ્યાલ આવી ગયો કે, અહીંયાં સમ્યગ્દર્શનનો મહિમા 'ગુરુદેવ' બહુ કરે છે એટલે અહીંયાં લોકોને સમ્યક્દૃષ્ટિ હોય એનો બહુ મહિમા આવે છે. તો એમણે એક વિશેષ વાત કરી કે, 'સમ્યગ્દર્શન હો ગયા તો ક્યા હો ગયા ?'

હજી તો ઘણું બાકી છે, એમ. અહીંયાં કોઈ દેખાતું નથી પણ અઢી દ્વિપની બહાર તો અત્યારે અસંખ્ય સમ્યક્દૃષ્ટિ અને પંચમ ગુણસ્થાનવર્તી જીવો છે, તિર્યંચો પણ છે. આ કાંઈ બહુ મોટી વાત નથી. જે ભૂમિકામાં અમે આવી ગયા એ કાંઈ અમને બહુ મોટી નથી લાગતી. અમારે જ્યાં પહોંચવું છે, અમારે જે દશાની ભાવના છે એ પૂર્ણતા મોટી વાત છે. આમાં કાંઈ અમને સંતોષ (નથી), હજી તો ઘણું બાકી છે. ('પૂજ્ય બહેનશ્રી') લેશે આમાં એક જગ્યાએ કે, મુમુક્ષુને તો ઘણું બાકી છે... ઘણું બાકી છે... એમ રહે. સાધકને એમ રહી જાય. દ્રવ્યલિંગી કેમ અટક્યો છે ? કે, જે ક્રિયાઓ કરે છે એનાથી સંતાષાઈને અટક્યો છે અથવા જે સંતોષાય છે એને 'હું ઘણું કરું છું' એવા ખ્યાલની પાછળ સંતોષ આવી જાય છે. એ ઊલટી Line છે, વિપરીત Line છે. ખરેખર તો પૂર્ણ ન થાય ત્યાં સુધી 'ઘણું બાકી છે' એમ આવ્યા કરવું જોઈએ. આ પર્યાય વિષયક મૂલ્ય કરવાની સહજ પરિસ્થિતિ હોય છે. એક પત્રમાં એમણે એ વાત લીધી છે કે, મોક્ષાર્થી જીવ અલ્પકાલીન ભાવોંકા મૂલ્ય નહિ આંકતે. એક ટુકડો વચ્ચે આવ્યો છે. બીજું લખતાં... લખતાં... લખતાં... આ એક સૂત્ર જેવો ટુકડો મૂકી દીધો છે. મોક્ષાર્થી જીવ તો એવા હોય છે કે જેટલા અલ્પ કાળવાળા ભાવો છે એટલે ક્ષણવર્તી પર્યાયો છે એની કીમત જ આંકતા નથી. ભૂલથી મિથ્યાદૃષ્ટિ જીવ તો શુભની કીમત આંકે છે, શુદ્ધતા તો એને પ્રગટ નથી થઈ. એટલે ક્ષણિક શુભ ભાવોની કીમત આંકે છે. મોક્ષાર્થી જીવો તો ક્ષણિક શુદ્ધ ભાવોની પણ એટલી કીમત આંકતા નથી. શુભભાવનો તો કીમત આંકવાનો પ્રશ્ન જ નથી. એ તો એના નિષેધનો વિષય છે પણ જે આદરતા સિદ્ધ થયું, પ્રાપ્ત થયું, આવ્યું એની મુખ્યતા નથી કરતા.

મુમુક્ષુ :– ૪૫મા બોલમાં એ વાત લીધી છે.

પૂજ્ય ભાઈશ્રી :– ૪૫ ? **'અંતરનાં તળિયાં તપાસીને આત્માને ઓળખ. શુભ પરિણામ, ધારણા વગેરેનો થોડો પુરુષાર્થ કરી 'મેં ઘણું જ કર્યું છે' એમ માની, જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે.'** આ એનું સ્પષ્ટીકરણ છે. **'અજ્ઞાનીને જરાક કાંઈક આવડે, ધારણાથી યાદ રહે, ત્યાં તેને અભિમાન થઈ જાય છે; કારણ કે...'** કેમ અભિમાન થઈ જાય છે ? **'કારણ કે વસ્તુના અગાધ સ્વરૂપનો...'** અથવા અગાધ સામર્થ્યનો **'તેને ખ્યાલ જ નથી; તેથી તે બુદ્ધિના ઉઘાડ આદિમાં સંતોષાઈ, અટકી જાય છે.'** જ્યાં સંતોષાય ત્યાં નિયમથી અટકે. **'જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી...'** આ એનું ધ્યેય છે ને ? પૂર્ણતાનું એનું ધ્યેય છે. **'જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી.'** અંશની અંદર એ અટકતો નથી.

આ પ્રાપ્ત થયું છે એ તો આંશિક છે, કાંઈ પૂરું નથી. સાધકદશામાં પૂરી પ્રાપ્તિ નથી. **'જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી. પૂર્ણ પર્યાય પ્રગટ થાય તોપણ સ્વભાવ હતો તે પ્રગટ્યો તેમાં નવીન શું ?'** લ્યો, ઠીક ! અંશમાં તો અભિમાન થતું નથી પણ પરિપૂર્ણ શુદ્ધિ થાય (તો) ? તો કહે છે કે, પણ એ તો મારું સ્વરૂપ હતું ઇ બહાર આવ્યું, આમાં બીજું શું વિશેષ છે ? એ તો સહજ છે અને સ્વભાવિક છે. જેમ કોઈ માણસ એમ કહે કે, ભાઈ ! તમારી પાસે તો બહુ સારી વસ્તુઓ છે. તો કહે કે, હોય જ ને ! અમારી પાસે એટલી સંપત્તિ છે તો વસ્તુ સારી જ હોય ને ! એમાં શું ? ખરાબ ચીજ હોવાનો અહીંયાં ક્યાં પ્રશ્ન છે ? આ ચીજ તમે સારી Qualityની ખરીદી. તો કહે, ઇ તો સ્વભાવિક જ છે. સંપત્તિ ઘણી છે તો એની Quality સારી જ હોય એમાં વિશેષતા શું છે ? એમ કહે (છે). એની કાંઈ વિશેષતા નથી. પૂર્ણ થઈ ગયો ! તો એમાં શું છે ? પૂર્ણ છું અને પૂર્ણ થયો છું, અધૂરો થોડો છું હું ? અધૂરો હોઉં અને પૂર્ણ થાઉં તો કંઈ નવીન વાત કહેવાય. પૂર્ણ છું અને પૂર્ણ થયો. ઠીક છે, એ તો બરાબરની વાત છે. આ વાત વિશેષ લીધી છે. સાધકદશા પૂરતી વાત તો ક્યાંક-ક્યાંક આવે છે પણ પૂર્ણ થયો તોપણ આ ભાવ છે. પૂર્ણ થયા પહેલાં તો પૂર્ણ થતાં કેવો ભાવ રહેશે એ અહીંથી કહી દીધું. અત્યારે ક્યો રહે છે એ કહ્યું અને પૂરો થશે ત્યારે કેવો ભાવ રહેશે એ પણ કહી દીધું. બન્ને વાત સાથે કરી છે.

મુમુક્ષુ :- અને દૃષ્ટિ ધ્રુવ ઉપરથી ખસતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે જ્ઞાનીને વર્તમાન દશામાં અહંપણું થઈને અભિમાન થતું નથી એનું કારણ ઇ છે.

અહીંયાં ૨૫મો બોલ ચાલે છે. (કહે છે કે) એ બધું હોય-શાસ્ત્ર વાંચન, શ્રવણ, મનન વગેરે હોય તોપણ સંતોષાઈ ન જવું. **'આ કાર્યની સાથે જ...'** એ જ કાળે એમ (કહે છે). સાથે-સાથે જ **'એવી ખટક રહેવી જોઈએ કે આ બધું છે પણ માર્ગ તો કોઈ જુદો જ છે.'** અંદરનો અંતર્મુખનો માર્ગ કોઈ જુદો છે. શાસ્ત્ર વાંચનની પ્રવૃત્તિ બાહ્ય ક્રિયા છે, શ્રવણની પ્રવૃત્તિ બાહ્ય ક્રિયા છે, મનન, ચિંતવનની પ્રવૃત્તિ પણ મનની બાહ્ય ક્રિયા છે. એ બાહ્ય ક્રિયાથી અંદરનો માર્ગ કોઈ જુદો છે. અંતરનાં માર્ગમાં વાંચન નથી, શ્રવણ નથી, મનન નથી. એ માર્ગ કોઈ જુદો છે. એ માર્ગમાં પ્રવેશ નથી થતો એનો એને ઘણો રંજ હોય છે, ઘણી ખટક હોય છે. સમય ચાલ્યો જાય છે, સમય ખર્ચાય જાય છે, શક્તિ ખર્ચાય જાય છે

અને માલ મળતો નથી એટલે અંદરમાં એની ઘણી ખટક આવે અને કોઈવાર ઘણું દુઃખ થઈ જાય. સાધક થનાર આત્મા, એ આત્માઓ પણ એની પાછળ રડ્યા છે. એટલું દુઃખ લાગી ગયું હોય ! અરે...! આ સમય કેમ જાય છે ? આ કેમ આમ થાય છે ? મને આટલી ભાવના છે અને વસ્તુ હાથમાં આવતી નથી, એટલી બધી એને અસર થાય છે.

મુમુક્ષુ :- ખેદાવું નહિ એમ પણ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અહીં તો ખેદ આવી જાય છે એની વાત છે. ખેદાવું નહિ, એ જરા બીજી ભૂમિકાની વાત છે. કેટલાક મૂંઝવણથી ખેદાય છે, એ રીતે મૂંઝાવું નહિ. અથવા ત્યાં જે ખેદાવાની વાત છે એમાં કોઈ પ્રસંગમાં તીવ્ર રાગ કરે છે તો કોઈ પ્રસંગમાં તીવ્ર દ્વેષ કે અણગમો કે દુઃખ થઈ જાય છે, તો (કહે છે કે) બહુ તીવ્રપણે ખેદાવું નહિ કે રંજાવું નહિ, એવી વાત લીધી છે. બોલ યાદ છે ? એ બાહ્ય પ્રસંગને અનુસરીને છે. અંદરમાં તો આ આવવું જ જોઈએ. અંદરમાં ખટક અને દુઃખ તો એને લાગવું જ જોઈએ, તો એ ભૂમિકાની યથાર્થતા છે. ૩૩માં પણ ખટકની વાત કરી છે. **'ઊંડી ખટક નિરંતર રહ્યા જ કરે...'** એમ. પરસ્પર વિરુદ્ધ વાત નથી એમ મારું કહેવું છે. ત્યાં ખેદાવું નહિ (એમ) જે વાત છે એ બહારના પ્રસંગોના કારણની વાત છે. નાની-મોટી ઘણી માર્ગદર્શનવાળી વાતો છે. મુમુક્ષુ માટે તો ઘણી ગજબની વાતો લીધી છે ! રુચિ કેવી હોય ? ભાવના કેવી હોય ? લગની કેવી હોય ? તાલાવેલી કેવી હોય ? ધુન કેવી હોય ? ધગશ કેવી હોય ? એની અંતરની તપાસ કેવી હોય ? કેટલાય પરિણામના લક્ષણો પકડી-પકડીને (ખોલ્યા છે).

૩૩ (નંબરના બોલમાં વાત લીધી છે) **'જેને લાગી છે તેને જ લાગી છે'...પરંતુ બહુ ખેદ ન કરવો. વસ્તુ પરિણમનશીલ છે, કૂટસ્થ નથી;...'** માર્ગ જરા સૂક્ષ્મ છે. એટલે જરાક આઘોપાછો મર્યાદાથી બહાર જાય તો માર્ગ હાથમાં ન આવે. આ તો અંદરના સૂક્ષ્મ પરિણામોની રમત છે. એમાં પણ જરાક મર્યાદાથી આઘોપાછો જાય (તો) અંદરમાં માર્ગ હાથમાં ન આવે. ૪૩૨ (બોલ છે) એટલે કોઈ ક્યાંય ને કોઈ ક્યાંય હોય. યાદ રહેવાનો એ જાતનો ક્ષયોપશમ હોય તો ઇ પકડી લે.

મુમુક્ષુ :- ૮૯માં છે.

પૂજ્ય ભાઈશ્રી :- **'ખેદાતા નથી'** એવો શબ્દ છે પણ મુનિની વાત ચાલી છે, ત્યાં મુનિની વાત ચાલી છે. ત્યાં ભૂમિકા જુદી છે, આ તો આત્માર્થીની વાત છે. આ મુમુક્ષુની ભૂમિકાની વાત છે. અહીંયાં મુનિની વાત ચાલી છે. ૮૯માં જે વાત છે (એમાં મુનિને) અલ્પ

દ્વેષ નથી થતો. **'દેહ જાય પણ માયા થાય ન રોમમાં'** એ 'શ્રીમદ્જી'ના 'અપૂર્વ અવસર'ની ભાવનાની પંક્તિ છે. સોનું કે તણખલું સરખા છે. અનુકૂળતા-પ્રતિકૂળતા સરખા છે. **'અનુકૂળતામાં ખેંચાતા નથી'** (એટલે) ચારિત્રમોહનું આકર્ષણ પણ થતું નથી, એમ. **'પ્રતિકૂળતામાં ખેદાતા નથી.'** એટલે ચારિત્રમોહનો પણ દ્વેષ થતો નથી. એ બીજી વાત છે. શબ્દ તો એનાએ હોય પણ જ્યાં (જે) પ્રકરણ હોય એ પ્રમાણે એનો ભાવ લેવો પડે. **એક-એક બોલનો બહુ ઊંડેથી સ્વાધ્યાય કરવા જેવો છે. સાધારણ શબ્દો લાગે પણ એવું નથી, અંદર ઊંડાણ ઘણું છે !**

પોતે કદાચ પોતાની મેળે આટલો ઉકેલ ન લાવી શકે એવા એના અનેક પરિણામો ઉપર માર્ગદર્શન દીધું છે. મુમુક્ષુની ભૂમિકામાં શુભ ભાવ સાથે-સાથે આત્માર્થીતાને લગતા જે પરિણામ છે અને આત્માર્થીતાને વિરુદ્ધ જેટલાં પરિણામ છે એ બન્ને વિષય ઉપર ઘણો પ્રકાશ પાડ્યો છે, ગ્રંથનો એ મુખ્ય વિષય છે. બાકી તો મુનિદશાના, સમ્યક્દૃષ્ટિ જ્ઞાનીની દશાના ઘણાં બોલો છે, કેવળજ્ઞાનની દશાના પણ ઘણાં બોલો છે, વસ્તુવિજ્ઞાનના, વસ્તુના સ્વરૂપ સંબંધીના પણ ઘણાં બોલો છે, અનેક જાતના બોલો છે (એમાં) સૌથી વધારે આ વિષય મુખ્ય આવ્યો છે. મુમુક્ષુની યથાર્થ ભૂમિકા કેવી હોય ? અને એ ભૂમિકાને લગતું માર્ગદર્શન અને મુમુક્ષુને અમુક જગ્યાએ જે પ્રેરણા આપવી – આ ત્રણ પડખાં આ ગ્રંથનો મુખ્ય વિષય છે અને બહુભાગ આ ગ્રંથ(માં) એ છે. બાકીનો જે થોડો ભાગ રહ્યો એની અંદર ઘણાં વિષયો લીધાં, આવરી લીધાં છે તોપણ મુખ્ય ભાગ આ છે. એટલે 'ગુરુદેવશ્રી'એ મુમુક્ષુ માટે એની વિશેષ ભલામણ કરી એનું કારણ એ છે.

'આત્મધર્મ'માંથી પ્રવચન વાંચતા-વાંચતા ('પરમાગમસાર'ના) ૮૫મા બોલમાં એ વાત આવી છે. **'જેમ પુત્રમાં પિતાનો અણસાર આવે છે તેમ મોક્ષમાર્ગી મુનિઓમાં વીતરાગી જિન ભગવાનનો અણસાર–વીતરાગતાનો અણસાર આવે છે.'** જેવા જિનેન્દ્ર પરમાત્મા છે, મુનિઓ એવા દેખાય છે એમ કહે છે ! સાધક મુનિદશા છે એ જિનસદૃશ દેખાય છે. પિતાનો અણસાર જેમ પુત્રમાં આવે છે – સમ્યક્દૃષ્ટિ લઘુનંદન છે પણ આ મુનિઓ તો જ્યેષ્ઠનંદન છે એટલે એવા જ છે એમ કહે છે, અને એ તો અલ્પકાળમાં જિનેન્દ્ર થવાના છે. એ તો એવા જ હોય ને, એ તો સીધી વાત છે. **'જેમ પુત્રમાં પિતાનો અણસાર આવે છે તેમ મોક્ષમાર્ગી મુનિઓમાં વીતરાગી જિન ભગવાનનો અણસાર...'** આવે છે અથવા વીતરાગી જિન ભગવાનમાં જેવી વીતરાગતા છે એનો અણસાર આવે છે. **'શાંત... શાંત...**

**વીતરાગતા... અકષાય તરવરે છે.'** એ એમના બહારના મન-વચન-કાયામાં પણ એ શાંતિ પ્રસિદ્ધ થાય છે. હવે કેવી રીતે આ વાતને અને આ વાતને મેળ ખાય એ લીધું છે. **'બહેનશ્રીનાં વચનામૃત' વાંચશે તેના કાળજામાં સત્યના ઘા વાગી જાય એવી વાતો છે.'** મુમુક્ષુ થઈને કોઈ 'બહેનશ્રીનાં વચનામૃત' વાંચશે તો પરમ સત્ય કેવું છે એ અંદરના મર્મસ્થળ સુધી પહોંચી જશે. કાળજે ઘા વાગ્યો હોય એ પછી જાય નહિ એમ કહે છે. એવા શબ્દો લીધાં છે. **'તેના કાળજામાં સત્યના ઘા વાગી જાય એવી વાતો છે. આ પક્ષની વાત નથી.'** સમાજનો ખ્યાલ હતો કે, લોકો મને પણ પક્ષમાં નાખવા મંડ્યા છે કે, આ મને પક્ષ થઈ ગયો છે ! **'આ પક્ષની વાત નથી.'** અહીંયાં આ ચોખ્ખું કર્યું છે. **'આ પક્ષની વાત નથી. વસ્તુસ્થિતિની વાત છે.'** જે વસ્તુસ્થિતિ સ્પષ્ટ જ્ઞાનમાં આવે છે એ કહીએ છીએ. કોઈ પક્ષ કરીને આ વાત કહીએ છીએ એમ કરીને આ વાતને હળવી નહિ કરી નાખતા.

શું કહે છે ? માર્ગ તો કોઈ જુદો જ છે એવો જેને ખ્યાલ છે અને જેને એની માટેની ખટક છે એ જીવ શાસ્ત્ર વાંચન, શ્રવણ, મનન બધું કરશે તોપણ ક્યાંય અટકશે નહિ. અટકશે નહિ એટલે જરૂર પામી જશે. કોણ પામતું નથી ? કે, અટકે છે એ સંતોષાય છે. એ અટક છે, અટકવું છે એમાં ઊંડે-ઊંડે કાંઈક વિપરીત અભિનિવેશ રહ્યો છે. આ ઠીક છે, ઇ લાગ્યું કે આટલું તો મેં કર્યું – બસ ! ઇ વિપરીત અભિનિવેશ છે. આટલું તો કર્યું ને, આટલું તો વાંચ્યું ને, આટલા સમય સુધી તો આટલું કર્યું – આ અભિપ્રાયની વિપરીતતા છે. અભિનિવેશ એટલે અભિપ્રાય. આ અભિપ્રાયની વિપરીતતા છે. જે કાર્ય કરે (એટલે કે) સત્‌શાસ્ત્ર વાંચે, સત્‌શાસ્ત્રનું શ્રવણ, મનન, વિચાર કરે અને એ જ અંગેનો વિપરીત અભિપ્રાય ઊભો થાય અને પોતે ન સમજી શકે એવી મુમુક્ષુની સ્થિતિ રહી જાય છે. એને એમ કહે છે કે, જોજે, અહીંયાં સંભાળજે ! અહીંયાં લાલબત્તી છે કે, આમ ન થવું જોઈએ.

**'શુભાશુભ ભાવથી રહિત માર્ગ અંદર છે'** જુઓ ! શુભાશુભ ભાવ થાય છે એનાથી રહિત કોઈ માર્ગ અંદર છે આ ખટક તો એને સાથેને સાથે જ રહેવી જોઈએ, હોવી જોઈએ. કોઈ કૃત્રિમતાથી કરવાની ચીજ નથી. એને એ ખટક હોવી જોઈએ (કે) માર્ગ જુદો છે. આ થાય છે એમાં મારું કંઈ વળતું નથી. આ બધું બહારનું છે, આ બધું હજી બહારનું છે, આ બહારનું છે, જવાનું અંદર છે. એ વિષય એને ખટકમાં સતત રહેવો જોઈએ તો અટકે નહિ અને પામી જાય.

(સમય થયો છે, વિશેષ આવતીકાલના સ્વાધ્યાયમાં....)

## પ્રવચન નં. ૨૪, વચનામૃત–૨૬,૨૭
## તા. ૧૨-૧૨-૧૯૮૬

**અંદર આત્મદેવ બિરાજે છે તેની સંભાળ કર. હવે અંતરમાં જા, ને તૃપ્ત થા. અનંતગુણસ્વરૂપ આત્માને જો, તેની સંભાળ કર. વીતરાગી આનંદથી ભરેલા સ્વભાવમાં ક્રીડા કર, તે આનંદરૂપ સરોવરમાં કેલી કર– તેમાં રમણ કર. ૨૬.**

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૯, ૨૬ નંબરનો બોલ છે. આ બોલમાં સાધનાની પ્રેરણા આપી છે. અનેકવિધ પ્રકારે મુમુક્ષુ જીવને આત્મકાર્યમાં ઉત્સાહિત કરવાના કેટલાંક બોલ છે. એ નિજકાર્યના પ્રેરણાત્મક બોલ છે. કહે છે કે, **'અંદર આત્મદેવ બિરાજે છે તેની સંભાળ કર.'** અંદર પરમાત્મા બિરાજે છે, સ્વભાવ પરમસ્વરૂપ પરમોત્કૃષ્ટ તત્ત્વ પોતે જ બિરાજમાન છે **'તેની સંભાળ કર.'** સંભાળ કર એટલા માટે કહે છે (કેમકે) એને છોડીને જીવ રાગની સંભાળ કરે છે, રાગના વિષયભૂત પુદ્ગલ પદાર્થોની સંભાળ કરે છે. સંયોગની સંભાળમાં અને સંયોગની સાવધાનીમાં પડેલો છે તેથી એમ કહેવામાં આવે છે કે, તું તારા

પરમતત્ત્વની સંભાળ કર. અંદર પરમાત્મદેવ બિરાજે છે.

'યોગસાર'માં તો 'યોગીન્દ્રાચાર્યે' એક ગાથા એવી લીધી છે કે, 'તનમંદિરમાં દેવ જિન, જન દેરે દેખંત' લોકો દેરામાં દેવને જોવે છે પણ ખરેખર તો તારા તનમંદિરમાં બિરાજમાન છે. 'હાસ્ય મને દેખાય છે, પ્રભુ ભિક્ષાર્થે ભમંત' પોતે પ્રભુ છે, ભિક્ષા માગે છે, રાગથી દીનપણું–યાચના કરે છે, કોઈ મને સુખી કરો, મને કોઈ મદદ કરો, હું જાણે પાંગળો છું એવી રીતે અન્ય જીવ કે અજીવની અપેક્ષાવૃત્તિ છે એ યાચનાવૃત્તિ છે, ભિખારાવૃત્તિ છે, ભિક્ષુકવૃત્તિ છે. એટલે પ્રભુ ભિક્ષાર્થે ભમે છે. અંદર બિરાજમાન છે એની ઉપેક્ષા કરે, બહારમાં બિરાજમાન હોય એને એમ કહે કે, હે પ્રભુ ! તું મને તારી દે ! કહે છે કે, આ એક હાસ્યાસ્પદ પરિસ્થિતિ છે.

તર્ક કરે કે, આચાર્યોએ પણ ભગવાનની ભક્તિ કરી છે. તારી વાત તો ઠીક છે, આચાર્યદેવે પણ બહારમાં તીર્થંકર પરમાત્મા જેઓ થયા એની ભક્તિ કરી છે પણ અંદરમાં પરમાત્મદેવને સંભાળતા-સંભાળતા કરી છે, સંભાળીને કરી છે. એટલે એમને ખ્યાલ છે કે, આ દીનવૃત્તિ પણ મારે મારાં સ્વરૂપના આશ્રયે મટાડવાની છે – એવા ભાનમાં રહીને કરી છે. અને એ રીતે એ મટાડશે.

જુઓ ! બહુ મીઠાં વચન છે આ બધાં ! **'અંદર આત્મદેવ બિરાજે છે તેની સંભાળ કર. હવે અંતરમાં જા,...'** અંતરમાં જઈને **'તૃપ્ત થા.'** અંતરમાં શાંતરસનું સરોવર છે એમાં નિમગ્ન થા, શાંતિમાં ડૂબી જા, તને તૃપ્તિ થશે. કદી નહિ થયેલી એવી તૃપ્તિ થશે. તૃપ્ત-તૃપ્ત થઈ જઈશ. શબ્દ તો શબ્દ છે પણ ભાવ અવર્ણનીય ભાવો છે !!

અંદર આત્મામાં અંતર્મુખ થઈને પરિણામ સ્વરૂપમાં સ્થિર થાય છે, શાંતસ્વરૂપમાં પરિણામ ઠરે છે ત્યારે એક અલૌકિક તૃપ્તિ ઊપજે છે. એવી તૃપ્તિમાં તું તૃપ્ત થા એવી પ્રેરણા આપી છે. ખરેખર તો જીવને અંતર્મુખ થવાની આ પ્રેરણા છે. અંદરમાં જા, **'અંતરમાં જા'** એમ કહ્યું ને ? (એ) અંતર્મુખ થવાની પ્રેરણા છે. જ્યાં પોતાનો પરમાત્મદેવ બિરાજે છે, આત્મદેવ એટલે આત્માનું પરમ સ્વરૂપ. પરમાત્મદેવ બિરાજે છે. એ પોતે જ અનંત શાંતસ્વરૂપ છે. પરિણામ બહાર જાય છે એ અપેક્ષાએ એમ કહે છે કે, તું અંતરમાં જા. **'અંતરમાં જા, ને તૃપ્ત થા.'**

**'અનંતગુણસ્વરૂપ આત્માને જો,...'** અનંતગુણસ્વરૂપ એક છે. અનંત... અનંત... ગુણો છે. અનંતના ભેદ–પ્રત્યેક ભેદ તો છદ્મસ્થને જ્ઞાનમાં ભાસતા પણ નથી છતાં અભેદપણે

જ્ઞાનમાં આવે છે કે, અનંતગુણસ્વરૂપ છે. અનંત ભેદો કાંઈ છદ્મસ્થને જણાતા નથી. જેમ કેવળજ્ઞાનમાં પ્રત્યેક-અનંતા જણાય છે એવી રીતે નથી જણાતા તોપણ અભેદપણે અનંત જણાય છે, પૂરેપૂરા જણાય છે. એવા આત્માને જો. અનંતગુણસ્વરૂપ એવું એક અભેદ આત્મદ્રવ્ય છે, નિજદ્રવ્ય છે એને જો. ઉપયોગ ત્યાં મૂક એમ કહે છે. આ ઉપયોગનું સ્વસ્થાન છે. આમાં રહે તે સ્વસ્થ છે. પોતાના અનંતગુણસ્વરૂપ આત્મામાં રહેવું તે સ્વ-સ્થપણું છે – સ્વમાં સ્થિર રહેવું. સ્વમાં સ્થાયી થવું તે સ્વસ્થપણું છે. ઉપયોગ બહાર જાય તે આત્માની અસ્વસ્થતા છે. લોકો કહે છે ને કે, આજે અમારી તબિયત અસ્વસ્થ છે. એટલે તબિયત ઠીક ન હોય તો અસ્વસ્થ કહે છે ને ? સારી તબિયત હોય તો કહે કે, સ્વસ્થતા છે. એ શરીરમાં-દેહમાં આત્માપણું માન્યું છે એટલે એ બોલવાની રૂઢિ થઈ ગઈ છે. ખરેખર તો ઉપયોગ આત્મામાં રહે તે સ્વસ્થપણું છે અને પરિણતિમાં પણ જેટલા અંશે આત્મામાં પરિણતિ વિશેષપણે રહે તેટલું સ્વસ્થપણું છે, બાકીનું અસ્વસ્થપણું છે.

મુમુક્ષુ :- બહાર જાય એટલો માંદો છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલો માંદો છે. એ તો સીધી વાત છે. માંદો એટલે રોગિષ્ટ, એટલો રોગ છે. રાગ નામનો રોગ ત્યાં ઉત્પન્ન થાય છે. પૂરેપૂરો પોતાને ભૂલે ત્યારે મિથ્યાત્વ અને અજ્ઞાનનો મહારોગ છે. જ્ઞાનીઓએ-સત્પુરુષોએ તો કહ્યું છે કે, રાગને રોગ જાણવો અને રોગને સારો જાણવો – રાગને-રોગને સારો જાણવો તે ભ્રાંતિરૂપી મહારોગ છે. એ મહાન રોગ છે, સૌથી મોટો રોગ છે.

**'અનંતગુણસ્વરૂપ આત્માને જો, તેની સંભાળ કર.'** એને તું સંભાળ. તારી ગુણનિધિને સંભાળ, અનંત ગુણસ્વરૂપ છે ને ? અનંત ગુણના નિધાનને સંભાળ. એને છોડીને બીજી સંભાળ કરવા ક્યાં જાય છે ? એમ કહે છે. બીજી સંભાળ કરતાં બીજી કોઈ સંભાળ થવાની નથી અને રાગ થઈને દુઃખ ઉત્પન્ન થશે બીજું કાંઈ થવાનું નથી.

મુમુક્ષુ :- બધેથી પથારો ઉપાડી લેવાની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવું જ છે. જો બધેથી પથારો ઉઠાવે એટલે સર્વત્ર – જ્યાં મમત્વ કર્યું છે ત્યાં સર્વત્ર ભિન્નપણું કરે તો એની સંભાળ ન કરે. 'આ મારું છે' (એમ જ્યાં સુધી લાગે છે) ત્યાં સુધી તો એની સંભાળ થયા વિના રહેશે નહિ. જેમાં પોતાપણું ભાસે એને સંભાળ્યા વિના રહે નહિ, સંભાળે જ સંભાળે.

**'વીતરાગી આનંદથી ભરેલા સ્વભાવમાં ક્રીડા કર,...'** આત્મા વીતરાગી આનંદથી ભરેલું

આનંદ-સરોવર છે એમાં તું ક્રીડા કર. આ જળક્રીડા કરે છે ને માણસ ? તરે છે, ન્હાય છે અનેક પ્રકારે (ક્રીડા કરે છે). ગરમીના દિવસો હોય અને ઠંડું પાણી હોય, આ હોજમાં પડી-પડીને લોકો ન્હાય છે કે નહિ ? એ જળક્રિડા કરે છે. સરોવરમાં પડે છે. આવે છે ભક્તિમાં એક (પંક્તિ) આવે છે. 'ભગવન્ તુમ આનંદ સરોવર' હે ભગવાન ! તમે તો આનંદના સરોવર છે. અહીંયાં કહે છે કે, આ આત્મા પણ અંદરમાં વીતરાગી આનંદથી ભરેલું સ્વભાવનું સરોવર છે. એમાં ક્રીડા કરવાની પ્રેરણા આપે છે. એમાં વારંવાર તું પરિણામને એની અંદર લગાવ એ એની ક્રીડા છે. ક્રીડા તો ક્રિયાત્મક છે, પરિણામ ક્રિયાત્મક છે.

**'વીતરાગી આનંદથી ભરેલા સ્વભાવમાં ક્રિડા કર, તે આનંદરૂપ સરોવરમાં કેલી કર...'** કેલી કર એટલે **'તેમાં રમણ કર.'** આ રીતે આત્મામાં આનંદનો ભોગવટો કરવો, આનંદની–આત્માનંદની મોજ લેવી, એવા પ્રેરણાત્મક વચનો આ બોલની અંદર છે. આત્મામાં જે અનંત આનંદ ભર્યો છે એ બહુ મોટી વાત છે. જીવને આકર્ષણનું કારણ શું છે ? (એ જો) તપાસવામાં આવે તો આનંદ છે એ આકર્ષણનું કારણ છે કે બીજું કાંઈ છે ? બહારના લૌકિક જીવનમાં પણ જેને આનંદના સ્થાનો, આનંદના વિષયો ન મળે એવી પરિસ્થિતિમાં આવી જાય તો એને એમ લાગે કે, મારું જીવન ઉજ્જડ થઈ ગયું. શું બોલે છે ? કે, મારાં જીવનમાં તો કાંઈ નથી. ઉજ્જડ જેવું, વેરાન જેવું જીવન છે. એટલે આકર્ષણ આનંદનું હતું પણ એ તો કલ્પના અને દુઃખમાં આનંદ માન્યો હતો. દુઃખમાં આનંદની કલ્પના કરીને જીવ જૂઠથી છેતરાયો હતો. અહીં તો આત્માનો વાસ્તવિક આનંદ ભરેલો છે, અનંત આનંદ ભરેલો છે. એ આનંદ અંદરમાં જેને ભાસે છે એને પરિણામ ઉપર એ જાતનું અંતર આકર્ષણ ઊભું થાય છે કે જેથી ધર્મીનું ચિત્ત બીજે ક્યાંય ચોંટતું નથી. ઉદય અનુસાર કાર્યો કરતો, ઉદયના–સંયોગોના ઘેરામાં બહારથી દેખાય તોપણ એનું ચિત્ત ક્યાંય લાગતું નથી. આવું છે. કેમકે અંદર આનંદ ભર્યો છે અને એ આનંદ જેને ખબર પડે કે, મારામાં આનંદ છે અને મારાથી દૂર નથી એને પોતાના જ પરિણામથી એ આનંદમાં રહેવું એમ જ રહે કે બીજી રીતે કાંઈ રહે ? કે, ભાવ તો એમ જ રહે. સહેજે-સહેજે એમ જ ભાવ રહે, બીજી રીતે ભાવ રહે નહિ.

મુમુક્ષુ :– અંતર આનંદ ભર્યો પડ્યો છે પણ જેને નથી દેખાતો એ પચાસ વર્ષ સુધી શાસ્ત્ર સ્વાધ્યાય કરતો હોય એને એમ થાય કે હું ખૂબ પ્રયાસ કરું છું. પરંતુ ઇ વાત બેસે છે કે નથી બેસતી એવી દ્વીધા થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ બેસવાનું શું કારણ છે ?

મુમુક્ષુ :- ત્યાગી હોય, વૈરાગી હોય એને એમ કહે કે, તું મુખ ફેરવીને ઊભો છે...

પૂજ્ય ભાઈશ્રી :- પણ જો આનંદ નથી આવતો...

મુમુક્ષુ :- વાત બેસે છે કે નથી બેસતી એ પ્રશ્ન તો પહેલાં કહી દીધો.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે ગણતરી કાંઈ કાળથી થાય એવું નથી. બહારમાં વૈરાગ્ય લીધો છે કે બહારમાં શાસ્ત્ર વાંચે છે એથી તો કાંઈ માપ નીકળે એવું નથી કે, આટલા કાળ સુધી શાસ્ત્ર વાંચ્યું, આટલા લાંબા સમય સુધી વૈરાગ્ય પાળ્યો, આટલા લાંબા સમય સુધી જે ભૌતિક આનંદના વિષયો છે એનો ત્યાગ કર્યો. આટલા લાંબા કાળ સુધી ત્યાગ કર્યો માટે એને આનંદ આવે એવું કાંઈ નથી. સાતમી નરક, જગતની અંદર ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ દુઃખના સંયોગો (છે) ત્યાં અંતરમાં ફરે તો આનંદના રસમાં જાય છે. 'અંતર સુખરસ ગટાગટી.'

જગતમાં ન જોયેલા પદાર્થોની વાતો સાંભળવા મળે, આ 'અમેરિકા' અને પરદેશની લોકો વાતો કરે છે કે નહિ ? અને ત્યાં જવાની શક્યતા છે. દેવલોકની વાત કરે પણ ત્યાં જવાની શક્યતા નથી તો એવું કુતૂહલ નથી થતું. પણ જ્યાં જવાની શક્યતા છે એનું કુતૂહલ થઈને જવાનું મન કરે છે કે નહિ ? એને લગતું સાહિત્ય, છાપા, મેગેઝીન મળે તો બરાબર રસથી વાંચે. કેવી રીતે ત્યાં જવાય છે ? બરાબર એનો નકશો જોવે, ભવિષ્યમાં પણ અનુકૂળતા મળે તો આ રીતે ત્યાં જાવું, ક્યાં ઊતરવાની સગવડ હોય, જમવાની સગવડ હોય, કેવા પ્રકારની હોય, કેમ હોય એ બધો કુતૂહલથી ભાવ કરે છે કે નથી કરતો ? નથી જોયું તોપણ. એમ જ્યારે જ્ઞાની આવી વાત કરે છે, જેણે જોયું છે એ આ વાત કરે છે કે, ભાઈ ! અંદર આનંદનો સાગર છે, આત્મા આનંદ-સરોવર છે અને ત્યાં જઈ શકાય એવી જીવની પરિસ્થિતિ છે. પોતે સંજ્ઞી પંચેન્દ્રિય જીવ છે તો કુતૂહલ તો કરે ! કમસે કમ એનું કુતૂહલ કરે. 'સમયસાર'નો ૧૩મો કળશ છે ને ? કે, એકવાર તું એવું કુતૂહલ કર, એવું કુતૂહલ કર કે તારા સ્વરૂપને તને જાણવાનું, અનુભવ કરવાનું મન થાય. આવી વાત સાંભળીને જીવ કુતૂહલ કરે તોપણ એને બીજી બાજુનો રસ ઘટે.

પોતાની ચીજ છે, દૂર નથી પણ પોતાની ચીજથી વિરુદ્ધ ભાવ કર્યા છે એ મૂકવા પડે છે. કાંઈ બીજું દેવું પડતું નથી. કોઈ ચીજ આપવી પડતી નથી કે, આટલા લાખ-કરોડ-અબજ રૂપિયા દે તો આ મળે અને નહિતર આનંદ-સરોવર ન મળે. એવું કાંઈ નથી કે, આપણા વશની વાત નથી. ફક્ત તેં જ્યાં-અસ્થાનમાં મમત્વ કર્યું છે એ મમત્વ ઉઠાવવાની

વાત છે, એટલું દેવાની વાત છે. પણ જે અન્ય સ્થાનમાં મમત્વ કર્યું છે ત્યાં એટલા આત્મભાવે કર્યું છે અને એ જ આત્મા થઈ પડ્યો છે કે એકવાર તો એને છોડતા જાણે મૃત્યુવત્ આકરું પડે છે કે, અરે..રે...! આમાં મમત્વ નહિ કરવાનું ? આનું મમત્વ નહિ કરવાનું ? આનું પણ મમત્વ નહિ કરવાનું ? એકેયનું મમત્વ નહિ કરવાનું ? તો કહે (છે કે), આ દેહનું પણ નહિ. દેહથી દૂરવર્તી પદાર્થો–સચેત-અચેત, સચેત-અચેત મિશ્ર (પદાર્થોનું) તો નહિ પણ આ શરીરનું પણ નહિ.

જ્ઞાનમય આત્મતત્ત્વ છે (એ) સુખરૂપ છે, આનંદરૂપ છે એના વેદનમાં જાવું હોય તો ઊલટું વેદન છે એ વેદન છૂટે તો જવાય. દુઃખનું વેદન (છે) એમાં પણ સુખનું વેદન થાય (અને) સુખનું વેદન (છે) એમાં દુઃખનું વેદન થાય એમ તો બને નહિ. પણ યથાર્થ ભૂમિકામાં આવે તો માર્ગ સરળ થાય છે. એ ભૂમિકા એવી છે કે, જ્યાં-જ્યાં જીવ મમત્વ કરે છે અને સુખની કલ્પના કરે છે ત્યાં દુઃખ છે એ ભાસવા લાગે છે. વિકલ્પ માત્રમાં, રાગ માત્રમાં એને દુઃખ ભાસે છે અને દુઃખથી છૂટવું સહેલું છે. સુખથી છૂટવું સહેલું નથી. જ્યાં દુઃખ છે પણ સુખની કલ્પના થઈ ગઈ છે ત્યાંથી નહિ છૂટી શકાય. કેમકે એ નિર્ણય થઈ ગયો છે કે, સુખસ્વરૂપ છે તો એ છૂટવું મુશ્કેલ છે. પણ જો દુઃખ ભાસવા લાગે, દુઃખ દેખાવા લાગે, દુઃખ લાગે એને તો એનાથી છૂટવું સહેલું છે. પછી તો બે ચીજ એકસાથે થઈ ગઈ. વિકલ્પમાં દુઃખ છે અને આત્મામાં સુખ અને આનંદ છે (એમ) એકસાથે બન્ને ચીજનું જેને ભાવભાસન છે એને અહીંથી ખસવું અને આમાં જવું એ સુગમ અને સરળ થાય છે, સહેલું થાય છે. ત્યાં સુધી થોડું અઘરું લાગે છે, તકલીફવાળું લાગે છે કેમકે પોતાને બહારના સુખની રુચિ છે એટલે અઘરું અને કઠણ લાગે છે. પણ એનું કારણ તો પોતાને બહારના સુખની રુચિ છે એ છે.

મુમુક્ષુ :– પથારો બહુ મોટો છે.

પૂજ્ય ભાઈશ્રી :– મોટો કરતાં ઊંડો બહુ છે. બાકી તો પૂર્વકર્મ અનુસાર સંયોગો છે. જેને બહારમાં મમત્વ છે એને તો ફાટેલી ગોદડીમાં પણ મમત્વ છે અને જેને મમત્વ નથી એને મહેલ-મહેલાતોમાં પણ મમત્વ નથી. એ તો પૂર્વકર્મ અનુસાર છે–મહેલ હો કે સુવાની ગોદડી હો ! પણ વિચારથી, વિવેકથી મારું હિત ક્યાં છે અને મારું સુખ ક્યાં છે ? આટલું શાંત ચિત્તે મધ્યસ્થ થઈને પોતાના સુખ-દુઃખની ખાતર, બીજા માટે તો કાંઈ કરવું નથી, પોતાના હિત ખાતર વિચારીને રસ્તો પકડે. વિકલ્પ માત્રમાં – રાગ માત્રમાં દુઃખ છે એ

હકીકત છે, વાસ્તવિકતા છે અને એ વાસ્તવિકતામાં જીવ આવે ત્યારે માર્ગ સરળ છે. એમાં ન આવે ત્યાં સુધી એણે એની તપાસ કરવી.

સત્પુરુષના વચન ઉપર વિશ્વાસ મૂકીને, સત્પુરુષનું વચન કહો કે સર્વજ્ઞનું વચન કહો (એ) એક જ છે, એના ઉપર વિશ્વાસ મૂકીને તપાસ કરવી કે, જ્યાં દુઃખ છે ત્યાં આ જીવ સુખ જાણીને, સુખ અનુભવીને છેતરાય છે (તો) તપાસ કરીને નક્કી કરવું કે સુખ છે કે દુઃખ છે ? આ તો તપાસવાની મોજૂદ વસ્તુ છે. ગેરહાજર ચીજ નથી કે એની તપાસ ન થાય. હાજર ચીજ એ એને તપાસવાની છે, એનું પૃથ્થકરણ કરવાનું છે. એની ઊંડી જાંચ-તપાસમાં જાય તો એને બરાબર લાગે એવું છે, લાગીને સમજાય એવું છે. દુઃખ તો લાગવાની ચીજ છે, વિચાર કરવાની ચીજ નથી પણ એ તો લાગવાની ચીજ છે.

એવી પદ્ધતિથી આ પ્રેરણાત્મક વચનો છે કે એમાં એ બાજુ જવાની પ્રેરણા થાય અથવા મુમુક્ષુ જીવને વિશેષ પ્રોત્સાહન મળે. એવો પ્રકાર છે. ૨૬ બોલ (પૂરો) થયો.

**આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક 'અચંબો' છે. આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું; પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો. તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે. ૨૭.**

૨૭મા બોલમાં 'ગુરુદેવ'નો મહિમા કર્યો છે. **'આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક 'અચંબો' છે.'** શું કહે છે ? અત્યારના વર્તમાન કાળના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોઈને આ વાત કહી છે કે, આવા હીણા કાળમાં – પંચમકાળ તો ઠીક પણ હુંડાવસર્પિણીનો કાળ છે. હુંડાવસર્પિણીનો કાળ છે ! હુંડાવસર્પિણીના કાળમાં શું થાય ? આમ તો ભરતક્ષેત્રમાં જ્યાં-જ્યાં અન્ય મત હોય ત્યાં તો જૈનમત ઉપર પ્રહાર થાય. પણ હુંડાવસર્પિણી કાળમાં તો જૈનો જ જૈનમતનું ખંડન કરે, જૈનો જ જૈનને

તોડે એવી પરિસ્થિતિ ઊભી થાય. 'દ્યાનતરાયજી'એ પદ લખ્યું છે ને ? 'જૈની જૈન ગ્રંથકે નિંદક, હુંડાવસર્પિણી જોરા' આ 'દ્યાનતરાયજી'નું પદ છે.

પ્રશ્ન :– 'દ્યાનતરાયજી' થયા કેટલો ટાઈમ થયો ?

સમાધાન :– બહુ ખ્યાલ નથી પણ આ છેલ્લા ૨૦૦-૨૫૦-૩૦૦ વર્ષ આસપાસ (થયા હશે).

મુમુક્ષુ :– 'ટોડરમલ્લજી' પછી એ થયા.

પૂજ્ય ભાઈશ્રી :– પછી થયા ? તો તો 'ટોડરમલ્લજી'ને તો ૨૦૦ વર્ષ થયા ? બસ, તો એ આસપાસ (થયા હશે). 'જૈની જૈન ગ્રંથકે નિંદક, હુંડાવસર્પિણી જોરા, દ્યાનત દેખી ચૂપ રહીએ, જગમેં જીના થોરા.' થોડું જીવવું છે. આ હુંડાવસર્પિણીના કાળમાં આવા જીવોનું જોર હોય છે (તો) અંદર સમાઈ જવું, એમ કહે છે. એવી વાત લખી છે.

(અહીંયાં) શું કહે છે ? કે, **'આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો...'** કોઈ જ્ઞાની ગુરુના નિમિત્ત વિના ! એમ. રસ્તો બતાવનાર મળે ત્યારે સુગમ પડે છે. પણ એકલે હાથે કામ થાય છે ત્યારે પુરુષાર્થ વિશેષ હોય તો એકલે હાથે કામ થાય છે. પોતે અંતરશોધ કરીને (માર્ગ પ્રાપ્ત કર્યો). પૂર્વ સંસ્કારની જાગૃતિ હોય છે એ અંદરનું ને અંદરનું કારણ છે. બહારમાં ભૂતકાળનાં કોઈને કોઈ સત્પુરુષ, નિર્ગ્રંથ મુનિ(ના) પરમાગમનું સત્ શાસ્ત્ર(નું) નિમિત્ત પડી જાય છે અને અંદરમાં જેવો કેવળજ્ઞાનમાં આત્મા જોયો છે એવો આત્મા શબ્દના નિમિત્તે અહીંયાં જ્ઞાનમાં આવે છે. એ શબ્દ તો શબ્દ છે પણ જ્ઞાનમાં અહીંયાં સીધો એનો ફોટો આવે છે. એવો **'આત્મા પ્રાપ્ત કર્યો,...'** પ્રાપ્ત કર્યો એટલે અનુભવ કર્યો **'તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક 'અચંબો' છે.'** જુઓ ! **'પરમ પૂજ્ય'** વિશેષણ લગાડ્યું છે. 'પૂજ્ય ગુરુદેવ', 'પરમ પૂજ્ય ગુરુદેવ' ! **'એક 'અચંબો' છે.'** એક આશ્ચર્ય છે. 'અચંબો' શબ્દ તો હિન્દીમાં પણ હશે. અચંબો એટલે આશ્ચર્ય.

મુમુક્ષુ :– આટલા જ્ઞાની થઈ ગયા પણ 'ગુરુદેવ' જેટલું સ્પષ્ટીકરણ...

પૂજ્ય ભાઈશ્રી :– ઘણું સ્પષ્ટીકરણ ! એ કોઈ દ્રવ્ય જ અલૌકિક હતું એમ કહીએ તો ચાલે ! એ તો પોતે એકવાર બોલી ગયા હતા. શરીરે ૧૦૩-૧૦૪ ડિગ્રીનો તાવ હતો. વ્યાખ્યાન ચાલતું હશે ત્યારે પોતાને ખ્યાલ નથી. અંદર રૂમમાં આવ્યા ત્યારે એમ કહ્યું કે, 'ઉષ્ણ લાગે છે–શરીર ઉષ્ણ લાગે છે.' તાવ માપ્યો તો ૧૦૩-૧૦૪ ડિગ્રીનો તાવ હતો ! (એમ કહ્યું કે) 'વ્યાખ્યાનમાં તો ખ્યાલ નથી ગયો.' ઉપયોગ ન જાય તો ખ્યાલ ન આવે.

વાતચીત જે કરતા હતા એ એટલી Normal positionમાં વાતચીત કરતા હતા ત્યારે કહ્યું કે, 'સાહેબ ! ૧૦૩-૧૦૪ ડિગ્રી તાવ છે પણ વ્યાખ્યાન કરતા હતા કે અત્યારે વાત કરતા હતા, કોઈને ખબર ન પડે.' તો કહે, 'હા, એવું જ છે. કંઈ ખબર પડતી નથી. તાવ ૧૦૩-૧૦૪ ડિગ્રી છે પણ કંઈ ખબર પડતી નથી.' 'કેમ એમ ?' તો કહે, **'કોને ખબર આ દ્રવ્ય જ કોઈ એવું છે !'** ઠીક ! એમ બોલી ગયા કે, **આ દ્રવ્ય જ કોઈ એવું છે** ! કંઈ ખબર નથી પડતી.

મુમુક્ષુ :- 'પરમાગમ મંદિર' વખતે આવા તોફાન થાય તોપણ એમને કાંઈ ગભરાટ કે એવું કાંઈ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- જરાય નહિ ને ! કાંઈ નહિ. એ તો સમજે કે, એવો કોઈ આ કાળનો પ્રકાર છે એટલે આવું બધું તોફાન થવું, બીજાં-ત્રીજું થવું એ એનો ભાવ ભજવ્યા વગર કોઈ રહે નહિ અને તેથી આત્માને કંઈ અંદર થાય છે એ તો પ્રશ્ન નથી. મોટી વાત શું છે ? કે, આ જીવની વ્યાપ્ય-વ્યાપકતા વેદનથી અનુભવગોચર પ્રત્યક્ષપણે જ્યાં રહે છે ત્યાં ભિન્નત્વનો વિકલ્પ કરવો પડતો નથી કે, આ જુદું છે, મારે શું ? જેમ ચાલતી કોઈ મોટર નીકળે તો 'આ મારી છે કે નહિ' એમ કંઈ વિચાર કરવાનો સવાલ નથી. હાથી નીકળ્યો તો 'મારો છે કે નહિ' એ કંઈ વિચાર-વિકલ્પ કરવાનો સવાલ નથી. એમ અહીંયાં પ્રત્યક્ષ ધારા જેને છે (એને ભિન્નતાનો વિકલ્પ કરવાનો પ્રશ્ન નથી). વ્યાપ્ય-વ્યાપકપણામાં જેની મર્યાદા પૂરી થઈ જાય છે એટલે ભિન્નત્વનો વિચાર કરવાની જરૂર નથી રહેતી. હું તો મારા વેદન પર્યંત વ્યાપુ છું. ત્યાંથી આગળ મારા સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયથી આગળ મારી વ્યાપના જ નથી પછી પ્રશ્ન ક્યાં છે ? પછી એ વિચાર કરવાનો વિષય નથી રહેતો.

મુમુક્ષુ :- 'ભાવનગર'ના પંચકલ્યાણક વખતે આખો મંડપ ભડકે સળગી ગયો તો એ તો વૈરાગ્યની વાતો કરવા મંડ્યા, એ તો તત્ત્વની જ રીતે બધાંને સમજાવવા લાગ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- પાંચ વાગે અમે સીધાં મંડપમાંથી ગયા હતા. કેમકે 'ગુરુદેવ' પાંચ વાગે દર્શન આપે છે (એટલે) એ પહેલાં જવું Disturb કરવા જેવું થાય. સાડા ત્રણ, ચાર વાગે ઊઠે, ધ્યાનમાં બેઠાં હોય એટલે દર્શન કરવાનો પાંચ વાગ્યાનો સમય હતો એટલે પાંચ વાગે ગયા હતા. Fire તો ત્રણ વાગે થઈ હતી અને તરત જ ત્રણને પાંચે હું મંડપમાં આવી ગયો હતો. અમારા એક સંબંધી ભાઈ અહીંયાં રહે છે એણે જ્વાળા જોઈને ફોન કરી દીધો હતો. મંડપમાંથી મારાં ઘરે ફોન કર્યો ઇ પહેલાં તો હું નીકળી ગયો હતો. 'ગુરુદેવ'

પાસે પાંચ-સવા પાંચ વાગે ગમે ત્યારે ગયા હશું (ત્યારે કહ્યું કે) 'શ્રીકૃષ્ણ' જેવા સમર્થ ત્રણ ખંડના ધણી હતા અને 'દ્વારકા' સળગી હતી. આ દૃષ્ટાંત આપ્યો હતો.

જ્યારે 'શ્રીકૃષ્ણ' 'વૃંદાવન'માં ગોપ લોકોને ત્યાં ઉછરતા હતા; ગોપ લોકો એટલે આ ભરવાડ લોકો, રબારી લોકો, બાળપણમાં એમને ત્યાં મૂકી આવેલા. (કેમકે) મામા 'કંસ' બધાંને મારી નાખતા હતા. એની બહેનના જેટલા દીકરા થાય એ બધાંને મામા મારી નાખતા હતા. એટલે આને દેવોએ બદલી નાખ્યા હતા. જન્મ્યા કે તરત વાસુદેવ મૂકી આવ્યા હતા. (એવી) બે-ત્રણ જાતની કથા આવે છે. પણ એમનો બાળપણનો ઉછેર 'મથુરા' પાસે 'વૃંદાવન'માં હતો. જ્યારે યુવાન થાય છે ત્યારે દેવો સહાયમાં આવે છે. એના એ પ્રકારનાં પુણ્ય હોય છે. એને વિનંતી કરે છે કે, આપ 'વાસુદેવ' છો અને આપને માટે નગરી તૈયાર કરી છે. દેવોએ સોનાની 'દ્વારકા' બનાવી. ૧૬૧૦૮ સોનાના મહેલ બનાવ્યા. કેટલાં ? કેમકે એને ૧૬૧૦૮ રાણીઓ હોય છે. ચક્રવર્તીને ૯૬૦૦૦ હોય છે આને ૧૬૧૦૮ હોય છે તો દેવો એટલા મહેલ બનાવે છે. 'આપ ત્યાં પધારો, હવે આપને ત્યાં રહેવાનું છે.' પુણ્યનો ઉદય થાય છે ત્યારે આ પરિસ્થિતિ (થાય છે). વાસુદેવની પદવી છે, ત્રણ ખંડના ધણી છે. ઉપરથી દેવો આવીને સોનાની નગરી રચે, જ્યાં વાસુદેવના પુણ્ય પૂરાં થાય છે, (ત્યાં નગરીમાં) આગ લાગે છે. મા-બાપનો વિકલ્પ આવે છે. બધાં બળી જાય છે, આખું કુટુંબ-પરિવાર બધું સાફ થઈ જાય છે. મા-બાપને લઈને નીકળે છે ત્યાં આકાશવાણી થાય છે કે, 'તમે નહિ બચાવી શકો. છોડી દ્યો !' (પણ) રાગ છે એટલે છોડે નહિ. એક સળગતો દરવાજો હોય છે એ પડે છે. મા-બાપ ખલાસ ! એમનું આયુષ્ય છે (એટલે) એમને કાંઈ ન થયું. આયુષ્ય પૂરું થયું એટલે ખલાસ ! પછી 'દ્વારકા' છોડીને બહાર નીકળી પડે છે (ત્યાં) રસ્તામાં એમનું આયુષ્ય પૂરું થાય છે. (એ બધાં) બહારમાં પુણ્યના ખેલ છે. જેને પુણ્યની અને પુણ્યના ફળની, પાપની અને પાપના ફળની કીમત નથી એવા જ્ઞાનીઓને એનો કાંઈ લાંબો હિસાબ-કિતાબ નથી. એના ઉપર કાંઈ વજન નથી. કથાનુયોગનો વિષય જ એ બતાવે છે કે, આવી ઉથલપાથલ અનેક જ્ઞાનીઓને જગત આખામાં થયા જ કરે છે. કેમકે પૂરાવું-ગળાવું એ પુદ્ગલનો સ્વભાવ છે. સંયોગોનાં ફેરફારો થયા જ કરે છે. આત્માને એમાં કંઈ લેવા-દેવા હોતી નથી.

'આ તો દ્રવ્ય જ એવું છે !' એમ કહેતા હતા. એટલે અચંબો છે ! જેને ઓળખાણ છે એને તો બરાબર ઓળખાણ છે કે, આ કાળમાં આ એક અચંબો છે ! આવું અહીંયાં

ક્યાંથી બને ? આવા તીર્થંકર જેવા યુગપુરુષ આવા હીણા કાળમાં ક્યાંથી હોય ! આ એક અચંબો છે. એવો પૂર્વકર્મનો યોગાનુયોગ હોય છે. છતાં અહીંયાં સ્વરૂપાનુભવ કર્યો. આવ્યા છે પૂર્વ કર્મને લઈને સ્થાનકવાસીમાં, દિગંબર સંપ્રદાયમાં આવ્યા નથી. ગમે ત્યાં આવ્યા હોય નહિ અંદરથી આત્મા જાગ્યો પછી કોઈ વાડા-ફાડાનું બંધન એને રહેતું નથી. એ વાડાના બંધનમાં રહે એવું કાંઈ બને નહિ.

એ દિવસોમાં કાંઈ વાત ચાલી હશે, 'સાહેબ ! સંપ્રદાયમાં રહીને જે કરવું હોય એ બધું કરો ને, કોણ આપને ના પાડે છે ? આ બધું નકામું તોફાન થાય ને હોહા થાય. બહુ મોટો હોહલ્લો મચે એના કરતાં સંપ્રદાયમાં રહીને થાય એટલું કરવું. આપને કોણ રોકટોક કરે એવું છે ?' પોતાની પ્રતિભા ઘણી હતી એટલે બીજું કોણ કહે એવું છે ? એવી વિદ્વતા કોઈ સાધુઓની નહિ, એવી પ્રતિભા કોઈ સાધુઓની નહિ, એવા પુણ્ય નહિ. સ્થાનકવાસીની અંદર તો કોહિનૂર હીરા જેવી એમની એક ખ્યાતી હતી (એટલે કહ્યું કે) 'કોણ આપને કહી શકે એવું છે ? અંદર રહીને કરોને જે કરવું હોય તે.' એ તો સિંહને પાંજરામાં પૂરવા જેવી વાત હતી !! એ સંપ્રદાયના પાંજરામાં પૂરાય એ વાત થઈ શકે એવું નહોતું.

મુમુક્ષુ :– એવો સમય હતો કે એ વખતે સ્થાનકવાસીના મોટા-મોટા શેઠિયાઓ રસોડા ખોલી આપે એમ હતા.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ જાતના પહેલેથી જ પુણ્ય લઈને આવેલા. વૈરાગ્ય આવ્યો તોપણ 'પુણ્ય છૂપે નહિ, ભભૂત લગાયો' એ તો એના જેવી વાત હતી. આ તો અલૌકિક દશા પ્રાપ્ત કરી ! આત્મા પ્રાપ્ત કર્યો એટલે એક અલૌકિક દશા પ્રાપ્ત કરી. અહીંથી જે મોક્ષમાર્ગનું અનુસંધાન કર્યું, સ્વરૂપ અનુસંધાન કર્યું, એ ભલે અહીંયાં ક્ષયોપશમ સમ્યગ્દર્શન છે પણ એ ક્ષાયિક દશા લીધે છૂટકો અને અહીંથી જે ચાર ભવની પરિસ્થિતિ છે એ એકધારી મોક્ષમાર્ગની સ્થિતિવાળી દશા છે, એકધારી !

**'આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું;...'** આ કાળે આ ઘણું દુષ્કર છે. 'ગુરુદેવ' કહેતા કે, આવા હીણા કાળમાં કોઈ મોક્ષમાર્ગને પામે (એ) આ કાળમાં બહુ દુષ્કર છે. એને ઝાઝા ભવ હોય નહિ, એમ કહેતાં. એને પછી ઘણાં ભવ ન હોય. બહુ અલ્પ ભવમાં જવાવાળા હોય એ આવા દુષ્કર કાળની અંદર મોક્ષમાર્ગને પામે છે, અનુભવને પ્રાપ્ત કરે છે. **'આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું; પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો.'**

પોતે અંતરથી એટલે બહારમાં બીજા કોઈના નિમિત્ત વિના અંતર પુરુષાર્થથી માર્ગને પ્રાપ્ત કર્યો. પુરુષાર્થ તો જો કે અધિગમજ (સમ્યગ્દર્શન) હોય કે નિસર્ગજ હોય, પુરુષાર્થ એટલો જ હોય છે, ઓછો નથી હોતો. કેમકે પુરુષાર્થ દ્વારા એની પ્રાપ્તિ છે અને એટલો જ કોઈ અપૂર્વ પુરુષાર્થ હોય છે કે જેમાં પ્રાપ્તિ થાય છે. કેમકે પુરુષાર્થમાં કોઈની મદદ નથી. માર્ગ કોઈ ચીંધે છે એમાં નિમિત્તના ભેદો છે, સૂઝે છે પોતાની યોગ્યતાને વશ અને ઉપાડ આવે છે પોતાના પુરુષાર્થ અનુસાર. એમાં તો બીજા કોઈની પહોંચ નથી, બીજા કોઈની મદદ હોતી નથી.

અનંતકાળથી આ જીવને માર્ગ મળ્યો નથી, માર્ગ શોધતો હોવા છતાં પણ એને માર્ગ મળ્યો નથી એ પરિસ્થિતિ રહી છે ત્યારે કોઈ સત્પુરુષ માર્ગ ચીંધાડનાર હોય છે અને કોઈને માર્ગ(નો)–ચીંધેલા માર્ગનો પત્તો લાગે છે ત્યારે એ અનંતકાળનો એકવાર હિસાબ માંડે છે. માર્ગનો જેને પત્તો લાગે છે એ એકવાર હિસાબ મૂકી દે છે કે, અરે...! આ જીવ છે એ અનંતકાળથી બંધાયેલો છે અને મુક્ત થવા માટે ફાંફાં મારે છે પણ માર્ગ નથી મળ્યો. આ માર્ગ ચીંધાડનાર મળી ગયા અને માર્ગ મળી ગયો. માર્ગ ભલે મને મારાથી મળ્યો પણ ચીંધાડનાર મળ્યા એ પણ નાનીસુની વાત નથી. બસ ! એવી રીતે લે છે.

મુમુક્ષુ :– અનંતકાળથી રખડ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– એનો હિસાબ–એ બધાં દુઃખનો સરવાળો એને એકસાથે દેખાય છે. મારા અનંતકાળના દુઃખ, જો આ માર્ગ ચીંધાડનાર ન મળ્યા હોત તો કદાચ માર્ગનો પત્તો મને ન પણ લાગ્યો હોત, એમ. એટલે એ બધો હિસાબ મૂકે છે. અનંતકાળનાં જેટલાં દુઃખ ભોગવ્યા એટલાં કોને ખબર છે કેટલાં અનંતકાળનાં હજી દુઃખ ભોગવત. આમ હિસાબ લગાવે છે. એટલે 'પરમાગમસાર'માં એવો બોલ લીધો છે કે, ચામડાં ઉતરડીને જોડા સીવડાવે તોપણ શ્રીગુરુનો ઉપકાર ભૂલાય એવો હોતો નથી. એ બોલ આવી ગયો છે. ઘણું કરીને 'મોક્ષમાર્ગ પ્રકાશક'માંથી છે.

મુમુક્ષુ :– 'સોગાનીજી'એ કીધું કે, અનંત તીર્થંકર સે અધિક હૈં.

પૂજ્ય ભાઈશ્રી :– અનંત તીર્થંકર સે અધિક હૈં.

અહીંયાં તો એવું લીધું છે કે, કોઈ માર્ગ દેખાડનાર હોય એના ઉપકારને ઓળવે (તો) અનંત સંસારી છે. ત્યાં એમ લખ્યું છે–અનંત સંસારી છે. અનંત સંસારી તો એને એવાં પરિણામ થાય.

મુમુક્ષુ :– આવી વાત મૂળ દિગંબરમાં ક્યાં હતી.

પૂજ્ય ભાઈશ્રી :– પ્રસિદ્ધ નહોતી. વાત તો મૂળ શાસ્ત્રમાં હતી પણ કોઈ દેખાડનાર નહોતું, કહેનાર નહોતું કે, આવી વાત પડી છે. તમારે ત્યાં આવી ચીજ પડી છે એ કોઈ કહેનાર નહોતું. અંદરમાં પડેલું તત્ત્વ બહાર કાઢીને મૂક્યું (કે), જુઓ ! જગતને જોવું હોય તો આ રહ્યું તત્ત્વ ! એમ. હથેળીમાં ચાંદો દેખાડે એવી રીતે બતાવ્યું છે. બહુ ભક્તિ કરી છે. 'સોગાનીજી'એ ઘણી ભક્તિ કરી છે.

મુમુક્ષુ :– ખરી વિશેષતા તો એ છે કે, એમના જ કાળમાં બે સમ્યક્દૃષ્ટિ થયા–એક 'સોગાનીજી' અને એક પૂજ્ય 'બહેનશ્રી' !

પૂજ્ય ભાઈશ્રી :– હા, બરાબર છે. બહુ મોટી વાત છે ! એ તો એવું છે કે, લગભગ આવા મહાપુરુષની વાણી ખાલી જાય નહિ. સંસ્કાર અનેક લઈ જશે, અનેક જીવો સંસ્કાર લઈ જશે. કોઈ (અહીંયાં) પામી જાય છે.

દુષ્કરમાં દુષ્કર એવું જે કાર્ય આ કાળે પ્રાપ્ત કર્યું. **'પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો.'** અથવા દર્શાવ્યો. પ્રગટપણે એ માર્ગ બીજાને પણ દર્શાવ્યો છે. **'તેમનો મહિના આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.'** આ એક પૂજ્ય 'બહેનશ્રી'નાં નિર્મળ જ્ઞાનમાં આવેલી ભવિષ્યની વાત છે. કોઈ 'ગુરુદેવ'ના નામને મિટાવવા ચાહે અથવા કોઈને એમ લાગે કે, આ બધું ભૂંસાય જશે (પરંતુ એવી) પરિસ્થિતિ સંભવિત નથી. જ્યારે આવું જ્ઞાનમાં આવે છે ત્યારે કેવળજ્ઞાનવત્ આવે છે. એવો એક દૃષ્ટાંત 'શ્રીમદ્જી'ના વિષયમાં બનેલો.

એક વૃદ્ધ માણસ 'ગુરુદેવ' પાસે આવેલા. સાંજે આહાર પછી (સ્વાધ્યાય મંદિરની) બહાર લોબીમાં પાટ ઉપર 'ગુરુદેવ' બેસે એ વખતે એણે ચર્ચા શરૂ કરી કે, 'શ્રીમદ્ રાજચંદ્ર'ના મૃત્યુ વખતે હું ત્યાં હતો.' 'રાજકોટ'ના જ હશે. 'દેહ છૂટ્યો ત્યારે હું ત્યાં હતો. દેહ છૂટ્યો ત્યારે હું ત્યાં હતો તો મેં નજરે જોયેલી વાત છે કે, બહુ અવાજ નીકળતો હતો. ગળામાંથી અવાજ બહુ નીકળતો હતો.' કોઈને એમ નીકળે. એને હડિયો બોલે છે, ઘરડિયો બોલે છે, એવું કાંઈક કહે છે. કોઈને ખ્યાલ ન આવે તો એવું લાગે કે, કોઈ બકરાને મારે ત્યારે બકરું કેવું બેં... બેં... કરીને ભાંભરે, એવો અવાજ લાગે ! એટલે કોઈને એવું લાગે કે, શરીરની વેદનાનાં દુઃખમાંથી અવાજ નીકળતો હશે. સહન નહિ થતું હોય એટલે આ અવાજ નીકળતો હશે. એમને એવી કુદરતી પરિસ્થિતિ શ્વાસોશ્વાસને લઈને અવાજની બને છે. એમ

જોતાં એમ લાગે છે કે, એમણે જે લખ્યું છે કે, હું એક ભવ પછી મોક્ષે જઈશ, એ વાત બેસતી નથી. શંકા ક્યાંથી કરી ? એમણે જે દેહત્યાગનો પ્રસંગ જોયો એ પરિસ્થિતિ જોઈને એમ કહ્યું કે, આપ શું કહો છો ? એમને 'ગુરુદેવ'નો અભિપ્રાય લેવો હતો. આપ શું કહો છો ? મને એમ લાગે છે કે, આવી રીતે વેદનાથી કોઈ બાંબરતા-બાંબરતા દેહત્યાગ કરતા હોય તો એને કાંઈ એક જ ભવ હોય એવું કાંઈ બેસતું નથી અને એમણે લખ્યું છે કે, એક ભવમાં હું જઈશ. તો ('ગુરુદેવે') કહ્યું કે, એ તમારો વિષય નથી. ઇ તમારો વિષય નથી. એ દેહની ક્રિયા છે. એ પોતે સંપૂર્ણ ભાનમાં હતા એમ કહેલું કે, હું હવે મારા આત્મામાં લીન થાઉં છું. એટલું તો એ બોલ્યા છે કે, હું હવે મારા આત્મામાં લીન થાઉં છું. એટલે મારો ઉપયોગ હવે ક્યાંય બહાર જવાનો પ્રશ્ન રહેતો નથી. દેહની ગમે તે સ્થિતિ થાઓ ! એ ઉપરાંત એમ કહ્યું કે, જ્યારે કોઈ જ્ઞાનીને ભવિષ્યની વાત જ્ઞાનમાં–નિર્મળ શ્રુતજ્ઞાનમાં આવે છે; એમનું જ્ઞાન છે એ તો ભાવશ્રુતજ્ઞાન છે, એ કેવળજ્ઞાનવત્ આવે છે અને તો જ એ બહાર મૂકે છે. જેમ કેવળજ્ઞાનમાં આવેલી વાત અફર છે એમ સાધકના–સમ્યક્‌દષ્ટિના નિર્મળ શ્રુતજ્ઞાનમાં આવી કોઈ ભવિષ્યની વાત ભાસી ગઈ હોય (તો એ) અફર છે ! એમાં ફેર નથી પડતો. હવે, એને અહીંયાં (ચાલતા વિષયમાં) લાગુ કરો.

**'તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.'** ૧૮૫૦૦ તો આ પાંચમા આરાના બાકી છે. ૨૧૦૦૦માંથી ૨૫૦૦ (વર્ષ) તો ગયા ને ? પછી તો છઠ્ઠો આરો છે. હજારો વર્ષ સુધી એટલે પંચમ કાળના અંત સુધી ગવાશે અને એ વાત 'સોગાનીજી'એ પણ કરી છે. એ વાત 'સોગાનીજી'એ કરી છે. બન્ને (વાત) જુદાં-જુદાં વખતે, જુદાં-જુદાં કાળે (કરી છે), કોઈને ખબર નથી કે કોણ શું બોલ્યું છે ? પણ બન્નેએ વાત કરી છે.

મુમુક્ષુ :– 'સોગાનીજી'નું પહેલાં છપાણું છે, આ પછી છપાણું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, છપાણું છે પછી પણ બન્નેનો બોલવાનો કાળ તો જુદો-જુદો છે. આ છપાણું છે પછી, લખનારે તો પહેલાં લખેલું છે, જ્યારે બોલ્યા છે ત્યારે લખ્યું છે. એવી રીતે બન્નેનાં જ્ઞાન Tally થાય છે. બન્નેનાં શ્રુતજ્ઞાન છે એ એક જગ્યાએ મેળ ખાય છે. એમણે એ મર્યાદા બાંધી છે કે, 'પંચમકાળના છેડા સુધી આ ધર્મ ટકશે. 'ગુરુદેવે' જે પાયો નાખ્યો છે–નીવ નાખી છે (એ) પંચમકાળના અંત સુધી ચાલશે. હજારો વર્ષ સુધી ચાલશે.' નહિતર કાળ એવો હીણો છે (કે) સો-પચાસ વર્ષમાં બધું ભૂંસાય જાય. (પણ આ)

નહિ ભૂંસાય, આ નહિ ભૂંસાય. હજારો વર્ષ સુધી ચાલશે. 'પ્રવચન રત્નાકર'ના ઉપોદ્ઘાતમાં એ વાત નાખી છે.

મુમુક્ષુ :– 'બનારસીદાસજી'ના વિષયમાં પણ એવું થયું હતું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, 'બનારસીદાસજી'ના વિષયમાં લોકોને શંકા પડી હતી કે, આ 'બનારસીદાસજી'નો જીવ મૂંઝાય છે. જીવ છૂટતો નથી અને ક્યાંક એમનો જીવ રહી ગયો છે પણ બોલી શકતા નથી, કંઈ કહી શકતા નથી. એમ બધાં ચર્ચા કરતા હશે, પોતે સાંભળે પણ ભાષા ગઈ હતી, બોલવાની યોગ્યતા ગઈ હતી. સાંભળતા હતા કે આ તર્ક-વિતર્ક કરે છે એટલે લખવા માટે ઇશારો કર્યો, પાટી-પેન મંગાવી અને એમાં એક પદ લખી દીધું. પોતે તો શીઘ્રકવિ હતા. (લખ્યું કે) 'બનારસીદાસ' તો ચલે, અભી ફેર નહિ આવના.' હવે નહિ આવું. ગયો ઇ ગયો, હવે અહીંયાં સંસારમાં રખડવા હું આવવાનો નથી. એટલે (કે) અલ્પ કાળમાં મારો મોક્ષ છે. એ તો બાહ્યદૃષ્ટિથી જોનારને તો શરીરની પરિસ્થિતિ દેખાય. શરીરની પરિસ્થિતિ પૂર્વકર્મ અનુસાર છે. એક પરમાણુ (પર) જ્ઞાનીના આત્માનો અધિકાર નથી અને જિનેન્દ્રના આત્માનો પણ એક પરમાણુની પર્યાય ઉપર અધિકાર નથી.

મુમુક્ષુ :– 'શ્રેણિક' રાજા ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ હતા છતાં નરકમાં ગયા.

પૂજ્ય ભાઈશ્રી :– ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ ! ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ કોને કહે !! પૂર્વે અપરાધ કરી બેઠાં છે. વીતરાગી સંત હોય, જાણે-અજાણે એની વિરાધના કરે (તો) નરકનું આયુષ્ય બંધાય જાય, નિગોદમાં ચાલ્યા જાય છે. બહુ કરુણાજનક સ્થિતિ છે. એવો જ એ અપરાધ છે.

પ્રશ્ન :– આપે કહ્યું ને કે, સંસ્કાર લઈને ઘણાં જશે, તો સંસ્કાર લઈને જશે પછી ?

સમાધાન :– સંસ્કાર પડ્યા હોય તો પછી બીજા ભવમાં (પામે). આ ભવમાં એનો પુરુષાર્થ ઊપડે એવું ન હોય, અટકતા હોય (તો) બીજા ભવમાં એને આત્મજાગૃતિ આવી જાય. પછી ગમે ઇ ગતિમાં ગયા હોય, કોઈને ત્રીજા ભવમાં આવી જાય. પછી બહુ દૂર નથી જતા. બીજા કે ત્રીજા ભવમાં, એકાદ આયુષ્ય વધારે પૂરું કરે પણ એક-બે ભવમાં એને ઇ સંસ્કારની જાગૃતિ આવે છે. આત્મહિત કરવા માટે કોઈ અપૂર્વ જાગૃતિ ઉત્પન્ન થાય છે, કોઈ ભૂતકાળમાં નહિ આવેલી એવી ! અને એ વખતે આત્મહિત સાધી જ લે છે. એ પરિસ્થિતિમાં આવે છે. એટલે સંસ્કાર પણ એક એવી ચીજ છે; સમ્યગ્દર્શન જરા શીઘ્ર કામ કરે છે, સંસ્કાર(માં) થોડો ફેર પડે છે પણ અનંતકાળમાં આટલું કાળનું માપ

કોઈ બહુ મોટી વાત નથી. અનંત ભવ કર્યા છે એમાં અનંતકાળ છે એમાં એક-બે ભવનો શું હિસાબ છે ? એ જીવો પણ પામી જાય છે. સત્સમાગમ છે એ એટલા માટે બહુ મોટી ચીજ છે એમ કહેવામાં આવે છે અને કુસંગ છે ઇ એટલા માટે ઊલટી દિશાની એવી જ મોટી ચીજ છે એમ કહેવામાં આવે છે. કેમકે એનો એ પ્રતિપક્ષ છે – સત્સંગનો આ પ્રતિપક્ષ છે.

પ્રશ્ન :– સંસ્કારમાં (સ્વરૂપ) નિર્ણય થઈ જાય ?

સમાધાન :– ના, નિર્ણય ન થાય તોપણ સંસ્કાર પડી જાય. (સ્વરૂપ) નિર્ણય થાય તો તો મહિના-બે મહિનામાં સામાન્ય રીતે જીવ પામી જાય. મંદ પુરુષાર્થી હોય તો બે-ત્રણ મહિના (લાગી જાય).

પ્રશ્ન :– નિર્ણય પહેલાં પણ સંસ્કાર પડી જાય ?

સમાધાન :– હા, સંસ્કાર પડે. સાંભળતાં-સાંભળતાં સંસ્કાર પડી જાય. અંદર અવ્યક્ત રુચિમાં પણ આત્મતત્ત્વ એવું રુચે.. એવું રુચે... અથવા જ્ઞાનીનાં આત્મામાંથી પ્રદર્શિત થયેલાં એ આત્મિક ભાવો જે છે એ એવા રુચે... એવી કોઈ જિજ્ઞાસાથી સાંભળે કે અંદરમાં સંસ્કારનું બીજ રોપાય જાય ! જીવની એવી પાત્રતા હોય છે–યોગ્યતા હોય છે કે, એની અંદર સંસ્કારનું બીજ આવી જાય છે. એ બીજનો અંકુરો ફાટ્યા વિના રહેતો નથી. જલદ ચીજ છે એ ! આત્મામાં અનંત સામર્થ્ય છે એ સાબિત કરવાની જરૂર નથી. જે સંસ્કાર ઝીલે છે એનો પણ નિવેડો થઈ જાય છે એટલી બધી અંદર તાકાત ભરી છે !! મૂળ સ્વરૂપની તાકાતની–સામર્થ્યની તો શું વાત થાય !! એ તો કોઈ વાતનો વિષય નથી.

પ્રશ્ન :– વિપરીત સંસ્કાર અંદર પડ્યા હોય એનું શું ?

સમાધાન :– એ આત્મજાગૃતિ આવે તો ધોવાય જાય અને આત્મા ન જાગે તો પાછા વિપરીત પડ્યા જ કરે. સંસ્કાર લેવાનો પર્યાયનો ધર્મ હોવાથી એ લીધાં જ કરે છે–વિપરીત સંસ્કારો લીધાં જ કરે છે. જ્યારે જીવ પોતાના હિતને વિષે જાગૃત થાય છે, બસ ! મારે મારું હિત કરવું છે. અનંતકાળ હું રખડ્યો, ઘણું રખડ્યો, ઘણું આડુંઅવળું કર્યું, હવે કાંઈ કરવું નથી. એક આત્મહિત કરી લેવું છે – એની જાગૃતિ આવે છે તો આત્મા – પરમાત્મા એને અંદરથી મદદ કરે છે.

મુમુક્ષુ :-- 'ગુરુદેવ' કહેતા હતા કે, બસો ચક્કર માર્યા હોય પછી બે ચક્કર ઊંધા મારે તો ફેર ઊતરી જાય, પછી બીજાં બસો મારવા નથી પડતા.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, જરૂર નથી, (બીજા ચક્કર) મારવાની કોઈ જરૂર નહિ. એ

111

તો અનાદિનો અંધકાર પ્રકાશ કરે ઇ ભેગો જાય, એ જ ક્ષણે જાય એવું છે. કેમકે એની તાકાત એટલી નથી જેટલી આત્માની અને આત્માના સંસ્કારની શક્તિ છે એટલી શક્તિ વિપરીત ભાવોની નથી. કેમકે એ તો અસહજ વસ્તુ છે. આ મૂળ પોતાની સહજ સ્વભાવિક વસ્તુ છે અને પેલી તો અસહજ છે–Foriegn element છે, એમ છે. ઘરની અંદર આખરમાં તો મહેમાન ઇ મહેમાન, ધણી ઇ ધણી. એ તો ફેર ઇ ફેર છે. આ તો પોતાની ચીજ છે અને પોતાની વાત છે. એટલે એ વાત તો સાવ જુદી જ છે.

એ વસ્તુ પ્રત્યક્ષ દેખાય છે કે, લાખોગમે જે શાસ્ત્રો અને પ્રવચનો છપાયા, હજારો તો ટેપમાં રહી ગયા છે અને લાખો છપાણા અને હજી છપાતા જાય છે. લાખો 'આત્મધર્મ' છપાણા એમાં છપાઈ ગયા. 'પ્રવચન રત્નાકર'ની પચાસ હજાર નકલો છપાઈ ગઈ. દસ ભાગ, એક ભાગની પાંચ હજાર (નકલ). પચાસ હજાર નકલો છપાઈ ગઈ ! એક નકલમાં કેટલા પ્રવચનો આવે છે એ જુઓ તો લાખો તો હમણાં-હમણાં છપાઈ ગયા. એનું પુનર્મુદ્રણ થશે. આ તો ગુજરાતીની વાત કરી, હિન્દી જુદાં. હિન્દી 'આત્મધર્મ'માં, ગુજરાતી 'આત્મધર્મ'માં, એ સિવાય બીજાં પ્રવચનોની નાની-નાની પુસ્તિકાઓ છપાણી છે, જુદાં-જુદાં અનેક Volumeની ! એ એક એટલું મોટું અત્યારે તત્ત્વપ્રચારનું બહારનું સાધન પણ છે કે, હજારો વર્ષ સુધી એ વિષય ચાલુ રહે એ સમજી શકાય એવો વિષય છે. અત્યારે બહારનાં સાધનોની ઉપલબ્ધિ ઘણી છે. નહિતર તો કાળ એટલો હીણો છે કે ન ટકે પણ ટકે એના સાધનો પણ દેખાય છે.

બીજું કે, એવી યોગ્યતાવાળા જીવો પણ થતાં રહેશે. 'ગુરુદેવ'ના અનુયાયીઓમાં એવી યોગ્યતાવાળા જીવોની પણ પરંપરા ચાલુ રહેશે. એમ પણ એની અંદર સંકેત આવી જાય છે. એટલે આ ચાલુ રહેશે એમ કહે છે. હજારો વર્ષ સુધી એ ચાલુ રહેશે. હીણો કાળ છે એટલે કોઈ કાળમાં ચડ-ઉતર, ચડાવ-ઊતર થઈ શકે છે, ચડાવ-ઉતાર ન થાય એવું ન બને, પણ એ અમુક કાળની મર્યાદા પૂરતું હોય છે. વળી પાછી એવી યોગ્યતાવાળા જીવોની સંખ્યા વધે છે.

મુમુક્ષુ :– સર્વથા અભાવ ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :– ના, બિલકુલ નહિ. Line તૂટી જાય અને ભૂંસાય જાય એ નહિ બને. અહીંયાં એ ખાત્રી છે.

(સમય થયો છે, વિશેષ આવતીકાલના સ્વાધ્યાયમાં...)

## પ્રવચન નં. ૨૫, વચનામૃત–૨૮,૨૯
## તા. ૧૩-૧૨-૧૯૮૬

ભવિષ્યનું ચિતરામણ કેવું કરવું તે તારા હાથની વાત છે. માટે કહ્યું છે કે, 'બંધ સમય જીવ ચેતીએ, ઉદય સમય શા ઉચાટ'. ૨૮.

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૧૦. ૨૮મો બોલ છે. વર્તમાનમાં શું કરવા યોગ્ય છે એના ઉપર સંક્ષેપમાં છતાં બહુ સચોટ રીતે માર્ગદર્શન આપ્યું છે. સંયોગોની અનુકૂળતા અને પ્રતિકૂળતા એ મિથ્યાત્વ અવસ્થામાં જીવને સર્વસ્વ થઈ પડે છે. કોઈપણ પ્રકારે સંયોગો પ્રતિકૂળ ન હો અને અનુકૂળ જ રહો એવું જીવ ચાહે છે, ઇચ્છે છે. છતાં એ પૂર્વકર્મને આધીન છે, વર્તમાન ઇચ્છાને આધીન નથી કે વર્તમાન પુરુષાર્થને પણ એ આધીન નથી. જોકે જીવનો પુરુષાર્થ તો અન્ય પદાર્થની અંદર કાર્યગત થઈ શકતો નથી. જીવના કાર્યની મર્યાદા જ પોતાની અવસ્થા પર્યંત છે અને પોતાના સ્વક્ષેત્રની બહાર કે પોતાની દશા–પર્યાયની બહાર જીવ કાંઈ કરે એ પ્રશ્ન અસ્થાને છે.

અહીંયાં એમ કહે છે કે, તારે અનુકૂળ સંયોગો જોઈતા હોય અને પ્રતિકૂળ સંયોગો

ન જોઈતા હોય તો એના કારણરૂપ પરિણામ છે; એ તો કાર્ય છે, પણ એના કારણરૂપ જે પરિણામ છે એમાં ફેરફાર કરવો જોઈએ. સીધો કાર્યમાં ફેરફાર નહિ થઈ શકે. કેમકે એનું કારણ પહેલાં થઈ ચૂકેલું છે. એટલે અત્યારે જે પરિસ્થિતિ ઊભી થશે એ પૂર્વકર્મ અનુસાર થશે અને એમાં કાંઈ ફેરફાર કરવાનો વિચાર કરવો એ નહિ થઈ શકવા યોગ્ય કાર્યને, ન થઈ શકે એવા કાર્યને કરવાનો પ્રયત્ન છે. તારા હાથની વાત કેટલી ? કે, ભવિષ્યમાં એ સંયોગો કેવા થાય અને કેવા ન થાય, એ તારા હાથની વાત છે.

**'ભવિષ્યનું ચિતરામણ કેવું કરવું...'** એમ લીધું છે. ચિતરામણ એટલે અત્યારે આ બધી જે સંયોગોની બાજી ગોઠવાણી છે એ ભૂતકાળના કારણથી વર્તમાન ચિતરામણ થઈ ચૂકેલું છે. એ તો પહેલાં થઈ ચૂક્યું છે એટલે હવે કાંઈ એમાં ફેરફાર નહિ થાય, એમ કહેવું છે, પણ ભવિષ્યમાં કેવું થાય એના માટે તારે અત્યારે શું કરવું તે તારા હાથની વાત છે, તે તારા પુરુષાર્થની વાત છે. ભલે કોઈપણ પ્રકારના સંયોગો હો, ગમે તેવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હો, કોઈપણ હાલત હો પણ ભવિષ્યનું ચિતરામણ કેવું કરવું એ તારા હાથની વાત છે અથવા તારા પુરુષાર્થની વાત છે. હાથની વાત છે એમ કહો કે પુરુષાર્થની વાત કહો (બન્ને એકાર્થ છે).

**'માટે કહ્યું છે કે, 'બંધ સમય જીવ ચેતીએ, ઉદય સમય શા ઉચાટ'.** આ ઘણું કરીને 'આનંદઘનજી'નું પદ છે. 'બંધ સમય જીવ ચેતીએ' (અર્થાત્) નવો બંધ થાય છે એ વર્તમાન પરિણામથી થાય છે અને વર્તમાનમાં જો આત્મજાગૃતિ હોય, વર્તમાનમાં પોતે પોતાના હિત અને અહિતના વિષયમાં ચેતી ગયો હોય, જાગૃત હોય તો એને હવે ભવિષ્યમાં મારું શું થશે એની ચિંતા કરવાની જરૂર નથી. ઉચાટ એટલે ચિંતા. વર્તમાનમાં અનુકૂળ સંયોગો હોય તોપણ જગતમાં જીવો વર્તમાન અનુકૂળતાને પ્રાયઃ ભોગવી શકતા નથી પણ ભવિષ્યની ચિંતા પાછળ દુઃખી થાય છે – આ પરિસ્થિતિ છે. જેટલાંને બાહ્ય અનુકૂળતા જોવામાં આવે છે એના પરિણામની સ્થિતિ તપાસવામાં આવે તો વર્તમાન પુણ્યના ઉદયને સુખેથી ભોગવવામાં એનો સમય જાય છે, એના પરિણામ કામ કરે છે એના કરતાં ભવિષ્યની ચિંતામાં દુઃખી થઈને એ સમય પસાર કરે છે. આ એક બહુ ખુલ્લી હકીકત છે અને બધાંને અનુભવગોચર થઈ હોય એવી હકીકત છે.

મુમુક્ષુ :– આંધળાને દેખાય એવી વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– એવી વાત છે. એટલે એમ કહે છે કે, તેં પૂર્વે શુભ ભાવ કર્યા

અને એમાં અનુકૂળતા આવી એને ભોગવવામાં તારી પાસે જે જાતની આવડત હોવી જોઈએ એ નથી. એ સમયે પણ તું ભવિષ્યની ચિંતા કરીને આકુળતા અને દુઃખમાં જ સમય પસાર કરે છે. આ જે ભવિષ્યની ચિંતા છે એ આ એક સિદ્ધાંતથી ખલાસ થાય છે. જો વર્તમાનમાં જીવ નવા બંધના પરિણામ કરવામાં (–કરતી વખતે) જાગૃત હોય, જાગૃત હોય એટલે 'હું જ્ઞાતા-દૃષ્ટા છું, સંયોગો અનુકૂળ હો કે પ્રતિકૂળ હો હું એનાથી ભિન્ન છું' – એમ જો પોતાની ભિન્નતાની જાગૃતિ રાખવામાં આવે તો એ વર્તમાન અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો પ્રત્યે પ્રતિબંધના પરિણામ, સંબંધના પરિણામ, ખેદના કે હર્ષના પરિણામ એ કરતો નથી. એમ જો ચેતી જાય તો એને એવો ઉદય ભવિષ્યમાં નહિ આવે કે જેને લઈને–ઉદયને લઈને અત્યારે એ દુઃખી થઈ રહ્યો છે એવો ઉદય તો એને નહિ જ આવે. એટલે એને ભવિષ્યના ઉદયની કોઈ ચિંતા નહિ કરવી પડે. વર્તમાન જાગૃતિ હશે તો ભવિષ્યના સંયોગની, ભવિષ્યના સુખ-દુઃખની એને કોઈ ચિંતા નહિ કરવી પડે અને એ વર્તમાનમાં સમજાય જાય છે. જે જીવ વર્તમાનમાં જાગૃત છે એને એ સમજાય જાય છે કે મારે હવે ભવિષ્યની ચિંતા કરવાની કોઈ જરૂર નથી. એ વર્તમાનમાં પણ સુખી અને ભવિષ્યમાં પણ સુખી. જે વર્તમાનમાં જાગૃત નથી એ વર્તમાનમાં પણ દુઃખી અને ભવિષ્યમાં પણ દુઃખી. ભૂતકાળમાં તો દુઃખી હતો જ. એટલે ત્રણે કાળે દુઃખી, દુઃખી ને દુઃખી. એમ છે.

એ બહુ સચોટ એક વાત કરી છે કે, તું અત્યારે વર્તમાન સંયોગો પ્રત્યે ઇષ્ટ-અનિષ્ટની કલ્પના કરે છો અને કોઈપણ સંયોગો હોય તો એમાં ફેરફાર કરવા–આમ ફેરફાર કરવો... આમ ફેરફાર કરવો, હજી આમ ફેરફાર કરવો... તારા પરિણામ એમાંથી છૂટતા નથી અને એમાંને એમાં લાગ્યા રહે છે. એને એમ કહે છે કે, એ તો તારા હાથની વાત જ નથી. જે ન થઈ શકે એવું હોય, અશક્ય હોય એને શક્ય કરવું એ કોઈ રીતે બની શકે એવું નથી.

પ્રશ્ન :– જાગૃતિનો અર્થ જ્ઞાતા-દૃષ્ટા રહેવું ?

સમાધાન :– હા, જાગૃતિનો અર્થ એ છે. ચેતવાનો અર્થ એ છે. આમ તો શાસ્ત્રમાં ચેતવું એટલે અનુભવવું એવો અર્થ થાય છે. 'બંધ સમય જીવ ચેતીએ' એટલે નવો બંધ થાય છે, 'બંધ સમય' એટલે વર્તમાનમાં નવો બંધ પડે છે એ તારું જે વર્તમાન છે એમાં તું ચેતી જા. બંધ ન પડે એવો પુરુષાર્થ કર. એનો અર્થ કે, તારા સ્વરૂપનો અનુભવ કર. જીવને ચેત. આમ તો સંબોધન છે કે, હે જીવ ! તું ચેત. 'જીવ ચેતીએ' એટલે અહીંયાં

જીવને સંબોધનના અર્થમાં કહ્યું છે કે, હે જીવ ! તું ચેતી જા. ચેતી જા એટલે જાગૃત થઈ જાય. તારા સ્વરૂપને વિષે તું જાગૃત રહે કે, 'હું એક ચૈતન્યાત્મક જ્ઞાતા-દ્રષ્ટા આત્મા છું, પદાર્થ છું, માત્ર જ્ઞાતા-દ્રષ્ટા છું, એવો પદાર્થ છું' એમ તું ચેતી જા. તો તને બંધ નહિ પડે. અબંધ પરિણામ થશે તો બંધ નહિ પડે. ઉદય તો બંધનો આવે છે. વર્તમાન બંધ ન પડ્યો તો પછી ઉદયની ચિંતા કરવાનો ક્યાં પ્રશ્ન ઉપસ્થિત થાય છે ? એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એમ કહીને જીવને વર્તમાન પુરુષાર્થમાં જોડ્યો છે. સંયોગોના ફેરફારના મિથ્યા પુરુષાર્થમાંથી એને રોક્યો છે અને વર્તમાનમાં સ્વરૂપના અનુભવના પુરુષાર્થમાં જોડ્યો છે અને સમાધાન આપ્યું છે. વર્તમાન(માં) તો અસમાધાનને લઈને દુ:ખ છે તો સમાધાન આપ્યું છે કે, ભવિષ્યનું ચિતરામણ અત્યારે નક્કી થશે અને વર્તમાન છે એ ભૂતકાળનું કરેલું ચિતરામણ અત્યારે ઉદયમાં આવ્યું છે. એમાં કોઈ વર્તમાન પ્રયત્ન કાર્યગત થશે નહિ, અશક્ય છે. આ બહુ પ્રસિદ્ધ પંક્તિ છે **'બંધ સમય જીવ ચેતીએ, ઉદય સમય શા ઉચાટ'** ભગવાનની સ્તુતિ કરી છે એનું પદ છે. એ ૨૮ બોલ (પૂરો) થયો.

**જ્ઞાનને ધીરું કરીને સૂક્ષ્મતાથી અંદર જો તો આત્મા પકડાય એવો છે. એક વાર વિકલ્પની જાળ તોડીને અંદરથી છૂટો પડી જા, પછી જાળ ચોંટશે નહિ. ૨૯.**

૨૯. સૂક્ષ્મતાનો બોલ છે. **'જ્ઞાનને ધીરું કરીને સૂક્ષ્મતાથી અંદર જો તો આત્મા પકડાય એવો છે.'** વિચાર કરવાની વાતથી આગળની વાત છે ને સ્પષ્ટપણે ? સામાન્ય રીતે તત્ત્વનો વિચાર ચાલે છે ત્યાંથી આગળ વધવાની વાત છે કે, તું અંદર જો ! વિચાર કર એમ નહિ પણ અંદર તું જો. કેવી રીતે જો ? કે, **'જ્ઞાનને ધીરું કરીને સૂક્ષ્મતાથી અંદર જો...'** ચૈતન્યસ્વભાવ સામાન્ય તત્ત્વ છે, સામર્થ્યરૂપ–શક્તિરૂપ તત્ત્વ છે, પ્રગટપણે એનું બહારની અંદર જેવું સ્વરૂપ છે એવું વ્યક્ત નથી. જીવને વર્તમાન સંસાર અવસ્થામાં એનું બહારમાં જેવું મૂળ સ્વરૂપ છે એવું વ્યક્ત નથી અને વ્યક્ત દશાની અંદર ઘણી ગડબડ છે. વ્યક્ત

દશા એટલી શુદ્ધ નથી અથવા રાગાદિ મલિનતા વર્તમાન દશામાં પ્રવર્તે છે ત્યારે એ રાગાદિથી ઉપેક્ષિત થઈને, તેનાથી ભિન્ન પડીને, રાગની આડમાંથી છૂટો પડીને–નીકળીને **'જ્ઞાનને ધીરું કરીને...'** **'ધીરું કરીને'** એટલે રાગ અને જ્ઞાન બાજુ-બાજુમાં હોવા છતાં, એક અવસ્થામાં–જીવની વર્તમાન એક અવસ્થામાં જોડે-જોડે હોવા છતાં જ્ઞાનને અંદર વાળવું છે, સાથે રહેલાં રાગ સાથે જોડવું નથી, રાગ સામે જોવું નથી, રાગ છે તોપણ રાગ સામે જોવું નથી.

જોકે રાગ પણ છે અને સ્વભાવ પણ છે, હયાતી તો બન્નેની છે. પણ રાગ વ્યક્તરૂપ છે, સ્વભાવ અવ્યક્તરૂપ છે. રાગ સાથે જોડાવાનો અને રાગમયપણે અનુભવ કરવાનો અનાદિથી અધ્યાસ છે અને અભ્યાસ છે, સ્વભાવને જોવાનો એનો અભ્યાસ નથી. આ પરિસ્થિતિ હોવાને લીધે એને પોતાનો સ્વાનુભવ છે એ સુલભ નથી. આવી પરિસ્થિતિમાં પોતાનો સ્વાનુભવ જીવને સુલભ નથી. તોપણ એ પરિસ્થિતિમાં ફેરફાર કરી શકાય છે, એ પરિસ્થિતિ કોઈ ધ્રુવ પરિસ્થિતિ નથી. ભલે લાંબા કાળથી એ ચાલી આવતી એ પરિસ્થિતિ છે તોપણ એ પરિસ્થિતિ સમયે-સમયે પલટતી પરિસ્થિતિ છે અને કોઈપણ સમયે એ પલટો મારી શકે છે. એ પલટો એણે એવી રીતે મારવાનો છે કે, રાગને ગૌણ કરવાનો છે. રાગ પણ જ્ઞાનનું જ્ઞેય છે, રાગ પોતે જ્ઞાનસ્વરૂપે નથી – રાગ પોતે આત્માસ્વરૂપે નથી.

જેમ જ્ઞાનમાં પર ચીજનું પ્રતિબિંબ પડે છે એમ રાગનું પણ જ્ઞાનમાં પ્રતિબિંબ પડે છે અને પોતે તો જ્ઞાનસ્વરૂપ છે. તો એમ કહે છે કે, જ્ઞાનમાં જ્ઞાનને જો. અરીસામાં પ્રતિબિંબને જોવું કે અરીસામાં અરીસાને જોવો ? એ જોનારની નજર ઉપર આધારિત છે. અરીસામાં અરીસો તો છે જ, અરીસામાં પ્રતિબિંબ પણ છે. કોઈપણ બિંબનો આકાર છે એ આકાર ઉપર આકર્ષિત થવું કે અરીસાને જોવો એ જોનારના દૃષ્ટિકોણ ઉપર આધારિત છે.

અહીંયાં કહે છે કે, જ્ઞાનમાં જ્ઞાનને જો. જ્ઞાનમાં જ્ઞેયાકાર જણાતો હોય તોપણ એને ગૌણ કર, એને ગૌણ કરી નાખ. મુખ્ય-ગૌણ કરતા તને આવડે છે. અત્યારે તેં જ્ઞાનને ગૌણ કર્યું છે, જ્ઞેયાકારને મુખ્ય કર્યો છે. જ્ઞેયાકાર મુખ્ય થતાં તારો બહિર્મુખ ભાવ વધારે બહિર્મુખ થઈને એકદમ પરપદાર્થ ઉપર ચાલ્યો જાય છે અને તને પરપદાર્થમાં પ્રવેશ કરવાનો અધ્યાસ થઈ જાય છે કે, જાણે હું પરપદાર્થને પહોંચી વળું છું, મારો પરપદાર્થમાં પ્રવેશ થાય છે, પરપદાર્થનો મને અનુભવ થાય છે. એ ખરેખર પર અવલોકન છે અને પરને તું જોઈ રહ્યો છે. ખરેખર પરપદાર્થનો વિચાર કરે છે એટલું નથી કરતો પણ પરપદાર્થનો અનુભવ પણ કરવાનો એનો સતત પ્રયાસ ચાલુ છે, અનુભવાતું નહિ હોવા છતાં ! અનુભવવું

અને અનુભવી રહ્યો છું એવી મિથ્યા વ્યર્થ ખોટી માન્યતા (સેવે છે). એને તો એમ જ લાગે છે કે, ખરેખર મને પરપદાર્થનો અનુભવ થાય છે. મને ખરેખર ઠંડી લાગે છે એમ જીવને લાગે છે. ઠંડીનો આત્મામાં પ્રવેશ નથી, ઠંડીમાં કોઈ જ્ઞાનનો પ્રવેશ નથી. ઠંડી છે એ વાતાવરણમાં રહેલાં રજકણોની શીત પર્યાય છે. એ રજકણોમાં કોઈ જ્ઞાન પ્રવેશતું નથી, જ્ઞાનની અંદર એ રજકણોનો પ્રવેશ નથી. છતાં પરપ્રવેશભાવ અધ્યાસિતપણે અનુભવ કરે છે. પરપ્રવેશભાવનો જીવ અધ્યાસિતપણે અનુભવ કરે છે. માત્ર ઠંડીનો વિચાર કરે છે ? કે અનુભવ કરે છે ?

અહીંયાં એમ કહે છે કે તારામાં તું છો-જ્ઞાનમાં જ્ઞાન છે, જ્ઞાનમાં જ્ઞાનને જો તો તને જ્ઞાનમાં જ્ઞાનનું વેદન અનુભવાશે. જ્ઞાનમાં જ્ઞાનને જોતાં જ્ઞાનનું વેદન અનુભવાશે. જ્ઞાનમાં પ્રતિબિંબને જોતાં અથવા મુખ્ય કરતાં જ્ઞાનનું વેદન ખોવું પડશે. બસ ! જે ખૂબી છે એ આટલી છે. આ અંદરની આટલી Technique છે. એક જગ્યાએ જ્ઞાન છે અને જ્ઞેય નથી પણ જ્ઞેયનો આકાર છે-પ્રતિબિંબ છે. જે જગ્યાએ જ્ઞાન છે ત્યાં માત્ર જ્ઞાન જ છે અને જ્ઞેયનો આકાર પણ છે, જ્ઞેય નથી પણ જ્ઞેયનો આકાર છે. જીવ અધ્યાસિત થઈને જ્ઞાનમાં જ્ઞેયના હોવાપણાને કલ્પીને દુઃખી થાય છે, મિથ્યા અનુભવ કરે છે કે, મારામાં ઠંડી આવે છે. વાસ્તવિકતાએ જો જ્ઞાનને જોવાની નજર હોય, સૂક્ષ્મતાએ ધીરો થઈને એકલા જ્ઞાનને પકડે, જ્ઞાન સામાન્યનું ગ્રહણ કરે તો જ્ઞાનનું સ્વસંવેદન આવિર્ભૂત થઈને અનુભવગોચર થાય.

મુમુક્ષુ :- આકૃતિને આવિર્ભાવ કરે છે, જ્ઞાનને તિરોભૂત કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આકૃતિ પાછી જ્ઞાનની પર્યાય છે. આકૃતિ કાંઈ જ્ઞેય નથી પણ એ આકૃતિમાં જ્ઞાનને ભૂલે છે. એને એમ થાય છે કે, અહીંયાં જ્ઞેય છે. આકૃતિ જોઈને એને એમ થાય છે કે, અહીંયાં જ્ઞેય છે. અરીસામાં નાચતો મોર જોઈને એને એમ થાય છે કે સાચો મોર છે. કેમકે અરીસો સ્થિર છે અને મોર નાચે છે તો એને એમ થયું કે સાચો હોવો જોઈએ કેમકે અરીસો તો સ્થિર છે. સ્થિરમાં હલનચલન ક્યાંથી હોય ? હલનચલન તો સાચું હોય તો જ હલનચલન હોય. આ એને ભ્રાંતિનું કારણ છે, બીજું કાંઈ નથી.

એમ કહે છે કે, તારું ચૈતન્યદર્પણ સ્થિર છે. તું ધીરો થઈને સૂક્ષ્મતાથી એને જો તો બહુ સુગમ છે. આ કામ એટલું બધું સુગમ છે કે કોઈ જ્ઞેયોને લઈને તને જે પરેશાની

છે, હરકત છે એ કાંઈ નહિ રહે. તને એમ લાગશે કે, મારામાં કાંઈ આવતું નથી પછી શું ? મારામાં કાંઈ છે નહિ પછી શું ? આ તો બધાં પડછાયા પડે છે. પડછાયો શું કરે ? પડછાયાને તો સ્પર્શની પણ ખબર પડતી નથી. પડછાયાને સ્પર્શની પણ ખબર પડતી નથી. એટલી બધી ઓછી અસરની એ ચીજ છે એમાં આખેઆખો સર્વસ્વ(પણે) પકડાઈ ગયો અને પોતાની જાતને ભૂલી ગયો. એને અહીંયાં કહે છે. આ સૂક્ષ્મતાના ઘણાં બોલ છે. આ શાસ્ત્રમાં સૂક્ષ્મતા અંગેના પણ ઘણાં બોલ છે, ઘણાં પડખાંથી સૂક્ષ્મતાની વાત કરી છે. કેમકે એક-એક વિષયને પડખાં ઘણાં છે. એટલે છૂટક-છૂટક જગ્યાએ આવે છે પણ ભિન્ન-ભિન્ન પડખાંની વાત આવે છે. એ રીતે ઘણો વિષય સ્પષ્ટ કર્યો છે.

**'અંદર જો...'** એમ કહે છે. અંદર જો એટલે જોનારને જો–તું તને જો–જાણનારને જાણ તો આત્મા પકડાય એવો છે. એમાં આત્મા ન અનુભવાય, આત્મા ન પકડાય એ પ્રશ્ન રહેતો નથી. પણ આ પ્રકારે કે, જ્ઞાનને ધીરું કરીને સૂક્ષ્મતાથી અંદરમાં જોતાં આત્મા પકડાય એવો છે. આ રીતે આત્મા પકડાય છે.

પ્રશ્ન :– જ્ઞાનને ધીરું કરવું એટલે ?

સમાધાન :– જ્ઞાનને ધીરું કરવું એટલે ચંચળતા જરા ઘટવી જોઈએ. અંદર સ્થિર પદાર્થ છે, સ્થિર પદાર્થને અવલંબનારું જ્ઞાન પણ સ્થિર થઈને અવલંબે છે. અસ્થિર અવસ્થામાં સ્થિર પદાર્થનું અવલંબન હાથ આવતું નથી. આ જીવને જગતના પદાર્થોની વિધવિધતાનું કુતૂહલ છે, જગતના પદાર્થોની અનેકવિધ પર્યાયની અદ્ભુતતાનું આશ્ચર્ય છે અને અનેકવિધ પર્યાયમાં સુખની કલ્પના છે. તેથી કરીને આ જીવનો જ્ઞાનોપયોગ ચંચળ થયેલો છે, અસ્થિર છે. ભિન્ન-ભિન્ન જ્ઞેયોમાં આ જ્ઞાનનો ઉપયોગ ઘણો અસ્થિર થઈને વેગવાન થઈને, ગતિ પકડીને ભમ્યા કરે છે એ પણ એને એક દુઃખનું જ કારણ છે. આવું જે ઉપયોગનું ભ્રમણ છે એ જીવને આકુળતાનું ઉત્પાદક છે, દુઃખનું કારણ છે.

એટલે કહે છે કે જગતના કુતૂહલને છોડ, જગતના આશ્ચર્યને ભૂલ. તારું સ્વરૂપ અનંત મહિમાવંત, મહા આશ્ચર્યકારી અદ્ભુતથી અદ્ભુત છે. તને જ્યાં આશ્ચર્ય થાય છે, જ્યાં અદ્ભુતતા લાગે છે, જ્યાં તને વિસ્મય થાય છે, જ્યાં તને કુતૂહલ થાય છે એ બધું તારાથી ખાલી છે, બોલ ! તારાથી એ શૂન્ય છે. જ્યાં તારાપણું નથી, જે તારાથી શૂન્ય છે એની મહિમા, એનું આશ્ચર્ય, એની અદ્ભુતતા કરીને તારે શું કરવાનું ? માણસ નથી કહેતા ? કો'કને ત્યાં ગમે તેમ હોય આપણે શું ? કો'કનો મહેલ જોઈને આપણી ઝૂંપડી સળગાવી

નખાય નહિ એમ કહે છે કે નહિ ? કો'કનો મહેલ જોઈને આ ઝૂંપડીને કંઈ સળગાવી નખાય ? આ ઝૂંપડીમાં કંઈ રહેવાય ? મહેલમાં રહેવું જોઈએ એમ કરીને ઝૂંપડી સળગાવે તો ? એ પણ જાય. એમ આ તો બધું પર છે. જેનું તને આશ્ચર્ય છે, જેની મહિમા છે એ તારાથી તદ્દન ખાલી છે. એને તું તારાથી ખાલી જો. એ આશ્ચર્ય અને વિસ્મયતા સમજણથી જાય; જ્ઞાનનું આ એક મુખ્ય કાર્ય સમજણ (કરવાનું) છે, તો એની ચંચળતા ઘટે. ચંચળતા ઘટે તો જ્ઞાન ધીરું થાય, જ્ઞાન ધીરું થાય તો સ્થિર પદાર્થને અવલંબન આવવાની એનામાં ક્ષમતા આવે, શક્તિ આવે, યોગ્યતા આવે.

શ્રોતા :– બીજા શબ્દોમાં કહીએ તો જ્ઞાનનું સ્થિરીકરણ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, જ્ઞાનનું સ્થિરીકરણ છે. કેવું અસ્થિરીકરણ થયું છે ? કે, વિકલ્પની જાળમાં ગૂંચવાણો છે. એકવાર શાંત થઈને વિકલ્પની જાળ કેટલી અને કેવી ચાલે છે એ જોવા માટે થોડોક નવરો થાય, એક નિર્ણય કરે કે, બેઠાં-બેઠાં જોયા કરવું છે (કે) આ બધાં વિકલ્પ શું આવે છે ? તો એને સમજાય એવું છે કે આ એક બહુ મોટી જાળ છે. એક ભૂતાવળ જેવું છે. વિકલ્પની જાળ કહેતાં પણ વિકલ્પની ભૂતાવળ જેવું છે ! જેમ ન હોય ત્યાંથી ભૂત ઊભા થાય એમ વિકલ્પનાં ભૂત અંદર ઊભા થાય છે અને એમાં આ જીવ એટલો બધો ગૂંચવાયો છે... ગૂંચવાયો છે કે, ત્યાંથી બહાર નીકળીને પોતે પોતાને જોવા માટે અશક્ત થઈ ગયો છે, અયોગ્ય થઈ ગયો છે.

મુમુક્ષુ :– ૯૯ ટકા વિકલ્પમાં તો કાંઈ લેવાદેવા નથી હોતું. સવારથી સાંજ સુધીનો હિસાબ કરે તો એકાદ ટકાનું પ્રયોજન હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઇ જે એક ટકાનું પ્રયોજન છે એને તત્ત્વદૃષ્ટિએ જોવે ત્યારે એને એમ લાગે કે, આ પણ વ્યર્થ છે.

મુમુક્ષુ :– આ તો લૌકિકદૃષ્ટિએ પ્રયોજનની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, લૌકિકદૃષ્ટિએ બહુ ઓછું હોય છે. ઇ વાત સાચી છે. લૌકિકદૃષ્ટિએ, વ્યવહારદૃષ્ટિએ જોવે તો પોતાને બહુ થોડું લાગતુંવળગતું હોય છે, બાકી નકામી વાત હોય છે. (આપણે ત્યાં) કહે છે કે, 'નવરો હજામ પાટલા મૂંડે' આપણે ગુજરાતીમાં કહેવત છે ને ? પાટલો એટલે આ જમવા બેસવાનો પાટલો છે (એને પાટલો કહે છે). અસ્ત્રો હજામત કરવાને બદલે એ પાટલા ઉપર ઘસવા મંડે એટલે બુઠ્ઠો થઈ જાય, અસ્ત્રો પણ બુઠ્ઠો થઈ જાય. એમ આ નવરો-નવરો વિકલ્પ કર્યા કરે છે (એમાં) જ્ઞાનને બુઠ્ઠું કરે છે.

અસ્ત્રો એટલે એક સાધન (છે). (એમ અહીંયાં) જ્ઞાન તો સાધન છે. આ એના જેવો વિષય છે. બહુભાગ તો જીવ અનર્થદંડના પરિણામ કરે છે. મોટા ભાગે જીવ અનર્થદંડના પરિણામ કરે છે. એને કાંઈ કારણ ન હોય, કાંઈ લેવા-દેવા ન હોય છતાં અનર્થદંડનાં પરિણામ કરે. પોતાને કારણ વગરનો દંડ પડે એને અનર્થદંડ કહેવામાં આવે છે.

પ્રશ્ન :– સૂક્ષ્મ થવામાં શું જોઈએ ?

સમાધાન :– સૂક્ષ્મ થવામાં તો શું છે કે, રુચિ અને ભાવના જોઈએ છે. ચંચળતા ઘટે તો જ્ઞાન ધીરું થાય અને પોતાના સ્વરૂપની ભાવના અને રુચિ વધે તો જ્ઞાન સૂક્ષ્મ થાય. એ તો આપણે ૧૯૭ (નંબરના) બોલમાં એ વિષય આવી ગયો. તે દિવસે વાત કરી હતી ને ? કે, આત્માની રુચિ છે એ જ્ઞાનને સૂક્ષ્મ કરવાનો સંચો છે. ૬૩ પાને છે. છેલ્લો પેરેગ્રાફ, છેલ્લી લીટી. અંતરની સૂક્ષ્મ સંધિ ક્યારે જણાય ? એ વિષય ચાલે છે. **'એમ ન હોય કે...'** એટલે કદી એવું ન બની શકે કે, **'પરમાં તીવ્ર રુચિ હોય...'** અથવા પરમાં તીવ્ર રસ હોય અને **'ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે.'** પ્રજ્ઞાછીણી એટલે ધારદાર જ્ઞાન ! સૂક્ષ્મપણું ધારણ કર્યું છે એવું જ્ઞાન, એને પ્રજ્ઞાછીણી કહી છે. પરરસ છે એ જ્ઞાનને મલિન પણ કરે છે અને જ્ઞાનને સ્થૂળ પણ કરે છે. પરપદાર્થ સંબંધીનો રસ (જ્ઞાનને મલિન કરે છે.) ઉઘાડ ગમે એટલો હોય, હોં ! પરપદાર્થના રસવાળાને એ વખતે ગમે એટલો ઉઘાડ હોઈ શકે છે, બુદ્ધિ ઘણી હોય, વિશાળ બુદ્ધિ હોય, જે-તે વિષયની ઘણી બુદ્ધિ હોય, એને વર્તમાન જે કોઈપણ વિષય હાથમાં હોય એની બુદ્ધિ હોય શકે. આ બનાવે છે ને ? વૈજ્ઞાનિકો બધાં શસ્ત્રો બનાવે છે. (એ લોકોમાં) બુદ્ધિ ઘણી હોય છે. પોતાના વિષયની અંદર– Techniqueની અંદર Expert હોય પણ એ સ્થૂળબુદ્ધિ છે અને મલિનબુદ્ધિ છે. બુદ્ધિમાં મલિનતા પણ છે અને સ્થૂળતા પણ છે. સ્થૂળતા એ અપેક્ષાએ છે કે એ પોતાને જ ગ્રહણ કરી શકતો નથી, પોતાને જ સમજી શકતો નથી. પરપદાર્થ સમજવામાં રસ ઘણો છે અને એ અંગેનો ક્ષયોપશમ અને શક્તિ પણ હોય છે.

(ઉપયોગ સૂક્ષ્મ થતાં) ભિન્ન-ભિન્ન ભાવોને એ ભિન્ન-ભિન્નપણે જાણી શકે, પકડી શકે કે, રાગની મર્યાદા અહીંયાં (અને) જ્ઞાનની મર્યાદા અહીંયાં. બે ભાવ સાથે હોવા છતાં જ્ઞાનમાં રાગ નહિ, રાગમાં જ્ઞાન નહિ. બન્ને સાથે હોવા છતાં બન્ને ભિન્ન-ભિન્ન છે, પોતપોતાના સ્વરૂપે છે. એ બે પાતળા પડ વચ્ચેનું અંતર છે. એક જગ્યાએ સૂક્ષ્મતાનો દૃષ્ટાંત આપવા માટે પોતે (અબરખનાં પડની વાત લીધી છે).

મુમુક્ષુ :- ૧૯૭ બોલમાં જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૧૯૭માં જ છે ને ? હા, લ્યો ! અબરખનું છે. સામે પાને છે. ૬૨મું પાનું **'અબરખનાં પડ કેવાં પાતળાં હોય છે,...'** એ તો વિષય જ ત્યાં ચાલ્યો છે ને ! સૂક્ષ્મતાનો ત્યાં વિષય (ચાલ્યો છે). **'ત્યાં બરાબર સાવધાનીથી એને જુદાં પાડે, તેમ સૂક્ષ્મ ઉપયોગ કરી સ્વભાવ-વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડ.'** જુઓ ! બહારમાં સૂક્ષ્મ ઉપયોગ કેવો કરે છે ! દાળમાં, શાકમાં મીઠું બરાબર પારખે છે. પારખવાનો અભ્યાસ છે તો સો મણ મીઠાઈ હોય, સો મણનું શાક હોય, ગમે એટલું હોય એક નમૂનો દાળનો ચમચો ભરે. તપેલું મોટું જબરજસ્ત (હોય). ૫૦૦-૧૦૦૦ માણસની દાળ બનાવી હોય. ચમચીથી જીભ ઉપર મૂકે અને એમ કહે કે, 'મીઠું ઓછું છે, થોડું મીઠું નાખો.' મીઠું તો ઓગળી ગયું છે. ઓછું-વધારે નાખતી વખતે તમે જોયું નથી, રસોઈયાએ નાખ્યું છે ત્યારે તમે જોયું નથી કે, કેટલું નાખ્યું છે ? વગર જોયે (કહી દે છે). બીજો મસાલો નાખ્યો છે, ખટાશ નાખી છે, ગળપણ નાખ્યું છે, બીજાં ઘણાં તેજાના નાખ્યા છે તોપણ તમે મીઠું જુદું પાડીને પારખ્યું. ઓગળી ગયેલા મીઠાના સ્વાદથી જુદું પાડીને પારખ્યું કે, આ ઓછું છે કે વધારે છે કે સપ્રમાણ છે, ગમે તે વાત નક્કી કરી શકો છો. તો એ ઉપયોગ સૂક્ષ્મ થઈને કામ કરે છે કે નથી કરતો ? સૂક્ષ્મ ઉપયોગ થઈ શકે છે પણ જે વિષયમાં એની સૂક્ષ્મતા છે, એ વિષયનો અભ્યાસ હોય તો (સૂક્ષ્મ થઈ શકે છે). એને એમ કહે છે કે, તું જ્ઞાનમાં જ્ઞાનનું અવલોકન કરવાનો, જ્ઞાનમાં જ્ઞાનને જોવાનો તું અભ્યાસ કર. આ અભ્યાસ તને નથી. અભ્યાસ નથી એટલે તને એમ થાય છે કે, આત્મા કેવી રીતે પકડાય ? આત્માનું જ્ઞાન કેવી રીતે થાય ? પણ આત્મજ્ઞાન એટલે નિજમાં નિજનું જ્ઞાન.

'અનુભવ પ્રકાશ'માં તો 'દીપચંદજી'એ એક સૂત્ર જેવી વાત કરી છે કે, નિજમાં નિજને અવલોકતાં ઉપયોગ શુદ્ધ થાય. તારે શુદ્ધોપયોગ કરવો છે ને ? (તો કહે છે કે) નિજમાં નિજનું અવલોકન કરતાં ઉપયોગ શુદ્ધ થાય. આ સીધી પાધરી પાટી છે. એટલી વાત ચોક્કસ છે કે વિકલ્પના જાળાને તારે તોડવા પડે છે. જ્યાં તું ઊભો છે ત્યાં વિકલ્પના જાળાં ઘણાં છે, તું એમાં ગૂંચવાયેલો છે; આ એક પરિસ્થિતિ તારા માટે થોડી વિકટ પણ છે. ખ્યાલમાં છે તોપણ જો તારું લક્ષ છે કે, મારે આ કાર્ય કરવું છે – એમ લક્ષ છે અને જો તેં નિર્ણય કર્યો છે – માનસિક રીતે પણ એક નિર્ણય કરી લીધો કે, આ મારે કરવું જ છે, આ જ કાર્ય કરવા પ્રત્યે મારે મારી શક્તિનો ઉપયોગ કરવો છે તો એટલી તકલીફ નથી. એ

વિકલ્પના જાળાંને તું તોડી શકીશ, નહિ તોડી શકે એવું નથી. એ કંઈ એવી ચીજ નથી. એ તો તારી નબળાઈએ એની સબળાઈ છે, તારી સબળાઈએ એની નબળાઈ છે. આ વ્યસન જેવી ચીજ છે.

બે-ચાર દિવસ પહેલાં દુકાન ઉપર એક ૧૭–૧૮–૧૯ વર્ષનો એક છોકરો હશે, જુવાન છોકરો, લઠ્ઠ જેવું શરીર ! બાજુમાં વેપારીનો દીકરો હતો, પાણી પીવા આવ્યો હશે. મોઢામાં ડૂચો મારેલો હતો, ચાવતો હતો. (એને પૂછ્યું કે,) 'કેમ માવો ચાલે છે ?' એટલે હસી ગયો. કહે, હા. (પછી પૂછ્યું કે) 'આખા દિવસમાં કેટલા માવા જોઈએ ?' તો કહે, 'સાત માવા ! સાત માવા આખા દિવસમાં ખાઉં છું.' મેં કીધું 'કેમ આમાં ભૂખ વધારે લાગે ?' અંદર તમાકુ આવે ને ? એક માન્યતા છે કે તમાકુ ભૂખ ઉઘાડે છે. આ લોકો નથી પીતા ? શિવરાત્રી વખતે ભાંગ પીવે છે ને ? પછી ભૂખ બહુ લાગે, પછી ખૂબ લાડવા ખાય, પછી ન્હાય. એવું બધું બ્રાહ્મણ લોકોમાં હોય છે. શરીર સારું હતું. 'ભૂખ બહુ લાગે અને વધારે સારું ખવાય અને આવું લઠ્ઠ જેવું રહેવાય એટલે આ તમાકુ ખાય છે ?' (તો કહ્યું કે) 'એવું તો કાંઈ નથી. શરીર તો કુદરતી જ નાનપણથી સારું છે પણ આ ટેવ પડી છે અને છૂટતી નથી. સાચી વાત ઇ છે.' સાચું બોલી ગયો. આ વ્યસન થઈ ગયું છે અને છૂટતું નથી. (એટલે પૂછ્યું કે) 'એમાં છૂટવામાં શું વાંધો છે ?' તો કહે 'માનસિક નબળાઈ છે.' માનસિક નબળા ! એટલે તમાકુ લેવાની, માવો ખાવાની તલપ લાગે છે તો ઇ માવો ખાઉં છું. બસ ! આ નબળાઈ છે, બીજું કાંઈ નથી. ખોટી નબળાઈ છે, એક ખોટો હાઉ છે.

એમ મને વિકલ્પ છૂટતા નથી, વિકલ્પ જાતા નથી, વિકલ્પ બહુ છે, વિકલ્પનું જોર ઘણું છે, વિકલ્પમાં હું દબાઈ ગયો છું, સલવાઈ ગયો છું, ભીંસાઈ ગયો છું, અટવાઈ ગયો છું. એ પણ એક માન્યતા એને ઘર કરી રાખી છે. માનસિક નબળાઈ છે.

હું વિકલ્પ વિનાની ચીજ છું. વિકલ્પ વિનાની ચીજ છું નહિ પણ જબરજસ્ત નિર્વિકલ્પ પદાર્થ છું ! મારી નિર્વિકલ્પ શક્તિ પણ કોઈ ગજબની છે ! વિકલ્પ તો એની પાસે કાંઈ નથી. આમ પરિસ્થિતિ છે એનું સમજણથી એકવાર એણે જ્ઞાન કરી લેવું જોઈએ, પછી સંભાળે. પહેલાં સમજે અને પછી પોતાની જાતને સંભાળે તો વિકલ્પ કોઈ એવી ચીજ નથી કે એ જાળું ન તૂટે. જાળું એટલે જાળું. આ કરોળિયાનું જાળું હોય છે ને ? દેખાય ગમે એવડું મોટું, શક્તિ શું એની ? એનામાં શક્તિ શું છે ? એ તો તાંતણાં છે. તાંતણાંમાં શું શક્તિ હોય ? બસ ! એમ આ વિકલ્પના જાળાના તાંતણાં છે, એનામાં બીજી કોઈ શક્તિ

નથી. આત્મા તો ચૈતન્યવજ છે. જ્ઞાન શક્તિવાન આત્મા તો ચૈતન્ય ધ્રુવ વજ છે. આ તો એક સમયનું જાળું છે. એક સાથે તો ઝાઝાં વિકલ્પ નથી થઈ શકતા. થાય છે એ બધાં વારાફરતી થાય છે. પણ એને મોટો હાઉ ગરી ગયો છે ! ઘણાં વિકલ્પ, બહુ વિકલ્પ !! એટલાં બધાં વિકલ્પ છે કે અંદર ફસાઈ ગયો છું. વારાફરતી બધાં એક-એક આવે છે, એકસાથે બે વિકલ્પ આવતા નથી. સમય-સમયની પર્યાય છે, એક ક્ષણવર્તી છે. તું અનાદિઅનંત ધ્રુવ છો અને તારું સામર્થ્ય બેહદ છે, પાર વિનાનું તારું સામર્થ્ય છે ! પણ એ બન્નેની પરિસ્થિતિની તુલના કરીને પણ શક્તિ સમજે નહિ, વિચાર કરે નહિ (એ) અવલોકન કરે ક્યે દિવસે ? વિચાર પણ ન કરે તો અવલોકન કેવી રીતે કરે ?

મુમુક્ષુ :– તમે હમણાં કહ્યું એ ૧૯૭માં પ્રશ્ન-ઉત્તરમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો બહુ સારો બોલ છે, આખો બોલ ખૂબ સરસ છે. આપણે એકવાર સોનગઢમાં લીધેલો છે. **'સોનું તો ચળકે છે એટલે પથ્થર ને તે – બન્ને જુદાં જણાય છે, પણ આ કઈ રીતે જુદા જણાય ?'** એમ કહે છે કે, સુવર્ણપથ્થરમાં પાષાણ અને સોનું ભેગાં દેખાય છે તો જુદાં-જુદાં (કેવી રીતે) ? પ્રશ્ન કરનારે (પ્રશ્ન) કર્યો છે કે, એક તો ચળકે છે અને એક તો નથી ચળકતું એટલે જુદાં-જુદાં જણાય છે. આ બન્ને કઈ રીતે (જુદાં જાણવા) ? તો કહે છે, જ્ઞાન ચળકે છે અને વિભાવ નથી ચળકતો. એવું જ છે. રાત-દિવસ જેટલું અંતર છે. રાગમાં અંધારું છે અને જ્ઞાનમાં ચૈતન્યનો પ્રકાશ છે. એક પ્રકાશની મૂર્તિનું કિરણ છે, એક સાવ અંધારું છે. બે વચ્ચે આવડો મોટો તફાવત હોવા છતાં જો તફાવત ન સમજી શકે, ન પકડી શકે તો એ જ્ઞાન જાડું કેટલું ? અને સ્થૂળ કેટલું ? બહુ હોંશિયારી કરે એને વિચાર કરવા જેવો છે ! બુદ્ધિનો ફાંકો હોય એને વિચાર કરવા જેવો છે. તું (એમ) કહે કે, બહુ બુદ્ધિ, મારામાં બહુ બુદ્ધિ ! પણ હવે તારા રાગનું અંધારું અને તારા જ્ઞાનનો પ્રકાશ એ બે વચ્ચેનો આંતરો પકડાતો નથી તો આ જ્ઞાન તો સાવ સ્થૂળ છે. વળી આ જ્ઞાન આવી રીતે જુદું-જુદું પાડવામાં એક ચકલું, દેડકું પણ સમર્થ છે, માછલું પણ સમર્થ છે ! એથી આગળ જાવ તો ઘણાં તીવ્ર કષાય અને વેરઝેરના પરિણામ કરીને સર્પ થયો છે, ઝેરી પ્રાણી છે, બહુ ક્રોધી પ્રાણી છે. એવું પ્રકૃતિવાળું પ્રાણી છે કે, અમથું-અમથું કોઈને ડંશ મારે ! એવો જીવ પણ જો પાછો વળે તો જ્ઞાનને અને રાગને જુદાં પાડી દે !

મુમુક્ષુ :– આ સિંહને કેટલો ક્રોધ છે !

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ પણ ક્રોધી પ્રાણી છે. સિંહના ભવમાં ક્રોધના ફળમાં જ

આવ્યા છે. એક સમયની અંદર પાછા ફરવું એ પોતાના અધિકારની અને પોતાની શક્તિની વાત છે !! જ્યારે ચાહે ત્યારે !

'ગુરુદેવ'ના પ્રવચનોમાં એવા પ્રેરણાના ઘણાં બોલ આવે છે કે, તારી શક્તિને સંભાળ. ત્યારે કહે કે, ઉછાળ તારી શક્તિને ! તારા ધ્રુવ પર્વત ઉપર, જેમ કોઈ સમુદ્રથી પર્વતને ધોવે એમ તારા ધ્રુવ પર્વતનું તું પ્રક્ષાલન કર, ધોઈ નાખ તું ! અને શુદ્ધ થા તું !

અહીંયાં (૧૯૭ નંબરના બોલમાં) તો બીજી લીટીમાં એક બહુ સરસ ભાવ તો એવો લીધો છે કે, વિભાવ તો નથી ચળકતા પણ **'બધે જ્ઞાન જ ચળકે છે'** પર્યાયે... પર્યાયે ! કોઈ પર્યાય ખાલી નહિ. બધે જ્ઞાન ચળકે છે. તું કહે છે કે, મારે જ્ઞાનને જોવું ક્યાં ? જ્ઞાની કહે છે કે, પર્યાયે-પર્યાયે બધે જ્ઞાન જ ચળકે છે. અમને તો જ્ઞાન જ ચળકતું જોવામાં આવે છે. અમને તો જ્ઞેય જણાતા પણ જ્ઞાન જણાય છે તે એવી રીતે કે, જ્ઞેય જણાતું હોવા છતાં જાણે કે જણાતું નથી ! જણાતું હોવા છતાં જાણે કે જણાતું નથી !! એવી રીતે જ્ઞાન જણાય છે. કેમકે જ્ઞેયને જાણનાર જ્ઞાન છે, જ્ઞાનની અગ્રતામાં જ્ઞેય જણાય છે. જ્ઞાનને છોડીને જ્ઞેય જણાવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જગતના વિષયોમાં તો અનેક પ્રકારે જીવ સૂક્ષ્મતાથી પરખ કરે છે. ચોખા જોવે તો એમાં એનું પાણી જોવે. ચોખાનો વિષય સૂક્ષ્મ છે. જોઈને એમ કહે કે, બહુ પાણીવાળા ચોખા છે, ચોખાની જાત સારી છે. રાંધ્યા વગર ખબર પડે કે, રાંધે તો આ ચોખા સારા થાય. આ વેપારી લોકો હોય છે એ એના પાણીને બરાબર જોઈ શકે. ઠીક ! કેટલું પાણી પડ્યું છે ? ક્યા ક્ષેત્રમાં ઊગ્યા છે ? આ ચોખાએ કેટલું પાણી પીધું છે ? ચોખાના ખેતરમાં પાણી ભરેલું હોય. ચોખા એટલે પાણીની જ પેદાશ છે. એકલું પાણી જ છે એમ કહીએ તો ચાલે. એટલે તો પચવામાં હળવા છે, માંદા માણસ લઈ શકે છે. એ કાંઈ ખબર નથી– ક્યાં ઊગ્યા છે ? કેટલું પાણી ? કેટલો વરસાદ ? પણ જોઈને એમ કહે કે, ચોખાનું પાણી સારું છે. મોતીમાં પાણી જોવે છે. બધાં મોતી સરખા દેખાય. નજર હોય એ એમ કહે કે, આ પાણીવાળું મોતી છે. ઠીક !

મુમુક્ષુ :– છોકરાઓમાં પાણી જોવે કે આ પૈસા સાચવશે કે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, (એક મોટા વિદ્વાને) પાછલી ઉંમરમાં નિવૃત્તિ લીધી હતી (એમ) કહે છે. બુદ્ધિશાળી, વિચક્ષણ માણસ હતા. અત્યારે 'ઇંદોર'ની અંદર એક ઉદાસીન આશ્રમ છે. એ વિદ્વાનો માટે ઉદાસીન આશ્રમ બનાવ્યો. એ જમાનામાં અને અત્યારે પણ દિગંબરમાં

વિદ્વાનો આર્થિક પરિસ્થિતિમાં સાધારણ. કેમકે પુસ્તકો-શાસ્ત્રો વાંચવામાં સમય ગયો હોય, બહારની પ્રવૃત્તિ કરે નહિ એટલે બહારની પ્રવૃત્તિથી આવકનું સાધન એની પાસે એવું હોય નહિ. (એટલે) જે વિદ્વાનોને અહીંયાં આવીને રહેવું હોય તો અહીંયાં એને રહેવાનું, જમવાનું સાધન કરી આપે. બહુ શ્રીમંત માણસ હતા. એમના વખતમાં ઘણાં વિદ્વાનો ત્યાં આવીને વસેલા. પોતે પણ સત્સંગ અર્થે એ વ્યવસ્થા ગોઠવેલી. એટલો બુદ્ધિશાળી માણસ ! સત્સંગ અર્થે એ વ્યવસ્થા ગોઠવેલી ! આખા દિગંબરમાં સંપ્રદાયમાં ઇ એક જ માણસ–મુખ્ય માણસ વિદ્વાનોને લઈને 'સોનગઢ' આવેલા, એકલા નહિ પાછા ! પોતાના વિદ્વાનોના કાફલા સાથે એ 'સોનગઢ' આવ્યા. 'ગુરુદેવ'ને સાંભળ્યા. વિદ્વાનોએ કહ્યું કે, આ તો જુદી વાત કરે છે. 'કાનજીસ્વામી' કંઈક બીજી વાત કરે છે. અમે તો શાસ્ત્રો ભણ્યા છીએ, આવી વાત નથી. એણે પરખ કરી કે, નહિ, તુમ સુનો ! સ્વામીજી કો બરાબર સુનો, સ્વામીજી બરાબર કહતે હૈં. એ માણસ 'ઇંદોર'ની બહાર એક પૈસો ખર્ચે નહિ. કરોડો-અબજો રૂપિયા તે દિવસે એની પાસે ! 'ઇંદોર'ની બહાર ક્યાંય ન ખર્ચે, એણે 'સોનગઢ'માં પહેલુંવહેલું દાન આપ્યું. 'પ્રવચન મંડપ'નું ખાતમૂહુર્ત એમના હાથે થયું હતું. વિચક્ષણ માણસ હતા. નિવૃત્તિ લીધા પછી એક બાબતની અંદર એમના દીકરા એમની સલાહ લેવા આવ્યા કે, મારે શું કરવું ? ત્યારે ખ્યાલ આવી ગયો કે, મારી સંપત્તિ આ નહિ સાચવી શકે. એણે પોતાની હયાતીમાં મીલો વેંચવા માંડી. કારખાનાઓ, જમીનો, મીલો (બધું) વેચી નાખ્યું. ઘણો વહીવટ એણે સંકેલ્યો. આ બધું વેચી નાખો, બંધ કરો. ઠીક ! આ પાણી જોવે છે (એની વાત છે). આવા બધાં દાખલા, દૃષ્ટાંતો દુનિયામાં બને છે.

તત્ત્વનો વિષય છે એ બુદ્ધિની સૂક્ષ્મતાનો વિષય છે. આમ પણ તત્ત્વનો વિષય છે એ બુદ્ધિની સૂક્ષ્મતાનો વિષય છે અને એમાં પણ નિજતત્ત્વ – સ્વભાવતત્ત્વ છે એ તો સૂક્ષ્માતિસૂક્ષ્મ તત્ત્વ છે, ઘણું સૂક્ષ્મ તત્ત્વ છે. એને જોવા માટે સ્વભાવની રુચિની આવશ્યકતા છે, સ્વરૂપપ્રાપ્તિની તીવ્ર ભાવનાની પણ આવશ્યકતા છે અને સ્વરૂપને શોધવાની અપૂર્વ જિજ્ઞાસાની પણ આવશ્યકતા છે. આ બધું જોઈએ. આ પ્રકારનાં પરિણામ હોય તો એનો મિથ્યાત્વ અવસ્થામાં પણ ઉપયોગ સૂક્ષ્મ થઈને સ્વરૂપને પકડીને મિથ્યાત્વનો ત્યાગ કરીને સમ્યગ્દર્શનને ગ્રહણ કરી લે. મિથ્યાત્વ કોઈ ધ્રુવ ચીજ નથી, પલટતી ચીજ છે, એક સમયમાં પલટો મારી દેશે.

(અહીંયાં ૨૯મા બોલમાં કહે છે કે) **'જ્ઞાનને ધીરું કરીને સૂક્ષ્મતાથી અંદર જો તો**

**આત્મા પકડાય એવો છે.**' આ શરતે આત્મા પકડાશે, આ રીતે આત્મા પકડાશે, આ પ્રકારે આત્મા પકડાશે. આમ તો અનાદિની અજાણી ચીજ છે. પોતાનું મૂળ સ્વરૂપ–સ્વભાવિક સ્વરૂપ (છે) એનાથી જીવ અનાદિથી અજાણ છે.

મુમુક્ષુ :– આ દિશામાં પ્રયત્ન જ નથી કર્યો.

પૂજ્ય ભાઈશ્રી :– આ દિશામાં પ્રયત્ન કર્યો નથી અને આ પ્રકારે પ્રયત્ન કર્યો નથી. કોઈ વખત આત્મજ્ઞાનીનાં શાસ્ત્રો ઊથલાવ્યા છે, વાંચ્યા છે પણ આ રીતે ધીરજથી અને સૂક્ષ્મતાથી અંતર અવલોકનમાં આવ્યો નથી એટલે એને આત્મા પકડાણો નથી.

**'એક વાર વિકલ્પની જાળ તોડીને અંદરથી છૂટો પડી જા,..'** બહુ માર્મિક વાત કરી છે ! **'પછી જાળ ચોંટશે નહિ.' 'અંદરથી છૂટો પડી જા'** એમાં શું કહે છે ? બહુ માર્મિક વાત છે ! સમ્યક્દૃષ્ટિને વિકલ્પ આવે છે, સમ્યક્દૃષ્ટિની બહુભાગ અવસ્થા તો વિકલ્પવાળી છે. ચોથા ગુણસ્થાનથી, પાંચમા ગુણસ્થાનથી, છઠ્ઠા ગુણસ્થાનમાં લ્યો તો બધી વિકલ્પવાળી અવસ્થા છે. છઠ્ઠે-સાતમે વારંવાર વિકલ્પ થાય છે તોપણ વિકલ્પનો Ratio વધારે છે, નિર્વિકલ્પતા કરતાં Double છે, જુઓ ! અહીં સુધી તો હજી–શ્રેણી માંડે ઇ પહેલાં હજી વિકલ્પની અવસ્થા છે એમાં વિકલ્પની બાહુલ્યતા છે, ઘણું પ્રમાણ વિકલ્પનું છે. પણ સમ્યક્દૃષ્ટિ થયો ત્યારથી અંદરથી છૂટો પડેલો છે. બહારથી વિકલ્પ છે, ઠીક ! એ કેવી વાત છે ? ચોથા ગુણસ્થાને ઘણાં વિકલ્પો (છે), ક્યારેક નિર્વિકલ્પતા (છે). પાંચમા ગુણસ્થાને થોડી નિર્વિકલ્પતા વિશેષ પણ છતાં ઘણાં વિકલ્પો, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને નિર્વિકલ્પતા ઘણી એમ કહીએ તોપણ નિર્વિકલ્પતા કરતાં વિકલ્પ Double ! બમણું પ્રમાણ છે. 'ધવલ'ની અંદર મુનિદશાનું આ પ્રમાણ લીધું છે.

(સંપ્રદાયના) 'કૈલાસસાગરજી' પહેલાં-વહેલાં મળ્યા ત્યારે આ પ્રશ્ન પૂછ્યો હતો કે, મુનિપણું અંગીકાર કર્યું છે તો મુનિદશામાં આવું નિર્વિકલ્પ-સવિકલ્પ હોય છે એવું છે કાંઈ ? તો કહે, એવું કાંઈ નથી. ક્યારેક સ્વાધ્યાય કરીએ ત્યારે ઊંડે-ઊંડે કોઈ વખત શાંતિ લાગે, પણ ઇ તો ક્યારેક. નહિતર મુનિદશા તો આવી હોય છે. આમ તો વસ્ત્રસહિત સાધુપણું ન હોય એ જલ્દી માને નહિ, પણ સાધુપણાની આત્માની દશા તો આવી છે. શાસ્ત્રપ્રમાણ છે કે નહિ ? ત્યાં તો સાધુની દશાનું સવિલ્પ-નિર્વિકલ્પ(પણું છે) એની માહિતીથી અજાણ્યા છે, દશા (તો છે જ) નહિ માહિતીજ્ઞાનથી અજાણ્યા છે ! પણ એમણે (શાસ્ત્રો) વાંચેલા હતા. પોતે દિગંબર શાસ્ત્રોનો (અભ્યાસ કરેલો). મારે મળવાનું થયું એ પહેલાં વાંચેલા. એમ

સાંભળ્યું હતું કે, એમણે વાંચેલા છે. એટલે પૂછ્યું હતું.

પ્રશ્ન :- આ અંદરથી છૂટા પડવાનો અર્થ શું ?

સમાધાન :- હા, ઇ જ વિચારવું છે કે, આ અંદરથી છૂટું પડવું એમ લખ્યું છે અને એટલા માટે લખ્યું છે કે, બહારથી તો સાધક અવસ્થામાં વિકલ્પ હોય છે એમ સ્પષ્ટપણે ઇન્દ્રિયજ્ઞાનથી પણ સમજી શકાય છે કે, આ સાધકને વિકલ્પ છે (એટલે) તોપણ એ અંદરથી છૂટા પડી ગયા છે, એકત્વ નથી. મુખ્યપણે પોતાનું જ્ઞાનાનુભવન છે, મુખ્ય પરિણતિ એ જ્ઞાનધારા છે અને રાગ છે એ જ્ઞાનધારાથી ભિન્નપણે પોતાની અવસ્થામાં ભલે જણાય છે, અનુભવાય છે. જણાય પણ છે અને એની અંદર જેટલું દુઃખ છે એટલો અનુભવ પણ છે. અનુભવ નથી એમ નથી, દુઃખ છે અને એટલો અનુભવ છે. પણ છતાં એ અનુભવથી જ્ઞાનનો અનુભવ જુદો એવું એક અંદરનું પરિણમન છે. આ જે અંતરંગ પરિણમન છે એ રીતે છૂટા પડવાનું છે. નહિતર કોઈ એવો વિચાર કરે છે કે, બસ ! એક વિકલ્પ ન જોઈએ. મારે વિકલ્પ જ ન જોઈએ ને ! વિકલ્પ જ ન જોઈએ. પણ એમ નહિ જાય, ભાઈ ! ઇ તો શ્રેણિ માંડતા જશે. એ પુરુષાર્થ તો કોઈ જુદાં તબક્કાનો-જુદાં સ્તરનો છે. એ Stageને તો વાર હોય છે. શરૂઆતમાં તો એ Stageનો પ્રશ્ન નથી. પણ અંદરથી પહેલાં વિકલ્પની જાળ તોડીને જો છૂટો પડે તો એ જાળ રહેશે પણ જાળ ચોંટશે નહિ અથવા તું જાળને ચોંટીશ નહિ. જાળ રહેશે પણ એ જાળને ચોંટવાનું નહિ થાય. એવો તું એક વાર અંદરથી છૂટો પડી જા. ત્રણ લીટી છે પણ ઘણી વાત મૂકી દીધી છે !

મુમુક્ષુ :- શેઠ-નોકરનો દૃષ્ટાંત આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આવે છે ને ! એ અંદરથી જુદો છે. નોકર શેઠ કરતાં કોઈ વાર દોઢડાહ્યો થઈને કામ કરે ! એટલું શેઠનું ખેંચે કે શેઠ ન ખેંચી શકે એટલું ખેંચે ! પ્રમાણિક હોય તો. પણ અંદરથી જુદો. શેઠની મૂડીનો એ કદી માલિક થતો નથી. એ અંદરથી જુદો છે કે નહિ ? નથી થતું ? થાય છે, બધું લૌકિકમાં પણ થાય છે.

વિશેષ લઈશું...

## પ્રવચન નં. ૨૬, વચનામૃત–૨૯,૩૦
## તા. ૧૪-૧૨-૧૯૮૬

('બહેનશ્રીનાં વચનામૃત' ૨૯મો બોલ ચાલે છે). આત્માને ગ્રહણ કરવા માટે વિકલ્પની જાળ તોડીને અંદરથી છૂટો પડી જાય છે તો જાળ સાથેનો કે વિકલ્પ સાથેનો સંબંધ રહેતો નથી અને આત્માનું ગ્રહણ થાય છે. બે વાક્યો છે, અસ્તિ-નાસ્તિથી નિરૂપણ છે.

અસ્તિથી એમ કહ્યું કે, જ્ઞાનને ધીરું કરીને સૂક્ષ્મતાથી અંદર જો તો આત્મા પકડાશે અથવા આત્માનું ગ્રહણ થશે, આત્મા અનુભવગોચર થશે. એ અસ્તિથી વાત કરી છે. હવે જીવ ક્યાં ઊભો છે ? કે, વિકલ્પની જાળમાં ગૂંચવાયેલો છે, વિકલ્પમાં એકત્વબુદ્ધિથી પરિણમતો રહ્યો છે. એ સ્થિતિમાં ભેદજ્ઞાનના વારંવારના અભ્યાસથી વિકલ્પની જાળ તૂટે છે અને જીવ વિકલ્પ હોવા છતાં અંદરથી છૂટો પડે છે. અંદરથી છૂટો પડે છે એમ કહેવામાં બહારમાં વિકલ્પ રહે છે તોપણ અંદરમાં એની સાથેનું એકત્વ છે એ પૂરું થાય છે અને શુદ્ધાત્માનું ગ્રહણ થાય છે એમ કહેવું છે.

પ્રશ્ન :– શ્રદ્ધા અસ્તિત્વ બદલે છે ?

સમાધાન :– હા, અસ્તિત્વ બદલે છે, એકત્વ બદલે છે, શ્રદ્ધા ફરી જાય છે, જ્ઞાન છૂટું પડી જાય છે, જ્ઞાન છૂટું અનુભવમાં આવે છે.

આમાં અનેક કારણ ભજે છે. એકત્વ થવાના જેટલા કારણો છે એ કારણો પણ અહીંયાં નીરસ થયા હોય છે. જેમકે વિકલ્પની જાળમાં વધારે ગૂંચવાવાનું કારણ જીવને એ હોય છે કે, અનેક (પ્રકારનાં) બાહ્ય પદાર્થો જે છે એ સંબંધી વિકલ્પ છે એ બાહ્ય પદાર્થો કેટલાંક

લાભનું કારણ છે, કેટલાંક નુકસાનનું કારણ છે એવું પકડીને એ વિકલ્પમાં ઘણો ગૂંચવાય જાય છે. એવી રીતે પકડાઈને એ ગૂંચવાય જાય છે ત્યારે અહીંયાં વિચારણાથી-સુવિચારણાથી પણ એવું સમાધાન આવેલું હોય છે કે, બહારના કોઈ પદાર્થ મને સુખ-દુઃખનું કારણ નથી અથવા મારા પ્રયોજનનો કોઈ વિષય નથી. એક મારા સ્વરૂપ સિવાય મારું પ્રયોજન કોઈની સાથે નહિ હોવાથી કોઈનો પણ વિકલ્પ વ્યર્થ છે, નિરર્થક છે એવું સમજાઈને વિકલ્પનો રસ તો ઠંડો પડી ગયો હોય.

વિકલ્પની જાળ તો ત્યાં સુધી ચોંટે છે કે જ્યાં સુધી વિકલ્પરસ પણ તીવ્ર હોય છે ત્યાં સુધી. વિકલ્પમાં ઘણો રસ હોય છે. ઘણો રસ હોવાનું કારણ જે-તે સંયોગો અને પદાર્થો વિષેના વિકલ્પ છે એનાથી લાભ-નુકસાનનો સિદ્ધાંત એણે પકડી રાખ્યો છે. અનાદિનો ઊલટો સિદ્ધાંત છે એનું ગ્રહણ હજી સુધી ગયું નથી. એટલે એ સંબંધીના વિકલ્પ મટવાની કોઈ પરિસ્થિતિ અંદરમાં ઊભી થતી નથી. ચારે બાજુથી સમાધાન તો એક વિચારણાની-સુવિચારણાની ભૂમિકામાં આવ્યું હોય છે, વિકલ્પરસ ઠંડો પડ્યો હોય છે. હવે, એ સ્થિતિમાં (એટલે કે) વિકલ્પનો મંદ રસ હોય, રાગનો મંદ રસ હોય એ સ્થિતિમાં ભેદજ્ઞાનનો પ્રયોગ ક્ષણે-ક્ષણે જીવ કરે છે, સતત કરે છે ત્યારે એ અંદરથી છૂટો પડે છે. અંદરથી છૂટો પડે છે એટલે વિકલ્પ વિકલ્પમાં ચાલે છે, પોતાનું અસ્તિત્વ અને પોતાનું વજન જ્ઞાન ઉપર રહે છે. 'હું જ્ઞાનમય છું, પ્રત્યક્ષપણે હું જ્ઞાનમય છું.' એમાં કોઈને અંદર પૂછવા જવું પડતું નથી કેમકે ખરેખર પોતે જ્ઞાનમય છે એ બાજુ એનું ધ્યાન ગયું છે, એનું લક્ષ ગયું છે એટલે વિકલ્પ વિકલ્પમાં ચાલે. 'હું જ્ઞાનમય છું' એ મારામાં રહું છું. એમ અંદરથી જીવ છૂટો પડે છે અને અંદરથી છૂટો પડે છે ત્યારે એને પછી વિકલ્પ ચોંટતા નથી. કેમકે એ વિકલ્પની જાત પણ બીજી થઈ જાય છે. અનંતાનુબંધીના દર્શનમોહ સહિતના વિકલ્પો પોતાનું ગ્રહણ થયા પછી, પોતાનું અનુભવન થયા પછી તો રહેતાં નથી.

મુમુક્ષુ :- અનંતાનુબંધીમાં રસ તીવ્ર હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તીવ્ર (હોય છે). દર્શનમોહનો અને અનંતાનુબંધીનો બન્નેનો રસ ગળી જાય છે.

જગતમાં કોઈ પદાર્થ મારા માટે ઇષ્ટ નથી, કોઈ પદાર્થ અનિષ્ટ નથી. જેટલા કોઈ પદાર્થો જ્ઞાનગોચર થાય છે એ જ્ઞેયમાત્રપણે છે. હું જ્ઞાનસ્વરૂપી હોવાથી મારે કોઈનું કાંઈ પ્રયોજન નથી. કેમકે મારા સ્વરૂપથી હું અપૂર્ણ નથી, મારા સ્વરૂપથી ખાલી નથી. મારા

સ્વરૂપથી હું ખામીવાળો નથી, કોઈની જરૂરિયાતવાળો નથી.

ઇષ્ટ-અનિષ્ટ તો છે નહિ અને એણે ઇષ્ટ-અનિષ્ટપણું કલ્પિત રીતે એવું પકડ્યું છે કે, કલ્પિતને સાચું માન્યું છે. ઝાંઝવાના જળને પાણી માનીએ તો કે 'દી તૃષા છીપાય ? કોઈ દિવસ (નહિ). એ પાણી છે જ નહિ, પાણી નહિ હોવાથી એનાથી તૃષા છીપાવાનો પ્રશ્ન નથી, એ વાત અસ્થાને છે. એમ કોઈ પદાર્થ ઇષ્ટ નથી, કોઈ પદાર્થ અનિષ્ટ નથી અને મારે જે કાંઈ કરવું છે એમાં મારું આત્મહિત થાય એ સિવાય મારે કોઈ પ્રયોજન નથી. મારા આત્મહિત સિવાય મારે કોઈ પ્રયોજન નથી. એનો (– આત્મહિત) સંબંધ ફક્ત મારે મારા આત્મા સાથે છે, સ્વરૂપ સાથે છે. બસ ! પછી વિકલ્પની જાળ (ચોંટતી નથી). વિકલ્પો જોર કરતા નથી, વિકલ્પની ભૂતાવળ એવી ઉત્પન્ન પણ થતી નથી. વિકલ્પ પણ આછા-પાતળાં અને મંદ રસવાળા એનામાં થાય છે, એ પણ એનામાં થાય છે, મારામાં નહિ. વિકલ્પને તો પોતે આધાર આપે છે એટલે વિકલ્પનું બળ અને વિકલ્પ ચોંટે છે એમ લાગે છે. ખરેખર તો પોતાના આધારનો દોષ છે. પોતે ટેકો આપે છે, પોતે એના આધારે ઊભો રહે છે એટલે એ વજનદાર લાગે છે. બાકી વિકલ્પ તો કાંઈ નથી. એવી પરિસ્થિતિ છે.

ઇષ્ટ-અનિષ્ટ થઈ જાય છે પણ તપાસે તો ખરો કે ઇષ્ટ-અનિષ્ટ છે કે નહિ ? જે ચીજ ઇષ્ટ લાગી એ ઇષ્ટ છે કે નહિ ? તપાસીને તો નક્કી કરે. તપાસવાની દિશામાં જશે તો એને (ઇષ્ટ-અનિષ્ટપણું) નહિ થઈ જાય. જાગૃતિ આવશે કે, આ મેં તપાસેલું છે. દેખાયું છે કે આમાં ઠીકપણું નથી કે અઠીકપણું નથી, પછી વળી આ ક્યાંથી ? એની જાગૃતિ આવશે. થઈ જાય છે એ જાગૃતિના અભાવમાં થઈ જાય છે. જ્યાં જાગૃતિ આવે છે ત્યાં થઈ જવાનો પ્રશ્ન રહેતો નથી. એટલે એ પરિસ્થિતિમાં જ્ઞાનની ચંચળતા પણ ઘટે છે. જ્ઞાન પોતાના સ્વરૂપને અનુભવવા માટે અથવા ગ્રહણ કરવા માટે, સ્વભાવનું ગ્રહણ કરવા માટે એટલું સૂક્ષ્મ પણ થાય છે અને અંતર્મુખ વળે (છે). અંદર જોવે એટલે અંતર્મુખ વળે. પોતે પોતાને જોવે, પોતે પોતાને દેખે તો આત્મા પકડાય એવો છે. આત્માનું ગ્રહણ ન થાય, આત્માનું જ્ઞાન ન થાય એવું કાંઈ નથી.

ઘણાં તો દૂરથી એવું માની બેસે છે કે, આ બહુ સૂક્ષ્મ વાત છે, બહુ ઊંડી વાત છે અથવા તો આ બધી એવી વાતો છે કે, જેનો અંત નથી. આપણું આમાં કામ નથી. કેમકે જ્ઞાનની વાતોમાં બહુ ઊંડા ઉતરો પણ જ્ઞાનનો ક્યાંય અંત નથી, એનું કંઈ તળિયું

પકડાતું નથી, કોઈને એનો પૂરો પત્તો લાગ્યો નથી માટે એમાં આપણું કામ નથી. એવું કાંઈ નથી.

મુમુક્ષુ :– આકાશમાં તારામંડળમાં જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ત્યાં મહેનત કરે. ચંદ્ર ઉપર જાવું છે ને ફલાણાં ઉપગ્રહ ઉપર જાવું છે ને આમ જાવું છે ને આમ જાવું છે. અહીંયાં પોતે પોતાથી જરા પણ દૂર નથી અને પોતે પ્રગટપણે ચૈતન્યસ્વભાવથી હાજરાહજૂર છે ! પછી એ સમજાય નહિ ને પકડાય નહિ ને એનો પત્તો લાગે નહિ ને બહુ અઘરું છે ને ઊંડું છે ને સૂક્ષ્મ છે... – એ બધી ખોટી આડ મારેલી છે. બહુ વ્યવસ્થિત વિષય છે. એની વિધિ પણ એટલી જ વ્યવસ્થિત છે અને પોતે કરવા ધારે તો થઈ શકે એવું છે, શક્ય છે. અનંતા આત્માઓએ કાર્ય કર્યું છે. પોતે પણ એ જાતિનો હોવાથી કરી શકે છે.

એક વાત એ છે કે પ્રતિકૂળતાઓ દૂર કરવા માટે અને અનુકૂળતાઓ પ્રાપ્ત કરવા માટે તારા વિકલ્પો, તારા વિચારો સતત ચાલે છે, નિરંતર ચાલે છે. બરાબર છે ? તો જન્મ-મરણ એ કોઈ નાનીસૂની તો વાત નથી. બીજી બધી તો એનાથી નીચી કક્ષાની, નીચી કોટિની – હેઠની વાતો છે. જેટલી અનુકૂળતાઓ હોય કે જેટલી પ્રતિકૂળતાઓ હોય, જન્મ-મરણના પ્રસંગથી તો બધા નીચેની કોટિના પ્રસંગ છે. તો નાની-નાની વાતમાં તું રોકાય છે, મોટી વાતનો ઉપાય ને ઇલાજ તારે કરવો નથી ! આ વાત કાંઈ બહુ વિચારવાનપણાંની હોય એવું લાગતું નથી. વિચારવાન જીવ હોય એ તો આનો પહેલો ફેંસલો કરે છે કે, આ જન્મ-મરણ મટવાનો આ જગતની અંદર કોઈ ઉપાય છે કે નહિ ? જો આ મુદ્દા ઉપર લક્ષ ગયું તો એને પાત્રતાની શરૂઆત થઈ. પાત્રતાવાળાને પહેલો મુદ્દો એ હાથમાં આવે છે કે, આ આત્માએ અનંત જન્મ-મરણ કર્યા, એનો ઉપાય ન કર્યો તો જન્મ-મરણ ચાલુ રહેશે. એનો ઉપાય કરી લેવા જેવો છે. એક વાર એ માર્ગ અને એ ઉપાય હાથમાં આવે તો મહેનત–પરિશ્રમ બધું લેખે છે.

કોઈ અલૌકિક પુણ્યના કારણે જન્મ-મરણ મટાડવાની આવી સ્પષ્ટ વાતો, એ માર્ગની સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાતો એની પૂરી Technique ખોલીને કહ્યું છે. ચારે બાજુથી ! આ કાળે કોઈને Challenge મારી શકાય એવું છે કે, લાવો કોઈ અસમાધાનનો પ્રકાર કે જેનું સમાધાન અહીંયાં ન હોય, કોઈ સમસ્યા લાવો કે જેનું સમાધાન ન હોય ! વર્તમાન જ્ઞાનીઓના–સત્પુરુષોના વચનોમાં સમાધાન ન હોય એવી એક સમસ્યા સામે લાવો, એમ કહી શકાય

એવું છે. સાધારણ વાત નથી, કીમત કરે તો બહુ મોટી વાત છે !

એમ (અહીંયાં) અંદરથી છૂટા પડવાની વાત છે અને એ ભેદજ્ઞાનના વારંવારના પ્રયોગથી વિકલ્પથી અંદરથી છૂટો પડી જવાની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. એ કોઈ અપૂર્વ લબ્ધિ છે ! એવી જે સિદ્ધિ છે એ કોઈ અપૂર્વ લબ્ધિ છે ! 'રાજમલ્લજી'એ ૧૩મા કળશમાં એ કહ્યું કે, બાર અંગનું જ્ઞાન એ કોઈ અપૂર્વ લબ્ધિ નથી. બાર અંગનું જ્ઞાન તો મિથ્યાદૃષ્ટિને હોય નહિ. સમ્યક્‌દૃષ્ટિને જ એટલો ઉઘાડ હોય. તો કહે છે કે, બાર અંગનું જ્ઞાન એ કોઈ અપૂર્વ લબ્ધિ નથી. એક સ્વાનુભૂતિ થાય પછી (એ) ચકલું, દેડકું હોય (તોપણ) અપૂર્વ લબ્ધિ છે ! અને બાર અંગે પણ એમ જ કહ્યું છે કે આ અપૂર્વ લબ્ધિ છે. એમણે પાછું એમ કહ્યું છે કે, બાર અંગમાં પણ એ જ વિધાન છે કે, જીવને એક સ્વાનુભૂતિ પ્રગટ થાય તો એ અપૂર્વ લબ્ધિ છે ! આવી-આવી કીમતી વાતો બહાર પડેલી છે. જીવને એનું ધ્યાન ક્યાં આકર્ષિત કરવું, Concentrate કરવું, ક્યાં લક્ષ આપવું અને એની શક્તિ વેડફાઈ ન જાય અને ડહોળાઈ ન જાય એટલા માટે એક જગ્યા બતાવી કે જો, આ કરવાનું છે. બીજી જગ્યાએ તારો પરિશ્રમ અને મહેનત કરીશ (તો) જન્મ-મરણ નહિ મટે. બધાં ઉપાયો એ નામમાત્ર છે, આ સ્વાનુભૂતિ (છે) એ એક માત્ર ઉપાય છે. એ ૨૯ (બોલ પૂરો) થયો.

(શ્વેતાંબરના) એક વૃદ્ધ આચાર્ય ગુજરી ગયા. શ્વેતાંબરના બહુ વૃદ્ધ આચાર્ય હતા. એ કંઈક હળવા માણસ હતા. બહુ સ્પષ્ટપણે સ્વીકાર કર્યો હતો કે, અધ્યાત્મનો વિષય અમારે ત્યાં નથી ચાલતો. આખું અધ્યાત્મનું પ્રકરણ જ ચાલતું નથી. આ ક્રિયા ને વિધિ ને વિધાન ને આ બધું કરાવીએ છીએ. પેલી કોઈ વાત જ નથી. કેમકે જીવસામાન્ય શું એની વ્યાખ્યાની એને ખબર નથી, વિચાર સુદ્ધાં નહિ. (એમને) પ્રશ્ન પૂછ્યો હતો કે, જીવ સામાન્ય શું ? જીવસામાન્યનું સ્વરૂપ કેવું ? તો કહે, જીવ સામાન્ય એટલે શું ? એમ પૂછ્યું ! એનો અર્થ પૂછ્યો ! ત્યારે આશ્ચર્ય થઈ ગયું કે, અરે...! આ જીવસામાન્ય શબ્દનો અર્થ પૂછે છે !! આ તો વિષયથી કેટલા અજાણ્યા છે ! જે સ્વાનુભૂતિનો વિષય, જે સમ્યગ્દર્શનનો વિષય એવું જે જીવસામાન્ય એ શબ્દથી અજાણ્યા હતા, એના અર્થથી અજાણ્યા હતા. ભાવનો તો પ્રશ્ન જ ક્યાં રહે છે ? સ્વભાવનો તો પ્રશ્ન જ ક્યાં રહે છે ?

મેં વ્યાખ્યા કરી કે, અનાદિઅનંત નિગોદથી માંડીને સિદ્ધ પર્યંત એકરૂપ મૂળ સ્વરૂપે જે જીવ રહે છે તે જીવસામાન્ય છે. તો કહ્યું કે, 'સાચી વાત આ છે કે, અમારે ત્યાં અધ્યાત્મનું પ્રકરણ છે જ નહિ, ચાલતું નથી, આ વિષય જ નથી.' સ્પષ્ટપણે સ્વીકાર કરી લીધો. નામ

જૈન રહી ગયું છે. બાકી અત્યારે તો કાંઈ નથી. એવું છે. 'વર વગરની જાન' જેવું ચાલે છે. જાન જોડી છે, વરરાજા કોણ ? તો કહે, ઇ જ ખબર નથી ! કોની જાન જોડી છે ? તો કહે, ઇ ખબર નથી. ક્યાં વરરાજા ? તો કહે, ઇ ખબર નથી. કેવા વરરાજા ? તો કહે, ઇ ખબર નથી. જાન જોડીને જાઈએ છીએ ! આના જેવું છે. એમ ક્રિયા માત્ર... ધમાલ-ધમાલ કરે ! મૂળ જીવનું કેવી રીતે હિત થાય ? અહિત થાય ? એનું સ્વરૂપ શું ? કેવો હોય ? કેમ અંદર જવાય ? કેમ અંતર્મુખ થવાય ? એક વાત સાથે લેવા-દેવા નહિ ! એવી સંપ્રદાયની બહુ કંગાળ સ્થિતિ છે, ઘણી કંગાળ સ્થિતિ છે. દેહને જીવ માન્યો છે, દેહને આત્મા માન્યો છે અને દૈહિક ક્રિયામાં આત્માની ક્રિયા માની છે. ભૂલ્યા છે, બહુ મોટી ભીંત ભૂલ્યા છે.

**જેમ બીજ વાવે છે તેમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી, છતાં વિશ્વાસ છે કે 'આ બીજમાંથી વૃક્ષ ફાલશે, તેમાંથી ડાળાં-પાંદડાં-ફળ વગેરે આવશે', પછી તેનો વિચાર આવતો નથી; તેમ મૂળ શક્તિરૂપ દ્રવ્યને યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે; દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી તેથી વિશ્વાસ વિના 'શું પ્રગટશે' એમ થાય, પણ દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ કરવાથી નિર્મળતા પ્રગટવા લાગે છે. ૩૦.**

૩૦મો (બોલ). **'જેમ બીજ વાવે છે તેમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી, છતાં વિશ્વાસ છે કે 'આ બીજમાંથી વૃક્ષ ફાલશે, તેમાંથી ડાળાં-પાંદડાં-ફળ વગેરે આવશે',...'** અને વિશ્વાસ થઈ ગયા **'પછી તેનો વિચાર આવતો નથી;...'** આ એક દૃષ્ટાંત છે. એવો પ્રશ્ન થાય છે કે, જીવ તો દેખાતો નથી, જીવનું સામાન્યસ્વરૂપ છે એ દેખાતું નથી, જીવનું સ્વરૂપ દેખાતું નથી. તમે કહો છો કે, જીવની શ્રદ્ધા કરો, જીવતત્ત્વની શ્રદ્ધા કરો, એનો વિશ્વાસ કરો પણ કાંઈ દેખાય તો વિશ્વાસ કરીએ, ન દેખાય એનો વિશ્વાસ કેવી રીતે થાય ? આ પ્રશ્નનો આ ઉત્તર છે.

બીજ વાવે છે ત્યારે કેટલો વિશ્વાસ કર્યો છે ? જ્યારે બીજ વાવે છે ત્યારે એણે કેટલો વિશ્વાસ કર્યો છે ? કે, આમાંથી મોટું વૃક્ષ થવાનું છે, આંબો વાવે છે કે નહિ ? આમાંથી વૃક્ષ થવાનું છે, આનો અંકુર ફૂટશે, ડાળાં-પાંદડાં થશે, વૃક્ષો થશે, ફૂલ આવશે, ફળ થશે, આમ થશે, આ ટાઈમે થશે... બધો વિશ્વાસ કરે છે કે નહિ ? ગોટલીમાં શું જોવે છે ? એમાં તો ડાળાં-પાંદડાં કાંઈ નથી, ફળ નથી. પ્રગટપણે તો કાંઈ નથી છતાં વિશ્વાસ કરે છે. કોઈ વળી અહીંયાં તર્ક કરી લ્યે કે, એ તો આંબા જોયા છે, કેરી ખાધી છે (એટલે વિશ્વાસ આવે). અહીંયાં (કહે છે કે) જગતમાં જ્ઞાનીઓ છે, મુનિઓ છે અને ચોવીસ તીર્થંકર થઈ ગયા, એવા અરિહંતો થયા, અનંતા સિદ્ધો થયા આ કાંઈ તારો પહેલોવહેલો કેસ નથી. તારો આ પહેલો કેસ હોય તો તને હજી અવિશ્વાસ આવે કે, કોને ખબર અંદર શું હશે ? કેમ થતું હશે ? આ પ્રકારના અનંત દૃષ્ટાંતો આની સાબિતી પૂરે છે અથવા ઇતિહાસનું પુરાણ છે કે જેના પુસ્તકો લખવા બેસો તો અનંતા થાય ! એટલે અનંત જીવાત્માઓ, અનંત વ્યક્તિઓ થઈ ગઈ કે જેણે સાધ્યની સિદ્ધિ કરી છે. બહારમાં પણ તું વિશ્વાસ કરે છે કે નહિ ? વેપાર કરે છે (તો) કોઈએ તને એનું ઘર ને મૂડી બધું દેખાડી દીધું ? માલ ધીરે છે, (તો શું) કોઈ એમ કહે છે કે, ભાઈ ! પહેલાં મારી મૂડી ગણી લ્યો પછી મને ધીરજો ? પૂછો તો એમ કહે કે, જુઓ ભાઈ ! વિશ્વાસ હોય તો કામ કરજો, એવી કોઈ વાત કરવી નહિ. પૂછાય કોઈને ? મૂડીનું કોઈને પૂછાય ? તમારી સદ્ધરતા કેટલી છે ? અમારે તમારી સાથે ધીરધાર કરવી છે. બેંકવાળા પૂછે છે અને ગરજ હોય એને કહેવું પડે છે પણ એમાં કેટલું સાચું કહે છે, કેટલું ખોટું કહે છે (એ કોણ જોવા જાય છે ?) અને બેંકવાળા પણ શું કરે છે અને શું નથી કરતા ? એ તો એક પદ્ધતિ છે.

સામાન્ય રીતે વિશ્વાસ મૂકવાનો એક દૃષ્ટાંત લઈએ. સદ્ધર માણસ બેંકવાળાને એમ કહે છે કે, તમારા જે બેંકના કાયદા છે એ ચોર માટેના છે, શાહુકાર માટેના નથી ! (મેં) એક બેંક મેનેજરને આમ કહેલું છે. એમાં કંઈ Limitની વાત ચાલી (એટલે મેનેજરે એમ કહ્યું કે) તમારે આમ કરવું જોઈએ... આમ કરવું જોઈએ. મેં કીધું, જુઓ ! આ બધાં કાયદા છે એ ચોર માટેના છે, શાહુકાર માટેના નથી. આ કાયદે-કાયદે ચાલો (તો) એક કામ થાય નહિ, બેંક બંધ કરવાનો વારો આવે. વિશ્વાસ તમારે પણ મૂકવો પડશે અને સદ્ધર હોય એટલે દાનતના સાચા હોય એવું કોણે કીધું ? દુનિયામાં એવું તો કાંઈ નથી કે જેટલા પૈસાવાળા હોય અને સદ્ધર હોય એની દાનત સાચી હોય છે અને આપી દે છે, એવું તો કાંઈ નથી.

ઘણાં (લોકો) પૈસા રાખીને ઓળવે છે કે નહિ ? વિશ્વાસ તો એવી ચીજ છે કે, એ એના જ્ઞાનનો વિષય છે. જ્ઞાનપૂર્વક વિશ્વાસ થાય છે.

હવે, અહીંયાં પરમાત્મા સાક્ષાત્ તીર્થંકર જૈન પરમેશ્વર પોતાની પવિત્ર દશામાં ઊભા રહીને એમ કહે કે, તારું સ્વરૂપ આવું છે, તું વિશ્વાસ કર. અમે કહીએ છીએ કે, તારું સ્વરૂપ મારા જેવું છે. જેવો હું એવો તું. એકવાર તું વિશ્વાસ કર. જાતિ આપણી બન્નેની એક છે. દશા ફેર છે એનું કારણ કે તને તારો વિશ્વાસ નથી. તને જડ અને પુદ્ગલનો વિશ્વાસ છે એટલો પણ તને જીવનો વિશ્વાસ નથી. 'ગુરુદેવ' દૃષ્ટાંત આપતા કે, આ દવાની ગોળી ખાય છે ત્યારે વિશ્વાસથી ખાય છે કે વગર વિશ્વાસથી ખાય છે ? (દવાની બાટલી ઉપર) લેબલ ઉપર Poison શબ્દ લાલ અક્ષરે લખ્યો હોય. ડૉક્ટર કહે કે, રોજ સવાર-સાંજ બે-બે ગોળી લેવાની. તો લ્યે કે ન લ્યે ? (તું એમ કહે કે) આના ઉપર Poison લખ્યું છે ! તો (ડૉક્ટર કહે કે) ઇ અમને ખબર છે. તારે લેવાની છે, તારા દર્દ ઉપરની આ દવા છે. પોતે વિશ્વાસથી લે છે કે અવિશ્વાસથી લે છે ? એ તો દવાનો અજાણ્યો છે તોપણ વિશ્વાસ રાખીને દવા ખાય છે કે, મને સારું થઈ જશે. ખાય છે એટલા માટે કે, મારું દર્દ મટશે. આટલો જડનો વિશ્વાસ કરે છે ! તેં એમાં કેવી રીતે જોયું કે દવા અંદર જઈને કેવી રીતે કામ કરે છે ? વિશ્વાસથી તો જીવ ઘણાં કામ કરે છે. અને તને તો તારો વિશ્વાસ લાવવા માટે કેટલીક વાત પ્રગટ પ્રત્યક્ષ પણ દેખાડવામાં આવે છે કે, (તું) જો ચૈતન્યગુણ વડે, ચૈતન્યસ્વભાવ વડે પ્રગટપણે તું તને અનુભવગોચર છો, તારી હયાતી ચૈતન્યસ્વભાવવાળી છે, તારી ચેતના પ્રગટ છે. પ્રગટપણે ચેતનાને જોઈને તું ચૈતન્યસ્વભાવી છો એમ વિશ્વાસ કર. આ સીધી વાત છે.

દૃષ્ટાંત સરસ છે કે, બીજમાંથી વૃક્ષ થયું નથી તોપણ તેના ડાળાં, પાંદડાં, ફળ વગેરે આવવાનો વિશ્વાસ થાય છે અને એ વિશ્વાસ થયા પછી એનો વિકલ્પ, શંકા-કુશંકા, સંદેહ કાંઈ થતું નથી. **'તેમ...'** (કહીને) સિદ્ધાંત લે છે. **'મૂળ શક્તિરૂપ દ્રવ્યને યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે;...'** મૂળ શક્તિરૂપ દ્રવ્ય એ જીવતત્ત્વ છે. જેમાં અનંત-અનંત સામર્થ્ય છે, હદ વિનાનું સામર્થ્ય છે, અપરિમિત સામર્થ્ય છે. એવા દ્રવ્યને સમજીને **'યથાર્થ વિશ્વાસપૂર્વક...'** યથાર્થ વિશ્વાસપૂર્વક એટલે એમાં હુંપણું આવે. લક્ષણથી લક્ષનું ગ્રહણપણું થાય. જ્ઞાનમાં પોતાની સત્તા, પોતાની હયાતી ભાસે એવી રીતે યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કર. વિશ્વાસ અયથાર્થ પણ કરે છે એ વિશ્વાસ નથી પણ વિશ્વાસ સંબંધીનો

ભ્રમ છે.

આત્મા જ્ઞાનસ્વરૂપી છે. તો કહે કે, હા ! અમે તો માનીએ છીએ, કોણે ના પાડી છે ? અને તો હા જ પાડી છે, અમે કદી એનો વાંધો લીધો નથી, વિરોધ કર્યો નથી, અમને એની ના આવતી નથી; હા જ આવી છે, હકાર છે અમારો. એવી રીતે એણે વિશ્વાસ કર્યો છે–સાંભળીને, ન્યાયથી, આગમથી, યુક્તિથી (વિશ્વાસ કર્યો છે) પણ લક્ષણથી લક્ષનું યથાર્થ ગ્રહણ કર્યું નથી. યથાર્થ એટલે યથા – એટલે જેવા, અર્થ એટલે ભાવમાં. જેવા ભાવે છે એવા ભાવે એનું ગ્રહણ કર્યું નથી – એનું નામ યથાર્થ (ગ્રહણ કર્યું નથી). પોતાની સત્તા એમાં છે એમાં સત્તાને એણે જોઈ નથી, સત્તાનું એમાં ભાસવું (થયું નથી), પોતાની સત્તા–હુંપણું ભાસ્યું નથી તો એને એ યથાર્થ વિશ્વાસ નથી, ઉપર-ઉપરનો વિશ્વાસ છે. એ વિશ્વાસ ખરેખર વિશ્વાસ નહિ હોવાથી અને જડ-ચૈતન્ય પદાર્થમાં અનુકૂળતામાં સુખ છે એનો જે વિશ્વાસ છે એ બદલાયો નથી. યથાર્થ વિશ્વાસનું આ લક્ષણ છે કે એને જગતના પદાર્થમાંથી સુખનો વિશ્વાસ ચાલ્યો જાય છે. કોઈ અનુકૂળતા મને સુખ આપે છે કે પ્રતિકૂળતા મને દુઃખ આપે છે એ વિશ્વાસ એને નથી, થઈ જાય એનો નિષેધ છે. સુખ-દુઃખનો ભાવ થઈ જાય એનો નિષેધ છે પણ વિશ્વાસ ઉડી જાય છે. આ વિશ્વાસ ફરી જાય છે.

જ્યારે મૂળ શક્તિરૂપ દ્રવ્યનો વિશ્વાસ આવે છે ત્યારે એને પોતાના સુખ-દુઃખ માટે બીજાની શક્તિની મદદ લેવાનો કોઈ વિશ્વાસ રહેતો નથી અને એની શક્તિથી મારી શક્તિ (છે) એ વાત ચાલી જાય છે. પોતાની શક્તિથી સુખ (છે). દુઃખ તો વસ્તુના સ્વરૂપમાં નથી. પોતાની શક્તિથી સુખ એટલી વાત એના વિશ્વાસમાં આવી ગઈ. દુઃખ તો પોતાના સ્વરૂપમાં છે નહિ, દુઃખનું નામનિશાન નથી. એટલે દુઃખની કોઈ વાત રહેતી નથી.

**'મૂળ શક્તિરૂપ દ્રવ્યને યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે;...'** જેવું શુદ્ધ દ્રવ્ય છે એવી જ નિર્મળ અવસ્થા પ્રગટ થાય છે. સુખમય અવસ્થા પ્રગટ થાય છે પછી એને અવિશ્વાસ લાવવાનું કારણ પણ રહેતું નથી. બીજમાં વૃક્ષનો વિશ્વાસ કરે ત્યારે તો બધી જાતના પોષણ મળીને વૃક્ષ થાય અને ફળ આવે ત્યારે આવે (અને) વિશ્વાસ રાખ્યો એને ફળ ન પણ આવે. અહીંયાં એ પ્રશ્ન નથી. અહીંયાં વિશ્વાસ રાખે એટલે એનું ફળ આવે, આવે એ પણ તત્કાળ આવે. પાછું એને માટે એણે રાહ જોવી પડે એ પ્રશ્ન પણ એને નથી. આટલો રોકડિયો ધર્મ છે, તત્કાળ એનું ફળ મળે ! જ્યાં મૂળ શક્તિરૂપ દ્રવ્યનો વિશ્વાસ કર્યો, એ વિશ્વાસથી એને ગ્રહણ કર્યું તે જ વખતે; અન્ય મતમાં લોકો

કહે છે ને કે, ભગવાન પરચા પૂરે, આ અંદરનો ભગવાન એને એ જ વખતે શાંતિ પ્રગટ કરે છે ! આ એનો પરચો ! પરચો એટલે પ્રત્યક્ષ પુરાવો. પ્રત્યક્ષ પુરાવાને પરચો કહે છે. પ્રત્યક્ષ ચમત્કારિક પુરાવો ! ચમત્કારિક ફળ મળે છે.

ખરેખર તો આત્માના લક્ષે જે આત્માની સમીપ જનારા પરિણામ છે અને એ ભાવમાં જે જીવ આગળ વધે છે, પુરુષાર્થ ઉગ્ર... ઉગ્ર... ઉગ્ર... ઉગ્ર... ક્ષણે... ક્ષણે... ક્ષણે થતો જાય છે તો ત્યાં એને મારે આનંદનો અનુભવ કરવો છે એવો વિકલ્પ નથી હોતો, વિચાર નથી હોતો અને એ પોતાના દ્રવ્યના લક્ષે ઉગ્ર પુરુષાર્થમાં પડેલો જીવ ઉગ્રતાની એક એવી અપૂર્વ સીમાએ પહોંચે છે, એક અપૂર્વ હદે પહોંચે છે કે જ્યાં એને પ્રત્યક્ષ અતીન્દ્રિય પરિણમન શરૂ થાય છે અને એ જ વખતે એને આનંદ... આનંદ... આનંદનો અનુભવ થાય છે. જેનો વિચાર નથી, જેનો વિકલ્પ નથી અને જે અવર્ણનીય એવો આનંદ છે એનો અનુભવ સીધો અંદર ઊતરે છે. કોઈ વસ્તુ મેળવવા માટે એનો વિચાર કરીને એનો પ્રયત્ન કરે અને મળે તો એને તો એમ કહેવાય કે આ તો એની પાછળ એની મહેનત હતી અને એણે સફળતાથી મેળવી લીધું. આ તો ચૈતન્યનો ચમત્કાર જ છે !! આનંદનો વિચાર નથી, આનંદનો વિકલ્પ નથી અને અવસ્થા સામું જોતો નથી અને અવસ્થામાં એકદમ આનંદનો ઊભરો આવીને આનંદ અનુભવાય છે તો કહે છે કે, એ તો અંદરથી ચમત્કાર પ્રગટ થઈ ગયો ! અંદરથી આનંદરસ આવી ગયો ! એવી જ કોઈ વસ્તુ છે કે, અનંત ગુણની નિર્મળ પર્યાય ત્યાં પ્રગટ થઈ જાય છે. જ્યાં મૂળ શક્તિરૂપ દ્રવ્યને વિશ્વાસથી ગ્રહણ કર્યું ત્યાં, યથાર્થપણે ગ્રહણ કર્યું ત્યાં અનંત ગુણની નિર્મળ પર્યાય પ્રગટ થઈ જાય છે.

ભલે '**દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી...**' જે દ્રવ્ય છે એમાં એ બધું જુદું-જુદું કાંઈ પ્રગટરૂપે દેખાતું નથી. કેમકે દ્રવ્ય પોતે જ શક્તિરૂપ છે, પર્યાયની જેમ પ્રગટરૂપે તો છે નહિ. એ તો અનંત શક્તિનું સત્ત્વ છે. બસ, એ અનંત શક્તિનું નિર્વિકલ્પ અભેદ સત્ત્વ છે એને એ રૂપે જોવે છે, એ રૂપે એનો વિશ્વાસ કરે છે કે, હું આવો છું ! ત્યાં એને સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન પર્યંતની સર્વ દશાઓની ઉપલબ્ધિ થવા મંડે છે. ભલે એવું પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી (પરંતુ) અપ્રગટપણે એનું બધું જ્ઞાન આવી જાય છે. પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી એટલે કેવળજ્ઞાન કેવું હોય ? એનો બધાં વિકલ્પ નથી કરતા. દ્રવ્યને જોનારા કેવળજ્ઞાન આવું હોય એમ વિકલ્પ કરતા નથી, ક્ષાયિક સમ્યગ્દર્શન આવું હોય એમ વિકલ્પ કરતા નથી, સ્વરૂપાચરણ ચારિત્ર આવું હોય એમ વિકલ્પ કરતા નથી, એ

જરૂર નથી. દ્રવ્ય આવું છે–હું આવો છું, બસ ! એની અંદર જે પરિણામ જેટલી ઉગ્રતાથી લાગ્યા (કે તરત જ) આપોઆપ અંદરથી એનું ફળ આવવા માંડે છે, ભલે એનો વિચાર ન કરે તોપણ !

મુમુક્ષુ :– પર્યાય સામું જોતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– પર્યાય સામું જોતો નથી. પર્યાયથી મહાન વસ્તુ પોતે છે એના હર્ષમાં કહો, એના હરખમાં કહો, માણસ કહે છે ને કે એટલો બધો હરખ હતો કે તમે બીજે ક્યાંય જોતા નહોતા. એમ ન કહે ? એમ પોતાનું સ્વદ્રવ્ય, એવી મોટી ખાણ એને પોતાને પોતામાં દેખાઈ ગઈ છે કે એને હવે બહારની અવસ્થા જોવાની કોઈ ચિંતા નથી, એવું કંઈ જોવાની આવશ્યકતા લાગતી નથી કે એવું કુતૂહલ નથી. એ તો સહેજે જણાય જાય છે, અવસ્થા થાય છે એ અનુભવાય છે, ભલે અનુભવાય. એથી અનંતગુણ સમૃદ્ધ; અવસ્થા શુદ્ધ થઈ, ગુણવાન થઈ, એથી અનંત ગુણ જેમાં પડ્યા છે, એથી જે સમૃદ્ધ છે, ગુણથી સમૃદ્ધ છે એવું ગુણવાન દ્રવ્ય તો પોતે છે !! એમાં એને અવસ્થા સામું જોવાની કોઈ વિશેષતા ભાસતી નથી. અવસ્થાની કોઈ વિશેષતા ભાસતી નથી. એક (વાત) આગળ કહી દીધી, આગળ આવે છે કે પાછળ આવે છે ? કે, સમ્યગ્દર્શન થયું તો શું થયું ? અરે...! કેવળજ્ઞાન થયું તોપણ શું થયું ? જે હતું ઇ પ્રગટ થયું છે. એમાં વિશેષ શું થયું છે ? એવી કઈ મોટી વાત હતી, જે હતું ઇ પ્રગટ થયું છે. જેમ કોઈ એમ કહે ને કે, ભાઈ ! આ તમારી ચીજ તમને પાછી સોંપી. સગાં-સંબંધી કે પાડોશી પાસેથી કોઈ હીરાનો-સોનાનો દાગીનો પ્રસંગે બે દિવસ (માટે) ઉછીનો લઈ ગયા હોય (પછી) પાછો આપે (ત્યારે કહે કે) આ તમારી ચીજ પાછી. તો (સામેવાળો) એમ કહે કે, આ..હા...! બહુ આશ્ચર્યની વાત છે તમે અમારી ચીજ પાછી આપી દીધી !! એમ કહે ? કંઈ નહિ, એ તો અમારો હક હતો, અમારી ચીજ હતી. અમારી ચીજ તમે અમને આપી, એમાં કોઈ વિશેષ વાત નથી. એમ અંદર કેવળજ્ઞાન આદિ સંપત્તિ ભરી છે એ બહાર આવી એમાં શું વિશેષ વાત છે ? એમ કહે છે. તું તો હજી સમ્યગ્દર્શન થયા (પહેલાં) થોડોક ઉઘાડ થાય ત્યાં ગાંડોઘેલો થાય છે ! એને એમ પૂછે છે.

જે લોકો સ્વચ્છન્દમાં આવે છે એમાં શું થાય છે કે, હજી તો સમ્યગ્દર્શનનું ઠેકાણું હોતું નથી. કાં તો કેટલોક ઉઘાડ હોય, કાં તો બહારના આચરણમાં કેટલોક ફેરફાર કર્યો હોય, કાં તો થોડો બાહ્ય ત્યાગ કર્યો હોય અને કાં થોડા શાસ્ત્રોની ધારણા રહી હોય ત્યાં

ઇ ગાંડોઘેલો થાય કે, આ..હા..હા...! બહુ થયું... બહુ થયું... બહુ થયું...! અરે.. ભાઈ ! અહીં (તો) સાધક પહેલેથી એમ વિચારીને બેસી ગયા છે, હજી કેવળજ્ઞાન તો પછી થશે, પણ પહેલેથી (વિચારીને બેસી ગયા છે કે) કેવળજ્ઞાન થાય તોપણ શું ? એ તો અંદર ભર્યું છે (તો) બહાર આવે છે. (એ) તો મારા હકની ચીજ છે, મને મળે છે. એમાં કાંઈ મારે કોઈ વધારે પડતી વાત થાય છે એવું લેવાની જરૂર નથી. પર્યાય ઉપર એવું વજન જતું જ નથી. એવું છે. (એ) બહુ સ્વાભાવિક છે. કેમકે એથી અનંતગુણવિશિષ્ટ સ્વદ્રવ્ય છે ! તો જે વધારે છે એના ઉપર વજન રહે કે જે અનંતમા ભાગે છે એના ઉપર વજન રહે ? એમ કહે છે. આ તો સીધેસીધી વાસ્તવિકતા છે. એ તો વિષયની વાસ્તવિકતા છે.

આ તો હજી પર્યાયની મહત્તા છે એટલે સાથે-સાથે દેખાડતા જાય છે કે, જો આમ કરીશ એટલે તારી પર્યાય પ્રગટ થશે, જો આમ કરીશ એટલે તને નિર્મળતા પ્રગટ થશે, જો આમ તને દ્રવ્ય હાથમાં આવશે એટલે તને આનંદ આવશે. આ શું છે કે, હજી વ્યવહારી જીવને પર્યાય ઉપર વજન છે એટલે એને પર્યાયનો લાભ બતાવતા જાય છે. તારે પર્યાયમાં લાભ જોઈએ છે ને ? જો આ બધું થશે. પર્યાયનો લાભ આમ થશે. જેને લાભ થાય છે એની પર્યાય ઉપર નજર નથી એ વાત સાથે-સાથે કહેતા જાય છે. ઇ સાથે-સાથે કહેતા જાય છે કે, આ તને કહીએ છીએ, પર્યાયની વાતો તને કરીએ છીએ પણ એક અમારી સૂચના સાથે-સાથે છે કે, કહેનારને પર્યાય ઉપર ખરેખર કાંઈ વજન નથી એમ સમજીને ચાલજે. તારે પણ પર્યાય ઉપર વજન રાખવાનું નથી.

જેને બહારમાં વજન છે એને મૂળમાં તો પર્યાય ઉપર વજન છે. મૂળ મિથ્યાત્વ ક્યુ ? જો એમ વિચારો તો 'પર્યાયમૂઢાઃ પરસમયા' જૈનમતની બહાર કોણ ? પરસમય એટલે જૈનમતથી અન્ય. એને પરસમય કહેવાય, જૈનને સ્વસમય કહેવાય છે અને અજૈનને પરસમય કહે છે. 'પ્રવચનસાર'ની અંદર 'કુંદકુંદાચાર્યદેવે' 'જ્ઞેય અધિકાર'ના પ્રારંભમાં આ વાત નાખી કે, 'પર્યાયમૂઢાઃ પરસમયા'.

પ્રશ્ન :- પર્યાયદૃષ્ટિ તે બહિર્દૃષ્ટિ છે ?

સમાધાન :- હા, કેમકે પર્યાય મૂળ તત્ત્વથી બહાર છે. જે ત્રિકાળી મૂળ તત્ત્વ છે એનાથી પર્યાય બહાર છે. જેની બહાર દૃષ્ટિ છે એ બાહ્ય દૃષ્ટિવાન છે, એ મૂઢ દૃષ્ટિવાન છે, એ મિથ્યાદૃષ્ટિ છે. પછી તો બીજા પદાર્થો ઉપર અને રાગ ઉપર જે વજન જાય છે એ તો મૂળમાં આ પર્યાયદૃષ્ટિ હોવાને લીધે એ બધું થાય છે.

'ગુરુદેવ'ના સૂક્ષ્મ પ્રવચનો આવતા ત્યારે આ વાત એવી રીતે વીંટાઈને આવી જતી. બહુ ધ્યાન રાખ્યું હોય તો ખ્યાલ રહે, એકદમ એકાગ્રતાથી સાંભળતા હોઈએ તો જ ખ્યાલ રહે કે, જીવને પર્યાયબુદ્ધિ હોવાને લીધે રાગ થાય છે – આવું ઘણીવાર બોલતા. પર્યાયબુદ્ધિ હોવાને લીધે એને રાગ થાય છે, પર્યાયદૃષ્ટિને કારણે રાગ થાય છે. જો પર્યાયદૃષ્ટિ ન હોય તો એને રાગ પણ ન હોય, એમ. રાગનું કારણ પર્યાયદૃષ્ટિપણું છે. એ વાત ઘણીવાર પ્રવચનની અંદર સૂક્ષ્મ વિષય ચાલતો હોય તો ત્યાંથી વાત લેતા હતા.

મુમુક્ષુ :– પ્રમાણજ્ઞાન એને વિષય કરે છે ત્યારે પર્યાયદૃષ્ટિ હોતી જ નથી. બે વસ્તુ એકસાથે હોતી જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– પ્રમાણજ્ઞાનમાં ભલે એ એકસાથે જણાય પણ દૃષ્ટિ એટલે કે અહંપણું સ્થાપિત કરવું એવો જે ભાવ. દૃષ્ટિ કોને કહેવી ? જ્યાં અહંપણું સ્થાપિત થાય છે, શ્રદ્ધાએ કરીને, અભેદતાએ દૃષ્ટિએ કરીને પૂરી શક્તિથી (અહંપણું સ્થાપિત થાય) એનું નામ દૃષ્ટિ કરી. એ દૃષ્ટિ ત્રિકાળી ઉપર છે. એ દૃષ્ટિ સમ્યક્દૃષ્ટિ છે અને એ દૃષ્ટિપૂર્વક જે જ્ઞાનનો ઉત્પાદ્ છે એ પ્રમાણજ્ઞાન છે. ત્યાં સુધી જ્ઞાન પ્રમાણત્વને–પ્રમાણપણાને પામતું જ નથી, ત્યાં સુધી જ્ઞાનને પ્રમાણપણું નથી મળતું.

બાહ્યદૃષ્ટિમાં તો એકલા અન્ય પદાર્થોને જ બાહ્ય પદાર્થ માને છે. મોટા ભાગના સંપ્રદાયના જીવો તો શુભરાગને પણ બાહ્યતત્ત્વ અને બાહ્યપદાર્થ નથી માનતા. તો અહીંયાં એમ કહે છે કે, મૂળ સ્વરૂપ જે અંતર્તત્ત્વ અને એ સિવાયનું બધું બહિર્તત્ત્વ એ ક્યાં સુધી ? એની છેલ્લી હદ શું ? આની ચરમસીમા શું ? કે, **'जीवादिबहित्तच्चं'** 'નિયમસાર'માં ૩૮મી ગાથા(માં આ વાત) લીધી. જીવાદિ તત્ત્વો બહિર્તત્ત્વો હોવાને લીધે તે હેય છે. **'हेया'** – તે હેય છે અને એક પરમપારિણામિકભાવ કારણપરમાત્મા અંતર્તત્ત્વ હોવાને લીધે તે એકમાત્ર ઉપાદેય છે. એમ કરીને એ વાત કાઢી નાખી. જૈનદર્શનના નવ તત્ત્વોને બહિર્તત્ત્વમાં મૂકી દીધાં !

મુમુક્ષુ :– શુભરાગના નિમિત્ત બહાર છે માટે એને બહિર્તત્ત્વ કીધું.

પૂજ્ય ભાઈશ્રી :– શુભરાગના નિમિત્ત બહાર છે. અહીં તો કહે છે કે, સમ્યગ્દર્શનની પર્યાય બહાર છે અને કેવળજ્ઞાનની પર્યાય પણ બહાર છે ! એ વાત ('નિયમસાર'ની) ૫૦મી ગાથામાં નાખી કે, ક્ષાયિકભાવ–ક્ષાયિક સમ્યગ્દર્શન હો કે કેવળજ્ઞાન હો, ક્ષાયિકભાવ **'परदव्वं परसहावमिदि हेयं।'** (અર્થાત) પરદ્રવ્ય હોવાને લીધે, પરભાવ હોવાને લીધે અહીંયાં હેય છે એમ કહીએ છીએ.

પ્રશ્ન :– પર્યાય છે તો વસ્તુની એટલે પર્યાયને જાણવા સિવાય બીજું કાર્ય શું છે ?

સમાધાન :– પર્યાયને પર્યાયના સ્થાનમાં રહેવા દે, તારા સ્થાનથી ખસીને તું બહાર આવ નહિ, એમ કહે છે ! તારું મૂળ સ્વરૂપ છે, ત્રિકાળી સ્વરૂપ છે, જ્યાં ત્રિકાળી અસ્તિત્વ છે ત્યાંથી અસ્તિત્વ ખસેડવાથી મૂઢદૃષ્ટિ–મિથ્યાદૃષ્ટિપણું આવે છે.

મુમુક્ષુ :– હુંપણું કરનાર પર્યાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હુંપણું કરનાર પર્યાય છે પણ સ્વસ્થાનમાં – જ્યાં હુંપણું ત્રણે કાળે છે ત્યાં જ કરવા યોગ્ય છે, એ સ્થાન છોડીને ક્યાંય કરવા યોગ્ય નથી. આ કાળમાં આવી વાત બહાર ઊભી છે, હજી પણ મોજૂદ છે એ બહુ મોટી વાત છે !! બાકી તો લોકો સહન કરી શકે એવું નથી. ક્રિયાને ઉડાડો તો તોફાન કરે, શુભરાગને ઉડાડો તો તોફાન કરે તો કેવળજ્ઞાનની અને સમ્યગદર્શનની વાતની ખબર નથી એ વાતને ઉડાડવી પણ કેવી રીતે ? એની તો એને ખબર પણ નથી. એવી વાતના પરમાગમો મોજૂદ છે. આ બે-બે હજાર વર્ષ પહેલાં લખેલી ગાથાઓ છે. 'નિયમસાર', 'કુંદકુંદાચાર્યે' બે હજાર વર્ષ પહેલાં લખેલી ગાથાઓ આજે મોજૂદ છે. અત્યારે તો સંપ્રદાયના લોકો મારવા માંડે ! (એને એમ કહે છે કે) આ તમારા આચાર્ય, આધારભૂત જેના વચનો ગણવામાં આવે છે, 'કુંદકુંદાચાર્યદેવ' તો દિગંબર સંપ્રદાયના સ્તંભ કહેવાય, જેમની આમ્નાય અત્યારે ચાલે છે એમ કહેવાય, એમના વચનો (છે). એની પાછળ પરમાર્થ પડ્યો છે.

**'દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી તેથી વિશ્વાસ વિના 'શું પ્રગટશે' એમ થાય,...'** જ્યાં સુધી વિશ્વાસ ન હોય ત્યાં સુધી અંદરથી શું મળે ? કેમ મળે ? કેવી રીતે મળે ? અવિશ્વાસે તો એમ થાય **'પણ દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ કરવાથી નિર્મળતા પ્રગટવા લાગે છે.'** અને જ્યાં નિર્મળતા પ્રગટવા લાગે છે ત્યાં એને પૂર્ણ નિર્મળતાની પ્રતીતિ અને વિશ્વાસ ઊભા થઈ જ જાય છે. સમ્યગ્દર્શનમાં કેવળજ્ઞાનની પ્રતીતિ પણ શામેલ છે, વગર વિચાર્યે ! વિચાર કરવાની પણ જીવને જરૂર નથી કે, મને કેવળજ્ઞાન થશે કે નહિ ? થઈ જશે એનો વિશ્વાસ આવવાનું કારણ સ્વદ્રવ્યનો વિશ્વાસ છે. સ્વદ્રવ્યમાં તો અનંતા કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય એવું સામર્થ્ય છે. જેની પાસે મૂડી છે એને હું વાપરી શકું કે ન વાપરી શકું ? એવો અવિશ્વાસ હોય છે ? તિજોરીમાં મૂડી ભરી છે એની હું વાપરી શકીશ કે નહિ વાપરી શકું ? એવો અવિશ્વાસ આવે છે ? અરે...! હું જ્યારે ધારું ત્યારે વાપરું, એને એમ છે. મારી ઇચ્છા થાય ત્યારે હું એનો ઉપયોગ કરું, મારી મૂડી છે. એને એનો અવિશ્વાસ આવતો નથી. એમ

એક સમયની કેવળજ્ઞાનની પર્યાયથી અનંતગુણ વધારે, અનંતગુણું વધારે સ્વદ્રવ્ય પોતે છે પછી એને કેવળજ્ઞાનની કે પૂર્ણ પર્યાયનો, મુક્ત પર્યાયનો–મોક્ષ દશાનો અવિશ્વાસ આવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

એમ કહીને આખા ૩૦મા બોલનું તાત્પર્ય એ છે કે, તારે તારા સ્વદ્રવ્યનો વિશ્વાસ કર્તવ્ય છે. કરવા યોગ્ય શું ? કે, સ્વદ્રવ્યનો વિશ્વાસ. તારા સ્વદ્રવ્યની ઓળખાણ કર. ઓળખાણ કરીને એનો વિશ્વાસ કર. જેમ ઓળખીને વિશ્વાસ કરે છે એમ તું ઓળખીને વિશ્વાસ કર. વિશ્વાસ કર (તો) બધી શરૂઆત–નિર્મળતાના અંશથી એની શરૂઆત થઈ જશે અને તારે કોઈને પૂછવું નહિ પડે કે, હવે હું પૂર્ણ મુક્ત થઈશ કે નહિ થાઉં ?

'સોગાનીજી'એ Indirect speechમાં એક બહુ સારી વાત કરી છે કે, પહેલાં એમ લાગતું હતું કે, મોક્ષ તો બહુ મોટી વાત છે, મોક્ષ પામવો એ તો બહુ મોટી વાત છે. 'ગુરુદેવ'ની ભક્તિ કરતાં-કરતાં, મહિમા કરતાં-કરતાં (કહે છે કે) હે 'ગુરુદેવ' આપના વચનો સાંભળ્યા પછી મોક્ષની વાત તો સાવ સાધારણ થઈ ગઈ છે ! કેમકે મોક્ષ તો હું પામવાનો છું. મોક્ષ પામવો એમાં શું મોટી વાત છે ! એ તો એક સમયની પર્યાય છે, એની તો સામું જોવા કોણ તૈયાર છે ? આવી સહજ વાત કરી નાખી. કેવી રીતે કરી નાખી ? કે, મૈં ભગવાન હૂં, મૈં ભગવાન હૂં... એમ પર્યાય છે એ ભગવાનું–નિજ ભગવાનનું ભજન કરવા લાગી એમાં મોક્ષની વાત તો સાધારણ થઈ ગઈ ! આ મોક્ષની આવી મોટી હાઉ જેવી દેખાતી વાત આટલી બધી સામાન્ય થઈ જશે એ કલ્પના નહોતી. એવા ભાવમાં એ વાક્યો લખ્યા છે, બહુ ભાવવાહી લખ્યા છે ! તમારા વચનોનો ચમત્કાર તો જુઓ ! એમ કરીને ત્યાં ખરેખર તો એમણે ભક્તિ કરી છે અને અનેક જગ્યાએ જ્યાં-જ્યાં સિદ્ધાંતની અને મૂળ દ્રવ્યની એમણે વાત કરી છે એ વાત કરતાં કોઈ વાર આગળ તો કોઈ વાર પાછળ 'ગુરુદેવ'ને નામે એ વાત એમણે ચડાવી દીધી છે. આમ 'ગુરુદેવ' કહે છે અથવા 'ગુરુદેવ'થી આ વાત આમ મળી છે, 'ગુરુદેવે' જે કહ્યું એનો સાર મેં આમ લીધો છે. એમ કરીને વાત ત્યાં ચડાવી દીધી છે. એમ કુદરતી એ બધાં પત્રોની અંદર ભક્તિપૂર્વક જ એ બધી વાત આવી છે. આવી છે પરમ શુદ્ધ નિશ્ચયની વાતો આવી છે. ભક્તિ અને વિનય અસાધારણ ! પરમ વિનય અને પરમ ભક્તિ સાથે એ બધું પ્રતિપાદન થયું છે. હવે એમને તો તે 'દી ખબર નથી કે, આ પત્રો પુસ્તકારૂઢ થશે. થોડાંક તો એમણે ફાડી નાખ્યા ! ખબર પડી કે આ પત્રો રાખ્યા છે, સાચવ્યા છે તો ફાડી નાખ્યા ! આ શું ?

કાગળો રાખીને આ બધું – ચર્ચા ને આ બધું શું માંડ્યું છે ? ખબર પડી કે આ કાગળો ઉપર ચર્ચા ચાલે છે તો થોડાંક હાથમાં આવ્યા ઇ ફાડી નાખ્યા. આ બધી ચર્ચા કરી-કરીને આ બધું શું બહાર પાડવું છે ? બહાર પડવા માટે એ પહેલેથી જ એટલા દૂર ચાલતા હતા. લખતી વખતે એવી તો ખબર પણ નહોતી કે, આ પુસ્તકારૂઢ થશે. પણ **એમની વાણીમાં કુદરતી જેટલો જોરથી નિશ્ચયનો વિષય બહાર આવ્યો છે એટલી જ ભક્તિ સાથે-સાથે બહાર આવી ગઈ છે. આ એક સંકેત કરે છે કે, (અંતરંગ અધ્યાત્મ) દશા અને ભક્તિને સાથે રહેવાની કેવી કુદરતી પરિસ્થિતિ હોય છે ! એ નિશ્ચયની સાથેનો એટલો સુમેળ છે.**

અહીંયાં (કહે છે કે) યથાર્થપણે સ્વદ્રવ્યમાં રહેલી અનંત શક્તિનો વિશ્વાસ કરવો– આખા બોલનું એટલું તાત્પર્ય છે. શક્તિનો વિશ્વાસ કરવાનો છે. દ્રવ્યનો (વિશ્વાસ કરવાનો છે) એટલે દ્રવ્યમાં રહેલી અનંત શક્તિનો વિશ્વાસ કરવાનો છે. બસ ! એ શક્તિનો વિશ્વાસ આવ્યા પછી જગતમાં અન્ય દ્રવ્ય અને અન્ય ભાવની (જે) અપેક્ષાબુદ્ધિ છે એ તૂટી જાય છે. અશક્તિએ થાય તો એનો નિષેધ આવે, પણ પછી જીવને કોઈ દ્રવ્યની, કોઈ ભાવની અપેક્ષાબુદ્ધિ રહેતી નથી. એવું જબરજસ્ત દ્રવ્યનું સ્વરૂપ છે !

અહીં સુધી રાખીએ.

**પૂર્વકર્મ અનુસાર પ્રાપ્ત સંયોગોમાં, તે સંયોગો પ્રગટપણે પરદ્રવ્યસ્વરૂપ હોવા છતાં, તેમાં નિજપણું માની, જીવ પોતામાં સુખ કલ્પે છે—તે સર્વથા જૂઠ છે- સૌથી મોટું જૂઠ છે; તેનો દંડ, ચાર ગતિનું પરિભ્રમણ છે-અને જન્મ મરણાદિનું દુઃખ છે. સુખ તો ચૈતન્યના વિલાસમાં ઉત્પન્ન થાય છે. – સુખભંડારમાંથી સુખ થાય.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૫૨)

## પ્રવચન નં. ૨૭, વચનામૃત–૩૦,૩૧
## તા. ૧૫-૧૨-૧૯૮૬

'બહેનશ્રીનાં વચનામૃત' ૩૦મો બોલ ફરીથી સંક્ષેપમાં લઈએ. **'જેમ બીજ વાવે છે તેમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી,...'** દૃષ્ટાંત લીધો છે. **'છતાં વિશ્વાસ છે કે 'આ બીજમાંથી વૃક્ષ ફાલશે, તેમાંથી ડાળાં-પાંદડાં-ફળ વગેરે આવશે',...'** બીજ વાવવામાં આવે છે. એ ક્રિયાની સાથે અંતરંગમાં એક વિશ્વાસ પણ સાથે કામ કરે છે કે, આનું મોટું વૃક્ષ થશે અને એનાં ફળ મને મળશે. એમ આત્મા દ્રવ્ય છે, કોઈ પ્રગટ પર્યાય દ્રવ્યસામાન્યમાં પ્રગટપણે જોવામાં આવતી નથી. તો ક્યા વિશ્વાસે એ દ્રવ્યમાં મમત્વ કરવું ? ક્યા વિશ્વાસે દ્રવ્યમાં પોતાપણું કરવું ? ક્યા વિશ્વાસે દ્રવ્યને ગ્રહણ કરવું ?

**'તેમ મૂળ શક્તિરૂપ દ્રવ્યને યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે;...'** દ્રવ્યને ગ્રહણ કરતાં જ નિર્મળ પર્યાય તો પ્રગટ થાય છે પણ એ ગ્રહણ કરવાનો પ્રયાસ ચાલે છે ત્યારે એક વિશ્વાસથી એ પુરુષાર્થ ઊપડેલો છે. મારા દ્રવ્યમાં બધું ભર્યું છે. પહેલાં ઓળખાણ થઈ છે ને ? પુરુષાર્થ ક્યારે શરૂ થયો છે ? કે, ઓળખાણ થઈ છે ત્યારે. મારા દ્રવ્યમાં બધું ભર્યું છે, પૂરું સુખ ભર્યું છે, પૂરું જ્ઞાન ભર્યું છે અને એમાંથી એ સુખ અને જ્ઞાનનો પ્રવાહ ઉત્પન્ન થશે. એની સન્મુખ થવાથી, એને ગ્રહણ કરવાથી, એનો અનુભવ કરવાથી મને કોઈની અપેક્ષા નહિ રહે એવું મારું સંપૂર્ણ સંતુષ્ટ પરિણમન, તૃપ્ત પરિણમન પ્રગટ થશે એવો વિશ્વાસ એને ઓળખાણના કાળમાં ઉત્પન્ન થાય છે.

જગતમાં પણ ઓળખીતાનો વિશ્વાસ કરે છે, અજાણ્યાનો કોઈ વિશ્વાસ કરતું નથી.

એમ છે કે નહિ ? એમ અહીંયાં નિજ દ્રવ્યની ઓળખાણ થઈ તો એનો ભરોસો કરવામાં વાંધો નથી એવો ઓળખાણની અંદર ઓળખાણનો ભાવ–વિશ્વાસનો ભાવ સાથે જ રહે છે એનું નામ ઓળખાણ છે.

પ્રશ્ન :– ઓળખાણ એટલે નિશ્ચય ?

સમાધાન :– હા, ઓળખાણ એટલે નિશ્ચય–નિર્ણય. નિશ્ચય કહો, નિર્ણય કહો (બન્ને એકાર્થ છે).

મુમુક્ષુ :– નિર્ણય થાય તો વિશ્વાસ આવે.

પૂજ્ય ભાઈશ્રી :– ઓળખાણ વગર–નિર્ણય વગર તો વિશ્વાસ કેવી રીતે થાય ? અનાદિથી અજાણ્યો છે અને ઓળખાણ નથી થતી ત્યાં સુધી શાસ્ત્રો, સત્પુરુષો અને પ્રત્યક્ષ તીર્થંકર હોય, સર્વજ્ઞ પરમાત્મા કહે તોપણ આને અંદરથી જ્યાં સુધી વિશ્વાસ નથી આવતો ત્યાં સુધી એ સન્મુખ થઈને એને ગ્રહણ કરતો નથી. એનું અવલંબન લેતો નથી અને બહારમાં જેમાં સુખનો વિશ્વાસ છે એનું અવલંબન છોડતો પણ નથી. માણસ નથી કહેતા ? તમે ગમે એટલું કહો એ (ભલે) 'હા' પાડે પણ અંદરથી ફેરફાર થતો નથી. એ ફેરફાર વિશ્વાસથી થાય છે. ઓળખાણથી થાય છે અને વિશ્વાસથી થાય છે.

પરદ્રવ્યનું સુખને અર્થે જે અવલંબન ચાલુ છે એ માત્ર સુખને અર્થે પરાવલંબન છે એટલું નથી, એની સાથે સુખના વિશ્વાસ સહિત એ પરિણમન છે. એ વાત 'નિર્ભ્રાંત દર્શનની કેડી'માં લીધી છે. વિશ્વાસસહિત પરિણમન છે. એ વિશ્વાસ ક્યારે બદલાય ? કે, પોતાના સ્વરૂપમાં પોતાનું અનંત સુખ છે, વિદ્યમાન છે એમ ભાસે ત્યારે. પોતાના સુખની હયાતી પોતાને ભાસે તો એને હયાતીનો વિશ્વાસ આવે તો એને જ્યાં સુખની કલ્પના હતી અથવા માન્યું હતું એ કલ્પના હતી એમ ખબર પડે. જ્યાં સુખ માન્યું હતું ત્યાં સુખ નહોતું પણ સુખ સંબંધીની કલ્પના થઈ હતી એવું એને સ્પષ્ટ સમજાય, ભાસે અને ત્યારે એનો વિશ્વાસ ઊડી જાય કે, આ જગતના પદાર્થો મને અનુકૂળતા આપશે, મને સુખ આપશે, એનાથી હું સુખી રહીશ એ વાત ઊડી જાય છે. કોઈ પણ હાલતમાં મારા આત્મામાંથી – અંતરમાંથી સુખની ઉત્પત્તિ થઈને મને સુખનો અનુભવ થશે એ વાત એવી વિશ્વાસથી ઘર કરી જાય છે, વિશ્વાસ થાય છે ત્યારે એ ઘર કરી જાય છે કે, પછી એને ફેરવવા જગતમાં કોઈ સમર્થ નથી. ત્યારે એને મૂળ શક્તિરૂપ દ્રવ્ય યથાર્થ ગ્રહણ થયું એમ કહેવામાં આવે છે.

શક્તિનો વિશ્વાસ આવે એને કોઈની તમા ન રહે. પોતાની શક્તિનો વિશ્વાસ આવે

એને પછી કોઈ બીજાની અપેક્ષા, બીજાની મદદ લેવી, એવી અશક્તિની વાત એને માટે રહેતી નથી. **'મૂળ શક્તિરૂપ દ્રવ્યને યથાર્થ વિશ્વાસપૂર્વક ગ્રહણ કરવાથી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે;...'** શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. હવે અહીંયાં માર્ગદર્શન આપે છે કે, ભલે અત્યારે તને **'દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી...'** વર્તમાન સુખની અવસ્થા કે જ્ઞાનની અવસ્થા તને પ્રગટ નથી થઈ અને પ્રગટપણે દ્રવ્યમાં એવું કાંઈ નથી. કેમકે દ્રવ્ય તો અવ્યક્ત તત્ત્વ છે, પર્યાયની જેમ વ્યક્ત તત્ત્વ નથી. એટલે પર્યાય પ્રગટ છે એવું દ્રવ્યમાં તને પ્રગટ ન દેખાતું હોય. પર્યાયની જેમ (પ્રગટ), હોં ! બાકી તો દ્રવ્ય પ્રગટ છે. દ્રવ્ય દ્રવ્યસ્વરૂપે અપ્રગટ નથી. દ્રવ્ય દ્રવ્યસ્વરૂપે જોવામાં આવે તો ત્રિકાળ પ્રત્યક્ષ એ એનું સ્વરૂપ છે. ત્રિકાળ પ્રત્યક્ષતા એનું સ્વરૂપ છે. એટલે જેણે દ્રવ્ય જોયું એ દ્રવ્યને પ્રગટપણે જ આવું છે એમ જોવે છે કે, પ્રગટ દ્રવ્ય તો આવું છે, પ્રત્યક્ષ દ્રવ્ય તો આવું છે ! એમ જોવે છે. આ પર્યાય જેવી પ્રગટતા નથી એ વાત જુદી છે. ભાષામાં એમ આવે કે, દ્રવ્ય એટલે સામાન્ય, સામાન્ય એટલે અવ્યક્ત. અવ્યક્ત એટલે એમાં વ્યક્ત કાંઈ ન દેખાય. અનંત જ્ઞાન ભર્યું છે પણ વ્યક્ત નથી દેખાતું, અનંત સુખ ભર્યું છે પણ વ્યક્ત નથી દેખાતું. તો તું એવું નહિ લેતો, એમ કહે છે. કાંઈ દેખાતું નથી ને, કાંઈ દેખાતું નથી ને, દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... કરીએ છીએ પણ કાંઈ દેખાતું નથી ને ! કેવી રીતે માનવું ? એના ઉપર વાત છે, એ Point ઉપર વાત છે.

**'દ્રવ્યમાં પ્રગટરૂપે કાંઈ દેખાતું નથી તેથી વિશ્વાસ વિના 'શું પ્રગટશે' એમ થાય,...'** કાંઈ દેખાતું નથી તો કેવી રીતે આમાંથી પ્રગટશે ? પણ બીજમાં તને શું દેખાય છે ? બીજમાં થડ દેખાય છે ? બીજમાં ડાળી દેખાય છે ? બીજમાં પાંદડાં છે ? બીજમાં ફળ છે ? બીજમાં એ બધાંની શક્તિ છે. બીજ એવી ચીજ છે કે, એક વડનું બીજ તો કેટલું નાનું હોય છે ! રાયના દાણા જેટલું હોય છે. ટેટાની અંદર ઘણાં બીજ હોય છે ને ? વડનો ટેટો તો આવડો બોર જેવડો હોય છે એની અંદર ઘણાં બીજ હોય છે. બહુ બીજવાળું એ ફળ છે, ટેટો છે એ એનું ફળ છે, બહુ બીજવાળું ફળ છે. બોર જેટલા ક્ષેત્રફળની અંદર ઘણાં બીજ છે તો એ બીજ કેટલા નાના હોય ? કે, રાયના દાણાં કરતાં નાના બીજ હોય છે. એમાંથી મોટો વડલો ફાટે છે ! એટલા બીજમાંથી કેટલો પ્રસરે ? કે, મોટો ઘેઘૂર વડલો (થાય) ! મોટું બિલ્ડીંગ હોય એવડા મોટા બિલ્ડીંગ થાય, એટલું ક્ષેત્રફળ જેમાંથી ઉત્પન્ન થાય એટલું વડ એમાંથી થાય છે. કોઈ એમ કહે કે, વડ જોઈને બીજનો વિશ્વાસ કર્યો. (તો કહે છે

કે), કેવળજ્ઞાન જોઈને, તીર્થંકર પરમાત્મા જોઈને, સર્વજ્ઞ પરમેશ્વર જોઈને તને કેમ વિશ્વાસ ન આવ્યો ? જો વડ જોઈને વડના બીજનો વિશ્વાસ આવ્યો તો તીર્થંકર પરમાત્મા જોઈને, એમનું સર્વજ્ઞપણું જોઈને તને કેમ આત્માનો વિશ્વાસ–દ્રવ્યનો વિશ્વાસ ન આવ્યો ? એ પણ પ્રગટ છે. બીજાં પદાર્થની અપેક્ષાએ પ્રગટ છે કે નહિ ? એમ.

એટલે કાંઈ નથી દેખાતું તેથી શું પ્રગટશે ? એવું કદાચ થાય, એમ થાય '**પણ દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ કરવાથી...**' એમ થાય તોપણ તે વિશ્વસનીય છે–વિશ્વાસ કરવા લાયક છે. એ વાત સ્વીકારીને એની ઓળખાણ કરવાનો પ્રયત્ન કરવાથી જરૂર વિશ્વાસ આવે છે. જો ઓળખ થાય છે તો જરૂર વિશ્વાસ આવે છે. '**દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ કરવાથી નિર્મળતા પ્રગટવા લાગે છે.**' વિશ્વાસ આવવાનું કારણ પરિચય છે. પરિચય (છે) એ નિજ અવલોકનરૂપ પ્રક્રિયા છે અને એમાં એમ જોવામાં આવે છે કે, આ આત્મા ઉપર અનેક પ્રકારના આઘાત-પ્રત્યાઘાત થવા છતાં જાણવું... જાણવું... એવી જે જ્ઞાનશક્તિ છે એમાં 'નહિ જાણવું' કદી થતું નથી. જ્ઞાનથી આત્મા પકડાય છે ને ? તો જે સતત જાણવું થાય છે એ જાણવાની સામે ગમે તેટલા પ્રત્યાઘાત આવે છે, ગમે તેવા પ્રસંગોમાંથી આત્મા પસાર થાય છે પણ 'નહિ જાણવું' એવું ક્યારેય એમાંથી થતું નથી અને જાણવું છે એ સતત સ્વયંપણે – સ્વયં જ કોઈની મદદ વિના, કોઈની બીજી પ્રક્રિયા વિના, કોઈ Process કર્યા વિના એનું જાણવું સતત... સતત... સતત... સહજપણે સ્વભાવથી નિરંતર ચાલુ રહે છે. એ અંદરના અનંત જ્ઞાનભંડારની હયાતીને સાબિત કરે છે. જેમ બહાર નીકળતો સતત ગેસ જમીનમાં રહેલા ગેસના અખૂટ ભંડારને સાબિત કરે છે કે, આટલો સતત ગેસ નીકળ્યા જ કરે છે માટે અંદર ઘણો ભરેલો છે. એમ આ આત્માનું જ્ઞાન ક્યારેય પણ બંધ થતું નથી અને ગમે તેવા પ્રસંગમાં પસાર થયા પછી એમને એમ ચાલુને ચાલુ રહી જાય છે. એને હણવા કોઈ સમર્થ નથી, એનો નાશ કરવા કોઈ સમર્થ નથી, એને સ્પર્શવા કોઈ સમર્થ નથી, બાળવા, સૂકવવા, ઘાત કરવા (કોઈ) સમર્થ નથી. એને એ જોવે – પોતાના પરિણમનને જોવે, પોતાના પરિણમનના અનુભવને તપાસતો જાય, એ તપાસથી એનો ઘણો પરિચય રાખે તો એની બેહદ શક્તિ છે એની ઓળખાણ થાય અને એનો વિશ્વાસ પણ આવે કે, છે ! ખરેખર હયાત છે ! (એ) વિશ્વાસપૂર્વક પછી એમાં હુંપણું કરવામાં આવે તો નિર્મળ પર્યાય પ્રગટે છે અને અવિશ્વાસપૂર્વક હુંપણાનો વિકલ્પ કરે તો વિકલ્પ રહી જાય છે અને નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી.

કેટલાંક જીવો હુંપણું કરવાનો કૃત્રિમ પ્રયત્ન કરે છે કે, અમે તો આત્માનું રટણ કરીએ છીએ કે, હું જ્ઞાયક... હું જ્ઞાયક.. હું જ્ઞાનસ્વભાવી, હું આનંદસ્વભાવી... પણ નિર્મળ પર્યાય પ્રગટતી નથી. એને પૂછીએ કે તારા વિશ્વાસનું શું છે ? અનુકૂળતામાં સુખબુદ્ધિ એ વિશ્વાસ– એવો વિશ્વાસ છે એ એમને એમ રહ્યો છે કે એમાં ફેરફાર થઈ ગયો ? આત્મામાં અનંત સુખની હયાતી છે એમ ભાસ્યું છે કે નથી ભાસ્યું ? કે એમને એમ અધ્ધરથી વિકલ્પ થાય છે ? વિશ્વાસ પરદ્રવ્યના સુખનો (છે). પરદ્રવ્યમાંથી સુખ મળે છે, પરદ્રવ્યથી સુખ મળે છે એવો વિશ્વાસ (છે) અને વિકલ્પ (કરે છે કે), હું જ્ઞાનસ્વરૂપી અને આનંદસ્વરૂપી છું ! એ વિકલ્પથી કાંઈ નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી.

પ્રશ્ન :– નિર્મળ પર્યાય એટલે ?

સમાધાન :– નિર્મળ પર્યાય એટલે સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર આત્મામાંથી ઉત્પન્ન થતી શાંતિ, આનંદ (આદિ) શુદ્ધ પર્યાય. નિર્મળ એટલે શુદ્ધ. રાગના મેલનો જેમાં અભાવ છે, રાગરહિત, મલિનતા રહિત (છે) એને નિર્મળ કહે છે, શુદ્ધ કહે છે.

પ્રશ્ન :– નિર્મળ પર્યાય પ્રગટ થવા માટે આ એક જ વિધિ છે ?

સમાધાન :– હા, એક જ વિધિ છે. ત્રણે કાળે આ એક જ વિધિ છે. તિર્યંચ પણ પોતાના જ્ઞાનલક્ષણનું યથાર્થપણે અવલોકન કરીને અંદરની શક્તિનું માપ એને સંજ્ઞી પંચેન્દ્રિય હોવાથી આવી જાય છે તો એને પોતાની શક્તિનો વિશ્વાસ આવે છે. પોતાના અખૂટ જ્ઞાનભંડારને એ અંદરમાં દેખી લે છે. ત્યારે એ તિર્યંચની અવસ્થા અને તિર્યંચનું ખોળિયું છે એ ભૂલી જાય છે. હું તો એક જ્ઞાનપિંડ આત્મા છું, જ્ઞાનમય છું – આ તિર્યંચપણું એમાં નથી જોવામાં આવતું. ન તો તિર્યંચનું શરીર છે કે ન તો તિર્યંચની કોઈ યોગ્યતા છે. જ્ઞાન તો જ્ઞાન જ છે. એવી ઓછા ઉઘાડવાળી–જ્ઞાન મૂંઢાઈ ગયું છે, બીડાઈ ગયું છે એવી દશામાં અતીન્દ્રિય સ્વાનુભવ પણ કરે છે અને એ સ્વાનુભવમાં વારંવાર આવીને પંચમ ગુણસ્થાન સુધીની સ્થિરતાને પ્રાપ્ત કરે છે કે જેટલી પ્રગટ નિર્મળ દશા–શુદ્ધ દશા એકાવતારી એવા સર્વાર્થસિદ્ધિના દેવને પણ હોતી નથી ! એ તો બધાં એકાવતારી છે. જેવા ત્યાંથી ૩૩ સાગરનું આયુષ્ય પૂરું કરશે (કે તરત મનુષ્ય થઈને મોક્ષે જશે). બધાંને એક સરખું આયુષ્ય (છે), જેનું-જેનું ૩૩ સાગરનું (આયુષ્ય) પૂરું થાય (પછી તરત જ) મનુષ્ય થાય, સમ્યગ્દર્શન સહિત તો હોય છે, એકદમ શક્તિમાં ઝપટ આવે છે, એ પંચમ ગુણસ્થાનમાં આવે-ન આવે, છઠ્ઠા-સાતમા (ગુણસ્થાનની) મુનિદશા અંગીકાર કરે છે, મુનિદશાને પ્રાપ્ત

કરે છે, અંતર્-બાહ્ય નિર્ગ્રંથ દશામાં વિચરે છે, કેવળજ્ઞાનનો પુરુષાર્થ પ્રગટ કરીને પૂર્ણ થઈ જાય છે. પણ ત્યાં જે ૩૩ સાગરમાં છે એની જે સ્થિતિ છે, એનાં કરતાં ઊંચાં ગુણસ્થાને આ તિર્યંચ બિરાજમાન છે ! તિર્યંચ એ તો બહારનો દેખાવ તિર્યંચનો છે, અંદર તો જ્ઞાનદેવ છે, અંદર તો આત્મદેવ છે. એ પોતાની શુદ્ધ પંચમ ગુણસ્થાનની અવસ્થાએ બિરાજમાન છે.

પ્રશ્ન :– ૩૩ સાગર તો ઉત્કૃષ્ટ ને ?

સમાધાન :– હા, એથી વધારે આયુષ્ય કોઈનું હોતું નથી. ત્યાં ૩૩ (સાગરની) સ્થિતિ પડી જ જાય છે. જે પરિણામે સર્વાર્થસિદ્ધિમાં જાય ત્યાં બધાંની પદવી સરખી, પુણ્યની પદવી પણ સરખી. કોઈ દેવ મોટો, કોઈ દેવ નાનો, કોઈ રાજા, કોઈ ચાકર એવું કાંઈ નથી. બધાંનું સ્થાન સરખું (છે). એટલે બધાં અહમિન્દ્ર કહેવાય છે. બધાં ઇન્દ્ર જેવા પૂરા પુણ્યવાળા છે. કોઈને ઓછું પુણ્ય નહિ, કોઈને કોઈની સેવા કરવી નહિ. સેવા કરવાની આવશ્યકતા પણ નથી. કેમકે ત્યાં આહાર-પાણી, દેવીઓ કાંઈ હોતું નથી. કોઈ આરંભ-સમારંભ કાંઈ હોતો નથી.

પ્રશ્ન :– કરે શું ?

સમાધાન :– ધર્મચર્ચા કરે. બધાં ધર્મીજીવો છે, ધર્માત્મા છે. ૩૩ સાગર સુધી ધર્મચર્ચાની કડાકૂટ કર્યા કરે ! અંદરમાં સ્થિરતા આવતી નથી. ધર્મચર્ચાનો એવો રાગ ઘણો રહે છે એટલે એમાંને એમાં ચાલે છે. ક્યારેક-ક્યારેક સ્વાનુભવ કરે છે. એવું તો ક્યારેક (થાય), ચોથા ગુણસ્થાનમાં તો મર્યાદા છે.

પ્રશ્ન :– ત્યાં રાત તો છે નહિ તો ૩૩ સાગર ધર્મચર્ચા જ કરે ?

સમાધાન :– હા, ત્યાં રાત નથી. આહાર-પાણી નથી, બીજાં મોજ-શોખ નથી, નાટક-ચેટક નથી. નીચેના દેવલોકમાં બધું છે–દેવીઓ છે, અપ્સરાઓ છે, એના નાટકો છે, નાટારંગ છે, ત્યાં ભોગ-ઉપભોગના સાધનો છે. સર્વાર્થસિદ્ધિમાં તો બહારમાં કોઈ પાપની પ્રવૃત્તિ જ નથી. દસ હજાર વર્ષે એક વાર વિકલ્પ આવે અને શાંત થઈ જાય, આહારનો વિકલ્પ આવે અને પાછો અંદરથીને અંદરથી શાંત થઈ જાય. પતી ગયું, જાવ !

પંચમ ગુણસ્થાનના શ્રાવક છે, તિર્યંચ છે એ પંચમ ગુણસ્થાનના શ્રાવક છે અને એકાવતારી દેવ કરતા આગળ છે, વધારે સુખી છે. વધારે સુખી છે ! અંદરનું સુખ એને વિશેષ છે, અંદરનું જ્ઞાન પણ એને વિશેષ છે અને એ પોતાના આત્મામાં મોજ કરે છે.

અંદરથી સુખ લે છે. બહારમાં કોઈને ખબર પણ ન પડે કે, આ જ્ઞાની છે, પંચમ ગુણસ્થાનવર્તી છે ! કાંઈ ખબર ન પડે. એટલી સ્થિરતા વધે છે.

મુમુક્ષુ :– એને વ્રત તો હોય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– વ્રત એટલે બહારમાં જે આ રીતે પ્રતિજ્ઞા લે છે એવી રીતે ન હોય પણ વ્રત કોને કહેવા ? કે, વૃત્તિ અંદર સ્વરૂપમાં સ્થિર થાય. સ્વરૂપને વીંટળાઈ જાય તેને વ્રત કહે છે. જે વૃત્તિ નામ પરિણામ સ્વરૂપમાં રોકાય જાય, વીંટળાઈ જાય એને વ્રત કહે છે. એને એવું વ્રત છે. બહારનું વ્રત ભલે નથી. બહારમાં બળદ હોય તો ઊભો લીલો ચારો ચરે. કેવો ? ઊગેલો હોય, જમીનમાં ઊભો હોય એ લીલો ચારો ચરે. પંચમ ગુણસ્થાનવર્તી હોય, બહારનું વ્રત ન દેખાય પણ અંદરમાં વ્રતી શ્રાવક એ છે. અહીંયાં વ્રત લઈને બેઠા છે અને હજી સમ્યગ્દર્શનનું ઠેકાણું નથી અથવા મોટા ભાગના કેટલાક તો ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. એ તો ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. (ઉપર કહ્યું એને) વ્રત કહીએ. વ્રત નથી એને વ્રત માનનાર તો ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. એવો દેખાવ નથી છતાં ખરા શ્રાવક એ (તિર્યંચ) છે. આ તો જૂઠા શ્રાવક છે. (૩૦મો બોલ પૂરો થયો).

**સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન-વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, બધાં જ કાર્યોમાં ઊભા હોવા છતાં, લેપ લાગતો નથી, નિર્લેપ રહે છે; જ્ઞાનધારા ને ઉદયધારા બે જુદી પરિણમે છે; અલ્પ અસ્થિરતા છે તે પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે, તેના પણ જ્ઞાતા રહે છે. ૩૧.**

**'સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન-વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, બધાં જ કાર્યોમાં ઊભા હોવા છતાં, લેપ લાગતો નથી, નિર્લેપ રહે છે;...'** અંદરમાં જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ છે. અહીંયાં અસ્તિ-નાસ્તિ બન્ને પ્રકારનું પરિણમન લેવું છે. પોતાના

સ્વરૂપનું જ્ઞાન છે, સ્વસંવેદન છે અને બહારની વૃત્તિમાં રાગનો રસ નથી, રાગ છે પણ રાગનો રસ નથી, લુખ્ખાં પરિણામ થઈ ગયા છે. ગૃહસ્થાશ્રમમાં ગૃહસ્થાશ્રમને યોગ્ય એવા જે મનુષ્ય હોય, મનુષ્યનો દૃષ્ટાંત છે–સમ્યક્દૃષ્ટિ મનુષ્ય લેવા છે, ગૃહસ્થને યોગ્ય એવા તમામ કાર્યો જોવામાં આવે છે છતાં લેપાતા નથી, કેમકે અંદરથી તેનું સ્વામીત્વ છૂટી ગયું છે. નોકરના દૃષ્ટાંતે. નોકર દુકાનનું બધું કામ કરે, શેઠ કરતાં સવાયુ કરે. કેટલું ? (સવાયુ કામ કરે). પ્રમાણિક નોકર લેવો છે. મારું સમજીને કરે કે, આ તો બધું મારું કામ છે. શેઠનું (જેટલું) કામ (છે) એટલું બધું મારું કામ ! પણ પ્રમાણિકતા કેટલી ? કે, શેઠની મૂડી ? તો કહે, એક પૈસા મારો નહિ. પૈસે-પૈસાનો ચોખ્ખો હિસાબ રાખે અને આપે, પાયે-પાઈનો ! શેઠ કહે, જાવ ! ફલાણી જગ્યાએ. આટલું કામ કરી આવો. (જે) ખર્ચ થાય એ દુકાને ખર્ચ ખાતે લખાવી દેજો. તો જેટલો ખર્ચ થાય, પાયે-પાઈનો ચોખ્ખે-ચોખ્ખો ખર્ચ લખાવે. એક પાઈ વધારે ખીસામાં રહે એવી રીતે ન લખાવે. અને કેવી રીતે કામ કરે ? કે, મારું... મારું... મારું... માનીને કામ કરે કે, આ તો મારું પોતાનું કામ છે. કેટલું અંદરમાં અડે ? જરાય નહિ, અંદરમાં બિલકુલ નહિ. એમાંથી એક પાઈને મારાથી અડાય નહિ. કામ મારું, મૂડી શેઠની ! કામ મારું, નફો શેઠનો ! એમ છે. આ તો અનુભવ થઈ શકે એવી વાત છે, સમજી શકાય એવી વાત છે.

એમ (જ્ઞાનીપુરુષ) બહારમાં પૂર્વકર્મને પૂરા કરવા આવ્યા છે. સમ્યક્દૃષ્ટિ થયા છે, ખ્યાલ છે કે પૂર્વે ઘણાં કર્મ બાંધ્યા છે. અજ્ઞાનભાવે અનેક કર્મ બાંધ્યા છે. આ બધો હિસાબકિતાબ હવે સાફ કરવાનો છે. દઈ દ્યો, જેનું-જેનું દેણું હોય એને દઈ દ્યો. નિવૃત્ત થઈ જાઓ, ફારગત થઈ જાઓ, બધાંથી છૂટા થઈ જાઓ. તારું તું લેતો ફર, તારું તું લેતો ફર. હવે મારું નામ લઈશ નહિ. ઠીક ! એમ છૂટવા માટે એ (રહે) છે. ગૃહસ્થાશ્રમના કાર્યમાં રસ લઈને વીંટળાતો નથી પણ જૂનું પૂરું કરવાની એક વાત છે. એટલે અંદરથી એને એનો રસ નથી, છૂટવા માટે એ ભોગવી લે છે અથવા ભોગવવાનો રસ નથી અને ભોગવી લે છે. એમ છે. તેથી લેપ લાગતો નથી અને એ નિર્લેપ રહે છે.

એવા દૃષ્ટાંતો પુરાણની અંદર આવી ગયા. અત્યારે તો અન્ય મતમાં પણ 'જનકવિદેહી' કહે છે. 'જનક રાજા' ! 'રામચંદ્રજી'ના સસરા, 'સીતાજી'ના પિતાશ્રી હતા. જ્ઞાની હતા, ધર્માત્મા હતા. એ રાજ-પાટ બધું કરતા પણ એ એટલા નિર્લેપ રહીને કરતાં કે લોકોમાં એ પ્રસિદ્ધ થઈ ગયા કે, કેવા છે ? કે, 'જનકવિદેહી' છે. અત્યારે એ લોકો 'જનકવિદેહી'

જ કહે છે. અર્થ નથી સમજતા. ત્યાં એ જાતનું પ્રકરણ પણ નથી. પણ નામથી Title ઇ જ ચાલ્યું આવે છે – 'જનકવિદેહી' ! ઠીક ! એમની વિદહી દશા હતી. 'રામાયણ'માં એ લોકોએ એવા પ્રસંગો લીધા છે કે, એના રાજમાં શાસ્ત્રાર્થ ચાલે. સભા ભરાય તો વિદ્વાનો, પંડિતો, જ્ઞાનીઓને આમંત્રણ આપે અને તત્ત્વચર્ચાઓ અને શાસ્ત્રાર્થ ચાલે. એમાં 'અષ્ટાવક્ર'નો પ્રસંગ એ લોકોએ આપ્યો છે. આઠ જગ્યાએથી શરીરના અંગ વાંકા હતા એટલે એને બધાં 'અષ્ટાવક્ર' કહેતા, પણ એ જ્ઞાની હતા. એને એક વખત આમંત્રણ આપ્યું. એ ચાલે એવી રીતે કે, ચારે કોરથી વળ ખાઈ-ખાઈને પગલાં ભરવા પડે, અપંગ માણસની જેમ ! તો કોઈ વિદ્વાન હસી ગયા, એને જોઈને હસી ગયા. આને બોલાવ્યા છે ? રાજાની સભામાં, આવા મોટા-મોટા માણસોની સભામાં આવો માણસ કાંઈ શોભે ? કોઈ વિદ્વાનો હસી ગયા. ચર્ચા શરૂ કરતા 'અષ્ટાવક્ર' (કહે છે) 'મહારાજ ! તમે વિદ્વાનોની સભા બોલાવી છે કે ચમારની અને ભંગીની સભા બોલાવી છે ?' તો (રાજાએ પૂછ્યુ) 'કેમ આપને એમ કહેવું પડ્યું ?' તો (આમણે કહ્યું કે) 'ચમારની નજર હાડકાં અને ચામડાં ઉપર રહે છે. ચાંડાલ અને ચમાર હોય છે એની નજર હાડકાં-ચામડાં ઉપર હોય છે. એવું લાગે છે કે, અહીંયાં કોઈની નજર હાડકાં-ચામડાં ઉપર છે !' એવા નીડર માણસ ! એને શું પડી છે ? એને કોઈનું કાંઈ જોઈતું નથી. એવા બધા પ્રસંગો એ 'રામાયણ'માં એ લોકોએ લીધા છે. આ બધું નાનપણમાં વાંચેલું. ૯-૧૦ વર્ષની ઉંમરે 'રામાયણ' ને એ બધું વાંચેલું.

અહીં કહે છે કે, ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં સમ્યક્દૃષ્ટિને લેપ લાગતો નથી કેમકે એની વૈરાગ્યશક્તિ પણ એવી છે. વિરક્ત છે–રાગથી વિરક્ત છે. રાગ અને રાગના વિષયથી વિરક્ત હોવાથી અને પોતાની સ્વસંવેદનશક્તિમાં બરાબર રસવાળા હોવાથી તેમને '**જ્ઞાનધારા ને ઉદયધારા બે જુદી પરિણમે છે;...**' કેમ લેપાતા નથી ? જ્ઞાનધારામાં ઉદયની ધારા નથી અને ઉદયના પરિણમનની ધારામાં જ્ઞાનધારા નથી.

જ્ઞાનધારા અને ઉદયધારાનો વિષય દિગંબર સંપ્રદાયમાં ખાસ પ્રસિદ્ધપણે ચાલતો નથી. એ વિષય શાસ્ત્રોમાં છે. શાસ્ત્રોમાં નથી અને કોઈ નવી વાત 'ગુરુદેવે' કાઢી છે એવું તો નથી. સ્પષ્ટ કરી દીધું કે, સમ્યક્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમી શ્રાવકની અંતરંગ દશા આવી હોય. ઉદય પૂર્વકર્મ અનુસાર હોય, કોઈ રાજા હોય, કોઈ રંક હોય. કોઈ વિદ્વાન દેખાય અને કોઈ અલ્પ બુદ્ધિવાળા, બહાર બધાં એને મૂઢ કહેતા હોય એમ દેખાય. આ તો બુદ્ધિ વગરનો માણસ છે, આને કાંઈ ખબર પડતી નથી, આનામાં કાંઈ લાંબી બુદ્ધિ જ નથી, કોઈ કામ

જ નથી કરી શકતો, આને કોઈ કામ આવડતું નથી એમ કહે. બોલતા નથી આવડતું, વાત કરતા આવડતું નથી, વ્યવહાર આવડતો નથી, વ્યવહારમાં સમજતો નથી. એમ કહે. (અને) જ્ઞાની કોઈ મોટા વિદ્વાન હોય. બહારનું તો બધું પૂર્વકર્મ અનુસાર (છે), એ ક્ષયોપશમ પણ પૂર્વકર્મનો વિષય છે અને બહારમાં રાજા-રંકપણું છે એ પણ પૂર્વકર્મનો સંયોગ છે. પણ અંદરની સ્થિતિમાં તો જ્ઞાનધારા (જુદી ચાલે છે).

જ્ઞાનધારામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, પુરુષાર્થ એ બધાં પરિણામઅંશો છે. ઉદયધારામાં મુખ્યપણે રાગ છે. ઉપયોગ પણ ઉદયમાં જાય છે. એટલા અંશે પુરુષાર્થ પણ ભાગ પડીને ખેંચાયને જાય છે અને એટલું દુઃખ પણ ઉત્પન્ન થાય છે. એટલે સુખ ગુણમાં એટલો વિભાગ પડે છે. એમ બન્ને ધારા જુદી-જુદી પરિણમે છે.

**'અલ્પ અસ્થિરતા છે...'** ઘણી અસ્થિરતા છે એમ ન લીધું. **'અલ્પ અસ્થિરતા છે...'** એમ લીધું. ઠીક ! નહિતર તો જઘન્ય (ગુણસ્થાન) છે. ગુણસ્થાન તો મોક્ષમાર્ગનું પહેલાં પગથિયાવાળું છે અને સ્થિરતા તો મુનિદશામાં ઘણી, સારી એવી સ્થિરતા આવે છે, પછી શ્રેણી માંડે ત્યારે ઘણી સ્થિરતા છે. પણ અહીંયાં એની અપેક્ષાએ વાત નથી કરવી. અહીંયાં મુનિદશા અને શ્રેણીની અપેક્ષાની સરખામણી લઈને વાત નથી કરવી પણ સામાન્યપણે મુમુક્ષુઓ હોય અથવા બીજા જીવો હોય, જગતના સંસારી જીવો હોય એના કરતાં સ્વરૂપસ્થિરતા મજબૂત પરાક્રમ કરીને પ્રગટ કરી છે અને જ્ઞાનધારામાં વર્તે છે તો કહે છે કે, અસ્થિરતા જે છે એ તો અલ્પ છે અથવા અસ્થિરતાથી જે રાગ જાય છે એમાં રસ અલ્પ છે એ દૃષ્ટિએ પણ એને અલ્પ અસ્થિરતા છે એમ કહેવામાં આવે છે. **'અલ્પ અસ્થિરતા છે...'** એટલે થોડું પરિણમન બહાર જાય છે. આમ બંધ ઓછો છે અને નિર્જરા ઘણી છે. બંધ ઓછો છે એ અપેક્ષાએ નિર્જરાની તુલનામાં પણ એને અલ્પ અસ્થિરતા કહેવામાં આવે છે.

લડાઈમાં એક રાજાને મારે અને આખું સૈન્ય જીવતું હોય, પણ રાજાને પકડી લીધો હોય તો એણે આખી લડાઈ જીતી લીધી એમ કહેવાય. શું કહેવાય ? (આખી લડાઈ જીતી લીધી). પણ આટલું બધું સૈન્ય હજી સામે ઊભું છે ને ! તો કહે છે, રાજા તાબામાં આવી ગયો છે. હવે આ બધાં તો આપોઆપ જ Surrender થવાના છે, એ તો શરણાગતિ સ્વીકારનારા છે. સૈન્યની અંદર જે માણસો છે એ બધાં તો શરણાગતિ સ્વીકારી લેશે કેમકે રાજા હાથમાં આવી ગયો છે. એમ દર્શનમોહનો રાજા જેણે માર્યો, અનંતાનુબંધીના રાજાને

માર્યો (એને) આટલા બધાં હજી કર્મો છે ને ? હજી તો આટલા ગુણસ્થાન બાકી છે ને ? હજી તો પાંચમું, છઠ્ઠું–સાતમું... ચૌદ સુધીના બાકી છે ને ? દસ ગુણસ્થાન બાકી છે ! ચોથું (ગુણસ્થાન) તો હજી પહેલે પગથિયે છે. તો કહે છે કે, રાજા જીતાય ગયો છે. એટલે એને અલ્પ અસ્થિરતા છે એમ લેવામાં આવે છે. એ લડાઈ જીતી ગયો–સંસારની લડાઈ જીતી ગયો ! દર્શનમોહને જીત્યો એણે સંસાર જીત્યો, એમ કહે છે. દ્રવ્યલિંગીને સંસારતત્ત્વ કહે છે.

મુમુક્ષુ :– પૂરો વૈરાગી છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– પૂરો વૈરાગી નથી, અસંયત છે. શાસ્ત્રમાં એને અસંયત કહ્યા છે અને સમ્યક્દષ્ટિથી નીચેના ગુણસ્થાનવાળા કહ્યા છે. સમ્યક્દષ્ટિ કરતા એ હલકા છે. પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ નિરતિચાર પાળનારા જંગલવાસી હોય છે તોપણ હલકા છે એમ કહ્યું છે. 'ગુરુદેવ'ના કેટલાંક બોલ આવ્યા છે.

('પરમાગમસાર'માં) ૮૯૫ નંબરનો બોલ છે. **'દ્રવ્યલિંગી વિષયસેવન છોડી તપશ્ચરણાદિ કરે છે તોપણ તે અસંયમી છે. સિદ્ધાંતમાં અસંયત એટલે અવિરતિ સમ્યક્દષ્ટિ અને દેશસંયત એટલે પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવક કરતાં દ્રવ્યલિંગી મુનિને હલકો કહ્યો છે. કેમ કે એને પહેલું ગુણસ્થાન છે. દ્રવ્યલિંગી દિગંબર સાધુ નવકોટિએ બ્રહ્મચર્ય પાળે, મંદકષાય કરે પણ આત્માનું ભાન નથી તેથી તેને ચોથા–પાંચમા ગુણસ્થાનવાળા જ્ઞાની કરતાં હીન કહ્યો છે.'** એની સામે પ્રશ્ન ઉઠાવ્યો છે.

**'પ્રશ્ન :– અસંયત-દેશસંયત સમ્યગ્દષ્ટિને કષાયોની પ્રવૃત્તિ હોય છે. જ્ઞાનીને રાજપાટ હોય, લડાઈમાં કદાચ ઊભો હોય, એવી કષાયની પ્રવૃત્તિ હોય છે અને દ્રવ્યલિંગીને એવી કષાયની પ્રવૃત્તિ દેખાતી નથી. દ્રવ્યલિંગી મુનિ ગ્રૈવેયક સુધી જાય છે. અને ચોથા-પાંચમાવાળો જ્ઞાની સોળમા સ્વર્ગ સુધી જાય છે...'** વધુમાં વધુ, હોં ! અત્યારે તો સોળમા સુધી કોઈ નથી જતું. 'માટે તેનાથી દ્રવ્યલિંગીને હીન કેમ કહ્યો ?' આને આટલું મોટું પુણ્ય છે (તો) નવમી ગ્રૈવેયક જાય છે. ગ્રૈવેયકના વિમાન સુધી જાય છે અને આ વધુમાં વધુ સોળમા સ્વર્ગ સુધી જાય છે. **'દ્રવ્યલિંગીને ભાવલિંગથી હલકો કહો'** એ ન્યાયની વાત અમને લાગે છે **'પણ ચોથા ગુણસ્થાનવાળા કરતાં હીન શા માટે કહો છો ?'** આ દલીલ ઊપજાવી છે. એનું સમાધાન.

**'સમાધાન :– અસંયત-દેશસંયત સમ્યગ્દષ્ટિને કષાયોની પ્રવૃત્તિ તો છે. પરંતુ શ્રદ્ધામાં**

**તેને કોઈ પણ કષાય કરવાનો અભિપ્રાય નથી.**' આમાં શ્રદ્ધા-જ્ઞાન બન્નેની વાત આવી ગઈ. શ્રદ્ધામાં અભિપ્રાય નથી અથવા અભિપ્રાય અને શ્રદ્ધા બન્ને નથી. અભિપ્રાય જ્ઞાનની પર્યાય છે. એને રાગનો એક કણ કરવાનો અભિપ્રાય નથી અને એક રાગના કણમાં એને આત્મપણાનો વિશ્વાસ–શ્રદ્ધા નથી. '**પર્યાયમાં કષાય થાય છે અને તે હેય માને છે.**' કરવા યોગ્ય માનતા નથી. '**દ્રવ્યલિંગીને તો શુભકષાય કરવાનો અભિપ્રાય હોય છે.**' આ કરું... આ કરું... આ કર્તવ્ય છે. 'અને શ્રદ્ધાનમાં એને ભલો પણ જાણે છે.' શ્રદ્ધામાં તો શ્રદ્ધવું હોય. શ્રદ્ધા-જ્ઞાન બન્ને લેવા છે ને એટલે શ્રદ્ધામાં એને ભલો જાણે છે–કેવી ભાષા આવે છે ! શ્રદ્ધામાં ભલો શ્રદ્ધે છે અને જ્ઞાનમાં ભલો જાણે છે. આ બન્ને એક સાથે લેવું છે એટલે (કહે છે કે) શ્રદ્ધામાં એને ભલો જાણે છે. એવી મિશ્ર ભાષા આવી છે. '**જ્ઞાનીનાં અને અજ્ઞાનીનાં અભિપ્રાયમાં મોટો ફેર છે. અજ્ઞાની મંદકષાયને ઉપાદેય માને છે, તેને એક પણ ભવનો નાશ થતો નથી.**' દ્રવ્યલિંગીને એક ભવનો આંટો કપાતો નથી. '**સમ્યગ્દષ્ટિ કષાયને હેય માને છે. તેથી તેણે અનંત ભવોનો નાશ કર્યો છે.**' આને (–મિથ્યાદષ્ટિને) અનંત ભવ ઊભા છે, આણે અનંત ભવનો નાશ કર્યો છે. આવડી મોટી વાત છે. બહારમાં આમ દેખાય છે, અંદરમાં આવડું મોટું પરાક્રમ થયું છે.

'**માટે અભિપ્રાયની અપેક્ષાએ ચોથા તથા પાંચમા ગુણસ્થાનવાળા જ્ઞાની કરતાં દ્રવ્યલિંગીને હલકો કહ્યો છે.**' અભિપ્રાયની અપેક્ષાએ ચોથા તથા પાંચમા ગુણસ્થાનવાળા જ્ઞાની કરતા દ્રવ્યલિંગીને હલકો કહ્યો છે ! '**દ્રવ્યલિંગીને વૈરાગ્ય પણ ઘણો હોય છે. પણ અભ્યંતરમાં દૃષ્ટિ કષાય ઉપર છે.**' **મંદ કષાય ઉપર એની દૃષ્ટિ પડી છે.** '**અકષાય સ્વભાવની દૃષ્ટિ તેને નથી તેથી તે મંદ કષાયરૂપ પરિણામને ઉપાદેય માને છે. જ્ઞાની અને અજ્ઞાનીના અભિપ્રાયમાં ઉગમણો આથમણો (પૂર્વ-પશ્ચિમ) ફેર છે. માટે જ્ઞાની કરતાં દ્રવ્યલિંગી મુનિને કષાય ઘણો છે – એમ કહેલ છે.**'

આના ઉપરથી એક જગ્યાએ લીધું છે કે, આ રીતે જ્યાં હજી દ્રવ્યલિંગીને આ રીતે માનવાની વાત છે તો જેને દ્રવ્યલિંગ પણ નથી એને વંદન કરે, એને નમસ્કાર કરે, એનું અનુમોદન કરે એ અનંત સંસારી છે. જરા કડક લખ્યું છે ! એવા જીવો અનંત સંસારી છે. પેલા લોકો છંછેડાય છે કે, જુઓ ! અમને લોકો પગે ન લાગે, લોકો અમને આહારદાન ન દે, અમારું ભરણપોષણ ન થાય એવો ઉપદેશ આપે છે માટે એનો વિરોધ કરો ! થાય ને એવું ? સ્વભાવિક છે. ભાઈ ! એવું કોઈ કીધું માનતું નથી અને એવી પ્રવૃત્તિ બંધ કરાવવાનો

ત્યાં હેતુ નથી પણ સાચું જ્ઞાન કરાવવાનો હેતુ છે. સાચું જ્ઞાન કરાવવાનો હેતુ છે છતાં સાંભળનારને બધાંને એવું સાચું જ્ઞાન થશે જ એવી કોઈ પરિસ્થિતિ હોતી નથી.

મુમુક્ષુ :– 'ગુરુદેવ'નો કેટલો ઉપકાર છે !

પૂજ્ય ભાઈશ્રી :– હા, **અનંત ઉપકાર છે !! કેટલો ઉપકાર છે ? ખરેખર તો અનંત-અનંત ઉપકાર છે** ! વિચારે તો તો નમી પડે એવું છે પણ પોતાની વર્તમાન સ્થિતિનો એટલો સ્વાર્થ વિચાર કરે કે, આ તો અમારું બધું ભાંગી નાખશે, અમારું બધું તોડી નાખશે, અમારું બધું વીંખી નાખશે, તો એને કષાય થાય છે.

પ્રશ્ન :– (ભરત ચક્રવર્તી) છ ખંડને જીતવા માટે ભાઈ ઉપર ચક્ર ચલાવે એને છ ખંડ જીતવાનો અભિપ્રાય નથી ?

સમાધાન :– (એવો) અભિપ્રાય પણ નથી અને ચક્ર ચલાવવાનો પણ અભિપ્રાય નથી, એક પણ અભિપ્રાય નથી. અને એની સાબિતી એમના ભવિષ્યના જીવને પૂરી કરી દીધી છે. તમે તો અભિપ્રાય (નથી) એમ કહીને કાઢી નાખો, પણ કેમ માનવું અમારે ? તો કહે છે કે, જુઓ ! માનવા માટે તો એમની સ્થિતિ આવી છે. ચોથાથી સીધાં સાતમા (ગુણસ્થાનમાં આવ્યા) છઠ્ઠામાં આવ્યા વિના કેવળજ્ઞાન લીધું છે. દીક્ષા તો લીધી પણ અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લીધું ! ચક્ર ચલાવનારનો કેવો અભિપ્રાય હશે એ નક્કી કરો હવે ! કેવું અંદરનું પરિણમન હશે !

'ભરત' તો બહુ વૈરાગી હતા. એમનો વૈરાગ્ય તો પ્રસિદ્ધ છે. 'ભરતેશ વૈભવ'માં ઘણી વાતો આવી છે. છ ખંડનો રાજા ! બહાર દોમ-દોમ સાહ્યબી દેખાય ! એના આભૂષણો જુઓ, એના કપડાં જુઓ, એનો આહાર જુઓ ! સોળ હજાર દેવ તો સેવા–તહેનાતમાં ઊભા છે ! 'ઘણી ખમ્મા ! મહારાજાને ઘણી ખમ્મા !' આનું ધ્યાન અંદરમાં છે, બહારમાં ક્યાંય ધ્યાન નથી. આટલો બધો બહાર પુણ્યનો ઠઠારો છે પણ ક્યાંય એનું ધ્યાન નથી, ક્યાંય એનો આત્મા રાજી થતો નથી, ઠીક ! એ બધાં સંયોગોમાં ક્યાંય એનો આત્મા ઠરીને ઠામ થતો નથી. કેમ આમાંથી છૂટું ? આટલી જંજાળ છે એમાંથી પણ કેમ છૂટું ? છૂટું... છૂટું... છૂટું... થઈ રહ્યું છે અંદરમાં ! અને એ છૂટી જાય છે. છૂટું... છૂટું ન થાય એ કેમ છૂટે ? મિથ્યાદૃષ્ટિ ચક્રવર્તી હોય તો સાતમી નરકે જાય છે. જો સમ્યગ્દર્શન સહિત ચક્રવર્તીપણું ન હોય (તો) જાય સીધો સાતમી નરકે ! વગર સ્ટેશને ! એટલા બધાં ભોગ-ઉપભોગના રસ પડી જાય. ત્યારે આ એ ભવે મોક્ષે ગયા છે, બે ભવમાં જવાનો પણ પ્રશ્ન નથી, એ

ભવે મોક્ષે ગયા છે.

બહુ જવાબદારીનો વિષય છે, ધર્મ પાળવો એ બહુ જવાબદારીનો વિષય છે. પાંચ વર્ષના દીકરાને કોઈ દિવસ દુકાનના થડે બેસાડી દે છે ? દીકરા ! બેસ તું, આ જરા જઈ આવું, આભડવા જઈ આવું, સ્મશાનમાં મને ચાર-પાંચ કલાક લાગશે, તું દુકાને બેઠો-બેઠો વેપાર કરજે, પૈસાની લેતી-દેતી કરજે. દુકાન બંધ કરીને જાય પણ પાંચ વર્ષના છોકરાને ન બેસાડે. અચેતન તાળું મારે, દીકરો ચેતન છે. તાળાની કીમત વધારે કે દીકરાની કીમત વધારે ? કહો, હવે. તાળાની ? દીકરાને બેસાડે તો હોય ઇ બધું ચાલ્યું જાય. પાંચ વર્ષના છોકરાને બેસાડ્યો હોય તો શું થાય ? લૂંટાય જાય એ તો ! આમ છે. વિવેક કરે છે કે નહિ ? લાભ-નુકસાન છે ત્યાં વિવેક નથી કરતો ? એમ છે.

મુમુક્ષુ :- રમત બધી અંદરની છે અને બહાર જોવાની ટેવ પડી ગઈ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહિર્દષ્ટિ અનાદિનો બહાર રખડે છે. બહારની દષ્ટિ છે.

એ બોલ છે ને આમાં ? કે, અનંત સંસારી છે. હજી તો દ્રવ્યલિંગી પણ નથી એને વંદન-નમસ્કાર કરે છે, એને આહાર-પાણી (આપે), એને સાધુપણું માને-મનાવે (એ) અનંત સંસારી (છે). સંપ્રદાયમાં તો આત્માની દયા ન હોય એ ભલે રહે ! જેને આત્માની દયા આવી એને તો લાખ વાતે પાલવે એવું નથી.

શરૂઆતમાં 'ગુરુદેવશ્રી' સંપ્રદાયથી જુદાં પડ્યા ત્યારે સ્થાનકવાસી સંપ્રદાયમાં, જે 'ગુરુદેવ'ની સાથે રહે એ 'સોનગઢવાળા'ને નાત બહાર મૂકવા એ જાતના ઠરાવ નાતમાં થતા હતા. (ઘણાંના) સગપણ તોડી નાખ્યા, કરેલા સગપણ તોડી નાખ્યા ! જેમ કરવું હોય એમ કરો, આ હવે પકડ્યા છે એને મૂકવાના નથી. અત્યારે દિગંબરો એમ કહે છે કે, અમારે સમાજમાં રહેવું છે માટે આમ કરો ને તેમ કરો. સર્વજ્ઞની પ્રતિમા પછી પણ પહેલાં અમારો સમાજ !! શું થાય અમારે સમાજની સાથે રહેવું છે. આમ કહે. ભાઈ ! આ કાંઈ ધર્મ કરવાના લક્ષણ નથી. રહે સમાજમાં અને રખડ સંસારમાં ! ધર્મ કરવો હોય એને માટે જુદી Line છે.

મુમુક્ષુ :- સંપ્રદાયની અંદર પ્રાયઃ પાગલ જેવી સ્થિતિ છે. ત્યાં એને સુધારવાનું કામ એ જેવા-તેવાનું કામ નથી

પૂજ્ય ભાઈશ્રી :- એને સુધારવાની જરૂર પણ શું છે ? એને સુધારવાની શું જરૂર હોય ? અને કોઈ કોઈનાથી સુધરે કાંઈ ? જીવ પોતે હળવો થાય, સમજવા આવે તો કાંઈક

સમજે. બાકી કોઈના સમજાવાથી સમજે છે ? પોતે સુધરે, પોતાનું હિત કરે. જેને કોઈને હિત કરવું છે એને આકર્ષણ થશે કે, અહીંયાં કાંઈક વાત સમજવા જેવી છે. તો સમજે, એવું લાગે તો સમજે, તો સમજવાનો પ્રયાસ કરે. બાકી કોઈ બીજાને પરાણે સમજાવવાનો પ્રશ્ન નથી. બીજાને શું ઘરના સભ્યોને પરાણે સમજાવી ન શકાય, પારકાની તો ક્યાં વાત કરવી ? દીકરા-દીકરી જે એનાથી હેઠ હોય એને એમ કહી શકાય કે, જા ! આમ કર. એના ઉપર આજ્ઞા કરી શકાય. ધર્મની બાબતમાં કોઈને પરાણે કરી દે (એવું) કાંઈ બને નહિ. એને રુચતું ન હોય (તો) શું કરે ? એને રુચિ તો ઉત્પન્ન કરાવી શકાય એમ છે કાંઈ ? નહિ બની શકે.

આ તો ઘણો ગરજુ થઈને સાંભળે, ધર્મ પામવો હોય એ તો ઘણો ગરજુ થઈને સાંભળે તો એને હજી કંઈક પાત્રતાની સ્થિતિ ઊભી થાય છે. પછી હજી પુરુષાર્થ કરવો તો ઘણો બાકી છે. પાત્રતા થાય તો પાત્ર જીવને પણ ઘણો પુરુષાર્થ કરે ત્યારે ધર્મની પ્રાપ્તિ થાય. આટલું છેટું છે ! એના બદલે પહેલેથી જ ધક્કો મારે, ઊંહું... ઊંહું... કરે – અરુચિ કરે એને તો કોઈ રીતે મેળ ખાય એવું નથી.

જીવને સંયોગની બહુ ચિંતા છે. સંયોગમાં અનુકૂળતા રહો અને પ્રતિકૂળતા ન થાઓ એની બહુ ચિંતા છે. પણ જન્મ-મરણ તો એક એવો સંયોગ-વિયોગ છે, નવા દેહના સંયોગને જન્મ કહીએ, પ્રાપ્ત દેહના વિયોગને મરણ કહીએ, એ તો બહુ મોટો અનુકૂળતા-પ્રતિકૂળતાનો ફેરફાર છે. મોટી પ્રતિકૂળતાની કોઈ ચિંતા નહિ અને નાની-નાની પ્રતિકૂળતાની ઘણી ચિંતા !! 'ગુરુદેવ' કહેતા કે, ધોકડાના ધોકડા રૂના બળી જાય એનો વાંધો નહિ પણ પૂમડા ન ઊડી જવા જોઈએ. પૂમડા વીણવા બેસી જાય ! લાખોનું નુકસાન જાય એની સામું ન જોવે, પણ બે આના, ચાર આના, આઠ આના, બાર આના ક્યાંયથી ન ચાલ્યા જવા જોઈએ ! એને પકડી રાખે. જીવની આવી સ્થિતિ છે. પાત્ર જીવને તો સીધી ચોંટ એના જન્મ-મરણ ઉપર આવે છે કે, આ એકનો રસ્તો કરી નાખું, પછી બીજું બધું થઈ પડશે. ભવના પેટામાં જે સંયોગ-વિયોગ છે એનું તો બધું થઈ પડશે પણ પહેલાં ભવનો ફેંસલો તો હું બોલાવું. પછી એના પેટાના પ્રસંગોનું જોયું જાશે. એમ ગૌણ કરીને મૂળ જન્મ-મરણ તૂટે એ Line ઉપર આવવું જોઈએ, તો ધર્મ પ્રાપ્તિ થાય. એ સંયોગ-વિયોગને સરખું કરવા માટે આખો દિવસ મજૂરી કરે. આ જે વ્યવસાય છે એમાં શું છે ? સંયોગ અને સંયોગની અનુકૂળતા. એની આખો દિવસ મજૂરી (કરે) ! જન્મ-મરણ ટાળવા માટે કેટલો ટાઈમ કાઢે છે, ભાઈ ? કેટલો

પ્રયત્ન (ચાલે છે) ? (વ્યવસાયમાં) વખત તો ઝાઝો લે પણ પૂરા રસથી ડૂબી જાય છે, તન્મય થઈને, એકાકાર થઈને બધું કરે અને આ બાજુનું કોઈ કામ ન થાય તો કદી એનું હિત થાય નહિ.

અહીંયાં તો શું કહે છે ? જ્ઞાનીના જ્ઞાન-વૈરાગ્યનો વિષય લીધો. ૩૧મા બોલમાં જ્ઞાનીને સ્વરૂપનું જ્ઞાન છે, આત્મજ્ઞાન છે, સ્વસંવેદનજ્ઞાન છે અને એમાં સુખનું વેદન છે. બહારમાં ઉદયધારામાં વૈરાગ્ય છે, નિર્લેપતા છે, નીરસપણું છે, લુખ્ખાં પરિણામ છે, એનુ સ્વામીત્વ તે-તે કાર્યમાં ઊઠી ગયું છે. અસ્તિત્વ ખસી ગયું છે, ત્યાં પોતે ક્યાંય નથી. રાગમાં અને રાગના વિષયરૂપ સંયોગમાં ક્યાંય પોતાનું અસ્તિત્વ નથી, શૂન્યવત્ ભાસે છે. મકાન-ખોરડા, રાચરચીલું બધું આત્માથી શૂન્ય ભાસે છે. છ ખંડનો પથારો હોય તો કહે, શૂન્ય છે. કેટલો કાળ છે ? તો કહે છે, આ તો ચાર ’દીની ચાંદની છે. હું શાશ્વત છું, એનું શું ? આ ચાર ’દીની વાત છે પણ મારે શાશ્વત રહેવું એનું શું ? એમાં હું કેમ રહીશ ? ચાર ’દી સરખો રહું પછી કેમ કામ આવે ? એવો એની અંદર બહુ દીર્ઘદૃષ્ટિનો વિચાર છે.

કહે છે કે, એને અંતર વૈરાગ્યને લીધે ક્યાંય લેપાયમાનપણું થતું નથી. જ્ઞાનધારા મુખ્ય પરિણતિ છે. જ્ઞાનધારા અને કર્મધારામાં જ્ઞાનધારા એ મુખ્ય પરિણતિ છે. ઉદયધારા અલ્પ અસ્થિરતાવાળી ગૌણ પરિણતિ છે. પોતાના પુરુષાર્થની નબળાઈથી એવી અસ્થિરતા થઈ આવે છે તો એનો પણ જ્ઞાતા રહી જાય છે. એક ન્યાયે ગૌણપણે અસ્થિરતાનો કર્તા છે તો મુખ્યપણે એ અસ્થિરતાનો જ્ઞાતા છે. એનો પણ જ્ઞાતા ! પોતે જ્ઞાન છે એ વિષય ઉપર ઘણું વજન છે.

**મોહને લીધે, મનરંજક પરિણામોને જીવ કરે છે તે જૂઠા વિનોદ વડે પોતાને ઠગે છે. જો જીવ સ્વરસ પરિણામ કરે અર્થાત્ આત્મરસનું સેવન કરે તો પરભાવની પ્રીતિ જરાપણ ન કરે. (કારણકે આત્મરસ નિરાકુળ શાંતરસ છે. - પરભાવની મીઠાશમાં આકુળતા થાય છે). અનંત મહિમા ભંડાર સ્વ-રૂપને જ્ઞાન ચેતનામાં પોતારૂપે અનુભવે તો અવશ્ય તરી જાય.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૫૩)

## પ્રવચન નં. ૨૮, વચનામૃત–૩૨
## તા. ૧૬-૧૨-૧૯૮૬

સમ્યગ્દષ્ટિને, આત્માને છોડીને બહાર ક્યાંય સારું લાગતું નથી, જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી. જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો છે તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે, કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી. અનાદિના અભ્યાસને લઈને, અસ્થિરતાને લઈને સ્વરૂપમાં અંદર રહી શકાતું નથી એટલે ઉપયોગ બહાર આવે છે પણ રસ વિના–બધું નિઃસાર, ફોતરાં સમાન, રસ-કસ વગરનું હોય એવા ભાવે–બહાર ઊભા છે. ૩૨.

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું–૧૧. ૩૨મો બોલ. સમ્યક્દૃષ્ટિ સાધકજીવની દશા અંતરંગમાં કેવી હોય છે એના ઉપર–એક પડખાં ઉપર એમનું સ્પષ્ટીકરણ છે. **'સમ્યગ્દષ્ટિને, આત્માને છોડીને બહાર ક્યાંય સારું લાગતું નથી, જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી.'** શું કહે છે ? સર્વોત્કૃષ્ટ સર્વ ગુણોથી શોભિત તો પોતાનો આત્મા છે, સર્વગુણસંપન્ન છે. જેમ પરમાત્મા સર્વગુણસંપન્ન છે એમ અંતરંગમાં નિજ પરમતત્ત્વ પણ સર્વગુણસંપન્ન છે.

પોતાના અનંત ગુણોથી પોતે શોભાયમાન છે એ એનું ઐશ્વર્ય છે, એ એનો પ્રતાપ છે, એ અનુભવના સ્વાદથી એવું અમૃત જેવું તત્ત્વ છે કે એથી સારું જગતમાં કોઈ પદાર્થને વિષે લાગવાપણું એ અમૃતથી વિરુદ્ધ છે. અંદરના અમૃતના વેદનથી તો એ વિરુદ્ધ છે, દુઃખરૂપ છે, આકુળતારૂપ છે. એટલે એને કોઈ ચીજ સુંદર 'લાગવું', સારું 'લાગવું' એ પરિસ્થિતિ રહી નથી.

બહુ સ્વાભાવિક વાત છે કે, જેને પોતાના સર્વોત્કૃષ્ટ તત્ત્વમાં તૃપ્તિ છે, શાંતિ છે અને આનંદ-અમૃતનું વેદન છે કે જેમાંથી બહાર નીકળવું એ જ દુઃખરૂપ છે તો બીજી કોઈ ચીજ સારી લાગવાથી સુખનો પ્રશ્ન (નથી). સારી તો ત્યારે લાગે, સુંદર તો ત્યારે લાગે કે એમાં સુખનું કારણ હોય તો. જે પોતાથી શૂન્ય છે, ખાલી છે, અભાવસ્વરૂપે છે એમાં સારું લાગવું-નહિ સારું લાગવું બેમાંથી એક પણ વાત રહેતી નથી. સારા લાગવાની કે નહિ સારા લાગવાની કોઈ વાત એમાં રહેતી નથી, એક પણ વાત રહેતી નથી. જગતની ચીજો એ જગતની ચીજો છે, પોતે છે તે પોતે છે.

એક પોતાના ભિન્નત્વનું ભાન છે, પોતાના ભિન્નત્વનો અનુભવ છે એ જગતના સર્વ પદાર્થોને વિષે નીરસપણું ઉત્પન્ન કરે છે. ક્યાંય પણ એને રસ આવવાનો પ્રશ્ન રહેતો નથી. કેમકે જે ભિન્ન છે, જે પોતાથી શૂન્ય છે, વળી સુખથી ખાલી છે, પોતાની શૂન્ય છે અને સુખથી પણ ખાલી છે એવી જગતની કોઈ ચીજો વિષે સુંદરપણું કે ખરાબપણું એક કલ્પનામાત્ર છે, નહિ હોવા છતાં એક કલ્પનામાત્ર છે. એવી કલ્પના વાસ્તવિકતાના જ્ઞાનમાં ઊભેલા જ્ઞાનીને – સમ્યક્દૃષ્ટિને હોતી નથી.

આ એક જ્ઞાનની વાસ્તવિકતા છે કે, સ્વ-પર પદાર્થ (છે એમાં) સ્વપદાર્થ પોતાથી પરિપૂર્ણ (છે) અને ચૈતન્ય ને સુખના રસમય છે. પરપદાર્થ પોતાથી શૂન્ય અને સુખરહિત છે. પછી સ્વ-પર પદાર્થના આવા વાસ્તવિક જ્ઞાનમાં કોઈ ચીજની કલ્પના કરવાની રહેતી નથી કે, આ ચીજ સુંદર છે કે આ ચીજ ખરાબ છે. કેમકે તે ચીજ, તે ચીજ છે. જે છે તે છે, જેવી છે તેવી છે. એને વિષે કોઈ કલ્પના કરવાનો પ્રશ્ન રહેતો નથી અથવા એવી નિરર્થક કલ્પનામાં વાસ્તવિક જ્ઞાનવાળા જ્ઞાની આવતા નથી. એટલે એને કોઈ ચીજ સુંદર લાગતી નથી. કેમ કોઈ ચીજ સુંદર લાગતી નથી ? (કેમકે) આવું પોતા સંબંધીનું અને અન્ય પદાર્થ–દૃશ્યમાન પદાર્થ સંબંધીનું જ્ઞાન છે.

વળી, જે જ્ઞાનમાં પરપદાર્થ ભાસે છે એ ભાસન તો જ્ઞાનનો એક અંશ છે, જ્ઞાનની

પર્યાય છે, જ્ઞાનનું રૂપ છે, અન્ય પદાર્થ તો ત્યાં છે નહિ. પછી લાગવું-નહિ લાગવું ક્યાં પ્રશ્ન છે ? લાગે તો ત્યારે કે જ્ઞાનમાં કાંઈક આવે ત્યારે. પણ જ્ઞાનમાં તો કાંઈ આવતું નથી. આ ઠંડી જ્ઞાનમાં આવતી નથી. અત્યારે હિન્દુસ્તાનના એકેએક છાપામાં ઠંડી છે... ઠંડી છે... એનો દેકારો છે કે નહિ ? ક્યા આત્માના જ્ઞાનમાં એ આવે છે ? આ સવાલ છે. પોતે પોતાના જ્ઞાનને પકડે તો એ બાહ્ય પદાર્થ માત્ર જાણવાનો વિષય રહી જાય છે. આત્માને વિષે ક્યાંય એનો પ્રવેશ થતો નથી, સ્પર્શ પણ થતો નથી. પ્રવેશ તો થતો નથી પણ સ્પર્શ થતો નથી. આત્માને સ્પર્શ ગુણ નથી એટલે આત્મા સ્પર્શી શકતો નથી. જાણવાનો ગુણ હોવાથી પુદ્ગલની સ્પર્શ ગુણની પર્યાયને જાણી શકે છે પણ સ્પર્શ ગુણને જાણવું–સ્પર્શ ગુણની પર્યાય શીત-ઉષ્ણને જાણવું તે જાણવાની પર્યાય પોતે શીત-ઉષ્ણરૂપે થતી નથી. જ્ઞાન એવુંને એવું રહે છે–જ્ઞાન જાણવામાત્ર રૂપે રહે છે.

અત્યારે સાચો પ્રયોગ કરવો. અત્યારે વર્તમાનમાં એનો સાચો પ્રયોગ કરવો. લાગે છે કે જણાય છે ? બરાબર ઊંડો ઊતરે. સ્પર્શ સુદ્ધાં નથી, સ્પર્શનું જ્ઞાન છે પણ જ્ઞાનને સ્પર્શ નથી. જ્ઞાન સ્પર્શતું નથી, જ્ઞાનને અન્ય પદાર્થ સ્પર્શતો નથી, કોઈ રજકણ સ્પર્શતો નથી.

પ્રશ્ન :– અત્યાર સુધી આવું જે માન્યું એ કલ્પના થઈ ?

સમાધાન :– દુઃખી થયો. કલ્પના કરી-કરીને જીવ દુઃખી થયો. ખરેખર તો આમ છે. ઉદયના તમામ પ્રસંગમાં તપાસ કરે તો એને સ્પષ્ટ સમજાય એવું છે કે, હું આત્મા પ્રગટ જ્ઞાન વડે જ્ઞાનમયપણે, પ્રગટ જ્ઞાન વડે, જ્ઞાનમયપણે હયાતી ધરાવું છું, હયાત છું, મોજૂદ છું. જ્ઞાનમય પદાર્થપણે, જ્ઞાનમયસ્વરૂપે હયાત છું એની સાબિતી (એ છે) કે, જ્ઞાન વડે એ વાત સાબિત થાય છે. મારા પ્રગટ જ્ઞાનથી એ વાત સાબિત થાય છે. તેથી હું જ્ઞાનરૂપ છું અને કોઈ જ્ઞેયોનો સ્પર્શ જ્ઞાનને નથી. કોઈ જ્ઞેયો જ્ઞાનમાં આવતા નથી, જ્ઞાન કોઈ જ્ઞેયમાં જતું નથી. એવું નિર્લેપ રહે છે. ઉપર આવ્યું ને ? **'નિર્લેપ રહે છે'** સમ્યક્દૃષ્ટિ નિર્લેપ રહે છે એટલે એ જ્ઞાનથી–અનુભવથી નિર્લેપ રહે છે. નિર્લેપ રહે છે અને જગતના કોઈ પદાર્થને વિષે ઇષ્ટ-અનિષ્ટપણાની કલ્પનામાં આવતાં નથી. ઇષ્ટ-અનિષ્ટપણાની મિથ્યા કલ્પના કેમ થાય છે એનું જ્ઞાન રહે છે પણ એ કલ્પનામાં પોતે આવતા નથી.

સમ્યક્દૃષ્ટિ કે **'જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો છે...'** અહીંયાં સમ્યક્દૃષ્ટિની વાત ચાલે છે ને ? **'જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો છે તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે,...'** એટલે **'કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી.'** આ કારણ છે. પહેલી

વાત ઉપર પ્રશ્ન ઉઠાવવામાં આવે કે, જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી એનું શું કારણ છે ? એનું કારણ આ છે કે, ચૈતન્યનો મહિમા અને રસ લાગ્યો છે તે કારણ છે. અનંત મહિમાવંત પોતાનું ચૈતન્યસ્વરૂપ એના મહિમામાં સમ્યક્દૃષ્ટિનો આત્મા ડોલે છે અને એમાં રસમાં તરબોળ છે-ચૈતન્યના રસમાં એ તરબોળ છે. એટલે **'તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે,...'** બાહ્ય વિષયો તરફ એને આકુળતા લાગતી હોવાથી જેટલું લક્ષ જાય છે, અસ્થિરતાને લઈને જેટલું લક્ષ જાય છે એટલી આકુળતા થાય છે એમ પ્રગટપણે એને અનુભવ થાય છે. એવો પ્રગટ અનુભવ થાય છે કે, જેટલું લક્ષ બહાર જાય છે એટલી આકુળતા થાય છે. ક્યાં અંદરનો શાંત ચૈતન્યરસ અને ક્યાં ઉપયોગ અને પરિણામ જેટલા બહાર જાય એની આકુળતાનો રસ ! એક બાજુ શાંત શીતળ આત્મા ચૈતન્યચંદ્ર ! જેમ ચંદ્ર શીતળ છે, (એમ) આત્મા અનંત શીતળતાનો પિંડ, ચૈતન્યચંદ્ર-જિનચંદ્ર આત્મા છે, પરિણામને એક બાજુ એ શીતળતાની – નિજ સ્વરૂપની ઓથ છે, બીજી બાજુ અશક્તિવશ જેટલા પરિણામ ખસીને બહારની બાજુ જાય છે એનું દુઃખ છે. એમ બે ધારા એક સાથે જુદાં-જુદાં સ્વભાવે પરિણમે છે. લીધું ને કે, જ્ઞાનધારા અને ઉદયધારા-બન્ને જુદાં-જુદાં સ્વભાવે પરિણમે છે. એક બાજુ દઝાય છે અને એક બાજુ શીતળતા લાગે છે. કઈ બાજુ જાય ? કોનો રસ લે ? દાઝે એનો રસ લ્યે ? કેવી રીતે લ્યે ?

'છ ઢાળા'માં એ કહ્યું કે, 'રાગ આગ દહે સદા, તાતે સમામૃત સેઈયે' આગથી જ એની વાત બતાવી છે. રાગ તો આગ છે અને એ સદાય બાળે છે. ક્યારે ન બાળે ? આ રાગ ન બાળે એવો એકેય રાગ નથી. ચાહે શુભરાગ હો, ચાહે અશુભરાગ હો, ચાહે તીવ્ર રાગ હો, ચાહે મંદ રાગ હો, જેનો બાળવાનો સ્વભાવ છે એ બાળે જ. સદાય બાળે છે અને તેથી સમ એટલે સમ્યક્, સમતારૂપ, અંતર્મુખ શાંતરસને સેવો, તેથી શાંતરસનું સેવન કરો.

તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે તેથી કોઈ પદાર્થ સુંદર લાગતા નથી કે કોઈ પદાર્થ સારા લાગતા નથી. સારા-નહિ સારા લાગવાનો કોઈ પ્રશ્ન જ્ઞાનને વિષે રહેતો નથી. જ્યાં જ્ઞાનને અને જ્ઞેયને સંબંધ નથી, જુદેજુદાં અને છૂટેછૂટા રહે છે ત્યાં સારા લાગવા-નહિ સારા લાગવાનો પ્રશ્ન શું ? એમ કહે છે. એનો કોઈ પ્રશ્ન રહેતો નથી. કોઈની સાથ અણબનાવ થયો હોય પછી એના (માટે) કોઈ એમ કહે કે, એને બહુ સારા સંયોગો છે. પોતાને એને માટે અણબનાવ છે, બોલવા-ચાલવાનો પણ વ્યવહાર નથી, (એને એમ કહે

કે) (પેલા ભાઈને) સંયોગો બહુ સારા છે ! (તો કહે) મારે શું ? શું વિચાર કરે ? એને સારું થયું હોય તો એમાં મારે શું ? આમ સીધું એને વગર વિકલ્પે શું લાગે છે ? એને જેમ થયું હોય એમ, એમાં મારે શું ? એને આટલી તકલીફ થઈ તો કહે, મારે શું ? ન તો એમાં ભાગ પડાવવા જાય છે કે ન તો એની અનુકૂળતામાં, એની પ્રતિકૂળતામાં કાંઈ ભાગ પડાવવા જતો નથી. દુઃખી થાય છે, તો કહે, મારે શું ? હું શું કરવા ભાગ પડાવું ? મારે શું સંબંધ છે ? સુખી થયો, તો કહે, મારે શું ? ઇ એનું જાણે. હોય દુનિયામાં, ઘણાંને ઘણું થાય છે. આપણે શું ? એમ કહે. એમ જ્ઞાન જુદું રહે છે એને બીજા પદાર્થની પર્યાયોના ફેરફારના બે વિભાગ સાથે કાંઈ સંબંધ નથી. બે વિભાગ ક્યા પાડે છે ? કે, આ સારું અને આ નહિ સારું. સારું અને નહિ સારું-એવા જે બે વિભાગ એ જ્ઞાન પાડતું નથી. જે જ્ઞાન છૂટું રહે છે, જુદું રહે છે, ભિન્ન રહે છે એ (બે વિભાગ) પાડતું નથી.

ઇષ્ટ-અનિષ્ટની, સારા-નરસાની કલ્પના જ્યાં થાય છે ત્યાં જ્ઞાન જુદું રહી શકતું નથી. ત્યારે એ જ્ઞાન એનાથી જુદું છે એવો જ્ઞાનમાં અનુભવ થઈ શકતો નથી. જ્ઞાન તો જ્ઞાનપણે જ રહે છે પણ અનુભવમાં જુદું રહી શકતું નથી. અધ્યાસિતપણે એકત્વ થાય છે.

આમ સમ્યક્દૃષ્ટિને સારું કે ખરાબ લાગતું નથી પરંતુ હજી એવી સંપૂર્ણ દશા નથી એમ કહેવું છે. એની દશાનું વર્ણન છે ને ? કે, આવું મુખ્ય પરિણમન હોવા છતાં; મુખ્ય પરિણમન આવું છે કે એને ચૈતન્યનો અનંત મહિમા છે, ચૈતન્યના રસમાં જાણે ડૂબેલાં છે છતાં પૂરેપૂરું એવું પરિણમન નથી. અનાદિના અભ્યાસને લઈને-ઊંધાં પરિણમનના અનાદિના અભ્યાસને લઈને અસ્થિરતાથી, અસ્થિરતાને લઈને જેવો અનુભવ છે એમાં એમ જ સ્થિર રહેવું એવી પૂરી શક્તિ નહિ હોવાને લીધે પોતાના ચૈતન્યસ્વરૂપમાં ઉપયોગથી અંદર રહી શકાતું નથી. અસ્થિરતા છે પણ એ આંશિક અસ્થિરતા છે, આંશિક સ્થિરતા પણ છે. અસ્થિરતા છે એમાં આંશિક અસ્થિરતા છે અને પરિણમનમાં આંશિક સ્થિરતા છે. આંશિક અસ્થિરતાને લઈને ઉપયોગ બહાર આવે છે, આંશિક સ્થિરતાને લઈને પરિણતિ અંદર જામેલી રહે છે, પરિણતિ અંદર આત્માની સાથે ચોંટેલી રહે છે. એવી સમ્યક્દૃષ્ટિની અંતરંગ દશા છે !

બીજા બોલમાં એ વિષય સ્પષ્ટ કરશે, અહીંયાં એ પરિણતિનું પડખું નથી પણ અહીંયાં એ વાત અધ્યાહાર છે કે, **'અંદર રહી શકાતું નથી એટલે ઉપયોગ બહાર આવે છે...'** એ વાત અહીંયાં અધ્યાહાર છે કે, ઉપયોગ બહાર આવે છે એટલે એનું પૂરેપૂરું પરિણમન

બહિર્મુખ થઈ જાય છે એમ સમજવા યોગ્ય નથી. જે જીવને માત્ર ઉપયોગ જેવડો જ આત્મા અધ્યાસિત છે, જેટલો ઉપયોગ એટલો જ આત્મા, જેટલો ઉપયોગ એટલું જ વેદન અને વેદન એટલો આત્મા (જેણે માન્યો છે) એને તો એમ થાય છે કે, ઉપયોગ બહાર ગયો એટલે સમ્યક્દૃષ્ટિ આખેઆખો બહાર ગયો. એવું એને લાગે છે પણ એ પોતાના વર્તમાન પરિણમન અનુસાર એનો વિચાર છે. પોતાના વર્તમાન અધ્યાસિત પરિણમન અનુસાર એનો એ વિચાર છે. ખરેખર ઉપયોગ બહાર જાય છે તોપણ શ્રદ્ધા પૂરેપૂરી અંદર છે, જ્ઞાનની પરિણતિ પણ અંદર છે, ચારિત્રના અંશરૂપ પરિણતિ અંદર છે, પુરુષાર્થ અને સુખના અંશરૂપ પરિણતિ અંદર છે. શ્રદ્ધાની સાથે આ બધાં ગુણોનાં અંશરૂપ પરિણામ અંદર છે. ઉપયોગ બહાર છે એની સાથે આચરણ અંશરૂપ બહાર છે, જ્ઞાન અંશરૂપ બહાર છે, દુઃખ બહારમાં છે એ સુખનો ઊલટો પર્યાય છે અને પુરુષાર્થ પણ અંશરૂપ બહાર છે એટલો પુરુષાર્થ ઊલટો છે, પુરુષાર્થ વહેંચાય છે, વહેંચણી થાય છે. શ્રદ્ધા સિવાયના બાકીના મુખ્ય ગુણોમાં વહેંચણી થાય છે અને એ રીતે એનો રસ થોડો બહાર વહેંચાય છે.

ઉપર લીધું ને ? **'અલ્પ અસ્થિરતા છે'** ૩૧ (બોલમાં) એ વાત લીધી છે–અસ્થિરતાની વાત આવી છે. ત્યાં વિશેષણ લગાડ્યું છે કે, **'અલ્પ અસ્થિરતા છે'** પૂરેપૂરી અસ્થિરતા નથી. એ તો અસ્થિરતા સ્થિરતાની અપેક્ષા રાખે છે. સ્થિરતાની અપેક્ષાએ જ અસ્થિરતા છે. જો એને સ્થિરતા કાંઈ ન હોય તો એને અસ્થિરતા છે એમ કહેવાનો પણ પ્રશ્ન નથી. એ મિથ્યાદૃષ્ટિ જીવ તો પૂરેપૂરો બહાર છે. એને અસ્થિરતા છે એમ ન કહેવાય કે, મિથ્યાદૃષ્ટિને અસ્થિરતા છે એટલે એનો ઉપયોગ ચંચળ છે. એને અસ્થિરતા લાગુ નથી પડતી. કેમકે સ્થિરતાવાળાને અસ્થિરતા લાગુ પડે છે. જેને સ્થિરતા નથી એને અસ્થિરતા કહેવાનો પ્રશ્ન નથી.

અહીંયાં તો છેલ્લે એ વાત લીધી છે કે, અલ્પ અસ્થિરતા છે એટલી પોતાના પુરુષાર્થની નબળાઈ છે, નબળાઈને લઈને ઉદયધારા એટલે ઉદયની સાથે પરિણામની સંગતિ થાય છે, કરવી નથી તોપણ થાય છે. અભિપ્રાયમાં એને એ પરિણામ કરવાનો અભિપ્રાય નહિ હોવા છતાં જ્ઞાનીને પણ થાય છે, તોપણ મુખ્યપણે જ્ઞાતા-દૃષ્ટા થયા હોવાને લીધે હું જ્ઞાયક છું તેથી મારા જ્ઞાયકપણાને લીધે એ અસ્થિરતા પણ જ્ઞાનનું જ્ઞેય છે. એના પણ તે જ્ઞાતા રહે છે એમ લીધું છે ને ? એ પણ જ્ઞાનમાં જણાય છે. પણ અસ્થિરતા તો હેય છે. એ હેય અને ઉપાદેય અમુક ભૂમિકા સુધી છે એટલે એ વાત મર્યાદિત છે. હેય-ઉપાદેયનો

વિષય મર્યાદિત છે. કેમકે હેય કહેતાં દ્વેષનો કણ, ઉપાદેય કહેતાં રાગનો કણ ઉત્પન્ન થાય એ માર્ગ નથી. રાગ અને દ્વેષ ઉત્પન્ન થાય તે વીતરાગનો માર્ગ નથી. માટે વિચારની ભૂમિકામાં એ વાત હેય-ઉપાદેય તરીકે વિચારાય છે, કથનની અંદર કહેવાય છે કેમકે હેયતત્ત્વ છે એ નાશ પામે છે અને છૂટી જાય છે, ઉપાદેયતત્ત્વ છે એ અંગીકાર કરાય છે એટલે એવી શૈલી કરાય છે પણ વસ્તુતાએ તો આત્મા જ્ઞાતા-દૃષ્ટા રહે એનું નામ હેય-ઉપાદેયપણું છે. આમ વાત છે.

'અનુભવ પ્રકાશ'માં હેય-ઉપાદેયનો વિષય ચાલ્યો છે ત્યાં એવો એક સૂક્ષ્મતાથી ખુલાસો આવ્યો છે. 'ગુરુદેવશ્રી'ના પ્રવચનમાં પણ એક જગ્યાએ ખુલાસો આવ્યો છે. ('પરમાગમસાર'માં) ૯૩૮ (નંબરનો બોલ છે). 'સ્વભાવ ઉપાદેય છે,...' આ સર્વોત્કૃષ્ટ – છેલ્લી હદનું હેય-ઉપાદેય ! ત્રિકાળી ધ્રુવ તત્ત્વ સ્વભાવ, પરમ તત્ત્વ–પરમાત્મતત્ત્વ ઉપાદેય છે 'રાગ હેય છે. એ અમુક ભૂમિકા સુધી છે.' શું કહે છે અહીંયાં ? કે, અમુક ભૂમિકા સુધી છે. 'પરમાર્થે તો બધું જ્ઞેય છે,...' પરમ તત્ત્વ સ્વજ્ઞેય છે અને રાગ પરજ્ઞેય છે. એમાં આ મારો સ્વભાવ ઠીક અને આ રાગ અઠીક – એ એમાં નથી. ઠીક ! પાંચ ઇન્દ્રિયના વિષયોમાં ઠીક-અઠીકપણું તો એક બાજુની વાત રહી. પણ આ મારો આત્મા – પરમ તત્ત્વ અનંત ગુણનું ધામ એ ઠીક અને પર–રાગ છે એ અઠીક કેમકે એમાં મલિનતા અને દોષ છે, દુઃખ છે તો તે અઠીક – એ જ્ઞાતા-દૃષ્ટાપણામાં નથી. આનું નામ જ્ઞાતા-દૃષ્ટાપણું છે.

જ્ઞાતા-દૃષ્ટાપણું કોને કહેવું ? અથવા સમ્યક્દૃષ્ટિને જ્ઞાતા-દૃષ્ટાપણું પ્રગટ થયું છે એટલે શું ? એ સ્પષ્ટ કરે છે. ૯૩૮ (બોલમાં) આ બહુ છેલ્લી હદની એક વાત લીધી છે કે, આ સ્વભાવ ઉપાદેય અને અંદર આ રાગ થાય છે એ હેય છે એ અમુક ભૂમિકા સુધીની વાત છે. **'પરમાર્થે તો બધું જ્ઞેય છે,...'** આ પરમાર્થ છે. **'પરમાર્થે તો બધું જ્ઞેય છે, પણ રાગ ટળી જાય છે માટે તેને હેય કહ્યો છે.'** તો પછી એને હેય કહ્યો શું કરવા ? પરમાર્થે બધું જ્ઞેય છે તો રાગને હેય શું કરવા કહો છો ? અને સ્વભાવને ઉપાદેય શું કરવા કહો છો ? તો કહે છે કે, એ (રાગ) ટળી જાય છે માટે એવું કથન છે. અને આ સાથે–પોતે પોતાના પરિણામ સાથે અભેદ રહી જાય છે માટે આ ઉપાદેય છે એમ કહીએ છીએ. જ્યાં આત્મા જ્ઞાતા-દૃષ્ટા થયો ત્યાં ન તો એને કાંઈ હેય છે અને ન તો એને કાંઈ ઉપાદેય છે. જૈનદર્શનની બહુ ગજબ શૈલી છે ! આ શૈલી ક્યાંય નથી.

અન્ય મતમાં એવું આવે કે, આ દોષ છે એ બધાં ટાળવા જેવા છે. ક્રોધ કરવા જેવો

નથી, માન કરવા જેવું નથી, લોભ કરવા જેવો નથી. ક્રોધ-માન-માયા-લોભની ચાર પ્રકૃતિની વાત તો અન્ય મતમાં પણ છે. આ બધાં દુર્ગુણો છે, આત્માએ એ દુર્ગુણો ત્યાગ કરવા જેવા છે – છોડવા જેવા છે, સદ્‌ગુણની પ્રાપ્તિ કરવા જેવી છે. આ શૈલી આવે છે. લાગે પણ એવું કે, આપણામાં પણ એવું કહ્યું છે, આપણામાં પણ એવું કહ્યું છે. (તો કહે છે કે), સાંભળ ! હજી કાંઈક બીજું પણ કહ્યું છે કે, ગુણ ઉપાદેય અને દોષ હેય છે એ અમુક ભૂમિકા સુધી વિચારમાં વાત છે, કથનમાં એ વાત આવે છે પણ જ્યાં આત્મા જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવે છે એ સ્વભાવસ્વરૂપ જ્યાં પરિણમન થયું ત્યાં ન હેયપણું છે, ન ઉપાદેયપણું છે. એ બધાં હેય-ઉપાદેયના કૃતક ઉપાધિરૂપ ભાવ છે એ ભાવથી મુક્ત થાય છે. એનું નામ મોક્ષમાર્ગ છે, એનું નામ મુક્તભાવ છે.

એને કર્તવ્ય અને અકર્તવ્ય એવું કાંઈ નથી, જ્ઞાતા-દૃષ્ટા રહ્યો. આ કરવા યોગ્ય, આ નહિ કરવા યોગ્ય (એમ થાય તો) એને રાગ-દ્વેષ ક્યાં ગયો ? ત્યાં તો રાગ-દ્વેષ રહ્યો. કર્તવ્ય તે રાગનો વિષય, અકર્તવ્ય તે દ્વેષનો વિષય. જ્ઞાતા-દૃષ્ટાપણામાં એ વિષય નથી. સમ્યગ્દર્શન થાય છે ત્યારથી આ પ્રકાર શરૂ થઈ જાય છે. આ પ્રકારમાં આવી જાય છે, પરિણમનના આ પ્રકારમાં જીવ આવે છે. એ વાત 'નિયમસાર'ના ઉપોદ્‌ઘાતમાં બહુ સારી લીધી છે.

પ્રશ્ન :– સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી આ જરૂરનું ખરું ?

સમાધાન :– સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું એ જરૂરનું ખરું કે નહિ ? પહેલી વાત એ છે. કે બીજું બધું જરૂરનું ખરું ? પહેલું શું જરૂરનું ? આ જરૂરનું અને આ નહિ જરૂરનું એવો વિવેક જીવ પોતાના સ્વરૂપનો અનુભવ કે નિશ્ચય કર્યા વિના કેવી રીતે કરશે ? ઘરમાં શું કામ કરવું જરૂરી છે ? અને શું કામ કરવું જરૂરી નથી ? એમ ઘરમાં બાળકને પૂછશો ? એને કાંઈ ખબર નથી. જેને ખબર નથી કે હું કોણ ? એને શું જરૂરનું ? શું વગર જરૂરનું ? શું કર્તવ્ય ? શું અકર્તવ્ય ? એ કેવી રીતે નક્કી થાય ?

(અહીંયાં 'નિયમસાર'ના ઉપોદ્‌ઘાતમાં લખે છે કે) **'સર્વ જિનેંદ્રોના દિવ્ય ધ્વનિનો સંક્ષેપ...'** શું કહે છે ? આ ટીકાકાર મુનિ છે એ એમ કહે છે અથવા શાસ્ત્રના રચયિતા છે એ એમ કહે છે કે, **'સર્વ જિનેંદ્રોના દિવ્ય ધ્વનિનો સંક્ષેપ અને અમારા સ્વસંવેદનનો સાર...'** બન્ને એક વાત છે. સર્વ જિનેન્દ્રોના દિવ્યધ્વનિનો સંક્ષેપ અને અમારા પ્રગટ સ્વસંવેદનનો

આસ્વાદ છે–સ્વાદ છે (એનો) સાર એ છે કે, **'ભયંકર સંસારરોગનું એકમાત્ર ઔષધ...'** આ સંસારનો ભયંકર રોગ છે, અનંત કાળથી જીવ જન્મ-મરણ કરીને દુઃખી... દુઃખી... દુઃખી... થઈ રહ્યો છે. એવું ન લાગતું હોય અને હાથ-પગ સાજાં હોય ને લહેર કરતો હોય તો એકાદો આંટો રોજ હોસ્પિટલમાં જઈ આવવું. ખાટલાની હારો જોઈ આવવી (કે), કોઈ કેવી રીતે આવ્યું છે... કોઈ કેવી રીતે આવ્યું છે... કોઈ કેવી રીતે આવ્યું છે... તો એનો પ્રમાદ ટળી જાય. એક ક્ષણ પણ ગુમાવવા જેવું નથી એ ખબર પડે એવું છે. **'ભયંકર સંસારરોગનું એકમાત્ર ઓષધ પરમાત્મતત્ત્વનો આશ્રય જ છે. જ્યાં સુધી જીવની દૃષ્ટિ ધ્રુવ અચળ પરમાત્મતત્ત્વ ઉપર ન પડતાં ક્ષણિક ભાવો ઉપર રહે છે...'** મિથ્યાત્વ અવસ્થામાં **'ત્યાં સુધી અનંત ઉપાયે પણ...'** ભલે હેય-ઉપાદેયના બધાં ભાંગા આવડતા હોય અને બહારના પદાર્થોના ગ્રહણ-ત્યાગમાં પડ્યો હોય (તોપણ) **'અનંત ઉપાયે પણ તેના કૃતક ઔપાધિક ઉછાળા...'** (અર્થાત્) આ કરવું ને આ નહિ કરવું, આ છોડવું ને આ ગ્રહણ કરવું એને પરિણામના કૃતક ઔપાધિક ઉછાળા કીધાં છે. **'તેના કૃતક ઔપાધિક ઉછાળા–શુભાશુભ વિકલ્પો–શમતા નથી,...'** એ એમને એમ ઊભા થયા જ કરે છે, શમતા નથી. **'પરંતુ જ્યાં તે દૃષ્ટિને પરમાત્મતત્ત્વરૂપ ધ્રુવ આલંબન હાથ લાગે છે...'** એમ કહે છે **'ત્યાં તે જ ક્ષણે તે જીવ (દૃષ્ટિ–અપેક્ષાએ) કૃતકૃત્યતા અનુભવે છે,...'** કૃતકૃત્ય એટલે જેને હવે કરવાનું કાંઈ બાકી રહ્યું નથી, કરવાયોગ્ય બધું કરાય ગયું છે એવી કૃતકૃત્યતા અનુભવે છે અને તેનો **'વિધિ–નિષેધ વિલય પામે છે,...'** વિધિ એટલે આ ઉપાદેય અને નિષેધ એટલે આ હેય. આ વાત અહીંયાં લીધી છે. એનો વિધિ-નિષેધ વિલય પામે છે. **'અપૂર્વ સમરસભાવનું વેદન થાય છે,...'** જ્ઞાતા-દૃષ્ટા એવા અપૂર્વ સમરસભાવનું–સમતાભાવનું એને વેદન થાય છે. એને **'નિજ સ્વભાવભાવરૂપ પરિણમનનો પ્રારંભ થાય છે અને કૃતક ઔપાધિક ઉછાળા ક્રમે ક્રમે વિરામ પામતા જાય છે.'** એક સાથે (વિલય) નથી થતા. સંપૂર્ણ પરિણમન થતાં ક્રમ પડે છે. એ ક્રમે ક્રમે વિરામ પામતા જાય છે. આ એક પરિસ્થિતિ છે.

અત્યારે હમણાં વળી એક નવું નીકળ્યું છે–અક્રમમાર્ગ કાઢ્યો છે ! ક્રમ નથી પડતો. અત્યાર સુધી બધાં એમ કહેતા હતા કે, મોક્ષમાર્ગમાં હળવે-હળવે ક્રમે-ક્રમે આગળ વધાય પણ દસ લાખ વર્ષ પછી હવે એક એવો માર્ગ, એવો ઉપાય હાથમાં આવ્યો છે... કહેનાર એમ કહે છે, હોં ! અમારો અક્રમમાર્ગ છે અને અમે બધાંને અક્રમે પમાડી દઈએ છીએ. સીધા જ મોક્ષમાં લઈ જઈએ ! ઠીક ! એવી બધી ભ્રમણા માણસને થાય છે, એ બધી

ભ્રમણા છે. લોકો આકર્ષાય જાય છે. એવી બે-પાંચ અધ્યાત્મની મૂકી દ્યે, બે-પાંચ એવી-એવી સુંદર વાતો મૂકી દ્યે, ક્યાંકથી લઈને ! અમુક-અમુક વાતો એવી કહે કે, એવી હીન યોગ્યતાવાળા જીવો એમાં પકડાય જાય છે, આકર્ષિત થાય છે અને એની પાછળ-પાછળ એનું અનુસરણ કરીને એના અનુયાયીરૂપે કેટલાંક ચાલવા લાગે છે ત્યારે એક નવો પંથ ઊભો થાય છે. આમ છે. ગમે તેવો પાખંડ મત હોય પણ એમાં બે-પાંચ વાત એવી હોય કે જીવ એનો છળ પકડે. આ બહુ સારું છે, અમારામાં આ બહુ સારું છે. પણ બીજું બરાબર નથી એનું શું ? એ ગૌણ કરી નાખે. પેલાની મુખ્યતામાં એ ગૌણ કરી નાખે (અને) પાછળ-પાછળ જાય. આ તો ક્રમે-ક્રમે આવ્યું તો ઇ યાદ આવ્યું.

**'ક્રમે ક્રમે વિરામ પામતા જાય છે. આ નિરંજન નિજ પરમાત્મતત્ત્વના આશ્રયરૂપ માર્ગે જ સર્વ મુમુક્ષુઓ ભૂત કાળે પંચમ ગતિને પામ્યા છે,...'** આ જ માર્ગે **'વર્તમાન કાળે પામે છે અને ભાવી કાળે...'** પણ આ જ માર્ગે **'પામશે.'** તેથી આશ્રયભૂત એવું જે પરમાત્મતત્ત્વ એ **'સર્વ તત્ત્વોમાં એક સાર છે, ત્રિકાળ–નિરાવરણ,..'** છે. શુદ્ધ છે એમ કહેવું છે, આવરિત નથી. **'નિત્યાનંદ–એકસ્વરૂપ છે,...'** અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ આદિ **'સ્વભાવ–અનંત–ચતુષ્ટયથી સનાથ છે, સુખસાગરનું પૂર છે,...'** નદીનું પૂર નથી પણ આ સાગરનું પૂર છે અને **'ક્લેશોદધિનો કિનારો છે,...'** કોઈ ક્લેશ ત્યાં આવી શકે એવું નથી. **'ચારિત્રનું મૂળ છે,...'** આ પરમતત્ત્વ છે, પોતાનું ધ્રુવસ્વરૂપ (છે) તે ચારિત્રનું મૂળ છે. આના આશ્રયે ચારિત્ર પ્રગટ થાય છે ? મુક્તિનું એ એક માત્ર પરમ કારણ છે. **'સર્વ ભૂમિકાના સાધકોને તે જ એક (ઉપાદેય છે).'** આશ્રય કરવા યોગ્ય છે. સમ્યક્દૃષ્ટિને ચોથા ગુણસ્થાનમાં પણ એ પરમાત્મતત્ત્વ આશ્રય કરવા યોગ્ય છે, પંચમ ગુણસ્થાનવર્તીને પણ એ જ આશ્રય કરવા યોગ્ય છે, છઠ્ઠા-સાતમા (ગુણસ્થાનવર્તી) મુનિદશાધારક સાધકોને પણ એ જ આશ્રય કરવા યોગ્ય છે.

**'હે ભવ્ય જીવો ! આ પરમાત્મતત્ત્વનો આશ્રય કરી તમે શુદ્ધ રત્નત્રય પ્રગટ કરો. એટલું ન કરી શકો તો સમ્યગ્દર્શન તો અવશ્ય કરો જ.'** મુનિદશા પ્રગટ ન થાય તો સમ્યગ્દર્શન તો અવશ્ય કરો જ. **'એ દશા પણ અભૂતપૂર્વ અને અલૌકિક છે.'** આ એક પેરેગ્રાફ ઉપોદ્‌ઘાતની અંદર આ વિષયમાં નાખ્યો છે.

મુમુક્ષુ :– રત્નત્રય વગર સાધકદશા તો આવતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર છે. એને તો સાધકદશા જ આવતી નથી અને એ માર્ગની

એ વિશિષ્ટતા છે એમ કહે છે. ઠીક ! એ વિશિષ્ટતા છે. (એ લોકો એમ પૂછે કે) તમે સંસારી છે ? (તો આ કહે) હા, (તો પેલા કહે) અમે સીધો અક્રમે તમારો મોક્ષ કરી નાખીએ, બોલો ! કેવું સારું ! વચ્ચે સાધકદશાની માથાફોડમાં જવાનું નહિ. આ હેય ને આ ઉપાદેય, આ ગ્રહણ કરવું અને આ છોડવું, આનો ત્યાગ કરવો, આનું ફલાણું કરવું... (એ બધું) કાંઈ નહિ. સીધો મોક્ષ ! હમણાં એવું થોડું ચાલે છે. બહુ લોકો પાછળ છે, આપણાં જૈનો, અજૈનો. ઘણાં લોકો પાછળ છે. જૈનની ઘણી વાત કરે છે, વીતરાગતાની ઘણી વાત કરે છે. વીતરાગતા, જ્ઞાતા-દ્રષ્ટાપણું એ વાત વધારે કરે છે.

મુમુક્ષુ :– 'સોનગઢ' આવી ગયા હશે.

પૂજ્ય ભાઈશ્રી :– 'સોનગઢ' તો આવ્યા હતા પણ એકાદ વખત આવ્યા હતા. ફરતા-ફરતા 'પાલીતાણા' આવેલા (ત્યારે આવેલા). ઇ પહેલાંની વાતો (કરે છે). 'શ્રીમદ્'નું ઘણું વાંચેલું છે.

આ તો અહીંયાં છે ને ? કે, **'કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી.'** તો એનો અર્થ એમ નથી કે એને બધાં પદાર્થ ખરાબ લાગે છે. બાહ્ય પદાર્થો સારા લાગતા નથી એટલે ખરાબ લાગે છે એમ નથી અથવા પાંચ ઇન્દ્રિયના વિષયો જીવને પાપમાં પાડે છે, જીવને દોષમાં પાડે છે માટે એ બધાં છોડી દેવા જેવા છે એવી રીતે દ્વેષબુદ્ધિથી એનો ત્યાગ કરવાનો પણ અહીંયાં પ્રશ્ન નથી. ન તો રાગની બુદ્ધિથી અંગીકાર કરવા યોગ્ય છે, સેવવા યોગ્ય છે અને ન તો દ્વેષની બુદ્ધિથી છોડવા યોગ્ય છે કે ત્યાગ કરવા યોગ્ય છે. આવું પરપદાર્થના ગ્રહણ-ત્યાગના વિષયની અંદર રાગ-દ્વેષ વિનાનું વલણ અપનાવવાની વાત છે. સામાન્ય રીતે તો ગ્રહણ-ત્યાગમાં રાગ-દ્વેષ ઊભો થાય છે, હેય-ઉપાદેયમાં રાગ-દ્વેષ ઊભો થાય છે. અહીંયાં એ શૈલી નથી અથવા વીતરાગની એ શૈલી નથી. એમ કહેવું છે. વાત આવશે–ગ્રહણ-ત્યાગની, વિધિ-નિષેધની, હેય-ઉપાદેયની વાતો આવે છે, શૈલી આવે છે, કથનો આવે છે, એ પ્રકાર પણ બહારમાં ભજે છે કેમકે દોષ અને દોષનો વિષય છૂટી જાય છે એટલે એ પ્રકાર પણ ઉત્પન્ન થાય છે તોપણ એમ કહે છે કે, મૂળમાં વાત કોઈ બીજી છે અને બીજી રીતની છે, બીજી રીતે આ વાત છે, લોકો જાણે છે એવી રીતે નથી.

સારું-ખરાબ લાગવું ન જોઈએ મૂળમાં એમ વાત છે, મૂળમાં આ વાત છે. કેમકે કોઈ પદાર્થ સારા નથી અને કોઈ પદાર્થ ખરાબ નથી. પદાર્થ તો બધાં પુદ્ગલ રજકણો છે. એની અવસ્થાની મુખ્યતાથી બે વિભાગ જીવો જગતમાં પાડે છે કે, દુર્ગંધ તે સારી નહિ અને

સુગંધ તે સારી. સોનું તે સારું અને માટી-પથ્થર તે સારા નહિ. હીરા પથ્થર જ છે અને સોના કરતાં વધારે કીમતી છે. પણ એ જગતના વ્યવહાર અનુસાર ટૂંકામાં બે વિભાગ પાડવામાં આવે છે કે, આ સારું અને આ સારું નહિ. એ જડ રજકણોની કોઈ પણ પ્રકારે અવસ્થા હો, ચૈતન્યને શું ? જડની અવસ્થા માટે ચૈતન્યને શું ? બસ ! આટલું જોવાનું રહે છે. જો તું ચૈતન્ય છો, તને ચૈતન્યનો રસ છે; તો જડમાં સારા-નરસાપણું તો જડનો રસ હોવાને લીધે છે. જેને ચૈતન્યનો રસ છે એને જડનો રસ નથી, જેને જડનો રસ છે એને ચૈતન્યનો રસ નથી. આ તો સામેસામું છે, એકસાથે બે પ્રકારના રસ તો રહેતાં નથી.

શું કહે છે ? કે, અનાદિના વિભાવ પરિણમનના અભ્યાસને લીધે સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી ચૈતન્યનો મહિમા અને ચૈતન્યનું જ્ઞાતા-દ્રષ્ટારૂપ આંશિક પરિણમન હોવા છતાં પણ અંદર ઉપયોગમાં અસ્થિરતા હોય છે, ઉપયોગ બહાર આવે છે. અસ્થિરતા હોવાને લીધે ઉપયોગ બહાર આવે છે. બીજી પણ પરિણતિ સમજી લેવી. પણ ઉપયોગ બહાર આવે છે તોપણ, અહીંયાં ચોખવટ છે કે, બીજાં જીવનો ઉપયોગ જેમ બીજાં પદાર્થોને વિષે લાગે છે એવો દેખાવ હોવા છતાં એમાં રસમાં મોટો ફેર છે. એક લુખ્ખો છે (અને) એક ઉપયોગ બહારમાં છે (એ) સુખબુદ્ધિએ રસ લે છે, એકને દુઃખ અનુભવાય છે એટલે લુખ્ખાપણું આવે છે, નીરસપણું આવે છે. ઉપયોગ બહાર જાય છે તોપણ પોતાની વ્યાપકતાને અનુભવમાં બરાબર રાખે છે કે, હું મારા સ્વક્ષેત્રમાં વ્યાપ્ય-વ્યાપકપણે છું. ભલે ઉપયોગ બહાર જાય છે તોપણ ઉપયોગની પર્યાય મારું સ્વક્ષેત્ર છોડીને બહાર જાતી નથી.

ઉપયોગ બહાર જાય છે એનો અર્થ શું ? કે, ઉપયોગમાં પરપદાર્થનું અસ્થિરતાથી આલંબન લેવાય છે તોપણ એટલું ભાનમાં રહે છે કે, આ ઉપયોગ(ની પર્યાય) મારા સ્વક્ષેત્રને છોડીને ક્યાંય બહાર ગઈ નથી. ઉપયોગની પર્યાય મારા સ્વક્ષેત્રમાં છે. મારું વ્યાપ્ય-વ્યાપકપણું મારા અસંખ્ય પ્રદેશમાં જ છે, એથી બહાર મારું વ્યાપવાપણું નથી. પરપદાર્થનું મારામાં વ્યાપવાપણું નથી, મારા પ્રદેશમાં કોઈ પરપદાર્થ આવી શકતા નથી.

મુમુક્ષુ :– અજ્ઞાનીને એ રીતે તો નથી, પણ માનતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એને એ પકડાતું નથી. બહિર્ભાવમાં બાહ્ય પદાર્થને વિષે રસ અને તન્મયતાને લીધે એ પોતાની વ્યાપકતાને ભૂલે છે. એનો ઉપયોગ પણ કાંઈ સ્વક્ષેત્ર છોડીને જઈ શકતો નથી પણ એ ભૂલી જાય છે. એને એમ થાય છે કે, હું ખરેખર બહાર ગયો. જે જોયું ત્યાં હું ગયો. આ અવાજ આવે છે ત્યારે નથી કહેતાં કે, આ ડખલ થાય છે.

વાજું વાગતું હોય, આ રેકોર્ડ મૂકે છે કે નહિ ? તો કહે કે, આ ડખલ થાય છે. ઇ ડખલ નથી થતું, તું ત્યાં ચાલ્યો જાય છે. શું થાય છે ? જ્યારે કોઈ અવાજ અને ઘોંઘાટથી અહીંયાં વિક્ષેપ પડે છે ત્યારે અહીંયાં વિક્ષેપ પડે છે એનો અર્થ કે તું ઉપયોગથી ત્યાં ચાલ્યો જાય છે. બાકી એ કાંઈ તારામાં આવી શકે એવું નથી અને તું ત્યાં જઈ શકે એવું નથી પણ પોતાની વ્યાપકતાને જીવ ભૂલી જાય છે.

પ્રશ્ન :– ત્યાં જાય છે ઇ કચાશ છે ?

સમાધાન :– કચાશ શું કહેવું ? અકચાશ હોય તો કચાશ કહેવી, સ્થિરતા હોય તો અસ્થિરતા કહેવી. આખો ગયો છે, એમાં કચાશ શેની ? પૂરેપૂરો ઊંધો ગયો, એમ છે.

સમ્યક્દૃષ્ટિને સ્વરૂપમાં અંદર રહી શકાતું નથી એટલે **'ઉપયોગ બહાર આવે છે પણ રસ વિના–બધું નિઃસાર,...'** જે પદાર્થને ઉપયોગ બહાર આવીને જાણે છે એ પદાર્થ મારે કામનો નથી, અસાર પદાર્થ છે, નિઃસાર પદાર્થ છે. **'ફોતરાં સમાન, રસ-કસ વગરનું હોય...'** આ મગફળીનાં ફોતરાં હોય છે કે નહિ ? મગફળીના દાણા ચાવે છે, કોઈ ફોતરાં ચાવે છે ? કે, ભૂખ લાગી છે, ચાલો એક બૂકડો એનો પણ મારી લ્યો ! એ રસ-કસ વગરનાં લાગે છે. **'ફોતરાં સમાન, રસ-કસ વગરનું હોય એવા ભાવે–બહાર ઊભા છે.'** નીરસપણે બહાર ઊભા છે, સરસપણે બહાર નથી ઊભા પણ નીરસપણે બહાર ઊભા છે. લૌકિકમાં આ શોક મટાડવા માટે બધાં ઉપાય છે કે નહિ ? બીજી વાતે ચડાવે, બીજાં પ્રસંગો કરે, બધાં ભેગા થાય, આ બારમું-તેરમું કરીને મીઠાઈ બનાવીને ખાય એ કાંઈ સારી વાત છે ? શોકના પ્રસંગે તો અમસ્તુ પણ માણસ ગળપણ છોડી દે છે તો આ બારમા અને તેરમાના દિવસે ગળપણ બનાવીને ખવડાવે ! આ કઈ જાતનો રિવાજ છે ? એની પાછળ પેલાના શોકના ઉપયોગને ફેરવવાની વાત છે, પણ અંદર ઘા વાગ્યો હોય એ બહારમાં લાડુ આવીને એને કાંઈ રુઝાવી દે એમ છે ? ઊભા-ઊભા લાડવો ખાતો દેખાય એમાં શું એનો રસ પડતો હોય ? એનાં પરિણામ રસ-કસ વગરના હોય છે, એમાં એને રસ આવતો નથી.

અંદર એક બીજો રસ આવે છે. જેમ પેલામાં શોકનો રસ છે એમ અહીંયાં અંદરમાં ચૈતન્યનો રસ છે, આત્મરસ છે, કોઈ અલૌકિક રસ છે એને લીધે ઉપયોગ બહાર (જાય છે તે) શૂન્યવત્ છે, શૂન્ય જેવો ઉપયોગ છે. એમ નથી કહેતાં ? કે, એ તો સૂમસામ છે. આમ જોવે છે પણ સૂમસામ છે, જાણે કાંઈ ન જોતો હોય એવી રીતે જોવે છે. એમ અંદરથી જે ફરી ગયો છે એને બહારમાં ઉપયોગ આવે તોપણ એ બધું રસ વિનાનું છે, નિઃસાર

છે.

આ ભાવના આવે છે ને ? બાર ભાવના ! એક અશરણભાવના આવે છે એમાં એવી એક વાત છે કે, જે પદાર્થો તને શરણભૂત નથી; મૂળ તો જીવ પરપદાર્થનો શું કરવા આશ્રય લે છે ? કે, આ મને એક ઓથ છે. પૈસાની મને ઓથ છે, સગાં-સંબંધીની ઓથ છે, ઘર-મકાન, આબરૂની મને ઓથ છે. તો કહે (છે કે) મૃત્યુનો સમય આવ્યો, હવે તને શું શરણ થયું ? કે, કોઈ પદાર્થ તને શરણભૂત નથી. ક્યારે ? મૃત્યુ આવે ત્યારે શરણભૂત નથી ? પહેલેથી જ શરણભૂત નહોતા. પણ એનું મને શરણ છે, એની ઓથ અને આશ્રય છે એવું માનતા મૃત્યુ ટાણે તને આઘાત આવે છે. એનો આઘાત લાગે છે. શેનો આઘાત છે ? મૃત્યુનો આઘાત છે ? નહિ. તેં આશ્રય લીધો છે એનો આઘાત છે, ખરેખર તો એમ છે. જે ઓથ લીધી છે એનો આઘાત છે. જ્ઞાનીઓને કાંઈ નથી. એ તો સમજે છે કે, આ કપડાં બદલ્યા. જેમ જૂના વસ્ત્રો જર્જરિત થાય છે, જીર્ણ થાય છે તો માણસ હોંશથી નવા વસ્ત્રો પહેરે છે. આ ફાટી ગયા, હવે ઘસાઈ ગયા છે, છોડી દ્યો. નવા સારાં બનાવીને પહેરો. તો એમાં કાંઈ રોવા લાગે છે કે, અરે..રે..રે...! મારા વસ્ત્રો ઘસાઈ ગયા. એ સમજે છે કે, આ પર્યાય પૂરી થવાનો અવસર થયો, શરીર જર્જરિત થયું અથવા વગર જર્જરિત (હોય તોપણ) એ પર્યાયનો અવસર પૂરો થયો. નવું વસ્ત્ર આવશે, ન તો જૂના છોડવાનો ખેદ હોવો ઘટે છે, ન તો નવા અંગીકાર કરવાનો હરખ થવો ઘટે છે. કેમકે બન્ને તારાથી ભિન્ને-ભિન્ન છે. અહીં તો એમ છે. એટલે જે જુદું છે એને વિષે હરખ-શોક કરવાનો ઘટતો નથી. જે અશરણ છે, અસાર છે–સારભૂત નથી અથવા જે સુખસ્વરૂપ નથી અને જે અનિત્ય છે એવા પદાર્થની પાછળ પડીને તારા હાથમાં શું આવવાનું છે ? બાર ભાવનામાં આવો પ્રશ્ન ઊઠાવે છે. જે અનિત્ય છે, અસાર છે, અશરણભૂત છે અને સુખસ્વરૂપ નથી એવા પદાર્થોની પાછળ લાગી-લાગીને તારા ચૈતન્યની ગુણ-સંપત્તિને હાનિ થાય છે. તારે શું મેળવવાનું છે ? હાનિ થાય છે, કાંઈ મેળવવાનો તો પ્રશ્ન રહેતો નથી. એ બધાં પ્રકારના સમાધાન લઈને સમ્યક્દૃષ્ટિનું પરિણમન છે. એ બાર ભાવના કહો, અનેક પ્રકારના બહારના તમામ પડખાંના જે ન્યાયો છે એનો સરવાળો પરિણમનમાં ચાલે છે. ન્યાય વિચારવા બેસવું પડતું નથી, ન્યાયના વિકલ્પ કરવા બેસવું પડતું નથી. એનું પરિણમન જ છે. એટલે એ બધું રસ વિનાનું, રસ-કસ વિનાનું, **'રસ વિના...'** રસ-કસ વિના, એમ.

જે મિથ્યાત્વ અવસ્થામાં ભર્યું-ભર્યું લાગે છે એ જ બધું સમ્યક્ અવસ્થામાં ખાલી-ખાલી

લાગે છે – આટલો ફેર છે. માણસ શું કહે છે ? કે, આ ઘર ભર્યું-ભર્યું લાગે છે. 'ગુરુદેવ' બહુ કાઠિયાવાડી ભાષામાં બોલતા 'કહળ્યું કુટુંબ !' શું ? 'કહળ્યું કુટુંબ' કહેતા. સારું એવું વિસ્તાર પામેલું, ખામી ન હોય, એમ. દીકરાંનું પ્રમાણ, દીકરીઓનું પ્રમાણ, ભાઈઓનું પ્રમાણ, બહેનોનું પ્રમાણ... બધું આમ સપ્રમાણ હોય, સારું એવું હોય. જેને એમ કહીએ કે, કુટુંબનો વડલો સરખો જામેલો છે, તો 'કહળ્યું કુટુંબ' (છે) એમ કહે. (અહીંયાં) કહે છે કે, એ તને ભર્યું-ભર્યું લાગે છે, જ્ઞાનીને એ શૂન્ય–ખાલીવત્ લાગે છે, ક્યાંય હું નથી. મારાથી એ બધું શૂન્ય છે અને એમાં મારો ક્યાંય સદ્ભાવ નથી, અભાવ છે. આ વસ્તુનું ભાન છે તે એને ક્યાંય ખોટો રસ ઉત્પન્ન થવા દેતું નથી.

ઘણાંને એમ લાગે કે, જો જીવનમાં રસ ન હોય તો પછી એ જીવન શું કામનું ? (તો કહે છે કે), ભાઈ ! એને ચૈતન્યનો મહિમા અને ચૈતન્યનો નિરાકૂળ રસ, શાંત રસ, અમૃત રસ અંદરમાં રેલાય છે. એ એનું જીવન છે અને એ એનું પરિણમન છે. બહારનો બધો આકુળતાનો રસ ખલાસ થયો છે. દુ:ખરસ મટ્યો છે, સુખરસ તો અંદર બરાબર પ્રગટ થયેલો છે.

પ્રશ્ન :– કહળ્યું એટલે ?

સમાધાન :– કહળ્યું ઇ એક જાતનો કાઠિયાવાડી શબ્દ છે. કહળ્યું એટલે સારી રીતે ફેલાયેલું, એમ. ક્યાંય ખામી ન હોય, કોઈ દીકરો મર્યો ન હોય, દીકરી મરી ન હોય, કોઈ મરણ ન થયું હોય, પહેલેથી બધું આમ સરખી રીતે જળવાઈને જામી ગયેલું હોય એને કહળ્યું કુટુંબ કહે છે. (અહીં સુધી રાખીએ).

**નિશ્ચયની મુખ્યતા કરતાં, દોષનો બચાવ ન થાય તે લક્ષમાં રાખવા યોગ્ય છે. યથાર્થતા હોય તેમાં દોષનો ત્યાગ / અભાવનું લક્ષ હોય તેમાં દોષનો બચાવ અથવા પક્ષ કેમ થાય ?**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૭૬-A)

## પ્રવચન નં. ૨૯, વચનામૃત–૩૩
## તા. ૧૭-૧૨-૧૯૮૬

'જેને લાગી છે તેને જ લાગી છે' ...પરંતુ બહુ ખેદ ન કરવો. વસ્તુ પરિણમનશીલ છે, કૂટસ્થ નથી; શુભાશુભ પરિણામ તો થશે. તેને છોડવા જઈશ તો શૂન્ય અથવા શુષ્ક થઈ જઈશ. માટે એકદમ ઉતાવળ ન કરવી. મુમુક્ષુ જીવ ઉલ્લાસનાં કાર્યોમાં પણ જોડાય. સાથે સાથે અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે, સંતોષ ન થાય. હજુ મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે–એવી ઊંડી ખટક નિરંતર રહ્યા જ કરે છે, તેથી બહારમાં ક્યાંય તેને સંતોષ થતો નથી; અને અંદર જ્ઞાયકવસ્તુ હાથ આવતી નથી, એટલે મૂંઝવણ તો થાય; પણ આડો-અવળો નહિ જતાં મૂંઝવણમાંથી તે માર્ગ શોધી કાઢે છે. ૩૩.

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું–૧૧, ૩૩ નંબર છે. બોલનો વિષય (છે એમાં) બે (બાબતનું) માર્ગદર્શન છે. એક તો મુમુક્ષુની પૂર્વ ભૂમિકાનું–યથાર્થ ભૂમિકાનું સ્વરૂપ કેવું હોય

એ વિષય છે અને એમાં ભૂલ ન કરે એ સંબંધીનું માર્ગદર્શન પણ છે.

**'જેને લાગી છે તેને જ લાગી છે' ...પરંતુ બહુ ખેદ ન કરવો.'** સ્વરૂપપ્રાપ્તિની લગની ઉગ્ર થાય અને સ્વાનુભવમાં જઈ શકાય નહિ, પ્રયત્ન કરવા છતાં અને પ્રયત્નમાં કેટલીક કૃત્રિમતા થઈ જતી હોવાથી ત્યાં ખેદ પણ ઉત્પન્ન થાય છે. જેમ કોઈ ચીજ મહેનત કરતા મળે નહિ અને ખેદ થાય એવો પ્રકાર છે. જેમ તૃષા લાગે અને પાણી વગર ન રહી શકે એમ જેને પોતાનો આત્મા જ જોઈએ, બીજાું કાંઈ ન જોઈએ અને એના માટેની ઉગ્ર ભાવના થવા છતાં અંદરમાં કાંઈ કચાશ રહેતી હોય અથવા પુરુષાર્થ સહજપણે ઉત્પન્ન થવો જોઈએ તે સહજ ન થતો હોય, જેટલી માત્રામાં થવો જોઈએ તેટલી માત્રામાં (ન થતો હોય તો) ત્યાં ખેદ પણ થઈ આવે છે. ખેદ થઈ આવે તોપણ બહુ ખેદ કરવા યોગ્ય નથી. એટલી હદે ખેદ કરવા યોગ્ય નથી કે જેથી પરિણામમાં કોઈ નીચેના સ્તરમાં આવી જવાય, નીચી કોટિના પરિણામ થઈ જાય એ પ્રકારે, એટલી હદે ખેદ થવા યોગ્ય નથી અથવા કરવા યોગ્ય નથી.

આ બધાં ભાવો સૂક્ષ્મ છે અને એની મર્યાદા છે એ, એ ભૂમિકામાં આવેલા જીવને કાંઈક અંશે સમજાય છે. એ ભૂમિકામાં ન આવ્યા હોય (એને) બહુ (ખેદ) ન કરવો અને થોડો કરવો, થોડો કરવો એટલે કેટલો કરવો ? (એ સમજાતું નથી). (ભાટે) આ વિષય થોડો ન સમજાય એવો છે પણ એને બીજો કોઈ ઉપાય નથી. કેમકે આ તો અંતરંગ પરિણામો છે, અંદરના પરિણામો છે એટલે બહારમાં એનું કોઈ મીટર નથી, એનું કોઈ માપ નથી કે આમ થાય ને આમ ન થાય. પણ સહજપણે લગનીના કાળમાં (સ્વરૂપ) પ્રાપ્તિ ન થાય ત્યારે ખેદના પરિણામ થાય એને એટલું માર્ગદર્શન છે કે, એવી રીતે ખેદ નથી કરવા યોગ્ય કે જાણે આ જ સ્થિતિ રહેવાની છે. એ ખ્યાલમાં રાખીને વાત છે. '**કૂટસ્થ નથી;...**' જે વર્તમાન સ્થિતિ–મિથ્યાત્વની સ્થિતિ છે, જે ઉદયભાવો સાથે, રાગાદિભાવો સાથે એકત્વ થઈ જાય છે. અનાદિનું થઈ રહ્યું છે અને અત્યારે છોડવાનો પ્રયત્ન કરવા છતાં હજી છૂટતું નથી તો કાંઈ એ સ્થિતિ કૂટસ્થ નથી. એટલે એવી એ Permanent નથી–કાયમી એ પરિસ્થિતિ નથી. પરિણમનશીલ છે એટલે બદલતી પરિસ્થિતિ છે એ ખ્યાલમાં રાખવા યોગ્ય છે. કેમકે અનિત્ય પર્યાયમાં–અનિત્ય ભાવોમાં નિત્યપણું અધ્યાસે કરીને થઈ રહ્યું છે એ પ્રકારે અહીંયાં અપ્રાપ્તિ અને ખેદના કાળમાં નહિ થવો જોઈએ, એવી રીતે ખેદ નહિ થવો જોઈએ. ખેદ તો થશે, ખેદ થાય, ન થાય એ પ્રશ્ન નથી, ન થાય તો હજી એ પણ એથી

નીચી કોટિમાં છે. થાય તો લગનીની સ્થિતિ કાંઈક ઠીક છે, સારી છે. પણ છતાં એ કર્તવ્ય છે એમ સમજીને કોઈ કૃત્રિમતાથી કરે એ પ્રકાર પણ નથી. સહજ થાય તોપણ એ સ્થિતિ કાયમી નથી, કૂટસ્થ નથી, એ પણ બદલતી ચીજ છે, એ વિષયમાં લક્ષ હોવું ઘટે. જો એવું લક્ષ હોય તો ખેદનું જે પ્રમાણ છે એમાં ફરક પડે છે અથવા યોગ્ય પ્રકારે થાય છે.

દરેક ભૂમિકામાં – સમ્યગ્દર્શનની પૂર્વ ભૂમિકા હો, ચોથા ગુણસ્થાનની ભૂમિકા હો, પાંચમાની ભૂમિકા હો, છઠ્ઠા-સાતમાની ભૂમિકા હો, તે-તે ભૂમિકાના શુભાશુભના કેટલાંક ચોક્કસ પ્રકારના પરિણામ છે એ પ્રકાર આવે જ આવે, આવ્યા વિના રહે નહિ. એવી પરિસ્થિતિ છે. ત્યાં એમ સમજે કે એવા પરિણામ કેમ આવે છે ? તો એ વસ્તુના સ્વરૂપને સમજ્યો નથી. 'ગુરુદેવશ્રી'એ ચોથી, પાંચમી, છઠ્ઠી-સાતમી ભૂમિકાના બોલમાં ('પરમાગમસાર' બોલ-૯૭૪) વાત લીધી છે. નહિતર નિશ્ચયાભાસ થઈ જાય. જો એમ થયું હોય તો નિશ્ચયાભાસ પણ થઈ જાય. સમુચિત પ્રસંગમાં ઉદયના કાળમાં જો સમુચિત રાગ ન થાય, રાગી હોવા છતાં રાગ ન થાય, વીતરાગ હોય એને એ રાગ થવાનો પ્રશ્ન નથી, પણ રાગમાં ઊભો છે અને એને સુયોગ્ય પ્રકારનો રાગ ન થાય તો નિશ્ચયાભાસ હોય અથવા થઈ જાય.

('પરમાગમસાર' બોલ-૯૭૪) **'પર્યાયમાં પોતાના કારણે અશુદ્ધતા છે.'** પોતાના કારણે એટલે પોતાની યોગ્યતાને કારણે અશુદ્ધતા છે. બીજાના કારણે નથી અને પોતાના કારણે નથી એમ પણ નથી. કોઈ નિમિત્તના કારણે કે કર્મના ઉદયના કારણે અશુદ્ધતા નથી અને પોતાના કારણે અશુદ્ધતા નથી એમ પણ નથી – આમ બન્ને રીતે માનવું પડે છે. પર્યાયમાં પોતાના કારણે અશુદ્ધતા છે અને **'એમ ન માને...'** અને આત્મા શુદ્ધ છે... આત્મા શુદ્ધ છે એવો જે શુદ્ધાત્માની મુખ્યતાવાળો ઉપદેશ સાંભળીને **'એકલો આત્મા શુદ્ધ જ છે. એમ માને છે તે નિશ્ચયાભાસી છે.'** જુઓ ! આ મુમુક્ષુની વાત લઈ લીધી. શુદ્ધાત્માનો ઉપદેશ સાંભળે, શુદ્ધાત્માનો ઉપદેશ સાંભળીને એ ભાવ એને રુચે, શુદ્ધાત્માની રુચિ વિશેષ થાય, શુદ્ધાત્મા બાજુ વજન થાય અને હું શુદ્ધાત્મા છું એવું વજન લઈ જવાનું હોવા છતાં પણ અને રાગાદિ ભાવો ઉપરથી વજન ઉઠાવી લેવાનું હોવા છતાં પણ તે પરભાવો છે એમ કરવાનું હોવા છતાં પણ પરભાવ તરીકે એને જોવાનું હોવા છતાં પણ એકલો આત્મા શુદ્ધ જ છે એમ માને, પર્યાયમાં પોતાના કારણે અશુદ્ધતા છે એમ ન માને તો તે નિશ્ચયાભાસી છે.

**'ભક્તિ આદિનો રાગ તો મુનિને પણ આવે છે, છતાં નીચલી ભૂમિકામાં તે રાગ હોતો નથી'** – (અર્થાત્) જે-તે ભૂમિકામાં જે-તે પ્રકારનો ભૂમિકાનો રાગ હોવો જોઈએ એવો રાગ હોતો નથી **'એમ માને (તો) તે (પણ) નિશ્ચયાભાસી છે.'** 'ગુરુદેવ' ઉપર લોકોએ આરોપ કર્યો હતો કે, એકલો નિશ્ચયનો ઉપદેશ આપે છે. અહીંયાં એમ કહે છે કે, જે ભૂમિકામાં જે રાગ–જે રાગનો વ્યવહાર હોવો ઘટે એમ ન માને તે નિશ્ચયાભાસી છે. જે વ્યવહારને વ્યવહારના સ્થાનમાં માનતો નથી (તો) અવશ્ય તે નિશ્ચયાભાસી છે, ચોખ્ખે-ચોખ્ખો નિશ્ચયાભાસી છે એમ કહેવું છે. એટલું તો સ્પષ્ટ કર્યું છે. **'અને રાગ થાય છે એને આદરણીય માને...'** (અર્થાત્) જે રાગ થાય છે, શુભરાગ થાય છે એ કરવા યોગ્ય માને–**'આદરણીય માને તો તે વ્યવહારાભાસી છે; તે બન્ને મિથ્યાદષ્ટિ છે.'** એ બન્ને મિથ્યાદષ્ટિ છે.

મુમુક્ષુ :– રાગ ઉપરથી વજન ઉઠાવવા માટે એમ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, વજન ઉઠાવવા માટે અને શુદ્ધાત્મામાં અહંપણું કરવા અર્થે એમ કરવામાં આવે છે તોપણ જ્ઞાનમાં ખબર છે. આવું શ્રદ્ધા-જ્ઞાનનું જોર છે તોપણ જાણપણારૂપ જ્ઞાનમાં ખબર છે કે મારી અશુદ્ધતા છે (એ) મારી પર્યાયમાં મારે કારણે થાય છે. નિમિત્તના કારણે પણ નહિ, ત્રિકાળીના કારણે પણ નહિ પણ તે વખતે મારું કાર્ય છે એ એને ખબર છે.

**'ચૌદમાં ગુણસ્થાન સુધી પણ અસિદ્ધત્વભાવ હોય છે. તેને માને નહિ તો, તે ખરેખર નિશ્ચયને પણ જાણતો નથી. અહીં નિશ્ચયનયાવલંબી કહેલ છે...'** 'મોક્ષમાર્ગ પ્રકાશક' ઉપરના પ્રવચનોમાંથી બોલ છે. **'અહીં નિશ્ચયનયાવલંબી કહેલ છે તેનો અર્થ નિશ્ચયને જાણે છે એમ નથી પણ નિશ્ચયની વાતો કરે છે પણ નિશ્ચયને યથાર્થપણે જાણતો નથી.'** નિશ્ચયની વાત કરે અથવા નિશ્ચય સ્વરૂપનો વિકલ્પ કરે. કોઈ એમ કહે કે, વાત નથી કરતા પણ અંદરમાં જે નિશ્ચય શુદ્ધાત્મા છે એનો વિકલ્પ આવે છે. તો વાત કરે કે વિકલ્પ કરે, વાત કરે એ વિકલ્પપૂર્વક વાત કરે છે. વિકલ્પ આવે એમાં કોઈ વાત કરે અને કોઈ ન કરે પણ વિકલ્પ તો હોય છે. એવો નિશ્ચયનો જેને વિકલ્પ છે પણ નિશ્ચય સ્વરૂપને યથાર્થરૂપે જાણતો નથી તે નિશ્ચયાભાસ છે અને એ રીતે **'નિશ્ચયાભાસનાં શ્રદ્ધાની બની પોતાને મોક્ષમાર્ગી માને છે...'** છે એને નિશ્ચયાભાસ, માને છે પોતાને મોક્ષમાર્ગી ! **'તે જીવ તો નિશ્ચય–વ્યવહાર બન્નેને યથાર્થપણે જાણતો નથી.'** એમ લીધું છે. ન તો એ નિશ્ચયને જાણે છે ન તો એ વ્યવહારને જાણે છે.

નિશ્ચયમાં તો જીવ અનાદિથી ભૂલેલો છે પણ વ્યવહારમાં સાવધાન છે. કેટલાક વ્યવહારમાં વ્યવહારની પકડવાળા થઈ જાય છે, વ્યવહારને આદરણીય માને છે તે વ્યવહારને ભૂલે છે અને કેટલાક વ્યવહારના સ્થાનમાં વ્યવહારને ઉડાવીને વ્યવહારને ભૂલે છે – એમ બન્ને રીતે વ્યવહારને ભૂલે છે. એટલે 'ગુરુદેવશ્રી' કહેતા કે, જરા પણ આડું-અવળું કરે તો આમાં ચાલે એવું નથી. (આવા) એક-બે બોલ આવેલા છે. નવ તત્ત્વના સંબંધમાં પણ ઘણાં બોલ લીધાં છે. પ્રયોજન છે વિકારનો–વિભાવનો અભાવ કરવાનું. કોઈ પણ પ્રકારે એ પ્રયોજન ઊલટું થઈ જાય તો એણે પ્રયોજનના વિષયમાં લક્ષ રાખ્યું નથી અથવા પ્રયોજન ચૂકાઈ ગયું છે. એવું બને છે.

(અહીંયાં) શું કહે છે ? **'જેને લાગી છે તેને જ લાગી છે'** એવી આત્મપ્રાપ્તિની ઉગ્ર લગની હોય ત્યારે ખેદના પરિણામ થવા યોગ્ય છે તોપણ એમાં આટલી વિચારવા જેવી વાત છે અથવા આટલું માર્ગદર્શન છે કે, **'વસ્તુ પરિણમનશીલ છે, કૂટસ્થ નથી;...'** એ ખ્યાલ રાખવા જેવો છે. નથી થતું માટે નહિ જ થાય એમ માની લેવા જેવું નથી. **'શુભાશુભ પરિણામ તો થશે.'** શુભાશુભનો અભાવ કરવાનો માર્ગ છે તોપણ શુભાશુભ પરિણામ વીતરાગતાની શ્રેણી ન માંડે ત્યાં સુધી બુદ્ધિપૂર્વકના શુભાશુભ તો થયા વિના રહેતાં નથી. **'શુભાશુભ પરિણામ તો થશે.'** જે ભૂમિકામાં એ થશે તે ભૂમિકામાં તેને છોડવા જઈશ, એમ કહે છે. જે ભૂમિકામાં એ થવા યોગ્ય છે અને થાય છે તે ભૂમિકામાં છોડવા જાય તો શુષ્ક થઈ જાય છે અથવા શૂન્યમનસ્ક થઈ જાય છે. શૂન્ય થાય છે એટલે શું છે ? કે, એક જાતનો એવો ભ્રમ થાય છે કે, બસ ! હું શૂન્ય થઈ જાઉં... શૂન્ય થઈ જાઉં... શૂન્ય થઈ જાઉં... કાંઈ વિકલ્પ ન કરું. પણ જે શુભાશુભ પરિણામ થવા યોગ્ય છે એ થાય જ છે એમાં કર્તૃત્વબુદ્ધિએ કોઈ પરિણામને કરવા જાય અને એ રીતે એ પરિણામ થઈ શકે એ વસ્તુસ્થિતિ નથી. કોઈ પણ પ્રકારે પર્યાયમાં આમ કરવું છે એમ સમજીને કરવાના અભિપ્રાયથી (કોઈ ભાવ કરવા ચાહે તો) એ વિપરીત અભિપ્રાય છે. કોઈ કરવા ચાહે તો પણ (એ) પરિણામ થઈ શકતા નથી. એવી કોઈ પરિણામની સ્વકાળની કુદરતી સ્થિતિ છે.

**'તેને છોડવા જઈશ તો શૂન્ય અથવા શુષ્ક થઈ જઈશ.'** જે રીતે તને યથાર્થપણે પરિણમન થવું જોઈએ એવું નહિ થાય. એટલે શુભાશુભનો પરિત્યાગ કરવાનો છે તોપણ યથાર્થપણે એનો અભાવ થાય એમ ન કરવામાં આવે તોપણ જીવ બીજે રસ્તે ચડી જાય છે, શુષ્ક થઈ જાય છે. **'માટે એકદમ ઉતાવળ ન કરવી.'** માટે એકદમ ઉતાવળ ન કરવી.

પ્રશ્ન :– આ શુભાશુભ પરિણામ એટલે ક્યા પરિણામ હોય ?

સમાધાન :– એ કોઈ નિયમ નથી. પૂર્વકર્મ અનુસાર શુભાશુભ પરિણામ સામાન્ય રીતે જે મનુષ્યગતિ હોય તો મનુષ્યગતિને યોગ્ય હોય છે, તિર્યંચ હોય તો તિર્યંચગતિને યોગ્ય હોય છે. કોઈ જીવ નરકમાં હોય તો નારકીને યોગ્ય હોય છે પણ અહીંયાં મુખ્યપણે મનુષ્યની વાત ચાલે છે. આ તો મુમુક્ષુને માર્ગદર્શન છે એટલે મનુષ્યની વાત ચાલે છે. મનુષ્યને યોગ્ય જે પોતાના સંયોગો હોય, ઉદય હોય એને અનુસરીને પરિણામ આવે છે. જીવ રાગમાં ઊભો છે એટલે શુભાશુભ પરિણામ એને થઈ આવે છે (અને) થાય એનો ખેદ થાય. (શુભાશુભ પરિણામ) કરવા યોગ્ય નથી, અભાવ કરવા યોગ્ય છે, ટાળવા યોગ્ય છે એ ખ્યાલ છે એટલે એનો ખેદ થાય તોપણ કર્તૃત્વબુદ્ધિના જોરથી એને મટાડવા માગે કે, આ ન જ થવા જોઈએ, કેમ થાય છે ? ન થવા જોઈએ. એને માટે આકુળતા કરે, અત્યંત આકુળતા કરે અથવા એવી રીતે કર્તૃત્વબુદ્ધિએ ઉતાવળ કરે એ એકદમ ઉતાવળ છે, ખોટી ઉતાવળ છે. '**માટે એકદમ ઉતાવળ ન કરવી.**'

સામાન્ય રીતે આવા પ્રકારના માર્ગદર્શનમાં કૃત્રિમતા છોડાવી છે. માર્ગ એવો છે કે જીવ પોતાના સ્વભાવને ઓળખે, મૂળ સ્વરૂપને ઓળખે અને ઓળખવા પાછળના પ્રયત્નમાં, ઓળખવાની દિશાના પ્રયત્નમાં જો એનું ફળ સ્વરૂપ ઓળખાય એવા પ્રકારે આવે તો સહજપણે એને એ ઓળખાયેલું સ્વરૂપ અનંત મહિમાયુક્ત હોવાથી એનો અપૂર્વ મહિમા પ્રગટ થાય. અપૂર્વ મહિમા પ્રગટ થાય ત્યારે એક પરિસ્થિતિ એની એ ઊપજે છે (કે) એ સ્વરૂપનું જ લક્ષ રહે અને બીજાું લક્ષ ન રહે. જેમ કોઈ અંધારી રાતે જાય (અને) કલ્પના થઈ ગઈ હોય કે, મેં ભૂત જોયું ! વ્યંતરદેવો કાંઈ દેખાતા નથી પણ એને એમ થઈ જાય કે, મેં આવું કાંઈક જોયું ! ભયપ્રકૃતિવાળા જીવો હોય છે (એને) ભયને લઈને કલ્પના થાય કે, કાળા કપડાં પહેરેલી કોઈ ડોસી કે બાઈ હતી. હમણાં હતી અને હવે કેમ નથી દેખાતી ? એક તો અંદરમાં ભયથી કલ્પના થઈ હોય અને એમાં પાંદડું હલ્યું હોય (તો એમ કહે કે) અવાજ પણ થયો હતો ! ઠીક ! એકદમ એને સેકંડોની અંદર એટલી બધી ઊંડી અસર થઈ જાય છે કે પછી એને એ અસર દૂર કરવામાં ઘણો સમય લાગે છે અને ઘણો પરિશ્રમ લાગે છે. આટલું તો ભયને લઈને બાહ્ય પરિણામની અંદર પરિસ્થિતિ ઊભી થાય છે તો જે પરમ તત્ત્વ અનાદિથી જાણ્યું-જોયું નથી એવા અદ્‌ભુતથી અદ્‌ભુત સ્વરૂપનું ભાસન (થાય)– ભાવ ભાસે તો એનું લક્ષ છે એ જતું નથી. એનું લક્ષ રહી જાય છે. એનું લક્ષ રહી જાય

છે એમાં ઉતાવળ પણ થતી નથી, પ્રયત્ન થાય છે તોપણ. એમાં ખેદ થાય છે તોપણ એ ખેદ એવો થતો નથી કે જેથી એને શૂન્યતા આવે કે શુષ્કતા આવે. એના પોતાના સ્વરૂપનો મહિમા જ એવો ઘર કરે છે કે એને શુષ્કતા થવાનો તો કોઈ પ્રસંગ જ નથી. શુષ્કતા તો એને થાય જ નહિ. એમ જો બરાબર રસ્તે ચડે, પરિણામ સુયોગ્ય પ્રકારે જો વળે તો તો બીજી ગડબડ થતી નથી. પણ એવો પ્રકાર થતો નથી છતાં જેને સ્વરૂપપ્રાપ્તિની ભાવના છે અને લગની છે, તીવ્ર લગની છે એને ક્યાંક-ક્યાંક ભૂલ થાય છે તો એ સંબંધી અહીંયાં માર્ગદર્શન આપે છે. જોજે શુષ્કતા ન થાય, ખેદ થાય છતાં જોજે એવો ખેદ ન થાય કે, જાણે આ કૂટસ્થ – આ જ સ્થિતિ જાણે રહેવાની છે, જાણે બદલવાની જ નથી એવું ન મનાય જાય, એવું ન લાગી જાય, એવું ન ભાસી જાય અને ખેદ થાય, એ રીતે ખેદ ન થવો જોઈએ.

**'મુમુક્ષુ જીવ ઉલ્લાસનાં કાર્યોમાં પણ જોડાય.'** જુઓ ! આ શુભનો પ્રકાર આવ્યો. બહારની અંદર દેવ-ગુરુ-શાસ્ત્ર, સત્પુરુષની ભક્તિના અથવા એવા ધાર્મિક પ્રસંગોનો ઉદય હોય તો એમાં જોડાય. ઉદય કોઈ લાવ્યો લવાતો નથી. શું ? ઉદય કોઈ લાવ્યો લવાતો નથી. આપણે અહીંયાં મંદિર નહોતું (અને) મંદિર કરવું છે એમ ભાવ (થયા). ભાવના હોય તો તરત થઈ જાય એવું નથી. કોઈને એમ થાય કે, આ મંદિર થાય, લાખોનો ખર્ચ થાય, બધા પૈસા આપે તો આપણે પણ કાંઈક આપવું પડશે. શું જરૂર છે ? ગામમાં એક મંદિર તો છે. બીજા મંદિરની શું જરૂર છે ? ઠીક ! આખરમાં તો દિવસમાં એક કે બે વખત દર્શન કરીને પગે લાગવા જવું છે ને કે બીજું કાંઈ કામ છે ? કોઈને કોઈ પ્રકારે હોય તો ઠીક અને ન હોય તો ઠીક (એમ) બે પ્રકારે પરિણામ આવી શકવા યોગ્ય છે. પણ હોય તો ઠીક તેથી કંઈ લવાતું નથી અને ન હોય તો ઠીક, તેથી પ્રસંગ આવે એ કાંઈ ટાળી શકાતો નથી. પણ જ્યારે જે પ્રકારનો ઉદય હોય ત્યારે મુમુક્ષુજીવના યોગ્ય જ પરિણામ હોય. એ ઉલ્લાસથી એમાં જોડાય. શું કહ્યું અહીંયાં ? **'મુમુક્ષુ જીવ ઉલ્લાસનાં કાર્યોમાં પણ જોડાય.'** ત્યાં શુષ્ક બનીને આઘો રહે કે, ના, ના.. ના.. મારે તો શુભાશુભ કંઈ કરવા નથી, મારે તો એક શુદ્ધાત્મા જોઈએ. ક્યાંય શુભાશુભમાં મારે જાવું નથી. (તેથી) કહે છે કે, કાં તું શૂન્ય થઈ જઈશ કાં શુષ્ક થઈ જઈશ. એ પ્રકારે પરિણામ હોતા નથી.

**'મુમુક્ષુ જીવ ઉલ્લાસનાં કાર્યોમાં પણ જોડાય.'** અને એ ઉલ્લાસનાં કાર્યોમાં જોડાય ત્યારે સાથોસાથ **'અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે,...'** આ એનું લક્ષણ છે. **'સંતોષ ન થાય.'**

ઘણો ઉલ્લાસ આવ્યો, ભક્તિભાવમાં ઘણો ઉલ્લાસ આવ્યો, સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યે ઘણો ઉલ્લાસભાવ આવ્યો એટલે બહુ સારા ભાવ આવ્યા એમ માનીને એને સંતોષ પકડાય નહિ. આવા પરિણામ થાય છે પણ એ તો કાંઈ નથી. મારે મારા સ્વરૂપના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના જે પરિણામ થવા જોઈએ એ પરિણામ અંગેની મારી લગની છે, એની ભાવના છે, એનો પુરુષાર્થ છે એ નથી થતા અને વચ્ચે ઉદય આવતા આ પરિણામ પણ થઈ આવે છે, ઉલ્લાસ પણ થઈ આવે છે પણ સાથે-સાથે એને ખટકે છે. જે જોઈએ છે એ પરિણામ હજી થતા નથી.

પ્રશ્ન :– ઉલ્લાસનાં કાર્યોમાં ઉલ્લાસથી જોડાય ?

સમાધાન :– ઉલ્લાસ પણ હોય અને અંદર ખટક પણ હોય. આમ છે.

પ્રશ્ન :– ઉલ્લાસનાં કાર્યમાં ઉલ્લાસથી જોડાય કે ખેદથી જોડાય ?

સમાધાન :– હા, ઉલ્લાસથી જોડાય. બહારમાં ઉલ્લાસ દેખાય, અંદરમાં ખટક હોય. આમ વિચિત્ર પરિસ્થિતિ પહેલેથી જ શરૂ થાય છે. જેમ સમ્યક્દૃષ્ટિ છે એ પણ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિના કાર્યોમાં જોડાય છતાં અંદરમાં એને દુઃખભાવ જાણે છે, એને એ કર્તવ્ય જાણતા નથી. જોડાય ત્યારે ઉલ્લાસ દેખાય, ભક્તિ કરે (ત્યારે) ઉલ્લાસ દેખાય પણ અંદરમાં ભાન છે કે, આ આસ્રવ છે. આત્માને લાભના પરિણામ છે એમ જોતો નથી. એ એને બરાબર જ્ઞાન છે. ભાન છે અને જ્ઞાન છે કે, આ થઈ આવે છે, સહજ થઈ આવે છે. એવી જ કોઈ યોગ્યતા છે અને થઈ આવે છે પણ પોતે અંદરમાં જાગૃત છે કે આ શું ચીજ છે ? એમાં છેતરાતો નથી કે ધોખો ખાતો નથી. આ જે ખટકે છે એ તો એને જે અભાવ છે, મુમુક્ષુને પ્રાપ્ત કરવું છે – સ્વાનુભૂતિની દશા હોવી જોઈએ એ દશાનો એનો પ્રયત્ન છે, એ દશાની એની ભાવના છે અને એના સ્થાનમાં શુભાશુભનો ઉદય આવે અને એમાં જોડાઈને એમાં ઉલ્લાસ વગેરે થાય છે તો એને સાથે-સાથે ખટક આવે છે.

મુમુક્ષુ :– ખટક તો ઊંચે ચડવા માટેની છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, બરાબર છે. ઊંચે ચડવા માટેની ખટક છે. એ પરિણામ છોડીને અશુભમાં જવાની વાત નથી. ખટક છે એટલે કાંઈ એ પરિણામ છોડીને અશુભમાં જવાની વાત નથી અથવા અર્પણતા કરવી પડે છે એની ખટક નથી. એ તો ઉલ્લાસથી અર્પણતા કરે છે. તેમ છતાં અંદરમાં શુદ્ધ ભૂમિકાની પ્રાપ્તિ નથી એની અંદરમાં ખટક રહે છે. આ

અંદરના સૂક્ષ્મ પરિણામોની કેટલીક વાતો છે. છતાં એ ભૂમિકામાં આવેલા જીવને (માટે) બહુ અસાધારણ માર્ગદર્શનનો વિષય છે.

**'મુમુક્ષુ જીવ ઉલ્લાસનાં કાર્યોમાં પણ જોડાય. સાથે સાથે અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે,...'** બહારમાં ઉલ્લાસ દેખાય છે, ખટક કોઈને બહારમાં ન દેખાય. એમ ખબર ન પડે કે આને અંદર કાંઈક ખટકે છે, એવી ખબર ન પડે. બહારમાં તો ઉલ્લાસ દેખાય. મન-વચન-કાયાની ચેષ્ટા, પ્રવૃત્તિ અને પરિણામનો ઉલ્લાસ બીજાને દેખાઈ આવે એવો હોય કે, બહુ ઉલ્લાસિત પરિણામ છે. અંદરમાં એને ખટક હોય (કે) મારે જે જોઈએ છે એ આ નહિ. અને તેથી સ્વભાવિક છે કે, તેને **'સંતોષ ન થાય.'** જો ખટક ન રહેતી હોય તો જાણે-અજાણે સંતોષ થયા વિના રહે નહિ. આ પરિસ્થિતિ છે. કેમકે બહુભાગ તો જીવને ઉદયને વશ અશુભ પરિણામ થાય છે.

સામાન્ય રીતે મુમુક્ષુ ગૃહસ્થી હોય છે એટલે જે કુટુંબમાં-જે પરિવારમાં હોય એને લગતા એને કાર્યો ઉદયમાં હોય છે. એ બધાં તમામ કાર્યો છે એ તો અશુભ પરિણામ છે. એટલે અશુભનું પ્રમાણ ઘણું છે. અશુભનું પ્રમાણ ઘણું છે એટલે શુભ પરિણામ આવે ત્યારે જો એને શુદ્ધતા વિષેની ખટક ન હોય તો એને સંતોષ આવ્યા વિના રહે નહિ કે, ચાલો આટલું અશુભ તો છોડ્યું, આટલું શુભ તો થાય છે. આખા દિવસમાં બધું અશુભ થાય છે (તો) આટલું શુભ તો થાય છે. એવી રીતે એને સંતોષ રહે તો એને મિથ્યાત્વ દઢ થાય. સંતોષ રહે એમાં આ તકલીફ છે કે, એને મિથ્યાત્વની દઢતા થાય. કેમકે ત્યાં દર્શનમોહ વધે છે. અશુભ પરિણામ છૂટીને શુભ પરિણામ થાય ત્યાં ચારિત્રમોહ અવશ્ય મંદ થાય છે કેમકે અશુભ પરિણામમાં ચારિત્રમોહની તીવ્રતા છે, શુભ પરિણામમાં ચારિત્રમોહની મંદતા છે પણ જો ત્યાં સંતોષ થાય તો ચારિત્રમોહ મંદ પરિણમે અને દર્શનમોહ તીવ્ર પરિણમે. આવી ગડબડ થાય, એ નુકસાન મોટું થઈ જાય. લોકોને સામાન્ય રીતે એ ખબર નથી કે, ક્યાં દર્શનમોહ તીવ્ર થાય છે ? ચારિત્રમોહની સમજ છે એટલે અશુભ છૂટીને શુભમાં આવે અને જેમ-જેમ કષાયની મંદતાના પરિણામ થાય ત્યાં જીવને એમ લાગે છે (કે), પરિણામ બહુ સારા થાય છે, હોં ! બહુ સારા ભાવ થાય છે ! પણ ભાઈ ! એ ચારિત્રમોહની મંદતા છે, દર્શનમોહનો વિષય જુદો છે અને એ સારા થાય છે એવી તારી ગણતરી (થાય છે એ) દર્શનમોહને તીવ્ર કરે છે. આ મોટી ગડબડ છે.

દરેક જગ્યાએ કાંઈ એની અપેક્ષા ન ખોલે, ન ખોલી શકાય પણ એ સંતોષ ન થાય

એની પાછળ એમ કહેવું છે કે, જે દર્શનમોહના રસને ગાળવા માટે આગળ વધી રહ્યો છે એવા જીવને દર્શનમોહ તીવ્ર થાય એવા પરિણામ ન થાય. એને શુભ પરિણામની સાથેની ખટક છે એ ખટક પણ દર્શનમોહને ગાળે છે અને સંતોષ નથી થતો એ પણ એનો દર્શનમોહ ઘટી રહ્યો છે એ જ પરિસ્થિતિને સૂચવે છે, પ્રસિદ્ધ કરે છે.

**'હજુ મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે–'** ખટકનું કારણ આ છે. **'એવી ઊંડી ખટક...'** ખટકનું સ્પષ્ટીકરણ કર્યું છે. ક્યા પ્રકારે એને ખટક છે ? કે, મારે જે કરવાનું છે તે હજી બાકી રહી જાય છે. **'એવી ઊંડી ખટક નિરંતર રહ્યા જ કરે છે,...'** કેમકે બાકી રહ્યું છે તે બાકી જ છે અને બાકી છે એટલે એ જાતની ખટક છે, ખટક સતત રહે છે અને ઊંડી રહે છે. જેમ કાંટો પગમાં ઊંડે રહી ગયો હોય એનો દુખાવો રહ્યા જ કરે, એનો દુખાવો મટતો નથી. નીકળી ગયો હોય અને કાંટાનો માર લાગ્યો હોય તોપણ એનો દુખાવો રહી જાય છે કે નહિ ? એમ હજી જોઈએ છે એ મળતું નથી, મારે જે કરવાનું છે એ હજી બાકી છે, મારું કામ બાકી છે... મારું કામ બાકી છે એમ જેમ-જેમ સમય જાય છે એમ એનો અસંતોષ છે એ તીવ્ર થતો જાય છે. સંતોષ થતો નથી અને અસંતોષ છે એ તીવ્ર થતો જાય છે. અસહ્ય પરિસ્થિતિમાં આવે કે, હવે મને મારા પરમાત્માનો વિયોગ છે એ સહન થતો નથી. એવી સ્થિતિમાં આવે. કેમકે આયુષ્ય મર્યાદિત છે, સમય જાય (છે). કેમ અસંતોષ વધી જાય (છે) ? (કેમકે) ખ્યાલ છે કે આયુષ્ય મર્યાદિત છે અને મર્યાદિત કાળમાં કામ પૂરું કરવાની શરત છે. લોકો Contract આપે છે કે નહિ ? કે, ભાઈ ! આટલા સમયમાં તમારે આ કામ પૂરું કરી દેવું પડશે. અમારી એ જરૂરિયાત છે. એના માટે ભાવ આપીએ પણ તમે અમારા સમયમાં કામ પૂરું કરો તો થોડો વધારે ભાવ આપવા તૈયાર છીએ, અમને પોષાણ છે. માણસ કહે, કબૂલ ! ભાવ વધારે લેવા માટે કબૂલ. અને સમયસર કામ ન કરી દ્યે તો Penalty clause નાખે કે, આ સમયમાં કામ પૂરું ન કરે તો અમને (જે) નુકસાન શરૂ થાય એ નુકસાન તમને શરૂ થાય, અમને ન થાય. એ નુકસાન તમને લાગશે. અમારા નુકસાનના એટલા પૈસા અમે ઓછા દઈશું. નાખે છે કે નહિ ?

એમ અહીંયાં એમ કહે છે કે, મનુષ્યભવ મળ્યો, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા, સાચી વાત કહેનારા અને સમજાવનારા મળ્યા તેં પણ સાંભળી-સાંભળીને સંમત કર્યું કે, વાત તો બરાબર છે. છતાં તારું કાર્ય ન કર્યું, તે પણ તારા આયુષ્યની મર્યાદામાં ન કર્યું (તો એની)

Penalty લાગી જશે. પછી જલ્દી પત્તો લાગશે નહિ. એ સ્પષ્ટ વિષય છે. જે કાર્ય બહુ અલ્પ કાળમાં થાય છે એ કાર્ય ઘણો કાળ થવા છતાં તેં ન કર્યું તો જરૂર તારી એ વિષયની અંદર જે સાવધાની આવવી જોઈએ, જે પ્રકાર આવવો જોઈએ એ પ્રકારમાં તું ઉપેક્ષિત રહ્યો છે. એની ઉપેક્ષા જરૂર થઈ છે, ગમે તે કારણસર પણ એની ઉપેક્ષા થઈ છે એ વાત સ્પષ્ટ છે તો એનો દંડ પણ ભોગવવો પડશે.

'શ્રીમદ્જી' તો પોતાની દશા વિષે ઘણી જગ્યાએ પત્રોમાં લખતાં એ એવી (રીતે) લખે છે, આગળની વાત શું છે તે બહુ યાદ નથી પણ એવું લખ્યું છે કે, જો પછી આમ ન થયું તો અમ જેવા અવિચારી પણ થોડા જાણવા. કેમકે ખબર પડી કે, આ જ સત્ય છે, આ જ સાચો માર્ગ છે, આ જ રીતે એની પ્રાપ્તિનો પુરુષાર્થ છે, આમ બધી તને ખબર પડી અને પછી પણ તેં ન કર્યું તો કહે છે કે, તારું અવિચારીપણું છે એ વાત નક્કી છે. પોતાનેને પોતાને માટે લખે છે, પોતે પોતાને ઠપકો આપ્યો છે. જગતમાં બહુ ઓછા અવિચારી માણસો હોય છે એમાં અમારો નંબર આવી જાય. એવી વાત લઈ લીધી છે. કેવું વિષયનું મૂલ્યાંકન હોય છે ! ત્યારે જ્ઞાનદશાની પ્રાપ્તિ હોય છે, એ આવા બધાં પત્રો કે વચનોમાંથી સ્પષ્ટ થાય છે. કેમકે એ બધાં વચનો પોતાના આત્મલક્ષી પરિણમનમાંથી આવી ગયેલાં વચનો છે. આત્મલક્ષી પરિણમનમાંથી (એટલે કે) જેને આત્માની પ્રાપ્તિનું લક્ષ થયું હતું અને જેને એ લક્ષ થયું હોવાને લીધે એની પ્રાપ્તિ કરી હતી પણ એ પ્રાપ્તિ થયા પહેલાં કાંઈક સમય જતો હતો ત્યારે ખટક આવતી હતી તો આ બધી વાતો નીકળી જાય છે.

મુમુક્ષુ :- સત્પુરુષને ઓળખ્યા ખરાં પણ માર્ગને ગ્રહણ કર્યો નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખાણ પૂરી થઈ એની કાંઈ સાબિતી આપશો ? બધાં કહે છે કે, અમે ઓળખ્યા. સાબિતી શું ? ઓળખ્યા જ છે એની શું સાબિતી ? બરાબર છે ? કોઈ પુરાવો માગે, સાબિતી માગે તો શું આપવી ? આ સવાલ છે કે નહિ ? એટલે એ વિષય થોડો એવો છે કે, સંતોષ પકડવા જેવો વિષય નથી. ચાલો ! કાંઈ નહિ, સત્પુરુષને તો ઓળખ્યા. જેણે સત્પુરુષને ઓળખ્યા એને સત્સંગનો મહિમા પણ એવો જ આવે છે. સત્પુરુષનો જેને મહિમા છે અને સત્સંગનો જેને મહિમા થયો એને જગતમાં મહિમાયુક્ત પ્રસંગો અને જેનો મહિમા કરવામાં આવે છે એવા પદાર્થોનો મહિમા ટળી જાય છે. આ એનો એક પુરાવો છે. એના ઘણાં લક્ષણો છે પણ આ એક એનો પુરાવો છે. એ વિષયમાં એની સર્વાર્પણબુદ્ધિ થાય છે, એક નિષ્ઠાએ તે જ્ઞાનીની આજ્ઞામાં રહે એ એની પરિણામની

પરિસ્થિતિ ઊભી થઈ જાય છે ત્યારે સમજવું કે એણે સત્પુરુષને ઓળખ્યા છે. આ તો જરાક પોતાને અનુકૂળ ન પડે તો નાકનું ટેરવું ચડી જાય ! મને અન્યાય થયો. અરે...! પણ તને ન્યાય કેટલો થયો એ તો જો ! એક સાથે સૂંડલાને સૂંડલે માલ જોખી દીધો ! સોનું-દાગીના અને ઝવેરાત (જોખી દીધા) એમાં એકાદી ફોતરી ઊડી ગઈ (તો લાગી જાય કે) મને અન્યાય થઈ ગયો ! (સોનાના દાગીના) ભેગાં-ભેગાં કો'ક ફોતરા પણ હશે (તો કહે) અંદરથી ફોતરું ઊડી ગયું ! પણ હવે આ બધો માલ કેટલો આપ્યો એ તો જોતો નથી અને એક ફોતરું ઊડ્યું એમાં તું કહે છે કે, મને અન્યાય થાય છે ! એ સત્પુરુષને ઓળખતા નથી.

'શ્રીમદ્‌જી'એ એક બહુ સારો આંક બાંધ્યો છે. ૨૦૦ (નંબરના પત્રમાં) વચનાવલી છે ને ? ૨૦૦ નંબરનો આંક છે. **'જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઇચ્છાએ, એટલે આજ્ઞાએ નહીં વર્તાય, ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી.'** ૨૦૦ આંકમાં પાંચ નંબરનો બોલ છે. એટલે શું છે કે, એનો ગમે તે વિકલ્પ હોય, બધો વિકલ્પ એને સંમત છે. એમાં એ એનો કાજી ન થાય, ન્યાયાધીશ ન બને કે, તમારો આ વિકલ્પ બરાબર છે અને આ બરાબર નથી ! પોતે એનો ન્યાયાધીશ ન થાય. એનો ન્યાય કરવાનું તારું કામ નથી. એનો વિકલ્પ... વાત પૂરી થઈ ગઈ. બીજું કાંઈ જોવાનું રહેતું નથી. એવો પ્રકાર છે. જ્યાં એ ન્યાય કરવા જાય છે – જ્ઞાનીના વર્તનનો, જ્ઞાનીના વલણનો, જ્ઞાનીના વિકલ્પનો ત્યાં એ પોતાની ઇચ્છાએ પ્રવર્તવા માગે છે, જ્ઞાનીની ઇચ્છાએ નહિ. એ ચાર નંબરના (બોલમાં) કહ્યું છે. **'પોતાની ઇચ્છાએ પ્રવર્તતાં અનાદિ કાળથી રખડ્યો.'** અનાદિ કાળથી રખડ્યો હોય તો જ્ઞાની મળ્યા છે પણ ત્યાં ઘણી વાર એ જ્ઞાનીનો પણ જ્ઞાની થયો છે ! ગુરુનો પણ ગુરુ થયો છે. એણે (ગુરુએ) આમ ન કરવું જોઈએ, આમ કરવું જોઈએ, આમ ન કરવું જોઈએ. એને હજી ઓળખાણ પડી નથી.

('કૃપાળુદેવ') પોતે તો બહુ ખાત્રી આપીને વાત કરે છે. ૧૯૪ કે ૧૯૬ (પત્રમાં) છે. જે જ્ઞાનીને ઓળખે તે અવશ્ય જે દશાને જ્ઞાનીએ પ્રાપ્ત કરી છે તે દશાને અવશ્ય પામશે જ. પામે, પામે અને પામે જ, ન પામે એમ બને નહિ. એવી એને પ્રતીતિ આવી જાય છે. જ્ઞાનીને ઓળખતા એને પ્રતીતિ આવે છે કે, હવે હું પણ આવો થઈશ. એવી એને પ્રતીતિ આવી જાય છે. નિઃશંકતા ઊભી થાય છે.

પ્રશ્ન :– ઉતાવળ ન કરવી, ધીરા થવું એટલે ?

સમાધાન :- હા, ઉતાવળ ન કરવી. ધીરા એટલે કૃત્રિમતાએ ઉતાવળ ન થવી જોઈએ, એમ. પુરુષાર્થ જોરથી ઊપડે એનો નિષેધ નથી પણ શુભાશુભ પરિણામ આવે, સહજ આવે અને એને કૃત્રિમતાથી હટાવવા માટે હઠ થાય એ પ્રકારની કૃત્રિમતાથી ઉતાવળ કરવા જઈશ તો શુષ્ક (થઈ જશે). જે પ્રકારનું ધૈર્ય જોઈએ એ પ્રકારનું ધૈર્ય તો જોઈએ. ઉતાવળ જે પ્રકારે ન થવી ઘટે તે પ્રકારે તો ન જ થવી ઘટે. જે પ્રકારે પુરુષાર્થ કરવો જોઈએ કે થવો જોઈએ તે પ્રકારે તો પુરુષાર્થ ઉગ્ર થવો જ જોઈએ. એમ પરિણામના અનેક પાસા છે.

પ્રશ્ન :- આનો ધ્વનિ રુચિનો છે ? રુચિ વધારવી ?

સમાધાન :- રુચિ તો થવી જ (જોઈએ). રુચિ, ભાવના, લગની એ બધાં પરિણામ હોય ત્યાં પણ કોઈ મુમુક્ષુને અયથાર્થતા થતાં ભૂલ થઈ જાય તો આવી થાય તે ન થવી જોઈએ એટલું માર્ગદર્શન છે. આ શાસ્ત્રમાં આ પ્રકરણ ઉપર ઘણો પ્રકાશ પાડ્યો છે. એ વિશેષતા છે ! મુમુક્ષુને અનેક પ્રકારના પરિણામ થાય એની અંદરની જે લાઈનદોરી- Guideline આપી છે, દોરવી જાય છે (કે) આમ થવું જોઈએ અને આમ ન થવું જોઈએ, આમ થવું જોઈએ ને આમ ન થવું જોઈએ. પોતાના સ્વાનુભવથી વિષયનું પ્રતિપાદન ખૂબ આવ્યું છે અને એ બધું એવું અનુભવપૂર્ણ છે !

મુમુક્ષુ :- ૨૫મો બોલ આપણે આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ૨૫મો ખટકનો બોલ આવ્યો ત્યારે આનું અનુસંધાન લીધું હતું. ઘણાં બોલ છે. માર્ગદર્શનના તો સૌથી વધારે બોલ છે. એવી રીતે 'પરમાગમસાર'માં પણ માર્ગદર્શનના ઘણાં બોલ છે. કેમકે મુખ્ય ઉપદેશ તો એ જ છે. જ્ઞાનીને શું ઉપદેશ કરવાનો હોય ? જેણે માર્ગ જોયો અને માર્ગની અંદર જે વિચરે છે એને તો કાંઈ ઉપદેશની બહુ આવશ્યકતા નથી. એ તો આપોઆપ જ આગળ વધી રહ્યા છે અને પૂર્ણ થઈ જશે. પણ જેને માર્ગ મળતો નથી અને જે માર્ગ શોધે છે એને માર્ગ મુખ્યપણે બતાવવામાં આવે છે અથવા દર્શનમોહના રાજાને જેણે હણી નાખ્યો છે એ તો બધાં સૈન્યને ખલાસ કરવાનો જ છે, એની તો તાકાત છે જ. રાજાને મારવાની તાકાત છે એ સૈન્યને નહિ મારી શકે એ પ્રશ્ન રહેતો નથી. પહેલાં મોટો દુશ્મન કેમ મરાય ? એ વાત ઉપર આખો શાસ્ત્રવિસ્તાર આવે છે.

શું કહે છે ? કેવી ખટક રહે છે ? **'હજુ મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે–'** એનો અર્થ એ થયો કે, એને ભ્રમણા પણ નથી થતી. કેટલાંકને તો ભ્રમણા થઈ

જાય છે કે, ભાઈ ! અમે તો ધ્યાનમાં અવારનવાર બેસીએ છીએ, સ્વરૂપનું ચિંતવન ઘણું કરીએ છીએ, અંદરમાં શાંતિ અનુભવાય છે માટે સમ્યગ્દર્શન થઈ ગયું છે ! એ પણ વાત નથી. બાકી છે એને બાકી છે એમ બરાબર ખ્યાલમાં રહે છે. મારું કામ બાકી છે એનું એને બરાબર ભાન હોય છે અને એ સંબંધીની એને **'ઊંડી ખટક નિરંતર રહ્યા જ કરે છે,...'** એમ. કૃત્રિમતાથી રાખવી પડે એમ નહિ પણ રહ્યા જ કરે. ભાષા એમ બતાવે છે. ભાષાથી એની સહજતા સ્પષ્ટ કરે છે કે, એને (ઊંડી ખટક) નિરંતર રહ્યા જ કરે. **'તેથી બહારમાં ક્યાંય તેને સંતોષ થતો નથી;...'** ખટક રહે છે એટલે સંતોષ નથી ઊપજતો. ખટક ન રહે તો સંતોષ થયા વિના રહે નહિ એમ એની અંદર આપોઆપ આવી જાય છે.

**'અને અંદર જ્ઞાયકવસ્તુ હાથ આવતી નથી, એટલે મૂંઝવણ તો થાય;...'** આ દર્શનપરિષહ છે. જ્ઞાયકવસ્તુ પોતે આત્મા છે. હું જ્ઞાયક છું એનો વારંવારનો પણ હજી અભ્યાસ અનુભવમાં પરિણમતો નથી તો એને ક્યારેક મૂંઝવણ પણ થાય છે. એ મૂંઝવણ એવી મૂંઝવણ નથી કે એ મૂંઝાય મૂંઝાયને મૂઢ થઈ જાય. એવી મૂંઝવણ નથી. **'મૂંઝવણ તો થાય; પણ આડો-અવળો નહિ જતાં મૂંઝવણમાંથી તે માર્ગ શોધી કાઢે છે.'** મૂંઝાય તો માર્ગ શોધે અને ન મૂંઝાય તો માર્ગ શોધે નહિ. આ કુદરતી નિયમ છે. લોકો નથી કહેતા ? કે, એક વર્ષ દુકાળ પડ્યો તો આ તળાવ થઈ ગયું. આ ગામને પાણીની સગવડ નહોતી, તળાવ નહોતું, પાણીનું દુ:ખ રહ્યા કરતું હતું. એમાં એક વખત દુકાળ પડ્યો એટલે બધાંએ એમ નક્કી કર્યું કે, પાણી વગર તો જીવી શકાશે નહિ. એક તળાવ ખોદી નાખો. તો મુશ્કેલી જે છે એ ઘણી વખત માર્ગને શોધી કાઢે છે. એમ અંદરમાં જ્ઞાયકને ગ્રહણ કરવા માટેનો જેનો પ્રયત્ન છે છતાં મળતું નથી તો મૂંઝાય છે. મૂંઝવણ થાય તોપણ એ મૂંઝાયને ક્યાંય પરિણામ એવા ન બગાડે; આડો-અવળો ન થાય એટલે એવા પરિણામ ન બગાડે કે એનું જ્ઞાન મૂઢાય જાય. માર્ગને શોધે છે. એ મૂંઝવણમાંથી એ મૂંઝવણનો ઉકેલ શોધી કાઢે છે કે, અંતર્મુખ કેવી રીતે થવું ?

એમ છે કે, જ્ઞાનવેદન પકડાતું નથી. સ્વરૂપલક્ષે જ્ઞાનનું જ્ઞાનમાં વેદન થાય છે ત્યારે સ્વાનુભવ થાય છે. સ્વરૂપનું લક્ષ અને જ્ઞાનવેદન આ બન્ને એક સાથે જ્યારે આવે ત્યારે જીવ સ્વાનુભવમાં આવે, ત્યાં સુધી આવતો નથી. એનો એ રસ્તો શોધે છે, અંદરમાંને અંદરમાં એની શોધ ચાલે છે કે, જો જ્ઞાનમાં જ જ્ઞાનવેદન છે અને ક્યારેય જ્ઞાને પોતાના વેદનનો ત્યાગ કર્યો નથી કે થઈ શકતો નથી તો પછી દૂર ક્યાં જવાનું છે ? નથી મળતું એ વાત

હકીકત છે પણ નહિ જ મળે એ વાત નથી. અંદરને અંદર એની મૂંઝવણ છે એ એનો ઉકેલ કરી નાખે છે. સંશોધકવૃત્તિ તીવ્ર થાય છે. **'શોધી કાઢે છે.'** એમ લીધું છે ને ? તો ત્યાં સંશોધકવૃત્તિ તીવ્ર થાય છે અને દર્શનમોહ ઘણો મંદ થયા પછી સંશોધકવૃત્તિ તીવ્ર થાય તો એને માર્ગ અને આત્મા ન મળે એવું બનતું નથી. કેમકે જ્ઞાન ત્યાં નિર્મળ થઈ જાય છે. એટલે મૂંઝવણ થાય તો એ થવા યોગ્ય છે, થાય પણ ખરી, ન થાય એ પ્રશ્ન નથી, તોપણ એમાંથી સાચો મુમુક્ષુ છે એ માર્ગને શોધી લે છે.

અહીં સુધી રાખીએ.

**જગતવાસી સંસારી જીવની વિષયતૃષ્ણા અનંત છે, તેને વ્યસનની જેમ તલપ લાગેલી જ રહે છે - એવી સ્થિતિમાં, પૂર્વકર્મ અનુસાર સંયોગીક ફેરફાર થતાં જીવ સંયોગના રસે ચડી જાય છે, અનુકૂળતામાં પ્રાયઃ વિશેષ સંયોગનો રસ ચડી જાય છે-(કર્તાબુદ્ધિને લીધે) - તો કોઈવાર પ્રતિકૂળતામાં વધુ ખેદાઈને રસ ભોગવે છે. (પરંતુ પોતાનું ધાર્યું કાર્ય અહીં થતું નથી - તેવા અનુભવને વિચારવાનો અહીં અવસર / પ્રસંગ છે. જો વિચારવાન હોય તો .... જ્યારે અનુકૂળતામાં આવા વિચારની સંભાવના નથી રહેતી). આમ પર-રસનું ઝેરની માત્રા વધતી જાય છે. તેથી જ પરિભ્રમણ કરતો જીવ ક્રમશઃ અધોગતિને પ્રાપ્ત કરે છે. ત્યાં સત્પુરુષનું શરણ જ તેને બચાવે છે, કે જે પુરુષ આત્મશાંતિ દ્વારા વિષય-દાહને શાંત કરવાના ઉપાયમાં જીવને યોજે છે.**

-પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની-૧૬૬)

## પ્રવચન નં. ૩૦, વચનામૃત–૩૩,૩૪,૩૫
## તા. ૧૯-૧૨-૧૯૮૬

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું–૧૨, ૩૩મો બોલ છે. છેલ્લી ત્રણ લીટી ફરીથી લઈએ. **'અંદર જ્ઞાયકવસ્તુ હાથ આવતી નથી, એટલે મૂંઝવણ તો થાય;...'** શું કહે છે ? કે, જે મુમુક્ષુ જીવ અંદરમાં પોતાના જ્ઞાયક સ્વરૂપનો અનુભવ કરવાનો પ્રયત્નવાન છે એ પ્રયત્નમાં સફળતા મળ્યા પહેલાં જે પ્રયત્ન ચાલે છે એ દરમ્યાન ભિન્ન જ્ઞાયક જુદો પકડાતો નથી, અનુભવગોચર થતો નથી; ત્યારે જે કાર્ય કરવું છે, જે કરવું હોય છતાં ન થાય ત્યારે જ મૂંઝવણ થાય એ પ્રકારની આ મૂંઝવણ છે. મૂંઝવણ મૂંઝવણમાં ફેર છે. એક કામ કરવા ધારે, કરવાનો પરિશ્રમ થાય અને છતાં એ કાર્ય પાર ન પડે, સફળ ન થવાય ત્યારે કેમ કાર્ય થતું નથી એની મૂંઝવણ થાય છે. પણ એ એવી મૂંઝવણ નથી કે મૂંઝાય જાય, મૂઢાય જાય એવી મૂંઝવણ નથી થતી. શોધકજીવ છે અને એનો શુદ્ધાત્માને ભિન્નપણે અનુભવ કરવાનો પ્રયત્ન છે એ પ્રયત્નમાં જ લાગે છે અને આડો-અવળો જતો નથી. કાર્ય થતું નથી એટલે કોઈ બીજી પદ્ધતિ પકડી લ્યે; આડો-અવળો જવાનો અર્થ એ છે, વિધિને છોડીને બીજી રીતે ચાલી જાય એ પ્રકાર નથી.

**'આડો-અવળો નહિ જતાં મૂંઝવણમાંથી તે માર્ગ શોધી કાઢે છે.'** એટલે ત્યાંને ત્યાં વધારે પ્રયત્ન કરે છે. ત્યાંને ત્યાં વધારે પ્રયત્ન કરતા એને માર્ગ મળી જાય છે. થોડો સમય લાગે છે, એટલો પ્રયત્ન પણ અલ્પમાત્રામાં હોય છે અથવા અપર્યાપ્તમાત્રામાં જ્યારે પ્રયત્ન હોય છે ત્યારે થોડો સમય લાગે છે. સમય લાગે છે એ પોસાતું નથી એટલી મૂંઝવણ

છે. વધારે સમય જાય છે એ પસંદ નથી – એટલા પૂરતી મૂંઝવણ છે, પણ એથી કાંઈ એ આડો-અવળો જતો નથી. આડો-અવળો જતો નથી એટલે રીત બદલતો નથી, કાર્યની પદ્ધતિ બદલતો નથી, બીજી રીતે કરવા માગે છે એવું નથી. એમ. ૩૩મા બોલમાં થોડું ટૂંકાણમાં લઈ લીધું હતું ને ? એનું સ્પષ્ટીકરણ એટલું છે.

**મુમુક્ષુને પ્રથમ ભૂમિકામાં થોડી મૂંઝવણ પણ હોય, પરંતુ તે એવી મૂંઝવણ ન કરે કે જેથી મૂઢતા થઈ જાય. તેને સુખનું વેદન જોઈએ છે તે મળતું નથી ને બહાર રહેવું પોષાતું નથી માટે મૂંઝવણ થાય, પણ મૂંઝવણમાંથી તે માર્ગ શોધી લે છે. જેટલો પુરુષાર્થ ઉપાડે તેટલું વીર્ય અંદર કામ કરે. આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટઝટ કરવું છે. હઠ સ્વભાવમાં કામ ન આવે. માર્ગ સહજ છે, ખોટી ઉતાવળે પ્રાપ્ત ન થાય. ૩૪.**

૩૪મા બોલ(માં) પણ મુમુક્ષુની ભૂમિકાના વિષયની જ વાત ચાલી છે. '**મુમુક્ષુને પ્રથમ ભૂમિકામાં થોડી મૂંઝવણ પણ હોય, પરંતુ તે એવી મૂંઝવણ ન કરે...**' અથવા એવી મૂંઝવણ ન હોય '**કે જેથી મૂઢતા થઈ જાય.**' મૂંઝવણના કે ખેદના એવા પરિણામ ન કરે કે જેથી એના પરિણામ ઘણાં બગડી જાય, નીચેના સ્તરના થઈ જાય, નીચી કોટિના થઈ જાય એ પ્રકાર અહીંયાં ન લેવો, એમ ન કરે. મૂંઝવણ તો થાય છે. જુદાં-જુદાં સ્તરે થોડી જુદી-જુદી વાત છે પણ એ બધો વિષય સૂક્ષ્મ છે. પણ બહુ પ્રથમ ભૂમિકામાં લ્યો તો જેને ભાવના ઘણી છે, ભાવના તીવ્ર છે, અતિ ભાવના છે પણ માર્ગ મળતો નથી, અંદરમાં કેવી રીતે કામ કરવું એ સૂઝ આવતી નથી, માર્ગ સૂઝતો નથી તો એ અંગેની પણ મૂંઝવણ થાય છે. જો ત્યાંથી આગળ ચાલે અને સંશોધકબુદ્ધિએ આગળ વધીને સ્વરૂપનો નિર્ણય કરી લ્યે તો માર્ગ સૂઝતો નથી એ મૂંઝવણ નથી રહેતી. પણ જ્ઞાયક હાથ આવતો નથી એની થોડી મૂંઝવણ છે, ક્યારેક-ક્યારેક છે, ક્યારેક થાય છે પણ પહેલાં જેવી પરિસ્થિતિ

નથી. એમ જુદી-જુદી ભૂમિકામાં થોડી જુદી-જુદી વાત છે.

અહીંયાં બહુ પ્રથમ ભૂમિકાની વાત લઈએ કે **'મુમુક્ષુને પ્રથમ ભૂમિકામાં થોડી મૂંઝવણ પણ હોય,...'** હવે એ મૂંઝવણ કેમ છે ? એ વાત નીચે લ્યે છે. **'તેને સુખનું વેદન જોઈએ છે તે મળતું નથી ને બહાર રહેવું પોષાતું નથી...'** એમ નથી કે બહાર બધી અનુકૂળતા છે અને કોઈ ઉપાધિ ને કોઈ તકલીફ નથી માટે ઠીક છે ! ચાલો, અત્યારે કાર્ય નથી થતું પણ બીજી તો કાંઈ તકલીફ નથી, બીજી તો કાંઈ ઉપાધિ નથી એવું પરિણમન નથી. બહારમાં રહેવાનું પોષાતું નથી અથવા જેને સુખના સાધનો કહીએ એ સુખના સાધનોમાં ઉત્પન્ન થતો જે વ્યામોહ એનો અણગમો છે, એની મૂંઝવણ છે એટલે મોહથી મૂંઝાય છે. આ એક પાત્રતાનું લક્ષણ છે કે, મુમુક્ષુને મોહની મૂંઝવણ છે. જગતના પદાર્થો પ્રાપ્ત નથી થતા એની મૂંઝવણ એને નથી. કેમકે એ અપેક્ષાવૃત્તિ એની ગઈ છે. એની અપેક્ષા નથી પણ અનુકૂળતા હોય તોપણ એ અનુકૂળતા પ્રત્યેનો 'આ અનુકૂળ છે' એવો જે વ્યામોહ થાય છે એની મૂંઝવણ છે. જીવને મોહ થાય છે ને ? કે, 'આ મને ઠીક છે' – એ વસ્તુ દુઃખદાયક છે અને એ એને પોષાતું નથી, એ ન હોવું જોઈએ, એમ ન હોવું જોઈએ, આ બરાબર નથી, આ મારે માટે અયોગ્ય છે એની એને મૂંઝવણ છે. અંદર જવાતું નથી અને બહાર રહેવું નથી, આ વાત સાથે છે.

અથવા જેને ગુણથી ઉત્પન્ન થતું સુખ જોઈએ છે, જેને સ્વભાવથી ઉત્પન્ન થતું સુખ જોઈએ છે, એને બહારના સુખના કારણો પ્રત્યે સુખાભાસમય વૃત્તિમાં એક મૂંઝવણ જેવી પરિસ્થિતિ પરિણામમાં ઉત્પન્ન થાય છે. એનું અહીંયાં સંક્ષેપમાં શબ્દચિત્ર એવું દોર્યું છે કે, જોઈએ છે સુખનું વેદન એટલે અંદરથી ગુણમાંથી સુખ ઉત્પન્ન થાય એ જોઈએ છે એ મળતું નથી અને બહારમાં રહેવું પોષાતું નથી. એ પરિણામ બહાર જાય છે. સમ્યગ્દર્શન નથી એટલે એમાં સુખ-દુઃખના ભાવ છે એ વ્યામોહયુક્ત છે, દર્શનમોહયુક્ત છે, ભ્રાંતિયુક્ત છે એ તો એને જોઈએ નહિ, એ ઇચ્છતો નથી. એટલે એ એને પોષાતું નથી. એનો પોષાણનો જે વિષય છે એ રુચિ સાથે સંબંધ ધરાવે છે. એ એને રુચતા પરિણામ નથી, અરુચિમય પરિણામ છે, અરુચિના વિષયરૂપ પરિણામ છે. એટલે એને મૂંઝવણ થાય છે, માટે મૂંઝવણ થાય. આ મૂંઝવણનો પ્રકાર આવો લીધો છે. આ કારણથી, આ પરિસ્થિતિને વશ એની મૂંઝવણની સ્થિતિ છે કે, બહાર રહેવું પોષાતું નથી, બહાર જવું પોષાતું નથી અને અંદરમાં જવાતું નથી. આ પરિસ્થિતિમાં થોડી મૂંઝવણ થાય છે પણ એવી મૂંઝવણ નહિ કે જેમાં

મતિ મૂઢાય જાય, જેમાં જ્ઞાન મૂઢાય જાય, જેમાં પરિણામ ઘણાં નીચી કોટિના આકુળતામય થઈ જાય એ પ્રકારે નહિ. એટલે **'થોડી મૂંઝવણ'** એવો શબ્દ અહીંયાં વાપર્યો છે. **'મુમુક્ષુને પ્રથમ ભૂમિકામાં થોડી મૂંઝવણ...'** એવો શબ્દ લીધો છે. એવી થોડી મૂંઝવણ હોય છે, થાય છે પણ એવી નહિ કે જેમાં એકાંત મૂંઝવણના પરિણામમાં ચાલ્યો જાય. એકાકાર થઈને મૂંઝવણના પરિણામમાં દુઃખને વેદ્યા કરે એ પ્રકારે નહિ. બહુ વિચિત્ર પરિસ્થિતિ છે, મુમુક્ષુની ભૂમિકામાં એ જાતના બધાં પરિણામ સૂક્ષ્મ છે. એ રસ્તે કોઈ આગળ વધતા હોય એને આ પ્રકાર ઊભો થતો હોય તો એ મેળવી શકે અને માર્ગદર્શન પણ મેળવી શકે. મેળવી શકે એટલે મેળવણી કરી શકે કે આવું-આવું પણ થાય અને એમાંથી માર્ગદર્શન પણ એને મળે કે, આ મૂંઝવણ થાય છે તોપણ એકાકારપણે એ મૂંઝવણમાં ડૂબી જવા જેવું નથી.

પ્રશ્ન :- મૂંઝવણ એ એક અસંતોષનો પ્રકાર છે ?

સમાધાન :- અસંતોષનો પ્રકાર તો છે જ, અસંતોષ તો છે જ પણ અસંતોષ કરતાં પણ થોડી એમાં ઉગ્રતા છે. અસંતોષની ઉગ્રતામાં મૂંઝવણ છે. ચાલુ પરિસ્થિતિનું પોષાણ નથી અને જ્યાં અંદરમાં સુખ જોઈએ છે એ મળતું નથી એટલે સંતોષ હોવાનો તો પ્રશ્ન રહેતો નથી. અસંતોષ તો છે પણ એથી પણ થોડું ઉગ્ર-તીવ્ર પરિણમન છે અને એમાંથી એને રસ્તો કાઢવો છે કે કેવી રીતે હું મારા સ્વભાવસુખનો અનુભવ કરું ? એ રસ્તો કાઢવો છે, એ રસ્તો શોધે છે. પ્રથમ ભૂમિકા છે ને એટલે રસ્તો શોધે છે.

**'સુખનું વેદન જોઈએ છે તે મળતું નથી ને બહાર રહેવું પોષાતું નથી....'** આ એનો ખુલાસો છે. મૂંઝવણનો પ્રકાર આવો છે એનો આ ખુલાસો છે. આ કારણને લઈને **'મૂંઝવણ થાય, પણ મૂંઝવણમાંથી તે માર્ગ શોધી લે છે.'** મૂંઝવણમાંથી એ મૂઢાય જાય છે, મૂંઝાયને પાછો પડી જાય છે, મૂંઝાયને એવી સ્થિતિમાં આવે છે કે પછી એને કોઈ કાર્ય થતું નથી એમ નથી. મૂંઝાય છે તોપણ એનો પ્રયત્ન ચાલુ જ રહે છે, પ્રયત્ન ઊલટાનો ઉગ્ર થાય છે અને એ પ્રયત્નને છોડતો નથી. એટલે માર્ગ મેળવી લે છે. માર્ગ શોધી લે છે એનું કારણ આ છે કે, એનો પ્રયત્ન ચાલુ જ રહે છે. પ્રયત્ન બંધ કરવાનો પ્રશ્ન થતો નથી.

આવી બધી સૂક્ષ્મ વાતો લીધી છે એટલે 'ગુરુદેવશ્રી'એ જોયું કે, આ તો ઘણી અંદરની વાતો – સમ્યગ્દર્શન પ્રાપ્ત કરનાર જીવની ભૂમિકાની વાતો, આવી સૂક્ષ્મ વાતો ભાષાગોચર કરવી ! આ તો બધાં સૂક્ષ્મ ભાવો છે એને વચનગોચર કરવા, બહુ સાદી ભાષામાં પણ વાત મૂકી દીધી છે. આમ આવું... આવું... આવું થાય, એમાંથી આમ થાય (એવી) બધી,

ઘણી, અનેક (વાતો), કેટલા પડખાંથી આ ભૂમિકાની તો વાતો લીધી છે !! અનેક પડખાંથી સ્પષ્ટીકરણ કર્યું છે.

**'જેટલો પુરુષાર્થ ઉપાડે તેટલું વીર્ય અંદર કામ કરે.'** માર્ગ શોધી લે છે એમાં જેટલો પુરુષાર્થ છે એટલું કાર્ય થાય છે. પુરુષાર્થના પ્રમાણમાં, પુરુષાર્થનો જેટલો અનુપાત છે એટલું કાર્ય થાય છે. બસ ! આ એનું આગળ વધવાનું ધોરણ છે. આગળ કેટલો વધે ? કે, જેટલો પુરુષાર્થ ઉગ્ર કરે એટલો. જેટલું અંદરથી જોર આવે એટલું કાર્ય થાય. શિથિલ પુરુષાર્થ હોય, મંદ પુરુષાર્થ હોય, કાર્ય ન થાય તો થોડી મૂંઝવણ થાય એ એને પોષાતું નથી. પણ જો ઉગ્ર પુરુષાર્થ થાય તો જેટલો પુરુષાર્થ થાય એટલું અંદરમાં કામ થાય છે. એટલે એટલું અંદર આગળ વધાય છે. સ્વભાવની સમીપ જવામાં એટલું આગળ વધાય છે અને અંદરની દિશામાં પરિણામ એટલા કામ કરતા થાય છે. આમાં પણ ભાષા એવી આવે છે કે, આમ કરે છે... આમ છે... આમ નથી કરતો... પણ એ સહજ છે. મુમુક્ષુ જીવની આ પરિસ્થિતિ પણ સહજ પરિસ્થિતિ છે. એ સાથેને સાથે ખ્યાલમાં રાખવાનું છે અને એને અંગે થોડી એટલી વાત કરે છે કે **'આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટઝટ કરવું છે. હઠ સ્વભાવમાં કામ ન આવે.'** એવી હઠ ન કરે કે, બસ ! હવે તો સમ્યગ્દર્શન લઈને જ ઊભો થઉં, ત્યાં સુધી ખાવું-પીવું નથી કે કાંઈ કરવું નથી. હઠ લઈને બેસી જાય એવું કરતો નથી. એને ખ્યાલ છે કે, આમાં હઠ છે એ કામ આવતી નથી.

સામાન્ય રીતે જે બીજી ક્રિયાઓમાં અને એમાં પણ ખાસ કરીને તપશ્ચરણ આદિની જે ક્રિયાઓ હોય છે અથવા કોઈપણ બાહ્ય ક્રિયાનો આગ્રહ જ્યાં થાય છે, જીવને આગ્રહ બંધાય જાય છે ત્યાંથી પરિણામમાં હઠ શરૂ થાય છે. શક્તિ હોય-ન હોય, પરિસ્થિતિ બહારમાં હોય-ન હોય, પણ આ કરવું એટલે મારે કરવું જ એમ હઠ કરે છે એ માર્ગ નથી. હઠ કરે છે એ આ માર્ગ નથી. મુમુક્ષુની ભૂમિકાથી માંડીને મુનિદશા પર્યંતના સાધકજીવના જેટલાં બુદ્ધિપૂર્વકના પરિણામ છે એ બધાંમાં સહજતા આવશ્યક છે, સહજતા હોવી જોઈએ, હઠ ક્યાંય કામ આવતી નથી અને હઠ કરવાનું ક્યાંય કહેવામાં પણ આવતું નથી કે, તું હઠ કરીને આમ કર. એ વાત નથી.

**'આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટઝટ કરવું છે.'** એવી હઠ ઉપાડે તો એ રીતે કામ થતું નથી કેમકે હઠ કામ આવતી નથી, આમાં હઠ કામમાં આવતી નથી, હઠથી કાર્ય થતું નથી. ઊલટાના એ હઠના પરિણામ છે એ સહજતાથી વિરુદ્ધના પરિણામ છે, કૃત્રિમતાના

પરિણામ છે અને કાર્ય થવાને બદલે જીવ ઊલટી દિશામાં એના ભાવમાં આગળ વધી જાય છે, ઊલટી દિશામાં ભાવ વધી જાય છે, ઉગ્ર થઈ જાય છે.

મુમુક્ષુ :- ઇ વખતે ઇ પોતે ક્યાં અટકે છે એનું સંશોધન થવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હઠ તો એવું છે કે બહુ સ્થૂળ પરિણામ છે. આમ તો હઠના પરિણામ સ્થૂળ પરિણામ છે.

પ્રશ્ન :- પ્રાપ્તિ ન થવામાં પોતે ક્યાં અટકે છે એનું સંશોધન કરે તો માર્ગ સરળ થાય કે નહિ ?

સમાધાન :- હા, જાગૃતિ હોય તો એને ખ્યાલ તો આવી જાય છે. જે જીવ પોતાના પરિણામમાં અહિતકર પરિણામ અને હિતકર પરિણામને વિષે જાગૃત થયો એને ખ્યાલ તો આવી જાય છે કે, પરિણામ ક્યાં અટકે છે ? વારંવાર થતા જે પરિણામ એનો ખ્યાલ ન આવે એમ કેમ બને ? જે પરિણામ વારંવાર થઈ આવે, સહજપણે થઈ જ આવે તો એ પરિણામને એ તપાસી લે કે આમ થવાનું કારણ ત્યાં સુખ લેવા માટે એ પરિણામનો પ્રયત્ન છે, પરિણામની અંદર (એ) પ્રયત્ન છે અને આ સુખ નથી પણ સુખાભાસ છે. પ્રયત્ન કરીને, વિચાર વડે કરીને, તપાસે કરીને આ તોડવા જેવો ભાવ છે. ખ્યાલ તો આવે છે, જે જાગૃત છે એને ખ્યાલ આવે છે, બરાબર ખ્યાલ આવે છે એ પોષાતી વાત નથી. અંદર જવાતું નથી કેમકે બહાર ચાલ્યું જવાય છે. એટલે પોતાને જે ભાવના છે એ અનુકૂળ કાર્ય થતું નથી. પુરુષાર્થ એટલો ઊપડીને કાર્ય સહજ થતું નથી તો એને મૂંઝવણ પણ થાય છે. પણ હઠ વિના આ કાર્ય કરવાનું છે એટલી વાત પણ સ્પષ્ટ છે કે, હઠ વગર જ કાર્ય કરવાનું છે.

**'આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટઝટ કરવું છે. હઠ સ્વભાવમાં કામ ન આવે. માર્ગ સહજ છે,...'** જોયું ! માર્ગ સહજ છે. આત્મસ્વરૂપ પણ સહજ હોવાથી એને સહજાત્મસ્વરૂપ કહેવામાં આવે છે. આત્માને કેવો બતાવવામાં આવે છે ? કે, સહજાત્મસ્વરૂપ ! આત્મા સ્વરૂપે કરીને સહજ છે. એની પ્રાપ્તિનો, એના અનુભવનો માર્ગ પણ સહજ જ છે, અસહજ નથી. એટલું જ સહજ છે – જેટલું સ્વરૂપ સહજ છે એટલો માર્ગ સહજ છે. આ પરિસ્થિતિ વિના કૃત્રિમતાએ કરવું પડે તો એમ સમજવું કે જીવ હજી માર્ગમાં નથી. હઠ કરીને કરવું પડે તો સમજવું કે, હજી આ જીવ માર્ગમાં નથી. માર્ગ જુદો છે, આ કાંઈક જુદાં પરિણામ છે. મેળવણી કરી શકે એવો વિષય છે.

**'માર્ગ સહજ છે, ખોટી ઉતાવળે પ્રાપ્ત ન થાય.'** ખોટી ઉતાવળે એટલે કૃત્રિમ ઉતાવળ કરે. એ (રીતે એ) પ્રાપ્ત ન થાય. આ તો સૂક્ષ્મ એટલા માટે છે કે, પ્રમાદમાં પણ જીવને રાખવો નથી અને ખોટી ઉતાવળ થાય એ પણ યોગ્ય નથી. જીવને પ્રમાદ રહે એ પણ યોગ્ય નથી અને ખોટી ઉતાવળ થાય એ પણ યોગ્ય નથી. આમ વચલો રસ્તો પકડે છે એ સહજતાનો રસ્તો છે. એટલે જેને પોતાનું હિત કરવું છે એ હિતના વિષયમાં જાગૃત રહે અને પોતાનાથી જેટલી શક્તિ હોય એ સર્વ ઉદ્યમથી-પૂરા ઉદ્યમથી પ્રયત્નશીલ રહેવાનો જે અભિપ્રાય છે એ અભિપ્રાય અનુસાર એનું સહજ કામ થાય, એમાં ખોટી ઉતાવળ ન થાય તેમ એનું પ્રયત્નશીલપણું પણ છૂટી જાય એમ પણ ન થાય. બેમાંથી એક પણ ન બને. એમ વાત લે છે.

પ્રશ્ન :- પુરુષાર્થ ઉપાડવો હોય ત્યારે ઉપાડી શકે ?

સમાધાન :- એવું કાંઈ નથી. પુરુષાર્થ ઉપાડવો-એમ વજન દઈને ઊપડતો નથી, પુરુષાર્થ ઉપર વજન દઈને પુરુષાર્થ ઊપડતો નથી. પુરુષાર્થ તો પ્રથમ ભૂમિકામાં પોતાની ભાવના અનુસાર કામ કરે છે અને આગળની ભૂમિકામાં જેટલું સ્વરૂપનું ભાવભાસન-અવભાસન સ્પષ્ટ છે એટલો પુરુષાર્થ સહજ જ અંદરથી ઊપડી આવે છે. હું આવો સિદ્ધ સમાન ! આખું જે તત્ત્વ છે – સ્વતત્ત્વ છે એ પરિપૂર્ણ (છે). જેમ શરીર વગરની સિદ્ધની ચૈતન્યપિંડની મૂર્તિ છે તેમ અંદરમાં દેહરહિત એક ચૈતન્યપિંડનું આખું સિદ્ધપદ જ છે ! આવો હું ! એવું જેટલું ભાવની અંદર સ્પષ્ટ પ્રતિભાસન એટલું અંદરથી સહેજે જ જોર ઉત્પન્ન થાય છે. સહજ પોતાનું જોર ઉત્પન્ન થાય છે. જેટલી સ્વરૂપની સાવધાની, જેટલી સંભાળ એટલો પુરુષાર્થ સહજ ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- આ બધો સહજતાનો વેપાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા' 'બનારસીદાસે' ગાયું ને ? વાદવિવાદ તો ત્યાં થાય છે કે જ્યાં પ્રયોજનને છોડીને, એ પ્રયોજનનો ન્યાય પણ છોડી દઈને જીવ તર્ક-કુતર્ક-વિતર્ક કરવા લાગે છે અને હઠાગ્રહ કરે છે કે આમ જ હોવું જોઈએ, આમ શબ્દ પડ્યો છે, આમ વાત છે (એમ) હઠ કરે છે, પકડ કરે છે, આગ્રહ કરે છે ત્યાં બધે વાદવિવાદ થાય છે. એથી કોઈ આ માર્ગ મળતો નથી. આ માર્ગ તો સહજ પરિણામનો વેપાર છે. ધંધો એટલે પરિણામનો વેપાર. સહજ પરિણામનો વેપાર છે.

પ્રશ્ન :- હવે સહજ પરિણામ આવશે ત્યારે થશે એમ લેવું ?

સમાધાન :- જો સહજ પરિણામ આવશે ત્યારે થશે તો અત્યારે જે સહજ પરિણામ છે એમાં તને નિરાંત, સુખ અને શાંતિ છે ને ? આ પ્રશ્ન છે. એ પરિસ્થિતિ પણ પોસાવી જોઈએ નહિ. પોસાણ નથી થતું એ પણ સહજ અને પોસાણ થાય એ પણ સહજ. જ્યાં સુધી પોસાય છે, વિભાવ પરિણામનું જ્યાં જેને પોસાણ છે ત્યાં પછી એને દુઃખ નહિ લાગે અથવા એ આત્માની અરુચિની સ્થિતિમાં ઊભો છે. એને આત્માની રુચિ નથી એવી સ્થિતિમાં ઊભો છે. એને તો કોઈ મુમુક્ષુની ભૂમિકામાં આવવાનો પ્રશ્ન રહેતો નથી. એને મુમુક્ષુની ભૂમિકા શું કહેવી ? એમ છે.

મુમુક્ષુ :- રુચિ, ભાવના, લગની બધું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- એક સાથે ભળતાં, સાથે કામ કરતાં પરિણામ છે. તે-તે પ્રકારના બધાં પરિણામ સાથે કામ કરે છે.

પ્રશ્ન :- આ મૂંઝવણ થવામાં કથનભેદ ન સમજાય અથવા ભિન્ન-ભિન્ન જ્ઞાનીનાં આશયભેદે ભિન્ન-ભિન્ન કથન હોય એ ન સમજાય તોપણ મૂંઝવણ ઊભી થાય ખરી ?

સમાધાન :- સામાન્ય રીતે તો એવું ન સમજાય એવું તો ક્યારે બને છે કે, વિપરીત સમજણના સંસ્કાર જે છે એ ઊભા છે ત્યાં સુધી અથવા જ્યાં સુધી જીવને પૂર્વે સમજ્યો છે એનો મિથ્યાઆગ્રહ ઊભો છે ત્યાં સુધી નથી સમજાતું. પણ એવી ભૂમિકાવાળાને તો (અહીંયાં) નથી લેવો. સમજણમાં તો બધાં ન્યાય (સમજાય છે) કેમકે જે કહેનાર છે એ ગમે તે શૈલીથી કહે પણ પોતાના આત્માને કેવી રીતે હિત થાય છે એ વાત તો બધી શૈલી, કોઈ પણ શૈલીમાં એ વાત તો છે, છે ને છે. આત્મહિતને લક્ષમાં રાખીને કહેનારે કહ્યું છે ભલે શૈલી ગમે તે આવી હોય, એ ઉદય અનુસાર છે. કહેનારના વાણીના ઉદય અનુસાર એ શૈલી ગોઠવાય છે. એનો કર્તા-હર્તા એ આત્મા પણ નથી. પણ એક વાત એની અંદર ચોક્કસ છે કે, જેટલાએ કહ્યું છે એટલાએ આત્માનું હિત કરવા માટે કહ્યું છે અને હિતના દૃષ્ટિકોણવાળાને એ સીધેસીધું, પાધરું સમજાય છે કે, આમાં આ રીતે વાત કહેવા માગે છે. એવું નથી બનતું કે નથી સમજાતું. પૂર્વગ્રહ હોય અને ન સમજાય એનો તો પૂર્વગ્રહ ટાળે ઉપાય છે. એવી પરિસ્થિતિમાં તો કાંઈ કોઈ કામ થતું નથી. ન સમજાય (તો) પણ એણે પૂર્વગ્રહ છોડીને, મધ્યસ્થ થઈને સમજવું જ રહ્યું કે, મને નથી સમજાતું પણ એ મારી સમજણનો દોષ છે, મારી સમજણની ભૂલ છે, કહેનારની ક્યાંય ભૂલ નથી. આ વાત તો એણે ઓઘે-ઓઘે પણ પકડી રાખવી જોઈએ. ઓઘે-ઓઘે પણ ! કેવી રીતે

કહેનારની ભૂલ નથી અને કેવી રીતે મારી સમજણની ભૂલ છે એ વાત ભલે એને સમજાતી હોય તોપણ ઓઘે-ઓઘે એટલું પકડી રાખે કે, કહેનારે કહ્યું છે એ તો સત્ય જ કહ્યું છે. મુમુક્ષુ જીવના આત્માનું હિત થાય એ એમ જ કહ્યું છે, એ જ કહ્યું છે, બીજું કહ્યું નથી. મૂળ તો શું છે કે પોતે પોતાની રીતે વિપરીત સમજ્યો હોય એની સાથે મેળ ન ખાતું હોય તો એવું કાંઈ દોઢડહાપણ ન કરાય કે આમાં કાંઈક કહેનારની ભૂલ લાગે છે, આવું તો કાંઈ ન હોય. કઈ રીતે એની ભૂલ નથી અને મને કઈ રીતે નથી સમજાતું – આ પ્રયત્ન એણે કરવો જોઈએ. એ બરાબર છે, નહિતર એ સ્વચ્છન્દમાં આવી જતા વાર લાગતી નથી.

મુમુક્ષુ :– શંકા અને આશંકાના ભેદ સમજવા જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર છે.

પહેલાં તો એક વાત છે કે આવા બધાં સૂક્ષ્મ પરિણામમાંથી અનાદિના વિપરીત સંસ્કારો, વિપરીત ભાવો, વિપરીત અભિનિવેશ આ બધું છોડીને, માર્ગ કાઢીને અંદરમાં સીધા પાતાળમાં પહોંચીને જ્ઞાયકનો અનુભવ કર્યો એને એ ભૂલ છે કે, આ બરાબર નથી–એ વાત જો તને લાગતી હોય તો એ તું સમજ્યો નથી કે એ ક્યાં સુધી કેવી રીતે પહોંચ્યા છે. અનુભવી જીવ અંદરમાં ક્યાં સુધી કેવી રીતે પહોંચ્યા છે એનો જો તને બરાબર ખ્યાલ હોય તો એની ભૂલ થાય છે એ વાત કોઈ રીતે આવશે (નહિ). (ઊલટાનું એમ થાય કે) મને કેમ આમ થાય છે ? મને બેસતું નથી (તો) ક્યા પ્રકારનો અહીંયાં વિપર્યાસ ઊભો થાય છે (એમ) એની પોતાની ભૂલ શોધવામાં જાય. ત્યાં (કહેનાર) ભૂલ કરે છે એ તો વિકલ્પ જ ન આવે.

મુમુક્ષુ :– હવે પછીના ચાર-પાંચ બોલ પુરુષાર્થ અને સહજના જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઘણી વાતો કરી છે. આ વિષય સૂક્ષ્મ છે એના એટલા બધાં પડખાં છે કે અનેક પડખાંથી વિષયને સ્પષ્ટ કર્યો છે. ઇતિહાસમાં આવા સૂક્ષ્મ વિષયનું આવું સ્પષ્ટીકરણ જવલ્લે જ જોવા મળે ! એટલે 'ગુરુદેવે' જે પ્રશંસા કરી છે એનું કારણ એ છે. આવું સ્પષ્ટીકરણ આવવું સહેલું નથી. એ જાતનો અનુભવ હોય પણ વાણીનો યોગ ન હોય, એવું બને. આ તો બધું કુદરતી થઈ (ગયું), લખાઈ ગયેલું અને યથાકાળે બહાર આવ્યું.

મુમુક્ષુ :– શૈલી ઉદયને આધીન હોય પણ આત્માની વાત જ નીકળે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એક જ વાત આવે છે. શૈલી ભિન્ન-ભિન્ન, વાત એક. (દૃષ્ટાંતમાં) વેપારનો વિષય સમજી શકાશે. જેમકે વેપારી કોઈની પાસે ઉઘરાણીએ જાય તો એમ કહે કે, ભાઈ ! મારા આટલા હિસાબના પૈસા બાકી છે, તમે આપો. કોઈ એમ કહે કે, શું મારું લેણું નથી ? એમ કહે. લેણું છે એમ કહેવું અને લેણું નથી ? એમ કહીને પ્રશ્નચિહ્ન મૂકવો, વાત એકની એક છે, વાત કરવાની શૈલી જુદી-જુદી છે. બે વાત નથી, એક જ વાત છે ને ? પણ વાત કહેવાની શૈલી જુદી-જુદી છે, એવી રીતે વાત છે. એમ શૈલી અનેક પ્રકારે આવે પણ એક જ વાત કહે છે. વાત અનેક નથી કરતા, વાતનો વિષય એક છે, પદ્ધતિ–વિધિનો એક જ પ્રકાર છે, એને જ કહેવા માગે છે પણ દરેકને પોતાની આગવી શૈલી હોય છે. એ કુદરતી વસ્તુ છે. એ વસ્તુ સમજાય છે, સમજવા માગે છે એને એ વસ્તુ સમજાય છે કે કહેવાની પદ્ધતિ જુદી છે પણ વાત તેની તે કહે છે, કાંઈ બીજી વાત કહેતા નથી. બે હજાર વર્ષ પહેલાં 'કુંદકુંદાચાર્ય' કહે, ત્યારપછી ૯૦૦ વર્ષે 'અમૃતચંદ્રાચાર્ય' કહે કે ત્યારપછી બીજા ૧૧૦૦ વર્ષે 'ગુરુદેવ' કહે (બધાં) એક જ વાત કરે છે, કોઈ બીજી વાત કરે છે એવું નથી.

મુમુક્ષુ :- બધે એક જ પ્રકાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- એક જ વિષય, એક જ વિધિ. આત્મા વસ્તુ–વિષય એક. વાતનો વસ્તુ–વિષય એક, એને પ્રાપ્ત કરવાની ત્રણે કાળે વિધિ એક. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' અત્યારે એમ માનો કે, 'શ્રીમદ્જી'ના ઘણાં અનુયાયી છે, ગુજરાત(માં), ગુજરાત બહાર અનેક જગ્યાએ એમના આશ્રમ છે અને 'ગુરુદેવ'ના પણ અનેક અનુયાયી છે, ગુજરાતી સમાજ આમાં મોટો Involve થયેલો છે. 'ગુરુદેવ'ના અનુયાયીમાં અને 'શ્રીમદ્જી'ના અનુયાયીમાં ગુજરાતી સમાજનો મુખ્ય વર્ગ છે. બન્ને ગુજરાતમાં થયા એટલે અને બે મહાત્માઓ વચ્ચે બહુ લાંબો કાળ નથી. 'ગુરુદેવ'ને ('શ્રીમદ્જી'થી) ૧૧ વર્ષનું છેટું છે. 'ગુરુદેવ'નો ૧૯૪૬માં (જન્મ) અને ('શ્રીમદ્જી'એ) ૧૯૫૭માં દેહ છોડ્યો. એવી રીતે છે. બન્નેની વાત કરવાની શૈલી જુદી-જુદી દેખાય છે, બોલવાની પદ્ધતિ, કહેવાની પદ્ધતિ એક સરખી નથી જોવામાં આવતી (પણ) વાત એક જ કરે છે. એ નથી સમજાતું એ ઘણાંને મૂંઝવણમાં મૂકે છે કે, બન્ને જુદી-જુદી વાત કરતા લાગે છે. ખરેખર એક વાત કરે છે. આ વાત, જો આ મેળવતા આવડે તો એને આ વસ્તુવિષય છે એ બરાબર સમજાય જાય છે કે, કેવી રીતે આ વાત એક છે અને નહિતર એમ લાગે છે કે, આ બીજું કહે છે, આ બીજું કહે છે.

બન્નેના માર્ગ જુદાં લાગે છે, રસ્તા જુદાં લાગે છે. ખરેખર એક માર્ગ છે, એક જ વાત કહે છે, શૈલી બન્નેની જુદી-જુદી છે, બન્નેનો ઉદય જુદો-જુદો છે.

'શ્રીમદ્જી'ના પત્રો વ્યક્તિગત મુમુક્ષુ જીવને સામે લક્ષમાં રાખીને એ મુમુક્ષુને યોગ્ય કેટલીક વાતો મુખ્ય સિદ્ધાંતોને રાખીને કરી છે. 'ગુરુદેવે' સમષ્ટીગત શાસનને લક્ષમાં રાખીને ભૂત-ભવિષ્યનો આગળ-પાછળ બધો લાંબો વિચાર કરીને સિદ્ધાંતોનું પ્રતિપાદન એવી રીતે કર્યું છે કે, મૂળ પરમાગમમાં રહેલાં જે સિદ્ધાંતો છે એનું સ્પષ્ટીકરણ આપ્યું. મૂળ સિદ્ધાંત તો 'શ્રીમદ્જી'એ પણ એમને એમ રાખ્યા છે, આમણે (પણ) એમને એમ રાખ્યા છે, પણ વાત કરવાની પદ્ધતિમાં ફેર પડે છે કેમકે ઉદયફેર છે.

મુમુક્ષુ :- પચાસ પગથિયાં ચડવાના હોય, ૨૫-૩૦ ચડ્યા પછી પૂછે કે, હું મૂંઝાવ છું, પણ હજી પગથિયે પગ મૂક્યો નથી ત્યાં હું મૂંઝાવું છું... હું મૂંઝાવું છું... મને માર્ગ જડતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ વાત સાચી છે. હજી તો પગ માંડતો નથી ત્યાં મૂંઝાવાનો ક્યાં પ્રશ્ન છે ? એ તો ક્યાંથી જડે ? ન જ જડે.

બહુ ગંભીર થઈને, એક બહુ મોટું કામ પોતે હાથમાં લીધું છે, મહાન કાર્ય હાથમાં લીધું છે, સિદ્ધ થવાનું ! કેવું ? સમ્યક્દૃષ્ટિ થાવું છે એમ નહિ, મુનિ થાવું છે એમ નહિ, સિદ્ધ થવાનું મહાન કાર્ય હાથ ધર્યું છે એનો પ્રારંભ કરવો છે. આ જુઓ ને ! કોઈ મોટું મકાન બાંધે તો એનો પાયો ખોદવા માટે શિલાન્યાસ (કરે છે), મંદિર બાંધે તો શિલાન્યાસનો મોટો સમારંભ કરે છે કે નહિ ? બધાંને બોલાવે, એ આ બહુ મોટું કામ છે એની જાહેરાત કરે. બહુ મોટું કામ અમે ઉપાડ્યું છે એમ જાહેરાત કરે. અહીંયાં કહે છે કે, તારે જાહેરાત કરવાની જરૂર નથી પણ અંદરમાં જેટલું કામ મોટું છે એટલું વજન તો તને પરિણામમાં આવવું જોઈએ. જો એનું વજન ન આવે તો કાર્યનો પ્રારંભ ખોટો છે, આરંભ જ નથી થયો, પછી આગળ કાર્ય થવાનો શું પ્રશ્ન છે ? કોઈ પ્રશ્ન નથી. આગળ કાર્ય થવાનો કાંઈ વિચાર કરવા જેવું નથી.

મુમુક્ષુ :- અજ્ઞાની હોય, ભાષા શૈલી સારી હોય અને શૈલી સારી લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાની કરતાં અજ્ઞાનીની શૈલી સારી લાગે તો પછી એને જ્ઞાની માનીને એની પાછળ ચાલવું કે નહિ ?

પ્રશ્ન :- ત્યાં કેમ જુદું પાડવું ?

સમાધાન :– જુદું પાડવું, (એમાં) એનો રસ પકડાય જાય છે. અજ્ઞાનીને બહિર્રસ છે– બાહ્ય રસ છે. ઉઘાડનો રસ છે અને ઉઘાડ સાથે ભાષાનો પુણ્યયોગ હોય તો એને ભાષાનો પણ રસ આવે છે. એ બન્ને રસમાં આત્માના અંતર્મુખરસનો અભાવ છે. જેને અંતરની રુચિ છે, આત્માની રુચિ છે, અંતર્મુખ થવાની રુચિ છે એને એ વાત શુષ્ક લાગે છે. વાણી, ભાવ બધું શુષ્ક લાગે છે. એટલે 'સોગાનીજી'એ લખ્યું છે કે, તું વાત કરે છે શાસ્ત્રમાંથી પણ તારી વાત શુષ્ક હોવાથી, હમકો તેરી બોલી કાગપક્ષી જૈસી લગતી હૈ. શું કીધું છે ? જેમ કાગડાની વાણી કઠોર હોય છે એમ એ કહે છે કે, અમને તારી વાણી બરાબર નથી લાગતી. આમ છે.

મુમુક્ષુ :– એ તો જ્ઞાની હતા એટલે તારવી શકે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તારવી શકે (એમ) નહિ, મુમુક્ષુ (પણ) તારવી શકે ! મુમુક્ષુ તારવી શકે છે. જેને જે Line પકડવી છે એ Line મળે તો એને એમાં રસ આવે, એમાં એને અનુમોદના આવે, એમાં એને એ જાતનો પ્રોત્સાહિત થવાનો ભાવ આવે, પણ એથી બીજી Line હોય તો એને એની સાથે કેમ મેળ પડે ? કુદરતી જ એના પરિણામને એની સાથે મેળ પડતો નથી. આમ થાય છે. એકને એક જીવમાં ફેર પડે તો ફેર પડી જાય. એક જીવને પહેલાં પરિણામ બરાબર ન હોય અને પછી બરાબર પરિણામ થાય તો પહેલાં એની સાથે પોતાનાં ભાવ મેળ ન ખાય, પછી મેળ ખાય. તે જ જીવને પહેલાં બરાબર પરિણામ હોય અને પછી પરિણામ બરાબર ન હોય તો પહેલાં મેળ ખાય પછી પાછળ મેળ ન ખાય. સીધો સંબંધ પરિણામ સાથે છે, યોગ્યતા સાથે છે. એવો વિષય છે.

અહીંયાં એમ કહે છે કે, **'હઠ સ્વભાવમાં કામ ન આવે.'** સહજ સ્વભાવમાં અસહજ એવી હઠ કોઈ કામ કરતી નથી. આ માર્ગ તો સહજ છે. સહજ એવા આ માર્ગમાં કોઈ ખોટી ઉતાવળે એ માર્ગની પ્રાપ્તિ થતી નથી. ખોટી ઉતાવળે પ્રાપ્તિ થતી નથી અને યોગ્યતા વગર પણ પ્રાપ્તિ થતી નથી. એટલે મુમુક્ષુએ પ્રથમ લક્ષ, કેમ પોતાની યોગ્યતા થાય ? એના ઉપર આપવું ઘટે છે. આ મોટામાં મોટી વાત છે.

પ્રશ્ન :-- યોગ્યતા એટલે પાત્રતા ?

સમાધાન :– હા, યોગ્યતા એટલે પાત્રતા. યોગ્યતા થતાં સહજ પ્રાપ્તિ છે અને યોગ્યતા ન હોય તો હઠ કરે તો કંઈ પ્રાપ્ત થઈ જાય એવું બનવાનું નથી. માટે આ જીવને યોગ્યતા કેમ પ્રાપ્ત થાય ? જ્યાં સુધી યોગ્યતા ન હોય એનો પણ એને વિચાર હોવો ઘટે છે. એનો

(વિચાર) હોવો જોઈએ નહિતર માર્ગની પ્રાપ્તિ થવાની નથી.

કેવી વાતો કરી છે ! અંદરની મુમુક્ષુની ભૂમિકાની સૂક્ષ્મ પરિણામોની આ બધી વાતો સ્પષ્ટ કરીને મૂકી છે. કોઈ જીવ આ પ્રકારમાં આવ્યો હોય, આ સ્થિતિએ આવ્યો હોય તો એને માર્ગદર્શન બરાબર મળે. જુઓ ! 'ગુરુદેવે' આવી બધી વાતો બહુ સ્પષ્ટ નથી કરી. 'ગુરુદેવ'નો મુખ્ય વિષય 'સમયસાર'નો રહ્યો. એમાં દૃષ્ટિનો વિષય શું ? દૃષ્ટિ કેવી રીતે થાય ? અને દૃષ્ટિપરિણત જીવ જે સમ્યક્દૃષ્ટિ છે એનું પરિણમન કેવું હોય ? આ એક 'સમયસાર'નો વિષય છે અને એ 'ગુરુદેવ'ના પ્રવચનોનો પણ વિષય છે. આવી સૂક્ષ્મ વાતો ખોલીને નથી આવી. બહુ ઝીણી-ઝીણી વાતો ખોલીને મૂકી છે. એટલે ખુદને-'ગુરુદેવ'ને પોતાને એમ થયું કે, વાહ ! આવી બધી વાતો આ ગ્રંથની અંદર આવી છે !! આ તો મુમુક્ષુને બહુ ઉપયોગી ચીજ બહાર આવી ગઈ ! એટલે એમ કહી દીધું કે, અમે 'સમયસાર' માટે નથી કહ્યું. કોઈ પુસ્તક માટે નથી કહ્યું એમાં 'સમયસાર' આવી ગયું કે નહિ ? કોઈ પુસ્તક માટે નથી કહ્યું. એમ પોતે કહ્યું કે, અમે કોઈ પુસ્તક માટે કહ્યું નથી કે, આ પુસ્તક છપાવો, પણ આના માટે કહીએ છીએ. પોતાને માટે વાત નથી કરી. મુમુક્ષુ સમાજને ઉપકારી છે, ઘણું ઉપકારી થશે એ વાત એમને સ્પષ્ટ જોવામાં આવી છે. **પોતાના જ્ઞાનમાં એ વાત સ્પષ્ટ ભાસી છે કે, મુમુક્ષુ જીવને આ બહુ ઉપકારી થશે ! વધુ ઉપકારી થશે.** 'સમયસાર' વાંચવું એટલું સહેલું નથી અને એમાંથી સમજવું એટલું સહેલું નથી જેટલું આમાંથી મુમુક્ષુને સમજવું સહેલું છે. પોતાને તો આરાધન માટે 'સમયસાર' નિમિત્ત પડ્યું છે. પૂર્વ સંસ્કાર લઈને આવ્યા હતા એટલે એ શાસ્ત્ર નિમિત્ત પડ્યું. પણ આ વાત પોતાને માટે નથી કરી, સમાજ માટે કરી છે.

મુમુક્ષુ :- શરૂઆતના એકથી દસ પ્રવચન સાંભળો તો બધાંમાં એમ કહ્યું છે, હજી હિન્દી પુસ્તકો છપાણા નહોતા તો કહેતા કે, હિન્દી પુસ્તક જલ્દી છપાવો.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે, જલ્દી છપાવો એમ કહે, જલ્દી છપાવો. વાંચન શરૂ કર્યું એટલે પહેલાં દસ દિવસ(માં આમ કહેતાં). કેટલો એમનો ભાવ છે ! એના ઉપરથી એ સમજવાનું છે. કેટલો ભાવ છે ! આ સમજી શકાય એવો વિષય છે કે, કેટલો ભાવ છે !! એ વિષય હાથમાં લે તો સમજાય એવું છે કે, શા માટે એમ કહ્યું ?

પ્રશ્ન :- યોગ્યતા એટલે ?

સમાધાન :- યોગ્યતા એટલે પાત્રતા, યોગ્યતા એટલે પાત્રતા. પ્રશ્ન એમ થવા યોગ્ય

છે કે, જો યોગ્યતા વગર માર્ગની પ્રાપ્તિ નથી અને યોગ્યતાએ સહજ પ્રાપ્તિ છે – આ યોગ્યતા વિષયક સિદ્ધાંત છે, તો યોગ્યતા ઉપર તો વિચાર કરવા યોગ્ય છે કે, આ યોગ્યતા હોવી ઘટે છે. તો યોગ્યતા કેમ પ્રાપ્ત થાય ? કે, પોતાને આ વિષયની જેટલી જિજ્ઞાસા ઉગ્ર, જેટલી એ વિષયને પ્રાપ્ત કરવાની ગરજ વધારે, જેટલી જિજ્ઞાસા અને જેટલી ગરજ એટલી યોગ્યતા. બસ ! આ એનું Thermometer છે. યોગ્યતા કેમ ? કેટલી ગરજ છે એના ઉપર આધાર છે, બસ ! તપાસી લેવું. પોતાના પરિણામને તપાસે તો ખ્યાલ આવે કે, આ કામની મને કેટલી ગરજ છે ? પૂરેપૂરી ગરજ હોય તો એને માટે સવાલ નથી કે એને આ માર્ગ ન મળે, એ પ્રશ્ન નથી, સહેજે પ્રાપ્તિ થશે. જો એને ગરજ નથી અને કેટલીક શરતો મૂકવી છે–Conditional વાત છે કે, આટલી મને અનુકૂળતા હોય, કાંઈ નહિ તો છેવટ મૂડીના વ્યાજમાંથી ચાલે એટલી મૂડી થાય પછી વાંધો નથી. ત્યાં સુધી તો આ કાંઈ આપણને સૂઝે એવું નથી. (આવી) કોઈ પણ શરત, કોઈ પણ પ્રકારે (હોય) તો એ યોગ્યતાના વિષયમાં ખામી છે. એકાંતે ગરજ હોય તો એ જીવ યોગ્ય છે અને યોગ્ય છે એને માટે કોઈ પ્રશ્ન નથી, સહેજે એની પ્રાપ્તિ છે. બાકી યોગ્યતા વગર પ્રાપ્ત કરવા જાય અને મળી જાય (એમ) ત્રણકાળમાં ન બને. કોઈ કાળમાં ન બને. આ પરિસ્થિતિ છે. એ ૩૪(મો પૂરો) થયો.

**અનંત કાળથી જીવને અશુભ ભાવની ટેવ પડી ગઈ છે, એટલે તેને અશુભ ભાવ સહજ છે. વળી શુભને વારંવાર કરતા શુભ ભાવ પણ સહજ થઈ જાય છે. પરંતુ પોતાનો સ્વભાવ જે ખરેખર સહજ છે તેનો જીવને ખ્યાલ આવતો નથી, ખબર પડતી નથી. ઉપયોગને સૂક્ષ્મ કરીને સહજ સ્વભાવ પકડવો જોઈએ. ૩૫.**

૩૫મો બોલ. **'અનંત કાળથી જીવને અશુભ ભાવની ટેવ પડી ગઈ છે, એટલે તેને અશુભ ભાવ સહજ છે.'** આ એક પરિણામધર્મ છે કે, પરિણામ જે રીતે ટેવાઈ જાય તે

રીતે સહજ-સહજ થવા લાગે છે. સહેજે-સહેજે થવા લાગે. જે જાતના પરિણામ ટેવાઈ જાય તે પરિણામ સહેજે-સહેજે થાય. અશુભ ભાવથી જીવ ઘણો ટેવાઈ ગયો છે. કેમ ? (કેમકે) મુખ્ય તો દેહાત્મબુદ્ધિ (છે). અશુભનું મુખ્ય અધિકરણ–આધાર–શિલા જેને કહીએ તો આ શરીર છે. ક્યારેય ચારે ગતિમાં જીવ શરીર વિના રહ્યો નથી. દેહાત્મબુદ્ધિ હોવાને લીધે દેહાશ્રિત જેટલા કાંઈ પરિણામ કરવા જાય છે એ બધાં અશુભ પરિણામ થાય છે, પછી એની વણઝાર બહુ મોટી છે. દેહની–શરીરની અનુકૂળતા એ મારી અનુકૂળતા, શરીરનું સ્વાસ્થ્ય એ મારું સ્વાસ્થ્ય, શરીરનું અસ્વસ્થપણું એ મારું અસ્વસ્થપણું, શરીરનું વજન ઘટ્યું તો મારું વજન ઘટ્યું અને વધ્યું તો મારું વજન વધ્યું. ત્યાંથી માંડીને પછી એના અનુકૂળતા મેળવવાના સાધનો અને એ મેળવવાને અનુકૂળ થનારા બીજા સંયોગોરૂપ સાધનો એની વણઝારનો તો કાંઈ પાર નથી. બધો અશુભનો વિષય છે. બહુ મોટો વિષય અશુભનો છે. પાંચેય ઇન્દ્રિયોનો જેટલો કોઈ વિષય છે એ અશુભ પરિણામ સાથે સંબંધ ધરાવે છે અને દેહ પણ પાંચ ઇન્દ્રિયયુક્ત જ છે. એટલે જીવને અશુભ પરિણામ બહુધા થાય છે–ઘણાં થાય છે, વધુ પ્રમાણમાં થાય છે અને તેથી જીવ ક્રમશઃ અધોગતિમાં જઈને નિગોદમાં ચાલ્યો જાય છે. ત્રસનો કાળ બે હજાર સાગરથી વધારે ભગવાનના જ્ઞાનમાં આવ્યો નથી એનું કારણ આ સહજ પરિણામની સંસારી જીવની સ્થિતિ છે, સહજ જ આ સ્થિતિ છે. એને નીચી-નીચી કોટિના, અધઃ-અધઃ કોટિના પરિણામ સહેજે-સહેજે થયા કરે અને છેવટે નિગોદમાં ચાલ્યો જાય.

**'અનંત કાળથી જીવને અશુભ ભાવની ટેવ પડી ગઈ છે, એટલે તેને અશુભ ભાવ સહજ છે.'** અશુભ ભાવ કરવા માટે એને કોઈ કૃત્રિમ પુરુષાર્થ કરવો પડે છે એ પરિસ્થિતિ નથી. સહજ જ એને અશુભ ભાવ થઈ આવે છે. **'વળી શુભને વારંવાર કરતા શુભ ભાવ પણ સહજ થઈ જાય છે.'** જો શુભ ભાવ વારંવાર કરવામાં આવે તો એ પણ સહજ થઈ શકે છે. તો કેટલાંક જીવો શું કરે છે ? કે, બહારના વ્યવસાય આદિનો સંક્ષેપ કરીને અથવા ત્યાગ કરીને કેટલાંક બાહ્ય વિષયોનો પણ ત્યાગ કરીને, પ્રતિજ્ઞા આદિ (લઈને), નિવૃત્તિ ધારણ કરીને નિવૃત્તિયોગથી નિવૃત્તિક્ષેત્રમાં દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રવૃત્તિમાં, સ્વાધ્યાય આદિમાં એ રીતે જીવન ગોઠવી દે છે અને એ રીતે વારંવાર એ શુભ પરિણામને જ કરે. સત્શાસ્ત્રો વાંચવા, પૂજા-ભક્તિ કરવી એ બધી શુભક્રિયામાં રહેતા એ શુભ ભાવ પણ સહજ થઈ જાય છે. એ પણ સહેજે-સહેજે થઈ શકે અને સહજ થાય એવી પરિસ્થિતિમાં જીવ આવી

શકે છે. કેટલાંક જીવો એ રીતે પણ ગોઠવાય જાય છે તો એ પણ થઈ શકે છે. આ તો અનાદિથી છે એમ કહે છે. **'અનંત કાળથી જીવને અશુભ ભાવની ટેવ પડી ગઈ છે,...'**

વળી, મનુષ્યપર્યાયમાં મુખ્યપણે મિથ્યાદૃષ્ટિ હોય તોપણ મનુષ્યપર્યાયમાં જો અશુભથી છૂટવા માટે એવી રીતે ગોઠવણમાં આવે તો એને શુભ ભાવ પણ સહજ થઈ જાય છે. બાકી તિર્યંચમાં મિથ્યાદૃષ્ટિ તિર્યંચ, મિથ્યાદૃષ્ટિ દેવ, મિથ્યાદૃષ્ટિ નારક એમાં તો મોટા ભાગે અશુભ જ થાય છે. એમાં શુભ એટલું થતું નથી, જેટલું અશુભ થાય છે. પણ મનુષ્યપર્યાયને અનુલક્ષીને જ મોટા ભાગે બધી વાત હોય છે. આ તો અપવાદનો વિષય કેટલો છે એ વિચારી લઈએ છીએ. **'વળી શુભને વારંવાર કરતા શુભ ભાવ પણ સહજ થઈ જાય છે. પરંતુ પોતાનો સ્વભાવ જે ખરેખર સહજ છે તેનો જીવને ખ્યાલ આવતો નથી,...'** અહીં તો શું કહેવું છે કે, આ શુભ અને અશુભ પરિણામ સ્થૂળ પરિણામ છે. બોલ તો સૂક્ષ્મતાનો છે. શુભ અને અશુભ પરિણામ એ સ્થૂળ પરિણામ છે, સ્વભાવ સૂક્ષ્મ છે અને સ્વભાવને ગ્રહણ કરનારા, સ્વભાવને પકડનારા પરિણામ પણ સૂક્ષ્મ છે. એટલે આ કોઈ બીજી જાતની વાત છે એમ કહેવા માગે છે. એટલી વાત આમાં લીધી છે. એટલે એમ કહે છે કે, એનો જીવને ખ્યાલ આવતો નથી. ખબર પડતી નથી અને એ ઉપયોગને જરા સૂક્ષ્મ કરીને સહજ સ્વભાવને પકડવો જોઈએ, આ શુભાશુભ ઉપયોગના જે પરિણામ ચાલે છે એવા સ્થૂળ ઉપયોગથી સ્વભાવને ગ્રહણ કરવાનું કાર્ય થતું નથી.

વિશેષ લઈશું....

**અનાદિથી જીવ વર્તમાન વેદનમાં આવતી પર્યાય માત્રમાં પોતાપણું - હું પણું રાખી રહ્યો છે. પરંતુ કોઈપણ પર્યાય થાય - સમ્યક્ સુખની અલ્પ કે પૂર્ણ પર્યાય કાળે તેમાં એકત્વ હોતું નથી. પર્યાયમાં એકત્વ થતાં સુખનો નાશ થાય છે - અનંત સુખની પણ. ધ્રુવ સ્વભાવમાં જ હું પણું સ્થપાઈ રહેવું જોઈએ, નહિ તો પર્યાયથી એકત્વ છૂટે નહિ. પર્યાયનું એકત્વ છૂટતાં આત્મ બોધ છે.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૨૦૧)

## પ્રવચન નં. ૩૧, વચનામૃત–૩૫
## તા. ૨૦-૧૨-૧૯૮૬

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૧૩, ૩૫મો બોલ ચાલે છે. પહેલાં પરિણામધર્મની વાત કરી છે. પરિણામનો એવો ધર્મ છે કે જેવા પરિણામ વારંવાર કરવામાં આવ્યા હોય એ પરિણામ ટેવને કારણે સહજ થઈ જાય છે. સહજતા બે પ્રકારની (છે). એક ટેવથી સહજ થઈ જાય છે એને પણ સહજ કહે છે અને એક સ્વભાવથી સહજ છે એને પણ સહજ કહેવામાં આવે છે. ટેવથી સહજ પરિણામ થાય છે ત્યાં તે-તે પરિણામ અંગે વિકલ્પ કરવો પડતો નથી પણ પરિણામ ટેવાઈ ગયા છે એટલે સહેજે-સહેજે થાય છે. એ દૃષ્ટિકોણથી અહીંયાં કહ્યું છે કે, અનંત કાળથી જીવને અશુભ ભાવની ટેવ હોવાને લીધે અશુભ ભાવ સહજ થાય છે. અશુભ ભાવનું ઉત્પન્ન થવું સહજ બને છે. વળી કોઈ જીવને વારંવાર શુભ ભાવ કરવાનો પ્રકાર થાય, અશુભ યોગ અને અશુભ પ્રવૃત્તિ છોડીને શુભ યોગમાં રહેવાનું થાય તો એને શુભ પરિણામ થવા એ પણ સહજ થઈ પડે છે, એ પણ ટેવ છે.

વારંવાર શુભ ભાવ પણ સહજ થઈ જાય પરંતુ આ બન્ને વિભાવ છે. શુભ અને અશુભ બન્ને વિભાવ છે. જીવનો સ્વભાવ નહિ હોવા છતાં ટેવના કારણથી શુભ સહજ થાય છે એ સહજતા ટેવના કારણને લઈને છે, બીજું કાંઈ એમાં કારણ નથી. એ કોઈ સ્વભાવ નથી, સહજ છે એટલે સ્વભાવ નથી એમ અહીંયાં લેવું. સહજ છે તોપણ વિભાવ છે અને એ વિભાવ ઘણા કાળના અભ્યાસને લઈને સહજ થાય છે. **'પરંતુ પોતાનો સ્વભાવ જે ખરેખર સહજ છે...'** અનાદિથી અકૃત્રિમ હોવાને લીધે સહજ જ છે. સહજ જ છે એટલે કોઈના

કારણ વિના સ્વભાવિકપણે જેની હયાતી છે. પોતાનો સ્વભાવ કોઈના પણ કારણ વિના (હયાત છે) એમ કહેવું છે. ક્યારથી છે ? અનાદિથી છે. કેમ છે ? કે, સહજ જ છે. કોઈ એને કારણ નથી, કોઈ એને કારણ લાગુ પડતું નથી.

આત્મા પોતાના સ્વભાવસ્વરૂપે શા માટે છે ? કેમ છે ? એ પ્રશ્ન અસ્થાને છે. સ્વભાવમાં તર્કની અપેક્ષા નથી. તર્કથી સ્વભાવને સિદ્ધ કરવો એમ ન હોઈ શકે. આત્મા કેમ ચૈતન્યસ્વભાવે છે ? તો એમ તર્ક ન લડાવાય કે, એ જડસ્વભાવે નથી માટે ચૈતન્યસ્વભાવે છે. જડસ્વભાવે નથી તો એ જડસ્વભાવે પણ સહજ નથી અને ચૈતન્યસ્વભાવે છે તો ચૈતન્યસ્વભાવે સહજપણે છે. એમાં તર્ક લાગુ કરી શકાતો નથી. આમ તો શાસ્ત્રમાં એવો પ્રકાર આવે છે કે, વિસ્પષ્ટ તર્કણાથી તત્ત્વની સિદ્ધિ કરી. પણ વસ્તુના સ્વભાવને કંઈ તર્ક લાગુ કરી શકાતો નથી. એ વાત એમ જ રહે છે. 'પ્રવચનસાર'માં આવે છે કે, વિસ્પષ્ટ તર્કણાથી તત્ત્વ સિદ્ધ કરવામાં આવેલું છે, એવી વાત આવે છે. ટીકામાં 'અમૃતચંદ્રાચાર્યદેવે' એ વાત લીધી છે. 'પ્રવચનસાર' છે ? પાછળ 'ચરણાનુયોગસૂચક ચૂલિકા'માં આવે છે. કોઈ ગાથામાં આવે છે ત્યાંથી જ ટીકા શરૂ કરી છે.

આગમ એમ કહે છે કે, તું તારામાં જો. છતાં એ પોતામાં જોતો નથી. આગમ 'જો' એમ તો કહે છે. તું તને જો ! પણ જે પોતે જ પોતાને જોતો નથી તો એ આગમની આજ્ઞાને માનતો નથી, શાસ્ત્રઆજ્ઞાને એ માનતો નથી. એમ છે. એવી-એવી શૈલીથી કીધું છે. 'આત્મસિદ્ધિ'માં કેવી શૈલી કરી ! કે, 'ઘટપટ આદિ જાણ તું તેથી તેને માન' (અર્થાત્) ઘટ-પટ વગેરે તને દેખાય છે, જાણે છે તો માને છે કે, આ ઘડો છે, આ ઝાડ છે. ઝાડને ઘડો કહેતો નથી, ઘડાને ઝાડ કહેતો નથી, કપડાંને ઘડો કહેતો નથી. એમ માને છે. અને 'જાણનારને માન નહિ કહીએ કેવું જ્ઞાન ?' હું જાણનાર છું એમ જાણનારને તું જાણતો નથી, માનતો નથી–આ તારું જ્ઞાન કેવું ? આમ કેવી-કેવી શૈલી કરી છે ! પોતાના તરફ વાળવા માટે એટલી-એટલી શૈલી કરી છે કે જ્ઞાન સ્વ-પરપ્રકાશક હોવા છતાં કોઈ જગ્યાએ એમ કહેવું પડે કે, જ્ઞાન પરને જાણતું નથી. કેમકે એ પરને જાણવામાં એટલો બધો લાગેલો છે કે, સ્વને જાણવાનું સદંતર ચૂકી ગયો છે, એટલું જ નહિ પણ સ્વને જાણવું એને કઠિન લાગે છે, દુષ્કર લાગે છે, દુર્લભ લાગે છે, અશક્ય જેવું લાગે છે. આ જ્ઞાનમાં જ્ઞાનનું વેદન– આ કાંઈ સમજાતું નથી. વેદન પકડાતું નથી, એમ કહે. સહજ સ્વસંવેદનમય છે. જ્ઞાન તો એવું છે કે જેમાંથી વેદનનો અભાવ, વેદનનો નાશ, વેદનનો ત્યાગ કરવો હોય તો(પણ)

કરી શકાતો નથી, અશક્ય છે. એવું સ્વયં સ્વસંવેદનમય જ્ઞાન સહજસ્વરૂપે છે. તોપણ એ પૂછે છે કે, આ શું પણ ? આ શું પણ ? આ કેવી રીતે ? તો એ પરને જાણવામાં સહજપણે કેટલો ટેવાઈ ગયો છે ! કેટલો ટેવાઈ ગયો છે !! એ ટેવ એટલી બધી ગાઢ થઈ ગઈ છે કે, એને છોડાવવા આંચકો મારવો પડે છે. જાણતો હોવા છતાં એમ કહે કે, તું એને જાણતો નથી, એકવાર ભૂલી જા. તૂં ભૂલી જા કે, હું પરને જાણું છું – એમ એકવાર તું ભૂલી જા. તું તને જાણે છો એમ લક્ષમાં લે, એમ સંભાળ કર, એમ સ્મરણમાં લે, એમ વિચારમાં લે અને એમ સાવધાની કરીને તું અંદરમાં જો કે, તું તને જણાઈ રહ્યો છે, બરાબર સર્વ કાળે તું તને જણાઈ રહ્યો છો ! તો કહે (છે) કે, પણ આ અંદર ઘડો ને લાકડું ને વૃક્ષ ને કપડાં ને આ બધું કેમ અંદર દેખાય છે ? જો હું મને જણાઉં છું તો મારામાં આ બધું કેમ દેખાય છે ? તો કહે (છે) કે, એ પણ તારી જ પર્યાય છે. ઇ અવસ્થા જ્ઞાનની છે, જ્ઞેયની નથી.

તને અગ્નિ તારામાં દેખાણો. અગ્નિ દેખાણો તો આ અગ્નિ તો ઊનો છે તો તારું જ્ઞાન ઊનું થયું ? તપાસી લે. બરફ દેખાણો, બન્ને એક સાથે દેખાણા, લ્યો ! અગ્નિ અને બરફ બન્ને એક સાથે દેખાણા, હવે જ્ઞાનની શું દશા થાય ? જો અગ્નિને જોતાં જ્ઞાન ગરમ થતું હોય અને બરફને જોતાં ઠંડું થતું હોય તો જ્ઞાનને શું થાય ? શું દશા થાય ? કાંઈ થવાનો સવાલ નથી. એ જ્ઞાન જ્ઞાનમાં છે અને જ્ઞેય જ્ઞેયમાં છે. જ્ઞેયો કદી જ્ઞાનમાં આવી શકતા નથી. જે જણાય છે, જણાય છે એ અહીંયાં તારી જ્ઞાનની પર્યાય છે, જ્ઞેયોની પર્યાય જરા પણ નથી. જ્ઞેયોની પર્યાય તો નથી પણ જ્ઞેયોને લીધે એવી પર્યાય પણ નથી. 'ગુરુદેવ' આ વાત અહીં સુધી ખેંચતા હતા. જ્ઞેય તો જ્ઞાનની પર્યાયમાં નથી પણ જ્ઞેયાકાર થયેલી જ્ઞાનની પર્યાય એ પણ જ્ઞેયોને કારણે નથી, એમાં પણ કારણ જ્ઞાનનું જ છે, જ્ઞેયનું નહિ. (કોઈ એમ કહે કે) જ્ઞેય આવે ત્યારે જ્ઞેયાકાર જ્ઞાન થાય છે, જ્ઞાનાકાર થાય છે એ જ્ઞેયાકાર અનુસાર જ્યારે સામે જ્ઞેય હોય ત્યારે થાય છે અને ન હોય ત્યારે નથી થતું. હાથી આવ્યો તો એવો આકાર ઉત્પન્ન થયો, ગયો તો આકાર બંધ થયો, તો ? તો કહે છે કે, તોપણ નહિ. તોપણ જ્ઞેયને કારણે જ્ઞાન નહિ. આ વાત થોડી તકલીફ પડે એવી છે કે, જ્યારે હાથી આવ્યો ત્યારે આવતો દેખાણો, ગયો ત્યારે જતો દેખાણો અને તમે કહો છો કે એને કારણે નહિ !? નહિ, એને કારણે નહિ.

મુમુક્ષુ :– તો ભીંતમાં પણ દેખાવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– ભીંતમાં પણ દેખાવો જોઈએ અને તારી તે કાળની જ્ઞાનની તેવા આકારે થવાની અવસ્થાની યોગ્યતા છે, જ્ઞાનની પર્યાયની યોગ્યતા છે અને એ યોગ્યતાનું કારણ કોઈ પર નથી. તારી પર્યાયની યોગ્યતાનું કારણ તું જ છો. એના ષટ્કારકો પોતે સ્વતંત્ર લઈ લીધાં. ત્યાંથી એ વાતને સિદ્ધ કરતાં. આટલું બધું ખેંચવા પાછળ આશય શું છે ? અને રહસ્ય શું છે ? (તો કહે છે કે), તું એટલો બધો જ્ઞેયનિમગ્ન છો, જ્ઞેયમાં મગ્ન છો, ઊંડો ઊતરી ગયો છો કે કોઈ વાતે તે સંબંધ છોડાવ્યો છૂટતો નથી. એટલે જોરથી ધક્કો મારવો પડે છે કે, જ્ઞેયને અને તારે ત્રણે કાળે કાંઈ લેવાદેવા જ નથી. અત્યારે પણ નહિ અને કોઈ કાળે નહિ.

એક વાર છઠ્ઠી ગાથાની ટીકા ચાલતી હતી. ગાથા (ઉપર) પ્રવચન કરતાં-કરતાં (કહે છે કે), હે ભાઈ ! તેં અનાદિથી અત્યાર સુધી તારા જ્ઞાનને જ જાણ્યું છે અને જ્ઞેયને જાણ્યું જ નથી, પણ તેં એવી રીતે માન્યું નથી. તેં જ્ઞેયને જાણ્યું નથી, તેં તારા જ્ઞાનને જ જાણ્યું છે પણ તેં એમ માન્યું નથી. તેં એમ માન્યું છે કે, મેં જ્ઞેયને જાણ્યું છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવે' ભ્રાંતિ કીધી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ વાત લીધી છે. ૨૭૧ કળશમાં તો ટીકાકારે એ વાત ત્યાંથી જ લીધી છે. એ જ્ઞેયનિમગ્નપણું છોડાવવા માટેનો ન્યાય છે. અનેક શૈલી કરી છે. કેમ ? (કેમકે) જે સહજ સ્વભાવ છે તે અસહજ થઈ પડ્યો છે. આપણે અહીંયાં મુદ્દો એટલો છે.

**'પરંતુ પોતાને સ્વભાવ જે ખરેખર સહજ છે...'** જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... કેટલું સહજ છે ? કે, એને બંધ ન કરી શકાય એટલું સહજ છે. જાણવું એવું કાર્ય થવા માટે તું શું વિકલ્પ કરે છે ? કે, જ્ઞાન થયા જ કરે છે ? કે, જ્ઞાનના ભંડારમાંથી જ્ઞાનની પર્યાયો આવ્યા જ કરે છે... થયા જ કરે છે. એને–જ્ઞાનની પર્યાયને રોકી શકાતી નથી. જાણવાનું બંધ કરી દ્યો, લ્યો ! હવે, કાંઈ નથી જાણવું. (એમ) ન થાય. પણ એવો જે પોતાનો સ્વભાવ છે તે ખરેખર સહજ હોવા છતાં (પકડાતો નથી). વિભાવ તો બદલાય છે એમ કહે છે. શુભ અને અશુભ એવા બે પ્રકારે વિભાવ બદલાય છે, જ્ઞાનમાં જાણવું... જાણવું... જાણવું... એવું જાણવું ક્યારેય બીજું 'નહિ જાણવારૂપે' કદી થતું નથી. પર્યાયમાં ઓછું-વત્તું જાણવું એવું કદાચ થતું હોય પણ નહિ જાણવું એવું તો કદી થતું નથી. સદાય જાણવું... જાણવું... થયા કરે છે. છતાં **'તેનો જીવને ખ્યાલ આવતો નથી, ખબર પડતી નથી.'** સ્વભાવ કેવો છે ? જાણવું સામાન્ય એવો જે સ્વભાવ એ કેવો છે ? તેનો જીવને ખ્યાલ

આવતો નથી. એ એને ખબર પડતી નથી કેમકે એણે પોતાના સ્વભાવને જાણવાનો દૃષ્ટિકોણ અપનાવ્યો નથી. કોઈ વાર એવો પ્રયાસ કર્યો છે ? એવી મહેનત કરી છે, પ્રયત્ન કર્યો છે કે મારે મારા સ્વભાવને જાણવા સિવાય, મારા સ્વભાવનું જ્ઞાન કરવા સિવાય મારે અત્યારે બીજાું કાંઈ કામ કરવું નથી ? જેમ કોઈ કામ લઈને માણસ બેસે છે કે અત્યારે તો આ એક કામ છે, મારે બીજાું કાંઈ કામ નથી. એવું કોઈ દિવસ લઈને બેઠો ? કે, હવે સ્વભાવને જાણવા સિવાય, મારું સ્વરૂપ જાણવા સિવાય મારે અત્યારે બીજાું કાંઈ નથી કરવું.

પ્રશ્ન :– અંદર જ્ઞાનસ્વભાવ તો બધાને એક સરખો છે છતાં પ્રતિબિંબ બધાંને જુદાં-જુદાં પડે છે. જ્ઞેયાકાર જ્ઞાન બધાનું જુદી-જુદી રીતે થાય છે, એનું કેવી રીતે છે ?

સમાધાન :– ત્યાં શું છે કે, જ્ઞેયાકારને મુખ્ય કરીને આ વાત છે. જ્ઞેયાકારને મુખ્ય કરતાં એ વાત છે કે, જ્ઞાન તો બધાંને છે અને જ્ઞાનમાં જ્ઞાનાકારો બધાંને જુદાં-જુદાં પડે છે. એ તો જ્ઞેયોના આકારને મુખ્ય રાખીને જ્ઞાનમાં–લક્ષમાં મુખ્ય રાખીને વાત છે. પણ બધાં જ્ઞાનમાં સ્વચ્છતા છે. જો જ્ઞાનની સ્વચ્છતાને મુખ્ય કરવામાં આવે તો પછી આકાર ગમે તે હોય એની સાથે શું સંબંધ છે ? જ્ઞાનમાં જ્ઞાનની સ્વચ્છતાને મુખ્ય કરવામાં આવે કે જ્ઞાન સ્વરૂપે કરીને – સ્વભાવે કરીને સ્વચ્છ હોવાથી કોઈ પણ જ્ઞેય હો એનો આકાર એની અંદર પ્રતિબિંબિત થશે.

મુમુક્ષુ :– જ્ઞાનાકારો ઉપર દૃષ્ટિ જાય છે અને જોઈને જ રાગ-દ્વેષ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર છે, પણ હવે એમ કહે છે કે, દૃષ્ટિ પલટવી જોઈએ. દૃષ્ટિ પલટવી જોઈએ. કોઈ વાર એવો પ્રશ્ન થાય છે ? કે, આ ઘરમાં Dressing table ઉપર અરીસો રાખવામાં આવે છે એ તો ખુલ્લો જ અરીસો હોય છે, નાના અરીસા હોય તો ઊંધો-ચત્તો પડ્યો રહે, આ તો ખુલ્લો જ અરીસો છે. આખા દિવસમાં જેટલાં એની સામે જ્ઞેયો આવે – હાલે-ચાલે, બાળકો રમે, નોકરચાકર, ગમે તે (હોય) બધાં પ્રતિબિંબ પડે. અરીસામાં શું કરવા આવું બધું થાય છે ? એવું ક્યાંય અસમાધાન થાય છે ? કે, શું કરવા આવું બધું અરીસામાં થાય છે ? ભાઈ ! અરીસો હોય તો એમ જ થાય. ત્યાં લાકડાંનું પાટિયું હોય તો એમ ન થાય, ખાલી ભીંત હોય તો એમ ન થાય. જો અરીસો છે તો ત્યાં એમ ન થાય તો બીજાું શું થાય ? અરીસો છે એમ ખબર પડે એટલે સમાધાન થઈ ગયું કે, સામે જે પદાર્થ હશે એનો આકાર એની અંદર હશે. પછી એમાં આમ કેમ ? ઇ પ્રશ્ન રહેતો નથી. એમ જ્ઞાન સ્વરૂપથી સ્વચ્છ છે. કોઈ પણ આકાર એની અંદર પ્રતિબિંબિત

થશે પણ જ્ઞાન તે જ્ઞાન છે. જ્ઞાનમાં શું કરવા આવો આકાર ? એ અસમાધાન કરવા યોગ્ય નથી.

મુમુક્ષુ :– ચકલાંને એ અરીસો છે એવું જ્ઞાન નથી એટલે ચાંચો માર્યા જ કરે, એ સમજે કે આ બીજો ચકલો છે.

પૂજ્ય ભાઈશ્રી :– એને અરીસો છે એમ ખબર નથી તો એને એમ લાગે છે કે, મારા જેવું કોઈ પ્રાણી છે તો એની સાથે એ ચેષ્ટા કરે છે. ખરેખર તો એવું કાંઈ છે નહિ. જ્ઞાનમાં જ્ઞેયો તો નથી છતાં એને એમ થાય છે કે, જ્ઞેયો મારામાં આવે છે, તો એ જ્ઞેયો સાથે ઊલટ-સૂલટ પ્રવૃત્તિ કરે છે કે, આ જ્ઞેય ન જોઈએ, આ જ્ઞેય સારું, આ રાખો, આ હો, આ ન હો. આ હો અને આ ન હો. આ હો તો ઠીક, આ ન હો તો ઠીક, આ હો તો ઠીક, આ ન હો તો ઠીક. પણ ભાઈ ! તને શું થયું છે ? તું જ્ઞાન છો અને આમ કેમ કરે છે ? જે હો તે હો, ન હો તો ન હો. હોય એનાથી તને કાંઈ નુકસાન નથી, ન હોય એનાથી તને કાંઈ નુકસાન નથી.

એટલા માટે 'સમયસાર'ના પરિશિષ્ટમાં એક કળશ એવો લીધો છે. ૨૫૫ નંબરનો કળશ છે (એમાં એમ લીધું છે કે), તારા જ્ઞાનમાં અનેક જ્ઞેયો પડે, પ્રતિબિંબિત થાય એનાથી તું મૂંઝાઈશ નહિ અને એ જ્ઞેયો જ્ઞાનમાંથી દૂર થઈ જાય એવો પ્રયત્ન કરીશ નહિ. ભલે તારા જ્ઞાનમાં જ્ઞેયો ઝળકે. જ્ઞેયો મટાડવાની પ્રવૃત્તિ કરનારને ત્યાં આચાર્યદેવે પશુ કીધો છે. કોઈ પશુ આવી મહેનત કરે છે કે, જ્ઞાનમાંથી જ્ઞેયાકારોને કાઢી નાખો. એ પોતાના જ્ઞાનના સ્વચ્છત્વ સ્વભાવને બંધ કરી દેવા માગે છે તેથી તે જ્ઞાનનો એટલે આત્માનો નાશ કરે છે. પણ સમ્યક્દૃષ્ટિ તો એમ જાણે છે કે, આત્મામાં–જ્ઞાનમાં અન્ય પદાર્થોનું પ્રતિબિંબ થવાનો સહજ સ્વભાવ છે. તેથી તે ભિન્ન જ્ઞેયોથી પોતાના જ્ઞાનને ભિન્ન જાણતો થકો જીવે છે. 'જીવે છે' એવો શબ્દ બધાંમાં આવે છે. ૨૫૫ (શ્લોક) છે ને ? આ શ્લોક જરા ચર્ચા કરવા જેવો છે. જ્ઞેયાકારો ગૌણ કરવા એક વાત છે અને જ્ઞેયાકારોને ભૂંસી નાખવા બીજી વાત છે. જ્ઞેયાકારોને મુખ્ય કરવા એક વાત છે અને જ્ઞેયાકારો જ્ઞાનમાં હો તો મારા જ્ઞાનને કોઈ બાધા નથી, આ બીજી વાત છે.

મુમુક્ષુ :– જ્ઞેયાકારોને નથી ભૂંસવા પણ રાગ-દ્વેષ થાય છે અને હવે ખબર પડી કે રાગ-દ્વેષથી કર્મ બંધાય છે, કર્મ બંધાય તેથી ગતિ બગડે.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં શું છે કે સ્વચ્છતાને ન પકડે તો જ્ઞેયાકાર પ્રતિબિંબિત થતાં

જ્ઞેય પ્રત્યે જ્ઞાન લંબાય છે ત્યારે રાગ-દ્વેષ થાય છે.

(અહીંયાં 'સમયસાર'ના ૨૫૫ કળશમાં કહે છે કે) **'પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, સ્વક્ષેત્રમાં રહેવા માટે જુદા જુદા પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોને છોડવાથી, જ્ઞેય પદાર્થોની સાથે ચૈતન્યના આકારોને પણ વમી નાખતો થકો (અર્થાત્ જ્ઞેય પદાર્થોના નિમિત્તે ચૈતન્યમાં જે આકારો થાય છે તેમને પણ છોડી દેતો થકો) તુચ્છ થઈને નાશ પામે છે; અને સ્યાદ્વાદી તો સ્વક્ષેત્રમાં રહેતો, પરક્ષેત્રમાં પોતાનું નાસ્તિત્વ જાણતો થકો, (પરક્ષેત્રમાં રહેલા) જ્ઞેય પદાર્થોને છોડતાં છતાં તે પર પદાર્થોમાંથી ચૈતન્યના આકારોને ખેંચતો હોવાથી (અર્થાત્ જ્ઞેય પદાર્થોના નિમિત્તે થતા ચૈતન્યના આકારોને છોડતો નહિ હોવાથી) તુચ્છતા પામતો નથી.'** ચૈતન્યના આકારોને હું કાઢી મૂકું એમ નથી. (જો એમ કરવા જાય તો તો) જ્ઞાનની સ્વચ્છતાને કાઢી મૂકવા જેવું થશે. ભાવાર્થમાં સાદી ભાષામાં લીધું છે.

ભાવાર્થ :– **'પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોના આકારે ચૈતન્યના આકારો થાય છે તેમને જો હું પોતાના કરીશ તો સ્વક્ષેત્રમાં જ રહેવાને બદલે પરક્ષેત્રમાં પણ વ્યાપી જઈશ' એમ માનીને અજ્ઞાની એકાંતવાદી પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોની સાથે સાથે ચૈતન્યના આકારોને પણ છોડી દે છે;...'** અથવા છોડી દેવા ચાહે છે, એવો પ્રયત્ન કરે છે. આ શૂન્ય થવાનો પ્રયત્ન કરે છે ને ? **'એ રીતે પોતે ચૈતન્યના આકારો રહિત તુચ્છ થાય છે,...'** અથવા **'નાશ પામે છે.'** પરંતુ **'પરંતુ સ્યાદ્વાદી તો સ્વક્ષેત્રમાં રહેતો, પરક્ષેત્રમાં પોતાની નાસ્તિતા જાણતો થકો, જ્ઞેય પદાર્થોને છોડતાં છતાં ચૈતન્યના આકારોને છોડતો નથી;...'** જ્ઞેય પદાર્થની સાથે નિસ્બત રાખતો નથી પણ ચૈતન્યના આકારને છોડતો નથી. (કેમકે) એ તો સ્વચ્છતા છે. તું સ્વચ્છતાથી જો ને ! તારામાં તું તારી સ્વચ્છતાને જો ! વાત પૂરી થઈ ગઈ, તને જ્ઞેયાકારની કાંઈ તકલીફ નથી. સ્વચ્છતાને ભૂલી જા તો તને જ્ઞેયાકારોથી તકલીફ થશે કે, આ મને ઠીક છે, આ મને ઠીક નથી, આ મને ઠીક છે, આ મને ઠીક નથી. એમાં સ્વચ્છતા ભૂલાઈ ગઈ છે. અનુભવને તપાસી જુએ તો સમજાય એવું છે કે, જો સ્વચ્છતાને ભૂલે છે તો જ્ઞેયમાં ઇષ્ટ-અનિષ્ટપણું કરી બેસે છે. જો સ્વચ્છતાને મુખ્ય કરે છે તો જ્ઞેય ગમે તેવું હોય એની સાથે જ્ઞાનને કાંઈ લેવાદેવા રહેતી નથી.

મુમુક્ષુ :– સહેલું છે પણ અઘરું કરી નાખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ રીતે પોતે ક્યારેય પ્રયત્ન–પ્રયાસ કર્યો નથી. અહીંયાં જે કહ્યું છે એ પ્રકારે શુભાશુભની ટેવ એટલી બધી પડી ગઈ છે, ૩૫મો બોલ તો એ જ ચાલે

છે કે, એટલું સહજ થઈ ગયું છે–શુભ અને અશુભ સહજ થઈ ગયું છે કે, એનો જે સહજ સ્વભાવ છે એ ખ્યાલમાં લેવો એને કઠિન થઈ ગયો છે, ખબર પડતી નથી. બીજું વિભાવિક પરિણમનથી ઉપયોગ પણ એટલો સ્થૂળ થઈ ગયો છે, શુભાશુભ–શુભ અને અશુભભાવે થતો ઉપયોગ એટલો સ્થૂળ થઈ ગયો છે કે એને જે સ્વભાવ છે એ ખ્યાલમાં નહિ આવવાનું કારણ સ્વભાવ સૂક્ષ્મ છે અને ઉપયોગ સ્થૂળ છે એટલે એને સ્વભાવની ખબર પડતી નથી, સ્વભાવ પકડાતો નથી. આટલી તો પરિસ્થિતિ જરૂર છે. અનાદિનો જીવને સ્થૂળ ઉપયોગ છે.

પ્રશ્ન :– સ્થૂળ ઉપયોગ એટલે શુભ-અશુભ ભાવમાં એકાકાર થઈ જવું તે જ ?

સમાધાન :– હા, શુભ-અશુભ ભાવમાં એકાકાર થઈ જવું એ પણ છે અને એમાં રસનો મુદ્દો મુખ્ય છે, એમાં એનો રસ ઘણો છે. એટલે એ રસને લઈને એ રૂપે જ પોતાને અનુભવે છે. જે જ્ઞાન જુદું પડવું જોઈએ, શુભ અને અશુભ ભાવથી જ્ઞાન જુદું પડવું જોઈએ (તે પડતું નથી). એ બે વચ્ચેની (–જ્ઞાન અને શુભાશુભ ભાવો વચ્ચેની) સૂક્ષ્મતા (પકડાતી નથી). (બન્ને) ભાવો જુદી-જુદી જાતના છે એ જ્ઞાનની સૂક્ષ્મતા હોય તો જ જ્ઞાનમાં જુદાં પડે નહિતર જુદાં પડતા નથી. જે તિર્યંચ ચકલું પણ સમ્યક્દૃષ્ટિ થાય છે એનું જ્ઞાન સૂક્ષ્મ થઈને જ્ઞાનભાવની મર્યાદામાં માત્ર જ્ઞાનને જોવે છે એમાં એ રાગને ભેળવતો નથી. છે એક જ સમયે, બન્ને પોતાની પર્યાયના ભાવ છે–જ્ઞાન પણ પોતાની પર્યાયનો ભાવ છે, રાગ પણ પોતાની પર્યાયનો ભાવ છે પણ જ્ઞાનમાં રાગને ભેળવતો નથી, રાગમાં જ્ઞાનને ભેળવતો નથી. કેમકે એનો ઉપયોગ એટલો સૂક્ષ્મ છે.

તર્કથી તો સમજાય એવું છે કે, જે જાણે છે તે જ્ઞાન છે, રાગ છે તે જાણવાનું કાર્ય કરી શકતો નથી. રાગમાં જ્ઞાન નથી, રાગસ્વરૂપે જ્ઞાન નથી, જ્ઞાનસ્વરૂપે રાગ નથી તેથી જ્ઞાન જાણે છે અને રાગ કંઈ જાણતો નથી. આમ બે ભાવ હોવા છતાં જાણનાર ભાવ જુદો, રાગ એવો ભાવ જુદો – આ નહિ જણાવાનું કારણ રાગરસ (છે). રાગરસ એટલો છે (કે) એ રાગરસને લીધે એને જ્ઞાન જુદું અને રાગ જુદો એવું જણાતું નથી. આ એની તકલીફ છે અને એ રાગરસને લઈને ઉપયોગ સ્થૂળ છે. એનું જ્ઞાન સ્થૂળ છે. ભલે આગમનો પારંગત જીવ હોય તોપણ એનું જ્ઞાન સ્થૂળ છે અને ચકલાંને આગમજ્ઞાન કાંઈ ન હોય તોપણ એનું જ્ઞાન સૂક્ષ્મ છે. સૂક્ષ્મતા અને સ્થૂળતાનો આ પ્રકાર છે.

એટલે અહીંયાં છેલ્લે એક લીટી લીધી છે એના ઉપર આખા બોલનો વિષય છે. '**ઉપયોગને**

**સૂક્ષ્મ કરીને સહજ સ્વભાવ પકડવો જોઈએ.**' ઉપયોગને સૂક્ષ્મ કરીને (અર્થાત્) જ્ઞાનને જાણવા માટે–જ્ઞાનસ્વભાવને જાણવા માટે એણે ઉપયોગને સૂક્ષ્મ કરવો પડશે અને એ ઉપયોગને સૂક્ષ્મ કરવા માટે એણે રાગની રુચિ અને રાગના રસને છોડવો પડશે. ૧૯૭ બોલમાં આપણે વાંચ્યું એમાં બહુ સ્પષ્ટ વાત લખી છે કે, કદી એવું ન બને કે... એમ કરીને બહુ સ્પષ્ટ લખ્યું છે. ૬૩ (નંબરનું) પાનું છે.

'**એમ ન હોય કે...**' એમ શબ્દ પડ્યો છે. એમ ન હોય એટલે એવું ન બની શકે કે '**પરમાં તીવ્ર રુચિ હોય ને ઉપયોગ...**' સૂક્ષ્મ થઈને '**અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે.**' છેલ્લી બે લીટીઓ છે. એવું ન બને કે પરમાં તીવ્ર રુચિ હોય અને ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે. રુચિ ક્યારે હોય છે ? કે, પરમાં રસ હોય તો. રસ અને રુચિ ક્યારે હોય ? કે, જ્યારે એમાં એને સુખબુદ્ધિ હોય તો. જ્યાં સુધી અભિપ્રાય અને નિર્ણય પરમાં સુખનો છે ત્યાં સુધી પરનો રસ અને પરમાં સુખબુદ્ધિ બદલાતી નથી. જ્યાં સુધી એ બદલાતી નથી ત્યાં સુધી ઉપયોગ સૂક્ષ્મ થતો નથી. ઉપયોગ સૂક્ષ્મ થતો નથી ત્યાં સુધી રાગ અને જ્ઞાન વચ્ચેનું ભેદજ્ઞાન થતું નથી. ભેદજ્ઞાન ન થાય તો તેના ફળસ્વરૂપ શુદ્ધોપયોગ પણ ઉત્પન્ન થતો નથી.

ફક્ત કામ તો ટૂંકું છે કે, નિજમાં નિજને જોવું છે. અરીસામાં મોરનું પ્રતિબિંબ પડ્યું છે ત્યારે અરીસો જોવો છે, મોર નહિ. મોરને એકાંતે જોતાં અરીસો ભૂલાય જાય છે. નિજમાં નિજને જોતાં પર જણાતું હોવા છતાં ગૌણ થાય છે અને નિજમાં પરને જોતાં નિજને ભૂલી જવાય છે. નિજમાં નિજને જોવું છે એમાં તને નડે છે શું ? કે, પરપદાર્થની રસબુદ્ધિ. (૧૯૭ના છેલ્લા પેરેગ્રાફની પહેલી લીટીમાં) શબ્દ છે '**રસબુદ્ધિ–સુખબુદ્ધિ**' બુદ્ધિ એટલે અહીંયાં અભિપ્રાય લેવો. અભિપ્રાય એટલે નિર્ણય લેવો. એમ નિર્ણયનું Stage સમ્યગ્દર્શન પહેલાં આવે છે. (કેમકે) નિર્ણયથી આખી વસ્તુ બદલી જાય છે. સ્વરૂપનો નિર્ણય થતાં સ્વભાવનો મહિમા આવે છે (અને) પરપદાર્થનો મહિમા જાય છે. પરપદાર્થમાં સુખબુદ્ધિ રહેતી નથી. નિજપદાર્થમાં સ્વભાવમાં અનંત સુખ છે એવા નિર્ણયથી સ્વમાં સુખબુદ્ધિ ઉત્પન્ન થાય છે. પરપદાર્થમાં(થી) સુખબુદ્ધિ જવાને લીધે એનો રસ, એની રુચિ તૂટે છે અને ઉપયોગ સૂક્ષ્મ થાય છે. જ્યાં સુધી એ રીતે રસ અને રુચિ તૂટતા નથી ત્યાં સુધી ઉપયોગ સ્થૂળ રહે છે. ઉપયોગ સ્થૂળ રહે છે ત્યાં સુધી શાસ્ત્ર વાંચી-વાંચીને મરી જાય (તોપણ) કદી એને અંદરમાં ભિન્ન જ્ઞાન પકડાય નહિ, એને સ્વભાવ પકડાય નહિ. આ એનું સ્પષ્ટ આલેખન (છે). આગળ-પાછળ

સંધિ મેળવો તો મળે છે.

**'ઉપયોગને સૂક્ષ્મ કરીને સહજ સ્વભાવ પકડવો જોઈએ.'** હવે, અહીંયાં તો એ ટૂંકી વાત આવી પણ પ્રશ્ન ઊભો રહી જાય કે, ઉપયોગને સૂક્ષ્મ કરીને સ્વભાવને પકડવો જોઈએ તો ઉપયોગને કેવી રીતે સૂક્ષ્મ કરવો ? જ્યાં પ્રયોજન છે ત્યાં તો ઉપયોગ સૂક્ષ્મ થાય છે. પોતાના સુખ-દુઃખનું પ્રયોજન છે, પોતાના લાભ-નુકસાનનું પ્રયોજન છે ત્યાં તો ઉપયોગ બરાબર સૂક્ષ્મ થાય છે. (એમ કહે કે) ના, ભાઈ ! આમાં તો અમને માર પડે છે. માલ લેવા જાય (તો) બારદાન સાથે આવે. આ અનાજ લેવા જાય (છે) ને ? કોઈ અનાજ એવું હોય (એમાં) ૯૦૦ ગ્રામથી એક કીલોનું બારદાન હોય તો એક કીલોના જેટલા પૈસા થતા હોય એ પ્રમાણે જો માલનો ભાવ હોય તો તો ન લાભ (થાય) અને ન નુકસાન જાય. બરાબર છે ? પણ વધારે ઓછું હોય તો પહેલાં વિચાર કરી લે કે, આ એક કીલોનું બારદાન સાથે આવ્યું અને એક કીલોના આટલા પૈસા લાગ્યા પણ બારદાનના તો આટલા પૈસા છે, આપણને આટલું નુકસાન છે. તો એમ કહે કે, ભાઈ ! બારદાનનું વજન કાપી લો કાં બારદાન Free આપી દો કાં બારદાનના જેટલા પૈસા થતા હોય એટલા લ્યો. સાત રૂપિયે કીલો ખાંડ હોય અને સાત રૂપિયા બારદાનના ઊપજતા હોય તો તો જાણે વાંધો નહિ કે, એમાં આવી ગયું. પણ પાંચ રૂપિયા બારદાનના ઊપજતા હોય અને સાત રૂપિયાની ખાંડ હોય તો કહે કે, આમાં બે રૂપિયા મારા જાશે. હિસાબકિતાબ સૂક્ષ્મમાં સૂક્ષ્મ કરે.

આ લોકો માલ વેચે છે ને ? (એમાં) બારદાન સીવે એની સૂતળીનો હિસાબ કરે કે ન કરે ? એક-બે ગુણી સીવવાની હોય (તો) ન કરે પણ આખી Train ભરીને બારદાન હોય, રેક આખી સીવવાની હોય તો ? સૂતળીની કેટલી ગાંસડી લાગશે એ ખબર પડે. કેટલા દોરા લાગશે એમ નહિ, કેટલી ગાંસડી વપરાઈ જશે એનો હિસાબ સાથે-સાથે જોડી દેવો પડે છે. આ પડીકું બાંધે એ દોરાનો હિસાબ ગણે છે. કેમકે આખો 'દી એને પડીકા બાંધવાના છે. ગણે છે કે નથી ગણતા ? આપણે પણ સમજીએ છીએ કે, આ દોરો તો નકામી ચીજ છે. કાચો દોરો છે (પણ) એને કીમત લાગે છે. પ્રયોજનમાં તો ઝીણાંમાં ઝીણો હિસાબ ગણવામાં આવે છે. કેમકે લાભ-નુકસાનને સંબંધ છે.

અહીંયાં દુઃખ થાય છે ઇ નુકસાન છે અને સુખ થાય છે એ લાભ છે, પણ એવો હિસાબ-કિતાબ નથી કરતો. સુખ-દુઃખ એ લાભ અને નુકસાન છે, શાંતિ-અશાંતિ એ લાભ-નુકસાન છે અને એના માટે શું કરવું જોઈએ ? શું લેવું-દેવું જોઈએ ? એ હિસાબ નથી

કરતો. ત્યાં સુધી નથી કરતો કે પૈસા મળે છે ને, ભલે અશાંતિ થાય ! અશાંતિ ઊભી થાય તો ભલે થાય પણ પૈસા તો મળે છે ! જીવને આટલી બધી પૈસામાં સુખબુદ્ધિ છે તો અશાંતિની ગણના નથી કરતો. લોકો Tensionમાં જીવે છે કે નહિ ? અત્યારે આ કાળમાં કેટલા Tensionમાં જીવે છે ? માથા ઠેકાણે નહિ, બી.પી. ચાલતા વધી જાય, Heartના દુખાવા થઈ જાય. તો કહે, બધું થાય પણ ઇ ટેલિફોન ને ઇ કામ ને ઇ ધંધો (ચાલુ રાખવો). બધું ભલે થાય પણ રોજ કામ કરવું ઇ તો કરવું, કરવું ને કરવું. એટલો બધો પ્રયોજન પાછળ જીવ ચોંટી જાય છે, જ્યાં એને પ્રયોજન સમજાય છે ત્યાં. આ સ્વાધ્યાયની એટલી જ હદ છે કે એકવાર તારું પ્રયોજન ક્યાં (અને) કેવી રીતે છે એ તને સમજાવું જોઈએ. સુખ, શાંતિમાં તારું પ્રયોજન છે ? કે, અશાંતિમાં તારું પ્રયોજન છે ? કેવી રીતે તારું પ્રયોજન છે ? શું કીમત આપીને તારે શાંતિ ખરીદવી છે ? બસ ! આ સવાલ છે, આ પ્રશ્ન સામે ઊભો છે. શાંતિ માટે કેટલી કીમત આપવી છે ? તો કહે કે, થોડી-ઘણી આપીએ ! તો એમ નહિ ચાલે. તું પૂરેપૂરું જતું કર. એક શાંતિ સિવાય બીજું કાંઈ જોઈએ નહિ. તો શાંતિ મળશે, પણ શાંતિ જોઈએ અને બીજું પણ જોઈએ તો બીજું જોઈએ એમાં અશાંતિ આવશે. બીજું જોઈએ એમાંથી અશાંતિ (થવાની) છે. શાંતિ અને અશાંતિ બન્ને કેવી રીતે મળશે ? કાં અશાંતિ મળશે કાં શાંતિ મળશે.

એટલે એક વાર જીવે નિશ્ચય કરવો પડે છે કે, મારે ખરેખર કરવું છે શું ? શું કરવા માટે હું જીવું છું ? એક વાર એણે નિર્ણય કરવો પડશે. નહિતર અનાદિથી એમને એમ જે રીતે ચાલ્યો છે, પરપદાર્થ પાછળની જે દોડ છે એ દોડ એમને એમ ચાલુ રહેશે, અશાંતિ ચાલુ રહેશે, દુઃખ ચાલુ રહેશે, જન્મ-મરણ–પરિભ્રમણ ચાલુ રહેશે.

(કેસેટમાં પ્રવચન અધૂરું છે).

## પ્રવચન નં. ૩૨, વચનામૃત–૩૬
## તા. ૨૨-૧૨-૧૯૮૬

**જે પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે પણ અંતરંગ રુચિને પલટાવતો નથી, તેને માર્ગનો ખ્યાલ નથી. પ્રથમ રુચિનો પલટો કરે તો ઉપયોગનો પલટો સહજ થઈ જશે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે. ૩૬.**

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૧૩, ૩૬મો બોલ. આત્મામાં એકાગ્ર થવામાં વિધિ શું છે એ વિષયનું અહીંયાં સ્પષ્ટીકરણ છે. બહુભાગ જીવો આ વિધિને નહિ સમજવાથી સીધેસીધો ઉપયોગને આત્મામાં સ્થિર કરવાનો વિકલ્પ કરે છે અને એમ માને છે કે, અમે પુરુષાર્થ કરીએ છીએ. આત્મામાં ઉપયોગ સ્થિર કરવાનો અમે પુરુષાર્થ કરીએ છીએ. વિકલ્પ જરૂર કરે છે પણ એવો વિકલ્પ કાર્યસાધક નથી કેમકે એ પુરુષાર્થ નથી, પુરુષાર્થનું એવું સ્વરૂપ નથી. એટલે અહીંયાં એમ કહે છે કે, **'જે પ્રથમ...'** એટલે પહેલાં **'અંતરંગ રુચિને પલટાવતો નથી'** પણ **'પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે...'** એવો અભિપ્રાય છે એ પણ માર્ગની

વિધિના અજાણપણાને લીધે ઉત્પન્ન થયેલો અભિપ્રાય છે અને મિથ્યા અભિપ્રાય હોવાથી વારંવાર એવો પ્રયત્ન કરવામાં મિથ્યાત્વ દૃઢ થાય (અને) માર્ગનો પત્તો લાગે નહિ.

અહીંયાં એમ કહ્યું કે, **'અંતરંગ રુચિને પલટાવતો નથી, તેને માર્ગનો ખ્યાલ નથી.'** એટલે એને માર્ગની વિધિનો ખ્યાલ નથી. કઈ રીતે, કઈ વિધિએ કામ થાય છે અથવા (કઈ રીતે) ઉપયોગ આત્મામાં સ્થિર થાય છે એનો એને ખ્યાલ નથી, ખબર નથી. અહીં રુચિ છે અને ઉપયોગ છે એવા બે પરિણામની ચર્ચા કરી છે. ઉપયોગનો વિષય સમજી શકાય છે કેમકે એ સ્થૂળ પરિણામ છે. રુચિ સૂક્ષ્મ પરિણામ હોવાથી જીવ એને સમજી શકતો નથી અને તેથી જ્યાં ખરેખર પહેલાં કાર્ય કરવાનું છે એ કાર્ય જીવ કરી શકતો નથી.

અનાદિથી જીવને રાગની રુચિ છે અને રાગની રુચિ છે એટલે કે દોષની રુચિ છે. એ રુચિ જ્યાં સુધી બદલે નહિ, પલટે નહિ અને નિર્દોષ પવિત્ર સ્વભાવની રુચિ થાય નહિ, અરાગી આત્મતત્ત્વની રુચિ થાય નહિ. સ્વભાવની રુચિ કહો કે ગુણની રુચિ કહો, રાગની રુચિ કહો કે દોષની રુચિ કહો (બન્ને એકાર્થ છે). આ રીતે રુચિના વિષયમાં બે જ એના વિષય છે, ત્રીજો એનો વિષય નથી. જીવને અનાદિની રાગની અને દોષની રુચિ છે, જો એ પલટો ખાય, બદલાય તો એને ગુણની અથવા સ્વભાવની–પવિત્રતાની રુચિ પ્રગટે.

આત્મામાં સ્થિર રહેવા માટે, કેમકે એ મોક્ષનું કારણ છે, આત્માનું સ્થિરત્વ છે એ નિર્જરા અને મોક્ષનું કારણ છે, તો એના માટે ઉપયોગ સ્થિર થવો જોઈએ એ વાત સમજી શકાય છે અને ઉપયોગ સ્થિર કરવા માટે ઉપયોગ આત્મામાં આવે, ઉપયોગ આત્મામાં આવે એના માટે બહારના ફેરફારો, બાહ્ય પ્રવૃત્તિથી નિવૃત્ત થવું, બીજાં કાર્યોથી નિવૃત્ત થવું અને ધ્યાન-સમાધિ આદિની ક્રિયામાં જોડાવું, એ વગેરે ઉપયોગનો ફેરફાર કરવાનો (પ્રયત્ન કરે છે) અથવા શાસ્ત્રો વાંચવા, તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિ કરવી એમાંથી આગળ વધીને ધ્યાનની પ્રવૃત્તિ કરવી, પહેલાં તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિ કરવી. તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિમાં આ વાત છે. શાસ્ત્રમાંથી શોધવી મુશ્કેલ પડે એવી આ વાત છે. આટલા પ્રસિદ્ધ પરમાગમ છે (એમાંથી) પહેલાં રુચિનો પલટો કરવો પછી ઉપયોગ સ્થિર થશે – કાઢી દ્યો આ વાત ! એ અનુભવમાંથી કાઢેલી વાત છે. પરમાગમોમાં મુખ્ય-મુખ્ય સિદ્ધાંતોની વાત આવે અને શાસનના જીવોને એમાંથી આવી વાત સીધેસીધી સમજાવી બહુ મુશ્કેલ પડે ત્યારે સત્પુરુષો અનુભવમાંથી આ વાત બહાર મૂકે છે. આ વિશિષ્ટતા છે !

પ્રશ્ન :– રુચિમાં ક્રમ પડતો નથી ?

સમાધાન :– રુચિમાં કોઈ ક્રમ પડતો નથી. આમ તો ઉપયોગ પરસન્મુખમાંથી અંતર્મુખ એકાગ્ર થવામાં બીજો ક્રમ નથી, એ એક જ સમયનું કાર્ય છે. અંતર્મુખ ઉપયોગ થયો એના પૂર્વ સમયે ઉપયોગ બહિર્મુખ હોય છે, કામ તો ત્યાં એક જ સમયનું છે. એટલે એમાં બીજો કોઈ ક્રમ છે એમ નથી. પણ અન્ય મતમાં અને જૈન મતમાં આ વાત પ્રસિદ્ધ છે કે, આત્મામાં સ્થિર થઈ જવું જોઈએ. આત્મામાં સ્થિર રહેતાં જીવને કોઈ ઉપાધિભાવ નથી રહેતો અને કોઈ ઉપાધિભાવ નથી હોતો એ નિરુપાધિભાવ છે એ સમાધિભાવ છે, એ મોક્ષનું કારણ છે. આ વાત તો બહુ પ્રસિદ્ધ છે અને તેથી એ અંગેના પ્રયત્નો વિચારીને જુદી-જુદી રીતે લોકો કરે છે પણ એ વિધિ નથી અને એ વિધિથી જે અજાણ છે, વાસ્તવિક માર્ગની વિધિથી જે અજાણ છે એને કોઈ રીતે ઉપયોગ અંદરમાં સ્થિર થવાનું બનતું નથી.

‘ગીતા’માં એક જગ્યાએ એવી વાત આવે છે. ગાયના શિંગડાં ઉપર રાયનો દાણો જેટલી વાર સ્થિર રહે; કેટલી વાર સ્થિર રહે ? રાયનો દાણો કેટલી વાર સ્થિર રહે ? એક તો ગોળ (અને) ઝીણો. ગાયનું શિંગડું એવું લીસું કે બધે ગોળાઈ એમાં ક્યાંય સ્થિર રહેવાની જગ્યા–સપાટી નહિ. નહિ સપાટી રાયના દાણાને, નહિ સપાટી શિંગડાંને. કેટલી વાર સ્થિર રહે ? એવી ઉપમા લીધી છે. એટલી વાર પણ જો આત્મામાં સ્થિર રહે, મન સ્થિર રહે, ત્યાં ઉપયોગ શબ્દ નથી પણ મન સ્થિર રહે અને જ્યાં ઈશ્વરની વાત આવે ત્યાં પરમાત્મામાં સ્થિર રહે એવી વાત આવે, તો બહુ મોટું કલ્યાણ થઈ જાય – આત્માનો મોક્ષ થઈ જાય. એવી બધી વાતો આવે. એને બહુ વજન આપવામાં આવે છે, આ વાત બહુ મહત્વની છે. એવી રીતે વાતો આવે છે. મહત્વ એટલું બધું આપે એટલે વાંચનારને એવી અપેક્ષા જાગે, એવી લાલચ થાય કે આવું એક વાર થઈ જાય તો સારું. કામ અઘરું જરૂર છે, દુર્લભ જરૂર છે પણ એક વાર આવું થઈ જાય તો સારું, આવું થાય તો સારું. તો કહે છે કે, એવું ઉપર-ઉપરથી સમજાય છે, જૈનશાસ્ત્રો વાંચીને પણ એ વાત સમજાય છે અને ઉપયોગ છે એ પકડાય છે, સમજાય છે એટલે જીવ ત્યાં મહેનત કરવાનો વિચાર કરે છે, એ સ્થાનમાં પુરુષાર્થ લગાવવાનો વિચાર કરે છે પણ રુચિનું પરિણામ પકડાતું નથી કે જીવની રુચિ ક્યાં કામ કરે છે ? એટલે એ સ્થાનમાં જીવનો પ્રયત્ન અને પુરુષાર્થ ચાલતો નથી. એટલે એક પ્રસિદ્ધ સૂત્ર જેવી વાત ‘ગુરુદેવે’ પ્રસિદ્ધ કરેલી કે, ‘રુચિ અનુયાયી વીર્ય’ વીર્ય નામ પુરુષાર્થની પર્યાય. તારી રુચિ હશે એને અનુસરીને પુરુષાર્થ કામ કરશે. રુચિથી

વિરુદ્ધ જઈને પુરુષાર્થ કામ કરી શકશે નહિ. કરવો હોય તોપણ કરી શકશે નહિ. એ પરિણામની વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે. એટલે ઉપયોગને અંદરમાં લાવતા પહેલાં આ પડખાંનો જેણે હજી વિચાર સુદ્ધાં કર્યો નથી અથવા આ વિષયમાં પોતાની કોઈ તપાસ નથી તો એને અંદરમાં ઉપયોગ સ્થિર થવાનો કોઈ પ્રકાર ઉત્પન્ન થાય એવું બનતું નથી.

બીજી રીતે વિચારીએ તો જે-જે આત્માએ આત્મામાં ઉપયોગને સ્થિર કર્યો તે-તે આત્માઓની પહેલાં રુચિએ પલટો ખાધો છે પછી એનો ઉપયોગ આત્મામાં આવ્યો છે. આમ સમજવા યોગ્ય છે. એની પહેલાં રુચિ પલટાઈ ગઈ એવું શું બન્યું ? આ ધર્મનો માર્ગ કોઈ રૂઢિગત નથી પણ આ ધર્મનો માર્ગ સીધેસીધો ગુણ-દોષને સ્પર્શે છે. ગુણ-દોષ ઉપર જ આખો ધર્મનો વિષય આધારિત છે એવો આ ધર્મનો વિષય છે. એટલે રુચિ દોષિત ભાવોમાં કામ કરે છે કે નહિ ? એ જો પોતે તપાસે તો સમજી શકે એવો વિષય છે. જીવને દોષિત પરિણામ થાય છે, પોતામાં થાય છે, કોઈના ઘરમાં થતા નથી કે એને ન સમજાય. બીજા પદાર્થમાં થતા હોય તો ન સમજાય પણ પોતામાં જ થાય છે. જો પોતે એની તપાસ રાખે તો એને સમજાય એવો વિષય છે. જ્યાં સુધી એ દોષની રુચિ પડી છે ત્યાં સુધી એને ધર્મ પામવાની અપેક્ષા રાખવી, એ નહિ બની શકવા યોગ્ય કાર્ય છે, એ વ્યર્થ કાર્ય છે.

એટલે એ વિષયમાં આપણે ઘણી વાર ચર્ચા કરીએ છીએ કે, કદી પણ પોતાના દોષનો બચાવ કરવો નહિ. કેમકે બચાવ કરવો એ દોષનો પક્ષ કરવા બરાબર છે. દોષનો પક્ષ જીવ ત્યારે જ કરે કે, જ્યારે એને દોષની રુચિ તીવ્ર હોય ત્યારે. જો પોતાના દોષનો પણ પક્ષ કરવા યોગ્ય નથી તો બીજા દોષિત જીવોના દોષના પરિણામનો પક્ષ કરવા યોગ્ય (નથી), એ વાત તો સમજાવવાની પણ જરૂર રહેતી નથી. એ તો ત્યારે થાય કે દોષની અતિ તીવ્ર રુચિ થઈ હોય ત્યારે. બીજા જીવો (કે) જેના ઉપર મમત્વ હોય, જેના ઉપર રાગ હોય એના દોષિત પરિણામનો જીવ પક્ષ કરે (એ તો) દોષની અતિ તીવ્ર રુચિ હોય તો થાય. અહીં એમ સમજવા યોગ્ય છે કે આ જીવ ધર્મ પામવાથી અતિ દૂર છે. જ્યાં જીવ ઊભો છે ત્યાં જ એ વિચારવા યોગ્ય છે એવો વિષય છે.

જેને ગુણની અને પવિત્રતાની રુચિ છે એને ગુણવાન – જેને ગુણ પ્રગટ છે એવા ગુણવાન ધર્માત્મા ઉપર પણ રુચિને વશ-ગુણની રુચિને વશ અત્યંત અનુરાગ ઉત્પન્ન થાય છે, ભક્તિ ઉત્પન્ન થાય છે એવા એના રુચિના બાહ્ય લક્ષણવાળા પરિણામ છે. એને સમર્પણ આવે છે. એ રુચિને અનુસરતા બાહ્ય પરિણામ છે, અંતરંગ પરિણામ નથી. કેમકે કોઈને

એવો બહારમાં એ પ્રકારનો પુણ્યોદય હોય છે, અંતરંગ રુચિ ન હોય છતાં બહારમાં એ પ્રકારનો અનુરાગ અને અર્પણતા દેખાય પણ એ યથાર્થ નથી. યથાર્થ તો એ છે કે અંતરંગમાં પોતાના પવિત્ર સ્વભાવની રુચિ અને પવિત્ર સ્વભાવને પ્રગટ કરવાની ભાવનાથી એને એ બાહ્ય પ્રકાર હોય તો એના અંતરંગના પરિણામને અનુકૂળ છે. નહિતર તો એ વાત સહેલી છે કે બહારની અંદર એવું અનુસરણ કરે પણ એથી કંઈ ખરેખર રુચિનું માપ બધાંને માટે નીકળતું નથી. જેમ વ્યવહાર રત્નત્રય નિશ્ચય રત્નત્રયવાળાને જ હોય છે, એનો જ વ્યવહાર સાચો છે પણ કોઈ નિશ્ચય રત્નત્રયના અભાવમાં વ્યવહાર રત્નત્રયને પાળે તો એનો વ્યવહાર સાચો નથી. એ રીતે અંતરંગમાં આત્માની નિશ્ચય રુચિ ઉત્પન્ન થયા વિના બહારમાં ધાર્મિક કાર્યોની અંદર સમર્પણ હોય કે અનુરાગ હોય તો એથી એને અંતરંગ રુચિ એમ પણ સમજવા યોગ્ય નથી. અંતરંગ રુચિ છે એ પોતાના આત્મા સાથે સંબંધ ધરાવે છે અને એ વિષય થોડો વધારે સૂક્ષ્મ પડે છે. એટલે રુચિને અહીંયાં 'અંતરંગ' એવો શબ્દ વિશેષણમાં લગાડ્યો છે. એ અંદરનું અંગ છે, બાહ્ય પરિણામનું બાહ્ય અંગ નથી. પરિણામો જે પ્રવર્તે છે એ પરિણામનું આ એક અંદરનું અંગ છે એટલે એને અંતરંગ કહ્યું છે.

એ પ્રશ્ન થવા યોગ્ય છે કે, આત્માની રુચિ કેવી રીતે થાય ? આ પ્રશ્ન અહીંયાં થવા યોગ્ય છે કે, આત્માની રુચિ કેમ કરવી ? તમે એમ કહ્યું કે, ઉપયોગ એમને એમ પલટો નહિ ખાય, એમને એમ ઉપયોગ પલટો ખવરાવવો હશે તોપણ નહિ ખાય અને રુચિ પહેલાં જોઈએ તો રુચિ કેવી રીતે પ્રગટાવવી ? રુચિ છે એ કોઈ એવી ચીજ નથી કે એને કૃત્રિમતાએ ઊભી કરી શકાય. જેમ માણસ એમ કહે છે કે, પરાણે પ્રેમ થતો નથી. કોઈ પરાણે પ્રેમ કરી શકાય કે કરાવી શકાય એવું બનતું નથી એવો એક રુચિનો વિષય છે. એ કોઈ પરાણે કરવાની, કૃત્રિમતાથી કરવાની ચીજ નથી. જીવને જો દોષિત પરિણામમાં દુઃખ લાગતું હોય તો જ એને આત્માની રુચિનો કાંઈક રસ્તો ઊભો થાય એવું છે, ઉપાય મળે એવું છે. પણ જ્યાં સુધી આ જીવને દોષમાં ઠીક પડે છે ત્યાં સુધી કોઈ રીતે આત્મિક રુચિ ઉત્પન્ન થઈ શકે એવું નથી. એને ઉત્પન્ન કરવા માટે તો સુવિચારણા છે એ એક કાંઈક નિમિત્તભૂત સાધન કહી શકાય. સુવિચારણામાં એ હિત-અહિત, પારમાર્થિક સુખ-દુઃખનો વિષય એને સમજવામાં આવે, સમજવામાં પણ હિતને લક્ષે સમજવામાં આવે, હિત-અહિતના મુદ્દાને મુખ્ય કરીને સમજવામાં આવે તો એને રુચિ પ્રગટવાનો અવકાશ છે. એ સાધારણ રુચિની વાત થઈ.

આત્માની રુચિ–જેને આત્માની અનન્ય રુચિ કહીએ કે જે રુચિ ખરેખર ઉપયોગને પલટવાનું સાક્ષાત્ સાધન છે અથવા કારણ છે એમ કહીએ એ રુચિ તો પોતાના આત્મસ્વરૂપની ઓળખાણ થાય છે, નિર્ણય થાય છે ત્યારે જ પ્રગટે છે. જેને ગુણ પ્રાપ્ત કરવા છે અને પવિત્રતા પ્રાપ્ત કરવી છે એવા જીવને જ્યારે ગુણનિધિ એવો આત્મા ઓળખાય ત્યારે એ ઓળખાણપૂર્વક જે આત્માની રુચિ જાગે છે એ કોઈ અનન્ય રુચિ જાગે છે. એ રુચિનું ભાવની અંદર ચિહ્ન એવું છે કે જેને જેની અનન્ય રુચિ હોય તેનાથી તે દૂર રહી શકે નહિ. કેમ આત્માની રુચિવાળાનો ઉપયોગ આત્મામાં અભેદ થઈ જાય છે ? એનું આ કારણ છે. રુચિને અહીં કારણ કેમ લીધું ? જેને જેની રુચિ હોય તેનાથી તે દૂર રહી શકે નહિ. જેને એમ ઓળખાયું કે મારો આત્મા જ ગુણનિધાન છે. એક-એક ગુણ એવા અલૌકિક છે કે લૌકિક ગુણ જેની પાસે દોષમાં ખતવવા પડે છે ! દોષના ખાતામાં જાય છે. જેમકે ક્રોધનો લોકો દોષ કહે છે, ક્ષમાને ગુણ કહે છે. અહીંયાં કહે છે કે, ક્રોધ તો દ્વેષભાવ–અશુભ ભાવ છે, ક્ષમા છે એ કષાયની મંદતાવાળો શુભ ભાવ છે પણ બન્ને કષાય હોવાથી દોષ ભાવ છે. નિશ્ચયક્ષમા તો નિર્દોષ વીતરાગ પરિણામ છે, રાગરહિત પરિણામ છે. એવો એક-એક ગુણ લૌકિક ગુણથી તો એટલો અલૌકિક રીતે છે કે એને ગુણ-દોષમાં લૌકિક ગુણો દોષમાં ચાલ્યા જાય એવી જેની સરખામણી થાય છે !! એવા અનંત... અનંત... ગુણનું નિધાન આત્મા પોતે જ અંતરમાં છે એમ જેને જ્યારે ઓળખાય છે ત્યારે એને પોતાના આત્માની અનન્ય રુચિ ઉત્પન્ન થવાથી ઉપયોગ અંદરમાં આવી જાય છે. આત્માની રુચિ આત્માના સર્વ પરિણામને ખેંચીને જાણે અંદર લાવે છે ! એક જગ્યાએ લાવી દ્યે છે એવું રુચિનું બહુ મોટું કામ છે. એ રુચિ સ્વરૂપની ઓળખાણથી પ્રગટ થાય છે.

પ્રશ્ન :– તીર્થંકર ભગવાનના ગુણોની સ્તુતિ કરવામાં આવે છે તો એ આપણને ગમે છે એમ ?

સમાધાન :– તીર્થંકર ભગવાનના ગુણની સ્તુતિ એ તો આત્માના જ ગુણ છે ને ! તીર્થંકર ભગવાન એક એવા આત્મા છે કે જેમણે સર્વ ગુણો પ્રગટ કર્યા છે. જેમણે આત્માના સર્વ ગુણો પ્રગટ કર્યા. અલ્પ માત્રામાં જેણે પ્રગટ કર્યા હોય એવા ગુણવાન આત્માઓ પ્રત્યે પણ જો બહુમાન, ભક્તિ, અર્પણતા આદિ થતા હોય, અનુરાગ થતો હોય તો સર્વજ્ઞનો વિષય તો સર્વોત્કૃષ્ટ છે. એમાં તો કોઈ વિવાદની પણ જગ્યા નથી. સર્વજ્ઞની ભક્તિ, મુનિની ભક્તિ, ધર્માત્માની ભક્તિ કરવા પાછળ આ એક જ મુદ્દો છે કે, ગુણની રુચિ છે એટલે

રાગના પણ એવા જ રુચિને અનુસરતા પરિણામ થાય છે, રુચિને મેળ ખાય એવા પરિણામ થાય છે. એમ છે.

પ્રશ્ન :– રુચિ નહિ થવામાં પાપનો ઉદય નહિ ?

સમાધાન :– પાપનો ઉદય એટલે શું કહેવા માગો છો ? પાપનો ઉદય એટલે પાપના કર્મના પ્રકૃતિના પરમાણુ લેવા છે ? કે પોતાનો જીવભાવ લેવો છે ? પાપભાવ જીવના પણ પરિણામ છે અને પાપ પ્રકૃતિનો ઉદય હોય એ પણ એક ઉદય કહેવાય છે. પ્રશ્નમાં ઉદય કહીને શું કહેવું છે ? પાપનો ઉદય એમ કહીને શું પ્રશ્ન છે ? પોતાને છટકી જાવું છે ? કે, શું કરીએ અમારે પાપનો ઉદય છે એટલે અમને આત્માની રુચિ નથી થતી. કર્મમાં અમારે કોઈ પાપકર્મનો ઉદય છે એટલે અમને આ રુચિ થતી નથી. પણ પાપકર્મના ઉદયમાં જોડાવું કે ન જોડાવું એ તારી સ્વતંત્રતાની વાત છે. કર્મનો ઉદય તને બળજોરીથી એના પ્રત્યે જોડાણ કરાવતો નથી. વર્તમાન જૈન સંપ્રદાયમાં આ વિષયમાં મોટી ગડબડ ઊભી થઈ છે. દિગંબરોમાં, શ્વેતાંબરોમાં, સ્થાનકવાસીમાં બધાંમાં આ એક ભૂત ગરી ગયું છે કે, કર્મનો ઉદય જીવને બધું કરાવે છે. જેમ કોઈ ભૂત વળગ્યું હોય અને ભૂત બધી ચેષ્ટા કરાવે એમ લોકોને આ એક ઊંધી માન્યતાનું ભૂત વળગ્યું છે.

'ગુરુદેવે' એના ઉપર આ એક મંત્ર આપ્યો છે ! મંત્રથી ભૂતને છોડાવે છે ને ? આ મંત્ર આપ્યો છે કે, જો ભાઈ ! તું એક આત્મા છો, અનંત ગુણ નામ અનંત શક્તિનો ધણી તું છો. તારી ગુણસંપત્તિને કાંઈક સંભાળ ! તારી તાકાતને સંભાળ ! અને કર્મનો ઉદય તને કાંઈ કરી જાય એ વાતમાં માલ નથી. જેમ કોઈ બાળક એમ કહે કે, આ મને બીવડાવે છે. તો કહે કે, શું કરે છે ? મારા સામું ડોળા કાઢે છે. પણ ક્યારે બીવડાવે છે ? કે, તું બીવે છે ત્યારે બીવડાવે છે. એ ડોળા કાઢે તો તું એના કરતા મોટા ડોળા કાઢ ! તારે શું બીવાની જરૂર છે ? બીવે એને બીવડાવે છે. ન બીવે એનો કોઈ બીવડાવે છે ? તું શા માટે ડરી-ડરીને મરી જાય છે ? કર્મનો ઉદય મને આમ કરાવે છે, કર્મનો ઉદય મને (આમ કરાવે છે). જેમ કોઈ ગાડામાં બળદને જોડીને ધોસરું નાખીને કામ કરાવે કે, ખેંચ ગાડું ! એમ કર્મ તારી પાસે કામ કરાવે છે ? તેં કોઈ દિવસ કર્મને ભાળ્યા ? અમસ્તું-અમસ્તું અંદર મફતનું ભૂત વળગાડ્યું છે. ભાઈ ! કર્મ છે એ જડ પરમાણુ છે, બિચારા આંધળા છે, એને કાંઈ ખબર નથી. ન તો એને પોતાના શું પરિણામ કરવા એની ખબર છે, તો પછી બીજાં જીવના પરિણામ શું કરવા એની શું ખબર હોય ? તું જીવતો જાગતો

દેખતો જીવ છો, તારામાં તારું કાર્ય કરવાની તારી શક્તિ છે, કોઈ તને પરાધીન કરી શકે એ વસ્તુસ્થિતિ નથી.

'ગુરુદેવશ્રી'એ સ્વતંત્રતાનો ઢંઢેરો પીટ્યો ! એમ કહેતાં કે, આ સ્વતંત્રતાનો ઢંઢેરો છે, ડાંડી પીટીને જાહેર કરવામાં આવે છે કે, જીવ સ્વતંત્ર છે. પોતાનું હિત કરવા માટે પણ સ્વતંત્ર છે અને અહિત કરવા માટે સ્વતંત્ર છે. વિચાર કરીને જીવોએ હિતમાં જોડાવા યોગ્ય છે (અને) અહિતનું કાર્ય છોડવા યોગ્ય છે. બહુ સ્પષ્ટ કર્યું ! કેટલાયના આવા ભૂતના વળગાડ નીકળી ગયા. કેટલા માણસો આવ્યા કે, સાહેબ ! આ કર્મની વાત તો અત્યાર સુધી ત્રણે જગ્યાએ સંપ્રદાયમાં આમ જ ચાલી છે. કર્મનો ઉદય જીવને પરાણે રાગ કરાવે છે. પાપનો ઉદય પાપ કરાવે, પુણ્યનો ઉદય પુણ્ય કરાવે અને ઉદય વગરનો કોઈ જીવ નહિ. પછી એને મુક્ત થવાનો તો કાંઈ પ્રશ્ન રહ્યો નહિ. પાપ કરે ત્યારે વળી પાપ કર્મ બાંધે, પુણ્ય પરિણામ કરે ત્યારે વળી પાછા પુણ્યના કર્મ બાંધે. ક્યારે મુક્ત થાય ? એને મુક્ત થવાનો કોઈ અવસર રહેતો નથી. જેની માન્યતા જ ઊંધા સિદ્ધાંતને ગ્રહણ કરનારી છે એને કોઈ રીતે છૂટવાનો અવસર નથી.

હવે, એક બીજી વાત પૂછું કે, પાપનો ઉદય છે માટે અમને આત્માની રુચિ થતી નથી, શું કરીએ ? અમારે તો આત્માની રુચિ કરવી છે પણ પાપનો ઉદય છે. શું કરીએ ? માટે અમે નિરાધાર છીએ-Helpless છીએ. બહારમાં કાંઈક જરૂર પડે ત્યારે એવું વિચારો છો ? કે, અત્યારે ઉદય નથી. મૂકો પડતી આ વાત. જેમ આત્માનું હિત કરવાની વાત પાપનો ઉદય સમજીને પડતી મૂકી દીધી એમ ક્યાંક બહારમાં જરૂર પડી, કોઈ કાર્યની આવશ્યકતા ઊભી થઈ (કે) આ દીકરીનું સગપણ થાતું નથી. મહેનત કરીએ છીએ પણ થાતું નથી, ઉદય નથી, મૂકો પડતી વાત. હવે કરવું જ નથી. ત્યાં તો જેમ-જેમ દિવસો જાય એમ એને ચટપટી લાગે. ઉદય નથી (એમ) ખબર પડે તો મૂકી દ્યે છે કે ત્યાં પ્રયત્ન વધારે કરવા લાગે છે ? તો ઉદય નથી આ કાર્યનો ઉદય નથી ઇ જ્ઞાન એ કાર્ય કરવા માટે વધારે પુરુષાર્થમાં યોજે છે ? કે કાર્યને પડતું મૂકાવે છે ? જ્યાં જરૂરિયાત લાગે ત્યાં એ વધારે પુરુષાર્થને જોડે છે. અહીંયાં તું પુરુષાર્થ મૂકી દ્યે છો એનો અર્થ કે તને જરૂરિયાત લાગી નથી. આ ચોખ્ખી વાત છે. તારે જરૂર નથી એટલે આ બહાનું પકડ્યું, છળ પકડ્યો. શું કરીએ પાપનો ઉદય છે (એટલે) અમને આત્માની રુચિ થતી નથી. આ તો છળ પકડવાની વાત છે.

પ્રશ્ન :– રુચિ કેમ કરવી ?

સમાધાન :– આત્માની ઓળખાણ કરીને રુચિ કરવી. અનન્ય રુચિ – ઉપયોગને અંતર્મુખ કરવાના કારણભૂત એવી રુચિ આત્માની ઓળખાણથી ઉત્પન્ન થાય છે. આત્માની ઓળખાણ કરવાનું પહેલાંમાં પહેલું કાર્ય છે, એનું આ બાહ્ય સાધન શાસ્ત્ર સ્વાધ્યાય છે – એ બાહ્ય સાધન છે. એ નિમિત્તે, શાસ્ત્રમાં–સત્શાસ્ત્રોમાં જે તત્ત્વજ્ઞાનનું નિરૂપણ છે એ નિમિત્તે પોતાની અંતરંગ સુવિચારણા હિત-અહિતને મુખ્ય કરીને જો કરવામાં આવે તો એને આત્મા ઓળખવો જોઈએ એ વાત પહેલાંમાં પહેલી લક્ષ ઉપર જાય છે. જ્યાં સુધી મારા સ્વરૂપનો યથાર્થ રીતે નિશ્ચય નહિ થાય ત્યાં સુધી એક પણ કાર્ય સવળું થાય છે કે અવળું થાય છે એનું Judgement નહિ નીકળે. પોતે કોણ છે ? કેવો છે ? ક્યાં છે ? અને કેમ છે ? એ નક્કી થયા વિના કેવી રીતે આ યોગ્ય છે કે અયોગ્ય કાર્ય છે એમ નક્કી થાય ? કોઈ રીતે ન થાય. કોઈ સ્થાનમાં થાય છે ? ઘરમાં પણ કોઈ નિશ્ચિત સ્થાન હોય છે, બજારમાં, સમાજમાં–બધે નિશ્ચિત સ્થાન હોય છે કે, હું ફલાણો છું. સ્થાન નિશ્ચિત થયા વિના એ સ્થાનને અનુરૂપ કર્તવ્ય કે અકર્તવ્ય કોઈ નિર્ણય સાચો થઈ શકતો નથી. પોતાનું કર્તવ્ય નક્કી કરવા માટે એણે પ્રથમમાં પ્રથમ પોતાનો નિશ્ચય કરવો જ રહ્યો કે, મારું મૂળ સ્વરૂપ શું ? એ નક્કી કર્યા વિના કર્તવ્ય શું ? અને અકર્તવ્ય શું ? એ વાત કદી સાચી હોઈ શકે નહિ.

પ્રશ્ન :– સ્વરૂપનિશ્ચયમાં શું શું થાય ?

સમાધાન :– સ્વરૂપનિશ્ચય છે એ એક ઓળખાણનો વિષય છે. પોતાના સ્વરૂપની ઓળખાણ કરવાનો વિષય છે, પોતાની જાતને ઓળખવાનો વિષય છે. બે પદાર્થ સ્પષ્ટપણે છે–એક ચૈતન્ય પોતે છે, બીજાં જડ પદાર્થ છે. બીજાં જીવો ચૈતન્ય પદાર્થ છે પણ એ કોઈ ઇન્દ્રિયજ્ઞાનનો વિષય નથી. એક જડના નિમિત્તે એને સમજવામાં આવે છે કે ત્યાં પણ એ જીવ છે. પણ પોતે તે પોતે છે અને બીજાં જીવ કે બીજાં અજીવ તે બધાં પર તે પર, બીજાં તે બીજાં છે. પોતે પોતે છે અને બીજાં બીજાં છે, એટલું પણ હજી જ્યાં બરાબર નથી રહેતું ત્યાં અંદરની ઓળખાણ તો કરવી કેવી રીતે ? સચેત-અચેત મિશ્ર એવા જે સંયોગમાં આવનાર જીવમાં મમત્વ કરે છે કે, આ મારા છે અને આ મારા નથી. આમ અનેક પ્રકારે જીવ પોતામાં પોતાપણું હજી વિચારતો નથી કે એ વાતને નિશ્ચિત રાખતો નથી ત્યાં એને અંતરંગ સ્વરૂપ ઓળખવાનો તો પ્રશ્ન પણ રહેતો નથી. કારણ કે જાતને–

અંદરની જાતને ઓળખવી છે, ચૈતન્યની જાતને ઓળખવી છે એ તો ચૈતન્યના આભાસરૂપ એવા જે રાગાદિ પરિણામ છે તેનાથી પણ જુદી જાત છે એટલે હદ સુધી ઓળખાણ કરવાની છે. અહીંયાં જડ-ચેતનને પણ રોજીંદા વ્યવહારમાં ભિન્ન-ભિન્ન સ્થાનમાં રાખતો નથી કે એ જાતનો એને પ્રયત્ન નથી ત્યાં અંદરમાં આવવાની એને એવી સૂક્ષ્મ વિચારણા ઉત્પન્ન થતી નથી. એટલે ઓળખવા માટે પણ એણે ભેદજ્ઞાનને સાધન બનાવવું, જુદાંપણાનું જે જ્ઞાન છે એને સાધન બનાવવું અને એ સાધનથી ઓળખાણ કરવી. ઓળખાણ માટે પણ ભેદજ્ઞાન અને ઓળખાણ થતાં રુચિ ઉત્પન્ન થતાં પણ ભેદજ્ઞાન, એ ભેદજ્ઞાન એક જ સંવરનું, નિર્જરાનું અને મોક્ષનું સાધન છે.

શરૂઆતથી માંડીને આદિ-મધ્ય-અંતમાં એક જ સાધન છે, બીજું કોઈ સાધન નથી. એટલે કોઈ સાધનાંતરની માથાકૂટમાં પણ પડવા જેવું નથી. આમ કરવાથી થશે ? આ સાધન હશે ? ફલાણું સાધન હશે ? પહેલાં આમ કરી લઉં ? આમ કરી લઉં ? આમ કરી લઉં ? પહેલાં કાંઈ નહિ, એક ભેદજ્ઞાનને જ સર્વત્ર સાધન તરીકે અંગીકાર કરવું અને એ સિવાય સાધન તરીકે બીજું કાંઈ અંગીકાર કરવું નહિ. એક જ સાધન છે. બીજાં સાધનો જે કહેવાય છે એ બધાં કહેવાતા સાધનો આપોઆપ આવી મળશે, જો ભેદજ્ઞાન થશે તો. અને નહિતર કોઈ સાધન સાધન તરીકે નહિ રહે, એ બધાં સાધન તને બંધન–બાધક તરીકે જ નિમિત્ત થશે. 'શ્રીમદ્જી'એ ગાયું ને ? 'સહુ સાધન બંધ થયા, રહ્યો ન કોઈ ઉપાય, સત્ સાધન સમજ્યો નહિ, ત્યાં બંધન શું જાય ?' બહારમાં જપ, તપ, શાસ્ત્રસ્વાધ્યાયથી માંડીને બાહ્ય ક્રિયાના તમામ સાધન કર્યાં, ત્યાગ કર્યો – 'ત્યાગ અથાગ લહ્યો' (અર્થાત્) ઘણો ત્યાગ કર્યો. ૨૪માં વર્ષમાં એ પદ લખ્યું છે, હિન્દીમાં લખ્યું છે. કાંઈ હાથ ન આવ્યું. કારણ કે એણે અંદરમાં ભેદજ્ઞાન કર્યું નહિ. ઓળખવા માટે પણ ભેદજ્ઞાન કર્યું નહિ અને અનુભવ કરવા માટે પણ ભેદજ્ઞાન કર્યું નથી.

('સમયસાર'માં) 'અમૃતચંદ્રાચાર્યદેવે' 'સંવર અધિકાર'માં આ વિષય ઉપર બહુ વજન આપ્યું છે. એટલું વજન આપ્યું કે, એક શ્લોક (૧૩૧) એમણે એવો લખ્યો કે **'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन'** જેટલા આત્માઓ સિદ્ધ થયા, સિદ્ધિને વર્યા (એ) એક માત્ર ભેદવિજ્ઞાનથી. **'अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।'** જેટલા હજી રખડે છે, બંધાય છે (એ) એક ભેદવિજ્ઞાનના અભાવમાં જ બંધાય છે, બીજું કાંઈ કારણ નથી. પાપ કરે છે અને પુણ્ય કરે છે માટે બંધાય છે, એવી વાત લેવાને બદલે ભેદજ્ઞાનનો અભાવ

છે માટે બંધાય છે એવી વાત લીધી છે. આ બહુ મોટી વાત છે.

એટલે પહેલાં શું કરવું ? એ વાત આમાંથી નીકળે છે. **'માર્ગની યથાર્થ વિધિ'** – છેલ્લી લીટી એમ લીધી છે ને ? **'માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે.' 'પ્રથમ રુચિનો પલટો કરે...'** અથવા પ્રથમ રુચિનો પલટો થાય, એમ. કરે અથવા થાય એકાર્થ છે, **'તો ઉપયોગનો પલટો સહજ થઈ જશે.'** તો ઉપયોગ પલટાવવા માટે કોઈ કૃત્રિમ ઉપાય નહિ કરવો પડે પણ એ ઉપયોગ સહજ જ પલટાઈ જશે એમ કહે છે. જે કાર્ય સહજ થાય એના જેવું બીજાું સહેલું અને સુગમ શું છે ? અને કૃત્રિમ રીતે ઘણો પરિશ્રમ કર્યો એમ એને લાગે છતાં એમ થાય કે, કાંઈ થતું નથી.

ઘણાં એ રીતે પ્રશ્ન લઈને આવે છે કે, પુરુષાર્થ તો કરીએ છીએ, આ બધું સમજાય છે, પુરુષાર્થ કરીએ છીએ પણ કાર્ય થતું નથી. કાર્ય તો સહજ જ થાય છે. થતું નથી એ પ્રશ્ન અસ્થાને છે, કાર્ય તો સહજ જ થાય છે. જો પ્રથમ રુચિનો પલટો થાય તો ઉપયોગ અંદરમાં એકાગ્ર થવાનું કાર્ય સહેજે-સહેજે થાય છે, ન થાય એવું બનતું નથી.

બહારમાં પણ રુચિનો વિષય ઉદયમાન થાય. આ ઘણાંને એમ હોય છે ને કે, મને ફલાણી ચીજ વધારે ભાવે. તો જ્યારે એ ચીજનો પ્રસંગ આવી ઊભો રહે ત્યારે એને પરિણામમાં તીવ્ર રસ ઉત્પન્ન કરવા માટે કોઈ વિકલ્પ કરવા પડે છે ? કે વાતને શીખવી પડે છે ? (એવું) કાંઈ બનતું નથી. આપોઆપ જ બધાં પરિણામ ઉગ્ર થઈને એ વિષયમાં જોડાય જાય છે. એવું બને છે કે નહિ ? તો આ તો એક અસાધારણ વિષય છે. આત્મા અદ્‌ભુતથી અદ્‌ભુત અસાધારણ તત્ત્વ છે ! સર્વોત્કૃષ્ટ ! જેમાં સુખની હદ નથી, શાંતિની હદ નથી, આનંદની હદ નથી એવા બેહદ સુખ-શાંતિ અને આનંદનો ભાવ પડ્યો છે–સ્વભાવ પડ્યો છે ! એવા આત્મા પ્રત્યે પુરુષાર્થને લઈ જવા માટે એને કૃત્રિમ પ્રયત્ન કરવો પડે એમ કેમ હોઈ શકે ? એમ તો હોઈ શકે પણ નહિ. જો એની ઓળખાણથી રુચિ થાય તો ઉપયોગનો પલટો ખાવો એ સહજ જ છે, ન પલટો ખાય એવું બનતું નથી.

બીજી રીતે વિચારીએ તો જે જીવને શુદ્ધોપયોગ થઈને ઉપયોગ આત્મામાં અંતર્મુખ થાય છે, અભેદ થાય છે એ નિર્વિકલ્પ ઉપયોગના ટાણે એને ઉપયોગ અંતર્મુખ કરવાનો વિચાર, વિકલ્પ સુદ્ધાં પણ રહેતો કે હોતો નથી. એને તો પોતાના શુદ્ધાત્માનું લક્ષ થયું છે, ઓળખાણમાં આવેલો શુદ્ધાત્મા લક્ષમાં છે અને એના લક્ષમાંને લક્ષમાં ઉપયોગ બહારથી જતો બંધ થઈને આપોઆપ ઉપયોગ અંદર સહજપણે લાગી જાય છે, આવી જાય છે. ઉપયોગ

ઉપર એનું લક્ષ પણ હોતું નથી અને ઉપયોગ ઉપરની એની વિચારણા પણ હોતી નથી. વિચારણા પણ એની શુદ્ધાત્માની – રુચિના વિષયભૂત શુદ્ધાત્માની, લક્ષ એના ઉપરનું અને પુરુષાર્થમાં એની સહજ પ્રત્યક્ષતાને લીધે એવી ઉગ્રતા ઉત્પન્ન થઈ જાય છે કે ઉપયોગ બહાર જતો હતો, મન સાથે વર્તતો હતો એ અટકી જઈને એનું વલણ બહિર્મુખ હતું તે (ફરી) જઈને અંતર્મુખ થઈને સહેજે-સહેજે આત્મામાં સ્થિર થાય છે. એના માટે એને ઉપયોગ ઉપર પણ જોવાનું રહેતું નથી. એટલું સહજપણે એ ઉપયોગને અંદરમાં આવવાનું કાર્ય થઈ જાય છે એનું કારણ એની રુચિ છે–શુદ્ધાત્માની રુચિ છે.

પ્રશ્ન :– લક્ષમાં પણ આત્મા અને રુચિમાં પણ આત્મા ?

સમાધાન :– હા, બન્નેનો વિષય એક થઈ જાય છે. જ્યારે ઓળખાણ થાય છે ત્યારે રુચિનો વિષય પણ આત્મા અને જ્ઞાનમાં લક્ષનો વિષય પણ આત્મા. અને આ વિષયની અંદર જીવોને બચાવ્યા છે કહો કે ચેતાવ્યા છે એમ કહો, 'ગુરુદેવે' બહુ જોરથી એક વાત એ કરી છે કે, જેને પુણ્યની રુચિ છે એને આત્માની રુચિ નથી, તેને જડની રુચિ છે. 'ગુરુદેવ'ના આ બહુ પ્રસિદ્ધ વચનો છે. 'પરમાગમસાર'માં લીધાં છે અને આમ પણ બહાર અનેક જગ્યાએ 'ગુરુદેવ'ના આ વચનો બહુ પ્રસિદ્ધ થયા છે. કેમકે જીવ ધર્મના ક્ષેત્રમાં અનાદિથી રાગની રુચિને વધારે પોષણ આપીને મજબૂત થતો હોય તો એનું કારણ આ પુણ્યભાવ છે, શુભભાવ છે અને એ પુણ્યની રુચિ જ એને આત્મામાં આવવા દેતી નથી. કેમકે એ પુણ્યતત્ત્વ છે એ આત્મતત્ત્વ નથી, રાગતત્ત્વ છે એ આત્મતત્ત્વ નથી, એ અનાત્મતત્ત્વ છે. જેને અનાત્માની રુચિ છે એને આત્માની રુચિ ન થાય અને જેને આત્માની રુચિ હોય એને અનાત્માની રુચિ ન થાય. એટલા માટે ઓળખાણ કરવાનો વિષય આગળ રાખ્યો છે કે, એ તને પુણ્ય-પાપરહિત આત્મતત્ત્વની ઓળખાણ થશે અને જે પુણ્યભાવોની તને અત્યાર સુધી કીમત છે એ કીતમ તને આત્માની કીમત આવતા ઊડી જશે. પુણ્યની કીમત જશે, પુણ્યના ફળની કીમત જશે. બન્ને રીતે તારો છુટકારો થઈ જશે. પ્રથમ ઓળખાણથી રુચિમાં છુટકારો થઈ જશે એટલે રુચિ પૂરી બદલાઈ જશે. આત્માની રુચિવાળાને આત્માનો અનુભવ થાય છે, પુણ્યની રુચિવાળાને કદી આત્માનો અનુભવ થતો નથી, જ્યાં સુધી પુણ્યની રુચિ છે ત્યાં સુધી. આ એક બહુ મોટી વાત કરી છે અને કોઈ પણ જીવ સમજી શકે એવી વાત કરી છે કે, તને પુણ્યની રુચિ છે, રાગની રુચિ છે તો તને જડની અને અનાત્માની રુચિ છે. અનાત્માની રુચિ કહો કે જડની રુચિ કહો (બન્ને એકાર્થ છે).

કોઈવાર તત્ત્વચર્ચામાં 'ગુરુદેવ' પાસે પ્રશ્નો નીકળતા ત્યારે પણ આ વાત એવી રીતે ચાલતી કે, તત્ત્વજ્ઞાનનો વિષય સમજાય, 'ગુરુદેવ' જેવા મહાપુરુષનો સંયોગ થયો હોય, અનેકવાર સાંભળવાનું મળ્યું હોય, સત્શાસ્ત્રો ઉપલબ્ધ છે એ પણ વાંચવાનું થયું હોય. ક્યારેક મુમુક્ષુ જીવો પ્રશ્ન કરતા કે, આ બધું સમજાય છતાં ક્યાં અટકીએ છીએ એ ખ્યાલમાં આવતું નથી અને અમારે જે આત્મકાર્ય કરવું છે એ સંપન્ન થતું નથી. પ્રાપ્ત થતું નથી એટલે કે સમ્યગ્દર્શન–શુદ્ધોપયોગ સુધી પહોંચાતું નથી. આપની કોઈ વાતમાં વિરોધ લાગતો નથી, અમને બીજું કાંઈ નડતું નથી, ડખલ થતી નથી. હવે આમાં જીવ ક્યાં અટકે છે ? ત્યારે 'ગુરુદેવશ્રી' એમ કહેતાં કે, રાગની અને પુણ્યની રુચિ છે ત્યાં સુધી શુભની રુચિ છે, ત્યાં સુધી શુદ્ધાત્મામાં પહોંચાશે નહિ. એ વાત અનેક વાર થઈ છે, બહુ સ્પષ્ટ રીતે થઈ છે, એ જ વિષયને પૂજ્ય 'બહેનશ્રી'એ વિધિના–યથાર્થ વિધિના ક્રમના Heading નીચે લઈને, એક વિભાગ પાડીને વિષયને વધારે સ્પષ્ટ કર્યો છે. ચોંટ મારી જાય એવો વિષય છે.

ઉપયોગ શુદ્ધ કરવો છે, નિર્વિકલ્પ થવું છે પણ શું છે આ ? મૂળમાં ક્યાં નડે છે (તે કહે છે) કે, જીવ રુચિને તો પલટાવતો નથી, એને શુભ વિકલ્પ થાય છે, અરે...! સ્વાધ્યાયના બહાને આત્માના વિકલ્પ થાય છે તો કહે કે, ભાવ સારા થાય છે, બહુ સારા ભાવ થયા, આજ મને બહુ સારા ભાવ થયા, પણ તને શું રુચ્યું છે ? એવો વિકલ્પ થયો એ રુચ્યો છે ? કે અંદર કોઈ જ્ઞાનતત્ત્વ–આત્મતત્ત્વ છે એ રુચ્યું છે ? કાંઈક અંદર વિચારીને બન્નેને જુદું તો પાડ કે, તારી રુચિનો વિષય શું છે ? તને ગમવાનો વિષય શું છે ? જાણે-અજાણે જીવને આત્માના વિકલ્પને બહાને પણ રાગ રુચે છે ત્યાં સુધી એને કોઈ રીતે રાગની રુચિ આત્માની રુચિમાં આવવા દેતી નથી અને ઉપયોગ પલટવાનો તો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. યથાર્થ વિધિના ક્રમનો, માર્ગનો જેને ખ્યાલ નથી એને એ પ્રશ્ન થાય છે કે, આટલા-આટલા કાળ સુધી શાસ્ત્રો વાંચ્યા અને આત્માનો અભ્યાસ કર્યો, તત્ત્વનો અભ્યાસ કર્યો (તોપણ) કેમ કાંઈ કામ થતું નથી ? ભાઈ ! રુચિ અપેક્ષાએ તેં જરા પણ કામ કર્યું નથી, ઊલટાની રાગની રુચિને પુષ્ટ કરી છે કે કેમ એની પણ તને ખબર નથી.

બહુભાગ તો એવું થાય છે કે રાગની રુચિ પુષ્ટ થવાથી પછી લાંબા ગાળે દર્શનમોહની વૃદ્ધિ થઈ હોવાને લીધે પછી તત્ત્વજ્ઞાનનો વિષય પણ સ્થૂળ થઈ જાય છે. પછી તત્ત્વમાં પહેલાં જે સૂક્ષ્મ વિચારણા ચાલતી હોય એ પણ એની ઓછી થઈ જાય અને ઊલટાનો અભ્યાસ કરતાં... કરતાં... કરતાં... એ સ્થૂળ થઈ જાય છે. એવી પરિસ્થિતિમાં જીવો આવી

જાય છે. એનું કારણ કે પહેલેથી આ વિષય ઉપર એનું ધ્યાન નથી કે, મારી રુચિ ક્યાં કામ કરે છે ? એક મોટલે–જાડી બુદ્ધિએ વિચાર કરી રાખ્યો છે કે હું તો તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરું છું અને એ રીતે એ પકડે કે, જુઓ ! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'ટોડરમલ્લજી'એ એમ કહ્યું કે, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ સમ્યગ્દર્શન પામવાનું નિમિત્ત છે. અમે ક્યાં બીજી ક્રિયામાં પડ્યા છીએ ? બીજી ક્રિયાવાળાને નિમિત્ત નથી કીધું. એક તત્ત્વજ્ઞાનનો અભ્યાસ છે એ સમ્યગ્દર્શન પામવાનું નિમિત્ત છે તો તત્ત્વજ્ઞાનનો અભ્યાસ તો કરીએ છીએ. જેટલો બને એટલો વધારે કરીએ છીએ. હવે જો તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરતો હોય તો આમાં આ વાત છે કે, તારી રુચિ વિકલ્પની–રાગની છે ? કે તારી રુચિ જ્ઞાનસ્વભાવી આત્માની છે ? તો કહે, એ જ ખબર નથી ! જો એ ખબર નથી તો તત્ત્વજ્ઞાનનો શું અભ્યાસ કર્યો ? એ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ નથી પણ બીજાં જેમ બીજી બાહ્યક્રિયાની અંદર સલવાઈ ગયા છે (એમ) તું પણ આ એક બાહ્યક્રિયામાં સલવાઈ ગયો છે, આમાંને આમાં કાંઈ ફેર નથી. એ પણ મિથ્યાત્વને દઢ કરે છે, તું પણ મિથ્યાત્વને જ દઢ કરે છે, બીજું કાંઈ એમાં છે નહિ. બહુ ચોખ્ખી વાતો કરી છે, આવી જે વાતો કરી છે એ એકદમ સ્પષ્ટ કરી છે. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરતો હોય તો ઊભો રહે એકવાર, અંદર જોઈ લે, તારી રુચિ રાગમાં કામ કરે છે કે તારી રુચિ આત્મામાં–જ્ઞાનમાં કામ કરે છે ? અહીંયાં લાલબત્તી મૂકી છે (કે) આ માર્ગે જઈશ નહિ–રાગના માર્ગે જઈશ નહિ, અહીંયાં લાલબત્તી છે એ માર્ગે આગળ વધવા જેવું નથી.

પ્રશ્ન :– આ રુચિ અને ભાવના બન્નેને શું છે ?

સમાધાન :– મેળ છે, બન્નેને મેળ છે. જેને આત્મપ્રાપ્તિની ભાવના છે, સ્વરૂપપ્રાપ્તિની ભાવના છે એને આત્માની રુચિ છે, એને ઓળખાણ થવાની ક્રિયામાં સુગમતા થાય છે અથવા ભેદજ્ઞાન કોને થાય ? કે જેને સ્વરૂપની–આત્માની ભાવના હોય એને થાય. નહિતર એ પણ એક ફરિયાદ સાંભળવા મળે છે કે, ભેદજ્ઞાન થતું નથી. ભેદજ્ઞાન કરવું એમાં અમને વાંધો નથી, એ વાત સાથે અમે સંમત છીએ કે, ભેદજ્ઞાન કરવા યોગ્ય છે પણ ભેદજ્ઞાન થતું નથી પછી શું કરીએ ? કાં પૂજા કરીએ, કાં ભક્તિ કરીએ કાં શાસ્ત્ર વાંચીએ કાં સાંભળીએ, કાંઈને કાંઈ આવુંને આવું કરીએ, પણ ભેદજ્ઞાન થતું નથી. ભેદજ્ઞાન થતું નથી એ તારા સ્વરૂપની ભાવનાની ખામીને પ્રસિદ્ધ કરે છે, પ્રદર્શિત કરે છે કે કેમ તને ભેદજ્ઞાન થતું નથી ? (કેમકે) તને આત્માની ભાવના જ નથી. જો આત્માની ભાવના હોય તો ભેદજ્ઞાન

થાય, ભેદજ્ઞાન થાય તો સ્વરૂપની ઓળખાણ થાય, ઓળખાણ થાય તો અનન્ય રુચિ પ્રગટે, અનન્ય રુચિ પ્રગટે તો ઉપયોગ આત્મામાં સહજપણે આવ્યા વિના રહે નહિ. આ તો બધી Automatic line છે.

મૂળમાં ભાવનાનો વિષય તો બધાં પરિણામને એક આધારભૂત વિષય છે. એટલે આ શાસ્ત્રમાં તો ભાવનાનો વિષય ખૂબ જ લેવામાં આવ્યો છે. આપણે ૨૧મો બોલ આવી ગયો, ૨૩મો બોલ આવી ગયો એ બધાં ભાવનાના જ બોલ આવી ગયા. ભાવના તો અંદરથી– આંતરડીમાંથી ભાવના ઊઠવી જોઈએ. ૨૩મો બોલ એ છે. એવી ઉગ્ર ભાવના હોય એને સ્વકાર્ય કરવામાં બીજી તકલીફ નથી અને ભાવનાની ખામીમાં તો પરાણે-પરાણે કામ કરવા જેવી વાત થાય, હઠથી કામ કરવા જેવી વાત થાય એનાથી તો કોઈ (કામ થતું નથી). માણસ નથી કહેતાં કે, રોતો-રોતો જાય એ મૂઆના સમાચાર લાવે. એમ પરાણે-પરાણે કામ કરે એમાં શું ભલીવાર હોય ? કોઈને પરાણે ધક્કો મારીને મોકલો કે, ઊઠ, આ કામ કર, કેમ કરતો નથી ? એમાં શું ભલીવાર હોય ? એ કામમાં એનું દિલ લાગે નહિ, એ કામમાં એનું કોઈ લક્ષ રહે નહિ.

મુમુક્ષુ :– રુચિની વાત બહુ સરસ આવી.

પૂજ્ય ભાઈશ્રી :– આ ૩૬મો બોલ જે છે એ બહુ સિદ્ધાંતિક પદ્ધતિથી આવેલો છે. ઉપયોગ નહિ પલટે, અંતરંગ રુચિ પલટાયા વિના ઉપયોગ નહિ પલટે. એમને એમ ઉપયોગ પલટાવવાના પ્રયત્ન કરનારાઓ ધર્મના ક્ષેત્રમાં જોવામાં આવે છે તે જીવોને તે ઉપયોગના પલટવાની સફળતા મળતી નથી. એ રીતે અહીંયાં ૩૬મા બોલમાં આ વિષય ઉપર બહુ સારો પ્રકાશ ફેંક્યો છે ! એકદમ ચોખ્ખે-ચોખ્ખો વિષય થઈ જાય એટલે એ વાત સ્પષ્ટ થાય છે કે, **'પ્રથમ રુચિનો પલટો કરે તો ઉપયોગનો પલટો સહજ થઈ જશે.'** કેમકે રુચિનો વિષય આત્મા છે અને આત્મા જે રુચિનો વિષય છે એમાં આત્મા ઉપર એટલું વજન જાય છે કે ઉપયોગરૂપ પરિણામ ઉપર પણ એટલું વજન પછી રહેતું નથી.

શુદ્ધ ઉપયોગમાં અથવા અંતર્મુખ ઉપયોગમાં સ્વસંવેદન છે અને સ્વસંવેદનસ્વરૂપ મૂળ આત્મા છે. આત્મા જ્ઞાનસ્વભાવથી જોઈએ તો સહજ સ્વસંવેદનસ્વરૂપ જ છે. સહજ સ્વસંવેદનસ્વરૂપ છે એનો સ્વભાવ પરિણામમાં પણ સ્વસંવેદનપણે રહેવાનો અને થવાનો જ એનો સહજ સ્વભાવ છે. એવો હું છું – એટલું રુચિનું હુંપણું જેટલું જોરથી જાય છે (તેટલું) સ્વસંવેદન, જેમ દૂધ ઊભરાઈને તપેલામાંથી બહાર આવે એમ સ્વસંવેદનનો ઊભરો અંદરથી

આવે ! જો સહજ સ્વસંવેદનમયી આત્માને રુચિથી સેવવામાં આવે તો સ્વસંવેદન તો ઊભરાઈને બહાર આવે એવી ચીજ છે. એને માટે કાંઈ સ્વસંવેદન કરવું છે એ વિકલ્પની જરૂર નથી કે મારે સ્વસંવેદન કરવું છે... મારે સ્વસંવેદન કરવું છે... એ વિકલ્પની એને જરૂર નથી. આત્મા જ પોતે સહજ સ્વસંવેદનસ્વરૂપ છે એ એની રુચિમાં આવવું જોઈએ, સ્વસંવેદન આપોઆપ છે. સહજ છે એટલે આપોઆપ છે-Automatic છે. આ માર્ગની વિધિ છે, અવિધિએ કોઈ કાર્ય થતું નથી. ગમે તે કરે તોપણ અવિધિએ તો કોઈ કાર્ય થતું નથી.

મુમુક્ષુ :- સંપ્રદાયના લોકો ઉપયોગ પલટાવવાની જ વાત કરતા હોય છે, રુચિની તો વાત પણ કરતા નથી. આ ખવાય કે ન ખવાય, આમ કરાય કે ન કરાય એવી વાતો પૂછે પણ રુચિની તો કોઈ વાત જ કરતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- વાત જ ક્યાંય નથી. મોટી વાત આ છે. એટલા માટે તો આવી વાતોનું મહત્વ છે, ઘણું વિશેષ મહત્વ છે.

(અહીં સુધી રાખીએ).



# श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट

## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मूल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | - |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | - |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर ॅ पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | - |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | - |
| १३ | धन्य अवतार | - |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | - |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | - |

| | | |
|---|---|---|
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत) | - |
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | प्रवचनसार | अनुपलब्ध |
| ३३ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३४ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३५ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३६ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३७ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३८ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ३९ | समयसार नाटक | अनुपलब्ध |
| ४० | समयसार कलस टीका | अनुपलब्ध |
| ४१ | समयसार | अनुपलब्ध |
| ४२ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४३ | तत्थ्य | अनुपलब्ध |
| ४४ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४५ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |

## વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

### ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજું કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યદષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૩ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃતો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૫ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | ક્રમબદ્ધપર્યાય | - |
| ૨૮ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૨૯ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૦ | પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૧ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૨ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૬ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૮ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૩૯ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૦ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૧ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૩ | પ્રચારિસ્તિકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૪ | પદ્મનંદીપંચવિશતી | - |
| ૫૫ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૬ | રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૭ | રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૮ | રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૦ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૧ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૨ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૩ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૪ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૫ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૬ | સમક્તિનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક-ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૭ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૬૮ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૬૯ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૦ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૧ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૪ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૫ | ધન્ય આરાધક | - |

## वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | ज्ञानामृत (गुजराती) | १०,००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ६६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४००० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२ | ५००० |
| ३० | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३१ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७००० |

| | | |
|---|---|---|
| ३२ | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३५ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३६ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३७ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३८ | धन्य आराधना (गुजराती) | १००० |
| ३९ | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४० | प्रवचन नवनीत भाग-१-४ | ५८५० |
| ४१ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४२ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४३ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४४ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४५ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४६ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४७ | भगवान आत्मा (गुजरात+हिन्दी) | ३५०० |
| ४८ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ४९ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५० | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५१ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५२ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५३ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५४ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५५ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५६ | अमृत पत्र (गुजराती) | २००० |
| ५७ | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ५८ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ५९ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | २५०० |
| ६० | आत्मयोग (गुजराती) | १५०० |
| ६१ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६२ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६३ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६४ | ज्ञानामृत (हिन्दी) | २५०० |
| ६५ | वचनामृत रहस्य | १००० |
| ६६ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |
| ६७ | कहान रत्न सरिता (हिन्दी-गुजराती) | २५०० |

| | | |
|---|---|---|
| ६८ | प्रवचन सुधा (भाग-१) | १४०० |
| ६९ | कुटुम्ब प्रतिबंध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७० | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी-गुजराती) | ३००० |
| ७१ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |
| ७२ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | ७५० |
| ७३ | प्रवचन सुधा (भाग-२) | ७५० |
| ७४ | समयसार दोहन | ७५० |
| ७५ | गुरु गुण संभारणा | ७५० |
| ७६ | सुविधिदर्शन | १००० |
| ७७ | समकितनुं बीज | १००० |
| ७८ | स्वरूपभावना | १००० |
| ७९ | प्रवचन सुधा (भाग-३) | १००० |
| ८० | प्रवचन सुधा (भाग-४) | १००० |
| ८१ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ | १००० |
| ८२ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ | १००० |
| ८३ | सुविधि दर्शन (हिन्दी) | १००० |
| ८४ | प्रवचन सुधा (भाग-५) | १००० |
| ८५ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) | १००० |
| ८६ | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) | १००० |
| ८७ | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ८८ | प्रवचन सुधा (भाग-६) | १००० |
| ८९ | राज हृदय (भाग-१) | १५०० |
| ९० | राज हृदय (भाग-२) | १५०० |
| ९१ | अध्यात्मसुधा (भाग-१) | १००० |
| ९२ | अध्यात्मसुधा (भाग-२) | १००० |
| ९३ | गुरु गिरा गौरव (भाग-१) | १००० |
| ९४ | अध्यात्म सुधा (भाग-३) | १००० |
| ९५ | प्रवचन सुधा (भाग-७) | ७५० |
| ९६ | प्रवचन सुधा (भाग-८) | ७५० |
| ९७ | राज हृदय (भाग-३) | ७५० |
| ९८ | मुक्तिनो मार्ग (गुजराती( | १००० |
| ९९ | प्रवचन नवनीत (भाग-३) | १००० |
| १०० | प्रवचन नवनीत (भाग-४) | १००० |
| १०१ | प्रवचन सुधा (भाग-९) | ७५० |
| १०२ | गुरु गिरा गौरव (भाग-२) | ७५० |

| | | |
|---|---|---|
| १०३ | प्रवचन सुधा (भाग-२) हिन्दी | १००० |
| १०४ | प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| १०५ | प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| १०६ | धन्य आराधक (गुजराती) | ७५० |

# પાઠકોની નોંધ માટે

ૐ

શ્રી વીતરાગાય નમઃ

# અધ્યાત્મ સુધા

(ભાગ-૧)

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના ‘બહેનશ્રીનાં વચનામૃત’
ગ્રંથ ઉપરના પ્રવચનો
(વચનામૃત ૧ થી ૩૬)

પ્રકાશક
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

V પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન :
V **વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭/ ૨૫૧૫૦૦૫
V **ગુરુ ગૌરવ**
**શ્રી કુંદકુંદકહાન જૈન સાહિત્ય કેન્દ્ર,**
પૂજ્ય સોગાનીજી માર્ગ, સોનગઢ.
V શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧
V શ્રી ડોલરભાઈ હેમાણી (કોલકાટા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭
V અમી અગ્રવાલ (અહમદાબાદ) : (૦૭૯) R-૨૫૪૫૦૪૯૨, ૯૩૭૭૧૪૮૯૬૩

V પ્રથમાવૃત્તિ : પ્રત : ૧,૦૦૦, ૩૧-૦૮-૨૦૦૪
V દ્વિતીયાવૃત્તિ : પ્રત : ૫૦૦, ૧-૪-૨૦૦૦૮, પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વ જયંતી
પૃષ્ઠ સંખ્યા : ૮ + ૫૦૪ = ૫૧૨
લાગત મૂલ્ય : ૧૩૦/-
મૂલ્ય : ૩૦/-

**લેસર ટાઈપ સેટિંગ :**
**પૂજા ઇમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૯૨૪/બી,
૬/ શાંતિનાથ બંગ્લોઝ,
શશીપ્રભુ ચોક, શશીપ્રભુ માર્ગ,
રૂપાણી સર્કલની પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર મિલ
કંપાઉન્ડ
બારડોલપુરા,
અહમદાવાદ–૩૮૦૦૦૪
ફોન : ૯૮૨૫૩૨૬૨૦૨

# પ્રસ્તાવના

પરમ આપ્ત સર્વજ્ઞ વીતરાગદેવ પ્રણીત પૂર્ણ નિર્દોષ થઈ સંપૂર્ણ સુખી થવાનો માર્ગ પરંપરા આચાર્ય ભગવંતો દ્વારા તથા સત્પુરુષો દ્વારા વર્તમાનમાં જીવંત રહ્યો છે તે આપણું સૌનું મહાન સદ્ભાગ્ય છે. વર્તમાનકાળમાં 'સીમંધર'ભગવાનની સાક્ષાત્ દિવ્ય દેશના સાંભળીને આપણને સૌને તેનું રસપાન કરાવ્યું એવા સદ્ધર્મપ્રવર્તક શાસન શિરોમણિ અધ્યાત્મદિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી **'કાનજીસ્વામી'**નો આપણા સૌ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તી રહ્યો છે. તેઓશ્રીના પુનિત પ્રભાવનાના મંગલકારી યોગે માર્ગપ્રાપ્તિની દિવ્ય શિખા પ્રજ્વલિત રહેવા પામી છે. એ દિવ્ય દિપકની જ્યોતથી જેમના હૃદયસિંહાસનમાં જ્ઞાયકદેવના મંગલ પધરામણા થયા અને અપૂર્વ ભવાંતકારી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ, એવા પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી **'ચંપાબહેન'**નો વર્તમાન મુમુક્ષુસમાજ ઉપર ન ભૂલી શકાય એવો ઉપકાર વર્તી રહ્યો છે. ભાવિ તીર્થાધિનાથના ભેટા કરાવનાર તથા અજોડ જ્ઞાનવૈભવધારી પૂજ્ય બહેનશ્રીનો શું મહિમા કરવો ?

લઘુવયથી જ પ્રખર વૈરાગ્યધારી, આ ભવમાં જ આત્મહિત કરી લેવા જેવું છે એવી તીખી તમન્ના જેમને સહેજે પ્રગટી અને અપૂર્વ પુરુષાર્થના પરાક્રમ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને સફળ કરી એવા પૂજ્ય બહેનશ્રીના અંતર ગુણોનું વર્ણન પામર જીવોથી કઈ રીતે થઈ શકે ? પ્રતિપળ જ્ઞાયક તરફ દોડતી નિર્મળ પરિણતિ દ્વારા સાધનાની અપ્રતિહત અખંડ ધારા જાણે કે ઝટ કેવળજ્ઞાનને બોલાવી રહી છે ! પૂર્ણ શુદ્ધિ તરફની મીટ માંડી એક ક્ષણ પણ જાણે કે અપૂર્ણતામાં રહેવા ન માગતી હોય એવી અખંડ ધારા, સતત જ્ઞાયકદેવથી અભેદ રહેતી ધારા વારંવાર ઉપયોગને નિર્વિકલ્પ કરી અતીન્દ્રિય આનંદમાં રમણતા કરી રહી છે. હું ભરતમાં છું કે વિદેહમાં છું તેની પણ જેમને સ્મૃતિ રહેતી નથી એવી અવગાઢ ચિદ્પરિણતિના ધારક પૂજ્ય બહેનશ્રીનો મહિમા વચનોમાં કરવો અસંભવ છે.

જૈનની ગીતા એટલે **'બહેનશ્રીના વચનામૃત'** ! મુમુક્ષુ માટે અમૃતની વેલડી ! જ્ઞાનીપુરુષોની અંતર પરિણતિ તો નિરંતર અમૃતનું પાન કરી જ રહી છે સાથે સાથે નિષ્કારણ કરુણાથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવો પણ આ અમૃતનું પાન કરે એવી વિશાળ ભાવનાથી તેમના શ્રીમુખેથી મુખરિત થયેલા વચનોને પણ 'અમૃત'ની ઉપમા અપાય છે કેમકે આ વચનરૂપી અમૃતનું પાન કરી મુમુક્ષુ જીવ પણ મુક્તિરમાના અમૃતસુખનો ભોગી થાય છે. એક બાજુ દિવ્ય દેશનાનો

ધોધ વહેવડાવનાર તીર્થંકરનું દ્રવ્ય હોય અને બીજી બાજુ દિવ્ય દેશનાને ગ્રહણ કરનાર ગણધરનું દ્રવ્ય ! પછી તો પૂછવું જ શું !! એવા ગણધરદેવ દ્વારા ઝીલાયેલી દિવ્ય દેશનાનું મૂલ્ય કઈ રીતે થાય ?

એવા પૂજ્ય બહેનશ્રી **'ચંપાબહેન'**ના વચનામૃતો ઉપર નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મ સુધાનું પાન કરાવનાર, અધ્યાત્મનું રહસ્ય પ્રગટ કરનાર, મુમુક્ષુઓના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના આ પ્રવચનોનું પુસ્તક પાઠકના હસ્તકમળમાં મૂકતાં અમને અત્યંત હર્ષોલ્લાસ થાય છે. જ્ઞાનીપુરુષનું હૃદયગાંભીર્ય, તેમના વચનોમાં નિહિત માર્ગપ્રાપ્તિનું રહસ્ય, અખંડ મોક્ષમાર્ગ ઇત્યાદિક અનેક વિષયોની છણાવટ કરતા પૂજ્ય ભાઈશ્રીના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે અમૃતરસની લહાણ છે.

ભાવના, મુમુક્ષુની યથાર્થ ભૂમિકા, પ્રેરણા, પુરુષાર્થ, કર્તવ્ય, ગુરુ મહિમા, દ્રવ્યદષ્ટિ, જ્ઞાનીપુરુષની અંતર્બાહ્ય દશા, ભેદજ્ઞાન, દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ, મુનિદશા આદિ અનેકાનેક પ્રયોજનભૂત વિષયોનું સ્પષ્ટીકરણ કરતા પૂજ્ય ભાઈશ્રીના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે એક 'પ્રવચનઉદધિ' સમાન છે. અનેક રત્નોનો સંગ્રહ જેમાં હિલોળા લઈ રહ્યો છે, જે પ્રવચનોમાં અતીન્દ્રિય આનંદની છોળો ઊછળી રહી છે, પરિપૂર્ણ આત્મહિતની ભાવનાના મોજાઓનો ગુંજારવ થઈ રહ્યો છે, પ્રવચનોનો ધવલ–શ્વેત મોજાઓનો સમૂહ સંસારની કાલિમાને ધોઈ નાખવા તત્પર થઈ રહ્યો છે, મિથ્યાત્વરૂપી અંધકારને ભેદવા આ પ્રવચનઉદધિના ઘુઘવાટા થનગનાટ કરી રહ્યા છે, એવા પ્રવચનસમુદ્રમાં ડૂબકી લગાવી મુમુક્ષુજીવ આત્મહિત સાધે અને અધ્યાત્મસુધાનું પાન કરે એવી ભાવના સાથે આ ગ્રંથનું પ્રકાશન કરતાં અમો કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

પૂજ્ય બહેનશ્રીના એક એક વચનામૃતમાં રહેલ અર્થગાંભીર્ય, વિષયનું ઊંડાણ, તળસ્પર્શી અનુભવપૂર્ણ માર્ગદર્શન, તેઓશ્રીની નિષ્કારણ કરુણા, પૂર્ણતાની ભાવના ઇત્યાદિક અંતરંગ વૈભવયુક્ત અનેકાનેક ગુણોના દર્શન કરાવતા આ પ્રવચનો મુમુક્ષુજીવને અવશ્ય અવશ્ય આત્મહિતમાં નિમિત્તભૂત થાય તેમ છે.

અંતતઃ પૂર્ણ શુદ્ધિની ભાવનાના ઉમંગોલ્લાસ સહિત, સંસારની કાલિમાને પ્રવચનઉદધિના શ્વેત મોજાઓના સમૂહમાં ધોઈ, અતીન્દ્રિય આનંદની છોળમાં આનંદરસનું રસાસ્વાદન કરતાં કરતાં અપૂર્વ રત્નત્રયરૂપી રત્નોને અંગીકાર કરી મુક્તિરમાને વરીએ એ જ ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ઇતિ શીવમ્

# પ્રકાશકીય

(દ્વિતીય આવૃત્તિ)

પ્રસ્તુત ગ્રંથ **'અધ્યાત્મ સુધા'** ભાગ–૧ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આ ગ્રંથમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર કરુણાસાગર પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'** દ્વારા થયેલ પ્રવચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં ૩૬ વચનામૃત ઉપર થયેલા કુલ ૩૨ પ્રવચનો છે.

શ્રી સીમંધર સ્વામી દિગંબર જિન મંદિર, ભાવનગરમાં ૧૯૮૬માં આ પ્રવચનો થયેલા છે. કુલ ૩૫૫ જેટલા પ્રવચનોને ૧૧ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવનાના ફળસ્વરૂપે આ પ્રથમ ભાગનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે. ભાવનગર સ્થિત **'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'**માં નિયમિતપણે ચાલતા રોજના સી.ડી. પ્રવચનોમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપરના બધા જ પ્રવચનો સાંભળતાં એમ લાગ્યું કે જો આ પ્રવચનો પુસ્તકાકારરૂપે પ્રકાશિત કરવામાં આવે તો સમસ્ત મુમુક્ષુ સમાજને લાભનું કારણ થાય. તેથી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૯૧મી જન્મ જયંતી પ્રસંગે પ્રથમ ભાગનું પ્રકાશન કરતાં અત્યંત હર્ષોલ્લાસ થાય છે.

પૂજ્ય બહેનશ્રીના સાદી ભાષામાં લખાયેલા આ વચનામૃતોની અંદર રહેલો ઊંડો મર્મ, આશય અને રહસ્યને પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'**એ સ્વયંની મૌલિક રોચક અને રસપ્રદ શૈલીમાં ખોલ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથની મુક્તકંઠે જે પ્રશંસા ગાઈ છે તે સૌને સુવિદિત છે. તેનું કારણ ખોલતાં પૂજ્ય ભાઈશ્રી ફરમાવે છે કે, આ ગ્રંથમાં મુમુક્ષુજીવને ઉપયોગી એવું માર્ગદર્શન ભરપૂર માત્રામાં છે જે મુમુક્ષુજીવને મોક્ષમાર્ગ પર્યંત પહોંચવામાં પ્રકાશસ્તંભરૂપ છે. અનેક વિષયોને આવરીત કરતાં એકેએક બોલમાં કેટલું ઊંડાણ રહેલું છે તે પ્રવચનો વાંચતાં પાઠકવર્ગને અવશ્ય પ્રતીતિમાં આવી શકશે. મુમુક્ષુજીવની જઘન્યભૂમિકાથી માંડીને મધ્યમ અને ઉત્કૃષ્ટ ભૂમિકા પર્યંતમાં મુમુક્ષુજીવે કેવી રીતે આગળ વધવું અને ક્યા પ્રકારે અટકી ન જવાય તેની સાવધાની અને જાગૃતિ રાખવી, તે સંબંધિત અનુભવપૂર્ણ સ્પષ્ટ માર્ગદર્શન પૂજ્ય બહેનશ્રીના વચનામૃતોના આધારે આપેલ છે.

પ્રસ્તુત ગ્રંથના પ્રવચનોને સૌ પ્રથમ કેસેટ ઉપરથી સાંભળીને અક્ષરશઃ લખી લેવામાં આવેલ છે અને ત્યારબાદ પ્રવચનો સાંભળીને તેનું સંપાદન કરવામાં આવેલ છે. પ્રવચનોમાં જ્યાં વ્યક્તિગત નામ બોલાયા હોય તે છાપવામાં નથી લેવામાં આવેલ. આ જ પ્રવચનોને મુદ્રણકાર્ય માટે મોકલતાં પહેલાં ફરીથી એક વાર કેસેટ સાંભળીને તપાસી લેવામાં આવે છે જેથી કોઈ ત્રુટી રહી જવા

પામી હોય તો તે નીકળી જાય. તેમ છતાં પ્રસ્તુત ગ્રંથના સંપાદનકાર્યમાં કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો તેની જિનવાણીમાતા પ્રત્યે ક્ષમાયાચના કરવામાં આવે છે. પાઠકવર્ગને કોઈ ક્ષતિ જાણમાં આવે તો અવશ્ય જાણ કરે. અનુક્રમણિકામાં ક્યા બોલમાં ક્યો વિષય છે તે પાઠકોની સુવિધા અર્થે આપવામાં આવેલ છે. આ વર્ગીકરણ પૂજ્ય ભાઈશ્રી દ્વારા કરવામાં આવેલ છે.

ગ્રંથના પ્રકાશનકાર્યમાં જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયો છે તેમનો અત્ર હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. ગ્રંથના પ્રકાશન અર્થે પ્રાપ્ત દાનરાશિનું અન્યત્ર સાભાર વિવરણ આપેલ છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટીંગ માટે પૂજા ઇમ્પ્રેશન્સનો તથા સુંદર મુદ્રણકાર્ય માટે ભગવતી ઑફસેટનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ વીતરાગ જિનવાણીના પ્રકાશન કાર્યમાં મન, વચન, કાયાથી અજાગૃતિપૂર્વક પ્રમાદવશ જે કોઈ ભૂલ રહી ગઈ હોય તો જન્મ-મરણના ભયસહિત વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ અને આ અધ્યાત્મ સુધારસનું પાન કરી શીઘ્ર સૌ આત્મહિતને પામે એવી ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ,
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

પ્રસ્તુત ગ્રંથ વાંચકોને પ્રિય થતાં તેની વધુ માગ આવતા તેની બીજી આવૃત્તિ પ્રકાશિત કરતા હર્ષ અનુભવીયે છીએ.

ફાગણ વદ ૧૦, ૧-૪-૦૮
પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વ જયંતી

ટ્રસ્ટીગણ,
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

આ પુસ્તકની કોઈપણ પ્રકારે અશાતના કે વિરાધના
ન થાય તેનું લક્ષ રાખવા વિનંતી.

## અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | બોલ | વિષય | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૦૧ | ૧ | પ્રેરણા | ૦૦૧ |
| ૦૨ | ૧, ૨ | પ્રેરણા, યથાર્થ ભૂમિકા | ૦૦૮ |
| ૦૩ | ૨ | યથાર્થ ભૂમિકા | ૦૧૬ |
| ૦૪ | ૩ | જ્ઞાનીની દશા | ૦૩૧ |
| ૦૫ | ૩, ૪ | જ્ઞાનીની દશા, જ્ઞાન-વૈરાગ્ય | ૦૪૭ |
| ૦૬ | ૫ | કર્તવ્ય | ૦૬૪ |
| ૦૭ | ૬ | યથાર્થ ભૂમિકા | ૦૭૯ |
| ૦૮ | ૭ | પુરુષાર્થ | ૦૯૪ |
| ૦૯ | ૮ | ગુરુ મહિમા | ૧૦૯ |
| ૧૦ | ૯, ૧૦ | પુરુષાર્થ, દ્રવ્યદૃષ્ટિ | ૧૨૫ |
| ૧૧ | ૧૦ | દ્રવ્યદૃષ્ટિ | ૧૪૧ |
| ૧૨ | ૧૧, ૧૨ | વિવેક, દ્રવ્યદૃષ્ટિ | ૧૫૮ |
| ૧૩ | ૧૨ | દ્રવ્યદૃષ્ટિ | ૧૭૫ |
| ૧૪ | ૧૩ | ભેદજ્ઞાન | ૧૯૧ |
| ૧૫ | ૧૩, ૧૪ | ભેદજ્ઞાન, યથાર્થ ભૂમિકા | ૨૦૭ |
| ૧૬ | ૧૪, ૧૫ | યથાર્થ ભૂમિકા, દેવ મહિમા | ૨૨૪ |
| ૧૭ | ૧૬, ૧૭ | જ્ઞાન-વૈરાગ્ય, ભેદજ્ઞાન-વિધિ | ૨૪૧ |
| ૧૮ | ૧૮ | દ્રવ્યદૃષ્ટિ | ૨૬૦ |
| ૧૯ | ૧૯, ૨૦ | જ્ઞાનીની દશા, યથાર્થ ભૂમિકા | ૨૭૫ |
| ૨૦ | ૨૦, ૨૧ | યથાર્થ ભૂમિકા, ભાવના | ૨૯૨ |
| ૨૧ | ૨૧ | ભાવના | ૨૩૦૮ |
| ૨૨ | ૨૨, ૨૩ | ગુરુ મહિમા, ભાવના | ૩૨૪ |
| ૨૩ | ૨૪, ૨૫ | યથાર્થ ભૂમિકા | ૩૪૧ |
| ૨૪ | ૨૬, ૨૭ | પ્રેરણા, ગુરુ મહિમા | ૩૫૭ |
| ૨૫ | ૨૮, ૨૯ | કર્તવ્ય, સૂક્ષ્મતા | ૩૭૪ |
| ૨૬ | ૨૯, ૩૦ | સૂક્ષ્મતા, કર્તવ્ય | ૩૯૦ |
| ૨૭ | ૩૦, ૩૧ | કર્તવ્ય, જ્ઞાન-વૈરાગ્ય | ૪૦૬ |
| ૨૮ | ૩૨ | જ્ઞાનીની દશા | ૪૨૨ |
| ૨૯ | ૩૩ | યથાર્થ ભૂમિકા | ૪૩૭ |
| ૩૦ | ૩૩, ૩૪, ૩૫ | યથાર્થ ભૂમિકા, યથાર્થ ભૂમિકા, સૂક્ષ્મતા | ૪૫૨ |
| ૩૧ | ૩૫ | સૂક્ષ્મતા | ૪૬૮ |
| ૩૨ | ૩૬ | વિધિ | ૪૭૯ |

કરી બાળવયે બહુ જોર, આતમધ્યાન ધર્યું;
સાંધી આરાધનદોર, સમ્યક્ તત્ત્વ લહ્યું.
મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી;
અમ આત્મ ઉજાળનહાર, ધર્મપ્રકાશકરી.

સીમંધર–ગણધર–સંતનાં, તમે સત્સંગી;
અમ પામર તારણ કાજ પધાર્યાં કરુણાંગી.
તુજ જ્ઞાન ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા ! હાથ ગ્રહો.

સંસારના વિષવૃક્ષને ક્ષણમાત્રમાં ક્ષય કરાવનાર,
મહા સુખસાગરનો સમ્યક્ માર્ગ પ્રાપ્ત કરાવનાર,
અતુલ મહિમાના ધારી, પરમોપકારી શ્રી ગુરુદેવનાં
ચરણકળમાં પરમ ભક્તિથી નમસ્કાર,સ વારંવાર નમસ્કાર.

'અધ્યાત્મ સુધા ભાગ-૧'ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાન રાશિ
શ્રીમતી ચંદ્રદિકાબેન શશીકાંત શેઠ, ભાવનગર ૫,૦૦૦/-